ચોથી શ્રેણી

પુસ્તકઃ ૭

બુધવાર, તા.૨૦મી માર્ચ, ૨૦૧૩.
ફાલ્ગુન ૨૯, ૧૯૩૪ શાકે

થી

સોમવાર તા.૨૫મી માર્ચ ૨૦૧૩
ચૈત્ર ૪, ૧૯૩૫ શાકે

# ગુજરાત વિધાનસભા

## ચર્ચાઓ

## સત્તાવાર અહેવાલ
## તેરમી ગુજરાત વિધાનસભા
## પ્રથમ અધિવેશન

ગુજરાત વિધાનસભાના અધિકાર હેઠળ પ્રકાશિત
ગુજરાત વિધાનસભા સચિવાલય
ગાંધીનગર

**પુસ્તક. ૭)** **ચોથી શ્રેણી**

**વિષય અ નુ ક્ર મ ણિ કા** **પાના નંબર**

---


**તા.૨૦મી માર્ચ, ૨૦૧૩ / ફાલ્ગુન ૨૯, ૧૯૩૪ શાકે**

| | | |
|---|---|---|
| તારાંકિત પ્રશ્નો | ૧ | ૧૫ |
| અતારાંકિત પ્રશ્નો | ૧૬ | ૮૪ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (નવમો દિવસ) | ૮૫ | ૧૨૯ |

**તા.૨૧ મી માર્ચ, ૨૦૧૩ / ફાલ્ગુન ૩૦, ૧૯૩૪ શાકે**

| | | |
|---|---|---|
| તારાંકિત પ્રશ્નો | ૧૩૦ | ૧૪૭ |
| અતારાંકિત પ્રશ્નો | ૧૪૮ | ૧૭૭ |
| જાહેર અગત્યની બાબત પર માનનીય ઉર્જા મંત્રીશ્રીનું નિવેદન (નિયમ–૪૪) | ૧૭૮ | ૧૭૮ |
| વૈદ્યાનિક પ્રસ્તાવ | ૧૭૯ | ૧૮૧ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (દસમો દિવસ) | ૧૮૨ | ૨૦૦ |
| બિન સરકારી વિધેયકો | ૨૦૧ | ૨૨૪ |

**તા.૨૨મી માર્ચ, ૨૦૧૩ / ચૈત્ર ૧, ૧૯૩૫ શાકે**

| | | |
|---|---|---|
| તારાંકિત પ્રશ્નો | ૨૨૫ | ૨૩૯ |
| અતારાંકિત પ્રશ્નો | ૨૪૦ | ૩૦૧ |
| સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો | ૩૦૨ | ૩૦૩ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (અગિયારમો દિવસ) | ૩૦૪ | ૩૪૩ |

**તા. ૨૫મી માર્ચ ૨૦૧૩ / ચૈત્ર ૪, ૧૯૩૫ શાકે**

| | | |
|---|---|---|
| તારાંકિત પ્રશ્નો | ૩૪૪ | ૩૫૯ |
| અતારાંકિત પ્રશ્નો | ૩૬૦ | ૪૨૮ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (બારમો દિવસ અને છેલ્લો દિવસ) | ૪૨૯ | ૪૪૫ |
| બિનસરકારી સંકલ્પો | ૪૪૬ | ૪૬૭ |

**ગુજરાત વિધાનસભા**
**બુધવાર, તા.૨૦મી માર્ચ, ૨૦૧૩.**
**ફાલ્ગુન ૨૯, ૧૯૩૪ શાકે**
**સભાગૃહ બપોરના ૧૨-૦૦ વાગ્યે મળ્યું**
**અધ્યક્ષશ્રી વજુભાઇ વાળા અધ્યક્ષસ્થાને.**

# તારાંકિત પ્રશ્નો

અધ્યક્ષશ્રી : ઓર્ડર..., ઓર્ડર....( સભાગૃહમાં હાજર રહેલા કોંગ્રેસ પક્ષના બધા સભ્યશ્રીઓ મોઢા ઉપર માસ્ક પહેરીને બેસતાં) (અંતરાય) એક મિનિટ, જે લોકોએ માસ્ક પહેર્યા છે એ બધાના માસ્ક કાઢી નાખો (અંતરાય) કાંઇ બોલવાની જરૂર નથી, પહેલા માસ્ક કાઢી નાખો.(અંતરાય) કોઇ સવાલ નથી. પહેલા તમે જે આ પ્રદર્શન કરો છો, હાઉસમાં પ્રદર્શન ના થઇ શકે. હું આપને સૂચના આપું છું કે, આપ બધા માસ્ક કાઢી નાખો.(અંતરાય) મારે કોઇ જ શબ્દો સાંભળવાના નથી, તમારે જે કાંઇ કહેવાનું હોય એ માસ્ક કાઢ્યા પછી તમારી વાત સાંભળીશ. મહેરબાની કરીને (અંતરાય) નહીં, પહેલા માસ્ક કાઢો પછી વાત બોલવાની ત્યાં સુધી કોઇને બોલવાનો હક્ક અને અધિકાર નથી. પ્રદર્શન બંધ કરો.(આ તકે કોંગ્રેસના શ્રી જશુભાઇ બારડ પોતાના સ્થાનેથી ઉભા થતાં) તમે બેસો ભાઇ,જશુભાઇ (અંતરાય) (આ તકે શાસક પક્ષ તરફથી કોઇ સભ્ય બોલતાં) તમારે કાંઇ બોલવાની જરૂર નથી, તમને બધાને કાયદાની ખબર છે. જે કાંઇ કાયદાની પદ્ધતિ અપનાવવી હોય એ અપનાવો (અંતરાય) કોઇએ કોમેન્ટ કરવાની પણ જરૂર નથી, મહેરબાની કરીને શાંતિ રાખો, આ ગૃહ શાંતિથી ચાલે એ જરૂરી છે. (અંતરાય) પહેલા માસ્ક કાઢો પછી તમારી વાત સાંભળવાની, ત્યાં સુધી કોઇ વાત સાંભળવામાં નહીં આવે. ( આ તકે સંસદીય બાબતોના મંત્રીશ્રી પ્રદિપસિંહ પોતાના સ્થાનેથી ઉભા થતાં) ભાઇ, પ્રદિપસિંહ તમારે કહેવાનું છે કાંઇ?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રશ્નોત્તરીનો કાળ એ સભ્યો માટે સૌથી અગત્યનો કાળ છે અને આ પ્રશ્નોત્તરીના કાળમાં કોઇપણ પ્રકારના દેખાવો ન કરી શકાય એવા ભૂતકાળની અંદર માનનીય અધ્યક્ષશ્રીના અનેક નિર્ણયો છે. એવા સંજોગોમાં માનનીય અધ્યક્ષશ્રી, આ કોંગ્રેસના સભ્યશ્રીઓએ એવું તે શું કર્યું કે, •(xxxxxx) (અંતરાય)

અધ્યક્ષશ્રી : એ સવાલ નથી, (અંતરાય) તમારે કાયદેસર કોઇ મુદ્દો ઉઠાવવો છે? (અંતરાય) તમને પણ બોલવાનો અધિકાર નથી. કાયદેસર મુદ્દો ઉઠાવવો હોય તો વાત કરો. (અંતરાય)

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, મારી વિનંતી છે કે, વિધાનસભાના નિયમોના નિયમ પ્રમાણે અધ્યક્ષશ્રીએ આપેલા અનેક આદેશોનુસાર માનનીય અધ્યક્ષશ્રી, પ્રશ્નોત્તરીનો કાળ સ્થગિત કરવા માટેનું અને પ્રદર્શન કરવા માટેનું એમણે જે હાથ પર લીધું છે, માનનીય અધ્યક્ષશ્રી, આ જરા પણ યોગ્ય નથી. આપે આમાં કડકમાં કડક આદેશ આપવો જોઇએ.

અધ્યક્ષશ્રી : મારે કોઇ આદેશ આપવાને બદલે તમારે પ્રપોઝલ મૂકવી હોય તો એ મૂકો. નહીંતર અંતે હું કાંઇ કહી શકીશ. (અંતરાય) ફરીથી બધા સભ્યોને વિનંતી કરું છું કે, મહેરબાની કરીને માસ્ક ઉતારી નાખો (અંતરાય) ( આ તકે કોંગ્રેસ પક્ષના દંડકશ્રી પોતાના સ્થાનેથી ઉભા થઇ કાંઇક બોલવા જતાં) જે કાંઇ તમારે બોલવું હોય બલવંતસિંહ, પહેલા માસ્ક કાઢી નાખો.(અંતરાય) પહેલા માસ્ક કાઢી નાખો પછી તમારી વાત હું સાંભળીશ (અંતરાય) નહીં, કોઇ નહીં. (અંતરાય) સલામતીનો કોઇ સવાલ નથી. અત્યારે હાઉસ, હાઉસની રીતે ચાલે (અંતરાય) કોઇએ બોલવાની જરૂર નથી. (અંતરાય ) (આ તકે શ્રી નીતિનભાઇ તેમના સ્થાનેથી ઉભા થતાં) તમારે કાયદેસર કાર્યવાહી, એના માટે પ્રવચન નહીં.

---

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપે સૂચના આપી, માનનીય પ્રદિપસિંહે, નિયમો પણ ટાંક્યા અને વિધાનસભાની જે પ્રણાલિ છે એ પ્રણાલિ પ્રમાણે કોઇપણ સભ્યશ્રી વિધાનસભામાં કોઇપણ પ્રકારનો દેખાવ કરી શકે નહીં, કોઇ હોર્ડિંગ, કોઇ પ્લે કાર્ડ, કોઇ કપડા બાબતે, કોઇપણ પ્રકારે સાહેબ, જયારે દેખાવ ના કરી શકે અને આપે પણ સાહેબ, સુઓમોટો જયારે એમને સૂચના આપી છે કે, તમારે કાંઇ કહેવું હોય તો કહો પણ પહેલા માસ્ક કાઢી નાખો. જો ના કાઢી નાખે, આપની સૂચનાનો અનાદર કરે તો અમારી ફરજ છે કે, હાઉસને ઓર્ડરમાં ચલાવવા માટે આ સભ્યશ્રીઓને આજના દિવસ માટે, જો ના માને તો, વિધાનસભા ગૃહની બહાર મોકલવાની મારી દરખાસ્ત છે.(અંતરાય)

અધ્યક્ષશ્રી : (આ તકે કોંગ્રેસ પક્ષના દંડકશ્રી પોતાના સ્થાનેથી ઉભા થઇ કાંઇક બોલવા જતાં) એક મિનિટ, પહેલા માસ્ક કાઢો પછી વાત (અંતરાય) કોઇ સાંભળવાની વાત નહીં. એમની પ્રપોઝલ હંમેશા મત ઉપર મૂકાય, પ્રપોઝલ ઉપર ચર્ચા ના હોય (અંતરાય)

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : કયા નિયમો પ્રમાણે (અંતરાય)

અધ્યક્ષશ્રી : (અંતરાય) કોઇપણ જાતના પ્રદર્શનો હાઉસમાં થાય નહીં એના નિયમો ટાંકવાની જરૂર નથી. નિયમોની અંદર છે જ. નિયમ–પ૨ વાંચો, જુઓ નિયમમાં છે. દરખાસ્ત મૂકી છે. કોઇએ ટેકો આપવો છે? (અંતરાય) એક મિનિટ, તમે બેસો.

શ્રી પંકજકુમાર વિ. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, હું ટેકો આપું છું. (અંતરાય)

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : અમારી વાત સાંભળો (અંતરાય)

અધ્યક્ષશ્રી : નહીં, વાત સાંભળવાની નહીં, હાઉસની અંદર પ્રદર્શન માટેના કારણોની ચર્ચા ના હોય. પ્રદર્શન થઇ ના શકે એ સ્પષ્ટ વાત છે અને એમની દરખાસ્ત છે કે, જો માસ્ક ના કાઢે, તમને ફરીથી વિનંતી કરું છું. નહીં, નહીં, બલવંતસિંહ, દેખાવ માટેની ચર્ચા હોઇ જ ન શકે. તમે શેના માટે દેખાવ કર્યા એના માટે બીજી બધી પદ્ધતિ છે.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : આ દેખાવ નથી સર,

અધ્યક્ષશ્રી : હું મતદાન ઉપર મુકું એ પહેલા ફરીથી વિનંતી કરું છું કે મહેરબાની કરીને માસ્ક કાઢી નાખો. પહેલા બધાને કહો માસ્ક કાઢી નાખો પછી બોલો (અંતરાય) બોલવા દેવા કે નહીં એ તમારે નકકી કરવાનું છે? બેસો, હાથ ઉંચા કરીને કહેવાની જરૂર નથી. રામસિંહભાઇ, તમે શિસ્તમાં રહો. શાંતિ રાખો.

શ્રી શંકરસિંહ લ. વાઘેલા ( વિરોધપક્ષના નેતાશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, પ્રશ્નોત્તરી કરતાંય અતિ મહત્વનો પ્રશ્ન અને જે રીતે સ્વાઇન ફ્લૂનો આખો ઇસ્યુ લીધો ગઇ કાલે સરકારે અને જાણે અમને આનંદ આવતો હોય બહુ પોલીટીકલી બોલ્યા છે.

અધ્યક્ષશ્રી : એના માટે બીજી પદ્ધતિ હોઇ શકે.

શ્રી શંકરસિંહ લ. વાઘેલા : કોઇ એલાઉ નથી કરતા. અમે બહુ પ્રયત્નો કર્યા સાહેબ. આ બહુ મહત્વનો પ્રશ્ન છે. આટલા બધા લોકો મરી જાય. તમે ચર્ચા કરશો એવો એસ્યોરન્સ આપે. આપના માધ્યમથી એસ્યોરન્સ આપો.

અધ્યક્ષશ્રી : એના માટેનો સંકલ્પ મૂકો. ચર્ચા કરવા માટે પણ છે. આ સંકલ્પ પણ આવી ગયો છે. તમે સ્વાઇન ફ્લૂની વાત કરો છો એના માટે સંકલ્પ પણ દાખલ થઇ ગયો છે. એમાં નિયમ–૧૧૬ ની નોટિસ હતી, ટૂંકી મુદતનો પ્રશ્ન હતો છતાં તમારો સંકલ્પ દાખલ કરી અને આની ચર્ચા માટેની મેં મંજૂરી આપી છે. છતાં તમારે દેખાવ કરવો હોય તો મારી પાસે નિર્ણય લીધા સિવાય બીજી કોઇ શકયતા નથી (અંતરાય) તમે દેખાવ કરો છો એ કાઢી નાખો. નહીંતર એમની દરખાસ્ત છે એ મારે મત માટે મૂકવી પડશે.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત :અમારી વાત સાંભળો.

અધ્યક્ષશ્રી : ના. પ્રશ્નોત્તરીમાં કોઇ વાત ન હોય. બલવંતસિંહ, તમે બેસો. વિપક્ષના નેતા અને દંડકને બોલવાની છૂટ હોય, એમાં કોઇ સવાલ નથી.

(આ સમયે કોંગ્રેસ પક્ષના સભાગૃહમાં હાજર રહેલા તમામ સભ્યશ્રીઓ સભાત્યાગ કરી ગયા)

અધ્યક્ષશ્રી : પ્રદિપસિંહ, હવે પ્રશ્નોત્તરીની કોઇ ચર્ચા નહીં જે કરવાનો હતો એ વોકઆઉટ કર્યો છે.

(અંતરાય) મોઢા ઉપરથી માસ્ક કાઢી નાખવા માટેની દરખાસ્ત હતી. ન કરે તો આમ કરવું હવે માસ્ક કાઢવાને બદલે આખેઆખા કાઢી નાખ્યા હવે કાંઇ બાકી રહ્યું છે? પ્રશ્નોત્તરી ચાલુ કરીએ છીએ.

**પાટણ જિલ્લામાં યોજાયેલ લોક દરબાર**

* ૩૮૫૬ **શ્રી રણછોડભાઇ મ. દેસાઇ(પાટણ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પ્રજા અને પોલીસ વચ્ચે વિશ્વાસ વધે તે માટે સમયાંતરે સ્થાનિક કક્ષાએ લોક દરબાર યોજવા માટે રાજ્ય સરકારે સૂચના આપેલ છે તે હકીકત ખરી છે, અને | (૧) સમયાંતરે અને છતાં નિયમીત લોકદરબાર યોજવાની સૂચના છે અને તેનો અમલ થાય છે. |
| (૨) જો હા, તો પાટણ જિલ્લામાં વર્ષ ૨૦૧૧ અને ૨૦૧૨માં કેટલાં લોક દરબાર યોજવામાં આવેલ છે? | (૨) સને–૨૦૧૧માં ૧૬૬ અને સને–૨૦૧૨માં ૧૧૩ લોકદરબાર યોજવામાં આવેલ છે. |

શ્રી રણછોડભાઇ મ. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, મારે આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું હતું કે પ્રજાના પ્રશ્નોના નિરાકરણ માટે લોકો પોતાની રજૂઆત સહેલાઇથી કરી શકે તે માટે આ વ્યવસ્થા જે ગોઠવી છે તે કયારથી શરૂ કરવામાં આવેલ છે? એમાં કોને કોને બોલાવવામાં આવે છે? અગાઉ ભૂતકાળમાં યોજેલ લોક દરબારમાં પાટણ તાલુકા પોલીસ સ્ટેશનના વિભાજન અંગે રજૂઆત કરવામાં આવી હતી તો તે અંગે કોઇ નિર્ણય લેવાયો છે કે કેમ? પાટણ તાલુકા અને શહેરના મળીને વર્ષે ૨૦૧૧ તથા ૨૦૧૨માં કેટલા લોક દરબાર કરવામાં આવ્યા?

શ્રી રજનીકાન્ત સો. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, પ્રજાના પ્રશ્નો અને પ્રજાની ફરિયાદોને સહાનુભૂતિપૂર્વક સાંભળી અને તેનો ઝડપથી નિકાલ થાય એ હેતુથી અને પ્રજા અને પોલીસ વચ્ચે યોગ્ય વાતાવરણ ઉભું થાય એ આશયથી લોક દરબારનું આયોજન રાજય સરકારે શરૂ કર્યું છે અને ૧૫ મી ઓકટોબર, ૨૦૦૩ના રોજ તમામ સબંધિતોને સૂચના આપી અને આ પ્રકારનો કાર્યક્રમ શરૂ કરવામાં આવ્યો છે. આ લોકદરબારમાં સ્થાનિક રાજકીય પક્ષના આગેવાનો, ધારાસભ્યો અને સંસદસભ્યો, જિલ્લા–તાલુકા પંચાયતના આગેવાનો, મહિલા સંસ્થાઓ, સામાજિક સંસ્થાઓ વગેરેને આમંત્રણ આપીને એમને બોલાવવામાં આવે છે. એમના પ્રશ્નો સાંભળવામાં આવે છે. સભ્યશ્રીનો બીજો પ્રશ્ન છે એમાં એમણે કહ્યું કે ભૂતકાળમાં યોજાયેલ લોકદરબારમાં પાટણ તાલુકામાં પોલીસ સ્ટેશનના વિભાજન અંગે રજૂઆત કરવામાં આવી હતી તો શાં પરિણામ મળ્યાં. એ સંદર્ભે મારે કહેવાનું કે પાટણ જિલ્લામાં પોલીસ મહાનિરીક્ષક, સરહદી રેન્જ ભૂજ દ્વારા વર્ષ–૨૦૧૧ માં પાટણ ખાતે જે લોકદરબાર યોજાયો. એમાં પાટણ તાલુકા પોલીસ સ્ટેશનના બે ભાગ કરવા અંગે રજૂઆત એ વખતે ત્યાંના સ્થાનિક આગેવાનોએ સાથે મળીને કરી હતી. એ અન્વયે પાટણ તાલુકા પોલીસ સ્ટેશનના બાલીસણા આઉટ પોસ્ટ ખાતે નવીન પોલીસ સ્ટેશન બનાવવા સરકારશ્રી તરફથી નિર્ણય કરવામાં આવેલ છે અને ટૂંક સમયમાં બાલીસણા ખાતે પોલીસ સ્ટેશન કાર્યરત કરવામાં આવશે. એમનો ત્રીજો પ્રશ્ન છે કે પાટણ તાલુકા અને શહેરના મળીને વર્ષ–૨૦૧૧–૧૨ માં કુલ કેટલા લોકદરબાર યોજાયા, તો વર્ષ ૨૦૧૧ માં કુલ ૪૭ લોકદરબાર અને વર્ષ–૨૦૧૨ માં કુલ ૩૩ લોકદરબાર યોજવામાં આવ્યા.

શ્રી નાગરજી હ. ઠાકોર : આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે મારા મત વિસ્તારમાં આવેલ રાધનપુર, સાંતલપુર અને સમી તાલુકામાં વર્ષ–૨૦૧૧–૧૨ માં કેટલા લોકદરબાર યોજવામાં આવેલ છે? તથા મળેલ પ્રશ્નોમાંથી કેટલા પ્રશ્નોનો નિકાલ થયેલ છે?

શ્રી રજનીકાન્ત સો. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, રાધનપુર, સાંતલપુર અને સમી તાલુકામાં વર્ષ–૨૦૧૧ માં કુલ ૭૧ લોકદરબાર યોજવામાં આવ્યા. વર્ષ–૨૦૧૨ માં કુલ ૩૬ લોકદરબાર યોજવામાં આવ્યા અને તે પૈકી ૨૦૧૧ માં ૨૫ પ્રશ્નો મળ્યા અને એ ૨૫ પ્રશ્નોનું નિરાકરણ કરવામાં આવ્યું છે અને ૨૦૧૨ માં ૪ પ્રશ્નો મળ્યા અને તે ચારેય પ્રશ્નોનું નિરાકરણ કરવામાં આવેલ છે.

શ્રી દિલીપકુમાર વી. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે આ લોકદરબાર યોજવામાં આવે એના કારણે પાટણ જિલ્લામાં કોઇ ગુનાનું પ્રમાણ ઘટ્યું છે કે કેમ? અને વર્ષ–૨૦૧૧–૧૨ માં પાટણ જિલ્લામાં તાલુકાવાઇઝ કુલ કેટલા લોકદરબાર કરવામાં આવ્યા?

શ્રી રજનીકાન્ત સો. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે વાત કરી. લોકદરબારમાં ગુનાઓનું પ્રમાણ ઘટ્યું છે કે કેમ? તો ચોક્કસ ગુનાઓનું પ્રમાણ લોકદરબાર થવાના કારણે ઘટે છે. એનાં કારણો એવાં છે કે ગુનાઓને અટકાવવા માટે આ લોકદરબારમાં ચર્ચા થાય છે. કયા પ્રકારનાં કામો, કાર્યક્રમોના આધારે એમને માહિતી આપવામાં આવે છે કે ગુનાઓ ઘટે એના માટે શું કરવું એ વાત પ્રજા સાંભળતી હોય છે, ત્યારે ચોક્કસ ગુનાઓ ઘટે તેવું બનતું હોય છે. હારીજ તથા ચાણસ્મા તાલુકામાં વર્ષ–૨૦૧૧ માં કુલ ૨૮ લોકદરબાર યોજવામાં આવ્યા અને વર્ષ–૨૦૧૨ માં કુલ ૨૦ લોકદરબાર યોજવામાં આવ્યા. એમાં જે કંઇ પ્રશ્નો હતા તે તમામનું નિરાકરણ કરવામાં આવ્યું.

શ્રી શંકરભાઇ લ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારે મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે લોકદરબાર યોજવા માટેના મુખ્ય ઉદ્દેશ શું છે? બીજું કેવા કેવા પ્રકારના પ્રશ્નોની રજૂઆત પ્રજા ત્યાં લોકદરબારમાં કરી શકતી હોય છે?

શ્રી રજનીકાન્ત સો. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, લોકદરબાર યોજવા માટેનો મુખ્ય ઉદ્દેશ પ્રજા અને પોલીસ વચ્ચે આત્મીયતા ઊભી થાય એમની વચ્ચે મિત્રતા થાય, એમની વચ્ચે ચર્ચા થાય અને ગુનાખોરીનું પ્રમાણ ઘટે, શાંતિ–સુલેહ વધે તે પ્રકારનું રહેતું હોય છે. ખાસ કરીને માનનીય શંકરભાઇએ વાત કરી આખો પાટણ જિલ્લો અને પાટણ જિલ્લાના અનેક તાલુકાઓ સરહદી વિસ્તાર સાથે જોડાયેલ છે, ત્યારે આ લોકદરબારો અન્ય રીતે પણ ખૂબ ઉપયોગી સાબિત થયા છે. આમાં નાના મોટા પ્રશ્નોની ચર્ચા થતી હોય છે. ખેતરમાં કોઇ નાનું મોટું ભેલાણ હોય તો તે સંદર્ભની વાત હોય છે. ભૂંડ–રોઝનો ત્રાસ હોય તો આવા વિષયો પણ આમાં આવતા હોય છે. કોઇ દારૂ–જુગારના નાના મોટા પ્રશ્નોની ચર્ચા થતી હોય છે અને તેનું સ્થળ ઉપર નિરાકરણ થતું હોય છે.

**બનાસકાંઠા અને સાબરકાંઠા જિલ્લામાં યોજાયેલ લોક દરબાર**

* ૩૮૪૬ **શ્રી કેશાજી શિ. ચૌહાણ(દિઓદર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) પ્રજા અને પોલીસ વચ્ચે વિશ્વાસ વધે તે માટે સમયાંતરે સ્થાનિક કક્ષાએ લોક દરબાર યોજવા માટે રાજ્ય સરકારે સૂચના આપેલ છે તે હકીકત ખરી છે, અને

(૨) જો હા, તો બનાસકાંઠા અને સાબરકાંઠા જિલ્લામાં વર્ષ ૨૦૧૧ અને ૨૦૧૨માં કેટલાં લોક દરબાર યોજવામાં આવેલ છે?

**જવાબ**

(૧) સમયાંતરે અને છતાં નિયમિત લોકદરબાર યોજવાની સૂચના છે અને તેનો અમલ થાય છે.

(૨)

| જિલ્લો | ૨૦૧૧ | ૨૦૧૨ |
|---|---|---|
| બનાસકાંઠા | ૨૦૨ | ૧૫૩ |
| સાબરકાંઠા | ૩૫૨ | ૪૧૯ |

શ્રી કેશાજી શિ. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, બનાસકાંઠા જિલ્લામાં ૩૫૫ જેટલા લોક દરબાર યોજયા તે બદલ રાજય સરકાર અને રાજયના મુખ્યમંત્રીને અભિનંદન પાઠવું છું અને મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, બનાસકાંઠા જિલ્લામાં વર્ષ ૨૦૧૧ અને વર્ષ ૨૦૧૨માં પોલીસ સ્ટેશનવાર કેટલા લોક દરબાર યોજવામાં આવ્યા છે? તેમાં કેટલા પ્રશ્નો મળેલ છે અને કેટલા પ્રશ્નોનું નિરાકરણ થયેલ છે?

શ્રી રજનીકાન્ત સો. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, બનાસકાંઠા જિલ્લામાં વર્ષ ૨૦૧૧માં અને વર્ષ ૨૦૧૨માં પોલીસ સ્ટેશનવાર કેટલા લોક દરબાર યોજાયા તેની માહિતી માનનીય સભ્યશ્રીએ માગી છે. તેમાં પાલનપુર સીટીમાં ૨૦૧૧ અને ૨૦૧૨માં ૫(પાંચ) લોક દરબાર યોજાયા. તેમાં ૭ પ્રશ્નો આવ્યા અને ૭નો નિકાલ થયો. પાલનપુર તાલુકામાં ૬ લોક દરબાર યોજાયા તેમાં ૬ પ્રશ્નો આવ્યા તે બધાનો નિકાલ થયો. અંબાજીમાં ૧૫ લોક દરબાર યોજાયા, તેમાં ૧૨ પ્રશ્નો આવ્યા અને તે બધા પ્રશ્નોનો નિકાલ થયો. હડાદમાં ૩ લોક દરબાર યોજાયા, તેમાં ૧ પ્રશ્ન આવ્યો અને તેનો નિકાલ થયો. દાંતામાં ૧૦ લોક દરબાર યોજાયા અને

તેમાં બધા જ પ્રશ્નોનો નિકાલ થયો. વડગામમાં ૬ લોક દરબાર યોજાયા અને તેમાં બધા પ્રશ્નોનો નિકાલ થયો. છાપીમાં ૫(પાંચ) લોક દરબાર યોજાયા અને તેમાં બધા પ્રશ્નોનો નિકાલ થયો. ડીસા સીટીમાં ૨ લોક દરબાર યોજાયા અને તેમાં બધા પ્રશ્નોનો નિકાલ થયો. ડીસા રૂરલમાં ૩૨ લોક દરબાર યોજાયા, તેમાં ૩૧ પ્રશ્નો આવ્યા અને આ ૩૧ પ્રશ્નોનો નિકાલ થયો. અમીરગઢમાં ૩૯ લોક દરબાર યોજાયા અને તેમાં ૫૧ પ્રશ્નો આવ્યા અને તે બધાનો નિકાલ થયો. આગથળામાં ૧૭ લોક દરબાર યોજાયા અને તેમાં ૩૨ પ્રશ્નો આવ્યા તે બધાનો નિકાલ થયો. થરાદમાં ૨૩ લોક દરબાર યોજાયા અને તેમાં બધા પ્રશ્નોનો નિકાલ થયો. વાવમાં ૯ લોક દરબાર યોજાયા અને તેમાં બધા પ્રશ્નોનો નિકાલ થયો. માવસરીમાં ૬ લોક દરબાર યોજાયા અને તેમાં ૪ પ્રશ્નો આવ્યા આ ૪ પ્રશ્નનો નિકાલ થયો. સૂઇગામમાં ૧૫ લોક દરબાર યોજાયા અને તેમાં ૭ પ્રશ્નો આવ્યા તે બધાનો નિકાલ થયો. ધાનેરામાં ૧૫ લોક દરબાર યોજાયા અને તેમાં ૯ પ્રશ્નો આવ્યા, આ બધા પ્રશ્નોનો તેમાં નિકાલ થયો. પાંથાવાડામાં ૧૮ લોક દરબાર યોજાયા તેમાં ૯ પ્રશ્નો આવ્યા અને આ ૯ પ્રશ્નોનો નિકાલ થયો. દિયોદરમાં ૨૪ લોક દરબાર યોજાયા તેમાં ૯ પ્રશ્નો આવ્યા અને ૯ પ્રશ્નનો નિકાલ થયો. ભાભરમાં ૧૭ લોક દરબાર યોજાયા તેમાં ૯ પ્રશ્નો આવ્યા, ૯ પ્રશ્નોનો નિકાલ થયો. શિહોરીમાં ૨૧ લોક દરબાર યોજાયા તેમાં ૧૦ પ્રશ્નો આવ્યા અને આ ૧૦ પ્રશ્નોનો નિકાલ થયો. થરામાં ૨૦ લોક દરબાર યોજાયા અને તેમાં બધા પ્રશ્નોનો નિકાલ થયો. ભીલડીમાં ૨૦ લોક દરબાર યોજાયા અને તેમાં બધા પ્રશ્નોનો નિકાલ થયો. આમ કુલ મળીને ૩૫૫ લોક દરબાર યોજાયા તેમાં ૨૯૧ પ્રશ્નો મળ્યા તે બધા પ્રશ્નોનો નિકાલ આવ્યો છે.

શ્રી શંકરભાઇ લ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે લોકાભિમુખ માટે આ ખૂબ સરસ પ્રયત્ન જયારે રાજય સરકાર કરી રહી છે ત્યારે કઇ કેડરના અધિકારીઓ આ લોક દરબારમાં પ્રશ્નો સાંભળવા માટે ત્યાં ઉપસ્થિત રહેતા હોય છે? બીજું તેમાં કોણ કોણ રજુઆત કરવા આવી શકે અને પોલીસ તરફથી સામેથી કોઇને અધિકારી કે પ્રજા જીવનના લીડર્સ હોય તેમને બોલાવવા માટેની કોઇ વ્યવસ્થા છે કે કેમ?

શ્રી રજનીકાન્ત સો. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી,જિલ્લા કક્ષાએ અને તાલુકા કક્ષાએ તાલુકા પોલીસ સ્ટેશનમાં આ લોક દરબાર યોજાતા હોય છે, ત્યારે રેન્જ આઇ.જી.થી માંડીને એસ.પી. સુધીના અધિકારીઓ, નીચે ગામડાઓમાં તેનાથી નીચેના અધિકારીઓ જઇ લોક દરબાર કરતા હોય છે. માનનીય શંકરભાઇએ કહ્યું કે કયા કયા પ્રકારના લોકો તેમાં આવે છે તો તેમાં જન સામાન્ય આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહી શકે છે. માનનીય સભ્યશ્રીએ વાત કરી કે કઇ રીતે સૂચના આપવામાં આવે છે અને કઇ રીતે બોલાવવામાં આવે છે?તો પોલીસ સ્ટેશનમાંથી આ બધા જ સમાજ જીવનના આગેવાનો અને રાજકીય આગેવાનોને, મહિલા મંડળોને, યુવકોને આમંત્રણ આપવામાં આવતું હોય છે અને તે બધાને તેમાં હાજર રહેવા માટે કહેવામાં આવતું હોય છે.

શ્રી શંકરભાઇ લ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે સરહદી વિસ્તારમાં અત્યારે જે પ્રમાણે સરહદ પારથી આવતા લોકો તેના ઉપર જે રીસ્ટ્રીકશન આવ્યું, પરંતુ ખાસ કરીને પગી માટેની વ્યવસ્થા પહેલાના સમયમાં હતી. લોક દરબારના માધ્યમથી ફરી આ પગી પ્રથાને સક્રિય કરવા માટે કંઇ કરવા ઇચ્છીએ છીએ કે કેમ? દા.ત. કોઇ સરહદી વિસ્તારમાંથી કોઇ બોર્ડર ક્રોસ કરીને આવ્યો હોય તો તેના પગના નિશાન ઉપર પગીઓ નકકી કરી શકતા હોય છે. તો સરહદી વિસ્તારમાં આવા પગી જે હોય તેમને આ લોક દરબારની અંદર બોલાવીને આનો એક પાર્ટ બને તે માટે કંઇ કરવા માગીએ છીએ કે કેમ?

શ્રી રજનીકાન્ત સો. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ વાત કરી અને મેં અગાઉ કહ્યું એ પ્રમાણે પાટણ જિલ્લો આખો સરહદ સાથે જોડાયેલો જિલ્લો છે ત્યારે માનનીય સભ્યશ્રીની આ વાત અને ચિંતા ખૂબ મહત્ત્વપૂર્ણ છે. આ રીતે જયારે સરહદ પારથી કેટલાક લોકો દેશમાં ઘુસણખોરી કરતા હોય છે ત્યારે એમને પગના માધ્યમથી ઓળખવાનું કામ આ વિસ્તારમાં રહેતા અનેક લોકો કે જેમને આપણે પગી કહીએ છીએ એ કરતા હોય છે અને રણછોડ પગી એમાં ખૂબ મહત્વપૂર્ણ નામ પણ આપણને બધાને ખબર છે કે જેમણે યુદ્ધ વખતે પણ આપણને ખૂબ સારી મદદ કરી હતી, આવા પગીઓ એમનો જે ઉપયોગી થવાનો

વિષય છે કે આગામી સમયમાં પણ ચાલુ રહે એના માટે લોક દરબારમાં પણ એમને બોલાવવા, એમને સાંભળવા, એમની માહિતી મેળવવી, એમને પ્રોત્સાહિત કરવા અને રાજયને અને દેશને એમનો વધારે લાભ મળે એ પ્રકારનું કામ કરવાનું લોક દરબારોમાં થાય છે અને આગામી સમયમાં બજેટમાં પણ એમાં ઉમેરો–વધારો કરી અને આ કામ આપણે હાથ ધરીએ છીએ.

**નર્મદા યોજનાની ઝીંઝુવાડા શાખા નહેરની વિશાખા અને પ્રશાખા નહેરના કામ**

* ૩૭૮૨ શ્રી શ્રીમતી વર્ષાબેન ન. દોશી(વઢવાણ) : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ નર્મદા યોજનાની ઝીંઝુવાડા શાખા નહેરની વિશાખા અને પ્રશાખા નહેરોના કામો કયા તબક્કે છે,

(૨) આ કામો પૂર્ણ થતાં કેટલા વિસ્તારને સિંચાઈનો લાભ મળશે, અને

(૩) આ કામો પૂર્ણ કરવાનું શું આયોજન છે?

**જવાબ**

(૧) ઝીંઝુવાડા શાખા નહેરની વિશાખા નહેરોના કુલ ૨૨૨.૧૮૯ કિ.મી. લંબાઈના રૂા.૯૧ કરોડના કામો પૂર્ણ થવાના આરે છે. અને તેની પ્રશાખાના કુલ ૮૬૯.૯૩૫ કિ.મી.ની લંબાઈના રૂા.૧૮૧.૯૧૭ કરોડના કામો પ્રગતિમાં છે.

(૨) આ કામો પૂર્ણ થતાં ૪ જિલ્લાના ૧૧૨ ગામોના કુલ ૨,૩૪,૨૦૪ એકર વિસ્તારને સિંચાઈનો લાભ મળશે જેની વિગત નીચે મુજબ છે.

| અ.નં. | જિલ્લાનું નામ | તાલુકાનું નામ | લાભિત ગામોની સંખ્યા | લાભિત વિસ્તાર એકરમાં |
|---|---|---|---|---|
| ૧ | મહેસાણા | મહેસાણા<br>બેચરાજી | ૦૪<br>૨૪ | ૧૯૧૩<br>૩૧૩૬૫ |
| ૨ | અમદાવાદ | દેત્રોજ–રામપુરા<br>માંડલ | ૦૩<br>૨૪ | ૩૨૨૨<br>૫૫૨૩૮ |
| ૩ | સુરેન્દ્રનગર | દસાડા | ૪૭ | ૧૩૧૮૧૧ |
| ૪ | પાટણ | સમી | ૧૦ | ૧૦૬૫૫ |
| | | **કુલ** | **૧૧૨** | **૨,૩૪,૨૦૪** |

(૩) આ કામો વહેલીતકે પૂર્ણ કરવાનું આયોજન છે.

શ્રીમતી વર્ષાબેન ન. દોશી : માનનીય અધ્યક્ષશ્રી, જયારે સુરેન્દ્રનગર જિલ્લામાં દુષ્કાળ અને અછતગ્રસ્ત જેવી પરિસ્થિતિને આ નર્મદા યોજના આવવાથી દેશવટો મળ્યો છે ત્યારે માનનીય મંત્રીશ્રી પાસેથી હું જાણવા માગું છું કે, તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ ઝીંઝુવાડા શાખા નહેર, વિશાખા અને પ્રશાખાઓનાં કામો કેટલા ટકા પૂર્ણ થયાં છે અને કામો પૂર્ણ કરવાનું આગામી આયજન શું છે?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી શ્રીમતી વર્ષાબેને જે પ્રમાણે વાત કરી કે સુરેન્દ્રનગર જિલ્લો એ રાજયનો એવા પ્રકારનો જિલ્લો હતો, હું હતો એટલા માટે કહું છું કે,જયાં સુધી નર્મદાનું પાણી નહોતું પહોંચ્યું ત્યાં સુધી સુરેન્દ્રનગર જિલ્લામાં સતત અછતની સ્થિતિ, દુષ્કાળની સ્થિતિ, પીવાના પાણીના પણ ગંભીર પ્રશ્નો ઉપસ્થિત થતા હતા. દાયકાઓ સુધી સુરેન્દ્રનગર જિલ્લાની પ્રજાએ, ખેડૂતોએ, નાગરિકોએ ખેતીના પાણી માટે, પીવાના પાણી માટે અનેક મુશ્કેલીઓ વેઠી હતી. સાહેબ, એક સમય એવો પણ હતો, મને ખ્યાલ છે હું પણ નગરપાલિકાનો પ્રમુખ હતો. સુરેન્દ્રનગર નગરપાલિકા વિસ્તારમાં વીસ દિવસે એક વખત એ પણ લગભગ વીસ મિનિટ પીવાનું પાણી આપવામાં આવતું હતું કારણ કે ધોળીધજા ડેમ જે સુરેન્દ્રનગર જિલ્લાનો છે અને સુરેન્દ્રનગર શહેરની પીવાના પાણીની વ્યવસ્થા ત્યાંથી થતી હતી. તો વીસ દિવસે વીસ મિનિટ પીવાનું પાણી મળતું હતું એના બદલે માનનીય સભ્યશ્રી વર્ષાબહેને કહ્યું એ પ્રમાણે સુરેન્દ્રનગરને ખેતી માટે અને સુરેન્દ્રનગર જિલ્લાના તમામ શહેરો અને તમામ ગામડાઓને પીવાના પાણીની વ્યવસ્થા આપવા માટે નર્મદા યોજનાનું જે કામ કરવામાં આવ્યું અને

એમાં ઝીંઝુવાડા શાખા નહેર કે જે સુરેન્દ્રનગરની અને બીજા અન્ય ચાર જિલ્લાઓમાંથી પસાર થાય છે, એ નહેરમાં પાણી આપણે વહાવ્યું, એની પેટા શાખાઓમાં પણ પાણી વહાવ્યું, એના કારણે જે લાભ મળ્યો છે અને ભવિષ્યમાં જે મળવાનો છે નવા જે કામો ચાલુ છે, એમાં માનનીય સભ્યશ્રીએ જે પ્રશ્ન પૂછ્યો એમાં પહેલી વિગત આપું તો સુરેન્દ્રનગર જિલ્લાનો દસાડા તાલુકો, પાટડી અને દસાડા અને ખારાઘોડા એ પણ જે પાટણના પ્રશ્નમાં આવ્યું,એ પણ સરહદી વિસ્તાર છે, રણ વિસ્તાર છે, ત્યાં આગળ દસાડામાં ૪૭ ગામોની અંદર ૫૩૩૪૨ હેકટર એટલે કે ૧,૩૧,૮૧૧ એકરમાં સિંચાઇ માટે પાણી આપવાની વ્યવસ્થા છે. એવી રીતે અમદાવાદ જિલ્લાનો જે માંડલ તાલુકો છે, એના પણ ૨૪ ગામોને આ ઝીંઝુવાડા બ્રાન્ચથી પાણી મળવાનું છે, એમાં પણ ૫૫,૨૩૮ એકરમાં પાણી છે, દેત્રોજ–રામપુરા તાલુકો કે જે અમદાવાદ જિલ્લાનો જ છે, એના ૩ ગામોને આ ઝીંઝુવાડા કેનાલનો લાભ મળે છે અને એના ૩૨૨૨ એકર વિસ્તારને લાભ મળે છે. મહેસાણા જિલ્લામાંથી પણ આ બ્રાન્ચ કેનાલ પસાર થાય છે જેમાં બેચરાજી તાલુકાનો સમાવેશ થાય છે, બેચરાજી તાલુકો પણ એક પછાત તાલુકો છે. બેચરાજી તાલુકામાં પણ ૩૧૩૬૫ એકર જમીનને સિંચાઇ અપાય છે, મહેસાણા તાલુકાને પણ ૧૯૧૩ એકર અને ચાર ગામોને લાભ આપવામાં આવે છે અને પાટણ જિલ્લામાં સમી જે પણ ખૂબ ગરીબ, પછાત અને સતત દુષ્કાળગ્રસ્ત તાલુકો હતો જ્યાં આગળ પણ ૧૦૬૫૫ એકર જમીનને પાણી આપવાનું આયોજન છે. આમ કુલ ૨૩૪૨૦૪ એકરને પાણી આપવાનું આયોજન છે.

શ્રી યોગેશ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે લાભીત ૧૧૨ ગામોને ૨૩૪૨૦૪ એકર વિસ્તારને સિંચાઇનો લાભ મળવાનો છે ત્યારે હું એ જાણવા માગુ છું કે, એકર દીઠ પાણીના દર કેટલા નક્કી કરવામાં આવ્યા છે, અને પછાત વિસ્તારને અથવા નાગરિકને કોઇ લાભ આપવામાં આવશે કે કેમ?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, નર્મદાના પાણીની પીયત વ્યવસ્થાના જે દરો છે એ આખા રાજયની અંદર એક સમાન છે એટલે આમાં એ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. બીજો માનનીય સભ્યશ્રીએ એ પ્રશ્ન પૂછ્યો કે બીજા લાભો કેવી રીતે મળી શકે? નર્મદા યોજનાનો મોટામાં મોટો લાભ એ છે કે આમાંથી ખેતીને ખૂબ સુંદર રીતે સિંચાઇનું પાણી મળે, કૃષિનો વધારો થાય, ખેડૂતોની આવકમાં વધારો થાય એટલે એની સાથે સાથે અન્ય ધંધાકીય પ્રવૃતિઓ, વ્યવસાયિક પ્રવૃતિઓનો વધારો થાય ખેડૂતોની આવક વધે, ખરીદ શકિત વધે બજારોમાંથી ખેડૂતો ખરીદી કરે અને અત્યારે જેમ આપણે વારંવાર કહીએ છીએ કે ગામડે ગામડે મોટરસાઇકલો, મોબાઇલ, ફ્રીઝ ખેડૂતોના ઘરમાં પહોંચ્યા, ટ્રેકટરોની મોટા પ્રમાણમાં ખેડૂતોએ ખરીદી કરી એ રીતે ખેડૂતોની ખૂબ સારી સ્થિતિ થઇ છે. દરની હાલમાં મારી પાસે માહિતી નથી પણ કુલ જે આખા રાજયમાં છે એમાં એક સમાન નીતિ છે.

શ્રી પુનમભાઇ કા. મકવાણા : માનનીય અધ્યક્ષશ્રી, આ નર્મદા કેનાલની ઝીંઝુવાડા શાખા નહેર મારા મત વિસ્તાર દસાડામાંથી પસાર થાય છે. જે પ્રકારે મંત્રીશ્રી કહ્યું એ પ્રમાણે મારો મોટો વિસ્તાર ઝીંઝુવાડા શાખા નહેરમાં આવી જાય છે, ત્યારે માન. મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, ઝીંઝુવાડા શાખા નહેરમાંથી કેટલી વી–શાખાઓ નીકળે છે, અને આ વી–શાખાઓના કામો હાલમાં કયા સ્ટેજે છે?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મેઇન જે આપણી સૌરાષ્ટ્ર બ્રાન્ચ કેનાલ છે એમાંથી આ ઝીંઝુવાડા શાખા કેનાલ નીકળે છે એની કામગીરી આપણે ૨૦૦૮માં પૂરી કરી, એક શાખામાંથી અત્યાર સુધી જે અમે ખર્ચ કર્યો છે એ પર કરોડ રૂપિયાના ખર્ચના કામો પૂર્ણ થયા છે. આ ઝીંઝુવાડા શાખા કેનાલમાંથી ૧૯ વી–શાખા કેનાલ નીકળે છે અને આ પૈકી ૧૮ વી–શાખાના કામ પૂર્ણ થયેલ છે અને એક વી–શાખા કેનાલનું કામ પ્રગતિ હેઠળ છે અને એ કામ ટૂંક સમયમાં આ વર્ષે પૂરું કરવામાં આવશે. આ જે ૧૯૪ પ્ર–શાખાઓ આમાંથી માઇનોર એટલે કે આખું નેટવર્ક એનાથી પૂર્ણ થશે.

શ્રી કેતન મ. ઇનામદાર : માનનીય અધ્યક્ષશ્રી, હું જાણવા માગુ છું કે અત્યારે અમુક જૂના નર્મદા નહેરમાં ઢાળિયા સિસ્ટમથી પાણી આપવામાં આવે છે ત્યારે અમુક જગ્યાએ એ ઢાળિયાથી પાણી પહોંચતું નથી કેમ કે એની આગળના ખેડૂતો એને તોડી નાંખે છે જેથી પાછળના ખેડૂતો છે એ પાણીથી વંચિત રહે છે, ત્યારે મારા તાલુકાની અંદર અમે અંડરગ્રાઉન્ડ પાઇપલાઇન નંખાવી એવી રીતે આવો જે જગ્યાએ પ્રશ્ન હોય

ત્યાં આવી કોઇ અંડરગ્રાઉન્ડ પાઇપલાઇનથી પાણી પહોંચી શક્તુ હોય તો ત્યાં આવી પાઇપલાઇન નાંખવાની કોઇ યોજના અત્યારે છે કે કેમ?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય કેતનભાઇએ પ્રશ્ન કર્યો એમાં બે બાબત છે. એક તો એમણે કહ્યું કે જે ખેડૂતો અથવા ગામો કેનાલમાં આગળ આવે છે, એ પાછળના વિસ્તારના ખેડૂતોને પાણી પહોંચવા દેતા નથી. તો માનનીય સભ્યશ્રીને જણાવીશ કે, બધા જ ખેડૂતોને નર્મદાનું અથવા અન્ય કોઇ સિંચાઇ યોજનાનું પાણી કઇ રીતે પૂરેપૂરું ફાળવણી પ્રમાણેનું મળે, કોઇ માથાભારે તત્વ અથવા માથાભારે ગામના ખેડૂતો આ પાણી પોતે જ બધું વાપરી નાંખે અને આગળ ન જવા દે એને રોકવા માટે હમણા જ માનનીય સિંચાઇ મંત્રીશ્રી બાબુભાઇ એક કાયદો લાવ્યા છે અને એ કાયદા અન્વયે મોટામાં મોટી જોગવાઇ આ છે કે દરેક ખેડૂતને પૂરેપૂરું એની કેનાલમાંથી એના ધોરણ પ્રમાણે, એના પાક પ્રમાણે જે પાણી મળવું જોઇએ એ મળે અને કોઇ આગળવાળા રોકી ન લે, પણ મને દુઃખ એ પણ છે કે વિપક્ષના સભ્યશ્રીઓ..(અંતરાય) આ સારો કાયદો છે.

**અધ્યક્ષશ્રી :** એક મિનિટ, તમારો જવાબ આવી ગયો.

**શ્રી નીતિનભાઇ ર. પટેલ :** બીજો પ્રશ્ન એમનો છે એનો જવાબ આપી દઉં સાહેબ.

**અધ્યક્ષશ્રી :** એક જ કહ્યું એમણે ધોરિયા તોડી નાંખે એટલે પાછળનાને પાણી નથી મળતું.

**શ્રી નીતિનભાઇ ર. પટેલ :** પાઇપનું પુછ્યું એમણે સાહેબ, આ સન્માનનીય ગૃહને હું જણાવીશ કે સબ માઇનોરની અંદર પી.વી.સી. પાઇપથી પાણી આપવું અને ખેડૂતોને ખેતર સુધી પાણી પહોંચાડવું એ ટ્રાયલ બેઝ પર આપણે પ્રોજેક્ટ અમલમાં મૂક્યો છે એના સારા પરિણામો આવશે તો ખેડૂતો પોતે આ પાઇપ નાંખશે અને એનો ખર્ચ રાજ્ય સરકાર આપશે, પણ જ્યાં આ કામ થઇ ચૂક્યું છે ત્યાં આ નિર્ણય લાગુ નહિ પડે.

**ગ્રામ્ય રોજગારી વધે તે માટે કાપડ ઉદ્યોગનાં વિકાસનું આયોજન**

* ૪૦૯૮ **શ્રી ભૂષણ ભટ્ટ(જમાલપુર-ખાડિયા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

તા. ૩૧-૧-૧૩ની સ્થિતિએ સન ૨૦૧૨-૧૩ના વર્ષમાં રાજ્યમાં ગામડામાં વસતા નાગરિકોને રોજગારીની તકો વધારે મળે તે માટે કાપડ ઉદ્યોગના વિકાસ માટે રાજ્ય સરકારનું શું આયોજન છે?

**જવાબ**

કાપડ ઉદ્યોગ એ ગ્રામ્ય કક્ષાએ ખેતીવાડી પછી સૌથી વધુ શ્રમિક રોજગારી નિર્માણ કરતો ઉદ્યોગ છે. ગુજરાત કપાસના ઉત્પાદનમાં મોખરે છે. દેશના કુલ ઉત્પાદનનાં ૩૫% કપાસનું ઉત્પાદન ગુજરાતમાં થાય છે.

ગુજરાત સરકારની વીજ નીતિના અનુસંધાને જ્યોતિગ્રામ જેવી યોજનાઓના કારણે વીજક્ષેત્રમાં ક્રાંતિ થયેલ છે અને નિયમિત અને વિશ્વસનીય વીજ પુરવઠાના કારણે કપાસના ઉત્પાદનમાં નોંધપાત્ર વધારો થયેલ છે. આ ઉત્પાદન વધારાના કારણે ગ્રામ્ય ક્ષેત્રોમાં કપાસ ઉત્પાદન અને તેને સંલગ્ન ઉદ્યોગોની વિશાળ તકો ઉભી થયેલ છે અને તેને પરિણામે રોજગાર નિર્માણની તકોમાં વ્યાપક તકો ઉભી થશે.

ખેડૂતો દ્વારા થયેલ રૂ ના ઉત્પાદનમાં મૂલ્યવૃદ્ધિ થાય અને સમગ્ર મૂલ્યલક્ષી સાંકળ ગુજરાતમાં થાય તે માટે તા.૦૫-૦૯-૨૦૧૨ના ઠરાવથી ગુજરાત સરકારે કાપડ ઉદ્યોગ માટે ઠરાવ રૂપે પ્રોત્સાહનો જાહેર કરેલ છે.

જેને કારણે ગ્રામ્ય વિસ્તારમાં પણ કાપડ ઉદ્યોગ આવશે. પરીણામે ગ્રામ્ય વિસ્તારના લોકોમાં રોજગારીની તકો વધશે અને આર્થિક સધ્ધરતામાં વધારો થશે. આ પોલીસી જાહેર થવાના કારણે ફાર્મ-ફાઇબર-ફેબ્રીક-ફેશન(ગારમેન્ટ) અને ફોરેન (એકસપોર્ટ)ની કાપડ

ઉદ્યોગમાં સમગ્ર મુલ્યલક્ષી સાંકળનું મજબુતીકરણ થશે. પરીણામે ગ્રામ્ય વિસ્તારમાં ગ્રામ્ય ઉદ્યોગો તેમજ નવી રોજગારીની તકોનું નિર્માણ થતા આર્થિક સધ્ધરતા વધશે.

**શ્રી ભૂષણ ભટ્ટ :** માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, રાજ્ય સરકારે તાજેતરમાં જાહેર કરેલ ટેક્સટાઇલ પોલિસી, ૨૦૧૨નો હેતુ શું છે?

**શ્રી સૌરભભાઇ પટેલ :** આખા દેશમાં ગુજરાત સૌથી વધારે કપાસનું ઉત્પાદન ધરાવે છે. દેશનો ૩૫ ટકા કપાસ ગુજરાતમાં થઇ રહ્યો છે. છેલ્લાં બે ત્રણ વરસની અંદર કેન્દ્ર સરકારે ગુજરાતના ખેડૂતોને એટલો બધો અન્યાય કર્યો છે કે જ્યારે સારામાં સારા ભાવો મળતા હોય ત્યારે કપાસના એક્સપોર્ટ પર બાન મૂકીને ગુજરાતના ખેડૂતોને જે પ્રમાણે આવક થવી જોઇએ એ આવક થતી નહોતી. એટલે આપણા આદરણીય મુખ્યમંત્રીશ્રીએ જે ફાર્મથી ફોરેન એટલે કે એક્સપોર્ટ સુધીની જે ફાર્મ–ફાઇબર–ફેબ્રીક–ફેશન અને ફોરેન ( એક્સપોર્ટ )ની જે નીતિ બનાવી એ નીતિનું સંપૂર્ણપણે ગુજરાતના ખેડૂતોથી માંડીને ઉદ્યોગોમાં આનું અમલીકરણ થઇ શકે એ માટે આ નીતિ કરવામાં આવી હતી. બીજું આમાંથી સૌથી વધારે રોજગારીની તકો ઉભી થાય અને ખાસ કરીને બહેનોને રૂરલ એરિયાની અંદર પણ વધારે રોજગારી મળે એ પ્રમાણેની આની અંદર જોગવાઇ કરવામાં આવેલી છે. બીજું નવું મૂડીરોકાણ થાય અને એમાં સૌરાષ્ટ્રની અંદર કે કપાસનો પાક થાય તેવા વિસ્તારોમાં વધારેને વધારે મૂડીરોકાણ આવે અને સારામાં સારા ભાવ આવે એ માટેના કારણો આ નીતિ બનાવવા માટેના હતા.

**ડૉ. નિર્મલાબેન સુ. વાધવાણી :** હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, વાયબ્રન્ટ ગુજરાત, ૨૦૧૩ દરમિયાન રાજ્ય સરકારને ટેક્સટાઇલ સેક્ટરમાં મૂડીરોકાણ માટેના કેટલા ઇરાદાપત્રો મળ્યા છે?

**શ્રી સૌરભભાઇ પટેલ :** માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૧૩માં જે વાયબ્રન્ટ થયું અને જ્યારે અમે નીતિ લાવ્યા ત્યારે એમાં અમે લોકોએ સ્પેસિફિક ટાર્ગેટ્સ નક્કી કર્યા હતા, કે આવતા પાંચ વરસની અંદર ૨૫ લાખ સ્પીન્ડલો આવે એ પ્રમાણેનું આખું પ્લાનિંગ અને સ્ટ્રેટેજી ગોઠવાઇ હતી પણ અત્યારે જે પ્રમાણે અમને રિસ્પોન્સ મળ્યો છે તેમાં જોઇએ તો સ્પીનીંગમાં ૨૫ યુનિટો એ લોકો મિનિમમ આઇ.એમ.આઇ. કરીને જેટલા અમારી પાસે આવ્યા છે તે જોતાં હાલમાં ઓછામાં ઓછાં ૪૦ લાખ સ્પીન્ડલો આવે એ પ્રમાણેની વ્યવસ્થા ગોઠવેલ છે. આ ઉપરાંત વિવિંગમાં ૭, કોમ્પોઝીટમાં ૨૦ અને સૌથી વધુ અગત્યનું કે આપણે પ્રાઇવેટ ઉદ્યોગોને ટેક્સટાઇલ પાર્ક નાંખવા માટે પ્રોત્સાહન આપીએ છીએ એટલે આ પ્રાઇવેટમાં ટેક્સટાઇલ પાર્ક નાંખવા માટે આજની તારીખમાં ૧૮ લોકોની દરખાસ્ત આવી છે અને મંજૂરી આપવાનું પણ ચાલુ કર્યું છે. આ ઉપરાંત ટેકનિકલ ટેક્સટાઇલમાં ૭ અને ડાઇંગ પ્રોસેસીંગમાં ૭ એમ કરીને કુલ ૧૨૪ આઇ.એમ.આઇ. આપણી પાસે આવેલ છે.

**શ્રી આત્મારામ મ. પરમાર :** માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત સરકારે જે ટેક્સટાઇલ..

**અધ્યક્ષશ્રી :** ઝડપથી પ્રશ્ન પૂછો બીજા પણ લાઇનમાં ઉભાં છે.

**શ્રી આત્મારામ મ. પરમાર :** માનનીય અધ્યક્ષશ્રી, જે ફાઇવ–એફ ની પોલિસી જાહેર કરી છે એમાં ગામડાઓમાં રોજગારીની જે ચિંતા હતી તેનો ઉકેલ છે, મારે માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે, વધારેમાં વધારે કોટનનું ઉત્પાદન થાય એવો એક મારો વિસ્તાર છે,

**અધ્યક્ષશ્રી :** તમે સવાલ પૂછો સીધો, પ્રસ્તાવના નહિ.

**શ્રી આત્મારામ મ. પરમાર :** માનનીય અધ્યક્ષશ્રી, હું એટલા માટે જ કહું છું કે,

**અધ્યક્ષશ્રી :** નહિ એટલા માટે નહિ, શેના માટે બોલો છો એ જરૂર નથી પ્રશ્ન પૂછો, પહેલા પ્રસ્તાવના કરીને પછી સ્પષ્ટતા કરો છો પ્રશ્ન પૂછો સીધો, બાકીના પાંચ જણાને પ્રશ્ન પૂછવા છે.

**શ્રી આત્મારામ પરમાર :** માનનીય અધ્યક્ષશ્રી, મારે ત્યાં કપાસનું વિશેષ ઉત્પાદન થાય છે ત્યારે અને મારે ત્યાં કોટન જીનીંગ પ્રેસીંગ મીલ પણ છે ત્યારે ગઢડા, ઉમરાળા, બોટાદ વિસ્તારમાં એ વિસ્તારને

કોઇ પ્રોત્સાહન મળે તે માટે કોઇ ટેક્સ્ટાઇલ પાર્ક કરવાનું – ફાર્મ ટુ ફૉરેન એ પોલિસીમાં સેટ થાય તે પ્રકારનું કોઇ આયોજન કરવા માગે છે કે કેમ?

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મેં જે હમણાં જ કહ્યું કે આપણે ટેક્સ્ટાઇલ પાર્ક માટે પ્રાઇવેટ લોકોનું પણ આની અંદર ઇન્વોલમેન્ટ કર્યુ છે. એટલે ખાસ કરીને ટેક્સ્ટાઇલ અને apparel park માટે આપણે ૧૦ કરોડ રૂપિયાની તે લોકોને સુવિધા આપીએ છીએ પણ restricted upto 50% અને આ કોમન ઇન્ફ્રાસ્ટ્રકચર માટે આપીએ છીએ આમાં જમીન ના આવે. અને સ્પીનીંગ પાર્કની અંદર ૩૦ કરોડ રૂપિયા સુધીની મર્યાદાની અંદર આપણે એ લોકોને ફાયદો કરાવીએ છીએ. આની અંદર કોમન ઈન્ફ્રાસ્ટ્રકચરની વસ્તુ આવે તેમાં રોડ આવે, સ્ટોમ વોટર ડ્રેનેજ સિસ્ટમ આવે, ડોમેસ્ટીકનું સુવેત કલેકશન આવે, સ્ટ્રીટ લાઇટ આવે, ઓપન એન્ડ ગ્રીન સ્પેસીસ આવે, વોટર અને પાવર સપ્લાયનું ડિસ્ટ્રીબ્યુશનનું નેટવર્ક આવે, કોમ્યુનિકેશન નેટવર્ક આવે, effluents treatment માટે કલેકશન અને ડિસ્પ્લોઝલની સુવિધા આપીએ, ફાયર સ્ટેશનની આપીએ અને કોમન સ્ટૉરેજ ફેસેલીટી એટલે આ પ્રમાણેની સુવિધા આપણે પ્રાઇવેટ ટેક્સ્ટાઇલ પાર્ક કરવામાં આવશે તો ગઢડા, ઉમરાળા, બોટાદમાંથી આવી કોઇ દરખાસ્ત આવશે તો ચોક્કસપણે પોઝિટીવલી લેવાશે.

શ્રી નલીનભાઇ ના. કોટડીયા : માનનીય અધ્યક્ષશ્રી, મંત્રીશ્રીએ પોતાના જવાબમાં જણાવ્યું છે કે, ગ્રામ્ય કક્ષાએ કપાસના કાપડ ઉદ્યોગના ઘણા ઉદ્યોગો સ્થપાશે તો ગ્રામ્ય કક્ષાએ આવા કયા કયા ઉદ્યોગો સ્થાપવાનું આયોજન છે ? અને સહકારી ધોરણે કે વ્યકિતગત ધોરણે આવા ઉદ્યોગોને પ્રોત્સાહન આપવાની શું યોજના છે?

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આની અંદર જે કોઇ યુનિટો આવે તે યુનિટોને ચોક્કસપણે યોજનામાં સામેલ કરવાના જ છે. હું દાખલો આપું કે કોટનથી પહેલું જીનીંગ આવે, પ્રેસીંગ આવે, સ્પીનીંગ આવે, વિવિંગ આવે, ડાઇંગ અને પ્રોસેસીંગ આવે, નિટીંગ આવે, ગારમેન્ટ આવે, મશીન કાર્પેટીંગ આવે, મશીન એમ્બ્રોડરી આવે, winding, sizing આ બધું જ આવે છે. ઉદ્યોગો નાંખે તો આ લોકોને સબસિડી અને આપણે ઇન્સેન્ટીવ આપીએ છીએ. પહેલું જે ઇન્સેન્ટીવ આપીએ છીએ તે interest subsidy આપીએ છીએ. એટલે પાંચ ટકા ઇન્ટરેસ્ટની સબસિડી તે લોકોને આપીએ છીએ. સ્પીનીંગ હોય અને ગારમેન્ટ હોય એટલે સ્પીનીંગ અને ગારમેન્ટમાં સૌથી વધારે રોજગારી હોય છે. એટલે સ્પીનીંગમાં ૭ ટકા અને ગારમેન્ટ બનાવવામાં પણ આપણે ૭ ટકા ઇન્ટરેસ્ટ સબસિડી આપીએ છીએ. પરંતુ કોઇ ઇન્ટરેસ્ટ બેંકમાં સમયસર ભરે નહીં તો આપણે તેના penal interest ઉપર કોઇ સબસિડી આપતા નથી. માનનીય અધ્યક્ષશ્રી, બીજા ઘણાં છે અને સૌથી અગત્યનો ભાગ જ આ છે.

અધ્યક્ષશ્રી : તમે મુખ્ય મુખ્ય કહી દો.

શ્રી સૌરભ પટેલ : આ મુખ્ય મુખ્ય જ છે. બીજુ જે આપીએ છીએ સૌથી અગત્યનું એ કે, પાવર ટેરિફમાં concession આપીએ છીએ. એક રૂપિયા per unit . પાવર ટેરિફમાં ગુજરાત પાવરમાં સરપ્લસ છે એટલે સરપ્લસ હોવાના કારણે આપણે તે લોકોને એક રૂપિયો સબસિડી આપીએ છીએ અને બીજું, કેપ્ટીવ પાવર પ્લાન્ટ હોય તો આપણે લિગ્નાઇટમાં તે લોકોને ક્વોટામાં પ્રેફરન્સ આપીએ છીએ અને ત્રીજુ સૌથી અગત્યનું કે વેટની અંદર એ લોકોને જેટલું પ્લાન્ટ એન્ડ મશીનરીનું ઇન્વેસ્ટમેન્ટ કર્યુ હોય, કેપિટલ એકસ્પેન્ડીચર કર્યુ હોય એ લોકોને વેલ્યુ ચેનની અંદર જેટલો ટેકસ ભરે તે લોકોને આઠ વર્ષની મર્યાદામાં રાખી સો ટકા તેમને remission કરવામાં આવે છે. આ ત્રણ અગત્યના મુદ્દા છે.

શ્રી કાંતિલાલ શી. અમૃતિયા : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માંગુ છું કે, આ યોજના જે લાવ્યાં છે તે બહુ સારી યોજના છે. પણ એક યુનિટ બનાવવું હોય તો તેમાં કેટલા વીઘા જમીન જોઇએ?

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારી પાસે જમીનનો તો ખ્યાલ નથી પણ એકઝેકટલી પણ હું ચોક્કસપણે કહું કે હાલમાં જેટલાં જીનીંગ યુનિટો છે અને જીનીંગ યુનિટો પાસે જે એડિશનલ જગ્યા છે

તેને ધ્યાનમાં રાખીને આપણે આ નીતિ બનાવી છે. આપણે ત્યાં જીનીંગની કેપેસિટી વધારે છે. એટલે જીનસ પોતે સ્પીનીંગ કેપેસિટી કરી શકે તેના માટે આપણે સ્પેસિફિકલી આની અંદર અને ઘણાં લોકોને આપણે લીધા હતા તેમની પાસે જે એડિશનલ જમીન હોય એની અંદર પણ તેમને સ્પીનીંગ કેપેસિટી નાંખવી હોય તો યુઝવલી ૧૫ હજાર ૧૬ હજાર મીનીમમ s p i n d l e s નંખાય તે s p i n d l e માં તે લોકોની ઘણી બધી દરખાસ્ત વર્કઆઉટ થઇ રહી છે.

**પંચમહાલ જિલ્લામાં યોજાયેલી ખેડૂત શિબિરો**

* ૩૮૧૨ **શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર(હાલોલ) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) પંચમહાલ જિલ્લામાં સન–૨૦૧૨–૧૩ના વર્ષમાં તા. ૩૧–૧૨–૨૦૧૨ સુધીમાં કુલ કેટલી ખેડૂત શિબિરો યોજવામાં આવી, અને | (૧) કુલ–૨૭ ખેડૂત શિબિરો. |
| (૨) આ શિબિરોનો કેટલા ખેડૂતોએ લાભ લીધો? | (૨) કુલ–૧૩૫૦ ખેડૂતો. |

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, પંચમહાલ જિલ્લામાં વર્ષ ૨૦૧૨–૧૩માં કુલ ૨૭ ખેડૂત શિબિરો યોજવામાં આવી છે તે કઇ કઇ યોજના હેઠળ કરવામાં આવી છે અને આ ખેડૂત શિબિરોમાં કયા કયા વિષયોનો સમાવેશ કરવામાં આવ્યો છે. અને વર્ષ ૨૦૧૨–૧૩માં આ શિબિરો હેઠળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો છે?

શ્રી ગોવિંદભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, પંચમહાલ જિલ્લામાં આઇસોફોમ યોજના નીચે શિબિરો કરવામાં આવે છે. કુલ ૨૭ શિબિરો યોજવામાં આવેલી છે અને તેમાં પાક માટે જમીનની તૈયારી, કયા પ્રકારનું ખાતર વાપરવું, કયા પ્રકારના યંત્રો વાપરવા, કાપણી માટે કયા યંત્રો વાપરવા તેની અવેરનેસ પેદા થાય તેવા તમામ પ્રકારની માહિતી આપવામાં આવે છે. આખા વર્ષ દરમિયાન ૩,૮૩,૮૩૫ રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે.

શ્રી અરવિંદસિંહ દા. રાઠોડ : માનનીય અધ્યક્ષશ્રી, હું એ જાણવા માગું છું કે, ખેડૂત શિબિરોમાં કયા કયા પ્રકારના ખેડૂતો લાભ લઇ શકે છે, અને આ આઇસોફોમ યોજના અંતર્ગત ખેડૂત શિબિરમાં કેવી રીતે તેનો અમલ કરવામાં આવે છે?

શ્રી ગોવિંદભાઇ પટેલ : જે સ્થળે ખેડૂત શિબિરો યોજવામાં આવે છે એ ગામની આજુ બાજુ વસતા નાના કે મોટા ખેડૂત જેમને જાણકારી મેળવવી હોય તે તમામ ખેડૂત આ શિબિરમાં ભાગ લઇ શકે છે. અને ઓછામાં ઓછા ૫૦ ખેડૂતો હોવા જોઇએ, એમાં બ્લોક નિદર્શન, ફાર્મર શીડસ સ્કૂલ, બ્લોક વીલેજ પ્રોગ્રામ ગોઠવાયેલા હોય, પછી કૃષિ યુનિવર્સિટી, કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, જમીન ચકાસણી પ્રયોગશાળા, ગુણવત્તા નિયંત્રણ તંત્રના અધિકારી પણ હાજર હોય છે. આવી ખેડૂત શિબિરમાં ૧૫ હજારની મર્યાદામાં ખર્ચ કરવામાં આવે છે.

શ્રીમતી પુનમબેન હે. માડમ : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે વર્ષ ૨૦૧૨–૧૩માં લુણાવાડા અને સંતરામપુર તાલુકામાં કુલ કેટલી આવી શિબિરો યોજવામાં આવી છે અને તેમાં કેટલા ખેડૂતોએ ભાગ લીધો છે અને તેની પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો છે?

શ્રી ગોવિંદભાઇ પટેલ : લુણાવાડા અને સંતરામપુર તાલુકામાં કુલ ૪ શિબિરો યોજવામાં આવી છે અને ૨૦૦ ખેડૂતોએ ભાગ લીધો હતો. તેની પછળ ૬૦૦૦૦ રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે.

શ્રીમતી ભાનુબેન મ. બાબરીયા : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે વર્ષ ૨૦૧૨–૧૩માં કુલ કેટલી આવી શિબિરો યોજવામાં આવી છે?

શ્રી ગોવિંદભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ગોધરા અને શહેરા તાલુકામાં કુલ ૬ શિબિરો યોજવામાં આવી છે અને એમાં કુલ ૩૦૦ ખેડૂતોએ ભાગ લીધો હતો અને ૯૦,૦૦૦ રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે.

તા.૨૦મી માર્ચ, ૨૦૧૩
તારાંકિત પ્રશ્નો

**માંડવી શહેરમાં વહાણ ઉદ્યોગને પુનઃ જીવિત કરવાનું આયોજન**

* ૫૧૪૧ **શ્રી તારાચંદ જ. છેડા(માંડવી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (બંદરો) જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧–૧–૧૩ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં માંડવી શહેરમાં વર્ષોથી ચાલતા વહાણ ઉદ્યોગને પુનઃ જીવિત કરવા રાજ્ય સરકારનું કોઈ આયોજન છે, અને | (૧) બંદર વિસ્તારમાં આ ઉદ્યોગ માટે પ્લોટની ફાળવણી કરવામાં આવે છે અને જરૂરિયાત મુજબ વીજળીકરણ તથા ડ્રેજીંગની કામગીરીનું આયોજન કરવામાં આવે છે. |
| (૨) જો હા, તો તે ઉદ્યોગને સરકારી દરજ્જો આપવાની સરકારની કોઈ યોજના છે કે કેમ? | (૨) કોઈ દરખાસ્ત મળેલ નથી. |

શ્રી તારાચંદ જ. છેડા : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે, માંડવી બંદર પર વહાણ ઉદ્યોગના વિકાસ માટે સરકારે કેટલી કેટલી વ્યવસ્થા કરી છે, અને બીજો પ્રશ્ન મારો એ છે કે વહાણ ઉદ્યોગ દિવસે દિવસે ભાંગતો જાય છે, તો તેના જે કારીગરો છે તેમને તાલીમ આપવા માટે માંડવીની આઇ.ટી.આઇ.માં જ વહાણ ઉદ્યોગના નવા કોર્સ દાખલ કરવા માગે છે કે નહીં? અને મારો ત્રીજો પ્રશ્ન એ છે કે હવે કચ્છથી ગલ્ફ બિલકુલ નજીકમાં જ છે, અને સસ્તામાં સસ્તો વાહન વ્યવહાર એ વહાણ અને સ્ટીમર છે, તેથી ગલ્ફની સાથે આ બંદરનું જોડાણ થાય અને માંડવીનું બંદર ફકત શાકભાજી અને નાના કૃષિકારો જે ઉત્પન્ન કરે છે તેના વિકાસ માટે કોઇ યોજના કરવા માગે છે કે નહીં?

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતને જે લાંબામાં લાંબો દરિયા કિનારાનો લાભ મળ્યો છે એમાં આ રાજય સરકારે છેલ્લા ૧૦ વર્ષમાં જે વિકાસ સાધ્યો છે, અગાઉ પણ આટલો લાંબો દરિયા કિનારો હતો જ.

અધ્યક્ષશ્રી : કચ્છની જ વાત કરો અત્યારે.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માંડવી બંદરે વહાણ ઉદ્યોગ માટે ૮૫ લાખના ખર્ચે બોટ બિલ્ડીંગ યાર્ડ વિકસાવવામાં આવેલ છે. જેમાં ૨૦ મીટર બાય ૯૫ મીટર સાઇઝના કુલ ૬ પાકા પ્લોટ શીપ વે સહિત વિકસાવવામાં આવેલ છે. ઉપરાંત યાર્ડના રોડની પહોળાઇ વધારવાનું તેમજ મજબૂતીકરણનું કામ, પાણી પૂરું પાડવાની સુવિધા, તેમજ વીજળીકરણના કામો પણ કરવામાં આવે છે. હાલમાં લાકડાના વહાણ બાંધવા માટે કુલ ૪૧ પ્લોટ ઉપલબ્ધ છે. આ ઉપરાંત બંદર વિસ્તારમાં રાત્રી દરમિયાન પૂરતો પ્રકાશ મળી રહે એ માટે સન ૨૦૧૦–૧૧માં પાંચ લાખના ખર્ચે ૧૮ મીટરની ઉંચાઇનો હાઇમાસ્ટ પ્રસ્થાપિત કરવામાં આવેલ છે. જયારે ચાલુ સાલમાં પણ એક ૧૮ મીટર ઉંચાઇનો હાઇમાસ્ટ પ્રસ્થાપિત કરવાની કામગીરી પૂર્ણ થયેલ છે. એમણે બાકીનો સવાલ પૂછયો છે એ સૂચન છે.

ડો. નીમાબેન બી. આચાર્ય : હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે જે વહાણ ઉદ્યોગમાં સરકાર તરફથી પ્લોટો આપવામાં આવે છે. તો આ પ્લોટ કેટલી સાઇઝના અને ભાડાથી આપવામાં આવે છે તો શું ભાડાથી આપવામાં આવે છે અને એમાંથી કેટલી આવક સરકારને થાય છે અને એમાંથી કેટલી રોજગારી મળી શકે છે?

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : વહાણ ઉદ્યોગ માટેના અલગ અલગ પ્લોટ હોય છે. એની સાઇઝ આશરે ૭૦૦ મીટરથી ૧૨૦૦ મીટરના પ્લોટની હોય છે. ભાડે આપેલ પ્લોટમાંથી સરકારને પ્રતિ ૨૫ મીટરના દસ ચોરસ મીટરના ભાડાની આવક થાય છે એમાં આશરે ૨૦ થી ૨૫ લોકોને સીધી રોજગારી પણ મળે છે અને હાલમાં ૪૧ પ્લોટમાંથી ૨૩ પ્લોટ ફાળવેલ છે.

શ્રી રમેશભાઇ વ. મહેશ્વરી : આપના માધ્યમથી મંત્રી પાસેથી જાણવા માગું છું કે માંડવીથી મુંબઇની ફેરી સર્વિસ ચાલુ કરવાનું આયોજન છે કે કેમ?

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : સૂચન છે.

શ્રી વાસણભાઇ ગો. આહિર : માનનીય મંત્રીશ્રી પાસે એ જાણવા માગું છું કે માંડવી બંદરે અગાઉના વર્ષોની સાપેક્ષમાં છેલ્લા બાર વર્ષમાં કેટલા વહાણો બનાવવામાં આવ્યા?

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : અગાઉ ૧૯૯૦ થી ૨૦૦૧ના સમય ગાળામાં વર્ષ વાર ૩ થી ૪ બનાવવામાં આવતા હતા અને છેલ્લા બાર વર્ષના સમયગાળામાં વર્ષવાર સાતથી આઠ વહાણો બનાવવામાં આવ્યા છે.

શ્રીમતી પુનમબેન હે. માડમ : માંડવી બંદરે કયા કયા પ્રકારના વહાણ બનાવવામાં આવે છે, એની ક્ષમતા કેટલી છે અને એની પાછળ કુલ કેટલો ખર્ચ થાય છે?

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માંડવી બંદરે આશરે ૪૦ થી ૫૦ મીટરના ૫૦૦ મેટ્રીકટનથી ૨૦૦ મેટ્રીકટનની ક્ષમતા ધરાવતા લાકડાના વહાણો બનાવવામાં આવે છે એમાં આશરે બે થી ત્રણ કરોડનો ખર્ચ થાય છે. એક વહાણ બનાવતા બે થી ત્રણ વર્ષનો સમય લાગે છે.

શ્રી તારાચંદ જ. છેડા : આપની મારફતે મંત્રીશ્રીને પૂછવા માગું છું કે જે વહાણ માંડવીની અંદર બને છે એ વહાણની વિદેશમાં બહુ જ મોટી કિંમત છે. તો એ વહાણ જેમ કચ્છના રણનું માર્કેટીંગ થયું તો આ વહાણોનું હિન્દુસ્તાનમાં વેચાણ થાય એના માટે કોઈ માર્કેટીંગ કરવા માગો છો કે કેમ?

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : એ પણ સૂચન છે.

**કચ્છ જિલ્લામાં સિંચાઈ માટેનું નર્મદાનું પાણી મેળવતાં તાલુકાઓ**

* ૩૭૮૩ **ડૉ. નીમાબેન આર્ચાય (ભુજ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં સિંચાઈ માટે નર્મદાનું પાણી કયા તાલુકામાં પૂરૂં પાડવામાં આવે છે, | (૧) કચ્છ જિલ્લામાં સિંચાઈ માટે નર્મદાનું પાણી પુરૂ પાડવા કચ્છ શાખા નહેરના વાઢીયા પેટા શાખા નહેર સહિત કુલ ૨૦૧.૬૫ કિ.મી. લંબાઈના ૧૨ કામ તેમજ પમ્પીંગ સ્ટેશનના ત્રણ કામ સહિતના કુલ ૧૫ કામો રૂા. ૨૦૫૦.૪૧ કરોડના પ્રગતિમાં છે. |
| (૨) આ માટે નર્મદા કેનાલોનું કામ તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ કયા તબક્કે છે, | (૨) કચ્છ શાખા/ પેટા શાખાના પમ્પીંગ સ્ટેશન સહિતના રૂા.૨૦૫૦.૪૧ કરોડના ૨૦૧.૬૫ કિ.મી. લંબાઈના કામો પ્રગતિમાં છે. શાખા નહેર/ પેટા શાખા નહેરના રૂા. ૫૧૪.૫૬ કરોડના ૯૦.૦૦ કિ.મી. લંબાઈના કામોના ટેન્ડર મંજૂર થયેલ છે. ૧૩૯૬ કિ.મી. લંબાઈના શાખા, પેટા શાખા તથા વિતરણ પધ્ધતિના રૂા. ૧૯૦૪ કરોડના કામો આયોજન હેઠળ છે. |
| (૩) આ કામગીરી કયાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે, અને | (૩) આ કામો વહેલીતકે પૂર્ણ કરવાનું આયોજન છે. |
| (૪) તેનાથી કેટલા હેકટર જમીનને સિંચાઈનો લાભ મળશે? | (૪) તેનાથી કચ્છ જિલ્લાના ૭ તાલુકાના ૧૮૨ ગામોની ૨,૭૮,૫૬૨ એકર (૧,૧૨,૭૭૮ હેકટર) જમીનને સિંચાઈનો લાભ મળશે. |

ડો. નીમાબેન બી. આચાર્ય : માનનીય મંત્રીશ્રીએ મારા જવાબમાં જણાવેલ છે કે વાંઢીયા પેટા શાખા નહેરનું લગભગ ૨૦૧.૬૫ કિલોમીટરની લંબાઇના ૧૨ કામ તેમજ પમ્પીંગ સ્ટેશનના ત્રણ કામ સહિતના કુલ ૧૫ કામો રૂપિયા ૨૦૫૦.૪૧ કરોડના પ્રગિતમાં છે. તો હું એ જાણવા માગું છું કે આ પમ્પીંગ સ્ટેશન જે છે એ કેટલા છે, એક પમ્પીંગ સ્ટેશન પાછળ કેટલો ખર્ચ છે અને આ પમ્પીંગ સ્ટેશનનું કામ કઈ કઈ જગ્યાએ ચાલી રહ્યું છે તેમજ આ પમ્પીંગ સ્ટેશનથી કેટલા ફૂટ પાણી લિફ્ટ કરવામાં આવશે. તેમણે જણાવેલ છે કે સાત તાલુકામાં સિંચાઈનું પાણી આપવાનું આયોજન છે. તો કયા કયા તાલુકા છે અને તાલુકાવાર કેટલા ગામોને સિંચાઈનુ પાણી મળવાનું છે?

શ્રી નીતિનભાઈ ર. પટેલ : અગાઉના સુરેન્દ્રનગર જિલ્લાના જવાબમાં મેં કહ્યું એ પ્રમાણે કચ્છ જિલ્લો પણ રણ વિસ્તાર દુષ્કાળગ્રસ્ત અને સતત પાણીની ખેંચ ધરાવતો જિલ્લો છે.આ જિલ્લામાં નર્મદા યોજના નીકળે છે. ૪૫૮ કિલોમીટરની મેઈન કેનાલ રાજસ્થાન બોર્ડર ઉપર પૂર્ણ થાય છે. આપણે

૨૦૦૭માં ત્યાં સુધી પાણી પહોંચાડી દીધું છે. તેમાંથી પાટણ જિલ્લામાંથી કચ્છ શાખા નહેરનો ફાંટો નીકળે છે. તેમાંથી કચ્છના સાત તાલુકાને પાણી આપવાનું આયોજન છે. તેમાં રાપર તાલુકાના ૪૭ ગામોમાં ૯૫,૨૪૬ એકરમાં પાણી અપાશે. ભચાઉ તાલુકાના ૩૩ ગામોમાં ૬૪,૦૫૯ એકરમાં પાણી અપાશે. ગાંધીધામના આઠ ગામોમાં ૧૦,૨૧૧ એકરમાં પાણી અપાશે, અંજારના ૨૪ ગામોમાં ૩૩,૦૧૭ એકરને પાણી આપવામાં આવશે. મુંદ્રા તાલુકાના ૩૪ ગામોમાં ૪૫,૦૫૩ એકરને પાણી અપાશે. માંડવી તાલુકાના ૩૦ ગામોમાં ૨૭,૬૫૯ એકરને અને ભૂજ તાલુકાના ૬ ગામોમાં ૩,૩૧૭ એકરને પાણી અપાશે. આમાં કચ્છ જિલ્લામાં ૨,૭૮,૫૬૫ એકરમાં પાણી આપવાનું આયોજન છે. નીમાબહેને બીજો પ્રશ્ન પૂછયો કે કેટલા પંપીંગ સ્ટેશનનું કામ ચાલે છે અને આ અગત્યનું એટલા માટે છે કે કચ્છને જે પાણી પહોંચાડીએ છીએ ત્યારે એ નોર્મલ ગ્રેવીટીથી પાણી મળવાનું નથી. ત્રણ પંપીંગ સ્ટેશન છે. પહેલું અને બીજું પંપીંગ સ્ટેશન રાપર પાસે છે. તેમાં ૧૮ મીટર પાણી લીફ્ટ કરવામાં આવશે. એટલે લગભગ ૬૦ ફૂટ પાણી ઉંચે ચડાવીને આગળ ત્રીજા પંપીંગ સ્ટેશને મોકલવામાં આવશે. ત્રીજું પંપીંગ સ્ટેશન ભચાઉ પાસે છે. તેને લીફ્ટ કરીને પછી કચ્છ કેનાલમાં પાણી મોકલવામાં આવશે. એટલે આ એક ખૂબ ટેકનિકલ પ્રકારનું કામ છે અને આમાં કુલ ટેન્ડર કિંમત ૫૧૪ કરોડ રૂપિયાનું પંપીંગ સ્ટેશનનું કામ છે.

શ્રી વાઘજીભાઇ ધ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે કચ્છ જિલ્લાને પાણી આપવા માટે બનાસકાંઠા અને પાટણ જિલ્લામાંથી જે શાખા નહેરના કામો ચાલી રહ્યા છે તેની પરિસ્થિતિ શું છે?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, કચ્છ શાખા નહેરમાં જે પાણી આપણે વહાવવાના છીએ એ પાણી બનાસકાંઠા અને પાટણ જિલ્લાની અંદરથી પસાર થતી કેનાલમાંથી કચ્છને આપણે આપવાના છીએ. એમાં અત્યારે શરૂઆતની ૮૨.૩૦ કિલોમીટરની કેનાલ જે બનાસકાંઠા અને પાટણ જિલ્લામાંથી પસાર થાય છે તેમાંથી ૩૩ કિલોમીટરના કામ પૂર્ણ થયા છે. ૩૩ કિલોમીટરથી ૮૨.૩૦ કિલોમીટર સુધીના ૪૩૩ કરોડ રૂપિયાના ચાર કામો પ્રગતિ હેઠળ છે.

શ્રી વાસણભાઇ ગો. આહિર : માનનીય અધ્યક્ષશ્રી, કચ્છ જિલ્લાને વધારાનું એક લાખ મિલિયન એકરફૂટ પાણી ફાળવવા માટે કચ્છ શાખા નહેરની વહનક્ષમતામાં કેટલો વધારો કરવામાં આવ્યો છે અને વધારાનો ખર્ચ થવાનો અંદાજ શું છે?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નરેન્દ્રભાઇ મુખ્યમંત્રી બન્યા પછી નર્મદાનું પાણી દર વખતે પૂરમાં ઉભરાઇને ભરૂચ પાસેથી દરિયામાં જતું હતું, એક બાજુ આપણે પીવાના પાણી માટે, ખેતી માટે, ઢોરઢાંખરના પાણી માટે ચિંતિત હોઇએ, દુષ્કાળ પડે ત્યારે તકલીફ પડતી હોય અને એક બાજુ પાણી દરિયામાં નકામું જતું રહેતું હોય એટલે એ વખતે માનનીય મુખ્યમંત્રી નરેન્દ્રભાઇએ નિર્ણય કર્યો કે પૂર આવે ત્યારે દરિયામાં પાણી વહી જતું અટકાવીને કેનાલો મારફત જે તે વિસ્તારને ફાળવી આપવું. એમાં એક મિલિયન એકરફીટ પાણી કચ્છને પણ ફાળવ્યું, એક મિલિયન એકરફીટ પાણી ઉત્તર ગુજરાતને અને એક મિલિયન એકરફીટ પાણી સૌરાષ્ટ્રને ફાળવી આપ્યું. તેમાં કચ્છ શાખામાં પહેલા આપણે નોર્મલ પાણી આપવાના હતા, એક મિલિયન એકરફીટ પહેલા, એ ૧૨૦ કયુમેકસની હતી, એની કેપેસિટી વધારીને ૨૨૦ કયુમેકસ કરી દેવામાં આવી છે. આના માટે ૩૩૨૬ કરોડ રૂપિયા વધારાનો ખર્ચ રાજય સરકાર કચ્છને એક મિલિયન એકરફીટ વધારાનું પાણી ફાળવવા માટે ખર્ચ કરશે.

**ચોટીલા બજાર સમિતિને આધુનિક સવલતો પૂરી પાડવા મંજૂર કરેલ રકમ**

* ૩૭૯૭ **શ્રી શામજીભાઇ ભી. ચૌહાણ(ચોટીલા) : માનનીય સહકાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરેન્દ્રનગર જિલ્લાના ચોટીલા બજાર સમિતિને આધુનિક સવલતો પૂરી પાડવાની યોજના હેઠળ સન ૨૦૧૧–૧૨ના વર્ષમાં કેટલી રકમ મંજૂર કરવામાં આવી, | (૧) શૂન્ય. |

અને

| | |
|---|---|
| (૨) તા. ૩૧-૩-૧૨ અંતિત કેટલી સહાય ચૂકવવામાં આવી? | (૨) રૂ. ૨૩.૩૦ લાખ. |

શ્રી શામજીભાઇ ભી. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે, ચોટીલા બજાર સમિતિને કઇ યોજના હેઠળ સહાય ચૂકવવામાં આવેલ છે? ક્યા હુકમથી નાણાકીય સહાયની ચૂકવણી કરવામાં આવેલ છે અને કેટલી સહાય ચૂકવવામાં આવેલ છે?

શ્રી બાબુભાઇ બોખીરીયા : માનનીય અધ્યક્ષશ્રી, વરહ બજાર સમિતિઓને આધુનિક સવલતો માટે સહાય ચૂકવવામાં આવેલ છે. ખેડૂત માટેના શેડ બનાવવા માટે ૧૦૦ ટકા ગ્રાન્ટ આપવામાં આવે છે. એમણે રૂ.૨૧.૫૫ લાખની માગણી કરેલ હતી જે બધી જ ચૂકવી આપવામાં આવી છે. ઓવર હેડ ટાંકી માટે રૂ.૬.૨ લાખનો એસ્ટીમેટ હતો, એમાં ૨૫ ટકા લેખે રૂ.૧.૫૦ લાખ ચૂકવવામાં આવ્યા છે. વોટર કુલર માટે રૂ.૧.૦૩ લાખની માગણી હતી એમાં ૨૫ ટકા પ્રમાણે રૂ.૨૫૦૦૦/- ચૂકવવામાં આવેલ છે. કુલ રૂ.૨૩.૩૦ લાખની ચૂકવણી કરવામાં આવી છે.

શ્રીમતી વર્ષાબેન ન. દોશી : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, ચોટીલા બજાર સમિતિને ક્યા હેતુ માટે આ સહાય ચૂકવવામાં આવી છે અને કેટલી રકમની સહાય આપવામાં આવી છે?

શ્રી બાબુભાઇ બોખીરીયા : માનનીય અધ્યક્ષશ્રી, હમણાં કહ્યું એ પ્રમાણે વરહ બજાર સમિતિઓને આધુનિક સવલત પૂરી પાડવા માટે શરતો મુજબ એ ચૂકવવામાં આવે છે. બજાર સમિતિઓને જે હેતુ માટે સહાય મંજૂર કરવામાં આવી હોય એના માટે જ એમણે ઉપયોગ કરવાનો રહે છે. જે બાંધકામ માટે સહાય લીધી હોય એ બાંધકામનો વીમો લેવાનો રહે છે, બજાર સમિતિ નિયત સમયમાં કામ પૂર્ણ ન કરે તો સરકારશ્રી નક્કી કરે તે વ્યાજનો દર વસૂલ કરવામાં આવે છે. બજાર સમિતિએ વિકાસના જે કામો માટે સહાય લીધી હશે એ કામો બે વર્ષની અંદર પૂરા કરવાના રહેશે. એવી રકમના વપરાશ કર્યા અંગેનું પ્રમાણપત્ર માન્ય ઇજનેરની સહી સાથે સંબંધિત નાયબ નિયામક અને જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓની સહીથી મોકલવાનું રહેશે. તેના હિસાબો સહકારી ખાતાના ઓડિટ સ્ટાફ પાસે દર વર્ષે ઓડિટ કરાવવાનું રહેશે. સઘળા ઓડિટ અહેવાલ ખાતાને મળી રહે તે પ્રમાણે મોકલી આપવાના રહેશે.

શ્રી મોહનભાઇ ક. કુંડારિયા : માનનીય અધ્યક્ષશ્રી, આ દરેક માર્કેટીંગ યાર્ડમાં ઘઉં અને અનાજના ગ્રેડેશન આપવા માટે મશીનરી આપવાની રાજ્ય સરકારની કોઇ યોજના છે કે કેમ?

શ્રી બાબુભાઇ બોખીરીયા : માનનીય અધ્યક્ષશ્રી, એવી કોઇ યોજના નથી.

### ધારી અને બગસરા તાલુકામાં ઔદ્યોગિક વસાહતની સ્થાપના

* ૫૦૭૮ **શ્રી નલીનભાઇ ના. કોટડીયા(ધારી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧-૨૦૧૩ ની સ્થિતિએ ધારી અને બગસરા તાલુકામાં ઔદ્યોગિક વસાહત સ્થાપી ઉદ્યોગોને પ્રોત્સાહિત કરવાનું આયોજન છે કે કેમ, | (૧), (૨) અને (૩)<br>ઔદ્યોગિક વસાહત સ્થાપવા માટે ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ સ્થળની ચકાસણી કરી યોગ્ય મંજૂરી મેળવી જરૂરી કાર્યવાહી હાથ ધરે છે. |
| (૨) આ માટે કોઈ જમીન સંપાદન કે અન્ય કોઈ કાર્યવાહી થઈ છે, અને | |
| (૩) ઔદ્યોગિક વસાહત સ્થાપવાનું આયોજન હોય તો ક્યારે પૂર્ણ થશે? | |

શ્રી નલીનભાઇ ના. કોટડીયા : માનનીય અધ્યક્ષશ્રી, જી.આઇ.ડી.સી. સ્થાપવા માટે જરૂરી જમીન મેળવવા માટે, જમીન સંપાદન કરવાની સરકારની કઇ નીતિ છે? અમરેલી જિલ્લામાં નવી જી.આઇ.ડી.સી.

સ્થાપવાનું આયોજન છે કે કેમ?

શ્રી સૌરભભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, જી.આઇ.ડી.સી.ની સ્થાપના માટે નવી નીતિ કરી છે. કન્સર્ન આધારીત નીતિ કરી છે. પહેલા ખેડૂતોની કન્સર્ન કરીને જમીન સંપાદન કરીએ છીએ. એ જમીન સંપાદન કરવા માટે માર્કેટ પ્રાઇઝ સેપ્ટ યુનિવર્સિટી દ્વારા નક્કી કરવામાં આવે છે અને સેપ્ટ યુનિવર્સિટી જે ભાવ નક્કી કરે એ પ્રમાણે ખેડૂતોને વિશ્વાસમાં લઇને એ ભાવ આપવામાં આવે છે. જે ભાવે ખેડૂતો પાસેથી જમીન લઇએ છીએ અને જે ભાવે ઉદ્યોગોને વેચીએ છીએ એના તફાવતના ૧૦ ટકા ડિફરન્સીયલ એમાઉન્ટ પણ આપણે ખેડૂતોને આપતા હોઇએ છીએ. ખેડૂતોને કાયમ માટેની આવક ઉભી રહે અને એ લોકોને સેટ ઇન્કમ મળે તે રીતે જમીન સંપાદન કરી છે એના ૧ ટકા પ્રમાણે જમીનની કોમર્શિયલ વેલ્યૂ તરીકે એક રૂપિયે પર સ્કવેર મિટર પ્રમાણે ખેડૂતોને આપીએ છીએ.

અધ્યક્ષશ્રી : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે.

# અતારાંકિત પ્રશ્નો

## તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ

### વાયબ્રન્ટ સમીટ ૨૦૦૯ અને ૨૦૧૧માં આવેલાં વિવિધ દેશનાં ડેલીગેશન

* ૩૯૫૦ **શ્રી શૈલેષ મ. પરમાર(દાણીલીમડા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વાયબ્રન્ટ ગુજરાત સમિટ-૨૦૦૯ અને ૨૦૧૧માં કેટલા દેશોએ ભાગ લીધો હતો,<br>(૨) તેમાં મુખ્યત્વે કેટલા ડેલીગેશનો આવ્યા હતા, અને | (૧) અને (૨) વાયબ્રન્ટ સમિટ-૨૦૦૯માં કુલ-૪૫ દેશોમાંથી ૧૭ મોટા ડેલીગેશનો મળીને કુલ ૬૦૦ ડેલિગેટસે ભાગ લીધો હતો. વાયબ્રન્ટ સમિટ-૨૦૧૧માં તે કરતાં વધુ સારો પ્રતિભાવ મળેલ અને તેમાં કુલ-૧૦૧ દેશોમાંથી ૨૬ મોટા ડેલીગેશનના મળીને કુલ ૧૪૦૦ ડેલિગેટસે ભાગ લીધો હતો. |
| (૩) આ ડેલીગેશનો પાછળ સરકારે કેટલો ખર્ચ કર્યો? | (૩) આવનાર ડેલીગેશન તેમના આવવાની અને રહેવાની વ્યવસ્થા પોતાની રીતે કરતા હોઈ તે બાબતે સરકાર દ્વારા કોઈ વિશેષરૂપે ખર્ચ કરવામાં આવતો નથી. જો કે, મોટા ડેલિગેશનોનું ઘણુંખરૂ સંકલન ગુજરાતની આતિથ્ય પરંપરા અનુસાર ગુજરાત સ્થિત યજમાન કપંનીઓના માધ્યમથી થતું હોય છે. |

### ગૌચર વિકાસ બોર્ડની રચના

* ૪૬૧૩ **શ્રી રામસિંહ પ્ર. પરમાર(ઠાસરા) : માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૨૦૧૩ની સ્થિતિએ રાજ્ય સરકારે ગૌચર ભૂમિના ખાસ વિકાસ તરીકે ''ગૌચર વિકાસ બોર્ડ'' ની રચના કરવાની જાહેરાત કયારે કરી,<br>(૨) આ બોર્ડના સભ્યો કોણ કોણ છે, અને<br>(૩) ઉક્ત સ્થિતિએ બોર્ડ પાસે કુલ કેટલી રકમ છે? | (૧), (૨) અને (૩) ના જી, આવી કોઈ જાહેરાત થયેલ નથી. પરંતુ તા.૩-૮-૧૨ના ઠરાવથી ગૌસેવા આયોગ, ગાંધીનગરની પ્રવૃત્તિનો વ્યાપ વધારી નામાભિધાન બદલીને ગૌસેવા અને ગૌચર વિકાસ બોર્ડ કરેલ છે જેના સભ્યોની યાદી સામેલ **પત્રક** મુજબ છે અને બોર્ડ પાસે રૂ.૪,૯૦,૨૬,૯૪૯(ચાર કરોડ, નેવુ લાખ છવ્વીસ હજાર નવસો ઓગણપચાસ) ઉપલબ્ધ છે. |

**પત્રક**

| અનુ.નં. | સભ્યોની યાદી |
|---|---|
| ૧ | ચેરમેનશ્રી ગૌસેવા અને ગૌચર વિકાસ બોર્ડ, |

| | |
|---|---|
| | ગાંધીનગર |
| ૨ | સચિવશ્રી (પશુપાલન) |
| ૩ | અધિક મુખ્ય સચિવશ્રી(ગૃહ) અથવા તેના પ્રતિનિધિ |
| **અનુ.નં.** | **સભ્યોની યાદી** |
| ૪ | નાયબ સચિવશ્રી (નાણા વિભાગ) |
| ૫ | સંશોધન નિયામકશ્રી, કૃષિ યુનિવર્સિટી, દાંતીવાડા |
| ૬ | ચેરીટી કમિશ્નરશ્રી, અમદાવાદ |
| ૭ | પશુપાલન નિયામકશ્રી, ગુ.રા. ગાંધીનગર |
| ૮ | મેનેજીંગ ડીરેકટરશ્રી ગુજરાત એગ્રો ઈન્ડસ્ટ્રીઝ કોર્પોરેશન |
| ૯ | મેનેજીંગ ડીરેકટરશ્રી ગુજરાત એનર્જી ડેવલપમેંટ એજંસી |
| ૧૦ | નાયબ સચિવશ્રી(મહેસૂલ) |
| ૧૧ | સભ્ય સચિવશ્રી ગૌસેવા અને ગૌચર વિકાસ બોર્ડ, ગાંધીનગર |

**નડિયાદ ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ વિરૂધ્ધ ગેરકાયદેસર બાંધકામની મળેલ ફરિયાદો**

* ૩૭૬૮ **શ્રી નટવરસિંહ કુ. ઠાકોર(મહુધા) : માનનીય સહકાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૧૨ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નડિયાદ ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ દ્વારા નિયમ વિરૂધ્ધ ગેરકાયેદસર બાંધકામ કરેલ છે તેવી કેટલી ફરિયાદો મળી, અને

(૨) મળેલ ફરિયાદો અન્વયે સરકારે શી કાર્યવાહી કરી?

**જવાબ**

(૧) ૪ (ચાર).

(૨) મળેલ ૪ (ચાર) ફરિયાદો પૈકી બે ફરિયાદોના અહેવાલોમાં પૂર્તતા/સ્પષ્ટતાઓ મંગાવેલ છે. જ્યારે બે ફરિયાદોના અહેવાલ આવી ગયેલ છે. જેની ચકાસણી કરી નિયમોનુસારની કાર્યવાહી કરવામાં આવશે.

---------

**નવસારી જિલ્લાના ઝુજ સિંચાઈ યોજનાનાં રોજમદાર, કામદારોને પગાર ચૂકવવામાં અનિયમિતતા**

* ૪૩૮૮ **શ્રી છનાભાઇ કો. ચૌધરી (વાંસદા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૨૭–૧–૨૦૧૩ ની સ્થિતિએ નવસારી જિલ્લાના ઝુજ યોજનાના રોજમદાર કામદારોને દરમાસે નિયમીત પગાર ચૂકવાતો નથી તે હકીકત સાચી છે,

(૨) જો ના, તો કયા કારણોસર નિયમીત પગાર ચૂકવવામાં આવતો નથી, અને

(૩) નિયમીત પગાર ચૂકવાય તે માટે સરકાર શાં

**જવાબ**

(૧), (૨) અને (૩)

નવસારી જિલ્લામાં ઝુજ સિંચાઇ યોજનાના રોજમદાર કામદારોને ત્રણ પ્રસંગો બાદ કરતાં નિયમિત રીતે પગાર ચુકવવામાં આવેલ છે.

આ કર્મચારીઓની ગ્રાન્ટ કામોની મરામત જાળવણીના સદરે ફાળવવામાં આવે છે જે માટેના અંદાજો નાણાંકિય વર્ષ શરૂ થવાના ત્રણ મહિના પૂર્વે આકારીને મંજૂર કરવામાં આવે છે. વર્ષ દરમ્યાન થતાં મોંઘવારી ભથ્થાના વધારા વગેરેને

પગલાં ભરવા માગે છે?

કારણે પાછલા વર્ષનો તફાવત ચુકવવાનો થતાં ફાળવેલ ગ્રાન્ટ અપૂરતી થતાં ચુકવણાં વિલંબિત થવા પામેલ છે. નિયમિત પગાર ચુકવાય તે માટે સરકાર સંચિત છે.

---------

**જામનગર જિલ્લાના જોડિયાથી ઝીંઝુડા બંદર સુધીનો રેકલેમેશન પાળાના રીપેરીંગ તથા ખારાં પાણી પ્રવેશતા અટકાવવા પાકા સ્ટ્રકચર ઉભા કરવાની કામગીરી**

* ૨૫૫૦ **શ્રી રાઘવજી હં. પટેલ(જામનગર ગ્રામ્ય) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) જામનગર જિલ્લાનાં જોડીયાથી ઝીંઝુડા બંદર સુધીનો રેકલેમેશન પાળો તૂટી ગયેલ છે તે તથા ખારું પાણી પ્રવેશતું અટકાવવાના પાકા સ્ટ્રકચર ઉંચા કરવાની જરૂરિયાત ડીસે. ૨૦૧૨ની સ્થિતિએ ઊભી થઈ છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો તૂટી ગયેલો રેકલેમેશન પાળો રીપેર કરવા તથા પાકા સ્ટ્રકચર ઊંચા કરવાની કામગીરી ક્યાં સુધીમાં કરવાનું આયોજન છે?

**જવાબ**

(૧) અને (૨)

જે તે સમયના નવાનગર રાજ્ય દ્વારા બનાવવામાં આવેલ રેકલેમેશન પાળાને દરિયાકાંઠે આવેલ ભારે વરસાદ અને વાવાઝોડાને કારણે ભારે નુકશાન થવા પામેલ હતું.

વન વિભાગ સિવાયની લંબાઇમાં આવતા રેકલેમેશન પાળો અને પાકા સ્ટ્રક્ચરની મરામતની કામગીરી પૂર્ણ કરેલ છે. વન વિભાગનાં વિસ્તારમાં આવતા રેકલેમેશન પાળો અને પાકા સ્ટ્રક્ચરની મરામતની કામગીરી વન વિભાગની મંજૂરી મળ્યા બાદ હાથ ધરવાનું આયોજન છે.

હાલમાં સ્ટ્રક્ચરો હાઇટાઇડ લેવલથી ૨૦ સે.મી. ઉંચા રાખવામાં આવેલા છે. સામાન્ય સંજોગોમાં ઉંચાઇ વધારવાની જરૂર નથી.

---------

**કડી તાલુકામાં સેકટર રિફોર્મ યોજના હેઠળ મંજૂર કરેલ યોજનાઓ**

* ૩૭૯૨ **શ્રી નાગરજી હ. ઠાકોર(રાધનપુર) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) મહેસાણા જિલ્લાના કડી તાલુકામાં સેકટર રીફોર્મ યોજના (રાજ્ય) હેઠળ તા.૩૧–૧૨–૧૨ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કુલ કેટલી યોજનાઓ મંજૂર કરવામાં આવી, અને | (૧) ૭ યોજનાઓ મંજૂર કરવામાં આવી. |
| (૨) તે અન્વયે પાણી સમિતિઓને કુલ કેટલું ફંડ ફાળવવામાં આવેલ છે? | (૨) રૂા. ૪.૧૬ લાખનું ફંડ ફાળવવામાં આવેલ છે. |

---------

**સાબરમતી જેલમાં મારામારીના બનાવો**

* ૫૧૩૩ **શ્રી બાવકુભાઇ ના. ઉંઘાડ(લાઠી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧–૨૦૧૩ ની સ્થિતિએ સાબરમતી જેલમાં છેલ્લા બે વર્ષમાં કેટલી વખત મારામારીના બનાવો બન્યા, | (૧) કોઇપણ બનાવ બનેલ નથી. |
| (૨) તે અંગે શી કાનૂની કાર્યવાહી થઈ, અને | (૨) કોઇપણ બનાવ બનેલ ન હોઇ વિગત નથી. |
| (૩) સાબરમતી જેલમાં CCTV કેમેરા અને જામર લગાડવામાં આવેલ છે કેમ? | (૩) સાબરમતી જેલમાં વિભાગ–૧ ખાતે વર્ષ ૨૦૦૬–૦૭ માં CCTV સિસ્ટમ સ્થાપિત કરવામાં આવેલ છે. તેમજ સેલફોન જામર સિસ્ટમ યુનિટ–૫ વર્ષ ૨૦૦૫–૦૬ માં તથા યુનિટ–૫ વર્ષ ૨૦૧૦ માં સ્થાપિત કરવામાં આવેલ છે. |

---------

## આણંદ જિલ્લામાં તાલુકાવાર ઊંડા કરાયેલા તળાવો

* ૩૭૬૪ **શ્રી નિરંજન પટેલ(પેટલાદ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ આણંદ જિલ્લામાં તાલુકાવાર કેટલા તળાવો છેલ્લા બે વર્ષમાં ઊંડા કરવામાં આવ્યા, અને

(૨) તે અન્વયે કેટલો ખર્ચ થયો?

**જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૨ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નીચે મુજબના તાલુકાવાર તળાવો ઊંડા કરવામાં આવેલ છે.

| જિલ્લો | તાલુકો | ઊંડા કરેલ તળાવોની સંખ્યા |
|---|---|---|
| આણંદ | આણંદ | ૩ |
| | ઉમરેઠ | ૧૧ |
| | બોરસદ | ૧૨ |
| | આંકલાવ | ૯ |
| | પેટલાદ | ૧૭ |
| | ખંભાત | ૩ |
| | તારાપુર | ૧ |
| | **કુલઃ** | **૫૬** |

(૨) આ માટે કુલ રૂ. ૨૦૬.૩૯ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે.

---------

## વાયબ્રન્ટ સમીટ–૨૦૧૩માં પ્રદર્શનમાં ભાગ લીધેલ દેશની તથા વિદેશની કંપનીઓ

* ૩૮૨૧ **શ્રી જીતેન્દ્રભાઇ સ. વાઘાણી(ભાવનગર પશ્ચિમ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) વાયબ્રન્ટ સમીટ–૨૦૧૩ દરમિયાન યોજવામાં આવેલ પ્રદર્શનમાં કેટલા દેશો અને રાજ્યોએ ભાગ લીધો હતો, અને

(૨) વિદેશની અને દેશની કુલ કેટલી કંપનીઓએ આ પ્રદર્શનમાં ભાગ લીધો હતો?

**જવાબ**

(૧) અને (૨) વૈશ્વિક વ્યાપાર મેળો–૨૦૧૩ નું આયોજન વાયબ્રન્ટ ગુજરાત ૨૦૧૩ ના ભાગરૂપે તા.૮–૧–૨૦૧૩ થી તા.૧૩–૧–૨૦૧૩ દરમ્યાન કરવામાં આવેલ. જે અત્યાર સુધીનું ભારતનું સૌથી વિશાળ વેપાર પ્રદર્શન હતું. તેમાં ૧૨૦૦ જેટલી કંપનીઓએ ભાગ લીધો હતો. જે પૈકી ૯૬ આંતરરાષ્ટ્રીય પ્રદર્શકો હતા. તેમાં ૨૫૦૦૦ થી વધુ ઉત્પાદનો પ્રદર્શીત કરાયેલા. ૧૭ દેશો અને ૬ રાજ્યોએ તેઓના સ્ટોલ્સમાં પોતાના દેશોમાં રોકાણની વિવિધ તકોનું નિદર્શન કરેલ. ૩૦૦૦ ચો.મી. લાંબા થીમ બેઝ ‘‘એન્ટ્રી ફસાડ (પ્રવેશ પરસાળ)’’ માં ગુજરાતની ક્ષમતા અને વિકાસ પ્રદર્શિત કરાયેલ ૧૬ લાખથી પણ વધુ લોકોએ ટેકનોલોજી અને જ્ઞાન સંબંધિત આ પ્રદર્શનની મુલાકાત લીધેલ.

---------

## કચ્છ અને રાજકોટ જિલ્લામાં બંધ પડેલા ઉદ્યોગો બાબત

* ૪૧૪૯ **શ્રી મહમદજાવી અ. પીરઝાદા(વાંકાનેર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ રાજકોટ અને કચ્છ જિલ્લામાં કેટલા નાના–મોટા ઉદ્યોગો કેટલા સમયથી બંધ છે, અને

**જવાબ**

(૧) ભારત સરકાર દ્વારા દર ૫ વર્ષે રાજ્યમાં નોંધણી થયેલ ૧૦૦% એમએસએમઇ એકમોનો સર્વે હાથ ધરવામાં આવે છે. પાંચમાં સેન્સસ (વર્ષ ૨૦૧૨–૧૩ અંતિત) પ્રક્રિયા ભારત સરકાર દ્વારા રાજ્યોના સહકારથી હાથ ધરેલ છે.

વધુમાં ગુજરાત સરકાર દ્વારા એમએસએમઇ એકમોની સ્થિતિની જાણકારી મેળવવા તા.૦૨–૧૦–૨૦૦૬ થી

૩૧–૦૩–૨૦૧૦ ના સમયગાળા દરમ્યાન નોંધણી થયેલ એમએસએમઇ એકમો પૈકી ૧૦% એકમોનો વર્ષ ૨૦૧૦–૧૧ માં સેમ્પલ સર્વે હાથ ધરવામાં આવેલ હતો. આ સેમ્પલ સર્વેના રીપોર્ટ મુજબ રાજકોટ જિલ્લામાં ૩.૭૩% અને કચ્છ જિલ્લામાં ૩.૦૩% એકમો બંધ મળેલ છે.

(૨) આવા બંધ થયેલા ઉદ્યોગોને પુનઃસ્થાપન કરવા સરકારે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા ઉદ્યોગોને કેટલી સહાયતા કરી?

(૨) માંદા એમએસએમઇ એકમોને સરકારશ્રીના તા.૨૭–૦૨–૨૦૦૯ ના ઠરાવ હેઠળ માંદા એકમોના પુનઃવસન માટે સહાય યોજના જાહેર કરેલ છે. તા.૧૫–૦૭–૨૦૧૦ ના ઠરાવ હેઠળ નાનાં–મોટાં માંદા એકમો માટે સરકારી લેણાં બાબતની વન ટાઇમ સેટલમેન્ટની યોજના જાહેર થયેલ હતી. જે હેઠળ રાજકોટ જિલ્લામાં બે એમએસએમઇ એકમોને રજીસ્ટ્રેશન આપવામાં આવેલ છે. તથા આ એકમોને જીએસએફસીએ નિગમની પતાવટ યોજના (O T S ) હેઠળ વ્યાજ, દંડનીય વ્યાજ અને દંડ માફ કરવામાં આવેલ છે.

---------

**નર્મદા યોજનાની ધ્રાંગધ્રા શાખા નહેરમાં છોડવામાં આવેલું પાણી**

* ૩૮૨૬ **શ્રી પુનમભાઇ કા. મકવાણા(દસાડા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સન ૨૦૧૨–૨૦૧૩ના વર્ષમાં તા. ૩૧–૧–૨૦૧૩ની સુધીમાં નર્મદા યોજનાની ધાંગધ્રા શાખા નહેરમાં ક્યારે પાણી છોડવામાં આવ્યું, અને | (૧) ધ્રાંગધ્રા શાખા નહેરની કુલ લંબાઇ ૧૨૪.૯૮ કિ.મી.ની કામગીરી ૩૮૪.૭૫ કરોડના ખર્ચે પૂર્ણ કરી, ૫૦.૫૬ કિ.મી. સુધીની લંબાઇમાં તા.૨૪–૦૯–૨૦૧૨ અને બાકીની લંબાઇમાં તા.૦૮–૧૨–૨૦૧૨ થી પાણી વહેવડાવવાનું શરૂ કરવામાં આવેલ છે. |
| (૨) આ કેનાલમાંથી ગુજરાત વોટર ઇન્ફ્રાસ્ટ્રકચર લિમિટેડ દ્વારા ૩૧ ડિસેમ્બર, ૨૦૧૨ સુધીમાં કેટલું પાણી ઉપાડવામાં આવેલ છે? | (૨) આ કેનાલમાંથી ગુજરાત વોટર ઇન્ફ્રાસ્ટ્રકચર લિમિટેડ દ્વારા ૩૧ ડીસેમ્બર, ૨૦૧૨ સુધીમાં સરેરાશ દૈનિક ૧૫૯.૩૬ [ML D] એમ.એલ.ડી પાણીનો જથ્થો ઉપાડવામાં આવેલ છે. |

---------

**જામનગર જિલ્લામાં પોલીસ અધિકારી–કર્મચારીની આરોગ્ય ચકાસણી**

* ૩૮૭૬ **શ્રી ચીમનભાઇ ધ. શાપરીયા(જામજોધપુર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્ય સરકારે પોલીસ કલ્યાણની નીતિ અપનાવીને પોલીસ ખાતામાં ફરજ બજાવતા તમામ–કર્મચારી–અધિકારીઓના આરોગ્ય ચકાસણીની સૂચના આપી હોવાની વાત સાચી છે, અને | (૧) હા, જી. રાજ્ય સરકારની પોલીસ કલ્યાણની નીતિના અનુસંધાને પો.મ.નિ. અને મુ.પો.અ.શ્રી, ગુ.રા.ના. તા. ૨૫/૦૨/૨૦૦૪ના પત્રથી પોલીસ ખાતામાં ફરજ બજાવતા તમામ કર્મચારી–અધિકારીઓના આરોગ્ય ચકાસણીની સૂચનાઓ આપવામાં આવેલ છે. |
| (૨) જો હા, તો તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જામનગર જિલ્લામાં કેટલા પોલીસ કર્મચારી–અધિકારીઓની આરોગ્ય ચકાસણી થઈ છે ? | (૨) |

| વર્ષ | કર્મચારી–અધિકારીની સંખ્યા |
|---|---|
| ૨૦૧૧ | ૬૨૭ |
| ૨૦૧૨ | ૧૧૭૯ |

---------

## આણંદ જિલ્લામાં પોલીસ અધિકારી–કર્મચારીની આરોગ્ય ચકાસણી

* ૩૮૭૦ **શ્રી દિલીપભાઇ મ. પટેલ(આણંદ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) રાજ્ય સરકારે પોલીસ કલ્યાણની નીતિ અપનાવીને પોલીસ ખાતામાં ફરજ બજાવતા તમામ–કર્મચારી–અધિકારીઓના આરોગ્ય ચકાસણીની સૂચના આપી હોવાની વાત સાચી છે, અને

(૨) જો હા, તો તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આણંદ જિલ્લામાં કેટલા પોલીસ કર્મચારી–અધિકારીઓની આરોગ્ય ચકાસણી થઈ છે ?

**જવાબ**

(૧) હા જી.
રાજ્ય સરકારની પોલીસ કલ્યાણની નીતિના અનુસંધાને પો.મ.નિ. અને મુ.પો.અ.શ્રી, ગુ.રા. ના તા. ૨૫/૦૨/૨૦૦૪ના પત્રથી પોલીસ ખાતામાં ફરજ બજાવતા તમામ કર્મચારી–અધિકારીઓના આરોગ્ય ચકાસણીની સૂચનાઓ આપવામાં આવેલ છે.

(૨)

| વર્ષ | કર્મચારી–અધિકારીની સંખ્યા |
|---|---|
| ૨૦૧૧ | ૧૩૭૬ |
| ૨૦૧૨ | ૧૨૯૦ |

---------

## માહિતી ખાતા દ્વારા વિકસાવેલ સોશ્યલ મીડિયા

* ૩૭૯૧ **શ્રી હર્ષ ર. સંઘવી(મજુરા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (માહિતી અને પ્રસારણ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૦૧–૨૦૧૩ની સ્થિતિએ સોશ્યલ મીડિયાને રાજ્ય કક્ષાએ માહિતી ખાતા દ્વારા વિકસાવવામાં આવેલ છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો આ સોશ્યલ મીડિયા કેવા પ્રકારે ઉપયોગમાં લેવામાં આવે છે, અને

**જવાબ**

(૧) સોશિયલ મીડિયાને માહિતી ખાતા દ્વારા વિકસાવવામાં આવેલ નથી. પરંતુ માહિતી ખાતા દ્વારા સોશિયલ મીડિયાનો ઉપયોગ કરવામાં આવે છે.

(૨) માહિતી ખાતાની વેબસાઈટ www.gujaratinformation.net ના હોમ પેજ પર સોશ્યલ મિડીયા જેવા કે ફેસબુક ટવીટર અને યુ–ટયુબની લિંક મૂકવામાં આવેલ છે.

સામાન્ય રીતે માહિતી ખાતાનાં ફેસબુક હોમ પેઈજ પર ગુજરાત સરકારનાં વિકાસલક્ષી કાર્યક્રમો, યોજનાઓ અને ઘટનાઓ અંગેના ફોટોગ્રાફ લખાણ તથા રોજગાર સમાચાર, ગુજરાત પાક્ષિક સહિતનાં લોકોપયોગી પ્રકાશનોની લિંક નાગરિકો અને યુવાવર્ગને સહેલાઈથી પ્રાપ્ત થઈ શકે તે માટે મૂકવામાં આવે છે. ટવીટર ઉપર ટૂંકા સંદેશા મૂકવામાં આવે છે.

માહિતી ખાતાનાં ફેસબુક હોમ પેઈજ URL : www.facebook.com/gujaratinformation.official પર ગુજરાત સરકારનાં વિકાસલક્ષી કાર્યક્રમો, યોજનાઓ અને ઘટનાઓ અંગેના ફોટોગ્રાફ, લખાણ વગેરે મૂકવામાં આવે છે.

માહિતી કમિશનરની કચેરી દ્વારા દર સપ્તાહે બેરોજગાર યુવાનોને રોજગારી લક્ષી માહિતી મળી રહે તેવા આશયથી રોજગાર સમાચાર સાપ્તાહિક પ્રકાશિત કરવામાં આવે છે. જેની સોફ્ટ કોપી માહિતી ખાતાની વેબસાઈટ પર મૂકવામાં આવે છે. આ રોજગાર સમાચારની લિંક URL : www.gujaratinformation.net/showpage.aspx?contentid=32 માહિતી ખાતાનાં ફેસબુક હોમ પેઈજ પર મૂકવામાં આવે છે.

ગુજરાત સરકારનું મુખપત્ર''ગુજરાત'' જે પ્રતિ ૧૫ દિવસે પ્રકાશિત થાય છે. જેની સોફ્ટ કોપી માહિતીખાતાની વેબસાઈટ પર મૂકવામાં આવે છે. તેની લિંક URL :

www. gujaratinformation.net/showpage.aspx? contentid=30 માહિતી ખાતાનાં ફેસબુક હોમ પેઈજ પર મૂકવામાં આવે છે.

ગુજરાત સરકારનું અંગ્રેજી મેગેઝીન "THE GUJARAT" દર ત્રણ મહિને પ્રકાશિત કરવામાં આવે છે. જેની સોફ્ટ કોપી માહિતી ખાતાની વેબસાઈટ પર મૂકવામાં આવે છે. તેની લિંક URL : www. gujaratinformation.net/showpage.aspx?contentid=31 માહિતી ખાતાના ફેસબુક હોમ પેઇજ પર મૂકવામાં આવે છે.

ટવીટર URL : ww.twitter.com/nfogujarat ઉપર ટૂંકા સંદેશા મૂકવામાં આવે છે. તેના દ્વારા લોકો વધુ વિગતો માટે મૂળ વેબસાઇટની મુલાકાત લઇને જોઇતી માહિતી મેળવી શકે છે.

યુ–ટ્યુબના માધ્યમમાં રાજ્ય સરકારની વિકાસલક્ષી યોજનાઓની માહિતી, સિધ્ધિઓની જાણકારી તેમજ કાર્યક્રમો અંગેની વિડીયો ક્લિપ મૂકવામાં આવે છે.

મોબાઈલ ટેકનોલોજીના વ્યાપને ધ્યાનમાં રાખીને માહિતી ખાતાની વેબસાઈટનું મોબાઈલ વર્ઝન તારીખ ૧૩–૩–૨૦૧૩ના લોન્ચ કરવામાં આવ્યું છે. આમ, માહિતી ખાતાની વેબસાઈટ પરની તમામ માહિતી હવે મોબાઈલ ઉપર પણ સહેલાઈથી જોઈ શકાય છે.

(૩) તેનાથી શા ફાયદા છે ?

(૩) આજના ડિજીટલ યુગમાં વધુને વધુ લોકો, ખાસ કરીને યુવાવર્ગ, સમાચારોથી વાકેફ થવા માટે સોશિયલ મિડિયાનો ઉપયોગ કરી રહ્યા છે. આ વર્ગને ધ્યાનમાં રાખીને ગુજરાત સરકારનાં વિકાસલક્ષી કાર્યક્રમો, યોજનાઓ અને ઘટનાઓ અંગેના ફોટોગ્રાફ, લખાણ, વિડીયો વગેરેને સોશિયલ મીડિયાનાં માધ્યમો ઉપર મૂકીને લોકોને તેનાથી માહિતગાર કરવામાં આવે છે.

- રોજગાર સમાચાર સાપ્તાહિકની સોફ્ટ કોપી માહિતી ખાતાની વેબસાઈટ પર મુકવામાં આવે છે. અને તેની લિંક ફેસબુક ઉપર પણ આપવામાં આવે છે. જેના દ્વારા નોકરી વાંચ્છુ યુવાનોને રોજગારીની તકોની સમયસર અને સહેલાઈથી જાણકારી પ્રાપ્ત થઈ શકે છે.
- સોશિયલ મિડિયાના ઉપયોગથી યુવાવર્ગમાં પ્રચાર પ્રસારનો વ્યાપ વધ્યો છે.
- ટી.વી./રેડિયોની સરખામણીમાં લાંબા સમય સુધી માહિતી ઉપલબ્ધ રહેવાથી લોકો પોતાની અનુકૂળતા અને જરૂરીયાત મુજબ જોઈ શકે છે. તેથી સોશિયલ મિડીયાની અસરકારકતા વધારે લાંબા સમયગાળા સુધી રહે છે.
- ઓછા ખર્ચે વ્યાપક જનસમુદાય સૂધી માહિતીનો પ્રસાર થઈ શકે છે.

---------

**બનાસકાંઠા જિલ્લામાં સરદાર પટેલ સહભાગી સિંચાઈ યોજના હેઠળ બનાવેલ ચેકડેમ**

* ૪૭૬૮ **શ્રી મણીલાલ જે. વાઘેલા(વડગામ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) બનાસકાંઠા જિલ્લામાં સરદાર પટેલ સહભાગી જળસંચય યોજના હેઠળના તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા ચેકડેમ બનાવવામાં આવ્યા, | (૧) ૪૮૭ ચેકડેમ. |
| (૨) આ ચેકડેમોમાં કેટલા ઘનફૂટ વરસાદી પાણીનો સંગ્રહ થયો, | (૨) ૨૪૩.૫૦ મી. ઘનફુટ |
| (૩) ઉક્ત ચેકડેમ પૈકી કેટલા ચેકડેમ નબળી ગુણવત્તાના કારણે ધોવાઈ ગયા, | (૩) કોઇ નહીં. |
| (૪) તા. ૩૧–૧–૨૦૧૩ની સ્થિતિએ કેટલા ચેકડેમ હયાત છે, અને | (૪) ૪૮૭ ચેકડેમ. |
| (૫) ઉક્ત ચેકડેમોના બાંધકામ પાછળ કુલ કેટલો ખર્ચ થયો હતો ? | (૫) કુલ રૂા. ૨૦૯૮.૦૦ લાખ. |

---------

**ખંભાતને બંદર તરીકે વિકસાવવા રાજ્ય સરકાર દ્વારા લેવાયેલ પગલાં**

* ૫૧૦૦ **શ્રી અમીત ચાવડા(આંકલાવ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (બંદરો) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા. ૩૧–૦૧–૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખંભાતને બંદર તરીકે વિકસાવવા સરકાર દ્વારા શાં પગલાં લેવામાં આવ્યા,<br>(૨) કઈ કઈ સંસ્થા/એજન્સીઓને સદર કામગીરી માટે રોકવામાં આવી,<br>(૩) કેટલી રકમ ખર્ચ કરવામાં આવી,<br>(૪) ફીઝીબીલીટી રિપોર્ટમાં શી હકીકતો ધ્યાને આવેલ છે, અને | (૧), (૨), (૩) અને (૪) આ બંદર વિકસાવવા માટે ઈન્ફ્રાસ્ટ્રકચર લીઝીંગ એન્ડ ફાયનાન્સીયલ સર્વિસીઝ (આઇ.એલ.એન્ડ એફ.એસ) ને ઈરાદાપત્ર આપવામાં આવેલ છે. પરંતુ આ સુચિત બંદર કલ્પસર પ્રોજેક્ટ સાથે સંકળાયેલ હોવાને કારણે કામગીરી શરૂ થઇ શકેલ નથી. |
| (૫) કેટલા સમયમાં બંદર બનાવવાની કામગીરી શરૂ કરવામાં આવશે ? | (૫) કલ્પસર વિભાગ દ્વારા ‘‘ટેકનો–ઇકોનોમિક સ્ટડી’’ રીપોર્ટ હાથ ધરવામાં આવી રહેલ છે જે પુરી થયેથી આગળની કાર્યવાહી અંગે નિર્ણય લેવાશે. |

---------

**ભાવનગર જિલ્લામાં ક્ષાર–નિવારણ યોજના હેઠળ જશપરા બંધારા બાંધવાનું કામ**

૩૮૩૪ **શ્રી ઠાકરશીભાઇ દે. માણીયા(બોટાદ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ ભાવનગર જિલ્લામાં ક્ષારનિવારણ યોજના હેઠળ જશપરા બંધારા બાંધવાનું કામ મંજૂર થયેલ છે તે હકીકત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો કામ ક્યારે શરૂ કરવામાં આવશે ? | (૨) આ કામનું ટેન્ડર તાજેતરમાં મંજૂર થયેલ છે. હવે કામ સત્વરે શરૂ કરવાનું આયોજન છે. |

---------

તા.૨૦મી માર્ચ, ૨૦૧૩

અતારાંકિત પ્રશ્નો

**સાબરકાંઠા જિલ્લામાં ખેડૂતોને કાયમી સિંચાઈનું પાણી મળે તે માટેની યોજનાઓ**

૩૮૯૦ **શ્રી મહેન્દ્રસિંહ શં. વાઘેલા(બાયડ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૨ સ્થિતિએ સાબરકાંઠા જિલ્લામાં ખેડૂતોને કાયમી સિંચાઈનું પાણી મળી રહે તે માટે કઇ યોજનાઓ તાલુકાવાર અમલમાં છે.

**જવાબ**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૨ સ્થિતિએ સાબરકાંઠા જિલ્લામાં ખેડૂતોને કાયમી સિંચાઈનું પાણી મળી રહે તે માટે નીચે મુજબની યોજનાઓ તાલુકાવાર અમલમાં છે.

| ક્રમ | તાલુકો | યોજનાનું નામ (મોટી–મધ્યમ) | નાની સિંચાઇ યોજનાની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | ભિલોડા | હાથમતી મેશ્વો | ૧૬ |
| ૨ | વિજયનગર | હરણાવ–૨ | ૪ |
| ૩ | ખેડબ્રહમા | હરણાવ–૧ | ૨૭ |
| ૪ | મેઘરજ | –– | ૧૭ |
| ૫ | બાયડ | વાત્રક<br>લાંક<br>સુજલામ સુફલામ<br>સ્પ્રે. કેનાલ | ૧ |
| ૬ | ધનસુરા | મેશ્વો<br>માઝમ<br>વાત્રક | ૦ |
| ૭ | હિંમતનગર | ગુહાઈ<br>ધરોઈ<br>હાથમતી | ૫ |
| ૮ | ઈડર | ધરોઈ<br>કુબા ધરોલ | ૭ |
| ૯ | માલપુર | વાત્રક | ૪ |
| ૧૦ | મોડાસા | મેશ્વો<br>માઝમ | ૬ |
| ૧૧ | પ્રાંતિજ | હાથમતી | ૦ |
| ૧૨ | તલોદ | –– | ૧ |
| ૧૩ | વડાલી | ધરોઈ<br>કુબા ધરોલ | ૫ |

(૨) આ પૈકી બાયડ અને માલપુર તાલુકાઓમાં કઈ યોજના અમલમાં છે, અને

(૨) બાયડ તાલુકામાં લાંક, વાત્રક અને સુજલામ સુફલામ સ્પ્રે. કેનાલ અને એક નાની સિંચાઈ યોજના અમલમાં છે. જયારે માલપુર તાલુકામાં વાત્રક તેમજ ૪ નાની સિંચાઈ યોજનાઓ અમલમાં છે.

(૩) બાકી રહી ગયેલ ગામોને સરકાર સિંચાઈના પાણી માટે વ્યવસ્થા કરવા માંગે છે ?

(૩) બાકી રહી ગયેલ ગામો માટે તાંત્રીક પાસા તથા પાણીની ઉપલબ્ધીને ઘ્યાને રાખી નાના મોટા ચેકડેમો અને ઉદવહન સિંચાઈ યોજના વિગેરેનું આયોજન કરવામાં આવેલ છે.

---------

**પંચમહાલ જિલ્લામાં યોજાયેલ લોક દરબાર**

૩૮૫૫ **શ્રી જેઠાભાઇ ઘે. આહીર(ભરવાડ) (શહેરા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) પ્રજા અને પોલીસ વચ્ચે વિશ્વાસ વધે તે માટે સમયાંતરે સ્થાનિક કક્ષાએ લોક દરબાર યોજવા માટે રાજ્ય સરકારે સૂચના આપેલ છે તે હકીકત ખરી છે, અને

(૨) જો હા, તો પંચમહાલ જિલ્લામાં વર્ષ ૨૦૧૧ અને ૨૦૧૨માં કેટલાં લોક દરબાર યોજવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) સમયાંતરે અને છતાં નિયમીત લોકદરબાર યોજવાની સૂચના છે અને તેનો અમલ થાય છે.

(૨) સને ૨૦૧૧ માં –૩૮૩ અને સને ૨૦૧૨માં – ૩૨૫ લોકદરબાર યોજવામાં આવેલ છે.

---------

### સુરત જિલ્લામાં યોજાયેલી ખેડૂત શિબિરો

૩૮૧૧ **શ્રી મુકેશભાઇ ઝી. પટેલ(ઓલપાડ) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરત જિલ્લામાં સન–૨૦૧૨–૧૩ ના વર્ષમાં તા. ૩૧–૧૨–૨૦૧૨ સુધીમાં કુલ કેટલી ખેડૂત શિબિરો યોજવામાં આવી, અને | (૧) કુલ ૧૫ ખેડૂત શિબિરો. |
| (૨) આ શિબિરોનો કેટલા ખેડૂતોએ લાભ લીધો ? | (૨) કુલ – ૧૪૮૧ ખેડૂતો. |

---------

### સિધ્ધપુર તાલુકાના કાકોશી ટપ્પામાં સિંચાઈ માટે પાણી આપવાનું આયોજન

૪૯૦૯ **શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત(સિધ્ધપુર) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧–૨૦૧૩ની સ્થિતિએ સિધ્ધપુર તાલુકાના કાકોશી ટપ્પામાં સિંચાઈ માટે પાણી આપવાનું આયોજન કરેલ છે કે કેમ, અને | (૧) હી જી, |
| (૨) જો હા, તો કઈ યોજના હેઠળ તેનો સમાવેશ કરવામાં આવેલ છે ? | (૨) ખોરસમ થી મુક્તેશ્વર જળાશય સુધીની ઉદવહન સિંચાઈ યોજના હેઠળ સમાવેશ કરવામાં આવેલ છે. |

---------

### ગ્રામ્ય રોજગારી વધે તે માટે કાપડ ઉદ્યોગનાં વિકાસનું આયોજન

૪૧૦૦ **શ્રી આર. સી. પટેલ(જલાલપોર) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તા. ૩૧–૧–૨૦૧૩ ની સ્થિતિએ સન ૨૦૧૨–૧૩ના વર્ષમાં રાજયમાં ગામડામાં વસતા નાગરિકોને રોજગારીની તકો વધારે મળે તે માટે કાપડ ઉદ્યોગના વિકાસ માટે રાજય સરકારનું શું આયોજન છે ? | કાપડ ઉદ્યોગએ ગ્રામ્ય કક્ષાએ ખેતીવાડી પછી સૌથી વધુ શ્રમિક રોજગારી નિર્માણ કરતો ઉદ્યોગ છે. ગુજરાત કપાસના ઉત્પાદનમાં મોખરે છે. દેશના કુલ ઉત્પાદનનાં ૩૫% કપાસનું ઉત્પાદન ગુજરાતમાં થાય છે.<br>ગુજરાત સરકારની વીજ નિતીના અનુસંધાને જ્યોતિગ્રામ જેવી યોજનાઓના કારણે વીજક્ષેત્રમાં ક્રાંતિ થયેલ છે અને નિયમિત અને વિશ્વસનીય વીજ પુરવઠાના કારણે કપાસના ઉત્પાદનમાં નોંધપાત્ર વધારો થયેલ છે. આ ઉત્પાદન વધારાના કારણે ગ્રામ્ય ક્ષેત્રોમાં કપાસ ઉત્પાદન અને તેને સંલગ્ન ઉદ્યોગોની વિશાળ તકો ઉભી થયેલ છે અને તેને પરિણામે રોજગાર નિર્માણની તકોમાં વ્યાપક તકો ઉભી થશે.<br>ખેડૂતો દ્વારા થયેલ રૂ ના ઉત્પાદનમાં મૂલ્યવૃદ્ધિ થાય અને સમગ્ર મૂલ્યલક્ષી સાંકળ ગુજરાતમાં થાય તે માટે તા.૦૫–૦૯–૨૦૧૨ ના ઠરાવથી ગુજરાત સરકારે કાપડ ઉદ્યોગ માટે ઠરાવ રૂપે પ્રોત્સાહનો જાહેર કરેલ છે.<br>જેને કારણે ગ્રામ્ય વિસ્તારમાં પણ કાપડ ઉદ્યોગ આવશે. પરિણામે ગ્રામ્ય વિસ્તારના લોકોમાં રોજગારીની તકો વધશે અને આર્થિક સધ્ધરતામાં વધારો થશે. આ પોલીસી જાહેર થવાના કારણે ફાર્મ–ફાઇબર–ફેબ્રીક–ફેશન (ગારમેન્ટ) અને ફોરેન (એક્સપર્ટ) ની કાપડ ઉદ્યોગમાં સમગ્ર મૂલ્યલક્ષી સાંકળનું મજબુતીકરણ થશે. પરિણામે ગ્રામ્ય વિસ્તારમાં ગ્રામ્ય ઉદ્યોગ તેમજ નવી રોજગારીની તકોનું નિર્માણ થતા આર્થિક સધ્ધરતા વધશે. |

**એચબી–૭૭૯–૪**

---------

તા.૨૦મી માર્ચ, ૨૦૧૩

અતારાંકિત પ્રશ્નો

**રાજકોટ જિલ્લામાં ગણોદ ગામ પાસે ભાદર નદી પર મોટો ચેકડેમ બનાવવાની કામગીરી**

૩૮૩૩ **શ્રી જયરાજસિંહ ટે. જાડેજા(ગોંડલ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ રાજકોટ જિલ્લામાં ભાદર નદી પર ગણોદ ગામ પાસે મોટો ચેકડેમ બાંધવાનું કામ મંજૂર થયેલ છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો તે કામ તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ કયા તબક્કે છે, અને

(૩) તે કામ કયારે શરૂ કરવામાં આવશે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) તા.૩૧–૧૨–૧૨ ની સ્થિતિએ કામ ટેન્ડર મંજૂરીના તબક્કે હતું.

(૩) હાલમાં ટેન્ડર મંજૂર થયેલ છે. અને કામ શરૂ કરવામાં આવેલ છે.

---------

**પાટણ અને મહેસાણા જિલ્લામાં પોલીસ કર્મચારી–અધિકારીની આરોગ્ય ચકાસણી**

૩૮૭૭ **શ્રી દિલીપકુમાર વી. ઠાકોર(ચાણસ્મા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) રાજ્ય સરકારે પોલીસ કલ્યાણની નીતિ અપનાવીને પોલીસ ખાતામાં ફરજ બજાવતાં તમામ કર્મચારી–અધિકારીઓ ના આરોગ્ય ચકાસણી સૂચના આપી હોવાની હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર પાટણ અને મહેસાણા જિલ્લામાં કેટલા પોલીસ કર્મચારી–અધિકારીઓની આરોગ્ય ચકાસણી થઈ છે ?

**જવાબ**

(૧) હા, જી.

રાજ્ય સરકારની પોલીસ કલ્યાણની નીતિના અનુસંધાને પો.મ.નિ. અને મુ.પો.અ.શ્રી, ગુ.રા. ના ૨૫–૦૨–૨૦૦૪ ના પત્રથી પોલીસ ખાતામાં ફરજ બજાવતાં તમામ કર્મચારી–અધિકારીઓના આરોગ્ય ચકાસણીની સૂચનાઓ આપવામાં આવેલ છે.

(૨)

| વર્ષ | કર્મચારી/અધિકારીની સંખ્યા | |
|---|---|---|
| | પાટણ | મહેસાણા |
| ૨૦૧૧ | ૧૧૭ | ૮૧૨ |

---------

**કપડવંજ, બાલાસિનોર અને વિરપુર તાલુકામાં સિંચાઈની સુવિધા હેઠળની જમીન**

૪૧૯૧ **શ્રી માનસિંહ કો. ચૌહાણ(બાલાસિનોર) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧–૨૦૧૩ની સ્થિતિએ ખેડા જિલ્લાના કપડવંજ–બાલાસિનોર અને વિરપુર તાલુકામાં કેટલા હેકટર જમીનને સિંચાઈની સુવિધા આપવામાં આવે છે, અને

(૨) બાકી રહેતા વિસ્તારોને કેટલા સમયમાં સિંચાઈ સુવિધા પૂરી પાડવામાં આવશે ?

**જવાબ**

(૧) તા.૩૧–૧–૨૦૧૩ની સ્થિતિએ ખેડા જિલ્લાના કપડવંજ તાલુકામાં ૪૯૩૪ હેક્ટર, બાલાસિનોર તાલુકામાં ૧૮૬૯ હેક્ટર અને વિરપુર તાલુકામાં ૨૩૧૫ હેક્ટર જમીનને સિંચાઈની સુવિધા આપવામાં આવેલ છે.

(૨) તાંત્રીક સ્થળ સ્થિતિ તથા પાણીની ઉપલબ્ધતાને ધ્યાને લઇ શક્ય તેટલા વધુ વિસ્તારમાં વહેલી તકે સિંચાઇ સુવિધા પુરી પાડવાનું આયોજન છે.

---------

**ભાવનગર જિલ્લામાં સરદાર પટેલ સહભાગી સિંચાઈ યોજના હેઠળ બનાવેલ ચેકડેમો**

૩૮૩૧ **શ્રીમતી ભાવનાબેન રા. મકવાણા(મહુવા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) ભાવનગર જિલ્લામાં સરદાર પટેલ સહભાગી સિંચાઈ યોજના હેઠળ તા.૩૧–૧૨–૧૨ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા ચેકડેમ બાંધવામાં આવેલા છે, અને

(૨) તેની પાછળ કેટલો ખર્ચ થયેલ છે ?

**જવાબ**

(૧) ૨૮૦ ચેકડેમ બાંધવામાં આવેલા છે.

(૨) રૂા.૧૨૧૩.૦૬ લાખ.

---------

**માણસા તાલુકામાં સેકટર રીફોર્મ યોજના હેઠળ મળેલ અરજીઓ**

૩૭૯૩ **શ્રી શંભુજી ચે. ઠાકોર(ગાંધીનગર-દક્ષિણ) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ગાંધીનગર જિલ્લાના માણસા તાલુકામાં સેકટર રીફોર્મ યોજના (રાજય) હેઠળ તા.૩૧-૧૨-૧૨ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કુલ કેટલી યોજનાઓ મંજૂર કરવામાં આવી, અને | (૧) ૧૦ યોજનાઓ મંજૂર કરવામાં આવી. |
| (૨) તે અન્વયે પાણી સમિતિઓને કુલ કેટલું ફંડ ફાળવવામાં આવેલ છે ? | (૨) રૂા.૨૪.૬૦ લાખનું ફંડ ફાળવવામાં આવેલ છે. |

---------

**કચ્છ જિલ્લામાં નર્મદા નહેરોનાં કામો**

૩૭૮૪ **શ્રી વાસણભાઇ ગો. આહીર(અંજાર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં નર્મદા નહેરના કુલ કેટલા કામો પ્રગતિમાં છે, અને | (૧) કચ્છ જિલ્લામાં કચ્છ શાખા નહેરના ૧૧૯ કિ.મી. લંબાઇમાં ૮ કામ તેમજ પમ્પીંગ સ્ટેશનના ૩ કામ મળી કુલ ૧૧ કામો પ્રગતિમાં છે. |
| (૨) આ કામો પાછળ કુલ કેટલો અંદાજિત ખર્ચ થનાર છે ? | (૨) આ કામો પાછળ કુલ રૂા. ૧૬૧૬.૫૪ કરોડનો અંદાજીત ખર્ચ થનાર છે. |

---------

**મહેસાણા જિલ્લામાં યોજાયેલ લોક દરબાર**

૩૮૫૨ **શ્રી ઋષિકેશ ગ. પટેલ(વિસનગર) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પ્રજા અને પોલીસ વચ્ચે વિશ્વાસ વધે તે માટે સમયાંતરે સ્થાનિક કક્ષાએ લોક દરબાર યોજવા માટે રાજય સરકારે સૂચના આપેલ છે તે હકીકત ખરી છે, અને | (૧) સમયાંતરે અને છતાં નિયમીત લોકદરબાર યોજવાની સૂચના છે અને તેનો અમલ થાય છે. |
| (૨) જો હા, તો મહેસાણા જિલ્લામાં વર્ષ ૨૦૧૧ અને ૨૦૧૨માં કેટલાં લોક દરબાર યોજવામાં આવેલ છે ? | (૨) સને-૨૦૧૧માં-૧૬૮ અને સને-૨૦૧૨માં-૧૩૦ લોકદરબાર યોજવામાં આવેલ છે. |

---------

**ભરૂચ જિલ્લામાં યોજાયેલ લોક દરબાર**

૩૮૪૭ **શ્રી અરૂણસિંહ અ. રણા(વાગરા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ)જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પ્રજા અને પોલીસ વચ્ચે વિશ્વાસ વધે તે માટે સમયાંતરે સ્થાનિક કક્ષાએ લોક દરબાર યોજવા માટે રાજય સરકારે સૂચના આપેલ છે તે હકીકત ખરી છે, અને | (૧) સમયાંતરે અને છતાં નિયમીત લોકદરબાર યોજવાની સૂચના છે અને તેનો અમલ થાય છે. |
| (૨) જો હા, તો ભરૂચ જિલ્લામાં વર્ષ ૨૦૧૧ અને ૨૦૧૨માં કેટલાં લોક દરબાર યોજવામાં આવેલ છે ? | (૨) સને-૨૦૧૧માં-૧૨૫૨ અને સને-૨૦૧૨માં ૧૨૨૪ લોકદરબાર યોજવામાં આવેલ છે. |

---------

**જી.પી.એસ.સી./યુ.પી.એસ.સી./ગેસ કેડરની જગાઓ ભરવા માટે સરકારી તાલીમ સંસ્થાઓ**

૩૯૧૪ **શ્રી કેતનભાઇ મ. ઇનામદાર(સાવલી) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (સામાન્ય વહીવટ વિભાગ)જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૨૦૧૩ની સ્થિતિએ રાજયમાં જી.પી.એસ.સી./યુ.પી. એસ. સી./ગેસ(GAS) કેડરથી જગાઓ ભરવા માટેની તાલીમ આપતી સરકારી | (૧) અને (૨) સરદાર પટેલ લોક પ્રશાસન સંસ્થા, અમદાવાદ દ્વારા યુ.પી.એસ.સી. દ્વારા લેવાતી સિવીલ સર્વિસ પરીક્ષાની તૈયારી માટે ઉમેદવારને તાલીમ આપવામાં આવે છે. જ્યારે |

સંસ્થાઓ કેટલી છે, અને

(૨) તે પૈકી સરકાર માન્ય ખાનગી સંસ્થાઓ કેટલી છે, અને

(૩) તેની વિગતો શી છે ?

રાજ્ય સરકારની સંસ્થા સિવાયની સંસ્થાઓ દ્વારા જો આવી તાલીમ અપાતી હોય તો તેની માહિતી અત્રે રાખવામાં આવતી નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**અમદાવાદ જિલ્લામાં યોજાયેલ લોકદરબાર**

૩૮૪૨ **શ્રી કિશોરસિંહ બા. ચૌહાણ(વેજલપુર) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પ્રજા અને પોલીસ વચ્ચે વિશ્વાસ વધે તે માટે સમયાંતરે સ્થાનિક કક્ષાએ લોકદરબાર યોજવા માટે રાજ્ય સરકારે સૂચના આપેલ છે તે હકીકત ખરી છે, અને | (૧) સમયાંતરે અને છતાં નિયમિત લોકદરબાર યોજવાની સૂચના છે અને તેનો અમલ થાય છે. |
| (૨) જો હા, તો અમદાવાદ જિલ્લામાં વર્ષ ૨૦૧૧ અને ૨૦૧૨માં કેટલા લોકદરબાર યોજવામાં આવેલ છે ? | (૨) સને–૨૦૧૧માં – ૬૪ અને<br>સને –૨૦૧૨માં – ૪૨ લોકદરબાર<br>યોજવામાં આવેલ છે. |

---------

**નર્મદાની ધાંગધ્રા બ્રાન્ચ કેનાલથી મોરબી હેડવર્કસ સુધી પાઈપ લાઈનનું જોડાણ કરી રાજકોટ અને જામનગર જિલ્લાને વધારાનું પાણી આપવાનો નિર્ણય**

૩૭૯૪ **શ્રી કાંતિલાલ શી. અમૃતિયા(મોરબી) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧–૧૩ની સ્થિતિએ રાજકોટ તથા જામનગર જિલ્લાને નર્મદાની ધાંગધ્રા બ્રાન્ચ કેનાલથી મોરબી હેડવર્કસ સુધી પાઈપલાઈનનું જોડાણ કરી વધારાનું પાણી આપવા સરકારે નિર્ણય કરેલ છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ કામગીરી કેટલા સમયમાં પૂર્ણ કરેલ છે, | (૨) પાઈપ લાઈન, પપીંગ મશીનરી અને આનુસાંગીક કામો ૨ માસમાં પૂર્ણ કરી તા. ૧૯–૧૨–૨૦૧૨ના રોજથી પાણી પુરવઠો શરૂ કરેલ છે. |
| (૩) આ કામગીરીથી કેટલો પાણીનો વધારાનો જથ્થો કયા જિલ્લાઓને ઉપલબ્ધ થયેલ છે, અને | (૩) નીચેની વિગતે પાણીના જથ્થામાં જિલ્લાવાર વધારો થયેલ છે. |

| જિલ્લો | જુલાઈ–૨૦૧૨ માસ અંતિત આપેલ જથ્થો (એમ.એલ.ડી.) | જુલાઈ–૨૦૧૩ માસ અંતિત આપેલ જથ્થો (એમ.એલ.ડી.) | પાણીના જથ્થામાં થયેલ વધારો (એમ.એલ.ડી.) |
|---|---|---|---|
| રાજકોટ | ૧૨૦.૦૦ | ૧૯૧.૦૦ | ૭૧.૦૦ |
| જામનગર | ૪૩.૦૦ | ૯૩.૫૦ | ૫૦.૫૦ |
| પોરબંદર | ૦.૦૦ | ૧.૫૦ | ૧૨.૫૦ |
| કુલ | ૧૬૩.૦૦ | ૨૯૭.૦૦ | ૧૩૪.૦૦ |

| | |
|---|---|
| (૪) આ કામગીરી અંતર્ગત કેટલો ખર્ચ થયેલ છે ? | (૪) રૂ. ૨૯૭૫.૦૩ લાખ. |

---------

**અમરેલી જિલ્લામાં યોજાયેલ લોકદરબાર**

૩૮૪૪ **શ્રી વલ્લભભાઇ વ. વઘાસીયા(સાવરકુંડલા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પ્રજા અને પોલીસ વચ્ચે વિશ્વાસ વધે તે માટે સમયાંતરે સ્થાનિક કક્ષાએ લોકદરબાર યોજવા માટે રાજ્ય સરકારે સૂચના આપેલ છે તે હકીકત ખરી છે, અને | (૧) સમયાંતરે અને છતાં નિયમીત લોકદરબાર યોજવાની સૂચના છે અને તેનો અમલ થાય છે. |

(૨) જો હા, તો અમરેલી જિલ્લામાં વર્ષ ૨૦૧૧ અને ૨૦૧૨માં કેટલા લોકદરબાર યોજવામાં આવેલ છે ?

(૨) સને–૨૦૧૧માં – ૧૭૨ અને સને –૨૦૧૨માં – ૧૦૦ લોકદરબાર યોજવામાં આવેલ છે.

---------

**સાબરકાંઠા જિલ્લામાં બી. ટી. કપાસનું બીજ ઉત્પાદન**

૫૧૩૭ **શ્રી અનિલ જોષિયારા(ભિલોડા) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૧) વર્ષ ૨૦૧૦–૧૧ અને ૨૦૧૧–૧૨માં વર્ષવાર સાબરકાંઠા જિલ્લામાં બી. ટી. કપાસના બીજનું ઉત્પાદન કેટલું થયું હતું, અને | (૧) બીટી કપાસનું બીજ ઉત્પાદન ખાનગી કંપનીઓ દ્વારા કરવામાં આવે છે, જેથી ઉત્પાદનની વિગતો ઉપલબ્ધ નથી. |
| (૨) આ બીજની ચકાસણી રાજ્યના કૃષિ અધિકારીઓએ ક્યારે કર્યું ? | (૨) ખાનગી કંપનીઓ દ્વારા બીજ ઉત્પાદન થતું હોઇ રાજ્યના કૃષિ અધિકારીઓ દ્વારા ચકાસણીનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. પરંતુ બીજ બજારમાં આવેથી ગુણવત્તા નિયંત્રણ તંત્ર દ્વારા નમુના લઇ ચકાસણી કરવામાં આવે છે. |

---------

**જૂનાગઢ જિલ્લામાં ખેડૂત ખાતેદારોને આપવામાં આવેલ સોઈલ હેલ્થ કાર્ડ**

૩૯૨૮ **શ્રી જસાભાઇ ભા. બારડ(સોમનાથ) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૧) વર્ષ–૨૦૧૧ અને વર્ષ–૨૦૧૨માં જૂનાગઢ જિલ્લામાં કુલ કેટલા ખેડૂત ખાતેદારોને સોઈલ હેલ્થ કાર્ડ આપવામાં આવ્યા, | (૧) વર્ષ ૨૦૧૧માં કુલ ૫૧,૬૬૫ ખેડૂત ખાતેદારોને વર્ષ ૨૦૧૨માં કુલ ૫૩,૪૪૧ ખેડૂત ખાતેદારોને. |
| (૨) હવે કેટલા ખેડૂત ખાતેદારોને સોઈલ હેલ્થ કાર્ડ આપવાના બાકી છે, અને | (૨) જુનાગઢ જિલ્લામાં એગ્રી સેન્સેસ–૨૦૦૧ મુજબના ૨,૫૦,૮૬૩ ખેડૂત ખાતેદારોને સોઇલ હેલ્થ કાર્ડ આપવાની કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે, ઉપરાંત બીજા તબક્કામાં એગ્રી સેન્સેસ–૨૦૦૫ મુજબના ૫૩,૪૪૧ ખેડૂત ખાતેદારોને સોઇલ હેલ્થ કાર્ડ આપવામાં આવેલ છે. |
| (૩) બાકી રહેતા ખેડૂત ખાતેદારોને સોઈલ હેલ્થ કાર્ડ ક્યારે આપવામાં આવશે ? | (૩) એગ્રી સેન્સેસ–૨૦૦૫ મુજબના બાકી ખેડૂત ખાતેદારોને દર વર્ષે તબક્કાવાર ૨૫%ગામોના તમામ ખેડૂતોને સોઇલ હેલ્થ કાર્ડ આપવાનું આયોજન છે. |

---------

**સુરત જિલ્લામાં ડાંગરની ક્યારી બનાવવાની કામગીરી**

૩૮૧૯ **શ્રી મોહનભાઇ ધ. ઢોડીયા(મહુવા) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૧) સુરત જિલ્લામાં ડાંગરની ક્યારી બનાવવાની કામગીરી હેઠળ તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી ક્યારી બનાવવામાં આવી, | (૧) ૨,૦૦૦ ક્યારી. |
| (૨) તેનો કેટલા લાભાર્થીને લાભ આપ્યો, અને | (૨) ૨૦૦૦ લાભાર્થીને. |
| (૩) તે પાછળ કુલ કેટલો ખર્ચ થયો ? | (૩) રૂ. ૨૩૬.૮૧ લાખ. |

---------

તા.૨૦મી માર્ચ, ૨૦૧૩
અતારાંકિત પ્રશ્નો

## કચ્છ અને બનાસકાંઠા જિલ્લામાં નર્મદા યોજનાની શાખા નહેરોની કામગીરી

૪૧૪૦ **શ્રી છબીલભાઇ ના. પટેલ(અબડાસા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) કચ્છ અને બનાસકાંઠા જિલ્લામાંથી પસાર થતી નર્મદા યોજનાની શાખા નહેરોની કામગીરી તા. ૩૧–૦૧–૨૦૧૩ની સ્થિતિએ કયા તબક્કે છે,

(૨) તાલુકાવાર કેટલા કિ.મી. શાખા નહેરોની કામગીરી કરવાની થાય છે,

(૩) તે પૈકી તાલુકાવાર કેટલા કિ.મી. કામગીરી પૂરી થઈ છે, અને

**જવાબ**

(૧) કચ્છ જિલ્લામાં કચ્છ શાખા નહેરની કુલ ૨૭૪.૮૮ કિ.મી. લંબાઇ પૈકી ૩૭ કિ.મી. લંબાઇમાં કામ પૂર્ણ થયેલ છે. કચ્છ શાખા નહેરના ૧૨૭.૪૪ કિ.મી. લંબાઇના રૂા. ૧૨૧૬.૩૭ કરોડના ૧૦ કામો તથા ૩ પમ્પીંગ સ્ટેશનના ૫૧૪.૭૩ કરોડના કામો મળી કુલ રૂ. ૧૭૩૧.૧૦ કરોડના કામો પ્રગતિમાં છે. ૨૮ કિ.મી. લંબાઇના ૩ કામો માટે રૂા. ૨૬૪ કરોડના ટેન્ડર મંજુર કરેલ છે. બાકી રહેતા અંદાજીત રૂા. ૯૦૦ કરોડના કામો આયોજન હેઠળ છે.

બનાસકાંઠા જિલ્લામાં કુલ ૧૩૭.૮૬ કિ.મી. લંબાઇના કામો રૂા. ૨૮૪ કરોડની કિંમતે હાથ ધરવામાં આવેલ છે. જેની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | શાખા | લંબાઇ (કિ.મી.) |
|---|---|---|
| ૧ | કચ્છ શાખા | ૩૩.૬૬ |
| ૨ | રાધનપુર શાખા | ૮.૨૦ |
| ૩ | મડકા શાખા | ૧૯.૦૦ |
| ૪ | વેજપુર શાખા | ૨૪.૦૦ |
| ૫ | માલસણ શાખા | ૧૬.૦૦ |
| ૬ | ઢીમા શાખા | ૧૪.૦૦ |
| ૭ | ગડસીસર | ૨૩.૦૦ |
| | **કુલ** | **૧૩૭.૮૬** |

જે પૈકી ૮૪.૮૬ કિ.મી. લંબાઇના કામો રૂા. ૧૫૨ કરોડના ખર્ચે પૂર્ણ થયેલ છે.

(૨) અને (૩) કચ્છ જિલ્લામાંથી પસાર થતી શાખા નહેરોની તાલુકાવાર લંબાઇ નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકો | કુલ લંબાઇ (કિ.મી.) | પૂર્ણ થયેલ લંબાઇ (કિ.મી.) | પ્રગતિ/ આયોજન હેઠળ (કિ.મી.) |
|---|---|---|---|---|
| ૧ | રાપર (રણસહિત) | ૭૧.૫૯ | ૨૭.૦૦ | ૪૪.૫૯ |
| ૨ | ભચાઉ | ૫૮.૨૧ | ૧૦.૦૦ | ૪૮.૨૧ |
| ૩ | અંજાર | ૪૨.૬૦ | – | ૪૨.૬૦ |
| ૪ | ગાંધીધામ | ૦૬.૯૫ | – | ૦૬.૯૫ |
| ૫ | મુદ્રા | ૪૬.૬૪ | – | ૪૬.૪૬ |
| ૬ | માંડવી | ૪૮.૮૯ | – | ૪૮.૮૯ |
| | **કુલ** | **૨૭૪.૮૮** | **૩૭.૦૦** | **૨૩૭.૮૮** |

બનાસકાંઠા જિલ્લામાંથી પસાર થતી શાખા નહેરોની તાલુકાવાર લંબાઇ નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકો | કુલ લંબાઇ | પૂર્ણ થયેલ લંબાઇ | પ્રગતિ/ આયોજન |
|---|---|---|---|---|

| | | (કિ.મી.) | (કિ.મી.) | હેઠળ (કિ.મી.) |
|---|---|---|---|---|
| ૧ | ભાભર | ૩૯.૩૧ | ૨૧.૩૧ | ૧૮.૦૦ |
| ૨ | દિયોદર | ૦૧.૦૦ | ૦૧.૦૦ | ૦.૦૦ |
| ૩ | વાવ | ૫૦.૫૩ | ૩૧.૫૩ | ૧૯.૦૦ |
| ૪ | થરાદ | ૩૦.૦૦ | ૧૪.૦૦ | ૧૬.૦૦ |
| | **કુલ** | ૧૩૭.૮૬ | ૮૪.૮૬ | ૫૩.૦૦ |

(૪) તાલુકાવાર કામગીરી ક્યારે પૂર્ણ કરવામાં આવનાર છે ?

(૪) કચ્છ જિલ્લાના ઉપર મુજબના તાલુકાઓમાંથી પસાર થતી શાખા નહેરોની કામગીરી તબક્કાવાર વર્ષ ૨૦૧૫-૧૬ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

બનાસકાંઠા જિલ્લાના ભાભર, વાવ તથા થરાદ તાલુકામાંથી પસાર થતી શાખા નહેરોની બાકી કામગીરી જુન-૨૦૧૩ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

---------

**કચ્છ જિલ્લાનાં શહેરી વિસ્તારને મળતાં નર્મદાનાં પીવાનાં પાણીના જથ્થામાં કરેલો વધારો**

૩૮૦૫ **શ્રી રમેશભાઇ વ. મહેશ્વરી(ગાંધીધામ) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) કચ્છ જિલ્લામાં આવેલ શહેરી વિસ્તારને મળતા નર્મદાના પીવાના પાણીના જથ્થામાં તા. ૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા ૬ માસમાં કેટલો વધારો કરવામાં આવેલ છે, અને

(૨) આ શહેરી વિસ્તારોમાં પ્રતિદિન/પ્રતિવ્યક્તિ કેટલું નર્મદાનું પાણી અપાય છે ?

**જવાબ**

(૧) શહેરી વિસ્તારમાં સરેરાશ ૨૭.૫૯ M L D નર્મદાના પાણીનો વધારો કરવામાં આવેલ છે.

(૧) ઉકત સ્થિતિએ કચ્છ જિલ્લાના શહેરી વિસ્તારોને નીચેની વિગતે ફક્ત નર્મદાનું પાણી અપાય છે.

| શહેરનું નામ | પ્રતિદિન પ્રતિ વ્યક્તિ પુરૂ પાડવામાં આવતાં નર્મદાનું પાણી (લીટરમાં) |
|---|---|
| ભુજ | ૯૦ |
| માંડવી | ૮૦ |
| અંજાર | ૫૦ |
| ગાંધીધામ | ૯૬ |
| ભચાઉ | ૬૩ |
| રાપર | ૨૭ |

---------

**અમદાવાદ જિલ્લામાં તાલુકાવાર ક્ષાર નિયંત્રણ માટેની કામગીરી**

૩૮૨૦ **શ્રી હસમુખભાઇ સો. પટેલ(અમરાઇવાડી) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અમદાવાદ જિલ્લામાં ક્ષાર નિયંત્રણ માટે તા. ૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર કેટલી કામગીરી થઈ છે, અને

**જવાબ**

(૧) વિગત નીચે મુજબ છે.

| અ.નં. | તાલુકાનું નામ | જમીન સંરક્ષણ (સોઇલ મેનેજમેન્ટ) (હે.) | સીમ રક્ષક બંડ (રનીંગ મીટર) | રીચાર્જીંગ સ્ટ્રકચર (સંખ્યા) |
|---|---|---|---|---|
| ૧ | ધોળકા | ૧૯૧૯.૦૪ | ૦ | ૩૭૧ |
| ૨ | ધંધૂકા | ૬૬૭૫.૮૫ | ૨૪૦૫૨ | ૧૭૭ |
| ૩ | બરવાળા | ૪૬૧.૩૩ | - | ૮૫ |
| ૪ | રાણપુર | ૨૩૬.૦૭ | ૨૫૪૦ | ૩૯ |

| | | | | |
|---|---|---|---|---|
| ૫ | અમદાવાદ સિટી | – | – | – |
| ૬ | બાવળા | | | |
| ૭ | દસક્રોઇ | – | – | – |
| ૮ | દેત્રોજ–રામપુરા | – | | – |
| ૯ | માંડલ | – | – | – |
| ૧૦ | સાણંદ | – | – | – |
| ૧૧ | વિરમગામ | – | – | – |
| | **કુલ** | **૯૨૯૨.૨૯** | **૨૬૫૯૨** | **૬૭૨** |

(૨) આ કામગીરી પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

(૨) રૂા. ૧,૪૪૩.૯૬.

---------

**પંચમહાલ અને દાહોદ જિલ્લામાં પોલીસ કર્મચારી–અધિકારીની આરોગ્ય ચકાસણી**

૩૮૭૮ **શ્રી અરવિંદસિંહ દા. રાઠોડ(કાલોલ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) રાજ્ય સરકારે પોલીસ ખાતામાં ફરજ બજાવતા તમામ કર્મચારી–અધિકારીઓના આરોગ્ય ચકાસણીની સૂચના આપી હોવાની હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર પંચમહાલ અને દાહોદ જિલ્લામાં કેટલા પોલીસ કર્મચારી–અધિકારીઓની આરોગ્ય ચકાસણી થઈ છે ?

**જવાબ**

(૧) હા, જી.
રાજ્ય સરકારની પોલીસ કલ્યાણની નીતિના અનુસંધાને પો.મ.નિ. અને મુ.પો.અ.શ્રી, ગુ.રા.ના. ૨૫–૦૨–૨૦૦૪ના પત્રથી પોલીસ ખાતામાં ફરજ બજાવતાં તમામ કર્મચારી–અધિકારીઓના આરોગ્ય ચકાસણીની સૂચનાઓ આપવામાં આવેલ છે.

(૨)

| **વર્ષ** | **કર્મચારી/અધિકારીની સંખ્યા** | |
|---|---|---|
| | **પંચમહાલ** | **દાહોદ** |
| ૨૦૧૧ | ૧૨૨૦ | ૬૫૮ |

---------

**દાહોદ જિલ્લામાં નર્મદાનું પાણી આપવાની કાર્યવાહી**

૪૬૧૬ **શ્રીમતી ચંદ્રીકાબેન છ. બારીયા(ગરબાડા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧–૨૦૧૩ની સ્થિતિએ દાહોદ જિલ્લાના વિવિધ તાલુકાઓમાં નર્મદાનું પાણી આપવાની કાર્યવાહી કયા તબક્કે છે,

(૨) તે અન્વયે યોજનાની વિગતો શી છે, અને

(૩) તે અન્વયે કુલ કેટલા ગામોને પાણી ક્યારથી મળવાનું આયોજન છે ?

**જવાબ**

(૧) અને (૨)
નર્મદા નદીના બેઝિનમાંથી વડોદરા જિલ્લાના ક્વાંટ તાલુકાના હાફેશ્વર ગામ પાસેથી પાણી મેળવી પમ્પીંગ કરી દાહોદ જિલ્લાના ૫ તાલુકાના ૨૮૯ ગામોને આવરી લેતી ૧૦ વિવિધ જૂથ યોજનાઓ દ્વારા ગ્રામ્ય સ્તરના ટાંકાઓ સુધી પાણી આપવાની યોજનાના સર્વેક્ષણની કાર્યવાહી ક્ષેત્રિય કચેરીએ પ્રગતિમાં છે.

(૩) હાલ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**કચ્છ જિલ્લામાં**

**કચ્છ જિલ્લામાં યોજાયેલ ખેડૂત શિબિરો ખેડૂત શિબિરો**

૩૮૦૯ **શ્રી વાઘજીભાઇ ધ. પટેલ(રાપર) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કચ્છ જિલ્લામાં સન ૨૦૧૨–૧૩ ના વર્ષમાં તા. ૩૧–૧૨–૨૦૧૨ સુધીમાં કુલ કેટલી ખેડૂત શિબિરો યોજવામાં આવી, અને | (૧) કુલ ૧૪ ખેડૂત શિબિરો. |
| (૨) આ શિબિરોનો કેટલા ખેડૂતોએ લાભ લીધો ? | (૨) કુલ ૧૦૧૦ ખેડૂતો. |

---------

**સચિવાલયમાં સેકશન ઓફિસરની ખાલી જગ્યાઓ**

૫૧૧૦ **શ્રી અશ્વિન કોટવાલ(ખેડબ્રહમા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૦૧–૨૦૧૩ની સ્થિતિએ સચિવાલયમાં સેકશન ઓફિસરની કેટલી જગ્યાઓ ખાલી છે, | (૧) કુલ મંજૂર ૫૦૯ જગ્યા પૈકી ૮૩ જગ્યા ખાલી છે. |
| (૨) તે પૈકી ડાયરેક્ટ ભરતીથી કેટલી, બઢતીથી ભરવાની કેટલી અને સેમી ડાયરેક્ટથી ભરવાની કેટલી જગ્યાઓ ખાલી છે, | (૨) સીધી ભરતી – ૩૭<br>બઢતી – ૯<br>સેમીડાયરેક્ટ – ૩૭. |
| (૩) આ જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, | (૩) આ જગ્યાઓ સમયાંતરે બદલી/બઢતી કે નિવૃત્તિથી ખાલી પડે છે. તે જ રીતે બઢતી/બદલી/સીધી ભરતીથી ભરાતી હોય છે. આ પ્રક્રિયા સતત ચાલતી હોઇ આ જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે. તેનો કોઇ ચોક્કસ સમય દર્શાવી શકાય નહીં. |
| (૪) આ જગ્યાઓ ખાલી રહેવાના કારણો શાં છે, અને | (૪) વહીવટી કારણોસર. |
| (૫) આ જગ્યાઓ ક્યારે ભરવામાં આવશે ? | (૫) વહીવટી પ્રક્રિયા પૂર્ણ થયે. |

---------

**નવસારી જિલ્લામાં ખેડૂતોને જીપ્સમ સહાય**

૩૮૦૮ **શ્રી પિયુષ દિ. દેસાઇ(નવસારી) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નવસારી જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ કેટલા ખેડૂતોને જીપ્સમ સહાય આપવામાં આવી, અને | (૧) કુલ ૨૮૫ ખેડૂતોને. |
| (૨) આ પેટે કેટલી રકમ ચૂકવવામાં આવી ? | (૨) રૂપિયા ૧,૩૮,૦૦૫/–. |

---------

**ભાવનગર જિલ્લામાં યોજાયેલ લોકદરબાર**

૩૮૪૮ **શ્રી આત્મારામ મ. પરમાર(ગઢડા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પ્રજા અને પોલીસ વચ્ચે વિશ્વાસ વધે તે માટે સમયાંતરે સ્થાનિક કક્ષાએ લોકદરબાર યોજવા માટે રાજ્ય સરકારે સૂચના આપેલ છે તે હકીકત ખરી છે, અને | (૧) સમયાંતરે અને છતાં નિયમિત લોકદરબાર યોજવાની સૂચના છે અને તેનો અમલ થાય છે. |
| (૨) જો હા, તો ભાવનગર જિલ્લામાં વર્ષ ૨૦૧૧ અને ૨૦૧૨ માં કેટલા લોકદરબાર યોજવામાં આવેલ છે ? | (૨) સને–૨૦૧૧ માં ૧૮૮ અને સને–૨૦૧૨ માં ૭૧ લોકદરબાર યોજવામાં આવેલ છે. |

---------

તા.૨૦મી માર્ચ, ૨૦૧૩
અતારાંકિત પ્રશ્નો

**જામનગર જિલ્લામાં યોજાયેલ લોકદરબાર**

૩૮૫૧ **શ્રી મેઘજીભાઇ અ. ચાવડા(કાલાવડ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પ્રજા અને પોલીસ વચ્ચે વિશ્વાસ વધે તે માટે સમયાંતરે સ્થાનિક કક્ષાએ લોકદરબાર યોજવા માટે રાજ્ય સરકારે સૂચના આપેલ છે તે હકીકત ખરી છે, અને | (૧) સમયાંતરે અને છતાં નિયમીત લોકદરબાર યોજવાની સૂચના છે અને તેનો અમલ થાય છે. |
| (૨) જો હા, તો જામનગર જિલ્લામાં વર્ષ ૨૦૧૧ અને ૨૦૧૨માં કેટલાં લોકદરબાર યોજવામાં આવેલ છે ? | (૨) સને-૨૦૧૧ માં ૨૧૧ અને સને-૨૦૧૨ માં ૧૫૭ લોકદરબાર યોજવામાં આવેલ છે. |

---------

**બેડી બંદર પર ગેરકાયદે કોલસાની લોડીંગ તથા અનલોડીંગ અટકાવવાની ફરિયાદો**

૫૦૮૬ **શ્રી ધર્મેન્દ્રસિંહ મે. જાડેજા(જામનગર ઉત્તર) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (બંદરો) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જામનગરના બેડી બંદર પર થતો ગેરકાયદે કોલસા લોડીંગ અને અનલોડીંગ અટકાવવાની કેટલી ફરિયાદો છેલ્લા બે વર્ષમાં તા. ૧૫-૦૨-૨૦૧૩ સુધીમાં સરકારને મળેલ છે, અને | (૧) જુદા જુદા પ્રકારની ૧૪ રજૂઆત મળેલ છે. |
| (૨) આ ફરિયાદો અન્વયે સરકારે શાં પગલાં લીધાં છે ? | (૨)<br>➢ કોલસાની હેરફેર પર તથા કરવામાં આવતાં કામચલાઉ સંગ્રહ પર પાણીનો સતત છંટકાવ કરવામાં આવે છે.<br>➢ બહાર લઇ જવામાં આવતા કોલસા ભરેલા વાહનોમાં ઓવર લોડીંગ ન થાય તથા કોલસા ભરેલા વાહનોને યોગ્ય રીતે તાડપત્રીથી ઢાંકવામાં આવે છે.<br>➢ કોલસાની હેરફેર દરમ્યાન વાતાવરણમાં તથા આસપાસના વિસ્તારમાં હવામાં તરતા કણોનું નિયમિત રીતે માપન કરવામાં આવે છે.<br>➢ બંદરની આસપાસના વાતાવરણ ઉપર વિપરીત અસર ન થાય તે માટે જરૂરી પગલાં લેવામાં આવે છે. |

---------

**દાહોદ જિલ્લામાં હાથ પર લેવાયેલાં પોલીસ ખાતાના બિન-રહેણાંકના મકાનોના કામ**

૩૦૩૪ **શ્રી બચુભાઇ મ. ખાબડ(દેવગઢબારીયા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) દાહોદ જિલ્લામાં તા. ૩૧-૦૧-૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પોલીસ ખાતાના કેટલા બિન-રહેણાંકના મકાનો હાથ પર લેવામાં આવેલ છે, અને | (૧) કુલ ૬ મકાનો. |
| (૨) આ કામો પાછળ તા. ૩૧-૦૧-૨૦૧૩ની સ્થિતિએ કુલ કેટલી રકમનો ખર્ચ થયેલ છે ? | (૨) કુલ રૂા. ૫૮૩.૩૨ લાખ. |

---------

**મહેસાણા અને અમદાવાદ જિલ્લામાં તાલુકાવાર સંવર્ગવાર મંજૂર થયેલું પોલીસ ખાતાનું મહેકમ**

૫૧૪૬ **શ્રી રમેશભાઇ મ. ચાવડા(કડી) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૨૦૧૩ની સ્થિતિએ મહેસાણા અને અમદાવાદ જિલ્લાના તાલુકાઓમાં પોલીસ ખાતાની તાલુકાવાર સંવર્ગ દીઠ મંજૂર થયેલ જગ્યાઓ કેટલી છે, | (૧) અને (૨)<br>***પત્રક-અ** અને ***પત્રક-બ** સામેલ છે. |

(૨) આ પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૩) આ ખાલી જગ્યાઓ કેટલા સમયમાં ભરવામાં આવશે?

(૩) પોલીસ કૉંસ્ટેબલની ખાલી જગ્યાઓ ભરવા માટે સીધી ભરતીની ભરતી પ્રક્રિયા ચાલુ છે. કોન્સ્ટેબલ સંવર્ગમાં પુરતો સ્ટાફ ઉપલબ્ધ થયેથી વહીવટી અનુકુળતા મુજબ બનતી ત્વરાએ કોન્સ્ટેબલની ખાલી જગ્યાઓ ભરવામાં આવશે. એ.એસ.આઇ. તથા હેડ કોન્સ્ટેબલની ખાલી જગ્યાઓ ભરવાની કાર્યવાહી જિલ્લા કક્ષાએ વહીવટી અનુકુળતા મુજબ સત્વરે પૂર્ણ કરવામાં આવશે. જ્યારે બિનહથિયારી પોલીસ ઇન્સ્પેક્ટર તથા બિનહથિયારી પોલીસ સબ ઇન્સપેક્ટરની ખાલી જગ્યાઓ ભરવા અંગેની કાર્યવાહી વહીવટી અનુકુળતા મુજબ સત્વરે પૂર્ણ કરવામાં આવશે.

(***પત્રક** સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

**વાયબ્રન્ટ સમીટ-૨૦૧૩ દરમિયાન યોજાયેલ આંતરરાષ્ટ્રીય શૈક્ષણિક સંસ્થાઓની કોન્ફરન્સ**

૩૮૨૨ **શ્રી અરવિંદકુમાર ગાં. પટેલ(સાબરમતી) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) વાયબ્રન્ટ સમીટ-૨૦૧૩ દરમિયાન આંતરરાષ્ટ્રીય શૈક્ષણિક સંસ્થાઓની કોન્ફરન્સ યોજવા પાછળનો મુખ્ય હેતુ શું હતો, અને | (૧) વાયબ્રન્ટ સમિટ-૨૦૧૩ દરમિયાન આંતરરાષ્ટ્રીય શૈક્ષણિક સંસ્થાઓની કોન્ફરન્સ યોજવા પાછળનો મુખ્ય હેતુ નીચે મુજબ છેઃ<br>૧. ગુજરાતમાં વિદ્યાર્થી વિનિમય, યુનિવર્સિટીની વિદ્યાશાખાના શિક્ષક વિનિમય, સંયુક્ત સંશોધન યોજનાઓ અને અભ્યાસક્રમના વિકાસ દ્વારા ઉચ્ચ શિક્ષણનું આંતરરાષ્ટ્રીયકરણ કરવું.<br>૨. અલગ અલગ શાખાઓમાં શ્રેષ્ઠતા કેન્દ્ર (સેન્ટર ઓફ એકસીલેન્સ) સ્થાપિત કરી આર એન્ડ ડી અને ઇનોવેશનને પ્રોત્સાહન આપવું તથા પ્રોદ્યોગિક વિજ્ઞાનના વિકાસને પ્રોત્સાહન આપવું.<br>૩. ગુજરાતમાં ઉદ્યોગ ક્ષેત્રે કૌશલ્ય વિકાસ કેન્દ્ર (સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટર) સ્થાપિત કરી કૌશલ્યનો વિકાસ કરવો અને ગુજરાતમાં થતાં નવા રોકાણને પ્રોત્સાહન આપવું. |
| (૨) તેમાં કેટલી શૈક્ષણિક સંસ્થાઓ‍ે એ ભાગ લીધો ? | (૨) તેમાં કુલ ૨૨૨ શૈક્ષણિક સંસ્થાઓએ ભાગ લીધો હતો. |

---------

**જિલ્લા સહકારી બેંકોના એન.પી.એ. લેણા વસુલ કરવા રાજ્ય સરકાર દ્વારા કરાયેલ કાર્યવાહી**

૩૮૦૦ **શ્રી કિશોરભાઇ શિ. કાનાણી(વરાછા રોડ) : માનનીય સહકાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧-૧૩ ની સ્થિતિએ રાજ્યમાં આવેલી જિલ્લા સહકારી બેંકોના એન.પી.એ. ના લેણા વસુલ કરવા માટે રાજ્ય સરકાર દ્વારા કોઇ કાર્યવાહી કરવામાં આવેલ છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તેની વિગતો શી છે ? | (૨) રાજ્ય સરકાર દ્વારા રાજ્યના સહકારી ધિરાણ માળખામાં મુદત વીતેલ/એન.પી.એ. થયેલ લેણાંઓ વસુલ કરવા માટેની વન ટાઇમ સેટલમેન્ટની યોજનાને અમલમાં |

મુકવા માટે તા.૨૪–૦૮–૨૦૧૨ ના રોજ મંજૂરી આપવામાં આવેલ છે.

---------

**આણંદ જિલ્લામાં યોજાયેલ લોક દરબાર**

૩૮૪૫ **શ્રી સંજયકુમાર ર. પટેલ(ખંભાત) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પ્રજા અને પોલીસ વચ્ચે વિશ્વાસ વધે તે માટે સમયાંતરે સ્થાનિક કક્ષાએ લોકદરબાર યોજવા માટે રાજ્ય સરકારે સૂચના આપેલ છે તે હકીકત ખરી છે, અને | (૧) સમયાંતરે અને છતાં નિયમીત લોકદરબાર યોજવાની સૂચના છે અને તેનો અમલ થાય છે. |
| (૨) જો હા, તો આણંદ જિલ્લામાં વર્ષ ૨૦૧૧ અને ૨૦૧૨ માં કેટલા લોક દરબાર યોજવામાં આવેલ છે ? | (૨) સને–૨૦૧૧ માં ૧૦૩૨ અને સને–૨૦૧૨ માં ૭૬૪ લોકદરબાર યોજવામાં આવેલ છે. |

---------

**અમરેલી જિલ્લામાં તાલુકાવાર મંજૂર કરવામાં આવેલા પાક વીમાના દાવાઓ**

૩૯૨૧ **શ્રી પરેશ ધાનાણી(અમરેલી) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમરેલી જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર સરકારે કેટલી રકમના પાક વિમાના દાવાઓ ક્યા ક્યા પાક માટે મંજૂર કરવામાં આવેલ છે, | (૧) **પત્રક–૧** સામેલ છે. |
| (૨) તે પૈકી કેટલી રકમનું ચૂકવણું ક્યારે કરવામાં આવ્યું, | (૨) રવી–૨૦૦૯–૧૦ માટે રૂ.૧,૫૯,૪૨૬.૬૦ નું ચૂકવણું જાન્યુઆરી–૨૦૧૧ માં અને ખરીફ–૨૦૧૧ માટે રૂ.૧,૨૮,૦૯,૦૫,૩૨૯.૮૨ નું ચુકવણું સપ્ટેમ્બર–૨૦૧૨ માં કરવામાં આવ્યું. |
| (૩) કેટલી રકમ ચૂકવવાની બાકી છે, અને | (૩) ઉક્ત વિગતે પાક વિમાના કોઇ દાવા ચૂકવવાના બાકી નથી. |
| (૪) તે બાકી રકમ કેટલા સમયમાં ચૂકવી આપવામાં આવશે ? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

**પત્રક–૧**

| ઋતુ | તાલુકાનું નામ | પાકનું નામ | મંજૂર દાવા |
|---|---|---|---|
| રવી ૨૦૦૯–૧૦ | અમરેલી | ઘઉં (પિયત) | રૂ. ૧૫૦૪૦૯.૯૯ |
| | સાવરકુંડલા | ઘઉં (પિયત) | રૂ. ૯૦૧૫.૬૧ |
| ખરીફ ૨૦૧૧ | અમરેલી | કપાસ | રૂ. ૧૨૬૨૯.૭૮ |
| | બાબરા | મગફળી | રૂ. ૧૨૩૭૧૫૬૯૪.૮૦ |
| | બગસરા | મગફળી | રૂ. ૩૭૯૩૨૪૭૭.૦૧ |
| | ધારી | મગફળી | રૂ. ૨૧૯૧૮૩૧૭૮.૮૦ |
| | જાફરાબાદ | મગફળી | રૂ. ૨૨૩૭૭૬૦૯.૭૬ |
| | ખાંભા | મગફળી | રૂ. ૧૬૯૬૭૫૮૦૩.૭૦ |
| | કુંકાવાવ વડિયા | મગફળી | રૂ. ૩૬૪૧૭૫૨૦૩.૧૦ |
| | લાઠી | મગફળી | રૂ. ૧૭૨૮૧૧૬૬.૯૮ |
| | રાજુલા | મગફળી | રૂ. ૯૧૮૫૦૪૯૩.૦૯ |
| | સાવરકુંડલા | મગફળી | રૂ. ૨૩૪૭૦૧૦૭૨.૮૦ |

---------

### વિરમગામ, માંડલ અને દેત્રોજ તાલુકામાં આવેલાં પોલીસ સ્ટેશન/પોલીસ ચોકીઓ

૪૯૨૪ **શ્રીમતી તેજશ્રીબેન દિ. પટેલ(વિરમગામ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અમદાવાદ જિલ્લાના વિરમગામ, માંડલ અને દેત્રોજ તાલુકામાં તા.૩૧-૧૨-૨૦૧૨ ની સ્થિતિએ તાલુકાવાર કેટલા પોલીસ સ્ટેશન/ચોકીઓ આવેલી છે,

(૨) કેટલી વસ્તીએ પોલીસ સ્ટેશન હોવું જોઇએ, અને

(૩) જો ઉક્ત તાલુકાઓમાં આ સંખ્યા કરતાં વસ્તી વધુ હોય તો સરકારનું ક્યા અને ક્યારે પોલીસ સ્ટેશન/ચોકી બનાવવાનું આયોજન છે ?

**જવાબ**

(૧) અમદાવાદ જિલ્લાના વિરમગામ, માંડલ અને દેત્રોજ તાલુકામાં તા.૩૧-૧૨-૨૦૧૨ ની સ્થિતિએ તાલુકાવાર નીચે મુજબ પોલીસ સ્ટેશન/ચોકીઓ આવેલી છે.

| અ.નં. | તાલુકાનું નામ | પોલીસ સ્ટેશન | પોલીસ ચોકી |
|---|---|---|---|
| ૧ | વિરમગામ | ૨ | ૬ |
| ૨ | માંડલ | ૨ | - |
| ૩ | દેત્રોજ | ૧ | - |

(૨) અને (૩)

પોલીસ સ્ટેશનનું આયોજન જે તે વિસ્તારમાં ગુનાની સંખ્યા, સ્થાનિક વિકાસ, ઉદ્યોગો, વેપાર પ્રવૃત્તિ , સામાજિક વિવાદો અને ભૌગોલિક શહેરી ગ્રામ્ય વિકાસના બાબતોને અનુલક્ષીને કરાય છે નિયત માપદંડોને અનુરૂપ હાલ કોઇ દરખાસ્ત પડતર નથી.

---------

### ગ્રામ્ય રોજગારી વધે તે માટે કાપડ ઉદ્યોગના વિકાસનું આયોજન

૪૦૯૯ **શ્રી રાજેન્દ્ર ત્રિવેદી (રાવપુરા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

તા.૩૧-૧-૨૦૧૩ ની સ્થિતિએ સન ૨૦૧૨-૧૩ ના વર્ષમાં રાજ્યમાં ગામડામાં વસતા નાગરિકોને રોજગારીની તકો વધારે મળે તે માટે કાપડ ઉદ્યોગના વિકાસ માટે રાજ્ય સરકારનું શું આયોજન છે ?

**જવાબ**

કાપડ ઉદ્યોગએ ગ્રામ્ય કક્ષાએ ખેતીવાડી પછી સૌથી વધુ શ્રમિક રોજગારી નિર્માણ કરતો ઉદ્યોગ છે. ગુજરાત કપાસના ઉત્પાદનમાં મોખરે છે. દેશના કુલ ઉત્પાદનનાં ૩૫% કપાસનું ઉત્પાદન ગુજરાતમાં થાય છે.

ગુજરાત સરકારની નીજ નીતિના અનુસંધાને જ્યોતિગ્રામ જેવી યોજનાઓના કારણે વીજક્ષેત્રમાં ક્રાંતિ થયેલ છે અને નિયમિત અને વિશ્વસનીય વીજ પુરવઠાના કારણે કપાસના ઉત્પાદનમાં નોંધપાત્ર વધારો થયેલ છે. આ ઉત્પાદન વધારાના કારણે ગ્રામ્ય ક્ષેત્રોમાં કપાસ ઉત્પાદન અને તેને સંલગ્ન ઉદ્યોગોની વિશાળ તકો ઉભી થયેલ છે અને તેને પરિણામે રોજગાર નિર્માણની તકોમાં વ્યાપક તકો ઉભી થશે.

ખેડૂતો દ્વારા થયેલ રૂ ના ઉત્પાદનમાં મૂલ્યવૃદ્ધિ થાય અને સમગ્ર મૂલ્યલક્ષી સાંકળ ગુજરાતમાં થાય તે માટે તા. ૦૫-૦૯-૨૦૧૨ના ઠરાવથી ગુજરાત સરકારે કાપડ ઉદ્યોગ માટે ઠરાવ રૂપે પ્રોત્સાહનો જાહેર કરેલ છે.

જેને કારણે ગ્રામ્ય વિસ્તારમાં પણ કાપડ ઉદ્યોગ આવશે. પરીણામે ગ્રામ્ય વિસ્તારના લોકોમાં રોજગારીની તકો વધશે અને આર્થિક સધ્ધરતામાં વધારો થશે. આ પોલીસી જાહેર થવાના કારણે ફાર્મ-ફાઇબર-ફેબ્રીક-ફેશન (ગારમેન્ટ) અને ફોરેન (એકક્ષપોર્ટ)ની કાપડ ઉદ્યોગમાં સમગ્ર મુલ્યલક્ષી સાંકળનું મજબુતીકરણ થશે. પરીણામે ગ્રામ્ય વિસ્તારમાં ગ્રામ્ય ઉદ્યોગો તેમજ નવી રોજગારીની તકોનું નિર્માણ થતા આર્થિક સધ્ધરતા વધશે.

---------

**સરદાર સરોવર બંધની મુખ્ય નિયંત્રકને જોડતા માર્ગ પરનો ડાઇક પર પ્રવાસીઓની સલામતીની વ્યવસ્થા**

૩૮૨૩ **શ્રી દિનેશભાઇ બા. પટેલ(પાદરા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સને ૨૦૧૨-૧૩ ના વર્ષ દરમ્યાન તા.૩૧-૧-૨૦૧૩ સુધીમાં સરદાર સરોવર બંધની મુખ્ય નિયંત્રકને જોડતા માર્ગ ઉપર આવતી ડાઇક પર પ્રવાસીઓની અવર જવર અને સલામતી માટે શી વ્યવસ્થા કરવામાં આવી છે, અને | (૧) સને ૨૦૧૨-૨૦૧૩ ના વર્ષ દરમિયાન તા.૩૧-૧-૨૦૧૩ સુધીમાં સરદાર સરોવર બંધની મુખ્ય નિયંત્રકને જોડતા માર્ગ ઉપર આવતી ડાઇક પર પ્રવાસીઓની અવર જવર અને સલામતી માટે આશરે ૧૬ કિ.મી. લંબાઇના ક્રેશ બેરીયર સ્થાપિત કરવામાં આવેલ છે.<br>તદ્‌ઉપરાંત સિમેન્ટ, ક્રોંક્રીટ રસ્તો બનાવવાની કામગીરી પ્રગતિમાં છે. આ કામ પૂર્ણ થયે સ્પીડબ્રેકર તથા રેડીયમ પટ્ટાનું પણ કામ હાથ ધરવાનું આયોજન છે. |
| (૨) આ માટે કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ? | (૨) ક્રેશ બેરીયરના કામ માટે કુલ રૂ. ૨.૭૪ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો છે.<br>તદ્‌ઉપરાંત સિમેન્ટ ક્રોંક્રીટના રસ્તો બનાવવાના કામ પાછળ આશરે રૂ. ૧૩ કરોડનો ખર્ચ કરવામાં આવનાર છે. |

---------

**જૂનાગઢ જિલ્લામાં યોજાયેલી ખેડૂત શિબિરો**

૩૮૧૩ **શ્રી જેઠાભાઇ દા. સોલંકી(કોડીનાર) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જૂનાગઢ જિલ્લામાં સન ૨૦૧૨-૧૩ ના વર્ષમાં તા.૩૧-૧૨-૨૦૧૨ સુધીમાં કુલ કેટલી ખેડૂત શિબિરો યોજવામાં આવી, અને | (૧) કુલ – ૧૧૧ ખેડૂત શિબિરો. |
| (૨) આ શિબિરોનો કેટલા ખેડૂતોએ લાભ લીધો ? | (૨) કુલ – ૧૭૩૬૯ ખેડૂતો. |

---------

**રાજ્યમાં ઉત્પાદિત કપાસનો મોટો જથ્થો પ્રોસેસીંગ માટે અન્યત્ર મોકલવા બાબત**

૪૦૯૭ **શ્રી બાબુભાઇ જ. પટેલ(દસક્રોઇ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૨ ની સ્થિતિએ રાજ્યમાં ઉત્પાદન થતા કપાસનો ૯૦ ટકાથી વધારે જથ્થો પ્રોસેસીંગ માટે રાજ્ય બહાર જાય છે તે હકીકત સાચી છે, અને | (૧) હા. |
| (૨) જો હા, તો તેને રાજ્ય બહાર જતો રોકવા રાજ્ય સરકારે શાં પગલાં ભર્યા છે ? | (૨) રાજ્ય બહાર જતો રોકવા રાજ્ય સરકારશ્રી દ્વારા ઉદ્યોગ અને ખાણ વિભાગના ઠરાવ ક્રમાંકઃ ટીઇએક્સ-૧૦૨૦૧૨-૬૫૧૧૭-ટ, તા.૦૫-૦૯-૨૦૧૨ થી ગુજરાત ટેક્ષટાઇલ પોલિસી-૨૦૧૨ જાહેર કરવામાં આવેલ છે. |

---------

**નર્મદા જિલ્લામાં યોજાયેલ લોક દરબાર**

૩૮૫૩ **શ્રી શબ્દશરણ ભા. તડવી(નાંદોદ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પ્રજા અને પોલીસ વચ્ચે વિશ્વાસ વધે તે માટે સમયાંતરે સ્થાનિક કક્ષાએ લોકદરબાર યોજવા માટે રાજ્ય સરકારે સૂચના આપેલ છે તે હકીકત ખરી છે, અને | (૧) સમયાંતરે અને છતાં નિયમિત લોકદરબાર યોજવાની સૂચના છે અને તેનો અમલ થાય છે. |
| (૨) જો હા, તો નર્મદા જિલ્લામાં વર્ષ ૨૦૧૧ અને ૨૦૧૨ માં કેટલા લોક દરબાર યોજવામાં આવેલ છે ? | (૨) સને-૨૦૧૧ માં ૮૫ અને સને-૨૦૧૨ માં ૫૧ લોકદરબાર યોજવામાં આવેલ છે. |

---------

**વાયબ્રન્ટ સમીટ–૨૦૧૩ માં સેમિનારમાં ભાગ લેનાર દેશ**

૩૮૧૭ **શ્રી અજયકુમાર જે. ચોકસી(સુરત ઉત્તર) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વાયબ્રન્ટ સમીટ–૨૦૧૩ દરમિયાન ક્યા ક્યા દેશોએ સેમિનાર યોજ્યો હતો અને તેનો હેતુ શો હતો, અને | (૧) વાયબ્રન્ટ સમિટ–૨૦૧૩ મા બહેરીન, ઈઝરાયેલ, ફીનલેન્ડ, જાપાન, કેનેડા, યુ.એસ.એ., યુ.કે., રશિયા, નેધરલેન્ડ, થાઇલેન્ડ, ઓસ્ટ્રેલિયા, મોઝામ્બીક અને પોલેન્ડ દેશોએ સેમિનાર યોજયા હતા. તેનો મુખ્ય હેતુ જે તે દેશમાં મૂડીરોકાણ, ટેકનોલોજી ટ્રાન્સફર તથા અન્ય પાર્ટનરશીપ માટે રહેલી તકો વિશે રોકાણકારોને માહિતગાર કરવાનો હતો. |
| (૨) ક્યા દેશો આ સમિટમાં પાર્ટનર દેશ તરીકે જોડાયા હતા ? | (૨) જાપાન અને કેનેડા. |

---------

**રાજકોટ જિલ્લામાં લૂંટ, ખૂન, ધાડ અને બળાત્કારના બનાવો**

૪૯૪૩ **શ્રી ભોળાભાઇ ગોહેલ(જસદણ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ)જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧–૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં લૂંટ, ખૂન, ધાડ અને બળાત્કારના કેટલા બનાવો નોંધવામાં આવ્યા, અને

(૨) તે અન્વયે કેટલા આરોપીઓની ધરપકડ કરાઈ, કઈ કઈ કલમો લગાવવામાં આવી?

**જવાબ**

(૧)

| લૂંટ | ખૂન | ધાડ | બળાત્કાર |
|---|---|---|---|
| ૧૮ | ૫૦ | ૫ | ૨૨ |

(૨)

| લૂંટ | ખૂન | ધાડ | બળાત્કાર |
|---|---|---|---|
| ૪૨<br>ઈ.પી.કો.ક.<br>૩૯૨, ૩૯૪ | ૭૫<br>ઈ.પી.કો.ક.<br>૩૦૨ | ૧૯<br>ઈ.પી.કો.ક.<br>૩૯૫ | ૩૯<br>ઈ.પી.કો.ક.<br>૩૭૬ |

---------

**વલસાડ જિલ્લામાં ખાનગી ક્ષેત્રે નવું બંદર વિકસાવવાનું આયોજન**

૩૭૮૬ **શ્રી કનુભાઇ મો. દેસાઇ(પારડી) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (બંદરો)જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧–૨૦૧૩ની સ્થિતિએ વલસાડ જિલ્લામાં ખાનગી ક્ષેત્રે નવું બંદર સરકાર વિકસાવવા માંગે છે તે હકીકત સાચી છે, અને | (૧) હા જી. |
| (૨) જો હા, તો, તે કયા સ્થળે ? | (૨) નારગોલ, જિ. વલસાડ ખાતે. |

---------

**ભરૂચ જિલ્લામાં પોલીસ અધિકારી–કર્મચારીની આરોગ્ય ચકાસણી**

૩૮૭૧ **શ્રી છત્રસિંહ પૂં. મોરી (જંબુસર) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ)જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્ય સરકારે પોલીસ કલ્યાણની નીતિ અપનાવીને પોલીસ ખાતામાં ફરજ બજાવતાં તમામ કર્મચારી– અધિકારીઓના આરોગ્ય ચકાસણીની સૂચના આપી હોવાની વાત સાચી છે, અને | (૧) હા જી.<br>રાજ્ય સરકારની પોલીસ કલ્યાણની નીતિના અનુસંધાને પો.મ.નિ. અને મુ.પો.અશ્રી, ગુ.રા. ના તા. ૨૫/૦૨/ ૨૦૦૪ ના પત્રથી પોલીસ ખાતામાં ફરજ બજાવતા તમામ કર્મચારી–અધિકારીઓના આરોગ્ય ચકાસણીની સૂચનાઓ આપવામાં આવેલ છે. |
| (૨) જો હા, તો તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ | (૨) |

અધિકારીઓની આરોગ્ય ચકાસણી થઈ છે?

| વર્ષ | કર્મચારી-અધીકારીની સંખ્યા |
|---|---|
| ૨૦૧૧ | ૧૬૨૪ |
| ૨૦૧૨ | ૧૬૫૮ |

---------

## પ્રવાસન અને હેરીટેઝ વિકાસ માટે માહિતી ખાતા દ્વારા પ્રસિધ્ધ કરાયેલાં પ્રકાશનો

૩૮૨૭ **શ્રીમતી નિર્મલાબેન સુ. વાધવાણી (નરોડા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (માહિતી અને પ્રસારણ)જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગુજરાતમાં પ્રવાસન અને હેરીટેઝના વિકાસને ધ્યાને લઈ માહિતી ખાતા દ્વારા કયા કયા પ્રકાશનો પ્રસિધ્ધ કરવામાં આવ્યા, અને

(૨) આ પ્રકાશનોની કુલ કેટલી નકલો છપાવવામાં આવી?

**જવાબ**

(૧) (૧) ગુજરાતની સંસ્કૃતિ-સભ્યતા અને વારસાની શાશ્વત ક્ષણો.
(૨) ગુજરાતના જળમંદિરો
(૩) ગુજરાતની લોક સાંસ્કૃતિક વિરાસત.
(૪) સૌરાષ્ટ્ર એક તસ્વીરી ઝલક

(૨) આ પ્રકાશનોની કુલ ૪૩,૦૦૦ નકલો છપાવવામાં આવી.

---------

## સુરત જિલ્લામાં ખેડૂતોને જીપ્સમ સહાય

૩૮૦૬ **શ્રી જનકભાઇ મ. કાછડીયા(કરંજ) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુરત જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ કેટલા ખેડૂતોને જીપ્સમ સહાય આપવામાં આવી, અને

(૨) આ પેટે કેટલી રકમ ચૂકવવામાં આવી?

**જવાબ**

(૧) કુલ ૩૦ ખેડૂતોને.

(૨) રૂપિયા ૩૪,૩૯૫/-.

---------

## અમદાવાદ જિલ્લામાં પોલીસ કર્મચારી-અધિકારી ની આરોગ્ય ચકાસણી

૩૮૭૩ **શ્રી જગરૂપસિંહ ગી. રાજપૂત(બાપુનગર) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્ય સરકારે પોલીસ કલ્યાણની નીતિ અપનાવીને પોલીસ ખાતામાં ફરજ બજાવતાં તમામ કર્મચારી- અધિકારીઓના આરોગ્ય ચકાસણીની સૂચના આપી હોવાની વાત સાચી છે, અને

(૨) જો હા, તો તા. ૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર અમદાવાદ જિલ્લામાં કેટલા પોલીસ કર્મચારી-અધિકારીઓની આરોગ્ય ચકાસણી થઈ છે?

**જવાબ**

(૧) હા જી.

રાજ્ય સરકારની પોલીસ કલ્યાણની નીતિના અનુસંધાને પો.મ.નિ. અને મુ.પો.અશ્રી, ગુ.રા. ના તા. ૨૫/૦૨/૨૦૦૪ ના પત્રથી પોલીસ ખાતામાં ફરજ બજાવતા તમામ કર્મચારી-અધિકારીઓના આરોગ્ય ચકાસણીની સૂચનાઓ આપવામાં આવેલ છે.

(૨)

| વર્ષ | કર્મચારી-અધિકારીની સંખ્યા | | |
|---|---|---|---|
| | અમદાવાદ શહેર | અમદાવાદ ગ્રામ્ય | કુલ |
| ૨૦૧૧ | ૭૩૪૧ | ૭૮૩ | ૮૧૨૪ |
| ૨૦૧૨ | ૭૫૧૦ | ૪૨૪ | ૭૯૩૪ |

---------

**બાબરા બજાર સમિતિને આધુનિક સવલતો પૂરી પાડવા આપવામાં આવેલ સહાય**

૩૭૯૫ **શ્રી હીરાભાઇ ઓ. સોલંકી(રાજુલા) : માનનીય સહકાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમરેલી જિલ્લાના બાબરા બજાર સમિતિને આધુનિક સવલતો પૂરી પાડવાની યોજના હેઠળ વર્ષમાં કેટલી રકમ મંજૂર કરવામાં આવી, અને | (૧) રૂ. ૧૨.૯૨ લાખ. |
| (૨) તા. ૩૧–૩–૨૦૧૨ અંતિત કેટલી સહાય ચૂકવવામાં આવી, | (૨) રૂ. ૧૨.૯૨ લાખ. |

---------

**રાજકોટ અને બનાસકાંઠા જિલ્લામાં પ્રજાલક્ષી યોજનાઓની જાણકારી માટે યોજાતા પ્રદર્શનો**

૩૭૯૦ **શ્રી મોહનભાઇ ક. કુંડારીયા(ટંકારા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (માહિતી અને પ્રસારણ)જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્ય સરકારની પ્રજાલક્ષી યોજનાઓના લાભની જાણકારી વ્યાપક રીતે લોકોને મળી રહે તે માટે પ્રદર્શનો યોજવામાં આવે છે તે હકીકત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો, તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજકોટ અને બનાસકાંઠા જિલ્લામાં કેટલા પ્રદર્શનો યોજવામાં આવ્યા? | (૨) રાજકોટ જિલ્લામાં ૧૩૭૫ પ્રદર્શનો અને બનાસકાંઠા જિલ્લામાં ૮૮૮ પ્રદર્શનો યોજવામાં આવ્યા. |

---------

**ઉના તાલુકામાં પીવાનું પાણી પુરું પાડવા નર્મદા યોજના આધારિત પાઈપ લાઈનનાં કામો**

૪૧૧૦ **શ્રી પુંજાભાઇ ભી. વંશ(ઉના) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ જૂનાગઢ જિલ્લાના ઉના તાલુકાના ૯૦ ગામોમાં પીવાનું પાણી પુરું પાડવા માટે નર્મદા યોજના આધારિત પાઇપ લાઈનના કામો કઈ કન્સ્ટ્રકશન કંપનીને કયારે સોંપવામાં આવ્યા હતા. | (૧) મે.જી. કે.સી. પ્રોજેકટ લી. હૈદરાબાદ કંપનીને તા. ૧૪–૭–૨૦૧૦ થી સોંપવામાં આવ્યા હતા. |
| (૨) તે અન્વયે છેલ્લા બે વર્ષમાં આ કામો હલકી ગુણવત્તાના છે તે અન્વયે કેટલી ફરિયાદો મળી, અને | (૨) એક |
| (૩) મળેલ ફરિયાદો પછી આ કામોની ચકાસણી સરકારે કરી હતી કે કેમ અને કઈ હલકી ગુણવત્તાની બાબતો માલૂમ પડી? | (૩) સ્થાનિક અધિકારીશ્રી તેમજ ખાતા દ્વારા પ્રમાણિત થયેલ કન્સ્ટ્રકશન સુપરવીઝન કન્સલટન્ટ એજન્સી. મે. માર્શ પ્લાનીંગ એન્ડ એન્જીનીયરીંગ સર્વિસ અમદાવાદ દ્વારા ચકાસણી કરતાં ફરીયાદ અન્વયેની હલકી ગુણવત્તાની બાબતો ધ્યાન ઉપર આવેલ નથી. |

---------

**ગાંધીનગર જિલ્લામાં પોલીસ અધિકારી–કર્મચારીની આરોગ્ય ચકાસણી**

૩૮૭૫ **શ્રી અશોકકુમાર ર. પટેલ(ગાંધીનગર ઉત્તર) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ)જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્ય સરકારે પોલીસ કલ્યાણની નીતિ અપનાવીને પોલીસ ખાતામાં ફરજ બજાવતાં તમામ કર્મચારી– અધિકારીઓના આરોગ્ય ચકાસણીની સૂચના આપી હોવાની વાત સાચી છે, અને | (૧) હા જી.<br>રાજ્ય સરકારની પોલીસ કલ્યાણની નીતિના અનુસંધાને પો.મ.નિ. અને મુ.પો.અશ્રી, ગુ.રા. ના તા. ૨૫/૦૨/ ૨૦૦૪ ના પત્રથી પોલીસ ખાતામાં ફરજ બજાવતા તમામ કર્મચારી–અધિકારીઓના આરોગ્ય ચકાસણીની સૂચનાઓ આપવામાં આવેલ છે. |
| (૨) જો હા, તો તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ | (૨) |

છેલ્લા બે વર્ષમાં ગાંધીનગર જિલ્લામાં કેટલા પોલીસ કર્મચારી–અધિકારીઓની આરોગ્ય ચકાસણી થઈ છે?

| વર્ષ | કર્મચારી–અધિકારીની સંખ્યા |
|---|---|
| ૨૦૧૧ | ૪૭૦ |
| ૨૦૧૨ | ૫૬૮ |

---------

**અમદાવાદ જિલ્લામાં યોજાયેલ લોક દરબાર**

૩૮૪૩ **શ્રી લાલજીભાઇ ચ. કોળીપટેલ(ધંધુકા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ)જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) પ્રજા અને પોલીસ વચ્ચે વિશ્વાસ વધે તે માટે સમયાંતરે સ્થાનિક કક્ષાએ લોકદરબાર યોજવા માટે રાજ્ય સરકારે સૂચના આપેલ છે તે હકીકત ખરી છે, અને

(૨) જો હા, તો અમદાવાદ જિલ્લામાં વર્ષ ૨૦૧૧ અને ૨૦૧૨માં કેટલા લોક દરબાર યોજવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) સમયાંતરે અને છતાં નિયમિત લોકદરબાર યોજવાની સૂચના છે અને તેનો અમલ થાય છે.

(૨) સને–૨૦૧૧માં–૬૪ અને
સને–૨૦૧૨માં–૪૨ લોકદરબાર યોજવામાં આવેલ છે.

---------

**ભાવનગર જિલ્લામાં પોલીસ અધિકારી–કર્મચારીની આરોગ્ય તપાસણી**

૩૮૭૪ **શ્રીમતી ભારતીબેન ધી. શ્યાળ(તળાજા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) રાજય સરકારે પોલીસ કલ્યાણ નીતિ અપનાવીને પોલીસ ખાતામાં ફરજ બજાવતાં તમામ કર્મચારી–અધિકારીઓ ના આરોગ્ય ચકાસણીની સૂચના આપી હોવાની વાત છે, અને

(૨) જો હા, તો તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભાવનગર જિલ્લામાં કેટલા પોલીસ કર્મચારી–અધિકારીઓની આરોગ્ય ચકાસણી થઇ છે ?

**જવાબ**

(૧) હા, જી.

રાજ્ય સરકારની પોલીસ કલ્યાણની નીતિના અનુસંધાને પો.મ.નિ. અને મુ.પો.અ.શ્રી., ગુ.રા. ના તા. ૨૫–૦૨–૨૦૦૪ ના પત્રથી પોલીસ ખાતામાં ફરજ બજાવતા તમામ કર્મચારી–અધિકારીઓના આરોગ્ય ચકાસણીની સૂચનાઓ આપવામાં આવેલ છે.

(૨) વર્ષ કર્મચારી–અિધકારીની સંખ્યા
૨૦૧૧ –
૨૦૧૨ ૪૩૨

---------

**જૂનાગઢ અને પોરબંદર જિલ્લામાં યોજાયેલ લોક દરબાર**

૩૮૫૭ **શ્રી રાજેશભાઇ ના. ચુડાસમા(માંગરોળ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) પ્રજા અને પોલીસ વચ્ચે વિશ્વાસ વધે તે માટે સમયાંતરે સ્થાનિક કક્ષાએ લોકદરબાર યોજવા માટે રાજ્ય સરકારે સૂચના આપેલ છે તે હકીકત ખરી છે, અને

(૨) જો હા, તો જૂનાગઢ અને પોરબંદર જિલ્લામાં વર્ષ ૨૦૧૧ અને ૨૦૧૨માં કેટલા લોક દરબાર યોજવામાં આવેલ
છે ?

**જવાબ**

(૧) સમયાંતરે અને છતાં નિયમિત લોકદરબાર યોજવાની સૂચના છે અને તેનો અમલ થાય છે.

(૨)

| જિલ્લો | ૨૦૧૧ | ૨૦૧૨ |
|---|---|---|
| જૂનાગઢ | ૧૨૮ | ૫૮ |
| પોરબંદર | ૪૫ | ૪૧ |

---------

## વડોદરા અને અમદાવાદ શહેરને પીવા માટે અપાતું નર્મદાનું પાણી

૫૧૦૪ **શ્રી મોહનસિંહ છો. રાઠવા(છોટાઉદેપુર) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧–૨૦૧૩ની સ્થિતિએ વડોદરા અને અમદાવાદને પીવાના પાણી માટે નર્મદા યોજનાના પાણી છેલ્લા બે વર્ષથી આપવામાં આવે છે, | (૧) તા. ૩૧–૧–૧૩ ની સ્થિતિએ નર્મદા યોજનાના પીવા માટે પાણી છેલ્લા બે વર્ષથી વડોદરા શહેરને આપવામાં આવતુ નથી. પરંતુ સાબરમતી નદીમાં છોડવામાં આવતા નર્મદાના પાણીમાંથી, નર્મદા મુખ્ય નહેરમાંથી અને નર્મદાની ધોળકા શાખા નહેરમાંથી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનને પીવાનું પાણી આપવામાં આવે છે. |
| (૨) વડોદરા, અમદાવાદને કેટલું પાણી આપ્યું, તેની સામે કેટલી રકમ સરકારને લેવાની થાય છે, | (૨) (અ) વડોદરા શહેરને છેલ્લા બે વર્ષમાં પાણી આપવામાં આવેલ નથી. તેથી લેણી રકમનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.<br>(બ) અમદાવાદ શહેરને છેલ્લા બે વર્ષમાં સાબરમતી નદીમાંથી, નર્મદા મુખ્ય નહેરમાંથી અને નર્મદાની ધોળકા શાખા નહેરમાંથી કુલ ૪૯૯.૩૨ મીલીયન ઘન મીટર પાણી આપવામાં આવેલ છે. તેની સામે રૂા. ૮૭.૮૮ કરોડ પાણી ચાર્જ પેટે સરકારશ્રીને લેવાપાત્ર થાય છે. |
| (૩) તે પૈકી કેટલી રકમ મળી, કેટલી રકમ ક્યારથી બાકી છે, અને | (૩) તે પૈકી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન પાસેથી રૂા. ૭૮.૮૦ કરોડ રકમની વસુલાત થયેલ છે અને રૂા. ૯.૦૮ કરોડ છેલ્લા બે વર્ષ પેટે વસુલાતના લેવાના બાકી છે. |
| (૪) આ રકમની વસુલાત કરવા કેવા પગલાં લીધા ? | (૪) આ રકમની ભરપાઇ કરવા અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનને જણાવવામાં આવેલ છે. અને અધિકારીશ્રીઓની સંયુક્ત મીટીંગ યોજી બાકી નાણાંની ચૂકવણી સત્વરે કરવા જણાવવામાં આવે છે. |

---------

## ઉમરગામ તાલુકામાં મંજૂર કરાયેલી જૂથ પાણી પુરવઠા યોજનાઓ

૩૭૭૯ **શ્રી રમણલાલ ના. પાટકર(ઉમરગામ) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧–૨૦૧૩ની સ્થિતિએ ઉમરગામ તાલુકામાં રેલ્વેથી પૂર્વ વિસ્તારનાં ૧૬ ગામોમાં જૂથ પાણી પુરવઠા યોજના મંજૂર કરવામાં આવી છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ યોજના હેઠળ કેટલી રકમ ફાળવવામાં આવી છે અને કામ ક્યારે શરૂ કરવામાં આવશે ? | (૨) –રૂ. ૨૫૩૨.૪૫ લાખ અંદાજીત કિંમત માટે યોજના મંજુર કરવામાં આવેલ છે.<br>–યોજના ટેન્ડર પ્રક્રિયા હેઠળ છે. ટેન્ડર મંજુર થયેથી કામ શરૂ કરવામાં આવશે. |

---------

## સહકારી ખેતી ધિરાણ પરનું વ્યાજ માફી કરવાનો પરિપત્ર

૩૭૬૯ **શ્રી ધીરૂભાઇ ચુ. ભીલ(સંખેડા) : માનનીય સહકાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ સહકારી ખેતી ધિરાણ ઉપરનું વ્યાજ માફ કરવાની જાહેરાત છેલ્લા એક વર્ષમાં ક્યારે કરવામાં આવી, | (૧) તા. ૦૧–૧૦–૨૦૧૨. |
| (૨) સરકાર, આ વ્યાજ માફ કરવાનો પરિપત્ર બહાર | (૨) હા, જી. |

પાડેલ છે કે કેમ, અને

(૩) જો હા, તો તેની વિગતો શી છે ?

(૩) સને ૨૦૧૨–૧૩માં ગુજરાત રાજ્યમાં ચોમાસુ વિલંબથી શરૂ થવાના કારણે ખેડૂતોનો પાક નિષ્ફળ જતાં તા. ૦૧–૦૪–૨૦૧૨ થી તા. ૧૫–૦૮–૨૦૧૨ સુધીમાં ૭ % કે તેથી ઓછા વ્યાજ દરે સહકારી ધિરાણ માળખા દ્વારા પાક ધિરાણ મેળવતા ખેડૂતોને તેઓના પાક ધિરાણ ઉપર ૪ ટકાના દરે વ્યાજ રાહત આપવાનો પરિપત્ર બહાર પાડવામાં આવેલ છે.

---------

**દાહોદ જિલ્લામાં યોજાયેલ લોક દરબાર**

૩૮૪૯ **શ્રી રમેશભાઇ ભુ. કટારા(ફતેપુરા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૧) પ્રજા અને પોલીસ વચ્ચે વિશ્વાસ વધે તે માટે સમયાંતરે સ્થાનિક કક્ષાએ લોકદરબાર યોજવા માટે રાજ્ય સરકારે સૂચના આપેલ છે તે હકીકત ખરી છે, અને | (૧) સમયાંતરે અને છતાં નિયમીત લોકદરબાર યોજવાની સૂચના છે અને તેનો અમલ થાય છે. |
| (૨) જો હા, તો દાહોદ જિલ્લામાં વર્ષ ૨૦૧૧ અને ૨૦૧૨માં કેટલા લોક દરબાર યોજવામાં આવેલ છે ? | (૨) સને–૨૦૧૧ માં–૩૨ અને સને–૨૦૧૨માં –૨૦ લોકદરબાર યોજવામાં આવેલ છે. |

---------

**નવસારી જિલ્લામાં યોજાયેલ લોક દરબાર**

૩૮૫૪ **શ્રી મંગુભાઇ છ. પટેલ(ગણદેવી) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૧) પ્રજા અને પોલીસ વચ્ચે વિશ્વાસ વધે તે માટે સમયાંતરે સ્થાનિક કક્ષાએ લોકદરબાર યોજવા માટે રાજ્ય સરકારે સૂચના આપેલ છે તે હકીકત ખરી છે, અને | (૧) સમયાંતરે અને છતાં નિયમીત લોકદરબાર યોજવાની સૂચના છે અને તેનો અમલ થાય છે. |
| (૨) જો હા, તો નવસારી જિલ્લામાં વર્ષ ૨૦૧૧ અને ૨૦૧૨માં કેટલા લોક દરબાર યોજવામાં આવેલ છે ? | (૨) સને–૨૦૧૧ માં–૪૬ અને સને–૨૦૧૨માં –૪૧ લોકદરબાર યોજવામાં આવેલ છે. |

---------

**જૂનાગઢ જિલ્લાની શિંગોડા નદી પરનાં વીયર–૩ની કામગીરી**

૩૮૩૦ **શ્રી અરવિંદભાઇ કે. લાડાણી(કેશોદ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૧) જૂનાગઢ જિલ્લાની શિંગોડા નદી પરના શિંગોડા વિયર–૩નું બાંધકામ તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ કયા તબક્કે છે, અને | (૧) શિંગોડા વિયર–૩નું સીવીલ કામ પૂર્ણ થયેલ છે. તથા દરવાજાના ઇરેક્શનનાં કામો પ્રગતિ હેઠળ છે. |
| (૨) આ કામ ક્યા સુધીમાં પૂરું કરવામાં આવશે ? | (૨) શક્ય તેટલું વહેલું પૂર્ણ કરવાનું આયોજન છે. |

---------

**ખાનપુર તાલુકાના બામરોડા ગામ પાસે સુજલામ સુફલામ કેનાલના લીકેજથી પાણી ભરાતા બિન ઉપયોગી થયેલી ખેતીની જમીન**

૩૭૭૧ **શ્રી હીરાભાઇ હ. પટેલ(લુણાવાડા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| તા. ૩૧–૧–૨૦૧૩ની સ્થિતિએ પંચમહાલ જિલ્લાના ખાનપુર તાલુકાના બામરોડા ગામ પાસે સુજલામ સુફલામ સ્પ્રેડીંગ કેનાલના લીકેજના કારણે બામરોડા વૈરૈયા અને | નહેરના પાળાઓની સુધારણા / મજબૂતીકરણની કામગીરી સત્વરે હાથ ધરવાનું આયોજન છે. |

આજુબાજુની ઘણીબધી જમીનમાં લીકેજનું પાણી ભરાવાથી ખેતીની જમીન ખેડાણ માટે બિન ઉપયોગી થઇ છે ત્યારે સરકારે આ લીકેજના પાણીના નિકાલનું શું આયોજન કરવા માંગે છે ?

---------

**અમરાપુરા શાખા, વિશાખા અને પ્રશાખા નહેરોના કામો**

૪૪૨૬ **શ્રી રણછોડભાઇ મ. દેસાઇ(પાટણ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ નર્મદા યોજના આધારિત અમરાપુર શાખા નહેર તેમજ તેની વિશાખા અને પ્રશાખા નહેરોના કામો કયા તબક્કે છે, અને,

(૨) આ કામો પૂર્ણ થતાં કેટલાં વિસ્તારને સિંચાઈનો લાભ મળશે, અને

(૩) આ કામો પૂર્ણ કરવાનું આયોજન શું છે?

**જવાબ**

(૧) અમરાપુર શાખા નહેરની કુલ ૫૫.૩૧ કિ.મી. લંબાઈના રૂ઼ા. ૫૮.૦૯ કરોડના કામો મહદઅંશે પૂર્ણ થયેલ છે. તેની વિશાખાના કુલ ૬૧.૯૧ કિ.મી.ની લંબાઈના રૂ. ૩૭.૯૦ કરોડના કામો પૂર્ણતાના આરે છે અને પ્રશાખાના કુલ ૨૮૩.૮૪ કિ.મી.ની લંબાઈના ૭૭.૯૨ કરોડના કામો પ્રગતિમાં છે.

(૨) આ કામો પૂર્ણ થતાં પાટણ અને બનાસકાંઠા જિલ્લાના કુલ ૫૩ ગામોના કુલ ૯૩,૮૧૩ એકર પિયત વિસ્તારને સિંચાઈનો લાભ મળશે.

જેની વિગત નીચે મુજબ છે.

| અ.નં. | જિલ્લાનું નામ | તાલુકાનું નામ | લાભિત ગામોની સંખ્યા | લાભિત વિસ્તાર એકરમાં |
|---|---|---|---|---|
| ૧ | પાટણ | હારીજ | ૦૯ | ૧૩૬૪૯ |
| | | સમી | ૩૮ | ૭૨૮૫૩ |
| | | રાધનપુર | ૦૧ | ૭૬૮ |
| | | સાંતલપુર | ૦૨ | ૪૫૪૨ |
| ૨ | બનાસકાંઠા | કાંકરેજ | ૦૩ | ૨૦૦૧ |
| | | **કુલઃ–** | **૫૩** | **૯૩૮૧૩** |

(૩) કામો વહેલીતકે પૂર્ણ કરવાનું આયોજન છે.

---------

**વાયબ્રન્ટ ગુજરાત સમીટમાં એમ.ઓ.યુ. કર્યા બાદ ખસી ગયેલા ઉદ્યોગો**

૩૯૫૧ **શ્રી શૈલેષ મ. પરમાર(દાણીલીમડા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) વાયબ્રન્ટ સમિટ ગુજરાત ૨૦૦૯ અને ૨૦૧૧માં કયા કયા ઉદ્યોગો એમ.ઓ.યુ. કર્યા પછી તા. ૩૧–૧૨–૨૦૧૨ સુધીમાં ખસી ગયા,

(૨) આવા ઉદ્યોગોએ કેટલા મૂડીરોકાણ માટે એમ.ઓ.યુ. કર્યા હતા, અને

(૩) આ ઉદ્યોગો એમ.ઓ.યુ. કર્યા બાદ ખસી ગયાના શા કારણો છે?

**જવાબ**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ, વાયબ્રન્ટ ગુજરાત ૨૦૦૯ના એમ.ઓ.યુ. પૈકી ૭૮૧ (૨૧.૮૫%) પ્રોજેક્ટ ડ્રોપ થયેલ છે તથા વાયબ્રન્ટ ગુજરાત ૨૦૧૧ના એમ.ઓ.યુ. પૈકી ૧૫૪૨ (૧૮.૪૦%) પ્રોજેક્ટ ડ્રોપ થયેલ છે જેની સેકટરવાર માહિતી **પત્રક** મુજબ છે.

(૨) વાયબ્રન્ટ ગુજરાત ૨૦૦૯નાં ડ્રોપ થયેલ પ્રોજેકટોનું સુચિત મૂડીરોકાણ રૂ. ૨૯૩૧૨૩.૨૭ કરોડ હતું તથા વાયબ્રન્ટ ગુજરાત ૨૦૧૧નાં ડ્રોપ થયેલ પ્રોજેકટોનું સુચિત મુડીરોકાણ રૂ. ૨૫૫૪૮૫.૫૧ કરોડ હતું.

(૩) રોકાણકારો ઘણા બધા પરીબળો જેવા કે બજારની પરિસ્થિતિ, બિઝનેસ પ્લાનમાં ફેરફાર, નાણાકીય તંગી, આર્થિક પોષણક્ષમતામાં ફેરફાર, આંતરરાષ્ટ્રીય મંદી વિગેરે કારણોસર પ્રોજેકટો ડ્રોપ કરતા હોય છે.

તા.૨૦મી માર્ચ, ૨૦૧૩
અતારાંકિત પ્રશ્નો

**પત્રક**

**વાયબ્રન્ટ ગુજરાત–૨૦૦૯**

| અનુ. નં. | સેક્ટરનું નામ | ડ્રોપ પ્રોજેક્ટની સંખ્યા |
|---|---|---|
| ૧ | એગ્રો એન્ડ ફુડ પ્રોસેસીંગ | ૧૪૪ |
| ૨ | બાયોટેકનોલોજી | ૩ |
| ૩ | કેમિકલ એન્ડ પેટ્રોકેમિકલ | ૩૩ |
| ૪ | સીવીલ એવીએશન | ૧૦ |
| ૫ | એજ્યુકેશન | ૨ |
| ૬ | એન્જીનીયરીંગ એન્ડ ઓટો | ૧૩૧ |
| ૭ | એનવાયરમેન્ટ | ૧૪ |
| ૮ | ફાઈનાન્સીયલ સેક્ટર | ૩ |
| ૯ | જેમ્સ એન્ડ જવેલરી | ૪ |
| ૧૦ | જી.એમ.ડી.સી. | ૯ |
| ૧૧ | હેલ્થ કેર | ૦ |
| ૧૨ | ઈન્ડસ્ટ્રીયલ પાર્ક | ૮ |
| ૧૩ | ઈન્ફોર્મેશન ટેકનોલોજી | ૫ |
| ૧૪ | લોજીસ્ટીક | ૩ |
| ૧૫ | મીનરલ બેઈઝ (સિમેન્ટ) | ૨૯ |
| ૧૬ | ઓઈલ એન્ડ ગેસ | ૯ |
| ૧૭ | અન્ય | ૬૪ |
| ૧૮ | પેપર ઈન્ડસ્ટ્રીઝ | ૮ |
| ૧૯ | પી.સી.પી.આઈ.આર. | ૧૨ |
| ૨૦ | ફાર્માસ્યુટીકલ | ૧૯ |
| ૨૧ | પોર્ટ | ૧૮ |
| ૨૨ | પાવર | ૪ |
| ૨૩ | પાવર રીનોવેબલ | ૪૧ |
| ૨૪ | રેલ એન્ડ રોડ પ્રોજેક્ટ | ૩ |
| ૨૫ | સેઝ | ૧૦ |
| ૨૬ | એસ.આઈ.આર. | ૧ |
| ૨૭ | ટેક્ષટાઈલ એન્ડ એપરલ્સ | ૧૫ |
| ૨૮ | ટુરીઝમ | ૮૨ |
| ૨૯ | ટ્રાઈબલ | ૦ |
| ૩૦ | અર્બન ડેવલોપમેન્ટ | ૯૨ |
| ૩૧ | વોટર રીસોર્સીસ | ૫ |
| | **કુલ** | **૭૮૧** |

**પત્રક**

**વાયબ્રન્ટ ગુજરાત–૨૦૧૧**

| અનુ. નં. | સેક્ટરનું નામ | ડ્રોપ પ્રોજેક્ટની સંખ્યા |
|---|---|---|
| ૧ | એગ્રો એન્ડ ફુડ પ્રોસેસીંગ | ૧૨૭ |
| ૨ | બાયોટેકનોલોજી | ૧૦ |
| ૩ | કેમિકલ એન્ડ પેટ્રોકેમિકલ | ૯૦ |
| ૪ | સીવીલ એવીએશન | ૭ |
| ૫ | એજ્યુકેશન | ૦ |
| ૬ | એન્જીનીયરીંગ | ૨૭૬ |
| ૭ | એનવાયરમેન્ટ એન્ડ ફોરેસ્ટ | ૩ |
| ૮ | ફાઈનાન્સીયલ સેક્ટર | ૦ |

| અનુ. નં. | સેકટરનું નામ | ડ્રોપ પ્રોજેક્ટની સંખ્યા |
|---|---|---|
| ૯ | જેમ્સ એન્ડ જવેલરી | ૫ |
| ૧૦ | હેલ્થ કેર | ૧૮ |
| ૧૧ | ઈન્ડસ્ટ્રીયલ પાર્ક | ૨ |
| ૧૨ | ઈન્ફોર્મેશન ટેકનોલોજી | ૩૧ |
| ૧૩ | લોજીસ્ટીક પાર્ક એન્ડ અધર ઈન્ફ્રાસ્ટ્રકચર | ૫ |
| ૧૪ | મિનરલ બેઈઝ (સિમેન્ટ) | ૨૦ |
| ૧૫ | મિનરલ બેઈઝ (GMDC પ્રોજેક્ટ) | ૩૨ |
| ૧૬ | ઓઈલ એન્ડ ગેસ | ૧૩ |
| ૧૭ | અધર | ૩૩૨ |
| ૧૮ | પેપર | ૧૫ |
| ૧૯ | પી.સી.પી.આઈ.આર. | ૪૧ |
| ૨૦ | ફાર્માસ્યુટીકલ | ૧૮ |
| ૨૧ | પોર્ટ એન્ડ પોર્ટ બાસેડ | ૧૧ |
| ૨૨ | પાવર | ૩ |
| ૨૩ | પાવર–રીન્યુએબલ | ૧૫ |
| ૨૪ | રોડ એન્ડ રેલ પ્રોજેક્ટ | ૩ |
| ૨૫ | રૂરલ ડેવલોપમેન્ટ | ૧ |
| ૨૬ | સેઝ | ૫ |
| ૨૭ | સ્કીલ ડેવલોપમેન્ટ | ૧૧ |
| ૨૮ | સ્પેશીયલ ઈન્વેસ્ટમેન્ટ રીલીજન | ૨ |
| ૨૯ | ટેક્ષટાઈલ એન્ડ એપરલ | ૫૦ |
| ૩૦ | ટુરીઝમ | ૨૬૫ |
| ૩૧ | અર્બન ડેવલોપમેન્ટ | ૧૨૮ |
| ૩૨ | વેન્ચ્યુચર અબોર્ડ | ૦ |
| ૩૩ | વોટર રીસોર્સીસ | ૩ |
| | **કુલ** | **૧૫૪૨** |

---------

**નર્મદા યોજનાની વેજપુર શાખા, વિશાખા પ્રશાખાની કામગીરી**

૪૪૨૮ **શ્રી કેશાજી શિ. ચૌહાણ(દિઓદર) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ નર્મદા યોજના આધારિત વેજપુર શાખા નહેર તથા તેની વિશાખા / પ્રશાખાના કામો કયા કામો કયા તબક્કે છે, અને,

(૨) આ કામો પૂર્ણ થતાં કેટલાં ગામોને સિંચાઇનો લાભ મળશે,

**જવાબ**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ વેજપુર શાખા નહેરનું ૨૪ કિ.મી. લંબાઈનું રૂા. ૪૦.૫૭ કરોડનું કામ ૧૧ વિશાખાઓના ૬૫ કિ.મી. લંબાઈના રૂા. ૨૬.૬૨ કરોડના કામો તથા ૫૪ પ્રશાખાઓના ૨૦૧ કિ.મી. લંબાઈના રૂ. ૬૯.૪૬ કરોડના કામો મળીને કુલ રૂા. ૧૩૬.૬૫ કરોડના કામો પ્રગતિમાં છે.

(૨) આ કામો પૂર્ણ થતાં બનાસકાંઠા જિલ્લાના ભાભર તાલુકાના ૨૧ ગામો, વાવ તાલુકાના ૨૯ ગામો તથા દિયોદર તાલુકાના ૧ ગામ મળી કુલ–૫૧ ગામોના ૬૯૨૩૬ એકર વિસ્તારને સિંચાઈનો લાભ મળશે.

---------

**પવિત્ર યાત્રાધામોમાં સીસીટીવી મૂકવા માટેની કામગીરી**

૪૮૯૨ **શ્રી રામસિંહ પ્ર. પરમાર(ઠાસરા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧–૨૦૧૩ની સ્થિતિએ બે વર્ષમાં રાજ્ય સરકાર દ્વારા પવિત્ર કયા યાત્રાધામોમાં સીસીટીવી કેમેરા મૂકવા માટે કઈ કંપનીને ક્યારે કોન્ટ્રાક્ટ આપવામાં આવેલ હતો,

(૨) તે અન્વયે આ કામગીરી પૂર્ણ કરવાની છેલ્લી તારીખ કઈ હતી,

(૩) કયા પવિત્ર યાત્રાધામો ખાતે આ કામગીરી પૂર્ણ કરવામાં આવી, અને

(૪) ઉક્ત સ્થિતિએ કેટલા કામો બાકી છે?

**જવાબ**

(૧) તા.૩૧–૧–૨૦૧૩ની સ્થિતિએ બે વર્ષમાં રાજ્ય સરકાર દ્વારા અંબાજી, દ્વારકા, સોમનાથ અને ડાકોર પવિત્ર યાત્રાધામોમાં સર્વેલન્સ સીસ્ટમ અને સીસીટીવી કેમેરા ગોઠવવા ગુજરાત સરકારની કંપની (એન) કોડ સોલ્યુશન્સને આ વિભાગના તા. ૧૦–૫–૨૦૧૧ના ઠરાવથી આ કામગીરી સોંપવામાં આવી હતી.

(૨) આ કામગીરી પૂર્ણ કરવાની છેલ્લી તારીખ ૧૯–૧–૨૦૧૨ હતી.

(૩) અંબાજી અને સોમનાથ પવિત્ર યાત્રાધામો ખાતે તા. ૭–૬–૨૦૧૨ના રોજ, દ્વારકા પવિત્ર યાત્રાધામ ખાતે તા. ૧૯–૭–૨૦૧૨ના રોજ અને ડાકોર પવિત્ર યાત્રાધામ ખાતે
તા. ૧૨–૩–૨૦૧૩ના રોજ આ કામગીરી પૂર્ણ કરવામાં આવી છે.

(૪) હાલ તમામ જગ્યાએ આ કામગીરી પૂર્ણ થયેલ છે.

–––––––

**મુંદ્રા તાલુકામાં આવેલાં પોલીસ સ્ટેશનો**

૫૧૪૨ **શ્રી તારાચંદ જ. છેડા(માંડવી) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧–૨૦૧૩ની સ્થિતિએ કચ્છ જિલ્લાના મુન્દ્રા તાલુકામાં કેટલા પોલીસ સ્ટેશન આવેલા છે,

(૨) તે પૈકી કેટલા પોલીસ સ્ટેશન કાર્યરત છે, અને

(૩) મુન્દ્રા તાલુકાના મોટા કાંડાગર ગામે પોલીસ સ્ટેસન ખોલવાનું રાજ્ય સરકારનું કોઈ આયોજન છે કે કેમ?

**જવાબ**

(૧) અને (૨) : તા. ૩૧–૧–૨૦૧૩ની સ્થિતિએ કચ્છ જિલ્લાના મુન્દ્રા તાલુકામાં બે પોલીસ સ્ટેશન આવેલા છે બન્ને પોલીસ સ્ટેશન કાર્યરત છે.

(૩) મુન્દ્રા તાલુકાના મોટા કાંડાગર ગામે પોલીસ સ્ટેશન ખોલવા અંગે ગુનાની સંખ્યા અને કામનું ભારણ જોતાં હાલના તબક્કે રાજ્ય સરકારનું કોઈ આયોજન નથી.

–––––––––

**સુરેન્દ્રનગર જિલ્લામાં ખેડૂતોને ટ્રેકટર સહાય**

૩૮૧૮ **શ્રી શામજીભાઇ ભી. ચૌહાણ(ચોટીલા) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) વર્ષ ૨૦૧૨–૧૩માં તા. ૩૧–૧૨–૨૦૧૨ સુધીમાં સરકાર દ્વારા સુરેન્દ્રનગર જિલ્લામાં કેટલા ખેડૂતોને ટ્રેકટર સહાય આપવામાં આવી, અને

(૨) તે પેટે કેટલી રકમ ચૂકવવામાં આવી?

**જવાબ**

(૧) ૯૧૭ ખેડૂતોને.

(૨) રૂ. ૪૫૬.૬૦ લાખ.

–––––––––

**ગૌચર વિકાસ બોર્ડની રચનાની જાહેરાત**

૪૬૩૬ **શ્રી નટવરસિંહ ફુ. ઠાકોર(મહુધા) : માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧–૧૩ની સ્થિતિએ સરકારે ગૌચર વિકાસ બોર્ડની રચના ક્યારે કરી,

(૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ બોર્ડના સભ્યો કોણ કોણ છે, અને

**જવાબ**

(૧) (૨) અને (૩)ના, જી, આવી કોઈ રચના થયેલ નથી. પરંતુ તા. ૩–૮–૧૨ના ઠરાવથી ગૌસેવા આયોગ, ગાંધીનગરની પ્રવૃત્તિનો વ્યાપ વધારી નામાભિધાન બદલીને ગૌસેવા અને ગૌચર વિકાસ બોર્ડ કરેલ છે જેના

(૩) આ બોર્ડ પાસે ઉક્ત સ્થિતિએ ભંડોળ કેટલું છે?

સભ્યોની યાદી સામેલ પત્રક મુજબ છે. અને બોર્ડ પાસે રૂ. ૪,૯૦,૨૬,૯૪૯ (ચાર કરોડ નેવુ લાખ છવ્વીસ હજાર નવસો ઓગણપચાસ) ઉપલબ્ધ છે.

**પત્રક**

| અનુ. નં. | સભ્યોની યાદી |
|---|---|
| ૧ | ચેરમેનશ્રી ગૌસેવા અને ગૌચર વિકાસ બોર્ડ, ગાંધીનગર. |
| ૨ | સચિવશ્રી (પશુપાલન) |
| ૩ | અધિક મુખ્ય સચિવશ્રી (ગૃહ) અથવા તેના પ્રતિનિધિ. |
| ૪ | નાયબ સચિવશ્રી (નાણા વિભાગ) |
| ૫ | સંશોધન નિયામકશ્રી, કૃષિ યુનિવર્સિટી, દાંતીવાડા. |
| ૬ | ચેરીટી કમિશનરશ્રી, અમદાવાદ |
| ૭ | પશુપાલન નિયામકશ્રી, ગુ. રા. ગાંધીનગર. |
| ૮ | મેનેજીંગ ડીરેકટરશ્રી ગુજરાત એગ્રો ઇંડસ્ટ્રીઝ કોર્પોરેશન |
| ૯ | મેનેજીંગ ડીરેકટરશ્રી ગુજરાત એનર્જી ડેવલપમેંટ એજંસી |
| ૧૦ | નાયબ સચિવશ્રી (મહેસૂલ) |
| ૧૧ | સભ્ય સચિવશ્રી ગૌસેવા અને ગૌચર વિકાસ બોર્ડ, ગાંધીનગર. |

---------

## વાંસદા તાલુકાના ઝુજ સિંચાઈ યોજના હેઠળના ગામોને સિંચાઈ સુવિધા

૪૩૮૯ **શ્રી છનાભાઇ કો. ચૌધરી (વાંસદા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૨૭–૧–૨૦૧૩ની સ્થિતિએ નવસારી જિલ્લાનાં વાંસદા તાલુકામાં ઝુજ સિંચાઈ યોજના હેઠળ કેટલા ગામોને સિંચાઈ સુવિધાઓ મળે છે, અને

(૧) ૨૨.

(૨) તે અન્વયે બાકી રહેલાં ગામોને કેટલા સમયમાં આ સિંચાઈ સુવિધા પૂરી પાડવાનું આયોજન છે?

(૨) પાક પદ્ધતિમાં બદલાવ આવવાથી ખેડૂતો બારમાસી અને વધારે પાણીનો વપરાશવાળા પાકો લે છે તેથી પાણીની ઘટ પડે છે. બાકી રહેતો આ વિસ્તાર જુદી જુદી નદીઓ વચ્ચે આવેલો હોઈ નદીઓમાંથી ઉદવહન કરીને ઉપર મુજબના પાકો લે છે.

---------

## જામનગર જિલ્લામાં ખાતેદાર ખેડૂત અકસ્માત વીમા યોજના હેઠળ મળેલ સહાય

૫૦૮૫ **શ્રી રાઘવજી હં. પટેલ(જામનગર ગ્રામ્ય) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) જામનગર જિલ્લામાં સન ૨૦૧૧ અને ૨૦૧૨ના વર્ષમાં ખેડૂત અકસ્માત વીમા યોજના હેઠળ કેટલી અરજીઓ મળી,

(૧) સન ૨૦૧૧માં ૮૮ અરજીઓ.
સન ૨૦૧૨માં ૧૧૩ અરજીઓ.

(૨) તે પૈકી કેટલી અરજીઓમાં સહાય ચુકવવામાં આવી અને કેટલી અરજીઓ નામંજૂર કરવામાં આવી,

(૨) સન ૨૦૧૧માં ૫૩ અરજીઓમાં અને સન ૨૦૧૨માં ૩૩ અરજીઓમાં સહાય ચૂકવવામાં આવી.
સન ૨૦૧૧માં ૧૫ અરજીઓ અને સન ૨૦૧૨માં ૧૦ અરજીઓ નામંજૂર કરવામાં આવી.

(૩) નામંજૂર થવાના શા કારણો છે, અને

(૩) કારણો નીચે મુજબ છે.

- હાર્ટ એટેક હોય તેવી ૧ અરજી,
- આત્મહત્યા હોય તેવી ૩ અરજીઓ,
- ખાતેદાર ખેડૂત ન હોય તેવી ૮ અરજીઓ,

- સીવીલ સર્જનના અપંગતા અંગેના પ્રમાણપત્રના આધારે એક અંગ ગુમાવેલ ન હોય તેવી ૩ અરજીઓ,
- કુદરતી મૃત્યુ હોય તેવી ૪ અરજીઓ
- ડ્રાઈવીંગ લાઇસન્સ રજુ કરેલ ન હોય તેવી ૧ અરજી,
- અરજી સમય મર્યાદા બહાર કરેલ હોય તેવી ૩ અરજી,
- પી.એમ. રીપોર્ટ, પોલીસ તપાસ અહેવાલ, એસ.ડી.એમ. રીપોર્ટ, હક્કપત્રક-૬, એફ.આઈ.આર. વગેરે દસ્તાવેજો રજુ કરેલ ન હોય તેવી ૨ અરજીઓ.

| | |
|---|---|
| (૪) બાકી અરજીઓમાં સહાય ક્યાં સુધીમાં ચૂકવવામાં આવશે? | (૪) ખેડૂત પાસેથી માંગવામાં આવેલ સાધનિક કાગળો મળ્યેથી વીમા નિયામકશ્રી, ગાંધીનગર દ્વારા નિકાલ કરવામાં આવશે. |

---------

## અમરેલી જિલ્લામાં અતિવૃષ્ટિ કે પૂરનો ભોગ બનેલ ખેડૂતોને ચુકવાયેલ વળતર

૫૦૭૯ **શ્રી નલીનભાઇ ના. કોટડીયા(ધારી) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ડિસેમ્બર-૨૦૧૨ અંતીત છેલ્લા ૧ વર્ષમાં અમરેલી જિલ્લામાં અતિવૃષ્ટિ કે પૂરના કારણે કેટલા ખેડૂતોની જમીનને નુકસાન થયેલુ છે, | (૧) અતિવૃષ્ટિ કે પુર આવેલ નથી, જેથી માહિતી શુન્ય છે. |
| (૨) તે પૈકી કેટલા ખેડૂતોને વળતર ચૂકવવામાં આવ્યું છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) બાકી રહેલા ખેડૂતોને ક્યારે વળતર ચૂકવવાનું આયોજન છે? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

## પાટણ જિલ્લામાં યોજાયેલી ખેડૂત શિબિરો

૩૮૧૦ **શ્રી નાગરજી હ. ઠાકોર(રાધનપુર) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પાટણ જિલ્લામાં સન-૨૦૧૨-૧૩ના વર્ષમાં તા. ૩૧-૧૨-૨૦૧૨ સુધીમાં કુલ કેટલી ખેડૂત શિબિરો યોજવામાં આવી, અને | (૧) કુલ-૨૦ ખેડૂત શિબિરો. |
| (૨) આ શિબિરોનો કેટલા ખેડૂતોએ લાભ લીધો? | (૨) કુલ-૧૯૩૪ ખેડૂતો. |

---------

## અમરેલી જિલ્લામાં વાહન ચાલકો પાસેથી સ્થળ સમાધાન પેટે વસુલ કરેલ રકમ

૪૩૮૬ **શ્રી બાવકુભાઇ ના. ઉંઘાડ(લાઠી) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૨૦૧૩ની સ્થિતિએ અમરેલી જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ટ્રાફીક કચેરી દ્વારા ટુ-વ્હીલ થ્રી-વ્હીલ અને ફોર વ્હીલ અને અન્ય વાહન | (૧) તા. ૩૧-૧-૨૦૧૩ની સ્થિતિએ અમરેલી જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં વર્ષવાર સ્થળ સમાધાન પેટે વસુલ કરવામાં આવેલ દંડ |

ચાલકો પાસેથી સ્થળ સમાધાન પેટે કેટલી રકમનો દંડ વસુલ કરવામાં આવ્યો, અને

| વર્ષ | રકમ રૂ઼ા. |
|---|---|
| ૨૦૧૨ | ૫૫,૬૬,૬૩૦/- |
| ૨૦૧૩ | ૩૭,૨૩,૪૪૦/- |

(૨) તે અન્વયે જે વાહનોએ દંડ ન ભરેલ હોય તેવા કેટલા વાહન ચાલકો સામે કેસ કર્યા ?

(૨) દંડ ન ભરેલ હોય તેવા વાહન ચાલકો સામે કેસો

| વર્ષ | કુલ કેસો |
|---|---|
| ૨૦૧૨ | ૧૯૧૬ |
| ૨૦૧૩ | ૧૭૨૭ |

---------

**આણંદ જિલ્લામાં મંજૂર કરાયેલા હેન્ડપંપો**

૩૭૬૫ **શ્રી નિરંજન પટેલ(પેટલાદ) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ આણંદ જિલ્લામાં તાલુકાવાર છેલ્લા એક વર્ષ દરમ્યાન કેટલા હેન્ડપંપો મંજૂર કરવામાં આવ્યા,

(૨) તે અન્વયે કેટલા હેન્ડપંપોનું કામ પૂર્ણ થયું, અને

(૧) અને (૨)

ઉક્ત સ્થિતિએ તાલુકાવાર મંજૂર તેમજ પૂર્ણ થયેલ હેન્ડપંપની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકો | મંજૂર કરેલ હેન્ડપંપ | પૂર્ણ કરેલ હેન્ડપંપ |
|---|---|---|---|
| ૧ | આણંદ | ૪૮ | ૪૪ |
| ૨ | આંકલાવ | ૧૦૦ | ૭૯ |
| ૩ | ઉમરેઠ | ૩૫ | ૧૫ |
| ૪ | ખંભાત | ૧૬ | ૧૬ |
| ૫ | તારાપુર | ૦૩ | ૦૩ |
| ૬ | પેટલાદ | ૨૧ | ૨૧ |
| ૭ | બોરસદ | ૪૩ | ૨૧ |
| ૮ | સોજીત્રા | ૪૯ | ૪૨ |
| | કુલ | ૩૧૫ | ૨૪૧ |

(૩) બાકી રહેતા હેન્ડપંપો કેટલા સમયમાં પૂર્ણ કરી કાર્યરત થશે ?

(૩) બાકી રહેતા ૭૪ હેન્ડપંપો એપ્રિલ-૨૦૧૩ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

---------

**કચ્છ અને રાજકોટ જિલ્લામાં વર્ષવાર લૂંટ, ધાડ, બળાત્કાર અને ખૂનના બનાવો**

૪૧૫૧ **શ્રી મહમદજાવી અ. પીરઝાદા(વાંકાનેર) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) રાજકોટ અને કચ્છ જિલ્લામાં તા. ૩૧-૧-૨૦૧૩ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર લુંટ, ધાડ, બળાત્કાર અને ખૂનના કેટલા બનાવો નોંધાયા,

(૧)

| જીલ્લો | વર્ષ | લૂંટ | ધાડ | બળાત્કાર | ખુન |
|---|---|---|---|---|---|
| રાજકોટ ગ્રામ્ય | ૧-૨-૧૧ થી ૩૧-૧-૧૨ | ૨૧ | ૬ | ૨૪ | ૪૨ |
| | ૧-૨-૧૨ થી ૩૧-૧-૧૩ | ૧૮ | ૫ | ૨૨ | ૫૦ |
| કચ્છ | ૧-૨-૧૧ થી ૩૧-૧-૧૨ | ૨૭ | ૬ | ૨૧ | ૫૫ |
| | ૧-૨-૧૨ થી | ૨૫ | ૬ | ૨૫ | ૪૪ |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| | ૩૧-૧-૧૩ | | | | | |

(૨) ગુનાખોરી વધવાના કારણો શા છે, અને

(૨) ગુનાહિત માનસ તથા આવેશના કારણે.

(૩) ગુનાખોરી વધતા રોકવા શાં પગલાં ભરવામાં આવ્યા છે ?

(૩) લુંટ અને ધાડના બનાવો અટકાવવા પોલીસ દ્વારા દિવસ-રાત સઘન પેટ્રોલીંગ કરવામાં આવે છે. જ્યારે બળાત્કાર અને ખુન જેવા બનાવો અટકાવવા પોલીસ દ્વારા વીલેજ વીઝીટેશન અને ઉચ્ચ અધિકારીઓની પ્રજા સંપર્કની વીઝીટો દરમ્યાન આ સામાજીક સમસ્યામાં જાગૃતિના પ્રયાસો થાય છે.

---------

**એચબી-૭૭૯-૧૧**

**સુરેન્દ્રનગર જિલ્લામાં નર્મદા યોજનાની વલ્લભીપુર શાખા હેઠળનો સિંચાઈનો વિસ્તાર**

૪૪૩૦ **શ્રી પુનમભાઇ કા. મકવાણા(દસાડા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) નર્મદા યોજનાની વલ્લભીપુર શાખા નહેર મારફતે સુરેન્દ્રનગર જિલ્લાના લખતર, લિંબડી અને ચુડા તાલુકામાં કેટલા ગામોને અને કેટલા વિસ્તારમાં સિંચાઈ માટેનો લાભ મળશે, અને

(૧) નર્મદા યોજનાની વલ્લભીપુર શાખા નહેર મારફતે સુરેન્દ્રનગર જિલ્લાના લખતર, લિંબડી અને ચુડા તાલુકામાં કુલ ૫૬ ગામોને અને ૧,૪૭,૧૨૨ એકર વિસ્તારમાં સિંચાઈ માટેનો લાભ મળશે અને જેની વિગત નીચે મુજબ છે.

| **અ.નં.** | **જિલ્લાનું નામ** | **તાલુકાનું નામ** | **લાભિત ગામોની સંખ્યા** | **લાભિત વિસ્તાર એકરમાં** |
|---|---|---|---|---|
| ૧ | સુરેન્દ્રનગર | લખતર | ૧૪ | ૩૭,૪૦૦ |
| | | લિંબડી | ૪૦ | ૧,૦૮,૧૨૪ |
| | | ચુડા | ૨ | ૧૫૯૮ |
| | કુલ | | ૫૬ | ૧,૪૭,૧૨૨ |

(૨) આ વિસ્તારમાં સિંચાઈનો લાભ આપવાનું શું આયોજન છે ?

(૨) વલ્લભીપુર શાખા નહેરની કુલ લંબાઈ ૧૧૮.૭૫ કિ.મી. માં કામગીરી પૂર્ણ થયેલ છે. વિતરણ વ્યવસ્થા નહેરોની ૬૭૦.૧૭ કિ.મી. લંબાઈના રૂ।. ૧૯૩.૮૦ કરોડના કામો પ્રગતિમાં છે.

---------

**બનાસકાંઠા જિલ્લામાં પોલીસ સ્ટેશન તથા પોલીસ ચોકીઓમાં સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ**

૪૭૬૯ **શ્રી મણીલાલ જે. વાઘેલા(વડગામ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) બનાસકાંઠા જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ કેટલાં પોલીસ સ્ટેશનો અને કેટલી પોલીસ ચોકીઓ આવેલી છે,

(૧) બનાસકાંઠા જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ ૨૬ પોલીસ સ્ટેશનો અને ૯ પોલીસ ચોકીઓ આવેલી છે,

(૨) તે દરેકમાં તા. ૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ સંવર્ગવાર કેટલી જગ્યાઓ મંજૂર થયેલ છે,

(૩) તે પૈકી ઉક્ત પોલીસ સ્ટેશનો અને ચોકીઓમાં સંવર્ગવાર કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૨) અને (૩)

* **સામેલ પત્રક મુજબ**

(૪) તે ક્યાં સુધીમાં ભરવામાં આવશે ?

(૪) પોલીસ કોન્સ્ટેબલની ખાલી જગ્યાઓ ભરવા માટે સીધી ભરતીની ભરતી પ્રક્રિયા ચાલું છે. કોન્સ્ટેબલ સંવર્ગમાં પુરતો સ્ટાફ ઉપલબ્ધ થયેથી વહીવટી અનુકુળતા મુજબ બનતી ત્વરાએ કોન્સ્ટેબલની ખાલી જગ્યાઓ ભરવામાં આવશે. એ.એસ.આઈ. તથા હેડ કોન્સ્ટેબલની ખાલી જગ્યાઓ ભરવાની કાર્યવાહી જિલ્લા કક્ષાએ વહીવટી અનુકૂળતા મુજબ સત્વરે પૂર્ણ કરવામાં આવશે. જ્યારે બિનહથિયારી પોલીસ ઈન્સ્પેક્ટર તથા બિન હથિયારી

પોલીસ સબ ઈન્સ્પેકટરની ખાલી જગ્યાઓ ભરવા અંગેની કાર્યવાહી વહીવટી અનુકૂળતા મુજબ સત્વરે પૂર્ણ કરવામાં આવશે.

**(* પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)**

---------

**આણંદ અને ખેડા જિલ્લામાં તાલુકાવાર અકસ્માતગ્રસ્ત ખેડૂતોને વીમા સહાય**

૫૧૦૧ **શ્રી અમીત ચાવડા(આંકલાવ) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧–૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આણંદ અને ખેડા જિલ્લામાં તાલુકાવાર કેટલા ખેડૂતોના અકસ્માતે મૃત્યુ થયા અને કેટલા અપંગ થયા, | (૧) **(* પત્રક–૧ સામેલ છે.)** |
| (૨) આ પૈકી કેટલા ખેડૂતોને વીમાની સહાય ચુકવવામાં આવી, | (૨) **(* પત્રક–૨ સામેલ છે.)** |
| (૩) કેટલી અરજી નામંજૂર કરી, | (૩) **(* પત્રક–૩ સામેલ છે.)** |
| (૪) નામંજૂર કરવાના કારણો શા છે, અને | (૪) **(* પત્રક–૪ સામેલ છે.)** |
| (૫) કેટલી અરજીઓ પડતર છે અને તેના કેટલા સમયમાં નિકાલ કરવામાં આવશે ? | (૫) **(* પત્રક–૫ સામેલ છે.)** સાધનિક કાગળો મળ્યેથી વીમા નિયામકશ્રી, ગાંધીનગર દ્વારા પડતર અરજીઓનો નિકાલ કરવામાં આવશે. |

**(* પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)**

---------

**બાયડ અને માલપુર તાલુકામાં ઔદ્યોગિક વસાહતો સ્થાપવાનું આયોજન**

૩૯૦૪ **શ્રી મહેન્દ્રસિંહ શં. વાઘેલા(બાયડ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લામાં તાલુકાવાર કેટલી અને કઈ કઈ ઔદ્યોગિક વસાહતો આવેલી છે. | (૧) હિંમતનગર તાલુકામાં હિમતનગર, ભિલોડા તાલુકામાં ભિલોડા (વાંકાનેર) માલપુર તાલુકામાં માલપુર, ઈડર તાલુકમાં ઈડર, મોડાસા તાલુકામાં મોડાસા–૧ અને મોડાસા–૨ તલોદ તાલુકામાં તલોદ, તલોદ ઔદ્યોગિક વસાહતો આવેલી છે. |
| (૨) તે પૈકી બાયડ અને માલપુર તાલુકામાં ઔદ્યોગિક વસાહતો ન હોવાના શાં કારણો છે, | (૨) બાયડ તાલુકામાં વસાહતોયોગ્ય સ્થળની ચકાસણીની બાબત પ્રગતિમાં થયેલ છે. માલપુર તાલુકામાં માલપુર મુકામે ઔદ્યોગિક વસાહતની સ્થાપના થયેલ છે. |
| (૩) સરકાર બંન્ને તાલુકાઓમાં નવીન ઔદ્યોગિક વસાહતો બનાવવા માંગે છે કે કેમ, અને | (૩) અને (૪) ઔદ્યોગિક વસાહત સ્થાપવા માટે ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ સ્થળની ચકાસણી કરી યોગ્ય મંજૂરી મેળવી જરૂરી કાર્યવાહી હાથ ધરે છે. |
| (૪) જો હા. તો કેટલા સમયમાં બનાવવા માંગે છે ? | |

---------

તા.૨૦મી માર્ચ, ૨૦૧૩

અતારાંકિત પ્રશ્નો

## શહેરા તાલુકામાં પીવાના પાણીથી વંચિત ગામોના પેટા ફળિયા

૪૪૪૨ **શ્રી જેઠાભાઇ ઘે. આહીર(ભરવાડ) (શહેરા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) પંચમહાલ જિલ્લામાં શહેરા તાલુકામાં પાનમ અને વણાકબોરી જૂથ પાણી પુરવઠા યોજના હેઠળ તા. ૩૧–૧–૨૦૧૩ ની સ્થિતિએ ગામોના પેટા ફળિયાને પાણી મળતું નથી તે હકીકત સાચી છે, | (૧) પાનમ જુથ યોજનાના સમાવિષ્ટ ૪૪ ગામ, ૬૨ પેટા ફળિયાઓ પૈકી ૪૩ ગામ, ૫૫ ફળિયાઓને યોજનામાંથી પાણી આપવામાં આવે છે જ્યારે ૧ ગામ, ૭ ફળિયા હાલ હેન્ડ પંપ દ્વારા પાણી મેળવે છે.<br>વણાકબોરી જુથ યોજનાના સમાવિષ્ટ ૩૮ ગામ, ૬૯ પેટા ફળિયાઓ પૈકી ૨૯ ગામ, ગામ ૩૯ ફળિયાઓ યોજનામાંથી પાણી આપવામાં આવે છે. જ્યારે ૮ ગામ, ૩૦ ફળિયા હાલ હેન્ડ પંપ દ્વારા પાણી મેળવે છે. ૧ ગામ બિનવસવાટી છે. |
| (૨) તે પૈકી કેટલા ગામોમાં સંપ ક્યારથી બનાવેલ છે, | (૨) પાનમ જુથ યોજનાના ઉક્ત ૧ ગામમાં તા. ૦૨–૧૨–૨૦૦૮ થી તેમજ વણાકબોરી જુથ યોજનાના ઉક્ત ૮ ગામોમાં તા. ૮–૨–૨૦૧૨થી સંપ બનાવેલ છે. |
| (૩) સંપ હોવા છતાં ઉક્ત પેટા ફળિયાને ઉક્ત સ્થિતિએ પાણી ન આપવાના કારણ શું છે, અને | (૩)<br>– પાનમ હાઈ લેવલ કેનાલની કામગીરીના લીધે મેઈન પાઈપલાઈનને નુકશાન થવાથી<br>– ગામનો રોડ પહોળો કરવાની કામગીરીને લીધે મેઈન પાઈપલાઈનને નુકશાન થવાથી.<br>– વિજ જોડાણ ન મળવાનાં કારણે<br>– યોજનાના છેવાડાના ગામે પૂરતું પ્રેશર ન મળવાને કારણે |
| (૪) આવા પાણીથી વંચિત પેટા–ફળિયાને કેટલા સમયમાં પાણી આપવામાં આવશે ? | (૪) વિજ કનેકશન મળેથી વહેલામાં વહેલી તકે તબક્કાવાર પાણી આપવાનું આયોજન છે. |

--------

## રાજયમાં ઉત્પાદિત કપાસના મોટા જથ્થાને પ્રોસેસીંગ માટે અન્યત્ર મોકલવા બાબત

૪૦૯૫ **શ્રી મુકેશભાઇ ઝી. પટેલ(ઓલપાડ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ રાજ્યમાં ઉત્પાદન થતા કપાસનો ૯૦ ટકાથી વધારે જથ્થો પ્રોસેસીંગની પ્રક્રિયા માટે રાજ્ય બહાર જાય છે તે હકીકત સાચી છે, અને | (૧) હા. |
| (૨) જો હા, તો તેને રાજ્ય બહાર જતો રોકવા રાજ્ય સરકારે શાં પગલાં ભર્યા છે? | (૨) રાજ્ય બહાર જતો રોકવા રાજ્ય સરકારશ્રી દ્વારા ઉદ્યોગ અને ખાણ વિભાગના ઠરાવ ક્રમાંકઃ ટીઈએક્સ–૧૦૨૦૧૨–૬૫૧૧૭–ટ, તા. ૦૫–૦૯–૨૦૧૨ થી ગુજરાત ટેક્ષટાઈલ પોલિસી–૨૦૧૨ જાહેર કરવામાં આવેલ છે. |

---------

**રાજપુરા શાખા, પ્રશાખા અને વિશાખા નહેરોની કામગીરી**

૪૪૨૫ **શ્રી દિલીપકુમાર વી. ઠાકોર(ચાણસ્મા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ નર્મદા યોજના આધારિત રાજપુરા શાખા નહેર તેમજ તેની વિશાખા અને પ્રશાખા નહેરોના કામો કયા તબક્કે છે,

(૨) આ કામો પૂર્ણ થતાં કેટલાં વિસ્તારને સિંચાઈનો લાભ મળશે, અને

(૩) આ કામો પૂર્ણ કરવાનું આયોજન શું છે ?

**જવાબ**

(૧) રાજપુરા શાખા નહેરના કૂલ ૪૨.૪૫ કિ.મી. લંબાઈના રૂ઼ા. ૪૨.૪૦ કરોડના કામો પૂર્ણ થયેલ છે, તેની વિશાખાની કુલ ૧૦૨.૧૮ કિ.મી. લંબાઈના રૂ઼ા. ૩૭.૭૭ કરોડના કામો પૂર્ણ થવાના આરે છે અને પ્રશાખાની કુલ ૩૫૭.૭૨ કિ.મી. લંબાઈના રૂ઼ા. ૬૭.૭૨ કરોડના કામો પ્રગતિમાં છે.

(૨) આ કામો પૂર્ણ થતાં પાટણ જિલ્લાનાં ૬૦ ગામોના કુલ ૧,૧૭,૩૫૩ એકર વિસ્તારને સિંચાઈનો લાભ મળશે. જેની વિગત નીચે મુજબ છે.

| અ.નં. | જિલ્લાનું નામ | તાલુકાનું નામ | લાભિત ગામોની સંખ્યા | લાભિત વિસ્તાર એકરમાં |
|---|---|---|---|---|
| ૧ | પાટણ | સમી<br>હારીજ | ૪૦<br>૨૦ | ૯૬૮૨૮<br>૨૦૫૨૫ |
| :- | | **કુલ** | **૬૦** | **૧૧૭૩૫૩** |

(૩) કામો વહેલીતકે પૂર્ણ કરવાનું આયોજન છે.

---------

**કઠલાલ તાલુકાના અપ્રુજી નારપુરા–મડોદરા રસ્તાને જોડતા નર્મદા મુખ્ય નહેર ઉપરના પુલના છેડા મેટલ સપાટીના હોવા બાબત**

૪૧૯૩ **શ્રી માનસિંહ કો. ચૌહાણ(બાલાસિનોર) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧–૨૦૧૩ની સ્થિતિએ કઠલાલ તાલુકાના અપ્રુજીથી નારપુરા–મડાદરા રોડને જોડતા રસ્તા વચ્ચે નર્મદા મુખ્ય નહેર ઉપર બાંધેલા બ્રિજના બંને છેડા મેટલ સપાટીના છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો આ મેટલ સપાટીના રસ્તાને કેટલા સમયમાં ડામર સપાટી કરવામાં આવશે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) આ કામનો ઈજારો આપી દીધેલ છે અને કામ મે–૨૦૧૩ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

---------

**ગાંધીનગર જિલ્લામાં યોજાયેલ લોક દરબાર**

૩૮૫૦ **શ્રી શંભુજી એ. ઠાકોર(ગાંધીનગર–દક્ષિણ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) પ્રજા અને પોલીસ વચ્ચે વિશ્વાસ વધે તે માટે સમયાંતરે સ્થાનિક કક્ષાએ લોકદરબાર યોજવા માટે રાજય સરકારે સૂચના આપેલ છે તે હકીકત ખરી છે, અને

(૨) જો હા, તો ગાંધીનગર જિલ્લામાં વર્ષ ૨૦૧૧ અને ૨૦૧૨ માં કેટલા લોક દરબાર યોજવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) સમયાંતરે અને છતાં નિયમિત લોકદરબાર યોજવાની સૂચના છે અને તેનો અમલ થાય છે.

(૨) સને–૨૦૧૧ માં–૧૨૦ અને સને–૨૦૧૨માં–૧૩૪ લોકદરબાર યોજવામાં આવેલ છે.

---------

**અમદાવાદ જિલ્લામાં પોલીસ કર્મચારી–અધિકારીની આરોગ્ય ચકાસણી**

તા.૨૦મી માર્ચ, ૨૦૧૩

અતારાંકિત પ્રશ્નો

૩૮૭૨ **શ્રી કિશોરસિંહ બા. ચૌહાણ(વેજલપુર) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) રાજય સરકારે પોલીસ કલ્યાણની નીતિ અપનાવીને પોલીસ ખાતામાં ફરજ બજાવતા તમામ કર્મચારી–અધિકારીઓના આરોગ્ય ચકાસણીની સૂચના આપી હોવાની હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર અમદાવાદ જિલ્લામાં કેટલા પોલીસ કર્મચારી–અધિકારીઓની આરોગ્ય ચકાસણી થઈ છે ?

**જવાબ**

(૧) હા જી.

રાજય સરકારની પોલીસ કલ્યાણની નીતિના અનુસંધાને પો.મ.નિ. અને મુ.પો. અ.શ્રી. ગુ.રા.ના ૨૫–૦૨–૨૦૦૪ ના પત્રથી પોલીસ ખાતામાં ફરજ બજાવતાં તમામ કર્મચારી–અધિકારીઓના આરોગ્ય ચકાસણી ની સૂચનાઓ આપવામાં આવેલ છે.

(૨)

| **વર્ષ** | **કર્મચારી /અધિકારીની સંખ્યા** | | |
|---|---|---|---|
| | **અમદાવાદ શહેર** | **અમદાવાદ ગ્રામ્ય** | **કુલ** |
| ૨૦૧૧ | ૭૩૪૧ | ૭૮૩ | ૮૧૨૪ |
| ૨૦૧૨ | ૭૫૧૦ | ૪૨૪ | ૭૯૩૪ |

**એચબી–૭૭૯–૧૨**

---------

**રાજકોટ જિલ્લામાં સરદાર પટેલ સહભાગી સિંચાઈ યોજના હેઠળ બનાવેલ ચેકડેમ**

૩૮૩૨ **શ્રી કાંતિલાલ શી. અમૃતિયા(મોરબી) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ રાજકોટ જિલ્લામાં સરદાર પટેલ સહભાગી સિંચાઈ યોજના હેઠળ ૨૦૧૨–૧૩ ના વર્ષમાં કેટલા ચેકડેમ બાંધવામાં આવેલા છે, અને

(૨) તેની પાછળ કુલ કેટલો ખર્ચ થયેલ છે ?

**જવાબ**

(૧) ૨૦૭ ચેકડેમ બાંધવામાં આવેલા છે.

(૨) રૂ।. ૭૬૧.૯૯ લાખ.

---------

**જૂનાગઢ જિલ્લામાં કાર્યરત પશુચિકિત્સા સંબંધી વિવિધ સંસ્થાઓ**

૩૯૨૯ **શ્રી જસાભાઇ ભા. બારડ(સોમનાથ) : માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) વર્ષ–૨૦૧૧ અને વર્ષ–૨૦૧૨માં જૂનાગઢ જિલ્લામાં કેટલા સ્થાયી પશુ દવાખાના ફરતા પશુ દવાખાના વિવિધલક્ષી પશુ સારવાર એકમ અને પશુરોગ અન્વેષણ એકમો કાર્યરત છે, અને

(૨) આ પશુ સારવાર સંસ્થાઓમાં તા. ૩૧–૧–૨૦૧૩ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં શી કામગીરી થયેલ છે ?

**જવાબ**

(૧)

| **એકમ** | **વર્ષ** | **વર્ષ** |
|---|---|---|
| | **૨૦૧૧** | **૨૦૧૨** |
| સ્થાયી પશુ દવાખાના | ૪૨ | ૪૪ |
| ફરતા પશુ દવાખાના વિવિધ લક્ષી પશુ | ૧ | ૧ |
| વિવિધ લક્ષી પશુ સારવાર એકમ | ૧ | ૧ |
| પશુરોગ અન્વેષણ એકમ | ૧ | ૧ |

(૨) વિવિધ પશુ રોગોની સારવાર, ઓપરેશન, રસીકરણ, ખસીકરણ, કૃત્રિમ બીજદાન, પશુઆરોગ્ય કેમ્પ, પશુ–પક્ષી મરણોત્તર તપાસ, રોગ નિદાન કામગીરી ઉપરાંત યોજનાકીય કામગીરી થયેલ છે.

---------

**પશ્ચિમ કચ્છ પોલીસ વિભાગમાં મંદિરો, બેંક, વાડી વિસ્તારમાં ખૂન, લૂંટ, અને બળાત્કાર બનાવો**

૪૧૪૧ **શ્રી છબીલભાઇ ના. પટેલ(અબડાસા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧–૨૦૧૩ની સ્થિતિએ પશ્ચિમ કચ્છ પોલીસ વિભાગમાં છેલ્લા બે વર્ષમાં મંદિરો–બેંકો અને વાડી વિસ્તારોમાં વર્ષવાર ખૂન, લૂંટ, ધાડ, બળાત્કારના કેટલા બનાવો નોંધાયા,

(૨) તે પૈકી કેટલા ગુનામાં આરોપી પકડાયા અને

(૩) કેટલા ગુનામાં આરોપી પકડવાના બાકી છે ?

**જવાબ**

(૧)

| બનાવો | તા. ૧–૨–૧૧ થી તા. ૩૧–૧–૧૨ | તા. ૧–૨–૧૨ થી તા. ૩૧–૧–૧૩ |
|---|---|---|
| ખૂન | ૧ | ૩ |
| લૂંટ | ૧ | ૧ |
| ધાડ | ૦ | ૧ |
| બળાત્કાર | ૧ | ૦ |

(૨) ૮ ગુનામાં ૧૩ આરોપી પકડાયા.

(૩) એક પણ આરોપી પકડવાનો બાકી નથી.

---------

**દાહોદ જિલ્લામાં મંજૂર કરાયેલી મીની પાણી પુરવઠા યોજનાઓ**

૪૬૧૭ **શ્રીમતી ચંદ્રીકાબેન છ. બારીયા(ગરબાડા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) સને ૨૦૧૧–૧૨માં દાહોદ જિલ્લામાં ટ્રાયબલ એરીયામાં સબ પ્લાન હેઠળ કેટલી મીની પાણી પુરવઠા યોજનાઓ મંજૂર કરવામાં આવી,

(૨) તે અન્વયે તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ કેટલી યોજનાઓ પૂર્ણ કરવામાં આવી, અને

(૩) બાકી રહેતી કામગીરી કેટલા સમયમાં પૂર્ણ થશે ?

**જવાબ**

(૧) ૨૪૪ મીની પાણી પુરવઠા યોજનાઓ.

(૨) ૨૩૦ મીની પાણી પુરવઠા યોજનાઓ.

(૩) બાકી રહેતી ૧૪ મીની પાણી પુરવઠા યોજનાઓ મે–૨૦૧૩ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

---------

**સચિવાલયમાં નાયબ સેકશન ઓફીસરની ખાલી જગ્યાઓ**

૫૧૧૧ **શ્રી અશ્વિન કોટવાલ(ખેડબ્રહમા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧–૨૦૧૩ની સ્થિતિએ સચિવાલયમાં નાયબ સેકશન ઓફીસરની કેટલી જગ્યાઓ ખાલી છે,

(૨) તે પૈકી ડાયરેક્ટ ભરતીથી કેટલી, બઢતીથી ભરવાની કેટલી અને સેમી ડાયરેક્ટથી ભરવાની કેટલી જગ્યાઓ ખાલી છે,

(૩) આ જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે,

(૪) આ જગ્યાઓ ખાલી રહેવાના કારણો શાં છે, અને

(૫) આ જગ્યાઓ કયારે ભરવામાં આવશે ?

**જવાબ**

(૧) કૂલ મંજૂર જગ્યાઓ ૧૪૬૨ પૈકી ૩૩૧ જગ્યા ખાલી છે.

(૨) સીધી ભરતી– ૧૦૭
બઢતી– ૫૩
સેમી ડાયરેક્ટ– ૧૭૧

(૩) આ જગ્યાઓ સમયાંતરે બદલી/બઢતી કે નિવૃત્તિથી ખાલી પડે છે. તે જ રીતે બઢતી/બદલી/સીધી ભરતીથી ભરાતી હોય છે. આ પ્રક્રિયા સતત ચાલતી હોઈ આ જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે. તેનો કોઈ ચોક્કસ સમય દર્શાવી શકાય નહીં.

(૪) વહીવટી કારણોસર.

(૫) વહીવટી પ્રક્રિયા પૂર્ણ થયે.

---------

તા.૨૦મી માર્ચ, ૨૦૧૩
અતારાંકિત પ્રશ્નો

**દાહોદ જિલ્લામાં ખેડૂતોને જીપ્સમ સહાય**

૩૮૦૭ **શ્રી બચુભાઇ મ. ખાબડ(દેવગઢબારીયા) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) દાહોદ જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ કેટલા ખેડૂતોને જીપ્સમ સહાય આપવામાં આવી, અને | (૧) કુલ ૨૮૭૬ ખેડૂતોને. |
| (૨) આ પેટે કેટલી રકમ ચૂકવવામાં આવી ? | (૨) રૂપિયા ૧૦,૩૫,૦૦૦/–. |

---------

**વાયબ્રન્ટ સમીટ ૨૦૦૯ અને ૨૦૧૧માં મૂડીરોકાણ માટે કરાયેલા એમ.ઓ.યુ.**

૫૧૪૭ **શ્રી રમેશભાઇ મ. ચાવડા(કડી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વાયબ્રન્ટ સમિટ–૨૦૦૯ અને ૨૦૧૧માં જુદા જુદા ક્ષેત્રે મૂડી રોકાણના કેટલા એમ.ઓ.યુ. કરવામાં આવ્યા, | (૧) વાયબ્રન્ટ ગુજરાત ૨૦૦૯માં કુલ ૩૫૭૪ પ્રોજેક્ટ માટે ૩૩૪૬ એમ.ઓ.યુ. કરવામાં આવેલ તથા વાયબ્રન્ટ ગુજરાત ૨૦૧૧માં કુલ ૮૩૮૦ એમ.ઓ.યુ. કરવામાં આવેલ હતાં. જેની સેક્ટરવાર એમ.ઓ.યુ.ની માહિતી **પત્રક** મુજબ છે. |
| (૨) તે પૈકી કેટલા ઉદ્યોગોમાં મુડી રોકાણ કરવામાં આવ્યું, અને | (૨) તે પૈકી તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ વાયબ્રન્ટ ગુજરાત ૨૦૦૯માં ૧૮૭૬ પ્રોજેક્ટ કમીશન્ડ થયેલ છે અને ૬૨૩ પ્રોજેક્ટ અમલીકરણ હેઠળ છે. તેમજ વાયબ્રન્ટ ગુજરાત ૨૦૧૧માં ૨૯૦૫ પ્રોજેક્ટ કમીશન્ડ થયેલ છે અને ૧૪૧૭ પ્રોજેક્ટ અમલીકરણ હેઠળ છે. |
| (૩) આ ઉદ્યોગો થકી કેટલી રોજગારી આપવાનો અંદાજ હતો ? | (૩) વાયબ્રન્ટ ગુજરાત ૨૦૦૯ના કમીશન્ડ થયેલ અને અમલીકરણ હેઠળના પ્રોજેક્ટોમાં સુચિત સીધી અને આડકતરી રોજગારી ૧૧,૬૮,૬૬૫ તથા વાયબ્રન્ટ ગુજરાત ૨૦૧૧ના કમીશન્ડ થયેલ અને અમલીકરણ હેઠળના પ્રોજેક્ટોમાં સુચિત સીધી અને આડકતરી રોજગારી ૧૨,૧૫,૫૩૩ નો અંદાજ હતો. |

**પત્રક**

**વાયબ્રન્ટ ગુજરાત–૨૦૦૯**

| અ. નં. | સેક્ટરનું નામ | એમ.ઓ.યુ.ની સંખ્યા | કુલ પ્રોજેક્ટ |
|---|---|---|---|
| ૧ | એગ્રો એન્ડ ફુડ પ્રોસેસીંગ | ૪૨૧ | ૪૨૧ |
| ૨ | બાયોટેકનોલોજી | ૩૩ | ૩૩ |
| ૩ | કેમિકલ એન્ડ પેટ્રોકેમિકલ | ૨૨૫ | ૨૨૫ |
| ૪ | સીવીલ એવીએશન | ૧૩ | ૧૩ |
| ૫ | એજ્યુકેશન | ૧૦૦ | ૧૦૦ |
| ૬ | એન્જીનીયરીંગ એન્ડ ઓટો | ૬૫૧ | ૭૦૮ |
| ૭ | એનવાયરમેન્ટ | ૩૬ | ૪૭ |
| ૮ | ફાઈનાન્સીયલ સેક્ટર | ૮ | ૮ |
| ૯ | જેમ્સ એન્ડ જવેલરી | ૧૭ | ૧૯ |
| ૧૦ | જી.એમ.ડી.સી. | ૧૪ | ૧૪ |
| ૧૧ | હેલ્થ કેર | ૩૬ | ૩૬ |
| ૧૨ | ઈન્ડસ્ટ્રીયલ પાર્ક | ૧૭ | ૧૭ |
| ૧૩ | ઈન્ફોર્મેશન ટેકનોલોજી | ૨૯ | ૨૯ |

| અ. નં. | સેક્ટરનું નામ | એમ.ઓ.યુ.ની સંખ્યા | કુલ પ્રોજેક્ટ |
|---|---|---|---|
| ૧૪ | લોજીસ્ટીક | ૮ | ૮ |
| ૧૫ | મીનરલ બેઈઝ (સિમેન્ટ) | ૧૧૪ | ૧૧૪ |
| ૧૬ | ઓઈલ એન્ડ ગેસ | ૪૮ | ૪૮ |
| ૧૭ | અન્ય | ૪૫૮ | ૪૫૮ |
| ૧૮ | પેપર ઈન્ડસ્ટ્રીઝ | ૩૪ | ૩૪ |
| ૧૯ | પી.સી.પી.આઈ.આર. | ૯૮ | ૯૮ |
| ૨૦ | ફાર્માસ્યુટીકલ | ૧૧૩ | ૧૧૩ |
| ૨૧ | પોર્ટ | ૫૨ | ૫૨ |
| ૨૨ | પાવર | ૪૪ | ૪૪ |
| ૨૩ | પાવર રીનોવેબલ | ૭૧ | ૭૧ |
| ૨૪ | રેલ એન્ડ રોડ પ્રોજેક્ટ | ૭ | ૬૦ |
| ૨૫ | સેઝ | ૧૮ | ૧૯ |
| ૨૬ | એસ.આઈ.આર. | ૩ | ૩ |
| ૨૭ | ટેક્ષટાઈલ એન્ડ એપરલ્સ | ૨૭૯ | ૨૭૯ |
| ૨૮ | ટુરીઝમ | ૧૧૦ | ૧૬૦ |
| ૨૯ | ટ્રાઈબલ | ૧૯ | ૧૯ |
| ૩૦ | અર્બન ડેવલોપમેન્ટ | ૨૬૨ | ૩૧૬ |
| ૩૧ | વોટર રીસોર્સીસ | ૮ | ૮ |
| | **કુલ** | **૩૩૪૬** | **૩૫૭૪** |

તા.૨૦મી માર્ચ, ૨૦૧૩
અતારાંકિત પ્રશ્નો

**પત્રક**
**વાયબ્રન્ટ ગુજરાત – ૨૦૧૧**

| **અનુ. નં.** | **સેક્ટરનું નામ** | **એમ.ઓ.યુ./પ્રોજેક્ટની સંખ્યા** |
|---|---|---|
| ૧ | એગ્રો એન્ડ ફુડ પ્રોસેસીંગ | ૧૦૪૮ |
| ૨ | બાયોટેકનોલોજી | ૫૦ |
| ૩ | કેમિકલ એન્ડ પેટ્રોકેમિકલ | ૩૪૦ |
| ૪ | સીવીલ એવીએશન | ૨૦ |
| ૫ | એજ્યુકેશન | ૯૬ |
| ૬ | એન્જીનીયરીંગ | ૧૬૪૫ |
| ૭ | એનવાયરમેન્ટ એન્ડ ફોરેસ્ટ | ૮૫ |
| ૮ | ફાઈનાન્સીયલ સેક્ટર | ૨૧ |
| ૯ | જેમ્સ એન્ડ જ્વેલરી | ૨૧ |
| ૧૦ | હેલ્થ કેર | ૧૫૯ |
| ૧૧ | ઈન્ડસ્ટ્રીયલ પાર્ક | ૪૯ |
| ૧૨ | ઈન્ફોર્મેશન ટેકનોલોજી | ૧૨૩ |
| ૧૩ | લોજીસ્ટીક પાર્ક એન્ડ અધર ઈન્ફ્રાસ્ટ્રક્ચર | ૧૭ |
| ૧૪ | મીનરલ બેઈઝ (સિમેન્ટ) | ૧૨૫ |
| ૧૫ | મીનરલ બેઈઝ (GMDC પ્રોજેક્ટ) | ૭૮ |
| ૧૬ | ઓઈલ એન્ડ ગેસ | ૭૨ |
| ૧૭ | અધર | ૧૪૦૪ |
| ૧૮ | પેપર | ૧૦૦ |
| ૧૯ | પી.સી.પી.આઈ.આર. | ૧૯૭ |
| ૨૦ | ફાર્માસ્યુટીકલ | ૧૭૬ |
| ૨૧ | પોર્ટ એન્ડ પોર્ટ બાસેડ | ૯૮ |
| ૨૨ | પાવર | ૬૫ |
| ૨૩ | પાવર – રીન્યુએબલ | ૭૯ |
| ૨૪ | રોડ એન્ડ રેલ પ્રોજેક્ટ | ૩૭ |
| ૨૫ | રૂરલ ડેવલોપમેન્ટ | ૫૮ |
| ૨૬ | સેઝ | ૨૩ |
| ૨૭ | સ્કીલ ડેવલોપમેન્ટ | ૨૦૮ |
| ૨૮ | સ્પેશીયલ ઈન્વેસ્ટમેન્ટ રીલીજન | ૧૯ |
| ૨૯ | ટેક્ષટાઈલ એન્ડ એપરલ | ૬૭૪ |
| ૩૦ | ટુરીઝમ | ૫૭૮ |
| ૩૧ | અર્બન ડેવલોપમેન્ટ | ૬૬૪ |
| ૩૨ | વેન્ચુર અબોર્ડ | ૩ |
| ૩૩ | વોટર રીસોર્સીસ | ૪૮ |
| | **કુલ** | **૮૩૮૦** |

---------

## અમરેલી જિલ્લામાં સંવર્ગવાર મંજુર થયેલું પોલીસનું મહેકમ

૩૯૨૨ **શ્રી પરેશ ધાનાણી(અમરેલી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૧૨ની સ્થિતિએ અમરેલી જિલ્લામાં પોલીસ વિભાગમાં સંવર્ગવાર મંજૂર થયેલ જગ્યાઓ કેટલી છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી કેટલી જગ્યાઓ ખાલી છે ?

**જવાબ**

(૧) અને (૨) : તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ અમરેલી જિલ્લામાં પોલીસ વિભાગમાં સંવર્ગવાર મંજુર થયેલી જગ્યા અને ખાલી જગ્યાની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | સંવર્ગ | મંજુર થયેલ જગ્યા | ખાલી જગ્યા |
|---|---|---|---|
| ૧ | બિનહથિયારી પોલીસ ઈન્સ્પેક્ટર | ૧૧ | ૪ |
| ૨ | મહીલા પોલીસ ઈન્સ્પેક્ટર | ૦૧ | ૦૧ |
| ૩ | બિનહથિયારી પોલીસ સબ ઈન્સ્પેક્ટર | ૩૯ | ૩ |
| ૪ | બિનહથિયારી આસીસ્ટન્ટ સબ ઈન્સ્પેક્ટર | ૧૬૩ | ૭ |
| ૫ | હથિયારી આસીસ્ટન્ટ સબ ઈન્સ્પેક્ટર | ૫૧ | ૧ |
| ૬ | મહિલા આસીસ્ટન્ટ સબ ઈન્સ્પેક્ટર | ૧૩ | ૦ |
| ૭ | બિન હથિયારી હેડ કોન્સ્ટેબલ | ૧૫૬ | ૧૨ |
| ૮ | હથિયારી હેડ કોન્સ્ટેબલ | ૧૦૭ | ૫ |
| ૯ | મહિલા હેડ કોન્સ્ટેબલ | ૨૦ | ૧ |
| ૧૦ | બિનહથિયારી પોલીસ કોન્સ્ટેબલ | ૩૮૮ | ૭૮ |
| ૧૧ | હથિયારી પોલીસ કોન્સ્ટેબલ | ૫૭૬ | ૧૭૦ |
| ૧૨ | મહિલા પોલીસ કોન્સ્ટેબલ | ૮૨ | ૩૩ |
| | **કુલ** | **૧૬૦૭** | **૩૧૫** |

---------

## ગુજરાત ગૌણ સેવા મંડળ દ્વારા થતી ભરતી પ્રક્રિયામાં થતી ગેરરીતિઓની ફરિયાદો

૪૯૨૫ **શ્રીમતી તેજશ્રીબેન દિ. પટેલ(વિરમગામ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ગુજરાત ગૌણ સેવા મંડળ દ્વારા થતી ભરતી પ્રક્રિયામાં થતી ગેરરીતિઓની કેટલી ફરિયાદ સરકારને મળી, અને

(૨) મળેલ ફરિયાદ પૈકી ગેરરીતિ અટકાવવા સરકારે શી કાર્યવાહી કરી ?

**જવાબ**

(૧)

| | |
|---|---|
| તા. ૧–૧–૨૦૧૧ થી તા. ૩૧–૧૨–૨૦૧૧ | – શૂન્ય |
| તા. ૧–૧–૨૦૧૨ થી તા. ૩૧–૧૨–૨૦૧૨ | – ૧૪ (ચૌદ) |

(૨) મળેલ ફરિયાદોની ચકાસણી ચાલુ છે.

---------

તા.૨૦મી માર્ચ, ૨૦૧૩

અતારાંકિત પ્રશ્નો

**વિરમગામ-૧ તથા વિરમગામ-૨ શાખા નહેર, વિશાખા અને પ્રશાખા નહેરની કામગીરી**

૪૪૨૪ **શ્રી બાબુભાઈ જ. પટેલ(દસક્રોઈ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૨૦૧૨ની સ્થિતિએ નર્મદા યોજના આધારિત વિરમગામ-૧ અને વિરમગામ-૨ શાખા નહેર તેમજ તેની વિશાખા અને પ્રશાખા નહેરોના કામો કયા તબક્કે છે**,**

(૨) આ કામો પૂર્ણ થતાં કેટલાં વિસ્તારને સિંચાઈનો લાભ મળશે**,** અને

(૩) આ કામો પૂર્ણ કરવાનું આયોજન શું છે ?

**જવાબ**

(૧) વિરમગામ-૧ અને વિરમગામ-૨ શાખા નહેરની કુલ ૫૬.૦૩૭ કિ.મી.ની લંબાઈના રૂા. ૩૨.૫૦ કરોડના તથા તેની વિશાખાની કુલ ૬૯.૬૯૪ કિ.મી. લંબાઈના રૂા. ૧૫.૯૨૯ કરોડના કામો પૂર્ણ થયેલ છે. તેની પ્રશાખાના કુલ ૩૮૦.૩૫૮ કિ.મી. લંબાઈના રૂા. ૬૭.૬૧ કરોડના કામો પ્રગતિમાં છે.

(૨) આ કામો પૂર્ણ થતાં ૩ જિલ્લાનાં ૯૨ ગામોના કુલ ૯૦**,**૮૭૯ એકર વિસ્તારને સિંચાઈનો લાભ મળશે. જેની વિગત નીચે મુજબ છે.

| અ. નં. | જિલ્લાનું નામ | તાલુકાનું નામ | લાભિત ગામોની સંખ્યા | લાભિત વિસ્તાર એકરમાં |
|---|---|---|---|---|
| ૧ | મહેસાણા | મહેસાણા | ૪૪ | ૪૪૫૫૭ |
| ૨ | અમદાવાદ | વિરમગામ | ૩૦ | ૩૦૬૦૧ |
| | | દેત્રોજ-રામપુરા | ૧૭ | ૧૪૭૨૧ |
| ૩ | સુરેન્દ્રનગર | દસાડા | ૦૧ | ૧૦૦૦ |
| | | **કુલ :-** | **૯૨** | **૯૦૮૭૯** |

(૩) આ કામો વહેલી તકે પૂર્ણ કરવાનું આયોજન છે.

---------

**રાજકોટ અને જૂનાગઢ જિલ્લામાં વેટેરીનરી ડૉક્ટરોની ખાલી જગ્યાઓ**

૪૯૪૪ **શ્રી ભોળાભાઈ ગોહેલ(જસદણ) : માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૧૩ની સ્થિતિએ રાજકોટ અને જુનાગઢ જિલ્લામાં કેટલી વેટેરીનરી ડોક્ટરોની ખાલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે**,** અને

(૨) આ ખાલી જગ્યાઓ સત્વરે ભરવા સરકારે શી કાર્યવાહી કરી ?

**જવાબ**

(૧) રાજકોટ જિલ્લાની માહિતી **પત્રક-અ** માં છે.
જુનાગઢજિલ્લાની માહિતી **પત્રક-બ** માં છે.

(૨) જગ્યાઓ ભરવા માટે ગુજરાત જાહેર સેવા આયોગ ખાતે પ્રક્રિયા ચાલુ છે.

**પત્રક-અ**

**રાજકોટ જિલ્લા પંચાયતમાં વેટરનરી ડોકટરોની ખાલી જગ્યાઓની માહિતી દર્શાવતું પત્રક**

| અ.નં. | તાલુકાનું નામ | પશુ દવાખાના સ્થળ | ખાલી જગ્યાની સંખ્યા | ખાલી જગ્યાની તારીખ | રિમાર્કસ |
|---|---|---|---|---|---|
| ૧ | રાજકોટ | ગવરીદડ | ૧ | ૩૦-૯-૧૨ | |
| ૨ | ગોંડલ | ગોંડલ | ૧ | ૩-૩-૧૧ | |
| ૩ | ગોંડલ | ગોમટા | ૧ | ૨૫-૬-૧૨ | |

| અ.નં. | તાલુકાનું નામ | પશુ દવાખાના સ્થળ | ખાલી જગ્યાની સંખ્યા | ખાલી જગ્યાની તારીખ | રિમાર્કસ |
|---|---|---|---|---|---|
| ૪ | જેતપુર | દેવકીગાલોલ | ૧ | ૨૫–૬–૧૨ | |
| ૫ | ધોરાજી | પાટણવાવ | ૧ | ૩૦–૬–૦૯ | |
| ૬ | ઉપલેટા | ભાયાવદર | ૧ | ૫–૫–૧૦ | |
| ૭ | ઉપલેટા | મોટી પાનેલી | ૧ | ૨૫–૬–૧૨ | |
| ૮ | મોરબી | જેતપુર | ૧ | ૪–૧૦–૧૨ | |
| ૯ | પડધરી | હડમતીયા | ૧ | ૧૯–૧૨–૧૧ | |
| | | કુલ :– | ૯ | | |

**રાજકોટ જિલ્લામાં રાજ્યકક્ષાની કચેરીમાં વેટરનરી ડોક્ટરોની ખાલી જગ્યાઓની માહિતી દર્શાવતું પત્રક**

| અ.નં. | કચેરીનું નામ | ખાલી જગ્યાની સંખ્યા | ખાલી જગ્યાની તારીખ | રિમાર્કસ |
|---|---|---|---|---|
| કોઈ જગ્યા ખાલી નથી. | | | | |

**પત્રક–બ**

**જૂનાગઢ જિલ્લા પંચાયતમાં વેટરનરી ડૉક્ટરોની ખાલી જગ્યાઓની માહિતી દર્શાવતું પત્રક**

| અ.નં. | તાલુકાનું નામ | પશુ દવાખાના સ્થળ | ખાલી જગ્યાની સંખ્યા | ખાલી જગ્યાની તારીખ | રિમાર્કસ |
|---|---|---|---|---|---|
| ૧ | જૂનાગઢ | મજેવડી | ૧ | ૨૨–૧૧–૧૦ | |
| ૨ | વિસાવદર | મોટી મોણપરી | ૧ | ૧૫–૧–૧૩ | |
| ૩ | કોડીનાર | ડોળાસા | ૧ | ૧૧–૮–૦૯ | |
| ૪ | કોડીનાર | કોડીનાર | ૧ | ૧૫–૧–૧૩ | |
| ૫ | કોડીનાર | આલીદડ | ૧ | ૧૧–૭–૦૮ | |
| ૬ | ઉના | સામેતર | ૧ | ૧૪–૮–૧૧ | |
| ૭ | સુત્રાપાડા | પ્રાચી | ૧ | ૩૦–૯–૧૦ | |
| ૮ | માળિયા હાટીના | માળિયા હાટીના | ૧ | ૧–૧–૧૩ | |
| ૯ | માળિયા હાટીના | ચોરવાડ | ૧ | ૨૨–૧૦–૧૧ | |
| ૧૦ | સુત્રાપાડા | લોઢવા | ૧ | ૨૬–૧૦–૧૦ | |
| | | કુલ :– | ૧૦ | | |

**જૂનાગઢ જિલ્લામાં રાજ્યકક્ષાની કચેરીમાં વેટરનરી ડોક્ટરોની ખાલી જગ્યાઓની માહિતી દર્શાવતું પત્રક**

| અ.નં. | કચેરીનું નામ | ખાલી જગ્યાની સંખ્યા | ખાલી જગ્યાની તારીખ | રિમાર્કસ |
|---|---|---|---|---|
| ૧ | અશ્વ ઉછેર કેન્દ્ર જુનાગઢ | ૧ | ૨૨–૧૦–૧૨ | |

---------

**જાફરાબાદ ખાતેની દરિયાઈ ખાડીમાં કાંપ ભરાઈ જવાના કારણે માછીમારોને થતી મુશ્કેલી**

૩૭૭૬ **શ્રી હીરાભાઇ ઓ. સોલંકી(રાજુલા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (બંદરો) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૨૦૧૩ની સ્થિતિએ જાફરાબાદ ખાતેની દરિયાઈ ખાડીમાં કાંપ ભરાઈ જવાના કારણે માછીમારોને થતી મુશ્કેલી સરકારના ધ્યાન ઉપર છે કે કેમ, અને | (૧) જાફરાબાદ ખાતે માછીમારોને થતી મુશ્કેલી કાયમી રીતે નિવારવા સરકાર કટિબધ્ધ છે. |
| (૨) જો હા, તો માછીમારોને પડતી મુશ્કેલી નિવારવા માટે ખાડીમાં ડ્રેઝિંગ કરવા અંગે શું આયોજન કરાયેલ છે ? | (૨) માછીમારી બોટોને પડતી અસુવિધાના કાયમી નિવારણ માટે ૫૦૦ મીટર લંબાઈની જેટી તથા ડ્રેજીંગની કામગીરી માટેના રૂ।. ૩૯.૯૦ કરોડના અંદાજોને મંજૂરી આપવામાં આવી છે.<br>માછીમારી બોટોને પડતી અસુવિધાના હાલ પુરતા નિવારણ માટે રૂ।. ૨.૬૫ કરોડના અંદાજીત ખર્ચે ડ્રેજીંગની કામગીરી મત્સ્યોદ્યોગ ખાતા દ્વારા હાથ ધરવા આયોજન છે. |

---------

**ઉના તાલુકાનાં નવા બંદર તથા સૈયદ રાજપરા બંદરનો વિકાસ**

૪૧૧૧ **શ્રી પુંજાભાઇ ભી. વંશ(ઉના) : માનનીય મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૧૨ની સ્થિતિએ જૂનાગઢ જિલ્લાના ઉના તાલુકાના નવા બંદર તથા સૈયદ રાજપરા બંદરના વિકાસ માટે છેલ્લા બે વર્ષમાં કયા પ્રકારનું આયોજન કરેલ છે, | (૧) નવાબંદર ખાતેના મત્સ્ય ઉતરાણ કેન્દ્રને મત્સ્ય બંદર તરીકે વિકસાવવા માટે તા. ૧૮-૯-૨૦૧૨ના ઠરાવથી સૈધાન્તિક મંજૂરી આપવામાં આવી છે. જ્યારે સૈયદ રાજપરા ખાતે મત્સ્ય ઉતરાણ કેન્દ્ર વિકસીત છે. તેથી સૈયદ રાજપરા ખાતેના મત્સ્ય ઉતરાણ કેન્દ્રને મત્સ્ય બંદર તરીકે વિકસાવવાનું કોઈ આયોજન કરેલ નથી. |
| (૨) આ કામો માટે કેટલી રકમ ફાળવવામાં આવી, અને | (૨) આ કામો માટે કોઈ રકમ ફાળવવામાં આવી નથી. |
| (૩) તેની સામે કેટલો ખર્ચ કરવામાં આવ્યો ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**નર્મદા યોજનાની વેજપુર શાખા, વિશાખા, પ્રશાખાની કામગીરી**

૪૪૨૭ **શ્રી અશોકકુમાર ર. પટેલ(ગાંધીનગર ઉત્તર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ નર્મદા યોજના આધારિત વેજપુર શાખા નહેર તથા તેની વિશાખા/પ્રશાખાના કામો કયા તબક્કે છે, અને | (૧) તા. ૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ વેજપુર શાખા નહેરનું ૨૪ કિ.મી. લંબાઈનું રૂ।. ૪૦.૫૭ કરોડનું કામ, ૧૧ વિશાખાઓના ૬૫ કિ.મી. લંબાઈના રૂ।. ૨૬.૬૨ કરોડના કામો તથા ૫૪ પ્રશાખાઓના ૨૦૧ કિ.મી. લંબાઈના રૂ।. ૬૯.૪૬ કરોડના કામો મળીને કુલ રૂ।. ૧૩૬.૬૫ કરોડના કામો પ્રગતિમાં છે. |

(૨) આ કામો પૂર્ણ થતાં કેટલા ગામોને સિંચાઈનો લાભ મળશે ?

(૨) આ કામો પૂર્ણ થતાં બનાસકાંઠા જિલ્લાના ભાભર તાલુકાના ૨૧ ગામો, વાવ તાલુકાના ૨૯ ગામો તથા દિયોદર તાલુકાના ૧ ગામ મળી કુલ-૫૧ ગામોના ૬૯૨૩૬ એકર વિસ્તારને સિંચાઈનો લાભ મળશે.

---------

**નર્મદા યોજનાની વિરમગામ-૧ તથા વિરમગામ-૨ શાખા નહેર, વિશાખા અને પ્રશાખા નહેરનાં કામ**

૪૪૨૩ **શ્રી લાલજીભાઇ ચ. કોળીપટેલ(ધંધુકા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૨૦૧૨ની સ્થિતિએ નર્મદા યોજના આધારિત વિરમગામ-૧ અને વિરમગામ-૨ શાખા નહેર તેમજ તેની વિશાખા અને પ્રશાખા નહેરોના કામો કયા તબક્કે છે,

(૨) આ કામો પૂર્ણ થતાં કેટલાં વિસ્તારને સિંચાઈનો લાભ મળશે, અને

(૩) આ કામો પૂર્ણ કરવાનું આયોજન શું છે ?

**જવાબ**

(૧) વિરમગામ-૧ અને વિરમગામ-૨ શાખા નહેરની કુલ ૫૬.૦૩૭ કિ.મી.ની લંબાઈના રૂા. ૩૨.૫૦ કરોડના તથા તેની વિશાખાની કુલ ૬૯.૬૯૪ કિ.મી. લંબાઈના રૂા. ૧૫.૯૨૯ કરોડના કામો પૂર્ણ થયેલ છે. તેની પ્રશાખાના કુલ ૩૮૦.૩૫૮ કિ.મી. લંબાઈના રૂા. ૬૭.૬૧ કરોડના કામો પ્રગતિમાં છે.

(૨) આ કામો પૂર્ણ થતાં ૩ જિલ્લાનાં ૯૨ ગામોના કુલ ૯૦.૮૭૯ એકર વિસ્તારને સિંચાઈનો લાભ મળશે. જેની વિગત નીચે મુજબ છે.

| અ.નં. | જિલ્લાનું નામ | તાલુકાનું નામ | લાભિત ગામોની સંખ્યા | લાભિત વિસ્તાર એકરમાં |
|---|---|---|---|---|
| ૧ | મહેસાણા | મહેસાણા | ૪૪ | ૪૪૫૫૭ |
| ૨ | અમદાવાદ | વિરમગામ | ૩૦ | ૩૦૬૦૧ |
| | | દેત્રોજ-રામપુરા | ૧૭ | ૧૪૭૨૧ |
| ૩ | સુરેન્દ્રનગર | દસાડા | ૦૧ | ૧૦૦૦ |
| | | **કુલ :-** | **૯૨** | **૯૦૮૭૯** |

(૩) આ કામો વહેલી તકે પૂર્ણ કરવાનું આયોજન છે.

---------

**રાજકોટ અને જૂનાગઢ જિલ્લામાં પાક નિષ્ફળતાનાં કારણે ખેડૂતોની આત્મહત્યા**

૫૧૦૬ **શ્રી મોહનસિંહ છો. રાઠવા(છોટાઉદેપુર) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૧૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજકોટ અને જૂનાગઢ જિલ્લામાં કેટલા ખેડૂતોએ પાક નિષ્ફળ જવાને કારણે આત્મહત્યા કરી,

(૨) તે પૈકી કેટલાને વળતર ચૂકવવામાં આવ્યું, અને

(૩) વળતર ન ચૂકવવાના કારણો શા છે ?

**જવાબ**

(૧) એક પણ કેસ નોંધાયેલ નથી.

(૨) લાગુ પડતું નથી.

(૩) લાગુ પડતું નથી.

---------

તા.૨૦મી માર્ચ, ૨૦૧૩
અતારાંકિત પ્રશ્નો

**ઉમરગામ તાલુકામાં જેટી બનાવવાની યોજના**

૩૭૮૦ **શ્રી રમણલાલ ના. પાટકર(ઉમરગામ) : માનનીય મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧–૨૦૧૩ની સ્થિતિએ ઉમરગામ તાલુકામાં મત્સ્યોદ્યોગ વિભાગ દ્વારા જેટી બનાવવાની યોજના અમલમાં છે કે કેમ,

(૨) જો હા, તો ઉમરગામ અથવા મરોલી ખાતે આ યોજના હેઠળ ક્યારે મત્સ્યોદ્યોગ બંદર બનાવવામાં આવનાર છે, અને

(૩) તે અંગે કેટલો ખર્ચ કરવા અંદાજ મૂકવામાં આવ્યો છે ?

**જવાબ**

(૧), (૨) અને (૩)

હા, જી. ઉમરગામ ખાતેની નદીના સામા કાંઠે નારગોલ ખાતે મત્સ્ય બંદર વિકસાવવા આયોજન કરાયેલ પરંતુ ઉમરગામ તથા નારગોલ સ્થાનિક લોકોનો વિરોધ હોઈ મત્સ્ય બંદર વિકસાવી શકાય તેમ નથી જયારે મરોલી માટે સી.આઈ.સી.ઈ.એફ ની ટીમે નવેમ્બર–૨૦૧૧ માં વીઝીટ લઈ પ્રાથમિક અહેવાલ તૈયાર કરેલ અને મરોલી ખાતેની ખાડી ખડકાળ હોઈ મત્સ્ય બંદર વિકસાવવું આર્થિક દ્રષ્ટિએ અનુકુળ ન હોવાનું જણાવેલ હોઈ મરોલી ખાતે મત્સ્ય બંદર બનાવી શકાય તેમ નથી. તેથી ખર્ચના અંદાજ મૂકવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**વડોદરા જિલ્લામાં પશુ દવાખાનાનું સંવર્ગવાર મંજુર થયેલુ મહેકમ**

૩૭૭૦ **શ્રી ધીરૂભાઇ ચુ. ભીલ(સંખેડા) : માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૧૨ની સ્થિતિએ વડોદરા જિલ્લામાં પશુ દવાખાનાઓમાં સંવર્ગવાર મંજુર થયેલ મહેકમ કેટલું છે,

(૨) આ મહેકમ સામે કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે,

(૩) આ ખાલી જગ્યાઓ સત્વરે નહીં ભરવાના કારણો શા છે, અને ભરવામાં આવનાર છે, અને

(૪) કેટલા સમયમાં આ જગ્યાઓ ભરવામાં આવશે ?

**જવાબ**

(૧)

| **ક્રમ** | **સંવર્ગનું નામ** | **મંજુર થયેલ મહેકમ** |
|---|---|---|
| ૧ | પશુચિકિત્સા અધિકારી વર્ગ–૨ | ૨૩ |
| ૨ | ડ્રેસર વર્ગ–૪ | ૧૨ |
| ૩ | પટાવાળા/એટેન્ડન્ટ/ એટેન્ડન્ટ કમ ડ્રેસર વર્ગ–૪ | ૧૯ |

(૨) **પત્રક અ** મુજબ.

(૩) અને (૪) વહીવટી પસંદગી પ્રક્રિયા પૂર્ણ થયેથી જગ્યાઓ ભરવામાં આવનાર છે.

**પત્રક અ**

| **સંવર્ગનું નામ** | **ખાલી જગ્યા** | **અ.નં.** | **સ્થળ** | **કઈ તારીખથી ખાલી છે** |
|---|---|---|---|---|
| પશુચિકિત્સા અધિકારી, વર્ગ–૨ | ૭ | ૧ | સોખડા | ૨૬/૦૯/૨૦૧૨ |
| | | ૨ | વડુ | ૦૬/૧૦/૨૦૦૯ |
| | | ૩ | રૂસ્તમપુર | ૨૭/૧૨/૨૦૦૭ |
| | | ૪ | ડભોઈ | ૦૬/૦૮/૨૦૦૯ |
| | | ૫ | સંખેડા | ૦૭/૦૮/૨૦૧૨ |
| | | ૬ | ચલામલી | ૦૫/૧૨/૨૦૦૭ |
| | | ૭ | પાનવડ | ૨૬/૦૯/૨૦૧૨ |
| ડ્રેસર, વર્ગ–૪ | ૮ | ૧ | કરજણ | ૦૫/૦૬/૨૦૦૬ |

| **સંવર્ગનું નામ** | **ખાલી જગ્યા** | **અ.નં.** | **સ્થળ** | **કઈ તારીખથી ખાલી છે** |
|---|---|---|---|---|
| | | ૨ | વડું | ૧૨/૦૬/૨૦૦૬ |
| | | ૩ | સાવલી | ૨૧/૦૩/૨૦૦૦ |
| | | ૪ | રૂસ્તમપુર | ૦૧/૧૨/૧૯૯૮ |
| | | ૫ | નસવાડી | ૩૧/૦૫/૨૦૦૦ |
| | | ૬ | પાવીજેતપુર | ૩૦/૦૬/૧૯૯૩ |
| | | ૭ | શિનોર | ૩૧/૦૫/૨૦૦૫ |
| | | ૮ | છોટાઉદેપુર | ૦૧/૦૭/૨૦૦૫ |
| પટાવાળા/એટેન્ડન્ટ/એટેન્ડન્ટ કમ ડ્રેસર, વર્ગ-૪ | ૭ | ૧ | ભાટપુર | ૦૭/૦૯/૨૦૧૨ |
| | | ૨ | કાયાવરોહણ | ૨૧/૦૩/૧૯૯૬ |
| | | ૩ | પાવીજેતપુર | ૩૧/૦૩/૨૦૦૪ |
| | | ૪ | વડું | ૦૨/૧૧/૨૦૦૫ |
| | | ૫ | ગઢબોરીયાદ | ૦૨/૧૧/૨૦૦૫ |
| | | ૬ | છોટાઉદેપુર | ૦૧/૦૭/૨૦૦૫ |
| | | ૭ | શિનોર | ૨૭/૦૨/૨૦૦૫ |

---------

**રાજયમાં ઉત્પાદિત કપાસનાં મોટા જથ્થાને પ્રોસેસીંગ માટે અન્યત્ર મોકલવા બાબત**

૪૦૯૬ **શ્રી મંગુભાઇ છ. પટેલ(ગણદેવી) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ)જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ રાજયમાં ઉત્પાદન થતા કપાસનો ૯૦ ટકાથી વધારે જથ્થો પ્રોસેસીંગ માટે રાજય બહાર જાય છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો તેને રાજય બહાર જતો રોકવા રાજય સરકારે શાં પગલાં ભર્યા છે ?

**જવાબ**

(૧) હા.

(૨) રાજય બહાર જતો રોકવા રાજય સરકારશ્રી દ્વારા ઉદ્યોગ અને ખાણ વિભાગના ઠરાવ ક્રમાંક: ટીઈએક્સ-૧૦૨૦૧૨-૬૫૧૧૭-ટ, તા. ૦૫/૦૯/૨૦૧૨ થી ગુજરાત ટેક્ષટાઈલ પોલિસી-૨૦૧૨ જાહેર કરવામાં આવેલ છે.

---------

**લુણાવાડા તથા ખાનપુર તાલુકામાં સરદાર પટેલ સહભાગી સિંચાઈ યોજના હેઠળ મંજૂર કરાયેલ ચેકડેમ**

૩૭૭૩ **શ્રી હીરાભાઈ હ. પટેલ(લુણાવાડા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) પંચમહાલ જિલ્લાના લુણાવાડા અને ખાનપુર તાલુકાઓમાં તા. ૩૧-૧૨-૧૨ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સરદાર પટેલ સહભાગી જળસંચય યોજના ૮૦:૨૦ હેઠળ કેટલા ચેકડેમ મંજૂર કરવામાં આવ્યા,

(૨) મંજૂર કરેલ ચેકડેમો પૈકી કેટલા કામો શરૂ કરવામાં આવ્યા, અને

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૧૨ ની સ્થિતિએ પંચમહાલ જિલ્લાના લુણાવાડા તાલુકા અને ખાનપુર તાલુકાઓમાં છેલ્લા બે વર્ષમાં સરદાર પટેલ સહભાગી જળસંચય યોજના ૮૦:૨૦ હેઠળ અનુક્રમે ૬૯૫ અને ૨૫૯ ચેકડેમો મંજૂર કરવામાં આવ્યા.

(૨) મંજૂર કરેલ ચેકડેમો પૈકી લુણાવાડા તાલુકામાં ૪૦૧ ચેકડેમ અને ખાનપુર તાલુકામાં ૧૧૯ ચેકડેમોના

કામો શરૂ કરવામાં આવ્યા.

(૩) કામ કરનાર એજન્સીઓ કઈ છે ?

(૩) સદર કામો પ્રાયોજકો તેમજ એન.જીઓ. દ્વારા કરવામાં આવેલ છે. જેની વિગતો આ સાથે ***પત્રકમાં** સામેલ છે.

**( * પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે. )**

---------

**કલ્પસર યોજના પાછળનો ખર્ચ**

૩૯૫૨ **શ્રી શૈલેષ મ. પરમાર(દાણીલીમડા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (કલ્પસર) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૨ ની સ્થિતિએ બે વર્ષમાં કલ્પસર યોજના પાછળ કુલ કેટલો ખર્ચ થયો,

(૨) આ યોજના ઉક્ત સ્થિતિએ ક્યા તબકકે છે, અને

(૩) આ યોજના કેટલા સમયમાં પૂર્ણ કરવાનું રાજ્ય સરકારનું આયોજન છે ?

**જવાબ**

(૧) વર્ષ ૨૦૧૦–૧૧, વર્ષ ૨૦૧૧–૧૨ અને વર્ષ ૨૦૧૨–૧૩ (ડીસેમ્બર ૨૦૧૨ અંતિત), કુલ રૂ.૨૫.૪૬ કરોડ.

(૨) અને (૩)

૧. નર્મદા નદી ઉપર ભાડભૂત ગામ પાસે ૧૫.૮૭ કીલોમીટર લાંબો બેરાજની (સ્ટેન્ડ એલોન) ‘‘પીપીપી’’ ધોરણે બનાવવા માટેના પ્રાથમિક સર્વે, સંશોધન અને આલેખનને લગતી તમામ કામગીરી પૂર્ણ થયેલ છે. બેરેજ બનાવવા માટેનો એડવોકેટ જનરલશ્રીનો કાયદાકીય અભિપ્રાય અને નર્મદા નદીના નોટીફીકેશન પ્રસિદ્ધિની કામગીરી પણ પૂર્ણ કરેલ છે. બેરેજના ફીઝીકલ મોડલની કામગીરી અગ્રીમ તબક્કામાં છે. પર્યાવરણ અને કોસ્ટલ રેગ્યુલેટરી ઝોન (સી.આર.ઝેડ) ની મંજૂરી અંતિમ તબક્કામાં છે. જમીન સંપાદનની કામગીરી શરૂ કરેલ છે. ભાડભૂત બેરેજનું બાંધકામ વર્ષ ૨૦૧૩–૧૪ માં શરૂ કરવાનું આયોજન છે.

૨. કલ્પસર યોજનાના પૂર્ણ કરેલ/અગ્રિમ તબક્કાના અભ્યાસોની વિગતઃ
   1. કલ્પસર યોજનાના બંધની ફરતેનું ટોપોગ્રાફી સર્વે.
   2. બંધના પથરેખાના કોરીડોરમાં દરિયાઇ સર્વેક્ષણ.
   3. બંધની ઉત્તરના ભાગમાં સૂચિત મીઠા પાણીના સરોવરમાં દરીયાઇ સર્વેક્ષણ.
   4. બંધની દક્ષિણ ભાગમાં દરિયાના ભાગમાં સર્વેક્ષણ.
   5. બંધ પર દરિયાના પાણીની સપાટીમાં ક્લાઇમેટ ચેન્જથી થતા વધારાની અસર.
   6. બંધ ઉપર સુનામીની અસર.
   7. બંધ પર સ્ટ્રોમસર્જ, સિંચિઝ, વિન્ડ, વેવ્સની અસર.
   8. બંધ થવાથી દરિયાના ભાગમાં ટાઇડ અને કરન્ટની અસર અને સેડીમેન્ટના જથ્થામાં થતા ફેરફારની અસરો.
   9. બંધથી હયાત તેમજ સૂચિત બંદરો પર અસર.

૧૦. બંધની હેઠવાસમાં નવા બંદરોને વિકસાવવા.
૧૧. બંધના બાંધકામ માટે મટીરીયલ મેળવવાનો સર્વે.
૧૨. બંધ વિસ્તારમાં આવતા ભૂકંપની તીવ્રતા અને ફ્રીકવન્સીને બંધની ડીઝાઇન અન્વયે ચકાસણી.
૧૩. બંધ ઉપરનું આલેખિતપુર અને છલતીની ક્ષમતા.
૧૪. બંધના પાયા સ્તરોની ચકાસણી (જીયોટેકનીકલ).
૧૫. બંધ ઉપરનો ટ્રાફીક સર્વે.
૧૬. બંધ પર રેલવે પરિવહન સર્વે.
૧૭. કલ્પસરમાં મીઠા પાણીની ઉપલબ્ધિ.
૧૮. ઉપલબ્ધ પાણીના વપરાશની ફાળવણી.
૧૯. બંધ બનાવ્યા બાદ ખારા પાણીમાંથી મીઠા પાણીના સરોવરનું પરિવર્તનનો સમય.
૨૦. કલ્પસરના બંધ, મીઠા પાણીના સરોવર અને દરિયા ઉપર બંધ પહેલા, બાંધકામ વખતે અને બંધ થયા પછી થનારી વિવિધ તાંત્રિક અસરો માટેનો મેથેમેટીકલ મોડલ.
૨૧. બંધના ઉપરવાસના મીઠાના અગરો પર અસરો.
૨૨. બંધના ઉપરવાસના મેન્ગ્રુવ પરની અસરો.
૨૩. કલ્પસર યોજનાથી નવસાધ્ય થનાર જમીનનો ડેવલપમેન્ટ પ્લાન.
૨૪. નવસાધ્ય જમીન ઉપર પવન ઉર્જા.
૨૫. નવસાધ્ય જમીન ઉપર સૌર ઊર્જા.
૨૬. કલ્પસર યોજનાના કેચમેન્ટ એરીયાના ભૂગર્ભ જળની ગુણવત્તાની હાલની પરિસ્થિતિ અને ભવિષ્યની અસર.
૨૭. કલ્પસર યોજનાના વિસ્તારમાં હવા, અવાજ, દરિયા અને નદીના પાણી અને જમીનના હાલના પર્યાવરણીય બેઝીક માપદંડો.
૨૮. નદીઓના પાણીનો જથ્થો અને ગુણવત્તાની માસિક ચકાસણી.
૨૯. સાબરમતી નદીના ઔદ્યોગિક પ્રદુષિત પાણીને બંધની નીચવાસમાં સમુદ્રમાં લઇ જવાનો અભ્યાસ.
૩૦. નર્મદા, મહી અને ઢાઢરના નદીના ઔદ્યોગિક પ્રદુષિત પાણીને બંધની નીચવાસમાં સમુદ્રમાં લઇ જવાનો અભ્યાસ.
૩૧. નર્મદા ડાયવર્ઝન કેનાલનો સર્વે અને પ્રાથમિક ડીઝાઇન.
૩૨. કમાન્ડ એરીયા માટે નહેરોની પથરેખા અને વહનશકિત.
૩૩. કલ્પસર યોજનાના કમાન્ડ એરીયાના ભૂગર્ભ જળની ગુણવત્તાની હાલની ગુણવત્તા પર અને ભવિષ્યમાં સિંચાઇ થતા વિસ્તાર પર અસર.
૩૪. યોજનાના સરોવરના વિસ્તારમાં મડ ફ્લેટ્સ

(Mud f l a t s ) પર અસર.

૩૫. મત્સ્યોદ્યોગની અસર.

૩. કલ્પસર યોજના માટે હાલના તબક્કે બાકી રહેલા અભ્યાસોની વિગતઃ

૧. બંધ માટે ફીઝીકલ મોડલીંગ.
૨. મીઠા પાણીના સરોવરમાં કાંપ ઘટાડવા માટે કેચમેંટ એરિયા ટ્રીટમેન્ટ પ્લાન.
૩. કેચમેન્ટ એરીયાની સોઇલ સર્વે એન્ડ ડ્રેનેજ મેનેજમેન્ટ.
૪. બાયોફ્યુઅલ પાર્કનું આયોજન.
૫. ટ્રાફીક, પવન અને સૌર ઊર્જા થકી મળનાર કાર્બન ક્રેડીટ.
૬. યોજનાનો ડીટેઇલ પ્રોજેક્ટ રીપોર્ટ અને અંદાજ તૈયાર કરવો.

૪. કલ્પસર યોજનાની પર્યાવરણ મંજૂરી અન્વયે કેન્દ્ર સરકારની ‘નીરી’ (નાગપુર) સંસ્થા દ્વારા બનાવેલ રીપોર્ટ કેન્દ્ર સરકારના વન અને પર્યાવરણ મંત્રાલય દ્વારા રચિત એક્ષપર્ટ એપ્રેઝલ કમિટિમાં સપ્ટેમ્બર–૨૦૧૦ માં રજુ કરેલ હતા. આ કમિટિ દ્વારા કેટલાક અન્ય અભ્યાસો કરવા સુચના આપેલ હતી. જેના કારણે ઉપરોક્ત કેટલાક અભ્યાસો નવા હાથ ઉપર લીધા છે.

૫. કલ્પસર યોજના શરૂ કરવા તેમાં લેવાની થતી મંજુરીઓ/કામગીરીઓની વિગત નીચે પ્રમાણે છેઃ

૧. યોજનાનો પર્યાવરણીય મંજૂરી માટેનો રીપોર્ટ.
૨. કેન્દ્ર સરકારની પર્યાવરણીય મંજૂરી.
૩. કેન્દ્ર સરકારની સી.આર.ઝેડ. ની મંજૂરી.
૪. કેન્દ્ર સરકારના પ્લાનીંગ કમીશનની યોજનાના રોકાણ બાબતે મંજૂરી.
૫. સાબરમતી, મહી, ઢાઢર અને સૌરાષ્ટ્રની નદીઓના નોટીફિકેશન.
૬. બાંધકામ પશ્ચાદની ભરતી/ઓટ થતા ફેરફારનું નોટીફિકેશન.
૭. કલ્પસર એરીયા ડેવલપમેન્ટ ઓથોરીટી બનાવવી.

આ અભ્યાસો પૂર્ણ થયે કેન્દ્ર સરકારમાં ફરીથી મંજૂરી અર્થે રજુ કરી કેન્દ્ર સરકારની મેળવવાપાત્ર તમામ મંજૂરી મળ્યા બાદ કલ્પસર યોજના સત્વરે શરૂ કરી શક્ય બને એટલું જલદી પૂર્ણ કરવાનું આયોજન છે.

---------

**માંડવી થી મુંબઈ ફેરી સર્વિસ ક્રૂઝ મારફતે શરૂ કરવાની યોજના**

૫૧૪૪ **શ્રી તારાચંદ જ. છેડા(માંડવી) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (બંદરો) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૦૧/૧૩ની સ્થિતિએ કચ્છ જિલ્લાનાં માંડવી ખાતે માંડવી થી મુંબઈ ફેરી સર્વિસ ક્રુઝ મારફતે શરૂ કરવાની રાજ્ય સરકારની કોઈ યોજના છે, અને | (૧) ના જી. |

(૨) જો હા, તો તેની વિગતો શી છે?

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

## સુરેન્દ્રનગર જિલ્લામાં નર્મદા યોજનાના વલ્લભીપુર શાખા હેઠળનો સિંચાઈનો વિસ્તાર

૪૪૨૯ **શ્રી શામજીભાઇ ભી. ચૌહાણ(ચોટીલા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) નર્મદા યોજનાની વલ્લભીપુર શાખા નહેર મારફતે સુરેન્દ્રનગર જિલ્લાના લખતર, લિંમડી અને ચુડા તાલુકામાં કેટલા ગામોને અને કેટલા વિસ્તારમાં સિંચાઇ માટેનો લાભ મળશે, અને

**જવાબ**

(૧) નર્મદા યોજનાની વલ્લભીપુર શાખા નહેર મારફતે સુરેન્દ્રનગર જિલ્લાના લખતર, લિંબડી અને ચુડા તાલુકામાં કુલ ૫૬ ગામોને અને ૧૪૭,૧૨૨ એકર વિસ્તારમાં સિંચાઈ માટેનો લાભ મળશે જેની વિગત નીચે મુજબ છે.

| અ.નં. | જિલ્લાનું નામ | તાલુકાનું નામ | લાભિત ગામોની સંખ્યા | લાભિત વિસ્તાર એકરમાં |
|---|---|---|---|---|
| ૧ | સુરેન્દ્રનગર | લખતર | ૧૪ | ૩૭,૪૦૦ |
| | | લિંબડી | ૪૦ | ૧,૦૮,૧૨૪ |
| | | ચુડા | ૨ | ૧૫૯૮ |
| | | **કુલઃ–** | **૫૬** | **૧,૪૭,૧૨૨** |

(૨) આ વિસ્તારમાં સિંચાઇનો લાભ આપવાનું શું આયોજન છે?

(૨) વલ્લભીપુર શાખા નહેરની કુલ લંબાઈ ૧૧૮.૭૫ કિ.મી.માં કામગીરી પૂર્ણ થયેલ છે. વિતરણ વ્યવસ્થા નહેરોની ૬૭૦.૧૭ કિમી. લંબાઈના રૂા. ૧૯૩.૮૦ કરોડના કામો પ્રગતિમાં છે.

---------

## ગૌચર વિકાસ બોર્ડ રચનાની જાહેરાત

૪૬૩૫ **શ્રી છનાભાઇ કો. ચૌધરી (વાંસદા) : માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧/૦૧/૧૩ની સ્થિતિએ રાજ્ય સરકારે ગૌચર વિકાસ બોર્ડની રચનાની જાહેરાત કયારે કરી,

(૨) આ બોર્ડના સભ્યો કોણ કોણ છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ બોર્ડ પાસે કેટલું ભંડોળ છે?

**જવાબ**

(૧), (૨) અને (૩)

ના જી, આવી કોઈ જાહેરાત થયેલ નથી. પરંતુ તા.૩/૮/૧૨ના ઠરાવથી ગૌસેવા આયોગ, ગાંધીનગરની પ્રવૃત્તિનો વ્યાપ વધારી નામાભિધાન બદલીને ગૌસેવા અને ગૌચર વિકાસ બોર્ડ કરેલ છે જેના સભ્યોની યાદી સામેલ **પત્રક** મુજબ છે અને બોર્ડ પાસે રૂા. ૪,૯૦,૨૬,૯૪૯ (ચાર કરોડ, નેવું લાખ છવ્વીસ હજાર નવસો ઓગણપચાસ) ઉપલબ્ધ છે.

**પત્રક**

| અનું. નં. | સભ્યોની યાદી |
|---|---|
| ૧ | ચેરમેનશ્રી ગૌસેવા અને ગૌચર વિકાસ બોર્ડ, ગાંધીનગર |
| ૨ | સચિવશ્રી (પશુપાલન) |
| ૩ | અધિક મુખ્ય સચિવશ્રી (ગૃહ) અથવા તેના પ્રતિનિધિ |
| ૪ | નાયબ સચિવશ્રી (નાણા વિભાગ) |
| ૫ | સંશોધન નિયામકશ્રી, કૃષિ યુનિવર્સિટી, દાંતીવાડા |
| ૬ | ચેરીટી કમિશ્નરશ્રી, અમદાવાદ |
| ૭ | પશુપાલન નિયામકશ્રી. ગુ.રા., ગાંધીનગર |

| | |
|---|---|
| ૯ | મેનેજીંગ ડીરેક્ટરશ્રી ગુજરાત એનર્જી ડેવલપમેન્ટ એજન્સી |
| ૧૦ | નાયબ સચિવશ્રી (મહેસુલ) |
| ૧૧ | સભ્ય સચિવશ્રી ગૌસેવા અને ગૌચર વિકાસ બોર્ડ, ગાંધીનગર |

---------

**ધારી ખોડિયાર જળાશયના ગળધરા ધુનામાં અકસ્માત થતાં અટકાવવાનું આયોજન**

૫૦૮૧ **શ્રી નલીનભાઇ ના. કોટડીયા(ધારી) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧/૦૧/૧૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ધારી–ખોડીયાર જળાશય નીચે આવેલ ગળધરા ધુનામાં કેટલા લોકોના અકસ્માતે મૃત્યુ થયા છે,

(૨) અકસ્માતે મૃત્યુ થતાં અટકાવવા સરકારે શુ આયોજન છે, અને

(૩) આ ધુનાને બુરવા માટે લોકોની ધાર્મિક લાગણી દુભાઈ તેમ હોઈ ઈંગલ કે ગડરથી ગ્રીલ બનાવી અકસ્માત અટકાવવાનું કોઈ આયોજન છે કે કેમ?

**જવાબ**

(૧) અકસ્માતે ૫ (પાંચ) મૃત્યુ નોંધાયેલ છે.

(૨) સાવચેતી દર્શાવતા સાઈનબોર્ડ મુકેલ છે.

(૩) ઉપરોક્ત સ્થળ પુરના સમયે સંપૂર્ણ ડૂબમાં રહેતુ હોઈ, ગ્રીલ પાણીના પ્રવાહને અવરોધતી હોઈ, મુકી શકાય તેમ નથી.

---------

**બાબરા અને લાઠી તાલુકાનાં ગામોને પીવાનાં હેતું માટે મળતું નર્મદાનું પાણી**

૫૧૩૪ **શ્રી બાવકુભાઇ ના. ઉંઘાડ(લાઠી) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧/૦૧/૧૩ની સ્થિતિએ બાબરા અને લાઠી તાલુકાના કેટલા ગામોને પીવાના હેતુ માટે નર્મદાનું પાણી મળે છે. અને

(૨) બાકીના ગામોને કયારે પાણીની સુવિધા આપવામાં આવશે?

**જવાબ**

(૧) બાબરા તાલુકાના કુલ ૫૭ ગામો પૈકી ૫૫ ગામોમાં અને લાઠી તાલુકાના કુલ ૪૯ ગામો પૈકી ૪૭ ગામોમાં પીવાના હેતું માટે નર્મદાનું પાણી મળે છે.

(૨) બાકી રહેતા ૪ ગામો માટે જરૂરીયાત મુજબના કામો હાથ ધરી વહેલામાં વહેલી તકે પાણી આપવાનું આયોજન છે. હાલ આ ગામો સ્વતંત્ર યોજનામાંથી પાણી મેળવે છે.

---------

# ૧૪૧

## માનનીય મંત્રીશ્રીની વિનંતીથી પ્રશ્ન રદ કરવામાં આવેલ છે.

---------

**વાયબ્રન્ટ ગુજરાત સમીટ–૨૦૦૯ અને ૨૦૧૧માં એમ.ઓ.યુ. કર્યા બાદ ખસી ગયેલાં ઉદ્યોગો**

૪૧૫૦ **શ્રી મહમદજાવી અ. પીરઝાદા(વાંકાનેર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) વાયબ્રન્ટ ગુજરાત સમીટ–૨૦૦૯ અને ૨૦૧૧માં કયા કયા ઉદ્યોગો એમ.ઓ.યુ. કર્યા પછી તા. ૩૧–૧૨–૨૦૧૨ ની સ્થિતિએ ખસી ગયા, અને

**જવાબ**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ, વાયબ્રન્ટ ગુજરાત ૨૦૦૯ના એમ.ઓ.યુ. પૈકી ૭૮૧ (૨૧.૮૫%) પ્રોજેક્ટ ડ્રોપ થયેલ છે તથા વાયબ્રન્ટ ગુજરાત ૨૦૧૧ના એમ.ઓ.યુ. પૈકી ૧૫૪૨ (૧૮.૪૦%) પ્રોજેક્ટ ડ્રોપ થયેલ છે જેની સેકટરવાર માહિતી **પત્રક** મુજબ છે.

(૨) આવા ઉદ્યોગોએ કેટલી રકમનાં રોકાણ માટે **M.O.U.** કર્યા હતા ?

(૨) વાયબ્રન્ટ ગુજરાત ૨૦૦૯નાં ડ્રોપ થયેલ પ્રોજેકટનું સુચિત મૂડીરોકાણ રૂ. ૨૯૩૧૨૩.૨૭ કરોડ હતું તથા વાયબ્રન્ટ ગુજરાત ૨૦૧૧ના ડ્રોપ થયેલ પ્રોજેકટોનું સુચિત મુડીરોકાણ રૂ. ૨૫૫૪૮૫.૫૧ કરોડ હતું.

**પત્રક**

**વાયબ્રન્ટ ગુજરાત–૨૦૦૯**

| અનુ. નં. | સેક્ટરનું નામ | ડ્રોપ પ્રોજેક્ટની સંખ્યા |
|---|---|---|
| ૧ | એગ્રો એન્ડ ફુડ પ્રોસેસીંગ | ૧૪૪ |
| ૨ | બાયોટેકનોલોજી | ૩ |
| ૩ | કેમિકલ એન્ડ પેટ્રોકેમિકલ | ૩૩ |
| ૪ | સીવીલ એવીએશન | ૧૦ |
| ૫ | એજ્યુકેશન | ૨ |
| ૬ | એન્જીનીયરીંગ એન્ડ ઓટો | ૧૩૧ |
| ૭ | એનવાયરમેન્ટ | ૧૪ |
| ૮ | ફાઈનાન્સીયલ સેક્ટર | ૩ |
| ૯ | જેમ્સ એન્ડ જવેલરી | ૪ |
| ૧૦ | જી.એમ.ડી.સી. | ૯ |
| ૧૧ | હેલ્થ કેર | ૦ |
| ૧૨ | ઈન્ડસ્ટ્રીયલ પાર્ક | ૮ |
| ૧૩ | ઈન્ફોર્મેશન ટેકનોલોજી | ૫ |
| ૧૪ | લોજીસ્ટીક | ૩ |
| ૧૫ | મીનરલ બેઈઝ (સિમેન્ટ) | ૨૯ |
| ૧૬ | ઓઈલ એન્ડ ગેસ | ૯ |
| ૧૭ | અન્ય | ૬૪ |
| ૧૮ | પેપર ઈન્ડસ્ટ્રીઝ | ૮ |
| ૧૯ | પી.સી.પી.આઈ.આર. | ૧૨ |
| ૨૦ | ફાર્માસ્યુટીકલ | ૧૯ |
| ૨૧ | પોર્ટ | ૧૮ |
| ૨૨ | પાવર | ૪ |
| ૨૩ | પાવર રીન્યુએબલ | ૪૧ |
| ૨૪ | રેલ એન્ડ રોડ પ્રોજેક્ટ | ૩ |
| ૨૫ | સેઝ | ૧૦ |
| ૨૬ | એસ.આઈ.આર. | ૧ |
| ૨૭ | ટેક્ષટાઈલ એન્ડ એપરલ્સ | ૧૫ |
| ૨૮ | ટુરીઝમ | ૮૨ |
| ૨૯ | ટ્રાઈબલ | ૦ |
| ૩૦ | અર્બન ડેવલોપમેન્ટ | ૯૨ |
| ૩૧ | વોટર રીસોર્સીસ | ૫ |
| | **કુલ** | **૭૮૧** |

એચબી–૭૭૯–૧૬

**પત્રક**

**વાયબ્રન્ટ ગુજરાત–૨૦૧૧**

| અનુ. નં. | સેક્ટરનું નામ | ડ્રોપ પ્રોજેક્ટની સંખ્યા |
|---|---|---|
| ૧ | એગ્રો એન્ડ ફુડ પ્રોસેસીંગ | ૧૨૭ |
| ૨ | બાયોટેકનોલોજી | ૧૦ |

| અનુ. નં. | સેક્ટરનું નામ | ડ્રોપ પ્રોજેક્ટની સંખ્યા |
|---|---|---|
| ૩ | કેમિકલ એન્ડ પેટ્રોકેમિકલ | ૯૦ |
| ૪ | સીવીલ એવીએશન | ૭ |
| ૫ | એજ્યુકેશન | ૦ |
| ૬ | એન્જીનીયરીંગ | ૨૭૬ |
| ૭ | એનવાયરમેન્ટ એન્ડ ફોરેસ્ટ | ૩ |
| ૮ | ફાઈનાન્સીયલ સેક્ટર | ૦ |
| ૯ | જેમ્સ એન્ડ જવેલરી | ૫ |
| ૧૦ | હેલ્થ કેર | ૧૮ |
| ૧૧ | ઈન્ડસ્ટ્રીયલ પાર્ક | ૨ |
| ૧૨ | ઈન્ફોર્મેશન ટેકનોલોજી | ૩૧ |
| ૧૩ | લોજીસ્ટીક પાર્ક એન્ડ અધર ઈન્ફ્રાસ્ટ્રકચર | ૫ |
| ૧૪ | મિનરલ બેઈઝ (સિમેન્ટ) | ૨૦ |
| ૧૫ | મિનરલ બેઈઝ (GMDC પ્રોજેક્ટ) | ૩૨ |
| ૧૬ | ઓઈલ એન્ડ ગેસ | ૧૩ |
| ૧૭ | અધર | ૩૩૨ |
| ૧૮ | પેપર | ૧૫ |
| ૧૯ | પી.સી.પી.આઈ.આર. | ૪૧ |
| ૨૦ | ફાર્માસ્યુટીકલ | ૧૮ |
| ૨૧ | પોર્ટ એન્ડ પોર્ટ બાસેડ | ૧૧ |
| ૨૨ | પાવર | ૩ |
| ૨૩ | પાવર– રીન્યુએબલ | ૧૫ |
| ૨૪ | રોડ એન્ડ રેલ પ્રોજેક્ટ | ૩ |
| ૨૫ | રૂરલ ડેવલોપમેન્ટ | ૧ |
| ૨૬ | સેઝ | ૫ |
| ૨૭ | સ્કીલ ડેવલોપમેન્ટ | ૧૧ |
| ૨૮ | સ્પેશીયલ ઈન્વેસ્ટમેન્ટ રીલીજન | ૨ |
| ૨૯ | ટેક્ષટાઈલ એન્ડ એપરલ | ૫૦ |
| ૩૦ | ટુરીઝમ | ૨૬૫ |
| ૩૧ | અર્બન ડેવલોપમેન્ટ | ૧૨૮ |
| ૩૨ | વેન્ચ્યુરS અબોર્ડ | ૦ |
| ૩૩ | વોટર રીસોસીસ | ૩ |
| | **કુલ** | **૧૫૪૨** |

---------

**સહાયક પોલીસ સબ ઈન્સ્પેક્ટર તથા સહાયક લોક રક્ષકની ભરતીમાં અનુસૂચિત જાતિ તથા અનુસૂચિત જનજાતિના ઉમેદવારોને થયેલ અન્યાય**

૪૭૭૦ **શ્રી મણીલાલ જે. વાઘેલા(વડગામ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) સહાયક પોલીસ સબ ઈન્સ્પેક્ટર તથા સહાયક લોક રક્ષકની તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં થયેલ ભરતીમાં અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના ઉમેદવારોને થયેલ અન્યાય સંબંધમાં સરકારમાં ફરીયાદો થયેલ છે તે વાત સાચી છે, અને | (૧) ના, જી. |
| (૨) જો હા, તો તે ફરિયાદો ક્યારે થઈ, | (૨), (૩) અને (૪) : પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

(૩) ફરિયાદોમાં ક્યા પ્રકારના અન્યાયની બાબત છે, અને

(૪) તે સંબંધમાં ભરતી કરનાર સંબંધિત અધિકારીઓ સાથે સરકાર શાં પગલાં લેવા માંગે છે ?

---------

**આણંદ જિલ્લામાં પોલીસ સ્ટેશનવાર ગાય, ભેંસની ચોરીની ફરિયાદો**

૫૧૦૨ **શ્રી અમીત ચાવડા(આંકલાવ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૩૧-૧-૧૩ની સ્થિતિએ આણંદ જિલ્લામાં પોલીસ સ્ટેશનવાર છેલ્લા બે વર્ષમાં ગાય, ભેંસ વિ. જેવા પશુઓની ચોરી અને ઉઠાવી જવાની કેટલી ફરિયાદો મળી,

(૧)

| **પોલીસ સ્ટેશન** | **ફરિયાદ મળી** |
|---|---|
| વિદ્યાનગર | ૧ |
| વાસદ | ૨ |
| ખંભોળજ | ૪ |
| ઉમરેઠ | ૨ |
| બોરસદ ટાઉન | ૧ |
| બોરસદ રૂરલ | ૧ |
| પેટલાદ ટાઉન | ૧ |
| પેટલાદ રૂરલ | ૧ |

(૨) તે અન્વયે કેટલા ગુના પકડાયા, અને

(૨) ૯

(૩) કેટલા ગુનેગારોને પકડવામાં આવ્યા ?

(૩) ૨૬

----------

**સાબરકાંઠા જિલ્લામાં તળાવ ઊંડા કરવાનાં, તળાવ સુધારણાનાં તથા ચેકડેમોનાં કામો**

૩૮૯૧ **શ્રી મહેન્દ્રસિંહ શં. વાઘેલા(બાયડ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૧૨ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સાબરકાંઠા જિલ્લામાં જિલ્લા પંચાયત, સિંચાઈ વિભાગ હસ્તક તાલુકાવાર કુલ કેટલી રકમનાં તળાવો ઊંડા કરવાનાં તેમજ તળાવ સુધારણાનાં તેમજ ચેકડેમોનાં કામો કરવામાં આવ્યા,

(૧) તા. ૩૧-૧૨-૧૨ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સાબરકાંઠા જિલ્લામાં જિલ્લા પંચાયત, સિંચાઈ વિભાગ હસ્તક તળાવ સુધારણાના રૂ઼ા. ૨૮૬.૭૨ લાખની અંદાજિત રકમના ૩૯-કામો નીચે જણાવ્યા મુજબ તાલુકાવાર કરવામાં આવેલ છે.

| **અ.નં.** | **તાલુકો** | **તળાવ સુધારણાના કામો** | |
|---|---|---|---|
| | | **સંખ્યા** | **રકમ રૂ઼ા. લાખમાં** |
| ૧ | ભિલોડા | ૫ | ૫૪.૮૮ |
| ૨ | ધનસુરા | ૨ | ૧૫.૫૦ |
| ૩ | ઈડર | ૩ | ૨૧.૦૦ |
| ૪ | ખેડબ્રહ્મા | ૨ | ૧૫.૦૦ |
| ૫ | મેઘરજ | ૧૩ | ૮૮.૯૦ |
| ૬ | મોડાસા | ૨ | ૧૧.૦૦ |
| ૭ | માલપુર | ૧ | ૪.૬૦ |
| ૮ | પ્રાંતિજ | ૨ | ૧૩.૫૦ |
| ૯ | તલોદ | ૨ | ૧૫.૬૦ |
| ૧૦ | હિંમતનગર | ૩ | ૨૨.૭૪ |
| ૧૧ | વડાલી | ૨ | ૧૨.૦૦ |
| ૧૨ | વિજયનગર | ૨ | ૧૨.૦૦ |
| | **કુલ:-** | **૩૯** | **૨૮૬.૭૨** |

તળાવ ઉંડા કરવાના તથા ચેકડેમના કામો પંચાયત

સિંચાઈના કાર્યક્ષેત્રમાં આવતા નથી.

(૨) તે પૈકી માલપુર તથા બાયડ તાલુકામાં જે કામો મંજૂર થયેલ છે તે ઉક્ત સ્થિતિએ કયા તબક્કે છે, અને

(૨) ઉપરોક્ત કામો પૈકી માલપુર તથા બાયડ તાલુકાના મંજૂર થયેલા કામોની સ્થિતિ નીચે મુજબ છે.

| અ.નં. | તાલુકો | મંજૂર થયેલા કામોની સંખ્યા | હાલની પરિસ્થિતિ | |
|---|---|---|---|---|
| | | | પૂર્ણ થયેલ કામો | પ્રગતિવાળા કામો |
| ૧ | બાયડ | ૨ | ૦ | ૨ |
| ૨ | માલપુર | ૩ | ૧ | ૨ |
| | **કુલ :-** | **૫** | **૧** | **૪** |

(૩) આ કામો ક્યારે પૂર્ણ કરવામાં આવશે ?

(૩) મંજૂર થયેલ ૫ કામો પૈકી ૧ કામ પુર્ણ થયેલ છે, અને પ્રગતિ હેઠળના ૪ કામો આગામી ચોમાસા પહેલાં પુર્ણ કરવાનું આયોજન છે.

---------

**કપડવંજ તાલુકાના આંતરસુબાથી અપ્રુજી રસ્તાને જોડતા નર્મદા મુખ્ય નહેર ઉપરના પુલના છેડા મેટલ સપાટીના હોવા બાબત**

૪૧૯૪ **શ્રી માનસિંહ કો. ચૌહાણ(બાલાસિનોર) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૩૧-૧-૧૩ની સ્થિતિએ કપડવંજ તાલુકાના આંતરસુબાથી અપ્રુજી જતા રસ્તા વચ્ચે નર્મદા મુખ્ય નહેર ઉપર બાંધેલા બ્રિજના એપ્રોચ રસ્તાને ડામર સપાટીથી બનાવેલ નથી તે હકીકત સાચી છે, અને

(૧) હા, જી.

(૨) જો હા, તો આ એપ્રોચ રોડ ડામર સપાટીનો કેટલા સમયમાં બનાવવામાં આવશે ?

(૨) આ કામનો ઈજારો આપી દીધેલ છે અને કામ મે-૨૦૧૩ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

---------

**ગૌચર વિકાસ બોર્ડની રચના**

૪૬૩૪ **શ્રી જસાભાઇ ભા. બારડ(સોમનાથ) : માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૩૧-૧-૨૦૧૩ની સ્થિતિએ રાજ્ય સરકારે ગૌચર વિકાસ બોર્ડની રચના કરવાની જાહેરાત ક્યારે કરી,

(૨) આ બોર્ડની રચના ક્યારે કરવામાં આવી, અને તેના સભ્યો કોણ કોણ છે, અને

(૩) બોર્ડની રચના પછી ઉક્ત સ્થિતિએ બોર્ડ પાસે કુલ કેટલી રકમ જમા છે ?

(૧), (૨) અને (૩) : ના, જી. આવી કોઈ જાહેરાત થયેલ નથી. પરંતુ તા. ૩-૮-૧૨ના ઠરાવથી ગૌસેવા આયોગ, ગાંધીનગરની પ્રવૃત્તિનો વ્યાપ વધારી નામાભિધાન બદલીને ગૌસેવા અને ગૌચર વિકાસ બોર્ડ કરેલ છે જેના સભ્યોની યાદી સામેલ **પત્રક** મુજબ છે અને બોર્ડ પાસે રૂા. ૪,૯૦,૨૬,૯૪૯ (ચાર કરોડ, નેવુ લાખ છવ્વીસ હજાર નવસો ઓગણપચાસ) ઉપલબ્ધ છે.

**પત્રક**

| અનુ.નં. | સભ્યોની યાદી |
|---|---|
| ૧ | ચેરમેનશ્રી ગૌસેવા અને ગૌચર વિકાસ બોર્ડ, ગાંધીનગર |
| ૨ | સચિવશ્રી (પશુપાલન) |
| ૩ | અધિક મુખ્ય સચિવશ્રી (ગૃહ) અથવા તેના પ્રતિનિધિ |
| ૪ | નાયબ સચિવશ્રી (નાણા વિભાગ) |
| ૫ | સંશોધન નિયામકશ્રી, કૃષિ યુનિવર્સિટી, દાંતીવાડા |
| ૬ | ચેરીટી કમિશનરશ્રી, અમદાવાદ |
| ૭ | પશુપાલન નિયામકશ્રી, ગુ. રા. ગાંધીનગર |

| | |
|---|---|
| ૮ | મેનેજીંગ ડીરેક્ટરશ્રી, ગુજરાત એગ્રો ઈન્ડસ્ટ્રીઝ કોર્પોરેશન |
| ૯ | મેનેજીંગ ડીરેક્ટરશ્રી, ગુજરાત એનર્જી ડેવલપમેન્ટ એજંસી |
| ૧૦ | નાયબ સચિવશ્રી (મહેસુલ) |
| ૧૧ | સભ્ય સચિવશ્રી ગૌસેવા અને ગૌચર વિકાસ બોર્ડ, ગાંધીનગર |

---------

**કચ્છ જિલ્લામાં પશુદવાખાનાનું તાલુકાવાર કેડરવાર મંજૂર થયેલું મહેકમ**

૪૧૪૨ **શ્રી છબીલભાઇ ના. પટેલ(અબડાસા) : માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧–૧૩ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં તાલુકાવાર પશુ ડૉકટરો–લાઈવ સ્ટોક ઈન્સ્પેકટરો સહિત પશુ દવાખાનાઓનું મંજૂર મહેકમ સંવર્ગવાર કેટલું છે,

(૨) ભરાયેલુ મહેકમ સંવર્ગવાર કેટલું છે,

(૩) આ જગ્યાઓ સંવર્ગવાર ક્યારથી ખાલી છે, જગ્યાઓ ક્યારે ભરવામાં આવશે, અને

**જવાબ**

(૧) **પત્રક–૧** મુજબ.

**પ ત્ર ક – ૧**

| અ. નં. | તાલુકાનું નામ | પશુચિકિત્સા અધિકારી વર્ગ–૩ | પશુધન નિરીક્ષક વર્ગ–૩ | ડ્રેસર વર્ગ–૪ | પટાવાળા / એટેન્ડન્ટ કમ ડ્રેસર / એટેન્ડન્ટ વર્ગ–૪ |
|---|---|---|---|---|---|
| ૧ | લખપત | ૩ | ૦ | ૨ | ૩ |
| ૨ | મુન્દ્રા | ૧ | ૦ | ૨ | ૨ |
| ૩ | માંડવી | ૨ | ૦ | ૩ | ૨ |
| ૪ | ભૂજ | ૬ | ૦ | ૨ | ૩ |
| ૫ | ભચાઉ | ૨ | ૦ | ૨ | ૨ |
| ૬ | નખત્રાણા | ૫ | ૦ | ૩ | ૩ |
| ૭ | ગાંધીધામ | ૧ | ૦ | ૧ | ૦ |
| ૮ | અંજાર | ૧ | ૦ | ૧ | ૨ |
| ૯ | અબડાસા | ૨ | ૦ | ૨ | ૦ |
| ૧૦ | રાપર | ૫ | ૦ | ૨ | ૩ |
| | **કુલ** | **૨૮** | **૦** | **૨૦** | **૨૦** |

**એચબી–૭૭૯–૧૭**

(૨) ૧. પશુચિકિત્સક અધિકારી ૧૭
૨. પશુધન નિરીક્ષક વર્ગ–૩ ૦ (શૂન્ય)
૩. ડ્રેસર ૧૦
૪. પટાવાળા / એટેન્ડન્ટ કમ ડ્રેસર / એટેન્ડન્ટ વર્ગ–૪ ૧૨

(૩) ૧. પશુચિકિત્સા અધિકારી વર્ગ–૨ **પત્રક–એ** મુજબ.
૨. પશુધન નિરીક્ષક વર્ગ–૩ ની જગ્યા મંજૂર થયેલ નથી.
૩. ડ્રેસર વર્ગ–૪ **પત્રક–બી** મુજબ.
૪. પટાવાળા / એટેન્ડન્ટ કમ ડ્રેસર / એટેન્ડન્ટ વર્ગ–૪ **પત્રક–સી** મુજબ.

**પત્રક–એ**

**પશુચિકિત્સા અધિકારી વર્ગ–૨**

| અ.નં. | સ્થળ | કઈ તારીખથી ખાલી છે. |
|---|---|---|
| ૧ | પાંઢ્રો | ૩–૭–૨૦૦૮ |
| ૨ | ઢોરી | ૨૯–૯–૨૦૧૨ |
| ૩ | કેરા | ૨૯–૯–૨૦૧૨ |

| | | |
|---|---|---|
| ૪ | કુકમા | ૨૯–૯–૨૦૧૨ |
| ૫ | ભીરંડીયારા | ૧૭–૯–૨૦૧૨ |
| ૬ | મંજલ | ૨૯–૯–૨૦૧૨ |
| ૭ | નેત્રા | ૯–૯–૨૦૧૦ |
| ૮ | નલીયા | ૪–૧૨–૨૦૧૦ |
| ૯ | ભીમાસર | ૯–૯–૨૦૧૦ |
| ૧૦ | કીડીયાનગર | ૨૯–૩–૨૦૧૧ |
| ૧૧ | રાપર | ૧–૮–૨૦૧૦ |

આ પશુચિકિત્સા અધિકારીની જગ્યાઓ ભરવા માટે ગુજરાત જાહેર સેવા આયોગ ખાતે પ્રક્રિયા ચાલુ છે.

**પત્રક–બી**

**ડ્રેસર વર્ગ–૪**

| અ.નં. | સ્થળ | કઈ તારીખથી ખાલી છે. |
|---|---|---|
| ૧ | ઘડુલી | ૬–૭–૧૯૯૪ |
| ૨ | માતાનામઠ | ૨૭–૧૧–૨૦૦૯ |
| ૩ | ભદ્રેસર | ૧–૬–૨૦૧૧ |
| ૪ | બીંદડા | ૧૭–૯–૨૦૦૩ |
| ૫ | લોડાઈ | ૧૭–૯–૨૦૦૩ |
| ૬ | ચોબારી | ૧૭–૯–૨૦૦૩ |
| ૭ | નેત્રા | ૧૭–૯–૨૦૦૩ |
| ૮ | ગાંધીધામ | ૧–૨–૨૦૦૬ |
| ૯ | કોઠારા | ૧૭–૯–૨૦૦૩ |
| ૧૦ | ભીમાસર | ૧૭–૯–૨૦૦૩ |

આ જગ્યાઓ જિલ્લા પંચાયત મારફતે ભરવાની થાય છે.

**પત્રક–સી**

**પટાવાળા/એટેન્ડન્ટ કમ ડ્રેસર/એટેન્ડન્ટ વર્ગ–૪**

| અ.નં. | સ્થળ | કઈ તારીખથી ખાલી છે. |
|---|---|---|
| ૧ | ઘડુલી | ૭–૫–૨૦૦૨ |
| ૨ | મુન્દ્રા | ૩૧–૫–૨૦૦૪ |
| ૩ | ભદ્રેસર | ૩૦–૬–૨૦૧૧ |
| ૪ | માંડવી | ૩૧–૮–૨૦૦૯ |
| ૫ | ગઢસીસા | ૭–૫–૨૦૦૨ |
| ૬ | ભુજ | ૩૧–૧–૨૦૦૭ |
| ૭ | ભીરંડીયારા | ૩૧–૧૨–૨૦૦૪ |
| ૮ | નખત્રાણા | ૭–૫–૨૦૦૨ |

આ જગ્યાઓ જિલ્લા પંચાયત મારફતે ભરવાની થાય છે.

(૪) વૈકલ્પિક વ્યવસ્થા તરીકે શું આયોજન કરવામાં આવેલ છે ?

(૪) નજીકના દવાખાના ઉપર ફરજ બજાવતા પશુચિકિત્સા અધિકારીને ખાલી પશુ દવાખાનામાં ચાર્જ સુપ્રત કરવામાં આવેલ છે.

---------

**દાહોદ જિલ્લામાં તાલુકાવાર તૈયાર કરવામાં આવેલા નવા બોર તથા હેન્ડપંપ**

૪૬૧૮ **શ્રીમતી ચંદ્રીકાબેન છ. બારીયા(ગરબાડા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧–૨૦૧૩ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં તાલુકાવાર છેલ્લા બે વર્ષમાં કેટલા નવા હેન્ડપંપ તથા નવા બોર તૈયાર કરવામાં આવ્યા, તેમાંથી કેટલા કાર્યરત છે, અને

(૨) તે અન્વયે વર્ષવાર કેટલો ખર્ચ થયો ?

**જવાબ**

(૧) ઉકત સ્થિતિએ નીચેની વિગતે તાલુકાવારવર્ષ ૨૦૧૧ માં ૧૯૭૮ તેમજ વર્ષ ૨૦૧૨ માં ૧૫૩૮ નવા હેન્ડપંપ તૈયાર કરી તમામ હેન્ડપંપો કાર્યરત કર્યા.

| **તાલુકો** | **તૈયાર કરી કાર્યરત કરેલ નવા હેન્ડપંપ/નવા બોરની સંખ્યા** | |
|---|---|---|
| | **વર્ષ ૨૦૧૧** | **વર્ષ ૨૦૧૨** |
| દાહોદ | ૨૯૮ | ૨૧૩ |
| ગરબાડા | ૧૩૦ | ૧૩૩ |
| ઝાલોદ | ૨૪૧ | ૨૭૨ |
| ફતેપુરા | ૨૪૦ | ૧૫૫ |
| દેવગઢ બારીયા | ૩૪૧ | ૧૬૭ |
| લીમખેડા | ૬૧૩ | ૪૫૦ |

(૨) નીચેની વિગતે વર્ષ ૨૦૧૧ માં રૂ.૯૪૯.૨૧ લાખ તથા વર્ષ ૨૦૧૨ માં રૂ.૭૨૦.૧૩ લાખ ખર્ચ થયેલ છે.

| **તાલુકો** | **વર્ષ ૨૦૧૧** | **વર્ષ ૨૦૧૨** |
|---|---|---|
| દાહોદ | ૧૪૨.૧૪ | ૧૦૦.૫૧ |
| ગરબાડા | ૬૮.૦૮ | ૬૩.૨૫ |
| ઝાલોદ | ૧૧૮.૯૧ | ૧૨૬.૦૪ |
| ફતેપુરા | ૧૧૬.૩૮ | ૭૫.૬૭ |
| દેવગઢ બારીયા | ૧૬૧.૪૬ | ૭૭.૭૪ |
| લીમખેડા | ૨૮૭.૦૪ | ૨૦૮.૩૮ |
| ધાનપુર | ૫૫.૨૦ | ૬૮.૫૪ |

---------

**કલ્પસર યોજના પાછળનો ખર્ચ**

૩૯૨૩ **શ્રી પરેશ ધાનાણી(અમરેલી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (કલ્પસર) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ બે વર્ષમાં કલ્પસર યોજના પાછળ કુલ કેટલો ખર્ચ થયેલ છે, અને

(૨) તે અન્વયે આ યોજના ઉકત સ્થિતિએ ક્યા તબક્કે છે અને તે કેટલા સમયમાં પૂર્ણ કરવાનું આયોજન છે ?

**જવાબ**

(૧) વર્ષ ૨૦૧૦–૧૧, વર્ષ ૨૦૧૧–૧૨ અને વર્ષ ૨૦૧૨–૧૩ (ડીસેમ્બર–૨૦૧૨ અંતિત), કુલ રૂ.૨૫.૪૬ કરોડ.

(૨)

૧. નર્મદા નદી ઉપર ભાડભૂત ગામ પાસે ૧૫.૮૭ કીલોમીટર લાંબો બેરાજની (સ્ટેન્ડ એલોન) ‘‘પીપીપી’’ ધોરણે બનાવવા માટેના પ્રાથમિક સર્વે, સંશોધન અને આલેખનને લગતી તમામ કામગીરી પૂર્ણ થયેલ છે. બૅરેજ બનાવવા માટેનો એડવોકેટ જનરલશ્રીનો કાયદાકીય અભિપ્રાય અને નર્મદા નદીના નોટીફીકેશન પ્રસિદ્ધિની કામગીરી પણ પૂર્ણ કરેલ છે. બૅરેજના ફીઝીકલ મોડલની કામગીરી અગ્રીમ

તબક્કામાં છે. પર્યાવરણ અને કોસ્ટલ રેગ્યુલેટરી ઝોન (સી.આર.ઝેડ) ની મંજૂરી અંતિમ તબક્કામાં છે. જમીન સંપાદનની કામગીરી શરૂ કરેલ છે. ભાડભૂત બેરેજનું બાંધકામ વર્ષ ૨૦૧૩–૧૪માં શરૂ કરવાનું આયોજન છે.

૨. કલ્પસર યોજનાના પૂર્ણ કરેલ/અગ્રિમ તબક્કાના અભ્યાસોની વિગતઃ

૧. કલ્પસર યોજનાના બંધની ફરતેનું ટોપોગ્રાફી સર્વે.
૨. બંધના પથરેખાના કોરીડોરમાં દરિયાઇ સર્વેક્ષણ.
૩. બંધની ઉત્તરના ભાગમાં સૂચિત મીઠા પાણીના સરોવરમાં દરીયાઇ સર્વેક્ષણ.
૪. બંધની દક્ષિણ ભાગમાં દરિયાના ભાગમાં સર્વેક્ષણ.
૫. બંધ પર દરિયાના પાણીની સપાટીમાં ક્લાઇમેટ ચેન્જથી થતા વધારાની અસર.
૬. બંધ ઉપર સુનામીની અસર.
૭. બંધ પર સ્ટ્રોમસર્જ, સિંચિઝ, વિન્ડ, વેવ્સની અસર.
૮. બંધ થવાથી દરિયાના ભાગમાં ટાઇડ અને કરન્ટની અસર અને સેડીમેન્ટના જથ્થામાં થતા ફેરફારની અસરો.
૯. બંધની હયાત તેમજ સૂચિત બંદરો પર અસર.
૧૦. બંધની હેઠવાસમાં નવા બંદરોને વિકસાવવા.
૧૧. બંધના બાંધકામ માટે મટીરીયલ મેળવવાનો સર્વે.
૧૨. બંધ વિસ્તારમાં આવતા ભૂકંપની તીવ્રતા અને ફ્રીકવન્સીને બંધની ડીઝાઇન અન્વયે ચકાસણી.
૧૩. બંધ ઉપરનું આલેખિતપુર અને છલતીની ક્ષમતા.
૧૪. બંધના પાયા સ્તરોની ચકાસણી (જીયોટેકનીકલ).
૧૫. બંધ ઉપરનો ટ્રાફીક સર્વે.
૧૬. બંધ પર રેલ્વે પરિવહન સર્વે.
૧૭. કલ્પસરમાં મીઠા પાણીની ઉપલબ્ધિ.
૧૮. ઉપલબ્ધ પાણીના વપરાશની ફાળવણી.
૧૯. બંધ બનાવ્યા બાદ ખારા પાણીમાંથી મીઠા પાણીના સરોવરનું પરિવર્તનનો સમય.
૨૦. કલ્પસરના બંધ, મીઠા પાણીના સરોવર અને દરિયા ઉપર બંધ પહેલા, બાંધકામ વખતે અને બંધ થયા પછી થનારી વિવિધ તાંત્રિક અસરો માટેનો મેથેમેટીકલ મોડલ.
૨૧. બંધના ઉપરવાસના મીઠાના અગરો પર અસરો.
૨૨. બંધના ઉપરવાસના મેન્ગ્રુવ પરની અસરો.
૨૩. કલ્પસર યોજનાથી નવસાધ્ય થનાર જમીનનો ડેવલપમેન્ટ પ્લાન.

૨૪. નવસાધ્ય જમીન ઉપર પવન ઉર્જા.
૨૫. નવસાધ્ય જમીન ઉપર સૌર ઊર્જા.
૨૬. કલ્પસર યોજનાના કેચમેન્ટ એરીયાના ભૂગર્ભ જળની ગુણવત્તાની હાલની પરિસ્થિતિ અને ભવિષ્યની અસર.
૨૭. કલ્પસર યોજનાના વિસ્તારમાં હવા, અવાજ, દરિયા અને નદીના પાણી અને જમીનના હાલના પર્યાવરણીયના બેઝીક માપદંડો.
૨૮. નદીઓના પાણીનો જથ્થો અને ગુણવત્તાની માસિક ચકાસણી.
૨૯. સાબરમતી નદીના ઔદ્યોગિક પ્રદુષિત પાણીને બંધની નીચવાસમાં સમુદ્રમાં લઇ જવાનો અભ્યાસ.
૩૦. નર્મદા, મહી અને ઢાઢરના નદીના ઔદ્યોગિક પ્રદુષિત પાણીને બંધની નીચવાસમાં સમુદ્રમાં લઇ જવાનો અભ્યાસ.
૩૧. નર્મદા ડાયવર્ઝન કેનાલનો સર્વે અને પ્રાથમિક ડીઝાઇન.
૩૨. કમાન્ડ એરીયા માટે નહેરોની પથરેખા અને વહનશક્તિ.
૩૩. કલ્પસર યોજનાના કમાન્ડ એરીયાના ભૂગર્ભ જળની ગુણવત્તાની હાલની ગુણવત્તા પર અને ભવિષ્યમાં સિંચાઇ થતા વિસ્તાર પર અસર.
૩૪. યોજનાના સરોવરના વિસ્તારમાં મડ ફ્લેટ્સ (Mud flats) પર અસર.
૩૫. મત્સ્યોદ્યોગની અસર.

૩. કલ્પસર યોજના માટે હાલના તબક્કે બાકી રહેલા અભ્યાસોની વિગતઃ
૧. બંધ માટે ફીઝીકલ મોડલીંગ.
૨. મીઠા પાણીના સરોવરમાં કાંપ ઘટાડવા માટે કેચમેંટ એરિયા ટ્રીટમેન્ટ પ્લાન.
૩. કેચમેન્ટ એરીયાની સોઇલ સર્વે એન્ડ ડ્રેનેજ મેનેજમેન્ટ.
૪. બાયોફ્યુઅલ પાર્કનું આયોજન.
૫. ટ્રાફીક, પવન અને સૌર ઊર્જા થકી મળનાર કાર્બન ક્રેડીટ.
૬. યોજનાનો ડીટેઇલ પ્રોજેક્ટ રીપોર્ટ અને અંદાજ તૈયાર કરવો.

**એચબી–૭૭૯–૧૮**

૪. કલ્પસર યોજનાની પર્યાવરણ મંજૂરી અન્વયે કેન્દ્ર સરકારની 'નીરી' (નાગપુર) સંસ્થા દ્વારા બનાવેલ રીપોર્ટ કેન્દ્ર સરકારના વન અને પર્યાવરણ મંત્રાલય દ્વારા રચિત એક્ષપર્ટ એપ્રેઝલ કમિટિમાં સપ્ટેમ્બર–૨૦૧૦ માં રજુ કરેલ હતા. આ કમિટિ દ્વારા કેટલાક અન્ય અભ્યાસો કરવા સુચના આપેલ હતી. જેના કારણે ઉપરોક્ત કેટલાક અભ્યાસો નવા હાથ ઉપર લીધા છે.

૫. કલ્પસર યોજના શરૂ કરવા તેમાં લેવાની થતી

મંજુરીઓ/કામગીરીઓની વિગત નીચે પ્રમાણે છેઃ

૧. યોજનાનો પર્યાવરણીય મંજૂરી માટેનો રીપોર્ટ.
૨. કેન્દ્ર સરકારની પર્યાવરણીય મંજૂરી.
૩. કેન્દ્ર સરકારની સી.આર.ઝેડ. ની મંજૂરી.
૪. કેન્દ્ર સરકારના પ્લાનીંગ કમીશનની યોજનાના રોકાણ બાબતે મંજૂરી.
૫. સાબરમતી, મહી, ઢાઢર અને સૌરાષ્ટ્રની નદીઓના નોટીફિકેશન.
૬. બાંધકામ પશ્ચાદની ભરતી/ઓટ થતા ફેરફારનું નોટીફિકેશન.
૭. કલ્પસર એરીયા ડેવલપમેન્ટ ઓથોરીટી બનાવવી.

આ અભ્યાસો પૂર્ણ થયે કેન્દ્ર સરકારમાં ફરીથી મંજૂરી અર્થે રજુ કરી કેન્દ્ર સરકારની મેળવવાપાત્ર તમામ મંજૂરી મળ્યા બાદ કલ્પસર યોજના સત્વરે શરૂ કરી શક્ય બને એટલું જલ્દી પૂર્ણ કરવાનું આયોજન છે.

---------

## જસદણ તાલુકામાં પોલીસ સ્ટેશનવાર નોંધાયેલા ગંભીર ગુનાઓ

૫૧૫૪ **શ્રી ભોળાભાઇ ગોહેલ(જસદણ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) તા. ૩૧-૧-૨૦૧૩ની સ્થિતિએ જસદણ તાલુકામાં છેલ્લા બે વર્ષમાં પોલીસ સ્ટેશનવાર ક્યા પ્રકારના ગંભીર ગુનાઓ નોંધાયા,

(૧)

| ગુનાઓ | જસદણ | વિછીયા | ભાડલા |
|---|---|---|---|
| ખૂન | ૪ | ૨ | ૦ |
| ખૂનની કોશીષ | ૩ | ૨ | ૧ |
| ધાડ | ૧ | ૦ | ૦ |
| લૂંટ | ૨ | ૩ | ૦ |
| મનુષ્યહરણ | ૨ | ૯ | ૪ |

(૨) તે પૈકી કેટલા ગુનેગારોને પકડવામાં આવ્યા, અને

(૨) ૬૮.

(૩) કેટલા ગુનેગારોને પકડવાના બાકી છે, અને

(૩) ૦૧

(૪) તેના શા કારણો છે ?

(૪) અપહરણના ગુનાનો એક આરોપી ભાગેડુ હોઇ, તેને શોધીને ધરપકડ કરવા માટેના પ્રયાસો ચાલુ છે.

---------

**શિયાળબેટ ખાતે મત્સ્ય ઉતરાણ કેન્દ્ર વિકસાવવાની યોજનાને સર્વાંગી સાગરખેડું યોજનામાં સમાવવા અંગે**

૩૭૭૫ **શ્રી હીરાભાઇ ઓ. સોલંકી(રાજુલા) : માનનીય મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૦૧–૨૦૧૩ની સ્થિતિએ જાફરાબાદ તાલુકાના શિયાળબેટ ખાતે મત્સ્યઉતરાણ કેન્દ્ર વિકસાવવા અંગેની યોજના સર્વાંગી સાગર ખેડુ યોજનામાં સમાવેશ થયેલ છે કે કેમ, | (૧), (૨) અને (૩) હા જી, શિયાળબેટ ખાતે મત્સ્ય ઉતરાણ કેન્દ્ર વિકસાવવાની યોજના છે. શિયાળબેટ ખાતે મત્સ્ય ઉતરાણ કેન્દ્ર વિકસાવવા માટે, ગુજરાત મેરી ટાઇમ બોર્ડ દ્વારા રૂ઼ા. ૨૩.૪૪ લાખના ખર્ચે હયાત ૧૦૫ મીટરના સ્લોપની ઉપર વધારાનું કોંક્રિટ કરી સ્લોપની ઉંચાઇ વધારી તેના કાટખૂણે એક નવો સ્લોપ બનાવવાની કામગીરી પૂર્ણ કરેલ છે. |
| (૨) જો હા, તો આ યોજનાની શી વિગતો છે, અને | |
| (૩) તે ઉક્ત સ્થિતિએ ક્યા તબક્કે છે ? | |

---------

**વાયબ્રન્ટ ગુજરાત ૨૦૧૩માં વિદેશીઓને હોટલમાં રોકાણ કરવા આપેલી સગવડ**

૫૧૦૫ **શ્રી મોહનસિંહ છો. રાઠવા(છોટાઉદેપુર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧–૧૩ની સ્થિતિએ રાજ્ય સરકાર દ્વારા વાયબ્રન્ટ – ૨૦૧૩માં કેટલા વિદેશીઓને હોટલમાં રોકાવવા માટેની સગવડ આપવામાં આવી, અને | (૧) તા. ૩૧–૧–૨૦૧૩ની સ્થિતિએ રાજ્ય સરકાર દ્વારા વાયબ્રન્ટ સમિટ–૨૦૧૩માં ૯૦ વિદેશી મહેમાનોને હોટલમાં રોકાવવા માટેની સગવડ આપવામાં આવી હતી. |
| (૨) આ માટે કેટલું ચૂકવણું કરવામાં આવ્યું ? | (૨) આ માટે તા. ૩૧–૦૧–૨૦૧૩ની સ્થિતિએ કોઇ જ ચૂકવણું કરવામાં આવ્યું નથી. |

---------

## પોઇન્ટ ઓફ ઓર્ડર

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા ( કાયદો અને ન્યાયતંત્ર મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, આજે પ્રશ્નોત્તરી દરમિયાન આપે પણ આદેશ આપ્યા બાદ કોંગ્રેસના સભ્યો દ્વારા મોઢાં ઉપર કપડું લગાડીને પોતાનું મોંઢું ઢાંકવા માટેનો એમણે જે ...

અધ્યક્ષશ્રી : મોઢું ઢાંકવાનું નહીં. તમે સીધી વાત કરો.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, મારો એ કહેવાનો આશય છે, એના સંદર્ભમાં માનનીય નીતિનભાઇએ જે દરખાસ્ત મૂકી હતી કે એમણે અધ્યક્ષ તરીકે આપના આદેશનું અવમાન કર્યુ છે. એમને આજના દિવસ માટે સસ્પેન્ડ કરવામાં આવે, માનનીય અધ્યક્ષશ્રી, સત્તાધારી પક્ષમાં નીતિનભાઇએ જે દરખાસ્ત મૂકી હતી એ દરખાસ્તને હું ટેકો આપુ છું. આ પ્રમાણે સભ્યોના પ્રશ્નોત્તરીના કાળની અંદર આપે આદેશ આપ્યા પછી પણ એમણે સતત ચાલુ રાખ્યું, ત્યાંથી પણ અટકીને નહીં પરંતુ અહીંથી બહાર નીકળ્યા પછી જે અધ્યક્ષ તરીકે આપની હદ છે એ હદની અંદર એમણે સૂત્રોચ્ચાર કર્યા. જો સતત આ પ્રમાણેનું કરવામાં આવશે, આ વિધાનસભા નિયમોના નિયમ પ્રમાણે ચાલે અને આપના આદેશનું જે અવમાન કર્યુ છે, માનનીય મંત્રીશ્રી નીતિનભાઇ જે દરખાસ્ત લાવ્યા છે, એ દરખાસ્તના સંબંધમાં હું ટેકો આપીને એમને આજના દિવસ માટે સસ્પેન્ડ કરવામાં આવે એવી મારી દરખાસ્ત છે.

શ્રી પંકજ દેસાઇ (દંડકશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, મેં ટેકો આપ્યો હતો .

અધ્યક્ષશ્રી : ટેકો આપ્યો હતો ત્યારે નીતિનભાઇએ સ્પષ્ટ વાત કરી હતી કે જો મોઢા ઉપરથી માસ્ક

ઉતારે નહીં તો. એની જે પ્રપોઝલ હતીને ઇટ વોઝ એ કન્ડીશનલ પ્રપોઝલ, તમે હજી જોઇ જજો અને એને બદલે એ બધા લોકો હાઉસ છોડીને જતા રહ્યા, એટલા માટે તમારે ડાયરેકટ મૂકવી જોઇએ કે આ કર્યુ છે તો આમ કરો.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું સ્પષ્ટતા કરું મેં જે દરખાસ્ત કરી હતી એ પરિસ્થિતિ વખતે કે એ વખતે જ આપની સૂચનાનો અમલ કરે અને માસ્ક કાઢી લે.

અધ્યક્ષશ્રી : કાઢી લે તો, નહીંતર એમણે આમ કરવું જોઇએ.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : સાહેબ માસ્ક કાઢયા નહોતા. સાહેબ એ વખતે દરખાસ્ત હતી, સાહેબ પછી આપે એવું કીધું કે અત્યારે દરખાસ્ત પછી રાખીએ, પ્રશ્નોત્તરી ચલાવો એટલે દરખાસ્તના ઉપરનું પ્રોસીડીંગ બાકી છે અને એ વખતે એમણે માસ્ક ઉતાર્યા નહોતા. આપની અવગણના તો થઇ જ ચૂકી છે.

અધ્યક્ષશ્રી : ત્યારે તમે જોજો, મેં પણ કહ્યું હતું એ વખતે તમારું કન્ડીશનલી હતું.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : એ વખતે કન્ડીશનલી હતું, કાઢી નાખે તો વાંધો નહોતો.

અધ્યક્ષશ્રી : અત્યારે કોઇ નથી પહેરીને આવ્યાને?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, પણ એ વખતની મુવ કરેલ દરખાસ્તનો નિર્ણય બાકી છે.

શ્રી પંકજ દેસાઇ (દંડકશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, દરખાસ્તના સમયે ટેકો પણ આપ્યો હતો.

અધ્યક્ષશ્રી : એક મિનિટ બેસો બધા, તમે શેને ટેકો આપ્યો હતો? દરખાસ્ત એની એ નહોતી કે માસ્ક પહેરીને આવ્યા છે એટલે એ બધા લોકોને એક દિવસ માટે સસ્પેન્ડ કરવા જોઇએ એ માસ્ક ન કાઢે તો, જો અને તો, એ જો અને તો ની દરખાસ્ત હતી. દરખાસ્ત હંમેશા જો અને તો વાળી ના હોય, જો જો વાળી દરખાસ્ત હોય ને, એ એમ ન કરે તો એને બદલે એ આખા નીકળી ગયા એટલે એ પ્રશ્ન ત્યારે જ રહી ગયો હતો. દરખાસ્ત હંમેશા સ્પષ્ટ હોવી જોઇએ.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માસ્ક પહેરી અને બહાર નીકળ્યા અને બહાર નીકળતી વખતે પણ અધ્યક્ષશ્રી, અવમાનના ચાલુ જ રાખી હતી. અવમાનના ચાલુ જ હતી. ગૃહનું અપમાન તો કરી જ ચૂકયા છે.

અધ્યક્ષશ્રી : જે તે વખતે જે પ્રશ્ન હતો ત્યારે જ તમારે કહેવાની જરૂર હતી અત્યારે પ્રશ્નોત્તરી પછી આ રીતે એની કોઇ વિશેષ ચર્ચા હોય નહીં. માનનીય પ્રદિપસિંહ, ભવિષ્યમાં ધ્યાન રાખજો, કોઇ દરખાસ્ત જો અને તો વાળી ના મૂકવી, દરખાસ્ત મૂકવી હોય એ સ્પષ્ટ જ મૂકજો.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, મારે તો એટલું જ કહેવું છે કે સામાન્ય રીતે પ્રશ્નોત્તરીના કાળની અંદર આ પ્રમાણેનું મૂકવા કરતા પ્રશ્નોત્તરી પૂરી થાય એના પછી મૂકીએ છીએ. હું ફરીથી દરખાસ્ત મૂકુ છું.

અધ્યક્ષશ્રી : ત્યાર પહેલા તમે દરખાસ્ત મૂકી દીધી હતી. પ્રદિપસિંહ બહુ સ્પ્ષ્ટ થઇ જાવ. પહેલા દરખાસ્ત મૂકી હતી એને ટેકો પણ આપ્યો. કાં તમારે પ્રશ્નોત્તરી પછી દરખાસ્ત મૂકવી હતી. એકને એક કામ માટે બે વાર દરખાસ્ત ના મૂકી શકાય. પહેલા તમે જે દરખાસ્ત મૂકી હતી, એ દરખાસ્તની અંદર જો અને તો વાળી હતી. હજુ રેકર્ડ પરથી પણ શબ્દ લઇ લેજો. એટલે એ કોઇ સવાલ રહેતો નથી. બધા સભ્યોને વિનંતી કરું છું કે, કોઇપણ દરખાસ્ત મૂકવી હોય તો જો અને તો વાળી નહિ સ્પષ્ટ મૂકજો. (અંતરાય) એક મિનિટ.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : સાહેબ, મને સાંભળો, એ લોકો માસ્ક પહેરીને આવ્યાં, એ વખતે અમે કહ્યું કે અત્યારે માસ્ક કાઢી નાંખે તો એમને આપણે બહાર નથી કાઢવા, પણ આપે સૂચના આપી, સાહેબ. અમારી માગણી કર્યા પહેલા આપે સુઓમોટો આપોઆપ નીકળ્યાં (અંતરાય)

અધ્યક્ષશ્રી : મેં જ પહેલેથી કહ્યું હતું.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : છતાં એમણે માન્યું નહિ. આપની સૂચનાનો અનાદર કર્યો. પછી પણ મેં થોડું રીલેકસેસન આપ્યું કે અત્યારે માસ્ક ઉતારી લે તો વાંધો નથી. પણ માસ્ક ઉતાર્યા નથી અને સાહેબ, એમનો ગુનો ચાલુ જ છે. (અંતરાય) એમની અવમાન કરવાની પધ્ધતિ ચાલુ જ હતી, સાહેબ. એ વખતે

સ્વાઇનફ્લૂ હતો. અત્યારે સ્વાઇનફ્લૂ જતો રહ્યો. ૧૫૦ લોકોના મૃત્યુ થયા એને તમે (અંતરાય) ખપાવો છો. (અંતરાય) અમારી દરખાસ્ત ચાલુ રહેવી જોઇએ. માનનીય પ્રદિપસિંહે જે ટેકો આપ્યો છે, એનો સાહેબ હાઉસમાં સ્વીકાર થવો જોઇએ. સાહેબ, આપે મત ઉપર મૂકવી જોઇએ.

અધ્યક્ષશ્રી : એક મિનિટ, મારે શું કરવું એ તમારે નક્કી નથી કરવાનું. (અંતરાય) આપની વિનંતી છે. હું આપને પણ કહું છું કે, આપે હજી શબ્દ જોવા હોય તો રેકર્ડમાંથી જોઇ લેજો. અને જે તે વખતે દરખાસ્ત જ તમારી એવી હતી.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : (અંતરાય) એમને કાઢ્યા (અંતરાય)

અધ્યક્ષશ્રી : એમને કાઢ્યા નહિ, બધા વોકઆઉટ કરીને નીકળી ગયા. (અંતરાય) એક મિનિટ, નિર્ણય લેવાઇ ગયો છે., એમાં કોઇ ફેરફાર થાય નહિ. આપનો પોઇન્ટ ઓફ ઓર્ડર રહેતો નથી. આગળ કાર્યવાહી ચાલુ કરીએ. (અંતરાય) એક મિનિટ, ભાઇ, આ હાઉસમાં તમામ લોકોને ફરીથી સૂચના આપું છું કે મહેરબાની કરીને કોઇના પ્રવચન ચાલતાં હોય ત્યારે કોઇ કોમેન્ટ કરતાં નહિ. જેને કોમેન્ટ કરવી હોય એને જવાબદારીપૂર્વક કોમેન્ટ કરવાની છે અને પરિણામ ભોગવવાની તૈયારી સાથે કોમેન્ટ કરજો અને કોઇપણ સભ્ય પોતાની જગ્યા છોડીને બીજી જગ્યાએ જશો નહિ. સિવાય કે દંડકે જે સૂચના આપવી હોય તો દંડક આમાં એકસેપ્સન છે. એ સિવાય હાઉસની અંદર કોઇપણ પ્રવચન કરે ત્યારે કોઇએ કોમેન્ટ કરવાની નથી. કામ આગળ ચલાવો. (અંતરાય) શું છે?

શ્રી જીતેન્દ્રભાઇ સ. વાઘાણી : માનનીય અધ્યક્ષશ્રી, આપે આદેશ કર્યા પછી ૮ મિનટ જેટલો સમય અમારા સભ્યશ્રીઓનો પ્રશ્નનો મહત્વનો કાળ વિપક્ષના સભ્યશ્રીઓએ(અંતરાય)

અધ્યક્ષશ્રી : એ આપનો પોઇન્ટ ઓફ ઓર્ડર રહેતો નથી, જ્યારે હતું ત્યારે પૂરું થઇ ગયું. અત્યારે કોઇ ચર્ચા નહિ.

## માગણીઓ પર ચર્ચા અને મતદાન (નવમો દિવસ)

શ્રી ગણપતભાઇ વે. વસાવા (વન અને પર્યાવરણમંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું વન સેવાને લગતી વન અને પર્યાવરણ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ.૩,૩૧,૫૬,૧૫,૦૦૦/– ની અને મૂડીખર્ચ માટેની રૂ. ૨,૯૭,૫૫,૩૧,૦૦૦/– ની માગણી ક્રમાંક ૨૬ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક: ૨૬ રજૂ કરવામાં આવી.**

શ્રી જશુભાઇ ધા. બારડ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક:૧ રજૂ કરું છું.

કાપદરખાસ્ત ક્રમાંક:૧ રજૂ કરવામાં આવી.

શ્રી જસાભાઇ ભા. બારડ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક:૨ રજૂ કરું છું.

કાપદરખાસ્ત ક્રમાંક:૨ રજૂ કરવામાં આવી.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક:૩ રજૂ કરું છું.

કાપદરખાસ્ત ક્રમાંક:૩ રજૂ કરવામાં આવી.

શ્રી ભોળાભાઇ ભી. ગોહેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક:૪ રજૂ કરું છું.

કાપદરખાસ્ત ક્રમાંક:૪ રજૂ કરવામાં આવી.

શ્રી ઇન્દ્રનિલભાઇ સં. રાજ્યગુરુ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક:૫ રજૂ કરું છું.

કાપદરખાસ્ત ક્રમાંક:૫ રજૂ કરવામાં આવી.

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક:૭ રજૂ કરું છું.

કાપદરખાસ્ત ક્રમાંક:૭ રજૂ કરવામાં આવી.

શ્રી પ્રવિણભાઇ ઝી. રાઠોડ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક:૮ રજૂ કરું છું.

કાપદરખાસ્ત ક્રમાંક:૮ રજૂ કરવામાં આવી.

શ્રી પ્રહલાદભાઇ ઇ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક:૯ રજૂ કરું છું.

કાપદરખાસ્ત ક્રમાંક:૯ રજૂ કરવામાં આવી.

શ્રી અમિતભાઇ હ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક:૧૦ રજૂ કરું છું.

કાપદરખાસ્ત ક્રમાંક:૧૦ રજૂ કરવામાં આવી.

**માગણી ક્રમાંક : ૨૭**

શ્રી ગણપતભાઇ વે. વસાવા (વન અને પર્યાવરણમંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું પર્યાવરણને લગતી સેવા અંગેની વન અને પર્યાવરણ વિભાગની મહેસૂલી ખર્ચ માટે રૂપિયા ૨૦,૦૦,૦૦,૦૦૦/-ની માગણી ક્રમાંક ૨૭ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક ૨૭ રજૂ કરવામાં આવી.**

શ્રી ગ્યાસુદીન હ. શેખ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૧૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક: ૧૧ રજૂ કરવામાં આવી.

શ્રી બળદેવજી ચં. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૧૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક: ૧૨ રજૂ કરવામાં આવી.

શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૧૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક: ૧૩ રજૂ કરવામાં આવી.

શ્રી નટવરસિંહ કુ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૧૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક: ૧૪ રજૂ કરવામાં આવી.

શ્રી ગૌતમભાઇ રા. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૧૫ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક: ૧૫ રજૂ કરવામાં આવી.

**આદિજાતિ વિકાસ વિભાગ**.

**માગણી ક્રમાંક : ૯૩**

શ્રી ગણપતભાઇ વે. વસાવા (આદિજાતિ વિકાસ વિભાગમંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું અનુસૂચિત આદિજાતિઓનું કલ્યાણને લગતી સેવા અંગેની આદિજાતિ વિકાસ વિભાગની મહેસૂલી ખર્ચ માટે રૂપિયા ૨,૦૫,૨૪,૬૪,૦૦૦/- અને મૂડી ખર્ચ માટે રૂપિયા ૮,૩૧,૦૦,૦૦૦/-ની માગણી ક્રમાંક ૯૩ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક ૯૩ રજૂ કરવામાં આવી.**

શ્રી માનસિંહ કો. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૧૬ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક: ૧૬ રજૂ કરવામાં આવી.

શ્રી ઇશ્વરભાઇ ઢે. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૧૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક: ૧૭ રજૂ કરવામાં આવી.

શ્રી જીતુભાઇ હ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૧૮ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક: ૧૮ રજૂ કરવામાં આવી.

શ્રી અશ્વિન કોટવાલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૧૯ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક: ૧૯ રજૂ કરવામાં આવી.

શ્રી પ્રભુભાઇ ના. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૨૦ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક: ૨૦ રજૂ કરવામાં આવી.

ડો. અનિલ જોષીયારા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૨૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક: ૨૧ રજૂ કરવામાં આવી.

શ્રી પુનાભાઇ ઢે. ગામીત : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૨૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક: ૨૨ રજૂ કરવામાં આવી.

શ્રી મોહનસિંહ છો. રાઠવા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૨૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક: ૨૩ રજૂ કરવામાં આવી.

શ્રી મિતેષભાઇ ક. ગરાસીયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૨૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક: ૨૪ રજૂ કરવામાં આવી.

શ્રી જીતુભાઇ હ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૨૫ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક: ૨૫ રજૂ કરવામાં આવી.

શ્રી વજેસિંહભાઇ પા. પણદા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૨૬ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક: ૨૬ રજૂ કરવામાં આવી.

શ્રી સી. કે. રાઉલજી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૨૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક: ૨૭ રજૂ કરવામાં આવી.

શ્રી સી. કે. રાઉલજી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૨૮ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક: ૨૮ રજૂ કરવામાં આવી.

**માગણી ક્રમાંક : ૯૬**

શ્રી ગણપતભાઇ વે. વસાવા (આદિજાતિ વિકાસ વિભાગમંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું આદિજાતિ વિસ્તાર પેટા યોજનાને લગતી સેવા અંગેની આદિજાતિ વિકાસ વિભાગની મહેસૂલી ખર્ચ માટે રૂપિયા ૪૯,૩૪,૬૫,૧૮,૦૦૦/- અને મૂડી ખર્ચ માટે રૂપિયા ૨૮,૨૭,૩૮,૧૧,૦૦૦/-ની માગણી ક્રમાંક ૯૬ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક ૯૬ રજૂ કરવામાં આવી.**

શ્રી અમિતભાઇ હ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૨૯ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક: ૨૯ રજૂ કરવામાં આવી.

શ્રી ધીરુભાઇ ચુ. ભીલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૩૦ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક: ૩૦ રજૂ કરવામાં આવી.

શ્રી છનાભાઇ કો. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૩૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક: ૩૧ રજૂ કરવામાં આવી.

શ્રી ગેંદાલભાઇ મો. ડામોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૩૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક: ૩૨ રજૂ કરવામાં આવી.

શ્રી વજેસિંહભાઇ પા. પણદા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૩૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક: ૩૩ રજૂ કરવામાં આવી.

શ્રી હીરાભાઇ હ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૩૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક: ૩૪ રજૂ કરવામાં આવી.

શ્રી સી. કે. રાઉલજી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૩૫ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક: ૩૫ રજૂ કરવામાં આવી.

શ્રી મિતેષભાઇ ક. ગરાસીયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૩૬ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક: ૩૬ રજૂ કરવામાં આવી.

શ્રી પુનમભાઇ મા. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૩૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક: ૩૭ રજૂ કરવામાં આવી.

તા.૨૦મી માર્ચ, ૨૦૧૩
માગણીઓ પર ચર્ચા અને મતદાન (નવમો દિવસ)

**ક્લાઈમેટ એઈન્જ વિભાગ.**

**માગણી ક્રમાંક : ૧૦૭**

શ્રી ગણપતભાઇ વે. વસાવા (ક્લાયમેન્ટ ચેઈન્જ વિભાગમંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું ક્લાઈમેટ ચેઈન્જ વિભાગને લગતી સેવા અંગેની ક્લાઈમેટ ચેઈન્જ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂપિયા ૮૨,૨૮,૦૦૦/- ની માગણી ક્રમાંક ૧૦૭ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક ૧૦૭ રજૂ કરવામાં આવી.**

શ્રી મહેન્દ્રસિંહ શં. વાઘેલા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૩૮ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક: ૩૮ રજૂ કરવામાં આવી.

શ્રી મણીલાલ જે. વાઘેલા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૩૯ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક: ૩૯ રજૂ કરવામાં આવી.

સન ૨૦૧૧-૨૦૧૨ના વર્ષ માટેની પૂરક માગણીઓ પૈકી **સોમવાર, તા. ૨૦-૩-૨૦૧૩ (નવમા દિવસ)**ના રોજ ચર્ચા અને મતદાન માટે લેવાનાર માગણીઓ ઉપરની કાપદરખાસ્તોની એકત્રિત યાદી.

| અ. નં | મુખ્ય સદર અને સંદર્ભ | કાપ દરખાસ્ત | વિષય | પ્રભારી સભ્યશ્રી |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| | | **વન અને પર્યાવરણ વિભાગ<br>માગણી નં. ૨૬** | | |
| ૧. | ૨૪૦૬-વન .... જીવન<br>૦૧-વનનિર્માણ<br>૦૦૧-નિદેશ અને વહીવટ<br>રૂ. ૨,૧૩,૩૮,૫૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૮<br>પા.નં. ૧૩-૧૪ | ૧૦૦ | જંગલોમાં વસવાટ કરતા માલધારીઓને થતી કનડગત નિવારવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી જશુભાઇ બારડ |
| ૨. | __ " __ | ૧૦૦ | ગીરના જંગલોમાં થતા ગેરકાયદેસર લાયન શો અટકાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી જસાભાઇ બારડ |
| ૩. | __ " __ | ૧૦૦ | દિપડાઓના માનવજીવન અને પશુધન ઉપર થતા હુમલાઓ નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી પુંજાભાઇ વંશ |
| ૪. | __ " __ | ૧૦૦ | વન પેદાશોના ભાવ નક્કી કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ભોળાભાઇ ગોહેલ |
| ૫. | __ " __ | ૧૦૦ | વનપેદાશોની થતી વ્યાપક ચોરીઓ અટકાવવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી ઇન્દ્રનીલભાઇ રાજ્યગુરૂ |
| ૬.* | __ " __ | ૧૦૦ | જંગલોમાં વારંવાર બનતા આગના બનાવો અટકાવવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી જવાહરભાઇ ચાવડા |
| ૭. | ૨૪૦૬-વન .... જીવન | ૧૦૦ | હિંસક પ્રાણીઓને જંગલમાં પૂરતો | શ્રી રાઘવજી પટેલ |

| | | | | |
|---|---|---|---|---|
| | ૦૨–પર્યાવરણલક્ષી... પ્રાણીજીવન ૧૧૦–વન્ય પ્રાણી સંરક્ષણ રૂ. ૮૦,૪૫,૬૯,૦૦૦ અં.પ્ર.નં. ૮ પા.નં. ૨૭ થી ૩૨ | | ખોરાક મળી રહે અને જંગલ બહાર આવતા અટકે તેવી વ્યવસ્થા કરવામા તંત્રની નિષ્ફળતા. | |
| ૮. | __ " __ | ૧૦૦ | વન્ય પ્રાણીઓની સુરક્ષ માટે જરૂરી સવલતો પૂરી પાડવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી પ્રવિણભાઇ રાઠોડ |
| ૯. | __ " __ | ૧૦૦ | નિયમિત અને સતત દેખરેખ માટે અપૂરતી ફરતી ટુકડીઓના કારણે વન્ય પ્રાણીઓના થતા શિકાર અટકાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી પ્રહલાદભાઇ પટેલ |
| ૧૦. | __ " __ | ૧૦૦ | જંગલોમાં હિંસક પશેઓ પાછળ વાહનો દોડાવવાથી થતા પશુઓના મૃત્યુ નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી અમિત ચૌધરી |
| | | **માગણી નં. ૨૭.** | | |
| ૧૧. | ૨૨૧૫–પાણી ... સ્વચ્છતા ૦૨–ગટર ..... સ્વચ્છતા ૧૦૬– વાયુ... નિવારણ રૂ. ૧૪,૯૫,૦૦,૦૦૦ અં.પ્ર.નં. ૮ પા.નં. ૯ થી ૧૦ | ૧૦૦ | પ્રદૂષણ ફેલાવતા એકમોની નિયમિત ચકાસણી કરી કસૂરવારો સામે સખત પગલાં લેવામાં તંત્રની નિષ્ઠળતા. | શ્રી ગ્યાસુદ્દીન શેખ (રાજેન્દ્રસિંહ ઠાકોર) |
| ૧૨. | __ " __ | ૧૦૦ | બોર્ડની નબળી કામગીરી સંગીન બનાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી બળદેવજી ઠાકોર (રાજેન્દ્રસિંહ ચાવડા) |
| ૧૩. | __ " __ | ૧૦૦ | નદીઓના પાણીમાં છોડવામાં આવતા પ્રદૂષિત દ્રવ્યોને કારણે ફેલાતા જળ પ્રદૂષણને રોકવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી રાજેન્દ્રસિંહ પરમાર (કાંતીભાઇ ખરાડી અને કામીનબા રાઠોડ) |
| ૧૪. | __ " __ | ૧૦૦ | ઔદ્યોગિક એકમો દ્વારા ગેરકાયદેસર પ્રદૂષિત જળ ગટરોમાં વહેડાવવાથી થતા નુકસાન બાબતે જરૂરી પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી નટવરસિં! ઠાકોર (ધર્મેન્દ્રસિંહ જાડેજા) |
| ૧૫. | __ " __ | | જળ શુધ્ધિકરણ માટે કેનદ્ર સરકારે આપેલા કરોડો રૂપિયાનો | શ્રી ગૌતમભાઇ ચૌહાણ |

| | | | | |
|---|---|---|---|---|
| | | | યોગ્ય અને સમયસર ઉપયોગ કરવામાં તંત્રની નિષ્ફળતા. | (મહમદજાવીદ પીરઝાદા) |
| **આદિજાતિ વિકાસ વિભાગ<br>માગણી નં. ૯૩** | | | | |
| ૧૬. | ૨૨૧૦–તબીબી... આરોગ્ય<br>૦૧–શહેરી ... એલોપેથી<br>૮૦૦–અન્ય ખર્ચ<br>રૂ. ૪૯,૧૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૨૪ (ભાગ–૩)<br>પા.નં. ૯ | ૧૦૦ | આદિજાતિ વિસ્તરોમાં શહેરી આરોગ્ય સેવાના કથળેલા વહીવટને સંગીન બનાવવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી મંગળભાઇ ગાવિત (માનસિંહ ચૌહાણ) |
| ૧૭. | ૨૨૧૫–પાણી.... સ્વચ્છતા<br>૦૧–પાણી પુરવઠો<br>૮૦૦–અન્ય ખર્ચ<br>રૂ. ૨,૦૦,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૨૪ (ભાગ–૩)<br>પા.નં. ૧૧ | ૧૦૦ | આદિજાતિ ગ્રામીણ વિસ્તારોમાં પાણી પુરવઠાના કામોમાં થતો વ્યાપક વિલંબ નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ઇશ્વરભાઇ પટેલ (મણિલાલ વાઘેલા) |
| ૧૮. | —— " —— | ૧૦૦ | આદિજાતિ પેટા યોજના હેઠળ પાણી પુરવઠા અને સ્વચ્છતા માટે વધુ રકમની જોગવાઇ કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી જીતુભાઇ ચૌધરી (મહેન્દ્રસિંહ વાઘેલા) |
| ૧૯. | ૨૨૨૫–અનુસૂચિત .... કલ્યાણ ૦૨–અનુસૂચિત ... કલ્યાણ<br>૦૦૧–નિર્દેશ અને વહીવટ<br>રૂ. ૧,૪૨,૦૫,૦૦૦<br>અં.પ્ર.નં. ૨૪ (ભાગ–૩)<br>પા.નં. ૧૪–૧૫ | ૧૦૦ | અનુસૂચિત આદિજાતિઓના કલ્યાણ માટે ફાળવવામાં આવતી ગ્રાન્ટમાં વધારો કરવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી અશ્વિન કોટવાલ (પરેશ ધાનાણી) |
| ૨૦. | —— " —— | ૧૦૦ | યોગ્ય આયોજનના અભાવે આદિજાતિઓનો વિકાસ કરવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી પરભુભાઇ વસાવા (અમીત ચાવડા) |
| ૨૧. | ૨૨૨૫–અનુસૂચિત .... કલ્યાણ ૦૨–અનુસૂચિત ... કલ્યાણ<br>૦૦૧–નિર્દેશ અને વહીવટ<br>રૂ. ૧,૪૨,૦૫,૦૦૦ | ૧૦૦ | સ્થાતિક કક્ષાએ જ રોજગારી આપી આદિજાતિઓનો આર્થિક વિકાસ થાય તેવું આયોજન કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી અનીલ જોષીયારા (બાવકુભાઇ ઉંધાડ) |

| | | | | |
|---|---|---|---|---|
| | અં.પ્ર.નં. ૨૪ (ભાગ–૩) પા.નં. ૧૪–૧૫ | | | |
| ૨૨. | __ " __ | ૧૦૦ | કેન્દ્ર સરકાર તરફથી દર વરસે આદિજાતિના આર્થિક વિકાસ માટે મળતી કરોડો રૂપિયાની સહાયનો સમયસર યોગ્ય અને પૂરતો ઉપયોગ કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી પુનાભાઇ ગામીત (તેજશ્રીબેન પટેલ) |
| ૨૩. | __ " __ | ૧૦૦ | આદિજાતિ વિસ્તારોમાં ખાણ ખનીજની લીઝો આદિજાતિના ઇલમોને જ ફાળવાય તેવી કાર્યવાહી કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી મોહનસિંહ રાઠવા (રમેશભાઇ ચાવડા) |
| ૨૪. | __ " __ | ૧૦૦ | કલેકટર/તકેદારી અધિકારીના ભૂલભરેલ અને અધૂરા અહેવાલને કારણે અનુસૂચિત જનજાતિના ઇસમોના જાતિ પ્રમાણપત્ર રદ થતા અટકાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી મિતેશભાઇ ગરાસીયા |
| ૨૫. | __ " __ | ૧૦૦ | અનુસૂચિત જનજાતિના પ્રમાણપત્રની ખરાઇ સમયસર કરવામં વિશ્લેષણ સમિતિ નિષ્ફળતા. | શ્રી જીતુભાઇ ચૌધરી |
| ૨૬. | __ " __ | ૧૦૦ | સરકારે ઠરાવેલ ધોરણો અનુસાર આપવામાં આવતા અનુસૂચિત જનજાતિ અંગેના પ્રમાણપત્રને માન્ય રાખવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી વજેસિંગ પણદા |
| ૨૭. | __ " __ | ૧૦૦ | પંચમહાલ જિલ્લામાં અનુસૂચિત જનજાતિના ઉમેદવારોને આપવામાં આવતા જાતિ પ્રમાણપત્રની ખરાઇની કાર્યવાહી ઝડપી અને તટસ્થ રીતે કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી સી. કે. રાઉલજી (મહેન્દ્રસિંહ વાઘેલા) |
| ૨૮. | __ " __ | ૧૦૦ | આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્રએ આપેલ અનુસૂચિત જનજાતિના પ્રમાણપત્રની ખરાઇ અંગેના | શ્રી સી. કે. રાઉલજી (ગેંદાલભાઇ ડામોર) |

| | | | | |
|---|---|---|---|---|
| | | | જાત તપાસ અહેવાલને ગ્રાહ્ય રાખવામાં વિશ્લેષણ સમિતિની નિષ્ફળતા. | |
| | | **માગણી નં. ૯૬** | | |
| ૨૯. | ૨૦૨૯–જમીન મહેસૂલ<br>૭૯૬–આદિજાતિ ...<br>યોજના<br>૦૧–**LND–4**<br>રાજયના.. ફેરમોજણી<br>રૂ. ૨,૯૦,૭૦,૦૦૦<br>અં.પ્ર.નં.૨૪ (ભાગ–૪)<br>પા.નં. ૧૭–૧૮ | ૧૦૦ | આદિજાતિ વિસ્તારના ગામોની સમયસર ફેરમોજણી કરવામાં તેમજ મોજણી થયા પછી યોગ્ય કાર્યવાહી કરાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી જોઇતાભાઇ પટેલ (અમિતભાઇ ચૌધરી) |
| ૩૦. | ૨૨૦૨–સામાન્ય શિક્ષણ<br>૦૧–પ્રાથમિક ...<br>શિક્ષણ<br>૭૯૬–આદિજાતિ ....<br>યોજના<br>રૂ. ૨,૩૧,૧૦,૩૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૨૪ (ભાગ–૪)<br>પા.નં. ૨૪ થી ૨૯ | ૧૦૦ | આદિજાતિ વિસ્તારોમાં પ્રાથમિક શાળાઓમાં વર્ગખંડો, શિક્ષકો તેમજ અન્ય જરૂરી સવલતો પૂશ્રી પાડવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી ધીરૂભાઇ ભીલ (મહેશકુમાર પટેલ) |
| ૩૧. | ૨૨૦૨–સામાન્ય શિક્ષણ<br>૦૧–પ્રાથમિક ...<br>શિક્ષણ<br>૭૯૬–આદિજાતિ ....<br>યોજના<br>રૂ. ૨,૩૧,૧૦,૩૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૨૪ (ભાગ–૪)<br>પા.નં. ૪૩–૪૪ | ૧૦૦ | આદિજાતિ વિસ્તારોના આંતરિયાળ વિસ્તારમાં આવેલ પ્રાથમિક શાળાઓમાં પૂરતી સવલતો આપવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી છનાભાઇ ચૌધરી (શૈલેષ પરમાર) |
| ૩૨. | ૨૨૦૩–તકનિકી શિક્ષણ<br>૭૯૬–આદિજાતિ ....<br>યોજના<br>– તકનિકી હાઇસ્કૂલો<br>રૂ. ૧,૩૭,૪૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૨૪ (ભાગ–૪)<br>પા.નં. ૨૪ થી ૨૯ | ૧૦૦ | આદિજાતિ વિસ્તારોમાં કૌલ્ય નિર્માણ ટેકનિકલ સ્કલોનો વ્યાપ વધારવા તેમજ વિદ્યાર્થીઓ માટે પૂરતી બેઠકો મળી રહે તેવું આયોજન કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ગેંદાલભાઇ ડામોર (ધારશીભાઇ ખાનપુરા) |
| ૩૩. | ૨૨૦૩–તકનિકી શિક્ષણ<br>૭૯૬–આદિજાતિ ....<br>યોજના<br>૦૫– ટીઇડી–૫ | ૧૦૦ | આદિજાતિ ના વિદ્યાર્થીઓ માટે સરકારી ઇજનેરી કોલેજ, દાહોદ ખાતે વધ્ધુ બેઠકોની ફાળવણી કરી વિદ્યાર્થીઓને | શ્રી વજેસિંગ પણદા (ચંદ્રિકાબેન બારીયા) |

| | | | | |
|---|---|---|---|---|
| | સરકારી ... દાહોદ<br>રૂ. ૯,૬૯,૪૬,૦૦૦<br>અં.પ્ર.નં. ૨૪ (ભાગ–૪)<br>પા.નં. ૪૭–૪૮ | | પૂરતી સવલતો આપવામાં તંત્રની ઉદાસીનતા. | |
| ૩૪. | ૨૨૦૫–કલા .... સંસ્કૃતિ<br>૭૯૬–આદિજાતિ ....<br>યોજના<br>૦૧–એઆરટી–૨<br>ગ્રંથાલય વિકાસ<br>રૂ. ૪,૦૯,૪૬,૦૦૦<br>અં.પ્ર.નં. ૨૪ (ભાગ–૪)<br>પા.નં. ૨૪ થી ૨૯ | ૧૦૦ | આદિજાતિ વિસ્તારોમાં ગ્રંથાલયોનો વ્યાપ વધારી તેનો લાભ લોકોને મળે તેવી કાર્યવાહી કરાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી હીરાભાઇ પટેલ<br>(રામસિંહ પરમાર) |
| ૩૫. | ૨૨૧૦–તબીબી ....<br>આરોગ્ય<br>૦૧–શહેરી ... એલોપેથી<br>૭૯૬–આદિજાતિ ...<br>યોજના<br>૦૨–એચએલટી–૩<br>આદિજાતિ .. વધારવી<br>રૂ. ૪૭,૬૦,૬૯,૦૦૦<br>અં.પ્ર.નં. ૨૪ (ભાગ–૪)<br>પા.નં. ૬૩–૬૪ | ૧૦૦ | આદિજાતિ વિસ્તારોમાં આવેલી આરોગ્ય સંસ્થાઓમાં પથારીની અપૂરતી સંખ્યાને કારણે દર્દીઓને પડતી હાડમારી નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી સી. કે. રાઉલજી<br>(છબીલભાઇ પટેલ) |
| ૩૬. | –– " –– | ૧૦૦ | અપૂરતા કર્મચારીઓને કારણે વહીવટી/આરોગ્યલક્ષી કામગીરી ઉપર થતી વિપરીત અસરો નિવારવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી મિતેશભાઇ ગરાસીયા<br>(નિરંજન પટેલ) |
| ૩૭. | ૨૨૧૦–તબીબી ....<br>આરોગ્ય<br>૦૩–ગ્રામીણ ...<br>એલોપેથી<br>૭૯૬–આદિજાતિ ...<br>યોજના<br>૧૦–ફરતાં સ્થાપના<br>રૂ. ૧૫,૨૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૨૪ (ભાગ–૪)<br>પા.નં. ૮૧ | | આદિજાતિ વિસ્તારના આંતરિયાળ વિસ્તારમાં ફરતાં દવાખાનાંઓની સંખ્યામાં વધારો કરવા તેમજ હયાત ફરતાં દવાખાનાંમાં આધુનિક સુવિધાઓ પૂરી પાડવામાં તંત્રની નિષ્ફળતા. | બલવંતસિંહ રાજપૂત<br>(પુનમભાઇ પરમાર) |
| **કલાઈમેન્ટ ચેઇન્જ વિભાગ<br>માગણી નં. ૧૦૭** | | | | |
| ૩૮. | ૩૪૫૧–સચિવાલય ....<br>સેવાઓ | ૧૦૦ | અપૂરતા સ્ટાફના કારણે વહીવટી કામગીરી ઉપર થતી | શ્રી મહેન્દ્રસિંહ વાઘેલા<br>(જોઇતાભાઇ પટેલ) |

| | | | | |
|---|---|---|---|---|
| | ૦૯૦–સચિવાલય<br>રૂ. ૮૨,૨૮,૦૦૦<br>અં.પ્ર.નં. ૨૮<br>પા.નં. ૯ થી ૧૦ | | વિપરીત અસરો નિવારવામં તંત્રની નિષ્ફળતા. | |
| ૩૯. | __ " __ | ૧૦૦ | પર્યાવરણલક્ષી સંશોધનનો વ્યાપ વધારવામં તંત્રની ઉદાસીનતા. | શ્રી મણિલાલ વાઘેલા (મહેશકુમાર પટેલ) |

* આ કાપ દરખાસ્ત સભાગૃહમાં રજૂ થઇ નથી.

અધ્યક્ષશ્રી : હવે માગણીઓ અને રજૂ થયેલી કાપ દરખાસ્તો ઉપર ભેગી ચર્ચા કરવામાં આવશે.

શ્રી મોહનસિંહ છો. રાઠવા(છોટાઉદેપુર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી વન અને પર્યાવરણ, આદિજાતિ વિકાસ વિભાગ અને કલાઇમેટ ચેન્જની માગણીઓ આ હાઉસમાં લઇને આવ્યા છે એના ઉપર મારા વિચારો રજૂ કરવા માટે ઉભો થયો છું.

મારે બહુ લાગણી સાથે આદિજાતિ વિકાસ વિભાગની જે માગણીઓ છે તેના ઉપર ચર્ચા કરવી છે. મારી એક નમ્ર વિનંતી છે કે અત્યાર સુધી ગુજરાત રાજયમાં આદિજાતિ કલ્યાણની જે કોઇ રકમ હોય એ રકમનું કામ વિભાગના માનનીય મંત્રીશ્રી જ કરતા હોય છે પરંતુ ગુજરાત સરકારના આદિજાતિ વિકાસ વિભાગ દ્વારા બોમ્બે પબ્લીક ટ્રસ્ટ એકટ ૧૯૫૦ હેઠળ ડેવલપમેન્ટ સપોર્ટ એજન્સી ગુજરાત, ડીસેગની રચના રજીસ્ટ્રેશન સોસાયટી એકટ ૧૮૬૦ હેઠળ કરેલી છે. એમાં જે રકમ મળે છે એ ભારત સરકારની ખાસ કેન્દ્રીય સહાય બંધારણની કલમ–૨૭૫(૧) હેઠળ આ જે રકમો મળે છે એ રકમો એન.જી.ઓ. મારફત ખર્ચ કરીને એનું કોઇ સરકારનું ઓડિટ પણ થતું નથી. કેગ દ્વારા એનું ઓડિટ થાય એ રીતે આ ડીસેગને તાત્કાલિક બંધ કરીને ખાતા મારફતે જ ગુજરાતના ૧૨ જિલ્લા, ૪૩ તાલુકા અને ૫૮૮૪ જેટલા ગામોનો શું વિકાસ નથી થયો તેનો સરવે પણ કરવામાં આવે અને એ ગામોમાં આવા બધા કામો થાય તેવું કરવા માટે મારી નમ્ર વિનંતી છે. એમ તો ગુજરાત સરકારને ૨૫૦કરોડ રૂપિયા ભારત સરકાર તરફથી મળ્યા છે. એફ.ડી.મુકીને જે તે બેંકોમાં આ રકમ પડી છે. ખરેખર આદિવાસીઓના શિક્ષણના પૈસા ૨૫૦કરોડ એફ.ડી.થી જો બેંકોમાં પડેલા હોય અને આ કાર્ય ખરેખર આદિવાસી માટે જે કરવાનું છે એ કાર્ય થતું નથી એટલા માટે કે ભારત સરકારે ૩૮ જેટલી સંસ્થાઓ એકલવ્ય કન્યા નિવાસી શાળાઓ વડોદરા જિલ્લામાં ૧૨, દાહોદમાં સાત, વલસાડમાં ત્રણ, પંચમહાલમાં ચાર, બનાસકાંઠામાં ૮, તાપીમાં એક, નર્મદામાં એક, ડાંગમાં એક, જુનાગઢમાં ૩૮, વિદ્યાર્થીઓની સંખ્યા ૪૩૪૬ની છે. એક વિદ્યાર્થી પાછળ ૪૨૦૦૦ રૂપિયાનો ખર્ચ કરવામાં આવે છે પરંતુ જે શિક્ષકો મુકવા જોઇએ આ ૩૮ એકલવ્ય કન્યા શાળાઓની અંદર નિવૃત્ત થયેલા શિક્ષકો દરરોજના ૨૦૦ રૂપિયા આપીને એમને પગાર ચૂકવવામાં આવે છે. જે તે બાળકો આ જે એકલવ્ય કન્યા નિવાસી શાળામાં રહે છે તેના શિક્ષણના પણ ઠેકાણા નથી એટલે મારી નમ્ર વિનંતી છે કે આ ૨૫૦કરોડ રૂપિયા જે મળ્યા છે એ ૨૫૦કરોડનો ઉપયોગ તાત્કાલિક આદિવાસી વિસ્તારમાં થાય એવી મારી વિનંતી છે.

જે પૈસા મળે છે અત્યાર સુધીમાં છ જેટલી સંસ્થાઓ જે શરૂ કરી પોલિટેકનીક એગ્રીકલ્ચર દાહોદ એ જ રીતે કોલેજ ઓફ એગ્રીકલ્ચર, ગોધરા, વેટનરી સાયન્સ કોલેજ નવસારી, પોલિટેકનીક ડેડીયાપાડા, પોલિટેકનીક અમીરગઢ, પોલિટેકનીક ખેડબ્રહ્મા આ વિસ્તારોમાં જે રકમો ખર્ચાઇ છે અને જે વિદ્યાર્થીઓ એમ તો ખરેખર આદિવાસીના વિદ્યાર્થીઓ માટે જ આ સંસ્થાઓ થવી જોઇએ પરંતુ આદિવાસી કોઇ વિદ્યાર્થી નથી. અહિંયા જોઇએ તો ગોધરામાં ૯૩ બિન પછાત અને બે જ આદિવાસી વિદ્યાર્થીઓ છે. એ જ રીતે નવસારી ૬૦ બિન પછાત અને ૧૧ આદિવાસી છે. એ જ રીતે ડેડીયાપાડામાં ૨૫, એમાં આદિવાસી ૩ જ છે. અમીરગઢમાં ૨૫ એમાં આદિવાસીઓ ચાર છે. ખેડબ્રહ્મામાં ૨૫, એમાં આદિવાસીઓ પાંચ છે. દાહોદમાં ૭૫ એમાં આદિવાસીઓ આઠ છે એટલે ૩૦૩ બિન આદિવાસીઓ, એસ.ટી.ની જગ્યા ખાલી ૩૩ અને ખર્ચો કર્યો છે ૧૧,૦૮,૧૭,૩૯૨ રૂપિયાનો. ગુજરાતમાં જે સરકારી કન્યા છાત્રાલયો અને કન્યા ડ્રાય હોસ્ટેલો, આદર્શ

નિવાસી શાળાઓ એ જે જે ચાલે છે એમાં આસીસ્ટન્ટ લેડી સુપ્રિન્ટેન્ડન્ટની જગ્યાઓ ખાલી છે. આ બધી જ જગ્યાએ પુરુષોથી જગ્યાઓ ભરવામાં આવેલી છે.એમ તો ગુજરાત સરકારે આના નિયમો પણ કર્યો છે કે આ જગ્યાઓ બહેનોથી જ ભરવી. આલેશું દ્વારા જ આ જગ્યાઓ ભરવી. પરંતુ હિંમતનગર, મોડાસા, ભીલોડા, ખેડબ્રહ્મા, ઇડર, વિજયનગર આ ૭ જેટલી છાત્રાલયોમાં વોર્ડનની બહેનોની જગ્યા છે તે તમામ ખાલી છે. એવી રીતે અંબાજી, અમીરગઢ એમાં ૩ જેટલા છાત્રાલયો છે. એમાં પણ બહેનોની જગ્યા ખાલી છે. મારી નમ્ર વિનંતી છે કે કોઇપણ બહેન બીમાર પડે તો પુરુષો વોર્ડન તરીકે એ બહેનની કોઇ સેવા–ચાકરી કરી શકતા નથી, તેથી આ બહેનોની નિમણૂક યુદ્ધના ધોરણે કરે. એમ તો હુકમો જે થયો છે તે કમિશનર આદિજાતિ વિકાસ ૧૯–૨–૨૦૦૮ નો પત્ર મકમ/૧/૨૦૦૮/૨૨૩૨ નાથી હુકમ પણ થયો છે, છતા આનો કોઇ અમલ કરવામાં આવતો નથી.

મારે બીજી વાત કરવી છે કે છેલ્લાં ૩ વર્ષમાં સેલ્ફ ફાયનાન્સ કોલેજના સંલગ્ન છાત્રાલયમાં રહીને અભ્યાસ કરતા જે વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિની રકમ આપવાની જોગવાઇ છે, એમાં હું કહું તો નવસારી, પંચમહાલ, દાહોદ, વલસાડ, ભરૂચ અને પાલનપુર એમાં આ રકમ મળે છે. ૧,૯૯૭ બાળકો માટે ૯૧,૧૫,૬૦૧ ની સહાય મળી. એ જ રીતે ૨૦૦૯–૧૦ માં ૨,૪૯૩ બાળકોને ૧ કરોડ ૧૦ લાખ ૯૯૪ ની સહાય મળી અને ૨૦૧૦–૧૧ માં ૨,૮૨૬ બાળકોને ૧ કરોડ ૫૫ લાખ ૩૬ હજાર ૮૯૭ ની સહાય મળી, પરંતુ મારે દુઃખ સાથે કહેવું જોઇએ કે વડોદરા, ડાંગ, તાપી, નર્મદા અને સાબરકાંઠા આ ૫ જિલ્લામાં આદિવાસીઓની સંખ્યા હોવા છતા ૨૦૦૮–૦૯, ૨૦૦૯–૧૦, ૨૦૧૦–૧૧ એમાં એક રૂપિયાની રકમ આદિવાસી વિસ્તારની છાત્રાલયો અને સેલ્ફ ફાયનાન્સ કોલેજોમાં જે લોકો ભણે છે તેમને આજદિન સુધી સહાય આપી નથી. આનો સરવે કરીને પણ જેટલા વિદ્યાર્થીઓ સેલ્ફ ફાયનાન્સ કોલેજોમાં ભણે છે, એમને સહાય આપવા મારી લાગણી છે.

એમ તો મારી એ પણ લાગણી છે કે અમારા આદિવાસી વિસ્તારના ૫,૮૮૪ ગામોમાં ૨૨૦ કે.વી.ની લાઇન કોઇ જગ્યાએ નથી, એના કારણે જે આદિવાસી વિસ્તારમાં પૂરેપૂરી લાઇટ મળવી જોઇએ તે મળતી નથી. મારી માગણી છે કે ૨૨૦ કે.વી. ની લાઇન આદિવાસી વિસ્તારમાં થાય. લગભગ ૧૫૦ જેટલા મકાનો છોટાઉદેપુર, પાવી જેતપુર અને કંવાટ તાલુકામાં એ ઘરોના વીજળીકરણ થયા નથી. તો તાત્કાલિક વીજળીકરણ થાય. ૩૯ ગામો બોર્ડર એરિયા નીચે ડિક્લેર કર્યા છે, તે મધ્ય પ્રદેશ જિલ્લાની હદે આવેલા ગામો છે, એ ગામોમાં લાઇટ, પીવાનું પાણી, રસ્તાઓ, સિંચાઇની સુવિધા, શિક્ષણ, એસ.ટી. બસની સુવિધા, આરોગ્ય ૧૦૮ ની સુવિધા એ સુવિધાઓ ત્યાં નથી. શિક્ષકોની જગ્યાઓ ૭૩ જેટલી ખાલી છે. ધોરણ–૬, ૭ અને ૮ ની જે પ્રાથમિક શાળાઓ છે. ત્યાં ૧૪૧૪ જેટલી જગ્યાઓ ખાલી છે. આદિવાસી વિસ્તારમાં કોઇપણ જગ્યાએ શિક્ષકોની નિમણૂક થાય તો બહેનોની નિમણૂક ન કરવા પણ મારી વિનંતી છે. જેટલા પુરુષ શિક્ષકો હોય તેમને જ આદિવાસી વિસ્તારમાં પ્રાથમિક શાળાના શિક્ષક તરીકે મૂકાય તેવી મારી વિનંતી છે. અમદાવાદમાં સરકારી છાત્રાલયો ૪, ગાંધીનગરમાં ૫, વડોદરામાં ૮. તો આ છાત્રાલય વડોદરામાં છે, એમાં ૮૨૦ બાળકો ભણે છે. એને ૧ કરોડ ૮૫ લાખ ૮૫ હજાર અને ગાંધીનગરમાં ૫ સરકારી છાત્રાલયો છે, એમાં વિદ્યાર્થીઓની સંખ્યા ૪૭૭ એમાં ૨ કરોડ ૮૧ લાખ ૭૭ હજાર, અમદાવાદમાં ૪ એમાં...

અધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે. માનનીય મંગુભાઇ.

શ્રીમંગુભાઇ છ. પટેલ(ગણદેવી) : માનનીય અધ્યક્ષશ્રી, આદિજાતિ કલ્યાણ, વન પર્યાવરણના માનનીય મંત્રીશ્રી જે માગણી લઇને આવ્યા છે તેને અનુમોદન આપવા ઉપસ્થિત થયો છું. આજે વિશ્વ વન દિનની ઉજવણીની નિમિત્તે ગુજરાતના મુખ્યમંત્રી માનનીય નરેન્દ્રભાઇ અને બંને મંત્રીઓ ભાઇશ્રી ગણપતભાઇ વસાવા અને મંત્રીશ્રી રાજયકક્ષા શ્રી ગોવિંદભાઇએ જે ઉજવણી નિમિત્તે શુભેચ્છા આપી છે તેમાં હું પણ મારો સુર પુરાવું છું. તેની સાથે ગુજરાતની હરિયાળી માટે અને ગ્લોબલ વોર્મિંગ અને કલાઇમેટ ચેઇન્જની જે અસરમાંથી આપણે પસાર થઇ રહ્યા છીએ, ભવિષ્યમાં આપણા બાળકોને આ મુશ્કેલી નહીં પડે તેના માટે ગુજરાતને વૃક્ષાચ્છાદિત કરવા માટે આપણી જાતને જોતરીએ તેવી પણ અપીલ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ખાસ કરીને આદિજાતિ કલ્યાણ વિભાગ પર મારે મારા વિચારો રજૂ કરવા છે. ગુજરાતના અંબાજીથી માંડીને ઉમરગામ સુધીના જે ૧૨ જિલ્લા અને ૪૩ તાલુકા આવેલા છે. તેમાં આદિજાતિની વસ્તી ૨૦૧૧ની ગણતરી મુજબ જો કહીએ તો લગભગ ૮૯ લાખની વસ્તી આજે થઇ છે. ભૂતકાળના અનેક વર્ષોમાં આ સમાજને આગળ લાવવા માટે જે કંઇ પ્રયત્નો થવા જોઇએ તે પ્રયત્નોમાં ઘણીબધી ઉણપ દેખાય છે. મને ખ્યાલ છે કે ભૂતકાળમાં જે બજેટ ફળવાતા હતા. પહેલું બજેટ ફળવાયું ત્યારે આદિજાતિ કલ્યાણને ફકત ૫૭ કરોડ રૂપિયા ફળવાયા હતા. ત્યારબાદ ૨૦૦ કરોડ, ૩૦૦ કરોડ, ૪૦૦ કરોડ, અને ૮૦૦ –૯૦૦ કરોડ તો ભયો ભયો થઇ ગયું. ૪૨ વર્ષનું કુલ બજેટ ગણીએ તો ૬૫૦૦ કરોડ રૂપિયાનું બજેટ આદિજાતિ કલ્યાણનું હતું. હું ૧૨ વર્ષની વાત કરું છું. માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ જયારે આવ્યા ત્યારે પાંચ વર્ષમાં એમણે વસ્તીને ધ્યાનમાં રાખીને ૬ હજાર કરોડ રૂપિયાનું બજેટ આપ્યું. એમાં આપણે બંને ગણીએ તો ૪૭ વર્ષનું બજેટ ૧૨૫૦૦ કરોડનું બજેટ હતું. ૧૨૫૦૦ કરોડ વપરાયા પછી પણ આદિવાસીઓને વંચિત રહેવું પડે, તેના વિસ્તારનો વિકાસ નહીં થાય, તેના માટે માનનીય મુખ્યમંત્રીશ્રીએ ચિંતન કરીને વનબંધુ કલ્યાણ યોજના તેમણે જાહેર કરી. વનબંધુ કલ્યાણ યોજનામાં પાંચ વર્ષમાં ૧૫ હજાર કરોડ રૂપિયા વાપરવાનું ટાર્ગેટ બનાવ્યું. આ પાંચ વર્ષના અંતે જુઓ તો જે પૈસા વપરાયા તે ૧૭૮૩૮ કરોડ રૂપિયા વપરાયા. તેની પાછળ દસ મુદ્દા માનનીય મુખ્યમંત્રીશ્રીએ નકકી કર્યા હતા અને તે મુદ્દા પ્રમાણે આદિવાસીઓનો વિકાસ કેવી રીતે થાય, આદિવાસી વિસ્તારનો વિકાસ કેવી રીતે થાય તેના ઉપર બરાબર ધ્યાન અપાયું. નકકી કરેલા હતા ૧૫ હજાર કરોડ અને વપરાયા ૧૭૮૩૮ કરોડ. એટલે ૨૮૩૮ કરોડ રૂપિયા વધારાના વપરાયા. જે મુદ્દા હતા તેનું પાંચ લાખ કુટુંબને રોજગારીની વાત, ગુણવત્તાયુકત શિક્ષણ અને ઉચ્ચ શિક્ષણ ઉપર ભાર, આદિજાતિ વિસ્તારોનો વેગવંતો આર્થિક વિકાસ, સૌને માટે આરોગ્ય, સૌને માટે ઘર, સૌને માટે પીવાનું પાણી, આદિવાસી વિસ્તારમાં સિંચાઇની વ્યવસ્થા, બારમાસી રસ્તાઓનું આયોજન, સાર્વત્રિક વીજળીકરણ અને શહેરી વિકાસ આવા દસ મુદ્દા પર બરાબર ધ્યાન રાખીને એ જે કંઇ બજેટ વપરાયું અને આને આપણે ચારે દિશામાં , મેં કહ્યું તેમ ૧૨ જિલ્લા અને ૪૩ તાલુકામાં આ જે બધા મુદ્દા હતા તે પ્રમાણેનો વિકાસ આપણે જોઇ શકીએ છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, આજે જે વિકાસ થયો છે એ વિકાસમાં પંચવર્ષીય યોજનામાં ૧૭૮૩૮ કરોડ રૂપિયા વપરાયા એમાં જે આદિવાસીઓ માટે રોજગારીની વાત હતી, એના આર્થિક વિકાસની વાત હતી, એમાં વર્ષ ૨૦૧૧–૧૨માં ૪૮૯૮.૭૨ કરોડની જોગવાઇની સરખામણીએ ૧૭૧૩.૭૧ કરોડ રૂપિયાનો વધારો કરીને ચાલુ વર્ષમાં જે બજેટ ફાળવ્યું છે એ ૭૧૦૨ કરોડ રૂપિયાના બજેટનું આયોજન આ વર્ષે કરવામાં આવ્યું છે. આદિજાતિ વિભાગને જે પૈસા ફાળવાયા છે તે ૯૫૪ કરોડ જેટલા ફાળવાયા છે. ગુજરાત પેટર્ન આ વિભાગની એક અલગ જ પેટર્ન ગુજરાતના નામે ચાલે છે એમાં પણ આ વર્ષે વધારો કરવામાં આવ્યો છે.

મારે ખાસ કરીને નોંધપાત્ર જે સિદ્ધિઓ છે એ બાબતમાં વાત કરવી છે. એમાં પહેલી વાત પાંચ લાખ પરિવારોની આવક કેવી રીતે ડબલ થાય અને એને રોજગારી કેવી રીતે મળે, એને તાલીમ કેવી રીતે મળે એના માટેના જુદા જુદા પ્રોજેકટો હાથ ધરવામાં આવેલા હતા. એ સંકલિત ડેરી વિકાસ, જીવિકા યોજના એક– બે– ત્રણ, કૌશલ્યવર્ધક તાલીમ કાર્યક્રમ, એમ બધા મળીને લગભગ ૮ લાખ ૨૮ હજાર જેટલા લાભાર્થીઓને આ યોજનાઓ પાછળ લાભ આપવામાં આવ્યો છે. સંકલિત ડેરીની વાત કરીએ તો ૬૭૪૫૮ જેટલા આદિવાસી ભાઇ –બહેનોને બે ઢોરો આપીને અને એને દૂધની જે કંઇ આવક મળી છે એ દર મહિને લગભગ ચાર હજાર રૂપિયા જેટલી આવક એમને મળી રહે છે.

માનનીય અધ્યક્ષશ્રી, અત્યારે શિક્ષણની મહત્વની વાત થઇ, આદિવાસીઓનો એક સમય એવો હતો કે, આદિવાસીઓમાં શિક્ષણ એટલે સામાન્ય વાત કરીએ તો એ આદિવાસીઓમાં શિક્ષણ એક વખતે ૨૧ ટકા હતું. બહેનોના શિક્ષણની વાત કરીએ તો બનાસકાંઠાના અમીરગઢના આ વિધાનસભા ગૃહમાં એક વખત મારા પ્રશ્નના જવાબમાં માનનીય મંત્રીશ્રી તરફથી જણાવેલ હતું કે, બનાસકાંઠાના અમીરગઢ અને દાંતામાં તો આદિવાસીમાં ખાલી સાત ટકા શિક્ષણ હતું. માનનીય મુખ્યમંત્રીશ્રીની જુદી જુદી યોજનાઓ એમાં

પ્રવેશોત્સવની વાત હોય, કન્યા કેળવણીની વાત હોય અને આજે શિક્ષણમાં જે સુધારાવધારા થયા છે અને સરકારની જે કોઇ યોજનાઓ છે એના અનેક લાભો આજે આદિવાસીઓને મળે છે. અત્યારે આ બજેટમાં સાયકલ આપવાની વાત છે એમાં પહેલા અંતર હતું કે અઢી કિલોમીટરથી બહાર હોય તો જે તે દીકરીને આ સરસ્વતી સાધના યોજનાની સાયકલ મળે પણ માનનીય મુખ્યમંત્રીશ્રીનો એક આદિવાસી તરીકે મારે આભાર માનવો છે કે, એ જે અંતરની મર્યાદા હતા એ મર્યાદા પણ કાઢી નાખવામાં આવી છે અને ગયા વખતે પણ ૨૮૦૦૦ જેટલી દીકરીઓને સાયકલ મળી છે, એ જ પ્રમાણે આ વખતે પણ લગભગ ૩૦૦૦૦ જેટલી દીકરીઓને સાયકલ મળવાની છે. આ વખતના બજેટમાં ધોરણ ૯ થી ૧૨ સુધીમાં કોઇપણ આવક મર્યાદા કાઢીને દરેકને જે મફત પુસ્તકો સરકાર આપવા માગે છે તે પણ એક આવકારદાયક પગલું છે અને એના માટે પણ હું આ સરકારને અભિનંદન આપવા માગું છું.

માનનીય અધ્યક્ષશ્રી, અત્યારે જે વાત થઇ એ પ્રમાણે ૧૭ જેટલી એકલવ્ય રેસીડેન્સીયલ શાળાઓ, મોડેલ સ્કૂલો ૬ થી ૧૨ની શરૂ કરવામાં આવી છે. લો લિટરસી ગર્લ્સ રેસીડેન્સીયલ સ્કૂલ શરૂ કરી છે. ઇજનેરી કોલેજ શરૂ કરી છે, નવી આઇ.ટી.આઇ. શરૂ કરી અને હાલ ૩૩ આઇ.ટી.આઇ. કાર્યરત છે. દાહોદ ખાતે ફિજિયોથેરાપી કોલેજ શરૂ કરી છે. નર્સિંગ સ્કૂલો– દાહોદ, રાજપીપળા અને વ્યારા ખાતે શરૂ કરવામાં આવી છે. અત્યારે જ વાત થઇ વેટરનરી કોલેજ, નવસારી ખાતે એ પણ ૨૦૦૮થી શરૂ કરવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, કેટલીક વાતો એવી પણ થઇ કે, વિદ્યાર્થીઓ ઓછા છે. તો મારે કહેવું છે કે, આપણે બધા સામાજિક કાર્યકર્તાઓ પણ છીએ અને કોઇકને કોઇ વિસ્તારની જવાબદારી પણ લીધી છે તો આપણા વિસ્તારમાં જે કોઇ આદિવાસી વિદ્યાર્થીઓ છે એમને પ્રોત્સાહિત કરીને આ બધી યોજનાઓનો લાભ કેવી રીતે એ લઇ શકે એ દિશામાં આપણે સૌ પણ પ્રયત્ન કરીએ, તો મને ચોક્કસ એવું લાગે કે આપણા વધારે આદિવાસી વિદ્યાર્થીઓ માટે સરકારે જ્યારે આ સવલત ઉભી કરી છે ત્યારે ચોક્કસ એનો આપણે લાભ લઇ શકીએ.

મારે એક વાત એ પણ કરવી છે કે, આજે સરકારની જે કાંઇ યોજનાઓ છે એ યોજના થકી આદિવાસીના વિદ્યાર્થીએ આજે વિદેશ ભણવા જવું હશે તો પણ સરકાર ૧૫ લાખ રૂપિયા ચાર ટકાના વ્યાજે આપે છે. આવું આયોજન ભૂતકાળમાં ક્યારેય પણ આપણે જોયું છે ખરું? આજે ૧૧૨ જટલા યુવક–યુવતીઓ વિદેશમાં સરકારના ૧૫ લાખ રૂપિયા લઇને ભણે છે. એ જ રીતે પાઇલોટનું શિક્ષણ પણ આજે ૧૫ જેટલા યુવાનો અને યુવતીઓ લઇ રહ્યા છે. આપને જાણીને નવાઇ લાગશે કે આદિવાસીને વિમાનમાં બેસવાનું મળે તો પણ નસીબ કહેવાય. આજે તો આદિવાસીના વિદ્યાર્થીઓ વિદેશમાં જઇને પાઇલોટનું શિક્ષણ મેળવે છે અને આદિવાસીની દીકરી પાઇલોટ બને એવો સ્વપ્નમાં આપણને વિચાર પણ આવે ખરો? માનનીય મુખ્યમંત્રીશ્રીએ આ સાબિત કરી બતાવ્યું છે. આજે પણ ઉંડાણના ગામોની મુલાકાતે જ્યારે કોઇ નેતા આવતા હોય અને એને લઇને હેલિકોપ્ટર આવવાનું હોય તો લોકો સભામાં નહીં જાય અડધી પબ્લીક તો જ્યાં હેલિકોપ્ટર ઉતરવાનું હોય ત્યાં જ ઉભી રહી જાય છે અને આપણે એમ કહીએ કે ચલો સભામાં જવાનું છે તો કહે નહીં અમારે તો હેલિકોપ્ટર ઉતરે એ જોવું છે, હેલિકોપ્ટર ઉડે તે જોવું છે. આ માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ એવો સમય લાવ્યા છે કે આ ૧૫ યુવક યુવતીઓ જે પાઇલોટનું શિક્ષણ લેવા ગયેલા છે તેઓ આવનારા દિવસોમાં જ્યારે ગામડામાં કોઇ જગ્યાએ હેલિકોપ્ટર ઉતરશે ત્યારે નેતાની સાથે જે પાઇલોટ ઉતરશે એ પણ આદિવાસી દીકરો કે આદિવાસી દીકરી હશે એ સમય માનનીય મુખ્યમંત્રીશ્રી લાવ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, આજે આર્થિક વિકાસની વાત આપણે બધા કરીએ છીએ. આજે ચારે બાજુ આદિવાસી વિસ્તારમાં જે કામ થયા છે એમાં આરોગ્યની વાત મારે કરવી છે. ગઇ કાલે આરોગ્ય મંત્રીશ્રી વાત કરતા હતા ત્યારે આદિવાસી વિસ્તારમાં લેપ્ટોપાયરોસીસની વાત થઇ હતી અને ચોક્કસ મને ખબર છે કે દક્ષિણ ગુજરાતમાં લેપ્ટોપાયરોસીસનો રોગ સૌથી વધારે હતો પણ આજે એ કાબૂમાં આવ્યો છે અને એ માટે ૩૦૦૦ જેટલા આરોગ્યના કર્મચારીને આ રોગથી કેવી રીતે લોકોએ બચવું એના માટેની ટ્રેનિંગ અપાય છે. ડાયાલિસીસની કેટલીક જગ્યાએ સિવિલ હોસ્પિટલમાં વ્યવસ્થા ઉભી કરી છે અને એના કારણે આજે દિવસે

દિવસે એમાં પણ મૃત્યુ ઓછા થયા છે અને એના માટે સરકાર ગંભીર છે અને એ માટે સરકાર પગલાં લઇ રહી છે.

સીકલસેલની વાત કરું તો આદિવાસીમાં એ ખરેખર એક વારસાગત રોગ છે. બહુ વર્ષોથી આ રોગ ચાલતો આવેલો છે છતાં પણ કમનસીબી એ છે કે આજ સુધી એના તરફ ધ્યાન નહીં અપાયું. ડોકટરનું કહેવું છે કે આજે પણ આ રોગના કારણે દરરોજ એક થી બે છોકરા મરણ પામે છે તો એની સંખ્યા વર્ષે કેટલી થઇને ઉભી રહે? સરકારે બરાબર આનો વિચાર કર્યો નહીં અને ભૂતકાળમાં મને ખબર છે કે ૪૨ વર્ષમાં ફક્ત ૩૫૦૦૦ હજાર રૂપિયા ખર્ચેલા ત્યારે આ સરકારે બરાબર આનો વિચાર કરીને અને માનનીય મુખ્યમંત્રીશ્રીના ધ્યાનમાં આ બાબત આવ્યા પછી શરૂઆતમાં ૧૧ કરોડ રૂપિયાનું પ્રોવિઝન એમાં થયું અને આજે ૮૯ લાખની ગુજરાતની આદિવાસી વસતિ છે એમાં જે ૩૧ લાખ જેટલાનું સ્કીનીંગ થયું છે અને માંના ગર્ભમાંથી આ રોગને કેવી રીતે નાબૂદ કરી શકાય એ માટેની ટેકનોલોજી જે આવી છે એનો ઉપયોગ કરીને આ સરકાર આ રોગમાં આદિવાસીઓને રાહત થાય એ માટે પ્રયત્ન કરી રહી છે અને આ વખતે આ માટે લગભગ ૫ કરોડની રકમ બજેટમાં ફાળવવામાં આવી છે એ માટે હું સરકારને અભિનંદન આપુ છું.

માનનીય અધ્યક્ષશ્રી, ચિરંજીવી યોજના, આજે બહેનો માટે ચિરંજીવી યોજના બનાવી છે કેમ કે, આદિવાસી વિસ્તારના ખાસ કરીને ઉંડાણના ગામોમાં તો કોઇ સંસ્થા મારફત ડિલિવરી થતી ન હતી અને ડિલિવરી વખતે કોઈ વાર બાળક મૃત્યુ પામે, માતા મૃત્યુ પામે તો એને માટે પણ સરકારે પગલાં ભર્યા છે અને ૪.૧૯ લાખ જેટલી આદિવાસી મહિલાઓએ આનો જે લાભ લીધો છે એને કારણે અનેક માતાને બચાવી શકાય છે, અનેક બાળકને બચાવી શકયા છીએ અને આજે હસતાં હસતાં ખીલખીલાટ કરતા એનું બાળક ઘરે જાય છે ત્યારે આદિવાસી સમાજમાં સરકાર માટે ખૂબ લાગણી ઉભી થઇ છે. આવા કેટલાય આદિવાસી સમાજ માટેના કામો આ સરકારે કર્યા છે પણ મારી પાસે આજે સમય નથી એટલે બધાની હું વાત કરી શકતો નથી. આવાસની પણ મારે વાત કરવી હતી પણ મારી પાસે સમય નથી એટલે કરી શકતો નથી પણ માનનીય મંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે એને હું મારો ટેકો આપીને મારી વાત પૂરી કરું છું.

**શ્રી અશ્વિન કોટવાલ(ખેડબ્રહ્મા) :** માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી આદિજાતિ અને વન વિશે જે માગણીઓ લઇને આવ્યા છે એમાં મારા પોતાના વિચારો રજૂ કરવા માટે હું ઉભો થયો છું. મારે એ કહેવું છે કે, આ છેલ્લાં પંદર વરસની અંદર જો કોઇને મોટામાં મોટો અન્યાય થયો હોય તો આ આદિવાસી સમાજને અન્યાય થયો છે.

**અધ્યક્ષશ્રી :** પ્લીઝ, બોલવાનું નહિ તમારે, તમારો વારો આવે એટલે તમે કહેજો આ મંગુભાઇ બોલ્યાને કે ન્યાય થયો, એટલે એમને અન્યાય થયો એવું કહેવાનો પણ હક્ક અને અધિકાર છે. શાંતિ રાખો તમે.

**શ્રી અશ્વિન કોટવાલ :** માનનીય અધ્યક્ષશ્રી, આ ગુજરાતની અંદર આદિવાસીઓની વસતિ ૧૬.૫૦ ટકા છે, પણ સરકારે આદિવાસીઓ માટે જે બજેટ ફાળવ્યું એ ફક્તને ફક્ત ૧.૬૩ ટકા ફાળવ્યું છે. આ વસતિની અંદર ૩૫ ટકા આદિવાસીઓ ગરીબીની રેખા નીચે જીવે છે. મારે એમ કહેવું છે કે આ ભારતીય જનતા પાર્ટીની સરકારે આદિવાસીઓને બિચારા અને બાપડા બનાવી દીધા છે, આ સરકારે પહેલા આદિવાસીઓને વનવાસીઓ તરીકે બોલાવ્યા, વનવાસી શબ્દ બરાબર ન લાગ્યો એટલે આદિવાસીઓને વનબંધુ તરીકે બોલાવ્યા. મારે આ ગૃહમાં કહેવું છે કે આ આદિવાસીઓને આ વનબંધુ અને વનવાસી શબ્દ ગમતો નથી. હું આ સામેવાળાઓને પૂછવા માગું છું કે તમે કઇ ડિક્ષનરીમાંથી કેમ અમે આદિવાસીઓને બદનામ કરવા માટેનો આ શબ્દ ક્યાંથી શોધી લાવ્યા છો. આદિવાસીઓ અમને કહે છે કે અમારે વનવાસી નથી બનવું કે વનબંધુ નથી બનવું, એટલા માટે અમારી આપને વિનંતી છે કે તમે અમને વનવાસી તરીકે પણ ન ગણો કે વનબંધુ તરીકે પણ ના ગણો.

વરસોથી આદિજાતિ વિભાગ ચાલતો હતો. પણ આ સરકારની નીતિ સારી નહિ. આદિવાસીઓને યોજના આપવા માટેના એમના સારા વિચારો નહિ એટલે આદિજાતિ વિભાગની કામગીરી બંધ કરી દેવામાં આવી, જે મંત્રી કહેવામાં આવે એ આદિજાતિ વિભાગના મંત્રી કહેવામાં આવે, પણ આદિજાતિ વિભાગમાં જે

કામગીરી કરવી જોઇએ એ કામગીરી બંધ કરી દેવામાં આવી છે. આદિવાસીઓને રોજગારી મળે એ માટે વરસોથી કોંગ્રેસના રાજની અંદર આદિવાસી કોર્પોરેશન ચાલતું હતું, આ કોર્પોરેશન દ્વારા આદિવાસીઓ રોજગારી મેળવતા હતા, પણ આ સરકારે છેલ્લાં ઘણા વરસોથી આદિવાસીઓ માટેનું કોર્પોરેશન પણ બંધ કરી દીધું છે એ કેટલી •(xxxxxx)

આદિજાતિ વિભાગ બંધ કરીને, કોર્પોરેશન બંધ કરીને ડી–સેગ નામની આ સરકારે એક પ્રાઇવેટ સંસ્થા ખોલી છે, આ ડી–સેગ સંસ્થાની અંદર સામેના પક્ષના અને મારા પક્ષના આદિવાસી સભ્યોને હું પૂછવા માગું છું કે તમે ડી–સેગની ઓફિસો કોઇએ જોઇ છે ખરી? એ ઓફિસની અંદર જઇએ ત્યારે ત્યાં કોઇ ગુજરાતી લોકો નથી, આઉટસોર્સીંગથી ત્યાં ભરતી કરવામાં આવી છે. ત્યાં ટાઇ અને સુટવાળા હિન્દી ભાષીઓની ભરતી કરવામાં આવી છે એ આદિવાસીઓની વાત શું છે એ ડી–સેગવાળા સમજી શકતા નથી. મારો પ્રશ્ન એ છે કે ડી–સેગ બંધ કરીને આદિજાતિ વિભાગના અમારા મંત્રીશ્રી છે તો આદિજાતિ વિભાગને આ ગ્રાન્ટની વહેંચણી થાય એવી મારી વિનંતી છે. મંગુભાઇ મારા વડીલ છે અને મુરબ્બી છે એ કહેતા હતા કે આદિવાસી બાળાઓને અમે સાયકલો આપીએ છીએ. આ સાયકલો ક્યારે આપવામાં આવે? એમનું વરસ પૂરું થાય ત્યારે અત્યારે આ સાયકલો આપવામાં આવે છે, અત્યારે આપવામાં આવે છે. એનો કલર કેવો? ભગવાં કલરની સાયકલો આપવામાં આવે છે. આદિવાસી બાળાઓ સ્કૂલમાં ભગવા કલરની સાયકલ લઇ જતાં ડરે છે, એને દુઃખ લાગે છે કેમકે લોકો કહે છે સારા લોકો, સવર્ણ લોકો કહે છે કે આ મફતમાં મળેલી સાયકલ એ છેને એમ કહે છે, એટલે એને શરમ આવે છે એટલે આ સાયકલનો કલર પણ કાળો રાખવો જોઇએ.

**અધ્યક્ષશ્રી :** એક મિનિટ બાકી છે,

શ્રી અશ્વિન કોટવાલ :અને સાયકલ પણ કેવી ? તેની અંદર ટાયર પણ ના હોય અને હરકયુલસ કે હીરો કંપની જે આવતી હોય તેના બદલે બીજી કોઇ કંપની, કઇ કંપની, કયાંથી લાવ્યા છે તે ખબર નથી પડતી. મારે બીજી પણ વાત કરવી છે કે, આ સરકારે આદિવાસીઓ માટે મકાઇ આપી. આદિવાસીઓ મકાઇ ખાય છે એવી ખબર પડી એટલે મકાઇ આપી. પણ મકાઇનું બીજ કયાંથી લાવ્યા? મોન્સેન્ટ કંપની કયાંક ફોરેન અમેરિકામાંથી લાવ્યા. આ કંપની કયાંથી આવી? મકાઇ એવી આપવામાં આવી કે આદિવાસીઓએ જયારે તેને રોપી ત્યારે તુવેર ઉગ્યા. એમ નહીં સાહેબ, તે માણસ નહીં ખાય ઢોર ખાય, ઢોર. આદિવાસીઓને આ રીતે (xxxxxx) આવ્યા. આદિવાસીઓને બટાકા આપવામાં આવ્યા.

શ્રી રમણલાલ ના. પાટકર(ઉમરગામ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી આદિજાતિ વિકાસ વિભાગની જે માગણીઓ લઇને આવ્યા છે તેમાં મારા વિચારો રજૂ કરવા માટે હું અહીં ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આજે જયારે હાઉસની અંદર ખરેખર એક આદિવાસીઓ માટે શું જરૂરિયાત છે અને તેના માટે બજેટની અંદર કઇ રીતે વ્યવસ્થા કરવી જોઇએ તેની ચર્ચા કરવા માટે સન્માનનીય સભ્યો ચર્ચા કરી રહ્યાં છે ત્યારે મારું પણ તેમાં અનુમોદન આપવા માટે ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આજે ગુજરાતની ભૌગોલિક પરિસ્થિતિ જોઇએ તો ઉત્તરથી દક્ષિણ સુધી જે પૂર્વ પટ્ટીનો ભાગ છે જયાં ત્રણ રાજયોની હરોળ આવે છે રાજસ્થાન, મધ્યપ્રદેશ અને મહારાષ્ટ્ર. એમાં ગુજરાતના ૪૦૧ જેટલાં ગામો આ સરહદી વિસ્તારની અંદર આવે છે. એ વિસ્તારની અંદર કેટલા વર્ષોથી આદિવાસીનો અર્થ જ થાય છે વર્ષોથી વસેલાં તે આદિવાસીઓ. અને આ વિસ્તાર કેવા પ્રકારનો કે જયાં ગાઢ જંગલ અને ખડકાળ જમીન હોય એવા વિસ્તારની અંદર તે આદિવાસીઓ વર્ષોથી વસવાટ કરે છે. આ વિસ્તારની અંદર સામાજિક, આર્થિક ઉન્નતિ કરવી હોય તો આપણું બજેટ કયા પ્રકારનું હોવું જોઇએ એની આઝાદી પછી ઘણાં વર્ષો સુધી કોઇ ચિંતા થયેલી નથી, પણ આજે મને કહેતા આનંદ થાય છે કે, આ વિસ્તારની અંદર ૧૨ જિલ્લા અને ૪૩ તાલુકા અને તેમાં ૮૯ લાખની જે વસતિ વસે છે તેના માટે શિક્ષણ,

---

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા.

આરોગ્ય, માર્ગ મકાન, આવાસ, વીજળી આજે સામૂહિક જવાબદારીનું સરકારનું જે કામ છે તેના માટે પૂરતી રકમ આ બજેટની અંદર ફાળવવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે કેટલાક મુદ્દાઓ આદિવાસીઓ માટે ભૂતકાળની અંદર કેટલાક આપણી વચ્ચે આજે નથી છતાં પણ તેમના અધ્યક્ષસ્થાને જે નિર્ણય લેવાયેલા છે તેને મારે આ હાઉસની અંદર યાદ આપવી છે. અમારે ત્યાં વલસાડ જિલ્લાના સ્વર્ગસ્થશ્રી અને આપણાં ભારત દેશના વડાપ્રધાન મોરારજીભાઇ દેસાઇ ગુજરાત અને મહારાષ્ટ્ર બન્ને સાથે હતા ત્યારે મજૂરમાંથી ખેડૂતો બનાવવા માટેનો એક ઐતિહાસીક નિર્ણય તે વખતે મહારાષ્ટ્રની અંદર ટેનેન્ટ એકટ તેમણે દાખલ કરેલો. અને તેના આધાર ઉપર આજે કેટલાક મજૂરો જે વર્ષોથી ખેતી કરતા હતા, પટ્ટેથી રોકાણ કરતા હતા તેમને સાચા અર્થની અંદર ખેડૂત તરીકે બનાવી અને એક લોકશાહીનો સાચો હિસ્સો જો આપ્યો હોય તો સ્વર્ગસ્થશ્રી મોરારજીભાઇ દેસાઇ દ્વારા આપવામાં આવ્યો છે.

મારે બીજો હિસ્સો આ સભાગૃહની અંદર યાદ કરવો છે કે, ૧૯૯૫ની અંદર સન્માનીય સ્વર્ગસ્થશ્રી સૂર્યકાન્ત આચાર્યજી. તે આપણાં એમ.પી. પણ બન્યા હતા. તેમણે પહેલો વિચાર મૂકેલો કે આદિવાસીઓ માટે આપણે હક્ક પત્ર જાહેર કરવુ જોઇએ. તે જે પરિસ્થિતિમાં રહે છે, જે વિસ્તારમાં રહે છે તેના માટે આપણે કંઇક સ્પેશ્યલ યોજના મૂકવી જોઇએ. આ યોજનામાં એમના વિચારોના આધાર પર ખેડ હકકની જમીન એમના નામે કરવા માટેની દરખાસ્ત લઇને આજે સરકાર આવી, અને એમાં ૫૫ હજાર જેટલા ખેડૂતોને જે સાચો જંગલનો એક અધિકાર હતો એ એમને આપવામાં આવ્યા છે, એ એમનો વિચાર હતો.

એવો જ એક બીજો વિચાર અમારા દક્ષિણ ગુજરાતના કોંગ્રેસના નેતા, જેમણે સારું અને સાચું કામ કર્યું છે તેમનું નામ લેવા માટે મને કોઇ વાંધો નથી, એવા અમારા શ્રી ઉત્તમભાઇ હરજીભાઇ પટેલે, જેઓ વર્ષોથી આ રાજયની અંદર મંત્રી તરીકે અને કેન્દ્રમાં ગ્રામીણ મંત્રી તરીકે રહ્યા છે, એમણે ખેડૂતોના હિતોને ધ્યાનમાં રાખીને ખેડૂત યોજના અમલમાં મૂકી, અને તેના પ્રમાણે વધારાની જમીન હોય તે ખેડૂતને આપી દેવામાં આવે એવી યોજના મૂકીને લડત ચલાવી અને એ લડતના આધાર પર સરકારે કાયદો બનાવ્યો અને આજે હજારો આદિવાસીઓ ખેડૂત બની શકયા છે. આ પ્રકારની ખરેખર જે નીતિ મૂકવામાં આવે છે અને એ નીતિ મૂકવાનાં આધાર ઉપર ખેડૂતોને જે સાચા હકક આપવામાં આવે છે એમાં વધારાનું પીંછું જો ઉમેરાતું હોય તો આ ગુજરાતના સન્માનનીય અમારા આ માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીજી છે. અત્યાર સુધી બજેટો તો ઘણા જોયા છે આપણે, એ બજેટમાં આદિવાસીઓની ચિંતા કરવા માટે કઇ જોગવાઇ હતી? આજે અમે કહીએ છીએ. મને મને સ્પેશ્યલ જે વિષય આપવામાં આવ્યો છે કે, આદિવાસીઓ વન વિસ્તારમાં રહે છે અને વન વિસ્તારમાં રહેતા હોય તો એમના બાળકોને માટે ભણવાની વ્યવસ્થા શું છે? એમાં મારે માનનીય અધ્યક્ષશ્રી, ગ્રાન્ટ–ઇન–એડ ના આધાર ઉપર ચાલતી આશ્રમશાળાઓ બાબતમાં મારે વાત કરવી છે. આશ્રમશાળાઓની અંદર સ્વાભાવિક અત્યાર સુધી જે બાળકો ભણે છે તે કેવા પ્રકારના કે જેમની પાસે ખરેખર ખાવા માટે અન્ન ન હોય, પહેરવા માટે કપડા ન હોય, ખૂબ ગરીબ હોય અને દૂરના વિસ્તારોમાં રહેતા હોય એમની વ્યવસ્થા માટે શું? તો ૧૯૫૩–૫૪માં છાત્રાલય અને આશ્રમશાળાઓ ચાલુ કરવા માટેની યોજના વિચારવામાં આવી. અને આ રીતે આદિવાસીઓના ભણતરની શરૂઆત આ ક્ષેત્રની અંદર કરવામાં આવી.

આ આશ્રમશાળાઓમાં કયા પ્રકારની ભરતી કરવામાં આવે છે એ જોઇએ તો એમાં બે પ્રકાર છે. કોઇ સંસ્થા, સ્વૈચ્છીક સંસ્થા પોતે મકાન બનાવી અને બાળકોને રહેવા માટેની વ્યવસ્થા આપીને જો કરવા માગતા હોય તો એમાં ગ્રાન્ટ સરકાર આપે છે, નિભાવ ખર્ચ સરકાર આપે છે, અને એમને પહેલા વર્ષે ૧૫–૧૫ બાળકો અને બહેનોને ભરવા માટેની મંજૂરી આપવામાં આવે છે. અને એમાં ક્રમીક દર વર્ષે ૧૦–૧૦ નો ઉમેરો કરતા ૧૨૦ સુધી બાળકો મળી રહે તેવા પ્રકારની એક આશ્રમશાળા દરેક વિસ્તારમાં ખોલવામાં આવે છે. અત્યાર સુધી કેટલીયે એવી આશ્રમશાળાઓ આ ગરીબ છોકરાઓને ભણવા માટે ગુજરાતમાં વ્યવસ્થા પૂરી પાડે છે. તેમાં ૧ થી ૭ ધોરણની આવી ૪૫૩ આશ્રમશાળાઓ છે, ઉત્તર બુનિયાદી, ૮ થી ૧૦ ધોરણની ૮૬ આશ્રમશાળાઓ છે, ધોરણ ૧૧ થી ૧૨ સુધીની ૧૦ આશ્રમશાળાઓ છે, આમ કુલ ૪૫૯

જેટલી આશ્રમશાળાઓ હાલમાં ચાલે છે અને એમાં ૫૬ હજાર થી વધુ બાળકો ત્યાં નિવાસ કરી અને આશ્રમશાળાઓમાં રહી અને સારું શિક્ષણ અને સારા સંસ્કારો મેળવી રહ્યા છે. આ એક પાયાનું કામ છે સરકાર તરીકે અને જવાબદારીનું કામ છે, અને આ જવાબદારીના આધાર ઉપર આજે માનનીય મુખ્ય મંત્રીશ્રીએ એક સાચો વિચાર લીધો કે મારે આમાંથી હોંશિયાર વિદ્યાર્થીઓને ઉચ્ચ કક્ષાએ લઇ જવા માટે આપણે પ્રયત્નો કરવા જોઇએ, અને તે દ્રષ્ટિએ આજે જે પણ આશ્રમશાળાઓની અંદર કે શાળાની અંદર હોંશિયાર વિદ્યાર્થીઓ હોય તેમને સ્પેશ્યલ ગાઇડ કરવા માટેની યોજના અમલમાં મૂકવામાં આવી છે. અને એના આધાર ઉપર આજે અમે એ કેટેગરી જોઇ રહ્યા છીએ કે જે શિક્ષણનું સ્તર શહેરના વિદ્યાર્થીઓને મળતું હતું તે પ્રકારનું સ્તર આજે ગામડાંમાં પણ અમને જોવા મળે છે.

મારે એક બે વાત એ કરવી છે કે અહીં મારા સાથી સભ્યશ્રીએ કહ્યું કે વનબંધુ શબ્દ બરાબર નથી અને તે ગમતો નથી, મારે એટલું જ કહેવું છે કે વર્ષોથી જંગલ વિસ્તારમાં રહેતા આદિવાસીઓ છે, એમના માટે ઘણી બધી સમસ્યાઓ હતી, ૧૯૪૭ થી આપણને આઝાદી મળી છે, તો એમના માટે ૧૯૪૭ પછી પાયાનો વિચાર કેમ કરવામાં ન આવ્યો? જે વિસ્તારમાં રહે છે તે વિસ્તારના નામ ઉપરથી એમની ઓળખ થાય અને તેના આધાર ઉપર યોજના બને અને એ યોજનાના આધાર ઉપર એમની આર્થિક ઉન્નતિ થાય તેવો વિચાર માનનીય નરેન્દ્રભાઇ મોદી સાહેબે મૂકયો છે.અને એટલા માટે જ વનબંધુ કલ્યાણ યોજના એ અમારા સૌના માટે એક આશીર્વાદરૂપ છે. આપણે જોયું છે કે પંચવર્ષીય યોજનાની અંદર આ વિસ્તાર માટે ૧૫૦૦૦ કરોડ રૂપિયાનું પેકેજ જાહેર કર્યું હતું એમાંથી ખરેખર ૧૭૮૩૮ કરોડ રૂપિયા વપરાયા છે. અને હવે પછી આ ૧૩મી પંચવર્ષીય યોજનામાં ૪૦ હજાર કરોડ રૂપિયાનું આયોજન કરવામાં આવ્યું છે ત્યારે હું અપેક્ષા રાખું છું કે બીજા સમાજની હરોળમાં આ અમારો આદિવાસી સમાજ આવશે. ગામડું તૂટે નહિ, ભાંગે નહિ અને શહેરની અંદર કોઇ સમસ્યા વધે નહિ આ નીતિના આધાર ઉપર જે બજેટ મૂકવામાં આવ્યું છે એટલા માટે હું આ બજેટને આવકારી માનનીય મંત્રીશ્રીને પણ અભિનંદન આપું છું કે આ વન દિનના દિવસે તમારી માગણી ખૂબ જ આશિર્વાદરૂપ નિવડશે એવી અપેક્ષા સાથે વિરમું છું.

ડો. તેજશ્રીબેન દિ. પટેલ(વિરમગામ) : માનનીય અધ્યક્ષશ્રી, કલાઇમેન્ટ ચેઇન્જ અને પર્યાવરણ અંગેની માગણી ક્રમાંક ૧૦૭,૨૬, ૨૭ લઇને નાણામંત્રીશ્રી આવ્યા છે એમાં હું મારા વિચારો વ્યકત કરુ છું.

'હવે તો શ્વાસ પણ ઉછીના લેવા પડે છે,
કેટલાકને પૂછીને લેવા પડે છે.
આમ પણ કયાં છે હવા તાજી હવે? '

Climate change is a change in the average weather experienced over a long time. The distribution pattern of rain, temperature and wind occurs in an unusual manner. This is due to emission of carbon dioxide, methane and nitrous oxide over a long period in atmosphere. તે દિવસે માનનીય મંત્રીશ્રી ઉદ્યોગની માગણી પર લાંબા હાથ કરી કરીને આ બાજુના સભ્યોને કહેતા હતા કે તમને શું ખબર પડે, તો અમારે એ કહેવું છે કે ઉદ્યોગો માટે લાલ જાજમ પાથરવામાં આવતી હોય ત્યારે હવામાં ઝેર ઓકતા ઉદ્યોગોને લીધે, આટલા બધા વ્હીકલ્સને લીધે જયારે ગુજરાત ક્રિટિકલી પોલ્યુટેડ જાહેર થયેલું છે ત્યારે તેમાં કેમિકલ્સ, પેટ્રોકેમિકલ્સ, ડ્રગ્સ, ફાર્માસ્યુટીકલ, ટેકસટાઇલ, ડાઇ, ફર્ટિલાઇઝર વગેરે ઘણા ઉદ્યોગો એવા છે કે જે ઉદ્યોગની ટકાવારી ઉંમરગામથી છેક મહેસાણા સુધી વિસ્તરેલા ગોલ્ડન કોરીડોર અને અમદાવાદમાં વટવા, નરોડા, વાપી, અંકલેશ્વર, નંદેસરી આ બધા વિસ્તારો જે કેમિકલ્સ ઉત્પન્ન કરે છે એ વિસ્તારોને ક્રિટીકલી પોલ્યુટેડ એરિયા તરીકે જાહેર થયા છે. ગુજરાત સરકારની જી.એન.એફ.સી. જેવી કંપનીઓ પણ આ પ્રકારનાં કેમિકલ્સનું ઉત્પાદન કરે છે.

ભારતના કેમિકલ્સના કુલ ઉત્પાદનમાંથી ૬૫ ટકા ઉત્પાદન એકલા ગુજરાતમાં થાય છે. અત્યારે ગુજરાત પ્રદૂષણ બોર્ડના નિયમો પ્રમાણે ખરેખર ઉદ્યોગોએ કેમિકલ્સવાળું પાણી ટર્શરી ટ્રીટમેન્ટ આપીને છોડવાનું હોય છે. પરંતુ આર્થિક બચત કરવા માટે થઇને આ ઉદ્યોગો આ દૂષિત પાણીને નદી, તળાવ કે રીવર્સ બોર બનાવી ભૂગર્ભમાં ઉતારે છે અને બધા ભૂગર્ભ સ્ત્રોતોને પ્રદૂષિત કરવામાં આવે છે.

હમણાં દોઢ મહિના પહેલા નારોલ વિસ્તારમાં એક ઘટના બની હતી, એક પાઇપ લાઇન લીક થઇ એના કારણે મા અને બે બાળકો ગેસ ગળતરના કારણે એકસ્પાયર થઇ ગયા. પી.એમ. રિપોર્ટમાં પણ આવ્યું છે કે ગુંગળામણ થયેલ હોવાને લીધે મોત થયા છે. હજી દોઢ મહિનાથી વધારે સમય થયો છતાં એફ.એસ.એલ. નો રિપોર્ટ આવ્યો નથી. ૨૦૦ કબૂતર પણ એકસ્પાયર થઇ ગયા હતા. ગુજરાત પ્રદૂષણ બોર્ડના સૂત્રોના જણાવ્યા પ્રમાણે આ ઘટનાને લીધે એમ.જી. ટેકસટાઇલ અંતર્ગત ત્રણ ફેકટરીઓને કલોઝ કરી દીધી છે. એટલે કે સરકારને ખબર તો છે જ કે પોલ્યુશનને લીધે આટલા બધા જીવો જોખમમાં મૂકાય છે.

બીજુ ગંભીર પ્રકારના રોગો થાય છે. કાર્બન પાર્ટીકલ ફેફસામાં જાય તો ન્યુમોનીયા,અસ્થમા અને કાર્સીનોજેનીક પદાર્થોને લીધે કેન્સર પણ થાય છે. કેમિકલ્સ યુકત પાણીના લીધે માથાના વાળ પણ ખરી જાય છે અને ચામડીના રોગો થાય છે. આની આ જ સરકાર અને આની આજ ઔદ્યોગિકરણની નીતિ ચાલુ રહેશે તો ગુજરાતનો યુવાન ૨૫ વરસે બુઢો દેખાશે અને મનુષ્યનું આયુષ્ય ઘટીને ૫૦ વરસનું થઇ જશે. મારે કહેવું છે કે જો જીન્સનું ન્યુટ્રેશન થાય તો કન્જાઇન્ટલ એનોમલીવાળા એટલે કે ખોડખાંપણવાળા બાળકો પેદા થશે એ જોવા નહિ રહે કે આ કોનું ઘર છે, કોંગ્રેસનું ભાજપનું કે પ્રજાનું. દરિયા કિનારાના પાંચ પાંચ કિલોમીટરના પટ્ટા એવા થઇ ગયા છે કે જયાં બોર બનાવીએ તો ખારું પાણી આવે છે. કેટલાય મોટા આગેવાનોની રાહબારી હેઠળ તો મેંન્ગ્રુઝનાં ઝાડ પણ કપાઇ ગયા છે અને ડીફોરેસ્ટેશન પણ થઇ ગયું છે. તે દિવસે માનનીય મંત્રીશ્રી વાત કરતા હતાં કે પાવર હબ, ઇન્ડસ્ટ્રીઝ હબ વગેરેની જે મોટી મોટી વાતો કરતાં હતા.તેના લીધે તેમને ખ્યાલ નથી કે આખા પૃથ્વીના પટનું ટેમ્પ્રેચર કેટલું વધે છે. જેના લીધે ગ્લોબલ વોર્મિંગ થાય છે અને બ્લેક હોલ્સ થાય છે. એના લીધે દુનિયામાં ગ્લેશિયર્સ સ્લાઇડીંગ એટલે કે બરફ પીગળી રહ્યો છે ત્યારે દરિયાની સપાટીમાં ફેરફાર થાય છે, એના લીધે હરિકેન, તોફાન, સુનામી, વાવાઝોડા, જ્વાળામુખી ફાટવા, પર્વતો ખસવા એવી મોટી મોટી હોનારતો થાય છે અને ખૂબ જ ગંભીર પરિસ્થિતિ પેદા થઇ છે. આ સરકાર ભૂલી ગઇ છે ૨૦૦૧ના ધરતીકંપનો અનુભવ. ફકત બે મિનિટના ધરતીકંપથી માનવજીવન અસ્તવ્યસ્ત થઇ ગયું હતું. ૧૯,૭૭૦ લોકો મરી ગયા હતા. આપણે જીવતા રહીશું તો ગુજરાતનો વિકાસ જોવા રહીશું ને.

'' દરવાજે કે બાહર ભૂત, આઇને કે અંદર પ્રેત,
છત પે બૈઠા ઉલ્લુ, બાથરૂમમેં લટકતા ખંજર ''

અને આ સરકાર એમ કહે છે કે–

'' ઇન સબકી તરફ મત દેખના.
બસ, રાત કો આરામ સે સો જાના ''

પણ માનનીય અધ્યક્ષશ્રી, ઉંઘ કયાંથી આવે? પર્યાવરણની ચિંતા જ એટલી બધી છે કે વિકાસ–વિકાસની વાતો કરી અને ઉદ્યોગોની પાછળ તગડી કમાણી કરવા માટે આંધળી દોટ મૂકી રહેલાઓને મારે કહેવું છે કે ચીન જેવા ચીને પણ જાહેરાત કરી છે કે ૫૮ જેટલા જોખમી કાર્સીનોજેનીક કેમિકલ્સનું ઉત્પાદન રો–મટિરિયલ માટે અમે નહીં થવા દઇએ. તો આપણી આ સરકાર ગુજરાતને જીવતું દોજખ શા માટે બનાવવા માગે છે?

કાર્બન ક્રેડીટમાં વૃક્ષો ઉગાડી વાતાવરણમાંથી કાર્બન ડાયોકસાઇડનું પ્રમાણ ઘટાડી, ઓકસીજનનું પ્રમાણ વધારી પર્યાવરણની જાળવણી કરીએ. Preevention is always better than cure. કાલે વિશ્વનો પર્યાવરણદિન છે. તો વધારે વૃક્ષો વાવી એની ઉજવણી

કરીએ. ગામડાઓમાં ગટરો બનાવી ત્રણ–ચાર ગામો વચ્ચે પ્યોરીફાયર પ્લાન્ટ નાખીએ. તો ખેતી માટે ચોખ્ખું પાણી પણ મળે અને ગંદકીનો નિકાલ પણ થાય. ગંભીર રોગચાળો અટકે. શહેરોમાં ડમ્પીંગ સ્ટેશનો ઘન કચરો નાખવા માટે રેસીડેન્શિયલ એરિયામાં ન હોવા જોઇએ. એનાથી મિથેન વાયુ નીકળે છે અને ગાયો પ્લાસ્ટીક ખાય..

અધ્યક્ષશ્રીઃ આપનું પ્રવચન પૂરું થાય છે. માનનીય મોતીભાઇ.

શ્રી મોતીલાલ પૂ. વસાવા(ડેડીયાપાડા) : માનનીય અધ્યક્ષશ્રી, આજે આદિજાતિ અને વન પર્યાવરણ મંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે તેમાં મારો સૂર પૂરાવું છું. કોંગ્રેસના કેટલાક મિત્રો ખબર નહીં કેમ, આદિવાસી શબ્દ માટે તેમને શું વાંધો આવ્યો? (અંતરાય) એની સાથે જ આવે છે. આદિવાસીઓને બિચારા અને બાપડા આ કોંગ્રેસે રાખ્યા હતા. એના લીધે જનઆક્રોશ પેદા થયો અને તેના પરિણામરૂપ આજે એ ત્યાં બેઠાં છે. આ જનઆક્રોશનું પરિણામ છે. આદિવાસીઓ તો આજે અમદાવાદમાં પણ રહે છે, અમેરિકામાં પણ રહે છે. પણ વનમાં જે આદિવાસી રહે છે તેના ઉપર વર્ષોથી કોઇની નજર નહોતી. તેને કોઇ યોજનાઓનો લાભ મળતો નહોતો અને હંમેશા એ વનમાં મોટો થયો, ઉછર્યો છે અને વનની પૂજા કરે છે. વનની સંસ્કૃતિ પ્રમાણે ચાલે છે અને એ અમારા વનવાસી બંધુઓ ખરેખર સાચા અધિકાર તો તેમના છે. એવી રીતે આદિવાસીઓનો લાભ ઘણા લોકો લઇ ગયા. મારે આપને કહેવું છે કે ખરેખર આદિવાસી વિસ્તારમાં જે કંઇ વિકાસ થવાનો છે આવનારી પંચવર્ષીય યોજનામાં માનનીય મુખ્યમંત્રીશ્રીએ ૪૦ હજાર કરોડ રૂપિયા જે ખર્ચ કરવાનો છે અને જે વિભાગો માટે ખર્ચ કરવાના છે તે ખરેખર આવનારા દિવસો આદિવાસીઓ માટે ખૂબ સુવર્ણ દિવસો આ સરકારમાં જોવા મળવાના છે. કેટલાક મિત્રોએ કહ્યું કે કોર્પોરેશન બંધ કરી દેવામાં આવ્યું. કોર્પોરેશનની લોનની વ્યવસ્થા કરવામાં આવતી નથી. આજથી ૨૦ વર્ષ પહેલા જે લોકો રાજ કરતા હતા એ લોકોએ પોતાના મળતિયાઓને લોન આપી. એ લોન આજ દિન સુધી ભરાઇ નહીં. મારો સાચો આદિવાસી આજે પણ રાહ જોઇને બેઠો છે. હું વિનંતી કરું છું કે તમે જેને લોન આપી હોય એ ભરાવો અને પછી તમે જૂઓ તેનું કામ કેવું ચાલે છે?

માનનીય અધ્યક્ષશ્રી, બીજી ઘણી યોજનાઓ છે પણ મારે ખાસ તો માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે આદિવાસી બાળકોની ચિંતા કરીને તેમનામાં કુપોષણ ન આવે, એના માટે જે દૂધ સંજીવની યોજના ચાલુ કરી છે એ ખરેખર ખૂબ જ અભિનંદનને પાત્ર છે. ઘણા મિત્રો કહે છે કે, આદિવાસી વિસ્તારમાં ખૂબ જ કુપોષણ છે. પણ જે દિકરીએ આજે બે દિકરાને જન્મ આપ્યો છે એ દિકરીનો જન્મ કોના રાજમાં થયો હતો? આજે એમને કુપોષણ કહેવાનો અધિકાર નથી. એ દિકરીના જન્મ વખતે કાળજી રાખી હોત તો આજે અમારી આદિવાસીનો દિકરીઓ વીરલો પેદા કરતી હોત. પણ તમે કાળજી રાખી નથી, એને નબળી રાખી, એની દેખરેખ ન રાખી, એને દવા ન આપી અને આજે દિકરો જન્મે છે એની કાળજી રાખવા માટે દૂધ સંજીવની યોજના ચાલુ કરી છે અને ખૂબ જ સારી રીતે ગામડાની અંદર લગભગ બનાસકાંઠાના દાંતા, અમીરગઢ, પંચમહાલમાં સંતરામપુર, દાહોદમાં ઝાલોદ, વડોદરાના ક્વાંટ, તાપીમાં ઉચ્છલ, અને અમારા નર્મદાના ડેડીયાપાડામાં સારી રીતે ચાલે છે. (અંતરાય) કોઇ બંધ થઇ નથી અને દરેક જગ્યાએ ખૂબ જ સારું દૂધ આ બાળકોને આપવામાં આવે છે. જ્યારે આ યોજના ચાલુ કરવામાં આવી ત્યાર પછી અમે સ્કૂલમાં ગયા અને બાળકોને મળ્યા તો એમનો ફેઇસ જોઇને આપણને એમ લાગે કે આ બાળકની ચિંતા કોઇક તો કરવાવાળું છે અને એની ચિંતા કરવાવાળા ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી છે. એમણે આ બાળકોની ચિંતા કરી છે. આ બાળકોના ચહેરા ઉપર એવી ખુશી હોય અને એનો ખીલેલો ચહેરો હોય કે જેનાથી આપણને એમ લાગે કે, આ નવ યુવાન બનશે અને દેશની પ્રગતિમાં એનું યોગદાન કેટલું રહેશે?

માનનીય અધ્યક્ષશ્રી, મારે વન ઉપર પણ થોડીક વાત કરવી છે. કોંગ્રેસના મિત્રોએ ઘણી વાતો કરી છે કે, જંગલની જમીન અમે આપીએ છીએ. અમારી સરકારનો કાયદો છે. કેટલાક લોકો ગામડામાં ફોર્મ ભરાવીને, વહેંચીને એનો લાભ લેવા માટે પ્રયત્નો કરે છે. શ્રી મોહનસિંહભાઇ છે, જેઓ વનમંત્રી હતા અને ડો.અનિલભાઇ જોષીયારા પણ છે, હું ઇતિહાસમાં આગળ લઇ જવા માગું છું. આ વર્ષે ભારતીય જનતા પાર્ટીની સરકાર પાસે ૧,૮૯,૪૧૦ દાવા આવ્યા હતા, એમાંથી ૫૬૦૦૦ લોકોને જંગલની જમીન આ સરકારે

આપી છે. બાજુમાં મહારાષ્ટ્ર રાજ્ય છે એનો દાખલો આપું. મહારાષ્ટ્રમાં કોંગ્રેસની સરકાર છે અને કેન્દ્રમાં પણ કોંગ્રેસની સરકાર છે. ત્યાંના વન મંત્રીની સાથે છ માસ પહેલા મુલાકાત થઇ હતી. મારો વિસ્તાર અને એમનો વિસ્તાર સરખો છે. એમણે કહ્યું કે તમારે ત્યાં ખૂબ સારી પ્રગતિ થઇ છે. તમે એમ કહો છો કે, ગુજરાત સરકાર કાંઇ આપતી નથી. ગુજરાતમાં ભાજપની સરકાર છે અને કેન્દ્રમાં કોંગ્રેસની સરકાર છે. અમે બધી જ દરખાસ્તો મોકલી છે. અમારી દરખાસ્તો ખૂબ સારી જાય છે. એ દરખાસ્તો પાછી ન ફરે એના માટે મુખ્યમંત્રીશ્રીએ ચિંતા કરી છે. ગુજરાત રાજ્યના મુખ્યમંત્રીશ્રીએ ગુજરાતમાં કોઇ લાભાર્થી વંચિત ન રહી જાય એના માટે આખા ભારત દેશમાં પહેલીવાર, ગુજરાતમાં જ સેટેલાઇટના સરવેથી સાચી નોંધણી કરીને તેની દરખાસ્તો મોકલીએ છીએ અને એ લોકોએ ૫૪૦૦૦ લોકોના દાવા મૂક્યા અને ૭૦૦૦ લોકોને જ તેઓ જમીન આપી શક્યા. ફક્ત ચાર ટકા લોકોને જ જમીન મળી. એટલે મારે એમને કહેવું છે કે, સૌથી પ્રથમ જ્યારે ૧૯૬૭ની અંદર જંગલની જમીન આપવામાં આવી, એના પહેલા કોઇ ફોરેસ્ટનો કાયદો નહોતો. મહેસૂલની જમીન ખેડો તો તેને જમીન મળે અને જંગલની જમીન ખેડો તો એ જમીન તેને મળે અને એ લોકોને જમીન મળતી હતી. પછી ૧૯૬૭ની અંદર એના ઉપર બાન આવ્યો. આ કોંગ્રેસની સરકારે પહેલો એવો કાયદો જંગલની જમીન માટે પસાર કર્યો અને મારા આદિવાસીઓ જંગલની જમીન મેળવતા રહી ગયા. હું કહું છું કે, તેઓ ઇતિહાસના પાના ફેરવીને જુએ. કોંગ્રેસે જંગલની જમીન આપવા માટે પ્રયત્નો કર્યા નથી અને કર્યા હોય તો એ લોકો અમને બતાવે.

એના પછી એવું થયું કે, ૧૯૭૬–૭૭ની અંદર શ્રી બાબુભાઇ જશભાઇ પટેલ મુખ્યમંત્રી બન્યા, માનનીય મોહનસિંહભાઇ છે એ વનમંત્રી હતા, જનતા મોરચાની સરકાર હતી, ભાજપ સરકારમાં ભાગીદાર હતો, એટલે તે વખતે જંગલની જમીન મળી. પછી કોંગ્રેસને એમ લાગ્યું કે આ ભાજપ અને જનતા મોરચાની સરકાર જંગલની જમીન આપી દેશે. આદિવાસીના ઇતિહાસમાં પૂરા ભારત દેશમાં ૨૫–૧૦–૮૦નો કાયદો બન્યો. આખા આદિવાસીના અધિકારો છીનવાઇ ગયા. મારો આદિવાસી જંગલમાંથી આવે, એના પગે માટી ચોંટે, એના માથે પાન પડે, એ જંગલ ચોરીનો ગુનેગાર ગણાતો હતો. એવો કડક કાયદો આ લોકોએ બનાવ્યો. જંગલની જમીન આપવાની બાજુ પર મૂકી દીધી. ત્યારપછી જન આંદોલનો થયા. લોકોએ મોરચા કાઢ્યા. ભારતીય જનતા પાર્ટીએ પણ ૧૯૯૦માં આદિવાસીઓ માટે હકકપત્રક બનાવ્યું, જંગલની જમીન આપવા માટે, ત્યારપછી ૧૯૯૦માં ફરી ભાગીદારીની સરકાર થઇ, તો ફરી ૧૯૯૦–૯૧માં જંગલની જમીન આપવા માટેનો ઠરાવ કરવામાં આવ્યો. ત્યારે કોંગ્રેસ અહીંયા હતી નહીં. એના પછી ૨૫–૧૦–૮૦ સુધીની જ્યારે જંગલની જમીન આપવામાં આવી, ૨૦૦૫માં એન.ડી.એ.ની સરકારના વડાપ્રધાન જ્યારે અટલ બિહારી બાજપાઇ હતા, ત્યારે જંગલની જમીન આપવાનો કાયદો પસાર કરવામાં આવ્યો.

શ્રી વજેસિંહભાઇ પા. પણદા(દાહોદ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી વન અને પર્યાવરણ વિભાગ અને આદિજાતિ વિભાગની જે માગણીઓ લઇને આવ્યા છે, એના ઉપર હું મારા વિચારો રજૂ કરવા માટે ઉપસ્થિત થયો છું.

ઉમરગામથી અંબાજી સુધીની પૂર્વપટ્ટીમાં દાહોદ જિલ્લો આવેલો છે. આદિવાસીઓની ૮૦ ટકા વસતિ ધરાવતો આ જિલ્લો છે. રાજયની આ પૂર્વ સરહદે આર્થિક રીતે નબળા લોકો આ વિસ્તારમાં વસે છે. મારા મોટા ભાગના વિસ્તારમાં ડૂંગરાળ પ્રદેશ, ખડકાળ ભૂમિ, અનિયમિત વરસાદ છે અને મોટા ભાગનો વન વિસ્તાર છે. આદિજાતિનું સંકલન ધરાવતો મારો જિલ્લો દાહોદ અને પંચમહાલ અનાવૃષ્ટિથી પ્રભાવિત છે. મધ્યપ્રદેશ અને રાજસ્થાનની સરહદથી જોડાયેલા આ આદિવાસી વિસ્તારમાં મોટા ભાગની નદીઓ, એ પછી બનાસ નદીની વાત કરીએ કે મહીસાગરની વાત કરીએ. તાપીની વાત કરીએ કે નર્મદાની વાત કરીએ. તમામ નદીઓ આ વિસ્તારમાંથી પસાર થાય છે. આ નદીઓ ઉપર મોટા મોટા ડેમો બનેલા હોવા છતાં અમને સિંચાઇ માટે પાણી મળતું નથી. હું થોડી વાત કરૂં કે અમારા આદિવાસીઓની કેવી હાલત થાય છે, '' જમે જગલો અને માર ખાય ભગલો.'' આવી પરિસ્થિતિ અમારા આદિવાસીઓની થયેલી છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહમાં હું છેલ્લા છ વર્ષથી ઘણીબધી વાતો સાંભળું છું. આદિવાસીઓનો સાચો વિકાસ જો કરવો હોય તો આદિવાસી વિસ્તારમાં સિંચાઇની પૂરતી સગવડ હોવી જોઇએ. જેથી કરીને

અમારા આદિવાસી ખેતી કરીને એમનું ભરણપોષણ અને ગુજરાત ચલાવે અને એમનું શિક્ષણનું સ્તર ઉંચું આવે. વનબંધુ કલ્યાણ યોજનાની વાત કરીએ. મોટી મોટી વાતો કરીને અમારા આદિવાસીઓને ગરીબ કલ્યાણ મેળા કરીને, પ્રવેશ મહોત્સવ કરીને, કૃષિ મહોત્સવ કરે. આજે ગરીબ કલ્યાણ મેળાની હું વાત કરૂં. અમારા ગરીબ આદિવાસીઓની મશ્કરી જેવી વાત કરે છે. ગરીબ કલ્યાણ મેળામાં બોલાવે. અમારા આદિવાસીને પાંચ વાગ્યામાં ઉઠાડે, તલાટી કમ મંત્રી, ગ્રામ સેવક, આંગણવાડી કાર્યકર એમ તમામ સરકારી અધિકારીઓ કામે લાગી જાય. નાના નાના છોકરાં મૂકીને આખો દિવસ તાપમાં તપે. સાંજે પાંચ વાગે છોડે. ઘરના કામકાજ વગર અને એના હાથમાં શું આવે? ખાલી કવર, ફરફરીયું. આ અમારા આદિવાસીઓની આવી મશ્કરીઓ કરી રહ્યાં છે.

કૃષિ મહોત્સવની વાત કરીએ. બિયારણની વાત કરીએ. હમણા મારા ભાઇએ વાત કરી. અશ્વિનભાઇ કોટવાલે. અમે ખૂબ લડયા, આ મકાઇ માટે. મોન્ટેસો મકાઇ માટે. છેલ્લે ગયા વર્ષથી આ મકાઇ બંધ કરાવી. આ મકાઇનું કોઇ કૃષિ યુનિવર્સિટીમાં પરિક્ષણ નથી કરાવ્યું. આ મકાઇ બિયારણ ખાય એવું છે કે કેમ? અને આ મકાઇ ઢોર ના ખાય અને ઝેર જેવી મકાઇ અમારા આદિવાસીઓને આપતા હતા. આ મકાઇનું બિયારણ અહીંયા મારે ગૃહમાં ના બોલાય પણ હું આપને વાત કરીશ કે આ મકાઇનો ડોડો આવો ઝાડો થાય અને આવો એનો છોડ થાય. જમીનનો કસ ચૂસી જાય તો અમારા આદિવાસીઓ ખાય તો એની શું હાલત થાય? આ મકાઇ બિયારણ અમારા આદિવાસીઓને આપતા હતા. મોતીભાઇ હમણાં વાત કરતા હતા. વનબંધુની વાત, દૂધ સંજીવનીની વાત. ઝાલોદમાં આપતા હતા, તો બીજા તાલુકાએ શું ગૂનો કર્યો? દાહોદ અને ગરબાડાની હું વાત કરું છું, આપોને.

માનનીય અધ્યક્ષશ્રી, ખાસ કરીને આદિવાસી વિસ્તારમાં શિક્ષણનું સ્તર પણ નીચું છે. ૫૦% આદિવાસી ભાઇ-બહેનો અને વિદ્યાર્થી ભાઇ-બહેનો લખી-વાંચી શકતા નથી એવી દશા અમારા આદિવાસીઓની થઇ રહી છે. આપને આરોગ્યની વાત કરું. પી.એચ.સી., સી.એચ.સી. સેન્ટરમાં ડોકટરો નહિ. અમારાં આદિવાસીઓ પાસે પૈસા ના હોય. ખાનગી દવાખાનામાં જવું પડે એ માટે પૈસા ના હોય એટલે અમારાં આદિવાસીઓ સરકારી દવાખાનામાં જાય નહિ અને પેલા ભૂવા પાસે જાય. એમની પાસે દોરા-ધાગા કરીને અમારાં આદિવાસીઓનું મરણ પણ થઇ જાય. ખાસ કરીને મારે મંત્રીશ્રીને કહેવું છે કે, ડોકટરો અને શિક્ષકો મૂકો અને આદિવાસીઓનું ખાસ જો તમારે ભલું કરવું હોય અને આદિવાસીઓનું સ્તર ઊંચું લાવવું હોય તો નર્મદા ડેમનું પાણી ઝાલોદને આપો.

શ્રી દુષ્યંતભાઇ ર. પટેલ(ભરૂચ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી ૧૦૭ નંબરની માગણી લઇને આવ્યાં છે તેમાં મારાં વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, કલાઇમેટ ચેઇન્જ એ આજે સમગ્ર વિશ્વની સામે સૌથી મોટી સમસ્યા છે. હું એમ કહીશ કે ૨૧મી સદીની જો સૌથી મોટી કોઇ સમસ્યા હોય તો એ કલાઇમેટ ચેઇન્જ છે. આ વિષયની આગળ જતાં પહેલા વિરોધપક્ષના બેનશ્રી જ્યારે કલાઇમેટ ચેઇન્જ પર બોલતાં હતાં તો એના જવાબ બે-ત્રણ છે એ પહેલા આપી દઉં.

માનનીય અધ્યક્ષશ્રી, એમણે અર્થક્વેકની વાત કરી. ૨૦૦૨ની અંદર ધરતીકંપ આવ્યો અને એ ધરતીકંપમાં હજારો લોકોના મૃત્યુ થયા. કલાઇમેટ ચેઇન્જથી બેન તમને ખ્યાલ હશે કે ક્યારેય ધરતીકંપ આવતા નથી. તમારી ગેરસમજ છે, તમે એની સાથે સાંકળીને કીધું છે માટે આ કહેવું પડ્યું. બીજું, આપે ગુજરાતને ક્રિટિકલ પોલ્યુટેડ એરિયાની જાહેરાત કરી કે, ગુજરાતમાં ઘણી બધી જગ્યાએ ક્રિટિકલ પોલ્યુટેડ એરિયા જાહેર કરેલા છે. હું તમારી વાત સાથે સંમત થાઉં છું. હું જે વિસ્તારમાંથી આવું છું એ આખો જિલ્લો ઔદ્યોગિક વિસ્તાર છે. એ કેમ કરવામાં આવ્યાં છે? કોને ઇશારે કરવામાં આવ્યાં છે? આ રાજ્ય સરકારે ૧૫૦ કરોડ રૂપિયા ત્યાં અંકલેશ્વર અને આજુબાજુના વિસ્તારમાં વાપર્યા છે. ક્રિટિકલ એરિયામાંથી બહાર આવે. અનેક નવા આયામો રાજ્યની સરકારે કર્યા છે અને તેમ છતાં પણ કેન્દ્ર સરકારની જે નીતિ છે, ગુજરાતનો ઔદ્યોગિક વિકાસ અટકે તે માટે ક્રિટિકલ પોલ્યુટેડ એરિયા જાહેર કરેલો છે. અંકલેશ્વરની વાત કરવા જાઉં તો અથાગ પ્રયત્નો કરવામાં આવ્યાં હતાં. અમારા પનોતા પુત્રને પણ ત્યાં કહેવામાં આવ્યું છે કે આ ક્રિટિકલ

એરિયામાંથી અમને બહાર કાઢો. બધા પેરામિટર સેટ છે. બેન આજે પણ એ ક્રિટિકલ પોલ્યુટેડ એરિયામાંથી નીકળતાં નથી. એની ઊંડી તપાસ કરશો તો બેન આપને ખ્યાલ આવશે કે કોના હિસાબે થાય છે.

આપે ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડનું કીધું. મારે ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડ માટે કહેવું છે કે, ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડને તો શ્રેષ્ઠ કામગરી માટે આઇ.એસ.ઓ. ૯૦૦૧, ૧૪૦૦૧ અને એન.એ.બી.એલ. સર્ટિફિકેટ મળેલું છે. આ સર્ટિફિકેટ કોઇ એમને એમ નથી આપતું. આ સર્ટિફિકેટ કેન્દ્રની સરકારે આપ્યું છે. આજની તારીખે એવા ઉદ્યોગોને પરવાનગી આપવામાં આવે છે જેનો ડિસચાર્જ ઝીરો હોય.

માનનીય અધ્યક્ષશ્રી, ઘણી બધી વાતો કરી, મારે તો એવું પણ કહેવું છે કે, વિશ્વમાં અમેરિકાના વાઇસ પ્રેસિડેન્ટલ ગોરે, અન કન્વીનીઅન્ટ એકશન નામની ગ્લોબલ વોર્મિંગ માટે એક પુસ્તક લખ્યું હતું. મારે ગર્વ સાથે આ ગૃહની અંદર કહેવું છે કે, આ વર્લ્ડની અંદર, દુનિયાની અંદર એક એવા વ્યક્તિ માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીએ કન્વીનીઅન્ટ એકશન નામની બૂક લખીને એનો રેકર્ડ કર્યો છે. માનનીય અધ્યક્ષશ્રી, પ્રશ્નો તો અનેક હોય, એના પર લખ્યું છે પણ એના નિવારણ માટે, એના ચોક્કસ, એનું શું કરી શકાય એના માટે જે કનવીનન્ટ એકશન લખેલી છે. ગ્લોબલ વોર્મિંગની સમસ્યા મુખ્યત્વે માનવસર્જિત છે અને તેની ગંભીર અસરો પણ માનવ વસ્તીને થવાની છે.

સ્વામી વિવેકાનંદજીએ ૧૨૫ વર્ષ પહેલા એમના પુસ્તકમાં ખૂબ સરસ વાક્ય લખ્યું છે, "All nature is bound by law. The law of its own action. This law can not be broken. And if you put break on a law of nature the nature will come to an end in an instant and there would be no more nature." માનનીય અધ્યક્ષશ્રી, લખ્યું છે કે, પ્રકૃતિ નિયમથી બંધાયેલી છે અને તે નિયમોની મર્યાદા હોય છે, જો આ નિયમોની મર્યાદા તોડશો તો પૃથ્વી પરની પ્રકૃતિ સદાય માટે નાશ પામશે. માનનીય અધ્યક્ષશ્રી, સવા સો વર્ષ પહેલા યુગ પુરુષ લખી ગયા હતા. પણ આજે ઋગ્વેદનું પણ તમે જોશો તો ઋગ્વેદમાં પણ પાંચ તત્વોને મહત્વ આપેલું છે. આ પાંચ તત્વો કયા ? પૃથ્વી, હવા, જલ, તેજ અને નભ. મનુષ્યથી જાણે, અજાણ્યે આ પાંચેય તત્વોના અટલ સંતુલનમાં વિક્ષેપ પડી ગયો છે અને એટલા માટે આ મહાકાય સમસ્યા આપણી સમક્ષ ઊભી થવા પામી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગ્લોબલ વોર્મિંગ કોને કહેવાય? ગ્લોબલ વોર્મિંગ પૃથ્વીની નજીકની હવા અને સમુદ્રના સરેરાશ તાપમાન એટલે એવરેજ તાપમાનમાં થયેલો વધારો એટલે પૃથ્વીના તાપમાનમાં થયેલા વધારાને ગ્લોબલ વોર્મિંગ કહેવામાં આવે છે. બીજી વાતમાં કહીએ તો, જે ઓઝોન લેયર્સ જે સૂર્યની ગરમીને ઓછા કરે છે તેમાં ગાબડા પડી ગયા છે, એ લેયર્સ પાતળા થયા છે એના કારણે સૂર્યના કિરણો આ સીધા પૃથ્વી પર પડતાં એના તાપમાનમાં વધારો થયો છે અને એના કારણે ગ્લોબલ વોર્મિંગ થઇ રહ્યું છે. સાવ સાદી ભાષામાં કહીએ તો, આ પૃથ્વીને તાવ આવેલો છે અને આ તાવની અંદર સતત વધારો થતો આવ્યો છે. મારી પાસે એક સરવે છે, ટાટા ઈન્સ્ટિટયૂટ ઓફ ફન્ડામેન્ટલ કહે છે કે, ઓઝન મૂળભૂત રીતે કુદરતી વાયુ છે. રસાયણિક શાસ્ત્ર એટલે કેમેસ્ટ્રીમાં એને કહીએ છીએ $O^3$ નામના ઓળખાતા ઓઝન ઓક્સીજન છે. જેમ વરસાદથી બચવા માટે આપણે છત્રી લઇએ તેવી જ રીતે આ પૃથ્વી પર ઓઝનનું એક લેયર છે જે સૂર્યના કિરણોથી આપણને, અલટ્રા વાયોલેટ રેઝથી આપણને બચાવે છે. સૂર્ય આમ તો જોવા જઇએ તો આપણને પ્રકાશ આપે છે. પણ તેની અંદરથી નિકળતા જે રેઝ્ છે એ એક્સ–રે છે, ઈન્ફ્રારેડસ્–રે છે, અલ્ટ્રા વાયોલેટ–રે છે, રેડિયો વેવસ્ છે, ગામા વેવસ્ જેવા અતિ ઘાતક કિરણો સતત વહે છે અને આ બધા જ રેઇઝ પૃથ્વીની વિશાળ જીવ સૃષ્ટિને નુકસાન પહોંચાડી શકે એમ છે.

આપણી પાસે આમ જોવા જઇએ તો એક ખૂબ સરસ વાક્ય લખાયું છે, પ્રજાતિ અનેક, ધરા એક, ભાવિ એક. માનનીય અધ્યક્ષશ્રી, આ પૃથ્વી ઉપર અનેક પ્રજાતિઓ છે. વૈજ્ઞાનિકોના કહેવા પ્રમાણે એક કરોડ અને પચાસ લાખ પ્રજાતિઓ છે. અને એ પ્રજાતિ પૈકી મનુષ્ય એ પ્રજાતિ છે. ગ્લોબલ વોર્મિંગના થવાના કારણે લાખ્ખો પ્રજાતિઓ આવનારા દિવસોની અંદર નષ્ટ પામશે. માનનીય અધ્યક્ષશ્રી, મારી પાસે

હજુ એક સરવે છે અને એ સરવેમાં એવું લખેલું છે કે, એ સરવે લગભગ ત્રેસઠ હજાર જેટલી પ્રજાતિઓનો સરવે કરેલો છે. ત્રણ હજાર, સાતસો જેટલી પ્રજાતિઓ એમાં નષ્ટ પામી છે અને ભારત દેશની વાત કરું તો લગભગ એકસો બત્રીસ જેટલી પ્રજાતિઓ આ ગ્લોબ પરથી નષ્ટ પામી છે. બીજી વાત કરું, તો અત્યાર સુધીમાં આ પૃથ્વી કુલ ૧૪.૫ ગીગા ટન કાર્બન ડાયોકસાઇડનું ઉત્સર્જન કરે છે.અંગાર વાયુ જે અત્યારના વિશ્વ ઉપર જોઇ રહ્યાં છીએ તો તે જોવા જઇએ તો બે પૃથ્વીની જરૂર પડે. જે પ્રકારે અમેરિકા, કેનેડા અને ચાઇના હવામાં કાર્બન ડાયોકસાઇડ છોડે છે એ જ પ્રમાણે જો આખું વિશ્વ કાર્બન ડાયોકસાઇડ છોડે તો આપણે નવ પૃથ્વીની જરૂર પડે એટલા માટે જ મેં કીધું કે આપણી પાસે પ્રજાતિ અનેક, ધરા એક અને ભાવિ એક છે. મારે ગુજરાતની વાત કરવી છે. ગુજરાતે અનેક એવા આયામો નવા કર્યા છે ગ્લોબલ વોર્મિંગના પડકારને પહોંચી વળવા એશિયાની અંદર, દેશમાં નહીં પણ એશિયાની અંદર પ્રથમ એવું રાજય છે કે જેણે અલગ કલાઇમેટ ચેન્જના વિભાગની શરૂઆત કરી છે.

શ્રી શબ્દશરણ ભા. તડવી(નાંદોદ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી અનુસૂચિત આદિજાતિ કલ્યાણની માગણી લઇને આવ્યા છે ત્યારે હું એમના સમર્થન માટે ઉભો થયો છું. જયારથી આ ગુજરાતની સ્થાપના થઇ, ગુજરાતનો અંબાજીથી ઉમરગામ સુધીનો ૧૨ જિલ્લાનો આ આદિવાસી પ્રદેશ, એમાં વસતા આદિવાસીઓની જે તે સમયની સરકારે કોઇપણ પ્રકારની કાળજી લીધી નહોતી. વર્ષોથી આદિવાસીઓ દરેક રીતે, સર્વાંગી રીતે પછાત હતા. આ પછાત રહેવાનું મૂળ કારણ અનેક દ્રષ્ટિએ જોઇ શકાય તેમ છે. સરકારે જે તે સમયની આ લોકોની માગણીઓ, લોકોની સમસ્યાઓ, લોકોના ઉત્કર્ષ માટે જે કાંઇ ચિંતા કરવી જોઇએ એ કરી નહોતી. આદિવાસી સમાજના ઉત્કર્ષ, એમનું જીવનધોરણ ઉંચુ આવે એ માટે ખાસ કરીને આપણે જોઇએ તો વર્ષો પહેલા જે એમને શિક્ષણની સુવિધાઓ ન આપવામાં આવી, એમના બંધારણીય અધિકાર પ્રમાણે જે પ્રકારે એમનો ઉત્કર્ષ થવો જોઇએ એ માટે સરકારે જે કાળજી રાખવી જોઇએ એ નહોતી રખાઇ. એને કારણે આદિવાસી સમાજ બિચારો અને બાપડો રહી ગયો હતો. જયારથી નરેન્દ્રભાઇ મોદી શાસનમાં આવ્યા ત્યારથી અને આ ૧૨ જિલ્લાનો વિકાસ કરવા માટે એમણે જે હાલત જોઇ, તમામ ક્ષેત્રમાં આ પછાત રહી ગયેલી કોમ શિક્ષણની રીતે હોય, સૌથી ઓછું શિક્ષણ આ જિલ્લામાં હોય સૌથી પાયાગત સુવિધાઓ આ ગામડાંઓમાં નહોતી મળતી. હમણાં અમારા આદરણીય મંગુભાઇએ જે રીતે બજેટના આંકડાઓ આપ્યા એનાથી સ્પષ્ટ જોઇ શકાય છે. જયારથી આ સરકાર આવી, આખા ગુજરાતના વિકાસ માટે જયારે અનેક પ્રકારની યોજનાઓ બની, એક ગુજરાતનો આ પૂર્વ વિસ્તારનો ભાગ શા માટે પછાત રહે? એના માટે આ ૧૨ જિલ્લાના આદિવાસી વિસ્તારનો વિકાસ કરવો હોય તો થાગડથીગડ વિકાસ અને ગમે તેવી યોજનાઓ બનાવીને ન કરી શકાય. એના માટે સર્વાંગી વિકાસનું આયોજન કરવું પડે અને આ સર્વાંગી વિકાસ થાય તો જ આ આદિજાતિ  વિસ્તાર અને આદિજાતી પ્રજાનો વિકાસ કરી શકાય. એના માટે એમણે દસ મુદ્દાનો કાર્યક્રમ નકકી કરી દસ મુદ્દાના વિકાસને સાથે લઇને ચાલીએ તો જ સર્વાંગી વિકાસ થઇ શકે તેમ હતો. તેથી વનબંધુ કલ્યાણ યોજનાની એક મહત્વકાંક્ષી યોજના પંદર હજાર કરોડ રૂપિયાની જયારે પાંચ વર્ષ માટે બનાવવામાં આવી અને એના થકી એના ભાગ સ્વરૂપે આ પાંચ વર્ષ ગયા પાંચ વર્ષની અંદર.

અધ્યક્ષશ્રી : આપનું પ્રવચન ચાલુ રહેશે. વિરામનો સમય થયો છે. સભાગૃહ ૩-૧૫ કલાકે ફરી મળશે.

**(વિરામ- ૨-૩૦ થી ૩-૧૫)**

**અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

શ્રી શબ્દશરણ ભા. તડવી : માનનીય અધ્યક્ષશ્રી, હું આ માગણીના સમર્થનમાં કહી રહ્યો હતો. પાછલી સરકારોએ જે કઇ આદિવાસીઓને અત્યાર સુધીમાં અન્યાય  કરીને એક નર્ક સમાન જીવન જીવવા માટે જે પ્રકારે કાળજી રખાઇ નહોતી, એના કારણે અનેક પ્રકારના પ્રશ્નો આ આદિવાસી સમાજના અને ગુજરાતના વિકાસ માટે અવરોધરૂપ હતા. ત્યારે સરકારશ્રીએ પોતાની ઇચ્છા શકિતથી આ ગુજરાતના વિકાસ માટે આ એક નબળા ભાગને પણ આગળ લાવે તે માટે અનેક પ્રયત્નો કરીને આદિવાસીઓની જે મૂળ

સમસ્યા હતી કે તેને શિક્ષણ નહોતું મળ્યું, તે એને આપવા માટે ઠેર ઠેર માધ્યમિક શાળાઓ અને પ્રાથમિક શાળાને સજીવન કરી, ઉચ્ચ કક્ષાનું સારું શિક્ષણ મળે તેવા પ્રયત્નો કર્યા. શહેરમાં ભણતા વિદ્યાર્થીઓને જે રીતે એકલવ્ય સ્કૂલ આપી છે તેવી જ કક્ષાની આ આદિવાસી બાળકો માટે જે સારી કક્ષાનું કોમ્પ્યૂટર સાથેનું એને શિક્ષણ મળે એના માટેની એકલવ્ય મોડલ રેસિડેન્શિયલ સ્કૂલની સ્થાપના કરવામાં આવી. સાથે ગર્લ્સ રેસિડેન્શિયલ સ્કૂલ અનેક પ્રકારની મોડેલ સ્કૂલો, એન્જિનિયરિંગ કોલેજ, કૃષિ પોલિટેકનિક, નર્સિંગ, ફિઝિયોથેરાપી કોલેજ, કૃષિ વિષયક અનેક સંસ્થાઓ ઊભી કરી. આદિવાસી સમાજ અને વિદ્યાર્થીઓ માટે પૂરતું શિક્ષણ અને સારી ગુણવત્તાવાળું શિક્ષણ મળે એના માટે સરકારશ્રીએ પ્રયત્ન કર્યા છે. આ ચાલુ વર્ષે બજેટમાં આવતાં ૫ વર્ષમાં વનબંધુ કલ્યાણ યોજના પેકેજમાં ૪૦,૦૦૦ કરોડની જોગવાઇ કરી છે, ત્યારે આવનારા સમયની અંદર..

અધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે. માનનીય અરવિંદભાઇ.

શ્રી અરવિંદસિંહ દા. રાઠોડ(કાલોલ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી વન અને પર્યાવરણ માગણી નં. ૨૬, ૨૭ જે લઇને આવ્યા છે, તેમાં મારો સૂર પુરાવું છું.

સૃષ્ટિની અંદર જીવ માત્રને જીવવા માટે ૩ વસ્તુની જરૂર હોય છેઃ હવા, પાણી અને ખોરાક. જીવને ખોરાક ન મળે તો એ મહિનાઓ સુધી જીવી શકે છે. પાણી ન મળે તો દિવસો સુધી જીવી શકે છે અને હવા ન મળે તો મિનિટો સુધી જીવે છે. આપણે જ્યારે શ્વાસોશ્વાસ લઇએ છીએ, ત્યારે અંગારવાયુ બહાર નીકળે છે અને પ્રાણવાયુ આપણે લઇએ છીએ. વૃક્ષો આપણને પ્રાણવાયુ આપે છે, જ્યારે વૃક્ષો આપણને જીવન આપતા હોય ત્યારે આવા વૃક્ષોનું જતન કરીએ, વૃક્ષોનું વાવેતર કરીએ અને વૃક્ષો થકી વરસાદ આવે છે. વૃક્ષો નહિ તો વરસાદ નહી. વધતી જતી વસ્તી, ઔદ્યોગીકરણના લીધે એકબાજુ પ્રદૂષણ અને બીજી બાજુ સમગ્ર દુનિયામાં વન વિસ્તાર ઓછો થતો જાય છે, ત્યારે સમગ્ર જીવ સૃષ્ટિ જોખમમાં મૂકાઇ છે, ત્યારે આવા સંજોગોમાં વન વિભાગે લોકભાગીદારીથી સુધરેલ અને ઉચ્ચ ઉત્પાદક પ્રજાતિથી વન વિસ્તાર વધારવા માટે વૃક્ષારોપણ એ અગત્યનું અંગ ગણ્યું છે. વન વિસ્તારમાં રહેતા વનવાસીઓની આવક વધે એ એનો મુખ્ય હેતુ છે. વન વિભાગની તમામ પ્રવૃત્તિઓ થકી વનવાસી વનોની જમીન અને વન્ય પ્રાણીઓની પેરીસમાં સુધારો થયો છે. આદિવાસી સમાજ જે વન વિસ્તારમાં રહે છે તેની આર્થિક સ્થિતિમાં સુધારો થયો છે. આવા સંજોગોમાં વન વિભાગે જે પ્રવૃતિ હાથ ધરી છે અને માનનીય સરકારશ્રીએ જે પ્રવૃત્તિ અત્યારે હાથ ધરી છે તે પ્રશંસનીય છે.

રાજ્યના સને ૨૦૧૩-૧૪ ના અંદાજપત્રમાં વન પર્યાવરણ માટે પ્લાન અને નોન પ્લાન હેઠળ ૯૩૦ કરોડની જોગવાઇ કરેલ છે.માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજયમાં ૭.૪૬ ટકા જેટલો સઘન વન વિસ્તાર છે. વન વિસ્તારની બહાર વૃક્ષોનો કુલ વિસ્તાર ૪.૮ ટકા છે. આગામી વર્ષમાં સામાજિક વનીકરણ માટે ૧૧૫ કરોડનો ખર્ચ કરવામાં આવનાર છે. વિપુલ સંખ્યામાં વૃક્ષોના વાવેતર દ્વારા ભૂમિ અને ભેજ સંરક્ષણ માટે ૧૮૬ કરોડ રૂપિયાની જોગવાઇ કરેલી છે. રાજયના તમામ ગામોમાં વન સમિતિની રચના કરવામાં આવી છે. ગુજરાત રાજયએ આમાં પહેલ કરી છે. વન્ય પ્રાણી સંરક્ષણ માટે ૮૩ કરોડની જોગવાઇ સૂચવેલ છે. ગુજરાતના ગૌરવસમા સિંહના રક્ષણ માટે ૧૨ કરોડની જોગવાઇ સરકારશ્રીએ કરેલી છે. સરકારે સહભાગી વન વ્યવસ્થા અમલમાં મૂકી છે. (સમયસૂચક ઘંટડી) માનનીય અધ્યક્ષશ્રી, પહેલા આપણે ગાંધીનગર ખાતે વન મહોત્સવ ઉજવતા હતા. માનનીય મુખ્યમંત્રીશ્રીના આવ્યા પછી આ વન મહોત્સવ તાલુકા અને જિલ્લા કક્ષાએ ઉજવવામાં આવે છે. ગાંધીનગર ખાતે પુનિત વન, અંબાજી ખાતે માંગલ્ય વન, ૨૦૦૬માં તારંગા ખાતે તીર્થંકર વન, ૨૦૦૭માં સોમનાથ ખાતે હરિહર વન, ૨૦૦૮માં ચોટીલા ખાતે ભક્તિવન, ૨૦૦૯માં શામળાજી ખાતે શામળ વન, ૨૦૧૦માં પાલીતાણા ખાતે પાવક વન, ૨૦૧૧માં પાવાગઢ ખાતે વિરાસત વન અને ચાલુ સાલે માનગઢ સંતરામપુર ખાતે ગુરૂ ગોવિંદ વન બનાવીને આ રાજયના મુખ્યમંત્રી દ્વારા દેશની અંદર નવી જ રીતે વન મહોત્સવની ઉજવણી કરવામાં આવે છે.

અધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે. માનનીય ડો. અનિલ જોષીયારા.

ડો. અનિલ જોષીયારા(ભિલોડા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી વન અને પર્યાવરણ અને આદિજાતિ વિભાગ જે પોતાનું બજેટ લઇને આવ્યા છે તેમાં મારા વિચારો રજૂ કરવા માટે ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, ઘણા વર્ષોથી આ વિભાગ ચાર્જથી ચાલે છે. તેમાં સચિવશ્રીની ઘણા સમયથી આ જગ્યા ખાલી છે. ખબર પડતી નથી કે ગામડામાં તો કોઇ અધિકારી ન મળે પણ અહીંયાં ગાંધીનગરમાં સચિવાલયમાં તેમના સચિવ મળતા નથી. ત્યાં ડીસેગની રચના કરવામાં આવી છે તેમાં પણ આઉટ સોર્સથી માણસો લીધેલા છે. મારે એ કહેવું છે કે, પ્રાયોજના વહીવટદાર દ્વારા જે કામો ચાલે છે તેમાં પણ આ વર્ષે પહેલી વખત એવું કર્યુ કે પ્રાંત ઓફીસરને ઇન્વોલ્વ કર્યા છે. હવે પ્રાંત ઓફીસરો તેની મિટીંગમાં બેસવાના. પરિસ્થિતિ એ થવાની કે તેમાં એન.જી.ઓ. તરીકે, એક્સપર્ટ તરીકે બહારના માણસોને મૂકવામાં આવ્યા છે, હવે બજેટનું આયોજન તે લોકો કરવાના. આદિજાતિ વિભાગમાં જે બજેટ છે તે આદિજાતિ વિકાસ વિભાગના હવાલે નથી મૂકવામાં આવતું. જુદા જુદા વિભાગોના હવાલે મૂકવામાં આવે છે.

અધ્યક્ષશ્રી: માનનીય છત્રસિંહ, તમારી જગ્યાએ જાઓ. એકવાર સૂચના આપી છતાં નથી સમજાતું?

ડો. અનિલ જોષીયારા : માનનીય અધ્યક્ષશ્રી, પરિસ્થિતિ એ થાય છે કે જુદા જુદા વિભાગો આદિવાસી વિસ્તારને શું જરૂરિયાત છે, આદિવાસીઓની શી જરૂરિયાત છે તે પ્રમાણે બજેટ બનતું નથી. મોટા ભાગના બજેટનું ડાયવર્ઝન થઇ જાય છે. તત્કાલિન સેક્રેટરી તે વખતના અધિક મુખ્ય સચિવ હતા. તેમણે પણ કહ્યું હતું કે all government department they are neglecting to tribal ,at he told us that we are not finding even seventy percent budget for the trible. એમણે એમ પણ કહ્યું છે કે આદિવાસીઓનું જે બજેટ છે તેનું ડાયવર્ઝન થાય છે. તે વખતના સેક્રેટરીની ચિંતા હતી. પરંતુ કોણ જાણે કેમ આ બજેટ આદિજાતિ વિભાગના હવાલે મૂકવામાં નથી આવતું તે સમજાતું નથી સાહેબ.

આમ તો આદિજાતિ સલાહકાર પરિષદ છે જે આદિજાતિઓ માટે નીતિઓ ઘડે છે. આ નીતિઓ ઘડવા માટે દર ત્રણ મહિને મિટીંગ મળવી જોઇએ, તે મિટીંગ મળતી નથી. મારી માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે રેગ્યુલર મિટીંગ બોલાવે. મંગુભાઇ તો સીનીયર મંત્રી હતા, તેમણે ૧૫ હજાર કરોડની વાત કરીને ખુશ થયા. મને એમ લાગે છે કે તેમણે આ બજેટના આંકડા બરાબર જોયા નથી. ટોટલ બજેટમાં આ પંચવર્ષીય યોજના હતી. ૧૧મી પંચવર્ષીય યોજના હતી. તેમાં ૧લાખ ૧૧ હજાર ૧૧૧ કરોડના પ્રમાણે આપણને બજેટ વધુ મળવું જોઇતું હતું. કારણકે કેન્દ્રીય આયોજન પંચ એમ કહે છે કે ૧૭.૫૭ ટકાનો આગ્રહ રાખે છે. તમે શું કામ ઓછા બજેટથી ખુશ થાઓ છો. જે બજેટ ફળવાય છે તે બીજે ફળવાય છે. ડાયવર્ઝન થઇ જાય છે. તેના દાખલા આપું સાહેબ. મંગુભાઇ તો ખુશ થતા હતા. મોટા ભાગનું બજેટ છે તેમાં ગયા પાંચ વર્ષમાં ૧૧૯૭ કરોડ નર્મદા નિગમને શેરમૂડી ભંડોળમાં ગયા. ગયા વર્ષ ૨૦૧૨-૧૩માં પણ ૭૦૦ કરોડ રૂપિયા નર્મદા નિગમને શેર મૂડી ભંડોળ માટે ગયા. આ વર્ષે, જે નવું બજેટ છે એમાં પણ ૨૦૦ કરોડ રૂપિયા નર્મદા નિગમને શેર મૂડી ભંડોળ માટે ગયા. આ કહેવાય છે આદિવાસીઓના વિકાસ માટે પણ પૈસા બીજે જાય છે એટલે મારી તો માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે, આપ બજેટનો ખ્યાલ રાખો કે આ પૈસા વપરાય છે કયાં?

સાહેબ, પહેલા એવું કહેવાતું હતું, પાંચ વર્ષ પહેલા કે, ફળિયે ફળિયે બાર માસી પાકા રસ્તાઓ બનાવવાના પણ આજે પરિસ્થિતિ શું થઇ? કેટલા વર્ષો થયાં પણ ફળિયે ફળિયે પાકા રસ્તાઓ ન થયા. મેં પણ તા. ૨૭-૨-૨૦૦૭ના રોજ માનનીય મુખ્ય મંત્રીશ્રીએ જે જાહેરાત કરી હતી એને વખાણી હતી કે અમને એનો લાભ મળશે પણ કેટલાય વર્ષો વીતી ગયા પણ કોઇ રસ્તા મળ્યા નહીં. ૨૫૦ થી ઓછી વસતિ ધરાવતા ગામોને રસ્તો મળશે એ બાબત હતી પણ એ રસ્તા નહીં મળ્યા અને મેં રજૂઆત કરી ત્યારે ૫ રસ્તા મળ્યા, અને એ પણ નોનટ્રાઇબલ વિસ્તારમાં મળ્યા એટલે આ બજેટનું ડાયવર્ઝન થાય છે, તમારા પાંચ વર્ષના સમય દરમિયાન ૨૦૮૫ કરોડ રૂપિયા રસ્તા માટે વપરાઇ ગયા. કયાં ગયા? કોઇને ખબર નથી. એવી જ રીતે સિંચાઇ માટે પણ ટ્રાઇબલ વિસ્તાર માટેના ગયા પાંચ વર્ષના એ ૨૩૬૯ કરોડ રૂપિયા હતા, એ

પૈસાનું પણ ડાયવર્ઝન થઇ ગયું. અમને હજી પણ પાણી મળતું નથી અને જે પૈસા વપરાયા, સાહેબ, પાનમને હાઇલેવલ કેનાલ, કડાણાને હાઇલેવલ કેનાલ, મારે માનનીય મંત્રીશ્રીને પૂછવું છે કે, તમે એ પૈસાની તપાસ કરો છો કે ૧૮૦૦૦ હેક્ટર જમીન આદિવાસીઓની સિંચાઇ હેઠળ આવરી લેવામાં આવી છે તો તમે એક પણ આદિવાસી બતાવો કે કયા આદિવાસીને એનો લાભ મળ્યો? આપણે ખુશ થઇએ છીએ કે પૈસા ખૂબ વપરાયા, પણ આ પૈસા ગયા ક્યાં? આ તો બીજા વિસ્તારમાં વપરાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, એ જ રીતે પીવાના પાણીની વાત કરીએ તો, પીવાના પાણી માટે પણ ગયા વખતના ૧૩૫૦ કરોડ અને આ વખતના બીજા ૩૦૦ કરોડ રૂપિયા એટલે કે લગભગ ૧૫૦૦ કરોડ રૂપિયા પીવાના પાણી માટે વપરાશે પણ એ પૈસા પણ ડાયવર્ઝન થયા, અને માનનીય મંત્રીશ્રીએ તો એમ કહ્યું હતું કે, અમે ઘરે ઘરે નળ દ્વારા શુધ્ધ પાણી આપીશું. આ પાણી પણ અમને મળી શક્યું નથી અને ઉપરથી જે હેન્ડપંપથી જે પાણી મળતું હતું એમાં પણ સરકારે વાંધો કર્યો કે તમારે પોઇન્ટ પાંચ ગુંઠા જમીન સરકાર હેડે ૭૩ A A ની જમા કરાવવી પડશે એટલે ઉપરથી જે મળતી હતી એમાં પણ વાંધો કર્યો એટલે મારી તો માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે, આમાં ખ્યાલ રાખવાની જરૂર છે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંગુભાઇ, શિક્ષણની વાત કરતા હતા. શિક્ષણમાં દર વર્ષે આપણે ૫૦૦ કરોડ રૂપિયા વાપરીએ છીએ, આ વર્ષે પણ ૫૪૨ કરોડ રૂપિયાનું આયોજન છે પરંતુ છેલ્લા છ વર્ષથી લગભગ ૨૦૦૬થી આશ્રમશાળાઓ ૪૫૩ છે એમાં શિક્ષકોની ભરતી બંધ છે. એક હજાર શિક્ષકોની જગ્યાઓ ખાલી છે તો છોકરાઓ કેવી રીતે ભણતા હશે એની કોઇએ ચિંતા કરી? આઠમું ધોરણ સાતમામાં ગયું એના લીધે છેલ્લા એક વર્ષથી ગણિત, વિજ્ઞાન, અંગ્રેજીના શિક્ષકો નથી. અત્યારે એ બાળક ભણીને નવમા ધોરણમાં ગયું, એ કેવી રીતે શું ભણશે? એને શું આવડશે? આની ચિંતા નથી. સાથે સાથે એકલવ્યની સ્કૂલ, મૉડેલ સ્કૂલ, લો લીટરસી ગર્લ્સ સ્કૂલોની વાત થઇ, તો મારે એ પણ કહેવું છે કે, તમે એ માટે એક પણ શિક્ષકની રેગ્યુલર ભરતી કરી? દોઢસો અને બસો રૂપિયામાં કહે છે કે, તમે શિક્ષણ આપો. કયો માણસ એ રીતે શિક્ષણ આપશે? આજે મજૂર પણ એટલામાં મળતો નથી તો કયો શિક્ષક આવીને આપણા છોકરાઓને ભણાવશે? આની તો ચિંતા કમસેકમ કરો. રેગ્યુલર કોઇ શિક્ષકોને મૂકવામાં આવતા નથી અને પેલા ટેમ્પરરી છોકરાઓને કહેવામાં આવે છે કે, તમે ભણાવો, આ રીતે તો શિક્ષણ સુધરે નહીં. મારી તો વિનંતી છે કે, આમાં તમે ગંભીરતાથી ધ્યાન આપો. શિક્ષકોની ખાલી જગ્યાઓ છે તો શિક્ષકોની ભરતી કરો. મારે તો આ વિભાગમાં એટલી જ વાત કહેવી છે કે, જો સરકારને વિશ્વાસ હોય અને માનનીય મંત્રીશ્રી ઉપર વિશ્વાસ હોય તો ટ્રાઇબલ વિભાગનું બજેટ ડાયવર્ટ થતું અટકાવવા મંત્રીશ્રીના વિભાગના હવાલે મૂકે એવી મારી વિનંતી છે.

સાહેબ, મારે જંગલની જમીનની પણ વાત કરવી છે. ૧,૯૨,૨૨૮ દાવાઓ આવ્યા હતા, એમાં વ્યક્તિગત દાવાઓ હતા અને સામૂહિક પણ દાવાઓ હતા. હમણાં માનનીય મોતીભાઇ વાત કરતા હતા કે આપણે ઘણા આગળ છીએ ત્યારે મારે તો કહેવું છે કે, આપણે તો ૧૧મા ક્રમે છીએ. તમે મહારાષ્ટ્રની વાત કરી પણ મહારાષ્ટ્ર તો આપણા કરતાં આગળ છે. મહારાષ્ટ્રે જે જમીન આપી છે તે ૯૯,૩૬૮ માણસોને આપી છે અને જયારે આપણે ૪૨,૭૫૨ માણસોને આપી છે. આપણે તો ૧૧મા ક્રમે છીએ, એ લોકો આપણાથી આગળ છે. આપે ખોટી માહિતી નહીં આપવી જોઇએ, રેકોર્ડ જોવો જોઇએ કે કયાં આગળ કેટલી જમીન અપાઇ છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે તો એનાથી વિશેષ વાત કરવી છે કે, સરકારે વન વિસ્તારની વૃધ્ધિ માટે જે પ્લાનિંગ કર્યું છે દર વખતે એની ચિંતા કરી છે. આપણો વન વિસ્તાર ૯.૮૨ ટકા જેટલો અત્યારે છે. ઘણા વર્ષોથી આપણે પ્રયત્નો કરીએ છીએ અને દર વર્ષે આપણે વાવણી માટે પૈસાની જોગવાઇ કરીએ છીએ. ગયા વખતે પણ જે જોગવાઇ હતી ૧,૩૭,૫૦૦ હેક્ટર વિસ્તારની આપણી જોગવાઇ હતી. એની સામે વૃક્ષો વવાણા ૮૯૩ લાખ, પરિસ્થિતિ બદલાઇ વૃક્ષો વધી ગયા ૧૯૮૩ લાખ વૃક્ષો થઇ ગયા તો આટલા બધા વૃક્ષો વાવવા માટે તમારી પાસે જમીન છે ખરી? મારો પહેલો સવાલ એ છે અને વૃક્ષો આટલા ક્યાંથી આવ્યા, તમારી પાસે તો ઓછા વૃક્ષો હતા તો ૧૧ કરોડ વધારે વૃક્ષો તમારી પાસે ક્યાંથી આવ્યા વધારાના? આ વર્ષે પણ એવું છે ૧.૪૦ લાખ હેક્ટર વિસ્તારને તમે આવરી લેવા માગો છો ત્યારે તમારી પાસે જમીન છે ખરી?

એની એજ જગ્યાએ દર વર્ષે વૃક્ષો વાવે, વૃક્ષો મરી જાય એટલે ફરી પાછા એની એ જગ્યાએ વૃક્ષો વાવે એ રીતે કરોડો રૂપિયાનું કૌભાંડ ચાલે છે તો આનું તમે ધ્યાન રાખો અને જેટલા વૃક્ષો વવાય છે એટલા વૃક્ષોનું જનત થાય એની ચિંતા કરો, દર વર્ષે કેટલો ટાર્ગેટ મળે છે અને કેટલા વૃક્ષો વવાય છે એની ચિંતા કરવાની જરૂર નથી એમ લાગે છે મને.

માનનીય અધ્યક્ષશ્રી, જે.બી.આઇ.સી. પ્રોજેકટ ચાલે છે, છેલ્લા આઠ વર્ષથી ચાલે છે. મને એમ લાગે છે કે હવે બે વર્ષમાં તો પૂર્ણ થશે, આ પ્રોજેકટ ૮૩૦ કરોડનો હતો એ ઘણાં વિસ્તારોમાં તો આ પ્રોજેકટ ચાલુ પણ થયો નથી. મારી માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે, જે જે વિસ્તારમાં આ પ્રોજેકટ ચાલતો હોય એ વિસ્તારમાં તપાસ કરો કઇ કઇ પ્રવૃતિઓ ચાલે છે? મોટા ભાગના વિસ્તારમાં કોઇ પ્રવૃતિઓ ચાલતી નથી. બીજું અત્યારે જંગલ વિસ્તારમાં વાઘ અને દીપડા જેવા પ્રાણીઓ છે એ ગામડામાં આવી જાય છે, કેમ આવે છે? કારણ કે, જંગલમાં કોઇ પીવાના પાણીની સગવડ નથી ત્યારે મારે માનનીય મંત્રીશ્રીને વિનંતી કરવી છે કે, જે જે નાના ઝરણાં પાણીના ચાલતા હોય એને તમે બાંધવાનું રાખો અને પાણીની સગવડ કરો કે જેથી દીપડા જેવા હીંસક પ્રાણીઓ જૂનાગઢ જિલ્લામાં ગામડામાં આવી જાય છે અને માણસોનું મારણ કરે છે એ નહીં થાય.

મારી મંત્રીશ્રીને વિનંતી છે અને કહેવું છે કે જે તમારા ડિપાર્ટમેન્ટે જાતે આ ચેકડેમ બાંધવાના પ્રયત્નો કર્યા છે ત્યારે મારે કહેવું છે કે એમની પાસે ટેકનિકલ માણસો નથી હોતા છતાં આગ્રહ એવો રાખે છે કે અમે આ ચેકડેમ જાતે જ બાંધીશું અને એના લીધે એવી પરિસ્થિતિ થાય છે કે ઉપર સારું દેખાય છે અને નીચેથી પાણી એમને એમ વહી જાય છે. આ માટે માનનીય વન મંત્રીશ્રીને વિનંતી છે કે સિંચાઇ મંત્રી સાથે સમાધાન કરી અને એમની સાથે મળીને બંને ડિપાર્ટમેન્ટે ભેગા થઇને આ ચેકડેમ બાંધવા જોઇએ. માનનીય મંત્રીશ્રી આ માગણીઓ લઇને આવ્યા છે તેમાં હું સંમત થતો નથી.

શ્રી મોહનભાઇ ધ. ઢોડીયા(મહુવા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી આદિજાતિ અને વન પર્યાવરણ વિભાગની માગણી નં. ૨૬, ૨૭, ૯૩ અને ૯૬ લઇને આવ્યા છે તેને મારું અનુમોદન આપવા ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ સન્માનીય સભાગૃહમાં માનનીય સભ્યશ્રી અશ્વિનભાઇ આદિવાસી સમાજને ખૂબ અન્યાય થયો છે એવી વાતો કરતા હતા ત્યારે એમણે આદિવાસી સમાજનું અપમાન પણ કર્યું છે. એમણે આદિવાસી સમાજ માટે એમ કહ્યું કે "આદિવાસી બિચારો બાપડો" એ રીતે કહીને આદિવાસી સમાજનું અપમાન એમણે કર્યું છે એ બદલ એમને આપના માધ્યમથી ઠપકો આપવામાં આવે એવી હું આપ સાહેબને વિનંતી કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, એમણે જે કહ્યું કે વનવાસી નામ આપવામાં આવ્યું આદિવાસી સમાજનું, એમાં ખોટું શું છે? શું તમારે આદિવાસી સમાજને હજુ પાછા ૧૯મી સદીમાં લઇ જવા છે? માનનીય અધ્યક્ષશ્રી, એમણે એમ કહ્યું કે, "આદિવાસી સમાજને દેવામાં ધકેલી દેવામાં આવ્યો છે અને કોર્પોરેશન બંધ કરી દેવામાં આવ્યું છે" ત્યારે હું એમ કહેવા માગુ છું કે, ભારત સરકારે જ્યારે દેવા માફીની વાત કરી ત્યારે જે કોર્પોરેશનની અંદર આદિવાસી સમાજના ભૂતકાળના લોકોએ જે દેવાદાર હતા એનું દેવું કેમ માફ કરવામાં ન આવ્યું? એ દેવું માફ કરવા માટે એમણે પ્રયત્નો કેમ કર્યા નહીં? આ ગુજરાતના માનનીય મુખ્યમંત્રીશ્રીએ આવા ગરીબ આદિવાસી સમાજને એક આદિજાતિ સલાહકાર બોર્ડ રચીને આદિવાસી સમાજના ઉત્થાન માટે ચિંતન મંથન કરવા માટે સૌ પ્રથમવાર આદિજાતિ સલાહકાર બોર્ડ બનાવવામાં આવ્યું છે. એનો હું સાક્ષી છું કેમ કે, ૨૦૦૨ થી ૨૦૦૭ સુધી આ સન્માનીય સભાગૃહમાં હું ધારાસભ્ય તરીકે હતો એ સમયે આ ગુજરાતના માનનીય મુખ્યમંત્રીશ્રીએ આઝાદીના ઇતિહાસમાં આદિવાસી સમાજનું જે રીતે શોષણ થયું છે, જે રીતે એનો વિકાસ થવો જોઇએ એ વિકાસ થયો ન હતો, એના માટે એમના પોતાના અધ્યક્ષપણામાં આ આદિજાતિ સલાહકાર બોર્ડ બનાવવામાં આવ્યું, આદિવાસી સલાહકાર બોર્ડે ચિંતન મંથન કરીને એનામાંથી ઉદ્ભવેલા આ ગરીબ કલ્યાણ મેળા મારફતે આ ગરીબોનું કલ્યાણ કેવી રીતે થઇ શકે એનું એમાં ચિંતન મંથન કરીને સમગ્ર સમાજના લોકોને, છેવાડાના લોકોને આ ગરીબ કલ્યાણ મેળામાં પારદર્શક રીતે એને પોતાને પોતાના

હાથમાં ચેક મળે. હમણાં માનનીય સભ્યશ્રી એમ કહેતા હતા કે એમને કોરું ફરફરિયું કાગળિયું મળે છે. કવરમાં મળે છે પણ એમણે ક્યારેય તસ્દી લીધી છે જોવાની? એમાં શું લખ્યું છે એ જોવાની એમણે ક્યારેય તસ્દી લીધી છે? જ્યારે આ ગુજરાતના માનનીય મુખ્યમંત્રીશ્રી તરફથી આ ગુજરાતનો એક પણ કાર્યક્રમ સરકારી હોય કે ગ્રામ પંચાયતનો કાર્યક્રમ હોય એમાં વનીકરણ એટલે કે વન વિશે હું જ્યારે વાત કરું ત્યારે પ્રથમ જ્યારે કોઇપણ પદાધિકારી ત્યાં જાય એટલે પહેલા વૃક્ષ વાવે, એ પ્રમાણેનું એમને આ સરકારને કે સરકારના ચૂંટાયેલા પદાધિકારીઓને માર્ગદર્શન મળે અને એ રીતે એમને પ્રોત્સાહિત કરવામાં આવે છે. અત્યારે જ્યારે માનનીય ડો. જોષીયારાજી કહેતા હતા કે આ વનની અંદર ભૂતકાળની અંદર આ વનનો સફાયો કોણે કરી દીધો? આ વનનો સફાયો કર્યો એના માટે સન્માનનીય ગૃહની અંદર તપાસ કમિટી રચવામાં આવી હતી.

અધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે. માનનીય બચુભાઇ ખાબડ,

શ્રી બચુભાઇ મ. ખાબડ(દેવગઢબારીયા) : માનનીય અધ્યક્ષશ્રી, હું સને ૨૦૧૩-૧૪ના વરસના અનુદાનો માટેની માગણી નંબર-૯૩ અનુસૂચિત આદિજાતિઓના કલ્યાણ વિશે મારા વિચારો રજૂ કરવા ઉભો થયો છું. સામે આદિજાતિના સભ્યો બેઠાં છે એમાં વનબંધુ શબ્દ માટે કેટલાક મિત્રો તરફથી વિરોધ કરવામાં આવ્યો એમાં મારે કહેવું છે કે, આદિજાતિ ઉત્પત્તિનું વિષ્ણુપુરાણ પ્રથમ અંશના ચોથા શ્લોકમાં ૫૧, ૫૨ અને ૬૮ની અંદર વેદોમાં એનું પ્રમાણ આપ્યું છે કે મુળ આદિ નારાયણના માધ્યમથી આદિજાતિની ઉત્પત્તિ થઇ એને ૧ અરબ, ૯૬ કરોડ, ૮ લાખ ૫૩ હજાર અને ૫ વરસનો સમય આજે ચાલી રહ્યો છે, આ આદિવાસી વિકાસ માટે આ સમાજ ડુંગરાળ, અંતરિયાળ, અંબાજીથી ઉમરગામ સુધીનો પૂર્વ પટ્ટીનો ડુંગરાળ, ખડકાળ પૂરતો વરસાદ ન આવે એવા વિસ્તારમાં વસતી આ વસતિ એ કુલ ૮૯ લાખ જેટલી છે એટલે કે ૧૪.૭૬ ટકા જેટલો વસતિ ધરાવતો આ આદિજાતિ સમાજ છે. વરસોનો ઇતિહાસ છે. ભૂતકાળની સરકારોએ આ સમાજની શૈક્ષણિક હોય, આર્થિક હોય, ખેતીવાડી હોય, સામાજિક સેવા હોય એની અંદર પૂરતું ધ્યાન ન આપવાના કારણે આ સમાજ આજે વિકાસથી અવિકસીત રહ્યો છે એવા સમયે જ્યારે વરસોની તપશ્ચર્યા પછી દ્વાપર યુગમાં શબરીને જેવી રીતે રામ મળ્યા હતા એમ આ કળિયુગના અંત ભાગની અંદર આદિવાસી સમાજને રાજ્યના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી મળ્યા છે, આઝાદીના ઇતિહાસના ૪૨ વરસના શાસનની અંદર ગુજરાતના મુખ્યમંત્રીશ્રીએ એમની દૃષ્ટિ બદલીને દિવ્યદૃષ્ટિના આધાર પર આ સમાજનું ભલું થાય, એનો વિકાસ થાય એના આધાર પર ૨૦૦૭-૦૮ની સાલમાં જે પંદર હજાર કરોડ રૂપિયાના પેકેજની જાહેરાત કરી ત્યારે અહીં કહેવાતું હતું કે માત્ર જાહેરાતો થાય છે પણ સાચા અર્થની અંદર એના નાણાંની જોગવાઇ કરવામાં આવતી નથી એવી વાત થઇ હતી પણ એ સાકાર કરવાનું કામ પણ આ રાજ્યની સરકાર અને આ રાજ્યના મુખ્યમંત્રીશ્રીએ અનેકવિધ આયોજનના માધ્યમથી કર્યું છે. સને ૨૦૧૧-૧૨માં ૪૮૯૨.૭૨ કરોડની જોગવાઇની સામે ૧૭૭૧.૯૧ કરોડનો વધારો કરીને લગભગ ૨૦૧૩-૧૪માં ૬૬૧૨.૬૩ કરોડની જોગવાઇ કરેલ છે એટલે કે ૩૫ ટકા જેટલો વધારો કરેલ છે. આગામી પાંચ વર્ષની અંદર ૪૦ હજાર કરોડ રૂપિયાનું વન બંધુ કલ્યાણ પેકેજના આધાર ઉપર આજે ગુજરાતનો વિકાસ ચાલી રહ્યો છે. ચાલુ વર્ષે પણ ૨૧૩ કરોડ ૫૩ લાખ ૬૪ હજારની જોગવાઇ કરવામાં આવી છે. છેલ્લાં ચાલીસ વર્ષમાં માત્ર ૬૫૦૦ કરોડની જોગવાઇ કરી છે. આ રાજયના મુખ્યમંત્રીશ્રીએ માત્ર પાંચ વર્ષની અંદર ૬ હજાર કરોડની જોગવાઇ કરીને આ વર્ષે ૫૮,૫૦૦ કરોડના ૧૪.૨૭ ટકા ૮૩૪૫.૫૯ કરોડની ફાળવણી કરવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રીએ સાચા અર્થની અંદર આદિવાસીના વિકાસની દિશાની અંદર કોઇપણ સમાજનું ભલુ કરવુ હશે તો શિક્ષણ સિવાય તેના મૂળ પાયા સુધી પહોંચીને સમગ્ર ગુજરાતની અંદર આદિવાસી સમાજના પૂર્વ પટ્ટાની અંદર પણ તેને (સમય-સૂચક ઘંટડી ) પ્રવેશોત્સવ આદિવાસી દીકરીને આપવાનું કામ રાજયના મુખ્યમંત્રીશ્રીએ ગરબાળા ખાતે આવીને કર્યુ છે. મારે વાત કરવી છે પાણીના પ્રશ્ને, પીવા માટેના પાણીના પ્રશ્ને દાહોદ જિલ્લાની. દાહોદ જિલ્લાની અંદર આ ગુજરાતની પ્રથમ એવી યોજના છે ૩૭૧ કરોડની ભાલા સીમણ યોજનાના માધ્યમથી દાહોદ જિલ્લાના સંતરામપુર અને ઝાલોદની અંદર પાણીની વ્યવસ્થા. દાહોદ શહેરની હોય કે ગરબાળા તાલુકાની ૧ કરોડ ૧૭ લાખની હોય કે

દેવગઢ બારીયાની ૪૪ ગામની ૨૦ કરોડ રૂપિયાની યોજના હોય, કે હેન્ડ પંપ કે જુથ પાણી પુરવઠા યોજનાના માધ્યમથી પણ પીવાના પાણી માટેની વ્યવસ્થા તંત્રએ ઉભી કરી છે. સિંચાઇ માટેની મારા સાથી મિત્ર હમણાં વાત કરતા હતા તેમ, નર્મદાનું પાણી માંગતા હતા. પણ મારે આપના માધ્યમથી કહેવું છે કે, આ નર્મદા યોજનાનું પાણીનું જયારે વિભાજન થયુ ત્યારે ભૂતકાળની કોંગ્રેસની સરકારના માધ્યમથી આ દાહોદ જિલ્લા ઉપર ધ્યાન અપાયું નથી.

શ્રી પ્રભુભાઇ ના. વસાવા(માંડવી) : માનનીય અધ્યક્ષશ્રી, આજની આદિજાતિ વિભાગની અને વન અને પર્યાવરણ વિભાગની માગણીઓ માનનીય આદિજાતિ મંત્રીશ્રી જે લઇને આવ્યા છે તેના ઉપર મારા વિચારો રજૂ કરું તે પહેલા વિશ્વ વન દિવસ નિમિત્તે, વન અને પર્યાવરણની સાથે રહીને એક કુદરતે આપેલી જવાબદારી છે તેમ સમજીને વન ઉછેર કરતાં મારા તમામ આદિવાસી ભાઇ–બહેનોને અમારા વિપક્ષ તરફથી સૌને હાર્દિક શુભેચ્છા પાઠવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આદિજાતિ વિભાગની આજે જે ચર્ચાઓ થઇ કેટલાક મુદ્દાઓ આવી ગયા છે. પણ મારે એમાં કહેવું છે કે, અમને ૧૭.૫૭ ટકા જે અમારો હક્ક છે, અધિકાર છે ટ્રાયબલ વિભાગનો અને ગુજરાત સરકારનું જે કુલ બજેટ છે દરેક વિભાગમાંથી ૧૭.૫૭ના રેશિયોથી ટ્રાયબલના હેડે જે ફાળવણી કરવાની થાય છે તે કરવામાં આવતી નથી. આને લઇને અમને ખૂબ મોટું નુકસાન થાય છે અને તેમાં જે આંકડાઓ છે તે પણ આપણને બતાવે છે. આ ફાળવણીમાં દરેક વિભાગની આપણે જોઇએ તો કદાચ દરેક વિભાગ ટ્રાયબલ કે ટ્રાયબલનો માણસ તેમના તરફી ઓરમાયુ વર્તન રાખતાં હોય એવું મને જણાય છે. આજે ટ્રાયબલનું પોતાનું જે બજેટ છે ગુજરાત સરકારના ખૂબ મોટા કદના બજેટમાંથી ૧૦ કરોડ ૩૫ લાખ અને ૪૪ હજાર જે ટ્રાયબલના હેડે મૂકયા છે. આમાંથી પણ ૬૦ થી ૭૦ ટકા પગાર કે ભથ્થા ખર્ચમાં નીકળી જાય છે. જયારે માત્ર ૩૦ થી ૪૦ ટકા યોજનાઓ માટે બચે છે એટલે સરવાળે અમારે યોજના કે જે કંઇ ખર્ચ કરવાનો થતો હોય તેમાં અમને પૂરતી રકમ મળતી નથી. આમાં જે કંઇ થોડી ઘણી જોગવાઇ થાય છે વર્ષ આખરે તે વપરાતી નથી કે કદાચ કોઇ બુધ્ધિપૂર્વક તેનું અમલીકરણ કરવામાં આવતું ન હોય એવું પણ જણાય છે. અને એ ગ્રાન્ટ બીજા હવાલે, બીજા સદરે સરન્ડર કરવામાં આવે છે. ત્યારે માનનીય આદિજાતિ મંત્રીશ્રીને મારી ખાસ વિનંતી છે કે, આ રીતે જે કોઇપણ અધિકારી એમના થકી આ ગ્રાન્ટ સરન્ડર કરવામાં આવે તો તેમની સામે પણ શિક્ષાત્મક પગલાં લેવા જોઇએ. આ મારી ખાસ લાગણી અને વિનંતી છે. ટ્રાયબલની યોજનામાં જે ટ્રાયબલનું હેડ છે એમાં ફકત આદિવાસીઓને જ લાભ આપવાનો હોય છે, પણ એવા દાખલા પણ છે કે આ ટ્રાયબલની યોજના નોન ટ્રાયબલ માટે પણ આમાંથી મૂકવામાં આવી છે અને મારી પાસે તેના આધાર પૂરાવા પણ છે. આ રીતે અમારા ખોળીયામાં થોડું ઘણું જે અમારી પાસે છે તે પણ છીનવાઇ જવાની નોબત આવી છે.

માનનીય જોષીયારા સાહેબે આશ્રમશાળાની વાત કરી, ૫૪૨ આશ્રમશાળાઓ આ રાજયમાં આવેલી છે. ૪૦૦ આશ્રમશાળાઓમાં ધોરણ ૮ના વર્ગો ચાલુ કરવામાં આવ્યા છે. પ્રાથમિક શાળામાં ૮ મું ધોરણ દાખલ થયું તેને આજે બે વર્ષ થઇ ગયા છે. તો પણ આજ દિવસ સુધી જે આશ્રમશાળાઓમાં ૮ મું ધોરણ ચાલુ નથી થઇ શકયું ત્યાં દૂરના અંતરીયાળ જંગલના વિસ્તારોમાંથી જે આદિવાસી બાળકો ભણવા આવે છે તે લોકો ધોરણ ૭ પાસ કરીને નીકળે છે ત્યાર પછી માધ્યમિક શાળામાં એમને એડમિશન મળતા નથી, સરકાર હસ્તકની જે શાળાઓ છે તે ખૂબ દૂરના વિસ્તારમાં હોઇ આ બાળકો ત્યાં આવી શકતા નથી. પરિણામે એમનું ભણતર બગડે છે અને અટકી જાય છે. એટલે ભલે તમે બીજી એકાદ બે યોજના ઓછી કરો તો ચાલશે, પણ આ બધી શાળાઓમાં ૮મું ધોરણ આગામી સત્રથી ચાલુ થાય તેવી મારી ખાસ વિનંતી છે.

વન અને પર્યાવરણની વાત કરીએ તો મારો વિસ્તાર સેલવાસ અને ભેંસી એ ખૂબ મોટો જંગલ વિસ્તાર આવેલો છે. તે વિસ્તારમાં જંગલી જાનવરો માટે અને પશુઓ માટે પીવાના પાણીની કોઇ સુવિધા આજે પણ નથી. એટલે આ જાનવરો માટે પીવાના પાણીની સુવિધા ઉભી કરવી જરૂરી છે. અને ખરેખર તો આ જાનવરો માટે ખોરાક માટે પણ ચિંતા કરવાની જરૂર છે. અને તેના માટે શહેરી વિસ્તારમાં ડુકકરો પુષ્કળ પ્રમાણમાં હોય છે તે ડુકકરોને આ જંગલ વિસ્તારમાં છોડવા જોઇએ જેથી જાનવરોને ખોરાક પણ મળશે અને

ગામડાંમાં હિંસક હુમલાઓ થતા પણ અટકશે. જંગલનો ઉછેર હોય કે પર્યાવરણનું જતન કરવાનું હોય તે અમારા આદિવાસી ભાઇ-બહેનો કરે છે, પણ જયારે રેતીની કે ખાણ-ખનિજની વાત આવે છે ત્યારે કરોડપતિઓ તે લઇ જાય છે અને અમારા હકકો છીનવાઇ જાય છે. તેથી તેના પેટા એકટનો અમલ અમારા માટે થવો જોઇએ. આ વાત ખોટી હોય તો જાહેરમાં ઠપકો સ્વીકારવા માટેની મારી તૈયારી છે. અહીં વિદ્યાર્થીઓ માટેની ચિંતા કરવામાં આવી છે, પણ વનબંધુ યોજના હેઠળ જે બસો વિદ્યાર્થીઓ માટે શરૂ કરવાની વાત હતી તે થઇ શકી નથી અને આજે પણ દૂરના વિદ્યાર્થીઓ બસના છાપરા ઉપર બેસી અને જીવ જોખમમાં મૂકીને અપડાઉન કરે છે. તો આ વનબંધુ યોજનાનું ૧૫ હજાર કરોડનું બજેટ કયાં ગયું તે મારે પૂછવું છે.

શ્રી કાંતિલાલભાઇ રે. ગામીત(નીઝર) : માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ ૨૦૧૩-૧૪ની અનુદાન માટેની માગણીઓમાં વન અને પર્યાવરણ, અનુસૂચિત જનજાતિઓની યોજના લઇને માનનીય મંત્રીશ્રી આવ્યા છે તેમાં મારો સૂર પૂરાવવા માટે ઉભો થયો છું.

આદરણીય શ્રી નરેન્દ્રભાઇ મોદીની લોકપ્રિય સરકાર આદિજાતિ કલ્યાણ માટે ચિંતા કરે છે તેવી ચિંતા ભૂતકાળની સરકારોએ કયારેય કરી નહોતી, મારે આજે કહેવું છે કે આ ગૃહની અંદર મારા જ ગામના મુખ્યમંત્રીશ્રી પણ હતા અને વન પર્યાવરણ મંત્રી પણ હતા. છતાં આદિવાસીઓ પ્રત્યે કોઇ ચિંતા નહોતી કરી. જયારે આજે આ ૧૧ વર્ષમાં આપણા માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે આદિવાસીઓ માટે જે ચિંતા કરી છે તે માટે હું અમારા આદિવાસી વિસ્તારના સમગ્ર જિલ્લા વતી વંદન કરું છું.

આજે આદિજાતિ કોટવાળીયા જાતિ તેમજ બીજી આદિજાતિના લોકો છે તે વાંસ અને બાંબુની બનાવટોમાંથી ખૂબ સારી રીતે રોજી રોટી મેળવતા હતા, પરંતુ કેન્દ્ર સરકાર બાંબુ કાપવાની પરવાનગી આપતી નથી. વાંસ એ એક પ્રકારનું ઘાસ જ કહેવાય, કારણ કે વાંસની આવરદા ૨૦ વર્ષની જ છે. તે ઝાડ નથી, છતાં કેન્દ્ર સરકાર પરવાનગી આપતી નથી, જો એ પરવાનગી આપે તો અનેક આદિવાસીઓ રોજી રોટી મેળવી શકે તેમ છે. સ્થાનિક કક્ષાએ બામ્બુ પ્રોડકશન અને પ્રોસેસીંગ તેમજ માર્કેટ લીંકેજ થઇ શકે એ માટે બામ્બુ લાઇવલીહુડ બિઝનેસ એન્ટરપ્રાઇઝ પ્રોજેકટ જુલાઇ ૨૦૦૯ થી સેન્ટર ફોર ઇન્ડિયન બામ્બુ રીસોર્ટ એન્ડ ટેકનોલોજી દ્વારા ગુજરાત યોજનાના કુલ પ્રોજેકટ કોસ્ટ રૂપિયા ૧૨.૬૦ કરોડ અને એક લાખ દસ હજાર પ્લાન્ટનો ઉછેર જેમાં ૭૫ હજાર ટીસ્યુ કલ્ચર અને ૩૫ હજાર ઉકાઇ ખાતે, ૫૦૦ ભીમા વાંસનું પ્લાન્ટેશન, માનપુર ખાતે ૫૦૦ વાંસનું પ્લાન્ટેશન કરેલ છે. જેમાં ૫૫૦૦ ટ્રીટમેન્ટવાળા બામ્બુ અને ૨૪૦૦ ટ્રીટમેન્ટ વિનાના બામ્બુ ખેડૂતો અને કારીગર માટે તથા અન્ય લોકોને વેચાણ કરવામાં આવેલ છે. જેમાં બામ્બુ પોલ્સને ટ્રીટમેન્ટ કરવામાં આવ્યા છે. કુલ ૧૦૪૪ કોટવાળીયાના ઘરે ૫૦૦૦ બામ્બુ પ્લાન્ટ રોપવામાં આવ્યા છે. આજે ટ્રીટમેન્ટ દ્વારા કુલ રૂપિયા ૫૧,૬૨૨ની આવક થઇ છે. ટ્રાયબલ સબ પ્લાન માંડવીના આર્થિકમાં ૨૦ હેકટર, વર્ષ ૨૦૦૯-૧૦માં ૫૫ હેકટર અને ૩૦ હેકટર મળી કુલ ૧૧૦ હેકટર વિસ્તારમાં વાવેતરમાંથી ૮૦૦૦ વાંસ કટીંગ કરી કોટવાળીયા ભાઇઓને મદદ કરેલ છે. સદર પ્રોજેકટ અંતર્ગત લાભાર્થીઓને વાંસ કામ માટે કાચુ મટિરિયલ પૂરું પાડેલ છે. ઉપરાંત કોટવાળીયા લાભાર્થીઓ પાસે પોતાની જમીન નથી હોતી, સદર પ્રોજેકટ અંતર્ગત સરકારી જમીનનો ઉપયોગ થતો હોઇ લાભાર્થીઓને જમીનના ઉપયોગનો ફાયદો થાય છે.

યોજનાના લાભાર્થીઓ હાલ વાંસની વિવિધ વસ્તુ બનાવી રોજગારી મેળવી પોતાના કુટુંબનું સારી રીતે ભરણપોષણ કરી શકે.

સન ૨૦૧૧-૧૨ દરમિયાન પણ કુલ ૩૦ હેકટર વિસ્તારમાં માનવેલ વાંસના ૪૮૦૦૦ રોપાઓનું પ્લાન્ટેશન કરવાનું આયોજન કરવામાં આવેલ છે.

વનબંધુ કલ્યાણ યોજના અંતર્ગત દક્ષિણ ગુજરાતના અતિ પછાત આદિજાતિ કોટવાળીયા જાતિના લોકોનું જીવનધોરણ સુધારવા ટકાઉ રોજગારીની તકો આ રાજય સરકાર દ્વારા કરવામાં આવી છે. આપણે જોઇએ તો સામેવાળા ભાઇઓએ આજદિન સુધી આદિવાસીભાઇઓ માટે કશું વિચાર્યું નહોતું.

શ્રી કનુભાઇ મો. દેસાઇ(પારડી) : માનનીય અધ્યક્ષશ્રી, વિશ્વ અને પૂરો દેશ જયારે મંદીમાં સપડાયેલો હતો અને ગયા દાયકામાં જયારે ભયંકર મંદી હતી ત્યારે ગુજરાતે દસ ટકા સરેરાશ વિકાસદર જાળવી રાખીને જે વિકાસની હરણફાળ ભરી છે એ આ સરકારને અને નરેન્દ્રભાઈની લીડરશીપને અભિનંદન આપું છું. ગુજરાતનો દરેક નાગિરક એ વાતનું ગૌરવ લઇ શકે છે કે ભારત અને વિશ્વમાં ગુજરાતની વિકાસ યાત્રા અને સિદ્ધિઓની નોંધ લેવાઇ રહેલ છે અને નરેન્દ્રભાઇ એક વિશ્વ વિખ્યાત વિભૂતી બની ચૂકેલ છે.

હું વન અને પર્યાવરણના જતન માટે માનનીય ગણપતભાઇ માગણી નંબર ૨૬ અને ૨૭ લઇને આવ્યા છે એને સમર્થન આપવા ઉભો થયો છું.

આજે વન પર્યાવરણ અને વિશ્વ વન દિવસે બધા મિત્રોએ વન માટે વાત કરી પરંતુ વનનું નિકંદન કયારે નીકળ્યું અને શા માટે નીકળ્યું અને ગુજરાતમાં એવા વિરપ્પનનો કોણે ખાતમો કર્યો એ બધાએ આત્મ નિરક્ષણ કરવાની જરૂર છે. જયારથી આ સરકાર આવી ત્યારથી વનનો વિનાશ થતો અટકયો છે, વનમાં વધારો થયો છે અને જો આપણે આહવા,ડાંગ અને સાપુતારાના જંગલમાં જઇએ તો આપણે એક વિશિષ્ટ દર્શન કરીએ છીએ અને જમ્મુ કાશ્મીર અને સિક્કમ જવાનું ભૂલી જઇએ એવો આ વિસ્તાર બની રહ્યો છે.

હાલની સરકારની રાહબરી હેઠળ તેમજ પૂર્વમંત્રીશ્રી મંગુભાઇ અને ગણપતભાઈની રાહબરી હેઠળ ગુજરાતનો ઔદ્યોગિક વિકાસ થવા છતાં પણ જે રીતે પર્યાવરણની સમતુલા જાળવી છે એ કાબીલેદાદ છે. તેના માટે ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડ, ગુજરાત ઇકોલોજી કમિશન અને માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈની આગવી દૃષ્ટિ વધારે કારણભૂત છે. જયારે કોઇ મુખ્યમંત્રી પોતે કાયદાની જરૂર નહીં હોવા છતાં પોતાના રાજયમાં કે જે એશિયાભરમાં પહેલું રાજય છે કે જેણે કલાઇમેટ ચેઇન્જ વિભાગની સ્થાપના કરી અને આ વિભાગ રણનો વિસ્તાર વધતો અટકાવે, દરિયાઇ વનસ્પતિને બગડતી અટકાવે. વિનાશ થતો અટકાવે અને કાર્બનનું ઉત્સર્જન ઓછું થાય તેના માટે જે આગવી સૂઝ બતાવી છે એ કાબિલેદાદ છે અને આપણાં મિત્રોએ પણ તેની પ્રસંશા કરવી જોઇએ.

સવારે વાત કરવામાં આવી કે જે રીતે ઉદ્યોગોનો વિકાસ થયો છે અને પર્યાવરણને ઘણું નુકસાન થયું છે, મારા મિત્રોને પૂછવા માગું છું કે ભોપાલની દુર્ઘટના કયારે થઇ? ત્યાં સુધી કોઇપણ કાયદો ન હતો. હજારો માણસોના મૃત્યુ થયા અને ગુજરાતમાં પણ જે સરકાર હતી, ૧૯૯૫માં જસ્ટીસ કિરપાલે જે હાઇકોર્ટમાં ડિસિસન આપ્યું અને એના લીધે ગુજરાતના પર્યાવરણ ક્ષેત્રે જે પરિવર્તન આવ્યું એ કાબિલેદાદ છે. ત્યાર પછીની સરકારોએ જે જે એકશન લીધા છે, ભારતની નહીં પરંતુ વિશ્વની બધી એજન્સીઓ ગુજરાતમાં આવીને ગુજરાતના બધા પ્રોજેકટો જૂએ છે જેમાં એકશન ટ્રીટમેન્ટ પ્લાન હોય, સોલીડ વેસ્ટસાઇડ હોય આ બધી વ્યવસ્થાઓ એટલી સુંદર છે, આપણે બધા સાથે મળીને એકવાર આ બધા પ્રોજેકટોની વિઝીટ કરીએ, પછી આપણાં અભિપ્રાયો આપીએ એમ હું માનું છું. ગુજરાતનો જે વિકાસ થઇ રહ્યો છે તેમાં ગુજરાતમાંથી દર મહિને કેન્દ્રને ૨૦૦ કરોડ રૂપિયા વાપી અને અંકલેશ્વર બે જ આપે છે અને આપણાં મિત્રો વારંવાર કહે છે કે કેન્દ્રનું શું છે, આમાં તો કેન્દ્રના પૈસા આ ગ્રાન્ટમાંથી આવે છે એ બધાએ સમજવું જોઇએ અને જે રીતે ગુજરાતનો વિકાસ અટકાવવાના પ્રયત્નો થઇ રહ્યા છે એને આપણે રોકવા જોઇએ. ગણપતભાઇ જે માગણી લઇને આવ્યા છે તેને હું મારું સમર્થન આપું છું.

શ્રી જશુભાઇ ધા. બારડ(તાલાળા) : માનનીય અધ્યક્ષશ્રી, વન વિભાગની માગણીઓ ઉપર ગુજરાતનો ગીર પશ્ચિમ એરિયા જે અન્ય જંગલો કરતા કંઇક જુદું જંગલ પડે છે. તેના અંગેની થોડીક વાતો, થોડીક સમસ્યાઓ મારે સરકારના ધ્યાન ઉપર લાવવી છે. નેશનલ પાર્ક એરિયા છે સાસણના જંગલમાં, ત્યારે તેમાં વસતા માલધારીઓનો બહારના ભાગમાં લઇ આવીને પુનઃવસવાટ કર્યો. એ લોકોએ તેમના જંગલની અંદરના કાયમી હક્ક જતા કર્યા અને બારોબારના ભાગમાં એને જમીનો આપી, મકાન આપ્યા. મારે સરકારનું ધ્યાન દોરવું છે કે હમણાં વન વિભાગે એ પુનઃવસવાટના લોકોને અપાયેલી જમીન, જે જંગલનો કાયમી હક્ક જતો કરી દીધો છે એની જમીન પરત લઇ લેવા માટેની પ્રક્રિયાઓ હાથ ધરી છે જે ખેદજનક છે.

૧૯૫૬ પહેલા જે જંગલમાં માલધારીઓ વસતા હતા એમને ૧૯૯૨માં વિગતદર્શક કાર્ડ આપવામાં આવ્યા છે. એને આદિજાતિનો દાખલો મળે છે. વન વિભાગ એમ કહે કે એક બાપના બે દીકરા, એકને દાખલો આપશે, બીજાંને નહીં આપે. આ એક સમસ્યા છે. ઘરમાં એક બાપના દીકરાને એકને દાખલો મળે છે એકને દાખલો આપતા નથી અને એ સમસ્યાનો સામનો કરી રહ્યા છે. હું ત્યાં સુધી કહેવા માગું છું કે સેકશન–૪ નીચે આવતા જૂનાગઢ જિલ્લાના ૪૭ ગામ કે જેને ફોરેસ્ટ સેટલમેન્ટ કમિશ્નરોની નિયુક્તિ કરીને એમાં અલગ અલગ પક્ષકારો છે. તાલુકા પંચાયત, ગ્રામ પંચાયત, ફોરેસ્ટ વિભાગ, આર.એન્ડ બી. વિભાગ, રેલવે વિભાગ, સિંચાઇ વિભાગ અને બધા એના પક્ષકારો છે. એ ૪૭ ગામની અંદર રેવન્યુની જમીન ગ્રામ પંચાયત અને સરકાર હસ્તક હતી એને પ્રોટેકટેડ ફોરેસ્ટમાં ડાયવર્ટ કરવામાં આવી. જેને કારણે, પંચાયતનો હક્ક હતો એ હક્કનું નિરાકરણ આજની તારીખે નથી થયું. એટલા માટે એક સામાન્ય જણ ગામના સરપંચને આવીને એમ કહે કે પાઇપલાઇનનું કામ બંધ કરી દો, ગામમાં પાઇપલાઇન નહીં આપી શકાય, તમે ઇલેક્ટ્રીકનો થાંભલો નહીં નાંખી શકો, આનું નિવારણ અત્યંત જરૂરી છે. એટલા માટે સરકારને આગ્રહ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, હું એવા વિસ્તારમાંથી આવું છું, જયાં સિંહોનું રહેઠાણ છે, જ્યાં સિંહો ગર્જના કરે છે. દિપડાઓ છે એ જંગલમાંથી બહાર નીકળીને અત્યાર સુધીમાં ૫૦થી ૬૦ લોકોને ફાડી ખાધા છે અને ત્યારે મારે સરકારનું ધ્યાન દોરવું છે કે, સિંહો અને દિપડા જંગલની બહાર ન આવે એના માટેની કોઇ ઠોસ કાર્યવાહી છે ખરી? આજે સિંહો છે એ ભાવનગર સુધી પહોંચ્યા છે, અમરેલીના પાદરમાં છે, પોરબંદર એરપોર્ટ સુધી જાય છે અને ત્યારે સંશોધન કરવાની જરૂર છે કે સિંહ પોતાનું મૂળ રહેઠાણ છોડીને બહાર જવાના કારણો શું છે? એને તપાસવા જોઇએ અને એના માટે હું તો ત્યાં સુધી કહીશ કે, દૂધાળા ઢોરને લઇને માલધારીઓ જ્યાં સુધી જંગલમાં હતા ત્યાં સુધી જંગલ છોડીને બહાર ગયા નથી. સંખ્યા મોટી હતી તો પણ નથી ગયા. આજે ૪૧૧ની સંખ્યા થઇ છે અને તેમ છતાં આજે સિંહ છે એ પાણી વિના પણ જંગલની બહાર વસવાટ કરવા માટે જઇ રહ્યો છે, દરિયાને કાંઠે જઇ રહ્યો છે. જેમ ગાય ભાંભરે છે એમ સિંહ ત્રાડ નાંખે છે કે, મને મારી વ્યવસ્થા આપો, મને મારી વ્યવસ્થા આપો. પણ જંગલના માણસોનું પાણી હલતું નથી.મારી ખાસ વિનંતી છે સરકારને કે, આજે પણ જંગલની અંદર વસે છે. અમારે ત્યાં ૧૪ ગામ જંગલની અંદર છે. એમની વસ્તી વધી એમ એ લોકોની પણ વસ્તી વધી છે. ૪૭ ગામ સેકશન –૪ના અને ૧૪ ગામ જંગલની અંદરના. એને ગામતળ મળતું નથી.૧૯૯૨ની અંદર સેખડા કમિટી મૂકવામાં આવી અને ગુજરાત વિધાનસભાએ તેનો ઠરાવ કર્યો છે અને તેમ છતાં ૨૪ ગામને ગામતળ આજની તારીખે ઉપલબ્ધ થયા નથી. એ ગામડાનો માણસ ઘરમાંથી બહાર પગ મૂકે અને જંગલના ગાર્ડને જો ઇચ્છા થાય તો એને તાત્કાલિક અંદર પૂરી દેવામાં આવે અને કહે કે તું જંગલની હદમાં આવ્યો છે. એને ગામતળ નથી તો ગામતળનો મુદ્દો છે, એ ચિંતાવાળો મુદ્દો છે. ત્યારે મારે સરકારને વિનંતી છે અને મારે વન વિભાગને પણ કહેવું છે કે, તમે આ બોર્ડર ઉપરના ગામડા છે એ ખેડૂતના દિકરાને, મજૂરી કામ કરતા માણસોને, પર પ્રાંતના મજૂરી કામ કરતા લોકોના બાળકોને સિંહ હિંસક રીતે નુકસાન ન કરે અને એને રાત્રે બહાર જવું ન પડે એના માટે દિવસે વીજળી આપો એવો વારંવાર આગ્રહ કરીએ છીએ. જેથી કરીને હિંસક પ્રાણી દિવસે હોય તો ખ્યાલ પડે અને એને મુશ્કેલી ન પડે એ માટે મારે સરકારનું ધ્યાન દોરવું છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે સેટલમેન્ટ કમિશનરો ૧૯૬૨, ૬૩,૬૪, અને ૬૫ની અંદર મૂકાયા અને એમાં જે કામ અધૂરું રહ્યું છે, મને જો યાદ બરાબર હોય અને ભૂલતો ન હોઉં તો વન ખાતાની કલમ ૨૯(૩)નીચેની કાર્યવાહી આજે ૪૦ વર્ષ પછી પણ સરકારના આ વન વિભાગે કરી નથી અને એને એનો અધિકાર મળ્યો નથી. પંચાયત અને વન વિભાગનું ઓવર લેપીંગ છે. કારણ કે, પંચાયત પણ આવે છે, વન પણ આવે છે, રેવન્યૂ પણ આવે છે, ફોરેસ્ટ પણ આવે છે, પ્રોટેક્ટેડ ફોરેસ્ટ પણ આવે છે અને એવા વિસ્તાર માટે મંત્રીશ્રીને વિનંતી કરું છું કે, જરૂર પડે તો ત્રણ મંત્રીશ્રીઓ ત્રણ વિભાગના ભેગા મળીને આનું નિવારણ લાવે કે જેથી કરીને લોકોને રાહત રહે અને લોકો જે જંગલ અને પ્રાણીઓને પ્રેમ કરે છે એ પ્રેમ વધારે સુરક્ષિત થાય એવી વિનંતી સાથે આપનો આભાર.

શ્રી રમેશભાઇ ભુ. કટારા(ફતેપુરા) : માનનીય અધ્યક્ષશ્રી, હું માગણી નં.૯૬ ઉપર મારા મંતવ્ય રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, અમારા આદિવાસી વિસ્તારની અંદર પ્રાથમિક શાળાઓમાં ભણી રહેલા અમારા બાળકોને ઘણી બધી સુવિધાઓ આપવામાં આવે છે. એમાં સ્લેટ, પેન, પુસ્તકો, ગણવેશ અને અનાજ એટલું બધું પૂરું પાડવામાં આવે છે. આ રાજ્યની અંદર, અમારા વિસ્તારની અંદર, પહેલાના જમાનામાં, કોંગ્રેસના શાસનની અંદર નળિયાવાળી નિશાળો હતી, ત્યારે આજે પાકા મકાનોવાળી નિશાળો છે અને જાજરુ, બાથરૂમ, બધી જ વ્યવસ્થા સાથે પીવાના પાણીની અને બાળકોને બેસવા માટેની બેન્ચીસ પણ આપવામાં આવી છે અને અમારા દાહોદ જિલ્લાના આદિવાસી વિસ્તારની અંદર જે આશ્રમશાળાઓ ચાલે છે એમાં બાળકો માટે ગાદલાં પણ આપેલ છે.અમારા વિસ્તારની અંદર આરોગ્ય વિષયક વાત કરીએ તો ગરીબ આદિવાસીઓને દૂર દૂર પી.એચ.સી., સી.એચ.સી.ના દવાખાના સુધી જવુ પડે છે ત્યારે અમારા વિસ્તારમાં મફત દવાખાનાઓ અને કેમ્પો પણ કરવામાં આવે છે.

પાણી પુરવઠાની વાત કરીએ તો ભાણાસિમણ યોજના કડાણામાંથી અમારા વિસ્તારની અંદર જયારે દસ લાખ લોકોને નળ કનેકશનો આપવામાં આવ્યા છે. કાલે અમારા વિરોધપક્ષના ધારાસભ્ય કહેતા હતા કે અમારી બહેનો કાખમાં છોકરું અને માથે માટલું લઇને પાણી ભરવા જાય છે, પણ આ રાજયના મુખ્યમંત્રી સાહેબે ઘેર ઘેર પાણીના જે નળનું કનેકશન આપ્યું છે અને જયારે હેન્ડપંપ અને બોરની પણ ફળિયા દીઠ વ્યવસ્થા કરી છે, અને જયારે શ્રમ અને રોજગારની વાત કરીએ તો અમારા વિસ્તારમાં દાહોદ જિલ્લામાં જયારે આઇ.ટી.આઇ.ની ખાનગી સંસ્થાઓ ચલાવવામાં આવે છે ત્યાં અમારા વિસ્તારમાં આદિવાસી બાળકો જયારે તાલીમ લેવા માટે આવે છે ત્યારે અમે દરેક તાલીમાર્થીઓને શિષ્યવવૃત્તિ તેમજ સીવણ અને કોમ્પ્યુટર વાયરમેન સ્ટેનો દરેક જાતની આ સરકારમાંથી તાલીમો આપવામાં આવે છે. આ રાજયના મુખ્યમંત્રી અમારા એવા છે કે અમારા ગરીબ આદિવાસીઓની લાગણી અને માગણીનું ધ્યાન રાખે છે.

જયારે દાહોદ જિલ્લાની વાત કરીએ તો દાહોદ જિલ્લાની અંદર અમારા આદિવાસી વિસ્તારની અંદર દરેક ગામની અંદર દૂધ મંડળીઓ આવેલી છે તેમાં દૂધ મંડળીઓને પાકા મકાનો અને સાધન સામગ્રી પૂરી પાડવામાં આવે છે અને જે અમારા આદિવાસી ભાઇઓને ગાયો અને ભેંસો તમામ આપવામાં આવે છે. જયારે અમે રાજસ્થાન જઇએ ત્યારે રાજસ્થાનના રોડ કેવા હોય, તો ખાડા અને ખાબોચીયાવાળા અને મોટા મોટા ખાડા હોય ત્યારે અમે ગાડીમાં બેસીને જતા હોય ત્યારે અમારા કમરના મણકા હલી જાય છે. જયારે આ રાજયના મુખ્યમંત્રી સાહેબે અમારા દાહોદ જિલ્લાની અંદર ગામડાના છેવાડાના માનવી સુધી કેવા રોડ બનાવ્યા છે કે શેરીઓની અંદર જે પાકા રોડ અને જયારે અમે ગાડીમાં બેસીને જતા હોઇએ તો પેટનું પાણી પણ હલતું નથી. આ સરકારે, નરેન્દ્રભાઇ મોદી સાહેબે આવા રોડ બનાવ્યા છે અને આ રાજયના મુખ્યમંત્રી વિકાસનો વીરપુરૂષ તરીકે ઓળખાય છે. આખા વિશ્વમાં વખણાઇ રહ્યા છે. વિરોધ કરવાનું રહેવા દો મારા વિરોધ પક્ષના મારા સાહેબો, વિકાસની સાથે રહો એવી મારી લાગણી છે.

અધ્યક્ષશ્રી : એમનું નામ જ વિરોધપક્ષ છે. વખાણ કરે તમારા?

શ્રી રમેશભાઇ ભુ. કટારા : અમારા વિસ્તારની અંદર ડુંગરાળ વિસ્તારમાં ટેકરીઓ ઉપર ઘરો અમારા આદિવાસીઓના બનાવેલા છે, ત્યારે આ સરકારે જયોતિગ્રામ યોજનામાંથી ૨૪ કલાક વીજળી આપવાનું કનેકશન આ રાજયના મુખ્યમંત્રી સાહેબે કરેલું છે. જેમ પરમાત્મા બધાની ચિંતા કરે છે, આખી દુનિયામાં કોણે ખાધું, પીધું કે ભગવાન આટલી મોટી ચિંતા કરતા હોય ત્યારે આ રાજયના મુખ્યમંત્રી જયારે ગુજરાતની છ કરોડની જનતાની ચિંતા કરે છે. આ ગૃહમાં માનનીય મંત્રીશ્રી માગણી લઇને આવ્યા છે ત્યારે મેં મારા એના ઉપર વિચારો રજૂ કર્યા છે. જયહિંદ

શ્રી વલ્લભભાઇ વ. વઘાસીયા(સાવરકુંડલા) : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહમાં પ્રથમવાર જયારે મને બોલવાની તક મળી છે ત્યારે આપનો આભાર માનુ છું. આ ગૃહના નેતા માનનીય મુખ્યમંત્રીશ્રી અને ભારતીય જનતા પાર્ટીનો પણ ખૂબ ખૂબ આભાર માનુ છું. આજે વન વિભાગની માગણી ૨૬, ૨૭ લઇને જયારે માનનીય મંત્રીશ્રી આવ્યા છે તેને હું મારું સમર્થન આપવા માટે ઉભો થયો છું.

ગુજરાત રાજયમાં વન વિસ્તારનું પ્રમાણ કુલ ૯.૮૨ ટકા જેટલું હોવા છતાં જૈવિક વિવિધતાની દ્દષ્ટિએ ગુજરાત આગવું સ્થાન ધરાવે છે.ગુજરાત રાજયના દક્ષિણ વિસ્તારમાં ૨૫૦૦ મિલીમીટર અને પશ્ચિમ વિસ્તારમાં આવેલ કચ્છના રણમાં ૨૫૦ મિલીમીટર વરસાદ પડતો હોવાછતાં વનસ્પતિના વનો, વન્ય જીવો અને અન્યની ખૂબજ વિવિધતા જોવા મળે છે. વન્ય પ્રાણીઓના રક્ષણ માટે સને ૨૦૧૧-૧૨ના વર્ષ માટે ૩,૯૪૨ લાખની જોગવાઇ કરેલ અને ૨૦૧૨-૧૩ માટે ૬૫૨૨.૩૦ લાખ મંજૂર થયેલા છે. માહે ડિસેમ્બર ૨૦૦૦ સુધીમાં રૂ.૩૫૨૬.૬૭ લાખનો ખર્ચ થયેલો છે. વન્ય પ્રાણીઓના કામો માટે નીચેની યોજના હેઠળ ૨૦૧૩-૧૪ના વર્ષમાં ૮૨૬૧ લાખની જોગવાઇ કરવામાં આવેલ છે. આ યોજનામાં રાષ્ટ્રીય ઉદ્યાનો અને અભ્યારણ્યોનો વિકાસ, વન વિસ્તારની બહાર વન્ય સૃષ્ટિનો વિકાસ, ગીર ફાઉન્ડેશન અને ઇન્દ્રોડા પાર્કને સહાય આપવાની યોજના, પરિસ્થિતિ વિષયક વિકાસ – ઇકો ડેવલપમેન્ટ, પરિસ્થિતિ વિષયક પ્રવાસન – ઇકો ટુરીઝમ, વન્ય પ્રાણી સંગ્રહાલય અને રાષ્ટ્રીય ઉદ્યાનોનો વિકાસ.

માનનીય અધ્યક્ષશ્રી, મારા અમરેલી જિલ્લાની અંદર વન વિભાગ દ્વારા બાગાયત મિશન અંતર્ગત ક્લોનલ નિલગિરિના રોપાનો ઉછેર કરીને લાઠી તાલુકાના ખેડૂતો દ્વારા લોક ભાગીદારીથી ૨૨ હેકટરમાં વાવેતર થયેલ છે અને ઓછો વરસાદ હોવા છતાં ખૂબજ સારા પરિણામો મળેલ છે. અમરેલી જિલ્લાની નર્સરીઓ દ્વારા દેશીકૂળના વૃક્ષોનો ઉછેર થાય અને વધે એટલા માટે ૧ લાખ જેટલા વડ અને પિપરના બીજમાંથી રોપા તૈયાર કરવામાં આવેલ છે. અમરેલી જિલ્લાના લિલિયા તાલુકાના કાંકસ ગામ આજુબાજુ આ વિસ્તારની અંદર પણ સિંહોની વસ્તી ખૂબજ વધેલ છે. વન વિભાગની મહેનત અને સ્થાનિક લોકોના સહકારના કારણે અહીંયા સિંહો કાયમી, સ્થાયી નિવાસ કરે છે. સિંહના સંરક્ષણ માટે પણ ઘનિષ્ઠ પ્રયાસો ૨૦૦૭માં સૌ પ્રથમ વખત ગુજરાત રાજય લાયન કન્ઝર્વેશન સોસાયટીની રચના કરવામાં આવી. મારા અમરેલી જિલ્લામાં મિતિયાળાના ૧૦૩૭.૫૨ હેકટર વન વિસ્તારને ૨૦૦૮માં અભ્યારણ્ય તરીકે જાહેર કરવામાં આવેલ છે. રાજ્યનું ગૌરવ સિંહ. સિંહની વસ્તી ૨૦૦૧માં ૩૨૭ થી વધીને ૨૦૧૦માં ૪૧૧ની નોંધાયેલ છે. વિશ્વમાં દુર્લભ ગણાતાં ઘુડખરની વસ્તી પણ વર્ષ ૨૦૦૦ પહેલા ૨૮૩૯ હતી તે વધીને ૨૦૧૧માં ૪૦૩૮ જેટલી થયેલ છે. ચેર વનોના કારણે વાવાઝોડાની તીવ્રતાને ઘટાડવા માટે દરિયાકાંઠા વિસ્તારમાં વસતા લોકોનું અને જાન-માલનું નુકસાન ઘટાડવામાં મદદરૂપ બન્યાં છે. વર્ષ ૨૦૦૧માં ચેર વન વિસ્તાર ૯૧૧ ચો.કિ.મિ.થી વધીને વર્ષ ૨૦૦૯માં ૧૦૪૬ ચો.કિ.મિ. નોંધાયેલ છે. માનનીય મંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યાં છે તેને હું ટેકો આપું છું.

શ્રી ઇશ્વરભાઇ ઢે. પટેલ(ધરમપુર) : માનનીય અધ્યક્ષશ્રી, આપણા ગુજરાત રાજ્યના સન્માનીય અને સર્વોચ્ચ ગૃહમાં પ્રથમવાર બોલવાની તક મળતાં ગૌરવની લાગણી અનુભવું છું. આજના આદિજાતિ વિકાસ વિભાગમાં માનનીય મંત્રીશ્રી માગણી નં.૯૩ લઇને આવ્યાં છે ત્યારે એના વિષે મારા વિચારો રજૂ કરવા ઊભો થયો છું.

આ દેશ આઝાદ થયા પછી ભારતના બંધારણના ઘડવૈયા ડો.બાબા સાહેબ આંબેડકરે આદિજાતિ માટે ભારતના બંધારણમાંઆ જોગવાઇઓ થકી, માનનીય અધ્યક્ષશ્રી, આદિજાતિ સમાજને મફત શિક્ષણ મળતું એના થકી આદિવાસી સમાજ ભણીને આગળ આવ્યો. આ સમાજમાં શિક્ષકો બન્યા, ડોકટરો બન્યા, એન્જીનિયરો બન્યા અને અધિકારીઓ બન્યા, આ રાજયના મંત્રીઓ બન્યા અને માનનીય સ્વ.શ્રી અમરસિંહભાઇ ચૌધરી જેવા રાજયના મુખ્યમંત્રી બન્યા ત્યારે આનો શ્રેય જો કોઇને આપવો ઘટે તો તે કોંગ્રેસ સરકારને આપવો ઘટે. જયાં સુધી કોંગ્રેસ સરકાર આ રાજ્યમાં હતી ત્યાં સુધી તમામ આદિજાતિઓના હક્કો સલામત હતા. જ્યારથી આ રાજ્યમાં ભારતીય જનતા પાર્ટીની સરકાર આવી ત્યારથી કહેવાતી નંબર-વન સરકારમાં આદિજાતિના હક્કો *(xxxxxx) છે.

અધ્યક્ષશ્રી : (xxxxxx) એ શબ્દો કાઢી નાખીએ આપણે, એ અસંસદીય છે. (xxxxxx) ચાલુ રાખો આપણે.

---

* આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાખવામાં આવ્યા છે.

શ્રી ઇશ્વરભાઇ ઢે. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, એના થકી ગરીબ ઘરના આદિજાતિઓના વિદ્યાર્થીઓ, તેજસ્વી હોવા છતાં ડોકટર કે એન્જીનિયર બની શકતા નથી. ગુજરાતની ભા.જ.પ.ની સરકાર આદિવાસીઓના માટે વિકાસના કરોડો રૂપિયા ખર્ચવાના દાવાઓ કરે છે પરંતુ કેન્દ્ર સરકારના બજેટમાં આદિજાતિઓ માટે જે જોગવાઇઓ કરે છે તે કરોડો રૂપિયા ખર્ચાતા નથી. ગુજરાતમાં આદિજાતિ વિકાસ વિભાગ સંચાલિત આદર્શ નિવાસી શાળાનું શિક્ષણનું સ્તર કથળી રહ્યું છે. ત્યાં પૂરતી સંખ્યામાં શિક્ષકો નથી તેમાંય ગણિત, વિજ્ઞાન અને અંગ્રેજી જેવા મહત્વના વિષયોના શિક્ષકોની ઘટના કારણે આદિજાતિ વિદ્યાર્થીઓનું ભાવિ અંધકારમય બની રહ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, વલસાડ જિલ્લાના ધરમપુર તાલુકો હોય, કપરાડા તાલુકો હોય, ઉંમરગામ તાલુકો હોય કે નવસારી જિલ્લાનો વાંસદા તાલુકો હોય કે ડાંગ જિલ્લો હોય ત્યાં ૯૫ ટકા આદિજાતિઓની વસ્તી છે. એવા વિસ્તારોમાં સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ ચાલે છે પરંતુ આદિજાતિ વિકાસ વિભાગ દ્વારા જોઇતા છાત્રાલયો શરૂ કરાયા નથી. જેના લીધે દુર દુરથી આવતા વિદ્યાર્થીઓ બસ કે બીજા વાહનોની સગવડના અભાવો સ્કૂલમાં સમયસર પહોંચી શકતા નથી. જેના લીધે પૂરતું શિક્ષણ મેળવી શકતા નથી એના માટે માનનીય મંત્રીશ્રીને સુચન કરવા માગુ છું કે, આદિજાતિ વિસ્તારોમાં જ્યાં જ્યાં હાઇસ્કૂલો હોય ત્યાં તમામ જગ્યાએ છાત્રાલયોની સગવડ ઉભી કરે એવી મારી માગણી છે.

માનનીય અધ્યક્ષશ્રી, આશ્રમશાળાઓમાં ભણતા આદિજાતિના વિદ્યાર્થીઓને સમયસર પાઠ્ય પુસ્તકો કે સ્વાધ્યાય પોથીઓ મળતી નથી. હવે શિક્ષકો માટે શિક્ષક આવૃત્તિઓ જે પણ આશ્રમશાળાઓના વિદ્યાર્થીઓને સમયસર મળતી નથી ત્યારે આવા આદિજાતિના વિદ્યાર્થીઓની શિક્ષણની ગુણવત્તા કેવી રીતે વધે? આશ્રમશાળાઓમાં ગૃહ-માતા અને ગૃહ-પતિની માગણીઓ વર્ષોથી છે પરંતુ હજુ સુધી આદિજાતિ વિકાસ વિભાગ દ્વારા કોઇ કાર્યવાહી હાથ ધરાઇ નથી. આશ્રમશાળાઓના શિક્ષકો જ ગૃહ-માતા અને ગૃહ-પતિની ફરજો બજાવે છે ત્યારે તેના બદલામાં આ વાયબ્રન્ટ ગુજરાતમાં દૈનિક એક રૂપિયા લેખે નજીવો વધારાની રકમ ભથ્થા પેટે આપે છે ત્યારે આ હળહળતો અન્યાય છે. (સમયસૂચક ઘંટડી) આદિજાતિ વિકાસ વિભાગ દ્વારા આશ્રમશાળાઓના મકાનો, શૌચાલયો કે કમ્પાઉન્ડ વોલ માટે કોઇપણ પ્રકારની જોગવાઇ કરવામાં આવતી નથી. જેથી આશ્રમશાળાના મકાનો મોટા ભાગના જર્જરિત હાલતમાં છે. માનનીય અધ્યક્ષશ્રી, ત્યારે મંત્રીશ્રીને સુચન કરવા માગુ છું કે, આવા મકાનો માટે બજેટમાં જોગવાઇ કરીને એમાં સુધારો કરે એવી મારી માગણી છે.

માનનીય અધ્યક્ષશ્રી, રાઇટ ટુ એજ્યુકેશન-૨૦૦૯ની અમલવારી થઇ રહી છે, ત્યારે ગુજરાતમાં આદિજાતિ વિકાસ વિભાગ સંચાલિત આશ્રમશાળાઓમાં ધોરણ-૧ થી ૭નું પ્રાથમિક શિક્ષણ અપાય છે ત્યારે ધોરણ-૮નું શિક્ષણ ક્યારથી શરૂ કરવામાં આવશે? શિક્ષણ વિભાગની દરેક પ્રાથમિક શાળાઓમાં ધોરણ-૮નું શિક્ષણ આપવામાં આવે છે ત્યારે આશ્રમશાળાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને ભારોભાર અન્યાય કરવામાં આવી રહ્યો છે.

અધ્યક્ષશ્રી : માનનીય જયંતિભાઇ. આપનું પ્રવચન પૂરું થાય છે.

શ્રી જયંતિભાઇ સ. રાઠવા(જેતપુર) : માનનીય અધ્યક્ષશ્રી, આ રાષ્ટ્રના રાષ્ટ્રપ્રેમી અને રાષ્ટ્રના હિતચિંતક એવા મર્દ માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીની ટીમના સભ્ય તરીકે આ સન્માનનીય સભાગૃહમાં પહેલી વાર મારા વિચારો રજૂ કરવાની તક મને મળી એ બદલ આ વિધાનસભાગૃહના સન્માનનીય સભ્યશ્રીઓને, માનનીય મુખ્યમંત્રીશ્રીને મારા લાખ લાખ વંદન એમને લાખ લાખ વાર મારા રામ રામ. આદિજાતિ મંત્રી માનનીય ગણપતભાઇ વસાવા આદિજાતિ કલ્યાણ યોજના વિશેની ૯૩ નંબરની માગણી લઇને આવ્યા છે એને હું અનુમોદન આપું છું.

આજે વિશ્વ વન દિન હોવાના નાતે અમારા આદિવાસી વિસ્તારમાં, ડુંગરાળ વિસ્તારમાં હાફેશ્વરના જંગલોના વિસ્તારમાં જે આદિવાસીભાઇઓ જંગલની જમીન માટે, જંગલના વિસ્તાર માટે જે લોકો તેની જાળવણી કરી રહ્યાં છે એવા આદિવાસીભાઇઓને મારા વતી શુભેચ્છા પાઠવું છું. કોંગ્રેસના ઘણા મિત્રો આદિજાતિનો વિકાસ થયો જ નથી એવું કહેવા માગે છે. આદિવાસીભાઇઓને આ ભારતીય જનતા પાર્ટીએ

બિચારા અને બાપડા કરી દીધા છે એવો અહીંયા કોંગ્રેસના સભ્યશ્રી આક્ષેપ કરતા હતા પરંતુ આ બિચારા અને બાપડા કરવાનું કામ કોંગ્રેસના શાસનમાં થયું હતું. આ બિચારા અને બાપડા કરવાનું કામ આ ૨૦ વર્ષમાં કરવામાં આવ્યું ન હતું, એટલે અમારા ગુજરાત રાજયના માનનીય મર્દ નરેન્દ્રભાઇ મોદીએ વનબંધુ કલ્યાણ યોજના જાહેર કરીને એમાં પંદર હજાર રૂપિયાનું પેકેજ જાહેર કરીને એમાં માનનીય મુખ્યમંત્રીશ્રીના દસ મુદ્દાના કાર્યક્રમો દાખલ કરીને, જેવા કે પાંચ લાખ કુટુંબો માટે રોજગારી, ગુણવત્તાયુકત શિક્ષણ અને ઉચ્ચ શિક્ષણ પર ભાર, આદિજાતિ વિસ્તારનો વેગવંતો આર્થિક વિકાસ, સૌના માટે આરોગ્ય, સૌના માટે ઘર, સૌના માટે પીવાનું પાણી, સિંચાઇ, બારમાસી રસ્તાઓ, સાર્વત્રિક વીજળીકરણ અને શહેરી વિકાસ આવા અનેક મુદ્દાઓ દાખલ કરીને આદિવાસીઓની ચિંતા કરી છે. જેમ ભગીરથ રાજાએ ગંગા મૈયાનું સ્વર્ગ પરથી અવતરણ કર્યું હતું એવી જ રીતે આ ગુજરાતના અમારા માનનીય મર્દ મુખ્યમંત્રીશ્રીએ આ નર્મદાનું અવતરણ ગામડે ગામડે અને ગુજરાતના ખૂણેખૂણે પહોંચાડવાનું કામ કર્યું છે.

હું જે વિસ્તારમાંથી આવું છું એ આખોય વિસ્તાર ડુંગરાળ વિસ્તાર છે, જંગલ વિસ્તાર છે, ત્યાંના આદિવાસી બહુ જ ગરીબ પ્રજા છે ત્યારે મુખ્યમંત્રીશ્રીએ અમારા આદિવાસી વિસ્તારની ચિંતા કરીને ત્યાં પાણીની સમસ્યા કેમ હલ થાય એના માટે નર્મદા યોજનાનું પાણી અમારા વિસ્તારમાં હાફેશ્વર જુથ પાણી પુરવઠા યોજના હેઠળ ૯૭ કરોડ રૂપિયા ઉપરાંતની યોજના દાખલ કરીને અમારા કવાંટ અને પાવી જેતપુર વિસ્તારને નળ દ્વારા પાણી મળે એવી વ્યવસ્થા આ ગુજરાતના મર્દ મુખ્યમંત્રીશ્રીએ કરી છે. વધુમાં તો અમારા વિસ્તારમાં પાવી, જેતપુર, કવાંટ અને વડોદરા જિલ્લામાં પીવાના પાણી માટે મીની સ્કિમ યોજના દાખલ કરીને સૌના માટે પાણી સારું મળે અને નળ દ્વારા મળે એ માટે ગુજરાતના મુખ્યમંત્રીએ સતત ચિંતા કરી છે. અમે ૨૦ વર્ષ અગાઉ એક હેન્ડપંપ ડ્રીલીંગ કરવા માટે કોંગ્રેસના શાસનમાં ગાડી આવે તો એના માટે અમારા આદિવાસીઓ મારામારી કરતા હતા. એ એક બોર કરાવવા માટે. કયાં કરાવવો? અમારા મર્દ મુખ્યમંત્રીશ્રીનું શાસન આવ્યા પછી અમારા વિસ્તારમાં હેન્ડપંપો કરીને અમારા વિંસ્તારમાં પાણીની સમસ્યા હલ કરવાનું કામ આ ગુજરાત રાજયના માનનીય મુખ્યમંત્રીશ્રીએ કર્યું છે.

શ્રી છનાભાઇ કો. ચૌધરી(વાંસદા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી એમની માગણી નં. ૯૩ લઇને આવ્યા છે, એમાં મારા વિચારો રજૂ કરવા માટે ઊભો થયો છું.

આદિવાસી વિભાગ અને તેમાં ખાસ કરીને ગુજરાતના ૧૨ જિલ્લામાં જેની સઘળી વસ્તી છે, તે તમામ આદિવાસીઓને ભારતના બંધારણની જોગવાઇ મુજબ દરેકને સમાંતર અને ગૌરવપૂર્ણ જીવન જીવવાનો બંધારણીય હક્ક પ્રાપ્ત થયો છે. કમનસીબે ગુજરાતની ભાજપની સરકારે મદદ કરવી જોઇએ. સમાનતા પૂર્વકના હક્કો એને મળવા જોઇએ અને તેમની ચિંતા કરવાને બદલે મુઠ્ઠીભર ઉદ્યોગપતિઓને માલામાલ કરેલ છે અને માલેતુજાર અને જરૂરિયાત મંદો વચ્ચેની ખાઇ સતત વધી રહી છે. સન ૨૦૧૧-૧૨ માં આ ગુજરાત સરકારના ૩૪,૬૬૦ કરોડના બજેટમાં આ યોજનાકીય ખર્ચ ૬૮૦ કરોડ એટલે ટકાવારી પ્રમાણે ૧.૯૬ ટકા મળ્યા છે. ૨૦૧૨-૧૩ માં ૫૧,૦૦૦ કરોડના યોજનાકીય બજેટમાં ૮૮૪ કરોડ એટલે ૧.૭૩ ટકા બજેટમાં ભાગ મળ્યો છે. ૨૦૧૩-૧૪ માં ૫૮,૫૦૦ કરોડના યોજનાકીય બજેટમાં ૯૫૪ કરોડ એટલે ૧.૬૩ કરોડ મળ્યા છે. એ જ બતાવે છે કે આટલા મોટા બજેટમાં આદિજાતિ વિભાગને કેટલા રૂપિયા ફાળવવામાં આવ્યા છે.

ખાસ કરીને આદિજાતિ વિકાસ માટેની યોજનાઓ છે. જે શિક્ષણની યોજના છે. આદિવાસી વિસ્તારના યુવકો છે એ લોકો શિક્ષણ લઇ શકે અને એમના શિક્ષણનું પ્રમાણ વધે એના માટે અગાઉની સરકારોએ પણ અહીંયા ઘણી બધી વાતો કરવામાં આવી અને આશ્રમશાળાની વાતો કરવામાં આવી. આ ગુજરાતમાં આદિવાસીઓને શિક્ષણ જો આપ્યું હોય તો કોંગ્રેસની સરકારોએ દૂરોગામી વિસ્તાર હોવા છતા આશ્રમશાળા બનાવી અને આદિવાસીઓને ભણાવ્યા હતા. આશ્રમશાળાની દુર્દશા કહું છું. આશ્રમશાળામાં હજાર જેટલા શિક્ષકોની જગ્યા ખાલી છે. એને ફુડ બિલ, ગ્રાન્ટ આપવામાં આવી તે ૬૦૦ રૂપિયા લેખે એટલે રોજના ૨૦ રૂપિયા અત્યારે હજાર રૂપિયા કર્યા છે. પણ ૩૦ રૂપિયા એટલે ટંકે ૧૫ રૂપિયા થાય છે. એ ૧૫ રૂપિયામાં અત્યારે એક ચા મળે છે. વિદ્યાર્થીઓને ૧૫ રૂપિયામાં શું આપી શકીએ? એની સાથે સાથે

એસ.એસ.સી. ની શિષ્યવૃત્તિઓ પછાત વર્ગોના છાત્રાલયોના અનુદાનમાં દરેકમાં ઘટાડો થયો છે. એસ.એસ.સી. શિષ્યવૃત્તિમાં ૩.૪૮ કરોડનો ઘટાડો, પછાત વર્ગોના છાત્રાલયોના અનુદાનમાં ૧૦.૨૩ કરોડનો ઘટાડો થયો છે. એકલવ્ય મોડેલ નિવાસી શાળાઓમાં ૨૬.૫૪ કરોડનો ઘટાડો થયો છે. પાઇલોટ તાલીમ માટેની ઘણી વાતો કરી. એમાં પણ આ બજેટમાં ઘટાડો થયો છે. કાયદાના સ્નાતક માટે અપાતી સહાય એમાં પણ ૧.૫૦ કરોડનો ઘટાડો થયેલ છે.

અહીં શિક્ષણની વાત કરી તો શિક્ષણમાં પણ આપણે જે કઇ વિદ્યાર્થીઓને સગવડ મળવી જોઇએ. આજે જે મોડેલ સ્કૂલો છે, એની સાથે નિવાસી શાળાઓ છે, એમાં કેટલા સમય સુધી આજે શિક્ષકોની ભરતી નથી થઇ. ઘણા મિત્રોએ કહ્યું આ શિક્ષકો નહિ મૂકી શકીએ તો વિદ્યાર્થીઓ શું ભણશે? અને આ પણ માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું કે બાકી શિક્ષકોની ભરતી તાત્કાલિક કરે, વિષયવાર ભરતી કરે. ખાસ તો એ મુદ્દા ઉપર કહેવું છે કે ૨૦૦૬ નો વન અધિકાર કાયદો ભારતની કોંગ્રેસ સરકારે બનાવ્યો અને જંગલ વિસ્તારમાં જે આદિવાસીઓ, બીન આદિવાસીઓ જમીન ખેડતા હતા એ જમીન એમને મળે. ૨૦૦૫ સુધી જમીન ખેડે એને મળે એના માટેનો કાયદો બનાવેલ, પણ કમનસીબ છે કે ગુજરાત સરકારમાં આપણે જે કઇ અરજીઓ આવી ૧,૯૧,૫૯૨. એમાંથી અત્યાર સુધી ફક્ત ૪૨,૭૫૨ ને અધિકાર પત્રો આપી શક્યા છે. મારા મિત્રો કહેતા હતા કે ગુજરાત સરકાર આગળ છે, પણ તમે જુઓ બીજાં રાજ્યો કરતા આપણે ૧૧ માં નંબરે છીએ. ફક્ત ૪૨,૭૫૨ લાભાર્થીઓને આપી શક્યા છીએ. એમાં જે સેટેલાઇટ ઇમેજ ગુજરાત સરકારે દાખલ કરી. સેટેલાઇટમાં જે કઇ દેખાય એને જમીન આપવી. મંત્રીશ્રીને વિનંતી છે કે આ કઇ આપણી અરજીઓ છે, તેમાં આપણે ફક્ત બેસીને કે કોઇપણ જાતનું નિરીક્ષણ કર્યા વગર આ અરજી મંજૂર અને નામંજૂર કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ત્યારે મારી તેમને વિનંતી છે કે, સ્થળ પર જઇને તે લોકો જે ખેતી કરે છે તેનું નિરીક્ષણ કરીને અને તેના બે મુદ્દા આપવાના છે, તેમાં બે બુઝૂર્ગ વ્યક્તિઓના જે નિવેદન છે તે લીધા છે. ૧૯૮૦ પછી સરકારે દંડ કરવાનું બંધ કરી દીધેલ. તેની પાસે કોઇ પાવતી નથી, પણ પદ્ધતિ આપણે જોઇએ તો તે વરસોથી જમીન ખેડે છે. તે હિસાબે આ આદિવાસીઓ કે બિન આદિવાસીઓને આ જંગલની જમીન મળે તેવી મારી વિનંતી છે. મારા નવસારી જિલ્લામાં જે મધ્યાહન ભોજન યોજના ચાલે છે તે જે તે વિસ્તારના બાળકોને એમની પ્રકૃત્તિ પ્રમાણે તેમને ભોજન મળવું જોઇએ. આ મધ્યાહન ભોજન નવસારી જિલ્લામાં સેન્ટ્રલાઇઝ થયું છે. એક જ જગ્યાએ ભોજન બને છે અને બધી સ્કૂલોમાં તે ભોજન પહોંચાડે છે.

શ્રી શ્રી ગણપતભાઇ વે. વસાવા (વન અને પર્યાવરણ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, આજે આ સન્માનનીય ગૃહ સમક્ષ ઉપસ્થિત થતાં આનંદ અને ગૌરવની લાગણી અનુભવું છું. આ રાષ્ટ્રના વિકાસપુરુષ શ્રી નરેન્દ્રભાઇ મોદીના રાતદિવસના માર્ગદર્શનને કારણે આદિવાસી સમાજમાં જે નવી જ્યોત, નવો પ્રકાશ પ્રગટ થયો છે તેની વાત કરવા ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, સૂર્ય તો રોજ પૂર્વમાં ઉગે છે, પણ આજે વિકાસના પ્રકારથી ઝળહળ એવી પૂર્વ પટ્ટીના મારા આદિવાસી ભાઇ બહેનોની વાત કરવા ઉભો થયો છું.માનનીય અધ્યક્ષશ્રી, ભારતની આઝાદી પછી મારા સહિતના સૌ આદિવાસી વિકાસની અનુભૂતિ કરી રહ્યા છે. તેને કવિશ્રી નરેન્દ્રભાઇ મોદીના શબ્દોમાં કહેવાની ઇચ્છા થાય છે. **પૃથ્વી આ રમ્ય છે, આંખ આ ધન્ય છે** એટલે મારી આંખમાં જે ધન્યતા છે તે વિકાસના ફળની ધન્યતા છે. મારા વિભાગની માગણી આ વિધાનસભામાં રજૂ કરતાં એક આદિવાસી પુત્ર તરીકે હું અનહદ આનંદની લાગણી અનુભવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, પૃથ્વીની ઉત્પત્તિ સાથે આદિવાસી સંસ્કૃત્તિનો ઉદ્ભવ થયો છે. આદિવાસી સંસ્કૃત્તિ એ જ માનવ સંસ્કૃત્તિનું મૂળ છે. આદિવાસી સમાજ તે કુદરતી સમાજ છે. કુદરતના નિયમો પ્રમાણે કુદરતના ખોળે પોતાનું જીવન જીવતો આ સમાજ છે. આ સન્માનનીય ગૃહને જણાવતાં હું ખૂબ ગૌરવ અનુભવું છું. આદિવાસી સમાજનો ઇતિહાસ ભવ્ય અને ઉજળો છે. સ્વતંત્રતાની લડતમાં આદિવાસી સમાજનું ખૂબ મોટું યોગદાન રહેલ છે પણ ઇતિહાસમાં તેનો કયાંય ઉલ્લેખ નથી. સમગ્ર દેશમાં સ્વતંત્રતા પહેલા અનેક રાજ્યોમાં આદિવાસી રજવાડાં હતાં. પંચમહાલ જિલ્લાની વાત કરીએ તો અંગ્રેજો દ્વારા નાંખવામાં આવેલ કરના વિરોધમાં ભીલોના ધર્મગુરુ ગુરુ ગોવિંદ દ્વારા વિરોધ કરવામાં આવ્યો. ૭મી ડિસેમ્બર ૧૯૦૮ના રોજ

માનગઢમાં ખૂબ મોટી સંખ્યામાં ભીલો જયારે ઉપસ્થિત થયા ત્યારે અંગ્રેજ સરકારે જલિયાવાલા બાગ જેવો જ બીજો હત્યાકાંડ સર્જીને ૧૫૦૦થી વધારે ભીલોની હત્યા કરી હતી. સાબરકાંઠા જિલ્લાના વિજયનગર તાલુકામાં પાલ ગઢવાવ ખાતે ૭મી માર્ચ ૧૯૨૨ના રોજ સ્વતંત્ર સેનાની શ્રી મોતીલાલ તેજાવતની આગેવાનીમાં અંગ્રેજોના જુલમો સામે પ્રચંડ વિરોધ કરતા આદિવાસી સમાજના લગભગ ૧૨૦૦ જેટલા આદિવાસીઓની અંગ્રેજોએ હત્યા કરી હતી. મહમદ ગઝની જયારે સોમનાથ લૂંટવા આવ્યો અને સોમનાથ ઉપર હુમલો કર્યો ત્યારે સોમનાથને બચાવવા માટે હમીરસિંહ ગોહિલની મદદે ગીર પ્રદેશના આદિવાસી રાજા વિગડા વેલ પણ જોડાયા અને તેઓ શહીદ થયા. આજે પણ સોમનાથમાં તેમની ખાંભીઓ જોવા મળે છે. માનનીય અધ્યક્ષશ્રી, ભૂતકાળની કોઇ સરકારોએ આ શહીદોને યાદ નહોતા કર્યા, માનનીય મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીએ શહીદોની યાદમાં માનગઢ અને પાલગઢવાવમાં સ્વાતંત્ર્ય વીરોની યાદમાં સ્મૃત્તિ ચિન્હો બનાવ્યાં છે. આ અમારા આદિવાસી સમાજના ગૌરવ બિંદુઓ છે. ઇતિહાસ અને વિકાસને જોડવાનો એક ભવ્ય પ્રયાસ, આ પરિશ્રમ આ સરકારે કર્યો છે તે આદિવાસી સમાજ કદી પણ ભૂલી શકવાનો નથી. આજે આદિવાસી સમાજમાં એક આશાનું કિરણ માત્ર માનનીય મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી છે.

માનનીય અધ્યક્ષશ્રી, વસતિની વાતો કોંગ્રેસના મિત્રોએ પણ કરી છે કે આજે ૨૦૧૧ની વસતિ ગણતરી પ્રમાણે લગભગ ૯૦ લાખ જેટલી વસતિ આદિવાસી સમાજની છે અને ૧૫ ટકા જેટલો એનો હિસ્સો થાય છે. દર સાત ગુજરાતીમાં એક આદિવાસી છે. દેશમાં આદિવાસી સમાજમાં ચોથા ક્રમે આદિવાસી સમાજ છે. આ સમાજનો વસવાટ એ કુદરતી સૌંદર્યથી ઘેરાયેલા અંબાજીથી ઉંમરગામ સુધીના ૪૩ તાલુકાઓ, ૧૨ જિલ્લાઓમાં વસવાટ છે. જયારે ગુજરાત મહારાષ્ટ્રથી અલગ થયું ત્યારે ૧૯૬૧માં આદિવાસી સમાજ અને સમાજ કલ્યાણ વિભાગનું બજેટ ભેગુ હતું. માત્ર ૫૮ કરોડ રૂપિયાનું હતું. ભૂતકાળની સરકારોમાં ૪૨ વર્ષના શાસનમાં આદિવાસી સમાજના વિકાસ માટે માત્ર ૬૫૦૦ કરોડ રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો એટલે કે એક વર્ષનું જો આપણે સરેરાશ કાઢીએ તો ૧૫૫ કરોડ રૂપિયા થાય છે. આપણે વિચારી શકીએ છીએ કે, ૧૨ જિલ્લા, ૪૩ તાલુકા, ૨૯૪૨૯ ચોરસ કિલોમીટરમાં આ સમાજ વસવાટ કરે છે એના માટે કેટલાં વિકાસના કામો થઇ શકયાં હશે? ભૂતકાળની સરકારોમાં આદિવાસી સમાજને મુખ્ય ધારાથી દૂર રાખવાનું કામ કર્યું હતું. તેમનો માત્ર વોટબેંક તરીકે ઉપયોગ કર્યો હતો. ભૂતકાળની સરકારોએ આદિવાસી સમાજને ન તો આરોગ્ય આપ્યું, ન શિક્ષણ આપ્યું, ન પીવાનું પાણી આપ્યું, ન સિંચાઇ આપી, ન રસ્તાઓ આપ્યા.

માનનીય અધ્યક્ષશ્રી, મને ગૃહમાં જણાવતાં આનંદ થાય છે કે, ગુજરાતના માનનીય મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીએ ૨૦૦૧માં ગુજરાતમાં સત્તાના સૂત્રો સંભાળ્યાં ત્યારે પહેલા જ પાંચ વર્ષમાં ૬૦૦૦ કરોડ રૂપિયા આદિવાસી સમાજના વિકાસ માટે ફાળવ્યા હતા. આદિવાસી સમાજની બજેટની લગભગ માનનીય છનાભાઇ, માનનીય પ્રભુભાઇ, માનનીય અશ્વિનભાઇ, એમણે વાત કરી છે કે, આદિવાસી સમાજનું બજેટ ખૂબ ઓછું છે. ત્યારે મારે અત્યારે જ કેન્દ્રમાં જે બજેટ રજૂ થયું એની વાત એમને કરવી છે. કેન્દ્ર સરકારનું કુલ બજેટ ૨૦૧૩-૧૪નું રૂપિયા ૬,૮૦,૧૨૩ કરોડનું છે. એમાં આદિજાતી કલ્યાણ મંત્રાલયનું બજેટ માત્ર ૧,૭૬૨ કરોડ રૂપિયાનું છે. એટલે ૨૫ ટકા પણ થતું નથી. પા ટકા જેટલું બજેટ છે, ત્યારે માનનીય મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબની આ વિધાનસભામાં ૨૭મી ફેબ્રુઆરીના રોજ નિયમ ૪૪ હેઠળ નિવેદન કરીને પાંચ વર્ષ માટે વનબંધુ કલ્યાણ યોજનાની જાહેરાત કરી અને ૨૦૦૭ થી ૨૦૧૧-૧૨ના વર્ષમાં ૧૫૦૦૦ કરોડ રૂપિયાની જાહેરાત કરવામાં આવી અને જયારે પાંચ વર્ષનું એનું ટોટલ કરવામાં આવ્યું ત્યારે ૧૭૦૦૦ કરોડથી પણ વધારે રૂપિયાનો ખર્ચ કરવામાં આવેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, એ જ પ્રમાણે બારમી પંચવર્ષીય યોજનાની વાત કરીએ તો વન બંધુ કલ્યાણ યોજના ફેસ-૨, જેના માટે ૪૦,૦૦૦ કરોડ રૂપિયાનો ખર્ચ કરવાનો આ રાજયના માનનીય મુખ્ય મંત્રીશ્રીએ નિર્ણય કર્યો છે એના પ્રથમ વર્ષે ૨૦૧૨-૧૩માં ૬,૬૧૩ કરોડ રૂપિયાની જોગવાઇ કરી હતી. આ વર્ષે ૨૦૧૩-૧૪માં ૭,૧૦૨ કરોડ રૂપિયાની રાજય સરકારે જોગવાઇ કરી છે. જે ભૂતકાળની સરખામણીમાં ૪૮૯ કરોડ રૂપિયાથી વધીને ૭.૨૯ ટકાનો વધારો જોવા મળે છે. આનો લાભ ગુજરાતના છેવાડાના માનવી સુધી પહોંચે તે માટે માનનીય નરેન્દ્રભાઇ મોદીની સરકાર અનેક પ્રયત્નો કરી રહી છે ત્યારે એક કવિતામાં હું ફેરફાર

કરીને કહેવા માગુ છું કે, "ન ધરા સુધી ન ગગન સુધી મારે તો જાવું છે છેવાડાના માનવી સુધી " આ નરેન્દ્રભાઇ મોદી સાહેબની નેમ છે.

માનનીય અધ્યક્ષશ્રી, બજેટની વાતો અન્ય મિત્રોએ પણ કરી ત્યારે મારે કહેવું છે કે, સ્વ. અમરસિંહભાઇના વખાણ થયા. તેઓ તો આજે આપણી વચ્ચે નથી રહ્યાં, પણ એમના સમયના આદિજાતિ વિભાગના બજેટો એમના ૧૯૮૦માં માત્ર ૩૯ કરોડ, ૧૯૮૨માં ૯૩ કરોડ, ૧૯૮૪માં ૧૨૭ કરોડ અને માનનીય મોહનસિંહભાઇ અહીંયા બેઠાં જ છે એમના જ સમયનું આદિજાતિનું બજેટ ૨૪૬ કરોડ હતું અને ડો.જોષિયારાજી અહીંયા બેઠા છે એમના ૧૯૯૬–૯૭ના વર્ષમાં ૪૪૪ કરોડનું બજેટ હતું.

માનનીય અધ્યક્ષશ્રી, વનબંધુ કલ્યાણ યોજના એટલી બધી સફળ થઇ છે કે, સમગ્ર હિન્દુસ્તાનમાંથી આ યોજનાનો અભ્યાસ કરવા માટે અહીં લોકો આવી રહ્યાં છે. અત્યાર સુધી નેપાળ, ગોવા, મહારાષ્ટ્ર, આંધ્રપ્રદેશ, રાજસ્થાન એવા અનેક રાજયના અને કેન્દ્ર સરકારના પ્રતિનિધિઓ અહીં મુલાકાત લઇ ચૂક્યા છે. આ વનબંધુ કલ્યાણ યોજના ૧૦ મુદ્દાનો કાર્યક્રમ માનનીય મુખ્યમંત્રીશ્રીએ નક્કી કરેલ છે એમાં શિક્ષણ, રોજગારી, આર્થિક વિકાસ, આરોગ્ય, આવાસ, પીવાનું પાણી, સિંચાઇ, બારમાસી રસ્તાઓ, વીજળીની સગવડ જેવા આદિવાસી સમાજને આશીર્વાદરૂપ સાબિત થઇ શકે એમ છે.

માનનીય અધ્યક્ષશ્રી, કૃષિની વાત કરીએ તો ૨૦૧૩–૧૪માં કૃષિ અને સહકાર માટે ૩૬૭.૫૧ કરોડ રૂપિયાની જોગવાઇ કરવામાં આવેલ છે. આજે સમગ્ર ગુજરાતના આદિવાસી ખેડૂતો કે જે નવસારી હોય કે પછી તાપી, વલસાડ, ભરૂચ, નર્મદા આ જિલ્લાના ખેડૂતો આજે શાકભાજી પકવીને મુંબઇના બજારોમાં અને વિદેશ સુધી નિકાસ કરે છે. દાહોદ જિલ્લામાં ફુલોની ખેતી કરવામાં આવે છે, ડાંગ જિલ્લામાં આદિવાસી ખેડૂતો દ્વારા કાજુ વગેરેની આધુનિક પધ્ધતિથી ખેતી કરવામાં આવે છે. એ જ પ્રમાણે અમારા અશ્વિનભાઇ કહેતા હતા કે આ આદિજાતિ કોર્પોરેશન બંધ થઇ ગયું છે ત્યારે મારે કહેવું છે કે, આ આદિજાતિ કોર્પોરેશન મારફતે અત્યાર સુધી ડેરી વિકાસ કાર્યક્રમ હેઠળ ૧૯૦ કરોડના ખર્ચે ૬૦૪૧૨ દૂધાળા પશુઓ આદિવાસી સમાજના લાભાર્થીઓને આપવામાં આવેલ છે અને કેટલા વિદ્યાર્થીઓ બહાર વિદેશ ભણવા ગયા છે એ હું આગળ વાત કરીશ. ત્રણ વર્ષમાં આદિવાસી વિસ્તારોમાં દૂધ ઉત્પાદનમાં લગભગ ૩૫ થી ૪૦ ટકાનો સુધારો જોવા મળ્યો છે.

કેટલાક સભ્યશ્રીઓએ શિક્ષણની પણ ટીકા કરી છે. ૨૦૧૩–૧૪માં શિક્ષણ માટે ૫૯૮ કરોડ રૂપિયાની જોગવાઇ કરવામાં આવેલ છે. માનનીય અધ્યક્ષશ્રી, આ રાજયના મુખ્યમંત્રીશ્રી ૩ દિવસ સુધી આદિવાસી વિસ્તારોમાં જઇને દીકરીઓ અને દીકરાઓને ભણાવવા માટે લોકોને વિનંતી કરતા હોય છે, વાલીઓને જગાડતા હોય છે, સમાજને જગાડતા હોય છે, પ્રવેશોત્સવ, કન્યા કેળવણી, ગુણોત્સવ જેવા કાર્યક્રમ કરવાના કારણે આજે માનનીય મંગુભાઇએ વાત કરી કે શિક્ષણનું પ્રમાણ કેટલું હતું? આજે શિક્ષણનું પ્રમાણ પણ વધ્યું છે અને ડ્રોપ આઉટ રેશિયો માત્ર ૨ ટકા આસપાસ રહ્યો છે. માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૦૧ પહેલા આદિવાસી તાલુકાઓમાં વિજ્ઞાન પ્રવાહની શાળાઓ ન હતી પરંતુ માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીએ આદિવાસીઓના બાળકો પણ ડોકટર બને, એન્જિનિયર બને એના માટે આદિવાસી તમામ તાલુકાઓમાં વિજ્ઞાન શાળાઓ શરૂ કરાવી દીધી છે. માત્ર આદિજાતિ વિભાગની વાત કરીએ તો આ મારા વિભાગમાં ૧૭૭૧ જેટલી સંસ્થાઓમાં ૧,૪૬,૬૬૪ વિદ્યાર્થીઓ શિક્ષણનો લાભ મેળવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, શૈક્ષણિક સંસ્થાઓ માટે વરસ ૨૦૧૨–૧૩માં ૩૮૮.૩૭ કરોડની જોગવાઇ હતી, જે ૨૦૧૩–૧૪માં ૪૨૧.૪૨ કરોડની જોગવાઇ કરવામાં આવેલી છે. આદિવાસી જિલ્લાઓમાં ભૂતકાળમાં કોઇ કોલેજો નહોતી, આજે દાહોદ, વ્યારા, ગોધરા, રાજપીપળા જેવા આદિવાસી જિલ્લાઓની અંદર એન્જિનીયરીંગ કોલેજો ચાલે છે. દાહોદ, ડેડીયાપાડા, અમીરગઢ, ખેડબ્રહ્મા ખાતે નવી કૃષિ કોલેજો શરૂ થઇ છે. દાહોદ, વ્યારા અને રાજપીપળા ખાતે નર્સીંગ તેમજ ફીઝીયોથેરાપી કોલેજો પણ શરૂ કરવામાં આવી છે, ત્યારબાદ આદિજાતિ નિગમની હું ફરી વાત કરું કે જે બંધ થઇ ગયું હોવાની વાતો કરવામાં આવે છે, પહેલા આદિવાસી સમાજને એમના વિકાસ માટે અને એમની પ્રગતિ માટે ભૂતકાળમાં મરઘાં અને બતકાંની યોજના ચાલતી હતી અને એની લોન આપવામાં આવતી હતી હવે આ મરઘાં બતકાંની યોજનામાં

આદિવાસી સમાજનો કેટલો વિકાસ થાય એ આપણે સૌ સમજી શકીએ છીએ, પરંતુ આ નિગમ દ્વારા આદિવાસી સમાજને વિદેશ ભણવા જવું એટલે એક સ્વપ્ન સમાન હતું અને આજે ૧૧૨ જેટલા આદિવાસી બાળકો ૧૦.૫૬ કરોડ રૂપિયાની લોન સહાય મેળવીને વિદેશમાં ભણી રહ્યા છે. એની વાત કરું તો યુ.એસ.એ. માં ૭ વિદ્યાર્થીઓ, કેનેડામાં ૬ વિદ્યાર્થીઓ, ઓસ્ટ્રેલિયામાં ૧૬ વિદ્યાર્થીઓ, યુ.કે. માં ૨૪ વિદ્યાર્થીઓ, રશિયામાં ૪૧ વિદ્યાર્થીઓ, ચીનમાં ૧૦ વિદ્યાર્થીઓ, સિંગાપુરમાં ૧ વિદ્યાર્થી, પેરિસમાં ૨ વિદ્યાર્થી, આર્મીયામાં ૨ વિદ્યાર્થીઓ, ન્યુઝીલેન્ડમાં એક વિદ્યાર્થી અને નેપાળમાં ૧ વિદ્યાર્થી, આમ આદિવાસીના બાળકોને આજે નરેન્દ્રભાઇ મોદી સાહેબની સરકારે વિદેશમાં ભણવા મોકલ્યા છે.

આદિવાસી સમાજ પણ આજે જાગૃત થયો છે. એમના બાળકો પણ ભણતા થયાં છે. ત્યારે એમને ઉચ્ચ અભ્યાસ માટે શહેરોમાં જવું પડે ત્યારે એમને રહેવાની જમવાની સગવડ ના હોય તો એના માટે માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇએ સમરસ છાત્રાલયની યોજના બનાવી છે અને ૧૦૫૦૦ વિદ્યાર્થીઓ રહી શકે એના માટે ૬૨૪.૨૨ કરોડની વહીવટી મંજૂરી આપેલી છે, અમદાવાદમાં ૨૦૦૦, વડોદરામાં ૨૦૦૦, સુરતમાં ૨૦૦૦, રાજકોટમાં ૨૦૦૦, ભાવનગરમાં ૨૦૦૦ અને આણંદમાં ૫૦૦ બાળકો, આવનારા દિવસોમાં આ છાત્રાલયનો લાભ લઇને આદિવાસીના બાળકો ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરી શકશે. આ ઉપરાંત ભુજ, અમદાવાદ, ગાંધીનગર ખાતે ભાડાના મકાનમાં ચાલતા છાત્રાલયોના મકાનો બાંધવા માટે પણ ૪ કરોડ રૂપિયાની જોગવાઇ કરી છે. બારડોલી અને વઘઇમાં જે ડ્રાય હોસ્ટેલો ચાલે છે એ બનાવવા માટે પણ બે કરોડ રૂપિયાની જોગવાઇ કરી છે, આદર્શ નિવાસી શાળાઓના મકાનોના રિનોવેશન માટે ૪.૭૦ કરોડ રૂપિયાની જોગવાઇ કરી છે, આદિવાસી વિસ્તારોમાં જ્યારે ધારાસભ્યશ્રીઓ પ્રવાસ કરતા હોય છે, મંત્રીઓ પ્રવાસ કરતાં હોય છે ત્યારે એ સમાજના લોકો રજૂઆત કરતા હતા કે આ જે જ્ઞાતિના પ્રમાણપત્રો આપવામાં આવે છે આ પ્રમાણપત્રો બારમા ધોરણમાં ભણવા જવું હોય, કોલેજ કરવા જવું હોય કે વિવિધ જગ્યાએ સરકારી નોકરી મેળવવા માટે ફોર્મ ભરવા હોય તો દરેક વખતે જ્ઞાતિનું પ્રમાણપત્ર નવેસરથી લેવું પડતું હતું અને કેન્દ્ર સરકારની નોકરી માટે જો ફોર્મ ભરવું હોય તો જાતિનું પ્રમાણપત્ર અંગ્રેજીમાં મેળવવું પડતું હતું, એની ખૂબ તકલીફો પડતી હતી, રાજ્ય સરકારે આ વખતે નિર્ણય કર્યો છે કે જ્યારે વિદ્યાર્થી નવમા ધોરણમાં પ્રવેશ લે અને દસમા ધોરણમાં એનું જ્યારે પરિણામ બહાર આવે ત્યારે માર્કશીટની સાથે જ એમને સ્કૂલમાંથી અંગ્રેજી અને ગુજરાતીમાં એમની જ્ઞાતિનું પ્રમાણપત્ર આપી દેવાનો નિર્ણય આ રાજ્ય સરકારે કર્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, વીજળીકરણની અમારા સામેના મિત્રોએ ટીકા કરી, કે વીજળીકરણમાં આટલા ફળિયાઓ અને આટલા ગામો બાકી છે ત્યારે મારે એમને જણાવવું છે કે, ભૂતકાળનો ઇતિહાસ આપણને બધાને યાદ છે અને નરેન્દ્રભાઇ મોદીએ શું કામગીરી કરી છે એ મારે આપને જણાવવું છે. આદિવાસી વિસ્તારોમાં આદિવાસી ખેડૂતોને બોર અને કૂવાના કનેકશન માટે ૧૯૯૦ થી ૨૦૦૦ દરમિયાન માત્ર ૨૦ હજાર કૂવાઓનું વીજળીકરણ થયુ હતું. જયારે નરેન્દ્રભાઇ મોદીની સરકારમાં ૨૦૦૦ થી ૨૦૧૨ દરમિયાન ૯૨ હજાર કૂવા અને બોરનું કનેકશન આપ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૦૭ થી ૨૦૧૩ દરમિયાન કૂવાના વીજળીકરણ તથા ફળિયાઓના વીજળીકરણ માટે ૧ હજાર કરોડ રૂપિયાનો રાજય સરકારે ખર્ચ કર્યો છે. ૧૯૬૦માં આદિવાસી વિસ્તારમાં એક પણ સબ સ્ટેશન ન હતું. ૧૯૬૦ થી ૨૦૦૦ સુધી આ ચાલીસ વર્ષના ભૂતકાળમાં માત્ર ૭૫ સબ સ્ટેશનો ઉભાં કરવામાં આવ્યા હતા. જયારે નરેન્દ્રભાઇ મોદી સાહેબની સરકારમાં ૨૦૦૦ થી ૨૦૧૨ દરમિયાન છેલ્લાં ૧૨ વર્ષમાં નવા ૮૦ સબ સ્ટેશનો ઉભાં કરવામાં આવ્યાં છે. અને ૨૦૧૩–૧૪માં બીજા ૧૮ નવા સબ સ્ટેશનો ઉભાં કરવાનું રાજય સરકારે આયોજન કર્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, પીવાના પાણીની તકલીફની વાતો થઇ. મારે વિપક્ષના મિત્રોને જણાવવું છે કે ભૂતકાળમાં આદિવાસી વિસ્તારમાં, આદિવાસી બહેનોને બે કિલોમીટર, ત્રણ કિલોમીટર સુધી પાણી લેવા જવુ પડતુ હતું. ભૂતકાળની સરકારો હેન્ડ પંપથી કયારેય પણ આગળ વધી નહોતી ત્યારે ૨૦૦૧માં માત્ર ૩.૯ ટકા એટલે કે ૪૮,૬૦૦ જેટલા કુટુંબોને જ ઘર સુધી પીવાનું પાણી મળતુ હતું. અત્યારે ૪૫.૬૦ ટકા એટલે કે ૬ .૯૩ લાખ આદિવાસી કુટુંબોને ઘર સુધી પીવાનું પાણી પહોંચાડી શકયા છીએ. મીની વોટર વર્કસ

યોજના હેઠળ ૭૦૬૬ આ મીની યોજનાઓ કામ કરી રહી છે. ફળિયાના જૂથ પાણી પુરવઠાને યાદ કરીએ તો ૩૫૧૦ અને વ્યકિતગત પાણી પુરવઠાની વાત કરીએ તો ૭૧૭૨ જેટલી યોજનાઓ ચાલી રહી છે. કેન્દ્ર સરકારનો હેન્ડ પંપ આપવાનો જે ક્રાઈટેરિયા છે તે આદિવાસી વિસ્તારોમાં ૨૦૦ ઘરો હોય તો એક હેન્ડ પંપ આપવામાં આવે છે જયારે ગુજરાત સરકારમાં ૫૦ ઘર હોય તો એક હેન્ડ પંપ આપવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, સિંચાઇની વાત કરું તો ૨૦૧૨-૧૩માં ૩૪૦ કરોડની જોગવાઇ કરવામાં આવી હતી. આ વર્ષે ૨૦૧૩-૧૪માં સિંચાઇ માટે ૧૧૬૮ કરોડ રૂપિયાની જોગવાઇ કરવામાં આવી છે. ઘણા બધા ગરીબોની વાત આ ગૃહમાં થઇ છે. હળપતિ, દૂબળા, તળાવીયા જાતિ આદિવાસી સમાજમાં હજુ પણ ઘણા પાછળ છે. ભૂતકાળની સરકારોમાં કોઇએ તેની ગંભીરતા ના લીધી હતી. ગુજરાતના મુખ્યમંત્રી માનનીય નરેન્દ્રભાઇ મોદી સાહેબે આ હળપતિ ગરીબ સમાજની ચિંતા કરી છે. અને રાજય સરકારે આ સમાજને આદિમ જૂથની યાદીમાં સમાવેશ કરવા માટે ભારત સરકારને વર્ષ ૨૦૦૨, ૨૦૦૫, ૨૦૦૭, ૨૦૧૧ અને છેલ્લે ૨૦૧૩માં પણ રિમાઇન્ડર પત્રો લખવા છતાં પણ •(xxxxxx)આ રાજયના મુખ્યમંત્રીશ્રીએ નિર્ણય કર્યો છે કે, હળપતિ ભાઇઓને ભૂતકાળમાં ઝૂંપડા મળ્યાં હોય કે ના મળ્યાં હોય..

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ એવુ કહ્યું કે (xxxxxx) આ શબ્દો રેકર્ડ ઉપરથી દૂર કરવા જોઇએ.

શ્રી ગણપતભાઇ વે. વસાવા : સાહેબ, જે સત્ય હકીકત છે તેની જ હું વાત કરું છું.

અધ્યક્ષશ્રી : એ શબ્દો બોલેલાં હશે તો રદ કરવામાં આવશે.

શ્રી ગણપતભાઇ વે. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, રદ કરી નાંખજો. નરેન્દ્રભાઇ મોદી સાહેબે નિર્ણય કર્યો છે કે, આ હળપતિ ભાઇઓને ૦ થી ૧૬માં હોય કે ના હોય, તેમને ભૂતકાળમાં મકાન મળ્યું હોય કે ના મળ્યું હોય પરંતુ આવનારા દિવસોમાં તમામ આદિવાસી હળપતિ ભાઇઓને પાકા ઘરો આપવાની જાહેરાત આ રાજયના મુખ્યમંત્રીશ્રીએ કરી છે. માનનીય અધ્યક્ષશ્રી, દૂધ સંજીવની યોજનાની વાત કરું, આ વર્ષે પણ દૂધ સંજીવની યોજનામાં ૧૫ કરોડ રૂપિયાની જોગવાઇ સરકારે કરી છે અને ધોરણ ૧ થી ૮ માં પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતા બે લાખ જેટલા આદિવાસી બાળકોને દૈનિક ૨૦૦ એમ.એલ. દૂધ આપવામાં આવે છે. અને તેના સારા પરિણામો પણ મળ્યા છે, તેમની તંદૂરસ્તીમાં સુધારો જોવા મળ્યો છે અને શાળામાં પણ હાજરી પૂરી જોવા મળી છે.

આરોગ્ય વિભાગની વાત કરીએ તો આરોગ્ય વિભાગમાં સીકલસેલ, એનિમિયા, આ રોગ દક્ષિણ ગુજરાતના જિલ્લાઓમાં જોવા મળે છે. ભૂતકાળમાં કોઇ સરકારે આ બાબતને ગંભીરતાથી નહોતી લીધી. ભારત દેશમાં સર્વપ્રથમ માનનીય નરેન્દ્રભાઇ મોદીએ ચિંતા કરી અને ૩૫ લાખ થી વધુ વ્યકિતઓનું સ્ક્રીનિંગ કરવામાં આવ્યું અને તેમાંથી ૧૪૫૭૦ જેટલા આ રોગના દર્દીઓ મળી આવ્યા અને તેમને વિશેષ સારવાર થાય તેના માટે ટ્રેઇનિંગ આપવામાં આવી રહી છે. અને સમાજના લોકોની માગણી અને લાગણી હતી કે જે રીતે રકતપિતના દર્દીઓને, ટી.બી.ના દર્દીઓને અને કેન્સર કે એઇડ્સના દર્દીઓને સહાય આપવામાં આવે છે તે રીતની સહાય આ સીકલસેલના દર્દીઓને પણ મળવી જોઇએ. કારણ કે આ રોગના દર્દીઓ કામ કરી શકતા નથી ત્યારે તેને દર મહિને ૧૦૦૦ રૂપિયાની સહાય ચૂકવવા માટે પણ રાજય સરકારે ૯૬ લાખની નવી બાબત આ બજેટમાં સૂચવેલી છે. અને તેના માટે પાંચ કરોડ રૂપિયાનું આયોજન પણ કરવામાં આવેલું છે.

આજે એફ.આર.એ.ની વાત ઘણા માનનીય સભ્યશ્રીઓએ કરી છે. વલસાડના મિત્રોએ કરી છે કે રાજય સરકાર આદિવાસી સમાજને જંગલની જમીન આપવાની છે, ત્યારે મારે આ ગૃહને જણાવવું છે કે સમગ્ર દેશમાં કોઇપણ રાજયમાં આદિવાસી સમાજને કોંગ્રેસના રાજયમાં જંગલની જમીન મળી નહોતી. સૌ પ્રથમ શરૂઆત થઇ હોય તો એ મધ્યપ્રદેશમાં ભારતીય જનતા પાર્ટીની સરકાર હતી ત્યાંથી આની શરૂઆત થઇ અને ત્યારબાદ ગુજરાતમાં ભારતીય જનતા પાર્ટીની સરકાર આવી ત્યારે આ જંગલની જમીનો આપવામાં આવી છે.

---

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

ભારતીય જનતા પાર્ટીની સરકાર આવ્યા બાદ લગભગ ૮૯૨૯૩ વ્યકિતઓને સનદો અને અધિકારપત્રો આપવામાં આવેલા છે. તે જમીનનું ટોટલ કરવામાં આવે તો ૧,૧૬,૪૨૫ એકર જમીન ફાળવી દેવામાં આવેલી છે.

એ જ પ્રમાણે માનનીય જશુભાઇએ રજૂઆત કરી હતી કે સ્કૂલો નથી બનતી, આંગણવાડીઓ નથી બનાવી શકતા, ત્યારે લગભગ ૧૯૩૯ સામૂહિક દાવા, જેમાં સ્કૂલ બનાવી શકાય, હોસ્પિટલો બનાવી શકાય, પીવાના પાણીની યોજના કે આંગણવાડીઓ બનાવી શકાય તેવા ૧૯૩૯ દાવાઓ મંજૂર કરવામાં આવેલા છે. આદિજાતિ વિસ્તાર સિવાયના અન્ય જિલ્લાઓમાં આ કામગીરી કરવા માટે રેવન્યુ વિભાગના માનનીય મંત્રી શ્રીમતી આનંદી બહેનને રજૂઆત કરી, બેઠક થઇ અને આ કામગીરી હવે રેવન્યુ વિભાગ એમના જિલ્લામાં સંભાળશે, એટલે ત્યાંના જે લાભાર્થીઓ અરજી કરશે એમને પણ આવનારા દિવસોમાં ન્યાય મળશે. એક માનનીય સભ્યશ્રી તરફથી કહેવામાં આવ્યું કે અરજીઓ નામંજૂર કરવામાં આવે છે. આદિવાસી સમાજના આગેવાનો અને ધારાસભ્યશ્રીઓની લાગણી હતી કે આ અરજીઓ આવી છે એમાં સરકાર ફરી તપાસ કરે, તેથી માનનીય મુખ્ય મંત્રીશ્રીએ આ અરજીઓ નામંજૂર કરવાને બદલે એવો નિર્ણય કર્યો કે જેટલી અરજીઓ આવી છે એમાં એક પણ સાચો લાભાર્થી હોય અને રહી ન જાય તેના માટે તેની પુનઃ ચકાસણી કરવામાં આવે, અને આ પ્રક્રિયા હાલમાં દરેક જિલ્લામાં ચાલુ છે. ગુજરાત પેટર્ન, સ્થાનિક આગેવાનો દ્વારા નકકી કરવામાં આવે, એમાં ૨૦૦૧ થી જાન્યુઆરી ૨૦૧૩ સુધીમાં રૂપિયા ૩૦૧૬ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો છે અને ૬૦૮૧૧ જેટલા કામો પૂર્ણ કરવામાં આવેલા છે. આ વર્ષે પણ એમાં ૩૭૦ કરોડ રૂપિયાની રાજય સરકારે જોગવાઇ કરી છે. વિવિધ રોજગારીના સાધનો આપવા માટે ૮૦ હજાર લાભાર્થીઓને ૪૨ પ્રકારની ટુલકિટસ આપી શકાય એના માટે સન ૨૦૧૩-૧૪ના વર્ષમાં ૪૦ કરોડ રૂપિયાની જોગવાઇ કરી છે.

એનાથી આગળ વાત કરીએ તો કલાઇમેટ ચેઇન્જ વિભાગ એ માનનીય મુખ્યમંત્રીશ્રી હસ્તકનો વિભાગ છે. તેમના વિભાગનું બજેટ રજૂ કરતાં હું આનંદની લાગણી અનુભવું છું. સન ૨૦૧૩-૧૪ માટે રૂપિયા ૧૧૦.૮૨ કરોડની જોગવાઇ કરેલ છે.

માનનીય મુખ્યમંત્રીશ્રી દીર્ઘદ્રષ્ટિ વાપરીને હાલમાં વૈશ્વિક કલાઇમેટ ચેઇન્જ સમાસ્યાઓનું સમાધાન કેમ થાય અને કુદરતે આપેલ સંપતિની જાળવણી કરવા માટે કલાઇમેટ ચેઇન્જ અંગે સચોટ પગલાં લેવાના હેતુથી અલગ કલાઇમેટ ચેઇન્જ વિભાગની રચના કરેલ છે. આ વિભાગ એશિયા ખંડમાં આ પ્રકારનો પ્રથમ વિભાગ છે. ગુજરાત રાજયના દીર્ઘદ્રષ્ટા મુખ્યમંત્રી નરેન્દ્રભાઇ મોદીએ એક પુસ્તક લખ્યું છે. Convenient Action - Gujarat Response to Challenges of Climate Change આ પુસ્તક જે હવામાન પરિવર્તનની આડઅસરોનો સામનો કરવા રાજયની ચિર સ્થાયી ઉર્જા નીતિ, રાજયે દાખવેલ પહેલ તથા સફળતાની યશોગાથાના સુપેરે વર્ણન થયેલા છે. માનનીય મુખ્યમંત્રી દ્વારા આ લખાયેલ પત્ર માત્ર ગુજરાત જ નહિ, દેશમાં નહિ પણ વિદેશમાં પણ એટલો જ વખણાયેલો છે. અમેરિકાના રાષ્ટ્રપતિ શ્રી બરાક ઓબામાએ એની નોંધ લઇને માનનીય મુખ્યમંત્રીને આ બાબતે અંગત પત્ર લખીને ખૂબ ખૂબ અભિનંદન પાઠવ્યા છે. સમગ્ર ભારતમાં સ્વતંત્રતા પછીના ઇતિહાસમાં કોઇપણ રાજયના મુખ્યમંત્રીશ્રીને આજદિન સુધી અમેરિકાના રાષ્ટ્રપતિએ જાતે આવી અગત્યની બાબત ઉપર પત્ર લખી અભિનંદન પાઠવ્યા હોય તેવો આ એક કિસ્સો છે.

વન વિભાગની વાત કરું તો ગુજરાતના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે નિરંતર ગુજરાતના વિકાસ અને ઔદ્યોગિક વિકાસની સાથે સાથે પર્યાવરણની સમતુલા જળવાય, વન્ય પ્રાણીઓની સુરક્ષાની ખૂબ જ ચિંતા કરી છે. આવતી કાલે ૨૧મી માર્ચે સમગ્ર વિશ્વ જયારે વન દિવસ ઉજવવા જઇ રહ્યું છે ત્યારે હું આપ સૌને એડવાન્સમાં શુભેચ્છા પાઠવું છું અને વન અને પર્યાવરણની જાળવણી કરવા માટે આહવાન કરું છું.

સન ૨૦૧૨–૧૩માં આ વન વિભાગ માટે ૫૪૯ કરોડની જોગવાઇ કરી હતી. ૨૦૧૩–૧૪માં ૬૭૦ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે એટલે ૧૨૧ કરોડનો એટલે કે ૨૨ ટકાનો વધારો સૂચવવામાં આવેલ છે. એમાં વનીકરણ માટે ૫૬૭, વન્ય જીવન માટે ૮૩ કરોડ, પર્યાવરણ માટે ૨૦ કરોડ આ રીતે આ નાણાં ફાળવવામાં આવેલ છે.

સિંહોની ઘણી બધી વાત કરી ત્યારે મારે એમને કહેવું છે કે માત્ર ગુજરાત જ નહિ સમગ્ર દેશનું ગૌરવ કહી શકાય એવા એશિયાટીક સિંહો ગુજરાતના ગીરમાં જોવા મળે છે. સમગ્ર વિશ્વમાં એશિયાટીક સિંહો એ માત્ર આફ્રિકા અને ગુજરાતમાં એની પ્રજાતિ આવેલી છે. ૧૯મી સદીમાં આ સિંહોનો શિકાર કરવાના કારણે અન્ય દેશોની અંદર સિંહોનું નિકંદન નીકળી ગયું. આવા સમયે ગુજરાત રાજય સૌરાષ્ટ્ર વિસ્તારમાં આ સિંહોએ પોતાનું આશ્રય સ્થાન બનાવ્યું એ વખતના સોરઠ રાજયના જુનાગઢના નવાબશ્રીએ સિંહોના સંરક્ષણની પહેલ કરી અને સિંહોના શિકાર ઉપર નિયંત્રણ લાદવામાં આવ્યું. માનનીય અધ્યક્ષશ્રી, પ્રજા અને ગુજરાત સરકારના સતત પ્રયત્નો અને જાળવણીના કારણે સિંહ સંરક્ષણ માટે માનનીય મુખ્યમંત્રીશ્રીના વિશેષ કાર્યક્રમ હેઠળ ૨૦૦૫માં થયેલ ગણતરી મુજબ ૩૫૯ સિંહો હતા. આજે ૨૦૧૦માં ગણતરી થઇ ત્યારે ૪૧૧ સિંહો અંદાજવામાં આવ્યા છે. પ્રાણીઓને પીવાના પાણીની વાત કરી. ત્યારે મારે તેમને કહેવું છે કે લગભગ ૫૦૦ જેટલા કૃત્રિમ પીવાના પાણીના સોર્સીસ આપણે ઉભા કરેલા છે અને જે સિંહોની વાત કરવામાં આવે છે કે એક જ જગ્યાએ રહેવાથી કયારેક બિમારી આવશે, મહામારી આવશે. આ સિંહો એક જગ્યાએ રહેતા નથી. અનેક જગ્યાએ રહે છે. તેમની સુરક્ષા માટે ભૂતકાળમાં જે બનાવો બન્યા હતા. મોટા ભાગે શિકાર કરવામાં રાત્રે સિંહો કૂવામાં પડી જતા હતા. આ સિંહોના રક્ષણ માટે ૧૮,૮૮૨ કૂવાઓ સુરક્ષિત કરવામાં આવેલ છે અને આવનારા દિવસોમાં ૩,૦૦૦ જેટલા બીજા કૂવાઓ સુરક્ષિત કરવામાં આવશે. આ સિંહો અમરેલી, ભાવનગર, જૂનાગઢ જેવા અનેક વિસ્તારોમાં પોતાનો વસવાટ કરે છે.

માનનીય અધ્યક્ષશ્રી, એ જ પ્રમાણે બીજું એક બહુ સારું કાર્ય થાય છે તે મારે ગૃહને જણાવવું છે કે ગુજરાતનો દરિયા કિનારો લાંબો છે. ત્યાં અવારનવાર વ્હેલ અને શાર્ક માછલી આવી જતી હોય છે. માછીમાર ભાઇઓની જાળમાં ફસાવાથી જાળને પણ નુકસાન થતું હોય છે. કયારેક માછલીઓને મારી પણ નાખવામાં આવે છે. તેના માટે રાજય સરકારે યોજના બનાવી કે માછલીઓને મારવાના બદલે જેની જાળને નુકસાન થયું હોય તેને ૨૫,૦૦૦ રૂપિયા વળતર ચૂકવવામાં આવે છે. જાગૃતિ લાવવા માટે પૂ. મોરારીબાપુએ આહવાન કર્યું, જાહેરમાં નિવેદન કર્યું કે આ જે માછલીઓ આવે છે એ કિનારા ઉપર ઇંડા મૂકવા માટે આવે છે. એ માછલી એટલે એ ''વહાલના દરિયા'' ની દીકરી છે. દીકરી જયારે આપણે ઘેર આવે ત્યારે તેને મારવાના બદલે તેની જાળવણી કરવી આપણી ફરજ છે. તેને ખૂબ સારો પ્રતિસાદ મળ્યો અને ૨૦૦૫–૦૬થી અત્યાર સુધી ૩૪૧ વ્હેલ અને શાર્ક માછલીઓ પકડાઇ, તે પૈકી ૩૩૯ માછલીઓને બચાવી લેવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, આજે સહભાગી વન વ્યવસ્થાની વાત એટલા માટે કરવી પડે કે ભૂતકાળમાં જંગલો સાચવવાની જવાબદારી માત્ર ફોરેસ્ટ વિભાગની હતી. પરંતુ લોકોમાં જાગૃતિ આવવાના કારણે આજે લગભગ સહભાગી વન વ્યવસ્થા હેઠળ ૩,૩૦૦ જેટલી વન સમિતિઓ બનેલી છે અને તેમાં ૧૩.૫૦ લાખ સભ્યો નોંધાયા છે અને આ ૪.૩૫ લાખ હેકટરના જંગલનું રક્ષણ આજે સહભાગી વન વ્યવસ્થાઓ કરી રહી છે. તેમાં પણ વિશેષ કરીને ૫,૦૮,૦૦૦ મહિલા સભ્યો છે. આ પ્રમાણે આજે જંગલની સાચવણી કરવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, ચેરના વૃક્ષોની વાત થઇ, ગુજરાતને ૧૬૦૦ કિલોમીટરનો દરિયા કિનારો મળ્યો છે. તેમાં મોટા ભાગે ચેરના વૃક્ષો ઉગાડવામાં આવે છે. આ દેશના તત્કાલિન પર્યાવરણ મંત્રી જયરામ રમેશ જયારે ગુજરાતની મુલાકાતે આવ્યા ત્યારે તેમણે ચેરનું સંવર્ધન જોઇને ગુજરાતની કામગીરીના વખાણ કર્યા અને અન્ય રાજયોને ચેરનું સંવર્ધન કરવા માટે તેમણે સૂચનાઓ આપી છે. આજે ફોરેસ્ટ સરવે ઓફ ઇન્ડિયાના અહેવાલ મુજબ સમગ્ર દેશમાં ફકત ગુજરાત એક એવું રાજય છે જયાં ચેરના વનોમાં ૧૨ ચોરસ કિલોમીટરનો વધારો જોવા મળેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, ઇકો ટુરીઝમની વાત કરું, ૨૦૦૭માં માનનીય મુખ્યમંત્રીશ્રીએ ટુરીઝમ વર્ષ તરીકે ઉજવવાનું નકકી કર્યું ત્યારે આદિવાસી વિસ્તારમાં, જંગલ વિસ્તારમાં લોકો પ્રાકૃતિક સૌંદર્ય માણી શકે, પર્યાવરણનું જતન કરી શકે તેના માટે ઇકો ટુરીઝમની પોલીસી બનાવવામાં આવી. ઇકો ટુરીઝમના ૪૨ સ્થળો નકકી કરવામાં આવેલ છે અને છેલ્લા પાંચ વર્ષમાં ૫૭ લાખ પ્રવાસીઓએ ઇકો ટુરીઝમની મુલાકાત લીધી છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારા અન્ય વિભાગ પર્યાવરણની પણ વાતો જ્યારે કરવામાં આવી છે ત્યારે આપણે સૌ જાણીએ છીએ કે, દેશ અને વિશ્વમાં જ્યારે મંદી ચાલે છે ત્યારે ઘણા બધા ઉદ્યોગો ગુજરાતમાં સ્થપાઇ રહ્યા છે ત્યારે ઉદ્યોગોની સાથેસાથે પર્યાવરણની પણ જાળવણી થાય એ પણ ખૂબ જ જરૂરી છે. પર્યાવરણ ક્ષેત્રે ગુજરાત સમગ્ર દેશમાં ભૂતકાળમાં સોળમા નંબરે હતું આજે પાંચમા ક્રમે છે. ઉદ્યોગોનું ઘનિષ્ઠ, સઘન મોનીટરીંગ થાય તે માટે વહીવટી માળખું ગોઠવવામાં આવ્યું છે. પ્રદૂષણ નિયંત્રણ બોર્ડનું મકાન બનાવવામાં આવેલ છે. દેશમાં સર્વપ્રથમ ૧૦૦ ટકા સૌર ઉર્જાથી સંચાલિત આ મકાન છે. એને ઇન્ડીયન ગ્રીન બિલ્ડીંગ કાઉન્સીલ તરફથી લીડ ઇન્ડિયા એન સી ગોલ્ડ– ૨૦૧૨ ભારત સરકાર તરફથી મળેલ છે.

આજે મારા વિભાગની જે માગણીઓ છે એમાં લગભગ ૨૨ જેટલા સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો છે. ઘણા સભ્યશ્રીઓએ સારા સૂચનો પણ કર્યા છે એમને હું આવકારું છું અને વન અને પર્યાવરણ તેમજ આદિવાસી લોકોના વિકાસ માટેની માગણીઓ છે ત્યારે એમાં કાપ દરખાસ્તો ન હોવી જોઇએ. મારે વિપક્ષના મિત્રોને વિનંતી છે કે, તેઓ તમામ કાપ દરખાસ્તો પાછી ખેંચી લે અને સર્વ સંમતીથી મારી માગણીઓનો સ્વીકાર કરવામાં આવે.

ડો. અનિલ જોષીયારા : માનનીય અધ્યક્ષશ્રી, આદિવાસી વિકાસ વિભાગનું બજેટ જેનું ડાયવર્ઝન થાય છે એને અટકાવીને મંત્રીશ્રી પોતાના વિભાગનું બજેટ પોતાના હાથમાં રાખવા માગે છે અને તે રીતે એનો અમલ કરવા માગે છે કે કેમ? જો એમ ન થતું હોય તો એના માટે કોઇ પગલાં લેવા માગો છો કે કેમ?

શ્રી ગણપતભાઇ વે. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય જોષીયારા ૧૯૯૬–૯૭માં તમે મંત્રી હતા ત્યારે પણ આ જ પ્રમાણે વિભાગ ચાલતો હતો, (અંતરાય)એમનું સૂચન છે.

શ્રી જશુભાઇ ધા. બારડ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જૂનાગઢ જિલ્લાના ૪૭ રેવન્યૂ ગામ જે સેકશન–૪ નીચે આવે છે. જેના કારણે સમસ્યા થાય છે અને ઓવર લેપીંગ થાય છે એના માટે સરકાર કોઇ ઉકેલ શોધી આપવા માગે છે કે કેમ?

શ્રી ગણપતભાઇ વે. વસાવા : માનનીય જશુભાઇ, તમે તમામ માહિતી આપશો તો અમે પોઝીટીવ વિચારીશું.

શ્રી મોહનસિંહ છો. રાઠવા : માનનીય અધ્યક્ષશ્રી, મારે એટલું પૂછવું છે કે, માનનીય મંત્રીશ્રીએ કહ્યું કે, આદિવાસી ક્ષેત્રનો અનેક વિકાસ થયો છે. શિક્ષણના ક્ષેત્રે કોલેજો પણ ખોલી છે. ૧૧ યુનિવર્સિટીઓ ગુજરાતમાં છે. પરંતુ આદિવાસી વિસ્તારના ૧૨ જિલ્લા ૪૩ તાલુકા અને ૫૮૮૪ ગામોમાં એકપણ જગ્યાએ આદિવાસી યુનિવર્સિટી નથી. તો આ સરકાર આદિવાસી યુનિવર્સિટી સ્થાપવા માગે છે કે કેમ?

શ્રી ગણપતભાઇ વે. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, આવનારા ભવિષ્યના દિવસોનું સૂચન છે.

**કાપદરખાસ્ત ક્રમાંક–૧, ૨, ૩, ૪, ૫, ૭, ૮, ૯, ૧૦, ૧૧, ૧૨, ૧૩, ૧૪, ૧૫, ૧૬, ૧૭, ૧૮, ૧૯, ૨૦, ૨૧, ૨૨, ૨૩, ૨૪, ૨૫, ૨૬, ૨૭, ૨૮, ૨૯, ૩૦, ૩૧, ૩૨, ૩૩, ૩૪, ૩૫, ૩૬, ૩૭, ૩૮ અને ૩૯ મત માટે મૂકવામાં આવી અને નામંજૂર કરવામાં આવી.**

**માગણી ક્રમાંક– ૨૬, ૨૭, ૯૩, ૯૬ અને ૧૦૭ મત માટે મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.**

**સભાગૃહનું કામકાજ સાંજના ૫.૧૪ વાગ્યે પૂરૂં થતાં સભાગૃહ અધ્યક્ષશ્રીના આદેશાનુસાર ગુરૂવાર, તા.૨૧મી માર્ચ ૨૦૧૩ના રોજ બપોરના ૧૨.૦૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.**

ફાલ્ગુન ૨૯, ૧૯૩૪ શાકે
માગણીઓ પર ચર્ચા અને મતદાન (નવમો દિવસ)

# ગુજરાત વિધાનસભા
## ગુરૂવાર, તા.૨૧ મી માર્ચ, ૨૦૧૩
## ફાલ્ગુન ૩૦, ૧૯૩૪ શાકે
## સભાગૃહ બપોરના ૧૨–૦૦ વાગ્યે મળ્યું.

## અધ્યક્ષશ્રી વજુભાઇ વાળા અધ્યક્ષસ્થાને

**અધ્યક્ષશ્રી :** ઓર્ડર...ઓર્ડર..

## તારાંકિત પ્રશ્નો
### વલસાડ જિલ્લામાં પેન્શનરોની સંખ્યા

* ૩૯૭૯ **શ્રી આર. સી. પટેલ(જલાલપોર) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વલસાડ જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ પેન્શનરોની કુલ સંખ્યા કેટલી છે, | (૧) ૧૦,૨૫૨. |
| (૨) ઉક્ત પેન્શનરો પૈકી કેટલા પેન્શનરો તિજોરી કચેરી દ્વારા પેન્શન મેળવે છે, | (૨) શૂન્ય. |
| (૩) કેટલા પેન્શનરો બેંક મારફત પેન્શન મેળવે છે, અને | (૩) ૧૦,૨૫૨. |
| (૪) કેટલા પેન્શનરો મનીઓર્ડરથી પેન્શન મેળવે છે? | (૪) શૂન્ય. |

શ્રી આર. સી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારે આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને પૂછવું છે કે જિલ્લામાં પેન્શનરોની તબીબી સારવાર માટે કઇ કઇ સવલત મળે છે? અને વલસાડ જિલ્લામાં તા.૩૧–૧૨–૧૨ ના અંતિતે કેટલા પેન્શનરો એલાઉન્સ મેળવે છે?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, વલસાડ જિલ્લામાં કુલ ૧૦૨૫૨ પેન્શનરો છે. આમાં પેન્શનની સાથે સાથે રાજય સરકારના નિયમો અને યોજનાઓ પ્રમાણે પેન્શનરોને મેડિકલ એલાઉન્સ પણ મળે છે. એમાં બે પદ્ધતિ છે. એક ઉચ્ચક પેન્શન મેળવવાનું અને એક રીએમ્બર્સમેન્ટ મેળવવાનું. એમાંથી માનનીય આર.સી.પટેલભાઇએ જે પ્રશ્ન પૂછયો છે એમાં ૯૭૬૦ પેન્શનરો મેડિકલ એલાઉન્સ મેળવે છે અને ૧૬૮ પેન્શનરો રીએમ્બર્સમેન્ટ પેન્શન મેળવે છે અને ૩૨૪ પેન્શનરોએ મેડિકલ કે રીએમ્બર્સમેન્ટ બેમાંથી એક પણ માટે દાવો કર્યો નથી.

શ્રી જીતુભાઇ હ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી પાસેથી જાણવા માગું છું કે વલસાડ જિલ્લામાં ગયા મંગળવારે માનનીય મુખ્યમંત્રીશ્રીને આત્મવિલોપન કરવાની ધમકી આપી હતી અને એમને મંગળવારથી જેલમાં પૂરી દીધા છે, એમના પેન્શન બાબતે, એ વાત સાચી છે?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારા ઘ્યાન ઉપર આવી કોઇ હકીકત આવી નથી. કંઇ હોય તો આપ રજૂઆત કરજો, અભ્યાસ કરીશું.

શ્રી હીરાભાઇ હ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફતે માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે આ જે પેન્શનરો છે, એ પેન્શનરોને છઠ્ઠા વેતનપંચ પ્રમાણે પેન્શન ચૂકવવામાં આવે છે કે કેમ? અને જો ન આવતું હોય તો કેટલાને છઠ્ઠા વેતન પંચ પ્રમાણે વેતન ચૂકવવામાં આવતું નથી?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, રાજયના તમામ પેન્શનરોને છઠ્ઠા પગારપંચ પ્રમાણેનું પેન્શન માન્ય થઇ ગયું છે. એમનો છેલ્લો હપતો ચૂકવવાનો બાકી છે એ નિયમ પ્રમાણે છે. તમામ

પેન્શનરોને રાજય સરકારના અત્યારના ચાલુ કર્મચારીઓ, અધિકારીઓની જેમ જ છઠ્ઠા પગાર પંચની તમામ યોજનાઓનો લાભ આપવામાં આવ્યો છે.

શ્રી રમણલાલ ના. પાટકર : માનનીય અધ્યક્ષશ્રી, મારે એ જાણવું છે કે જયારે પેન્શનરોની પેન્શન ફાઇલ ચાલતી હોય અને મીન ટાઇમ અરજદાર જો મરણ પામે તો એ પેન્શન ફાઇલ બંધ કરવામાં આવે છે કે એમના વારસદારને આપવામાં આવે છે?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, કોઇ કર્મચારી ફરજ ઉપર હોય અને અકસ્માતે અથવા કોઇપણ રીતે એમનું દુઃખદ અવસાન થાય તો એમનો પેન્શનર તરીકેનો હકક દાવો ચાલુ જ રહે છે. ઉપરથી આપણે એમાં એવી જોગવાઇ કરી છે કે ચાલુ નોકરીએ કોઇ કર્મચારી/ અધિકારીનું મૃત્યુ થાય જે પેન્શન પાત્ર હોય એમને દસ વર્ષ સુધી આમ બધા કર્મચારીઓ નિવૃત્ત થાય તો છેલ્લા પગારના ધોરણે ૩૦ટકા પેન્શન આપવામાં આવે છે પણ ચાલુ નોકરીએ કોઇનું અવસાન થાય અને પેન્શન ચૂકવવાનું ચાલુ થાય તો એવા કર્મચારીઓના પરિવારને પચાસ ટકા દસ વર્ષ સુધી પેન્શન ચૂકવવામાં આવે છે એટલે એમને મદદરૂપ થવા માટે સરકાર ૨૦ટકા પેન્શન વધારે આપે છે.

શ્રી જશુભાઇ ધા. બારડ : માનનીય અધ્યક્ષશ્રી, સરકારનો એક જી.આર. છે કે બાર વર્ષે અને ચોવીસ વર્ષે કર્મચારી/ અધિકારીઓને હાયર સ્કેલ આપવો અને હાયર સ્કેલ જેને મળવાપાત્ર છે અને અત્યારે નિવૃત્ત થઇ ગયા છે. એ નિવૃત્ત થઇ ગયા છે પણ હાયર સ્કેલ એને મળવાપાત્ર છે. હજી સુધી એના હુકમ થયા નથી એટલે એમને પેન્શનમાં લોસ જતો હોય છે તો આ વિસંગતતાઓ જે છે એ દૂર કરીને એના પેન્શનરો જે છે કે જેને આ સ્કેલ લાગુ પડે છે એને એ આપવા માગે છે કે કેમ?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, અત્યારે જે પેન્શનની ગણતરી કરવાની પદ્ધતિ છે. એ પદ્ધતિ પ્રમાણે કર્મચારી રીટાયર થાય ત્યારે એમને જે મૂળ પગાર મળતો હોય એ રિટાયરમેન્ટના છેલ્લા મહિનામાં જે પગાર મળ્યો હોય એની ૩૦ટકા રકમ પેન્શન તરીકે ચૂકવવામાં આવે છે. એ પ્રમાણેની પદ્ધતિ છે.

શ્રી ભરતભાઇ કી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૨ ના અંતિતે કુટુંબ પેન્શનરોની સંખ્યા કેટલી? અને  આ કુટુંબ પેન્શન કોને અને કેટલું મળે છે?

શ્રી નીતિનભાઇ ર. પટેલ :  કુટુંબ પેન્શન મેં કહ્યું તે પ્રમાણે વલસાડ જિલ્લામાં કુલ પેન્શનરોની સંખ્યા  ૧૦,૨૫૨ છે, એમાંથી ઉંમર પ્રમાણે આપણે જોઇએ તો ૯,૮૩૦ પેન્શનરો ૮૦ વર્ષ નીચેના છે. ૮૦ વર્ષથી ઉપરના જે પેન્શનરો છે એ ૪૨૨ છે અને ૮૦ થી ૮૫ વર્ષના પેન્શનરો ૨૬૪ છે. ૮૫ થી ૯૦ વર્ષના પેન્શનરો ૧૦૦ છે. ૯૦ થી ૯૫ વર્ષના પેન્શનરો ૫૨ છે અને ૯૫ થી ૧૦૦ વર્ષના પેન્શનરો ૫ છે અને ૧૦૦ વર્ષ ઉપરના પેન્શનર ૧ છે. આ તમામને પેન્શનના લાભો મળે છે.

શ્રી સી. કે. રાઉલજી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે ૧૦,૨૫૨ જેટલા પેન્શનરો છે એ પૈકી શારીરિક રીતે અશક્ત હોય, ચાલી શકે તેમ ન હોય એવા પેન્શનરોને મની ઓર્ડરથી ચૂકવવા માગો છો કે કેમ? પેન્શનની રકમ પેન્શન ખાતામાં સમયસર જમા નથી થઇ એવી કેટલી ફરિયાદો મળી?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : રાજય સરકારે જેમ જુદા જુદા વિભાગોમાં આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કર્યો છે, એ પ્રમાણે તમામ પેન્શનરોને નિયમિત એમના ખાતામાં જમા થઇ જાય એ પ્રમાણે પેન્શન ચૂકવવામાં આવે છે. પેન્શનરો બેન્કમાં જાય, રાહ જુએ, ધક્કા ખાય, બેન્કમાં ટોકન મળે અને ટોકન મળ્યા પછી કલાકો પછી પેમેન્ટ, ચેક મળે એ અગાઉના જૂના જમાનામાં હતું. અત્યારે પેન્શનરોના(અંતરાય) ખાતામાં જમા થાય છે.  ખાતામાં જમા થાય છે અને સાથે સાથે આપણે પોર્ટલ ચાલુ કર્યું છે.  કોઇપણ કર્મચારી, પેન્શનર પોર્ટલ ઉપર પોતાની વિગત ડાઉન લોડ કરી શકે, ફોર્મ મેળવી શકે. તમામ આધુનિક સુવિધાઓ ઓન લાઇન સિસ્ટમથી અમલમાં મૂકી છે.

## મહાનુભાવોનાં વાહન પર લાલ લાઈટ સાઈરન ફ્લેશર વિગેરે લગાવવાનો પરિપત્ર/ઠરાવ/જાહેરનામું

* ૨૪૯૯ **શ્રી અમીત ચાવડા(આંકલાવ) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧–૨૦૧૩ની સ્થિતિએ ક્યાં મહાનુભાવો તેમનાં વાહન ઉપર લાલ લાઈટ વીથ ફ્લેસર, સાયરન, લાલ લાઈટ વીધાઉટ ફ્લેસર લગાવી શકે તે સંદર્ભનો પરિપત્ર/ઠરાવ/જાહેરનામું ક્યારે બહાર પાડવામાં આવેલ છે, | (૧) લાલ લાઈટ વીથ ફલેસર, લાલ લાઈટ વીધાઉટ ફલેસર તેઓના સરકારી વાહન ઉપર કયા મહાનુભાવો લગાવી શકે તે સંદર્ભના હુકમો તા. ૧૨–૦૧–૨૦૦૪ ના તથા<br>તા. ૧૦–૧૧–૨૦૦૪ ના રોજ બહાર પાડવામાં આવેલ છે.<br>જ્યારે સાયરન સંદર્ભના હુકમો તા.૯–૧–૯૭, તા.૨૩–૩–૨૦૦૦, તા.૨૪–૧૦–૨૦૦૦, તા.૧૨–૧૨–૨૦૦૦ અને તા. ૧૨–૧૧–૨૦૦૧ના રોજ બહાર પાડવમાં આવેલ. છે. |
| (૨) સદર જાહેરનામા/ઠરાવમાં કયાં મહાનુભાવોનો સમાવેશ કરવામાં આવેલ છે, | (૨) આ હુકમમાં સમાવિષ્ટ મહાનુભાવોની વિગતો આ સાથે સામેલ **પત્રક–૧, ૨ અને ૩** માં જણાવ્યા મુજબની છે. |
| (૩) ઉક્ત સ્થિતિએ બે વર્ષમાં આણંદ જિલ્લામાં સદર જાહેરનામાનો ભંગ કરી વાહન ઉપર લાલ લાઈટ લગાવવા સંબંધી કોઈ હકીકત ધ્યાને આવેલ છે કે કેમ, અને | (૩) હા, જી. |
| (૪) જો હા, તો શાં પગલાં લેવામાં આવેલ છે? | (૪) લાલ લાઈટ દૂર કરવામાં આવેલ છે. |

### પત્રક–૧

એચબી–૭૮૨–૧

### ફ્લેશર સાથે લાલ લાઈટની સત્તા ધરાવતા મહાનુભાવોની યાદીઃ–

(૧) નામ. રાજ્યપાલશ્રી
(૨) માન. મુખ્યમંત્રીશ્રી
(૩) માન. કેબીનેટ મંત્રીશ્રીઓ
(૪) માન. રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓ તથા માન. નાયબ મંત્રીશ્રીઓ
(૫) ગુજરાત વિધાનસભાના અધ્યક્ષશ્રી
(૬) માન. વિરોધપક્ષના નેતાશ્રી
(૭) નામ. મુખ્ય ન્યાયમૂર્તિશ્રી, ગુજરાત હાઈકોર્ટ
(૮) ગુજરાત હાઈકોર્ટના ન્યાયમૂર્તિશ્રીઓ
(૯) માન. મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી
(૧૦) માન. મુખ્યમંત્રીશ્રીની કચેરીના અધિક અગ્ર સચિવશ્રીઓ અને સચિવશ્રીઓ
(૧૧) મુખ્ય સચિવશ્રી, ગુજરાત રાજ્ય
(૧૨) અગ્ર સચિવશ્રી (ગૃહ), ગૃહ વિભાગ
(૧૩) અગ્ર સચિવશ્રી (વાહન વ્યવહાર), ગૃહ વિભાગ
(૧૪) અગ્ર સચિવશ્રી (કર્મચારીગણ), સામાન્ય વહીવટ વિભાગ

### પત્રક–૨

### ફલેશર વિના લાલ લાઈટની સત્તા ધરાવતા મહાનુભાવોની યાદીઃ–

(૧) નામ. રાજ્યપાલશ્રીની પાયલોટ કાર
(૨) માન. મુખ્યમંત્રીશ્રીની પાયલોટ કાર
(૩) ગુજરાત વિધાનસભાના નાયબ અધ્યક્ષશ્રી

(૪) લોકાયુક્ત, ગુજરાત રાજ્ય
(૫) અધ્યક્ષશ્રી, સરદાર સરોવર પરિયોજના ફરિયાદ નિવારણ પ્રાધિકરણ, ગુજરાત રાજ્ય
(૬) એમ્બ્યુલન્સ તથા ફાયર ફાઈટર વાહનો
(૭) અધ્યક્ષશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ
(૮) ગુજરાત સ્ટેટ ડીઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરીટીની કોમ્યુનિકેશ વાન
(૯) રાજ્યના મુખ્ય ચૂંટણી અધિકારીશ્રી
(૧૦) રાજ્ય ચૂંટણી પંચના કમિશ્નરશ્રી

**પત્રક-૩**

**વાહન પર સાયરન લગાવવાની સત્તા ધરાવતા મહાનુભાવોની યાદીઃ-**

(૧) નામ. રાજ્યપાલશ્રી
(૨) માન. મંત્રીશ્રીઓ
(૩) માન. રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓ
(૪) માન. નાયબ મંત્રીશ્રીઓ
(૫) ગુજરાત વિધાનસભાના અધ્યક્ષશ્રી
(૬) નામ. મુખ્ય ન્યાયમૂર્તિશ્રી, ગુજરાત હાઈકોર્ટ
(૭) નામ. ગુજરાત હાઈકોર્ટના ન્યાયમૂર્તિશ્રીઓ
(૮) માન. મુખ્યમંત્રીશ્રીના સંસદીય સચિવશ્રી
(૯) માન. મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, ગુજરાત રાજ્ય
(૧૦) મુખ્ય સચિવશ્રી, ગુજરાત રાજ્ય
(૧૧) અગ્ર સચિવશ્રી, મહેસૂલ વિભાગ
(૧૨) રાહત કમિશ્નરશ્રી
(૧૩) પૂર નિયંત્રણ રૂમ

શ્રી અમિત અ. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, આણંદ જિલ્લા પંચાયતના પ્રમુખની ગાડી ઉપર ગેરકાયદેસર રીતે લાલ લાઇટ અને સાઇરન લગાડવામાં આવેલ છે. આ ગાડીનો ઉપયોગ..

અધ્યક્ષશ્રી : તમે સવાલ પૂછો. વર્ણન નહી.

શ્રી અમિત અ. ચાવડા : આ ગાડીનો ઉપયોગ *(xxxxxx)

અધ્યક્ષશ્રી : આ તમારા શબ્દો બધા કાઢી નાખવામાં આવે છે. અમીતભાઇ, સીધો સવાલ પૂછો. દારૂ જુગારને આ અને તે અને ગાડીનો શું ઉપયોગ થાય છે તે પ્રશ્નોત્તરીમાં ન આવે. તમારો સીધો સવાલ પૂછો.(અંતરાય) બાકીના કોઇએ બોલવાની જરૂર નથી. એ પૂછે છે. એને મારે શું કહેવું તે આપે કોઇએ સલાહ આપવાની જરૂર નથી.

શ્રી અમિત અ. ચાવડા : સીધુ પૂછવા માગું છું કે જિલ્લા પંચાયત આણંદ પ્રમુખની ગાડી એના ઉપર ગેરકાયદેસર રીતે લાલ લાઇટ સાઇરન લગાડવામાં આવેલ છે. છેલ્લા એક વર્ષથી સંકલનમાં રજૂઆત કરવા છતા કાર્યવાહી કેમ નથી કરવામાં આવતી? અને કાર્યવાહી કરવામાં આવી હોય તો આજની તારીખે ગાડી ઉપર લાલ લાઇટ છે. અહીંયા કહ્યું છે કાઢી નાખવામાં આવી છે, તો કાર્યવાહી કરવામાં નિષ્ફળ નિવડેલ અધિકારીઓ સામે કડક પગલાં લેવાં માગો છો કે કેમ? અને એ ગાડી ઉપર ગેરકાયદેસર લાઇટ લગાવી છે તો તેમની સામે શું પગલાં લેવાં માગો છો?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : સેન્ટ્રલ વ્હીકલ એક્ટ પ્રમાણે કયા કયા હોદ્દેદારો, કયા કયા ઉચ્ચ અધિકારીઓ પોતાની ગાડી ઉપર લાઇ લાઇટ લગાવી શકે એમાં પણ બે ભાગ છે. ફરતી લાઇટવાળી એટલે ફ્લેશરવાળી લાલ લાઇટ અથવા સાદી એટલે ફ્લેશર ન થતી હોય ઝબુકતી ન હોય તેવી લાલ લાઇટ એ

* આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાખવામાં આવ્યા.

લગાવવાના નિયમો છે. એ પછી પોતે અધિકૃત ન હોય તેવી કોઇપણ વ્યક્તિ આવી લાઇટ લગાડતા હોય અને ધ્યાન ઉપર આવે તો તરત જ દૂર કરવામાં આવે છે. દૂર ન કરે તો નિયમો પ્રમાણે એમની સામે કાર્યવાહી કરવામાં આવે છે.

અધ્યક્ષશ્રી : માનનીય નીતિનભાઇ, એમનો સવાલ એ છે કે આણે લાલ લાઇટ લગાડી છે. મેં ફરિયાદ કરી છે, છતા એનાં માટે પગલાં નથી લીધાં તો હવે શું કરશો?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, અમારા જવાબમાં જ છે કે લાલ લાઇટ દૂર કરવામાં આવેલ છે. જે સભ્યશ્રીએ આણંદ જિલ્લાની રજૂઆત કરી હતી, કલેકટરનો લેખિત અહેવાલ છે. જે તે સમયે, આ એક વર્ષ પહેલાંની ફરિયાદની વાત છે. હાલની કોઇ વાત નથી. જે તે વખતે દૂર કરી દેવામાં આવી છે.

અધ્યક્ષશ્રી : આમાં કોઇ ચર્ચા ન હોય તમે બેસો. એ એમ કહે છે કે આમ છતાં આજની તારીખે પણ લાલ લાઇટ ચાલુ છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : સાહેબ, અમે ચેક કરાવી લઇશું.

શ્રી અમિત અ. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, ૩૧-૧-૨૦૧૩ની સ્થિતિએ કયા મહાનુભાવો લાલ લાઇટ લગાવી શકે...

અધ્યક્ષશ્રી : એ એમ કહે છે કે લાલ લાઇટ ફરિયાદ આવી ત્યારે દૂર કરી હતી. તમે કહો છો કે આજે પણ લાલ લાઇટ ચાલુ છે. એક મિનિટ તમે બેઠા બેઠા શું કરવા બોલો છો? મંત્રીશ્રી કહે છે કે ચાલુ હશે તો દૂર કરાવી દઇશું.

શ્રી અમિત અ. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, એક વર્ષથી સંકલનમાં આ બાબતની રજૂઆત કરતા હતા.

શ્રી દિલીપભાઇ મ. પટેલ : આણંદ જિલ્લાના પ્રમુખની લાલ લાઇટ આજે છે નહીં પણ પાંચ વર્ષથી આગલી બોડીના પ્રમુખ લાલ લાઇટ લઇને ફરતા હતા તે ઘડીએ વિરોધ કેમ ના કર્યો?

અધ્યક્ષશ્રી : આ કોઇ સવાલ નથી. એક મિનિટ. માનનીય અશોકભાઇ.

શ્રી અશોકકુમાર ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસે હું જાણવા માગું છું કે વાહનની ઉપર લાલ લાઇટ લગાવવાની કાયદાકીય શું જોગવાઇ છે? જયારે ભાઇએ પૂછ્યું છે ત્યારે કહું કે ગાંધીનગરમાં પણ કોંગ્રેસના પ્રમુખ લાલ લાઇટ લગાવે છે.

અધ્યક્ષશ્રી : એક મિનિટ કોઇ કમ્પેરીઝન નહીં. તમારો સવાલ પૂછો. કોણ કોણ લગાડે છે તેની રીત નથી જોઇતી.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આમ તો લાલ લાઇટ લગાવવાની ઘણાના મનમાં ઇચ્છા હતી, પણ ગુજરાતની પ્રજાએ બધાની ઇચ્છા ઉપર પાણી ફેરવી વાળ્યું.

અધ્યક્ષશ્રી : નીતિનભાઇ જવાબ આપો.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ કહે છે એટલે કહું છું સાહેબ. બધાની ઇચ્છા હતી પણ પાણી ફરી વળ્યું છે. હજુ સાહેબ હું આપને કહું કે નિયમથી વિરુદ્ધ કોઇ લાલ લાઇટ લગાવતા હશે તો નિયમની જોગવાઇઓ પ્રમાણે કોઇપણ હોદ્દેદાર હોય, કોઇપણ પક્ષના હોય તમામ સામે નિયમ પ્રમાણે કાર્યવાહી કરવામાં આવશે.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ જવાબના પેરા.૩માં આપ્યું છે કે લાલ લાઇટ લગાવવા સંબંધી કોઇ હકીકત ધ્યાને આવી હતી કે કેમ? તો તેનો જવાબ હાજીમાં આપ્યો છે. મંત્રીશ્રીને આપના મારફત પૂછવા માગું છું કે આણંદ જિલ્લામાં આ લાલ લાઇટ લગાડવાનો *(xxxxxx) કોને લાગ્યો હતો?

અધ્યક્ષશ્રી : (xxxxxx) શબ્દ કાઢી નાંખો અને સીધો સવાલ પૂછો. સવાલ પૂછવામાં આવા (xxxxxx) ન રાખવા. (xxxxxx) વાપરવો પડે એવા, સીધો સવાલ પૂછો.

---

* આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાખવામાં આવ્યા.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, આ લાલ લાઇટ કોણે લગાડી હતી અને સરકારશ્રીના ધ્યાન ઉપર કયારે આવ્યું? તેની ઉપર શિક્ષાત્મક શું પગલાં ભરવામાં આવ્યા?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી,મેં કહ્યું તે પ્રમાણે આગલા વર્ષે આ ફરિયાદ હતી. જે તે વખતે લાલ લાઇટ દૂર કરાવી અને હજું કહું છું કે નિયમોથી વિરુદ્ધ કોઇપણ વ્યક્તિ, કોઇપણ પક્ષના હોદ્દેદારો લાઇટ લગાવશે તો તે દૂર કરવામાં આવશે અને કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

શ્રી દુષ્યંતભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને હું પૂછવા માગું છું કે કયા મહાનુભાવોના વાહનોને લાલ લાઇટ લગાડી શકાય અને તે નકકી કરવાની સત્તા કયા નિયમથી છે અને કોને છે?

અધ્યક્ષશ્રી : તે લાઇટ કયાં લગાડી શકાય તેનું લિસ્ટ આપ્યું છે.

શ્રી દુષ્યંતભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, કયા નિયમથી છે અને કોને આ સત્તા છે?

અધ્યક્ષશ્રી : આ બધુ લિસ્ટ નિયમ મુજબ જ છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ભારત સરકારનો જે સેન્ટ્રલ વ્હીકલ એકટ.૧૯૮૯નો છે તેના નિયમ.૧૦૮(૧)માં લાલ લાઇટ કોણ લગાડી શકે, કોને લગાડી શકવાનો અધિકાર છે તે નકકી કરવાની સત્તા રૂલ્સ–ર થી રાજય સરકારને આપી છે. રાજય સરકાર નોટીફીકેશન બહાર પાડી અને કોને કોને આ લાઇટ લગાડી શકવાની પરવાનગી આપવામાં આવે છે તે આ નોટીફીકેશનથી નકકી કરે છે. આ ગૃહને હું જણાવીશ કે ૧૯૯૭માં એક એવા મુખ્યમંત્રી આવ્યા હતા તેમણે બધી લાલ લાઇટો બહાર કાઢી અને પછી ફરી ઉમેરી દીધી હતી.

શ્રી રાજેન્દ્રસિંહ ઘી. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, સુપ્રીમ કોર્ટે હમણાં આખા દેશમાં જે ગેરકાયદેસર લાઇટ લગાવે તેને કાઢી નાંખવાનું કહ્યું છે. માનનીય મંત્રીશ્રીને મારે કહેવું છે કે અમારા જિલ્લામાં માનનીય અમિતભાઇએ કહ્યું તેમ ગઇકાલ સાંજ સુધી જિલ્લા પંચાયતના પ્રમુખની ગાડી ઉપર લાલ લાઇટ હતી તે કાઢવા માગો છો કે કેમ?

અધ્યક્ષશ્રી : નામ નહીં લેવાનું તમારે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, વારંવાર કહ્યું કે કોઇપણ પક્ષના હોય, બિનઅધિકૃત વ્યક્તિ હોય લાલ લાઇટ લગાવી ન શકે. તેની વિરુદ્ધ કાર્યવાહી કરીશું.

અધ્યક્ષશ્રી : એક મિનિટ. તમારા પ્રશ્નનો જવાબ આપ્યો કે જેણે લાલ લાઇટ લગાડી હશે તે કાઢી નાંખવામાં આવશે. તમે બેસો. દંડક ઉભા હોય ત્યારે બાકીના ઉભા ન થાય.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, આપશ્રી મારફતે માનનીય મંત્રીશ્રી પાસેથી અમારી એટલી જ માગણી છે કે, લાલ લાઇટ કોણે લગાવી હતી, અને લગાવી હતી ત્યારે સરકાર હા પાડે છે તો એના ઉપર શિક્ષાત્મક પગલાં શું લીધાં? એટલો જ સાવાલ છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારી પાસે કોઇ નામ નથી, પણ જેમણે લગાવી હતી એ લાલ લાઇટ દૂર કરવામાં આવી છે. કોઇપણ વ્યક્તિ હોય.

અધ્યક્ષશ્રી : બીજાં પગલાં નથી લીધાં, એટલું જ છેને?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : એ લાલ લાઇટ દૂર કરાવી છે.

અધ્યક્ષશ્રી : જવાબ આવી ગયો, હવે ચર્ચાનો સવાલ નથી, પ્રશ્નોત્તરી છે. આપ બેસો, શા માટે ઉભા થાઓ છો? તમે ધારો એવો પ્રશ્નનો જવાબ ના મળે. સાંભળી લો, કોઇએ ઉભા થવાની જરૂર નથી. જેને પ્રશ્નનો જવાબ બરાબર ન મળ્યો હોય અને પ્રશ્નનો જવાબ ખોટો મળ્યો હોય તો એના માટે નિયમના નિયમની અંદર કાર્યવાહી કરવાની આપને છૂટ છે. બાકી કોઇ ચર્ચા આની માટે થઇ શકે નહીં. પ્રશ્ન ક્રમાંક– ૩. (અંતરાય) કોઇ ચર્ચા નહીં, હવે પ્રશ્ન પૂરો થઇ ગયો. તમારે દર વખતે ઉભું થવું એવું નથી. આપના દંડકશ્રી છે જે કંઇ હકીકત હશે એ કહેશે. કોઇ આર્ગ્યુમેન્ટ ન કરવી. તમે ધારો એવા, તમારે જોઇએ એવા જવાબ ના મળે. માનનીય પુંજાભાઇ, આમ આમ કરવાની કોઇ જરૂર નથી. તમે ઉભા પણ નથી થયા અને તમે પ્રશ્ન પણ નથી પૂછ્યો. જેણે પ્રશ્ન પૂછયો હોય અને એને પૂરો જવાબ ન મળ્યો હોય તો એ કહી શકે. તમે બેસી જાઓ,

કોઇ સવાલ નથી. ચર્ચા બંધ કરવામાં આવે છે, પ્રશ્ન ક્રમાંક–૩, (અંતરાય) તમારે જોઇએ એવા જવાબ ન મળે. હવે પ્રશ્ન પૂરો થઇ ગયો. આપ બેસો. પ્રશ્ન ક્રમાંક– ૩.

**પાટણ જિલ્લામાં પેન્શનરોની સંખ્યા**

* ૩૯૮૨ **શ્રી દિલીપકુમાર વી. ઠાકોર(ચાણસ્મા) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પાટણ જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ પેન્શનરોની કુલ સંખ્યા કેટલી છે, | (૧) ૭,૨૨૫. |
| (૨) ઉક્ત પેન્શનરો પૈકી કેટલા પેન્શનરો તિજોરી કચેરી દ્વારા પેન્શન મેળવે છે, | (૨) શૂન્ય. |
| (૩) કેટલા પેન્શનરો બેંક મારફત પેન્શન મેળવે છે, અને | (૩) ૭,૨૨૫. |
| (૪) કેટલા પેન્શનરો મનીઓર્ડરથી પેન્શન મેળવે છે? | (૪) શૂન્ય. |

શ્રી દિલીપકુમાર વી. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, પાટણ જિલ્લામાં જે પેન્શનરો પોતાનું પેન્શન બેંક મારફત મેળવે છે, તો આ પેન્શન બેંકમાં કયારે જમા થાય છે અને આ જમા થયેલા પેન્શનની જાણ પેન્શનરોને આ જમા થયું છે એ કઇ પદ્ધતિથી જાણવા મળે છે?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકાર તરફથી દર મહિને નિશ્ચિત સમય મર્યાદામાં પેન્શનરોનું પેન્શન જમા કરવામાં આવે છે અને એની પેન્શનર સ્લીપ મેળવી શકે છે. પોર્ટલ મેં અગાઉ કહ્યું એમ ચાલુ કર્યું છે. દરેક પેન્શનર પોર્ટલ ઉપરથી પણ ઘરે બેઠાં કોઇ અશકત હોય, બહાર ન નીકળી શકે એવા હોય તો પણ આ માહિતી મેળવી શકે છે.

શ્રી હીરાભાઇ હ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપશ્રી મારફતે માનનીય મંત્રીશ્રી પાસેથી હું જાણવા માગું છું કે, છઠ્ઠા વેતન પંચનો જે દિવસથી અમલ ગુજરાત સરકારે કર્યો એ પહેલાં જે લોકો સિલેકશન ગ્રેડને પાત્ર હતા અને એવા આચાર્યશ્રીઓને છઠ્ઠા વેતન પંચનો લાભ આપ્યો તો બાકી રહી ગયેલા પ્રાધ્યાપકોને છઠ્ઠા વેતન પંચનો લાભ સરકાર આપવા માગે છે કે કેમ?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આમાંથી આ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. આ ફકત પેન્શનરોનો સવાલ છે. માનનીય સભ્યશ્રી, ચાલુ કર્મચારીના પગારની વાત કરે છે, કેમ કે તમે પ્રોફેસર છે.

શ્રી રણછોડભાઇ મ. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, આપશ્રી મારફતે માનનીય મંત્રીશ્રી પાસેથી હું જાણવા માગું છું કે, પાટણ જિલ્લામાં ૩૧–૧૨–૧૨ના અંતિતે કેટલા પેન્શનરો મેડીકલ એલાઉન્સ મેળવે છે?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, પાટણ જિલ્લાના જે કુલ પેન્શનરો છે, એ પૈકી ૭૦૪૬ પેન્શનરો મેડીકલ એલાઉન્સ મેળવે છે એ સાથે સાથે એ પણ માનનીય સભાગૃહના ધ્યાન ઉપર મૂકું કે, અગાઉ મેડીકલ એલાઉન્સ માસિક સો રૂપિયા હતું, જે રાજય સરકારે, માનનીય મુખ્ય મંત્રીશ્રીએ તા. ૧–૧૦–૧૨થી વધારીને માસિક ૩૦૦ રૂપિયા કર્યું છે. મોટા ભાગના પેન્શનરો આ ઉચ્ચક મેડીકલ એલાઉન્સનો લાભ મેળવે છે અને ૧૩૦ પેન્શનરો રીએમ્બર્સમેન્ટ મેળવે છે એટલે કે ઉચ્ચક ના મેળવે અને કોઇ હોસ્પિટલમાં જવાનું થાય કોઇ બિમાર પડે તો હોસ્પિટલની સારવારનો ખર્ચ એ રાજય સરકાર ભોગવે છે એટલે રીએમ્બર્સમેન્ટમાં એની પદ્ધતિ આવે છે.

શ્રી નાગરજી હ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી મંત્રીશ્રીને પૂછવા માગુ છું કે, પાટણ જિલ્લામાં ૮૦ વર્ષથી ઉપરની ઉંમરના કેટલા પેન્શનરો છે, તે પૈકી ૧૦૦ વર્ષથી વધુ ઉંમરના કેટલા પેન્શનરો છે?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, પાટણ જિલ્લામાં કુલ ૭૨૨૫ પેન્શનર છે ૮૦ વર્ષથી નીચેના ૭૦૩૭ છે અને જેમને ૨૦ ટકા વધારાનું પેન્શન આપવામાં આવે એવા ૧૮૮ પેન્શનર છે અને એમાં ૮૦ થી ૮૫ વર્ષથી ઉપરની ઉંમરના પેન્શનર ૧૩૮ કે જેમને પણ ૨૦ ટકા વધારનું પેન્શન આપવામાં આવે, એ જ રીતે ૮૫ થી ૯૦ વર્ષના ૪૦ પેન્શનર કે જેમને મૂળ પેન્શનની સાથે ૩૦ ટકા વધારાનું પેન્શન આપવામાં આવે છે, ૯૦ થી ૯૫ વર્ષની ઉંમરના ૯ પેન્શનર કે જેમને ૪૦ ટકા પેન્શન વધારે આપવામાં આવે અને ૯૫ થી ૧૦૦ વર્ષની ઉંમરના ૧ પેન્શનર છે એમને ૫૦ ટકા વધુ પેન્શન આપવામાં આવે છે પણ ૧૦૦ વર્ષથી વધુ ઉંમરના એક પણ પેન્શનરશ્રી હયાત નથી.

શ્રી નારાયણભાઇ  લ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા હું માનનીય મંત્રીને પૂછવા માગુ છું કે આ પહેલા વૃદ્ધોને પેન્શન માટે પેન્શન ઓફીસમાં જવું પડતું હતું પણ આ ઐતિહાસિક નિર્ણય કઇ તારીખથી કરવામાં આવ્યો, અને ૯૦ વર્ષથી ઉપરની ઉંમરના હોય કે જેઓ બેન્કમાં પણ જઇ શકે એવી હાલત ન હોય તો એમના માટે કોઇ અલગ વ્યવસ્થા કરવા માગે છે કે કેમ?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મેં અગાઉ પણ કહ્યું એ પ્રમાણે કોઇ પણ ઉંમરના પેન્શનર હોય તમામનું પેન્શન એમના બેન્ક ખાતામાં જમા થાય એ પ્રકારની વ્યવસ્થા છે આમાં ઉંમરને કોઇ બાધ નથી. અને આ જે વ્યવસ્થા કરવામાં આવી એ ત્રણેક વર્ષ પહેલાથી કરવામાં આવી છે.

શ્રી જસાભાઇ ભા. બારડ : માનનીય અધ્યક્ષશ્રી, મારે મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે, પેન્શન પોલિસી જે આગળ હતી, નવી પોલિસી રાજય સરકારે ક્યારથી સ્વીકારી અને હાલમાં નવી પોલિસીની શરતો કઇ કઇ છે?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આમાં શરતો નથી પણ પદ્ધતિ છે. પહેલા પી.એસ.બી. એટલે પબ્લિક સેન્ટર બેન્ક જેને આપણે સિડ્યુલ બેન્ક પણ કહીએ છીએ એ બેન્કમાં પેન્શનરો પોતાની ઇચ્છા પ્રમાણે જેમને જે બેન્કમાં ખાતું ખોલાવવું હોય ત્યાં ખોલાવતા હતા અને એ ખાતામાં પછી એમની રકમ જમા થાય એ  એમને રૂબરુમાં ચેક ભરી રકમ લેવા જવું પડતું હતું, નાણા વિભાગે ૨૦૦૮થી આ પદ્ધતિ પી.એસ.બી.ની બંધ કરી અને મેં કહ્યું એ પ્રમાણે આપણે રકમની ચૂકવણી કરીએ છીએ અને કેટલાક દૂર દૂરના પેન્શનરો મનીઓર્ડરથી પણ જો પેન્શન મેળવતા ઇચ્છતા હોય તો મનીઓર્ડર દ્વારા પેન્શન મોકલવામાં આવે છે પણ મોટા ભાગના પેન્શનરો ખાતામાં પેન્શન મેળવે છે.

શ્રી રજનીકાન્ત મો. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપની મારફત હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગુ છું કે, પાટણ જિલ્લામાં નિવૃત્તિ બાદ પેન્શન અથવા પ્રોવિઝનલ પેન્શન ન મળતા હોય એવા કેટલા કર્મચારી છે?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ માહિતી મારી પાસે નથી.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને પૂછવા માગુ છું કે, દર વર્ષે જુલાઇ માસમાં હયાત હોય એવું સર્ટીફિકેટ જિલ્લા કક્ષાએ લેવું પડે છે. ભૂતકાળમાં પહેલા તાલુકા કક્ષાએ હતું તો મારી વિનંતી છે કે ફરીથી તાલુકા કક્ષાએ કરવા માગો છો કે કેમ?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હવે તો આપણે વ્યવસ્થા કરી છે કે પોર્ટલ ઉપર પોતે ડાઉનલોડ કરી કર્મચારી પોતે ભરીને મોકલી આપે અને એની ચકાસણી થાય તો પણ આપણે માન્ય રાખીએ છીએ.

તા.૨૧ મી માર્ચ, ૨૦૧૩
તારાંકિત પ્રશ્નો

**જૂનાગઢ જિલ્લામાં પેન્શનરોની સંખ્યા**

* ૪૦૨૪ **શ્રી મધુભાઇ બા. શ્રીવાસ્તવ(વાઘોડિયા) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જૂનાગઢ જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ પેન્શનરોની કુલ સંખ્યા કેટલી છે, | (૧) ૧૫,૦૦૩. |
| (૨) ઉક્ત પેન્શનરો પૈકી કેટલા પેન્શનરો તિજોરી કચેરી દ્વારા પેન્શન મેળવે છે, | (૨) શૂન્ય. |
| (૩) કેટલા પેન્શનરો બેંક મારફત પેન્શન મેળવે છે, અને | (૩) ૧૫,૦૦૩. |
| (૪) કેટલા પેન્શનરો મનીઓર્ડરથી પેન્શન મેળવે છે? | (૪) શૂન્ય. |

**શ્રી મધુભાઇ બા. શ્રીવાસ્તવ :** માનનીય અધ્યક્ષશ્રી, મારો જુનાગઢનો પ્રશ્ન છે અને જુનાગઢની ભૂમિ સંતોની ભૂમિ છે. મારો પ્રશ્ન એ છે કે જુનાગઢ જિલ્લામાં બેન્ક મારફતે પેન્શન મેળવતા પેન્શનરોની હયાતીની ખાતરી કરવામાં આવે છે? બીજો પ્રશ્ન સરકારશ્રી તરફથી માંદા, અશક્ત અને હયાત પેન્શનરોની હયાતીની ખરાઇ કરવાની શી વ્યવસ્થા છે?

**શ્રી નીતિનભાઇ ર. પટેલ :** માનનીય અધ્યક્ષશ્રી, જે ઉંમરલાયક પેન્શનરો હોય એમને શક્ય એટલી સરળતા થાય એ માટે આપણા જે નિયમો અમલમાં છે એમાં દર વર્ષે જુલાઇથી સપ્ટેમ્બર માસ દરમ્યાન પેન્શનર પોતાની બેન્ક અથવા જિલ્લા તિજોરી કચેરી ખાતે હયાતીની ખાતરી કરાવે છે, બીજું પેન્શનરો માટે વર્ષ ૨૦૧૩ થી જે આપણે વ્યવસ્થા કરી છે એ પ્રમાણે મે, જુન અને જુલાઇ માસમાં બેન્ક અગર જિલ્લા તિજોરી કચેરી ખાતે પણ પોતાની હયાતીની ખરાઇ કરી શકે છે, સમય લંબાવી આપ્યો છે, એમની અનુકૂળતાએ જાય તો પણ ખરાઇ કરવામાં આવે છે. બીજું માનનીય મધુભાઇએ પુછ્યું કે માંદા, અશક્ત અને પથારીવશ કોઇ પેન્શનર હોય તો જિલ્લા તિજોરી કચેરીને જાણ કરે તો એવા પેન્શનરો માટે જિલ્લા તિજોરી કચેરીના અધિકારીઓ એ પેન્શનરના ઘેર જઇને અને એમની ખરાઇ પણ કરી આપે છે એટલે ઘેર બેઠાં પણ ખરાઇની વ્યવસ્થા આપણે રાખી છે.

**શ્રી અરવિંદભાઇ કે. લાડાણી :** જુનાગઢ જિલ્લાની અંદર ૮૦ વર્ષથી ઉપરના કેટલા પેન્શનરો છે અને તેમાં પણ ૧૦૦ વર્ષથી ઉપરના કેટલા પેન્શનરો છે તે મારે જાણવું છે.

**શ્રી નીતિનભાઇ ર. પટેલ :** માનનીય અધ્યક્ષશ્રી, જુનાગઢના કુલ ૯૬૦૯ પેન્શનરો છે એમાં ૮૦ વર્ષથી નીચેની ઉંમરના ૮૮૪૮, ૮૦ વર્ષથી ઉપરના ૭૬૧, ૮૦ થી ૮૫ વર્ષના ૪૩૭, ૮૫ થી ૯૦ વર્ષના ૨૨૩, ૯૦ થી ૯૫ વર્ષના ૫૮, ૯૫ થી ૧૦૦ વર્ષના ૪૧ અને ૧૦૦ વર્ષથી વધુ ઉંમરના ૨ (બે) પેન્શનર જુનાગઢ જિલ્લામાં આવેલા છે. એમને ડબલ પેન્શન આપવામાં આવે છે. જેમ જેમ ૮૦ વર્ષથી ઉપર ઉંમર થતી જાય તેમ આપણે પેન્શનની ટકાવારી વધારતા જઇએ છીએ.

**શ્રી જશુભાઇ ધા. બારડ :** માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ એવું જણાવેલું કે કોઇપણ કર્મચારી નિવૃત્ત થતો હોય ત્યારે એનો જે સ્કેલ ગણવામાં આવે ત્યારે એ ઉપર એનું પેન્શન છેલ્લાં પગાર પ્રમાણે નક્કી થતું હોય છે, હું ફરીને એક પ્રશ્ન દોહરાવું છું કે ૨૦૦૭નો જે જી.આર. છે બાર વર્ષે અને ચોવીસ વર્ષે એને પ્રમોશન અને હાયર પે સ્કેલ મળે તો જે પેન્શનરો અત્યારે છે એ નિવૃત્ત થઇ ગયા પણ એને બાર વર્ષ અને ચોવીસ વર્ષનો હાયર પે સ્કેલ હજીસુધી મળ્યો નથી. દા.ત. કોઇપણ વિભાગ, પોલીસ વિભાગ ગણીએ કે બીજા કોઇપણ વિભાગની અંદર પણ એ મળ્યો નથી અને એની રજૂઆતો પેન્ડિંગ પડી છે, પેન્શન મળે છે પણ હાયર સ્કેલ મંજૂર નહિ થવાના કારણે એને પેન્શનમાં લોસ જાય છે એની વિચારણાઓ વિભાગમાં પડી છે તો સરકાર એ અંગેનો અન્યાય દૂર કરવા માગે છે કે કેમ?

**શ્રી નીતિનભાઇ ર. પટેલ :** માનનીય અધ્યક્ષશ્રી, પહેલું તો આ કોઇ અન્યાય ન કહેવાય, સરકારના છ લાખ કર્મચારીઓ છે, ૭૦૦૦ કરોડ રૂપિયા દર વર્ષે સરકાર નિવૃત્ત કર્મચારીઓને પેન્શન ચૂકવે છે,

કોઇપણ કર્મચારીના કોઇપણ પ્રકારના કેસ હોય તો રજૂઆતો થાય છે અધિકારીઓ એનું નિરાકરણ કરે છે છતાં કોઇને કોઇ જરૂરિયાત હોય તો સંપર્ક કરશે તો એને મદદ કરવામાં આવશે. બીજું પદ્ધતિ એવી છે કે રાજ્ય સરકારમાં નીતિ વિષયક રીતે છઠ્ઠું પગાર પંચ હોય તો એનો લાભ ઓટોમેટિક મળી જાય, મોંઘવારી ભથ્થું જેમ જેમ વધે તો એનો લાભ પણ પેન્શનમાં આપોઆપ મળી જાય એટલે ૯૯ ટકા તો કર્મચારીઓને જે વધારો જેમ જેમ મળવાપાત્ર હોય તેમ તેમ એ આપોઆપ ગણી, એમને કોઇ માગણી કરવી પડતી નથી, સરકાર પોતે ગણતરી કરીને જે લાભ મળવાપાત્ર છે એ એમના બેન્ક એકાઉન્ટમાં જમા કરી દે છે, છતાં કોઇને કોઇ જગ્યાએ વિસંગતતા જેવું હોય તો રજૂઆત કરશે તો અભ્યાસ કરીશું.

**શ્રી જેઠાભાઇ દા. સોલંકી :** આપના માધ્યમ દ્વારા હું માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે, જુનાગઢ જિલ્લાના તારીખ ૩૧–૧૨–૨૦૧૨ અંતિત રાજ્ય સરકારના અને પંચાયતના કેટલા પેન્શનરો છે**?**

**અધ્યક્ષશ્રીઃ** આ આખા રાજ્યનો સવાલ નથી તમારા જિલ્લાનો કોઇ પ્રશ્ન હોય તો, જુનાગઢ જિલ્લા પૂરતી વાત છે.

**શ્રી નીતિનભાઇ ર. પટેલ :** માનનીય અધ્યક્ષશ્રી, દરેક જગ્યાએ બે પ્રકારના પેન્શનરો હોય છે, રાજ્ય સરકારની નોકરીમાંથી નિવૃત્ત થયેલા અને પંચાયત કેડરમાંથી, જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત વિગેરેમાંથી નિવૃત્ત થયેલા, જુનાગઢ જિલ્લાનો માનનીય સભ્યશ્રીએ જે પ્રશ્ન પુછ્યો છે એમાં રાજ્ય સરકારના ૬૧૫૨ પેન્શનરો છે અને પંચાયતના ૪૩૩૩ પેન્શનરો છે.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માંગુ છું કે, ૩૧–૧૨–૧૨ની સ્થિતિએ જૂનાગઢ જિલ્લામાં જે પેન્શનરો છે તેમને આ તારીખે ચૂકવવાની કોઇ રકમ બાકી રહી છે કે કેમ?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મેં જેમ અગાઉ પણ વારંવાર કહ્યું કે, દર મહિને દરેકના ખાતામાં પેન્શન જમા થઇ જાય છે જ.

### અમદાવાદ અને વડોદરા જિલ્લામાં થેલેસેમિયાના દર્દીઓની સંખ્યા

* ૩૯૮૭ **શ્રી હસમુખભાઇ સો. પટેલ(અમરાઇવાડી) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) અમદાવાદ અને વડોદરા જિલ્લામાં તા. ૩૧–૧૨–૧૨ ની સ્થિતિએ થેલેસેમીયાના કેટલા દર્દીઓ છે, અને

(૨) થેલેસેમીયાના દર્દીઓ માટે આરોગ્ય વિષયક સેવાઓ પૂરી પાડવા સરકારે શી વ્યવસ્થા કરેલ છે?

**જવાબ**

(૧) અમદાવાદ અને વડોદરા જિલ્લામાં તા. ૩૧–૧૨–૧૨ ની સ્થિતિએ થેલેસેમીયાના નીચે મુજબ દર્દીઓ છે

| અમદાવાદ જિલ્લો | વડોદરા જિલ્લો |
|---|---|
| ૨૪૮ | ૧૧૦ |

(૨) થેલેસેમીયાના દર્દીઓને આરોગ્ય વિષયક સેવાઓ પૂરી પાડવા માટે રાજ્ય સરકારે વર્ષ ૨૦૧૨–૧૩માં રાજ્યની હોસ્પિટલોને રૂા. ૧૦૦.૦૦ (સો) લાખનું અનુદાન ફાળવેલ છે.

– સીવીલ હોસ્પિટલ, અમદાવાદ ખાતે થેલેસેમીયાના દર્દીઓને સારવાર પુરી પાડવા થેલેસેમીયા કલીનીક ખાતે દર્દીઓનું નિદાન તથા કાઉન્સેલીંગ કરી જરૂરીયાત મુજબ લોહી ચઢાવવાની સારવાર તેમજ આયર્ન ચીલેટર (Iron Chelator) દવા તથા રસીકરણની સારવાર નિઃશુલ્ક પૂરી પાડવામાં આવે છે.

– એસ.એસ.જી. હોસ્પિટલ તેમજ જી.એમ.ઈ. આર.એસ. મેડીકલ કોલેજ અને જનરલ હોસ્પિટલ, વડોદરા ખાતે પણ ઉક્ત આરોગ્ય વિષયક સેવાઓ વિનામૂલ્યે ઉપલબ્ધ કરાય છે.

શ્રી હસમુખભાઇ સો. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માંગુ છું કે, આ થેલેસેમીયાના દર્દીઓને બ્લડ પૂરું પાડવા માટે શું આયોજન છે ? અને મારો બીજો પ્રશ્ન છે કે, થેલેસેમીયા અટકાવવા માટે કોઇ ઉપાય છે કે કેમ ?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ થેલેસેમીયા જે રોગ છે તે આનુવંશિક રોગ છે. એટલે એક જ પ્રકારની જીનેટિક રીતે જે તકલીફ હોય, જે બન્ને પતિ-પત્ની લગ્ન કરે અને તેમના ૨૫ ટકા બાળકો એટલે એમાં થેલેસેમીયા આનુવંશિક થઇ શકે છે. આમાં માનનીય હસમુખભાઇએ જે પ્રશ્ન કર્યો કે એની કોઇ સારવાર છે કે કેમ ? એની સો ટકા પ્રૂવ કોઇ સારવાર નથી પણ બોન મેરો ટ્રાન્સપ્લાન્ટ કરી અને બોન મેરો જો મળતા આવતાં હોય જે દર્દીને બોન મેરો ચડાવવાનું હોય એને બોન મેરો આપનાર બધી જ રીતે અનુકૂળ હોય સાયન્ટીફિકલી, મેડિકલ રીતે બોન મેરો લઇ શકાતો હોય અને ટ્રાન્સપ્લાન્ટ કરીએ તો આપણાં દેશની વાત કરું છું, પ્રયોગાત્મક રીતે તેનો બચાવ થઇ શકે છે. બીજુ, માનનીય સભ્યશ્રીએ જે પ્રશ્ન પૂછયો કે જયાં સુધી આ દર્દી હોય ત્યાં સુધી તેમને અમુક અમુક સમયે તેમના રકતને બદલતું રહેવું પડે છે. બ્લડ ટ્રાન્સપ્લાન્ટ કરવું પડે છે. તો આવા દર્દીઓને રાજય સરકારની નક્કી કરેલી હોસ્પિટલોમાં વિના મૂલ્યે રકતદાન આપવામાં આવે છે અને તેની તમામ સગવડ વિના મૂલ્યે આપવામાં આવે છે.

ડો. અનિલ જોષીયારા : માનનીય અધ્યક્ષશ્રી, આ ગંભીર પ્રકારનો રોગ છે અને જલ્દી મટતો પણ નથી. મારે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે, આની દવા ના હોવાના કારણે ઘણા બધા દર્દીઓને મુશ્કેલીમાં મૂકાવું પડયુ હતું. તમે આની દવા ખરીદવા માટે ટેન્ડર બહાર પાડયુ હતું અને સાત આઠ મહિના સુધી તેમાં કોઇ એકશન લીધા નહીં. અને પછી એની એ કંપનીને રહેવા દઇ અને પછી બીજુ ટેન્ડર બહાર પાડયુ. એટલે મારે મંત્રીશ્રીને પૂછવું છે કે, એક કંપનીને તમે ટેન્ડર બહાર પાડો છો એનો નિર્ણય નથી કરતાં અને બીજી કંપનીને ફરી પાછું ટેન્ડર બહાર પાડો છો. તો એના કારણો શું છે ?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : આમાંથી આ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

અધ્યક્ષશ્રી : આ પદ્ધતિનો પ્રશ્ન છે.

શ્રી વલ્લભભાઇ ગો. કાકડીયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માંગુ છું કે, આ થેલેસેમીયા રોગ કેવી રીતે અટકાવી શકાય? તેના માટે શું શું કરવું જરૂરી હોય છે? આ પહેલાં અટકાવી શકાય છે કે કેમ?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ આનુવંશિક રોગ છે. તેમાં અટકાવવા માટે, તેને થતો અટકાવવો તેના માટે જો આપણે તેનું ટેસ્ટીંગ કરીએ અને થેલેસેમીયા પ્લસ જેને આવતું હોય માઇનોર એ બન્ને વ્યકિત લગ્ન કરે તો તેમના બાળક એ મેજર થેલેસેમીયાના દર્દી થઇ શકે છે. અગાઉ મેં કહ્યું તેમ ૨૫ ટકા બાળકો, એટલે કોઇને ચાર બાળક હોય તો એક બાળકને આ થવાની શકયતા વધારે રહે છે. એટલે સૌથી સારો ઉપાય એ છે કે, થેલેસેમીયા માઇનોરવાળા સ્ત્રી-પુરુષ જો લગ્ન ના કરે તો ચોક્કસ આ રોગને અટકાવી શકાય છે.

શ્રી મોહનસિંહ છો. રાઠવા : માનનીય અધ્યક્ષશ્રી, મારે એટલું જ જાણવું છે કે, ૨૦૧૨-૧૩માં રાજયની હોસ્પિટલોને ૧૦૦ લાખનું અનુદાન ફાળવેલ છે. તો રાજય સરકારની કઇ કઇ હોસ્પિટલોને કેટલી રકમની ગ્રાન્ટ આપવામાં આવી ?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ ઉચ્ચક રકમ છે. રાજયના કોઇ પણ વિસ્તારના દર્દી સરકારી મેડિકલ કોલેજ, સરકારી હોસ્પિટલ અને આવી વ્યવસ્થા ધરાવતી હોસ્પિટલોમાં જાય તો એમને આવવા-જવાનો બસનો પાસ પણ આપણે મફત આપીએ છીએ. તેની સાથે તેના માતા-પિતા જાય તેને પણ આપણે ૫૦ ટકા રાહતથી પાસ આપીએ છીએ. અને જે બ્લડ ટ્રાન્સફર કરવાનું છે એનો તમામ ટ્રીટમેન્ટનો ખર્ચ સરકાર ભોગવે છે અને મફત કરી આપે છે. થેલેસેમીયાના દર્દીને વારંવાર રકત બદલવામાં આવતું હોવાને કારણે આયર્નની માત્રા વધી જાય છે અને તે પણ ભયજનક છે. એટલે આયર્નની માત્રા ઓછી કરવા માટેની દવા પણ રાજય સરકાર તરફથી મફત આપવામાં આવે છે.

શ્રી યોગેશ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ થેલેસેમીયાના વડોદરાની હોસ્પિટલમાં ૧૧૦ દર્દીઓ સારવાર માટે દાખલ થયેલા છે. અને એમની સારવાર નિશૂલ્ક આપવામાં આવે છે તો એક દર્દી પાછળ આશરે કેટલો ખર્ચ કરવામાં આવે છે? અને આ દર્દીઓમાં કેટલા પુરુષો, કેટલી સ્ત્રીઓ અને કેટલા બાળકો છે?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : સ્ત્રી, પરુષ અને બાળકોનો આંકડો તો મારી પાસે નથી, પરંતુ ઉંમરવાઇઝ વડોદરા જિલ્લામાં વાત કરું તો ૧૮ વર્ષથી નીચેના દર્દીઓ ની સંખ્યા ૯૬ છે, ૧૮ વર્ષથી ઉપરની સંખ્યા ૧૪ છે અને કુલ ૧૧૦ દર્દીઓ છે. અને કોઇ પણ દર્દીને જેટલી વાર રકત ટ્રાન્સપલાન્ટ કરાવવું હોય અને નવું લોહી આપવાની જરૂરિયાત હોય તો તે માટે ખર્ચની કોઇ મર્યાદા નથી, અને તમામ ખર્ચ રાજય સરકાર આપે છે.

**ભરૂચ આર.ટી.ઓ. કચેરીના નવા મકાન બાંધકામનો અંદાજિત ખર્ચ**

* ૪૦૫૧ **શ્રી ઇશ્વરસિંહ ઠા. પટેલ(અંકલેશ્વર) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભરૂચ આર.ટી.ઓ. કચેરી માટેના નવા મકાનનું બાંધકામ શરૂ કરવામાં આવેલ છે તે હકીકત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) આ મકાનના બાંધકામનો અંદાજિત ખર્ચ તા.૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ શી છે? | (૨) રૂા. ૨,૮૬,૧૩,૯૬૧/–. |

શ્રી ઇશ્વરસિંહ ઠા. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રીને એ પૂછવા માગું છું કે ભરુચ ખાતે આર.ટી.ઓ. કચેરી કયા સ્થળે બની રહેલ છે અને તેના માટે કેટલી જગ્યા ફાળવવામાં આવેલ છે અને કુલ કેટલો ખર્ચ થનાર છે?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : ભરૂચ, અંકલેશ્વરનો આખો વિસ્તાર રાજય સરકારની અનેક યોજનાઓનો લાભ લઇ અને ઉદ્યોગોથી ધમધમતો થયો છે. હજારો લોકો ત્યાં કામ કરવા આવે છે, વસતિ વધતી જાય છે, એટલે સ્વાભાવિક છે કે વાહનોની સંખ્યા પણ વધે, આ ભારણને પહોંચી વળવા માટે અને ખાસ કરીને નાગરિકોની સુવિધા માટે રાજય સરકારે વર્ષ ૨૦૧૦માં ભરૂચમાં નવી આર.ટી.ઓ. કચેરી જે અત્યાર સુધી ભાડાના મકાનમાં ચાલે છે તેના બદલે નવી કચેરી બનાવવા માટે ૮૦૯૪ મીટર જમીન નેશનલ હાઇવે પાસે વડદલા ગામ છે તે વગદલા ગામની પાસે ફાળવી આપેલ છે. અને પાંચેક કરોડ રૂપિયાનો અંદાજિત ખર્ચ થનાર છે અને આ મકાનનું કામ પૂર્ણતાના આરે છે.

શ્રી અરૂણસિંહ અ. રાણા : માનનીય અધ્યક્ષશ્રી, હું એ જાણવા માગું છું કે એ.આર.ટી.ઓ.કચેરી ભરૂચમાં નાગરિકોને કઇ કઇ સુવિધા મળશે અને કયારે શરૂ થશે?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકારે નિર્ધાર કર્યો છે કે તમામ નાગરિકોને જે જે સેવાઓ મળવા પાત્ર હોય તે સારી રીતે સ્વમાનપૂર્વક સરળતાથી મળે અને પારદર્શકતાથી મળે, એ માટે આ એક અમારા વાહન વ્યવહાર વિભાગની કામગીરી છે કે જયાં લાયસન્સ લેવું, ટેકસ ભરવો, નવા વાહનોનું રજિસ્ટ્રેશન કરાવવું અનેક રીતે યુવાનો, ડ્રાઇવરો, વાહન માલિકો બધા આવતા હોય છે એમની સરળતા માટે દરેક જગ્યાએ ઓન લાઇન રજિસ્ટ્રેશન કરીએ છીએ, લાયસન્સ આપવાની, લર્નિંગ લાયસન્સ કોઇને લેવું હોય તો એ ત્યાં ને ત્યાં જ એની પરીક્ષા આપે, અને ત્યાં ને ત્યાં જ એને લર્નિંગ લાયસન્સ આપવાની વ્યવસ્થા છે, એ સિવાય ટેકસ ભરવો હોય તો સ્માર્ટ કાર્ડ આધારિત વ્યવસ્થા છે, અને આ બધો જ લાભ ભરૂચની એ કચેરીમાં જે વ્યવસ્થા આપી છે તેને મળવાનો છે.

શ્રી છત્રસિંહ પૂં. મોરી : માનનીય અધ્યક્ષશ્રી, હું એ પૂછવા માગું છું કે જે આર.ટી.ઓ. કચેરી ભરૂચમાં બનવાની છે એમાં વર્ષ ૨૦૧૩–૧૪ના વર્ષ માટે નવા મકાન માટે કેટલી નાણાકીય જોગવાઇ કરવામાં આવી છે? અને આમાં ડ્રાઇવીંગ ટેસ્ટ ટ્રેક બનાવવાનો છે કે કેમ અને કયા કયા વાહનોને ટેસ્ટ માટે જોડવાના છો?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આધુનિકરણના ભાગરૂપે આપણે દરેક આર.ટી.ઓ. કચેરી અને એ.આર.ટી.ઓ. કચેરી ખાતે ઓટોમેટીક ડ્રાઇવીંગ કોમ્પ્યુટર આધારિત ટેસ્ટ ટ્રેક

બનાવીએ છીએ. વાહન ચાલક વાહન ચલાવે, એની સેન્સરથી અને કેમેરાથી દેખરેખ થાય અને જો વાહન ચાલક નિષ્ફળ જાય તો તેને લાયસન્સ માટે ફરી બોલાવવામાં આવે છે પણ સફળ થાય તો એમને તરત જ ત્યાં લાયસન્સ આપવામાં આવે છે. આની અંદર પહેલા મેન્યુઅલ હતું એટલે ખૂબ દૂર જવું પડતું હતું, મોટા મેદાનમાં જમીન રોકવી પડે, આ પરિસ્થિતિનું આનાથી નિરાકરણ થયું છે. માનનીય સભ્યશ્રી છત્રસિંહભાઇનો પ્રશ્ન હતો કે આ વર્ષે કચેરી માટે કેટલી જોગવાઇ કરવામાં આવી છે. તો આ વર્ષે ૧,૧૬,૧૩,૦૦૦ની જોગવાઇ કરવામાં આવી છે. જૂન આખર સુધીમાં આ કચેરીનું બાંધકામ પૂર્ણ થઇ જશે.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : આ કામ કઇ એજન્સીને આપવામાં આવેલ છે? વર્ક ઓર્ડર કઇ તારીખે આપવામાં આવેલ છે અને આ કામ પૂર્ણ કરવાની ટાઇમ લિમિટ કઇ હતી?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : સન ૨૦૧૦ માં કામ મંજૂર કરવામાં આવેલ હતું. ટેન્ડર બહાર પડીને વર્ક ઓર્ડર આપવામાં આવ્યો હતો. મેં કહ્યું એમ જૂન આખર સુધીમાં આનું કામ પૂર્ણ થશે.

અઘ્યક્ષશ્રી : માનનીય દુષ્યંતભાઇ.

શ્રી દુષ્યંતભાઇ ર. પટેલ : માનનીય અઘ્યક્ષશ્રી, મને મારો જવાબ મળી ગયો છે.

**પાટણ જિલ્લામાં પેન્શનરોની સંખ્યા**

* ૪૦૧૮ **શ્રી ભરતસિંહજી ચં. ડાભી(ખેરાલુ) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પાટણ જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ પેન્શનરોની કુલ સંખ્યા કેટલી છે, | (૧) ૭,૨૨૫. |
| (૨) ઉક્ત પેન્શનરો પૈકી કેટલા પેન્શનરો તિજોરી કચેરી દ્વારા પેન્શન મેળવે છે, | (૨) શૂન્ય. |
| (૩) કેટલા પેન્શનરો બેંક મારફત પેન્શન મેળવે છે, અને | (૩) ૭,૨૨૫. |
| (૪) કેટલા પેન્શનરો મનીઓર્ડરથી પેન્શન મેળવે છે? | (૪) શૂન્ય. |

શ્રી ભરતસિંહજી શં. ડાભી : પાટણ જિલ્લામાં ૩૧-૧૨-૨૦૧૨ અંતિત પેન્શનરો પાછળ કુલ કેટલો ખર્ચ થાય છે?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : પાટણ જિલ્લાના પેન્શનરોને ૧૧૦ કરોડ ૫૯ લાખ રૂપિયાનું પેન્શન ચૂકવવામાં આવે છે.

**ડાંગ જિલ્લામાં પેન્શનરોની સંખ્યા**

* ૪૦૨૧ **શ્રી બચુભાઇ મ. ખાબડ(દેવગઢબારીયા) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ડાંગ જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ પેન્શનરોની કુલ સંખ્યા કેટલી છે, | (૧) ૧,૫૬૮. |
| (૨) ઉક્ત પેન્શનરો પૈકી કેટલા પેન્શનરો તિજોરી કચેરી દ્વારા પેન્શન મેળવે છે, | (૨) શૂન્ય. |
| (૩) કેટલા પેન્શનરો બેંક મારફત પેન્શન મેળવે છે, અને | (૩) ૧,૫૬૮. |
| (૪) કેટલા પેન્શનરો મનીઓર્ડરથી પેન્શન મેળવે છે? | (૪) શૂન્ય. |

શ્રી બચુભાઇ મ. ખાબડ : ૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ ૧૫૬૮ પેન્શનરો છે એ પૈકી ૮૦ વર્ષ ઉપરના કેટલા તથા સો વર્ષ ઉપરના કેટલા છે એ મારે જાણવું છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : ડાંગ જિલ્લામાં ૮૦ વર્ષથી ઉપરના ૧૯ પેન્શનર છે અને સો વર્ષ ઉપરનાં કોઇ પેન્શનર નથી.

**અમદાવાદ અને વડોદરા જિલ્લામાં થેલેસેમિયાના દર્દીઓની સંખ્યા**

* ૩૯૮૮ **શ્રી જયંતિભાઇ સ. રાઠવા(જેતપુર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અમદાવાદ અને વડોદરા જિલ્લામાં તા. ૩૧-૧૨-૧૨ ની સ્થિતિએ થેલેસેમીયાના કેટલા દર્દીઓ છે, અને

(૨) થેલેસેમીયાના દર્દીઓ માટે આરોગ્ય વિષયક સેવાઓ પૂરી પાડવા સરકારે શી વ્યવસ્થા કરેલ છે?

**જવાબ**

(૧) અમદાવાદ અને વડોદરા જિલ્લામાં તા. ૩૧-૧૨-૧૨ ની સ્થિતિએ થેલેસેમીયાના નીચે મુજબના દર્દીઓ છે

| અમદાવાદ જિલ્લો | વડોદરા જિલ્લો |
|---|---|
| ૨૪૮ | ૧૧૦ |

(૨) થેલેસેમીયાના દર્દીઓને આરોગ્ય વિષયક સેવાઓ પૂરી પાડવા માટે રાજ્ય સરકારે વર્ષ ૨૦૧૨-૧૩માં રાજ્યની હોસ્પિટલોને રૂા. ૧૦૦.૦૦ (સો) લાખનું અનુદાન ફાળવેલ છે.

- સીવીલ હોસ્પિટલ, અમદાવાદ ખાતે થેલેસેમીયાના દર્દીઓને સારવાર પુરી પાડવા થેલેસેમીયા કલીનીક ખાતે દર્દીઓનું નિદાન તથા કાઉન્સેલીંગ કરી જરૂરીયાત મુજબ લોહી ચઢાવવાની સારવાર તેમજ આયર્ન ચીલેટર (Iron Chelator) દવા તથા રસીકરણની સારવાર નિઃશુલ્ક પૂરી પાડવામાં આવે છે.
- એસ.એસ.જી. હોસ્પિટલ તેમજ જી.એમ.ઈ. આર.એસ. મેડીકલ કોલેજ અને જનરલ હોસ્પિટલ, વડોદરા ખાતે પણ ઉક્ત આરોગ્ય વિષયક સેવાઓ વિનામૂલ્યે ઉપલબ્ધ કરાય છે.

શ્રી જયંતિભાઇ સ. રાઠવા : માનનીય અધ્યક્ષશ્રી, મને મારા પ્રશ્નનો જવાબ મળી ગયો છે.

**ભરૂચ આર.ટી.ઓ. કચેરીના નવા મકાન બાંધકામનો અંદાજિત ખર્ચ**

* ૪૦૫૦ **શ્રી દુષ્યંતભાઇ ર. પટેલ(ભરૂચ) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભરૂચ આર.ટી.ઓ. કચેરી માટેના નવા મકાનનું બાંધકામ શરૂ કરવામાં આવેલ છે તે હકીકત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) આ મકાનના બાંધકામનો અંદાજિત ખર્ચ તા.૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ શી છે? | (૨) રૂા. ૨,૮૬,૧૩,૯૬૧/- |

શ્રી દુષ્યંતભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મને મારા પ્રશ્નનો જવાબ મળી ગયો છે.

**જૂનાગઢ જિલ્લામાં પેન્શનરોની સંખ્યા**

* ૪૦૨૩ **શ્રી જનકભાઇ મ. કાછડીયા(કરંજ) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જૂનાગઢ જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ પેન્શનરોની કુલ સંખ્યા કેટલી છે, | (૧) ૧૫,૦૦૩. |
| (૨) ઉક્ત પેન્શનરો પૈકી કેટલા પેન્શનરો તિજોરી કચેરી દ્વારા પેન્શન મેળવે છે, | (૨) શૂન્ય. |

(૩) કેટલા પેન્શનરો બેંક મારફત પેન્શન મેળવે છે, અને

(૩) ૧૫,૦૦૩.

(૩) કેટલા પેન્શનરો મનીઓર્ડરથી પેન્શન મેળવે છે?

(૪) શૂન્ય.

શ્રી જનકભાઇ મ. કાછડીયા : માનનીય અધ્યક્ષશ્રી, મને મારા પ્રશ્નનો જવાબ મળી ગયો છે.

**બનાસકાંઠા જિલ્લામાં શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ અંતર્ગત તપાસેલ બાળકોની સંખ્યા**

* ૪૭૭૩ **શ્રી મણીલાલ જે. વાઘેલા(વડગામ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ અંતર્ગત બનાસકાંઠા જિલ્લામાં તા. ૩૧–૧૨–૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ધોરણ–૧ થી ૧૨ માં અભ્યાસ કરતાં કેટલાં બાળકોની વર્ષવાર તપાસણી કરવામાં આવી, | (૧) શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ અંતર્ગત બનાસકાંઠા જિલ્લામાં તા. ૩૧–૧૨–૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ધોરણ–૧ થી ૧૨ માં અભ્યાસ કરતાં કુલ-૧૩,૧૫,૫૭૧ બાળકોની તપાસણી કરવામાં આવી. |
| (૨) ૦ થી ૧૪ વર્ષના શાળાએ ન જતાં કેટલા બાળકોની ઉક્ત સમયગાળામાં ચકાસણી કરવામાં આવી, | (૨) શાળાએ ન જતાં ૦ થી ૧૪ વર્ષના કુલ-૬૫૪૯ બાળકોની ચકાસણી કરવામાં આવી. |
| (૩) તે બંનેમાં કેટલા બાળકોને સ્થળ પર જ સારવાર આપવામાં આવેલ અને કેટલા બાળકોને નજીકની હોસ્પિટલ/ સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે રીફર કરવામાં આવેલ છે, અને | (૩) કુલ–૧૩૧૮૦૬ બાળકોને સ્થળ પર સારવાર આપવામાં આવી તેમજ કુલ–૭૧૦૭ બાળકોને નજીકની હોસ્પિટલ/સામૂહિક આરોગ્ય કેન્દ્ર ખાતે રીફર કરવામાં આવેલ. |
| (૪) તે પાછળ કુલ કેટલો ખર્ચ થયેલ? | (૪) તે પાછળ કુલ રૂા. ૧૦,૩૦,૩૨૪/- નો ખર્ચ થયેલ છે. |

શ્રી મણીલાલ જે. વાઘેલા : મારા પ્રશ્નના જવાબમાં માનનીય મંત્રીશ્રીએ ૧૩,૧૫,૫૭૧ બાળકોની તપાસણી કરવામાં આવી એવો જવાબ આપવામાં આવેલ છે. બનાસકાંઠા જિલ્લાના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને સામૂહિક આરોગ્ય કેન્દ્રોમાં મેડીકલ ઓફિસરોની ૭૦ ટકા જેટલી જગ્યાઓ ખાલી છે ત્યારે આ બાળકોની તપાસણી મેડીકલ ઓફિસરો મારફત કે હેલ્થ વર્કરો મારફત કરવામાં આવી છે? મારો બીજો પ્રશ્ન એ છે કે ૭૧૦૭ બાળકોને હોસ્પિટલ/ સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં રીફર કરવામાં આવ્યા છે તે પૈકી કોઇપણ બાળકમાં ગંભીર પ્રકારની બિમારી તંત્રના ધ્યાન ઉપર આવી છે કે કેમ?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : શાળા આરોગ્ય ચકાસણી સપ્તાહ એ ગુજરાત સરકારનો નવીનતમ અને રાજયની ઉગતી પેઢીના બાળકોના આરોગ્યની કાળજી રાખવાનું આખા દેશમાં સર્વ પ્રથમ ગુજરાતમાં શરૂ થયેલ આ કાર્યક્રમ છે. આ કાર્યક્રમ નીચે આંગણવાડીથી શરું કરીને કોલેજ સુધી અભ્યાસ કરતાં તમામ વિદ્યાર્થીઓની ચકાસણી કરવામાં આવે છે. જેની સંખ્યા આખા રાજયની લગભગ દોઢ કરોડ જેટલી થવા જાય છે એટલે કે ચોથા ભાગની સંખ્યા અથવા તો ૨૫ ટકા વસતિની જુદા જુદા માધ્યમથી તપસણી કરવામાં આવે છે. બનાસકાંઠા જિલ્લામાં જે ૧૩ લાખ બાળકો કહ્યા એટલે કે બે વર્ષની સંખ્યા છે. બનાસકાંઠા જિલ્લામાં ૬.૫ લાખ બાળકો પ્રાથમિક શાળામાં અભ્યાસ કરે છે. બે વર્ષનો માનનીય સભ્યશ્રીએ પ્રશ્ન પૂછયો છે એટલે ધ્યાન દોરૂં કે જે બાળક પહેલા ધોરણમાં હોય એ બીજા વર્ષે બીજા ધોરણમાં હોય. તો તેની પણ ફરી ચકાસણી થાય છે. એ રીતે ૧૩ લાખ થાય છે. આમાં પદ્ધતિ એવી છે કે શાળાના શિક્ષક, આરોગ્ય વર્કર, સ્થાનિક આંગણવાડી કાર્યકર, ફીલ્ડના હેલ્થ વર્કર એ પ્રાથમિક ચકાસણી કરી બાળકનું વજન, ઉંચાઇ, દાંત વગેરે જૂએ. કોઇ બાળકનું વજન ઓછું છે, કોઇ બાળક નબળો જણાય છે તો તે બાળકની તપાસણી બીજા રાઉન્ડમાં એમ.બી.બી.એસ. ડોકટરો,જે પી.એચ.સી., સી.એચ.સી., મેડીકલ કોલેજો અને ઇન્ટર્નશીપ કરતા ડોકટરો છે, રાજયની મેડીકલ કોલેજમાંથી એમ.બી.બી.એસ. થયા અને ઇન્ટર્નશીપ કરવાની હોય આવા ડોકટરોનો ઉપયોગ કરવામાં આવે છે અને તબક્કાવાર સ્ક્રીનીંગ કરતા કરતા જેમ ગંભીર પ્રકારનો રોગ લાગુ પડયો હોય તો જિલ્લા કક્ષાની હોસ્પિટલ અને વધારે સારવાર આપવી

પડે કે મોટું ઓપરેશન કરવું પડે તો અમદાવાદ સિવિલ હોસ્પિટલથી માંડીને રાજયની તમામ હોસ્પિટલો ઉચ્ચ કક્ષાની સારવાર માટે ઉપયોગ કરવામાં આવે છે.

શ્રી કેશાજી શિ. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, હું જાણવા માગું છું કે શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ એટલે શું અને કયારથી શરૂ કરેલ છે? તેનો હેતુ શો છે? શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ અંતર્ગત વધુ સારવાર મેળવવા માટે બાળકો અને બાળકોના માતાપિતાએ કયા અધિકારીની મંજૂરી મેળવવાની રહે છે અને આ મંજૂરી કેટલા સમયમાં મળે છે?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : આ સતત ચાલતી પ્રક્રિયા છે. મને આ ગૃહને જણાવતા આનંદ થાય છે કે આપણો આ કાર્યક્રમ જે વર્ષોથી ચલાવીએ છીએ. માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇએ તેની શુભ શરૂઆત કરેલી. તેને એક મૉડેલ તરીકે સ્વીકારીને આવતા વર્ષથી ૨૦૧૪–૧૫થી ભારત સરકારે પણ આવો કાર્યક્રમ અમલમાં મૂકવાનો નિર્ણય કર્યો છે અને ભારત સરકારે આ યોજનાનું નામ રાષ્ટ્રીય બાલ સ્વાસ્થ્ય કાર્યક્રમ રાખ્યું છે. આપણું શાળા આરોગ્ય તપાસણી સપ્તાહ છે તેમાંથી પ્રેરણા મેળવીને ભારત સરકારે આ કર્યું છે. તેનો ગુજરાત રાજયને ગૌરવ અને આનંદ છે. ગુજરાતની પ્રેરણાથી દેશના બીજા રાજયોના બાળકોની પણ તબિયતની ચકાસણી સારી રીતે થશે.

શ્રી ધારશીભાઇ લ. ખાનપુરા : માનનીય અધ્યક્ષશ્રી, આ બાળકોનો પ્રશ્ન છે, એવો જ પ્રશ્ન પૂછવો છે કે કયા ડોકટરો પાસે તપાસ કરાવી છે?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : આની પદ્ધતિ છે. જેમ જેમ તબક્કાવાઇઝ પહેલાં ફિલ્ડ હેલ્થ વર્કર પ્રાથમિક શાળાઓમાં જાય ત્યાં ચકાસણી કરે. નક્કી કરેલા પેરામીટર્સથી કોઇનું વજન ઓછું હોય, કોઇની શારીરિક ક્ષમતા ઓછી હોય તો તેની પછી પી.એચ.સી.ના ડોકટર ચકાસણી કરે. પી.એચ.સી.ના ડોકટરોથી મટી જવા પાત્ર હોય તો દવા વગેરે સારવાર આપવામાં આવે છે. તેનાથી ઉપરનું હોય તો જિલ્લા કક્ષાની હોસ્પિટલ અને તેનાથી પણ ઉપરની સારવાર જરૂરી હોય તો રાજય કક્ષાની શ્રેષ્ઠ હોસ્પિટલોમાં ૧૦૦ ટકા સરકારી ખર્ચે, તેમાં હૃદયરોગના દર્દીઓ આવી જાય, કીડનીના દર્દીઓ આવી જાય. કેન્સર અને હાર્ટ ટ્રાન્સપ્લાન્ટના દર્દી આવી જાય.

શ્રી અશોકકુમાર ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મંત્રીશ્રીએ જણાવ્યા પ્રમાણે બધા બાળકોનું નિદાન થાય છે, તેમાં બાળકોને જો કોઇ મોટા પ્રકારના રોગો માલૂમ પડે તો તેનો ખર્ચ કોણ ભોગવે છે?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : પહેલાં દિવસથી માંડીને બાળક સાજું થાય, આમાં તો યુવાન પણ આવે છે. કોલેજનો વિદ્યાર્થી પણ હોઇ શકે છે. ૧૦૦ ટકા તમામનો સારવારનો ખર્ચ રાજય સરકાર પોતાના બજેટમાંથી ભોગવે છે.

**ધારી, બગસરા અને ખાંભા તાલુકાના સામૂહિક આરોગ્ય કેન્દ્ર અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં મંજૂર થયેલ મહેકમ**

* ૫૨૨૫ **શ્રી નલીનભાઇ ના. કોટડીયા(ધારી) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧–૨૦૧૩ની સ્થિતિએ અમરેલી જિલ્લામાં ધારી, બગસરા અને ખાંભા તાલુકાના સામૂહિક આરોગ્ય કેન્દ્ર અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં કુલ કેટલા ડૉકટર, નર્સ, લેબ. ટેકનીશ્યન, એકસ–રે ટેકનીશ્યન, સ્વીપર, ડ્રાઈવરનું કેટલુ મહેકમ છે,

(૨) આ પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી જગ્યા ખાલી છે, અને

**જવાબ**

(૧) અને (૨) તા. ૩૧–૧–૨૦૧૩ની સ્થિતિએ અમરેલી જિલ્લામાં ધારી, બગસરા અને ખાંભા તાલુકાના સામૂહિક આરોગ્ય કેન્દ્ર અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં ડૉકટર, નર્સ, લેબ. ટેકનીશ્યન, એકસ–રે ટેકનીશ્યન, સ્વીપર, ડ્રાઈવરનું મંજુર મહેકમ અને ખાલી જગ્યાની વિગત નીચે દર્શાવ્યા મુજબની છે.

| જગ્યાનું નામ | સામુહિક આરોગ્ય કેન્દ્ર | | પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર | |
|---|---|---|---|---|
| | મંજુર | ખાલી | મંજુર | ખાલી |
| ડૉકટર | ૧૬ | ૫ | ૯ | ૬ |
| નર્સ | ૨૮ | ૪ | ૦ | ૦ |
| લેબોરેટરી ટેકનીશ્યન, | ૪ | ૧ | ૯ | ૦ |
| એકસ–રે ટેકનીશ્યન | ૪ | ૩ | ૦ | ૦ |

| | | | | |
|---|---|---|---|---|
| સ્વીપર | ૪ | ૦ | ૧૮ | ૦ |
| ડ્રાઈવર | ૪ | ૧ | ૯ | ૦ |

(૩) આ જગ્યા ક્યારે ભરવાનું આયોજન છે?

(૩) સા.આ. કેન્દ્રોની મેડીકલ સંવર્ગની વર્ગ–૧ અને વર્ગ–૨ની જગ્યાઓ ભરવા દર મંગળવારે વોક ઈન ઈન્ટરવ્યુનું આયોજન કરવામાં આવે છે જેમાં યોગ્ય લાયકાત ધરાવતા ઉમેદવારો ઉપલબ્ધ થાય તેમ ખાલી જગ્યાઓ ઉપર નિમણુંક આપવામાં આવે છે. રાજ્યની મેડીકલ કોલેજો તરફથી બોન્ડેડ ઉમેદવારોની યાદી મળે ખાલી જગ્યા ઉપર નિમણુંક આપવામાં આવે છે. તદઅનુસાર વધારાના હવાલાથી પણ કામગીરી લેવામાં આવે છે.

આ ઉપરાંત વર્ગ–૩ની ખાલી જગ્યાઓ સીધી ભરતી/ બઢતીના ઉમેદવારો ઉપલબ્ધ થાય તેમ તેમ ભરવામાં આવે છે. તેમજ વર્ગ–૩ની વહીવટી તથા પેરામેડીકલ સંવર્ગની ખાલી જગ્યાઓ પર જરૂર જણાય ત્યાં વધારાના હવાલાથી પણ કામગીરી લેવામાં આવે છે. વર્ગ–૩ ની પેરામેડીકલ સંવર્ગની તથા ડ્રાયવર વર્ગ–૩ અને વર્ગ–૪ની ખાલી જગ્યાઓ પર આઉટસોર્સથી પણ કામગીરી લેવામાં આવે છે.

શ્રી નલીનભાઇ ના. કોટડીયા : માનનીય અધ્યક્ષશ્રી, મારા પ્રશ્નના જવાબમાં માનનીય મંત્રીશ્રીએ જણાવ્યું છે કે ડોક્ટર, નર્સ લેબોરેટરી ટેકનિશિયન, સ્વીપર વગેરેની જગ્યા ભરવા માટેની કાર્યવાહી ચાલુ છે. ક્યારે ભરવી એ માગેલું પણ જવાબ આપ્યો નથી, તો આ જગ્યા ભરવા માટેની કાર્યવાહી ચાલુ હોય ત્યારે ધારી, બગસરા અને ખાંભા તાલુકો ગીરકાંઠાનો વિસ્તાર છે અને હિંસક પશુઓના વારંવાર હુમલા થતા હોય એવા સંજોગોમાં સારવાર મળતી નથી, ત્યારે ટ્રોમા સેન્ટર ચાલુ કરવા માગો છો કે કેમ? બીજું, ધારી સામુહિક આરોગ્ય કેન્દ્રનું બિલ્ડીંગ અને સ્ટાફ કવાર્ટર માટે રીનોવેશન કે નવા કોઇ કવાર્ટર કરવાનું આયોજન છે કે કેમ?

શ્રી પરબતભાઇ સ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, એમણે ટ્રોમા સેન્ટરની વાત કરી એ સૂચન છે અને બાકીની મકાનના બાંધકામવાળી વાત છે એમાં ખાસ કરીને એમણે મહેકમનો સવાલ પૂછ્યો છે. આ ત્રણેય કેન્દ્રોમાં કેટલું મહેકમ છે? તો મહેકમની વિગત નથી. એમને જોઇતી હશે તો આપીશ.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ એમના જવાબના પેરા –૩માં લખ્યું છે કે, રાજ્યની મેડીકલ કોલેજો તરફથી બોન્ડેડ ઉમેદવારોની યાદી મળે ખાલી જગ્યા ઉપર નિમણૂક આપવામાં આવશે. મારો મંત્રીશ્રીને સવાલ છે કે, સરકારી કોલેજોની અંદર પ્રતિ વિદ્યાર્થી એક કરોડ રૂપિયાનો ખર્ચ રાજય સરકાર કરી ડોક્ટરો બનાવે છે. ડોક્ટર બન્યા પછી બોન્ડની કિંમત રૂ.૭૫૦૦૦/–, રૂ.૧,૦૦,૦૦૦/– કે રૂ.૨,૦૦,૦૦૦/– ભરી પોતાની મુળભૂત માનવીય જરૂરિયાત ડોક્ટરી સેવા આપવાની છે એમાંથી એ છૂટી જાય છે. સરકારી કોલેજોમાં જે વિદ્યાર્થીઓ ભણ્યા હોય એમને બોન્ડના બદલે ઓછામાં ઓછા ૫ વર્ષ ગામડાના દવાખાનામાં ડોક્ટર તરીકે સેવા આપવાનો નિર્ણય કરવા માગો છો કે કેમ?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારા પ્રવચનમાં પણ મેં કહ્યું હતું કે, રાજ્યમાં મેડિકલ કોલેજોની સંખ્યા વધતી જાય છે, સીટોની સંખ્યા વધતી જાય છે. છતાંપણ ડોક્ટરોની ઉપલબ્ધિ પૂરતી થતી નથી. અત્યારે બોન્ડના ધોરણો છે એ જૂના છે. એમાં વધારો કરીને વધુને વધુ ડોક્ટરો ગ્રામ્ય વિસ્તાર સહિત સરકારી હોસ્પિટલોમાં સેવા કરવા આવે એ અંગે કેવાં કેવાં આયોજન કરવા? બોન્ડની રકમ વધારવી કે અન્ય કોઇ વિકલ્પ વિચારવો એ રાજ્ય સરકારની વિચારણા હેઠળ છે.

ડો. ભારતીબેન ધી. શ્યાળ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે, અમરેલી જિલ્લામાં જાન્યુઆરી ૨૦૧૨થી ડિસેમ્બર ૨૦૧૨ એટલે કે એક વર્ષ દરમિયાન સી.એચ.સી. અને પી.એચ.સી.માં કેટલા દર્દીઓએ સારવાર લીધી?

શ્રી પરબતભાઇ સ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, સારવાર લીધેલ દર્દીઓની સંખ્યામાં સામૂહિક

આરોગ્ય કેન્દ્રની ઓ.પી.ડી.માં જોઇએ તો ૩,૭૯,૪૦૨ અને ઇન્ડોર ૪૨૪૩૫ તથા પી.એચ.સી.માં ૨૯૭૧૫૦ અને ઇન્ડોર ૨૨૮૩ દર્દીઓની સંખ્યા છે.

શ્રી બાવકુભાઇ ના. ઉંધાડ : માનનીય અધ્યક્ષશ્રી, આ સી.એચ.સી. અને પી.એચ.સી.માં ગરીબ દર્દીઓ આવતા હોય છે. ચાર લેબોરેટરીઓ છે પરંતુ એમાં લેબોરેટરી ટેકનિશિયન એક નથી. એક્સ–રે મશિન ચાર છે પણ સી.એચ.સી.માં એક્સ–રે ટેકનિશિયનની ૩ જગ્યા ખાલી છે. એક્સ–રે ટેકનિશિયન ન હોવાથી ડોકટરે દર્દીઓને દૂર ક્યાંક મોકલવા પડે છે અથવા તો ડોક્ટરોએ એના અનુમાનથી દવા આપવી પડે છે. તેથી આ જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે અને કેટલા સમયની અંદર આ જગ્યાઓ ભરવા માગો છો? (અંતરાય) એવું કહેવામાં આવે છે કે, *(xxxxxx)(અંતરાય)

અધ્યક્ષશ્રી : નહીં, એ શબ્દો કાઢી નાંખ્યા છે. કેટલા વખતથી ખાલી છે કેટલા વખતમાં ભરી દેશો એ કહો.

શ્રી પરબતભાઇ સ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, પહેલી તો એ વાત કરું કે, એમણે કહ્યું કે એક્સ–રે થતા નથી. તો હું એની વિગત આપવા માગું છું. અત્યાર સુધીમાં બગસરામાં ૫૫૭ એક્સ–રે અમે કરેલા છે, ધારીમાં ૧૮૬૪, ખાંભામાં ૩૭૩ એક્સ–રે કરેલા છે. લેબોરેટરીની સંખ્યાની જરૂરિયાત હોય તો આપું. જે જગ્યાઓ છે એ બધા જ ઉપર નિમણૂંક આપવાની છે. એક્સ–રે ટેકનિશિયનની અત્યારે નિમણૂંક આપવાની છે. એ સતત ચાલતી પ્રક્રીયા છે. પેરા મેડિકલ સ્ટાફની જેમ બને તેમ જલદીથી જગ્યાઓ ભરાશે.

શ્રી બાવકુભાઇ ના. ઉંધાડ : માનનીય અધ્યક્ષશ્રી, કેટલા સમયથી જગ્યા ખાલી છે અને કેટલા સમયમાં ભરી દેશે?

અધ્યક્ષશ્રી : હોય તો કહો નહીં તો ટેબલ ઉપર મૂકી દેજો.

શ્રી પરબતભાઇ સ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ જગ્યા કયારથી ખાલી છે એની વિગત ટેબલ ઉપર મૂકી દઇશ.

શ્રી વલ્લભભાઇ વ. વઘાસીયા : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે અમરેલી જિલ્લામાં આવેલ સામૂહિક આરોગ્ય કેન્દ્રો અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોની તાલુકાવાર વિગતો શું છે?

શ્રી પરબતભાઇ સ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આમ તો આ રાજયમાં વસ્તીના ધોરણે જે સી.એચ.સી. પી.એચ.સી. નકકી કરેલા છે એના કરતા પણ અમરેલીમાં વધારે છે. જયારે અમરેલી જિલ્લામાં ૧૨ સામૂહિક આરોગ્ય કેન્દ્રો છે અને ૪૦ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો છે. એમાં સાવરકુંડલામાં ૧, બાબરામાં ૧, બગસરામાં ૧, ધારીમાં ૨, ખાંભા ૧,લાઠી, લીલીયા, કૂકાવાવ–૨ જાફરાબાદ, અમરેલી અને રાજૂલામાં ૧ એટલે ૧૨ સામૂહિક આરોગ્ય કેન્દ્રો છે અને જિલ્લામાં કુલ ૪૦ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં સાવરકુંડલામાં ૬, બાબરા–૩, બગસરા–૨ ધારી–૪, ખાંભા–૩ લાઠી–૪, લીલીયા–૩, કૂકાવાવ–૩, જાફરાબાદ–૪ અમરેલી–૪ અને રાજુલા–૪ છે.

**ખેડા જનરલ હોસ્પિટલમાં ડોકટરોની ખાલી જગ્યાઓ ભરવા બાબત**

* ૫૩૫૯ **શ્રી નટવરસિંહ કુ. ઠાકોર(મહુધા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧–૨૦૧૩ની સ્થિતિએ ખેડા જિલ્લામાં જનરલ હોસ્પિટલમાં કુલ કેટલા ડોકટરોની જગ્યા મંજૂર થયેલ છે, અને | (૧) ખેડા જિલ્લામાં જનરલ હોસ્પિટલ ખેડા અને નડિયાદમાં ડોકટરોની કુલ–૭૧ જગ્યાઓ મંજૂર થયેલ છે. |
| (૨) ડોકટરોની જે જગ્યાઓ ખાલી છે તે કેટલા સમયમાં ભરવા માંગો છો ? | (૨) ઉમેદવારો ઉપલબ્ધ થયેથી. |

શ્રી નટવરસિંહ કુ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, અમારા ખેડા જિલ્લામાં ૭૧ જગ્યા મંજૂર કરી છે પણ આ મંજૂર કરવાનો શું અર્થ છે? ૭ વર્ષથી ડોકટરો નથી સિવિલમાં. નડિયાદમાં જ નહીં આખા ગુજરાતમાં

---

* આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર રેકર્ડ ઉપરથી દૂર કરવામાં આવ્યા.

આ પરિસ્થિતિ છે. હમણા આગળનો ૧૩મો પ્રશ્ન પૂછયો એમાં ૧૬ બાકી છે. આખા ગુજરાતમાં આટલી બધી જગ્યા ખાલી છે, અમારા નડિયાદમાં આટલી બધી જગ્યા ખાલી છે, ૭૧ જગ્યા મંજૂર કરી પણ એ મંજૂર કરવાનો અર્થ ખરો? કાગળ ઉપર જ રહેવાનીને, તો આ જગ્યા કયારે ભરવાના છો એ કહો તમે.

અધ્યક્ષશ્રી : કેટલી જગ્યા ખાલી છે અને કયારે જગ્યા ભરવાના છો?

શ્રી નટવરસિંહ કુ. ઠાકોર : અને કયા કયા ડોકટરોની જગ્યા ખાલી છે?

શ્રી પરબતભાઇ સ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે વાત કરી છે એમાં ખેડામાં ૨૨ જગ્યાઓ છે એમાંથી ૧૦ ભરેલી છે પણ સાથે સાથે કહુ કે જે ફુલટાઇમ સર્જનની ૨ જગ્યા છે એમાંથી એક ભરેલી છે. બાળરોગ નિષ્ણાત ૨ છે એમાં ખાલી એટલે સેવા સાહેબ ઓલરેડી ત્યાં મળે જ છે. અને વર્ગ–૨ ની જે ૮ છે એમાંથી એક પણ જગ્યા ખાલી નથી. આઠે આઠ જગ્યા ભરેલ છે. નડીયાદની વાત છે એ ૨૧ની સામે અમારી ૧૨ જગ્યા ભરેલી છે અને એમાં પણ ફુલ ટાઇમ સર્જન ૨ છે એમાં ૧ જગ્યા તો ઓલરેડી ભરેલી જ છે. અને વર્ગ–૨ના ૧૮ ડોકટર છે એની સામે ૧૫ ભરેલા છે એટલે એમ કહે છે કે સેવા મળતી નથી તો એ વાત સાચી નથી.

શ્રી નટવરસિંહ કુ. ઠાકોર : ગાયનેક અને ઓર્થોપેડિક નથી અમારે ત્યાં.

શ્રી પરબતભાઇ સ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, જે જગ્યા ખાલી છે એ ભરવા માટે આ રાજય સરકાર સતત પ્રયત્નશીલ છે. દર સોમવારે વર્ગ–૧નો વોક ઇન ઇન્ટર્વ્યુ હોય છે. વર્ગ–૨ના મંગળવારે વોક ઇન ઇન્ટર્વ્યુ હોય છે. સાથે સાથે દરેક કોલેજના ડીન જે અમારી પાસે લીસ્ટ મૂકે છે એમાંથી બોન્ડેડને પણ આપણે નિમણૂક આપીએ છીએ અને રાજય બહાર રાજસ્થાન, મધ્યપ્રદેશ અને મહારાષ્ટ્રમાં પણ જઇને અમે જે વોક–ઇન–ઇન્ટર્વ્યુ રાખીને એમાંથી પણ નિમણૂક આપવાની પ્રથા છે.

શ્રી હીરાભાઇ હ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગુ છું કે સરકારના અથાગ પ્રયત્નો છતાં ડોકટરો સરકારી નોકરી કરવા તૈયાર નથી એનું કારણ એમને જે સ્કેલ છે વર્તમાન એ અનુકૂળ આવતા નથી તો સ્કેલ સુધારવા માગે છે કે કેમ?

શ્રી પરબતભાઇ સ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ એમનું સૂચન છે.

અધ્યક્ષશ્રી : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે. નેકસ્ટ..

# અતારાંકિત પ્રશ્નો

# તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ

### રાજકોટ જિલ્લામાં શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ અંતર્ગત તપાસેલ બાળકોની સંખ્યા

* ૩૯૯૭ **શ્રીમતી ભારતીબેન ધી. શ્યાળ(તળાજા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૧–૪–૨૦૧૧ થી તા. ૩૧–૩–૨૦૧૨ સુધીમાં રાજકોટ જિલ્લામાં તાલુકાવાર શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ અંતર્ગત કેટલા બાળકોની તપાસ કરવામાં આવી અને તેઓને કઈ કઈ બિમારીઓ જોવા મળી, અને | (૧) તા. ૧–૪–૨૦૧૧ થી તા. ૩૧–૩–૨૦૧૨ સુધીમાં રાજકોટ જિલ્લામાં તાલુકાવાર રાજકોટ મ્યુ. કોર્પોરેશન સહિત કુલ–૮,૫૧,૦૭૦ બાળકોની તપાસ કરવામાં આવી અને તેઓમાં પાડુંરોગ, આંત્રકૃમિ, દાંતની તકલીફ, આંખની તકલીફ, કાન–નાક–ગળાની તકલીફ, પેટની તકલીફ, ચામડીના રોગ, જાતીય રોગો, શ્વસનતંત્રના રોગો, ચેતાતંત્રના રોગો, અસ્થિતંત્રના રોગો, વિકલાંગતા, તેમજ હૃદય, કીડની, કેન્સર વિગેરે જેવી બિમારીઓ જોવા મળી. |
| (૨) તે પૈકી કેટલા બાળકોને હૃદયરોગની સારવાર માટે રીફર કરવામાં આવ્યા અને કેટલા બાળકોને ચશ્મા આપવામાં આવ્યા? | (૨) કુલ–૩૪૯ બાળકોને હૃદયરોગની સારવાર માટે રીફર કરવામાં આવ્યા અને ૭૯૫૮ બાળકોને ચશ્મા આપવામાં આવ્યા. |

---------

**મહેસાણા જિલ્લામાં સામૂહિક આરોગ્ય કેન્દ્રના અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના મકાનો બાંધવા મંજૂર કરેલ રકમ**

* ૫૩૧૯ **શ્રી રમેશભાઇ મ. ચાવડા(કડી) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) મહેસાણા જીલ્લામાં સામુહિક આરોગ્ય કેન્દ્રના અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના મકાનો બાંધવા તા. ૩૧-૧-૨૦૧૩ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી રકમ મંજૂર કરવામાં આવી, | (૧) મહેસાણા જીલ્લામાં સામુહિક આરોગ્ય કેન્દ્રના અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના મકાનો બાંધવા તા. ૩૧-૧-૨૦૧૩ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રૂ. ૧૫૩૮.૨૧ લાખની રકમ મંજૂર કરવામાં આવી છે. |
| (૨) આ પૈકી કયા કયા સ્થળોએ બાંધકામ હાથ ધરવામાં આવશે, અને | (૨) જોટાણા, કુકરવાડા, બેચરાજી, નંદાસણ, કલ્યાણપુર, વસાઈ, ગોઠવા, ડાંગરવા, સુઢીયા, પીલવાઈ, સોખડામાં બાંધકામ હાથ ધરવામાં આવનાર છે. |
| (૩) આ કામગીરી ક્યારથી શરૂ કરવામાં આવશે અને ક્યારે પૂર્ણ કરવામાં આવશે? | (૩) સોખડા અને કલ્યાણપુરમાં કામગીરી શરૂ થયેથી એક વર્ષમાં અને અન્ય સ્થળોએ કામગીરી જુદા જુદા તબક્કે પ્રગતિ હેઠળ છે. |

---------

**પાટણ જિલ્લામાં પેન્શનરોની સંખ્યા**

* ૩૯૮૩ **શ્રી નાગરજી હ. ઠાકોર(રાધનપુર) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પાટણ જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ પેન્શનરોની કુલ સંખ્યા કેટલી છે, | (૧) ૭,૨૨૫. |
| (૨) ઉક્ત પેન્શનરો પૈકી કેટલા પેન્શનરો તિજોરી કચેરી દ્વારા પેન્શન મેળવે છે. | (૨) શૂન્ય. |
| (૩) કેટલા પેન્શનરો બેંક મારફત પેન્શન મેળવે છે, અને | (૩) ૭,૨૨૫. |
| (૩) કેટલા પેન્શનરો મનીઓર્ડરથી પેન્શન મેળવે છે? | (૪) શૂન્ય. |

---------

**જૂનાગઢ જિલ્લામાં પેન્શનરોની સંખ્યા**

* ૪૦૦૪ **શ્રી વલ્લભભાઇ વ. વઘાસીયા(સાવરકુંડલા) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જૂનાગઢ જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ પેન્શનરોની કુલ સંખ્યા કેટલી છે, | (૧) ૧૫,૦૦૩. |
| (૨) ઉક્ત પેન્શનરો પૈકી કેટલા પેન્શનરો તિજોરી કચેરી દ્વારા પેન્શન મેળવે છે. | (૨) શૂન્ય. |
| (૩) કેટલા પેન્શનરો બેંક મારફત પેન્શન મેળવે છે, અને | (૩) ૧૫,૦૦૩. |
| (૩) કેટલા પેન્શનરો મનીઓર્ડરથી પેન્શન મેળવે છે? | (૪) શૂન્ય. |

---------

**આણંદ જિલ્લામાં સિવિલ હોસ્પિટલ બનાવવા બાબત**

* ૪૯૧૩ **શ્રી જયંતભાઇ ર. પટેલ(ઉમરેઠ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) આણંદ જિલ્લામાં ડિસે.-૨૦૧૨ની સ્થિતિએ જનરલ હોસ્પિટલ બનાવવા કોઈ કાર્યવાહી થઈ છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તેની શી વિગતો છે? | (૨) જિલ્લાનાં મુખ્ય મથક આણંદ ખાતે સંપૂર્ણ સુવિધાવાળી સીવીલ હોસ્પિટલ બનાવવા મોજે બાકરોલ, |

તા. આણંદ ખાતે જમીન સંપાદન કરવામાં આવેલ છે. જેના ઉપર હોસ્પિટલના બાંધકામ માટે આયોજન હાથ ધરેલ છે.

---------

**અમદાવાદ જિલ્લામાં ફાળવેલ ૧૦૮ એમ્બ્યુલન્સ**

* ૪૦૦૩ **શ્રી હર્ષ ર. સંઘવી(મજુરા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્ય સરકારે અમદાવાદ જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ કેટલી ૧૦૮ એમ્બ્યુલન્સ ફાળવેલ છે, અને | (૧) ૪૭ (સુડતાલીસ). |
| (૨) છેલ્લા બે વર્ષમાં આ સેવાઓનો કેટલા દર્દીઓને લાભ આપવામાં આવેલ છે ? | (૨) ૧,૮૭,૪૮૦ (એક લાખ સત્યાસી હજાર ચારસો એંસી). |

---------

**વલસાડ જિલ્લામાં પેન્શનરોની સંખ્યા**

* ૩૯૭૭ **શ્રી ભરતભાઇ કી. પટેલ(વલસાડ) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વલસાડ જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ પેન્શનરોની કુલ સંખ્યા કેટલી છે, | (૧) ૧૦,૨૫૨. |
| (૨) ઉક્ત પેન્શનરો પૈકી કેટલા પેન્શનરો તિજોરી કચેરી દ્વારા પેન્શન મેળવે છે, | (૨) શૂન્ય. |
| (૩) કેટલા પેન્શનરો બેંક મારફત પેન્શન મેળવે છે, અને | (૩) ૧૦,૨૫૨. |
| (૪) કેટલા પેન્શનરો મનીઓર્ડરથી પેન્શન મેળવે છે ? | (૪) શૂન્ય. |

---------

**વડોદરા આર.ટી.ઓ. કચેરીના નવા મકાન બાંધકામ માટે મંજૂર કરેલ અંદાજિત ખર્ચ**

* ૪૦૫૨ **શ્રી જીતેન્દ્ર ર. સુખડીયા(સયાજીગંજ) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વડોદરા આર.ટી.ઓ. કચેરીના નવા મકાનનું બાંધકામ શરુ કરવામાં આવેલ છે તે હકીકત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) તેમાં કેટલો અંદાજિત ખર્ચ મંજૂર કરવામાં આવેલ છે ? | (૨) આ માટે કુલ અંદાજિત ખર્ચ રૂ. ૨૧,૪૪,૦૦,૦૦૦/- મંજુર કરવામાં આવેલ છે. |

---------

**ડાંગ જિલ્લામાં પેન્શનરોની સંખ્યા**

* ૪૦૨૦ **શ્રી મોહનભાઇ ધ. ઢોડીયા(મહુવા) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ડાંગ જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ પેન્શનરોની કુલ સંખ્યા કેટલી છે, | (૧) ૧,૫૬૮. |
| (૨) ઉક્ત પેન્શનરો પૈકી કેટલા પેન્શનરો તિજોરી કચેરી દ્વારા પેન્શન મેળવે છે, | (૨) શૂન્ય. |
| (૩) કેટલા પેન્શનરો બેંક મારફત પેન્શન મેળવે છે, અને | (૩) ૧,૫૬૮. |
| (૪) કેટલા પેન્શનરો મનીઓર્ડરથી પેન્શન મેળવે છે ? | (૪) શૂન્ય. |

**શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ અંતર્ગત બોનમેરો ટ્રાન્સપ્લાન્ટની સહાય બંધ કરવા બાબત**

* ૪૧૪૩ **શ્રી છબીલભાઇ ના. પટેલ(અબડાસા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ રાજ્ય સરકારના આરોગ્ય વિભાગ દ્વારા સંચાલિત શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમમાં થેલેસેમીયા રોગમાં બોનમેરો ટ્રાન્સપ્લાન્ટની સહાય બંધ કરવામાં આવી છે તે હકીકત સાચી છે,

(૨) બોનમેરો ટ્રાન્સપ્લાન્ટ સહિત અન્ય કયા કયા રોગની સહાય કયા કયા વર્ષથી બંધ કરવામાં આવી છે,

(૩) તેનાં કારણો શાં છે, અને

(૪) ઉક્ત સ્થિતિએ આ કાર્યક્રમ હેઠળ કયા કયા રોગની સહાય આપવામાં આવે છે ?

**જવાબ**

(૧), (૨) તથા (૩)

શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ અંતર્ગત થેલેસેમીયા મેજર રોગથી પીડિત વિદ્યાર્થીઓને બોનમેરો ટ્રાન્સપ્લાન્ટના ઓપરેશનની સહાય ફાળવી, મર્યાદિત સંખ્યામાં પ્રાયોગિક અભ્યાસ કરવામાં આવેલ. જેના મળેલ તારણો અને સફળતાના પરિણામના સમીક્ષા અહેવાલ તેમજ તજજ્ઞ કમિટિનો અભિપ્રાય મળ્યે, આ સહાય શરૂ કરવા માટે વિચારણાનું આયોજન છે.

(૪) આ કાર્યક્રમ હેઠળ હૃદય, કીડની અને કેન્સરના દર્દની સારવાર ઉપરાંત કીડની ટ્રાન્સપ્લાન્ટની સહાય આપવામાં આવે છે.

---------

**અમદાવાદ, વડોદરા અને સુરત જિલ્લામાં થેલેસેમીયાના દર્દીઓની સંખ્યા**

* ૩૯૮૬ **શ્રી નરોત્તમભાઇ પટેલ(ઉધના) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) અમદાવાદ, વડોદરા અને સુરત જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ થેલેસેમીયાના કેટલા દર્દીઓ છે, અને

(૨) થેલેસેમીયાના દર્દીઓ માટે આરોગ્ય વિષયક સેવાઓ પૂરી પાડવા સરકારે શી વ્યવસ્થા કરેલ છે ?

**જવાબ**

(૧) અમદવાદ, વડોદરા અને સુરત જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ થેલેસેમીયાના નીચે મુજબ દર્દીઓ છે.

| અમદાવાદ જિલ્લો | વડોદરા જિલ્લો | સુરત જિલ્લો |
|---|---|---|
| ૨૪૮ | ૧૧૦ | ૩૯ |

(૨) –થેલેસેમીયાના દર્દીઓને આરોગ્ય વિષયક સેવાઓ પૂરી પાડવા માટે રાજ્ય સરકારે વર્ષ ૨૦૧૨–૧૩ માં રાજ્યની હોસ્પિટલોને રૂ. ૧૦૦.૦૦ (સો) લાખનું અનુદાન ફાળવેલ છે.

– સીવીલ હોસ્પિટલ, અમદાવાદ ખાતે થેલેસેમીયાના દર્દીઓને સારવાર પુરી પાડવા થેલેસેમીયા કલીનીક ખાતે દર્દીઓનું નિદાન તથા કાઉન્સેલીંગ કરીને જરૂરીયાત મુજબ લોહી ચઢાવવાની સારવાર તેમજ આયર્ન ચીલેટર (Iron chelator) દવા તથા રસીકરણની સારવાર નિ:શુલ્ક પુરી પાડવામાં આવે છે

– એસ.એસ.જી હોસ્પિટલ તેમજ જી.એમ. ઈ.આર.એસ. મેડીકલ કોલેજ, અને જનરલ હોસ્પિટલ, વડોદરા ખાતે પણ ઉક્ત આરોગ્ય વિષયક સેવાઓ વિનામૂલ્યે ઉપલબ્ધ કરાય છે.

– નવી સીવીલ હોસ્પિટલ, સુરત ખાતે થેલેસેમીયાના દર્દીઓને આયર્ન ચીલેટર, બ્લડ ટ્રાન્સફ્યુઝન અને જરૂરી તમામ સારવાર નિ:શુલ્ક પૂરી પાડવામાં આવે છે.

તા.૨૧ મી માર્ચ, ૨૦૧૩
અતારાંકિત પ્રશ્નો

**અમદાવાદ જિલ્લામાં ફાળવેલ ૧૦૮ એમ્બ્યુલન્સ**

૪૦૦૨ **શ્રી ચીમનભાઇ ધ. શાપરીયા(જામજોધપુર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજય સરકારે અમદાવાદ જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ કેટલી ૧૦૮ એમ્બ્યુલન્સ ફાળવેલ છે, અને | (૧) ૪૭ (સુડતાલીસ). |
| (૨) છેલ્લા બે વર્ષમાં આ સેવાઓનો કેટલા દર્દીઓને લાભ આપવામાં આવેલ છે ? | (૨) ૧,૮૭,૪૮૦ (એક લાખ સત્યાસી હજાર ચારસો એંસી). |

---------

**સાબરકાંઠા જિલ્લામાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના મકાન બાંધવા બાબત**

૫૩૫૧ **શ્રી અશ્વિન કોટવાલ(ખેડબ્રહમા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સાબરકાંઠા જિલ્લાના ખેડબ્રહ્મા, વિજયનગર, ભિલોડા અને મેઘરજ તાલુકામાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોના મકાન બાંધવાનું કઈ–કઈ જગ્યાએ નક્કી કરવામાં આવેલ, | (૧) તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સાબરકાંઠા જિલ્લાના ખેડબ્રહ્મા, વિજયનગર ભિલોડા અને મેઘરજ તાલુકાઓ પૈકી ખેડબ્રહ્મા તાલુકામાં મટોડા ખાતે પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર બાંધવાનું નક્કી કરવામાં આવેલ છે. |
| (૨) તે માટે કેટલી રકમ મંજૂર કરવામાં આવી, | (૨) તે માટે રૂ. ૪૨.૨૦ લાખની રકમ મંજુર કરવામાં આવેલ છે. |
| (૩) આ પૈકી કઈ–કઈ જગ્યાએ બાંધકામ પૂર્ણ થયેલ અને કઈ–કઈ જગ્યાએ અધૂરા છે, (૪) અધૂરા હોય તો કેટલા સમયમાં પૂર્ણ કરવામાં આવશે, અને | (૩) અને (૪) મટોડા પ્રા.આ. કેન્દ્રનું મકાન બાંધકામ શરૂ કર્યા બાદ એક વર્ષમાં પૂર્ણ કરવાનું આયોજન છે. |
| (૫) પૂર્ણ ન થવાના કારણો શા છે ? | (૫) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**નવસારી આર.ટી.ઓ કચેરીની આવક**

૪૦૫૬ **શ્રીમતી સંગીતાબેન રા. પાટીલ(લીંબાયત) : માનનીય વાહનવ્યવહાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નવસારી આર.ટી.ઓ. કચેરીને વર્ષ ૨૦૧૨માં તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી આવક થઈ, | (૧) રૂા. ૪૦.૩૧ કરોડની આવક થઇ. |
| (૨) ગતવર્ષની આવકના પ્રમાણમાં કેટલો વધારો કે ઘટાડો થયો, અને | (૨) આવકમા રૂા. ૦૬.૬૫ કરોડનો વધારો થયો. |
| (૩) જો, આવકમાં ઘટાડો થયો હોય તો તેના કારણો શા છે ? | (૩) આવકમાં વધારો થયેલ હોઈ, પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**વડોદરા આર.ટી.ઓ. કચેરીના નવા મકાન બાંધકામ માટે મંજૂર કરેલ અંદાજિત ખર્ચ**

૪૦૫૩ **શ્રી રાજેન્દ્ર ત્રિવેદી (રાવપુરા) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વડોદરા આર.ટી.ઓ. કચેરીના નવા મકાનનું બાંધકામ શરુ કરવામાં આવેલ છે તે હકીકત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) તેમાં કેટલો અંદાજિત ખર્ચ મંજૂર કરવામાં આવેલ છે ? | (૨) આ માટે કુલ અંદાજિત ખર્ચ રૂ. ૨૧,૪૪,૦૦,૦૦૦/- મંજુર કરવામાં આવેલ છે. |

---------

**રાસાયણિક ખાતર પર ટેક્ષની આવક**

૫૩૩૦ **શ્રી બાવકુભાઇ ના. ઉંઘાડ(લાઠી) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

તા. ૨૧–૨–૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકારને રાસાયણિક ખાતર ઉપર ટેક્ષની વર્ષવાર કેટલી આવક થઈ ?

**જવાબ**

| વર્ષ | આવક (રૂ. કરોડમાં) |
|---|---|
| ૨૦૧૧–૧૨ | ૧૨૦.૪૬ |
| ૨૦૧૨–૧૩ (તા. ૨૧–૨–૧૩ સુધી) | ૭૫.૧૪ |

---------

**અમદાવાદ જિલ્લામાં ફાળવેલ ૧૦૮ એમ્બ્યુલન્સ**

૩૯૯૦ **શ્રી બાબુભાઇ જ. પટેલ(દસક્રોઇ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) રાજ્ય સરકારે અમદાવાદ જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૨ ની સ્થિતિએ કેટલી ૧૦૮ એમ્બ્યુલન્સ ફાળવેલ છે, અને

(૨) છેલ્લા બે વર્ષમાં આ સેવાઓનો કેટલા દર્દીઓને લાભ આપવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) ૪૭ (સુડતાલીસ).

(૨) ૧,૮૭,૪૮૦ (એક લાખ સત્યાસી હજાર ચારસો એંસી).

---------

**જામનગર જિલ્લામાં નિવૃત્ત થયેલ કેળવણી નિરીક્ષકોના નિયમ વિરૂધ્ધ પેન્શન ફીકસેશન કરવા બાબત**

૫૦૮૨ **શ્રી રાઘવજી હં. પટેલ(જામનગર ગ્રામ્ય) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) જામનગર જિલ્લામાં નિવૃત્ત થયેલા કેળવણી નિરીક્ષકોના નિયમ વિરૂધ્ધ પેન્શન ફીકસેશન લોકલ ફંડ એક્ઝામીનર દ્વારા કરવામાં આવ્યા છે તેવી કેટલી ફરિયાદો સને ૨૦૧૧ અને ૨૦૧૨માં મળી છે,

(૨) આ ફરિયાદોની તપાસ ક્યારે કરવામાં આવી, અને તેમાં શા પરિણામ જાણવા મળ્યા, અને

(૩) આ ફરિયાદોના ઉકેલ માટે શી કાર્યવાહી થઈ ?

**જવાબ**

(૧) ૧૪.

(૨) ૨ થી ૩૫ દિવસમાં
જામનગર જિલ્લા સહાયક નિરીક્ષકની કચેરી દ્વારા થયેલ કાર્યવાહી નિયમોનુસારની હતી.

(૩) શિક્ષણ વિભાગની થયેલ દરખાસ્ત અન્વયે નાણા વિભાગના તા. ૧૨–૦૬–૨૦૧૨ની સૂચનાઓથી જરૂરી સ્પષ્ટતા કરવામાં આવી છે.

---------

**નવસારી આર.ટી.ઓ. કચેરીની આવક**

૪૦૫૭ **શ્રી કિશોરભાઇ ર. વાંકાવાલા (સુરત પશ્ચિમ) : માનનીય વાહનવ્યવહાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) નવસારી આર.ટી.ઓ. કચેરીને વર્ષ ૨૦૧૨ માં તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી આવક થઈ,

(૨) ગતવર્ષની આવકના પ્રમાણમાં કેટલો વધારો કે ઘટાડો થયો, અને

(૩) જો, આવકમાં ઘટાડો થયો હોય તો તેના કારણો શા છે ?

**જવાબ**

(૧) રૂા. ૪૦.૩૧ કરોડની આવક થઈ.

(૨) આવકમાં રૂા. ૦૬.૬૫ કરોડનો વધારો થયો.

(૩) આવકમાં વધારો થયેલ હોઈ, પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

### દાહોદ જિલ્લામાં પકડાયેલા બોગસ ડોકટરો અને લીધેલા પગલાં

૪૬૧૯ **શ્રીમતી ચંદ્રીકાબેન છ. બારીયા(ગરબાડા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧–૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દાહોદ જિલ્લામાં કેટલા બોગસ ડોકટરો પકડવામાં આવ્યા, | (૧) કુલ ૩ બોગસ ડોક્ટરો પકડવામાં આવ્યા છે. |
| (૨) પકડાયેલ આ ડોક્ટરો સામે કઈ કલમો લગાવી ગુન્હા દાખલ કરવામાં આવ્યા, અને | (૨) પકડાયેલ આ ડોક્ટરો સામે ગુજરાત મેડીકલ પ્રેક્ટીશનર્સ એક્ટ–૧૯૬૩ની કલમ ૩૦ અને ઈન્ડીયન પેનલ કોડ (આઈ.પી.સી.) ની કલમ ૧૫/૨, ૪૧૯, ૪૨૦ મુજબ ગુન્હા દાખલ કરવામાં આવ્યા છે. |
| (૩) બોગસ ડોકટરોને પકડવા માટે સરકારે સઘન કાર્યવાહી કરવા શાં પગલાં લીધા ? | (૩) બોગસ ડોક્ટરોને પકડવા માટે પોલીસમાં ફરીયાદ આપી પોલીસ કેસ દાખલ કરી પગલાં લેવાની જવાબદારી જે તે જીલ્લા આયુર્વેદ અધિકારી તથા મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીઓને સોંપી તે મુજબ જરૂરી પગલાં લેવાની સુચના આપવામાં આવેલ છે. |

---------

### શહેરા અને ગોધરા તાલુકામાં નોંધાયેલ ટી.બી.ના દર્દીઓ

૪૪૩૯ **શ્રી જેઠાભાઇ ઘે. આહીર(ભરવાડ) (શહેરા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) શહેરા અને ગોધરા તાલુકામાં તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા ટી. બી. ના દર્દીઓ નોંધાયા, અને

**જવાબ**

(૧) શહેરા અને ગોધરા તાલુકામાં તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નીચે મુજબ દર્દીઓ નોંધાયા છે.

| વર્ષ | શહેરા તાલુકો | ગોધરા તાલુકો |
|---|---|---|
| ૨૦૧૧ | ૫૩૬ | ૭૧૮ |
| ૨૦૧૨ | ૪૭૯ | ૭૪૫ |

**પ્રશ્ન**

(૨) આ દર્દીઓને ટી. બી. ની વ્યવસ્થિત સારવાર મળી રહે તે માટે શી કાર્યવાહી કરવામાં આવેલ છે ?

**જવાબ**

(૨) આ દર્દીઓને ટી. બી. ની વ્યવસ્થિત સારવાર મળી રહે તે માટે શહેરા અને ગોધરા તાલુકામાં કાર્યરત જનરલ હોસ્પીટલ, સામુહિક આરોગ્ય કેન્દ્ર, પ્રાથિમક આરોગ્ય કેન્દ્ર, સબ સેન્ટર ઉપરાંત ડોટ્સ પ્રોવાઈડર ધ્વારા દર્દીના રહેઠાણથી નજીક દર્દીને અનુકળ હોય તે સ્થળેથી સીધા નીરીક્ષણ હેઠળ સારવાર વિના મુલ્યે પુરી પાડવામાં આવે છે.

---------

### જૂનાગઢ જિલ્લામાં પેન્શનરોની સંખ્યા

૪૦૨૫ **શ્રી વાસણભાઇ ગો. આહીર(અંજાર) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જૂનાગઢ જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ પેન્શનરોની કુલ સંખ્યા કેટલી છે, | (૧) ૧૫,૦૦૩. |
| (૨) ઉક્ત પેન્શનરો પૈકી કેટલા પેન્શનરો તિજોરી દ્વારા પેન્શન મેળવે છે, | (૨) શૂન્ય. |
| (૩) કેટલા પેન્શનરો બેંક મારફત પેન્શન મેળવે છે, અને | (૩) ૧૫,૦૦૩. |
| (૪) કેટલા પેન્શનરો મનીઓર્ડરથી પેન્શન મેળવે છે ? | (૪) શૂન્ય. |

ફાલ્ગુન ૩૦, ૧૯૩૪ શાકે
અતારાંકિત પ્રશ્નો

---------

**વલસાડ જિલ્લામાં પેન્શનરોની સંખ્યા**

૩૯૮૦ **શ્રી કાંતીલાલભાઈ રે. ગામીત (નિઝર) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વલસાડ જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ પેન્શનરોની કુલ સંખ્યા કેટલી છે, | (૧) ૧૦,૨૫૨. |
| (૨) ઉક્ત પેન્શનરો પૈકી કેટલા પેન્શનરો તિજોરી કચેરી દ્વારા પેન્શન મેળવે છે, | (૨) શૂન્ય. |
| (૩) કેટલા પેન્શનરો બેંક મારફત પેન્શન મેળવે છે, અને | (૩) ૧૦,૨૫૨. |
| (૪) કેટલા પેન્શનરો મનીઓર્ડરથી પેન્શન મેળવે છે ? | (૪) શૂન્ય. |

---------

## જૂનાગઢ જિલ્લાના સીમર પ્રાથમિક આરોગ્ય કેન્દ્રને સામુહિક આરોગ્ય કેન્દ્ર બનાવવા બાબત

૫૩૩૪ **શ્રી પુંજાભાઇ ભી. વંશ(ઉના) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ જુનાગઢ જિલ્લાના ઉના તાલુકાના સીમર પ્રાથમિક આરોગ્ય કેન્દ્રને સામુહિક આરોગ્ય કેન્દ્રમાં બદલવામાં આવેલ છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો ક્યારે નિર્ણય કરવામાં આવેલ છે અને સામુહિક આરોગ્ય કેન્દ્રમાં સંવર્ગવાર કુલ કેટલું મહેકમ મંજૂર થયેલ છે,

(૩) મંજુર થયેલ મહેકમ પૈકી સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૪) ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) અને (૩)

સરકારશ્રીના તા. ૨૯–૧૨–૨૦૧૦ના ઠરાવથી આ નિર્ણય કરવામાં આવેલ છે.

સંવર્ગવાર મંજુર મહેકમ અને તે પૈકી ભરાયેલ અને ખાલી જગ્યાની વિગત નીચે મુજબ છે.

| સંવર્ગ | મંજૂર | ભરેલ | ખાલી |
|---|---|---|---|
| વર્ગ–૧ | ૦૧ | ૦૦ | ૦૧ |
| વર્ગ–૨ | ૦૩ | ૦૨ | ૦૧ |
| વર્ગ–૩ | ૧૩ | ૦૨ | ૧૧ |
| વર્ગ–૪ | ૧૦ | ૦૫ | ૦૫ |

(૪) સા.આ. કેન્દ્રોની મેડીકલ સંવર્ગની વર્ગ–૧ અને વર્ગ–૨ની ખાલી જગ્યાઓ ભરવા દર મંગળવારે વોક ઈન ઈન્ટરવ્યુનું આયોજન કરવામાં આવે છે. જેમાં યોગ્ય લાયકાત ધરાવતા ઉમેદવારો ઉપલબ્ધ થાય તેમ ખાલી જગ્યાઓ ઉપર નિમણૂંક આપવામાં આવે છે. રાજ્યની મેડીકલ કોલેજો તરફથી બોન્ડેડ ઉમેદવારોની યાદી મળે ખાલી જગ્યા ઉપર નિમણૂંક આપવામાં આવે છે. તદઅનુસાર વધારાના હવાલાથી પણ કામગીરી લેવામાં આવે છે.

આ ઉપરાંત વર્ગ–૩ ની ખાલી જગ્યાઓ સીધી ભરતી/બઢતીના ઉમેદવારો ઉપલબ્ધ થાય તેમ તેમ ભરવામાં આવે છે. તેમજ વર્ગ–૩ની વહીવટી તથા પેરામેડીકલ સંવર્ગની ખાલી જગ્યાઓ પર જરૂર જણાય ત્યાં વધારાના હવાલાથી પણ કામગીરી લેવામાં આવે છે. વર્ગ–૩ની પેરામેડીકલ સંવર્ગની તથા ડ્રાયવર વર્ગ–૩ અને વર્ગ–૪ની ખાલી જગ્યાઓ પર આઉટસોર્સથી પણ કામગીરી લેવામાં આવે છે.

---------

## વડોદરા આર.ટી.ઓ. કચેરીની આવક

૪૦૫૮ **શ્રી દિનેશભાઇ બા. પટેલ(પાદરા) : માનનીય વાહનવ્યવહાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) વડોદરા આર.ટી.ઓ. કચેરીને વર્ષ ૨૦૧૨માં તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી આવક થઈ,

(૨) ગતવર્ષની આવકના પ્રમાણમાં કેટલો વધારો કે ઘટાડો થયો, અને

(૩) જો, આવકમાં ઘટાડો થયો હોયતો તેના કારણો શાં છે ?

**જવાબ**

(૧) રૂા. ૧૭૩.૬૩ કરોડની આવક થઈ.

(૨) આવકમાં રૂા. ૦૯.૫૮ કરોડનો વધારો થયો.

(૩) આવકમાં વધારો થયેલ હોઈ, પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**ઉમરગામ તાલુકામાં નવા સામુહિક આરોગ્ય કેન્દ્રો મંજુર કરવા બાબત**

૩૯૬૭ **શ્રી રમણલાલ ના. પાટકર(ઉમરગામ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ઉમરગામ તાલુકામાં ડીસે.–૨૦૧૨ની સ્થિતિએ ૨ વર્ષમાં નવા સામૂહિક આરોગ્ય કેન્દ્રો કેટલા મંજૂર થયેલ છે, અને | (૧) મળવાપાત્ર બે સામૂહિક આરોગ્ય કેન્દ્રો ભિલાડ અને ઉમરગામ મુકામે કાર્યરત છે. |
| (૨) મંજૂર થયેલ સામુહિક આરોગ્ય કેન્દ્રોનું બાંધકામ ક્યારે શરૂ કરવામાં આવશે, અને ક્યારે પૂર્ણ કરવામાં આવશે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**સેફ સ્ટ્રીટ ફુડ ઝોન માટે પસંદગી કરવા બાબત**

૩૯૭૫ **શ્રી રાકેશ શાહ(એલિસબ્રીજ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તાજેતરમાં કેન્દ્ર સરકાર ધ્વારા સેફ સ્ટ્રીટ ફુડ ઝોન માટે ગુજરાતમાંથી અમદાવાદની પસંદગી કરવામાં આવેલ છે, આ હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ક્યારે પસંદગી કરવામાં આવી, અને | (૨) તા. ૨૬–૧૧–૧૨ના રોજ |
| (૩) આ માટે રાજ્ય સરકાર ધ્વારા કઈ કઈ સ્ટ્રીટ પસંદગી કરવામાં આવી છે ? | (૩) કાર્યવાહી ચાલુ છે. |

---------

**જામનગર જિલ્લામાં ખંભાલીયામાં જનરલ હોસ્પિટલ માટે બિલ્ડીંગ બનાવવા બાબત**

૩૯૯૯ **શ્રી પૂનમબેન હે. માડમ(ખંભાલીયા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જામનગર જિલ્લામાં ખંભાળીયામાં જનરલ હોસ્પિટલ માટે બિલ્ડીંગ મંજુર થયેલ છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તેનું કામ ક્યારે શરૂ કરવામાં આવશે, અને | (૨) આ કામની આનુષંગિક ઔપચારિકતા પૂર્ણ થયેથી ટૂંક સમયમાં બાંધકામની કાર્યવાહી શરૂ કરવાનું આયોજન છે. |
| (૩) તે કેટલા સમયમાં પૂર્ણ કરવામાં આવશે ? | (૩) આ કામ વર્ષ ૨૦૧૪ના અંત સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે. |

---------

**અમરેલી જિલ્લામાં દૂધ, ઘી, માખણ, દવાઓના ભેળસેળના નોંધાયેલ કેસો**

૫૩૨૭ **શ્રી અનિલ જોષિયારા(ભિલોડા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧–૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અમરેલી જિલ્લામાં દૂધ, ઘી, માખણ, માવાના અને દવાના ભેળસેળવાળા કેટલા કેસ નોંધાયા, અને | (૧) કુલ–૯ કેસ |
| (૨) એમની સામે તા. ૩૧–૧–૨૦૧૩ની સ્થિતિએ શી કાર્યવાહી કરવામાં આવી ? | (૨)<br>• દૂધ, ઘીના ૫ કિસ્સામાં દંડ માટેની શિક્ષા અંગે એડજ્યુડીકેટીંગ ઓફીસર સમક્ષ અરજી દાખલ કરેલ છે, જ્યારે ૧ કિસ્સામાં એડજ્યુડીકેટીંગ ઓફીસર સમક્ષ અરજી દાખલ કરવાની કાર્યવાહી |

ચાલુ છે.

- દવાના ૩ કસો પૈકી એક ઉત્પાદક અન્ય રાજ્યનો હોઈ તે રાજ્યના ઔષધ નિયંત્રકને ઉત્પાદક સામે પગલાં લેવા જણાવવામાં આવેલ છે, જ્યારે બે કેસમાં ગુજરાત રાજ્યના ઉત્પાદકોને કારણદર્શક નોટીસ પાઠવવામાં આવેલ છે.

---------

**રાજ્યમાં શીશુ મૃત્યદર ઘટાડવા લીધેલ પગલાં**

૪૧૧૬ **શ્રી નિરંજન પટેલ(પેટલાદ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં તા. ૩૧-૧-૧૩ની સ્થિતિએ શીશુ મૃત્યુદર કેટલો છે, અને

(૨) તે ઘટાડવા સરકાર ધ્વારા શાં પગલાં લેવામાં આવે છે ?

**જવાબ**

(૧) રાજ્યમાં તા. ૩૧-૧-૧૩ની સ્થિતિએ શીશુ મૃત્યુ દર પ્રતિ એક હજાર જીવીત જન્મે ૪૧ છે.

(૨) રાજ્યમાં શીશુ મૃત્યુ દર ઘટાડવા વિવિધ પગલાંઓ હાથ ધરવામાં આવેલ છે, જે નીચે મુજબ છેઃ-

(૧) નવજાત શિશુની સંસ્થાકીય ઘનિષ્ઠ સારવાર
(૨) નવજાત શિશુની ગૃહ મુલાકાત અને સારવાર
(૩) મમતા અભિયાન
(૪) નવજાત અને બાળપણની બિમારીઓનું સંકલિત સંચાલન
(૫) નવજાત શિશુ સુરક્ષા કાર્યક્રમ
(૬) જનની શિશુ સુરક્ષા કાર્યક્રમ
(૭) બાલ સખા યોજના
(૮) સાર્વત્રિક રસીકરણ કાર્યક્રમ
(૯) મિશન બલમ્ સુખમ્ હેઠળ
- બાળ કુપોષણ સારવાર કેન્દ્રો
- વીટામીન-એ ડોઝ અને લોહ તત્વની ગોળીઓ જેવા પોષણ પૂરકોનો ઉપયોગ
(૧૦) ઈ-મમતા - માતા અને બાળ ટ્રેકિંગ કાર્યક્રમ તથા
(૧૧) ઓ.આર.એસ. અને ઝીંક ટ્રીટમેન્ટ દ્વારા ડાયેરીયા નાબૂદી વિગેરે.

---------

**વલસાડ જિલ્લામાં પેન્શનરોની સંખ્યા**

૩૯૭૮ **શ્રી પિયુષ દિ. દેસાઇ(નવસારી) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વલસાડ જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ પેન્શનરોની કુલ સંખ્યા કેટલી છે, | (૧) ૧૦,૨૫૨. |
| (૨) ઉક્ત પેન્શનરો પૈકી કેટલા પેન્શનરો તિજોરી કચેરી દ્વારા પેન્શન મેળવે છે, | (૨) શૂન્ય. |
| (૩) કેટલા પેન્શનરો બેંક મારફત પેન્શન મેળવે છે, અને | (૩) ૧૦,૨૫૨ . |

(૪) કેટલા પેન્શનરો મનીઓર્ડરથી પેન્શન મેળવે છે ? (૪) શૂન્ય.

---------

**પાટણ જિલ્લામાં પેન્શનરોની સંખ્યા**

૩૯૮૧ **શ્રી રણછોડભાઇ મ. દેસાઇ(પાટણ) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) પાટણ જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ પેન્શનરોની કુલ સંખ્યા કેટલી છે, | (૧) ૭,૨૨૫. |
| (૨) ઉક્ત પેન્શનરો પૈકી કેટલા પેન્શનરો તિજોરી કચેરી દ્વારા પેન્શન મેળવે છે, | (૨) શૂન્ય. |
| (૩) કેટલા પેન્શનરો બેંક મારફત પેન્શન મેળવે છે, અને | (૩) ૭,૨૨૫. |
| (૪) કેટલા પેન્શનરો મનીઓર્ડરથી પેન્શન મેળવે છે ? | (૪) શૂન્ય. |

---------

**વાંકાનેર રેફરલ હોસ્પિટલ અપગ્રેડ કરવા ફાળવેલ રકમ**

૪૧૪૬ **શ્રી મહમદજાવી અ. પીરઝાદા(વાંકાનેર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૩૧–૧–૨૦૧૩ની સ્થિતિએ વાંકાનેર ખાતે આવેલ સામૂહિક આરોગ્ય કેન્દ્ર અને રેફરલ હોસ્પિટલને ૫૬ બેડની હોસ્પિટલમાંથી ૧૦૦ બેડની હોસ્પિટલમાં ફેરવવા વર્ષ–૨૦૧૧માં સૈધ્ધાંતિક મંજૂરી આપવામાં આવી હતી તે હકીકત સાચી છે,

(૧) હા, જી.

(૨) આ કાર્યવાહી કયા તબક્કે છે,

(૨) આ કામ માટે વહીવટી મંજૂરી મળેલ છે. આનુષાંગિક કાર્યવાહી ચાલુ છે.

(૩) આ કાર્યવાહી માટે કેટલી રકમ ક્યારે ફાળવવામાં આવી હતી, અને

(૩) પ્રસ્તુત કાર્યવાહી માટે

| વર્ષ | ફાળવેલ ગ્રાન્ટ |
| --- | --- |
| ૨૦૧૧–૧૨ | ૧૬.૬૭ લાખ |
| ૨૦૧૨–૧૩ | ૨૦૦.૦૦ લાખ |

ફાળવવામાં આવેલ છે.

(૪) કેટલા સમયમાં આ રેફરલ હોસ્પિટલને અપગ્રેડ કરી ૧૦૦ બેડમાં ફેરવવામાં આવશે ?

(૪) હોસ્પિટલના મકાનનું વિસ્તરણનું કામ ચાલુ છે જે વહેલી તકે પૂર્ણ કરવાનું આયોજન છે. હોસ્પિટલના મકાનનું વિસ્તરણનું કામ પૂર્ણ થયેથી ૧૦૦ બેડની સુવિધા ધરાવતી હોસ્પિટલ કાર્યાન્વિત થશે.

---------

**ડાંગ જિલ્લામાં પેન્શનરોની સંખ્યા**

૪૦૧૯ **શ્રી રણજીતભાઇ મં. ગીલીટવાલા(સુરત–પૂર્વ) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) ડાંગ જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ પેન્શનરોની કુલ સંખ્યા કેટલી છે, | (૧) ૧,૫૬૮. |
| (૨) ઉક્ત પેન્શનરો પૈકી કેટલા પેન્શનરો તિજોરી કચેરી દ્વારા પેન્શન મેળવે છે, | (૨) શૂન્ય. |
| (૩) કેટલા પેન્શનરો બેંક મારફત પેન્શન મેળવે છે, | (૩) ૧,૫૬૮. |

અને

| | |
|---|---|
| (૪) કેટલા પેન્શનરો મનીઓર્ડરથી પેન્શન મેળવે છે ? | (૪) શૂન્ય. |

---------

**નડીયાદ આર.ટી.ઓ. કચેરીના નવા મકાન બાંધકામ માટે મંજૂર કરેલ અંદાજિત ખર્ચ**

૪૦૫૫ **શ્રી દેવુંસિંહ જે. ચૌહાણ (માતર) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં નડિયાદ આર.ટી.ઓ. કચેરીના નવા મકાનનું બાંધકામ શરૂ કરવામાં આવેલ છે તે હકીકત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) તેમાં કેટલો અંદાજિત ખર્ચ મંજૂર કરવામાં આવેલ છે ? | (૨) આ માટે કુલ અંદાજિત ખર્ચ રૂ઼ા. ૫,૨૦,૦૦,૦૦૦/- મંજૂર કરવામાં આવેલ છે. |

---------

**એસ્સાર રિફાઈનરી પાસે સેલ્સટેક્સની બાકીની વસુલાત માટે લીધેલ પગલાં**

૪૧૧૪ **શ્રી શૈલેષ મ. પરમાર(દાણીલીમડા) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્ય સરકારે જામનગર સ્થિત એસ્સાર રીફાઈનરીને જે તે સમયે સેલ્સટેક્સમાં છૂટછાટના લાભો આપ્યા હતા, તે અન્વયે નામદાર સુપ્રીમ કોર્ટના તાજેતરના ચુકાદા અન્વયે એસ્સાર કંપની પાસે તા. ૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ કુલ કેટલી રકમ વસુલ કરવાની થાય છે,<br>(૨) તે અન્વયે એસ્સાર રીફાઈનરી દ્વારા કેટલી રકમ તા. ૩૧-૧૨-૨૦૧૨ સુધીમાં જમા કરાવવામાં આવી, અને<br>(૩) બાકી નીકળતી રકમ ના ભરવા સામે સરકારે શાં પગલાં લીધાં ? | (૧), (૨) અને (૩) : એસ્સાર ઓઈલ લીમીટિડ દ્વારા ઔધોગિક પ્રોત્સાહન યોજના ૧૯૯૫-૨૦૦૦ અંતર્ગત વિલંબિત ચુકવણાના યોગ્યતા પ્રમાણપત્ર માટે ઉધોગ વિભાગને અરજી કરતાં, નિયત સમયમર્યાદામાં ઉત્પાદન શરૂ થયેલ ન હોવાના કારણોસર એકમની અરજી નામંજૂર કરવામાં આવેલ હતી. તેની સામે એકમ નામ.હાઈકોર્ટમાં જતાં નામ. હાઈકોર્ટે તા. ૨૪-૪-૨૦૦૮ના રોજ આપેલ ચુકાદા અનુસાર, એકમને એક માસમાં યોગ્યતા પ્રમાણપત્ર ઈસ્યુ કરવા ઉધોગ વિભાગને સૂચના આપેલ હતી. નામ. હાઈકોર્ટના ચુકાદા સામે રાજ્ય સરકાર દ્વારા નામ.સુપ્રીમકોર્ટમાં સ્પેશ્યલ લીવ પીટીશન દાખલ કરવામાં આવેલ હતી. આ કાર્યવાહીના પરિણામે એસ્સાર ઓઈલ લીમીટિડના કેસમાં બાકી વસુલાતનો પ્રશ્ન ઉપસ્થિત થયેલ છે. નામ. સુપ્રીમ કોર્ટના તા. ૧૩-૯-૨૦૧૨ના ઓર્ડર અનુસાર એસ્સાર ઓઈલ લીમીટિડ દ્વારા આઠ ત્રિમાસિક હપ્તામાં બાકી રકમ સરકારની તિજોરીમાં ભરપાઈ કરવાની રહે છે. તા. ૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ એસ્સાર ઓઈલ લીમીટિડ દ્વારા ₹ ૬૧૬૫.૯૭ કરોડ (વ્યાજ સહિત) સરકારની તિજોરીમાં જમા કરાવવાના થતા હતા. જે અન્વયે એસ્સાર ઓઈલ લીમીટિડ દ્વારા તા. ૨-૧-૨૦૧૩ના રોજ પ્રથમ હપ્તા પેટે ₹ ૧૧૯૩.૩૭ કરોડ ભરપાઈ કરેલ છે. |

**જસદણ તાલુકામાં આરોગ્ય કેન્દ્રોમાં બંધ વાહનો શરૂ કરવા બાબત**

૫૨૦૪ **શ્રી ભોળાભાઇ ગોહેલ(જસદણ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૦૧–૨૦૧૩ની સ્થિતિએ જસદણ તાલુકામાં કયા કયા આરોગ્ય કેન્દ્રો હસ્તક એમ્બ્યુલન્સ વાહન કેટલા છે, | (૧) જસદણ તાલુકામાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, ભડલી અને સાણથલી ખાતે એક–એક એમ્બ્યુલન્સ વાહન અને સામુહિક આરોગ્ય કેન્દ્ર, વિંછીયા અને જસદણ ખાતે એક–એક એમ્બ્યુલન્સ વાહન ચાલુ હાલતમાં છે. |
| (૨) તે કયારથી બંધ છે, | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) બંધ રાખવાનાં કારણો શા છે, અને | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૪) કયારે શરૂ કરવામાં આવશે ? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**નડીયાદ આર.ટી.ઓ. કચેરીના નવા મકાન બાંધકામ માટે મંજૂર કરેલ અંદાજિત ખર્ચ**

૪૦૫૪ **શ્રી સંજયકુમાર ર. પટેલ(ખંભાત) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં નડિયાદ આર.ટી.ઓ. કચેરીના નવા મકાનનું બાંધકામ શરુ કરવામાં આવેલ છે તે હકીકત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) તેમાં કેટલો અંદાજિત ખર્ચ મંજૂર કરવામાં આવેલ છે ? | (૨) આ માટે કુલ અંદાજિત ખર્ચ રૂ. ૫,૨૦,૦૦,૦૦૦/- મંજુર કરવામાં આવેલ છે. |

---------

**ખેડા જિલ્લામાં આવેલ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને સામૂહિક આરોગ્ય કેન્દ્રો**

૫૧૭૯ **શ્રી ગૌતમભાઇ રા. ચૌહાણ(મહેમદાવાદ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨ –૨૦૧૨ની સ્થિતિએ ખેડા જિલ્લામાં કેટલા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને સામૂહિક આરોગ્ય કેન્દ્રો છે, | (૧) તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ ખેડા જિલ્લામાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો–૫૧ અને સામૂહિક આરોગ્ય કેન્દ્રો–૧૨ છે. |
| (૨) તેમાં સંવર્ગવાર કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, | (૨) સંવર્ગવાર ખાલી જગ્યાઓની વિગત ***પત્રક–૧** તથા ***પત્રક–૨** મુજબની છે. |
| (૩) સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં સુપ્રિન્ટેન્ડેન્ટની જગ્યા માટે કઈ લાયકાત માન્ય છે, અને | (૩) સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં સુપ્રિન્ટેન્ડન્ટની જગ્યા માટે એમ.એસ.જનરલ સર્જન અથવા એમ.ડી.મેડીસીન અથવા એમ.ડી. ગાયનેકોલોજીસ્ટ અથવા પોસ્ટ ગ્રેજ્યુએટ ડીપ્લોમાં ઈન ગાયનેકોલોજીસ્ટની લાયકાત માન્ય છે. |
| (૪) મહેમદાવાદ સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં સુપ્રિન્ટેન્ડેન્ટ શી લાયકાત ધરાવે છે ? | (૪) મહેમદાવાદ સા.આ.કેન્દ્રમાં ખાલી જગાનો વધારાનો હવાલો તબીબી અધિકારી વર્ગ–૨ ને સોંપાયેલ છે, જેઓ એમ.બી.બી.એસ.ની લાયકાત ધરાવે છે. |

**(*પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)**

---------

**નિયામકશ્રી, ભારતીય તબીબી અને હોમિઓપેથિક તબીબોની ભરતી કરવા બાબત**

૫૨૧૮ **શ્રી મોહનસિંહ છો. રાઠવા(છોટાઉદેપુર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નિયામકશ્રી, ભારતીય તબીબી અને હોમિઓપેથિક વિભાગ દ્વારા કેટલા હોમિઓપેથિક તબીબીની ભરતી કરવામાં આવી, | (૧) ૧૧૨. |
| (૨) આ ભરતી જી.પી.એસ.સી. દ્વારા કરવામાં આવી છે કે કેમ, | (૨) ના, જી. |

(૩) જો ના, તો તેના કારણો શા છે અને,

(૩) હોમિઓપેથિક મેડીકલ ઓફીસરની જગ્યાઓ વર્ગ-૩ની હોવાથી જી.પી.એસ.સી. દ્વારા ભરતી કરવામાં આવેલ નથી.

(૪) હોમિઓપેથિક તબીબોની ભરતી સરકાર કયારે કરવા માંગે છે ?

(૪) ખાલી રહેતી જગ્યાઓ જાહેરાત આપીને વહેલામાં વહેલી તકે ભરવામાં આવશે.

---------

**રાજયમાં નવી બસો ખરીદવા બાબત**

૫૧૮૯ **શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત(સિધ્ધપુર) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

તા. ૩૧-૦૧-૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નવી બસો ખરીદવા રાજય સરકારે કેટલો ખર્ચ કર્યો ?

**જવાબ**

તા. ૩૧-૧-૨૦૧૩ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નવી બસો ખરીદવા રાજય સરકારે નીચે મુજબનો ખર્ચ કરેલ છે.

| | |
|---|---|
| ૨૦૧૧-૧૨ | રૂ।. ૩૧૧.૦૦ કરોડ |
| ૨૦૧૨-૧૩ (૩૧-૧-૨૦૧૩ સુધી) | રૂ।. ૩૧૨.૦૦ કરોડ |
| **કુલ** | **રૂ।. ૬૨૩.૦૦ કરોડ** |

---------

**અમદાવાદ જિલ્લામાં ફાળવેલ ૧૦૮ એમ્બ્યુલન્સ**

૩૯૯૯ **શ્રી જયરાજસિંહ ટે. જાડેજા(ગોંડલ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજય સરકારે અમદાવાદ જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ કેટલી ૧૦૮ એમ્બ્યુલન્સ ફાળવેલ છે, અને

(૨) છેલ્લા બે વર્ષમાં આ સેવાઓનો કેટલા દર્દીઓને લાભ આપવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) ૪૭ (સુડતાલીસ).

(૨) ૧,૮૭,૪૮૦ (એક લાખ સત્યાસી હજાર ચારસો એંસી).

---------

**પાલનપુર સીવીલ હોસ્પિટલમાં જીવનરક્ષક દવાઓનો અપૂરતો સ્ટોક**

૫૧૯૨ **શ્રી મહેશકુમાર અ. પટેલ(પાલનપુર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) પાલનપુર હોસ્પિટલમાં સને ૨૦૧૧ અને ૨૦૧૨માં જીવનરક્ષક દવાઓ ખુટી પડવાથી કેટલી ઘટનાઓ જાણમાં આવી,

(૨) જીવન રક્ષક દવાઓનો પુરતો સ્ટોક ન રાખવાનાં શાં કારણો છે, અને

(૩) આ હોસ્પિટલમાં જીવન રક્ષક દવાઓનો પૂરતો સ્ટોક જાળવવા શી પાકી વ્યવસ્થા થઈ છે ?

**જવાબ**

(૧) એકપણ ઘટના બની નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી,

(૩) જીવન રક્ષક દવાઓનો પૂરતો સ્ટોક રાખવામાં આવે છે.

---------

**અમદાવાદ જિલ્લામાં ફાળવેલ ૧૦૮ એમ્બ્યુલન્સ**

૩૯૮૯ **શ્રી જગદીશભાઇ ઇ. પંચાલ(નિકોલ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજય સરકારે અમદાવાદ જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૨ ની સ્થિતિએ કેટલી ૧૦૮ એમ્બ્યુલન્સ ફાળવેલ છે, અને

(૨) છેલ્લા બે વર્ષમાં આ સેવાઓનો કેટલા દર્દીઓને લાભ આપવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) ૪૭ (સુડતાલીસ).

(૨) ૧,૮૭,૪૮૦ (એક લાખ સત્યાસી હજાર ચારસો એંસી).

---------

**જૂનાગઢ જિલ્લામાં સિમેન્ટ કંપનીઓ પાસેથી બાકી વેટની વસુલાત**

૪૧૫૨ **શ્રી જસાભાઇ ભા. બારડ(સોમનાથ) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જૂનાગઢ જિલ્લાની કઈ કઈ સિમેન્ટ કંપનીઓ પાસે કેટલી વેટની વસુલાતો તા. ૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષથી બાકી છે, | (૧) **સિમેન્ટ કંપનીનું નામ** — **બાકી રકમ (રૂ. કરોડમાં)**<br>સિધ્ધિ સિમેન્ટ લી. — ૦.૮૭<br>અંબુજા સિમેન્ટ લી. — ૦.૪૪ |
| (૨) આ કંપનીઓ પાસેથી કુલ કેટલી રકમની વસુલાતો બાકી છે, અને | (૨) રૂ. ૩.૬૬ કરોડ. |
| (૩) આ રકમો વસુલ કરવા અંગે રાજય સરકારે શાં પગલાં લીધાં ? | (૩) સિધ્ધિ સિમેન્ટ લી. ના કિસ્સામાં આકારણી વર્ષ-૨૦૦૬/૦૭માં નામદાર વાણિજિયકવેરા પંચ દ્વારા તેમજ આકારણી વર્ષ-૨૦૦૭/૦૮માં સંયુક્ત વાણિજિયકવેરા કમિશનર (અપીલ) દ્વારા તથા અંબુજા સિમેન્ટ લી.ના કિસ્સામાં નામદાર વાણિજિયકવેરા પંચ દ્વારા વિવાદ નિકાલ સુધી મનાઈ હુકમ આપવામાં આવેલ છે. |

---------

**ડાંગ જિલ્લામાં પેન્શનરોની સંખ્યા**

૪૦૨૨ **શ્રી રમેશભાઇ ભુ. કટારા(ફતેપુરા) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ડાંગ જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ પેન્શનરોની કુલ સંખ્યા કેટલી છે, | (૧) ૧,૫૬૮. |
| (૨) ઉક્ત પેન્શનરો પૈકી કેટલા પેન્શનરો તિજોરી કચેરી દ્વારા પેન્શન મેળવે છે, | (૨) શૂન્ય. |
| (૩) કેટલા પેન્શનરો બેંક મારફત પેન્શન મેળવે છે, અને | (૩) ૧,૫૬૮. |
| (૪) કેટલા પેન્શનરો મનીઓર્ડરથી પેન્શન મેળવે છે ? | (૪) શૂન્ય. |

---------

**આણંદ જિલ્લામાં નવા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો શરૂ કરવાનું આયોજન**

૫૨૧૫ **શ્રી અમીત ચાવડા(આંકલાવ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૦૧-૨૦૧૩ની સ્થિતિએ આણંદ જિલ્લામાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અંતર્ગત તાલુકાવાર કયાં કયાં ગામે પેટા કેન્દ્રો કાર્યરત છે,<br>(૨) તે પૈકી પેટા કેન્દ્ર દીઠ કેટલા કર્મચારીઓની જગ્યા ભરાયેલ છે, | (૧) અને (૨) : તા. ૩૧-૦૧-૨૦૧૩ની સ્થિતિએ આણંદ જિલ્લામાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અંતર્ગત તાલુકાવાર ગામવાર કાર્યરત પેટા કેન્દ્રો તથા આ પેટા કેન્દ્રોમાં ભરાયેલ જગ્યાઓની વિગત ***પત્રક-અ** માં દર્શાવ્યા મુજબની છે. |
| (૩) વર્ષ ૨૦૧૧ની વસ્તી ગણતરીના આંકડા મુજબ નવા પેટા કેન્દ્રો ખોલવાનું આયોજન છે કે કેમ, અને | (૩) વર્ષ ૨૦૧૧ની વસ્તી ગણતરીના આંકડા મુજબ તબક્કાવાર નવા પેટા કેન્દ્રો ખોલવા અંગે કેન્દ્ર સરકારની મંજુરીની અપેક્ષાએ નવા પેટા કેન્દ્રો ખોલવાનું આયોજન છે. |
| (૪) કેટલા સમયમાં નવા પેટા કેન્દ્રો ખોલવાનું આયોજન છે ? | (૪) કેન્દ્ર સરકારની મંજુરીની અપેક્ષાએ તબક્કાવાર નવા પેટા કેન્દ્રો ખોલવાનું આયોજન કરવામાં આવનાર છે. |

**(* પત્રક-સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)**

---------

તા.૨૧ મી માર્ચ, ૨૦૧૩
અતારાંકિત પ્રશ્નો

**ફુડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ એક્ટ-૨૦૦૬ અન્વયે વેપારીઓને લાયસન્સ આપવા બાબત**

૪૭૭૪ **શ્રી મણીલાલ જે. વાઘેલા(વડગામ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ફુડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ એક્ટ-૨૦૦૬ અન્વયે ખાદ્ય ચીજોનું ઉત્પાદન, વેચાણ અને સંગ્રહ કરનારે લાયસન્સ, રજીસ્ટ્રેશન લેવાનું ફરજિયાત છે, તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો બનાસકાંઠા જિલ્લામાં તા. ૩૧-૧૨-૧૨ ની સ્થિતિએ આવા કેટલા વેપારીઓને સ્ટેટ લાયસન્સ આપવામાં આવ્યા, | (૨) લાયસન્સ-૮૨૦. |
| (૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા વેપારીઓ નિયમ/કાયદાથી નિયત જથ્થા કરતાં વધારે જથ્થાના ખાદ્ય ચીજવસ્તુના ઉત્પાદન, વેચાણ અને સંગ્રહ કરતાં માલુમ પડ્યા છે, અને | (૩) એક પણ નહી. |
| (૪) તેમના સામે નિયમભંગ બદલ સરકારે શિક્ષાત્મક શી કાર્યવાહી કરી ? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**અબડાસા, લખપત અને નખત્રાણા તાલુકાઓમાં સામૂહિક આરોગ્ય કેન્દ્રોમાં બેડની સુવિધા**

૪૧૪૪ **શ્રી છબીલભાઇ ના. પટેલ(અબડાસા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૨૦૧૩ની સ્થિતિએ અબડાસા-લખપત અને નખત્રાણા તાલુકાના સામૂહિક આરોગ્ય કેન્દ્રોમાં સેન્ટરવાર કેટલી બેડની સુવિધા છે,

**જવાબ**

(૧) તાલુકાવાર સા.આ.કેન્દ્રમાં બેડની સુવિધાની વિગત નીચે મુજબની છે.

| અ.નં. | તાલુકો | સા.આ.કેન્દ્ર | બેડ સુવિધા |
|---|---|---|---|
| ૧ | અબડાસા | નલિયા | ૩૦ |
| ૨ | લખપત | દયાપર | ૩૦ |
| ૩ | નખત્રાણા | નખત્રાણા | ૩૦ |

**પ્રશ્ન** (૨) બેડમાં વધારો કરવાનું કોઈ આયોજન કરવામાં આવ્યું છે કે કેમ, અને

**જવાબ** (૨) પર્યાપ્ત બેડ સુવિધા હોય પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**પ્રશ્ન** (૩) છેલ્લા એક વર્ષમાં કેટલા દર્દીઓને ઈન્ડોર પેશન્ટ તરીકે દાખલ કરવામાં આવ્યા ?

**જવાબ** (૩) છેલ્લા એક વર્ષમાં તાલુકાવાર સા.આ.કેન્દ્રોમાં ઈન્ડોર પેશન્ટ તરીકે દાખલ કરવામાં આવેલ દર્દીઓની વિગત નીચે મુજબની છે.

| અ.નં. | તાલુકો | સા.આ.કેન્દ્ર | ઈન્ડોર દર્દીઓ |
|---|---|---|---|
| ૧ | અબડાસા | નલિયા | ૨૦૭૯ |
| ૨ | લખપત | દયાપર | ૧૫૫૬ |
| ૩ | નખત્રાણા | નખત્રાણા | ૪૧૩૧ |

---------

**હિંમતનગર આર.ટી.ઓ. કચેરીની આવક**

૫૩૫૩ **શ્રી અશ્વિન કોટવાલ(ખેડબ્રહમા) : માનનીય વાહનવ્યવહાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) આર.ટી.ઓ હિંમતનગરની કચેરીને સન-૨૦૧૨ ના વર્ષમાં કુલ કેટલી આવક થઈ, | (૧) રૂા. ૫૩.૩૪ કરોડની આવક થઈ. |
| (૨) વર્ષ-૨૦૧૧ના સંદર્ભમાં વધારો થયો કે | (૨) આવકમાં વધારો થયો. |

ઘટાડો,

(૩) જો આવકમાં વધારો થયો હોય તો કેટલી રકમનો, અને

(૪) જો ઘટાડો થયો હોય તો તેના કારણો શાં છે ?

(૩) રૂા. ૮.૧૪ કરોડનો વધારો થયો.

(૪) આવકમાં વધારો થયેલ હોઈ, પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**વડોદરા આર.ટી.ઓ કચેરીની આવક**

૪૦૫૯ **શ્રી રાજેન્દ્ર ત્રિવેદી (રાવપુરા) : માનનીય વાહનવ્યવહાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વડોદરા આર.ટી.ઓ. કચેરીને વર્ષ ૨૦૧૨માં તા. ૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી આવક થઈ,

(૨) ગતવર્ષની આવકના પ્રમાણમાં કેટલો વધારો કે ઘટાડો થયો, અને

(૩) જો, આવકમાં ઘટાડો થયો હોય તો તેના કારણો શા છે ?

**જવાબ**

(૧) રૂા. ૧૭૩.૬૩ કરોડની આવક થઈ.

(૨) આવકમા રૂા. ૦૯.૫૮ કરોડનો વધારો થયો.

(૩) આવકમાં વધારો થયેલ હોઈ, પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**અમરેલી જિલ્લામાં સામૂહિક આરોગ્ય કેન્દ્ર અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં ખાલી જગ્યાઓ ભરવા બાબત**

૫૩૩૨ **શ્રી બાવકુભાઇ ના. ઉંધાડ(લાઠી) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૧૩ની સ્થિતિએ અમરેલી જિલ્લાના તાલુકામાં સામૂહિક આરોગ્ય કેન્દ્ર અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રનું વર્ગ ૧ થી ૪ નું મહેકમ કેટલું છે,

(૨) તેમાંથી કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, અને

(૩) કેટલા સમયમાં આ જગ્યાઓ ભરવામાં આવશે ?

**જવાબ**

(૧) અને (૨) તા. ૩૧-૧-૧૩ની સ્થિતિએ અમરેલી જિલ્લાના સામૂહિક આરોગ્ય કેન્દ્રોનુ અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોનું વર્ગ ૧ થી ૪ નું મંજૂર મહેકમ અને ખાલી જગ્યાઓ ક્યારથી ખાલી છે તેની વિગત સંલગ્ન ***પત્રક-અ** અને ***પત્રક-બ** માં દર્શાવ્યા મુજબ છે.

(૩) સા.આ. કેન્દ્રોની મેડીકલ સંવર્ગની વર્ગ-૧ અને વર્ગ-૨ની ખાલી જગ્યાઓ ભરવા દર મંગળવારે વોક ઈન ઈન્ટરવ્યુનું આયોજન કરવામાં આવે છે. જેમાં યોગ્ય લાયકાત ધરાવતા ઉમેદવારો ઉપલબ્ધ થાય તેમ ખાલી જગ્યાઓ ઉપર નિમણૂંક આપવામાં આવે છે. રાજ્યની મેડીકલ કોલેજો તરફથી બોન્ડેડ ઉમેદવારોની યાદી મળે ખાલી જગ્યા ઉપર નિમણૂંક આપવામાં આવે છે. તદઅનુસાર વધારાના હવાલાથી પણ કામગીરી લેવામાં આવે છે.

આ ઉપરાંત વર્ગ-૩ ની ખાલી જગ્યાઓ સીધી ભરતી/બઢતીના ઉમેદવારો ઉપલબ્ધ થાય તેમ તેમ ભરવામાં આવે છે. તેમજ વર્ગ-૩ની વહીવટી તથા પેરામેડીકલ સંવર્ગની ખાલી જગ્યાઓ પર જરૂર જણાય ત્યાં વધારાના હવાલાથી પણ કામગીરી લેવામાં આવે છે. વર્ગ-૩ની પેરામેડીકલ સંવર્ગની તથા ડ્રાઈવર વર્ગ-૩ અને વર્ગ-૪ની ખાલી જગ્યાઓ પર આઉટસોર્સથી પણ કામગીરી લેવામાં આવે છે.

**(*પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)**

---------

તા.૨૧ મી માર્ચ, ૨૦૧૩
અતારાંકિત પ્રશ્નો

**જામનગરની ગુરૂ ગોવિંદસિંહ હોસ્પિટલમાં જીવનરક્ષક દવાઓ પુરી પાડવા બાબત**

૫૦૮૩ **શ્રી રાઘવજી હં. પટેલ(જામનગર ગ્રામ્ય) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જામનગર ખાતેની ગુરૂ ગોવિંદસિંહ હોસ્પિટલમાં સને ૨૦૧૧ અને સને ૨૦૧૨ માં જીવનરક્ષક દવાઓ ખૂટી પડવાની કેટલી ઘટના જાણમાં આવી,

(૨) જીવનરક્ષક દવાઓનો પુરતો સ્ટોક ન રાખવાના શાં કારણો છે, અને

(૩) આ હોસ્પિટલમાં જીવનરક્ષક દવાઓનો પુરતો સ્ટોક જાળવવા શી પાકી વ્યવસ્થા કરવામાં આવી છે ?

**જવાબ**

(૧) જામનગર ખાતેની ગુરૂ ગોવિંદસિંહ હોસ્પિટલમાં સને ૨૦૧૧ અને ૨૦૧૨ માં જીવનરક્ષક દવાઓ ખૂટી પડવાની ઘટના બનેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) જીવનરક્ષક દવાઓનો જથ્થો મધ્યસ્થ ઔષધ ભંડાર તંત્રમાંથી મેળવવા વાર્ષિક ઈન્ડેન્ટ કરવામાં આવે છે. ત્યાંથી ત્રિમાસિક જથ્થો ફાળવવામાં આવે છે. સપ્લાય ન થતી દવાઓ સ્થાનિક ધોરણે ખરીદવામાં આવે છે. તાકીદે દવાઓ આપી શકાય તે માટે સી.એમ.એસ.ઓ. કચેરી હસ્તક પાંચ ડેપો શરૂ કરેલ છે. જેમાં રાખેલ સ્ટોકમાંથી દવાઓ મોકલવામાં આવે છે. ડેપોના સ્ટોકની વિગતો ઓનલાઈન ઉપલબ્ધ થાય તેવી મોનીટરીંગ વ્યવસ્થા ગોઠવેલ છે.

---------

**દાહોદ જનરલ હોસ્પિટલને અદ્યતન બનાવવા પાછળ કરેલ ખર્ચ બાબત**

૪૬૨૦ **શ્રીમતી ચંદ્રીકાબેન છ. બારીયા(ગરબાડા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૨૦૧૩ની સ્થિતિએ દાહોદ જિલ્લા મથકે જનરલ હોસ્પિટલને અદ્યતન બનાવવા છેલ્લા બે વર્ષમાં કેટલો ખર્ચ કયા કયા કામો પાછળ કરવામાં આવ્યો, અને

(૨) તે અન્વયે કેટલા નવા વોર્ડ બનાવવામાં આવ્યા છે ?

**જવાબ**

(૧) કોઈ ખર્ચ થયેલ નથી.

(૨) લાગુ પડતું નથી.

---------

**શહેરા અને ગોધરા તાલુકામાં સામૂહિક આરોગ્ય કેન્દ્રો અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં ખાલી જગ્યાઓ ભરવા બાબત**

૪૪૪૦ **શ્રી જેઠાભાઇ ઘે. આહીર(ભરવાડ) (શહેરા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ શહેરા અને ગોધરા તાલુકામાં સામૂહિક આરોગ્ય કેન્દ્ર અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં કેટલું મહેકમ છે,

(૨) તે પૈકી સંવર્ગવાર કઈ કઈ જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે,

(૩) આવી ખાલી જગ્યાઓ ભરવા સરકારે ક્યારે જાહેરાત બહાર પાડી, અને

**જવાબ**

(૧) અને (૨)

તા. ૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ શહેરા અને ગોધરા તાલુકામાં સામૂહિક આરોગ્ય કેન્દ્ર અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં મંજુર મહેકમ, સંવર્ગવાર ખાલી જગ્યાઓ ક્યારથી ખાલી છે તેની વિગત સંલગ્ન ***પત્રક-અ** અને ***પત્રક-બ** માં દર્શાવ્યા મુજબ છે.

(૩) સામુહિક આરોગ્ય કેન્દ્રોની નીચે દર્શાવેલ સંવર્ગની ખાલી જગ્યાઓ ભરવા નીચેની વિગતે જાહેરાત બહાર પાડેલ છે.

| અ.નં. | જગ્યાનું નામ | જાહેરાતની તારીખ |
|---|---|---|
| ૧ | ડેન્ટલ સર્જન વર્ગ-૨ | ૨૫-૯-૨૦૧૨ |
| ૨ | જુનિયર ફાર્માસીસ્ટ | ૧૮-૬-૨૦૧૨ અને ૨૯-૯-૨૦૧૨ |
| ૩ | એક્સરે ટેકનીશીયન | |
| ૪ | લેબોરેટરી | |

(૪) આવી ખાલી જગ્યાઓ કેટલા સમયમાં ભરવામાં આવશે ?

(૪) પ્રા.આ. કેન્દ્રો/સા.આ. કેન્દ્રોની મેડીકલ સંવર્ગની વર્ગ–૧ અને વર્ગ–૨ ની જગ્યાઓ ભરવા દર મંગળવારે વોક ઈન ઈન્ટરવ્યુનું આયોજન કરવામાં આવે છે. જેમાં યોગ્ય લાયકાત ધરાવતા ઉમેદવારો ઉપલબ્ધ થાય તેમ ખાલી જગ્યાઓ ઉપર નિમણૂંક આપવામાં આવે છે. રાજ્યની મેડીકલ કોલેજો તરફથી બોન્ડેડ ઉમેદવારોની યાદી મળે ખાલી જગ્યા ઉપર નિમણૂંક આપવામાં આવે છે. તદઅનુસાર વધારાના હવાલાથી પણ કામગીરી લેવામાં આવે છે.

આ ઉપરાંત વર્ગ–૩ ની ખાલી જગ્યાઓ સીધી ભરતી/બઢતીના ઉમેદવારો ઉપલબ્ધ થાય તેમ તેમ ભરવામાં આવે છે. તેમજ વર્ગ–૩ની વહીવટી તથા પેરામેડીકલ સંવર્ગની ખાલી જગ્યાઓ પર જરૂર જણાય ત્યાં વધારાના હવાલાથી પણ કામગીરી લેવામાં આવે છે. વર્ગ–૩ની પેરામેડીકલ સંવર્ગની તથા ડ્રાયવર વર્ગ–૩ અને વર્ગ–૪ની ખાલી જગ્યાઓ પર આઉટસોર્સથી પણ કામગીરી લેવામાં આવે છે.

**(*પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)**

---------

**ઉના તાલુકામાં આવેલ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં મંજૂર થયેલ મહેકમ**

૫૩૩૬ **શ્રી પુંજાભાઇ ભી. વંશ(ઉના) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ જૂનાગઢ જિલ્લામાં ઉના તાલુકામાં કુલ કેટલા પ્રાથિમક આરોગ્ય કેન્દ્ર આવેલ છે,

(૧) ઉના તાલુકામાં ૯ (નવ) પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો આવેલા છે.

(૨) પ્રાથમિક આરોગ્ય કેન્દ્રવાર સંવર્ગવાર કુલ કેટલું મહેકમ મંજૂર થયેલ છે,

(૩) તે પૈકી સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ છે, અને

(૪) સંવર્ગવાર કેટલી જગ્યાઓ કયારથી ખાલી છે અને ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે ?

(૨), (૩) અને (૪)

પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં સંવર્ગવાર મંજૂર મહેકમ ભરાયેલ જગ્યાઓ, ખાલી જગ્યાઓ, ખાલી જગ્યાઓ ક્યારથી ખાલી છે તેની વિગતો સંલગ્ન **પત્રક–અ** માં દર્શાવ્યા મુજબની છે.

પ્રા.આ. કેન્દ્રોની મેડીકલ સંવર્ગની વર્ગ–૨ ની ખાલી જગ્યાઓ ભરવા દર મંગળવારે વોક ઈન ઈન્ટરવ્યુનું આયોજન કરવામાં આવે છે. જેમાં યોગ્ય લાયકાત ધરાવતા ઉમેદવારો ઉપલબ્ધ થાય તેમ ખાલી જગ્યાઓ ઉપર નિમણૂંક આપવામાં આવે છે. રાજ્યની મેડીકલ કોલેજો તરફથી બોન્ડેડ ઉમેદવારોની યાદી મળે ખાલી જગ્યા ઉપર નિમણૂંક આપવામાં આવે છે. તદઅનુસાર વધારાના હવાલાથી પણ કામગીરી લેવામાં આવે છે.

આ ઉપરાંત વર્ગ–૩ ની ખાલી જગ્યાઓ સીધી ભરતી/બઢતીના ઉમેદવારો ઉપલબ્ધ થાય તેમ તેમ ભરવામાં આવે છે. તેમજ વર્ગ–૩ની વહીવટી તથા પેરામેડીકલ સંવર્ગની ખાલી જગ્યાઓ પર જરૂર જણાય ત્યાં વધારાના હવાલાથી પણ કામગીરી લેવામાં આવે છે. વર્ગ–૩ની પેરામેડીકલ સંવર્ગની તથા ડ્રાયવર વર્ગ–૩ અને વર્ગ–૪ની ખાલી જગ્યાઓ પર આઉટસોર્સથી પણ કામગીરી લેવામાં આવે છે.

**પત્રક–અ**

**ઉના તાલુકાના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોની મંજુર, ભરેલ અને ખાલી જગ્યાઓની વિગત**

| ક્રમ | પ્રાથમિક આરોગ્ય કેન્દ્રનું નામ | તબીબી અધિકારી વર્ગ–૨ | | | ક્યારથી ખાલી | જુનિયર ફાર્માસીસ્ટ વર્ગ–૩ | | | ક્યારથી ખાલી | લેબોરેટરી ટેકનીશીયન વર્ગ–૩ | | | ક્યારથી ખાલી | ડ્રાઈવર વર્ગ–૩ | | | ક્યારથી ખાલી |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | મંજુર | ભરેલી | ખાલી | | મંજુર | ભરેલી | ખાલી | | મંજુર | ભરેલી | ખાલી | | મંજુર | ભરેલી | ખાલી | |
| ૧ | નવાબંદર | ૧ | ૦ | ૧ | ૦૧–૦૭–૨૦૧૨ | ૧ | ૦ | ૧ | ૦૧–૧૦–૨૦૧૨ | ૧ | ૦ | ૧ | ૦૧–૦૭–૨૦૦૫ | ૧ | ૦ | ૧ | ૦૧–૦૭–૨૦૦૫ |
| ૨ | સામતેર | ૧ | ૧ | – | – | ૧ | ૦ | ૧ | ૦૧–૧૦–૨૦૦૫ | ૧ | ૧ | ૦ | – | ૧ | ૦ | ૧ | ૦૧–૦૭–૨૦૦૫ |
| ૩ | સનખડા | ૧ | ૦ | ૧ | ૦૧–૦૭–૨૦૦૫ | ૧ | ૦ | ૧ | ૦૧–૧૦–૨૦૧૨ | ૧ | ૦ | ૧ | ૦૧–૦૭–૨૦૦૫ | ૧ | ૦ | ૧ | ૦૧–૦૭–૨૦૦૫ |
| ૪ | ધોકડવા | ૧ | ૧ | – | – | ૧ | ૦ | ૧ | ૦૧–૦૭–૨૦૦૫ | ૧ | ૧ | ૦ | – | ૧ | ૦ | ૧ | ૦૧–૦૭–૨૦૦૫ |
| ૫ | જામવાળા | ૧ | ૦ | – | ૦૧–૦૭–૨૦૦૫ | ૧ | ૦ | ૧ | ૦૧–૦૭–૨૦૦૫ | ૧ | ૧ | ૦ | – | ૧ | ૦ | ૧ | ૦૧–૦૭–૨૦૦૫ |
| ૬ | દેલવાડા | ૧ | ૧ | – | – | ૧ | ૧ | ૦ | – | ૧ | ૦ | ૧ | ૦૧–૦૭–૨૦૦૫ | ૧ | ૧ | ૦ | – |
| ૭ | કુલકા | ૧ | ૦ | ૧ | ૦૧–૦૭–૨૦૦૫ | ૧ | ૧ | ૦ | – | ૧ | ૦ | ૧ | ૦૧–૦૭–૨૦૦૫ | ૧ | ૦ | ૧ | ૦૧–૦૭–૨૦૦૫ |
| ૮ | તડ | ૧ | ૦ | ૧ | ૦૫–૦૭–૨૦૧૨ | ૧ | ૧ | ૦ | – | ૧ | ૧ | ૦ | – | ૧ | ૦ | ૧ | ૦૧–૦૭–૨૦૧૦ |
| ૯ | ફાટસર | ૧ | ૧ | – | – | ૧ | ૧ | ૦ | – | ૧ | ૦ | ૧ | ૨૪–૦૧–૨૦૧૦ | ૧ | ૦ | ૧ | |
| | | ૯ | ૪ | ૫ | | ૯ | ૪ | ૫ | | ૯ | ૪ | ૫ | | ૯ | ૧ | ૮ | |

| ક્રમ | પ્રાથમિક આરોગ્ય કેન્દ્રનું નામ | વોર્ડબોય વર્ગ–૪ | | | ક્યારથી ખાલી | વોર્ડઆયા વર્ગ–૪ | | | ક્યારથી ખાલી | પાર્ટ ટાઈમ સ્વીપર વર્ગ–૪ | | | ક્યારથી ખાલી |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | મંજુર | ભરેલી | ખાલી | | મંજુર | ભરેલી | ખાલી | | મંજુર | ભરેલી | ખાલી | |
| ૧ | નવાબંદર | ૧ | ૦ | ૧ | | ૧ | ૦ | ૧ | | ૨ | ૦ | ૨ | |
| ૨ | સામતેર | ૧ | ૦ | ૧ | | ૧ | ૦ | ૧ | | ૨ | ૦ | ૨ | |
| ૩ | સનખડા | ૧ | ૦ | ૧ | | ૧ | ૦ | ૧ | | ૨ | ૦ | ૨ | |
| ૪ | ધોકડવા | ૧ | ૦ | ૧ | | ૧ | ૦ | ૧ | | ૨ | ૦ | ૨ | |
| ૫ | જામવાળા | ૧ | ૦ | ૧ | | ૧ | ૦ | ૧ | | ૨ | ૦ | ૨ | |
| ૬ | દેલવાડા | ૧ | ૦ | ૧ | | ૧ | ૦ | ૧ | | ૨ | ૦ | ૨ | |
| ૭ | કુલકા | ૧ | ૦ | ૧ | | ૧ | ૦ | ૧ | | ૨ | ૦ | ૨ | |
| ૮ | તડ | ૧ | ૦ | ૧ | | ૧ | ૦ | ૧ | | ૨ | ૦ | ૨ | |
| ૯ | ફાટસર | ૧ | ૦ | ૧ | | ૧ | ૦ | ૧ | | ૨ | ૦ | ૨ | |
| | | ૯ | ૦ | ૯ | | ૯ | ૦ | ૯ | | ૧૮ | ૦ | ૧૮ | |

**નોંધ –**તબીબી અધિકારીઓની ખાલી જગ્યા સામે આયુષ તબીબી અધિકારી ફરજ બજાવે છે.
જુ.ફાર્મા./લેબ. ટેક. ની ખાલી જગ્યાઓની સામે નજીકના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોના કર્મચારીઓને વધારાનો ચાર્જ સોંપી કામગીરી લેવામાં આવે છે.
ડ્રાઈવરની ખાલી જગ્યાઓ ઉપર રોજમદાર ડ્રાઈવરથી કામગીરી લેવામાં આવે છે. તેમજ વર્ગ–૪ ના કર્મચારીઓની ખાલી જગ્યાઓ ઉપર ડેઈલી વેજીસથી કામગીરી લેવામાં આવે છે.

–––––––––

### ઉમરગામ તાલુકામાં નવા આરોગ્ય સબ સેન્ટરો મંજૂર કરવા બાબત

૩૯૬૮ **શ્રી રમણલાલ ના. પાટકર(ઉમરગામ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ઉમરગામ તાલુકામાં ડીસે–૨૦૧૨ની સ્થિતિએ ૨ વર્ષમાં કેટલા નવા આરોગ્ય સબ સેન્ટર મંજૂર કરવામાં આવેલ છે, | (૧) ઉમરગામ તાલુકામાં ૨૦૦૧ની વસ્તીના ધોરણે મળવાપાત્ર ૬૩ આરોગ્ય સબ સેન્ટર કાર્યરત હોઈ હાલમાં નવા આરોગ્ય સબ સેન્ટર મંજૂર કરવાના રહેતા નથી. |
| (૨) આ આરોગ્ય સેન્ટરનું બાંધકામ અત્યાર સુધી ન કરવાનાં કારણો શાં છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) ક્યારે કામ ચાલુ કરવામાં આવશે અને ક્યારે પૂર્ણ કરવામાં આવશે? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

### સાબરકાંઠા જિલ્લામાં મેડીકલ કોલેજ શરૂ કરવા બાબત

૫૩૨૯ **શ્રી અનિલ જોષિયારા(ભિલોડા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧–૨૦૧૩ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લામાં મેડિકલ કોલેજ શરૂ કરવાની કાર્યવાહી કયા તબક્કે છે, | (૧) સાબરકાંઠા જિલ્લામાં મેડિકલ કોલેજ શરૂ કરવા સરકારશ્રી તરફથી ગામ–હડિયોલ તા. હિંમતનગર ખાતે હે. ૧૦–૭૦.૧૯ એકર જમીન સંપાદન કરવામાં આવેલ છે. મેડિકલ કોલેજ, શૈક્ષણિક હોસ્પિટલ, બોયઝ અને ગર્લ્સ હોસ્ટેલ તેમજ રહેણાંકના મકાનો વગેરે બાંધવા માસ્ટર પ્લાન તૈયાર કરવામાં આવેલ છે અને આ મકાનોના બાંધકામના ટેન્ડર મંજૂર થયેલ છે. |
| (૨) તે પાછળ કેટલો ખર્ચ થયો, અને | (૨) રૂ. ૧,૦૬,૬૮,૪૬૯/- ખર્ચ થયેલ છે. |
| (૩) ક્યાં સુધીમાં આ મેડિકલ કોલેજ શરૂ કરવામાં આવશે? | (૩) મેડિકલ કોલેજના મકાનોના બાંધકામનું કામ પૂર્ણ થયે અને જરૂરી સાધન સામગ્રી, ફર્નિચર, લીનન, મેડિકલ બુકસ વિગેરેની ખરીદી અને સ્ટાફની ભરતી વિગેરે કાર્યવાહી પુરી થયા બાદ મેડિકલ કાઉન્સિલ ઓફ ઈન્ડિયાની મંજૂરી મળ્યેથી મેડિકલ કોલેજ શરૂ થઈ શકશે. |

---------

### આણંદ જિલ્લામાં નવા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને સામુહિક આરોગ્ય કેન્દ્રો શરૂ કરવાનું આયોજન

૪૧૧૭ **શ્રી નિરંજન પટેલ(પેટલાદ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૧૨ની સ્થિતિએ આણંદ જિલ્લામાં વસ્તીના ધોરણે પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને સામુહિક આરોગ્ય કેન્દ્રોની કેટલી ઘટ છે, અને | (૧) આણંદ જિલ્લામાં ૨૦૦૧ની વસ્તીના ધોરણે પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોની ઘટ નથી જ્યારે બે સામુહિક આરોગ્ય કેન્દ્રોની ઘટ છે, |
| (૨) નવા કેન્દ્રો શરૂ કરવા સરકારે કેવા પ્રકારનું આયોજન કરેલ છે? | (૨) સને ૨૦૧૩–૧૪ના વર્ષમાં રાજ્યમાં ૧૦ (દશ) નવા સામુહિક આરોગ્ય કેન્દ્રો અને ૫૦ (પચાસ) નવા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો શરૂ કરવાનું આયોજન કરેલ છે. તેની સર્વગ્રાહી વિચારણા વખતે વિચારણા કરવામાં આવશે. |

**અમદાવાદ સિવિલ હોસ્પિટલને અન્ય રાજ્યના વિદ્યાર્થીઓના બોનમેરો ટ્રાન્સપ્લાન્ટના ઓપરેશન પેટે મળેલ રકમ**

૪૧૪૭ **શ્રી મહમદજાવી અ. પીરઝાદા(વાંકાનેર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ અમદાવાદ ખાતે સિવિલ હોસ્પિટલમાં થેલેસેમીયાના રોગ માટે બોનમેરો ટ્રાન્સપ્લાન્ટનાં ઓપરેશનો થાય છે તે હકીકત સાચી છે,

(૨) બોનમેરો ટ્રાન્સપ્લાન્ટનાં ઓપરેશન માટે અન્ય રાજ્યનાં દર્દીઓ પણ આવે છે એ હકીકત સાચી છે,

(૩) અન્ય રાજ્યોનાં વિદ્યાર્થીઓ માટે આવા ઓપરેશન ખર્ચ અન્ય રાજ્યોની સરકારો સીધી ચૂકવણી સિવિલ હોસ્પિટલને કરે છે, અને

(૪) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કઈ કઈ રાજ્ય સરકારો દ્વારા બોનમેરો ટ્રાન્સપ્લાન્ટના ઓપરેશન માટે કેટલી રકમની ચૂકવણી કેટલા બાળ–વિદ્યાર્થી દર્દીઓ માટે કરી?

**જવાબ**

(૧) ના, જી

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**રાસાયણિક ખાતર પર વેટની આવક**

૪૧૧૩ **શ્રી શૈલેષ મ. પરમાર(દાણીલીમડા) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ રાજ્યમાં રાસાયણિક ખાતર ઉપર કેટલો વેટ લેવાય છે, અને

(૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલી આવક થઈ?

**જવાબ**

(૧) રાસાયણિક ખાતરના **પ્રથમ તબક્કાના વેચાણ પર ૪%+૧%** વધારાનો વેરો લેવામાં આવે છે. ત્યારબાદ તમામ પ્રકારના **પુનઃ વેચાણો વેરામાફ** છે.

(૨)

| **વર્ષ** | **આવક (રૂ. કરોડમાં)** |
|---|---|
| ૨૦૧૧–૧૨ | ૧૨૦.૪૬ |
| ૨૦૧૨–૧૩ **(તા. ૩૧–૧૨–૧૨ સુધી)** | ૬૬.૦૪ |

---------

**જસદણ તાલુકામાં આરોગ્ય વિષયક કેન્દ્રના જર્જરિત મકાનોના મરામત પાછળ થયેલ ખર્ચ**

૫૨૦૫ **શ્રી ભોળાભાઇ ગોહેલ(જસદણ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૦૧–૨૦૧૩ની સ્થિતિએ જસદણ તાલુકામાં કયા કયા આરોગ્ય વિષયક કેન્દ્રનાં મકાનો જર્જરિત છે,

(૨) આ મકાનોની મરામત કરવાનું શું આયોજન છે,

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કયા કયા મકાનોની મરામત કરવામાં આવી, અને

(૪) મકાનવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો?

**જવાબ**

(૧) તા. ૩૧–૦૧–૨૦૧૩ની સ્થિતિએ જસદણ તાલુકામાં દેવધરી, પીપરડી તથા મોઢુકા ગામે ત્રણ પેટા કેન્દ્રોના મકાનો જર્જરિત છે,

(૨) ઉપરોક્ત મકાનોની સામે નવા પેટા કેન્દ્રો મંજૂર થયેલ છે.

(૩) અને (૪) ઉપરોક્ત ખંડ (૨) નો જવાબ ધ્યાને લેતાં પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**પાલનપુર, ડીસા, દીયોદર અને ભાભર તાલુકાની જનરલ હોસ્પિટલ તથા રેફરલ હોસ્પિટલમાં તબીબી સાધનો/મશીનો ખરીદવા બાબત**

૫૧૯૩ **શ્રી મહેશકુમાર અ. પટેલ(પાલનપુર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) પાલનપુર, ડીસા, દીયોદર અને ભાભર તાલુકાની જનરલ હોસ્પિટલો તથા રેફરલ હોસ્પિટલોમાં તા. ૩૧મી ડીસેમ્બર-૨૦૧૨ની સ્થિતિએ કયા કયા તબીબી સાધનો/મશીનો બંધ હાલતમાં છે તથા કયા કયા સાધનો/મશીનો ખરીદવાની જરૂરીયાત છે,

(૨) બંધ પડેલ તથા નવા ખરીદવાના સાધનો/મશીનો રીપેર કરવાની તથા ખરીદવાની શી વ્યવસ્થા તા. ૩૧મી ડીસેમ્બર-૨૦૧૨ની સ્થિતિએ કરવામાં આવી છે, અને

(૩) આ કામગીરી ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે?

**જવાબ**

(૧) તા. ૩૧મી ડીસેમ્બર-૨૦૧૨ની સ્થિતિએ જનરલ હોસ્પિટલ પાલનપુર ખાતે કુલ ૨૬ (છવ્વીસ) માંથી ૭ (સાત) સાધનો/મશીન બંધ છે. (**પત્રક-૧** સામેલ છે)

**પત્રક-૧**

**તા. ૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ જનરલ હોસ્પિટલ પાલનપુર ખાતે બંધ હાલતમાં હોય તેવા સાધનો/મશીનોની વિગત દર્શાવતું પત્રક**

| ક્રમ | સાધનનું નામ | કુલ સાધનની સંખ્યા | બંધ સાધનની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | એકસ-રે મશીન ૩૦૦ એમ.એ. ફીલીપ્સ (ઓરેટપ્રોજેક્ટ) | ૬ | ૧ |
| ૨ | મેડીકલ રેફ્રીજરેટર (ઈલેકટ્રોલક્ષ) | ૨ | ૧ |
| ૩ | રેમી આર-૮ સી સેન્ટ્રીફયુઝ | ૨ | ૧ |
| ૪ | ઓ.ટી. શેડોલેસ લાઈટ (ફીલીપ્સ) | ૧ | ૧ |
| ૫ | ઓ.ટી. શેડોલેસ લાઈટ (મેડીકવીપ) | ૫ | ૧ |
| ૬ | ઓ.ટી. શેડોલેસ લાઈટ (એક્યુમેક્ષ) | ૭ | ૧ |
| ૭ | ફ્યુમીગેટર મશીન | ૩ | ૧ |

- દીયોદર અને ભાભર ખાતે નવા સાધનો/મશીનો ખરીદવાની હાલ જરૂરીયાત નથી.
- પાલનપુર અને ડીસા ખાતે જરૂરીયાત મુજબ સાધનો ખરીદવામાં આવે છે.

(૨) અને (૩) બંધ પડેલ મશીનો રદ બાતલ કરવાની કાર્યવાહી હાથ ધરેલ છે. અને નવા ખરીદવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે.

---------

**જુનાગઢ સિવિલ હોસ્પિટલને નેશનલ એક્રીડીશન બોર્ડ દ્વારા અનુદાનની ફાળવેલ રકમ**

૪૧૫૩ **શ્રી જસાભાઈ ભા. બારડ(સોમનાથ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જૂનાગઢ સીવીલ હોસ્પિટલને નેશનલ એક્રેડીશન બોર્ડ દ્વારા હોસ્પિટલ એન્ડ હેલ્થકેરના માપદંડ હાંસલ કરવા અનુદાનની કોઈ રકમ ફાળવવામાં આવી છે,

(૨) જો હા, તો કેટલી ફાળવવામાં આવી, અને

(૩) આ ફાળવેલ અનુદાનની રકમમાંથી કઈ કઈ સેવાઓની ગુણવત્તા સુધારવા માટે કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો?

**જવાબ**

(૧) હા, જી.

(૨) રૂા. ૧,૭૨,૪૮,૪૦૯/- (અંકે રૂપિયા એક કરોડ બોત્તેર લાખ અડતાલીસ હજાર ચારસો નવ પૂરા)

(૩)

| ક્રમ | સેવાઓ | ખર્ચ |
|---|---|---|
| ૧ | મેન પાવર | રૂા. ૧,૮૫,૦૭,૨૯૯/- |

| | | |
|---|---|---|
| ૨ | ઓપરેશન ફંડ | રૂા. ૧૩,૩૪,૮૦૧/- |
| ૩ | ઈકવીપમેન્ટ/ ઈન્સ્ટ્રુમેન્ટ | રૂા. ૨૩,૦૮,૯૬૩/- |
| ૪ | ઈન્ફ્રાસ્ટ્રકચર | રૂા. ૪૪,૭૩,૭૯૪/- |
| ૫ | ટ્રેનીંગ | રૂા. ૩૧,૫૮૪/- |

---------

**રાજ્યમાં સ્વનિર્ભર મેડિકલ કોલેજોની કાયમી ફી નક્કી કરવા બાબત**

૪૭૭૫ **શ્રી મણીલાલ જે. વાઘેલા(વડગામ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં કેટલી અને કઈ કઈ સ્વનિર્ભર મેડિકલ કોલેજો શરૂ કરવામાં આવી,

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં નીચે મુજબ કુલ-૬ સ્વનિર્ભર કોલેજો શરૂ કરવામાં આવેલ છે.

**વર્ષ-૨૦૧૧**

૧. જી.એમ.ઈ.આર.એસ. મેડિકલ કોલેજ, સોલા-અમદાવાદ
૨. જી.એમ.ઈ.આર.એસ. મેડિકલ કોલેજ, ગોત્રી, વડોદરા
૩. જી.સી.એસ. મેડિકલ કોલેજ, અમદાવાદ

**વર્ષ-૨૦૧૨**

૧. જી.એમ.ઈ.આર.એસ. મેડિકલ કોલેજ, ગાંધીનગર
૨. જી.એમ.ઈ.આર.એસ. મેડિકલ કોલેજ, ધારપુર-પાટણ
૩. જી.એમ.ઈ.આર.એસ. મેડિકલ કોલેજ, વલસાડ

(૨) આ સ્વનિર્ભર કોલેજો નિયમ મુજબ વિદ્યાર્થીઓ પાસેથી ક્યાં સુધી એડહોક ધોરણે ફી ઉઘરાવી શકે છે,

(૨) આ સ્વનિર્ભર કોલેજો કાયમી ફી નક્કી ન થાય ત્યાં સુધી વિદ્યાર્થીઓ પાસેથી એડહોક ધોરણે ફી ઉઘરાવી શકે છે.

(૩) તે કોલેજોની કાયમી ફી ક્યારે અને કેટલી નક્કી કરવામાં આવી,

(૩) તે કોલેજો પૈકી જી.સી.એસ. મેડિકલ કોલેજ અમદાવાદની કાયમી ફી સ્થાયી ફી રેગ્યુલેટરી કમિટી (મેડિકલ) ના તા. ૧૨-૭-૨૦૧૨ના આદેશ ક્રમાંક: એફઆરસી-૫૦૬-૫૩૫-૨૦૧૨ થી રૂ. ૪ લાખ પ્રતિ વર્ષ સને ૨૦૧૨-૧૩થી ત્રણ વર્ષ માટે નક્કી કરવામાં આવેલ છે.

(૪) કાયમી ફી નક્કી ન થઈ શકી હોય તો તેનાં કારણો શા છે, અને

(૪) કાયમી ફી નક્કી કરવા માટે સ્થાયી ફી રેગ્યુલેટરી કમિટી (મેડિકલ) દ્વારા સામાન્ય રીતે સંબંધિત કોલેજના છેલ્લા બે નાણાકીય વર્ષના ઓડીટેડ હિસાબ અહેવાલો તપાસીને નિર્ધારિત કરવાનું ધોરણ છે. સરકારી સોસાયટી (જીએમઈઆરએસ) હેઠળની નવી શરૂ થયેલ ૫ (પાંચ) મેડિકલ કોલેજોમાં એક સરખી ફી નક્કી થાય તે કારણસર ઉક્ત પાંચ કોલેજોમાં ફી નક્કી થઈ શકેલ નથી.

(૫) ઉક્ત ફી નક્કી ન થઈ શકવા માટે જવાબદાર જે તે કોલેજો સામે શિક્ષાત્મક શાં પગલાં ભરવામાં આવ્યા?

(૫) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---

**કમિશ્નરશ્રી, આરોગ્ય અને તબીબી સેવા ગાંધીનગર દ્વારા જિલ્લા આર.સી.એચ. સોસાયટી ભુજને ફાળવેલ ગ્રાન્ટ**

૪૧૪૫ **શ્રી છબીલભાઇ ના. પટેલ(અબડાસા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) જિલ્લા આર.સી.એચ. સોસાયટી, ભુજને તા. ૩૧–૧૨–૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કમિશ્નરશ્રી, આરોગ્ય અને તબીબી સેવા દ્વારા કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે,

(૨) જિલ્લા આર.સી.એચ. સોસાયટી ભુજ દ્વારા તે પૈકી કેટલી ગ્રાન્ટ કયા કયા સેન્ટરને ઉક્ત સ્થિતિએ વર્ષવાર કેટલી ફાળવી,

(૩) તે પૈકી સ્વૈચ્છીક સંસ્થા સંચાલિત કયા કયા સેન્ટરને કેટલી ગ્રાન્ટ ફાળવી, અને

(૪) આ ગ્રાન્ટ કયા કયા હેતુ માટે વાપરી શકાય તેની વિગતો શી છે?

**જવાબ**

(૧) જિલ્લા આર.સી.એચ. સોસાયટી, ભુજને ફાળવાયેલ ગ્રાન્ટ

| **તા. ૧–૧–૧૧ થી તા. ૩૧–૧૨–૧૧** | **તા. ૧–૧–૧૨ થી તા. ૩૧–૧૨–૧૨** |
|---|---|
| રૂ. ૧૨,૭૯,૭૨,૦૪૭/- | રૂ. ૯,૨૦,૩૯,૩૪૪/- |

(૨)

| **અ. નં.** | **વિગત** | **તા. ૧–૧–૧૧ થી તા. ૩૧–૧૨–૧૧** | **તા. ૧–૧–૧૨ થી તા. ૩૧–૧૨–૧૨** |
|---|---|---|---|
| ૧ | બી.એચ.ઓ.ને ફાળવેલ ગ્રાન્ટ | રૂ. ૮,૦૭,૦૭,૭૩૦/- | રૂ. ૧૦,૯૫,૦૦,૦૦૦/- |
| **અ. નં.** | **વિગત** | **તા. ૧–૧–૧૧ થી તા. ૩૧–૧૨–૧૧** | **તા. ૧–૧–૧૨ થી તા. ૩૧–૧૨–૧૨** |
| ૨ | તે પૈકી, પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોને ફાળવેલ ગ્રાન્ટ | રૂ. ૬,૨૭,૮૪,૯૫૫/- | રૂ. ૭,૩૦,૮૨,૪૪૮/- |
| ૩ | તે પૈકી પેટા કેન્દ્રોને ફાળવેલ ગ્રાન્ટ | રૂ. ૨,૯૭,૯૫,૫૩૮/- | રૂ. ૩,૪૨,૭૦,૨૨૯/- |

(૩)

| **સ્વૈછીક સંસ્થા** | **ફાળવેલ ગ્રાન્ટ** |
|---|---|
| શ્રોફ ફાઉન્ડેશન, કચ્છ–ભુજ | રૂ. ૨,૩૩,૪૪૨/- |
| શ્રી સ્વામી વિવેકાનંદ યુવક મંડળ, કચ્છ–ભુજ | રૂ. ૧,૧૨,૬૦૫/- |
| **કુલ :** | **રૂ. ૩,૪૬,૦૪૭/-** |

(૪) વિવિધ આર.સી.એચ. કાર્યક્રમો જેવા કે માતા આરોગ્ય, બાળ આરોગ્ય, કુટુંબ કલ્યાણ કાર્યક્રમ, પોષણ અંગેના કાર્યક્રમ, તરૂણાવસ્થાનું આરોગ્ય, શહેરી પ્રજનન અને બાળ આરોગ્ય, આદિજાતિ વિસ્તાર, આરોગ્ય કાર્યક્રમોની તાલીમો, બાંધકામ અને માનવબળ સેવાઓ જેવા વિવિધ કાર્યક્રમોમાં એકશન પ્લાનની ગાઇડ લાઇન પ્રમાણે તમામ પ્રવૃત્તિના પ્રોગ્રામમાં આ ગ્રાન્ટ વાપરી શકાય છે.

---------

## રાજ્યમાં ટ્રેઝરી ઓફિસો બંધ કરવા બાબત

૪૩૮૫ **શ્રી બાવકુભાઇ ના. ઉંધાડ(લાઠી) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૦૧–૨૦૧૩ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લાવાર કયાં ક્યાં કેટલી ટ્રેઝરી ઓફીસો છેલ્લા બે વર્ષમાં બંધ કરવામાં આવી, અને

(૨) તે બંધ કરવાના કારણો શા છે?

**જવાબ**

(૧) છેલ્લા બે વર્ષમાં ૪ (ચાર) જિલ્લાના ૭ (સાત) તાલુકા ખાતે પેટા તિજોરી કચેરીઓ બંધ કરવામાં આવી.

| **જિલ્લાનું નામ** | **બંધ થયેલ પેટા તિજોરી કચેરીઓ** |
|---|---|
| ભરૂચ | (૧) વાગરા<br>(૨) હાંસોટ |
| અમરેલી | (૧) લીલીયા<br>(૨) વડીયા<br>(૩) ખાંભા |
| નવસારી | (૧) બીલીમોરા |
| બનાસકાંઠા | (૧) વાવ |

(૨) તિજોરી માળખાનું કોમ્પ્યુટરાઇઝેશન તેમજ

તા.૨૧ મી માર્ચ, ૨૦૧૩
અતારાંકિત પ્રશ્નો

પુનઃગઠનના ભાગરૂપે.

---------

**રાજ્યમાં તબીબી શિક્ષણ મેળવ્યા બાદ વિદેશ જતા તબીબો પાસેથી ખર્ચની રકમ વસુલ કરવા બાબત**

૫૦૮૪ **શ્રી રાઘવજી હં. પટેલ(જામનગર ગ્રામ્ય) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં તબીબી શિક્ષણ મેળવ્યા પછી વિદેશ જતા તબીબો પાસેથી ડીસે.–૨૦૧૨ની સ્થિતિએ સરકારને થતા ખર્ચની સામે ઘણી ઓછી રકમ વસુલવામાં આવતી હોવાથી સરળતાથી ચૂકવી વિદેશ જાય છે તે ગંભીર હકીકતથી સરકાર વાકેફ છે કે કેમ,

(૨) જો હા, તો આ બાબતે સરકારે વિચારણા હાથ ધરી છે કે કેમ, અને

(૩) જો હા, તો તેની શી વિગતો છે?

**જવાબ**

(૧) રાજ્ય સરકારની પ્રવર્તમાન નીતિ મુજબ તબીબી શિક્ષણ મેળવનાર વિદ્યાર્થીઓ પાસેથી રાજ્ય સરકાર હેઠળ ગ્રામ્ય વિસ્તારમાં બે વર્ષની સેવા બજાવવા માટે રૂા. ૧.૫૦ લાખના બોન્ડ લેવાના રહે છે, તબીબી શિક્ષણ મેળવ્યા પછી જો વિદ્યાર્થી ગ્રામ્ય વિસ્તારમાં સેવા બજાવવા માંગતા ન હોય તો તેમની પાસેથી બોન્ડની રકમ વસુલ કરવામાં આવે છે.

(૨) અને (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**આણંદ જિલ્લામાં રાષ્ટ્રીય સ્વાસ્થ્ય વિમા યોજના હેઠળ આપેલ સ્માર્ટકાર્ડ**

૪૧૧૮ **શ્રી નિરંજન પટેલ(પેટલાદ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં આણંદ જિલ્લાના તાલુકાવાર રાષ્ટ્રીય સ્વાસ્થ્ય વિમા યોજના અન્વયે કેટલાને સ્માર્ટકાર્ડ આપવામાં આવેલ છે.

(૨) તે અન્વયે ગરીબી રેખા નીચે જીવતા કેટલા પરિવારો બાકી છે, અને

**જવાબ**

(૧)

| **તાલુકાનું નામ** | **આપવામાં આવેલ સ્માર્ટકાર્ડ** |
|---|---|
| | **વર્ષ ૨૦૧૧–૧૨** |
| આણંદ | ૧૩૦૯૭ |
| આંકલાવ | ૬૪૮૩ |
| બોરસદ | ૨૦૯૪૪ |
| ખંભાત | ૬૨૮૮ |
| પેટલાદ | ૧૧૪૪૨ |
| સોજીત્રા | ૩૬૧૧ |
| તારાપુર | ૧૯૦૭ |
| ઉમરેઠ | ૭૮૬ |

(૨) આ યોજના હેઠળ તમામ બી.પી.એલ. કુટુંબોને લાભ મળવાપાત્ર છે. જે માટે આર.એસ.બી.વાય હેઠળ સ્માર્ટકાર્ડ મેળવવા નોંધણી કરાવવી ફરજીયાત છે. પરંતુ નીચે મુજબના બી.પી.એલ. પરિવારોએ નોંધણી કરાવેલ ન હોવાથી તેઓને આ યોજનાનો લાભ મળેલ નથી.

**વર્ષ ૨૦૧૧–૧૨**

| **તાલુકાનું નામ** | **બાકી રહેલ પરિવાર** |
|---|---|
| આણંદ | ૧૯૫૩૧ |
| આંકલાવ | ૧૫૦૮૩ |
| બોરસદ | ૨૦૯૫૪ |
| ખંભાત | ૧૬૨૬૫ |
| પેટલાદ | ૧૬૦૦૩ |

| | |
|---|---|
| સોજીત્રા | ૫૯૦૬ |
| તારાપુર | ૬૨૮૮ |
| ઉમરેઠ | ૧૭૦૯૮ |
| **કુલ** | **૧૧૭૧૨૮** |

(૩) બાકી રહેલાઓને સત્વરે સ્માર્ટકાર્ડ કયાં સુધીમાં આપવામાં આવશે?

(૩) આર.એસ.બી.વાય. અંતર્ગત સ્માર્ટ કાર્ડ મેળવવા માટે બી.પી.એલ. કુટુંબોને દર વર્ષે નોંધણી કરાવવી ફરજીયાત છે. આ વર્ષ નોંધણીની કામગીરી દરમ્યાન બાકી રહેલ પરિવારો નોંધણી કરાવશે ત્યારે તેઓને સ્માર્ટકાર્ડ આપવાનું આયોજન છે.

---------

**જનની સુરક્ષા કાર્યક્રમ અંતર્ગત કેન્દ્ર સરકારે ફાળવેલ ગ્રાન્ટ**

* ૪૧૪૮ **શ્રી મહમદજાવી અ. પીરઝાદા(વાંકાનેર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર જનની સુરક્ષા યોજનામાં રાજ્ય સરકારને કેન્દ્ર સરકાર દ્વારા કેટલી ગ્રાન્ટ મળી, અને

(૧)

| **વર્ષ** | **ફાળવેલ ગ્રાન્ટ** |
|---|---|
| ૨૦૧૧ (તા. ૧–૧–૧૧ થી તા. ૩૧–૧૨–૧૧) | રૂ।. ૨૦,૪૫,૩૦,૨૭૫/– |
| ૨૦૧૨ (તા. ૧–૧–૧૨ થી તા. ૩૧– ૧૨–૧૨) | રૂ।. ૨૦,૫૩,૨૨,૬૫૦/– |
| **કુલ** | **રૂ।. ૪૦,૯૮,૫૨,૯૨૫/–** |

(૨) તે પૈકી રાજ્ય સરકાર દ્વારા જિલ્લાવાર કેટલી રકમ ફાળવવામાં આવી?

(૨) **પત્રક–અ** સામેલ છે.

**પત્રક–અ**

તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર જનની સુરક્ષા યોજનામાં જિલ્લાવાર ફાળવેલ ગ્રાન્ટની વિગત

| **અ.નં.** | **જિલ્લાનું નામ** | **૨૦૧૧ (તા. ૧–૧–૧૧ થી તા. ૩૧–૧૨–૧૧) (રૂપિયા)** | **૨૦૧૨ (તા. ૧–૧–૧૨ થી તા. ૩૧– ૧૨–૧૨) (રૂપિયા)** |
|---|---|---|---|
| ૧ | અમદાવાદ | ૭૬,૫૨,૦૦૦/– | ૭૯,૮૪,૧૨૫ /– |
| ૨ | ખેડા | ૫૭,૯૨,૪૦૦/– | ૫૮,૬૭,૦૦૦/– |
| ૩ | આણંદ | ૧,૧૩,૪૪,૬૭૫/– | ૧,૧૧,૬૮,૫૦૦/– |
| ૪ | સુરેન્દ્રનગર | ૪૦,૭૧,૭૭૫/– | ૩૭,૨૧,૭૦૦/– |
| ૫ | ગાંધીનગર | ૨૪,૩૨,૬૦૦/– | ૨૪,૧૨,૧૭૫/– |
| ૬ | મહેસાણા | ૫૬,૧૨,૧૦૦/– | ૫૨,૯૯,૫૨૫/– |
| ૭ | પાટણ | ૭૮,૭૯,૩૭૫/– | ૭૮,૩૭,૮૦૦/– |
| ૮ | સાબરકાંઠા | ૧,૪૯,૧૨,૫૦૦/– | ૧,૪૫,૬૨,૫૦૦/– |
| ૯ | બનાસકાંઠા | ૧,૫૯,૮૪,૯૫૦/– | ૧,૬૦,૩૮,૪૭૫/– |
| ૧૦ | વડોદરા | ૧,૦૬,૦૮,૪૫૦/– | ૧,૧૨,૨૫,૩૫૦/– |
| ૧૧ | ભરૂચ | ૬૯,૩૫,૩૨૫/– | ૬૯,૫૭,૩૫૦/– |
| ૧૨ | પંચમહાલ | ૯૨,૧૬,૬૭૫/– | ૯૨,૬૫,૦૨૫/– |

| | | | |
|---|---|---|---|
| ૧૩ | દાહોદ | ૧,૮૮,૭૧,૨૫૦/- | ૧૯૦,૦૧,૪૦૦/- |
| ૧૪ | નર્મદા | ૬૮,૭૬,૨૨૫/- | ૬૯,૦૧,૮૦૦/- |
| ૧૫ | સુરત | ૭૫,૫૦,૦૨૫/- | ૭૫,૯૧,૪૦૦/- |
| ૧૬ | નવસારી | ૫૮,૭૯,૪૭૫/- | ૫૭,૨૨,૮૦૦/- |
| ૧૭ | વલસાડ | ૫૪,૪૫,૩૭૫/- | ૫૬,૬૭,૯૭૫/- |
| ૧૮ | ડાંગ | ૨૦,૮૪,૭૦૦/- | ૨૭,૦૪,૭૨૫/- |
| ૧૯ | તાપી | ૧,૦૧,૨૯,૨૨૫/- | ૧,૦૦,૮૧,૪૫૦/- |
| ૨૦ | ભાવનગર | ૩૪,૦૮,૩૫૦/- | ૩૪,૩૭,૫૫૦/- |
| ૨૧ | અમરેલી | ૪૭,૪૫,૭૦૦/- | ૪૭,૫૨,૮૫૦/- |
| ૨૨ | જૂનાગઢ | ૮૧,૬૭,૨૫૦/- | ૮૧,૪૬,૧૨૫/- |
| ૨૩ | રાજકોટ | ૭૧,૯૩,૭૫૦/- | ૭૧,૮૪,૪૭૫/- |
| ૨૪ | કચ્છ | ૬૩,૦૫,૧૭૫/- | ૬૩,૫૯,૪૦૦/- |
| ૨૫ | જામનગર | ૩૧,૫૩,૧૫૦/- | ૩૧,૭૮,૬૫૦/- |
| ૨૬ | પોરબંદર | ૧૯,૪૪,૫૫૦/- | ૧૯,૪૮,૫૨૫/- |
| ૨૭ | કોર્પોરેશન | ૧,૦૩,૨૬,૨૫૦/- | ૧,૦૩,૦૪,૦૦૦/- |
| | **કુલ** | **૨૦,૪૫,૩૦,૨૭૫/-** | **૨૦,૫૩,૨૨,૬૫૦/-** |

---------

**અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં ખાલી જગ્યાઓ ભરવા લીધેલ પગલા**

* ૪૧૧૫ **શ્રી શૈલેષ મ. પરમાર(દાણીલીમડા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તારીખ ૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ સામે કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, અને

(૨) આ ખાલી રહેલ, જગ્યાઓ સત્વરે ભરવા સરકારે શાં પગલાં લીધા?

**જવાબ**

(૧) તારીખ ૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ સામે ખાલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે જેનું **પત્રક** સામેલ છે.

| સંવર્ગ | મંજૂર જગ્યા | ખાલી જગ્યા |
|---|---|---|
| વર્ગ-૧ | ૩૧ | ૨૫ |
| વર્ગ-૨ | ૮૧ | ૩૯ |
| વર્ગ-૩ કલેરીકલ | ૧૮૨ | ૩૬ |
| વર્ગ-૩ પેરામેડીકલ | ૪૨૬ | ૦૨ |
| વર્ગ-૩ નર્સીંગ | ૧૩૨૮ | ૧૪૯ |
| વર્ગ-૪ | ૭૨૪ | ૦ |
| **કુલ** | **૨૭૭૨** | **૨૫૧** |

(૨) આ ખાલી જગ્યાઓ યોગ્ય ઉમેદવારો ઉપલબ્ધ થયે ભરવા કાર્યાવાહી હાથ ધરવામાં આવશે.

---------

**જસદણ તાલુકામાં આવેલ આરોગ્ય સેન્ટરોમાં મંજૂર થયેલ મહેકમ**

* ૫૨૦૬ **શ્રી ભોળાભાઇ ગોહેલ(જસદણ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૨૦૧૩ની સ્થિતિએ જસદણ તાલુકામાં સામૂહિક આરોગ્ય કેન્દ્ર, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, જિલ્લા પંચાયત સંચાલિત દવાખાનાઓ, આયુર્વેદિક દવાખાનાઓ, મેલેરિયા સેન્ટરો અને સબસેન્ટરો સહિત કયા કયા આરોગ્યના સેન્ટરો છે, (૨) સેન્ટરવાર હાજર મહેકમ સંવર્ગવાર શું છે અને મંજૂર મહેકમ સંવર્ગવાર શું છે, (૩) આ જગ્યાઓ ક્યારથી ખાલી છે, અને | (૧), (૨) અને (૩) તા. ૩૧-૧-૨૦૧૩ની સ્થિતિએ જસદણ તાલુકામાં આવેલા આરોગ્ય સેન્ટરો અને સેન્ટરવાર હાજર મહેકમ, મંજૂર મહેકમ અને જગ્યાઓ ક્યારથી ખાલી છે તેની વિગતો સંલગ્ન ***પત્રક-અ, *પત્રક-બ** અને ***પત્રક-ક**માં દર્શાવ્યા મુજબની છે. |
| (૪) લાંબા સમયથી જગ્યાઓ ન ભરવાના કારણો શાં છે અને કેટલા સમયમાં ભરવામાં આવશે? | (૪) પ્રા..આ. કેન્દ્રો, સા.આ.કેન્દ્રોની મેડીકલ સંવર્ગની વર્ગ-૧ અને વર્ગ-૨ની ખાલી જગ્યાઓ ભરવા દર મંગળવારે વોક ઈન ઈન્ટરવ્યુનું આયોજન કરવામાં આવે છે જેમાં યોગ્ય લાયકાત ધરાવતા ઉમેદવારો ઉપલબ્ધ થાય તેમ ખાલી જગ્યાઓ ઉપર નિમણુંક આપવામાં આવે છે. રાજ્યની મેડીકલ કોલેજો તરફથી બોન્ડેડ ઉમેદવારોની યાદી મળે ખાલી જગ્યા ઉપર નિમણૂંક આપવામાં આવે છે. તદઅનુસાર વધારાના હવાલાથી પણ કામગીરી લેવામાં આવે છે.<br>આ ઉપરાંત વર્ગ-૩ની ખાલી જગ્યાઓ સીધી ભરતી/બઢતીના ઉમેદવારો ઉપલબ્ધ થાય તેમ તેમ ભરવામાં આવે છે. તેમજ વર્ગ-૩ની વહીવટી તથા પેરામેડીકલ સંવર્ગની ખાલી જગ્યાઓ પર જરૂર જણાય ત્યાં વધારાના હવાલાથી પણ કામગીરી લેવામાં આવે છે. વર્ગ-૩ ની પેરામેડીકલ સંવર્ગની તથા ડ્રાયવર વર્ગ-૩ અને વર્ગ-૪ની ખાલી જગ્યાઓ પર આઉટસોર્સથી પણ કામગીરી લેવામાં આવે છે. |

**(*પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)**

---------

**બનાસકાંઠા જિલ્લામાં સરકારી હોસ્પિટલમાં દર્દીઓ પાસેથી યુઝર્સ ચાર્જ લેવા બાબત**

* ૫૧૯૪ **શ્રી મહેશકુમાર અ. પટેલ(પાલનપુર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) બનાસકાંઠા જિલ્લામાં કઈ કઈ સરકારી હોસ્પિટલોમાં દર્દીઓ પાસેથી તા. ૩૧મી ડિસેમ્બર-૨૦૧૨ની સ્થિતિએ યુઝર્સ ચાર્જ લેવામાં આવે છે. | (૧) બનાસકાંઠા જિલ્લા અને રાજ્યની સરકારી હોસ્પિટલોમાં રૂ. ૫/- થી રૂ. ૨૦૦/- સારવાર પ્રમાણે ચાર્જ લેવામાં આવે છે. |
| (૨) દર્દીઓ સહન ન કરી શકે તેવા યુઝર્સ ચાર્જ લેવાથી ગરીબ દર્દીઓ ભારે હાલાકી ભોગવી રહ્યા છે તે ફરિયાદથી સરકાર વાકેફ છે કે કેમ, અને | (૨) બી.પી.એલ. કાર્ડધારકો પાસેથી કોઈ ચાર્જ લેવામાં આવતો નથી. તેમજ યોગ્યતા પ્રમાણે જરૂરીયાતમંદ દર્દીઓને માન. મુખ્યમંત્રીશ્રીની અમૃતમ યોજનાનો લાભ પણ આપવામાં આવે છે. |
| (૩) જો હા, તો આ સમસ્યાના ઉકેલ માટે રાજ્ય સરકારે શી વ્યવસ્થા કરી છે? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**જૂનાગઢમાં મૉડેલ આયુર્વેદિક હોસ્પિટલ અને કોલેજ સ્થાપવા બાબત**

* ૪૧૫૪ **શ્રી જસાભાઇ ભા. બારડ(સોમનાથ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૧) જૂનાગઢમાં મૉડેલ આયુર્વેદિક હોસ્પિટલ અને કોલેજ સ્થાપવા રાજ્ય સરકાર વિચારે છે, | (૧) હાલમાં કોઈ આયોજન નથી. |
| (૨) જો હા, તો આ યોજના પાછળ અંદાજિત કેટલો ખર્ચ થશે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩)આ કામ ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

# જાહેર અગત્યની બાબત પર માનનીય ઉર્જા મંત્રીશ્રીનું નિવેદન (નિયમ–૪૪)

ગુજરાતની ચારેય વીજ વિતરણ કંપનીઓને **A +** રેટીંગ મળવાઅંગે

શ્રી શ્રી સૌરભભાઇ પટેલ ( ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું નિયમ–૪૪ અન્વયે નીચે જણાવેલ જાહેર અગત્યની બાબત પર નિવેદન કરું છું કે, –

કેન્દ્ર સરકારના ઊર્જા મંત્રાલય દ્વારા જુલાઇ–૨૦૧૨માં તમામ રાજ્યોના ઊર્જા મંત્રીશ્રીઓની બેઠકમાં જાહેરાત કરવામાં આવી હતી કે રાજ્ય સરકાર હસ્તકની વીજ વિતરણ કંપનીઓ માટે સૌ પ્રથમવાર આર્થિક સ્થિતિ અને કાર્યક્ષમતાનું મૂલ્યાંકન કરવાનું નક્કી કરવામાં આવેલ છે. જે મુલ્યાંકનનો હેતુ વીજ વિતરણ કંપનીઓની આર્થિક સ્થિતિમાં અને કાર્યક્ષમતામાં સુધારાઓ લાવવા માટેનો તથા કેન્દ્ર સરકાર દ્વારા જુદી જુદી યોજનાઓ હેઠળ વીજ વિતરણ કંપનીઓને આર્થિક સહાય આપવા માટેનો હતો.

આ મૂલ્યાંકનની કામગીરી ‘ઇકરા’ અને ‘કેર’ નામની સંસ્થાઓને સોંપવામાં આવી છે તેવી પણ જાહેરાત પણ કરવામાં આવેલ.

ગુજરાત રાજ્યની રાજ્ય સરકાર હસ્તકની ચારેય વીજ વિતરણ કંપનીઓની કાર્યક્ષમતા આને આર્થિક પરિસ્થિતિનુ મૂલ્યાંકન ‘ઇકરા’ દ્વારા કરવામાં આવેલ.

ત્યારબાદ તા.પ માર્ચ, ૨૦૧૩ના પત્ર દ્વારા કેન્દ્ર સરકારના ઊર્જા મંત્રાલયના સંયુકત સચિવશ્રીએ રાજ્યની ઉત્તર, મધ્ય, પશ્ચિમ અને દક્ષિણ વીજ વિતરણ કંપનીઓના મેનેજીંગ ડિરેકટરોને જાણ કરેલ કે કેન્દ્રના ઊર્જા મંત્રાલય દ્વારા દિલ્હી ખાતે તા.૧૯–૩–૨૦૧૩ના રોજ કેન્દ્ર સરકારના માન. ઊર્જા મંત્રીશ્રી દ્વારા ઉપરોક્ત મુલ્યાંકન અંગેના પરિણામોની જાહેરાત કરવામાં આવશે અને જે વીજ વિતરણ કંપનીઓએ શ્રેષ્ઠ દેખાવ કર્યો હશે તે વીજ વિતરણ કંપનીઓનું બહુમાન કરવામાં આવશે. પત્રના આદેશને માન આપીને રાજ્યની ચારેય વીજ વિતરણ કંપનીઓના મેનેજીંગ ડિરેકટરશ્રીઓ સમારંભમાં હાજરી આપવા દિલ્હી ગયેલ જેમાં કેન્દ્ર સરકારના માન. ઊર્જા મંત્રીશ્રી દ્વારા મૂલ્યાંકન અંગેની પુસ્તિકાનું વિમોચન કરવામાં આવેલ. મૂલ્યાંકન પદ્ધતિમાં ૮૦ થી ૧૦૦ ગુણ મેળવનાર વીજ વિતરણ કંપનીને **A +** રેટીંગ આપવાનું થતું હતું. દેશની કુલ ૩૯ વીજ વિતરણ કંપનીઓનું મૂલ્યાંકન કરવામાં આવેલ.

માનનીય અધ્યક્ષશ્રી, મારે અત્યંત આનંદ અને ગૌરવ સાથે વિધાનસભા ગૃહના સભ્યશ્રીઓને જણાવવું છે કે, ગુજરાત રાજ્ય સરકાર હસ્તકની વીજ વિતરણ કંપનીઓને આ મૂલ્યાંકનમાં નીચે મુજબના ગુણપ્રાપ્ત થયેલ.

| | |
| --- | --- |
| દક્ષિણ ગુજરાત વીજ કંપની | ૯૧.૬૦ |
| ઉત્તર ગુજરાત વીજ કંપની | ૮૯.૯૩ |

| | |
|---|---|
| મધ્ય ગુજરાત વીજ કંપની | ૮૯.૫૯ |
| પશ્ચિમ ગુજરાત વીજ કંપની | ૮૦.૨૩ |

આમ ઉપરોકત મુલ્યાંકનમાં માત્ર જે ચાર વીજ વિતરણ કંપનીઓને A + રેટીંગ મળેલ તે તમામ વીજ કંપનીઓ ગુજરાત રાજ્યની છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે આ સન્માનનીય ગૃહના સભ્યશ્રીઓને જણાવવાનું છે કે, ઉપરોકત સમારંભમાં કેન્દ્રના ઊર્જા મંત્રીશ્રી દ્વારા શ્રેષ્ઠ વીજ વિતરણ કંપનીઓને સન્માનિત કરવાની જાહેરાત કરવામાં આવેલ હોવા છતાં રાજ્યની ચારેય વીજ કંપનીઓ A + રેટીંગ સાથે સમગ્ર દેશમાં અગ્ર સ્થાને છે તેવું જાહેર કરવા છતાં એકપણ કંપનીને સન્માનિત કરવામાં આવેલ નથી. જે અત્યંત દુ:ખ સાથે જણાવું છું.

શ્રી દુષ્યંતભાઇ ર. પટેલઃ માનનીય અધ્યક્ષશ્રી, હમણાં જ માનનીય મંત્રીશ્રીએ નિયમ–૪૪ હેઠળ જે નિવેદન કર્યુ છે એમાં આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગુ છું કે, કેન્દ્ર સરકારના ઊર્જા મંત્રાલય દ્વારા રાજ્યની ચાર વીજ ઉત્પાદક કંપનીઓને સન્માનિત કરવાની જાણ કરવામાં આવી હતી કે કેમ?

શ્રી સૌરભભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, પાંચમી માર્ચ, ૨૦૧૩માં ચારેય કંપનીઓને પત્ર લખવામાં આવ્યો કે અમે જાહેરાત કરીશું અને ત્યાં સન્માન કરીશું, પણ મારે દુ:ખ સાથે કહેવું છે કે, જ્યારે ચારેય કંપનીઓની જાહેરાત થઇ ત્યારે મંત્રીશ્રીએ કાર્યક્રમમાં સન્માન લખેલું હતું એ કાર્યક્રમમાં સન્માન કર્યુ નહિ અને જાહેરાત કર્યા પછી સરકારે કાર્યક્રમ પૂર્ણ કર્યો અને આ ગુજરાતની પ્રજાનું અપમાન છે.

## વૈધાનિક પ્રસ્તાવ

ગુજરાત માધ્યમિક શિક્ષણ અધિનિયમ–૧૯૭૨ની કલમ ૩(૨) વર્ગ–ખ ચૂંટાયેલ સભ્યો (૧૦)ની જોગવાઇ મુજબ, પાંચ સભ્યશ્રીઓની ચૂંટણી કરવા અંગે.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા (શિક્ષણમંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું નીચે મુજબનો મારો પ્રસ્તાવ રજૂ કરું છું.

" આ સભાગૃહ ગુજરાત માધ્યમિક શિક્ષણ અધિનિયમ–૧૯૭૨ની કલમ ૩(૨) વર્ગ–ખ ચૂંટાયેલા સભ્યો (૧૦) ની જોગવાઇ મુજબ, ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ ઉપર ગુજરાત વિધાનસભાના પાંચ સભ્યશ્રીઓની ચૂંટણી કરવાનું કામ હાથ ધરે.

પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.

ભારતના બંધારણના પરિશિષ્ટ–૫ ના ફકરા–૪ હેઠળ, ગુજરાત આદિજાતિ સલાહકાર પરિષદ માટે પંદર સભ્યોની ચૂંટણી કરવા અન્વયે.

શ્રી ગણપતભાઇ વે. વસાવા (આદિજાતિ વિકાસમંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું નીચે મુજબનો પ્રસ્તાવ રજૂ કરું છું.

" આ સભાગૃહ ભારતના બંધારણના પરિશિષ્ટ–૫ ના ફકરા –૪ હેઠળ સરકારના શિક્ષણ અને મજૂર વિભાગ દ્વારા બહાર પાડવામાં આવેલ તા.૧૯–૦૮–૬૦ના જાહેરનામા ક્રમાંક–ટીએસી/૧૨૬૦/ગ અન્વયે ગુજરાત આદિજાતિ સલાહકાર પરિષદ માટે વિધાનસભામાંથી અનુસૂચિત આદિજાતિના ચૂંટાયેલા પ્રતિનિધિઓ પૈકી પંદર સભ્યોને ચૂંટણી કરવાનું કામ હાથ ધરે.

પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.

ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ–૧૫૬(૧) (૫) મુજબ, ત્રણ સભ્યોની ચૂંટણી કરવા અંગે.

શ્રી બાબુભાઇ બોખીરીયા ( કૃષિ અને સહકારમંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું નીચે મુજબનો પ્રસ્તાવ રજૂ કરું છું.

" આ સભાગૃહ સન ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ–૧૫૬ (૧) (૫) મુજબ ગુજરાત રાજ્ય સહકારી પરિષદ ઉપર વિધાનસભાના ત્રણ સભ્યોની ચૂંટણી કરવાનું કામ હાથ ધરે.

પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.

**#SB** /સન ૧૯૯૩ના ગુજરાત પંચાયત અધિનિયમની કલમ–૨૬૬ ની પેટા કલમ–૧(ગ) ના ખંડ(૬) મુજબ, ત્રણ સભ્યોની ચૂંટણી કરવા અંગે.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા (પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસમંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું નીચે મુજબનો પ્રસ્તાવ રજૂ કરું છું.

"આ સભાગૃહ સન ૧૯૯૩ ના ગુજરાત પંચાયત અધિનિયમની કલમ–૨૬૬ ની પેટા કલમ –૧(ગ) ના ખંડ–(૬) મુજબ રાજય પંચાયત કાઉન્સિલ ઉપર વિધાનસભાના ત્રણ સભ્યોની ચૂંટણી કરવાનું કામ હાથ ધરે.

પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.

## અધ્યક્ષશ્રીની જાહેરાત

યુનિવર્સિટીની સેનટ ઉપર સભ્યોની ચૂંટણી અંગે.

અધ્યક્ષશ્રી : હવે ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ ઉપર પાંચ, ગુજરાત રાજ્ય અનુસૂચિત આદિજાતિ સલાહકાર પરિષદ ઉપર પંદર, ગુજરાત રાજય સહકારી પરિષદ ઉપર ત્રણ, ગુજરાત રાજય પંચાયત કાઉન્સિલ ઉપર ત્રણ અને સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની સેનેટ ઉપર ત્રણ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીની સેનેટ ઉપર બે, સરદાર પટેલ યુનિવર્સિટીની સેનેટ ઉપર બે, મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીની સેનેટ ઉપર બે, ગુજરાત યુનિવર્સિટીની કોર્ટ ઉપર બે, હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીની કોર્ટ ઉપર બે, ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટીની સેનેટ ઉપર બે, મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટીની કોર્ટ ઉપર એક અને ક્રાંતિગુરુ શ્યામજી કૃષ્ણ વર્મા કચ્છ યુનિવર્સિટીની કોર્ટ ઉપર એક, એમ જુદી જુદી યુનિવર્સિટીની સેનેટ કે કોર્ટ ઉપર ગુજરાત વિધાનસભાના પ્રતિનિધિઓની ચૂંટણી માટેનો હું નીચે મુજબ કાર્યક્રમ ઠરાવું છું.

**Table 1**

| | | |
|---|---|---|
| ૧ | નામ નિર્દેશન પત્રો સ્વીકારવાની છેલ્લી તારીખ અને સમય | સોમવાર, તા.૦૧/૦૪/૨૦૧૩ સાંજના ૫–૦૦ વાગ્યા સુધી |
| ૨ | નામ નિર્દેશનપત્રોની ચકાસણીની તારીખ, સમય અને સ્થળ | મંગળવાર, તા.૦૨/૦૪/૨૦૧૩ સવારના ૧૧–૦૦ વાગે નાયબ સચિવશ્રી જે.યુ.પરમારની ચેમ્બરમાં |
| ૩ | નામ નિર્દેશનપત્રો પાછા ખેંચી લેવાની છેલ્લી તારીખ | ગુરુવાર, તા.૦૪/૦૪/૨૦૧૩ બપોરના |

| | | |
|---|---|---|
| | અને સમય | ૨–૦૦ વાગ્યા સુધી |
| ૪ | મતદાન, જો જરૂરી બને તો તારીખ, સમય અને સ્થળ | પાછળથી જાહેર કરવામાં આવશે. |

આ ચૂંટણી માટેના નામ નિર્દેશનપત્રો કામકાજના દિવસ અને સમય દરમિયાન વિધાનસભાના મકાનમાં પહેલા માળે આવેલી સમિતિ શાખા–૧માંથી મળી શકશે.

## માગણીઓ પર ચર્ચા અને મતદાન (દસમો દિવસ)

**ગૃહ વિભાગ**

માગણી ક્રમાંક–૪૨

શ્રી શ્રી રજનીકાન્ત સો. પટેલ (રાજ્ય કક્ષાના ગૃહ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગૃહ વિભાગ સેવાને લગતી ગૃહ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ. ૧૭,૪૦,૦૩,૦૦૦/–ની માગણી ક્રમાંક–૪૨ રજૂ કરું છું.

માગણી ક્રમાંક–૪૨ રજૂ કરવામાં આવી.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૧ રજૂ કરવામાં આવી.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૨ રજૂ કરવામાં આવી.

શ્રી રામસિંહ પ્ર. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૩ રજૂ કરવામાં આવી.

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૪ રજૂ કરવામાં આવી.

શ્રી જવાહરભાઇ પે. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૫ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૫ રજૂ કરવામાં આવી.

શ્રી જસાભાઇ ભા. બારડ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૭ રજૂ કરવામાં આવી.

**માગણી નં. ૪૩**

શ્રી શ્રી રજનીકાન્ત સો. પટેલ ( રાજ્ય કક્ષાના ગૃહ મંત્રીશ્રી): માનનીય અધ્યક્ષશ્રી, પોલીસ સેવાને લગતી ગૃહ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ.૨૯૧૨,૧૩,૫૪,૦૦૦/– ની માગણી ક્રમાંક– ૪૩ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક–૪૩ રજૂ કરવામાં આવી.**

શ્રી જીતુભાઇ હ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૯ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૯ રજૂ કરવામાં આવી.

શ્રી અશ્વિન કોટવાલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૦ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૧૦ રજૂ કરવામાં આવી.

શ્રી માનસિંહ કો. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૧૨ રજૂ કરવામાં આવી.

શ્રી છબીલભાઇ ના. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૧૩ રજૂ કરવામાં આવી.

શ્રી નિરંજન પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૧૪ રજૂ કરવામાં આવી.

શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૫ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૧૫ રજૂ કરવામાં આવી.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૧૭ રજૂ કરવામાં આવી.

શ્રી અમિત અ. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૮ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૧૮ રજૂ કરવામાં આવી.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૯ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૧૯ રજૂ કરવામાં આવી.

શ્રી મોહનસિંહ છો. રાઠવા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૦ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૨૦ રજૂ કરવામાં આવી.

શ્રી બાવકુભાઇ ના. ઉંધાડ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૨૧ રજૂ કરવામાં આવી.

શ્રી અમિતભાઇ હ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૨૨ રજૂ કરવામાં આવી.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૨૩ રજૂ કરવામાં આવી.

શ્રી ગ્યાસુદીન હ. શેખ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૨૪ રજૂ કરવામાં આવી.

માગણી નં. ૪૪

શ્રી શ્રી રજનીકાન્ત સો. પટેલ ( રાજય કક્ષાના ગૃહ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું જેલ સેવાને લગતી ગૃહ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ. ૮૯,૫૮,૧૨,૦૦૦/– માગણી ક્રમાંક–૪૪ રજૂ કરું છું.

માગણી ક્રમાંક– ૪૪ રજૂ કરવામાં આવી.

શ્રી સી. કે. રાઉલજી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૬ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૨૬ રજૂ કરવામાં આવી.

શ્રી બળદેવજી ચં. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૨૭ રજૂ કરવામાં આવી.

ડો. અનિલ જોષીયારા: માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૮ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૨૮ રજૂ કરવામાં આવી.

**રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનો વિભાગ**

**માગણી નં. ૯૮**

શ્રી શ્રી રમણલાલ વોરા ( રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ સેવાને લગતી રમત ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના વિભાગની મહેસૂલી ખર્ચ માટેની ૨૫૨,૯૨,૦૬,૦૦૦/–ની માગણી ક્રમાંક –૯૮ રજૂ કરું છું.

માગણી ક્રમાંક – ૯૮ રજૂ કરવામાં આવી.

શ્રી હીરાભાઇ હ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૩૦ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ૩૦ રજૂ કરવામાં આવી.**

શ્રી રાજેન્દ્રસિંહ ર. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૩૧ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ૩૧ રજૂ કરવામાં આવી.**

શ્રી મહેશકુમાર અ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૩૨ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ૩૨ રજૂ કરવામાં આવી.**

શ્રી રમેશભાઇ મ. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૩૩ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ૩૩ રજૂ કરવામાં આવી.**

શ્રી પ્રભુભાઇ ના. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૩૪ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ૩૪ રજૂ કરવામાં આવી.**

શ્રી પુનમભાઇ મા. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૩૫ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ૩૫ રજૂ કરવામાં આવી.**

શ્રી પ્રહલાદભાઇ ઇ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૩૬ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ૩૬ રજૂ કરવામાં આવી.**

શ્રીમતી ચંદ્રિકાબેન છ. બારીયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૩૭ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ૩૭ રજૂ કરવામાં આવી.**

શ્રી ધર્મેન્દ્રસિંહ મે. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૩૮ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ૩૮ રજૂ કરવામાં આવી.**

શ્રી કાન્તીભાઇ કા. ખરાડી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૩૯ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ૩૯ રજૂ કરવામાં આવી.**

શ્રી ધારશીભાઇ લ. ખાનપુરા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૪૦ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૪૦ રજૂ કરવામાં આવી.**

સન ૨૦૧૩–૨૦૧૪ના વર્ષ માટેની પૂરક માગણીઓ પૈકી **સોમવાર, તા. ૨૧–૩–૨૦૧૩ (દસમા દિવસ)**ના રોજ ચર્ચા અને મતદાન માટે લેવાનાર માગણીઓ ઉપરની કાપદરખાસ્તોની એકત્રિત યાદી.

| અ. નં | મુખ્ય સદર અને સંદર્ભ | કાપ દરખાસ્ત | વિષય | પ્રભારી સભ્યશ્રી |
|---|---|---|---|---|
| **૧** | **૨** | **૩** | **૪** | **૫** |
| | | **ગૃહ વિભાગ<br>માગણી નં. ૪૨** | | |
| ૧. | ૨૦૫૨– સચિવાલય..... સેવાઓ ૦૯૦–સેવાઓ રૂ. ૧૧,૭૫,૯૩,૦૦૦ અં.પ્ર.નં. ૧૨ પા.નં. ૧૬–૧૭ | ૧૦૦ | લૂંટફાટની ઘટના વખતે સુરક્ષા અધિકારીઓને તાકીદે ફાયરીંગ કરવા માટે પરવાનગી લેવામાંથી મુકિત આપવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી પુંજાભાઇ વંશ |
| ૨. | __ " __ | ૧૦૦ | અપૂશ્રતા પોલીસ સ્ટાફના કારણે જરૂરિયાતના સમયે પોલીસ કર્મચારીઓ રજાઓ ભોગવી શકતા નથી તે સ્થિતિ નિવારવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી બલવંતસિંહ રાજપૂત |
| ૩. | __ " __ | ૧૦૦ | દારૂ–જુગાર–ખૂન જેવી બાબતે | શ્રી રામસિંહ પરમાર |

| | | | | |
|---|---|---|---|---|
| | | | ધારાસભ્યોની વારંવાર લેખિત ફરિયાદો છતાં સત્વરે પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા. | |
| ૪. | __ " __ | ૧૦૦ | ગુન્હાઇત પ્રવૃત્તિઓ વ્યાપક રીતે વધતી જતી હોય તેવા વિસ્તારના તમામ પોલીસ અધિકારી/કર્મચારીઓની જિલ્લા બહાર બદલી કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી રાઘવજી પટેલ |
| ૫. | __ " __ | ૧૦૦ | પોલીસ તંત્ર દ્વારા ધનિક પરિવારોની ગુન્હાઇત પ્રવૃત્તિઓને છાવરવાના કેસમાં જવાબદારો સામે કડક પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી જવાહરભાઇ ચાવડા |
| ૬.* | __ " __ | ૧૦૦ | અધિકારીઓને પ્રમોશન આપવામાં થતો વિલંબ નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી જસુભાઇ બારડ |
| ૭. | __ " __ | ૧૦૦ | પોલીસની ઘટ નિવારી ઘરફોડ-ચોરી-લૂંટના બનાવોનું વધતું જતું પ્રમાણ અટકાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી જસાભાઇ બારડ |
| ૮.* | __ " __ | ૧૦૦ | વિવિધ પ્રકારના ગુનાઓની સંખ્યાને વધતી રોકવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી કેશુભાઇ પટેલ |
| | | **માગણી નં. ૪૩** | | |
| ૯. | ૨૦૫૫-પોલીસ ૦૦૧-નિદેશ અને વહીવટ રૂ. ૧૭,૫૪,૦૨,૦૦૦ અં.પ્ર.નં. ૧૨ પા.નં. ૨૪ થી ૨૬ | ૧૦૦ | ઉચ્ચ પોલીસ અધિકારીઓમાં બદલી-બઢતી અંગે ફેલાયેલ અસંતોષ નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી જીતુભાઇ ચૌધરી |
| ૧૦. | ૨૦૫૫-પોલીસ ૦૦૧-નિદેશ અને વહીવટ રૂ. ૧૭,૫૪,૦૨,૦૦૦ અં.પ્ર.નં. ૧૨ પા.નં. ૨૪ થી ૨૬ | ૧૦૦ | વસે દિવસે પ્રજાની સલામતી જોખમાતી જતી હોવાથી પોલીસતંત્ર પરથી પ્રજાનો ઘટતો જતો વિશ્વાસ પૂનઃસ્થાપિત કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી અશ્વિન કોટવાલ |
| ૧૧. | __ " __ | ૧૦૦ | વધતી જતી વસ્તીના પ્રમાણમાં | શ્રી કેશુભાઇ પટેલ |

| | | | | |
|---|---|---|---|---|
| * | | | પોલીસદળ વધારવામાં તંત્રની નિષ્ફળતા. | |
| ૧૨. | ૨૦૫૫–પોલીસ ૧૦૧–ગુના .... તકેદારી રૂ. ૮૫,૯૧,૯૬,૦૦૦ અં.પ્ર.નં. ૧૨ પા.નં. ૩૦ થી ૩૯ | ૧૦૦ | ગુન્હાઇત પ્રવૃત્તિઓના પડતર કેસોનો ભેદ ઉકેલવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી માનસિંહ ચૌહાણ |
| ૧૩. | –– " –– | | ગુન્હાઇત પ્રવૃત્તિઓના ભેદ ઉકેલવા છુપી પોલીસમા અનુભવી અને કુશળ અધિકારીઓની નિમણૂંક કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી છબીલભાઇ પટેલ |
| ૧૪. | ૨૦૫૫–પોલીસ ૧૦૯–જિલ્લા પોલીસ રૂ. ૨૩,૬૭,૬૧,૯૯,૦૦૦ અં.પ્ર.નં. ૧૨ પા.નં. ૪ ૨ થી ૭ | ૧૦૦ | પકડાયેલ મુદ્દામાલ છોડવાની સત્તા હોવા છતાં તેનું અમલીકરણ કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી નિરંજન પટેલ |
| ૧૫. | –– " –– | ૧૦૦ | મ!િલાઓની ફરિયાદો પ્રત્યે પૂરતું ધ્યાન આપી તેમને રક્ષણ આપવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી રાજેન્દ્રસિંહ પરમાર |
| ૧૬. * | –– " –– | ૧૦૦ | મહિલાઓને બિનજરૂરી હેરાનગતિ કરી અપમાનીત થતી અટકાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી મહેન્દ્રસિંહ વાઘેલા |
| ૧૭. | –– " –– | ૧૦૦ | પોલીસ સ્ટેશનમાં પકડાયેલ વાહનોની અપૂશ્રતા સ્ટાફને કારણે દેખરેખ અને જાળવણીના અભાવે વાહનો ભંગાર થતા અટકાવવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી પરેશ ધાનાણી |
| ૧૮. | –– " –– | ૧૦૦ | ગુન્હાઇત પ્રવૃત્તિઓ રોકવા દરેક પોલીસ કર્મીઓને અગત્યના પોઇન્ટ પર મૂકવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી અમીત ચાવડા |
| ૧૯. | –– " –– | ૧૦૦ | ગુન્હાઇત પ્રવૃત્તિઓ ધરાવતા ઇસમોને પોલીસ સ્ટેશનોમાં ઉપર રોફ જમાવતા રોકવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી પુંજાભાઇ વંશ |

| | | | | |
|---|---|---|---|---|
| ૨૦. | __ " __ | ૧૦૦ | રાત્રિના સમયે ફરતી ટુકડીઓ દ્વારા જુદા જુદા વિસતારોમાં સતત પેટ્રોલીંગ કરી ગેરકાનૂની કૃત્ય કરતા તત્વોને નાથવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી મોહનસિં! રાઠવા (છનાભાઇ ચૌધરી) |
| ૨૧. | __ " __ | ૧૦૦ | મોટા શહેરોમાં બાઇકર્સ ગેંગ દ્વારા મચાવતા આંતક સામે સખતાઇથી પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી બાવકુભાઇ ઉંઘાડ |
| ૨૨. | __ " __ | ૧૦૦ | જીપી–વાહનોમાં મુસાફરોની નિયત સંખ્યા કરતાં વધારે સંખ્યામાં મુસાફરોની ગેરકાયદેસર રીતે થતી હેરફેર બંધ કરાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી અમિત ચૌધરી |
| ૨૩. | __ " __ | ૧૦૦ | અમદાવાદ શહેરના પોલીસ કમિશ્નરની હકુમત હેઠળના વિસ્તારમાં દિન પ્રતિદિન વધતી જતી ગુનાખોરીને અટકાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી શૈલેષ પરમાર |
| ૨૪. | __ " __ | ૧૦૦ | મહિલા પોલીસ કર્મીઓને શાકમાર્કેટ જેવા જાહેર સ્થળો ઉપર મહિલાઓની છેડતીના તથા અછોડા ચોરવાના બનાવો બનતા અટકાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ગ્યાસુદ્દીન શેખ |
| **માગણી નં. ૪૪** | | | | |
| ૨૫. * | ૨૦૫૬–જેલ ૦૦૧–નિદેશ અને વહીવટ રૂ. ૨૨,૪૧,૩૯,૦૦૦ અં.પ્ર.નં. ૧૨ પા.નં. ૭૫ થી ૭૬ | ૧૦૦ | જેલની બહાર દલાલો દ્વારા કેદીઓ સાથે થતી ગેરકાયદેસર મુલાકાતોની વ્યવસ્થા અટકાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ભોળાભાઇ ગોહેલ |
| ૨૬. | __ " __ | ૧૦૦ | કાચા કામના કેદીઓના ટીફીનની જેલ બહારથી થતી વ્યવસ્થાને કારણે પ્રતિબંધિત વસ્તુઓ જેલોમાં જતી અટકાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી સી. કે. રાઉલજી |
| ૨૭. | __ " __ | ૧૦૦ | જેલોમાં કેદીઓની મુલાકાતે આવતા સગાંઓની માહિતીની ચકાસણી કરી સાચી માહિતીનું રેકર્ડ રાખવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી બળદેવજી ઠાકોર |
| ૨૮. | __ " __ | ૧૦૦ | જેલોમાં વારંવાર ચેકીંગ કરવા છતાં | શ્રી અનિલ જોષિયારા |

| | | | | |
|---|---|---|---|---|
| | | | કેદીઓ પાસેથી મળતી પ્રતિબંધિત વસ્તુઓને જેલમાં આવતી રોકવા સખત પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા. | |
| ૨૯. * | __ " __ | ૧૦૦ | અઢળક વહીવટી ખર્ચ થતો હોવા છતાં જેલોની સલામતી જાળવવા જરૂરી સુપર વિઝન કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી કેશુભાઇ પટેલ |
| **રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનો વિભાગ<br>માગણી નં. ૯૮** | | | | |
| ૩૦. | ૨૨૦૪–ખેલકૂદ ..... સેવાઓ<br>૦૦૧–નિદેશ અને વહીવટ<br>રૂ. ૧,૨૫,૫૫,૦૦૦<br>અં.પ્ર.નં. ૨૫<br>પા.નં. ૧૬–૧૭ | ૧૦૦ | ગ્રામીણ વિસ્તારના યુવાનો માટે રમતગમતને લગતા પ્રશિક્ષકો અને સંસાધનોની ઘટ નિવારવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી હીરાભાઇ પટેલ (ગૌતમભાઇ ચૌહાણ) |
| ૩૧. | __ " __ | ૧૦૦ | રમતગમત અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનો પછાત જિલ્લાઓમાં વ્યાપ વધારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી શ્રી રાજેન્દ્રસિંહ ઠાકોર (શ્રી રાજેન્દ્રસિંહ ચાવડા) |
| ૩૨. | __ " __ | ૧૦૦ | ગ્રામીણ વિસ્તારમાં રમતગમતના મેદાનો વધે તેવું આયોજન કરવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી મહેશકુમાર પટેલ (ઇન્દ્રનીલભાઇ રાજયગુરૂ અને ગેંદાલભાઇ ડામોર) |
| ૩૩. | __ " __ | | ખેલ મહાકુંભના નામે થતો બિનજરૂરી ખર્ચ નિવારવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી રમેશભાઇ ચાવડા (પ્રવિણભાઇ રાઠોડ અને ધીરૂભાઇ ભીલ) |
| ૩૪. | __ " __ | ૧૦૦ | રમતગમત તેજસ્વી ખેલાડીઓની જરૂરી પ્રોત્સાહનો–સવલતો આપવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી જોઇતાભાઇ પટેલ (પરભુભાઇ વસાવા અને તેજશ્રીબેન પટેલ) |
| ૩૫. | __ " __ | ૧૦૦ | અનુભાવી સ્ટાફની નિમણૂંક રમતગમતની પ્રવૃત્તિઓનો વ્યાપ વધારવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી પુનમભાઇ પરમાર (ઇશ્વરભાઇ પટેલ અને મણિલાલ વાઘેલા) |
| ૩૬. | ૨૨૦૫–કલા .... સંસ્કૃતિ | ૧૦૦ | પ્રાચીન ઇમારતોમાંથી અમુલ્ય વસ્તુઓની ચોરીઓ | પ્રહલાદભાઇ પટેલ (પુનાભાઇ ગામીત) |

| | | | | |
|---|---|---|---|---|
| | ૧૦૬–પુરાતત્વવિદ્યા ... મોજણી રૂ. ૫,૪૦,૫૫,૦૦૦ અં.પ્ર.નં. ૨૫ પા.નં. ૩૩ થી ૩૬ | | થતી અટકાવવામાં તંત્રની ઉદાસીનતા. | |
| ૩૭. | __ " __ | ૧૦૦ | વારંવારની રજૂઆતો છતાં દાહોદ જિલ્લમાં આવેલી જુની અને અૈતિહાસિક ખંડેર હાલતની વાવોની મરામત કામગીરી સતવરે હાથ ધરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રીમતી ચંદ્રિકાબેન બારીયા (વજેસિંગભાઇ પણદા) |
| ૩૮. | __ " __ | ૧૦૦ | અપૂરતી નાણાકીય સહાયને લીધે પૂરાતતવ અવશેષોની જાળવણીમાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ધર્મેન્દ્રસિંહ જાડેજા (નટવરસિંહ ઠાકોર અને મહમદજાવીદ પીરઝાદા) |
| ૩૯. | ૨૨૦૫–કલા અને સંસ્કૃતિ ૧૦૫–જાહેર ગ્રંથાલયો રૂ. ૨૦,૮૭,૧૮,૦૦૦ અં.પ્ર.નં. ૨૫ પા.નં. ૩૯ થી ૪૬ | ૧૦૦ | જાહેર ગ્રંથાલયોમાં પુસ્તકોની ચોગ્ય જાળવણી કરવામાં તેમજ જરૂરી નવા પુસ્તકો વસાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી કાંતિભાઇ ખરાડી (કામીનીબા રાઠોડ અને પ્રવિણભાઇ રાઠોડ) |
| ૪૦. | __ " __ | ૧૦૦ | જાહેર ગ્રંથાલયોમાં જરૂરી સવલતો પૂરી પાડવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી ધારશીભાઇ ખાનપુરા (મિતેશભાઇ ગરાસીયા અને મંગળભાઇ ગાવિત) |

- **આ કાપ દરખાસ્ત સભાગૃહમાં રજૂ થઇ નથી.**

**અધ્યક્ષશ્રીઃ** હવે રજૂ થયેલી માગણીઓ અને કાપ દરખાસ્તો પર ભેગી ચર્ચા કરવામાં આવશે.

શ્રી શૈલેષ મ. પરમાર(દાણીલીમડા) : માનનીય અધ્યક્ષશ્રી, આજે ગૃહ રાજ્ય મંત્રી જે હોમ વિભાગની માગણી નં. ૪૨, ૪૩ અને ૪૪ લઇને આવ્યા છે, એમાં મારા વિચારો રજૂ કરું છું.

આ ગૃહ વિભાગ એટલે ગુજરાતની ૬ કરોડની જનતાની સુરક્ષા કેવી રીતે પૂરી પાડવી એ માટેનો આ વિભાગ છે. ખાસ કરીને જે રીતે માનનીય મંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે. સને ૨૦૧૩–૧૪ ના પ્રવચનમાં માનનીય નાણા મંત્રીશ્રી નીતિનભાઇ પટેલે લખ્યું છે કે ૧૧ વર્ષના અદકેરા પ્રવાસની આ વાત છે. સૌનો સાથ સૌના વિકાસની આ વાત છે. લોકશાહીનું આ પર્વ છે. સત્યની અગન કસોટી છે. ૬ કરોડ ગુજરાતી જનતાના વિશ્વાસની આ વાત છે. ગૃહ વિભાગની અંદર સને ૨૦૧૧–૧૨ માં ૨૭૯૪૦ કરોડ, સને ૨૦૧૨–૧૩ માં ૩૪,૦૬૬ કરોડ અને હાલમાં સને ૨૦૧૩–૧૪ માં ૩૬,૦૧૫ કરોડની જોગવાઇ લઇને આવ્યા છે, ત્યારે મારે ખાસ એ કહેવું છે કે સૌનો સાથ અને સૌનો વિકાસ પણ સાથે જરૂરી છે સૌનો સાથ

અને સૌની સુરક્ષા. હું આજે આ સભાગૃહની અંદર સને ૨૦૦૧ થી ૨૦૧૧ સુધી એટલે કે છેલ્લાં ૧૧ વર્ષની અંદર આ ગુજરાત રાજ્યની અંદર બનેલ બળાત્કારના કિસ્સા હોય, ખૂનના કિસ્સા હોય, ચોરી–લૂંટ ધાડના કિસ્સા હોય કે અન્ય રીતે મૃત્યુ થયેલ કિસ્સા હોય એ આ સભાગૃહ સમક્ષ મૂકવા માગું છું. અને આ આંકડાકીય માહિતી ગુજરાત રાજ્યના ગૃહ વિભાગની સરકારી કચેરી કોમ્પ્યૂટર કમ સ્ટેટના ક્રાઇમના રેકર્ડના આધારે આ સભાગૃહ સમક્ષ ૧૧ વર્ષના આંકડા રજૂ કરવા માગું છું.

આ રાજ્યની અંદર આપણે સૌ સલામત છીએ, જેની અનુભૂતિ બધા કરી રહ્યા છો. તો મારે આજે કહેવું છે કે આ રાજ્યની અંદર ૨૦૦૧ થી ૨૦૧૧ સુધી ગુજરાતની અંદર ૧૮,૬૧૧ ખૂન થયેલા છે. આ ૧૮,૬૧૧ ખૂનની સામે ગુજરાત રાજયની અંદર ૧૧ વર્ષની અંદર ૪૧૫ દિવસ ગણીએ તો આ રાજયની અંદર રોજ ૪ થી ૫ વ્યક્તિઓના ખૂન થાય છે. અને દુઃખ સાથે કહેવું છે કે ઝારખંડ અને બિહાર જેવાં રાજ્યો ઝારખંડમાં ૭૨.૯ ટકા, બિહારમાં ૮૦.૫ ટકા અને ગુજરાતના ખૂનનો રેશિયો ૮૫ ટકા છે. મારે દુઃખ સાથે કહેવું પડે છે આ સભાગૃહની અંદર મહિલાઓની વાત થાય અને બની ગયેલા બનાવો બળાત્કારની વાતો થાય.માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૦૧ થી ૨૦૧૧ સુધી આ ગુજરાત રાજયની અંદર ૩૭૭૪ મહિલા અને દીકરીઓ ઉપર બળાત્કાર થયેલા છે. ગુજરાત રાજયના મહિલા આયોગના વાર્ષિક અહેવાલમાં સ્વીકાર્યુ છે કે પાંચ વર્ષની અંદર ૧૧૨૨૫ ફરિયાદો મહિલા અત્યાચારની મળેલી છે. બળાત્કારના કિસ્સાની અંદર આપણે વાતો કરીએ, ગઇ વખતે બહેન વાત કરતા હતા કે ગુજરાતની અંદર સલામત છે. દિલ્હીના મુખ્યમંત્રી શીલા દિક્ષીતજીએ તેમની દીકરીને આ ગુજરાતમાં મોકલી આપવી જોઇએ તેવું બેન પુનમબેન માડમ જેઓ આજે અહીં નથી તે કહેતા હતા. મારે આજે કહેવું છે કે ગુજરાતના બળાત્કારના કિસ્સાની સામે ઉત્તરપ્રદેશની અંદર ૯૩.૦૪ ટકાનો રેશીયો છે. બિહારની અંદર ૮૦ પોઇન્ટનો રેશીયો છે. આપણું ગુજરાત જેને આપણે સલામત કહીએ છીએ, આપણી બહેન દીકરીઓની સલામતીની આપણે વાતો કરીએ છીએ, ગુજરાતનો રેશીયો ૯૬.૦૯ ટકા છે. આપણે એવરેઝ ગણીએ ૧૧ વર્ષની તો આ રાજયની અંદર રોજ એક બેન અને દીકરી પર બળાત્કાર થયો છે તે આંકડા કહી બતાવે છે. આપણે સાંભળવાની પણ તૈયારી રાખવી જોઇએ. માનનીય મંત્રીશ્રી કહેતા હતા કે ટીકા કરો તો ટીકાનો જવાબ સાંભળવાની પણ તૈયારી રાખવી પડે.

માનનીય અધ્યક્ષશ્રી, અપહરણના કિસ્સાની વાત કરીએ તો આ રાજયમાં છેલ્લા ૧૧ વર્ષમાં ૧૧૩૯૧ મહિલાઓના અપહરણ થયા છે. ૧૩૫૨૬ બાળકોના અપહરણ થયેલા છે. અપહરણના કિસ્સાની વાત કરીએ તો ઉત્તરપ્રદેશને હું સલામ મારું છું કે જેનો રેશીયો છે ૬૫.૦૯ ટકા. બિહારનો રેશીયો છે ૬૭.૦૬ અને ગુજરાતનો રેશીયો ૮૪.૦૪ છે. આ કિસ્સા થયેલા છે. ૨૦૦૧ની અંદર ૧૯૯૬ નાગરિકોનું જે અપહરણ થયું તેની સામે ૨૦૧૧માં ૩૨૨૮ નાગરિકોનું અપહરણ થયું. આ ગણીએ તો ૨૦૦૧ની દ્રષ્ટિએ ૨૦૧૧ની અંદર ગુજરાતની અંદર અપહરણમાં ૨૦૦ ટકાનો હિસ્સો વધ્યો છે. આ આંકડાકીય માહિતી બતાવે છે. ચોરી અને લૂંટની વાત થાય. આપણે સલામત તો સૌ સલામત, ચોરી અને લૂંટની વાત થાય, તો એ ચોરને દાદ આપવી પડશે કે આ રાજયના એક મંત્રીના ઘરમાં ચોરી કરી બતાવી છે. આ ચોર છે. મારે કહેવું છે આજે કે ચોરી, લૂંટ અને ધાડના કિસ્સાની અંદર આ રાજયની અંદર ૭૨૦૬૬ કિસ્સાઓ છેલ્લા ૧૧ વર્ષમાં થયેલા છે. આપણે રોજની એવરેજ ગણીએ તો આ રાજયમાં ૧૭ થી ૧૮ કિસ્સાઓ રોજ ચોરી, ધાડ અને લૂંટના થાય છે. લૂંટના કિસ્સામાં હું ગુજરાતની વાત કરું તો બિહારની અંદર જે રકમ લૂંટમાં લૂંટાય છે તેમાં ૫૯ કરોડ રૂપિયા લૂંટાયા. મધ્યપ્રદેશમાં ૧૫૧ કરોડ લૂંટાયા, રાજસ્થાનમાં ૧૧૭ કરોડ, ઉત્તરપ્રદેશમાં ૧૯૩ કરોડ અને ગુજરાત, આપણું ગૌરવવંતુ ગુજરાત એટલે ગુજરાતની અંદર ૩૪૯ કરોડ આ ગુજરાતની અંદર લૂંટાયા. આપણે કહેવું પડે. ૨૦૧૧ના આંકડા આપું છું. એટલે આપણે કહેવું પડે નીતિનભાઇ કે આ ૩૪૯ કરોડની વાત કરીએ ત્યારે આ રાજયની અંદર રોજ ૧ કરોડની લૂંટ થાય છે અને ગુજરાત તેના માટે પાંચમા ક્રમે આવે છે. નીચેથી પાંચમા ક્રમે આવે છે. લૂંટની પરત રકમની વાત કરીએ તો આ બાબતમાં ગુજરાતના ૧૯.૦૭ ટકા છે એટલે તે દેશમાં ૨૨મા ક્રમે છે. આ આંકડા બતાવે છે. રાયોટીંગની વાત કરતા હતા. માનનીય નીતિનભાઇ કાયમ કહે છે કે આ રાજયની અંદર તોફાનો થયા નથી. જયારથી આ રાજયની અંદર ભારતીય જનતા પાર્ટીની સરકાર આવી છે ત્યારથી તોફાનો થયા નથી. સ્કૂલોમાં એક નિયમ છે. સ્કૂલની અંદર જે વિદ્યાર્થી કલાસની

અંદર સૌથી વધારે તોફાની હોય તેને જો મોનીટર બનાવી દેવામાં આવે તો કલાસમાં શાંતિ થઇ જાય છે. રાયોટીંગની બાબતમાં આત્મારામભાઇ આત્મા ઉપર હાથ મૂકીને સાંભળો ૨૦૦૧ થી માંડીને ૨૦૧૧ સુધી આ ગુજરાત રાજયની અંદર ૧૮૪૩૪ કિસ્સાઓ તે તોફાનોના બનેલા છે માનનીય નીતિનભાઇ. અને રાયટ્સના તોફાનોની વાત કરીએ તો ઉત્તર પ્રદેશને સલામ મારવી પડે. એનો રેશિયો ૮૪.૫, બિહારનો રેશિયો છે એ ૮૯.૨ છે અને એની સાથે ગુજરાતનો પણ રેશિયો ૮૯.૨ છે. આ જે તોફાનો થયાં, ૧૧ વર્ષના ૪૧૫ દિવસ લેખે ૧૮૪૩૪ કિસ્સા, માનનીય નીતિનભાઇ આપ એમ કહેતા હતા કે આ રાજયમાં એક પણ દિવસનો કર્ફ્યુ નથી થયો, પણ આપણે જો એક કલાકનો કર્ફ્યુ ગણીએને તો પણ ૧૮૪૩૪ કલાકનો કરફ્યુ આ ગુજરાત રાજયમાં અગિયાર વર્ષમાં થયેલો છે.

માનનીય અધ્યક્ષશ્રી, બેદરમારીથી થયેલ મૃત્યુની અંદર પણ આ રાજયમાં ૪૮૮૧૨ વ્યક્તિઓનાં મોત થયેલાં છે, અને ૪૮૮૧૨ની રોજની એવરેજ ગણીએ તો રોજના ૧૨ થી ૧૩ બેદરકારીથી આ રાજયની અંદર મૃત્યુ થયેલાં છે.

માનનીય અધ્યક્ષશ્રી, આઇ.પી.સી. ક્રાઇમની વિગતો જોઇએ તો ૬૫૩૯૮૨ ગુનાઓ છેલ્લા અગિયાર વર્ષમાં નોંધાયેલા છે. નેશનલ ક્રાઇમ રેકર્ડ બ્યુરોના આંકડા એમ કહે છે કે, રાજયવાર આઇ. પી. સી. ક્રિમિનલ રેટ ૨૦૧૧ પ્રમાણે તો ઉત્તરાખંડમાં ૮૬ ટકા, ઉત્તર પ્રદેશ ૯૭ ટકા, પંજાબ ૧૨૫ ટકા, બિહાર ૧૩૦ ટકા અને ગુજરાત ૨૦૪ ટકા છે.

**"મત કરો ગુરુર અપની બુલંદીઓ પર,**
**હમને તો ઉગતે હુએ સૂરજ કો ભી ઢલતે દેખા હૈ."**

માનનીય અધ્યક્ષશ્રી, આ વાત થાય, મારે કહેવું છે આપ સાંભળો. રામની વાત કરીને, હિન્દુત્વની વાત કરીને આપ વાત કરવા નીકળ્યા છો ત્યારે મારે કહેવું છે કે, આ રાજયની અંદર મંદિરોની અંદર ચોરીઓ થઇ, આ રાજયના મંદિરો લૂંટાયા હોય કે પુજારીઓના ખૂન થયા હોય એના આંકડા મારે માનનીય સભાગૃહ સમક્ષ મૂકવા છે. ૨૦૦૧–૨૦૧૦ સુધીમાં ૧૩૦૧ મંદિરોમાં ચોરી થઇ અને ૧૦૩ મંદિરો લૂંટાયા, આમ કુલ ૧૪૦૪ મંદિરોમાં ચોરી અને લૂંટના બનાવો બન્યા. ૨૦૦૧ થી ૨૦૧૦ સુધીમાં પુજારી અને મહંતોના ઉપર ૭૧ ખૂનના બનાવો બન્યા અને ૪૦ જેટલા પુજારી– મહંતોઓના ખૂન થયાં. માનનીય અધ્યક્ષશ્રી, જયાં ભગવાન સુરક્ષિત નથી ત્યાં નાગરિકની આપણે વાત કરીએ તો એ કયા મોંઢે કહી શકીએ, એ મને કહેવાતું નથી.

માનનીય અધ્યક્ષશ્રી, આ રાજયની અંદર કાયદો બનાવ્યો. માનનીય મુખ્ય મંત્રીશ્રી કહે છે કે, એકટ કરો, તો એકટની કોઇ જરૂર નથી, પરંતુ એકશનની જરૂર છે. એકશન કરો. આ રાજયએ ગૌમાંસનો કાયદો બનાવ્યો અને ગૌમાંસનો કાયદો બનાવ્યા પછી પણ આ રાજયની અંદર દશ લાખ કિલો કરતાં પણ વધારે ગૌમાંસ પકડાયું છે.

માનનીય અધ્યક્ષશ્રી, રાજયમાં નવાં પોલીસ સ્ટેશનો ખોલવાની વાત છે. આ રાજયમાં મંજૂર થયેલ પોલીસ મહેકમમાં ૬૩,૮૧૭ જગ્યાઓ છે. એની સામે ૫૨,૩૦૭ પોલીસ કર્મચારીઓને લેવામાં આવેલ છે, પોલીસ કોન્સ્ટેબલથી માંડીને પી.આઇ.ની વાત હું કરું છું. ૧૧,૫૧૦ જગ્યાઓ આ પોલીસ સ્ટેશનોમાં ખાલી છે. માનનીય અધ્યક્ષશ્રી, બિહારમાં દર ૬૫ માણસે એક પોલીસ છે, ઉત્તર પ્રદેશમાં ૯૪ માણસે એક પોલીસ છે અને ગુજરાતમાં ૧,૧૭૨ માણસે ફકત એક પોલીસ છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું દારૂની વાત કરીને મારી વાત પૂરી કરીશ. (અંતરાય) સુરંગ તો ખૂબ થઇ, સુરંગમાં મારે કહેવું છે કે, જે આતંકવાદીઓએ સુરંગ ખોદી એ ૨૦૦ ફૂટ કરતાં વધારી ખોદી નાખી, આ આતંકવાદીઓને જો નર્મદાનું કામ આપવામાં આવે તો, નર્મદાનું કામ બે દિવસમાં પૂરું થઇ જાય. એટલા એ હોશિયાર છે. અમદાવાદ શહેરમાં દૂધ આવે, અમદાવાદ શહેરમાં ફેરિયા દૂધ લઇને આવે, અમદાવાદ શહેરમાં કોર્પોરેશનનું પાણી કદાચ આઘુપાછું થાય, દૂધનો ફેરિયો આઘોપાછો થાય, પણ દારૂની ફેરી કરનારો અમદાવાદ શહેરમાં ટાઇમસર આવે છે. આ મારે આંકડાકીય વાત કરવી છે. અમદાવાદ શહેરની અંદર દારૂ આવે છે.

શ્રી રણછોડભાઇ મ. દેસાઇ(પાટણ) : માનનીય અધ્યક્ષશ્રી, આજે વિધાનસભા ગૃહમાં માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીના વડપણ હેઠળની સરકાર ગૃહ વિભાગના બજેટની માગણી નંબર ૪૨, ૪૩, ૪૪ રૂપિયા ૩૬૧૫.૦૩ કરોડનું અંદાજ પત્ર મંજૂર કરવા માટે લાવ્યા છે એમાં ટેકો આપવા અને મારા વિચારો વ્યકત કરવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, મારા મિત્ર ભાઇશ્રી શૈલેષભાઇ ખૂબ ઉતાવળે ઉતાવળે કૂદી કૂદીને પોતાના વિચારો વ્યકત કરતા હતા. માનનીય શૈલેષભાઇ એ અમદાવાદમાં રહે છે અને હું પણ અમદાવાદમાં જ રહું છું. માનનીય શૈલેષભાઇને ખબર જ છે કે છેલ્લા એક દશકાને બાદ કરતા પાછલા વર્ષોમાં જો ડોકીયું કરીએ તો આ રાજયના શહેરો કેટલા સુરક્ષિત હતા એની જાણ આપણને બધાને છે. ગુજરાતમાં કોઇ પણ મહાનગર કે નગર એવું સુરક્ષિત ન હતું કે આ રાજયનો કોઇ નાગરિકને એ નગરમાં જવું હોય તો એને પહેલા પૃચ્છા કરવી પડે કે આજે અમદાવાદમાં, વડોદરા, સુરત કે રાજકોટમાં શાંતિ છે કે કેમ? આ સ્થિતિ આ ગુજરાતની હતી. આ સ્થિતિ અગાઉ ગુજરાતની હતી ત્યારે હું આપના દ્વારા સન્માનનીય ગૃહને હું મારા વિચારો વ્યકત કરી કહેવા માગુ છું કે, આ ગુજરાતમાં છેલ્લા એક દાયકામાં ગુજરાતના એક નગર કે મહાનગરમાં એક કલાકનો કરફ્યુ પડ્યો નથી. આજે ગુજરાતમાં જન્મેલા ૧૨ વર્ષના બાળકને જન્મ લીધા પછી જેણે સમજણ કેળવી છે એવા બાળકને કરફ્યુ એટલે શું? એની તેને ખબર નથી એવી પરિસ્થિતિ છે. આ ગુજરાતમાં શ્રદ્ધેય આદરણીય માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇના નેતૃત્વમાં આજે આપણે શાંતિ અને સલામતીનો અહેસાસ કરી રહ્યા છીએ. છાસવારે હુલ્લડો અને તોફાનોએ આ ગુજરાતના જનજીવનને અનેક રીતે ડહોળવાના પ્રયત્નો થયા હતા. આપણને બધાને ખબર છે કે ગમે તે પરિસ્થિતિમાં, ગમે તે જગ્યાએથી જ્યારે લોહીથી તરબળ થતી લાશ જ્યારે પરિવારના ઘર સુધી આવે તો ઇતિહાસના પાનામાં જોઇએ તો કવિ ઝવેરચંદ મેઘાણીએ કહ્યું હતું કે, "રકત ટપકતી સો સો ઝોળી સમરાંગણથી આવે." યુદ્ધના મેદાનમાં જ્યારે કોઇ જવાન શહીદ થાય અને જ્યારે સલામતી માટે પોતાના જીવનું બલિદાન આપ્યું હોય એવા પરિવારના ઘરે એ જવાનની લાશની ઝોળી ઘરે આવે ત્યારે એ પરિવારની આંખોમાં એક સ્વાભિમાન હોય છે, ગૌરવ હોય છે કે મારા પરિવારના દીકરાએ આ દેશ માટે બલિદાન આપ્યું છે, આ દેશની રક્ષા કાજે શહીદ થયો છે. પણ રાજયની અંદર આ ગામડામાં રહેનારા નિર્દોષ નાગરિકો ગમે તે પ્રકારે, ગમે તે સમયે, ગમે તે પરિસ્થિતિમાં એને રહેંસી નંખાતા હોય અને એવી લાશો જ્યારે ઘરે આવે ત્યારે પરિવારની જે દુઃખની ભાવના પ્રગટ થતી હોય એ જે પરિવારમાં બન્યું હોય એને ખબર હોય! એટલા માટે વિકસતા ગુજરાતને રોકવાનું •(xxxxxx) એ ત્રાસવાદીઓના કૃત્યથી થયું હોય કે અન્ય લોકોના કોઇ અન્ય વ્યક્તિગત સ્વાર્થના કારણે થયું હોય અને એટલા માટે હમણા માનનીય શૈલેષભાઇ કહેતા હતા કે ગુજરાતમાં આટલા આટલા પ્રમાણે ગુનાઓ બન્યા છે. ત્યારે હું આપનું અને આ સન્માનનીય ગૃહનું ધ્યાન દોરવા માગુ છું કે, વર્ષ ૨૦૧૧ એન.સી.આર.સી.ના પ્રકાશિત આંકડા આ કેન્દ્ર સરકારના કે રાજય સરકારના નથી. જે ક્રાઇમ રેટના આંકડા છે એમાં સ્ત્રીઓ વિરુદ્ધના ગુનામાં સમગ્ર રાષ્ટ્રમાં ગુજરાત એ ૧૬ મું સ્થાન ધરાવે છે. આ વાત દિલ્હીના મુખ્યમંત્રી શ્રીમતી શીલા દિક્ષિત જાતે કબૂલ કરે છે અને એમ કહે કે, "દિલ્હી મહિલાઓ માટે સુરક્ષિત નથી."

**શ્રીમતી મનિષા રા. વકીલ(વડોદરા) :** માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે તેમાં હું મારો સુર પુરાવવા ઉભી થયેલ છું. અત્યાર સુધી ગુજરાતીઓ તેમની આવડત, ચતુરાઇ, વેપાર વાણિજ્યમાં પાવરધાઇના લીધે ઓળખાતા હતા. પણ આજે ગુજરાતીઓએ રમતની દુનિયામાં પોતાની આગવી ઓળખ ઉભી કરી છે. આનો યશ જાય છે આપણા માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીને. સમગ્ર રાષ્ટ્રમાં સૌથી મોટો કહી શકાય એવો રમતોત્સવ એટલે કે ખેલ મહાકુંભ, ગુજરાત સરકાર સતત ત્રણ વર્ષથી

---

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા.

નિયમિત ધોરણે યોજી રહેલ છે. કેન્દ્ર સરકાર તો ટેસ્ટ મેચ જ રમે છે પણ આપણા માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી તો ટવેન્ટી–ટવેન્ટીની મેચ રમે છે, જેવી રીતે ટી–ટવેન્ટીના અનેક રેકોર્ડ સર્જાયા છે તેવી જ રીતે અનેક સફળ કાર્યક્રમો ખૂબ ટૂંકાગાળામાં ગોઠવીને લોકલાડીલા મુખ્યમંત્રીશ્રીએ અનેક વિક્રમો સર્જ્યા છે. આવનાર દિવસોમાં રમત ગમતના મેદાનો પરની સિદ્ધિઓમાં ગુજરાતનું વૈશ્વિક પ્રદાન હશે એ વાત નિઃશંક છે. એટલે જ કહેવાનું મન થાય છે **"શ્રેષ્ઠ અને સર્વોચ્ચની વાત છે તો દોસ્ત ચોક્કસ એ ગુજરાત છે".** રાજ્યમાં મહિલાઓને રમતમાં પ્રોત્સાહન આપવા માટે ગુજરાત સરકારે મહિલા ચેસ મહોત્સવનું આયોજન કર્યું હતું. જેમાં ગુજરાતનું ગૌરવ સમાન એવી કુમારી ધ્યાની દવે, જેણે એકસાથે ૧૫૦ મહિલા ખેલાડીઓ સાથે ચેસ રમીને એક વિક્રમ સર્જ્યો છે. લિમ્કા બુક ઓફ રેકોર્ડ્સમાં પણ એની નોંધ થઇ છે. રેકોર્ડ્સની વાત આવે છે ત્યારે આખા દેશમાં ગુજરાત સરકાર એવી એક સરકાર છે કે જેણે અનેક ખેલાડીઓના રેકોર્ડ્સ બનાવવા માટે મદદ કરી છે. આજે રેકોર્ડ બનાવવા માટે એક ખેલાડી સુધી સીમિત નથી રહેલ પણ સરકારની પણ જવાબદારી બની છે, ખેલાડીઓના રેકોર્ડ્સ એ ગુજરાત માટે પણ ગૌરવની વાત છે. જે ખેલાડીઓ રાષ્ટ્ર તેમજ આંતરરાષ્ટ્રીય કક્ષાએ વિવિધ સ્પર્ધાઓમાં ઉત્કૃષ્ટ દેખાવ કરે છે એવા ખેલાડીઓને રોકડ પુરસ્કારથી સન્માનિત કરવામાં આવે છે. રૂપિયા બે કરોડનું રિવોલ્વીંગ ફંડ આના માટે શરૂ કરવામાં આવેલ છે. જેના અંતર્ગત માનસિક ક્ષતિ ધરાવનાર ખેલાડીઓને સિઓલ ખાતે ફ્લોર હોકી મહિલા ટીમમાં ભારતનું પ્રતિનિધિત્વ કરતી ગોલ્ડ મેડલ પ્રાપ્ત કરેલ કુમારી માયાબેન દેવીપૂજક અને આણંદ જિલ્લાના મહેશભાઇ એ બન્નેને રોકડ બે બે લાખ રૂપિયાનો પુરસ્કાર આપવામાં આવેલ છે. જ્યારે ગ્રામીણ ઓલીમ્પિકની વાત આવે છે ત્યારે એક ગીતની લીટી યાદ આવે છે.

**"કિસીને હમકો અપના બનાકર મુસ્કુરાના સીખા દિયા "**

પહેલાં કોઇ દિવસ કોઇ રાજ્યમાં ગ્રામીણ ઓલીમ્પિક યોજાયા નહોતા. ગુજરાત સરકાર ગ્રામીણ પ્રજાને રમતગમત ક્ષેત્રે પોતાનું કૌશલ બતાવવાની એક નવતર તક આપી છે. છેલ્લાં પાંચ વર્ષથી તરણેતર, દેવગઢ બારિયા, આહવા, ડાંગમાં ગ્રામીણ ઓલીમ્પિકમાં કુલ ૨૭૪૭૦ ખેલાડીઓએ ભાગ લીધો હતો અને રોકડ પુરસ્કાર રૂપિયા ૨૦ લાખના ચૂકવવામાં આવ્યાં છે. માનનીય અધ્યક્ષશ્રી, શક્તિ દૂત યોજના હેઠળ રાજ્યના આશાસ્પદ પ્રતિભાશાળી ખેલાડીઓમાં રહેલ ક્ષમતાઓને ધ્યાનમાં રાખીને તેમની જરૂરિયાત પ્રમાણે નીડ બેઇઝની યોજના હેઠળ રમતગમતની સંકલન સુવિધા પૂરી પાડી છે. એક્સલન્સ સાથે ચેમ્પીયન તૈયાર કરવાની આ યોજના થયેલ છે. ખેલાડીઓ સારો દેખાવ કરી શકે એ ધ્યાનમાં રાખીને તેઓની જરૂરિયાત મુજબ પૌષ્ટિક આહાર, રમતગમતની અદ્યતન સુવિધાઓ, આધુનિક સાધનો, સ્પોર્ટ્સ કીટ, મનોવૈજ્ઞાનિક કે આરોગ્ય શિબિરો જેવી બાબતો આ યોજના દ્વારા પૂરી પાડવામાં આવે છે.આ યોજના હેઠળ ૩૨૭ ખેલાડીઓને ૧૬૦ લાખની સહાય કરવામાં આવી છે. સુરજ તો રોજ ઉગે છે. પણ જયારે સુરજ ગુજરાતમાં ઉગે છે ત્યારે એવી ઘટના ગુજરાતમાં આકાર લે છે કે જેની સમગ્ર વિશ્વ નોંધ લે છે. રોજ સાંજ ઢળે અને અહીંયા કોઇ અને કોઇ ઉત્સવની ઉજવણી અજવાળે રેલાય છે, જેની મસ્તીમાં સમગ્ર વાતાવરણ મહેકી ઉઠે છે.

માનનીય અધ્યક્ષશ્રી, ૩૦મી ઓકટોબર, ૨૦૧૦ના રોજ સુરજ ઉગે છે અને એવી ઘટના ગુજરાતમાં આકાર લે છે જેની સમગ્ર વિશ્વએ હકારાત્મક રીતે નોંધ લેવી પડે છે. અને એ ઘટના છે વાંચે ગુજરાત. વાંચે ગુજરાતની વાત કરું તો સારા, સાચા અને શુદ્ધ વિચારોના મૂળમાં વાંચન રહેલું છે. આજની નવી પેઢીમાં વાંચનનો સ્વભાવ, સંસ્કાર, ટેવ રૂપે વ્યાપક ફલક ઉપર ઉજાગર કરવા માટે વાંચે ગુજરાતમાં સૌ કોઇ પ્રવૃત્ત થાય એવી અપીલ આપણાં માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીએ કરી હતી. વાંચે ગુજરાતના અભિયાનને જનતાએ ઉપાડી લીધી અને પુસ્તક ખરીદી, વિતરણ અને વાંચનની ક્રાંતિકારી ચેતનાઓ ઉજાગર થઇ છે. વિકાસના રાજમાર્ગ ઉપર, ગ્લોબલ લેવલ ઉપર ગતિ કરેલા ગુજરાત સરકારે સાંસ્કૃતિક જગતમાં પણ જાજરમાન ઈતિહાસની ધરોહરને સાચવીને તેને આગળ વધારવાની પોતાની સજ્જતા પૂરવાર કરી બતાવી છે. વાંચે ગુજરાત અભિયાનના લીધે ગુજરાતના લોકો વધુને વધુ વાંચન સમૃધ્ધ થતાં જાય અને આજે લોકો પુસ્તકની હાર્ડ કોપી તો વાંચે જ છે. સાથે સાથે સમયને અનુરૂપ ઈ–બુક પણ વાંચતા થયા છે.

માનનીય અધ્યક્ષશ્રી, રાજય ગ્રંથાલય ગાંધીનગર ખાતે, પ્રજાજનોની સુવિધા માટે ૨ લાખ ઇ–બુક અને ૨ હજાર ઇ–જનરલ સુવિધા પ્રજા માટે ઉપલબ્ધ કરવામાં આવી છે. આમાં સભાગૃહમાં બેઠેલાં સર્વ સંમત થશે કે રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનો વિભાગ પોતાની સમગ્ર કામગીરી અત્યંત પ્રભાવી રીતે કરી રહી છે ત્યારે આ વિભાગની માગણીઓને હું મારું સમર્થન આપું છું.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત(સિદ્ધપુર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ગૃહ મંત્રીશ્રી જયારે ગૃહ વિભાગની માગણીઓ લઇને આવ્યાં છે ગુજરાતમાં સૌથી મોટી એક ગૃહની માગણી હોય, ગુજરાત કઇ પરિસ્થિતિમાં આજે આકાર લઇ રહ્યું છે? મેં હમણાંથી જે પરંપરા જોઇ છે કે માનનીય મંત્રીશ્રીઓ ૧૯૯૦ના આંકડા સાથે આજે ગુજરાતને સરખાવે છે. માટે મારે કહેવું છે કે, ૧૯૯૦માં ગુજરાતનું જે બજેટ હતુ તે માત્ર ૩૪૮ કરોડ રૂપિયા હતું અને આજે જે બજેટ છે તે ૩૬૦૦ કરોડ રૂપિયા છે. તેમાં એક હજાર ગણો વધારો આજે છે. તે વખતે પોલીસ ડિપાર્ટમેન્ટનું જે બજેટ હતુ તે માત્ર ૨૦૦ કરોડ રૂપિયા હતુ આજે તે ૨૯૦૦ કરોડ રૂપિયા છે. તે વખતે ૧૯૯૦માં આપણી જે સંખ્યા હતી તે ૫૫,૯૭૭ હતી અને આજે ૨૦૧૧માં તે વધીને ૭૧,૬૭૦ની સંખ્યા છે. એટલે ૧૬ હજારથી પણ વધારે આજે સંખ્યા આટલા વર્ષમાં વધી છે. મને એ વખતે ૧૯૯૦નું કહેવાનું મન થાય છે કે, ૧૦૦ કિલોમીટરના વિસ્તારે માત્ર ૨૬ નવજુવાનો હતા અને આજે ૩૭ છે. આટલો બધો વધારો હોવા છતાંય ૨૦ વર્ષ પછી જે ગુજરાતની પરિસ્થિતિનું જે નિર્માણ થયુ છે ૧૯૯૦માં જે ગુન્હાઓ હતા તે ગુન્હાઓ ૧ લાખ ૭ હજાર હતા. આજે ૨૦૧૧ની અંદર જે ગુન્હાઓ નોંધાયા છે તે ૨ લાખ ૪૭ હજાર એટલે ૧૩૧ ટકાનો આ ગુજરાતમાં ક્રાઇમનો આજે દિન–પ્રતિદિન તેમાં વધારો થઇ રહ્યો છે. એક બાજુ કયાં બજેટ, કયાં ૧૯૯૦માં ગુજરાતના કોંગ્રેસ રાજયમાં શાંતિ અને સમૃધ્ધિ હતી. અને આજે મારે દુઃખ સાથે કહેવું પડે છે કે, (અંતરાય)

અધ્યક્ષશ્રી : શાંતિ રાખો, સાંભળો.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : ૧૩૧ ટકાનો આ ગુજરાતમાં ક્રાઇમમાં વધારો થઇ રહ્યો છે. એની સાથે એમ કહેવાય કે દર લાખ વ્યકિતએ ૨૬૪ ગુન્હા હતા. આજે તે વધીને ૨૦૧૧માં ૩૬૬ થયા છે એટલે ૧૩૯ ટકાનો આમાં વધારો કરવામાં આવ્યો છે. તે જમાનાની અંદર ૨૩૬ બળાત્કાર થતા હતા. જયારે આજે નંબર–૧ સરકારની અંદર ૪૦૮ એટલે ૭૩ ટકા બળાત્કારના કિસ્સાઓ આજે દિન–પ્રતિદિન વધી રહ્યાં છે. માનનીય અધ્યક્ષશ્રી, એ જમાનામાં અપહરણના કિસ્સા હતા તે ૭૬૧ હતા, આજે ૨૦૧૧ના આંકડા મુજબ અપહરણના કિસ્સા ૧૬૬૪ છે. તેનો અર્થ એ થયો કે ૧૧૯ ટકા આ નંબર વન સરકારમાં વધારો થયો છે. આજે મને કહેતા દુઃખ થાય છે કે ૧૯૯૦ થી ૨૦૧૧ અને ૧૨ માં જયારે સંચાલન થતું હોય ત્યારે મારે પૂછવું છે કે આ ગુજરાતનો વિકાસ આજે કઇ પરિસ્થિતિમાં કઇ દિશામાં થઇ રહ્યો છે? અને આજે ૬ કરોડ ગુજરાતની જનતા સરકાર પાસે આનો જવાબ માગે છે.

સમગ્ર ભારતનો રેશીયો જોઇએ તો આખા ભારતમાં ગુનાઓનો રેશીયો માત્ર સાડા ચાર ટકા છે. આંધ્રમાં ૪ ટકા, ઓરિસ્સામાં ૨.૩૦ ટકા, છત્તિસગઢમાં ૪.૨ ટકા અને ભારતીય જનતા પાર્ટીનું શાસન જયાં છે તે મધ્ય પ્રદેશમાં ૧.૩ ટકા, હરિયાણામાં ૨.૭૦ ટકા, અને ગુજરાતમાં આપણને કહેતા દુઃખ થાય છે કે ૬ ટકા ગુનાનો રેશીયો છે. મારે ખાસ એ કહેવું છે કે આજે ગુજરાતની સ્થિતિ ગુનાઓ બાબતમાં શું છે? આ જે આંકડાઓ છે તે એમના છે, નેશનલ પ્રાઇમરી રેકર્ડ છે એ ૨૦૧૧માં ગુજરાતની પોલીસમાં કઇ પરિસ્થિતિ નિર્માણ થઇ છે તે બતાવે છે. એ આંકડા આપણે જોઇએ તો ખૂનના કેટલા લોકો છૂટી ગયા છે? તો ૭૫ ટકા લોકો ખૂનના કેસમાંથી છૂટી ગયા છે, ખૂનની કોશીશ કરવામાં કેટલા લોકો છૂટી ગયા? તો ૯૩ ટકા લોકો છૂટી ગયા છે, બળાત્કારના કેસમાં ૮૫ ટકા લોકો છૂટી ગયા છે, અપહરણના કેસમાં પણ લોકો છૂટી જાય છે, ૧૭ હજાર નાના નાના છોકરાઓના ખૂન થતા હોય, અને પોલીસ તપાસ કરે અને કોર્ટમાં કેસ મૂકે તો ૯૩ ટકા લોકો છૂટી ગયા છે, આજે લૂંટના ગુનાઓમાં જોઇએ તો ૯૫ ટકા લોકો છૂટી જાય છે, ધાડના ૯૩ ટકા લોકો છૂટી જાય છે, માનનીય નીતિનભાઇ બેઠા બેઠા કહેતા હતા કે વાસ્તવિકતાની તપાસ કરવી જોઇએ, તો વાસ્તવિકતા જોવામાં આવે તો ચોકકસપણે તેનું પરિણામ આવી શકે, પણ ૨૦૧૧ના આંકડાઓ બતાવે છે

કે ગુજરાતની સ્થિતિ શું છે. આજે ૯૦ ટકા ઉપરના કેસોમાં તપાસ થતી નથી તેને કારણે દોષિતો છૂટી જાય છે આવી પરિસ્થિતિ ગુજરાતમાં ઉભી થઇ છે.

આજે આપણે જોઇએ તો ગુજરાતમાં સ્ત્રી હત્યા હેઠળ, એક વડીલે ગૌરવ સાથે કહેતા હતા કે ૧૬મો નંબર આપણા ગુજરાતનો છે, નંબર એકની વાત કરતા હોઇએ અને સ્ત્રી હત્યામાં ૧૬મો નંબર ગણાવીએ છીએ, આજે મંદિરોમાં ખુલ્લે આમ લૂંટ થાય છે. રામ રાજયની આપણે વાત કરીએ છીએ, અને અહીં મંદિરો પણ સલામત નથી. અને આજે ૭૮ થી વધારે પૂજારીઓની હત્યા થઇ છે. પૂજારીઓ સલામત નથી અને મંદિરો પણ સલામત ન હોય બાળકો સલામત ન હોય, બહેનો સલામત ન હોય, ત્યારે ગુજરાતની વાસ્તવિક પરિસ્થિતિ કેવી છે તે બતાવે છે. મારે દુઃખ સાથે કહેવું છે કે ગુજરાતનો વિકાસ કરવો હશે તો સલામતી સૌથી મોટી વસ્તુ છે. ગુજરાતમાં આજે ભલે અહીં બેઠેલા લોકો ચિંતન કરે કે ન કરે, પણ ગુજરાતનો ક્રાઇમનો આંકડો કહે છે કે આ પરિસ્થિતિ નિર્માણ થઇ છે. આજે ગુજરાતમાં દિન પ્રતિદિન પાછું જતું જાય છે. ખેડૂતો હેરાન થાય છે. વેપારીઓ હેરાન છે, સલામત નથી. નોકરી અને રોજગારની પરિસ્થિતિને કારણે જે પરિસ્થિતિ પેદા થઇ છે તેનું સૌથી મોટું કોઇ કારણ હોય તો એ કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ છે. મારે દુઃખ સાથે કહેવું છે કે •(xxxxxx)

અધ્યક્ષશ્રી : માનનીય બલવંતસિંહ, આ ગર્ભીત ધમકી કહેવાય, એ શબ્દો હું રેકર્ડમાંથી દૂર કરું છું.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે. વિરોધપક્ષના દંડકશ્રીએ પોતાના પ્રવચનમાં અધિકારીઓ ચૂટણીઓ લડાવવામાં, કોને જીતાડવા કોને હરાવવા એવી વાતનો એમણે જે ઉલ્લેખ કર્યો છે ત્યારે મારો કહેવાનો આશય એ છે કે એમની પાસે અધિકારીઓના સંદર્ભમાં આ પ્રમાણેની કોઇ માહિતી હોય તો એ સન્માનનીય સભાગૃહ સમક્ષ આપે નહિતર એ શબ્દો પાછા ખેંચી લે. કારણ કે અધિકારીઓ નિષ્ઠાપૂર્વક કામ કરતાં હોય ત્યારે એમણે આ શબ્દો પાછા ખેંચી લેવા જોઇએ.

અધ્યક્ષશ્રી : માનનીય બલવંતસિંહ, આપે અધિકારીઓ ઉપર આક્ષેપ કર્યા એની કોઇ વિગતો છે?

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : આજે પણ મારી પાસે છે. જે અધિકારીઓ ચૂંટણી વખતે હતા.

અધ્યક્ષશ્રી : જો હોય તો તમે રજૂ કરજો. જો તમારી પાસે અત્યારે કોઇ પુરાવો હોય તો આપો, નહિતર આ શબ્દો હું રેકર્ડમાંથી દૂર કરું છું. તમારુ પ્રવચન ચાલુ રાખો.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : આજે પણ મારા સિદ્ધપુર વિસ્તારની અંદર અનેક પ્રકારની ચોરીઓ થતી હોય છે. સૌથી વધારે બહાર જતી વોરા કોમ્યુનિટી છે, ત્યાં પોલીસ સ્ટેશને મોટા પ્રમાણમાં ફરિયાદો આવે છે. લોકો ફરિયાદ નોંધાવવા માટે જાય પણ ફરિયાદ લેવાય નહિ, ફરિયાદ જો દાખલ થાય તો એની તપાસ થતી નથી એવી સ્થિતિ કાયદો અને વ્યવસ્થાની થઇ છે ત્યારે મારે આ સરકારને કહેવું છે કે દિવસેને દિવસે રાજયની અંદર કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ બગડી રહી છે. અને રોજને રોજ મોટા મોટા અધિકારીઓ જેલમાં જઇ રહ્યાં છે.

શ્રી રજનીકાન્ત સો. પટેલ ( રા.કક્ષાના ગૃહમંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, આજે ગૃહ વિભાગની માગણીઓ લઇને આ સન્માનનીય સભાગૃહ સમક્ષ હું ઉપસ્થિત થયો છું.

ગુજરાત માટે એવું કહેવાય છે કે ગુજરાત એટલે વિકાસ અને વિકાસ એટલે ગુજરાત. ગુજરાતની જનતાએ વિકાસની રાજનીતિને સ્વીકારી છે અને દેશ અને દુનિયાએ એને વખાણી છે. ગત વિધાનસભાની ચૂંટણી પણ વિકાસના આધાર ઉપર લડી દેશ અને વિકાસની રાજનીતિની એક નવી દિશા આપવાનું કામ આ રાજયના સન્માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇએ કરી બતાવ્યું છે. અને ગુજરાતની પ્રજાએ સતત

---

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા છે.

ત્રીજીવાર માનનીય મુખ્યમંત્રીમાં પોતાનો ભરોસો અકબંધ રાખીને એ સાબિત કરી દીધું છે કે ગુજરાત ફકત ને ફકત વિકાસને માર્ગે જ આગળ વધવા માગે છે.

ગુજરાતના વિકાસમાં કોઇ પાયારૂપ બાબત હોત તો એ માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇની પ્રબળ રાજકીય ઇચ્છા શકિત જેના કારણે ગુજરાતમાં સ્થપાયેલ શાંતિ અને સલામતી, અને ગુજરાતમાં આ શાંતિ અને સલામતીને કારણે રાષ્ટ્ર કક્ષાએ જ નહિ આંતરરાષ્ટ્રીય કક્ષાએ પણ એ ખ્યાતિ પામ્યું છે. ૨૧મી સદીનો પ્રથમ દસકો ગુજરાત માટે વિકાસનો દસકો રહ્યો છે. ગુજરાતને આંતરરાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્ત થવાના કારણે દેશ અને દુનિયાના ઉદ્યોગપતિઓ, બુદ્ધિજીવીઓ ગુજરાતમાં રોકાણ કરવા માટે પ્રેરાયા, પરિણામે ગુજરાતનો ઔદ્યોગિક વિકાસ થયો. રોજગારીની અનેક તકો અહીં ઉપલબ્ધ થઇ. કૃષિ ક્ષેત્રે પણ જયારે દેશ હજી પોતાનો કૃષિ દર ૪ ટકા સુધી પહોંચાડી શક્યો નથી ત્યારે છેલ્લા આઠ વર્ષથી એકધારો ૧૦ ટકા કરતા વધારે કૃષિ વિકાસ દર આ રાજયે પ્રાપ્ત કર્યો છે. રાજયના તમામ યુવાનો શૈક્ષણિક ક્ષેત્રે પોતાની કારકિર્દી ઘડી રહ્યા છે. વેપાર ક્ષેત્રે પણ ચોક્કસ કહી શકાય કે તમામ બંદરોની તુલનામાં કંડલા સહિત રાજયના અન્ય બંદરોથી જે નિકાસ થાય છે તે ઉડીને આંખે વળગે એવી છે. આમ ઔદ્યોગિક વિકાસ, વાણિજ્યિક વિકાસ, શૈક્ષણિક વિકાસ, કૃષિ વિકાસ એ સ્પષ્ટ નિર્દેશ કરે છે કે ગુજરાતમાં શાંતિ અને સલામતીના કારણે આ બધી જ વ્યવસ્થા અહીં ઉભી થઇ છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે એક વાત ભારપૂર્વક કહેવી છે, સમગ્ર ગુજરાતમાં અત્યારે જે પ્રકારનું સુંદર વાતાવરણ નિર્માણ થયું છે, ભૂતકાળના ૪૦ વર્ષના શાસનમાં પણ આ સંભવ બની શક્યું હોત. પણ એ ન બન્યું તેના ચોક્કસ કારણો છે. આ રાજયના વિદ્યાર્થીઓ ભણવાના બદલે તેમને આંદોલનો કરવા પડે એવા પ્રકારની સ્થિતિ આ રાજયમાં આપ સૌએ ઉભી કરી હતી. આ રાજયમાં ખેડૂતો પોતાના પ્રશ્નો માટે, માગણીઓ માટે, પોતાના અધિકારો માટે આ રાજયની સામે માગણીઓ કરવી પડે અને તેમની માગણીઓ સંતોષવાને બદલે તેમને લાઠીઓ અને ગોળીઓ ખાવી પડે એવી સ્થિતિ આ રાજયમાં આપણે સૌએ જોઇ છે. જયારે આ બધી જ હવે ભૂતકાળની બાબતો બની છે ત્યારે વર્તમાન પરિસ્થિતિમાં આવા કોઇ જ પ્રકારના આંદોલનો આજે આપણને જોવા મળતા નથી. નકસલવાદ કે માઓવાદ ગુજરાતમાં માત્ર પુસ્તકના શબ્દો બની ગયા છે. પ્રાંતવાદ કે આતંકવાદને પણ અહીં કોઇ સ્થાન નથી. ૧૯૮૫માં જ્ઞાતિવાદના ભોરિંગને આપણે બધાએ જોયો છે. આજે સૌનો સાથ અને સૌનો વિકાસ અને સામાજીક સમરસતાના આધાર ઉપર આ ગુજરાત પ્રગતિ કરી રહ્યું છે, આપણે જોઇ રહ્યા છીએ અને તેના માટે માનનીય મુખ્યમંત્રીશ્રીએ સદ્ભાવનાની સુવાસ પ્રતિક ઉપવાસ કરીને સમગ્ર ગુજરાતમાં ફેલાવી છે. ભૂતકાળની એ પરિસ્થિતિ વખતે મારી પોલીસને ૧૫-૧૫ દિવસ સુધી વર્દી બદલવાની તક ન મળે એવા દિવસો આ ગુજરાતમાં આપ સૌના શાસન વખતે અમે જોયા છે. જયારે આજે છેલ્લા દસકામાં કોઇ મોટો બનાવ અહીં બન્યો નથી.

માનનીય અધ્યક્ષશ્રી, સલામત ગુજરાતમાં છ-છ વાયબ્રન્ટ સમિટ સુચારૂ રીતે પૂર્ણ કરી, આંતરરાષ્ટ્રીય પતંગોત્સવ હોય, કાંકરીયા કાર્નીવલ હોય, રણોત્સવ હોય, રથયાત્રા હોય, ગણેશ ઉત્સવ હોય, રમજાનઇદ, મહોરમ કે બકરીઇદ હોય એ તમામ ઉત્સવો ગુજરાતમાં ખૂબ શાંતિપૂર્વક અને ભાઇચારાના માહોલમાં આજે ઉજવાઇ રહ્યા છે. એટલું જ નહીં, તમામ આંતરરાષ્ટ્રીય ક્રિકેટમેચો પણ આજે શાંતિથી પૂર્ણ થાય છે. હવે તો મેચ પૂરી થાય અને પોલીસને દોડવું પડે એ ભૂતકાળ બની ગયો છે. એ જ પ્રમાણે સ્થાનિક ચૂંટણીઓ હોય, પછી લોકસભાની ચૂંટણી હોય, વિધાનસભાની હોય, તમામ ચૂંટણીઓ ખૂબ શાંત વાતાવરણમાં ગુજરાતમાં થઇ છે. ગૌરવ તો ત્યારે થાય છે કે જયારે ઇદેમિલાદ ઉત્સવને સદ્ભાવના ઉત્સવ તરીકે ઉજવાય છે અને આનાથી ઉત્તમ ગુજરાતમાં કોમી એખલાસનું અન્ય શું વાતાવરણ કે ઉદાહરણ હોઇ શકે? માટે કહું છું કે શાંતિ અને સલામતીના વાતાવરણની કોઇ મીકેનાઇઝ સિસ્ટમ કે પેરામીટર્સ હોતા નથી. શાંતિ એ અનુભૂતિનો વિષય છે. અહેસાસનો વિષય છે. એ ચર્ચાનો વિષય નથી અને ગુજરાત આજે એ અહેસાસ કરી રહ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, હમણાં જ મારા સાથી મિત્રો કેટલીક બાબતો ઉપર ચર્ચા કરી રહ્યા હતા. ખૂનના ગુનાઓના સંદર્ભમાં અહીં જે વાત થઇ. માનનીય અધ્યક્ષશ્રી, અહીંયાં ખૂનના ગુન્હાના મોટા

મોટા આંકડાઓ આપવામાં આવ્યા હતા. હું કહીશ કે, ૨૦૦૧ની સ્થિતિએ ૨૦૧૧માં ખૂનના ગુન્હામાં ૨૦.૮ ટકાનો ઘટાડો થયો છે એ બતાવે છે કે, ભૂતકાળમાં કેવા પ્રકારનું શાસન અહીંયાં હતું. હમણાં મહિલાઓની વાત કરવામાં આવતી હતી. મારે સામા પક્ષના મિત્રોને કહેવું છે કે, •(xxxxxx) કેન્દ્રની સત્તાધારી યુ.પી.એ. સરકારના અધ્યક્ષા એ પણ મહિલા હોય, એમના રાજ્યના મુખ્યમંત્રી પણ મહિલા હોય એ રાજ્યમાં એક નિર્દોષ દિકરી ઉપર ૪-૫ નરાધમો ખુલ્લેઆમ ગેંગરેપ કરે, શારીરિક અત્યાચાર કરે, જ્યારે આ પ્રકારની સ્થિતિ એમના રાજ્યમાં હોય ત્યારે દિકરીઓ પરના અત્યાચારની વાત કરવાનો તેમને કોઇ અધિકાર નથી.

માનનીય અધ્યક્ષશ્રી, ચોરીના સંદર્ભમાં એમણે વાત કરી અને એમાંય આશ્ચર્ય તો ત્યારે થાય જ્યારે સભ્યશ્રી પોતાની વાતમાં ચોરને દાદ આપે. મંત્રીશ્રીને ત્યાં ચોરી થાય એના માટે એ સભ્યશ્રી એમ કહે કે હું ચોરને દાદ આપું છું. આ રીતે ચોરને દાદ આપવાની વાત એમણે કરી. જ્યારે અહીંથી ચોરને દાદ અપાતી હોય અને કેન્દ્રમાં આતંકવાદીઓને જી કહીને સંબોધતા હોય ત્યારે મારે કહેવું છે કે, (અતંરાય)ભાઇ, અફઝલજી કહ્યું છે તમારા આગેવાનોએ. બેસોને.(અંતરાય)

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી કેન્દ્રની ટીકા કરે છે. આ ગૃહમાં કેન્દ્રની ટીકા ન કરી શકાય, સ્પીકરની વાત કરી,

અધ્યક્ષશ્રી : શ્રી બલવંતસિંહ, પાકિસ્તાન વિરુદ્ધ પાર્લામેન્ટમાં ઠરાવ પણ થઇ ગયો છે. એટલા માટે થઇને એ રહેવા દો. આપણે હાઉસમાં કેન્દ્રના કોઇ મિનિસ્ટર કે બીજાનું નામ લઇને ટીકા કરી શકતા નથી.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : સાહેબ, એમણે સ્પીકર સાહેબની વાત કરી છે.

અધ્યક્ષશ્રી : એ હશે તો હું કાઢી નાંખીશ. બેસો તમે.

શ્રી રજનીકાન્ત સો. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ચોરોને દાદ અપાતી હોય ત્યારે મારે કહેવું છે કે,

"ચોરોને જે દાદ આપે તેમને કહેવાનું શું?
આતંકવાદીઓને જી સંબોધે એમને કહેવાનું શું?
ગુજકોકને ધક્કે ચઢાવી, બદનામ કરતા વિશ્વમાં
સંરક્ષણમાં પૈસા ખાય એમને કહેવાનું શું?"

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતમાં કરફ્યુની વાત કરી. દસ વર્ષના દિકરા કે દિકરીને પૂછીએ કે કરફ્યુ શું છે? તો એને એ શબ્દની ખબર નથી. એ પ્રકારની શાંતિ ગુજરાતમાં પ્રવર્તે છે. રાઉટીંગના ગુન્હામાં પણ ગુજરાતમાં ખૂબ મોટો ઘટાડો ટકાવારીમાં જોવા મળે છે. એમણે ગૌવંશની વાત કરી. ગૌવંશ ઉપર થતા અત્યાચાર અને કતલ માટે જે કોઇ કડક પગલાં લેવા જોઇએ એ લેવા માટે રાજ્ય સરકાર કટિબદ્ધ છે અને એના પ્રતિબંધ માટેનો કડક અમલ ગુજરાત સરકારમાં થઇ રહ્યો છે. જ્યારે આ પ્રકારની ખૂબ શાંતિ અને સલામતી ગુજરાતમાં હોય ત્યારે મારા વિભાગ દ્વારા આ બધી બાબતોને વધુ સારી રીતે, કઇ રીતે સંગીન બનાવાય એના માટે વિવિધ જાતની યંત્ર સામગ્રી, મોબીલીટી વાહનોની ખરીદી માટે રૂ.૧૧૮/- કરોડની જોગવાઇ કરવામાં આવી છે. પોલીસને સારી તાલીમ આપી અને એને વધુ ગુણવત્તાયુકત બનાવવા માટે રૂ.૬૨/- કરોડની જોગવાઇ કરવામાં આવી છે. હથિયારો ખરીદવા, દારૂગોળો ખરીદવા, નવા વાહનો, એમાં પિસ્તોલ, બૂલેટ પ્રૂફ જેકેટ, બૂલેટ પ્રૂફ જેકેટ, બૂલેટ પ્રૂફ વાહનો ખરીદવા માટે રૂ.૧૩૬/- કરોડની જોગવાઇ કરવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, સમગ્ર વિશ્વમાં તમામ માધ્યમો એ ઇન્ટરનેટના માધ્યમથી કાર્યરત છે. ત્રાસવાદી સંગઠનો, સાઇબર ક્રાઇમ હેકીંગ દ્વારા ગુપ્ત માહિતી મેળવી શકે છે અથવા સાચી માહિતીને ખોટું સ્વરૂપ પણ આપી શકે છે આવા લોકોની સામે સલામતી સાથે પ્રત્યક્ષ રીતે જોખમ ઉભું થઇ શકે છે અને એના માટે આ બાબતો સામે સુરક્ષાના પગલા લેવાનું અનિવાર્ય છે. એના માટે સાઇબર એટેક અટકાવવા, સાઇબર ક્રાઇમ અટકાવવા એને નિવારવા માટે સાઇબર ક્રાઇમ અન્વયે તપાસની ગુણવત્તામાં સુધારો અને પરિણામલક્ષી કામગીરી માટે Cyber warfare, cyber youth, cyber

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા છે.

c r i me સંલગ્ન ગુપ્ત કામગીરી કરી અને સાઇબર સુરક્ષા કવચમાં કુલ આશરે ૩૦૦ જેટલા કર્મચારીઓ/ અધિકારીઓના મહેકમ સાથે ગુજરાત સરકારની આ અભૂતપૂર્વ પહેલ છે અને અન્ય કોઇપણ જગ્યાએ આવી યોજના અમલમાં નથી. આ યોજના માટે વર્ષ ૨૦૧૩-૧૪ના અંદાજપત્રમાં ઇન્ફરમેશન ટેકનોલોજી યુનિટ ઉભું કરી એને કાર્યરત કરવા માટે ૧૦ કરોડ અને આંતર માળખાકીય સુવિધા અને લાયસન્સ સોફટવેર માટે ૧૫ કરોડ એમ કુલ ૨૫ કરોડની નવી જોગવાઇ મારા વિભાગમાં કરવામાં આવી છે.

તમામ પોલીસ સ્ટેશનોમાં મહિલા સેલ માટે ૧૦૭૮ નવી જગ્યાઓ માટે ૨૨ કરોડ રૂપિયાની જોગવાઇ અહીંયા કરવામાં આવી છે. ૧૭ જેટલા નવા પોલીસ સ્ટેશન, ૭ જેટલા પોલીસ સ્ટેશનને અપગ્રેડ કરવા માટે, ૭ આઉટ પોસ્ટ અને ચોકી માટે ૨૦ કરોડ રૂપિયાની જોગવાઇ કરવામાં આવી છે. કોમ્યુનિકેશન ઇકવીપમેન્ટ ખરીદવા માટે ૧૩૦ લાખ રૂપિયાની જોગવાઇ કરી છે. સૂચિત નવા જિલ્લાઓની વિવિધ સંવર્ગની ૧૧૮ જગ્યાઓ ઉભી કરવા માટે ૮ કરોડ રૂપિયાની જોગવાઇ કરવામાં આવી છે. ૨ નવા સી.આઇ.ડી. ક્રાઇમ ઝોન માટે ૫૨ નવી જગ્યાઓ ઉભી કરવા સારુ ૩ કરોડ રૂપિયાની નવી જોગવાઇ કરવામાં આવી છે. કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિના સુપરવિઝન અને કંટ્રોલ વધુ મજબૂત બનાવવા માટે વિવિધ સંવર્ગની ૨૦ જેટલી વધારે જગ્યા ઉભી કરવા માટે ૨ કરોડ રૂપિયાની જોગવાઇ કરવામાં આવી છે. સાઇબર ક્રાઇમ સેલ, ઇકોનોમીક ઓફેન્સ સેલ અને મીસીંગ પર્સન સેલ માટે ૧૨ નવી જગ્યા ઉભી કરવા માટે ૮૫ લાખ રૂપિયાની જોગવાઇ કરવામાં આવી છે. મોટા શહેરોમાં ટ્રાફિક અને એના નિયમન માટે ૧હજાર નવી જગ્યા માટે ૨૦લાખ રૂપિયાની જોગવાઇ કરવામાં આવી છે. મકાન બાંધકામ માટે એ પછી બિન રહેણાક મકાનો હોય, કર્મચારીઓના રહેણાક માટેના મકાનો હોય, સૂચિત ૭ નવા જિલ્લાની પોલીસ અધિક્ષક કચેરીઓ માટેના મકાનો હોય, રાજયની અન્ય કોઇ આ કચેરી હોય એના માટે ૯૦ કરોડ રૂપિયાની જોગવાઇ કરવામાં આવી છે. Cr i me det ect i on r a t e ઉંચો લઇ જવા માટે ૯ કરોડ ૪૦ લાખ રૂપિયાની જોગવાઇ કરવામાં આવી છે.

આમ વિવિધ જોગવાઇઓના આધારે ગુજરાતમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ વધુ સંગીન બને, ગુજરાત અત્યારે જે ઉંચાઇ ઉપર જઇ રહ્યું છે એના કરતા વિકાસની વધારે ઉંચાઇઓ સર કરે એ પ્રકારની સ્થિતિ નિર્માણ કરવા માટે જયારે આપણે સૌ આગળ વધી રહ્યા હોઇએ ત્યારે ગુજરાતે હંમેશા ખૂબ સારી સિદ્ધિ અત્યારે ઉભી કરી છે. જયારે આ સભાગૃહના માધ્યમથી માનનીય સભ્યશ્રીઓ અને રાજયના નાગરિકોને મારે નમ્ર વિનંતી કરવી છે કે રાજયમાં શાંતિ, સલામતી કાયદો અને વ્યવસ્થા જાળવવાની જવાબદારી નિશ્ચિતપણે રાજય સરકારની હોય છે. ભૂતકાળમાં આ જ દ્રષ્ટિએ ચોકકસપણે રાજય સરકારોએ કામગીરી કરી હશે આદરણીય મુખ્યમંત્રી માનનીય નરેન્દ્રભાઇના નેતૃત્વમાં આ રાજય સરકારે સંકલ્પ સાથે કામગીરી કરી છે. ગુજરાતનો વિકાસ કર્યો છે. રાજકીય ઇચ્છાશકિત દર્શાવી સદ્ભાવના મિશન દ્વારા સારા વાતાવરણના નિર્માણ માટેનો મકકમ પ્રયાસ કર્યો છે અને આ પ્રયાસમાં રાજયના વહીવટીતંત્ર, મારા વિભાગના પોલીસ કર્મચારીઓ, કોન્સ્ટેબલથી માંડીને કમિશ્નર સુધીના તમામ કર્મચારીઓએ ખૂબ જ નિષ્ઠાપૂર્વક જવાબદારી નિભાવી અને યોગ્ય વાતાવરણ નિર્માણ કરવામાં એમણે સિંહફાળો આપ્યો છે. માનનીય અધ્યક્ષશ્રી, જ્યારે રાજ્યના માનનીય મુખ્યમંત્રીશ્રી રાજ્યના વિકાસ માટે આટલી બધી મહેનત કરતા હોય ત્યારે એમને મુશ્કેલ પરિસ્થિતિ ઊભી કરવા માટે અનેક પ્રકારના પ્રયત્નો અહીંયા થતાં હોય પણ મારે એ કહેવું છે કે, રાજ્યના સન્માનનીય મુખ્યમંત્રી જ્યારે આ પ્રકારની રાજ્યના વિકાસ માટેની ચિંતા કરતા હોય અને સતત ગુજરાત અગ્રેસર બને ત્યારે એના માટે પણ પૂરેપૂરો પ્રયત્ન કરતા હોય અને એમની સામે જ્યારે કોઇપણ પ્રકારના કારણ વિના અનેક પ્રકારના અપપ્રચારો થાય ત્યારે ગુજરાતની ૬ કરોડની પ્રજા અને હવે તો દેશની પ્રજા પણ જ્યારે માનનીય મુખ્યમંત્રશ્રીની સાથે હોય ત્યારે હું એમ કહીશ કે,

**ફાનુસ બન કર જીસ કી હિફાઝત હવા કરે,**
**વો સમા કયા બૂઝે જીસે રોશન ખૂદા કરે!**

માનનીય અધ્યક્ષશ્રી, ગમે એટલા પ્રયત્નો આ લોકો કરે પણ ક્યારેય એમની મુરાદ બર આવવાની નથી અને ગુજરાતનો વિકાસ એકધારો આગળ વધવાનો જ છે અને હજુ લાંબા સમય સુધી એમને સામે

બેસવાનું છે. જ્યારે ગુજરાતમાં આવી સુંદર સ્થિતિનું નિર્માણ હોય અને તમામ પ્રકારે સુખ-સમૃદ્ધિની જ્યારે છોળો ઊડતી હોય ત્યારે આ વાતને વધારે આગળ, વધારે વિકસિત કરવા માટે આપણે પૂરેપૂરા સાથે મળીને પ્રયત્ન કરીએ અને અંતમાં હું એટલું કહીશ કે કોઇનો દીકરો ખોવાય, કોઇ માં-બહેન દીકરીનું મંગળસૂત્ર ઝૂંટવાય, અકસ્માતમાં કે ખૂના-મરકીમાં કોઇનો કૂળદીપક બૂઝાય એ ખરેખર કમનસીબ ઘટના છે, આવી ઘટનાઓમાં એના પરિવાર માટે સંપૂર્ણ સંવેદનાઓ સાથે પૂર્ણ ન્યાય આપવા માટે સરકાર હંમેશા કટિબદ્ધ છે. આ બાબત સામાજિક ચેતાનાની પણ છે, તેમાં પ્રાણ પુરવાની જવાબદારી આપણાં સૌની સાથે સમાજની પણ એટલી જ છે.

રાજ્યના માનનીય મુખ્યમંત્રીશ્રીએ રાજ્યના સર્વાંગી વિકાસ માટે **''સૌનો સાથ, સૌનો વિકાસ''** નામનો મહામંત્ર આપણને સૌને આપેલો છે. એટલા માટે ફરીથી સમાજની ત્રૂટીઓ, સમાજની બદીઓને દૂર કરવા આપણે સૌ કટિબદ્ધ બનીએ. ગુજરાતની આ વિકાસ યાત્રાને શાંત યાત્રા, સલામત યાત્રામાં પરિવર્તિત કરીને ગુજરાત હજુ વધારે વિકાસની ઉંચાઇઓ સર કરે અને ગુજરાતની દિશા દેશ પકડે. એ દિશામાં જ્યારે આપણે આગળ વધતાં હોઇએ ત્યારે આ સન્માનનીય ગૃહના સૌ સાથીમિત્રો જે પોતાની કાપદરખાસ્ત લઇને આવ્યાં છે તેમને પોતાની કાપદરખાસ્ત પરત ખેંચવા અને મારા વિભાગની માગણીઓ ગ્રાહ્ય રાખવા માટે હું વિનંતી કરું છું. (શાસક પક્ષના સભ્યો દ્વારા પાટલીઓ થપથપવવાના અવાજો.)

અધ્યક્ષશ્રી : માનનીય રમણભાઇ, પાટલીઓ તો રિશેષ સુધી વાગશે. તમે ચાલુ રાખોને.

શ્રી રમણલાલ વોરા( રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ મંત્રીશ્રી):
માનનીય અધ્યક્ષશ્રી,

**ઈસ કર્મ ભૂમિ પર શ્રમ તો સબ કો કરના પડતા હૈ !**
**ભગવાન સિર્ફ લકિર ખિંચતા હૈ !**
**રંગ તો હમ કો ભરના પડતા હૈ !**

કવિશ્રી નરેન્દ્ર મોદીએ લખ્યું છે કે,-

**રંગ ભરવા માટે બાગ હોય ત્યાં રાગ હોય અને રંગ-રંગની લીલાં,**
**ચીલે ચીલે ચાલવું નહિ, મારા વિવિધ ચીલા.**

માનનીય અધ્યક્ષશ્રી, આવા ઓજસ્વી અને તેજસ્વી મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વમાં જ્યારે ભારતીય જનતા પાર્ટીની સરકાર બિરાજમાન છે ત્યારે એમના નેતૃત્વમાં આ વિભાગમાંથી તમામ અમારા સાથી અને વિપક્ષના તમામ મિત્રોએ મને સમર્થન આપ્યું છે. આ વિભાગ માટે એક પણ ટીકા નથી કરી, એ માટે સૌનો હું ઋણ સ્વીકાર કરું છું અને આભારની લાગણી વ્યક્ત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ નરેન્દ્રભાઇ મોદીના શાસનકાળ દરમ્યાન આ વિભાગની જવાબદારી જ્યારે મને સોંપવામાં આવી છે ત્યારે મિત્રો આ વિભાગની રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓમાં ગઇકાલ પણ છે, આવતીકાલ પણ છે અને આજ પણ છે. આ વિભાગ પાસે ઘનઘટા છે, આ વિભાગ પાસે પરિપક્વતા છે અને પીઢતા પણ છે. આવા વિભાગની અંદર ૧૧ જેટલા અમારા વડાઓ અને એની અકાદમીઓ કામ કરે છે. માનનીય અધ્યક્ષશ્રી, અભિલેખાગાર અને સંગ્રહાલય ખાતામાં આપણી ગઇકાલના ગુજરાતનું અમે જતન કરીએ છીએ સાથે સાથે યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલ આજની યુવા પેઢીને અમે સાચવણી કરીએ છીએ અને સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ગુજરાત દ્વારા આવતી કાલના યુવાનોનું અમે ઘડતર કરીએ છીએ. ગતિ, પ્રગતિ અને ઉર્ધ્વગતિ આ વિભાગનો પંથ છે અને એટલા માટે ૨૬ કરોડ રૂપિયાથી શરૂઆત થયેલી, આ બજેટમાં ૨૦૧૩-૧૪ના વર્ષમાં ૩૪૯.૪૬ કરોડથી તેરગણો વધારો આ વિભાગની અંદર આદરણીય મુખ્યમંત્રીશ્રીના નેતૃત્વમાં અમને મળ્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ગુજરાત દ્વારા ૪૫.૪૭ લાખની નવી યોજનાઓ અમે અમલમાં મૂકી છે આ સાથે ખેલ મહાકૂંભ તો અમે કરીએ જ છીએ, આ વખતે નવી બાબત વિશિષ્ટ શક્તિવાળા બાળકો જેને આપણે વિકલાંગ કરીએ છીએ. માનનીય અધ્યક્ષશ્રી, વિકલાંગોને દયાની જરૂર

નથી, વિકલાંગોને હૂંફની જરૂર છે. વિકલાંગોને પ્રોત્સાહનની જરૂર છે અને એટલા માટે આ સ્પેશ્યિલ ખેલ મહાકૂંભની શરૂઆત આ રાજ્ય સરકારે નવી બાબત મૂકીને ૧૦ કરોડ રૂપિયાની ફાળવણી કરી છે. આ વિદ્યાર્થીઓને અમે તાલીમ આપીશું, એ તાલીમ લઇને મેદાનમાં ઉતરશે અને મેદાનમાં જઇને એમના સ્વપ્નોને જઇને સાકાર કરશે. સ્વર્ણિમ ગુજરાત વર્ષ નિમિત્તે આદરણીય મુખ્યમંત્રીશ્રીએ સ્પોર્ટસ યુનિવર્સિટીની જાહેરાત કરી હતી. આજે આ સ્પોર્ટસ યુનિવર્સિટી કાર્યરત છે. આ વર્ષે આ યુનિવર્સિટીમાં ૧૦ કરોડ રૂપિયા કરતાં વધારે રકમની જોગવાઇ કરી છે. જિલ્લાઓમાં જે રમતવીરો છે, જે ખેલ પ્રતિભા સાથે શિક્ષણ અને ખેલ તાલીમ મેળવી રહ્યા છે એમના માટે પી.પી.પી. મોડ ઉપર જિલ્લા સ્પોર્ટસ સંકુલની રચના કરવાનું અમે નક્કી કર્યું છે અને એના માટે ૧૫ કરોડ રૂપિયાની જોગવાઇ કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ભાવનગર જિલ્લાના રમતગમત સંકુલ ખાતે સિન્થેટિક ટ્રેક બનાવવા માટે ૨.૧૦ લાખની જોગવાઇ કરી છે. ગુજરાતના યુવાનો તરણ અને બાસ્કેટ બોલની રમતોમાં જયારે નામના મેળવી રહ્યા છે ત્યારે જામનગર ખાતે એક સ્વીમીંગ પુલ અને બાસ્કેટ બોલ કોર્ટનું નિર્માણ માનનીય અધ્યક્ષશ્રી, ૯૦ લાખ રૂપિયાના ખર્ચે કરવાની અમારી જોગવાઇ છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગામડાઓની અંદર અને શહેરની અંદર આ બંનેનો સમન્વય કરીને રર્બનની યોજના રાજ્ય સરકારે અમલમાં મૂકી છે અને આ રાજ્ય સરકાર ઇચ્છે છે કે, એવા ગામડાઓની અંદર પણ સ્પોર્ટસ સંકુલો થાય, રમતગમતના સંકુલો થાય અને એના માટે પાયલોટ પ્રોજેકટ તરીકે ૪ કરોડ રૂપિયાની ફાળવણી કરી છે. નડિયાદ ખાતે સ્પોર્ટસ યુનિવર્સિટીના નિર્માણ માટે ૨ કરોડ, ૪૨ લાખ રૂપિયા, દેવગઢબારીયા ખાતે સ્વ.શ્રી જયદિપસિંહજી રમતગમત સંકુલ માટે ૧ કરોડ, ૪૫ લાખ રૂપિયા મૂક્યા છે. એ સાથે સાથે ગુજરાતના નવયુવાન મિત્રો ગુજરાતમાં રમીને જયારે રાષ્ટ્રીય કક્ષાએ જાય ત્યારે પ્રથમ, દ્વિતિય અને તૃતિય ક્રમે આવનાર વિદ્યાર્થીઓને પ્રોત્સાહન ઇનામો આપવા માટેની જોગવાઇ પણ કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, આદરણીય શ્રી નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વમાં રમતના ક્ષેત્રના કોઇપણ ખેલાડીએ સરકાર પાસે ના આવવું પડે અને એના માટેની તમામ સુવિધા આ રાજય સરકારે કરી છે.

**"એક પથ્થરમાંથી બનતા શિલ્પને આદર મળે,**
**એક પથ્થરમાંથી બનતા શિલ્પને આનંદ મળે,**
**જો મઠારો જિંદગી, તો કંઇક નક્કર મળે".**

માનનીય અદ્ક્ષશ્રી, આવતી કાલના યુવાનોની આ જિંદગીને મઠારવા માટે, એક ગુલાબી પરિણામ આગામી દિવસોમાં આ ગુજરાત સરકાર જુએ એના માટેનો મારો વિભાગ કૃતનિશ્ચયી છે. માનવ માત્રનો સર્વાંગી વિકાસ થાય અને એના માટે રર્બન યોજના અંતર્ગત બહુહેતૂક સાંસ્કૃતિક કેન્દ્રો સ્થાપવાના અને આ સાંસ્કૃતિક કેન્દ્રો માટે ૧૦ કરોડની જોગવાઇ અમે કરી છે. તમામ મનુષ્યત્વનો વિકાસ દુગ્ધપાનથી જો થાય તો સમાજમાં સળગતા અનેક પ્રશ્નોનું નિરાકરણ થાય.આ શ્રદ્ધાના સથવારે જિલ્લાની સાંસ્કૃતિક પ્રવૃત્તિના વિકાસ માટે અમે અનેકવિધ આયોજનો વિચાર્યા છે. રમત ગમત અને ખેલનું મેદાન એ સ્પોર્ટસમેન સ્પિરીટ શિખવાડવાવાળું છે. ખેલ જગતનો ખેલાડી જો રમત ગમતના મેદાન ઉપર હશે તો કયારેય એ યુવા મિત્રને આપઘાત કરવાનો વારો નહીં આવે. આ ધરતીની ધુળને લલાટે લગાડીને ધરતી સાથે રમનાર પ્રત્યેક ખેલાડી જીતતો હોય છે અને આ જીતવા માટે રમતગમતના મેદાનમાં ઉતરેલા ખેલાડીને કોઇ ઈજા થાય અને એના માટે ઈજા પામેલા ખેલાડીઓની પણ સંપૂર્ણ કાળજી લેવાની નવી બાબત આ રાજય સરકારે મૂકી છે. એની સાથેસાથે આ ખેલાડીઓને વીમાનું સુરક્ષા કવચ મળે જેથી આગામી દિવસોમાં એમના કુટુંબીજનોને કોઇ તકલીફ ન પડે એના માટેની યોજના આ રાજય સરકારે કરી છે.

અભિલેખાગાર ખાતું અમારું રજવાડાના બ્રિટીશ શાસનકાળ દરમિયાન જુના મુંબઇ રાજયના અભિલેખો, દસ્તાવેજો એનો સંગ્રહ કરવો. આવતીકાલની પ્રગતિની અમને ચિંતા છે પણ એની સાથેસાથે ઉજળી ગઇકાલ કશેય વિખરાઇ ન જાય એના માટે પણ અમારો આ વિભાગ તૈયાર છે અને એટલા માટે જામનગર ખાતે અભિલેખાગાર માટે એક કરોડ રૂપિયાની જોગવાઇ અમે કરી છે. નરેન્દ્રભાઇ મોદીની મૌલિક વિચારધારાના કારણે આજે માત્ર સમગ્ર ભારત નહીં, સમગ્ર વિશ્વ પ્રભાવિત થયું છે અને જયારે આ વિશ્વ

પ્રભાવિત થયું છે ત્યારે અમારા મનીષાબહેને વાંચે ગુજરાતની વાત કરી છે ત્યારે માનનીય નરેન્દ્રભાઇ મોદીના શાસનમાં બેટી બચાવો આંદોલનની શરૂઆત થાય, મમતા દિવસ માટે કુપોષણની વાત થાય, આંગણવાડીના બાળકોની ચિંતા થાય, ચિરંજીવી યોજના અમલમાં મુકાય, શાળા પ્રવેશોત્સવનો કાર્યક્રમ થાય, વાંચે ગુજરાત માટે શિક્ષણની ચિંતા થાય, આ બધુ મત માટે નથી, આ બધુ માણસો માટે છે અને આ માણસો માટે છે એટલા માટે ગુજરાતના મુખ્યમંત્રીથી દેશ અને વિશ્વ પ્રભાવિત થયા છે અને આ લોકોને વાંચવા માટેની પૂરી સુવિધા મળે એના માટેના અમે અનેકવિધ આયામો કર્યા છે. આણંદના સહકારી પુસ્તકાલય માટે સિત્તેર લાખ, મહેસાણા જિલ્લાના સહકારી પુસ્તકાલય માટે ૮૦લાખ, વડોદરાના મધ્યસ્થ પુસ્તકાલય માટે ૭,૭૫,૦૦,૦૦૦/–, રાજકોટ જિલ્લાના પુસ્તકાલયના રિનોવેશન માટે ૩૧ લાખ, આ ઉપરાંત ઉમરપાડા સરકારી પુસ્તકાલયની રચના માટે રૂ. ૪૦લાખ, કુલ મળીને ૨૮.૭૫૦૦૦ની નવી યોજના આ મારા વાંચે ગુજરાત કાર્યક્રમ અંતર્ગત કહ્યું છે. વાંચે ગુજરાતની વાત કરીએ તો,

'' કિતાબેં કુછ કહેના ચાહતી હૈ, વો હમારે દિલમેં રહેના ચાહતી હૈ
જ્ઞાન દેકર વો હમેં આગે બઢાના ચાહતી હૈ, આદમી સે ઇન્સાન,
ઔર ઇન્સાન સે ફરિશ્તે બનના સીખાતી હૈ''

આવા આ વાંચે ગુજરાત કાર્યક્રમ અંતર્ગત અમારી સંગીત અને નાટક અકાદમી દ્વારા રંગમંચના જે કલાકારો છે, ગુજરાતમાં જેમનું મોટું નામ છે એવા ચં.ચી. મહેતા, શ્રીમતી કુમુદિનીબેન લાખીયા, શ્રીમતી સ્મિતાબેન શાસ્ત્રી અને સમગ્ર વિશ્વમાં જેમના કારણે આપણને ઓળખ મળી છે એવા સ્વર્ગિય પંડિત ઓમકારનાથજી ઠાકોર અને સ્વર્ગસ્થ પંડિત નંદન મહેતા. આજે સમગ્ર હિન્દુસ્તાનના લોકો સતત બાર દિવસ સુધી ગુજરાતની ધરતી પર સપ્તક સંસ્થા દ્વારા ગુજરાતમાં પધારે છે અને આ દિગ્ગજ કલાકારોના કારણે ગુજરાતનું આંગણુ જયારે પાવન થાય છે ત્યારે આ મહાનુભાવોની યાદમાં ગુજરાત રાજય સંગીત, નાટક અકાદમી દ્વારા શરદોત્સવ પંડિત નંદન મહેતા શાસ્ત્રીય સંગીત સ્પર્ધાનું આયોજન કરવામાં આવે છે અને એના માટે પણ ફાળવણી કરવામાં આવી છે.

લલીત કલા અકાદમી અમારા વિભાગનો એક ભાગ છે. અમદાવાદ ખાતે પંડિત રવિશંકર રાવળ ભવન કાર્યરત છે. ગુજરાતના કલાકારો આવીને બેસે, ચર્ચા કરે, કલાનું એક કાયમી વાતાવરણ ઉભું થાય એના માટે રવિશંકર કલા ભવન માટે નવી આઇટમ અમે દસ લાખની એમાં મુકી છે. સ્વામી વિવેકાનંદજીની ૧૫૦મી જન્મ જયંતિ નિમિત્તે આ રાજ્ય સરકારે અનેક કાર્યક્રમો કર્યા, એમાં વિશેષ કરીને ૧૬,૩૭૩ જેવાં યુવા કેન્દ્રો બનાવ્યાં. આ કેન્દ્રો તંદુરસ્ત અને સ્વચ્છ સમાજની રચના થાય એનાં માટે આ રાજ્ય સરકારે કર્યાં છે અને એટલા માટે એવું કહેવાય છે કે જગતમાં જ્યારે પણ કોઇ ક્રાંતિ થઇ છે, ત્યારે ક્રાંતિ કોઇ વ્યક્તિના મગજમાં થાય છે અને પછી એ સમાજમાં કાર્યન્વિત થાય છે. આવા ઇતિહાસના રચનાત્મક અભિગમ અને વિકાસની દ્રષ્ટિએ જ્યારે નરેન્દ્રભાઇ મોદીનો કાયમી જ્યારે અમને સથવારો મળ્યો છે, ત્યારે માત્ર માત્ર એટલું કહેવું છે કે–

**''કુરૂપતા ક્યાંય જોઇ નથી, સૌંદર્યના સોગંદ**
**કુરૂપતા ક્યાંય જોઇ નથી, સૌંદર્યના સોગંદ**
**બધુ સુંદર નિરખવા, નયન લઇને આવ્યો છું.''**

એટલા માટે તમે મારી માગણી સર્વાનુમતે મંજૂર કરો તેવી વિનંતી સાથે મારી વાત પૂરી કરું છું.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે ગુજરાત રાજ્યમાં પોલીસની કોન્સ્ટેબલથી માંડીને પી.એસ.આઇ. સુધીની કેટલી જગ્યાઓ છે? એમાં હાલ ખાલી કેટલી છે અને ભરેલી કેટલી છે?

શ્રી રજનીકાન્ત સો. પટેલ : હું સભ્યશ્રીને માહિતી આપીશ.

અધ્યક્ષશ્રી : ટેબલ ઉપર મૂકશે. કેટલી જગ્યા ખાલી છે એ.

શ્રી ધીરુભાઇ ચુ. ભીલ : માનનીય અધ્યક્ષશ્રી, રમત ગમત મંત્રીશ્રીને મારે પૂછવું છે કે ૨૪ ગોલ્ડ

મેડલ રાષ્ટ્રીય કક્ષાના તિરંદાજીબાજ એ ખેલાડીઓએ મેળવેલ છે, તો એના માટે મેદાનની કોઇ જોગવાઇ માટે મંત્રીશ્રી બોલ્યા નથી તો આ વ્યવસ્થા નસવાડીમાં કરવામાં આવશે કે કેમ?

શ્રી રમણલાલ ઈ. વોરા : માનનીય અધ્યક્ષશ્રી, નસવાડી ખાતે તિરંદાજી માટે અલગથી સંકુલ ઊભું કરવામાં આવશે. તિરંદાજો માટેની જે કઇ સુવિધા જોઇશે તે તમામ સુવિધા આગામી દિવસોમાં રાજ્ય સરકાર પૂરી કરશે.

શ્રી સી. કે. રાઉલજી : માનનીય અધ્યક્ષશ્રી, આ પોલીસ વિભાગમાં કોન્સ્ટેબલોને ૨૫૦૦ રૂપિયા અને પી.એસ.આઇ.ને ૪૫૦૦ રૂપિયા ઉચ્ચક પગાર મળે છે તો ઉચ્ચક પગારના બદલે રેગ્યુલર ભરતી કરવા માગો છો કે કેમ?

શ્રી રજનીકાન્ત સો. પટેલ : એમનું સૂચન છે.

શ્રી પુનમભાઇ મા. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતની અંદર રાજસ્થાન અને મહારાષ્ટ્ર કરતા સસ્તો ઇન્ગ્લિશ દારૂ મળે છે. કેટલાક અવ્યવહારુ બુટલેગરોનો માલ પકડાય પણ છે. પણ કઇ સરહદેથી કોની મરજીથી આ દારૂ આવે છે. કોર્ટ રિમાન્ડ પણ આપે છે. હજુ સુધી એક પણ એવો કેસ મળ્યો નથી કે મૂળ સુધી પોલીસ પહોંચી શકી તો એ બાબતે મંત્રીશ્રી ચિંતિત છે કે કેમ?

શ્રી રજનીકાન્ત સો. પટેલ : રાજયની સરકાર એના માટે હંમેશા કડક છે અને એવી કોઇ માહિતી આપશે તો અમે કડકાઇથી પગલાં લઇશું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧ થી ૫, ૭, ૯, ૧૦, ૧૨ થી ૧૫, ૧૭ થી ૨૪, ૨૬ થી ૨૮ અને ૩૦ થી ૪૦ મત માટે મૂકવામાં આવી અને નામંજૂર કરવામાં આવી.**

**માગણી ક્રમાંકઃ ૪૨, ૪૩, ૪૪ અને ૯૮ મત માટે મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.**

અધ્યક્ષશ્રી : વિરામનો સમય થયો છે. સભાગૃહ વિરામના સમય બાદ ૩–૧૫ વાગ્યે મળશે.

**( વિરામ ૨–૩૦ થી ૩–૧૫ )**

**અધ્યક્ષશ્રી, અધ્યક્ષસ્થાને**

## બિન સરકારી વિધેયકો

## દાખલ કરવા માટેના બિનસરકારી વિધેયકો

## ગુજરાત અવાજ પ્રદૂષણ(અટકાવવા)બાબત વિધેયક ૨૦૧૩

## સન ૨૦૧૩નું ગુજરાત અવાજ પ્રદૂષણ (અટકાવવા) બાબત વિધેયક

**શ્રી પિયુષભાઇ દિ. દેસાઇ(નવસારી) :** માનનીય અધ્યક્ષશ્રી હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૩નું ગુજરાત અવાજ પ્રદૂષણ (અટકાવવા) બાબત વિધેયકને દાખલ કરવાની સભાગૃહ મને અનુમતિ આપે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

અધ્યક્ષશ્રી : સભ્યશ્રીને વિધેયક દાખલ કરવાની સભાગૃહની અનુમતિ મળે છે.

**શ્રી પિયુષભાઇ દિ. દેસાઇ :** માનનીય અધ્યક્ષશ્રી, હું સન ૨૦૧૩નું ગુજરાત અવાજ પ્રદૂષણ (અટકાવવા) બાબત વિધેયક દાખલ કરું છું

અધ્યક્ષશ્રી : વિધેયક દાખલ કરવામાં આવે છે. નેકસ્ટ.

## સન ૨૦૧૩નું વિધેયક ક્રમાંકઃ ૪

## ગુજરાત ધોરી માર્ગ અકસ્માત નિવારણ વિધેયક,૨૦૧૩

**ધોરી માર્ગો ઉપર થતા અકસ્માતોના નિવારણ માટે અને તેની સાથે સંકળાયેલી બાબતોની જોગવાઇઓ કરતું વિધેયક.**

શ્રી જગરૂપસિંહ ગી. રાજપૂત(બાપુનગર) : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે *રાજયપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલા સન ૨૦૧૩નું ગુજરાત ધોરીમાર્ગ અકસ્માત નિવારણ વિધેયકનું પહેલું વાંચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

**શ્રી જગરૂપસિંહ ગી. રાજપૂત :** માનનીય અધ્યક્ષશ્રી, આજરોજ આ ગૃહમાં ૨૦૧૩ ગુજરાત ધોરીમાર્ગ અકસ્માત નિવારણ વિધેયક જે માનવતાવાદી અને લોક કલ્યાણકારી વિધેયક છે તે સભાગૃહમાં લઇને આવ્યો છું. આ માનવ જીવન અમૂલ્ય છે અને જીવનનું સત્ય એ મૃત્યુ છે. પરંતુ જયારે કોઇ વ્યક્તિ આકસ્મિક રીતે બીજા કોઇની બેદરકારી કારણે અકસ્માતનો ભોગ બને અને તે અકસ્માતમાં ઇજા પામે કે જાન ગુમાવે ત્યારે આપણને આંચકો લાગતો હોય છે. આપણે રોજ સમાચાર પત્રોમાં, ટીવીમાં, રસ્તામાં આવતા જતા અકસ્માતો જોતા હોઇએ છીએ અને ઘણી વખત સાંભળતા પણ હોઇએ છીએ. જયારે આ અકસ્માતની અંદર પરિવારનો કોઇ મોભી કે ઘરનો કમાનાર સભ્ય કે ઘરનો જવાબદાર માણસ મૃત્યુ પામે છે ત્યારે આપણને ખૂબ જ દુઃખ થાય છે. જાહેર માર્ગ ઉપર કેટલાક રાહદારીઓ લોકોના બેફામ ડ્રાઇવિંગને કારણે મૃત્યુ પામતા હોય છે, જાન ગુમાવતા હોય છે. આપણે સાંભળીએ છીએ તેના કારણે ઘણા લોકોની લાગણીઓ પણ દુભાતી હોય છે. આ અકસ્માતના ભોગ બને તેના પરિવારની સહાયતા માટે ઘણા બધા કાયદાઓ છે. બેદરકારીથી જે વાહનો ચલાવે છે તેના માટે જુદા જુદા કાયદાઓ છે. જેમ કે મોટર વ્હીકલ એકટમાં ઘણીબધી જોગવાઇઓ છે. તે જોગવાઇઓથી વ્યક્તિ સામે અને વાહન સામે પગલાં લેવામાં આવે છે. જયારે ઇન્ડીયન પીનલ કોડમાં જે જોગવાઇઓ છે તેમાં ૨૭૯, ૩૩૭, ૩૩૮, ૩૦૪(એ) તે બધી કલમોમાં વ્યકિત સામે, જે ડ્રાઇવિંગ કરે છે તેની સામે ગુના નોંધવામાં આવે છે. આ જે ગુના છે તે બધા જામીન લાયક ગુના છે. આ કેન્દ્રીય કાયદો છે. તેમાં જે સજાની જોગવાઇ છે તે વધારેમાં વધારે બે વર્ષ સુધીની છે. કેન્દ્રીય કાયદાઓ હોવાથી આપણી વિધાનસભા કે ગુજરાત સરકાર કે કોઇ રાજયની સરકાર તેમાં સુધારા વધારા કરી શકતી નથી. જો કેન્દ્ર સરકાર આ કલમો બિનજામીન લાયક બનાવે અને સજાની જોગવાઇ વધારે તો હું માનું છું કે આ જે અકસ્માતો થાય છે તેમાં ઘણીબધી બ્રેક વાગશે.

છેલ્લા ત્રણ-ચાર વર્ષમાં આપણે જોઇએ કે ગુજરાતની અંદર રાજય સરકારે જે રીતે એક માર્ગી રસ્તાઓ બે માર્ગી કર્યા, બે માર્ગી રસ્તાઓ ચાર માર્ગી કર્યા. ચાર માર્ગી રસ્તાઓ છ માર્ગી કર્યા. સાહેબ, ગુજરાતની અંદર એક્સપ્રેસ હાઇવે સ્ટેટ ગવર્મેન્ટનો બનાવવામાં આવ્યો. આપણો જે નેશનલ હાઇવે છે, નેશનલ હાઇવે, સ્ટેટ હાઇવે અને જે બીજા રસ્તાઓ છે, એમાં આપણે જોઇએ તો આપણા રસ્તાઓ ઘણા સારા છે, જેના કારણે લોકો એમની જે માર્ગ છે કે જે ડિવાઇડર મૂક્યા છે કે જે ડિમાર્કેશન કરવામાં આવ્યું છે કે પહેલી લાઇન, બીજી લાઇન કે ત્રીજી લાઇનમાં ચાલે પણ મોટા ભાગના હેવી વાહનો છે એ ફાસ્ટ ટ્રેક ઉપર ચાલતા હોય છે અને એના કારણે અકસ્માતોનું પ્રમાણ વધે છે. ગુજરાતમાં ૧૬૦૦ કિલોમીટરનો દરિયા કિનારો છે અને ૪૧ નાના મોટાં બંદરગાંહ આવેલાં છે, એને સરકાર જે રીતે ડેવલપ કરી રહી છે, અને આપણું ગુજરાત બીજાં આઠ રાજયો સાથે રોડ માર્ગથી જોડાયેલું છે. એ આઠે રાજયો સાથે જે વાહનવ્યવહાર છે. સાહેબ, હું આપને કહું કે, ૨૦૧૧-૧૨માં ૧૧ લાખ ૨૦ હજાર વાહનો નોંધાયાં હતાં, અને ૨૦૧૨માં ૧૪ લાખ ૨૪ હજાર વાહનો નોંધાયા હતા. આમ, ૨૭ ટકા વાહનોની વૃદ્ધિ થઇ છે. આપણે રોડ રસ્તાઓ પહોળા કર્યાં અને વધારે સુંદર બનાવ્યા છે છતાં પણ આ અકસ્માતોનું પ્રમાણ ઘટતું નથી એટલે જયારે આ અકસ્માતોનું પ્રમાણ જે થાય છે, એ પ્રમાણ આપણે જોઇએ છીએ ઘણી વખત કે, લાંબા રૂટ ઉપર એક જ ડ્રાઇવર સતત વાહન ચલાવતો હોય, એ એની ક્ષમતા કરતાં વધારે ડ્રાઇવિંગ કરતો હોય, સાથે સાથે ઘણી વખત ડ્રાઇવર કલીનરને વાહન આપી દે, ટ્રાફિકના નિયમોની અવગણના કરવામાં આવે. (સમયસૂચક ઘંટડી) ઘણી વખત પાર્કિંગ લાઇટ, બ્રેકલાઇટ બંધ હોય કે વધુ ઝડપથી ખામીવાળા વાહનો ચલાવે ત્યારે અકસ્માતો સર્જાતા હોય છે અને એના કારણે અકસ્માતોના નિવારણ માટે માર્ગ સલામતી સપ્તાહ ટ્રાફિક

* વિધેયક તા.૨૧મી ફેબ્રુઆરી ૨૦૧૩ના રોજ ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

પોલીસ મનાવતી હોય છે પરંતુ ટ્રાફિક પોલીસને રસ્તામાં અકસ્માત ઝોન, ડિવાઇડરો, સાઇડ સીગ્નલ એ બધું કરેલ છે છતાં ગુજરાતમાં આખા હિન્દુસ્તાનમાં જોઇએ તો, ગુજરાતમાં અકસ્માતોનું પ્રમાણ થોડુંક ઓછું થયું છે પરંતુ રસ્તાઓમાં ઘણી વખત નીલગાય, બકરી, ઘેટાં, ગાય, ગધેડાં વગેરે પશુઓ વચ્ચે આવી જતાં હોય છે અને એના કારણે પણ અકસ્માતો થતા હોય છે તેવા સંજોગોમાં ટ્રાફિક પોલીસ ઘણા બધા પ્રયત્નો કરે છે પણ જે રીતે રસ્તાઓ છે, તમામ જગ્યાએ ટ્રાફિક પોલીસ પહોંચી શકતી નથી એટલા માટે હું આ અકસ્માત નિવારણ બિલ લઇને આ સન્માનનીય સભાગૃહ સમક્ષ આવ્યો છું.

જયારે એવું પ્રસ્થાપિત થઇ ગયું છે કે, દેશનું ગ્રોથ એન્જિન ગુજરાત બન્યું છે. દેશ અને વિદેશમાં ગુજરાતના વિકાસની ચર્ચા થાય છે અને ભવિષ્યમાં જે રીતે વિકાસ થવાનો છે, ગ્લોબલ સમિટની અંદર ઘણા બધા રાજયો મૂડી રોકાણ આપણા ગુજરાતમાં કરી રહ્યા છે અને નવા નવા ઉદ્યોગો સ્થાપતા પણ ગયા છીએ અને જે રીતે રોડ રસ્તા પહોળા થઇ રહ્યા છે ત્યારે હું માનું છું કે એની અગમચેતીના પગલારૂપે, આપણે આ અગમચેતીના પગલારૂપે પહેલાંથી જ હું માનું છું કે, આ વિધેયકમાં જે સત્તામંડળ બનાવવાની વાત કરી છે, એ સત્તામંડળ બનાવીને અકસ્માત નિવારણની એક સારી વ્યવસ્થા આપણે પહેલાંથી જ ઉભી કરીએ એ ખૂબ જ જરૂરી છે સાથે સાથે માર્ગ અને મકાન વિભાગ, વાહન વ્યવહાર તેમજ ગૃહ વિભાગ આ ત્રણ ખાતાઓ સાથે બેસીને એ કરવામાં આવે, આમ, આ વિધેયક હું આ સન્માનનીય ગૃહમાં રજૂ કરું છું અને એમાં સર્વ સભ્યશ્રીઓનું સમર્થન માગું છું.

શ્રી જવાહરભાઇ પે. ચાવડા(માણાવદર) : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત ધોરી માર્ગ અકસ્માત નિવારણ વિધેયકમાં હું મારા વિચારો રજૂ કરવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતમાં છેલ્લા ૫૦ વર્ષમાં જેટલા માણસો, કોઇ રોગચાળામાં નથી ગુજરી ગયા, કોઇ ટેરરીસ્ટ એકટીવીટીમાં જેટલા નથી ગુજરી ગયા, અથવા કોઇ કોમી હુલ્લડમાં જેટલા ટોટલ માણસો ગુજરી ગયા છે એનાથી પણ ઘણો મોટો આંકડો આપણા કુટુંબીજનોને આપણે રોડ ઉપરના અકસ્માતોથી ગુમાવ્યા છે. જેમાંથી હું પણ એક છું. રોડ ઉપર જે અકસ્માતો થાય છે.

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી, ગુમાવ્યા છે એમાંથી તમે એક છો કે અકસ્માતમાંથી?

શ્રી જવાહરભાઇ પે. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, અકસ્માતમાંથી, અકસ્માતમાં મેં મારા ભાઇને પણ ગુમાવ્યા છે. માનનીય અધ્યક્ષશ્રી, રોજના ઓછામાં ઓછા દસ માણસો રોડ ઉપર આપણા ગુજરાતમાં ગુજરી જાય છે અને આનાથી પણ મોટો આંકડો બને છે અને છેલ્લા ૫૦ વર્ષનો હિસાબ કરવા બેસીએ તો આંકડો સવા બે લાખથી પણ વધારે થાય છે આના માટે સ્પેશ્યલી કંઇક કરવું જરૂરી છે. દરેક કુટુંબ એવું હશે કે જેણે કયાંયને કયાંય રોડ ઉપર કાંઇક ગુમાવ્યું છે. આના માટેના ઘણાં કાયદાઓ આપણે બનાવ્યા છે. એની અમલવારી પણ ક્યાંક થતી હશે, આર.ટી.ઓ.ઓફીસ દ્વારા થતી હોય કે ટ્રાફિક પોલીસ કે હાઇવે પોલીસ દ્વારા થતી હશે પણ આ જેટલા અધિકારીઓને ત્યાં બેસાડ્યા છે તેઓ એની મૂળભૂત ફરજો ભૂલી ગયા છે, તેઓ કાયદાની અમલવારી કરવાના બદલે ક્યાંક રોકડીમાં પડી જવાના કારણે આ કાયદાનો અમલ ક્યાંય થતો નથી. જેને કારણે સ્પેશ્યલી કોઇ કાયદા બનાવવા પડે એવી સ્થિતિ આપણી આવી છે. અકસ્માત શું કામ થાય છે, શા માટે થાય છે, કોના કારણે થાય છે, કેવી રીતે થઇ શકે છે? એના કારણો અલગ અલગ જોવા બેસીએ તો ૩૪ જેટલા કારણો મેં શોધ્યા છે. આ ૩૪ માં ઘણાં અલગ અલગ કારણો છે જો આપણે રોકવા હોય તો આપણે ક્યાંક રોડમાં સુધારા કરવા પડે, રોડની કન્ડીશનમાં સુધારા કરવા પડે તેમ છે, ક્યાંક કાયદામાં સુધારા કરવા પડે એમ છે તો ક્યાંક શિક્ષણમાં સુધારા કરવા પડે તેમ છે. કાયદામાં સુધારા જે આપણે લઇને આજે આવ્યા છીએ એના અમલની વાત કરવા જઇએ તો અમલવારીની પદ્ધતિ આપણે એવી ગોઠવવી પડે કે ગાડી ચલાવવાવાળો માણસ છે એની પાસે જ્ઞાન હોવું જરૂરી છે કે એની પોતાની ફરજો એક ડ્રાઇવર તરીકેની શું છે? એણે રોડ ઉપર કેમ ગાડી ચલાવવી જોઇએ એની સમજ શકિત આપણે આર.ટી.ઓ.દ્વારા લાયસન્સ આપતી વખતે જો આપી શકતા હોય તો જ આ કાયદાનો વાજબી અમલ થઇ શકે તેમ છે. એવું જ આપણે બીજું શિક્ષણ સ્કૂલોમાં આપવું પડે તેમ છે, એક નાગરિક તરીકે એની પોતાની

ફરજો શું છે, રોડ સેન્સ શું છે? જો આવી સમજ આપણે આપી શકીએ સ્કૂલ લેવલે તો પણ અકસ્માત ક્યાંક આપણે ઘટાડી શકીએ તેમ છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, આવું એક શિક્ષણ આપણે ઘરે પણ આપવું જરૂરી છે. એક મનુષ્ય તરીકેની આપણી ફરજો શું છે, એક મનુષ્ય તરીકે આપણે શું કરવું જોઇએ? પહેલા તું અને પછી મારો વારો આવે. જે રામાયણમાં આપણને સમજ આપી છે. તું, હું નહીં. આ જો રોડ ઉપર આપણે કરી શકતા હોઇએ તો અકસ્માત જે થાય છે એમાં ઘણો મોટો ઘટાડો થઇ શકે તેમ છે. હવે જે મેં વાત કરી કાયદાની અમલવારીની એમાં જે અધિકારીઓ છે તે લોકો કાયદાના અમલમાં ધ્યાન રાખે તો ૫૦ ટકા અકસ્માત ઓછા થઇ શકે તેમ છે. આમાં એક લાઇટની હું વાત કરું તો અકસ્માત જે થાય છે ત્યારે આ અકસ્માતમાં ૫૦ ટકા કારણ ફકત લાઇટ છે. વધારે પ્રકાશને કારણે અથવા તો ઓછા પ્રકાશને કારણે સામેવાળાને આપણે આંજી દઇએ છીએ અથવા આપણને ઓછું દેખાય છે અથવા આપણી ગાડીની પાછળની લાઇટ જે છે એ ન ચાલતી હોય તો પાછળના માણસને ન દેખાય એવી પરિસ્થિતિ ગાડીવાળો ઉભી કરી દે છે અને આના કારણે બને છે એવું કે ભૂલ કોઇની છે અને સજા બીજાને મળી જાય છે. જેને કારણે આપણે કાયદામાં કંઇક કડક જોગવાઇ કરવી પડે એમ છે કે, પાછળની લાઇટની કિંમત આગળની લાઇટ કરતા વધારે છે એની સમજ હોવી જરૂરી છે.

આ અકસ્માત જે થાય છે એમાં રોડ ઉપરથી ચાલતા જનારા માણસો જે છે એના અકસ્માતમાં મૃત્યુ થાય એવા બનાવો બહુ બનતા હોય છે. હમણાં હમણાં આપણે ભરૂચમાં બન્યું હતું જૈન સમાજના મહારાજ સાહેબ અને સાધ્વીજીઓ ચાલે છે એમના હિટ એન્ડ રનના કિસ્સા ઘણાં બનતા હોય છે. એમાં સાહેબ, સમજાતું નથી કે જ્યારે સફેદ કપડું પહેર્યું હોય તે રોડ ઉપર કેમ નથી દેખાતું? ૧૯૯૫માં, ૧૯૯૮માં, ૨૦૦૨માં, ૨૦૦૭માં ૨૦૧૨માં આ પાંચ છેલ્લી ચૂંટણીઓ થઇ ત્યારે ક્યાંક આપણે જૈન સમાજને વચન આપ્યું હતું કે, તમારા માટે અમે પગદંડી બનાવીશું. તમામ ધાર્મિક સ્થાનો જે છે એને પગદંડીથી જોડવા માટેની વ્યવસ્થા કરીશું. હું માનું છું કે પાંચ વખતથી મત લીધા પછી આ વાત એક પણ જગ્યાએ યાદ નથી કરવામાં આવતી એનું મને ઘણું દુઃખ છે. બાકીના સમાજ જે છે એ પણ રોડ ઉપર માનતાઓ માટે ચાલતા જાય છે એમાં પછી અંબાજી જતા હોય, શ્રીનાથજી જતા હોય, ડાકોર જતા હોય, વિરપુર જતા હોય કે સોમનાથ-દ્વારકા દર્શન કરવા જતા હોય કે પછી માતાજીના મઢે માનતા પૂરી કરવા માટે કે બીજા અલગ અલગ સ્થળે માનતા પૂરી કરવા માટે લોકો જતા હોય છે ત્યારે લોકો ચાલતા જતા હોય એને માટે ચાલવાની એક અલગ વ્યવસ્થા ગોઠવી શકીએ તો આવા અકસ્માતો નિવારી શકીએ એમ છીએ. રસ્તો એનો એ છે કે, ફક્ત ચલાવવાની સાઇડ બદલાવવી પડે તેમ છે, આપણે જેમ લેફ્ટ સાઇડમાં ગાડી ચલાવીએ છીએ એમ માણસો જે લેફ્ટ સાઇડમાં ચાલે છે તેને કારણે આ પાછળના હીટ એન્ડ રન કેસીસ મેક્સીમમ થાય છે. ફક્ત તંત્ર આપણે ગોઠવી શકીએ કે ચાલનારો માણસ જે છે એ લેફ્ટને બદલે રાઇટ સાઇડમાં ચાલે તો હીટ એન્ડ રન કેસ ઝીરો પર પહોંચી જઇશું. આ તમામ સ્લો મૂવીંગ વ્હીકલ્સ જે છે સાયકલ છે, ગાડું છે, એના માટે એક નિયમ જ આપણે કરી દેવો પડશે કે તે એક્ઝેક્ટ ઉંધી સાઇડમાં ચાલે તો હીટ એન્ડ રન કેસીસ ઝીરો પર જઇ શકીશું. લાઇટની વ્યવસ્થા આ કાયદામાં પણ જો કરી શકીએ, અત્યારે ચાલુ કાયદામાં તો પણ હું માનું છું કે આ જે મૃત્યુનો આંકડો આપણો જે આવે છે દર વર્ષે તે ઘણો જ ઘટાડી શકીએ તેમ છીએ. હું માનું છું કે આપણા ગુજરાતના બીજા કોઇ પ્રશ્ન કરતાં આપણા રોડના એક્સટેન્શનની ચર્ચા એક યા બીજી રીતે કરીને ગોઠવવું પણ જરૂરી છે. કારણકે આ પ્રશ્ન એવડો મોટો થઇ ગયો છે કે અત્યારે આ દરેક ઘરને નડે છે. આ દિનપ્રતિદિન વધતો જાય છે.

**શ્રી જનકભાઇ મ. કાછડીયા(કરંજ) :** આદરણીય અધ્યક્ષશ્રી, આ ગૃહના મારા સાથી સભ્ય માનનીય શ્રી જગરૂપસિંહ રાજપૂત ગુજરાત ધોરીમાર્ગ અકસ્માત નિવારણ વિધેયક, ૨૦૧૩ લાવ્યા છે તેને અનુમોદન આપવા માટે અને મારા વિચારો રજૂ કરવા માટે ઉભો થયો છું.

સાથી મિત્ર જે બિલ લાવ્યા છે તે એક ઉમદા આશયવાળું બિલ છે, એમાં આ ગૃહના કોઇ સભ્યનો વિવાદ કે વિખવાદ હોઇ શકે નહિ. આ બિલનું જે હાર્દ છે એની અમલવારી માટે અનેક પ્રકારના પ્રયત્નો આદરણીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇના નેતૃત્વવાળી ભારતીય જનતા પાર્ટીની આ સરકાર દ્વારા પહેલેથી

અવારનવાર કરવામાં આવ્યા છે. આ બિલનો વિષય ત્રણ વિભાગને સ્પર્શે છે. એ માર્ગ અને મકાન વિભાગ હોય, ગૃહ વિભાગ હોય કે આરોગ્ય વિભાગ હોય એ તમામ વિભાગે આ બાબતે જુદા જુદા પ્રકારે એની અનેક વખત ચિંતા કરી છે. હાઇવે ઉપર ટ્રાફિક હેડ પોસ્ટ ઉભા કર્યા છે. જ્યાં પણ અકસ્માતોનું પ્રમાણ વધારે હોય, એ તમામ રસ્તા ચાર માર્ગીય કરવામાં આવ્યાં છે. વચ્ચે ડિવાઇડર નાંખવામાં આવ્યા છે. જુદા જુદા પ્રકારના સિગ્નલ્સ લગાડ્યા છે. રોડ સાઇડે પાકા સોલ્ડર બનાવવાનું કામ માર્ગ અને મકાન વિભાગ દ્વારા કરવામાં આવ્યું છે. જે વાહન ચાલકો ટ્રાફિકના નિયમો તોડે છે તેઓ પાસેથી દંડ પણ વસૂલ લેવામાં આવે છે અને એ રકમ અકસ્માતો ન થાય તે દિશામાં વાપરવામાં આવે છે. આરોગ્ય કેન્દ્રો, દવાખાનાઓ અને પ્રાઇવેટ હોસ્પિટલોને ડીઝીટાઇઝ કરી મેપ ઉપર લઇ અને એની જાણકારી ૧૦૮ એમ્બ્યુલન્સને આપવામાં આવે છે જેથી કરીને નજીકમાં નજીક જે સારવાર ઉપલબ્ધ થઇ શકે તેમ હોય, એને એ સારવાર ઉપલબ્ધ કરાવવામાં આવે છે.

આજરોજ ગૃહ વિભાગના માનનીય રાજ્ય કક્ષાના મંત્રીશ્રી રજનીકાંત પટેલ સાહેબે બજેટમાં ગૃહ વિભાગ માટે જે માગણીઓ મૂકી છે તેમાં ગુજરાત માર્ગ સલામતી નિધિ માટે રૂપિયા ૨૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે જે બદલ તેઓશ્રીને હું ખૂબ ખૂબ અભિનંદન આપું છું. માનનીય આરોગ્ય મંત્રીશ્રીએ અગાઉની એક પ્રશ્નોત્તરીના જવાબમાં કહ્યું હતું કે, વર્ષ ૨૦૦૭ થી ૧૦૮ ઇમરજન્સી સેવા શરૂ કરવામાં આવી છે. તેમાં કુલ ૫૨૫ જેટલી ૧૦૮ એમ્બ્યુલન્સ પૈકી ૨૦૦ જેટલી ૧૦૮ એમ્બ્યુલન્સ સેવા રાજ્યના ધોરીમાર્ગો ઉપર ઓલરેડી કાર્યરત છે. કુલ ૨૦ પૈકી ૧૩ ટ્રોમા સેન્ટર વિવિધ મહાનગરો અને નગરો જે સીધી રીતે રાજ્યના ધોરીમાર્ગો અને રાષ્ટ્રના ધોરીમાર્ગો સાથે જોડાયેલા છે ત્યાં કાર્યરત કરવામાં આવ્યાં છે. આ ટ્રોમા સેન્ટરો તમામ પ્રકારના આધુનિક ઉપકરણોથી સુસજ્જ છે. જેમાં અકસ્માતનો ભોગ બનેલ વ્યક્તિને ઇમરજન્સી વિશ્વ સ્તરની સારવાર મળે છે. રાજય સરકારે આદરણીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીની પ્રેરણાથી આઇ.સી.યુ. ઓન વ્હીલ સેવા શરૂ કરી છે. આ સેવા ૨૦ જિલ્લા મથકો ખાતે ૨૪ જગ્યાએ કાર્યરત કરવામાં આવી છે. અકસ્માતનો ભોગ બનનાર વ્યક્તિને બ્લડ લોસ ના થાય અને ટ્રોમા સેન્ટર પર જલ્દીથી પહોંચે ત્યાંસુધી આ આઇ.સી.યુ. ઓન વ્હીલ્સ માં વેન્ટીલેટર સાથેની સારવાર આપવામાં આવે છે.

અકસ્માત નિવારણ વિધેયકમાં મારો સુર પુરાવું છું કારણ કે આ અકસ્માતનો એક અનુભવ મને મારા જીવનમાં થયો છે. પાંચ સાત વર્ષ પહેલાં જ્યારે મારા પિતાશ્રી એટલે કે ગુરૂ આશ્રમ, બગદાણાના મેનેજીંગ ટ્રસ્ટી શ્રી મનજી બાપાનો માર્ગ અકસ્માત થયો ત્યારે એ કોમામાં સરી પડ્યા હતા અને ઇમરજન્સીમાં એ સમયે મારા આદરણીય વડીલ શ્રી અશોકભાઇ ભટ્ટ આરોગ્ય મંત્રી હતા મેં એમને અરજન્ટ ફોન કર્યો અને મેં કહ્યું કે મારે મદદની જરૂર છે ત્યારે આદરણીય અશોકભાઇ ભટ્ટ સાહેબે.જે ફોલો અપ કર્યુ હતુ અને સરકારી દવાખાના હોય કે જે કંઇ વિભાગ દ્વારા મને સહાય આપવામાં આવી હતી એ બદલ અશોકભાઇ ભટ્ટ સાહેબ અને માનનીય મુખ્યમંત્રીશ્રીનો પણ હું ખૂબ ખૂબ આભારી છું. મારા પિતાશ્રીને તાત્કાલિક સારવાર મળી જવાથી તેઓ બચી ગયા હતા.

માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકાર દ્વારા ચાલતી ૧૦૮ એમ્બ્યુલન્સ સેવા મારા વિરોધ પક્ષના સાથી મિત્રએ કહ્યુ હતું કે તે સાયકલની ગતિથી ચાલે છે. મને યાદ છે ભૂતકાળની સરકારોમાં જયારે એમ્બ્યુલન્સ સેવાઓ ચાલતી હતી આ ગૃહમાં ઉપસ્થિત તમામ સભ્યોને અને તેના પરિવારોને તેનો અનુભવ હશે કે જયારે ઇમરજન્સીમાં એમ્બ્યુલન્સની જરૂર પડે, ત્યારે ભૂતકાળમાં શું થતું હતું? એમ્બ્યુલન્સ ઉભી હોય તો ડ્રાયવર ના હોય, ડ્રાયવર હોય તો એમ્બયુલન્સ બગડેલી હોય અને એમ્બયુલન્સ અને ડ્રાયવર હાજર હોય તો એમ્બ્યુલન્સમાં ડિઝલ ના હોય આવી સ્થિતિ ભૂતકાળમાં હતી. મારા વિરોધપક્ષના સાથી સભ્ય શૈલેષભાઇ પરમારે આજે ગૃહ વિભાગની ચિંતા કરી અને તેઓ જોરજોરથી પોતાની રજૂઆત કરતા હતા ...

અધ્યક્ષશ્રી : આ બિલ ઉપર જ આવો, જવાહરભાઇ બોલ્યા હોય તો કહો.

શ્રી જનકભાઇ મ. કાછડીયા : મારે એમને આ વિષય ઉપર એક વાત કરવી છે કે, વિરામના સમયમાં હું એક વિરોધ પક્ષના સાથી મિત્ર સાથે ચર્ચા કરતો હતો કે ગૃહના મારા વિરોધ પક્ષના મિત્ર રજૂઆત કરતા હતા તો કેન્દ્ર સરકારમાં, મેં તેને એમ કહ્યું ભાઇ તમારે તો ! મોસાળનું જમણવાર અને માં પીરસનાર છે! તો

તમારે કેન્દ્ર સરકારને રજૂઆત કરવી કે હાઇવેના જે કાંઇ નર્મદાના, માનો અમારે સુરતથી ગાંધીનગર આવીએ છીએ તો નર્મદાનો પુલ હજુ સુધી અટવાયેલો છે. અમારા સુરતના રેલ્વે ફ્લાય ઓવર, રોજ અકસ્માત થાય છે, ડેઇલી અકસ્માત થાય છે. રેલ્વે ફ્લાય ઓવર તૈયાર થઇ ગયા છે પણ ખાલી ઉપરની મંજૂરી નથી મળતી. તો મેં તેમને કહ્યું કે ! મોસાળમાં જમણવાર અને માં પિરસનાર ! તો મારા મિત્રની મારે પીઠ થપથપાવવી પડી અને તેણે જવાબ આપ્યો કે ભાઇ, અમારે માં પિરસનાર છે પણ ગુજરાતની નવલકથાનું તેણે હેડિંગ આપ્યું કે, •(xxxxxx)

માનનીય અધ્યક્ષશ્રી, એટલે તેમને હું રજૂઆત કરું કે ગુજરાત રાજયમાં જે અકસ્માતો થઇ રહ્યાં છે તેમાં કેન્દ્રની સરકાર દ્વારા જે મંજૂરી નથી મળતી..

અધ્યક્ષશ્રી : આ શબ્દો હું રેકર્ડ ઉપરથી દૂર કરું છું.

શ્રી જનકભાઇ મ. કાછડીયા : તે લોકો સહકાર આપે અને જે કંઇ ફ્લાય ઓવર રેલ્વેના મંજૂર કરવાના બાકી છે તો તેઓ જે રીતે ગૃહમાં જોરથી રજૂઆત કરતા હતા એટલી જોરથી રજૂઆત કેન્દ્ર સરકારમાં કરી અને રેલ્વેના પુલો મંજૂર કરાવે તો અકસ્માતોનું પ્રમાણ ઘણું ખરુ ઘટી શકે તેમ છે. જે રીતે ગુજરાત રાજયમાં માનનીય નરેન્દ્રભાઇ મોદી છેવાડાના માનવીની ચિંતા કરે છે ત્યારે મેં રચેલી બે પંકિત અહીંયા તેમના માટે રજૂ કરું છું કારણ કે, જે અકસ્માત થઇ રહ્યાં છે તેની ચિંતા કરીને ડાયરેકટ જે પોતે ફોલોઅપ કરે છે તેના માટે મારા દિલમાંથી જે વાકયો નીકળે છે,

**''ચર્ચા એની ચૌટે અને ચૌરે છે,**
**આ મરદ મોદી વિકાસના વટવૃક્ષ ઉછેરે છે ''**

માનનીય અધ્યક્ષશ્રી, અકસ્માત થાય અને કોઇના પરિવારના સભ્યનું મૃત્યુ થાય તે ખૂબ ગંભીર બાબત છે પણ જયારે રાજય સરકાર જે ચિંતાઓ કરી રહી છે તેના માટે મને રાજય સરકાર માટે પણ ખૂબ માન થાય છે, ખૂબ ગર્વ થાય છે. અમારા સુરતની વાત કરું તો મને યાદ છે લગભગ ૭–૮ વર્ષ પહેલાં આદરણીય મુખ્યમંત્રી નરેન્દ્રભાઇ મોદી સુરત આવ્યા ત્યારે તેમણે એક વિષય મૂકયો હતો કે તમારા સુરતમાં ટ્રાફિકના આટલા પ્રશ્નો છે તો તમે ટ્રાફિક બ્રિગેડ કે એવી કોઇ સંસ્થા બનાવો કે જેથી ટ્રાફિકના પ્રશ્નો હલ થાય. આદરણીય મુખ્યમંત્રીશ્રીની પ્રેરણાથી અમારા સુરતમાં પબ્લિક પ્રાયવેટ પાર્ટનરશીપ હેઠળ એટલે પી.પી.પી. હેઠળ સુરત ટ્રાફિક એજયુકેશન ટ્રસ્ટની સ્થાપના કરવામાં આવી છે. આ ટ્રસ્ટ લોકોને ટ્રાફિકના નિયમોથી માહિતગાર કરે છે.

**શ્રી છબીલભાઇ ના. પટેલ(અબડાસા) :** માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત ધોરી માર્ગ અને અકસ્માત નિવારણ વિધેયક જયારે આવ્યું છે ત્યારે તેમાં હું મારા વિચાર વ્યકત કરવા ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, જયારે ગુજરાતની અંદર અમારા સભ્યશ્રીઓએ જે આ ચર્ચામાં ભાગ લીધો અને કહ્યું કે, ગુજરાતમાં ખરેખર એટલા બધા એકસીડન્ટ થઇ રહ્યા છે. તે વખતે તેને નિવારવા માટે ઘણાં બધા ઉપાયો છે એ અપનાવવા જોઇએ. પહેલું જ કારણ કે ઘણી વખત રોડ, રોડ કેવા હોય છે ? રોડ આમ જોઇને કહીએ કે માખણ જેવા હોવા જોઇએ. આપણાં અહીંયાના રોડ મિનિસ્ટરના ગાલ જેવા હોવા જોઇએ, આ તો અમારા પંકજભાઇના વાળ જેવા રોડ છે. એટલે માનનીય અધ્યક્ષશ્રી, મારે એમ કહેવું છે કે એક વિદેશી મહેમાન જયારે ગુજરાતમાં આવ્યા, એરપોર્ટ ઉપર ઉતર્યા, પોતે વિદેશી હતા, એટલે ભગવાનમાં માનતા નહોતા, એટલે પૂછયું તો કહે કે હું ભગવાનમાં માનતો નથી. તેઓ આખા ગુજરાતમાં ફરવા માટે આવ્યા હતા, ફરતા ફરતા જયારે પાછા જવા માટે એરપોર્ટ પર પહોંચ્યા ત્યારે કોઇકે પૂછયું તો કહે ના, હું તો ભગવાનમાં પૂરેપૂરો માનું છું, તો પૂછયું કે કેમ તમે તો ના કહેતા હતા કે ભગવાનમાં માનતો નથી, તો કહે કે હું બધે ફરીને આજે જીવતો આવ્યો છું અને હું જે ચાલ્યો છું તે ભગવાનને ભરોસે જ ચાલ્યો છું. એટલે હવે ભગવાનમાં માનવા માંડયો છું. આજે સીગ્નલોની પરિસ્થિતિ જે છે, બસોની સંખ્યા ઘટી છે, અને એક એક જીપમાં વીસ વીસ પચ્ચીસ પચ્ચીસ માણસોને ભરવામાં આવે છે. બસો ઓછી હોવાને કારણે પ્રાઇવેટ વાહનોમાં બધા

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા છે.

બેસે છે. હું ગઇકાલનો જ કિસ્સો કહું તો પ્રાઇવેટ લકઝરી બસને નખત્રાણામાં દારૂ પીવાને કારણે આખી બસ સળગાવી અને ૪ કલાક સુધી ગામના લોકોએ ટ્રાફિક જામ કરી દીધો હતો, બે વ્યકિતઓના મૃત્યુ થયા હતા, એટલે આપણે જે ખર્ચ કરીએ છીએ પણ મને બતાવો કે આપણે એક પણ જગ્યાએ દારૂ પીવાના કેસમાં જે મોઢામાં નાખવાના યંત્રો છે જેનાથી દારૂ પીધો છે કે નહીં તે પકડી શકાય, તેમને પકડયા હોય તેની એક પણ પાવતી છે ખરી? સ્પીડ માટેના સાધનો હોય તો સ્પીડ માટેની એવી એક પણ પાવતી છે ખરી? સ્પીડ માટેના સાધનો હોય, પોલીસ હાઇવે પર બેઠી હોય આખો દિવસ, તો એમને સ્પીડને કારણે પકડયા હોય તેવી એક પણ પાવતી છે ખરી? પોલીસ ઝાડ પાછળ ઉભી રહે છે કે કોઇ નીકળે અને ગુનો કરે તો મારો મેળ પડે, એટલે સ્પીડ માપક સાધન છે એમાં પણ પાવતી ફાટેલી હોય તો બતાવો કે આ સ્પીડને કારણે આ સાધન પસાર થયું અને એમાં આ પાવતી ફાડી છે.

હું કચ્છથી આવું છું, પણ જયારે અમે ગાડી લઇને આવતા હોઇએ તો ટ્રાફિક જામ થઇ ગયો હોય અને અમે પૂછીએ કે શેના માટે આ ટ્રાફિક જામ થઇ ગયો છે તો આગળ જઇએ ત્યારે ખબર પડે કે પોલીસ ત્યાં હપતા ઉઘરાવતી ઉભી હોય છે. અને તેને કારણે ટ્રાફિક જામ કરે છે. કમસે કમ તેમણે ગાડીઓ તો આગળ જવા દેવી જોઇએ ને. કચ્છમાં બહુ સારા ડેવલપમેન્ટ પોર્ટ આવેલા છે, તો પોર્ટને કારણે જયારે ફેકટરીઓ આટલી બધી આવી ગઇ છે અને એ ફેકટરીઓવાળા ઓવરલોડ કરાવે છે. કારણ કે તેનાથી એમને ખર્ચ ઓછો થાય, એવા વખતે આર.ટી.ઓ. અને પોલીસ બધાની મીલી ભગતને કારણે ઓવર લોડ કરાવે છે અને ટન દીઠ ૧૫૦ રૂપિયાનો ખર્ચ ઓછો થાય છે. અને એટલા માટે સાથે મળીને ઓવરલોડ કરાવવાને કારણે આપણા રોડ પણ તૂટી જાય છે. માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી આનંદીબહેન બેઠા છે એટલે એમનું પણ હું ઘ્યાન દોરું છું કે આ ઓવર લોડને કારણે રોડ તૂટી જાય છે અને એ રોડ તૂટવાનું કારણ ઓવરલોડ હોય છે અને આપણે ખોટો ખર્ચ કરવો પડે છે. માનનીય અઘ્યક્ષશ્રી મારે જણાવવું છે કે જયારે રન્નાદે રેશન કાર્ડ કઢાવવા આવ્યા, રન્નાદે એટલે યમરાજાના માતાજી, એ રેશનકાર્ડ કઢાવવા આવ્યા ત્યારે એમને પૂછયું કે તમારું એડ્રેસ લખાવો તો કહે કે હું યમરાજાની માં છું, તો કહે કે યમરાજાનું એડ્રેસ લખાવો, તો કહે કે એમનું એડ્રેસ પૂછવાનું હોય, નેશનલ હાઇવે નંબર ૮, એ યમરાજા ત્યાં જ રહે છે અને ત્યાં જ હાજર રહે છે.

શ્રી રજનીકાન્ત સો. પટેલ ( ગૃહ મંત્રીશ્રી) : માનનીય અઘ્યક્ષશ્રી, આ ગૃહના સન્માનનીય સભ્ય શ્રી જગરૂપસિંહ રાજપૂત ગુજરાત ધોરી માર્ગ અકસ્માત નિવારણ વિધેયક લઇને આવ્યા છે અને તેના ઉપર આ ગૃહના માનનીય સભ્યશ્રી જવાહરભાઇ ચાવડા, જનકભાઇ અને છબીલભાઇએ પોતાના વિચારો વ્યકત કર્યા છે ત્યારે હું કહીશ કે અકસ્માતના કારણે કોઇની જિંદગી ટૂંકાય તો સ્વાભાવિક છે કે બધાને દુઃખ થાય. એટલા માટે ઉમદા આશયવાળું આ બિલ માનનીય સભ્યશ્રી લાવ્યા છે.એટલે આ બિલ ઉપર કોઇ વિવાદ કે વિખવાદ હોઇ જ ન શકે. પરંતુ એમણે એક બે વાતો કરી છે. આ બિલ અન્ય વિભાગો સાથે પણ સંબંધિત છે. એમાં માર્ગ અને મકાન વિભાગ પણ આવે, આરોગ્ય વિભાગ, ગૃહ વિભાગ હોય અને થોડે ઘણે અંશે વાહન વ્યવહાર વિભાગ પણ આ બિલ સાથે સબંધ ધરાવે છે. જે અકસ્માતો થઇ રહ્યા છે અને એમાં ખાસ કરીને માનનીય સભ્યશ્રી છબીલદાસભાઇએ વાત કરી કે રોડ એ પ્રકારના છે કે વાહનો ચાલી જ ન શકે. વાસ્તવિકતાથી એ પોતે પણ જાણે છે કે કચ્છથી અહીંયા આવવા માટે પહેલા કેટલો સમય જતો હતો અને અત્યારે કેટલી સરળતાથી અને સારી રીતે પહોંચી શકાય છે. આખા રાજયના રસ્તાઓ જયારે ખૂબ સુંદર થયા હોય ત્યારે વાતની સ્વીકૃતિ કરવાને બદલે ફકતને ફકત ગૃહમાં આવા પ્રકારની માહિતી આપવી એ કેટલે અંશે વાજબી છે એ અંગે બધા સભ્યશ્રીઓ વિચારે.

સાથે સાથે ગુજરાત એક સમૃદ્ધ રાજય તરીકે ઉપસી આવ્યું છે. હમણાં વાત થઇ એ પ્રકારે ગુજરાતમાં સુખ અને સમૃદ્ધિ વધી છે ત્યારે સહજ રીતે વાહનોમાં વૃદ્ધિ ખૂબ મોટા પ્રમાણમાં થઇ છે. રસ્તાઓનો પણ વિકાસ થયો છે અને વાહનોમાં પણ વૃદ્ધિ થઇ છે અને એ બધાને કારણે કયાંકને કયાંક અકસ્માતો થતાં હોય તો એના કારણે આ ગૃહમાં આપણે ચિંતા કરીએ એ સ્વાભાવિક છે. આ બધા વિષયોને સાથે લઇને એમાં રાજય સરકાર પણ ખૂબ ચિંતિત છે. અકસ્માતો ઓછા થાય એના માટે જે કંઇ પગલાં લેવા પડે એ રાજય સરકાર હંમેશા લઇ રહી છે. પોલીસ વિભાગ હોય કે આરોગ્ય વિભાગ

હોય એના માટે ટ્રાફિક નિયમોથી માંડીને કયાંક નાના મોટા અકસ્માતો થઇ જાય તો એ સમયસર દવાખાને પહોંચે એના માટેની સંપૂર્ણ ચિંતા રાજય સરકાર કરી રહી છે. ૧૦૮ની યોજનાથી આપણે બધા પરિચિત છીએ કે આ ૧૦૮ ની યોજનાને કારણે કોઇ એક જગ્યાએ નાની મોટી ઘટના કે અકસ્માત બને તો એને સમયસર દવાખાને પહોંચાડવાની વ્યવસ્થા આજે ઉપલબ્ધ થઇ છે. હું એમ કહીશ કે ભૂતકાળમાં જે તે વખતે ડોકટરો એવા પ્રકારની વાતો કરતાં હતાં કે તમે થોડાક વહેલા આવ્યા હોત તો આ માણસનો જીવ બચી જાત એવું કહેતા આપણે સૌએ સાંભળ્યા છે. આજે એ ડોકટરો એવું કહેતા થયા છે કે તમે સમયસર પહોંચી ગયા એટલે આ માણસનો જીવ બચી ગયો. આ નરી વાસ્તાવિકતા છે. ગોલ્ડન અવરમાં કોઇ માણસને સારી ટ્રીટમેન્ટ મળે અને એનો જીવ બચી જાય તેવું આજે અનેક જગ્યાએ જોવા મળે છે.

માનનીય સભ્ય શ્રી છબીલભાઇ યમરાજાની વાત કરતાં હતાં. તેમને પણ ખબર છે કે ગુજરાતમાંથી યમરાજાને જયારે આંકડો ઓછો લાગ્યો ત્યારે એમણે પૂછાવડાવ્યું કે ગુજરાતમાં એવું તે શું છે કે આપણો ટાર્ગેટ પૂરો થતો નથી. અહીંથી કહીએ કે ૨૦૦૦ લઇ આવો અને પરાણે ૫૦૦ સુધી પહોંચે છે ત્યારે એમણે એમ કહ્યું કે ગુજરાતમાં યમરાજાનો પાડો પહોંચે એના પહેલા મોદી સાહેબની ૧૦૮ પહોંચી જાય છે એના કારણે આપણો આ ટાર્ગેટ પૂરો થતો નથી. આ વાસ્તવિકતા પણ આપણે બધાએ સમજવી પડશે.

એ જ પ્રકારે વાહન વ્યવહાર વિભાગે પણ આમાં ખૂબ સતર્કતાથી કામ લેવાનું શરું કર્યું છે. ખોટા લોકોને લાયસન્સ અપાઇ ન જાય એના માટે કોમ્પ્ટયુરાઇઝ સિસ્ટમથી બધાજ નિયમોની જાણકાર હોય એ પ્રકારે એને લાયસન્સ મળે એવી વ્યવસ્થા આ રાજયમાં બિલકુલ આધુનિક ટેકનોલોજીના આધારે શરું થઇ ગઇ છે. અને ગાંધીનગરમાંથી તેની શરૂઆત થઇ છે. આવનારા સમયમાં આ વાત જયારે આખા રાજયમાં પહોંચશે ત્યારે જે નિયમોથી જાણકાર છે, જેમને યોગ્ય રીતે વાહન ચલાવતા આવડે છે એવા લોકોને જ લાયસન્સ ઇસ્યુ થશે. ત્યારે આ પ્રશ્નોમાં પણ ચોક્કસ સુધારો આવવાનો છે. ટ્રોમા સેન્ટરને કારણે, ૧૦૮ની સેવાથી દર્દીઓને હોસ્પિટલાઇઝ કરવા પડે, તેમને તાત્કાલિક પૂરતી સુવિધા મળે તેના કારણે આ બધા લોકોનો જીવ બચાવી શકયા છીએ. અનેક નિયમો પણ છે તેની અમલવારી થાય, ગતિનિયંત્રણ માટે કસૂરદાર વાહનચાલકો પાસેથી દંડ વસૂલ કરવામાં આવે છે. ટ્રાફિકની જાગૃતિ માટે ટ્રાફિકનું શિક્ષણ આપવામાં આવે છે. દરેક જિલ્લાઓમાં ટ્રાફિક સલાહકાર સમિતિ આપણે બનાવી છે અને તે પણ આના માટે કાર્યરત છે.

અકસ્માત થતા હોય એવા રોડને ખૂબ પહોળા અને સારા રોડ બનાવવાનું કામ આ રાજય સરકારે કર્યું છે. વળાંકવાળા રોડ ઉપર ભયદર્શક સૂચનાઓ આપતા ચેતવણી બોર્ડ આપણે મૂકયા છે આવા અનેક પગલાંઓ સરકાર તરફથી લેવા જોઇએ એ પગલાં પણ આપણે લઇએ છીએ. ત્યારે જવાહરભાઇએ કહ્યું એ પ્રમાણે ફકત રાજય સરકારની જ જવાબદારી નહીં, સામાજીક અભિયાન સ્વરૂપે પણ આ વિષયને લેવો જોઇએ. લોકશિક્ષણ આના માટે એટલું જવાબદાર છે, ત્યારે આપણે સૌ સાથે મળીને અકસ્માતો ઓછા થાય તે દિશામાં ચોક્કસ આગળ વધીએ. એટલે માનનીય જગરૂપસિંહજી જે બિલ લઇને આવ્યા છે, માનવીય હાર્દ સાથે આ બિલ બરાબર છે પણ જયારે રાજય સરકાર આટલી બધી ચિંતા કરતી હોય ત્યારે હું માનનીય જગરૂપસિંહજીને વિનંતી કરીશ કે આ બિલ પાછું ખેંચી લે. સરકાર આ સંદર્ભમાં ખૂબ ગંભીરતાથી વિચારી રહી છે અને તેના માટે યોગ્ય પગલાંઓ લઇ રહી છે ત્યારે હું સભ્યશ્રીને વિનંતી કરીશ કે એ બિલ પાછું ખેંચી લે.

શ્રી જગરૂપસિંહ ગી. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, મેં જે ખાનગી બિલ મૂકયું છે તેમાં જવાહરભાઇ ચાવડા, મારા સાથી જનકભાઇ તેમજ છબીલભાઇએ વાત કરી છે. સૂચનો પણ આપ્યા છે અને સાથે સાથે મંત્રીશ્રી રજનીભાઇએ પણ વાત કરી છે અને જે રીતે બધી વાતો થઇ છે, ટ્રોમા સેન્ટર, ૧૦૮ અને નવા સુધારા, છબીલભાઇએ જે રીતે વાત કરી છે તો હું એવી આશા રાખું કે માર્ગ અને મકાન ખાતાના મંત્રીશ્રી તેમની ટાલ જેવા રોડ બનાવે (અંતરાય) અને જયારે આ બધા સૂચનો થયા છે તે અમલીકરણની દિશામાં આગળ વધે તે સાથે હું સન ૨૦૧૩નું વિધેયક ક્રમાંક–૪ પાછું ખેંચી લેવાની સભાગૃહની અનુમતિ માગું છું.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

શ્રી જગરૂપસિંહ ગી. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, હું સન ૨૦૧૩નું વિધેયક ક્રમાંક–૪, સન ૨૦૧૩નું ગુજરાત ધોરીમાર્ગ અકસ્માત નિવારણ વિધેયક પાછું ખેંચું છું.

અધ્યક્ષશ્રી : વિધેયક પાછું ખેંચવામાં આવે છે.

**સન ૨૦૧૩નું ગુજરાત વિધેયક ક્રમાંક–૬**

**ગુજરાત અમુક જાહેર સ્થળોમાં ધૂમ્રપાન કરવા પર પ્રતિબંધ મૂકવા બાબત વિધેયક,૨૦૧૩**

**જાહેર સ્થળોમાં ધૂમ્રપાન કરવા પર અને હુક્કાબાર પર પ્રતિબંધ મૂકવા માટેની અને ધૂમ્રપાન ન કરનાર વ્યક્તિઓના સ્વાસ્થ્યનું રક્ષણ કરવા માટેની અને તેની સાથે સંકળાયેલી બાબતો માટે જોગવાઈ કરવા બાબત વિધેયક.**

શ્રી હર્ષ ર. સંઘવી(મજુરા) : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૧૩નું વિધેયક ક્રમાંક–•૬, સન ૨૦૧૩નું ગુજરાત અમુક જાહેર સ્થળોમાં ધૂમ્રપાન કરવા પર પ્રતિબંધ મૂકવા બાબત વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

**શ્રી હર્ષ ર. સંઘવી** : માનનીય અધ્યક્ષશ્રી, આ વિધેયક મૂકવાનો જ્યારે મને વિચાર આવ્યો ત્યારે અનેક સભ્યો અનેકવાર પૂછતા આવ્યા કે આ વિધેયક તમે કેમ મૂકો? માનનીય અધ્યક્ષશ્રી, આ હાઉસની અંદર મને જ્યારે ધુમ્રપાન વિધેયક મૂકવાનું મળ્યું છે ત્યારે હું દુઃખ સાથે કહેવા માગું છું કે, જ્યારે હું નવયુવાન હતો, ઘરમાં એકલો છોકરો હતો, ધંધા અર્થે દેશ વિદેશમાં જવાનું થતું હતું અને હું પણ ક્યાંક ધુમ્રપાનનો શિકાર બનેલ હતો. અમારા સિનિયર મિનિસ્ટર પ્રદિપસિંહ અને નીતિનભાઇને હું કહેવા ગયો, મને દુઃખ છે કે, હું ધુમ્રપાનનો શિકાર બનેલ હતો, મારા જેવા મારા યુવાન મિત્રો શિકાર ન બને તેના માટે મારે ગૃહમાં આ વિધેયક મૂકવું છે. એમણે મને ચાન્સ આપ્યો એ બદલ હું એમનો આભારી છું. આ સમયગાળો એટલો બધો ખરાબ રીતે પસાર થયો, આ ધુમ્રપાનથી છૂટવામાં મને અનેક વર્ષો લાગ્યા. ગુજરાતના લોકલાડીલા માનનીય નરેન્દ્રભાઇ મોદીએ જ્યારે ગુટખા ઉપર પ્રતિબંધ મૂક્યો, જેનાથી અનેક ઘરની બહેનો કેટલી ખુશ થઇ અને કેટલી સુખી થઇ એનું બયાન આ ઇલેક્શન કરે છે. ગુજરાતની અનેક બહેનોએ એમના માટે પંક્તિ લખી છે, એવા વાક્યો છે કે, "Life laughs at you when you are unhappy; Life smiles at you when you are happy, but, life salutes you when you make others happy."

માનનીય અધ્યક્ષશ્રી, મુખ્યમંત્રીશ્રીને આ બહેનો કહેવા માગે છે કે, આ જીંદગી અને લાઇફ તમારા માટે સેલ્યૂટ આપે છે, તમારા માટે સેલ્યૂટ આપે છે. ગુજરાતના અનેક પરિવાર અને બહેનોને આ ગુટખાના પ્રતિબંધે સુખી કર્યા છે. ૧૯૪૨થી આ ધુમ્રપાનનો સીલસીલો ચાલુ થયો. આ દુનિયામાં પ્રતિ વર્ષ આ સીલસીલો વધતો રહ્યો અને વધતો રહ્યો. દરેક વર્ષે ધુમ્રપાન વધતું રહ્યું છે. ૧૯૪૨થી આજ તક સુધી ધુમ્રપાન ઓછું થયું નથી. એક રિપોર્ટ છે એમ કહે છે કે, ૧૩ બિલિયન સ્મોકર આ દુનિયામાં છે. દર છ યુવાનોએ એક યુવાન આ ધુમ્રપાનનો શિકાર બનેલો છે. ૧૪ બિલિયન સિગારેટ દરરોજ વેચાય છે અને દર એક મિનિટે ૧૦ મિલિયન સિગારેટ વેચાય છે. હુનો રિપોર્ટ એમ કહે છે કે દુનિયાભરમાં દરરોજના ૮૦,૦૦૦થી એક લાખ યુવાનો આ સિગારેટના શિકારમાં ફસાતા જાય છે અને આ વ્યસનમાં ફસાતા જાય છે. ૨૦થી ૨૪ વર્ષના યુવાનો હોય છે. મને વિચાર આવે છે કે આપણે સૌ સાથે મળીને આ વિધેયકને પસાર કરીએ.

માનનીય અધ્યક્ષશ્રી, સિગારેટ અને બીડીના ધુમાડામાં આશરે ૪૦૦૦થી વધારે કેમિકલ હોય છે,

• વિધેયક તા. ૨૧મી ફેબ્રુઆરી–૨૦૧૩ના ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

૭૦ જેટલા કેમિકલો કેન્સરના શિકાર બનાવે છે, ખેંચી જાય છે. ધુમ્રપાન કરનાર વ્યક્તિના પોતાના શરીરમાં દાખલ થતા નિકોટીન અને ડામર કરતા પેસીવ સ્મોકીંગ બીજાઓએ છોડલો ધૂમાડો, તમાકુનો ધુમાડો, બાજુમાં ઉભેલાના શ્વાસ લેનારને વધુ નુકસાનકારક થાય છે એવું એક રિપોર્ટ કહે છે. તમાકુનો બીજી વ્યક્તિએ કાઢેલો ધુમાડો ૮થી ૨૦ મિનિટ જેટલા ઓછા સમય સુધી પણ કોઇ વ્યક્તિ શ્વાસ લે તો એને હૃદયનો રોગ અને સ્ટ્રોક સાથે સંકળાયેલી શારીરિક આડ અસરનો ભોગ બને છે. હૃદયના ધબકારા વધે છે, હૃદયને મળતો ઓક્સિજનનો પુરવઠો ઘટે છે અને લોહીની નળીઓની ધમની સાંકડી થાય છે જેથી બ્લડ પ્રેશર વધે છે અને હૃદયને વધુ શ્રમ કરવો પડે છે. ભારતમાં લોકો બીડી સિગરેટ, સીગાર, હુક્કા, ચીરુટ અને જેમનું ધુમ્રપાન કરવામાં આવતું હોય તેવી તમાકુના તમામ બનાવટોના માધ્યમથી પેસીવ સ્મોકીંગનો ભોગ બને છે.

ગ્લોબલ યુથ ટોબેકો સરવે મુજબ ભારતમાં તરૂણ વયના ૩૬.૪ ટકા વિદ્યાર્થીઓ પોતાના ઘરોમાં અને લગભગ ૪૮.૭ ટકા વિદ્યાર્થીઓ ઘરની બહાર પેસીવ સ્મોકીંગનો ભોગ બને છે. પોતે ધુમ્રપાન ન કરતી હોય પરંતુ પેસીવ સ્મોકીંગનો ભોગ બનતી હોય તેવી વ્યક્તિઓને પેસીવ સ્મોકીંગનો ભોગ ન બનતી વ્યક્તિઓ કરતાં કોરોનરી હાર્ટ ડિસિઝનું જોખમ ૨૫ ટકા વધારે રહે છે. સમગ્ર વિશ્વમાં ૭૦ કરોડ બાળકોને પેસીવ રીતે તમાકુનો ધુમાડાવાળો શ્વાસ લેવાની ફરજ પાડે છે. પેસીવ સ્મોકીંગ રોગ ફેફસાના હઠીલા રોગો જેમ કે બ્રોન્કાઇટીસ અને અસ્થમા દમ ખાસ કરીને બાળકોમાં નવજાત શીશુઓમાં અચાનક મોત અને જન્મના સમયે ઓછું વજન જેવી પેસીવ સ્મોકીંગ ભોગ બનનાર ગર્ભવતી સ્ત્રીઓમાં આરોગ્ય સંબંધી સમસ્યાઓ સર્જાય છે. પેસીવ સ્મોકીંગ સાથે સંકળાયેલા જોખમો નાબૂદ કરવાનો એક અસરકારક ઉપાય છે. ધુમ્રપાન નાબૂદી માટે સર્વગ્રાહી કાયદા ઘડવા જેમાં તમામ કામના સ્થળો અને જાહેર સ્થળોનો સમાવેશ થતો હોય. ધુમ્રપાન મુકત જાહેર સ્થળોને પ્રબળ જાહેર સમર્થન છે અને બિન ખર્ચાળ છે. ધુમ્રપાન કરનારાઓ ઘરની અંદર સામાજીક પરિસ્થિતિમાં ધુમ્રપાન નથી કરી શકતા ત્યારે તેઓ ઓછું ધુમ્રપાન કરે છે. ધુમ્રપાન પરોક્ષ પેસીવ સ્મોકીંગથી બાળકોને કાનના રોગ, રસી નીકળવી, શ્વસનતંત્ર બગાડવાના લક્ષણો, ફેફસાની ખરાબી, દમ અને શીશુનું અચાનક મૃત્યુ પણ થઇ શકે છે. પુખ્તવયની વ્યકિતને લકવો હૃદયરોગ ફેફસાનું કેન્સર દમ તથા શ્વસનતંત્રની સમસ્યાઓ તેમજ ગેંગરીંગ પગ પોલો પડી જાય છે. પરોક્ષ ધુમ્રપાનથી સ્ત્રીઓના સ્વાસ્થ્ય પર થતી અસરોથી પ્રજનન ક્ષમતા ઘટે છે. ઓછું વજન ધરાવતા અથવા મૃત બાળક અવતરી શકે છે તેમજ ગર્ભાશયના મુખનું કેન્સર પણ થાય છે.

ગુજરાતમાં જાહેર સ્થળો પર ધુમ્રપાન કરવા પર પ્રતિબંધ લાવવા માટેનો જે વિચાર એક યુવાન તરીકે મને જયારે આવેલો, અનેકવાર ભોગ બનેલા અનેક યુવાનો કયાંકને કયાંક એમની જિન્દગીના અનેક ખોટા રસ્તે ચડી જતા હોય છે. આ માત્ર ધુમ્રપાનના લીધે હું પોતે એક સાક્ષી છું કે અનેક લોકો અનેક વાત સંભળાવી શકે છે એના માટે આ ગૃહની અદર આપના માધ્યમથી હું આ ગુજરાતના યુવાનોને કહેવા માગુ છું કે આ ધુમ્રપાનથી કોઇપણ રીતે દૂર રહે અને ધુમ્રપાનનો શિકાર ના થાય. આ હાઉસની અંદર આજે તમામ ૧૮૨ ધારાસભ્યોની જે જવાબદારી જે ગુજરાતની અને ગુજરાતના યુવાનો માટેની છે એ માટે આ હાઉસના ૧૮૨ ધારાસભ્યોને હું વિનંતી કરવા માગુ છું કે રાજકારણને દૂર છોડીને સોશિયલ રીતે અને આજના યુવાનનું કાલનું ભવિષ્ય વિચારીને આ વિધેયકમાં આપ પણ મારી સાથે મને સહયોગ કરીને આ વિધેયક પસાર કરાવવા માટે આપ સૌને નમ્ર અપીલ કરુ છું.

ડો. અનિલ જોષીયારા(ભિલોડા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય યુવાન સભ્ય માનનીય હર્ષભાઇ જે ગુજરાત અમુક જાહેર સ્થળમાં ધુમ્રપાન નહિ કરવા બાબતનું જે વિધેયક લઇને આવ્યા છે, હું આ વિધેયકને આવકારુ છું અને હર્ષભાઇને અભિનંદન આપુ છું કે આવું સારું વિધેયક આપ લાવ્યા છો અને આપને આ ગુજરાતની જનતાની ચિંતા થઇ. એમની વાત બિલકુલ સાચી છે, કે જાતે સીગરેટ પીવી જરૂરી નથી. કોઇપણ ઘરનો સભ્ય સીગરેટ પીતો હોય તો એના પરિવારના તમામ સભ્યને એટલી જ અસર થતી હોય છે. કોઇ એક મિત્ર બીડી પીતો હોય અને બીજા એમ માને કે અમે તો પીતા જ નથી, ના એવું નથી સાહેબ, એ બીજા મિત્રોને પણ એટલી જ અસર થતી હોય છે કારણ કે હવામાં એની અસર થતી જ હોય છે એટલે આ

સીગરેટ પીવાથી ઘણાબધા રોગ થતા હોય છે.  પણ મારે એ વાત કરવી છે કે આ લોકોને સીગરેટ કેમ પીવી પડે છે?  કેમ લોકો આ સીગરેટ તરફ ખેંચાય છે, એક તો જે માણસો ચોવીસ કલાક કામ કરે છે,  આખા શરીરની આપણે કામ કરવાની ક્ષમતા હોય છે એ ક્ષમતાથી વધુ કામ કરવાનું થાય ત્યારે માણસ કોઇકને કોઇક નશા તરફ ખેંચાતા હોય છે.  એવા આપણા ડિપાર્ટમેન્ટ  ઘણા છે કે જેને ચોવીસ કલાક એ કામ પર રચ્યા પચ્યા રહેવું પડતું હોય છે.  પોલીસ ડિપાર્ટમેન્ટ હોય કે બીજા ડિપાર્ટમેન્ટ હોય કે જેમને સમય નથી હોતો  એટલે કોઇપણ શરીરના સેલને આરામની જરૂર હોય છે અને એવા જે વિભાગ હોય છે એમને આરામ જેવું હોતું નથી.  એના સિવાય બીજા યુવામિત્રો હોય છે એ યુવામિત્રો દેખાદેખીથી આમાં ખેંચાતા હોય છે અને દેખાદેખીથી ખેંચાઇને સીગરેટ તરફ ખેંચાય છે.  બીજા એવા માણસો છે કે જેને જોબ નથી મળતી અને મિત્રો ભેગા થાય અને પછી સ્મોકીંગ તરફ વળતા હોય છે અને ચોથો એવો વર્ગ છે, કામદાર વર્ગ છે, આખો દિવસ કામ કરે અને છેલ્લે પછી સાંજે નશો એટલે કે દારૂ કે  સીગરેટ વગેરે પીતા હોય છે.  એટલે આ બદી છે એ બદીને ખરેખર દૂર કરવી જોઇએ.

હર્ષભાઇએ  સીગરેટની જે વાત કરી એ ખરેખર મને ગમી.  સીગરેટથી  હૃદયરોગના જે હુમલા આવે છે એ બિલકુલ સાચી વાત છે.  ૨૫ ટકા હુમલા માટે આ જ કારણ હોય છે.  સીગરેટ પીવાથી  હૃદયની નળી સંકોચાઇ જાય છે. અને અચાનક કોઇકને હાર્ટએટેક આવી જાય છે. ઘણી વખત બી.પી. તો વધતું હોય છે. કારણ કે માણસને ખબર પડતી નથી હોતી કે મારું બી.પી. વધારે છે અને જ્યારે માપવા જાય ત્યારે ખબર પડે કે મારું બી.પી. વધેલું છે અને આ લોકો સિગારેટ પીતાં હોય છે અને ક્યારેક ને ક્યારેક એટેક આવી જાય છે અને એના લીધે હેમરેજ અને લકવાની અસર થતી હોય છે. એના સિવાય પણ જે કેન્સરની બિમારી છે. બીડી પીવાથી મોઢામાં કેન્સર થાય છે અને એનાથી બીજા પણ ફેફસાના રોગ થાય છે. સ્મોકિંગની પદ્ધતિ છે એ ચારેક જાતની છે. એક બીડી, સિગરેટ, ચૂલ કે ચલમ અને હુક્કા છે. સાહેબ, બીડી પર કાંઇ લખેલું નથી હોતું કે, ઇન્જરિયસ ટુ હેલ્થ. સિગરેટમાં લખે છે કે, ઇન્જરિયસ ટુ હેલ્થ. બીડી પર લખેલું હોતું નથી એટલે બીડીની સીધી અસર થતી હોય છે. સાહેબ, એક દાખલો આપું, પહેલા હુક્કો પીતાં હતાં.  એક વેઈટિંગ રૂમમાં કાકા હુક્કો પીતાં હતાં એવામાં એક ભાઇ મળવા આવ્યાં. પાઇપ એકલી જ કાકાના હાથમાં જોઇ અને કાકાએ સાધન બીજા રૂમમાં મૂક્યું હતું. એટલે પેલા ભાઇએ પૂછ્યું કે, તમારું સાધન ક્યાં છે? આ એકલો પાઇપ જ છે. તો કહે કે, વ્યસનથી દૂર એટલા સારા. એટલે આવા માણસને જે લોકો આમાં ખેંચાતા હોય છે એમને દૂર થવું જોઇએ. ખાસ યુવા પેઢી અત્યારે જે હુક્કાબાર પીએ છે. ઘણી હોટલોમાં આનો ધીકતો ધંધો ચાલે છે. સરકારી પોલીસતંત્ર એના માટે પ્રયત્ન જરૂર કરતું હોય છે. હજી પણ એ ધંધો ચાલે છે. યુવા પેઢી એની જુદી જુદી ફ્લેવરો લેવા માટે એનાથી નશો પેદા થાય એના માટે અને એ ધનવાન પરિવારની યુવા પેઢી છે એ પેઢી આમાં વધારે આકર્ષાયેલી છે. એટલે એને દૂર કરવા માટે આપણે કાંઇક ને કાંઇક પ્રયત્નો કરવો જોઇએ.

સાહેબ, આનાથી સૌથી વધારે રોગ થતો હોય તો એ ટી.બી.નો છે. લગભગ આજે ૯.૫૦ લાખ લોકો આજે ટી.બી.ના દર્દી છે અને બીજા અત્યારે પણ આપણે જોઇએ તો ૩,૮૦,૦૦૦ માણસો બીજા નવા દાખલ થયા છે. આ લોકોને સીધી અસર બીડી પીવાથી થાય છે, તો આવા જે માણસો છે એમને બીડીથી દૂર કરવા જોઇએ અને બીજું સાહેબ, ખાસ સીધી અસર થાય છે એ એસીડીટીની. તમે કોઇ પણ ડોકટર પાસે જાઓ એટલે પહેલા એસીડીટી થઇ હોય તો તરત પૂછે કે તમે બીડી પીઓ છો? એમ પહેલા પૂછે. કારણ કે એની સીધી અસર હોજરી પર થતી હોય છે અને ઘણી વખત તો એવું સ્ટેજ આવી જાય છે કે હોજરીમાં કાણું પણ પડી જતું હોય છે. એટલે આવા બધા રોગો સ્મોકિંગથી થાય છે. ભૂતકાળમાં પણ આવો કાયદો આવેલો છે પણ એનો અમલ થતો નથી એમ મને લાગે છે. કારણ કે, વર્ષોથી અમે જોઇએ છીએ કે એસ.ટી.બસમાં દરેક જગ્યાએ એમ લખ્યું હોય છે કે, બીડી પીવી નહિ. જાહેર સ્થળોએ જાવ તો બોર્ડ જોવા મળે. ફક્ત બોર્ડ જ હોય છે એના ગંભીરતાથી એકશન લેવાતા નથી.  એટલે મારી વિનંતી છે કે હર્ષભાઇ જે આજે બિનસરકારી વિધેયક લઇને આવ્યાં છે તો સર્વાનુમતે આપણે સૌ પસાર કરીએ એવી મારી વિનંતી છે જેથી યુવા પેઢીને અને તમામ ગુજરાતની જનતા છે એને આવા વ્યસનોથી આપણે દૂર રાખી શકીએ.

શ્રી ભરતભાઇ કી. પટેલ(વલસાડ) : માનનીય અધ્યક્ષશ્રી, સંસ્કૃતિ, સભ્યતા, અને સમૃદ્ધિના મૂળભૂત વિકાસ મંત્રને ચરિતાર્થ કરતો સ્વર્ણિમ ગુજરાતનો સંકલ્પ એટલે જાહેર સ્થળોમાં ધ્રુમપાન કરવા પરનો પ્રતિબંધ મૂકવા બાબતનું વિધેયક જે મારા સાથી સભ્ય હર્ષકુમાર લાવ્યાં છે તેના સંદર્ભમાં એના સમર્થનમાં હું મારા વિચારો રજૂ કરવા માગુ છું.

માનનીય અધ્યક્ષશ્રી, ધ્રુમપાનમાં વપરાતો તમાકુનો છોડ ભારતમાં ફિરંગીઓ લાવ્યાં હતાં. આ ફિરંગીઓએ ભારતમાં એવો પ્રચાર કર્યો હતો કે, તમાકુના સેવનથી કદાપી ઘડપણ આવતું નથી. એટલે કે ત્યારના યુવાનો ધ્રુમપાન કરીને યુવાનીમાં જ મૃત્યુ પામ્યાં હતાં, ત્યારે ભારતમાં શિક્ષણનું પ્રમાણ ખાસ હતું નહિ. તેથી કોઇ દિવસ ઘરડાં થઇશું નહિ. એમ સમજીને ભારતમાં તમાકુનું ઉત્પાદન કરવા માંડ્યું. પરંતુ ત્યારે ભારત સરકારે પગલા લેવાની જરૂર હતી જે ભૂતકાળમાં ભારત સરકાર કરી શકી નથી. જગત આખાના મહાનુભવો, સમગ્ર દુનિયાની તમામ સંસ્કૃતિઓ તેમજ સમગ્ર માનવજાતને જો વિકાસની કેડી કંડારવી હોય તો તે માટેનું ગહન ચિંતન કરવું પડે. આપણા ગૌરવવંતી ગુજરાતની દીર્ઘદ્દષ્ટિ એવા માનનીય નરેન્દ્ર મોદી સાહેબે પૂજ્ય સ્વામી વિવેકાનંદજીના આદર્શ અને મૂલ્યોનું ગહન ચિંતન કરીને તમામ યુવાનોની આજ અને આવતી કાલના ભવિષ્યનો સંસ્કાર, ચિંતનરૂપી સમૃદ્ધિનો માર્ગ અપનાવ્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, ઘણી વાર ચિંતા થાય છે કે, આજના યુવા ધનને જો વ્યસન અને ધ્રુમ્રપાનની લત લાગશે તો પોતાના માટે, કુટુંબના માટે, ગામ માટે, શહેર માટે અને દેશ માટે ફક્ત પતનનો રાહ જ બચશે. યુવા ધનને સાચો રસ્તો બતાવવાનું ભગીરથ કાર્ય તેમજ આ વિધેયક બનાવવવામાં આવ્યું છે તેમાં સૌનો સાથ સહકાર ખૂબ જ જરૂરી છે. જે કોઇ વ્યક્તિ આનંદથી ધ્રુમ્રપાન કરે છે તેને પોતાને ખબર નથી હોતી કે, એમને કેટલું નુકસાન થઇ રહ્યું છે. મારા સંપર્કના જાણીતા જે ડોકટર પાસેથી જે કાંઇ મેં સાંભળ્યું છે તેનાથી તમાકુના અવગુણોથી જે કાંઇ નુકસાન થાય છે તેની કેટલીક માહિતી આ ગૃહમાં આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, રોજની એક બીડી કે સીગરેટ પીવાથી મનુષ્યના જીવનમાં રોજની છ મિનિટનો ઘટાડો થાય છે અને રોજની દસ બીડી કે સીગરેટ પીનાર મનુષ્યના જીવનમાં એક કલાકનો ઘટાડો થાય છે. આમ સીગરેટ અને બીડી પીનારને લોહીમાં વીસ મિનિટમાં તમાકુના બીજા દુષણો ટાર અને નિકોટીનના ઝેરો ભળે છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ સીગરેટ અને બીડીના ધુમાડામાં ૪,૦૦૦ કેમિકલ્સ હોય છે અને એમાંથી ૭૦ જેટલા કેમિકલ્સ કેન્સરને નોતરે છે. N .F .H .S .ના સરવે મુજબ ગુજરાતના શહેરી વિસ્તારના ૧૨ થી ૧૫ વર્ષના યુવાનો, ૧,૦૦૦ વ્યક્તિએ ૨૪૦ વ્યક્તિઓ ધ્રુમ્રપાનનું સેવન કરે છે અને ગ્રામ્ય વિસ્તારમાં જ્યાં ભણતરનું પ્રમાણ ઓછું હોય એવા વિસ્તારમાં ૧,૦૦૦ યુવાનોએ ૮૦૦ વ્યક્તિઓ ધ્રુમ્રપાન કરે છે, જે એક ગંભીર બાબત છે. ગુજરાત સરકારે તમામ માટે સ્પષ્ટ સંકેત આપ્યો છે કે, ગુજરાતના ભવિષ્યના (અંતરાય) સમૃદ્ધ ભારતના સ્વપ્નને સાકાર કરવા, સમર્થ યુવાનોને કટિબદ્ધ કરવા માગે છે. ચાલો સાથે મળીને આવનારી સદીમાં થનારા ધ્રુમ્રપાનના કારણે મૃત્યુ દર અટકાવીએ, વ્યસન મૂક્ત, ધ્રુમપાન મૂક્ત સ્વર્ણિમ ગુજરાતની કલ્પનાને સાકાર કરીએ.

માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યનું ઉજળું ભવિષ્ય તેની આવનારી પેઢીની તંદુરસ્તી અને સ્વાસ્થ્યતા પર નિર્ભર છે. જો પ્રજા સ્વસ્થ અને તંદુરસ્ત રહેશે તો રાજ્યનો આર્થિક અને સામાજિક વિકાસ થઇ શકશે. રાજ્યનું યુવા ધન સ્વાસ્થ્ય અને તદુરસ્ત રહે એ તરફ પૂરતું લક્ષ્ય આપવું જરૂરી છે. જે ભારતીય જનતા પાર્ટી કરી રહી છે. ગુજરાત સરકાર દ્ધારા જે ગુટકા પર પ્રતિબંધ મૂકવામાં આવેલો છે તેમાં લાખ્ખો લોકોને જીવલેણ કેન્સર જેવા રોગોથી છૂટકારો મળેલ છે, એ દરેક લોકો તરફથી માનનીય મુખ્યમંત્રીશ્રીનો આભાર વ્યક્ત કરી આશીર્વાદ આપેલા છે. કોઇ પણ રાજ્ય સરકારે વિકાસ કરવો એ રાજ્ય સરકારની એક ફરજનો ભાગ છે પણ વિકાસનો દરેક ક્ષેત્રમાં વેગ કેવી રીતે પકડવો એ સરકારનું નેતૃત્વ કરતા પરિબળ ઉપર આધાર રાખે છે. જે માટે પ્રખર નેતૃત્વ, સબળ નેતૃત્વની જરૂરિયાત હોય છે. જે નેતૃત્વ માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબની સરકાર પૂરું પાડી રહી છે.

માનનીય અધ્યક્ષશ્રી, દરેક ક્ષેત્રોમાં વિકાસ કરવા માટે એક બીજું મહત્વનું પરિબળ હોય તો તે

આરોગ્ય ક્ષેત્રનું પરિબળ છે. જે માટે ભારતીય જનતા પાર્ટીની સરકાર વિશેષ ધ્યાન આપી રહી છે. ગુજરાતનું પ્રથમ રાજ્ય છે જ્યાં ગરીબો માટે અર્બન હેલ્થ પ્રોજેકટની શરૂઆત કરવામાં આવી છે. શાળા આરોગ્ય કાર્યક્રમો, શાળા આરોગ્ય શિક્ષણ કેન્દ્રો શરૂ કરવામાં આવી રહ્યા છે. જાહેર સ્થળોએ ધુમ્રપાન કરવા પર પ્રતિબંધ ફરમાવતો કાયદો ૧લી મે, ૨૦૦૪થી લાગુ થયો હતો, હાલમાં આ કાયદામાં સુધારો કરીને જાહેર સ્થળોની વ્યાખ્યાની સ્પષ્ટતા કરવામાં આવી છે. ગુજરાતની ભારતીય જનતા પાર્ટીની સરકારના શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબના નેતૃત્વવાળી સરકાર ફક્ત એક્ટમાં નહીં એકશનમાં માને છે. માનનીય અધ્યક્ષશ્રી, આ એકટનું પાલન કરવા માટે ગુજરાત સરકાર દ્વારા ગુજરાતમાં પ્રવર્તમાન અધિનિયમના ચુસ્ત અને અસરકારક અમલ માટે રાજય કક્ષાએ અને જિલ્લા કક્ષાએ મેજીસ્ટ્રેટો સહિત ઉચ્ચ અધિકારીશ્રીઓની કમિટી બનાવવામાં આવેલી છે. સ્વામી વિવેકાનંદનો યુવાનો માટે સંદેશો છે કે મને શ્રદ્ધા છે આધુનિક અને યુવા પેઢીમાં, તેમાંથી જ મારા કાર્યકર્તાઓ બહાર આવશે અને રાષ્ટ્રની સઘળી સમસ્યાનું નિરાકરણ લાવશે. મારા સાથી સભ્યશ્રી જાહેર સ્થળોમાં ધુમ્રપાન કરવા ઉપર પ્રતિબંધ માટેનું વિધેયક લાવ્યા છે તેને મારું સંપૂર્ણ સમર્થન છે.

શ્રી મિતેષભાઇ ક. ગરાસીયા(ઝાલોદ) : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતમાં અમુક જાહેર સ્થળોમાં ધુમ્રપાન કરવા ઉપર પ્રતિબંધ મુકવા બાબત વિધેયક–૨૦૧૩ સભ્યશ્રી હર્ષ સંઘવી લઇને આવ્યા છે ત્યારે તેમના સમર્થનમાં હું મારો સૂર પુરાવું છું. ધુમ્રપાન કરવું એ આજના યુગમાં નાની વયમાં અને ઉંમર લાયક હોય એમાં દરેક ધર્મ, વર્ગના નાગરિકોમાં વ્યાપક પ્રમાણમાં જોવા મળે છે ત્યારે આ વિધેયક લાવવાથી ધુમ્રપાનમાં નોંધપાત્ર ઘટાડો થશે અને ધુમ્રપાનને લીધે થતી સ્વાસ્થ્યને લગતી આડઅસરો અને સામાજિક તકલીફોમાં નોંધપાત્ર ઘટાડો થશે. આ વિધેયક લાવવાથી સરકારી જાહેર સ્થળો ઉપર અને હુકકાબારોમાં ધુમ્રપાન અટકશે તેમજ ધુમ્રપાન કરવાથી થતા જીવલેણ રોગો જેવા કે ટી.બી., કેન્સર, હૃદયરોગ, જેવા રોગોમાં પણ ઘટાડો થશે. કોઇપણ વ્યકિત જાહેર સ્થળોમાં અને મનોરંજનના સ્થળો ઉપર ધુમ્રપાન કરી શકશે નહીં. હુકકાબારો ગેરકાયદેસર ચાલતા હશે તો તેમના ઉપર કાબુ લાવી શકાશે. રાજયમાં આવી પ્રવૃત્તિઓ અટકાવવા નાગરિક આગળ આવશે અને પ્રતિબંધનો અમલ નહીં કરનારને ગુનાના ધોરણે દંડ કરી શકાશે.

ગુજરાતની છ કરોડની વસ્તીમાંથી ૩.૫કરોડની વસ્તી ગ્રામ્ય વિસ્તારોમાં વસે છે જેમાંથી ૨૭ ટકા વસ્તી લખી વાંચી શકતી નથી. શહેરોમાં ૧.૫કરોડ જેટલી વસ્તી ઝુંપડપટ્ટીમાં રહે છે. દસ ટકા જેટલી વસ્તી મુસલમાનોની છે. આમ ગુજરાતનો મોટાભાગનો વિસ્તાર કામદાર વર્ગથી જોડાયેલો છે. જેમને રોજીંદી રોજગારી ગ્રામ્ય વિસ્તારોમાં ન મળતી હોય એવા કુટુંબોની ટકાવારી ૧૭ ટકા જેટલી છે જયારે શહેરોમાં આવી વસ્તી આઠથી નવ ટકા જેટલી છે. આ તમામ વર્ગના લોકો ધુમ્રપાન કરીને તેમના શરીરને નુકસાન કરતા હોય છે. આ તમામ વર્ગ ગામોમાં અને શહેરોમાં કામ કરતી વખતે જાહેર અને સરકારની માલિકીના મકાનોમાં ધુમ્રપાન કરતા હોય છે. આ ધુમ્રપાનથી બીજા લોકોના આરોગ્યને શું અસર થાય તેની જાણકારી આ લોકોને હોતી નથી. આ વર્ગ જે કમાય છે તેની પાંચ કે દસ ટકા રકમ ધુમ્રપાન કરવા પાછળ ખર્ચ કરતા હોય છે. તેના કારણે આર્થિક નુકસાન પણ થતું હોય છે. આ તમામ વર્ગને ધુમ્રપાન કરવાને કારણે તેમના શરીર પર શું વિપરીત અસર થાય છે તેની કોઇ ખબર હોતી નથી. ગુજરાત સરકારના આંકડા મુજબ દર વર્ષે ચાર લાખ દર્દીઓ કેન્સરના નોંધાય છે અને આ દર્દીઓમાંથી દર વર્ષે ૧૭ થી ૨૦ ટકા લોકો મૃત્યુ પામે છે અને ખાસ કરીને ગળાના, શ્વાસ નળીના અને ફેફસાના કેન્સર વધારે ધુમ્રપાનને કારણે થતા હોય છે. ધુમ્રપાન કરવાથી લોહીની નળીઓ અને હૃદયના રોગો પણ થતા હોય છે. સરકારના આંકડાઓમાં રાજયમાં ટી.બી. વધી રહેલ છે ત્યારે આવી પરિસ્થિતિને નાથવા માટે આ વિધેયક લાવવું જરૂરી છે.

બીજી બાજુ સ્કૂલના બાળકોમાં ૮ થી ૧૪ વર્ષની ઉંમરે પણ ધુમ્રપાનનું પ્રમાણ વધી રહ્યું છે. બાળકો ગમે તે જાહેર સ્થળે વિના સંકોચે સરકારની નીતિ હોવા છતાં તેને અવગણીને ધુમ્રપાન કરીને પોતાના આરોગ્યને નુકસાન કરતા હોય છે. સરકારના શાળા આરોગ્ય કાર્યક્રમમાં પણ દર વર્ષે ૧૫૦૦ થી ૨૦૦૦ બાળકોનું આરોગ્ય ખરાબ હોવાનું જોવા મળે છે ત્યારે આ ગંભીરતાને ધ્યાનમાં રાખીને આ વિધેયક લાવવું

જરૂરી છે જેથી કરીને બાળકોનું આરોગ્ય જળવાય, શિક્ષણ વધે અને રાજયમાં ટી.બી., કેન્સર જેવા રોગોનું પ્રમાણ વધી રહેલ છે તે કાબુમાં આવી શકે અને ખર્ચા ઓછા થાય તેમજ રાજય સરકારના આરોગ્ય ખર્ચમાં પણ નોંધપાત્ર ઘટાડો થઇ શકે. શહેરી વિસ્તારોમાં સરકારે હુકકાબાર બંધ કર્યા હોવાછતાં ગેરકાયદેસર રીતે હોટલો અને રેસ્ટોરન્ટોમાં આ પ્રવૃત્તિ ચલાવાય છે. આ પ્રવૃત્તિઓમાં મુખ્યત્વે નાની વય એટલે કે ૧૪ થી ૨૨ વર્ષની ઉંમરના છોકરા, છોકરીઓ ભોગ બનતા હોય છે ત્યારે રાજયમાં આવી ગેરકાયદેસર પ્રવૃત્તિને બંધ કરવા માટે કડક હાથે પગલાં લેવા માટે હું આ ગૃહને વિધેયક લાવવા માટે મારા સૂચનો કરવા માગું છું.

આપણે સૌ સાત એપ્રિલ વિશ્વ આરોગ્ય દિન અને ૩૧ મી મે તમાકુ વિરોધી દિન ઉજવીએ છીએ.આ સ્વાસ્થ્ય પ્રોગ્રામની અસરકાર સફળતા માટે જુદા જુદા માધ્યમો દ્વારા જાણકારી પ્રજા સુધી પહોંચાડવી જોઇએ. જેમ કે દૈનિક સમાચાર પત્રોમાં જાહેર ખબર, જુદી જુદી ટીવી ચેનલ ઉપર જાહેર ખબર, રેડિયો ઉપર જાહેર ખબર આપવી જોઇએ. સ્ટીકર્સ, પત્રિકા, પેમ્ફલેટ, ફોલ્ડર, પ્રદર્શન, કાપડનાં બેનરો, હોર્ડિંગ્સ ઉપર જાહેરાતો, વોલ પેઇન્ટિંગ્સ અને જાહેર ખબરોમાં તેની વહેંચણી અને વિતરણ દ્વારા જનજાગૃતિ લાવવી જોઇએ. ખાસ કરીનેજાહેર સ્થળો જેવા કે શાળા, કોલેજો, રેલ્વે સ્ટેશન, એસ.ટી. સ્ટેન્ડ, હોસ્પિટલો, જાહેર મૂતરડી, સરકારી ઓફિસો અને બાગબગીચા જેવા જાહેર સ્થળો ઉપર જન જાગૃતિ આવે તેવાં પગલાં લેવાં જોઇએ અને કાયદાનું ઉલ્લંઘન કરનારાં સામે કડક પગલાં લેવાં જોઇએ. આ વિધેયક ૨૦૧૩ ગુજરાત અમુક જાહેર સ્થળો ઉપર ધુમ્રપાન કરવા પર પ્રતિબંધ મુકવા બાબત વિધેયકને નાગરિકોના જાહેર આરોગ્યના અનુસંદર્ભે મારાં સૂચનો સાથે હું સમર્થન આપું છું.

શ્રી શ્રી નીતિનભાઇ ર. પટેલ (આરોગ્ય મંત્રીશ્રી ): માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી હર્ષભાઇ સંઘવી આજે ખૂબ દીર્ઘદ્રષ્ટીભર્યુ, સમાજના દરેક વર્ગને દરેક ઉંમરના લોકોને અને ખાસ કરીને આવનારી પેઢી માટે અત્યારની યુવાન પેઢી માટે ખૂબ ઉપયોગી એવો કાયદાનો અમલ કરતું બિલ અમુક જાહેર સ્થળોમાં ધુમ્રપાન કરવા પર પ્રતિબંધ મૂકવા બાબતનું આજે જે રજૂ કર્યુ છે અને એને માનનીય સભ્યશ્રી ડો. અનીલ જોષીયારા, માનનીય સભ્યશ્રી ભરતભાઇ પટેલ, માનનીય સભ્યશ્રી મિતેષભાઇ ગરાસીયાએ સુંદર સૂચનો કરી અને સમર્થન આપ્યું છે, ત્યારે હું માનું છું કે આ ગૃહના કોઇ એકાદ સભ્ય જ એવા બાકી હોય જે આ બિલને સમર્થન ન આપતા હોય. કારણ કે આ બિલ એ કોઇ એક વ્યક્તિ માટે, એક તાલુકા માટે, એક વિસ્તાર માટે નથી. આ બિલ સમસ્ત ગુજરાતની પ્રજા, દેશની પ્રજા અને દુનિયાની પ્રજા માટે સ્વાસ્થ્યની રીતે, આર્થિક કારણોની રીતે, તંદુરસ્તીની રીતે, સામાજિક રીતે અનેક રીતે ઉપયોગી છે. આપણે સૌ જાણીએ છીએ કે તમામ માનનીય ધારાસભ્યશ્રીએ વિગતવાર મુદ્દાઓની છણાવટ કરી એમાં હર્ષભાઇએ જે મુદ્દા આપ્યા. આરોગ્યને ધુમ્રપાન કરવાથી કેટ કેટલા પ્રકારનું નુકસાન થાય છે. ડો. જોષીયારાજીએ કહ્યું આરોગ્ય માટે ધુમ્રપાન કેટલું બધુ ગંભીર છે, ત્યારે સ્વાભાવિક સ્વાસ્થ્ય અને ધુમ્રપાનનું વ્યસન, ધુમ્રપાનની ટેવ એ કમનસીબે આપણે જોઇએ એટલા પ્રમાણમાં વ્યાપક રીતે એને અટકાવી શક્યા નથી. એનાં થોડાં કારણો પણ છે. ધુમ્રપાનને ભૂતકાળમાં અને અત્યારે પણ કેટલીક જગ્યા ઉપર એક સ્ટેટસ સિમ્બોલ તરીકે લોકો જોતા હોય છે. કેટલીક વખતે વ્યસનને જો સામાજિક રીતે મોટા તરીકે જોવામાં આવે. વ્યસનને પણ એક સદ્ધરતાનું સુખી જીવનનું કે મોટા વ્યક્તિનું માન્યતાના ધોરણે ગણવામાં આવે તો નાના વર્ગ હોય, મધ્યમ વર્ગ હોય, ગરીબ વર્ગ હોય એને વિચારો હજુ પુખ્ત નથી થયા, એવો યુવાન વ્યક્તિ હોય તો એને પણ મન થઇ જાય કે આ બધા મોટા મોટા લોકો કરે છે તો હું પણ શા માટે ન કરું? આજે ફિલ્મમાં જૂના જમાનામાં એક્ટરો, હિરો સીગારેટનું ધુમ્રપાન કરતા હોય અને દેશમાં લાખો દર્શકો ફિલ્મ જોતા હોય તો યુવાન પેઢી છે એની માનસિકતા વિકસતી જતી હોય તો એને એમ થાય કે હું સીગારેટ, બીડી આવું બધું પીવું અને વ્યસન કરું તો હું પણ મોટો એક વ્યક્તિ ગણાવું. આવી જે સમાજને ન પડવી જોઇએ, એવી મોટા બનવાની પરંપરા આમાં એક માધ્યમરૂપ બની છે.

માનનીય અધ્યક્ષશ્રી, બીજું જાહેર ખબરો, ભૂતકાળમાં આપણા અગાઉની પેઢીઓમાં જયારે જાહેર ખબરોનું પ્રમાણ ઓછું હતું ત્યારે કદાચ આટલું બધું દેખાદેખી નહીં થતી હોય, અત્યારે છાપાંઓમાં, ટીવીમાં, ફિલ્મોમાં અનેક રીતે જે જાહેર ખબરો આ ટોબેકો, સિગારેટ, બીડી કે અન્ય કેફી દ્રવ્યો જે ગણાય તેના

ઉત્પાદકો, પેઢીઓ, કંપનીઓ જે પ્રકારેની જાહેર ખબરો આપે છે તેનાથી કુમળા માનસ ઉપર તેની અસર થઇ જાય અને તે તેમાં દોરવાઇ જતા હોય છે. માનનીય સભ્યશ્રીએ ખૂબ સાચું કહ્યું કે, ધુમ્રપાન કરનાર પોતે નહીં પણ તેની આજુબાજુમાં બેસનાર, તેની સાથે ફરનાર, તેના કુટુંબમાં રહેનાર આવા તમામ લોકોને જુદી જુદી રીતે આ ધુમ્રપાન કરનાર વ્યક્તિ સીધી કે આડકતરી રીતે હાનિકારક થઇ શકે છે. બીડીની કિંમત, સિગરેટની કિંમત આ બધું આપણે જોઇએ છીએ. તેની સામે રાજ્ય સરકારને અને દેશની બધી સરકારોને પણ, બીડી, સિગરેટ પીવે તે, ખર્ચ તે ભોગવે પણ એક આડકતરું પરિણામ બધી પ્રજા ઉપર આવતું હોય છે. બધી પ્રજા ઉપર તેનો બોજો આવતો હોય છે. દા.ત. કોઇ વ્યસન કરનારને ટી.બી. થાય, કોઇને કેન્સર થાય તો છેવટે પછી આરોગ્યની જાળવણી માટે, સ્વાસ્થ્યની જાળવણી માટે ખાનગી હોસ્પિટલ, સરકારી હોસ્પિટલ હોય તેનો પરિવાર ઉપર લાખો રૂપિયાનો ખર્ચો જેવા પ્રકારનો રોગ, જેવા પ્રકારની સારવાર તે પ્રકારે તેને ભોગવવો પડતો હોય છે. કદાચ કોઇનો શોખ, કોઇનું વ્યસન, કોઇની મોટાઇ, કોઇનું સ્ટેટસ સિમ્બોલ તરીકે સ્વીકારું તે તેના પરિવાર માટે અને રાજય સરકાર માટે આર્થિક રીતે ખૂબ ભારણરૂપ છે. અહીંયાં ડો.જોષીયારાજીએ જે વિગતો આપી કે આટલા લોકોને ટી.બી. થયો, નવા આટલા ઉમેરાયા, કેન્સરનું પ્રમાણ પણ વધતું જાય છે. આપણી રહેણી કરણી, આપણી ખાણીપીણી, આપણી પદ્ધતિઓ, મહેનત કરવાનું પ્રમાણ ઓછું થયું, સાધનો વધ્યા, ઓછી મહેનતે આપણું કામ થઇ જાય એવી ટેકનૉલોજી આવી, આ બધાના કારણે માણસને સાદી ભાષામાં કહીએ છીએ કે, બેઠાડું જીવન થઇ ગયું તે પણ આ બધા રોગોનું એક કારણ બને છે. આવા રોગના કોઇપણ વ્યક્તિ હોય છેવટે તેનો બોજો સરકાર ઉપર અને સમાજ ઉપર આવે છે. કેન્સરના દર્દીની સારવાર કેટલી મોંઘી છે તે આપણે જાણીએ છીએ. ટી.બી.ની સારવાર હવે તો બધી આધુનિક પદ્ધતિઓ આવી ગઇ છે. ઘરે ઘરે ફરીને અમારા આરોગ્ય કર્મચારીઓ પેશન્ટને ઘેર જઇ સમયસર દવા આપી આવે છે કે આ દવા તમે લઇ લો.

અહીં સામે ચાલીને જાહેરાતના કાયદાકીય પ્રતિબંધની વાત થઇ. સિગરેટના ખોખા ઉપર ભારત સરકારે કાયદો કરેલો છે કે સિગરેટ પીવી તે તબિયત માટે હાનિકારક હોય છે તે લખેલ હોય છે. અનેક પ્રકારની જાહેર ખબરો આપણે કરીએ છીએ. રાજય સરકાર કરે છે, એન.જી.ઓ. કરે છે, ભારત સરકાર કરે છે, સતત લોકોને આ ખતરાની ચેતવણી આપવા માટે આપણે બધું જ કરીએ છીએ. પણ માણસ કંઇક બધી જ જાહેર ખબરો સ્વીકારી તે તરત અમલ કરે તો દુનિયા સ્વર્ગ થઇ જાય. એવું નથી થતું એટલે આ બધુ થાય છે. આપણા પૂજય સાધુ સંતો પણ પોતાના ધાર્મિક પ્રસંગોમાં, ઉત્સવોમાં વ્યસન મુક્તિ માટે પ્રચાર કરતા હોય છે. આવા સાધુ મહાત્માઓ આપણા ગુજરાતમાં અને દેશમાં જોઇએ છીએ કે તેઓ તેમના ભકતોને વ્યસન ત્યજવા માટે સતત પ્રેરણા આપતા હોય છે. આ બધું જયારે થતું જ હોય છે ત્યારે મારે હર્ષભાઇને અને સૌ માનનીય સભ્યશ્રીઓને કહેવું છે કે, આ કાયદો બનાવવાની સત્તા રાજય સરકારને નથી. જાહેર સ્થળો ઉપર ધુમ્રપાન પ્રતિબંધનો ભારત સરકારનો કાયદો છે તે ૨૦૦૩માં કર્યો છે. ૨૦૦૪માં ગુજરાત સરકારે આનું વિધિવત નોટીફીકેશન બહાર પાડી જેને આપણે જાહેર સ્થળો કહીએ છીએ, રેલવે સ્ટેશન હોય, બસ સ્ટેન્ડ હોય, થિયેટર હોય, હોસ્પિટલ હોય, હોટલો હોય, સભાગૃહ હોય, કોર્ટના મકાનો હોય, શોપીંગ સેન્ટર હોય, મોલ્સ હોય, પુસ્તકાલય હોય, આપણું સચિવાલય હોય, ઇવન આપણી વિધાનસભા હોય તો પણ આ બધા જાહેર સ્થળો ગુજરાત સરકારે નોટીફીકેશનથી કાયદો કરી ધુમ્રપાન માટે પ્રતિબંધિત કરેલા જ છે. અને એના માટે કાર્યવાહી પણ જુદી જુદી જગ્યાઓના મકાનોના, એના જે ઇન્ચાર્જ અધિકારીઓ હોય એમને સત્તા આપી છે કે આવા સ્થળોએ જો કોઇ ધુમ્રપાન કરે તો એને દંડ પણ કરી શકાય છે. રાજય સરકારે ૨૩,૭૨૪ વ્યક્તિઓને અત્યાર સુધીમાં ૧૪,૫૯,૨૭૪ રૂપિયા દંડ કર્યો છે પણ માનનીય સભ્યશ્રીઓને મારી વિનંતી છે કે, આ કાયદાથી કરવાવાળું કામ તો છે જ, પણ માર્ગદર્શન, પ્રેરણા અને સમાજના આપણે બધા જ અહીંયાં બેઠેલા નેતાઓ છીએ, આગેવાનો છીએ, જાહેર જીવનના કાર્યકરો છીએ ત્યારે આપણી લાગણી, આપણી ભલામણ એ લોકો સ્વીકારતા હોય છે ત્યારે આપણે પણ સમાજમાં જયાં જયાં હોઇએ ત્યાં બધી જ જગ્યાએ ધુમ્રપાન નિષેધ થાય અને જાહેર સ્થળોએ ન પીવાય એ માટેની કાર્યવાહી પ્રેરણા આપીને કરીએ એવી મારી સૌ સભ્યશ્રીઓને વિનંતી છે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી હર્ષભાઇને હું વિનંતી કરું છું કે, ઓલરેડી આની સત્તા કેન્દ્ર સરકાર પાસે છે તો કેન્દ્ર સરકારની આ જોગવાઇઓને રાજ્ય સરકારે અમલમાં મૂકેલ છે, ત્યારે આપ આ પ્રસ્તાવ પાછો ખેંચો, અને આપણે બધા સાથે મળીને, સરકાર સરકારની રીતે કરે છે પણ આપણે સૌ જાહેર કાર્યકરો આપણી રીતે કામ કરી અને વ્યસન મુક્તિ માટે, ધુમ્રપાન નિષેધ માટે કામ કરીએ એવી સૌને મારી વિનંતી છે.

શ્રી હર્ષ ર. સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, જયારે ગુજરાતની આખી પ્રજા, ગુજરાતના છ કરોડ નાગરિકોના સ્વાસ્થ્યની જે જવાબદારી છે, અને જયારે અમારા માનનીય મંત્રીશ્રી ઉપર વિશ્વાસ છે કે, એ જે બોલશે એ કરશે. માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૩નું વિધેયક ક્રમાંક– ૬ પાછું ખેંચી લેવાની સભાગૃહ મને અનુમતિ આપે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

હર્ષ ર. સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૩નું વિધેયક ક્રમાંક– ૬ ગુજરાત જાહેર સ્થળોમાં ધુમ્રપાન કરવા પર પ્રતિબંધ મૂકવા બાબત વિધેયક પાછું ખેંચી લઉં છું.

અધ્યક્ષશ્રી : વિધેયક પાછું ખેંચવામાં આવે છે.

**સન ૨૦૧૩નું ગુજરાત વિધેયક ક્રમાંક–૯**
**ગુજરાત રેગીંગ અટકાવવા બાબત વિધેયક, ૨૦૧૩**
**ગુજરાત રાજયમાં શૈક્ષણિક સંસ્થાઓમાં રેગીંગ અટકાવવા અને તેની સાથે સંકળાયેલી બાબતો માટેનું વિધેયક**

ડો. તેજશ્રીબેન દિ. પટેલ(વિરમગામ) : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૩ના વિધેયક ક્રમાંક•–૯, સન ૨૦૧૩નું ગુજરાત રેગીંગ અટકવવા બાબત વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

ડો. તેજશ્રીબેન દિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, તાજેતરમાં રેગીંગની એ શિક્ષણ સંસ્થાઓ માટે કલંકરૂપ ઘટનાઓ છે. જેના લીધે દિવસે દિવસે એમાં નોંધપાત્ર વધારો થતો જાય છે અને રોજબરોજ સમાચારપત્રોમાં અને ન્યુઝચેનલોમાં આપણે જોઇએ છીએ કે, રેગીંગની ઘટનાઓ વધતી જાય છે ત્યારે આપણું માથુ શરમથી ઝૂકી જાય છે. નવા નવા યુવાનો– યુવતીઓ જયારે સ્કૂલમાંથી મોટા થઇ યુવાન થઇ અને કોલેજોમાં પ્રવેશ કરે છે, હજુ તો મુછનો દોરો પણ માંડ ફૂટ્યો ના હોય, દીકરીઓ પણ જે નાની હોય, એને ભણવાના ઘણા કોડ હોય, એ સાથે એ કોલેજમાં જાય ત્યારે એમના મનમાં થાય કે આપણે ભણીશું, નવા નવા કોલેજમાં જઇશું, નવું નવું વાતાવરણ હશે, નવો યુગ હશે, નવા મિત્રો હશે, નવો થનગનાટ હોય, નવા પ્રોફેસરો હોય, હજી તો મનમાં થોડીક થોડીક બીક હોય, થોડો રોમાંચ હોય, કોલેજમાં જવાનું અને મા –બાપથી છૂટા પડવાનો થોડોક ડર હોય, ગામડેથી આવતા હોય, કોઇ શહેરમાંથી જતા હોય, કોઇ બીજા રાજયોમાંથી આવતા હોય, કોઇ બીજા દેશોમાંથી આવતા હોય ત્યારે એ બધા બાળકોને સહાનુભૂતિની જરૂર હોય. ગાઇડન્સની જરૂર હોય, સપોર્ટની જરૂર હોય, કાઉન્સેલીંગની જરૂર હોય તેવા વખતે જયારે કોઇ સિનીયર સાથી સભ્યો અથવા તો સાથી સભ્યોથી માનસિક રીતે કે શારિરીક રીતે જો હાનિ પહોંચાડવામાં આવે, અયોગ્ય કોઇ વર્તણૂક કરવામાં આવે તો એનાથી એના મનમાં દહેશત, ડર, શરમ કે મૂંઝવણ જેવી પરિસ્થિતિ ઉભી થાય છે એના લીધે એનો અભ્યાસ બગડે છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે કહેવું છે કે, પહેલાં તો બીજા રાજયોમાં જ રેગીંગ થતા હતા, પરંતુ હવે એડમીશનની પ્રથા જયારથી સેન્ટ્રલાઇઝ થઇ છે ત્યારથી આપણા રાજયમાં પણ આવા પ્રસંગો જોવા મળે છે અને ઘણીવાર બહારના દેશોમાંથી પણ જે સ્ટુડન્ટો અહીં ભણવા માટે આવતા હોય છે. ત્યારે આપણી

• વિધેયક તા. ૨૧મી ફેબ્રુઆરી, ૨૦૧૩ના ગુજરાત રાજયપત્રમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

સવિશેષ જવાબદારી વધી જાય છે કારણ કે, બહારથી આવતા વિદેશના સ્ટુડન્ટ પર જ્યારે રેગીંગ થાય ત્યારે આપણા દેશની આબરૂ પણ ખતરામાં મૂકાઇ જાય છે. કારણ કે પ્રિ–મેચ્યોરીટીના લીધે ઘણી વાર સ્લીપ ઓફ માઇન્ડ થઇ જાય છે અને આ ઉંમર ખૂબ જ નાજુક ઉંમર હોય છે. રેગીંગમાં જ્યારે વિદ્યાર્થી કે વિદ્યાર્થિનીઓને છેડવાનો કે અપમાન કરવાનો કે ધમકી આપવાનો કે મજાક ઉડાડવાનો કે ઇજા પહોંચાડવાનો કે ન ઇચ્છતા હોય તેવા કામો કરવા માટે ફરજ પાડવામાં આવે છે ત્યારે વિદ્યાર્થીને આ રીતે ઘણી વાર મુશ્કેલીમાં મૂકાવું પડે છે અને જ્યારથી નવી ટેકનોલોજી મોબાઇલ આવ્યા ત્યારથી તો મોબાઇલ પર બિભત્સ એસ.એમ.એસ. કરવા, મોબાઇલમાં ફોટા પાડવા, વિડિયો ક્લિપિંગ કરવી, બ્લેકમેઇલ કરવા વગેરે ખૂબ જ કોમન થઇ ગયું છે ત્યારે એના કારણે વિદ્યાર્થી કે વિદ્યાર્થિની એટલી હદે તકલીફમાં મૂકાઇ જાય છે, એટલા બધા એ લોકો ડિપ્રેસ થઇ જાય છે કે એમનું ભણવાનું બગડે છે, એમની કેરિયર બગડે છે અને ઘણી વાર તો તેઓ આત્મહત્યા પણ કરી લેતા હોય છે. ઘણી વાર મા–બાપની સ્થિતિ એટલી બધી કફોડી થઇ જાય છે કે મા–બાપ પણ ચિંતામાં પડી જાય છે કે આનો શું ઉપાય કરવો? ત્યારે ઘણી વાર સમજી શકતા નથી કે આનો રસ્તો શું? જાતિય સતામણીની વાત હોય તો સામાન્ય રીતે દીકરીઓ ચૂપચાપ સહન કરી લેતી હોય છે, લોકો શું કહેશે તેની બીક લાગતી હોય છે અને પોતાની જાતને દોષિત માનવાનું કે લજ્જિત થવાનું કોઇ કારણ હોતુ નથી પણ એ લોકોને આઘાત જ એટલો લાગે છે કે તેઓ ડરી જાય છે અને ગભરાઇ જાય છે તે પણ જો કે બહુ સ્વાભાવિક છે. મારે કહેવું છે કે, "કંઇ ફૂલ ખિલતે હે ખિલને સે પહેલે મુરઝા જાતે હે વો બહારો સે આને સે ફીર ખિલતે નહીં." એટલે જેનું જીવન રોળાય જાય છે, જેનું કેરિયર ખરાબ થઇ જાય છે એ સમય ફરી આવતો નથી.

આ રોગ એ આપણી સંસ્કૃતિનો રોગ નથી કારણ કે પહેલા આ રોગ આપણે ત્યાં હતો નહીં પણ જ્યારથી વેસ્ટર્ન કલ્ચર આવ્યું છે અને આપણે ત્યાં વેલેન્ટાઇન ડે કે ૩૧ ડિસેમ્બર જેવા વેસ્ટર્નના રંગે જ્યારે વિદ્યાર્થીઓ રંગાઇ ગયા છે ત્યારે આ દૂષણને અટકાવવું હોય તો કાયદો જરૂરી છે. તેથી એડમિશનો જ્યારે કોલેજમાં થતા હોય ત્યારે આવું કાઉન્સિલ થાય અને તે વખતે નોટિસ બોર્ડ પર પણ લખાય કે રેગીંગ કરશે તો આટલા પ્રકારના દંડ થશે અને ચેતવણી અપાય અને ખાસ તો જ્યાં હોસ્ટેલોની વ્યવસ્થા છે, જ્યાં રેસિડેન્સીયલ વ્યવસ્થા છે ત્યાં આ પ્રકારની ખાસ વ્યવસ્થા થાય તો જે તકલીફ થાય છે એમાં પર્ટીક્યુલરલી ક્યા અધિકારીનો સંપર્ક કરવો એ પણ જો વ્યવસ્થા ગોઠવાય તો કેટલીય જિંદગી અને કેટલાયની કેરિયરને આપણે નુકસાન થતું અટકાવી શકીએ. ઘણી વાર જૂનિયર વિદ્યાર્થીઓ હોય એના પર સિનિયર વિદ્યાર્થીઓ જાતિય વિકૃતિના લીધે અથવા તો સુપિરિયાલિટી કોમ્પ્લેક્સના લીધે એને ભોગ બનાવે છે અને તેને લીધે ઘણી વાર જૂનિયર વિદ્યાર્થીઓ પણ આઘાતનો શિકાર બને છે, હોમોસેક્સુઆલીટીનો ઘણી વાર ભોગ બને છે. સમાજમાં આવા બધા દૂષણો જો આવે તો ખૂબ ગંભીર સમસ્યાઓ ઉભી થાય છે. સમાજમાં વિદ્યાર્થીઓ કે વિદ્યાર્થિનીઓ પર થતા આ અત્યાચાર એ એમની અંગત બાબત નથી આ અત્યાચારો સામે લડત ઉપાડવી એ આપણા સૌની આગેવાનો તરીકે નૈતિક જવાબદારી છે. સુપ્રીમ કોર્ટે ડાયરેક્ટીવ્ઝ આપ્યા છે કે રેગીંગનો વિરોધ કરવા માટે, રેગીંગનો સામનો કરવા માટે અને જે દૂષણ છે તેનો સામનો કરવા ખાસ કાયદાઓ બનાવવામાં આવે અને તેના માટે સ્ટેન્ડીંગ કમિટીઓ દરેક જગ્યાએ બનાવવી જોઇએ. તેના કારણે યુનિવર્સિટીઓમાં પણ ગ્રાન્ટ કમિશન છે તેમણે પણ કોલેજોમાં એન્ટી રેગીંગ કમિટી અને એન્ટી રેગીંગ સ્ક્વોડ બનાવવી જોઇએ એવા ડાયરેક્ટીવ્ઝ બધાને આપ્યા છે છતાં આ ઘટનાઓ છૂટક છૂટક બન્યા જ કરે છે એના લીધે મહારાષ્ટ્ર, કેરાળા, કર્ણાટક જેવા રાજ્યો છે કે જેમણે આવા કાનુનો બનાવ્યા છે. વિદ્યાર્થીઓનું કાઉન્સિલિંગ કરી આત્મવિશ્વાસ ઉભો કરવા માટે મારી માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે કાનુન બનાવીએ. એક ચોક્કસ વ્યવસ્થા, એક ચોક્કસ જવાબદારી ઇન્સ્ટીટ્યુશનના તંત્રને કે રાજયના જુદા જુદા વિભાગોને સોંપવામાં આવે તો આને અટકાવી શકાય તે અપેક્ષા સાથે હું માનનીય મંત્રીશ્રીને અને આ ગૃહમાં બેઠેલા માનનીય સર્વ સભ્યશ્રીઓને વિનંતી કરું છું કે, આપ સૌ આમાં સહકાર આપશો તેવી અપેક્ષા રાખું છું. "આભાર "

**ડૉ. ભારતીબેન ધી. શ્યાળ(તળાજા) :**માનનીય અધ્યક્ષશ્રી, આ સન્માનનીય ગૃહમાં મારા વિપક્ષના સાથી સભ્ય બહેનશ્રી તેજશ્રીબેન પટેલ ગુજરાતની શૈક્ષણિક સંસ્થાઓમાં રેગીંગ અટકાવવા બાબત જે બિનસરકારી વિધેયક લઈને આવ્યા છે એમાં હું મારું સમર્થન આપતી નથી અને મારા વિચારો રજૂ કરું છું.

અમે જ્યારે કોલેજમાં ભણતા હતા ત્યારે એક મજાકિયું સુત્ર ઘણી બધી વખત બોલવામાં આવતું હતું. ખૂબ મજાકના રૂપમાં હતું એ સુત્ર. પણ એ માનસિકતા છતી કરે છે.

"**ભણતવ્યં તહિરપિ મરતંવ્યં, નહિ ભણતવ્યં તહિરપિ મરતંવ્યં, તો કીમ વ્યર્થ માથાકૂટ કર્તવ્યમ્"**

આવી એક માનસિકતા વિદ્યાર્થીઓની હોય અને આવી આ માનસિકતાવાળા વિદ્યાર્થીઓ ઘણી વખત આ રેગીંગની પ્રવૃત્તિઓ કરતા હોય છે અને એટલા માટે શૈક્ષણિક સંસ્થાઓમાં નવા વિદ્યાર્થીઓ પ્રવેશ લે છે એટલે કે ફ્રેશર્સ, એને જુના વિદ્યાર્થીઓ દ્વારા શારીરિક અને માનસિક કનડગત અથવા તો પરેશાની કરવામાં આવતી હોય છે અને ક્યારેક એવું પણ બનતું હોય છે કે તેમની પાસે અમાનવીય પ્રવૃત્તિઓ અથવા તો સંસ્કારી સમાજને ન છાજે તેવી પ્રવૃત્તિઓ પણ પરાણે કરાવવામાં આવતી હોય છે અને આને જ રેગીંગ કહેવામાં આવે છે. મારે એ કહેવું છે કે, આ રેગીંગની ઘટનાઓ બીજા રાજ્યોમાં ખૂબ બનતી આવી છે તેજશ્રીબેન, પણ ગુજરાતમાં મારા ધ્યાને લગભગ આવું ક્યાંય આવ્યું નથી અને રેગીંગની ઘટનાઓ ક્યારેય પણ બની નથી. એટલે ખાસ અમારા માનનીય મુખ્યમંત્રીશ્રી અને શિક્ષણ વિભાગે જે નામદાર સુપ્રીમ કોર્ટનો ચુકાદો આવ્યો ત્યારે તરત જ અમુક સૂચનાઓ જારી કરી હતી અને આ સૂચનાઓનું શૈક્ષણિક સંસ્થાઓ કડક રીતે પાલન કરે એ પણ જૂએ છે. ખાસ તો દરેક સંસ્થાઓમાં આ માટે સંસ્થાકિય કમિટી, એની ઉપર યુનિવર્સિટીની કમિટી, એની ઉપર ડિસ્ટ્રિક્ટ લેવલની કમિટી અને એની ઉપર છેક રાજ્ય સ્તરની કમિટી બનાવવામાં આવેલી છે અને આ બધાનું જ મોનીટરીંગ પણ થાય છે. સંસ્થાઓમાં પણ એન્ટી રેગીંગ સ્કવોર્ડ, એન્ટી રેગીંગ સેલ અને મોનીટરીંગ સેલની રચનાઓ કરવામાં આવેલી છે, આ બધા જ વિદ્યાર્થીઓ ઉપર સંસ્થા પોતે પણ એની પ્રતિષ્ઠાને હાનિ ના પહોંચે એ માટે સતત જાગૃત રહીને વાલીઓ અને વિદ્યાર્થીઓ બન્ને શિસ્ત પાલનની બાબતમાં ખૂબ સજાગ રહે એના માટે ખૂબ કડકાઇથી એનો અમલ કરે છે અને જ્યારે વિદ્યાર્થીને એડમીશન આપવામાં આવે છે ત્યારે એની લેખિત બાંહેધરી પણ લેવામાં આવતી હોય છે

ખાસ તો હમણાં તેજશ્રીબહેને કહ્યું કે નવા વિદ્યાર્થીઓને પ્રોત્સાહનની જરૂર હોય છે, હૂંફની જરૂર હોય છે, કાઉન્સેલિંગની જરૂર હોય છે. તો તેજશ્રી બહેન મારે આપને કહેવું છે કે, આપણા રાજ્યમાં આવું દરેક શૈક્ષણિક સંસ્થાઓમાં થઇ રહ્યું છે. હું એક દાખલો આપીશ. મારી દીકરીને જ્યારે એમ.બી.એ. માટે કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટીની કોલેજમાં એડમીશન મળ્યું ત્યારે એની કોલેજ, એના પ્રિન્સીપાલ, સમગ્ર યુનિવર્સિટી અને એના ખાસ તો સિનિયર વિદ્યાર્થીઓ અને આખો સ્ટાફ મળીને એક સરસ મજાની "વેલકમ પાર્ટી"નું એ લોકોએ આયોજન કર્યું અને એક સરસ મજાનું વાતાવરણ કે જેથી એમનો ભાઇચારો વધે, સુમેળભર્યું વાતાવરણ આખી કોલેજમાં અને નવા ફ્રેશર્સ વિદ્યાર્થીઓ માટે ઉભું થાય એવું કરવામાં આવ્યું હતું અને ખાસ તો મારી દીકરીએ જ્યારે મને ઘેર આવીને કહ્યું કે મમ્મી હવે મને બિલકુલ ડર નથી, કારણકે ત્યાં મને ઘર જેવું, પરિવાર જેવું વાતાવરણ લાગે છે તેમજ અમારા પ્રોફેસરો પણ અમને એટલી જ મદદ કરે છે એટલા માટે અને મને લાગે છે કે આવું ગુજરાતની દરેક શૈક્ષણિક સંસ્થાઓમાં અત્યારે બને છે. એટલે રેગીંગની બાબતમાં હવે ગુજરાતના વિદ્યાર્થીઓએ ડરવા જેવું નથી

ખાસ તો કોલેજોમાં અથવા શૈક્ષણિક સંસ્થાઓમાં પણ પરિવાર જેવું વાતાવરણ બને એ માટે પણ નાના નાના ગૃપ બનાવવામાં આવે છે અને એ ગૃપમાં એક એક સ્ટાફ મેમ્બરને એની જવાબદારી સોંપવામાં આવે છે અને એ સ્ટાફ મેમ્બર પોતે એ નવા ફ્રેશર્સને એક એક વિદ્યાર્થીને મળે છે અને એમની સાથે ચર્ચા કરે છે અને એનો રિપોર્ટ પણ ઉચ્ચ કક્ષાએ આપવામાં આવે છે. જ્યારે રાજ્ય સરકારની ઉચ્ચ લેવલની કમિટી એમાં કેટલા ઉચ્ચ કક્ષાના અધિકારીઓ છે એ હું સન્માનનીય ગૃહને જણાવવા માગું છું. એના ચેરમેન છે કમિશનર ઓફ હાયર એજ્યુકેશન, એડિશનલ કમિશનર, હેલ્થ એજ્યુકેશન પણ એના મેમ્બર છે, એડિશનલ ડી.જી.પી. (લો એન્ડ ઓર્ડર) એ પણ એના મેમ્બર છે. જોઇન્ટ ડાયરેક્ટર ઓફ કોલેજીસ, ડાયરેક્ટર ઓફ ટેકનીકલ એજ્યુકેશન, જોઇન્ટ ડાયરેક્ટર, એન.એસ.એસ. આ બધા ઉચ્ચ કક્ષાના અધિકારીઓ આ

કમિટીમાં હોય છે અને આપણી રાજ્ય સરકાર અને આ કમિટી અને આપણો વિભાગ આના માટે ખૂબ સજાગ છે અને રેગીંગ અટકાવવા માટે ખૂબ કટિબદ્ધ છે ત્યારે આ વિધેયકને હું સમર્થન કરતી નથી અને તે પાછું ખેંચી લેવા માટે હું તેજશ્રીબહેનને વિનંતી કરું છું.

ડો. નિર્મલાબેન સુ. વાઘવાણી(નરોડા) : માનનીય અધ્યક્ષશ્રી, આ સભાગૃહમાં સભ્યશ્રી દ્વારા શૈક્ષણિક સંસ્થાઓમાં રેગીંગ અટકાવવા બાબતે રજૂ કરેલ બિન સરકારી વિધેયકનો હું સખત વિરોધ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજય અહિંસા પુરુષ મહાત્મા ગાંધીની ભૂમિ છે. છેલ્લા ૧૧ વર્ષથી માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વમાં, આ રાજય સમગ્ર દેશમાં અથવા કહું તો આખા વિશ્વમાં વિકાસ, શાંતિ અને સદ્ભાવનાનું પ્રતીક બની ગયુ છે. ગુજરાત રાજયની શૈક્ષણિક સંસ્થાઓમાં રેગીંગ જેવી અમાનવીય અને ધૃણાસ્પદ ઘટના કયારેય બની નથી. રાજયની શૈક્ષિણક સંસ્થાઓમાં સંસ્કારો અને માનવીય મૂલ્યોની સમજ આપવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, આજે જયારે ગુજરાત વસુદૈવ કુટુમ્બકમની ભાવના સાથે આગળ વધી રહ્યું છે ત્યારે આવો કાયદો બનાવવાથી સીનિયર સ્ટુડન્ટસ નવા વિદ્યાર્થીઓના નામ પૂછતા પણ ડરશે. આવા કાયદાથી તો રિવર્સ રેગીંગ જેવી ઘટનાઓ બનશે અને આવા ભયના માહોલમાં સીનિયર જુનિયરનો રિશ્તો તો જાણે એવું થઇ જશે,

**મૈત્રી છે નવી પણ કબૂલાત કોણ કરે,**
**શબ્દો વડે મૈત્રીની રજૂઆત કોણ કરે,**
**વાત કરવા તત્પર છે બંને પણ,**
**વાત કરવાની શરૂઆત કોણ કરે.**

આમ પણ અધ્યક્ષશ્રી, રેગીંગ અટકાવવા માટેનું આ વિધેયક કે જેમાં બે વર્ષની જેલ અને ૧૦ હજારના દંડની જોગવાઇ છે. મને એવું લાગે છે કે જાણે ચૂંટીને મારવા માટે બોફોર્સ તોપનો ઓર્ડર આપી દીધો હોય.

માનનીય અધ્યક્ષશ્રી, યુવા પેઢીમાં પોઝીટીવ વિચારોનો સંચાર કરવો જોઇએ, વ્યકિતત્વ નિર્માણ કરવુ જોઇએ. યુવા વર્ગને ભયના પડછાયા હેઠળ જીવવું પડે તો એનાથી એમની શકિતનો નાશ થશે. શિક્ષણ કેવી રીતે હોવું જોઇએ તે હું સ્વામી વિવેકાનંદજીના શબ્દોમા કહું તો,

**"We want education by which character is formed, strength of mind is increased, the intellect is expanded, and by which one can stand on one's own feet."**

માનનીય અધ્યક્ષશ્રી, અને આ ત્યારે જ શકય થશે જયારે શિક્ષણ સંસ્થાઓમાં પ્રેમ, શાંતિ, સદ્ભાવના અને આપસી ભાઇચારાનો માહોલ હોય નહીં કે ભય, આતંક અને નફરતનો. યુવા વર્ગને સાચી દિશા અપાશે તો એમની અને દેશની દશા પણ બદલાશે અને દિશા પણ બદલાશે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે તો એવુ કહેવું છે કે,

**''ગુજરાત કે શાંત પાની મેં, ના ડાલો તુમ કંકર પત્થર, દિલ્હી મેં લે જાઓ જહાં, લટક રહે ભૂતપ્રેત ઔર ખંજર •(xxxxxx) ડીએમકે ફિસલા જૈસે LANDSLIDE, UPA ચેનકેન પ્રકારેણ. (xxxxxx) લગતા હૈ ઉન્હે ભી ચાહિયે, અબ સિર્ફ નરેન્દ્ર મોદી, નરેન્દ્ર મોદી.**

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, જેઓ આ ગૃહના સભ્ય નથી એટલે તેનું નામ લઇ શકાય નહીં. એટલે તે શબ્દો રદ કરવામાં આવે.

અધ્યક્ષશ્રી : વાંધા જેવુ હશે તો પછીથી કાઢી નાંખીશુ.

---

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા.

ડો. નિર્મલાબેન સુ. વાધવાણી : માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૧૪ મેં હોના હૈ, વો દિખા દેગા ૨૦૧૩, નરેન્દ્ર મોદી દિલ્હી જાયેંગે, હટેંગી કાલી રાત, હોગા નયા સવેરા. નામદાર સુપ્રીમ કોર્ટના ૮–૫–૨૦૦૯ના ચુકાદા મુજબ રાજય સરકારે પણ તારીખઃ૧૪–૭–૨૦૦૯ના રોજ ઠરાવ કરી રેગીંગ અટકાવવા કડક પગલાં લીધેલ છે. આપના માધ્યમથી મારે સાથી સભ્યોને ગવર્નમેન્ટ ઓફ ગુજરાતના,એજયુકેશન ડિપાર્ટમેન્ટના ૧૪–૭–૨૦૦૯ના જી.આર.નંબર.પીઆરસીએચ/૧૩૦૯ /૭૨૯/ખ

અધ્યક્ષશ્રી : આપની પાસે એક મિનિટ છે.

ડો નિર્મલાબેન વાધવાણીઃ એ જી. આર. એક વખત જોઇ લે તો આવા કાયદા રચવાની કોઇ જરૂરત નથી એનાથી તો વધારે તમે ગુજકોક અને મહિલા આરક્ષણ વિધેયક જે બાકી છે એમાં મહિલા હોવા છતાં એ સપોર્ટ કરે તેની હું અપેક્ષા રાખું છું. શિક્ષા પૂરી કર્યા પછી યુવાનોને મનમાં એવી ફિલીંગ પોઝીટીવ હોવી જોઇએ કે ‘‘જિંદગી કે પન્નોકો ઉલટ કર દેખા તો હર અપના બેગાના યાદ આ ગયા,

ભૂલ ગયે જમાને કે સારે ગમ, જબ કોલેજ કા ગુજરા હુઆ જમાના યાદ આ ગયા’’,

માનનીય અધ્યક્ષશ્રી, જો બાતે કહી હૈ, ઓર ઇસ વકત જો રૂલ્સ ઔર રેગ્યુલેશન હૈ, વો સબ ગવર્નમેન્ટ ફોલો કર રહી હૈ, ઇસ લીયે યે સબ બાતે કરનેકા કોઇ મતલબ નહીં, તેથી આ રેગીંગ અટકાવવા બાબતનું બિન સરકારી વિધેયક લઇને આવ્યા છે તેનો વિરોધ કરું છું.

અધ્યક્ષશ્રી : એક વ્યકિતનું નામ બોલ્યા છે એની જો ટીકા કરી હશે તો જોઇને એ શબ્દો દૂર કરવામાં આવશે.

શ્રી અમિતભાઇ હ. ચૌધરી(માણસા) : માનનીય અધ્યક્ષશ્રી, આ સન્માનનીય ગૃહમાં માનનીય બહેન શ્રી તેજશ્રીબહેન જે વિધેયક ક્રમાંક–૯ ગુજરાત રેગીંગ અટકાવવા બાબત વિધેયક લઇને આવ્યા છે તેને હું સમર્થન આપું છું અને મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ રેગીંગ એટલો ભયાનક શબ્દ છે કે એની વ્યાખ્યા જે રીતે થઇ એ ખૂબ જ ખરાબ રીતે થઇ, રેગીંગની જે અસરો છે એ એના કરતા પણ ભયંકર છે, છેલ્લા પાંચ દસ વર્ષમાં જે પ્રમાણે રેગીંગના કિસ્સા ગુજરાતમાં વધ્યા છે એ રીતે આપણાં સન્માનનીય ગૃહના સૌ સભ્યોએ એની ચિંતા જરૂર કરવી પડે, આપણે ગાંધી બાપુના અને સરદાર સાહેબના શાંતિપ્રિય ગુજરાતમાં આ રીતની ઘટનાઓ સાંખી ન લેવાય, બહેનશ્રીએ કહ્યું કે છેલ્લા દસ વર્ષમાં કોઇ કિસ્સા રેગીંગના બન્યા નથી, તો માનનીય ભારતીબહેન અને ડો. નિર્મળાબેનને હું થોડા ઘણાં કિસ્સા ગણાવીશ. જુલાઇ ૨૦૦૬, ગુજરાત વિદ્યાપીઠ, એક વિદ્યાર્થીને એના કપડા કાઢી નાખવાની ફરજ પાડવામાં આવી, જુલાઇ–૨૦૦૯, એલીસબ્રીજ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલો રેગીંગનો કિસ્સો, ગુજરાત કોલેજમાં નગ્ન ડાન્સ કરવા માટે ફરજ પાડવામાં આવી, આ કિસ્સાઓ હવે ફકત આવી સામાન્ય કોલેજોમાં જ નહીં પણ મેડિકલ ઇન્સ્ટીટયુશન, એન્જિનિયરીંગ કોલેજો અને પોલિટેકનીક કોલેજોમાં પણ વધતા જાય છે. શ્રી એમ.ડી. શાહ મેડિકલ કોલેજ, વિદ્યાર્થીઓ દ્વારા વિદ્યાર્થીનીઓ ઉપર રેગીંગ, આ રેગીંગનો જે શબ્દ છે, પહેલા માનનીય બહેને કહ્યું કે તેની તીવ્રતા હતી તે મજાક મસ્તીના મૂડમાં થતી હશે, પણ જેમ જેમ ગુજરાતનો જે રીતે વિકાસ થયો તેમ આ રેગીંગ શબ્દની તીવ્રતામાં પણ વધારો થયો છે. એની સાથે ક્રાઇમ શબ્દનો પણ ઉમેરો થયો છે. ૨૦૧૧ની વાત કરીએ તો સંતોની નગરી જુનાગઢ, ત્યાં આ રેગીંગનો કિસ્સો બન્યો અને યુવાન તાબે ન થયો તો તેને સામેવાળા માણસોએ મારીને હોસ્પિટલ ભેગો કર્યો હતો. કોણ કહે છે કે ગુજરાતમાં કિસ્સા નથી બનતા? આ કિસ્સાઓ જાહેર કરીને મારા ગુજરાતને બદનામ કરવા નથી માગતો, પણ મારી સામે સત્તા પક્ષના ધારાસભ્યો *(xxxxxx) તે સૂચવવા માગું છું.

અધ્યક્ષશ્રી : (xxxxxx) તે શબ્દો આપણે કાઢી નાખીએ છીએ, કોઇ સભ્યને એમ ન કહી શકાય, પછી એ આપણને પણ લાગુ પડે.

શ્રી અમિતભાઇ હ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, વડોદરામાં એક આવો કિસ્સો બન્યો, યુવતિઓ

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાખવામાં આવ્યા.

જયારે એમના ઓફિસર પાસે રજૂઆત કરવા ગઇ, ઓફિસમાં કોઇ હાજર નહોતું, અને આ આપણી ગુજરાતની શાંતિપ્રિય સ્વભાવ ધરાવતી યુવતિઓ જયારે રણચંડી બની અને ઓફિસમાં તોડફોડ કરી એ ન્યુઝ આપ સૌએ પણ બરોડાના જોયેલા હશે. માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૧૦ની વાત કરીએ તો બી. જે. મેડિકલ કોલેજમાં એક આવો રેગીંગનો કિસ્સો બન્યો, સૌ મિત્રોએ ભેગા થઇ અને એનો વિરોધ કર્યો, ત્યારે અમારા એન.એસ.યુ.આઇ.ની યુવાનોની પાંખે એનો વિરોધ કર્યો ત્યારે એ લોકોને જેલ ભેગા કર્યા અને પોલીસ સ્ટેશનના હવાલે કર્યા હતા, ઉપર સે ચોર કોટવાલ કો ડાંટે એવી પરિસ્થિતિ કરી હતી. આ કિસ્સાઓ આટલેથી અટકતા નથી હવે એનો રેલો નાના કૂમળી વયના દીકરાઓ છે, બાળકો છે ત્યાં સુધી પહોંચવા માંડયો, સુરતની રહાન ઇન્ટરનેશનલ સ્કૂલ, પાંચમાં ધોરણમાં ભણતા વિદ્યાર્થી ઉપર નવમાં ધોરણમાં ભણતા વિદ્યાર્થીએ રેગીંગ કર્યું તે કિસ્સો એ વખતે પ્રકાશમાં આવ્યો હતો. આવા અકલ્પનીય બનાવો, આવી અપમાનજક ઘટનાઓ આટલેથી અટકતી નથી. સુરતની ઘટના કહું તો કેમ્પસની બહાર જાહેરમાં બે વિદ્યાર્થીનીઓની ઉપર એ જ કેમ્પસના વિદ્યાર્થીઓએ જાહેરમાં એ લોકોની છેડતી કરીને રેગીંગ કર્યું એ પણ ટીવી નાઇનમાં ન્યુઝ બનેલા છે આ એ જ કોલેજ હતી જેમાં પણ આવા બનાવ બની ગયા હતા અને તે વખતે પણ એની સામે કોઇ પગલાં લીધા નહોતા. એમ. એસ. યુનિવર્સિટીની વાત કરીશ, એક પ્રોફેસર નામ છે મયૂર ગુપ્તા એની પણ ભૂતકાળમાં રેગીંગના કિસ્સામાં ધરપકડ થઇ ચૂકી છે. બહેનશ્રી આવા છૂટક છૂટક બનાવો કહેતા હતાં એ ચિંતાજનક એમના માટે નહિ હોય પણ અમારે માટે ખરેખર ચિંતાજનક છે.

આવા રેગીંગની અસરો જે પડે કે વિદ્યાર્થી અમુક એવા હોય કે શરમના કારણે બીજાને કહી શકતા ન હોય એવા લોકો અંદરને અંદર ગૂચવાય એમના અભ્યાસ ઉપર અસરો પડે એમના માનસ ઉપર એમનો માનસિક તણાવ વધવા માડે એના કારણે ઘણી વખત એવા વિદ્યાર્થીઓ આત્મહત્યા જેવા પગલાં ભરી લે છે અને એના પરિણામે એમનું ફેમિલી હોય છે કે પરિવારજનો હોય એને પણ ભોગવવું પડે છે. આવી ઘટના નહિ રોકવાને કારણે આજે એવા કેમ્પસની અંદર અમુક લોકોને એટલી બધી તાકાત મળી કે પાટણ જેવા બળાત્કાર કે સામૂહિક બળાત્કાર જેવા કેસો પણ થવા માંડ્યા. આપણી ગુજરાતની નવી પેઢીને એ કાયદા દ્વારા નવી પેઢીને સુરક્ષિત કરવા આ અસામાજિક તત્વોથી રક્ષણ આપવા માટે આવા કાયદાઓનું ગઠન કરીએ અને જેમ માનનીય મુખ્યમંત્રીશ્રીએ ગુટખા ઉપર પ્રતિબંધ મૂકવા માટે એક મિસ્ડકોલ મુખ્યમંત્રીશ્રીને એવી એક સિસ્ટમ લાવીને બહારની પબ્લિકનો પણ આમાં મત માગીએ તો મને વિશ્વાસ છે ગુજરાતની જનતા ઉપર કે જે વખતે ગુટખા પ્રતિબંધ માટે આવ્યા એના કરતાં અનેક મિસ્ડકોલ આ કાયદા માટે આવશે એની મને ખાતરી છે.

શ્રીમતી સંગીતાબેન રા. પાટીલ(લીંબાયત) : માનનીય અધ્યક્ષશ્રી, સૌ પ્રથમ આ સન્માનનીય સભાગૃહમાં મને સૌ પ્રથમવાર મારા વિચારો વ્યકત કરવા માટેની તક મળી એ માટે આપનો આભાર માનું છું. અને આ સન્માનનીય સભાગૃહમાં મને સ્થાન મળ્યું એના માટે મારી ભારતીય જનતા પાર્ટી અને આદરણીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબનો પણ આભાર માનું છું.

માનનીય સભ્યશ્રી તેજશ્રીબેન પટેલ દ્વારા શૈક્ષણિક સંસ્થાઓમાં રેગીંગ અટકાવવા બાબત માટે રજૂ કરેલ બિન સરકારી વિધેયકના વિરોધમાં હું મારુ નિવેદન રજૂ કરું છું.

રાજયની શૈક્ષણિક સંસ્થાઓમાં રેગીંગ અટકાવવા માટે માનનીય સભ્યશ્રી દ્વારા દંડની જોગવાઇ સાથે વિધેયક રજૂ કરવામાં આવેલ છે. પરંતુ માનનીય સભ્યશ્રીનું ઘ્યાન દોરવાનું છે કે નામદાર સુપ્રીમ કોર્ટના ચૂકાદા બાદ રાજય સરકાર દ્વારા પૂરતા પ્રયત્નો થયા છે. શિક્ષણ વિભાગ દ્વારા સંસ્થાથી લઇ યુનિવર્સિટી અને રાજયકક્ષાએ મોનિટરીંગ સેલ સહિત એન્ટી રેગીંગ સેલની રચના કરવામાં આવેલ છે. જેથી પૂરતી તકેદારી લેવામાં આવેલ છે. રાજયમાં આવી કોઇ ઘટના બનતી નથી ત્યારે આવું વિધેયક લાવવાની જરૂરત પ્રસ્થાપિત થતી નથી. રાજય સરકાર દ્વારા રાજયના વિદ્યાર્થીઓમાં ગુણોત્તમ સુધારો આવે, શિસ્ત અને સન્માનનીય વાતાવરણ જળવાઇ રહે અને વિદ્યાર્થીઓ દ્વારા અન્ય વિદ્યાર્થીઓના ગૌરવપૂર્ણ વ્યકિતત્વની જાળવણી થાય તે માટે સૌહાર્દયભર્યા વાતાવરણમાં દરેક કોલેજ તથા ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણની

પ્રણાલી રાજયમાં રહેલી છે. રાજય સરકારના પ્રયાસો અને રાજયની સામાજીક વ્યવસ્થા તેમાં પ્રતિબિંબિત થાય છે. અન્ય રાજયની મેડીકલ અને એન્જિનિયરીંગ કોલેજમાં ગભીર પ્રકારની વિકૃત માનસિકતાવાળી ઘટનાઓ આપણને મીડીયામાં જોવા જાણવા મળે છે. જયારે ગુજરાત રાજયમાં આવી કોઇ ઘટના નોંધાયેલ નથી જે આપણા રાજય માટે ગૌરવની વાત છે. પૂરા ભારતમાં ૧૬૪ કેસ રેગીંગના નોંધાયેલા છે એમાં ૨૧ જણાના મરણ થયા છે. યુ.પી.માં ૨૬ કેસ, આંધ્રપ્રદેશમાં ૧૮ કેસ, કેરલમાં ૧૩, મહારાષ્ટ્રમાં ૧૨ કેસ થયા છે. આ બધા રાજયમાં વિપક્ષની સરકાર છે જયારે ગુજરાત રાજયમાં એક પણ કેસ રેગીંગનો નોંધાયેલ નથી. એટલે એના ઉપરની પ્રતિતિ થાય છે કે ગુજરાતમાં મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીની સરકાર કાયદા અને સુરક્ષાથી સજ્જ છે. આવા બનાવો આપણા રાજયમાં બનતા ન હોવાને કારણે અન્ય રાજયોના વિદ્યાર્થીઓ આપણા રાજયને સલામત રાજય તરીકે પસંદ કરતાં થયા છે. કારણ કે રાજય સરકાર દ્વારા શૈક્ષણિક સંસ્થાઓ સાથે સંકલન કરીને જરૂરી યોગ્ય પગલાં લઇ આવા બનાવો ન બને એના માટે પૂરતા પ્રયત્નો અમારી સરકાર તરફથી કરવામાં આવ્યા છે અને તે સફળ પણ થયા છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજય સમગ્ર દેશમાં તેના ગૌરવપૂર્ણ ઇતિહાસ અને ઉચ્ચ કોટિના વિવેક અને સદ્ભાવના તથા ભાઇચારા માટે સુપ્રસિદ્ધ છે. ગુજરાતમાં ભણતા વિદ્યાર્થીઓના સંસ્કારો તેમને આવી દિશામાં જતા રોકે છે. શિક્ષણ સંસ્થાઓ દ્વારા સુચારૂ સંચાલન, રાજય સરકારના પૂરતા સંનિષ્ઠ પ્રયાસો, ગુજરાતના સામાજીક સંસ્કારો અને વિદ્યાર્થીઓની સ્વયંશિસ્તના કારણે રાજયમાં રેગીંગ જેવી ઘટનાઓ બનતી જ નથી. ગુજરાતમાં વિધેયક લાવીને તેમાં દંડાત્મક જોગવાઇ કરવાની જરૂરિયાત જણાતી નથી. રાજય સરકાર દ્વારા રાજય કક્ષાએ થતા મોનીટરીંગ તથા તેમાં મિડિયા, સમાજ અને પોલીસ તથા વાલીઓની જાગૃતતા અને સહભાગીતાના કારણે વિદ્યાર્થીઓ આવી નિંદનીય પ્રવૃત્તિથી દૂર રહે છે અને આવી ઘટનાઓ આપણાં રાજયમાં બનવાનું કયાંય નોંધાયું નથી ત્યારે માનનીય સભ્યશ્રીને મારી વિનંતી છે કે તેમના દ્વારા લાવવામાં આવેલ બિન સરકારી વિધેયકને સમર્થન આપવાની જરૂરિયાત જણાતી નથી.

માનનીય અધ્યક્ષશ્રી, દિલ્હીના મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું છે કે મારી દિકરી દિલ્હીમાં રાત્રે ફરી શકે નહીં, તો મારે એવું કહેવું છે કે દિલ્હીના મુખ્યમંત્રીશ્રીની દિકરીની આ સ્થિતિ હોય તો સામાન્ય દિકરીની શું પરિસ્થિતિ હોય? અહીં ગુજરાતમાં માનનીય મુખ્યમંત્રીશ્રીના શાસનમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ એટલી સુધરી છે આવું સમગ્ર દેશ અનુભવી રહ્યો છે. દિલ્હીમાં માનનીય નરેન્દ્રભાઇ આવે તો આપોઆપ પરિસ્થિતિ નિયંત્રણમાં આવશે એવું સમગ્ર દેશના લોકોનું મંતવ્ય છે. રાજય સરકાર દ્વારા યોગ્ય નીતિ વિષયક નિર્ણય લઇ નામદાર સુપ્રીમ કોર્ટની સૂચનાનું પણ ચુસ્તપણે પાલન થાય છે. તે માટે ઉચિત પગલાં ભરેલ છે. તેને ધ્યાને લેતાં આ વિધેયકની આવશ્યકતા જણાતી ન હોવાથી તેનો હું વિરોધ કરું છું અને માનનીય સભ્યશ્રીને તેઓએ રજૂ કરેલ વિધેયક પરત ખેંચવા નિવેદન કરું છું.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા (શિક્ષણ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, બિન સરકારી વિધેયકમાં માનનીય સભ્યશ્રી તેજશ્રીબેન, ભારતીબેન, નિર્મળાબેન, અમિતભાઇ અને સંગીતાબેને પોતાના વિચારો રજૂ કર્યા છે.

માનનીય સભ્યશ્રી જે બિન સરકારી વિધેયક લાવ્યા છે એ સમાજની ચિંતાનો વિષય છે. આપણા સૌની ચિંતાનો વિષય છે. સમાજમાં, રાજયમાં, શૈક્ષણિક સંસ્થાઓમાં કયાંય પણ આવા બનાવો ન જ બનવા જોઇએ અને તેના માટે રાજય સરકારે કાળજી લીધી છે. તકેદારીના પગલાં લીધા છે. પૂરતા પ્રમાણમાં આયોજન કર્યું છે અને નામદાર સુપ્રીમ કોર્ટે જે કહ્યું છે તેના પછી તરત જ બે જ મહિનામાં રાજય સરકારે ઠરાવ કરીને જે સૂચના હતી તેના પ્રમાણમાં પગલાં પણ લીધા છે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય બહેનશ્રી તેજશ્રીબહેન કહી રહ્યા હતા ત્યારે તેમણે એવું કહ્યું કે ગુજરાતમાં અન્ય રાજયોના દીકરા-દીકરીઓ આવે છે. વિદેશના પણ આવે છે, પણ એટલા માટે આવે છે કે ગુજરાતના શિક્ષણમાં તેમને વિશ્વાસ છે અને ગુજરાતની કાયદો અને વ્યવસ્થામાં તેમને વિશ્વાસ છે એટલા માટે આવે છે. કોઇ પોતાના વ્હાલસોયી દીકરીને અન્ય રાજયોમાં એકલી હોસ્ટેલમાં મોકલે તો કેટલો વિશ્વાસ હોય તો મોકલે? એ રાજય શાસનમાં વિશ્વાસ હોય, મુખ્યમંત્રીશ્રીમાં વિશ્વાસ હોય અને ગુજરાતમાં પણ

વિશ્વાસ હોય. એટલા માટે રાજય સરકારે જે કંઇ પગલાં લીધા છે તે સફળ નીવડયા છે તેનું આ પરિણામ છે. માનનીય સભ્યશ્રીએ બિન સરકારી વિધેયક મૂકયું છે તેમણે જ કહ્યું છે, કોઇ પણ કૂમળી ઉંમરના દીકરા દીકરી ઉપર આ પ્રકારે થાય એ વ્યાજબી છે જ નહીં. જયાં થાય ત્યાં સમાજના આગેવાનોએ પણ ચિંતા કરવી જોઇએ. રાજય સરકાર તો ચિંતા કરે જ છે. આવડા મોટા ગુજરાતની અંદર જ્યાં ૪૭ યુનિવર્સિટીઓ હોય, ૭૧ સરકારી કોલેજો હોય, ૬૬૫ ગ્રાન્ટ ઇન એઇડ કોલેજો હોય, આટલી બધી સંસ્થાઓ હોય, સાત લાખથી વધારે વિદ્યાર્થી ભાઇ–બહેનો ભણતા હોય, અહીંયાં રાજ્ય સરકારની વ્યવસ્થા પ્રમાણે સત્રની શરૂઆતમાં જ જેમ ભારતીબેને એમની દિકરીનો દાખલો આપીને કહ્યું. નવા વિદ્યાર્થીઓને જૂના વિદ્યાર્થીઓની સાથે બેસાડીને તેના આચાર્ય, શિક્ષકો, સંચાલક મંડળ એને હૂંફ આપે છે, એને સમજણ આપે છે, એને કેવી રીતે મદદ કરી શકાય, એવું વાતાવરણ અને એની સમજણ આપે છે અને સિનિયર વિદ્યાર્થીને ટકોર કરીને કહે છે કે, આપણી સંસ્થામાં, આપણી શાળા, કોલેજમાં, આપણી સંસ્થામાં આ ન જ બનવું જોઇએ અને નથી જ બનતું.

માનનીય અધ્યક્ષશ્રી, શ્રી અમિતભાઇએ દાખલા આપ્યા. એ જૂજ દાખલા થયા છે. આટલી મોટી વસ્તીમાં, આટલા મોટા ગુજરાતમાં એના ઉપર તરત જ તાબડતોડ પગલાં પણ લીધાં છે અને એવા ઉદાહરણરૂપ પગલાં લીધાં છે કે, કોઇપણ સિનિયર વિદ્યાર્થી એ જુનિયર વિદ્યાર્થી ઉપર આ પ્રકારનું કોઇપણ કૃત્ય ન કરે એ પ્રકારનાં પગલાં લેવામાં આવ્યા છે અને આમાં રાજ્ય સરકારની સીધી સૂચના હોય છે કે, જૂન મહિનામાં જ્યારે પણ શાળાની શરૂઆત થાય છે, સત્રની શરૂઆત થાય છે ત્યારે બધા ભેગા મળીને એ દસમા ધોરણમાં પણ, બારમા ધોરણમાં પણ અને કોલેજમાં પણ કોઇની જિંદગી બગાડવાનો કોઇને અધિકાર નથી જ. આપણે બધા જ ભેગા મળીને આપણે ચિંતા કરવી જોઇએ અને એના માટે રાજ્ય સરકારે જે કાળજી લીધી છે એ મારે વિગતવાર જણાવવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, સંસ્થાકીય કક્ષાએ એકલી સરકાર કરે છે એવું મારે કહેવું નથી. અમે કેવા કેવા લોકોને જોડ્યા છે એ મારે જણાવવું છે. સંસ્થાના વડા, પોલીસના વડા, સ્થાનિક મિડિયાના એક પ્રતિનિધિ લઇએ છીએ, એન.જી.ઓ.ને પણ લઇએ છીએ અને વાલીની ફરિયાદ હોય તો એ વાલીને પણ લઇએ છીએ. તમે પણ આવો આપણી સંયુક્ત જવાબદારી છે. મુખ્યમંત્રીશ્રી હંમેશાં કહે છે કે, મેં નથી કર્યું, ગુજરાતે કર્યું છે, બધા જ સાથે મળીને કરીએ છીએ અને એમાં આગળ વધીને કહું તો આ બધાની સાથે સિનિયર વિદ્યાર્થીને એમાં મૂક્યા છે અને એમના મોઢે ભાષણ કરાવીએ છીએ કે, જેથી કરીને જુનિયર વિદ્યાર્થીઓને સાચા અર્થમાં હૂંફ મળે, જેનો ડર લાગતો હોય એવો વિદ્યાર્થી જ્યારે ભાષણ આપે તો વિશ્વાસ પેદા થતો હોય છે. વહીવટી કર્મચારીઓના પ્રતિનિધિ, અધ્યાપકોના પ્રતિનિધિ. આ માત્ર એ કક્ષાએથી અમે અટકી જતા નથી. આના ઉપરાંત પણ બીજી પણ કક્ષાએ કરીએ છીએ. અમે એન્ટી રેગીંગ સ્કવોર્ડની રચના કરી છે. એમાં હોસ્ટેલના રેકટર હોય છે, જુનિયર– સિનિયર વિદ્યાર્થીઓના પ્રતિનિધિ હોય છે અને આ સ્કવોર્ડ પણ બનાવ બને પછી નહીં પણ બનાવ ન બને એની કાળજી રાખવા માટે સ્કવોર્ડ બનાવી છે. આ પ્રકારે બનાવ ન જ બનવો જોઇએ. આ સંસ્થા કક્ષાએ સ્કવોર્ડ, આ સન્માનનીય ગૃહમાં મારે જણાવવું છે કે, રાજય સરકારે કેટલી ચિંતા કરી છે. આ દૂષણ ન બને એની સાચા અર્થમાં ચિંતા કરી છે. જિલ્લા કક્ષાએ જિલ્લા કલેક્ટરશ્રી, ડિસ્ટ્રીક્ટ જજ, ડેપ્યુટી કમિશ્નર, એ સંસ્થાના વડા, પોલીસના વડા, ફરી પાછા એન.જી.ઓ., સ્થાનિક મિડિયા, જિલ્લા કક્ષાએ વિદ્યાર્થી સંઘ હોય છે. એમાં અમે એબીલીટી કે એ જોયું નથી. અમે તો રેગીંગ ન થાય એના માટેના પ્રયત્નો કરીએ છીએ અને એમાં આ કામ માટે સમર્થન આપનારા એ એન.એસ.યુ.ના હોય કે એ.બી.વી.પી.ના હોય એ વિદ્યાર્થી પરિષદના કે કોઇપણ કાર્યકર્તા હોય તો એનો સાથ અને સહકાર અમે જિલ્લા કક્ષાએ લઇએ છીએ. એક એડીશનલ ડીસ્ટ્રીકટ મેજીસ્ટ્રેટને એમાં અમે સભ્ય સચિવ તરીકે મૂકયા છે કે બનાવ બને પછી નહીં, પરંતુ બનાવ ન બને એની પૂરી તકેદારી રાખે, કાળજી રાખે.

આના ઉપરાંત યુનિવર્સિટી કક્ષાએ પણ અમે જે કંઇ વ્યવસ્થા કરી છે એની પણ મારે આ સભાગૃહને માહિતી આપવી છે. એક સેલની રચના કરી છે, એમાં યુનિવર્સિટીના વાઇસ ચાન્સેલર આ સેલના ચેરમેન હોય છે. એના રજીસ્ટ્રાર એ સભ્ય સચિવ હોય છે, કોલેજના વડા એ સભ્ય હોય છે, અને એન.જી.ઓ. અને

મીડીયા હોય છે. આ સ્વરૂપ જોતા રાજયમાં બનાવ નથી બનતા, અન્ય રાજયોના લોકો અહીંયા દીકરીઓને મૂકે છે. વિદેશના લોકો પણ આ રાજયમાં મૂકે છે એનું કારણ કોઇ હોય તો આ વ્યવસ્થાને આભારી છે. આ ગુજરાતમાં હવે બહારથી વિદ્યાર્થીઓ આવવાના કારણ કે આ હબ બની ગયું છે, આરોગ્યનું હબ, ઉદ્યોગનું હબ, અને શિક્ષણનું પણ હબ. આ શિક્ષણનું જયારે હબ બને ત્યારે બહારથી વિદ્યાર્થીઓ આવવાના જ છે અને વિદ્યાર્થીઓ આવે તો એની સલામતીની જવાબદારી પણ સમાજની છે અને રાજય સરકારની પણ છે. જયારે રાજય સરકારે ચિંતા કરીને એનો અમલ કરીને માત્ર પેપર ઉપર ચિંતા નથી કરી, રાજયના શિક્ષણ મંત્રી તરીકે મારી તમને બધાને વિનંતી છે કે જે જે સંસ્થામાં તમે જોડાયેલા હોય ત્યાં તમે તપાસ કરજો અને વ્યવસ્થામાં કંઇ ખામી હોય તો તમે મને તરત જ જણાવજો, આ વ્યવસ્થાની પૂર્તી હું કરીશ, આપણે સાથે મળીને આ દુષણને સો ટકા નાબૂદ કરવું છે. આવું ન જ બને, જયારે રાજય સરકારે આટલી ચિંતા કરી હોય એવા સંજોગોમાં હું માનનીય બેનશ્રી તેજશ્રીબેનને નમ્ર વિનંતી કરુ છું કે રાજય સરકારે જયારે આટલી ચિંતા કરી હોય ત્યારે આપ આપનું બિનસરકારી વિધેયક પાછું ખેંચી લો એવી વિનંતી કરુ છું.

ડો. તેજશ્રીબેન દિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ધારાસભ્યશ્રીઓએ જેમણે પોતાના વિચારો વ્યકત કર્યા એમનો હું ખૂબ આભાર માનુ છું. શ્રીમતી ભારતીબેન, નિર્મળાબેન, સંગીતાબેન બહેનો હોવા છતાં દીકરા–દીકરીઓની ચિંતા ઓછી કરે છે એ બાબતે દુઃખ થયું. મારા સાથી મિત્ર અમિતભાઇએ ખૂબ સારી વાત કરી. દિલ્હીના મુખ્યમંત્રી શીલા દિક્ષિત એક મા છે અને નિખાલસ છે. એ કયારેય જુઠ્ઠુ બોલવા ટેવાયેલા નથી એટલે તેઓ હકીકતનો સ્વીકાર કરે છે.

અધ્યક્ષશ્રી : લગભગ બહેનો જુઠ્ઠુ ના બોલે.

ડો. તેજશ્રીબેન દિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ધારાસભ્યોને અને માનનીય મંત્રીશ્રીને વિનંતી કરુ છું કે આ વિધેયક મંજૂર કરે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને નામંજૂર કરવામાં આવ્યો.**

અધ્યક્ષશ્રી : **વિધેયકનો અસ્વીકાર કરવામાં આવે છે.**

**સભાગૃહનું કામકાજ સાંજના ૫–૧૪ કલાકે પૂરું થતાં સભાગૃહ અધ્યક્ષશ્રીના આદેશાનુસાર, શુક્રવાર, તાઃ ૨૨મી માર્ચ, ૨૦૧૩ના રોજ સવારના ૮–૩૦ કલાકે ફરી મળવા મુલતવી રહ્યું**

# ગુજરાત વિધાનસભા
## શુક્રવાર, તા.૨૨મી માર્ચ, ૨૦૧૩
## ચૈત્ર ૧, ૧૯૩૫ શાકે
## સભાગૃહ સવારના ૮-૩૦ વાગ્યે મળ્યું
## અધ્યક્ષશ્રી, વજુભાઇ વાળા અધ્યક્ષસ્થાને

અધ્યક્ષશ્રી : ઓર્ડર... ઓર્ડર...

તારાંકિત પ્રશ્નો

**અમદાવાદ મહાનગરપાલિકાને સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનામાં માળખાકીય વિકાસના કામો માટે ગ્રાન્ટ**

* ૪૨૫૮ **શ્રી અરવિંદકુમાર ગાં. પટેલ(સાબરમતી) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| અમદાવાદ મહાનગરપાલિકાને સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત આંતર માળખાકીય વિકાસના કામો માટે સન ૨૦૧૧-૧૨ અને સન ૨૦૧૨-૧૩ના વર્ષમાં તા.૩૧-૧૨-૧૨ની સ્થિતિએ રાજ્ય સરકાર દ્વારા કેટલી ગ્રાન્ટ ચૂકવવામાં આવેલ છે ? | વર્ષ ૨૦૧૧-૧૨માં રૂ. ૩૧૬ કરોડ અને ૨૦૧૨-૧૩માં રૂ. ૭૫ કરોડ એમ કુલ રૂ. ૩૯૧ કરોડની ગ્રાન્ટ ચૂકવવામાં આવેલ છે. |

શ્રી અરવિંદકુમાર ગાં. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત અમદાવાદ શહેરને ફાળવેલી રકમમાંથી કયા કયા વિકાસનાં કામો હાથ ધરવામાં આવ્યાં છે?

શ્રીમતી આનંદીબેન મ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૦૯ માં આ યોજનાની શરૂઆત થઇ. સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના, અને આમાં અમદાવાદ શહેરને કુલ ૮૮૬ કરોડ રૂપિયા ફાળવવામાં આવ્યા. એમાંથી અમદાવાદ શહેરે ૬૬૦ કરોડનો ખર્ચ કર્યો. એમાં મહાનગરપાલિકા મારફત એક ગૌરવપથ ૩ બનાવ્યા. ફ્લાય ઓવર બ્રીજ ૧ બનાવ્યો. રેલ્વે ઓવર બ્રીજ ૧, રેલ્વે અન્ડર બ્રીજ ૧, મુખ્ય રસ્તાઓ ૧૫૪, પાણી પુરવઠાના ૩૭, ગટર વ્યવસ્થાના ૧૯, સ્લમ વિસ્તારનાં ૪૪૧ કામો અને અન્ય કામો ૧૩૦ થઇ કુલ ૭૮૭ કામો મંજૂર કરવામાં આવ્યાં. એમાંથી ૪૯૮ કામો પૂર્ણ કરવામાં આવ્યાં છે અને બાકીનાં કામો ૨૮૯ રહ્યાં એ કામો પ્રગતિમાં છે. સમયસર પૂર્ણ કરવામાં આવશે.

શ્રી ગ્યાસુદીન હ. શેખ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે અમદાવાદ શહેરમાં હાલ પણ ઘણી જગ્યાએ ટેન્કરથી પાણી પૂરું પાડવામાં આવે છે તેમજ ૩૦,૦૦૦ થી વધુ ખાળકૂવા અસ્તિત્વમાં છે, તો શહેરી સ્વર્ણિમની જે મુખ્યમંત્રીશ્રીએ જાહેરાત કરી એ વખતે કહેવામાં આવ્યું હતું કે ૨૦૧૨ સુધીમાં તમામ કામો પાણીનાં નેટવર્કનાં, ડ્રેનેજનાં પૂર્ણ કરવામાં આવશે. હાલ કઇ સ્થિતિ છે અને બાકી રહેલા ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે?

શ્રીમતી આનંદીબેન મ. પટેલ : ગટર વ્યવસ્થાનાં કામો ૧૯ મંજૂર કરવામાં આવ્યાં છે. એમાંથી ૧૪ કામો પૂર્ણ થઇ ગયાં છે. ૫ કામો પ્રગતિ હેઠળ છે અને સમય મર્યાદામાં પૂર્ણ થશે.

ડો. નિર્મલાબેન સુ. વાધવાણી : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનામાં માળખાકીય વિકાસનાં કામો અંતર્ગત મહાનગરપાલિકામાં કેટલાં પ્રકારનાં કામો લઇ શકાય છે?

શ્રીમતી આનંદીબેન મ. પટેલ : આ યોજના નીચે ગૌરવ પથનાં કામો લઇ શકાય છે. આર.ઓ.બી. રેલ્વે ઓવર બ્રીજનાં અને આર.યુ.બી. રેલ્વે અન્ડર બ્રીજનાં કામો લઇ શકાય છે. મુખ્ય રસ્તાઓ લઇ શકાય છે. પાણી પુરવઠાનાં કામો લઇ શકાય છે. ગટર વ્યવસ્થાનાં કામો લઇ શકાય છે. સ્લમ વિસ્તારમાં જુદા જુદા પ્રકારનાં કામો લઇ શકાય છે. અને આ ઉપરાંત ક્યાંય કામો તૂટ્યાં હોય, રિપેર કરવાનાં હોય તો આવાં ઘણાં નાનાં મોટાં કામો આની અંદર લઇ શકાય છે.

શ્રી કિશોરસિંહ બા. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી

જાણવા માગું છું કે અમદાવાદ મહા નગરપાલિકાને મુખ્યમંત્રી સ્વર્ણિમ જયંતિ શહેરી વિકાસ યોજના અંતર્ગત આંતર માળખાકીય વિકાસનાં કામો માટે અત્યાર સુધીમાં કુલ કેટલી ગ્રાન્ટ મંજૂર કરી છે અને તે પૈકી વર્ષ વાર કેટલી રકમ ચૂકવાયેલ છે?

શ્રીમતી આનંદીબેન મ. પટેલ : અમદાવાદ મહાનગરપાલિકાને સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત આંતર માળખાકીય વિકાસનાં કામો માટે અત્યાર સુધીમાં ૮૮૬ કરોડ રૂપિયાની ગ્રાન્ટ ફાળવી, એમાંથી ૮૧૧ કરોડની ગ્રાન્ટ ચુકવવામાં આવેલ છે. એમાં ૨૦૦૯–૧૦ માં ચુકવેલ ગ્રાન્ટ ૧૦૦ કરોડ. ૭–૧૨–૨૦૧૦ માં ચુકવેલ ગ્રાન્ટ ૧૦૦ કરોડ, ૩૧–૩–૨૦૧૧ માં ૧૨૦ કરોડ, ૨૦૧૧–૧૨ માં ૮૦ કરોડ, બીજો હપ્તો એમને ૧૧૮ કરોડનો આપ્યો. ત્રીજો ૧૧૮ કરોડનો આપ્યો. એમ કુલ ૬૩૬ કરોડ એમને ફાળવ્યા. ૨૦૧૨–૧૩ માં પણ એમને હમણા જ ૨૫૦ કરોડ રૂપિયા ગ્રાન્ટ ફાળવવામાં આવી છે.

**સુરત જિલ્લામાં કિસાનપથ યોજનામાં કામો**

* ૪૮૦૪ **શ્રી મોહનભાઇ ધ. ઢોડીયા(મહુવા) : માનનીય માર્ગ મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) સુરત જિલ્લામાં તા.૩૧–૧૨–૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કિસાન પથ યોજના હેઠળ તાલુકાવાર કેટલા કામો મંજૂર કર્યા, અને

(૨) આ કામો કયા તબકકે છે ?

**જવાબ**

(૧) નીચે મુજબ.

| તાલુકો | સંખ્યા |
|---|---|
| બારડોલી | ૩ |
| માંડવી | ૧ |
| ઓલપાડ | ૨ |
| ચોર્યાસી | ૨ |
| કામરેજ | ૩ |
| મહુવા | ૧ |
| માંગરોલ | ૩ |
| ઉપરપાડા | ૨ |
| પલસાણા | ૧ |
| **કૂલ** | **૧૮** |

(૨) ૧૫ પૂર્ણ.
૩ પ્રગતિમાં.

શ્રી મોહનભાઇ ધ. ઢોડીયા : માનનીય અધ્યક્ષશ્રી, સૌ પ્રથમ તો ગૃહમાં માનનીય મુખ્યમંત્રીશ્રીને અભિનંદન આપું છું. મારા વિસ્તારમાં ૨૩ કરોડ રૂપિયાનો પૂર્ણા નદી પર આઝાદીના ઇતિહાસ પછી બ્રિજ બન્યો છે તે બદલ અભિનંદન. કિસાન પથ એટલે કિસાનો માટે કામ કરતી સરકાર. મારો પ્રશ્ન એ છે કે કિસાનપથ યોજના પૈકી મંજૂર થયેલા ૧૮ કામો પૈકી જે ૩ કામો પ્રગતિમાં દર્શાવ્યા છે તે કયા છે અને કયારે પૂર્ણ થશે?

શ્રીમતી આનંદીબેન મ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૦૫–૦૬માં કિસાનપથ યોજનાની જાહેરાત થઇ. મને કહેતાં આજે આજે આનંદ થાય છે કે ગ્રામીણ વિસ્તારનો સર્વાંગી વિકાસ કરવા માટે અને અર્થતંત્રને ગતિ આપવા માટે આ કિસાનપથ યોજનાની શરૂઆત થઇ અને પાંચ વર્ષની અંદર ૧૪૦૬ કરોડ રૂપિયા આ ગ્રામીણ રસ્તાઓ બનાવવા માટે રાજય સરકારે વાપર્યા છે. માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીનો ૩ કામોનો જે પ્રશ્ન છે તેમાં વાઇન્ડનીંગ એન્ડ સ્ટ્રેન્ધનીંગ અરેઠ–બહુધા–જલા–કરજણ કરોડ તે ૨૩ કિલોમીટરની લંબાઇનો રોડ છે. ૧૭ કરોડ રૂપિયા તેની પાછળ ખર્ચ કરીશું અને ડિસેમ્બર ૨૦૧૩ સુધીમાં આ રસ્તો પૂર્ણ કરવાનું આપણું આયોજન છે. બીજો રસ્તો વાઇન્ડનીંગ એન્ડ સ્ટ્રેન્ધનીંગનો જે છે તે મોર–આંબલી–ભીલવાડા–ટીંબરવા–હરસલી–માંગરોળ રોડ તે ૮ કિલોમીટર લંબાઇ ધરાવે છે. તેની પાછળ ૬ કરોડ ૬૭ લાખ રૂપિયાનો ખર્ચ થશે અને તે ૨૦૧૩ના એપ્રિલ મહિના સુધીમાં પૂર્ણ થશે. ત્રીજો છે કન્સ્ટ્રકશન ઓફ ઇટાલવા–ધામરોળ રોડ તે ૨ કિલોમીટરનો રસ્તો છે. ૨૮ લાખ તેની પાછળ આપણે ખર્ચ કરીશું અને મે મહિનાની અંદર તે રસ્તો પૂર્ણ કરવામાં આવશે.

શ્રી પ્રભુભાઇ ના. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, સુરત જિલ્લામાં કિસાનપથ યોજના હેઠળ જે ૧૫ કામો પૂર્ણ કરેલ છે તે કયા કયા છે? અને કરેલ કામની ગુણવત્તા કેવી છે?

અધ્યક્ષશ્રી : એ તમારી તબિયત નથી પૂછતા, રોડની તબિયત પૂછે છે.

શ્રીમતી આનંદીબેન મ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, રોડની તબિયત બહુ સરસ છે. આટલા વર્ષોથી રોડની તબિયત ખરાબ થઇ ગઇ હતી તે હવે વધારે સારી અને મજબૂત બની છે. નામ જોઇતા હોય તો નામ મારી પાસે છે. પરંતુ તાલુકાવાર જે કામો પૂર્ણ કર્યા છે તેની વિગતો આપું. બારડોલીમાં ૩ કામો મંજૂર કર્યા હતા અને ત્રણેય કામો પૂર્ણ કર્યા છે. તેની પાછળ ૨ કરોડ રૂપિયાનો ખર્ચ કર્યો છે. માંડવીમાં ૧ કામ હતું તે કામ આપણે પૂર્ણ કર્યુ છે. તેની પાછળ ૧ કરોડ અને ૧૩ લાખ રૂપિયાનો ખર્ચ થયો છે. ઓલપાડમાં ૨ કામ હતા તે બન્ને કામો પૂર્ણ થયા છે અને તેની પાછળ ૯૭ લાખ ૪૬ હજારનો ખર્ચ કર્યો છે. ચોર્યાસીમાં ૨ કામ હતા. બન્ને કામ પૂર્ણ કર્યા છે અને તેની પાછળ ૨ કરોડ અને ૬૦ લાખ ખર્ચ કર્યો છે. કામરેજમાં ૩ કામ હતા, ૨ કામ પૂર્ણ કર્યા છે, ૧ કામ પ્રગતિ હેઠળ છે. તેની પાછળ ૭ કરોડનો ખર્ચ કર્યો છે. મહુવામાં ૧ કામ હતું તે પૂર્ણ થયેલ છે. તેની પાછળ ૧ કરોડ અને ૬૦ લાખ ખર્ચ થયેલ છે. માંગરોળમાં ૩ કામ છે. ૨ કામ પૂર્ણ થયા છે અને એક કામ પ્રગતિ હેઠળ છે. તેની પાછળ ૧ કરોડ અને ૨૨ લાખનો ખર્ચ કર્યો છે. ઉમરપાડામાં ૨ કામ છે તે બે કામ પૂર્ણ કર્યા છે. તેની પાછળ ૧ કરોડ અને ૨૧ લાખનો ખર્ચ કર્યો છે. પલસાણામાં ૧ કામ છે તે કામ ચાલુ છે અને તેની પાછળ ૨૮ લાખ રૂપિયાનો ખર્ચ થશે. આમ ૧૮ મંજૂર કર્યા હતા તેમાંથી ૧૫ કામો પૂર્ણ કર્યા છે. આ ૧૫ કામો પાછળ ૧૧ કરોડ ૮૧ લાખ રૂપિયાનો ખર્ચ કર્યો છે. અત્યાર સુધીમાં જે ખર્ચ થયો છે તે ૧૮ કરોડ રૂપિયાનો ખર્ચ થયો છે.

શ્રી કિશોર શિ. કાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, મને મારો જવાબ મળી ગયો છે.

શ્રી પુનાભાઇ ઢે. ગામીત : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે ૧૮ કામો પૈકી રીસરફેસના રસ્તાઓ કેટલા કરવામાં આવ્યા?

શ્રીમતી આનંદીબેન મ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ બધા જ રીસરફેસીંગ અને સ્ટ્રેન્ધનીંગના રસ્તાઓ છે.

**લાઠી, બાબરા અને દામનગર નગરપાલિકાને પોતાના મકાનો ન હોવા બાબત**

* ૫૩૭૭ **શ્રી બાવકુભાઇ ના. ઉંધાડ(લાઠી) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧–૨૦૧૩ની સ્થિતિએ લાઠી, બાબરા અને દામનગર નગરપાલિકાઓને પોતાના મકાનો છે કે કેમ, અને<br>(૨) જો ના, તો નવા મકાનો કયારે બનાવવામાં આવનાર છે ? | (૧) અને (૨) બાબરા અને દામનગર નગરપાલિકાને પોતાના મકાનો છે. લાઠી અને બાબરા નગરપાલિકાને નવા મકાન બનાવવા માટે નગરપાલિકા દીઠ રૂ. ૪૫.૦૦ લાખની રકમ ફાળવેલ છે. તથા દામનગર નગરપાલિકાને મકાનમાં સુધારા વધારા કરવા માટે રૂ. ૨૨.૬૦ લાખની ગ્રાન્ટ ફાળવેલ છે. |

શ્રી બાવકુભાઇ ના. ઉંધાડ : માનનીય અધ્યક્ષશ્રી,માનનીય મંત્રીશ્રીએ તેમના જવાબમાં જણાવ્યું છે કે બે નગરપાલિકામાં ૪૫–૪૫ લાખ રૂપિયાની રકમ ફાળવી છે. એકમાં સુધારા વધારા કરવા માટે ૨૨ લાખ ૬૦ હજારની રકમ ફાળવી છે. તો મારે એટલું જ જાણવું છે કે આ રકમ કયા વર્ષમાં ફાળવવામાં આવી અને અત્યારે હાલના તબકકે આની કાર્યવાહી કયાં સુધીમાં પહોંચી છે અને આ કામગીરી કયારે પૂર્ણ કરવામાં આવશે.

શ્રીમતી આનંદીબેન મ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, લાઠીનું જે મકાન છે અને એ જુની ધર્મશાળાના મકાનમાં બેસે છે અને આ મકાન પચાસ વર્ષ જૂનું છે, બાબરાનું મકાન છે એ ૧૩ વર્ષ જૂનું છે અને ગ્રામ પંચાયત વખતનું છે, દામનગરનું મકાન ૯ વર્ષ જૂનું છે અને ગ્રામ પંચાયતના વખતનું છે. લાઠી નગરપાલિકાને ૪૫ લાખ રૂપિયાની ગ્રાન્ટ ૨૦૧૦માં ફાળવી. એસ.ઓ.આર. મુજબ ૮૫ લાખ રૂપિયા એની

પાછળનો ખર્ચ થાય, એમાંથી તા. ૧૪–૩–૨૦૧૩થી નગરપાલિકાએ એક ઠરાવ કર્યો છે કે બાકીનો ખર્ચ અમારી નગરપાલિકા આપશે એટલે એમણે જયારે કહ્યું છે કે, તા. ૧૪–૩–૨૦૧૩ના રોજ ટેન્ડરીંગની પ્રક્રિયા હાથ ધરવાના છે એ કામ લાઠી નગરપાલિકા પોતે જ કરવાની છે. બાકીનો ખર્ચ એ સ્વભંડોળમાંથી કરવાના છે. એટલે હવે કામ પૂર્ણ કરવાની જવાબદારી એ લાઠી નગરપાલિકાની થાય છે. બાબરા નગરપાલિકાને પણ ૪૫ લાખ રૂપિયા ફાળવવામાં આવ્યા છે, એનો ખર્ચ થાય છે ૭૮ લાખ રૂપિયા, એટલે ૩૩ લાખ રૂપિયા એ બાબરા નગરપાલિકાએ પણ ઠરાવ કર્યો છે કે તા. ૧૪–૧–૨૦૧૩ના રોજ કે,ટેન્ડરીંગ પ્રક્રિયા હવે હાથ ધરવામાં આવશે, અને કામ એ પૂર્ણ કરશે. એ રીતે દામનગર નગરપાલિકામાં સુધારાવધારા કરવાના છે, એટલે તા. ૨૪–૩–૨૦૧૧ના રોજ એના માટે ટેન્ડરીંગ કરવામાં આવ્યું હતું પણ કોઇએ ટેન્ડર ભર્યું નહીં, એટલે ફરીથી ૨૦–૩–૨૦૧૩ના રોજ એની નિવિદા આપી છે, અને એ ટેન્ડર તા. ૨–૪–૨૦૧૩ના રોજ ઓપન થશે એટલે એ કામ જો ટેન્ડર ભર્યું હશે તો આગળ કામ ચાલશે. નહીંતર નહીં ભર્યું હોય તો કંઇક વિચાર કરશે.

શ્રી બાવકુભાઇ ના. ઉંધાડ : માનનીય અધ્યક્ષશ્રી, આ બાબરા નગરપાલિકાનું અમને આઠ વર્ષ થયા, અને આ • (xxxxxx)

અધ્યક્ષશ્રી : (xxxxxx) એ શબ્દ કાઢી નાખવામાં આવે છે, એનો અર્થ શું થાય છે એ તમે સમજો છો? અહીં આવા અભદ્ર શબ્દ કોઇ દિવસ નહીં બોલવાના, તમે ત્રણ પ્રશ્ન પૂછ્યા એ ત્રણે ત્રણના જવાબ આપ્યા, છતાં પણ તમારે નવો પ્રશ્ન પૂછવો હશે તો હું તમને ચાન્સ આપીશ. માનનીય સભ્યશ્રી વલ્લભભાઇ, માનનીય બાવકુભાઇ, હું તમને ચાન્સ આપીશ ત્યારે નવો પ્રશ્ન પૂછજો.

શ્રી વલ્લભભાઇ વ. વઘાસીયા : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, રાજયમાં નગરપાલિકાઓને સેવા સદનો બનાવવા માટે ગ્રાન્ટ ફાળવણીની કાર્યપદ્ધતિ અને ધોરણો શું છે?

શ્રીમતી આનંદીબેન મ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આજ સુધીમાં, એટલે કે ૨૦૦૯–૧૦ સુધીમાં કોઇપણ નગરપાલિકાના નગર સેવા સદન બનાવવા માટે કોઇપણ રાજય સરકારે એક પણ રૂપિયાનો ખર્ચ નહોતો કર્યો. બજેટ મૂકવામાં જ નહોતું આવતું. આ પહેલી રાજય સરકાર છે કે જેમણે શહેરી વિકાસ યોજનાની અંદર ૨૦૧૧ના ઠરાવથી નવા સેવા સદન બનાવવા માટે ૫૦ કરોડ રૂપિયા ૨૦૦૯–૧૦માં આપ્યા અને ૨૦૧૦–૧૧માં ૫૦ કરોડ રૂપિયા ફાળવ્યા, એમ કુલ ૧૦૦ કરોડ રૂપિયા મ્યુનિસિપલ ફાયનાન્સ બોર્ડને રાજય સરકારે આપ્યા. મ્યુનિસિપલ ફાયનાન્સ બોર્ડ હવે નગરપાલિકાઓને પોતાના મકાનો નવા બનાવવા હોય તો આપે છે, અને એમાં સુધારાવધારા કરવાના હોય તો એની અંદર આપે છે. એમાં જે નગરપાલિકાને પોતાનું મકાન ન હોય અને ત્રીસ વર્ષ કરતાં જૂનું મકાન હોય તો એમને એક કરોડ રૂપિયા આપવામાં આવે છે, અને જો મકાનમાં સુધારા વધારા કરવાના હોય તો ૫૦ લાખ રૂપિયા આપવામાં આવે છે. 'બ' વર્ગની નગરપાલિકા હોય અને એને પોતાને જો નવું મકાન બનાવવાનું હોય તો ૭૫ લાખ રૂપિયા આપે છે, અને જો સુધારાવધારા કરવાના હોય તો ૪૦ લાખ રૂપિયા આપવામાં આવે છે. 'ક' વર્ગની જો નગરપાલિકા હોય અને એને નવું મકાન બનાવવું હોય તો ૬૦ લાખ રૂપિયા આપવાના અને જો મકાનમાં સુધારા વધારા કરવાના હોય તો ૩૦ લાખ રૂપિયા મળે છે અને જો 'ડ' વર્ગની નગરપાલિકા હોય અને એને પોતાનું મકાન ન હોય, નવું બનાવવું હોય તો ૫૦ લાખ રૂપિયા અને સુધારાવધારા કરવા હોય તો ૨૫ લાખ રૂપિયા રાજય સરકાર તરફથી એમને આપવામાં આવે છે.

શ્રી નલીનભાઇ ના. કોટડીયા : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી હું જાણવા માગું છું કે, નગરપાલિકાની રચના માટે કેટલી વસતિ હોવી જરૂરી છે અને ધારીની વસતિ ૧૫ હજાર કરતાં વધારે છે તો નગરપાલિકા કયારે બનાવવા માગો છો?

---

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા.

શ્રીમતી આનંદીબેન મ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ તારાંકિત પ્રશ્ન છે એ મકાન પૂરતો જ છે. અને નવી વસતિ ગણતરી ૨૦૧૧માં, હવે જયારે નવી વસતિ ગણતરી (અંતરાય) ૧૫૦૦૦થી વધારે વસતિ હોય તો નગરપાલિકા બનાવવામાં આવે છે.

શ્રી બાવકુભાઇ ના. ઉંઘાડ : માનનીય અધ્યક્ષશ્રી, મારો પ્રશ્ન પૂછવાનો હેતુ એટલો છે કે, પહેલા સાત આઠ વર્ષથી અમને કહેવામાં આવ્યું છે કે તમારા ૪૫ લાખ રૂપિયા મંજૂર કરવામાં આવ્યા છે. હજુ સુધી આ કામગીરી થતી નથી એટલે મેં સ્પેસિફિક પ્રશ્ન પૂછ્યો હતો કે ક્યા વર્ષમાં આ રૂપિયા ફાળવેલા હતા, અને હવે અત્યારે જે વાત થઇ છે કે ઠરાવ કર્યો છે અને નગરપાલિકા બાકીના રૂપિયા ભરશે. તો કેટલા સમયમાં પૂર્ણ કરવામાં આવશે અને પહેલા આ ક્યારે જાહેરત કરવામાં આવી હતી? એ તારીખ મારે જાણવી છે.

અધ્યક્ષશ્રી : એમણે એ કહ્યું કે ૨૦૧૦માં જાહેરાત કરી, ૨૦૧૩માં ઠરાવ કર્યો આ કામ નગરપાલિકા કરવાની છે. છતાં આપની પાસે માહિતી હોય તો માનનીય મંત્રીશ્રી આપ કહો.

શ્રીમતી આનંદીબેન મ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, લાઠી માટે ૧૪-૯-૨૦૧૦ના રોજ હુકમ કરવામાં આવ્યો, ૪૫ લાખ રૂપિયાનો હુકમ થયો અને ૨૩-૯-૨૦૧૦ના રોજ એ મ્યુનિસિપલ ફાયનાન્સ બોર્ડને એ રકમ આપી દેવામાં આવી અને ત્યાર પછી મેં કહ્યું તેમ ૨-૯-૨૦૧૧ના પત્રથી એમને આપવામાં આવ્યા અને હવે જે કામ કરવાનું છે એ નગરપાલિકાએ પોતે કરવાનું છે અને નગરપાલિકા ટેન્ડર બહાર પાડે અને સમય મર્યાદામાં એ કામ પૂર્ણ કરે. એ જ રીતે બાબરાને પણ ૧૪-૯-૨૦૧૧ના રોજ ગ્રાન્ટ ફાળવવામાં આવી, ૪૫ લાખ રૂપિયા આપવામાં આવ્યા અને તાંત્રિક મંજૂરી ૨-૧૨-૨૦૧૧ના રોજ આપવામાં આવી અને હવે એમને ગ્રાન્ટ આપી છે ખૂટતી રકમ માટે એમણે પોતે ઠરાવો કર્યા છે એટલે હવે ટેન્ડરીંગનું કામ કરવાની જવાબદારી નગરપાલિકાની છે. એ જ રીતે દામનગરમાં નવું મકાન નથી બનાવવાનું પરંતુ રીનોવેશન કરવાનું છે અને એમને ૨૨ લાખ રૂપિયા ૬-૧-૨૦૧૧ના દિવસે આપી દીધા છે અને એમણે પણ ટેન્ડરીંગ કર્યું છે પણ કોઇએ ભર્યું નથી. ફરીથી રીટેન્ડરીંગ કર્યું એ ટેન્ડર મંજૂર થશે તો એ કામ પણ સમય મર્યાદમાં નગરપાલિકાએ પૂર્ણ કરવાનું છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ લાઠી નગરપાલિકાની ઉંમર છે ૫૦ વર્ષ આ ૫૦ વર્ષમાંથી ૪૦ વર્ષ તો એમણે કામ કર્યું છે.

**અમદાવાદ મહાનગરપાલિકાને સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ આંતર માળાખાકીય વિકાસના કામો**

* ૪૩૪૫ **શ્રી હસમુખભાઇ સો. પટેલ(અમરાઇવાડી) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| અમદાવાદ મહાનગરપાલિકાને સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ આંતર માળખાકીય વિકાસના કામો માટે સન ૨૦૧૧-૧૨ અને સન ૨૦૧૨-૧૩ના વર્ષમાં તા.૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ રાજ્ય સરકાર દ્વારા કેટલી ગ્રાન્ટ ચૂકવવામાં આવેલ છે ? | સન ૨૦૧૧-૨૦૧૨માં રૂ. ૩૧૬ કરોડ અને સન ૨૦૧૨-૧૩માં રૂ. ૭૫ કરોડ એમ કુલ રૂ. ૩૯૧ કરોડની ગ્રાન્ટ ચૂકવવામાં આવેલ છે. |

અધ્યક્ષશ્રી : આ પ્રશ્ન પૂછાઇ ગયો છે.

શ્રી હસમુખભાઇ સો. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારે પૂરક પ્રશ્ન પૂછવો છે.

અધ્યક્ષશ્રી : આ પ્રશ્ન પૂછાઇ ગયો છે. નહીં હવે પૂરક ન હોય. એક વાર ચર્ચા થઇ એની ચર્ચા ન હોય તમે મુવ કરી શકો,એટલું જ.

**રાજ્યમાં સિંહોની સંખ્યા**

* ૪૩૬૩ **શ્રી જસુભાઇ ધા. બારડ(તાલાલા) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં તા.૩૧-૧-૧૩ની સ્થિતિએ સિંહોની સંખ્યા કેટલી છે, અને | (૧) વર્ષ ૨૦૧૦માં થયેલ સિંહની વસ્તી ગણતરી મુજબ અંદાજે ૪૧૧. |
| (૨) બિમાર સિંહોની સારવાર માટે કઇ કઇ જગ્યાએ શી વ્યવસ્થા કરવામાં આવેલ છે ? | (૨) સાસણ (ગીર), જસાધાર, જેસર તથા સક્કરબાગ ઝૂ ખાતે સારવાર સેન્ટરની વ્યવસ્થા કરવામાં |

આવેલ છે.

શ્રી જશુભાઇ ધા. બારડ : માનનીય અધ્યક્ષશ્રી, ગણતરીમાં ૪૧૧ સિંહોની સંખ્યા દર્શાવી છે એમાંથી લગભગ ૧૧૪ સિંહો તો આજની જ પ્રશ્નોત્તરીના ૭૨ નંબરના પ્રશ્નમાં એમ કહ્યું છે કે અભિયારણ્યની બહાર છે અને આજની જ પ્રશ્નોત્તરીમાં ૧૭૪ નંબરના પ્રશ્નમાં એમ કહ્યું છે કે, ૪૬ના મૃત્યુ થયા છે. આપણા રાજયની આન-બાન-શાન છે સિંહો. મારો પ્રશ્ન એટલો જ છે કે આ સિંહો જંગલ છોડીને આજે બહાર જાય છે અને ૧૧૪ જેટલા તો બહાર નીકળ્યા છે અને ભાવનગર સુધી પહોચ્યા છે અને અભિયારણ્યમાં એને પૂરેપૂરો ખોરાક પ્રાપ્ત નથી થતો. સરળતાથી મળતો ખોરાક દૂધાળા ઢોર જ એના માટે હોય છે એટલે એ માનવ વસતિમાં જાય છે એવું ન બને કે એ ગાંધીનગર સુધી પહોંચી જાય. એટલે આ સિંહોને જંગલના અભિયારણ્યમાં રહે અને અભિયારણ્ય ન છોડે એના માટે સરકાર શું કરવા માગે છે? બીજું એની સારવાર માટેના જે સેન્ટરો છે તો એ સારવારના સેન્ટરોની અંદર કયા કયા પ્રકારના મહેકમ છે, અને એની જગ્યાઓ ભરાયેલી છે કે કેમ?

શ્રી ગોવિંદભાઇ ઉ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, સિંહોની વસતિ ગણતરી દર પાંચ વર્ષે થતી હોય છે, ૨૦૧૦ના આંકડા આપવામાં આવ્યા છે. માનનીય સભ્યશ્રીનું જે કહેવાનું છે કે, સિંહો જંગલ છોડીને ખોરાક નથી મળતો માટે બહાર જાય છે એવું નથી. સિંહોને પોતાના વનમાં ખોરાક મળે છે એને પોતાની જે જરૂરિયાત પ્રમાણે એનું મારણ કરે છે અને એના કારણે ત્યાં જંગલમાં ત્યાં સિંહોની વસતિ વધી છે. માનનીય અધ્યક્ષશ્રી, એને જે બાકીની મહેકમની અને વ્યવસ્થાની જે વાત કરી છે તો ચાર જગ્યાએ એના માટેની વ્યવસ્થાઓ કરવામાં આવી છે. એક્સ-રે મશીન, બ્લડ એનેલાઇઝર, અલ્ટ્રા સોનોગ્રાફી મશીન, માઇક્રોસ્કોપ, રેસ્ક્યુ મોબાઇલ વાન, રેસ્ક્યુ ટ્રીટમેન્ટ વાન, ટ્રેન્કીલાઇઝર ઘ ગન અને તે અંગેની દવાઓ, લેબ્સ એન્ડ કીટ્સ, ફર્સ્ટ એઇડ કીટ, વિવિધ પ્રકારના પાંજરાઓ, વિવિધ પ્રકારના ફરી શકે તેવા પાંજરાઓ, ઓપરેશન થિયેટર, સી.સી.ટી.વી. દ્વારા વન્ય પ્રાણી અવલોકનની સુવિધાઓ, વન્ય પ્રાણી બચાવ માટેની અનુભવી ટીમ, અનુભવી પશુ ચિકિત્સક, સારવાર માટેની તમામ પ્રકારની દવાઓ, પોસ્ટમોર્ટમ રૂમ, જે પ્રાણીઓના મૃત્યુ થાય તેનું પોસ્ટમોર્ટમ સહિતની અન્ય તમામ પ્રકારની સુવિધાઓ ઉપલબ્ધ છે.

**અધ્યક્ષશ્રી :** એક મિનિટ, તમને હું બીજો પ્રશ્ન પૂછવાની તક આપીશ.

**શ્રી અરવિંદભાઇ કે. લાડાણી :** માનનીય અધ્યક્ષશ્રી, હું મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે, રાજ્યમાં સિંહો માટે કેટલા અભ્યારણ્ય છે, ક્યાં ક્યાં છે તેમજ તેનો વિસ્તાર કેટલો છે? બૃહદ ગીર વિસ્તારમાં કયા વિસ્તારનો સમાવેશ કરવામાં આવેલ છે? તેમાં શું કામગીરી કરવામાં આવે છે અને કેટલા કૂવાઓ બાંધેલ છે.

**શ્રી ગોવિંદભાઇ પટેલ :** માનનીય અધ્યક્ષશ્રી, સિંહના વસવાટ માટે હાલમાં ગીર અભ્યારણ્ય, ગીર નેશનલ પાર્ક, પાળીયાદ અભ્યારણ્ય, મિત્યાળા અભ્યારણ્ય અને છેલ્લે ગીરનાર અભ્યારણ્ય એમ કુલ પાંચ અભ્યારણ્યો છે અને બૃહદ ગીર વિસ્તારમાં મિત્યાળા, પાળીયાદ, ગીરનાર, જુનાગઢ જિલ્લાના વિસ્તારો, અમરેલી જિલ્લાના સાવરકુંડલા, લીલીયા, ભાવનગર જિલ્લાના પાલીતાણા, મહુવા, તળાજા અને ઘાસિયા વિસ્તારો એના માટેના આવેલા છે.

**શ્રી પરેશ ધાનાણી :** માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યમાં ૪૧૧ સિંહો નોંધાયેલા છે અને એ પૈકી ૧૧૪ સિંહો એ ગીરથી બહાર અમરેલી, લીલીયા, ત્રાકજ, મહુવા, પાલીતાણા અને દરિયાકાંઠે ગીર છોડીને વસવાટ કરે છે. ચાલુ વર્ષે ગીરની અંદર ઓછાં વરસાદના કારણે પીવાના પાણીની બહુ જ તકલીફ છે, ત્યાં અંદર સિંહ જેવા પ્રાણીઓને પીવાના પાણીની વ્યવસ્થા નથી અને ત્યાંથી માલઢોર પણ હિજરત કરી ગયા છે, એટલે સિંહો એની પાછળ પાછળ જંગલ છોડીને રેવન્યુ વિસ્તારની અંદર બહોળા પ્રમાણમાં વસતા થયા છે ત્યારે મારી માનનીય મંત્રીશ્રીને વિનંતી એ છે કે ગીરની અંદર અને જ્યાં જ્યાં સિંહ વસે છે ત્યાં એના પીવાના પાણીની અને એના ખોરાક માટેની વ્યવસ્થા રાજ્ય સરકાર કરવા માગે છે કે કેમ?

**શ્રી ગોવિંદભાઇ પટેલ :** માનનીય અધ્યક્ષશ્રી, સિંહોની વસતિ અને વિસ્તાર મેં જેમ કહ્યું તે પ્રમાણે બૃહદ ગીર સુધીનો એનો વિસ્તાર વિસ્તરેલો છે, ભૂતકાળમાં વિસ્તરેલો હતો અને આજે પણ છે અને પાણીના

કારણે સિંહોને જંગલ છોડવું પડે એવી સ્થિતિ નથી, ૫૦૦ ઉપરાંત જેટલી જગ્યાઓએ પીવાના પાણી માટેની વ્યવસ્થાઓ રાજ્ય સરકારે કરેલી છે અને એના કારણે પાણીની કોઇ સમસ્યા આ પ્રાણીઓ માટેની નથી.

**શ્રી જેઠાભાઇ દા. સોલંકી :** માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમ દ્વારા માનનીય મંત્રીશ્રી પાસે હું એ જાણવા માગું છું કે, સિંહની વસતિ ગણતરી એટલે કે સિંહ વસતિ અંદાજ, ૨૦૧૦ની કામગીરી કેવી રીતે હાથ ધરવામાં આવી હતી અને તેની વિગત આપવા વિનંતી છે.

**શ્રી ગોવિંદભાઇ પટેલ :** માનનીય અધ્યક્ષશ્રી, સિંહોની વસતિ ગણતરી ૨૦૧૦માં કરવામાં આવી હતી. સૌથી નાનું એકમ એટલે ગામનો વિસ્તાર, આના માટેની નવ મહિના સુધીનું એક આખું પ્લાનિંગ કરવામાં આવે છે અને ગીર રક્ષિત વિસ્તારો અને ગીર ઝોનમાં જે ટોટલી વિસ્તાર આવેલો છે એમાં ૭ રિજિયન, ૨૮ ઝોન અને ૧૦૦ સબ ઝોનમાં એની વહેંચણી કરવામાં આવે છે, એના માટેની સી.સી.ટી.વી. કેમેરા સહિતની આધુનિક, વાયરલેસ ફોન સહિતની તમામ સુવિધા ઉપલબ્ધ કરવામાં આવે છે અને ઉનાળાના દિવસોમાં જ્યારે પાણીના સ્ત્રોત સૂકાઇ ગયા હોય અને માત્ર એને પીવાની જ્યાં વ્યવસ્થા હોય એ જગ્યાએ જ પાણી પીવા જાય એની વ્યવસ્થા કરેલ હોય છે અને પુનમનો દિવસ નક્કી કરવામાં આવે છે કે જે દિવસે રાત્રે એને જોઇ શકાય એટલા માટે એ દિવસ નક્કી કરવામાં આવે છે અને ચોવીસ કલાક સુધી એની વ્યવસ્થા કરવામાં આવે છે.

**શ્રી જવાહરભાઇ પે. ચાવડા :** (xxxxxx)* ખરું કે નહિ?

**અધ્યક્ષશ્રી :** એક મિનિટ, જરા ભાષા ઉપર કાબૂ રાખો, પ્લીઝ બધા બેસી જાઓ, આ શબ્દો રેકર્ડમાંથી કાઢી નાંખવામાં આવે છે. માનનીય જશુભાઇ, બેસો, આ રેકર્ડ ઉપરથી.., એક મિનિટ, એક મિનિટ...., (સતત અંતરાય) (આ તબક્કે શાસક પક્ષ અને વિરોધ પક્ષના સભ્યશ્રીઓ પોતાની જગ્યા ઉપર ઉભા થઇ ગયા ) (અંતરાય).

આપણે હાઉસની અંદર પ્રથા નથી. (અંતરાય) આપ બેસો, એક જણ રજૂઆત કરશે. પ્રશ્નોત્તરીમાંથી કોઇ વસ્તુ ઉભી થાય તો તેની રજૂઆત તમે પ્રશ્નોત્તરી પૂરી થાય ત્યાર બાદ કરી શકો છો. તમે આગ્રહ રાખશો તો બધા આગ્રહ રાખશે. તમે બધા બેસો નીતિનભાઇ અથવા પંકજભાઇ બોલશે (અંતરાય)

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, દરરોજ જયારે જયારે જવાહરભાઇ ઉભા થાય છે ત્યારે આવી રીતે વિસંગતતાવાળી, આક્ષેપવાળી અને બેહુદી વાતો કરે છે. તેમને ટેવ પડી ગયેલી છે સાહેબ, તેમને માફી મંગાવો.

અધ્યક્ષશ્રી : માનનીય નીતિનભાઇ, જે શબ્દો વિધાનસભા માટે યોગ્ય ના હોય, તે રેકર્ડ ઉપરથી આપણે દૂર કરીએ છીએ.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, તે બાબત નોર્મલ છે. કોઇ સભ્ય તેના વકતવ્યમાં ભૂલથી કંઇ બોલી જાય અને આપ શબ્દો રેકર્ડ ઉપરથી દૂર કરો તે નોર્મલ બાબત છે. પણ આમને સાહેબ વારંવારની ટેવ પડી ગયેલી છે અને હાથે કરીને, જાણી જોઇને તેઓ બોલે છે માટે માફી મંગાવો. અમારી વિનંતી છે સાહેબ કે માફી મંગાવો.

શ્રી પંકજકુમાર વિ. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, તમે બાવકુભાઇને આગળના પ્રશ્નમાં ટકોર્યા છતાં એનું એ રિપિટેશન જવાહરભાઇ કરે છે તે યોગ્ય નથી. પ્રશ્નોત્તરીના સમયમાં જાણી–જોઇને આ ઉભું કરવામાં આવે છે. ( અંતરાય)

અધ્યક્ષશ્રી : બધા બેસી જાવ. એક મિનિટ, માનનીય જવાહરભાઇ. (અંતરાય). તો અહીંયા આવતાં રહો ? તમને બેસવાનું કહું છું પછી શું કામ ઉભા છો ? શું કરવું તે જુદી વાત છે. (અંતરાય) મારે શું કરવું તે તમને પૂછવાનું છે ? માનનીય જવાહરભાઇ, જે રીતે અને જે પદ્ધતિથી તમે શબ્દો બોલ્યા છો, તે ખરેખર આ સભાગૃહ માટે શોભનીય નથી. આપણે આ સભાગૃહની અંદર પણ પ્રણાલિકા એવી છે કે, આવી રીતે કર્યુ હોય તો સભ્યશ્રીએ પોતાની દિલગીરી વ્યકત કરવી જ જોઇએ. અને તો જ આ સભાગૃહનું ડેકોરમ રહેશે એટલે

* આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર રેકર્ડમાંથી દૂર કરવામાં આવ્યાં.

આપ દિલગીરી વ્યકત કરો એવી હું આપને સૂચના આપું છું. (અંતરાય) નહીં, વાત નથી સાંભળવી તમારે કંઇ હોય તો કહો. તમે શબ્દો બોલ્યા એ જ સફિશિયન્ટ છે નહીંતર બધા સભ્યો એ રીતે બોલશે. જયારે બાવકુભાઇ બોલ્યા ત્યારે પણ એ અભદ્ર શબ્દ હતો, છતાંય ત્યારે કંઇ ના કર્યુ. નહીંતર પછી આ હાઉસમાં કોઇ મર્યાદા જ નહીં રહે બધાને બધુ બોલવાની છૂટ છે. ધારાસભાને શોભનીય હોય એ રીતે જ વર્તન કરવાનું છે અને રાખવાનું છે. આપ જે રીતે અને જે પદ્ધતિથી બોલ્યા છો એમાં આપે દિલગીરી વ્યકત કરવી જ જોઇએ.

શ્રી જવાહરભાઇ પે. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, મારો પ્રશ્ન અડધે જ પહોંચ્યો હતો.

અધ્યક્ષશ્રી : માનનીય દેવુસિંહભાઇ, તમારે નક્કી કરવાનું છે? તમે શું કામ ઉભા થાઓ છો? હું અહીં ઉભો હોઉં ત્યારે તમારે કોઇએ ઉભા થવાનું નથી, પછી તમારે જે કાર્યપદ્ધતિ અપનાવવી હોય તે છૂટ છે, તમે પણ શિસ્તમાં રહો.

શ્રી જવાહરભાઇ પે. ચાવડા : સાહેબ, મારો પ્રશ્ન અડધે જ પહોંચ્યો હતો અને તમે મને બેસાડી દીધો.

અધ્યક્ષશ્રી : અડધે પહોંચ્યો ત્યાં જ સમજાઇ ગયું, વધારે બોલવાની જરૂર નથી. આપ દિલગીરી વ્યકત કરો છો?

શ્રી જવાહરભાઇ પે. ચાવડા : વ્યકત કરુ છું. (અંતરાય)

અધ્યક્ષશ્રી : આપ વ્યકત કરો છો ને?

શ્રી જવાહરભાઇ પે. ચાવડા : હા, સાહેબ, દિલથી વ્યકત કરી, છતાં એમને નથી સંભળાતી.

શ્રી જશુભાઇ ધા. બારડ : માનનીય અધ્યક્ષશ્રી, આ સિંહો માટે ૨૬૦ ચોરસ કિલોમીટરમાં ૧૯૭૨માં નેશનલ પાર્ક બનાવ્યો છે એમાં કોઇને પણ પ્રવેશ આપવામાં આવતો નથી. આજે એમાં એટલા બધા ઝાંખરા થઇ ગયા છે કે એક સસલુ પણ પસાર થઇ શકે તેમ નથી. એટલે સિંહોને તો તકલીફ પડે જ, એટલે આ ઝાંખરા દૂર કરવા માટે વિચારણા કરવા માગે છે કે કેમ?

શ્રી ગોવિંદભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ એશિયાટીક સિંહો ગિરમાં વસ્યા છે તેના માટે જે કંઇ કાર્યવાહી કરવાની હોય તે કરવામાં આવશે અને તમારા જે કંઇ સૂચન હશે તે આપજો તો આ સિંહો માટે જે કંઇ અડચણ થતી હશે તે દૂર કરવામાં આવશે.

અધ્યક્ષશ્રી : આ ઝાંખરા છે તે દૂર કરવા માગો છો કે નહીં એટલું જ કહો ને.

શ્રી ગોવિંદભાઇ પટેલ : તેની તપાસ કરાવી અને ઘટતું કરવામાં આવશે.

**વડોદરા જિલ્લામાં વિધવા સહાય મેળવવાની મળેલ અરજીઓ**

* ૪૨૮૮ **શ્રીમતી મનીષા રા. વકીલ(વડોદરા શહેર) : માનનીય મહિલા અને બાળકલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વડોદરા જિલ્લામાં વિધવા સહાય મેળવવા કેટલી અરજીઓ મળી,

(૨) મળેલ અરજીઓ પૈકી વર્ષવાર કેટલી મંજૂર કરવામાં આવી, અને

(૩) બાકી રહેતી અરજીઓનો કયારે નિકાલ કરવામાં આવશે ?

**જવાબ**

(૧) ૨૨૯૬ અરજીઓ મળી.

(૨) મળેલ અરજીઓ પૈકી વર્ષવાર નીચે મુજબની અરજીઓ મંજૂર કરવામાં આવી.

| **ક્રમ** | **તા. ૧–૧–૧૧ થી તા. ૩૧–૧૨–૧૧** | **તા. ૧–૧–૧૨ થી તા. ૩૧–૧૨–૧૨** |
|---|---|---|
| ૧ | ૬૪૩ | ૭૯૫ |

(૩) બનતી ત્વરાએ નિકાલ કરવામાં આવશે.

શ્રીમતી મનિષા રા. વકીલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે ગુજરાત રાજયમાં આ નિરાધાર વિધવા આર્થિક સહાય યોજના કયારે શરૂ કરવામાં આવી અને એ સહાયની રકમમાં કયારે કયારે કેટલો વધારો કરવામાં આવ્યો છે અને આ સહાય મેળવવા માટેની

વયમર્યાદા શું છે?

પ્રો. વસુબેન ન. ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, ૨૬-૬-૧૯૭૯ના રોજથી આ નિરાધાર અને વિધવા બહેનો માટેની સહાય યોજના અમલમાં મૂકવામાં આવેલ છે. જે તે વખતે આ યોજના શરૂ થઇ ત્યારે ૩૦ રૂપિયા સહાય આપવામાં આવતી હતી. એમાં ઉત્તરોત્તર વધારો કરીને અત્યારે ૭૫૦ રૂપિયા સહાય આપવામાં આવે છે. અને તેમના આધારિત બે બાળકો હોય તો સો સો રૂપિયાની સહાય આપવામાં આવે છે. અને અરજદારની વય ૧૮ વર્ષની હોવી આવશ્યક છે.

શ્રી બાલકૃષ્ણભાઈ ના. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત જાણવા માગું છું કે આ યોજના હેઠળ આવેલ અરજીઓમાંથી કુલ કેટલી અરજીઓ નામંજૂર થઇ છે અને નામંજૂર થવાના કારણો શું છે?

પ્રો. વસુબેન ન. ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, આમાં કુલ ૨૨૯૬ અરજીઓ મળી હતી એમાંથી ૧૪૩૮ અરજીઓ મંજૂર થઇ છે. ૫૩૪ અરજીઓ નામંજૂર થઇ છે. અને ૩૨૪ અરજીઓ પડતર છે. આમાં જુદા જુદા નોર્મ્સ નકકી કરવામાં આવેલા છે તેનું પાલન ન થાય તો અરજીઓ નામંજૂર કરવામાં આવે છે.

શ્રીમતી વર્ષાબેન ન. દોશી : માનનીય અધ્યક્ષશ્રી, હું એ જાણવા માગું છું કે ગુજરાત રાજયમાં નિરાધાર વિધવા બહેનોની આર્થિક સહાય યોજના અને ભારત સરકારની આવી યોજના વચ્ચે શું તફાવત છે?

પ્રો. વસુબેન ન. ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજયની સરકારની યોજનામાં ૧૮ વર્ષથી ઉપરના કોઇપણ વિધવા હોય તેમને આજીવન લાભ મળવાપાત્ર છે. જયારે ભારત સરકારમાં ૪૦ વર્ષથી ઉપરની વ્યકિત હોય તેમને ૫૯ વર્ષ સુધી જ આ લાભ મળે છે. ગુજરાત સરકાર ૭૫૦ રૂપિયા પ્રતિ માસ સહાય આપે છે જયારે કેન્દ્ર સરકાર દ્વારા ૨૦૦ રૂપિયા ચૂકવવામાં આવે છે. જયારે બે આશ્રિત બાળકોને માટે ગુજરાત સરકાર પ્રતિ માસ સો રૂપિયા આપે છે. જયારે કેન્દ્ર સરકારમાં આવી કોઇ જોગવાઇ નથી. ગુજરાત સરકાર તરફથી ૧૮ થી ૪૦ વર્ષની બહેનોના પુનઃસ્થાપન માટે તાલીમ આપવામાં આવે છે જયારે કેન્દ્ર સરકારમાં આવી તાલીમની કોઇ જોગવાઇ નથી. ગુજરાત સરકાર તાલીમ પછી વ્યવસાય કરવા માટે સાધનની કીટ આપે છે. જયારે ભારત સરકારમાં આવી કોઇ જોગવાઇ નથી. શહેરમાં ૩૬ હજાર અને ગ્રામ્ય વિસ્તારમાં ૨૭ હજારથી ઓછી આવક ધરાવતી વિધવાઓને આ લાભ મળે છે. જયારે ભારત સરકાર દ્વારા માત્ર બી.પી.એલ. બહેનોને જ આનો લાભ આપવામાં આવે છે.

શ્રી ધીરુભાઇ ચુ. ભીલ : વડોદરા જિલ્લામાં ૧૨૯૬ અરજીઓ આવી, એમાં નસવાડી તાલુકામાંથી છેલ્લા બે વર્ષમાં કેટલી અરજીઓ આવી, કેટલી મંજૂર થઇ અને કેટલી નામંજૂર થઇ. અને નામંજૂર થવાના કારણો શું છે?

પ્રો વસુબેન ન. ત્રિવેદી : નસવાડી તાલુકામાં સાત અરજીઓ ૩૧-૧૨-૧૨ની સ્થિતિએ મળી હતી. ત્રણ મંજૂર થઇ, બે નામંજૂર થઇ અને બે પડતર બાકી છે. મેં કહ્યું એમ આ નામંજૂર થવાના કારણોમાં અરજદારની આવક હોય એ નિયત આવક કરતાં વધારે હોય કાં ૨૧ વર્ષનો પુત્ર હોય, તથા એની ચકાસણી સમયે સ્થળ ઉપર હાજર ન હોય એટલે ચોક્કસ માહિતી ન મળી હોય અને દસ વર્ષથી ગુજરાતમાં વસવાટ કરતાં ન હોય આવા કારણોમાંના કોઇ કારણો હોય તો એને આપવામાં આવતી નથી.

શ્રી કેતન મ. ઇનામદાર : સાવલી તાલુકામાં ૨૦૧૨-૧૩માં કેટલી અરજીઓ આવી, કેટલી મંજૂર થઇ, કેટલી નામંજૂર થઇ અને હાલના તબક્કે કેટલી પેન્ડિંગ છે?

પ્રો વસુબેન ન. ત્રિવેદી : સાવલી તાલુકામાં કુલ ૨૫૦ અરજીઓ મળી, ૧૩૭ મંજૂર થઇ ૨૯ નામંજૂર થઇ અને ૮૪ પડતર પડેલી છે.

શ્રી હીરાભાઇ હ. પટેલ : માનનીય મંત્રીશ્રીએ હમણાં એવું જણાવ્યું કે રાજય સરકારની યોજના ૧૮ થી ઉપરના વર્ષો સુધી ચાલે અને કેન્દ્રની યોજના છે એ ૪૦ થી ૫૯ વર્ષ સુધી ચાલે તો માનનીય મંત્રીશ્રીને આપની મારફતે પૂછવા માગું છું કે કેન્દ્રની ૫૯ વર્ષ ઉપરની આવી વિધવા બહેનો માટે કોઇ નિરાધાર વૃદ્ધાવસ્થા પેન્શનની ઇન્દિરા સહાયની યોજના છે કે કેમ?

પ્રો વસુબેન ન. ત્રિવેદી : વિધવા સહાય માટે કોઇ જોગવાઇ નથી.

શ્રી ધીરુભાઇ ચુ. ભીલ : માનનીય મંત્રીશ્રી પાસે એ જાણવું છે કે નસવાડી તાલુકામાં મેં જાતે મારા કાર્યાલયમાંથી ૧૫૦ અરજીઓ બનાવીને ફોર્મ આપ્યા હતાં અને એ ફોર્મની વિગત કદાચ મંત્રીશ્રી નહિ જાણતા હોય અને એમણે જવાબમાં ફકત સાત જ આપ્યું છે. તો આ ૧૫૦ અરજીઓ આપી એ મંજૂર કરવામાં વિલંબ થયો કે કાંતો આપણા રેકર્ડ ઉપર છે કે નહિ કે કંઇ શરતચૂકથી રહી ગયેલ છે કે કેમ?

પ્રો વસુબેન ન. ત્રિવેદી : મારી પાસે છેલ્લા ત્રણ વર્ષની યાદી છે અરજી તો ૨૦૦ કરીને આપીએ પરંતુ એમાં મંજૂર થવાને લાયક હોય એટલી જ અરજીઓ હોય.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, મંજૂર ન કરી હોય તો નામંજૂર હોય કાં પેન્ડિંગ હોય. હવે આપ નસવાડીની સ્પેશ્યલ તપાસ કરજો. સભ્યશ્રી એમ કહે છે કે મેં પોતે ૧૫૦ અરજી મોકલાવી છે તો એમાંથી કેટલી મંજૂર કેટલી નામંજૂર અને કેટલી મુલત્વી રહી.

પ્રો વસુબેન ન. ત્રિવેદી : હું તપાસ કરાવીશ.

**બારેજા શહેરમાં સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ પીવાના પાણીના પ્રોજેકટ**

* ૪૩૫૦ **શ્રી બાબુભાઇ જ. પટેલ(દસક્રોઇ) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ અમદાવાદ જિલ્લાના બારેજા શહેરમાં પીવાના પાણીના પ્રોજેકટ અંતર્ગત રાજ્ય સરકાર દ્વારા તા.૩૧-૧-૧૩ સુધીમાં વર્ષ ૨૦૧૨-૧૩માં કેટલું અનુદાન ચૂકવેલ છે ? | રૂ. ૩૨૦.૩૭ લાખનું અનુદાન ચૂકવવામાં આવેલ છે. |

શ્રી બાબુભાઇ જ. પટેલ : હું આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે બારેજા નગરપાલિકાની અંદર વિકાસ કામોમાં કેટલા રૂપિયા ફાળવ્યા અને પાણી માટે કેટલા રૂપિયા ફાળવ્યા?

અધ્યક્ષશ્રી : માનનીય બાબુભાઇ, અહીંયા પ્રશ્ન ફકત પીવાના પાણી માટે કેટલા ફાળવ્યા એ છે એટલે વિકાસ કામો પાછળ કેટલો ખર્ચ કર્યો એ પ્રશ્ન આમાં નહિ આવે. તેથી આપ ફકત પીવાના પાણી માટેની જ વાત કરો.

શ્રી બાબુભાઇ જ. પટેલ : પીવાના પાણી માટે કેટલા વાપર્યા?

શ્રીમતી આનંદીબેન મ. પટેલ : સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના એમાં રાજયના મુખ્યમંત્રીશ્રીએ સાત હજાર કરોડ રૂપિયા ફાળવ્યા હતાં એમાંથી બારેજામાં પીવાના પાણી માટે ૧૪ કરોડ રૂપિયા ફાળવવામાં આવ્યા છે અને ભૂગર્ભ યોજના માટે ૧૬ કરોડ તથા મોડેલ નગરપાલિકા માટે ૩ કરોડ એમ કરીને કુલ ૩૩ કરોડ ફાળવવામાં આવ્યા છે અને આ બધું કામ એકાદ મહિનાની અંદર પૂર્ણ થઇ જશે.

શ્રી જગરૂપસિંહ ગી. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે બારેજા નગરપાલિકાને અત્યારે કેટલું પાણી મળે છે અને પાણી પુરવઠા યોજનાના અમલીકરણ બાદ કેટલું પાણી મળશે અને આ પાણીના સોર્સ શું છે તેમજ આ પ્રોજેકટ કયારે પૂરો થશે?

શ્રીમતી આનંદીબેન મ. પટેલ : અત્યારે બારેજા નગરપાલિકા પાતાળકૂવામાંથી .૬ એમ.એલ.ડી. પાણી મેળવે છે અને ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ જૂથ યોજનાના હેડવર્કસમાંથી ૧.૬૫ એમ.એલ.ડી. પાણી મેળવે છે. આમ ૨.૨૫ એમ.એલ.ડી. પાણી મેળવે છે. બારેજાની વસતિ ૧૮, ૯૦૦ પ્રમાણે તો વ્યકિતદીઠ અત્યારે ૧૨૦ લીટર પાણી આપવામાં આવે છે. હવે જયારે આ આખો પ્રોજેકટ પૂર્ણ થશે ત્યારે બારેજાને ૨.૬૪ એમ.એલ.ડી. પાણી ઉપલબ્ધ થશે અને ૧૪૦ લીટર પાણી વ્યકિતદીઠ તેમને આપવામાં આવશે.

**જામનગર જિલ્લામાં વિધવા સહાય મેળવવાની અરજીઓ**

* ૪૩૨૩ **શ્રી પૂનમબેન હે. માડમ(ખંભાલીયા) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જામનગર જિલ્લામાં વિધવા સહાય મેળવવા કેટલી અરજીઓ મળી,

(૨) મળેલ અરજીઓ પૈકી વર્ષવાર કેટલી મંજૂર કરવામાં આવી, અને

(૩) બાકી રહેતી અરજીઓનો કયારે નિકાલ કરવામાં આવશે ?

**જવાબ**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જામનગર જિલ્લામાં વિધવા સહાય મેળવવા ૧૬૭૪ અરજીઓ મળી.

(૨) મળેલ અરજીઓ પૈકી વર્ષવાર નીચે મુજબની કુલ ૯૧૫ અરજીઓ મંજૂર કરવામાં આવી.

| ક્રમ | તા. ૧–૧–૧૧ થી તા. ૩૧–૧૨–૧૧ | તા. ૧–૧–૧૨ થી તા. ૩૧–૧૨–૧૨ |
|---|---|---|
| ૧ | ૩૬૪ | ૫૫૧ |

(૩) બનતી ત્વરાએ.

શ્રીમતી પુનમબેન હે. માડમ : માનનીય અધ્યક્ષશ્રી, વિધવા સહાય યોજના હેઠળ જામનગર જિલ્લામાંથી વર્ષ ૨૦૧૨ના અંત સુધીમાં તેમને કેટલી અરજીઓ મળી છે? કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી છે? કેટલી અરજીઓ પડતર છે અને એ સિવાય કેટલી અરજીઓ નામંજૂર કરવામાં આવી છે?

પ્રો વસુબેન ન. ત્રિવેદી : તા. ૩૧–૧૨–૧૨ની સ્થિતિએ જામનગર જિલ્લામાં વિધવા સહાય યોજનામાં ૧,૬૭૪ અરજી મળી, ૫૪૬ અરજી નામંજૂર કરી. ૨૧૩ અરજીઓ પડતર છે અને મેં કહ્યું એમ તેના માટેના કારણો છે એટલા માટે પડતર છે.

શ્રીમતી ભાનુબેન મ. બાબરીયા : માનનીય અધ્યક્ષશ્રી, જામનગરમાં બે વર્ષમાં વિધવા આર્થિક સહાય યોજના અંતર્ગત કેટલા લાભાર્થીઓને કેટલી રકમની ચૂકવણી કરવામાં આવી અને છેલ્લે કયા માસ સુધીની ચૂકવણી કરવામાં આવી છે?

પ્રો વસુબેન ન. ત્રિવેદી : જામનગરમાં છેલ્લા બે વર્ષમાં વિધવા આર્થિક સહાય યોજના અંતર્ગત ૨૦૧૧માં ૩,૩૪૭ લાભાર્થીઓને ૨૫૪.૬૭ લાખ, ૨૦૧૨માં ૩,૬૫૪ લાભાર્થીઓને ૩૩૩.૮૭ લાખની સહાય ચૂકવી. વર્તમાન પરિસ્થિતિ પ્રમાણે ફેબ્રુઆરી–૨૦૧૩ સુધીની ચૂકવણી ઓલરેડી કરી દેવામાં આવી છે.

શ્રી સી. કે. રાઉલજી : હાલમાં વિધવા બહેનોને જે સહાય ચૂકવવામાં આવે છે, આજની વધતી જતી મોંઘવારીમાં અપૂરતી છે. તે વધારવા માગો છો કે કેમ?

પ્રો વસુબેન ન. ત્રિવેદી : તેમનું સૂચન છે. કેન્દ્ર સરકાર તો ૨૦૦ રૂપિયા જ આપે છે. રાજય સરકારે મોંઘવારીના કારણે રકમ વધારીને ૭૫૦ રૂપિયા કર્યા છે. મોંઘવારી દૂર કરીએ તો સારું.

શ્રી મેઘજીભાઇ અ. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, હું એ પૂછવા માગું છું કે જે અરજીઓ નામંજૂર કરવામાં આવી છે એ કયા કારણોસર નામંજૂર કરવામાં આવી છે?

પ્રો વસુબેન ન. ત્રિવેદી : જેણે અરજી કરી હોય તેની આવક નિયત આવક કરતા વધારે હોય, ૨૧ વર્ષનો પુત્ર હોય, અરજદારની ઉંમર ઓછી હોય, ચકાસણી સ્થળે હાજર ન રહ્યા હોય અને ૧૦ વર્ષથી ગુજરાતમાં વસવાટ ન કરતા હોય. એક વિશેષ પરિસ્થિતિ હોય છે. ૨૧ વર્ષનો પુત્ર હોય પરંતુ એ પુત્ર પોતાની માતાનું પોષણ કરવા માટે સક્ષમ ન હોય, જેમ કે તે પાગલ, શારીરિક આપંગ કે આજીવન કારાવાસમાં હોય તો એવા કિસ્સામાં વિશેષ પરિસ્થિતિનો લાભ આપીને આર્થિક સહાય આપણે આપતા હોઇએ છીએ.

શ્રી યોગેશ પટેલ : વિધવા સહાયમાં લાભાર્થી બહેનોને સમાજકલ્યાણ વિભાગમાં વારંવાર જવું પડે છે. અનેક વિધવા બહેનો સહાય મળવાથી વંચિત થાય છે. અરજી તેમજ ડોક્યુમેન્ટ ઓનલાઇન કરવા માગો છો કે કેમ?

પ્રો વસુબેન ન. ત્રિવેદી : આની એક યોજના છે. રાજય સરકાર રાજયની પોસ્ટમાં જમા કરાવતા હોય છે અને પછી નીચે સુધી આ વ્યવસ્થાઓ ગોઠવાયેલી હોય છે. માહિતી ન હોવાના કારણે તેમને ધક્કા ખાવા પડતા હોય છે.

શ્રી ચીમનભાઇ ધ. સાપરીયા : વિધવા આર્થિક સહાય યોજના અંતર્ગત કયા કયા વયજૂથની બહેનોને સ્વાવલંબી બનવા માટે તાલીમ આપવામાં આવે છે અને કયા પ્રકારની તાલીમ આપવામાં આવે છે? અને સફળતાપૂર્વક તાલીમ પૂરી કરનારને સરકાર દ્વારા કોઇ સહાય આપવામાં આવે છે કે કેમ?

પ્રો વસુબેન ન. ત્રિવેદી : આ રાજય સરકારની ખૂબ સારી વ્યવસ્થાઓ છે. વર્તમાન પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને બહેનો ૧૮ વર્ષની વયે પણ વિધવા થતી હોય છે, ત્યારે એવા સંજોગોમાં ૧૮થી ૪૦ વર્ષની ઉંમરની બહેનોને સ્વાવલંબી થવા માટેની તાલીમ રાજય સરકાર દ્વારા આપવામાં આવતી હોય છે. એ તાલીમ પૂરી થાય ત્યારે એવા સાધનોની કિટ્સ આપવામાં આવે છે કે તે પગભર થઇ શકે. એમના પુનઃસ્થાપન માટે એમને મેન્યુફેક્ચરીંગની ટ્રેનીંગ, ટ્રેનીંગને લગતી સર્વિસીસ, ગારમેન્ટ, એક્રેલીક, બેકરી, કટલરી, હોઝીયરી, લેધર ગુડ્સ, એમ્બ્રોયડરી એવા ૩૦ પ્રકારની તાલીમ આપીએ છીએ.

શ્રી અમિત અ. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ કહ્યું કે, ૨૦૦ કરતાં વધારે અરજીઓ પેન્ડીંગ છે. તો એમાં એક મહિનાની કેટલી, બે મહિનાની કેટલી અને એના કરતાં વધારે સમયથી કેટલી પેન્ડીંગ છે?

પ્રો. વસુબેન ન. ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, જામનગર જિલ્લાની અંદર ૩૧/૧૨ સુધીની પેન્ડીંગ જે અરજીઓ છે એમાં ૨૦૧૦-૧૧, ૨૦૧૧-૧૨ બધી જ વિગતો મારી પાસે છે.

શ્રી ભરતસિંહજી શં. ડાભી : માનનીય અધ્યક્ષશ્રી, આ સોશિયલ વેલ્ફેરની યોજના છે. એના લાભાર્થીઓના ફેવરમાં નામ નક્કી કરવા માટે એના નોર્મ્સને ઓવર રૂલ કરીને એ અરજીઓ મંજૂર કરવા માટેની સૂચના તંત્રને આપવા માગે છે કે કેમ?

પ્રો. વસુબેન ન. ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, આ યોજના અંતર્ગત કામ થતું હોય છે. પણ બહેનોના વિશેષ કિસ્સા હોય ત્યારે આપીએ છીએ.

**માલપુર તાલુકાનું જર્જરિત વિશ્રામગૃહ**

* ૪૬૦૩ **શ્રી મહેન્દ્રસિંહ શં. વાઘેલા(બાયડ) : માનનીય માર્ગ મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા.૩૧-૧૨-૧૨ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લામાં માલપુર ખાતેનું વિશ્રામગૃહ ખૂબ જ જર્જરિત અવસ્થામાં છે તે હકીકત સાચી છે, અને | (૧) ના, જી. |
| (૨) જો હા, તો સરકાર કેટલા સમયમાં આ જર્જરિત વિશ્રામગૃહનું સમારકામ કરવા માંગે છે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

શ્રી મહેન્દ્રસિંહ શં. વાઘેલા : માનનીય અધ્યક્ષશ્રી, મારા માલપુર તાલુકાના તાલુકા મથકે બેસવાની એક માત્ર જગ્યા વિશ્રામગૃહ છે. છેલ્લા ઘણા વર્ષોથી બંધ હતું. ત્યાં બહાર બોર્ડ પણ મારવામાં આવ્યું હતું કે, આ મકાન બિન ઉપયોગી છે. એટલા માટે માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, ૨૦૦૮માં માલપુર તાલુકાના માર્ગ અને મકાન વિભાગના ડેપ્યુટી એન્જિનિયરે આ મકાન બિન ઉપયોગી છે એવો અભિપ્રાય આપેલ હતો એ વાત સાચી છે? મકાન ક્યારે બન્યું અને આટલા વર્ષો પછી હમણાંથી એ ચાલુ થયેલ છે. તો ચાલુ થયા પછી એની પાછળ કેટલો મરામતનો ખર્ચ કરવામાં આવ્યો?

શ્રીમતી આનંદીબેન મ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ૧૯૫૭માં આ વિશ્રામગૃહનું બાંધકામ થયેલ છે અને ડિસ્ટ્રીક્ટ લોકલ બોર્ડને એટલે કે જિલ્લા પંચાયત નીચે ૧૯૬૩માં આ મકાન આવ્યું. આ વિશ્રામગૃહમાં ૧ ડાઇનીંગ રૂમ, બે ડાઇનીંગ ટેબલ, ૧૦ ચેર, ચાર બેડરૂમ, બાથરૂમ, વોસ બેઝીન, ઇલેક્ટ્રીક ગીઝર, ફર્નિચર આ બધી જ વ્યવસ્થા એની અંદર આપેલી છે. એમાં ૨૦૧૦-૧૧માં રૂ.૯૩,૫૬૫/-નો ખર્ચ કરવામાં આવ્યો, ૨૦૧૧-૧૨માં રૂ.૧,૧૮,૫૦૮/-નો ખર્ચ કર્યો અને ૨૦૧૨-૧૩માં રૂ.૧૭,૬૬૦/- નું રિપેરીંગ અને કરેલ કામમાં કલર કામ, ફર્નિચર, ક્રોકરી અને મરામત બધા ખર્ચના રૂ.૨,૨૯,૭૩૩/-નો ખર્ચ કરવામાં આવ્યો છે અને આ વપરાશમાં આવેલ છે. ૨૦૧૦-૧૧માં ૧૯ દિવસ, ૨૦૧૧-૧૨માં ૯ દિવસ એનો ઉપયોગ થયો છે અને સમયે સમયે આ વિશ્રામગૃહની અંદર ધારાસભ્યો પણ જતા હોય છે અને કોઇને

કોઇ વ્યકિત જતી હોય છે. મકાન સારું ન હોય તો કોઇ જાય નહીં અને આવું બોર્ડ મારેલ હોય તો કોઇ રૂમ આપે નહીં.

શ્રી અશ્વિન કોટવાલ : માનનીય અધ્યક્ષશ્રી, સાબરકાંઠા જિલ્લામાં ચાર ટ્રાયબલ તાલુકા આવેલા છે, ખેડબ્રહ્મા, વિજયનગર, મેઘરજ, ભિલોડા. વિશ્રામગૃહની વાત થઇ ત્યારે માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, ટ્રાયબલ વિસ્તારમાં વિશ્રામગૃહ બન્યા નથી.. (અંતરાય)

અધ્યક્ષશ્રી : માલપુરનું જ પૂછો, જનરલ પ્રશ્ન નથી. સાબરકાંઠાનો પ્રશ્ન નથી, સાબરકાંઠાના માલપુરનો જ પ્રશ્ન છે. (અંતરાય)

શ્રી અશ્વિન કોટવાલ : વિજયનગર અને ખેડબ્રહ્મા ટ્રાયબલ તાલુકામાં વિશ્રામગૃહ બન્યા નથી, માટે એ પૂછવા માગું છું કે, ટ્રાયબલ વિસ્તારમાં વિશ્રામગૃહ બને જેથી કરીને અધિકારીઓ ત્યાં રહી શકે અને આજે અધિકારીઓ આવતા નથી અને રહેતા નથી. રહેવાની વ્યવસ્થાના અભાવે તેઓ આવતા નથી. ખેડબ્રહ્મા, વિજયનગર અને મેઘરજમાં વિશ્રામગૃહ નથી તો આવું આયોજન કરવા માગો છો કે કેમ?

શ્રીમતી આનંદીબેન મ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માલપુર તાલુકાના વિશ્રામગૃહ પૂરતો જ પ્રશ્ન છે. મેં મારા માર્ગ અને મકાન વિભાગની ચર્ચા કરી ત્યારે આપશ્રી કદાચ હાજર નહીં હોવ. એમાં મેં કહ્યું હતું કે, આખાયે રાજ્યમાં જ્યાં પણ વિશ્રામગૃહ નથી ત્યાં વિશ્રામગૃહ બનાવવા માટે રૂ.૩૦/– કરોડની જોગવાઇ આ રાજ્ય સરકારે કરી છે. એમાં ટ્રાયબલ પણ આવી જાય.

ડો. અનિલ જોષીયારા : માનનીય અધ્યક્ષશ્રી, આ ૧૯૫૭માં બનેલું છે. ૫૬ વર્ષ જૂનું મકાન છે. આપણે પણ જૂના મકાન હોય તો એને તોડીને નવા બનાવતા હોઇએ છીએ. આટલા વર્ષો જૂનું મકાન છે અને આ જે વિશ્રામ ગૃહ છે તે ગોધરા–મોડાસા–શામળાજી હાઇવે પર આવેલું છે અને ઘણા બધા વી.આઇ.પી.ઓને આની જરૂરિયાત ઉભી થતી હોય છે. ત્યારે મંત્રીશ્રીએ એમ જણાવ્યું છે કે આ વાપરવા લાયક છે પણ અમે જાતે જોયું છે કે આ બિલકુલ જર્જરીત મકાન છે. એટલે મંત્રીશ્રીને વિનંતી છે કે ભલે અહીંયા જે પણ જવાબ આપ્યો તે પણ તમે પોઝીટીવલી આ મકાન ફરી પાછું બનાવવા માગો છો કે કેમ?

શ્રીમતી આનંદીબેન મ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ મકાન ડીસ્ટ્રીકટ પંચાયત પાસે છે અને ડીસ્ટ્રીકટ પંચાયત જો એની જમીન સાથે સ્ટેટ વિભાગને આપશે તો એ એના પર વિચાર કરશે.

**નર્મદા જિલ્લામાં કુંવરબાઇનું મામેરું યોજના**

* ૪૨૭૯ **શ્રી મોતીલાલ પુ. વસાવા(ડેડીયાપાડા) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) નર્મદા જિલ્લામાં આદિજાતિની કન્યાઓ માટે કુંવરબાઇનું મામેરુ યોજના હેઠળ સને ૨૦૧૦–૧૧ અને ૨૦૧૧–૧૨ માં તા.૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ કેટલી કન્યાઓને લાભ આપવામાં આવેલ છે, અને

(૨) ઉપરોકત વર્ષમાં આ યોજના હેઠળ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

**જવાબ**

(૧)

| વર્ષ | લાભાર્થીની સંખ્યા |
|---|---|
| ૨૦૧૦–૧૧ | ૭૦ |
| ૨૦૧૧–૧૨ | ૩૫ |
| ૨૦૧૨–૧૩ | ૭૮ |

(૨) રૂા. ૧૩,૫૧,૦૦૦–૦૦.

શ્રી મોતીલાલ પૂ. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, આદિવાસી કન્યાઓ માટે જે કુંવરબાઇનું મામેરાની યોજના છે એમાં કેન્દ્ર સરકારની કોઇ સહાય છે કે કેમ? અને આ યોજના મંજૂર કરવા માટેના ધોરણો અને પદ્ધતિ શું છે?

શ્રી ગણપતભાઇ વે. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, કુંવરબાઇનું મામેરું યોજનામાં કેન્દ્ર સરકાર તરફથી કોઇ સહાય આપવામાં આવતી નથી. આ યોજના સો ટકા રાજ્ય સરકારની છે અને આદિવાસી સમાજને આશીર્વાદરૂપ ખૂબ જ સફળ થયેલી યોજના છે. આદિવાસી સમાજના માતાપિતાને તેમની પુત્રીના લગ્નમાં આર્થિક સહાય કરવાનો રાજ્ય સરકારનો મુખ્ય ઉદ્દેશ છે. ગ્રામ્ય વિસ્તાર હોય તો આવક મર્યાદા ૨૭ હજારની છે અને શહેરી વિસ્તાર હોય તો ૩૬હજારની આવક મર્યાદા છે અને પુખ્ત વયની દીકરી હોય એ કુટુંબમાં એક દીકરીને સહાય આપવામાં આવે છે. લગ્નના પુરાવા તરીકે કંકોતરી અને તલાટીનો દાખલો અને

નગરપાલિકા વિસ્તાર હોય તો ચીફ ઓફીસર અથવા પ્રમુખશ્રીના દાખલા રજૂ કરવામાં આવે છે. જાતિ આવકનો તલાટી કમ મંત્રીનો દાખલો અને જન્મનું પ્રમાણપત્ર એલ.સી.ના આધારે અને ભણેલા ના હોય તો ડોકટર પણ આ પ્રમાણપત્ર આપે છે.

શ્રી અરૂણસિંહ અ. રણા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે નર્મદા જિલ્લામાં આદિજાતિ કન્યાઓ માટે કુંવરબાઇનું મામેરાની યોજના હેઠળ તાઃ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ તાલુકાવાર વર્ષ ૨૦૧૦–૧૧ અને ૨૦૧૧–૧૨માં કેટલા લાભાર્થીઓને લાભ આપવામાં આવેલો છે.

શ્રી ગણપતભાઇ વે. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, નર્મદા જિલ્લામાં કુંવરબાઇનું મામેરૂ યોજના હેઠળ તાલુકાવાર લાભાર્થીઓની સંખ્યા જોઇએ તો નાંદોદ તાલુકામાં ૧૧૦ લાભાર્થીઓને ૮,૭૪,૦૦૦, તિલકવાડા તાલુકામાં ૩ લાભાર્થીઓને ૨૦,૦૦૦ રૂપિયા અને દેડીયાપાડા તાલુકામાં ૪૩ લાભાર્થીઓને ૨,૬૨,૦૦૦ રૂપિયા, સાગબારા તાલુકામાં ૨૭ લાભાર્થીઓને ૧,૯૫,૦૦૦ આમ કુલ મળીને ૧૮૩ લાભાર્થીઓને ૧૩,૫૧,૦૦૦ની રાજય સરકારે સહાય પહોંચાડી છે.

શ્રી નલીનભાઇ ના. કોટડીયા : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે કુંવરબાઇનું મામેરૂની યોજના કયારથી શરૂ થઇ અને શરૂ થઇ ત્યારે સહાયના કયા ધોરણો હતા અને આજે કયા ધોરણો અમલમાં છે?

શ્રી ગણપતભાઇ વે. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, કુંવરબાઇનું મામેરૂની યોજના ૧૯૯૫માં શરુ થઇ ત્યારે ૫હજાર રૂપિયા હતા અને માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીએ મોંઘવારીને ધ્યાને લેતા ગરીબ આદિવાસીઓને મદદ કરી શકાય, દીકરીઓને પરણાવી શકે એ માટે ૨૦૧૨માં ડબલ કરીને ૧૦ હજાર રૂપિયા કર્યા છે.

શ્રી શબ્દશરણ ભા. તડવી : માનનીય અધ્યક્ષશ્રી, મને મારો જવાબ મળી ગયો છે.

શ્રી ધીરુભાઇ ચુ. ભીલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, ૨૦૧૦–૧૧માં ૭૦ લાભાર્થીઓ, ૨૦૧૧–૧૨માં ૩૫ અને ૨૦૧૨–૧૩માં ૭૮ લાભાર્થીઓ એમાં જણાવ્યું છે કે તિલકવાડા તાલુકામાં ૩ અરજીઓ મંજૂર કરવામાં આવી છે તો આ ૩ વર્ષમાં તિલકવાડા તાલુકાની કેટલી અરજીઓ આવી હતી અને કેટલી મંજૂર થઇ હતી? મંજૂર ૩ અરજીઓ કરી છે તો બાકીની અરજીઓનો નિકાલ કરવા માગો છો કે કેમ?

શ્રી ગણપતભાઇ વે. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, તિલકવાડા તાલુકામાં ૨૦૧૦–૧૧માં માત્ર ૨ અરજીઓ આવી હતી. ૨૦૧૧–૧૨માં કોઇ અરજી આવી નથી. તા.૩૧–૧૨–૧૨ની સ્થિતિએ બીજી એક અરજી આવી. આમ ત્રણે ત્રણ અરજીઓ મંજૂર કરવામાં આવી છે.

શ્રી આત્મારામ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, કુંવરબાઇનું મામેરું યોજના એ દીકરીઓ માટેની યોજના છે. આપણે બેટી બચાવો અભિયાન પણ શરૂ કર્યુ છે ત્યારે(અંતરાય)

અધ્યક્ષશ્રી : સવાલ પર આવો. નહિતર ઘણાં અભિયાન પાછા આવશે.

શ્રી આત્મારામ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, કેટલી દીકરીઓ, માનો કે એક કુટુંબમાં, એક પરિવારમાં એક દીકરી હોય, બે દીકરી હોય તો બેટી બચાવોનો ઉલ્લેખ મેં એટલા માટે કર્યો છે ત્યારે એક કરતાં વધારે દીકરી હોય તો પણ એને કુંવરબાઇનું મામેરું યોજનાનો લાભ આપવા માગો છો કે કેમ?

શ્રી ગણપતભાઇ વે. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, એમનું સૂચન છે.

શ્રી બાવકુભાઇ ના. ઉંઘાડ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસે હું એટલું જાણવા માગુ છું કે, આ ગરીબ આદિવાસી કન્યાઓનો પ્રશ્ન છે એટલે આમાં આવકની જે મર્યાદા છે એ દૂર કરીને તમામ આદિવાસી કન્યાઓને આ કુંવરબાઇનું મામેરું યોજનામાં સમાવેશ કરવા માગે છે કે કેમ?

શ્રી ગણપતભાઇ વે. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, એ એમનું સૂચન છે.

શ્રી રજનીકાન્ત મો. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મને સંતોષ થઇ ગયો છે.

**મહેસાણા જિલ્લાના કડી કલ્યાણપુર  સચાણા રોડનું કામ**

* ૪૨૪૧ **શ્રી નારાયણભાઇ લ. પટેલ (ઉંઝા) : માનનીય માર્ગ મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) મહેસાણા જિલ્લાના કડી કલ્યાણપુર સચાણા રોડનું કામ તા.૩૧-૧૨-૧૨ની સ્થિતિએ ક્યા તબક્કે છે, | (૧) પ્રગતિમાં છે. |
| (૨) આ કામગીરીનો અંદાજિત ખર્ચ કેટલો થશે, અને | (૨) રૂા. ૩૨૪૯.૦૦ લાખ થશે. |
| (૩) આ કામ ક્યારે પૂર્ણ કરવાનું આયોજન છે ? | (૩) તા.૧૬-૮-૧૩ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે. |

શ્રી નારાયણભાઇ  લ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને પૂછવા માગુ છું કે, મહેસાણા જિલ્લાના કડી-કલ્યાણપુર -સચાણા રોડ પ્રગતિમાં છે એમ જણાવ્યું છે તો કઇ તારીખે એનું ટેન્ડર નીકળ્યું? કઇ એજન્સીને આપવામાં આવ્યું? અને એમણે કહ્યું છે કે  તા.૧૬-૮-૧૩ સુધીમાં પૂર્ણ કરવામાં આવશે તો એ સમયમાં પૂર્ણ થશે કે નહિ?

શ્રીમતી આનંદીબેન મ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મહેસાણા જિલ્લાને ટૂંકા રસ્તે જોડતો આ રસ્તો છે. ૩૨ કિલોમીટરની એની લંબાઇ છે અને વિરમગામને જોડે એટલે ઉત્તર ગુજરાત સીધુ સૌરાષ્ટ્ર તરફ જઇ શકે. આટલો ટૂંકો રસ્તો બનાવવા માટે રાજ્ય સરકારે નિર્ણય કર્યો અને એની બજેટ જોગવાઇ, એનું ટેન્ડર બહાર પડ્યું તા.૨૭-૬-૨૦૧૨, ટેન્ડર મંજૂર કર્યુ તા.૧૦-૯-૨૦૧૨ અને કામ પુરું કરવાની મર્યાદા છે તા.૧૬-૮-૧૩ અને સમયસર આ કામ પૂર્ણ કરવામાં આવશે.

શ્રી બળદેવજી ચં. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, આ સચાણાવાળા રોડનું કામકાજ આજની તારીખે ૫૦% થયું છે અને ૫૦% પૂર્ણ થવાનું બાકી છે, એમાં જવાબમાં એવું લખ્યું છે કે તા.૧૬-૮-૧૩ સુધીમાં આ કામ પૂર્ણ કરવામાં આવશે તો મારે મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે, આ જો તા.૧૬-૮-૧૩ સુધીમાં પૂર્ણ ના થાય તો કોન્ટ્રાકટર વિરુદ્ધમાં કોઇ પગલા ભરવા માગો છો કે કેમ?

શ્રીમતી આનંદીબેન મ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, અમે જે સમય આપીએ છીએ એ સમય મર્યાદામાં કામ પૂર્ણ થાય છે અને એટલા માટે કોઇની સામે પગલા ભરવાની જરૂર નથી. (અંતરાય)

અધ્યક્ષશ્રી : આવતી વિધાનસભામાં પૂછજોને શું થયું છે? ભરતભાઇ.

શ્રી ભરતસિંહજી શં. ડાભી : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, આ રસ્તો કેટલી પહોળાઇનો બનશે?

શ્રીમતી આનંદીબેન મ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ રસ્તો ૧૦ મીટર પહોળાઇનો બનશે.

**જસદણ શહેરને જોડતો ભાદરણ નદી ઉપર નવો પુલ બનાવવા બાબત**

* ૫૨૦૭ **શ્રી ભોળાભાઇ ગોહેલ(જસદણ) : માનનીય માર્ગ મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧-૨૦૧૩ની સ્થિતિએ જસદણ શહેરને જોડતો ભાદરણ નદીનો પુલ નવો બનાવવાનું સરકાર વિચારે છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ આયોજન ક્યા તબક્કે છે, અને કેટલો ખર્ચ અંદાજવામાં આવેલ છે, અને | (૨) સર્વેક્ષણની કામગીરી આખરી થવામાં છે. આ કામ માટે રૂા. ૪૫૦ લાખનો ખર્ચ અંદાજવામાં આવેલ છે. |
| (૩) કેટલા સમયમાં આ નવો પુલ બનાવવામાં આવશે ? | (૩) ટેન્ડર મંજૂર થયે નિયત સમય મર્યાદામાં. |

શ્રી ભોળાભાઇ ભી. ગોહેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, જસદણ શહેરને જે જોડતો પૂલ છે એનું ટેન્ડર ક્યારે કરવામાં આવશે? અને ક્યારે પૂર્ણ કરવામાં આવશે?

શ્રીમતી આનંદીબેન મ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ રોડનો સોઇલ ડેટા અંગેનો રિપોર્ટ તા.૧૫-૭-૨૦૧૨નાં રોજ આવ્યો છે. સર્વે ડેટા આલેખન મંજૂર ગાંધીનગરમાં તા.૩૨-૮-૧૨..(અંતરાય)

અધ્યક્ષશ્રી : પ્રશ્નોત્તરીનો સમય પૂર્ણ થાય છે.

# અતારાંકિત પ્રશ્નો
# તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ.

### સુરત જિલ્લાના કડોદ મઢી રોડને પહોળો કરવા બાબત

* ૪૨૫૩ **શ્રી કિશોરભાઇ ર. વાંકાવાલા (સુરત પશ્ચિમ) : માનનીય માર્ગ મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરત જિલ્લાના કડોદ મઢી રોડને પહોળો કરવાનું કામ તા.૩૧–૧–૧૩ની સ્થિતિએ કયા તબકકે છે, અને | (૧) પ્રગતિમાં છે. |
| (૨) આ કામ કયારે પૂર્ણ થનાર છે ? | (૨) બનતી ત્વરાએ પૂર્ણ કરવાનું આયોજન છે. |

### અબડાસા તાલુકાના કોટડા વિંઝાણ વરાડીયા રસ્તાનું કામ

* ૪૨૪૬ **શ્રી રમેશભાઇ વ. મહેશ્વરી(ગાંધીધામ) : માનનીય માર્ગ મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કચ્છ જિલ્લાના અબડાસા તાલુકાના કોટડા વિંઝાણ વરાડીયા રસ્તાનું કામ તા.૩૧–૧૨–૧૨ની સ્થિતિએ કયા તબકકે છે, | (૧) પ્રગતિમાં. |
| (૨) કામ પર અંદાજી કેટલો ખર્ચ થયેલ છે, અને | (૨) રૂા. ૧૯૩.૩૫ લાખ. |
| (૩)આ કામ કયારે પૂર્ણ થશે ? | (૩) બનતી ત્વરાએ પૂર્ણ કરવાનું આયોજન છે. |

### સુરત જિલ્લામાં બાલિકા સમૃધ્ધિ યોજના

* ૪૨૬૯ **શ્રી પ્રફુલભાઇ છ. પાનશેરીયા (કામરેજ) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરત જિલ્લામાં ઘટકવાર કેટલી કન્યાઓને બાલિકા સમૃધ્ધિ યોજના હેઠળ આવરી લીધેલ છે,

**જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરત જિલ્લામાં સમૃધ્ધિ યોજના હેઠળ ઘટકવાર આવરી લેવાયેલ કન્યાઓની માહિતી નીચે મુજબ છે.

| અ.નં. | તાલુકાનું નામ | ઘટકનું નામ | તા.૩૧.૧૨.૧૧ની સ્થિતિએ આવરી લીધેલ કન્યાઓની સંખ્યા | તા.૩૧.૧૨.૧૨ની સ્થિતિએ આવરી લીધેલ કન્યાઓની સંખ્યા |
|---|---|---|---|---|
| ૧ | મહુવા | મહુવા | ૩૫૮૦ | ૩૪૮૩ |
| ૨ | માંડવી | માંડવી–૧ | ૧૧૨૩ | ૧૭૪૫ |
| | | માંડવી–૨ | ૧૫૭૫ | ૨૩૧૨ |
| ૩ | માંગરોળ | માંગરોળ | ૨૨૦૬ | ૨૧૧૭ |
| ૪ | બારડોલી | બારડોલી–૧ | ૧૪૨૦ | ૧૬૦૮ |
| | | બારડોલી–૨ | ૧૬૦૫ | ૧૬૫૫ |
| ૫ | ઓલપાડ | ઓલપાડ | ૧૯૮૪ | ૨૨૬૫ |
| ૬ | ચોર્યાસી | ચોર્યાસી–૧ | ૫૬૪ | ૫૭૫ |
| | | ચોર્યાસી–૨ | ૪૧૮ | ૩૯૩ |
| ૭ | કામરેજ | કામરેજ | ૧૧૭૮ | ૧૮૫૭ |
| ૮ | પલસાણા | પલસાણા | ૧૬૧૨ | ૧૬૨૮ |
| ૯ | ઉમરપાડા | ઉમરપાડા | ૧૭૨૩ | ૨૭૭૧ |
| | | **ગ્રામ્ય સરવાળો** | **૧૮૯૮૮** | **૨૨૪૦૯** |
| ૧૦ | સુરત | સુરત–૧ | ૧૪૪૮ | ૧૫૮૫ |

| | | | | |
|---|---|---|---|---|
| | પાલિકા | સુરત-૩ | ૬૯૧ | ૭૧૦ |
| | | સુરત-૪ | ૫૧૫ | ૪૮૦ |
| | | સુરત-૫ | ૧૫૬ | ૬૯ |
| | | **શહેરી સરવાળો** | **૪૦૦૪** | **૩૫૨૭** |
| | | **સુરત જિલ્લા સરવાળો** | **૨૨૯૯૨** | **૨૫૯૩૬** |

(૨) તે પૈકી કેટલી સહાય ચૂકવેલ છે, અને

(૨) તે પૈકી તા.૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ ૧૯૦૩૦ કન્યાઓને રૂા.૯૫,૧૫,૦૦૦/- જન્મોત્તર સહાય તેમજ ૭૧૨૬ કન્યાઓને રૂા.૫૯,૩૨,૨૦૦/- ની શિષ્યવૃત્તિ સહાય તેમજ તા.૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ ૨૧૯૫૧ કન્યાઓને રૂા.૧,૦૯,૭૫,૫૦૦/- જન્મોત્તર સહાય તેમજ ૭૬૯૭ કન્યાઓને રૂા. ૭૮,૦૪,૪૦૦/- શિષ્યવૃત્તિ સહાય બાલિકા સમૃધ્ધિ યોજના હેઠળ ચૂકવેલ છે.

(૩) જો સહાય ચૂકવવાની બાકી હોય તો ક્યાં સુધીમાં ચૂકવવામાં આવશે ?

(૩) બનતી ત્વરાએ.

---------

**મહેસાણા જિલ્લામાં સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ મોડલ નગરપાલિકા ઘટક હેઠળ ચૂકવેલ ગ્રાન્ટ**

* ૪૩૪૪ **શ્રી ઋષિકેશ ગ. પટેલ(વિસનગર) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

મહેસાણા જિલ્લાની નગરપાલિકાઓને સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત મોડલ નગરપાલિકા ઘટક હેઠળ સન ૨૦૧૧-૧૨ અને સન ૨૦૧૨-૧૩ ના વર્ષમાં તા.૩૧-૧૨-૧૨ની સ્થિતિએ રાજ્ય સરકાર દ્વારા કેટલી ગ્રાન્ટ નગરપાલિકાવાર ચૂકવવામાં આવેલ છે ?

**જવાબ**

નગરપાલિકાઓને નીચે મુજબની ગ્રાન્ટ ચૂકવવામાં આવેલ છે.

(રૂા. કરોડમાં)

| **નગરપાલિકાનું નામ** | **૨૦૧૧.૧૨** | **૨૦૧૨.૧૩** | **કુલ** |
|---|---|---|---|
| મહેસાણા | ૧.૭૬૭૪ | ૧.૭૩૨૬ | ૩.૫૦૦૦ |
| વિસનગર | ૨.૧૫૪૧ | ૦.૪૪૭૬ | ૨.૬૦૧૭ |
| કડી | ૧.૩૧૮૬ | ૧.૯૬૩૬ | ૩.૨૮૨૨ |
| ઉંઝા | ૦.૮૭૭૭ | ૧.૦૮૫૨ | ૧.૯૬૨૯ |
| વડનગર | ૦.૭૫૬૮ | ૦.૫૫૮૭ | ૧.૩૧૫૫ |
| વિજાપુર | ૦.૭૦૫૯ | ૦.૨૬૯૫ | ૦.૯૭૫૪ |
| ખેરાલુ | ૦.૪૫૨૦ | ૦.૮૦૪૬ | ૧.૨૫૬૬ |
| **કુલઃ** | **૮.૦૩૨૫** | **૬.૮૬૧૮** | **૧૪.૮૯૪૩** |

---------

**નવસારી જિલ્લામાં વિદ્યા સાધના યોજનામાં અનુસૂચિત જનજાતિની કન્યાઓને સાયકલ આપવા બાબત**

* ૪૨૭૬ **શ્રી મંગુભાઇ છ. પટેલ(ગણદેવી) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) નવસારી જિલ્લામાં વનબંધુ કલ્યાણ યોજનામાં વિદ્યાસાધના યોજના હેઠળ તા.૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અનુસૂચિત જનજાતિની ધોરણ-૮ માં અભ્યાસ કરતી કન્યાઓને સાયકલ આપવામાં આવેલ છે કે કેમ,

(૨) જો હા, તો તા.૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી કન્યાઓને લાભ આપવામાં આવેલ છે, અને

(૩) તે પાછળ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) ૭૪૨૯.

(૩) રૂા. ૧૭૩.૫૪ લાખ.

તા.૨૨મી માર્ચ, ૨૦૧૩
અતારાંકિત પ્રશ્નો

**આણંદ જિલ્લામાં માર્ગ મકાન પંચાયત અને રાજ્ય હસ્તક સી.આર.ની ગ્રાન્ટ ફાળવવા બાબત**

* ૫૩૮૬ **શ્રી અમીત ચાવડા(આંકલાવ) : માનનીય માર્ગ મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧–૨૦૧૩ની સ્થિતિએ આણંદ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં માર્ગ–મકાન પંચાયત અને રાજ્ય હસ્તક સી.આર.ની કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી, અને

(૨) ઉકત સ્થિતિએ સબડીવીઝનવાર કેટલા કામોમાં કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો ?

**જવાબ**

(૧) તા.૩૧–૧–૨૦૧૩ની સ્થિતિએ આણંદ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં પંચાયત હસ્તક રૂા. ૨૦૧.૩૦ લાખ, જ્યારે રાજ્ય હસ્તક રૂા. ૫૩૨.૭૮ લાખ ગ્રાન્ટ ફાળવવામાં આવી.

(૨) ઉકત સ્થિતિએ સબડીવીઝનવાર નીચે મુજબ કામોમાં ખર્ચ કરવામાં આવ્યો છે.

**પંચાયતઃ–**

| **સબડીવીઝન** | **કામો** | **કરેલ ખર્ચ** |
|---|---|---|
| આણંદ | ૨૩ | રૂ. ૫૨.૬૩ લાખ |
| બોરસદ | ૪૫ | રૂ. ૪૨.૬૨ લાખ |
| પેટલાદ | ૧૯ | રૂ. ૩૭.૬૦ લાખ |
| ખંભાત | ૩૫ | રૂ. ૬૮.૪૩ લાખ |
| **રાજ્યઃ–** | | |
| **સબડીવીઝન** | **કામો** | **કરેલ ખર્ચ** |
| આણંદ | ૫૯ | રૂ. ૨૪૩.૦૧ લાખ |
| ખંભાત | ૧૨૧ | રૂ. ૨૮૩.૧૫ લાખ |

---------

**ગીરના જંગલના સિંહોની વસ્તી ગણતરી**

* ૪૩૧૩ **શ્રી અરવિંદભાઇ કે. લાડાણી(કેશોદ) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) ગીરના જંગલના સિંહોની છેલ્લી ગણતરી ક્યારે કરવામાં આવેલી,

(૨) તે વસ્તી ગણતરી પ્રમાણે તા.૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ સિંહોની કેટલી વસ્તી હતી,

(૩) તે પૈકી નર અને માદા સિંહોની સંખ્યા કેટલી હતી, અને

(૪) હવે તેઓની વસ્તી ગણતરી ક્યારે કરવામાં આવશે?

**જવાબ**

(૧) સને ૨૦૧૦ માં.

(૨) ૪૧૧.

(૩)

| **નર** | **માદા** | **બચ્ચા** |
|---|---|---|
| ૯૭ | ૧૬૨ | ૧૫૨ |

(૪) સને ૨૦૧૫ માં.

---------

**ગાંધીનગર શહેરમાં ઝૂંપડાવાસીઓને મકાનો આપવાનું આયોજન**

* ૪૩૨૬ **શ્રી અશોકકુમાર ર. પટેલ(ગાંધીનગર ઉત્તર) : માનનીય માર્ગ મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) ગાંધીનગર શહેર ખાતે આવેલ ઝૂંપડાવાસીઓનું સ્થળાંતર કરી તેઓને અલગથી મકાનો આપવાનું આયોજન તા.૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ ક્યા તબક્કે છે, અને

(૨) તે યોજનાનો અંદાજિત ખર્ચ કેટલો મંજૂર થયેલ છે ?

**જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ કામગીરી પ્રગતિમાં છે અને ૫૦ ટકા ઉપરની કામગીરી ભૌતિક રીતે પૂર્ણ થયેલ છે.

(૨) રૂા. ૪૧,૩૪,૦૦,૦૦૦/-.

---------

**અનુસૂચિત જનજાતિના પ્રમાણપત્રો આપવાની સત્તા**

* ૪૧૮૪ **શ્રી ગેંદાલભાઇ મો. ડામોર (સંતરામપુર) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા.૩૧-૧-૧૩ની સ્થિતિએ અનુસૂચિત જનજાતિના વ્યકિતઓને જાતિનાં પ્રમાણપત્રો આપવા માટે તાલુકા વિકાસ અધિકારી તથા મામલતદારને સરકાર દ્વારા અધિકારો (સત્તા) આપવામાં આવેલ છે, તે હકીકત સાચી,

(૧) હા જી.

(૨) જો હા, તો પંચમહાલ જિલ્લાના મોરવા (હડફ), કડાણા અને સંતરામપુર તાલુકામાં તાલુકા વિકાસ અધિકારી તથા મામલતદાર દ્વારા વર્ષવાર છેલ્લા બે વર્ષમાં તા.૩૧-૧૨-૨૦૧૨ ની સ્થિતિએ કેટલા પ્રમાણપત્રો આપવામાં આવ્યાં, અને

(૨) કુલ-૪૬૯ દાખલાઓ આપવામાં આવ્યા. તાલુકાવાર આપેલા દાખલાઓની વિગત.

| **તાલુકો** | **મામલતદાર દ્વારા અપાયેલ દાખલાની સંખ્યા** | | **તા. વિ. અધિ. દ્વારા અપાયેલ દાખલાની સંખ્યા** | |
|---|---|---|---|---|
| | **૨૦૧૧** | **૨૦૧૨** | **૨૦૧૧** | **૨૦૧૨** |
| મોરવા (હડફ) | ૯૪ | ૫૪ | ૦૦ | ૦૦ |
| સંતરામપુર | ૧૬૬ | ૧૫૦ | ૦૪ | ૦૧ |
| કડાણા | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| **કુલઃ-** | **૨૬૦** | **૨૦૪** | **૦૪** | **૦૧** |

(૩) જો પ્રમાણપત્રો આપવામાં આવતાં ન હોય તો તેના શા કારણો છે ?

(૩) (૧) કડાણા તાલુકામાં જાતિના પ્રમાણપત્રો અંગે વધુ ચકાસણીની જરૂર હોઈ ચકાસણી કરી તકેદારી અધિકારી (આ.વિ.) ગોધરા જિ. પંચમહાલ દ્વારા જાતિ પ્રમાણપત્રો આપવામાં આવે છે.
(૨) મોરવા (હડફ) તાલુકામાં જાતિના પ્રમાણપત્રો અંગેની માંગણીઓ આવેલ ન હોવાથી તાલુકા વિકાસ અધિકારી દ્વારા જાતિ પ્રમાણપત્ર આપવામાં આવેલ નથી.

---------

**ભાવનગર જિલ્લાના બોટાદ-ઝમરાળા કેરીયા રોડની સુધારણાની કામગીરી**

* ૪૨૫૬ **શ્રી ઠાકરશીભાઇ દે. માણીયા(બોટાદ) : માનનીય માર્ગ મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) ભાવનગર જિલ્લાના બોટાદ ઝમરાળા કેરીયા રોડની સુધારણાની કામગીરી તા.૩૧-૧-૧૩ની સ્થિતિએ ક્યા તબક્કે છે, અને

(૧) પ્રગતિમાં છે.

(૨) આ કામ ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે ?

(૨) બનતી ત્વરાએ પૂર્ણ કરવાનું આયોજન છે.

---------

**જૂનાગઢ જિલ્લામાં દેલવાડા-વાસોજકોબ રસ્તાને રીસરફેસીંગ કરવા બાબત**

* ૪૮૪૬ **શ્રી રાજેશભાઇ ના. ચુડાસમા(માંગરોળ) : માનનીય માર્ગ મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) જૂનાગઢ જિલ્લાનાં દેલવાડા-વાસોજકોબ રસ્તાની રીસરફેસીંગની કામગીરી તા.૩૧-૧-૧૩ની સ્થિતિએ ક્યા તબક્કે છે,

(૧) પ્રગતિમાં.

(૨) ઉકત સ્થિતિએ આ કામનો કેટલો ખર્ચ થયેલ છે, અને

(૨) રૂ. ૨૦૬.૨૬ લાખ.

(૩) આ કામગીરી ક્યારે પૂર્ણ થશે ?

(૩) બનતી ત્વરાથી.

---------

**જામનગર જિલ્લાના ખંભાલીયાથી સલાયા બંદરનો રસ્તો પહોળો કરવા બાબત**

* ૪૨૬૪ **શ્રી ચીમનભાઇ ધ. શાપરીયા(જામજોધપુર) : માનનીય માર્ગ મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) જામનગર જિલ્લાના ખંભાલીયાથી સલાયા બંદરને જોડતા ખંભાલીયા સલાયા માર્ગને પહોળો કરવાનું

(૧) મેટલીંગ કામ પ્રગતિમાં હતું.

કામ તા.૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ ક્યા તબક્કે છે, અને

(૨) તેના માટે કેટલો ખર્ચ મંજૂર કરવામાં આવેલ છે ?

(૨) આ કામ માટે રૂા. ૧૦૦૦ લાખની વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે.

---------

**વલસાડ જિલ્લામાં ટીબી, કેન્સર, રકતપિત અને એઇડસના રોગોના દર્દીઓને સહાય આપવા**

* ૪૨૮૧ **શ્રી કનુભાઇ મો. દેસાઇ(પારડી) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વલસાડ જિલ્લામાં અનુ. સૂચિત જનજાતિના દર્દીઓને ટીબી, કેન્સર, રકતપિત અને એઇડસ જેવા રોગોમાં સહાય આપવામાં આવે છે કે કેમ, | (૧) હા જી. |
| (૨) જો હા, તો જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા દર્દીઓને સહાય આપવામાં આવી, અને | (૨) ૫૮૯. |
| (૩) કેટલી રકમ ચૂકવવામાં આવી ? | (૩) રૂ. ૧૪,૫૭,૪૦૦-૦૦. |

---------

**પંચમહાલ જિલ્લાના ૨૫૦ થી ૫૦૦ ની વસ્તી ધરાવતા ફળિયાઓને પાકા રસ્તાથી જોડવા બાબત**

૪૩૮૧ **શ્રી હીરાભાઇ હ. પટેલ(લુણાવાડા) : માનનીય માર્ગ મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૧૨ની સ્થિતિએ પંચમહાલ જિલ્લાના કેટલા ગામો ૨૫૦ થી ૫૦૦ ની વસ્તી ધરાવતા ફળિયાઓ મૂળ ગામ સાથે પાકા રસ્તાથી જોડાયેલ નથી તે હકીકત સાચી છે,

(૧) ૪૩૨ ફળીયાઓ પાકા રસ્તાથી જોડાયેલ નથી.

(૨) જો હા, તો આવા તાલુકાદીઠ કેટલા ફળિયાઓ છે કે જે મૂળ ગામ સાથે પાકા રસ્તાથી જોડાયેલ નથી, અને

(૨) નીચે મુજબ

| તાલુકો | ફળીયા |
|---|---|
| ઘોઘંબા | ૧૧ |
| ગોધરા | ૪૪ |
| હાલોલ | ૨૦ |
| જાબુંઘોડા | ૦૮ |
| કડાણા | ૫૫ |
| કાલોલ | ૧૧ |
| ખાનપુર | ૪૯ |
| લુણાવાડા | ૧૧૬ |
| મોરવા(હ) | ૧૬ |
| સંતરામપુર | ૩૪ |
| શહેરા | ૬૮ |
| **કુલઃ-** | **૪૩૨** |

(૩) આવા પાકા રસ્તાથી વંચિત ફળિયાઓને મૂળ ગામ સાથે પાકા રસ્તાથી જોડવા માટેનું સરકારનું શું આયોજન છે ?

(૩) ૪૩૨ ફળીયાઓ પૈકી ૨૦૭ ફળીયાઓને પાકા રસ્તાથી જોડવાનું આયોજન થયેલ છે.

---------

**સુરત જિલ્લાના અરેઠ બૌધાન ગલા રોડની સુધારણાનું કામ**

૪૨૫૦ **શ્રી રાજેન્દ્રભાઇ પ. પટેલ(ચોર્યાસી) : માનનીય માર્ગ મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| સુરત જિલ્લાના અરેઠ બૌધાન ગલા રોડની સુધારણાનું કામ તા.૩૧-૧-૧૩ની સ્થિતિએ ક્યા તબક્કે છે ? | પ્રગતિમાં છે. |

## ધોલેરા એકસપ્રેસ વે માં જમીન સંપાદન કરવા બાબત

૫૩૪૩ **શ્રી ગ્યાસુદ્દીન હ. શેખ(દરીયાપુર) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૧૫–૨–૧૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ધોલેરા એકસપ્રેસ વેમાં કુલ કેટલી જમીન સંપાદન કરવામાં આવી, | (૧) તા.૧૫–૨–૧૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ધોલેરા એકસપ્રેસ વેમાં કોઈ જમીન સંપાદન કરવામાં આવેલ નથી. |
| (૨) કુલ કેટલી જમીન સંપાદન કરવાની થાય છે, અને | (૨) કુલ ૧૨૪૧૯ હેકટર જમીન સંપાદન કરવાનું આયોજન છે. |
| (૩) આ પૈકી કેટલા ખેડૂતોએ જમીન સંપાદન અંગે વાંધા ફરિયાદો રજૂ કરેલ છે ? | (૩) ૧૦૩૭ ખેડૂતોએ જમીન સંપાદન અંગે વાંધા ફરિયાદો રજૂ કરેલ છે. |

---------

## ભરૂચ જિલ્લામાં આંગણવાડી કેન્દ્રોની સંખ્યામાં વધારો

૪૩૨૧ **શ્રી છત્રસિંહ પૂં. મોરી (જંબુસર) : માનનીય મહિલા અને બાળકલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ ભરૂચ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં આંગણવાડી કેન્દ્રોની સંખ્યામાં કેટલો વધારો કરવામાં આવેલ છે, અને | (૧) તા.૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ ભરૂચ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં ૫૬ આંગણવાડી કેન્દ્રોનો વધારો કરવામાં આવેલ છે. |
| (૨) આ વધારા પૈકી અનુસૂચિત જાતિ વિસ્તાર માટે કેટલા આંગણવાડી કેન્દ્રોનો વધારો કરવામાં આવેલ છે ? | (૨) ભારત સરકારની માર્ગદર્શિકા મુજબ આંગણવાડી કેન્દ્રો વસતીના ધોરણે મંજૂર થાય છે. |

---------

## અમરેલી જિલ્લામાં ખેતીના પાકના રક્ષણ માટે તાર ફેન્સીંગ કરવા માટે મળેલી અરજીઓ

૫૧૫૦ **શ્રી નલીનભાઇ ના. કોટડીયા(ધારી) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) વર્ષ ૨૦૧૧ અને ૨૦૧૨ માં અમરેલી જિલ્લામાં તાલુકાદીઠ ખેતીના પાકના રક્ષણ માટે કેટલા ખેડૂતોએ તાર ફેન્સીંગની અરજીઓ કરેલ હતી,

(૨) તે પૈકી કેટલા ખેડૂતોને સહાય ચૂકવી,

(૩) કેટલા અરજદારો બાકી છે, અને

(૪) તેને ક્યારે સહાય ચૂકવવાનું આયોજન છે ?

**જવાબ**

(૧) નીચે મુજબ અરજીઓ કરેલ હતી.

| ક્રમ | તાલુકાનું નામ | મળેલ અરજીઓ વર્ષ | |
|---|---|---|---|
| | | **૨૦૧૧** | **૨૦૧૨** |
| ૧ | અમરેલી | ૦૭ | ૧૦ |
| ૨ | લીલીયા | ૧૪ | ૦૫ |
| ૩ | કુકાવાવ | ૦૩ | ૦૨ |
| ૪ | બગસરા | ૦૩ | ૦૦ |
| ૫ | લાઠી | ૦૩ | ૦૫ |
| ૬ | ધારી | ૧૨ | ૨૩ |
| ૭ | સાવરકુંડલા | ૦૭ | ૦૮ |
| ૮ | ખાંભા | ૦૧ | ૦૧ |
| ૯ | જાફરાબાદ | ૦૦ | ૦૨ |
| | **કુલઃ–** | **૫૦** | **૫૬** |

(૨) ૨૭ ખેડૂતોને સહાય ચૂકવી.

(૩) ૧૦૧

(૪) બાકી અરજદારોને અગ્રતાક્રમ મુજબ કામગીરી થયેથી તપાસ કરી સહાય ચૂકવવામાં આવશે.

### સાવલી તાલુકા સેવા સદનની બાંધકામની કામગીરી

૪૨૪૫ **શ્રી રાજેન્દ્ર ત્રિવેદી (રાવપુરા) : માનનીય માર્ગ મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૦૧–૨૦૧૩ની સ્થિતિએ વડોદરા જિલ્લાના સાવલી ખાતે તાલુકા સેવા સદનના બાંધકામની કામગીરી કયા તબક્કે છે,

(૨) આ કામગીરી ક્યારે પૂર્ણ કરવાનું આયોજન છે, અને

(૩) આ કામ પૂર્ણ થતાં કુલ કેટલો ખર્ચ થનાર છે ?

**જવાબ**

(૧) સદર કચેરીના મકાનમાં સીવીલ કામ પૂર્ણ કરવામાં આવેલ છે જ્યારે વિજળીકરણ અને ફર્નિચરની કામગીરી પ્રગતિમાં છે.

(૨) તા. ૩૦–૩–૨૦૧૩ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

(૩) આ કામગીરી પૂર્ણ થતાં રૂા. ૮૬૦.૭૩ લાખનો ખર્ચ થનાર છે.

---------

### ગોંડલ શહેરમાં પીવાના પાણીના પ્રોજેક્ટ માટે અનુદાન

૫૪૨૨ **શ્રી જયરાજસિંહ ટે. જાડેજા(ગોંડલ) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

રાજકોટ જિલ્લાના ગોંડલ શહેરમાં પીવાના પાણી પુરવઠા પ્રોજેક્ટ અંતર્ગત સરકાર દ્વારા તા. ૩૧–૧–૧૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલું અનુદાન ફાળવવામાં આવેલ છે ?

**જવાબ**

તા. ૩૧–૦૧–૨૦૧૩ સુધીમાં કોઇ ગ્રાન્ટ ફાળવવામાં આવેલ નથી. તા. ૨૨–૦૨–૨૦૧૩ના રોજ રૂ. ૬૭૩.૦૦ લાખ ફાળવવામાં આવેલ છે.

---------

### દાહોદ જિલ્લામાં તાલુકાવાર પંચાયત અને સ્ટેટ હસ્તક રસ્તાઓની મરામતની કામગીરી

૪૩૭૦ **શ્રીમતી ચંદ્રીકાબેન છ. બારીયા(ગરબાડા) : માનનીય માર્ગ મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૧૨ની સ્થિતએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર દાહોદ જિલ્લામાં તાલુકાવાર પંચાયત અને સ્ટેટ હસ્તકના કેટલા રસ્તાઓની મરામત કામગીરી હાથ ધરવામાં આવી, અને

(૨) તે અન્વયે વર્ષવાર કેટલો ખર્ચ થયો ?

**જવાબ**

(૧) નીચે મુજબ

| તાલુકો | ૧–૧–૧૧ થી ૩૧–૧૨–૧૧ની સંખ્યા | | ૧–૧–૧૨ થી ૩૧–૧૨–૧૨ની સંખ્યા | |
|---|---|---|---|---|
| | પંચાયત | સ્ટેટ | પંચાયત | સ્ટેટ |
| દાહોદ | ૬ | ૯ | ૪૬ | ૯ |
| ગરબાડા | ૧૨ | ૨ | ૩૨ | ૨ |
| લીમખેડા | ૩૪ | ૧૦ | ૨ | ૧૦ |
| ધાનપુર | ૨૧ | ૫ | ૧૧ | ૫ |
| ઝાલોદ | ૯ | ૯ | ૧૨ | ૯ |
| ફતેપુરા | ૩ | ૧૦ | ૦ | ૧૦ |
| દે. બારીયા | ૧૭ | ૯ | ૫ | ૯ |

(૨) તે અન્વયે નીચે મુજબ ખર્ચ થયેલ છે

| | |
|---|---|
| તા. ૧–૧–૧૧ થી ૩૧–૧૨–૧૧ | રૂા. ૧૮૯૩.૯૪ લાખ |
| તા. ૧–૧–૧૨ થી ૩૧–૧૨–૧૨ | રૂા. ૧૯૩૮.૧૫ લાખ |

---------

### વાંકાનેર તાલુકાના રામપરા ગઢીયા ડુંગરમાં સિંહોના સંવર્ધન માટેની વ્યવસ્થા

૫૦૯૧ **શ્રી મહમદજાવી અ. પીરઝાદા(વાંકાનેર) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૧૨ની સ્થિતિએ વાંકાનેર વિસ્તારના રામપરા ગઢીયા ડુંગર વિસ્તારમાં સિંહોના

**જવાબ**

(૧) તા. ૩૧–૧૨–૧૨ની સ્થિતિએ વાંકાનેર વિસ્તારના રામપરા અભયારણ્યમાં સિંહોના સંવર્ધન માટે

સંવર્ધન માટે કઈ વ્યવસ્થા ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કરવામાં આવી છે,

જીનપુલ તૈયાર કરવામાં આવેલ છે. છેલ્લા બે વર્ષમાં પાંચ નર સિંહ તથા ચાર માદા સિંહો ઉમેરીને હાલ પાંચ નર, ચાર માદા અને પાંચ બચ્ચા સહિત રાખવામાં આવેલ છે.

(૨) માળખાકીય સુવિધાઓ શી ઊભી કરવામાં આવી છે,

(૨) મુખ્ય માળખાકીય સુવિધાઓ નીચે મુજબ છે.

| માળખાકીય સુવિધા | સંખ્યા |
|---|---|
| એનક્લોઝર | ૬ |
| એનીમલ હાઉસ | ૧૨ |
| હોસ્પિટલ બિલ્ડીંગ | ૧ |
| મીટ પ્રીપેરેશન રૂમ | ૧ |
| એનિમલ હેન્ડલર | ૫ |
| વોચ ટાવર | ૧ |
| એનક્લોઝરમાં પીવાના વોટર પોઇન્ટ | ૧૨ |
| પ્રોટેકશન ચોકી | ૨ |
| વાયરલેસ સેટ | ૨ |
| સીસીટીવી કેમેરા | ૪ |
| વોટર કુલર | ૧ |

(૩) કઈ કઈ સુવિધા ઊભી કરવાનું આયોજન છે,

(૩) પાયાની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે. જેની જાળવણી અને ઉપયોગ ચાલુ રાખાવાનું આયોજન છે.

(૪) સુવિધા ઊભી ન કરવામાં આવી હોય તો તેના કારણો શા શા છે, અને

(૪) પાયાની તમામ સુવિધા ઊભી કરવામાં આવેલ હોઇ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૫) કેટલા સમયમાં આ સુવિધા ઊભી કરવામાં આવશે ?

(૫) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**બનાસકાંઠા જિલ્લામાં રોપાનું વાવેતર**

૩૧૯૨ **શ્રી મહેશકુમાર અ. પટેલ(પાલનપુર) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) બનાસકાંઠા જિલ્લામાં સને ૨૦૧૧ અને ૨૦૧૨ના વર્ષમાં કેટલા વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું, | (૧) બનાસકાંઠા જિલ્લામાં સને ૨૦૧૧માં ૩૬.૩૮ લાખ અને ૨૦૧૨ના વર્ષમાં ૪૬.૪૯ લાખ વૃક્ષોનું વાવેતર કરવામાં આવેલ છે. |
| (૨) તે પૈકી તા. ૩૧–૧–૧૩ની સ્થિતિએ કેટલા વૃક્ષો હયાત છે, અને | (૨) ૬૪.૮૩ લાખ વૃક્ષો હયાત છે. |
| (૩) તે માટે કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ? | (૩) રૂ. ૨૭૨૮.૭૮ લાખ. |

---------

**પાટણ જિલ્લામાં શિહોરી પાટણ રોડને પહોળો કરવા બાબત**

૪૨૪૪ **શ્રી નાગરજી હ. ઠાકોર(રાધનપુર) : માનનીય માર્ગ મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પાટણ જિલ્લાનાં શિહોરી પાટણ રોડને પહોળો કરવાનું કામ તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ કયા તબકકે છે, | (૧) પ્રગતિમાં. |
| (૨) આ કામગીરીનો અંદાજિત ખર્ચ કેટલો થશે, અને | (૨) રૂ. ૩૧૦૦.૦૦ લાખ. |
| (૩) આ કામ ક્યારે પૂર્ણ કરવાનું આયોજન છે? | (૩) તા. ૨૮–૨–૧૩ના રોજ ભૌતિક રીતે પૂર્ણ થયેલ છે. |

---------

તા.૨૨મી માર્ચ, ૨૦૧૩

અતારાંકિત પ્રશ્નો

**સુરેન્દ્રનગર જિલ્લાના માલવણ-પાટડી-દસાડા માર્ગને પહોળો કરવા બાબત**

૪૨૬૨ **શ્રી શ્રીમતી વર્ષાબેન ન. દોશી(વઢવાણ) : માનનીય માર્ગ મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) સુરેન્દ્રનગર જિલ્લાના માલવણ-પાટડી-દસાડા માર્ગને કેટલા મીટર પહોળો કરવાનું કામ તા. ૩૧-૧૨-૨૦૧૨ ની સ્થિતિએ કયા તબક્કે છે, અને | (૧) આ રસ્તાને ૧૦ મીટર પહોળો કરવાના કામનું ટેન્ડર મંજૂર થયેલ હતું. |
| (૨) તેના માટે કેટલો ખર્ચ મંજૂર કરવામાં આવેલ છે ? | (૨) આ કામને રૂ।. ૬૬૧૫ લાખની વહીવટી મંજૂરી આપેલ છે. |

---------

**કચ્છ જિલ્લામાં ખનીજ કાઢી લીધા બાદ તે જમીન મહેસૂલ વિભાગ દ્વારા તળાવ માટે નીમ કરવા બાબત**

૫૦૯૨ **શ્રી છબીલભાઈ ના. પટેલ(અબડાસા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૨૦૧૩ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં ખનીજની લીઝોમાંથી ખનીજ કાઢી લીધા બાદ તે જમીનમાં મહેસૂલ ખાતા દ્વારા છેલ્લા બે વર્ષમાં તળાવ તરીકે કેટલી લીઝો નીમ કરવામાં આવી, અને | (૧) શૂન્ય. |
| (૨) આવા તળાવો કયા કયા સ્થળે નીમ કરવામાં આવ્યા છે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**ઉના મામલતદાર કચેરીમાં કૂવો બનાવવા માટે બે ગુંઠા જમીન માટેની અરજીઓ**

૫૩૭૧ **શ્રી પુંજાભાઈ ભી. વંશ(ઉના) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૨૦૧૩ની સ્થિતિએ ઉના મામલતદાર કચેરીમાં કુવા બનાવવા માટે બે ગુંઠા જમીનની માંગણી કરતી અરજીઓ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલી મળી, | (૧) વર્ષ-૨૦૧૧, ૭૯ અરજીઓ<br>વર્ષ-૨૦૧૨, ૫૩ અરજીઓ<br>કુલ -૧૩૨ અરજીઓ |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, કેટલી અરજીઓ નામંજૂર કરવામાં આવે અને નામંજૂર કરવાના કારણો શા હતા, અને | (૨) મંજૂર ૧ અરજી.<br>ના મંજૂર ૪૮ અરજીઓ.<br>નિષ્ણાતોનો અભિપ્રાય તેમજ જરૂરી આધાર-પુરાવા ના હોવાથી અને જમીન ગૌચરની હોવાથી. |
| (૩) કેટલી અરજીઓ મંજૂર કરવાની બાકી છે બાકી રહેલ અરજીઓ કયાં સુધીમાં મંજૂર કરવામાં આવશે ? | (૩) ૮૩ અરજીઓ ચકાસણી નીચે છે. જે ચકાસણી બાદ નિયમાનુસાર નિર્ણય લેવામાં આવશે. |

---------

**મહેમદાવાદ અને ખેડા તાલુકામાં રિકારપેટ થયા વગરના રસ્તાઓ**

૫૧૭૦ **શ્રી ગૌતમભાઈ રા. ચૌહાણ(મહેમદાવાદ) : માનનીય માર્ગ મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ ખેડા જિલ્લાના મહેમદાવાદ તથા ખેડા તાલુકાના છેલ્લા સાત વર્ષ કરતાં વધુ સમયથી રિકારપેટ ન થયેલ પ્લાન અને નોન પ્લાનના કયા રસ્તાઓ બાકી છે, | (૧) **પરિશિષ્ટ-૧** મુજબ. |

**પરિશિષ્ટ-૧**

| **તાલુકો** | **રસ્તાનું નામ** |
|---|---|
| **પ્લાન** | |
| મહેમદાવાદ | મોદજ એ. રોડ |
| **તાલુકો** | **રસ્તાનું નામ** |
| મહેમદાવાદ | મહેમદાવાદ એ. રોડ |
| મહેમદાવાદ | મહેમદાવાદ અકેડેમી. રોડ |
| મહેમદાવાદ | બીલોદરા સિંહુજ સરવણી રોડ |

| | |
|---|---|
| મહેમદાવાદ | મહેમદાવાદ કઠલાલ રોડ |
| ખેડા | બીડજ એ. રોડ |
| ખેડા | બારેજા ખેડા રોડ |
| **નોન પ્લાન** | |
| મહેમદાવાદ | કોઠીપુરા એ. રોડ |
| મહેમદાવાદ | ગબાજીના મુવાડા એ. રોડ |
| મહેમદાવાદ | વાંઠવાળી ગોકળપુરા એ.રોડ |
| મહેમદાવાદ | હરીપુરા એ. રોડ |
| મહેમદાવાદ | પથાવત એ. રોડ |
| મહેમદાવાદ | માંકવા વાંઠીવાળી રોડ |
| મહેમદાવાદ | વાઘાવત એ. રોડ |
| મહેમદાવાદ | સણસોલી શીવપુરા રોડ |
| ખેડા | બેટડી લાટ એ. રોડ |
| ખેડા | ભેરાઇમાતા એ. રોડ |
| ખેડા | કનેરા એ. રોડ |
| ખેડા | વિઠ્ઠલપુરા એ. રોડ |
| ખેડા | ચાંદણા એ. રોડ |

(૨) આ રસ્તાઓ વાહન–વ્યવહાર માટે બિસ્માર હાલતવાળા છે તે બાબત સરકારના ધ્યાનમાં છે, કે કેમ, અને

(૩) જો હા, તો સરકાર આ રસ્તાઓનું રિકારપેટ કામ કયાં સુધીમાં પૂર્ણ કરવા માગે છે ?

(૨) અને (૩) રસ્તાઓ વાહનવ્યવહાર લાયક છે. તેમ છતાં પ્લાન રસ્તાઓને નાણાંકીય ઉપલબ્ધતા અનુસાર પ્રાધાન્ય આપવામાં આવેલ છે.

---------

**વલસાડ જિલ્લામાં વિધાસાધના યોજનામાં અનુસૂચિત જનજાતિની કન્યાઓને સાયકલ આપવા બાબત**

૪૨૭૭ **શ્રી ભરતભાઇ કી. પટેલ(વલસાડ) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) વલસાડ જિલ્લામાં વનબંધુ કલ્યાણ યોજનામાં વિધાસાધના યોજના હેઠળ તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અનુસૂચિત જનજાતિની ધોરણ–૮માં અભ્યાસ કરતી કન્યાઓને સાયકલ આપવામાં આવેલ છે કે કેમ,

(૧) હા, જી.

(૨) જો હા, હોય તો તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી કન્યાઓને લાભ આપવામાં આવેલ છે, અને

(૨) ૯૭૨૨.

(૩) તે પાછળ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે?

(૩) રૂ. ૨,૨૯,૧૪,૭૫૪.

---------

**સુરેન્દ્રનગર જિલ્લામાં નવી શરતની જમીનો જૂની શરતમાં ફેરવવા બાબત**

૪૨૬૧ **શ્રી પુનમભાઇ કા. મકવાણા(દસાડા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) સુરેન્દ્રનગર જિલ્લામાં તા. ૩૧–૧૨–૧૨ની સ્થિતિએ તાલુકાવાર છેલ્લા બે વર્ષમાં નવી શરતની જમીનો જુની શરતમાં ફેરવવાની કેટલી અરજીઓ મળી, અને

(૧)

| ક્રમ | તાલુકો | મળેલ અરજીઓ |
|---|---|---|
| ૧. | વઢવાણ | ૮ |
| ૨. | લખતર | ૨૦ |
| ૩. | સાયલા | ૫૨ |
| ૪. | પાટડી | ૧૦૯ |
| ૫. | હળવદ | ૯૩ |

| | | |
|---|---|---|
| ૬. | ચોટીલા | ૮૨ |
| ૭. | મુળી | ૪૪ |
| ૮. | ચુડા | ૧૪ |
| ૯. | લીંબડી | ૮૫ |
| ૧૦. | ધ્રાંગધ્રા | ૭૫ |
| | **કુલ** | **૫૮૨** |

(૨) તે પરત્વે તાલુકાવાર કેટલી અરજીઓ મંજૂર થયેલ છે?

(૨)

| ક્રમ | તાલુકો | મંજૂર થયેલ અરજીઓ |
|---|---|---|
| ૧. | વઢવાણ | ૫ |
| ૨. | લખતર | ૧૬ |
| ૩. | સાયલા | ૫૨ |
| ૪. | પાટડી | ૯૪ |
| ૫. | હળવદ | ૫૮ |
| ૬. | ચોટીલા | ૫૯ |
| ૭. | મુળી | ૩૮ |
| ૮. | ચુડા | ૮ |
| ૯. | લીંબડી | ૮૧ |
| ૧૦. | ધ્રાંગધ્રા | ૭૨ |
| | **કુલ** | **૪૮૩** |

---------

**વિરમગામ બેચરાજી રોડને પહોળો કરવા બાબત**

૪૨૩૯ **શ્રી લાલજીભાઇ ચ. કોળીપટેલ(ધંધુકા) : માનનીય માર્ગ મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) અમદાવાદ જિલ્લાનાં વિરમગામ બેચરાજી રોડને પહોળો કરવાનું કામ તા. ૩૧–૧૨–૧૨ની સ્થિતિએ છેલ્લા કયા તબક્કે છે,

(૧) કામ પ્રગતિ હેઠળ છે.

(૨) તે ક્યારે પૂર્ણ કરવામાં આવશે, અને

(૨) કરારખત મુજબ ઓક્ટોબર–૨૦૧૪ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

(૩) તેમાં અંદાજિત ખર્ચ કેટલો થશે?

(૩) કુલ રૂ. ૩૮૫૦.૦૦ લાખ.

---------

**વડોદરા જિલ્લામાં ખેડૂતોએ ખરીદેલ જમીનની એન્ટ્રીઓની અરજીઓ**

૪૨૯૩ **શ્રી દિનેશભાઇ બા. પટેલ(પાદરા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) સને ૨૦૧૨માં વડોદરા જિલ્લામાં ખેડૂતોએ ખરીદેલ જમીનની એન્ટ્રીઓ પાડવાની તાલુકાવાર કેટલી અરજીઓ મળી, અને

(૧)

| ક્રમ | તાલુકો | મળેલ અરજીઓ |
|---|---|---|
| ૧. | કરજણ | ૧૯૨૬ |
| ૨. | ડભોઇ | ૧૭૮૪ |
| ૩. | છોટાઉદેપુર | ૫૧ |
| ૪. | વડોદરા (શહેર) | ૩૪૯ |
| ૫. | સાવલી | ૧૯૯૨ |
| ૬. | પાદરા | ૧૫૮૫ |
| ૭. | વડોદરા (ગ્રામ્ય) | ૨૪૪૪ |
| ૮. | શિનોર | ૯૦૨ |
| ૯. | નસવાડી | ૪૦ |
| ૧૦. | પાવી જેતપુર | ૨૮૪ |
| ૧૧. | કવાંટ | ૯ |

| | | |
|---|---|---|
| ૧૨. | વાઘોડીયા | ૨૨૩૨ |
| ૧૩. | સંખેડા | ૭૩૧ |
| | **કુલ** | **૧૪,૩૨૯** |

(૨) તે પૈકી તાલુકાવાર કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી?

(૨)

| **ક્રમ** | **તાલુકો** | **મંજૂર કરેલ અરજીઓ** |
|---|---|---|
| ૧. | કરજણ | ૧૩૮૩ |
| ૨. | ડભોઇ | ૧૪૨૯ |
| ૩. | છોટાઉદેપુર | ૪૫ |
| ૪. | વડોદરા (શહેર) | ૨૨૦ |
| ૫. | સાવલી | ૧૩૪૯ |
| ૬. | પાદરા | ૧૨૨૭ |
| ૭. | વડોદરા (ગ્રામ્ય) | ૧૫૫૪ |
| ૮. | શિનોર | ૬૧૬ |
| ૯. | નસવાડી | ૨૫ |
| ૧૦. | પાવી જેતપુર | ૧૯૦ |
| ૧૧. | કવાંટ | ૯ |
| ૧૨. | વાઘોડીયા | ૧૪૧૧ |
| ૧૩. | સંખેડા | ૪૯૯ |
| | **કુલ** | **૯,૯૫૭** |

---------

### મહેસાણા જિલ્લામાં પંચાયત અને સ્ટેટ હસ્તકના બિસ્માર રસ્તાઓ

૫૩૯૭ **શ્રી રમેશભાઇ મ. ચાવડા(કડી) : માનનીય માર્ગ મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૧૩ની સ્થિતિએ મહેસાણા જિલ્લામાં તાલુકાવાર પંચાયત અને સ્ટેટ હસ્તકના કેટલા રસ્તાઓ બિસ્માર હાલતમાં છે, અને | (૧) બધાજ રસ્તા વાહનવ્યહાર લાયક છે. |
| (૨) આ રસ્તાઓની મરામત કામગીરી હાથ ધરવા સરકારે શાં પગલાં લીધા? | (૨) નાણાકીય ઉપલબ્ધતા તથા અગ્રતા અન્વયે સમયાંતરે મરામત હાથ ધરવામાં આવે છે. |

---------

### પાટણ જિલ્લામાં શિહોરી પાટણ રોડને પહોળો કરવા બાબત

૪૨૪૩ **શ્રી રણછોડભાઇ મ. દેસાઇ(પાટણ) : માનનીય માર્ગ મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) પાટણ જિલ્લાનાં શિહોરી પાટણ રોડને પહોળો કરવાનું કામ તા. ૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ કયા તબક્કે છે, | (૧) પ્રગતિમાં. |
| (૨) આ કામગીરીનો અંદાજિત ખર્ચ કેટલો થશે, અને | (૨) રૂ. ૩૧૦૦.૦૦ લાખ. |
| (૩) આ કામ ક્યારે પૂર્ણ કરવાનું આયોજન છે? | (૩) તા. ૨૮-૨-૧૩ના રોજ ભૌતિક રીતે પૂર્ણ થયેલ છે. |

---------

### જૂનાગઢ જિલ્લામાં ભૂમાફિયા સામે પગલાં ભરવા સીટ સમક્ષ આવેલ અરજીઓ

૩૬૮૬ **શ્રી જસાભાઇ ભા. બારડ(સોમનાથ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) વર્ષ-૨૦૧૧ અને ૨૦૧૨માં જૂનાગઢ જિલ્લામાં તાલુકાવાર ભૂમાફિયાઓ સામે પગલાં ભરવા અંગે રચાયેલ | (૧) રાજ્ય સીટ સમક્ષ માળીયાહાટી તાલુકાની એક અરજી આવી. |

રાજ્ય સીટ સમક્ષ કેટલી અરજીઓ આવી,

(૨) તે પૈકી કેટલી અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો અને કેટલા ઇસમો સામે પગલાંઓ લેવામાં આવ્યા, અને

(૨) આ અરજીનો નિકાલ કરવામાં આવ્યો, ફરીયાદ ખોટી હોવાનું જણાતા પગલા લેવાનો પ્રશ્ન ઉપસ્થિત થયેલ નથી.

(૩) ઉક્ત સ્થિતિએ કેટલી અરજીઓ પડતર છે, અને કેટલા સમયમાં તેનો નિકાલ કરવામાં આવશે?

(૩) રાજ્ય સીટ સમક્ષ જુનાગઢ જિલ્લાની કોઇ અરજી પડતર નથી.

---------

**ભાવનગર જિલ્લાના દૂધાળા-કીકરીયા-બગદાણા અને ઠાડચ રોડને પહોળો કરવા બાબત**

૪૨૫૪ **શ્રીમતી ભાવનાબેન રા. મકવાણા(મહુવા) : માનનીય માર્ગ મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) ભાવનગર જિલ્લાના દૂધાળા, કીકરીયા, મોટા ખુંટવાડા, બોરડી, રાજાવદર, બગદાણા, ઠાડચ રોડને પહોળો તથા મજબૂતીકરણ કરવાનું કામ તા. ૩૧-૧-૧૩ની સ્થિતિએ કયા તબક્કે છે, અને

(૧) પ્રગતિમાં છે.

(૨) આ કામ ક્યારે પૂર્ણ કરવામાં આવશે?

(૨) બનતી ત્વરાએ પૂર્ણ કરવાનું આયોજન છે.

---------

**બનાસકાંઠા જિલ્લામાં કુંવરબાઈનું મામેરૂ યોજના**

૪૩૦૪ **શ્રી કેશાજી શિ. ચૌહાણ(દિઓદર) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) બનાસકાંઠા જિલ્લામાં કુંવરબાઈનું મામેરૂ યોજના હેઠળ તા. ૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ નાણાંકીય વર્ષ ૨૦૧૧-૧૨ અને ૨૦૧૨-૧૩માં વર્ષવાર કેટલી કન્યાઓને લાભ આપવામાં આવ્યો છે, અને

(૧)

| **વર્ષ** | **લાભીર્થીની સંખ્યા** |
|---|---|
| ૨૦૧૧-૧૨ | ૫૦ |
| ૨૦૧૨-૧૩ | ૩૯ |
| **કુલ** | **૮૯** |

(૨) તેમાં કેટલો ખર્ચ થયો?

(૨) રૂ. ૬,૪૦,૦૦૦-૦૦.

---------

**નીલગાય, રોઝ અને ભૂંડથી ખેડૂતોના પાકને રક્ષણ આપવા બાબત**

૪૮૮૦ **શ્રી પરેશ ધાનાણી(અમરેલી) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) નીલગાય, રોઝ અને ભૂંડથી ખેડૂતોના પાકનું રક્ષણ કરવા સરકાર દ્વારા શી સહાય આપવામાં આવે છે,

(૧) નીલગાય, રોઝ અને ભૂંડથી ખેડૂતોના પાકનું રક્ષણ કરવા ગુજરાત સરકારશ્રી દ્વારા ખેડૂતોના ખેતરની ફરતે વાડ બનાવવા માટે ૫૦ ટકા સહાય આપવાની યોજના અમલમાં છે.

(૨) ઉક્ત પશુઓના ત્રાસથી ખેડૂતોને મુક્તિ અપાવવા શું પગલાં ભરવામાં આવેલ છે, અને

(૨) ઉક્ત પશુઓના ત્રાસથી ખેડૂતોને મુક્તિ અપાવવા માટે નીચે મુજબનાં પગલાં ભરવામાં આવેલ છે.
(૧) ખેતર ફરતે કાંટાળા તારની વાડ બનાવવી.
(૨) જે તે ગામના સરપંચશ્રીઓને માનદ વાઇલ્ડ લાઇફ વોર્ડન તરીકે નિમણૂક આપી નિલગાય (રોઝ) નો નિકાલ કરવાની સત્તા આપવામાં આવેલ છે.

(૩) ઉક્ત પશુઓના ત્રાસમાંથી ખેડૂતોને કાયમી મુક્તિ અપાવવા સરકાર દ્વારા શું આયોજન કરવામાં આવેલ છે?

(૩) ઉક્ત જવાબ-૨માં જણાવેલ બે યોજના ચાલુ રાખવાનું આયોજન છે. તે ઉપરાંત સને ૨૦૧૩-૧૪ ના વર્ષથી આવા વન્ય પ્રાણીઓના સ્થળાંતર અંગે મહેકમની તાલીમ તથા અન્ય માળખાગત સુવિધાઓ ઉભી કરવાનું આયોજન કરવામાં આવેલ છે.

---------

**દાહોદ જિલ્લામાં બાલિકા સમૃધ્ધિ યોજના**

૪૨૬૭ **શ્રી રમેશભાઇ ભુ. કટારા(ફતેપુરા) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દાહોદ જિલ્લામાં કેટલી કન્યાઓને બાલિકા સમૃધ્ધિ યોજના હેઠળ આવરી લીધેલ છે,

**જવાબ**

(૧) તા.૩૧–૧૨–૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બાલિકા સમૃધ્ધિ યોજના હેઠળ આવરી લીધેલ કન્યાઓ.

| અ.નં. | ઘટકનું નામ | ૩૧–૧૨–૧૧ ની સ્થિતિએ બાલિકાઓની લાભ આપેલ સંખ્યા | ૩૧–૧૨–૧૨ ની સ્થિતિએ બાલિકાઓની લાભ આપેલ સંખ્યા | કુલ |
|---|---|---|---|---|
| ૧ | દાહોદ–૧ | ૨૨૩૮ | ૩૧૦૭ | ૫૩૪૫ |
| ૨ | દાહોદ૨ | ૧૪૭૫ | ૧૮૮૨ | ૩૩૫૭ |
| ૩ | દાહોદ–૩ | ૨૪૧૯ | ૨૫૯૧ | ૫૦૧૦ |
| ૪ | દાહોદ–૪ | ૧૩૭૦ | ૧૬૨૭ | ૨૯૯૭ |
| ૫ | દેવગઢ બારીયા–૧ | ૪૨૧૬ | ૭૭૯૨ | ૧૨૦૦૮ |
| ૬ | દેવગઢ બારીયા–૨ | ૩૫૬૯ | ૩૨૦૦ | ૬૭૬૯ |
| ૭ | ધાનપુર–૧ | ૮૩૩ | ૧૩૬૫ | ૨૧૯૮ |
| ૮ | ધાનપુર–૨ | ૮૩૩ | ૧૩૪૨ | ૨૧૭૫ |
| ૯ | ફતેપુરા૧ | ૨૫૭૫ | ૩૩૭૫ | ૫૯૫૦ |
| ૧ | ફતેપુરા–૨ | ૧૦૭૮ | ૧૫૯૯ | ૨૬૭૭ |
| ૧૧ | ગરબાડા–૧ | ૨૩૫૩ | ૧૬૫૮ | ૪૦૧૧ |
| ૧૨ | ગરબાડા–૨ | ૭૬૪ | ૨૩૫૫ | ૩૧૧૯ |
| ૧૩ | લીમખેડા–૧ | ૨૧૯૮ | ૩૦૮૩ | ૫૨૮૧ |
| ૧૪ | લીમખેડા–૨ | ૯૭૭ | ૨૨૦૭ | ૩૧૮૪ |
| ૧૫ | લીમખેડા–૩ | ૧૦૯૭ | ૧૮૬૬ | ૨૯૬૩ |
| ૧૬ | ઝાલોદ–૧ | ૨૭૫૧ | ૨૮૫૧ | ૫૬૦૨ |
| ૧૭ | ઝાલોદ–૨ | ૨૧૮૬ | ૨૩૯૧ | ૪૫૭૭ |
| ૧૮ | ઝાલોદ–૩ | ૨૦૨૨ | ૨૬૦૯ | ૪૬૩૧ |
| ૧૯ | ઝાલોદ–૪ | ૨૩૦૫ | ૨૬૩૫ | ૪૯૪૦ |
| | **કુલ** | **૩૭૨૫૯** | **૪૯૫૩૫** | **૮૬૭૯૪** |

(૨) તે પૈકી કેટલી સહાય ચૂકવેલ છે, અને

(૨) તે પૈકી કુલ રૂા. ૨,૧૧,૭૭,૦૦૦/– (અંકે રૂપિયા બે કરોડ અગિયાર લાખ સીત્યોતેર હજાર પુરા)ની જન્મોત્તર સહાય ચૂકવવામાં આવે છે.

(૩) જો સહાય ચુકવવાની બાકી હોય તો ક્યાં સુધીમાં ચૂકવવામાં આવશે ?

(૩) બાકી રહેતી ૭૧૮૧ બાલિકાઓને ફેબ્રુઆરી ૨૦૧૩ અંતિત કુલ રૂા. ૩૫૯૦૫૦૦/– જન્મોત્તર સહાય ચૂકવી દેવામાં આવેલ છે.

---------

**ઉમરગામ તાલુકાના ગંગાદેવી પળગામ રોડને જોબનંબર આપવા બાબત**

૪૨૩૬ **શ્રી રમણલાલ ના. પાટકર(ઉમરગામ) : માનનીય માર્ગ મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) ઉમરગામ તાલુકાનાં ગંગાદેવી પળગામ રોડ ઔદ્યોગિક વિસ્તારથી જોડાયેલ રોડને ચાલુ નાણાંકીય વર્ષમાં જોબ ફાળવવામાં આવનાર છે કે કેમ, અને

(૨) આ રસ્તો ક્યારે બનાવવામાં આવશે ?

**જવાબ**

(૧) અને (૨) : હાલમાં આયોજન નથી.

---------

**છોટા ઉદેપુર તાલુકાના છોટાઉદેપુર ડોલોમાઈટ રોડનું કામ**

૪૨૪૭ **શ્રી જયંતિભાઈ સ. રાઠવા(જેતપુર) : માનનીય માર્ગ મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વડોદરા જિલ્લાના છોટાઉદેપુર તાલુકાના છોટાઉદેપુર ડોલોમાઈટ રોડનું કામ તા. ૩૧–૧–૧૩ની સ્થિતિએ કયા તબક્કે છે, અને | (૧) પ્રગતિમાં છે. |
| (૨) કામની અંદાજી રકમ કેટલી છે, અને | (૨) રૂ઼ા. ૫૫૫.૯૯ લાખ |
| (૩) આ કામ ક્યારે પૂર્ણ થશે ? | (૩) બનતી ત્વરાએ પૂર્ણ કરવાનું આયોજન છે. |

---------

**રાજુલા ખાતે પ્રાંત અધિકારીની નવી કચેરી બનાવવા બાબત**

૪૨૩૩ **શ્રી હીરાભાઈ ઓ. સોલંકી(રાજુલા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજુલા ખાતે પ્રાંત અધિકારીની નવી કચેરીના કામની મંજૂરી આપવામાં આવેલી છે કે કેમ, | (૧) હા. |
| (૨) જો હા, તો તેની પાછળ કેટલો ખર્ચ થશે, અને | (૨) અંદાજીત રૂ઼ા. ૮૪૪.૦૦ લાખનો ખર્ચ થશે. |
| (૩) આ કામોની કામગીરી તા. ૩૧–૧–૧૩ની સ્થિતિએ કયા તબક્કે છે ? | (૩) કલેક્ટરશ્રી, અમરેલીના તા. ૨૮–૧૨–૧૨ ના વહીવટી હુકમથી રાજુલા તાલુકામાં રાજુલા ગામનાં સર્વે નં. ૨૫૦ની હેક્ટર ૨–૫૩–૯૪ ચો.મી. જમીન આ હેતુ માટે ફાળવેલ છે. નકશા અંદાજો તૈયાર કરી મંજુરી અર્થે રજુ કરેલ છે. |

---------

**ભૂજ–અંજાર રોડનું બાકી કામ**

૪૮૩૨ **શ્રી વાસણભાઈ ગો. આહીર (ભુજ) : માનનીય માર્ગ મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કચ્છ જિલ્લાના ભૂજ–અંજાર રોડનું કામ તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ મંજૂર કરવામાં આવેલ છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો કામ ક્યારે મંજૂર કરવામાં આવ્યું, | (૨) તા. ૧૭–૪–૨૦૧૨. |
| (૩) આ કામગીરી ઉક્ત સ્થિતિએ કયા તબક્કે છે, અને | (૩) ટેન્ડર સ્વીકૃતીપત્ર આપવામાં આવેલ છે. |
| (૪) તા. ૩૧–૧૨–૧૨ સુધીમાં કેટલો ખર્ચ થયો ? | (૪) શૂન્ય. |

---------

**પંચમહાલ જિલ્લામાં બાલિકા સમૃધ્ધિ યોજના**

૪૨૬૮ **શ્રી અરવિંદસિંહ દા. રાઠોડ(કાલોલ) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પંચમહાલ જિલ્લામાં ઘટકવાર કેટલી કન્યાઓને બાલિકા સમૃધ્ધિ યોજના હેઠળ આવરી લીધેલ છે, | (૧) તા.૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પંચમહાલ જિલ્લામાં કુલ ૩૧૧૮૮ કન્યાઓને બાલિકા સમૃધ્ધિ યોજના હેઠળ આવરી લીધેલ છે ઘટકવાર પત્રક નીચે મુજબ છે. |

| અ. નં. | ઘટકનું નામ | તારીખ ૩૧–૧૨–૧૧ ની સ્થિતિએ નોંધાયેલ બાલિકાઓની સંખ્યા | તારીખ ૩૧–૧૨–૧૨ ની સ્થિતિએ નોંધાયેલ બાલિકાઓની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |

| | | | |
|---|---|---|---|
| ૧ | જાંબુઘોડા | ૯૭૧ | ૧૮૯ |
| ૨ | હાલોલ | ૩૬૩૬ | ૭૧૨ |
| ૩ | કાલોલ–૧ | ૩૦૮૪ | ૨૧૧૯ |
| ૪ | કાલોલ–૨ | ૨૨૬૮ | ૭૯૩ |
| ૫ | ગોધરા | ૬૧૨૬ | ૨૧૬૮ |
| ૬ | મોરવાહડફ–૧ | ૧૪૩૫ | ૫૦ |
| ૭ | મોરવાહડફ–૨ | ૩૯૩૭ | ૨૫૬૪ |
| ૮ | શહેરા–૧ | ૯૪૦ | ૩૫૯ |
| ૯ | શહેરા–૨ | ૮૭૨ | ૨૬૧ |
| ૧૦ | લુણાવાડા | ૩૦૪૪ | ૮૪૯ |
| ૧૧ | ખાનપુર | ૨૬૫૦ | ૨૧૪૯ |
| ૧૨ | કડાણા | ૧૮૩૩ | ૫૭૨ |
| ૧૩ | સંતરામપુર–૧ | ૪૦૫૦ | ૧૬૮૦ |
| ૧૪ | સંતરામપુર–૨ | ૨૨૮૦ | ૪૧૨ |
| ૧૫ | ઘોઘંબા–૧ | ૪૩૧૦ | ૫૧૦ |
| ૧૬ | ઘોઘંબા–૨ | ૧૩૪૩ | ૧૧૭૬ |
| | **કુલ** | **૪૨૭૭૯** | **૧૬૫૬૩** |

(૨) તે પૈકી કેટલી સહાય ચૂકવેલ છે, અને

(૨) તે પૈકી ૨૮૨૮૩ બાલિકાઓને રૂપિયા ૧,૪૧,૪૧,૫૦૦/– ની સહાય ચુકવેલ છે.

(૩) જો સહાય ચુકવવાની બાકી હોય તો ક્યાં સુધીમાં ચૂકવવામાં આવશે ?

(૩) બનતી ત્વરાએ.

---------

**સુરત જિલ્લાના કડોદ મઢી રોડને પહોળો કરવા બાબત**

૪૨૫૨ **શ્રી મુકેશભાઇ ઝી. પટેલ(ઓલપાડ) : માનનીય માર્ગ મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) સુરત જિલ્લાના કડોદ મઢી રોડને પહોળો કરવાનું કામ તા. ૩૧–૧–૧૩ની સ્થિતિએ કયા તબક્કે છે, અને

(૧) પ્રગતિમાં છે.

(૨) આ કામ ક્યારે પૂર્ણ થનાર છે?

(૨) બનતી ત્વરાએ પૂર્ણ કરવાનું આયોજન છે.

---------

**બનાસકાંઠા જિલ્લામાં પંચાયત અને સ્ટેટ હસ્તકના બિસ્માર હાલતમાં રસ્તાઓ**

૪૭૭૭ **શ્રી મણીલાલ જે. વાઘેલા(વડગામ) : માનનીય માર્ગ મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) બનાસકાંઠા જિલ્લામાં તા. ૩૧–૧૨–૧૨ની સ્થિતિએ તાલુકાદીઠ પંચાયત હસ્તકના અને સ્ટેટ હસ્તકના કેટલા રસ્તાઓ બિસ્માર હાલતમાં છે,

(૧) શુન્ય.

(૨) આ રસ્તાઓના મરામતની કામગીરી માટે સરકારે ઉક્ત સ્થિતિએ શાં પગલાં લીધાં, અને

(૩) તે બિસ્માર રસ્તાઓ ક્યાં સુધીમાં રીસરફેશ કરવામાં આવશે ?

(૨) અને (૩) : પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**નર્મદા જિલ્લાના ડેડીયાપાડા ચીકદા રોડનું કામ**

૪૨૪૯ **શ્રી શબ્દશરણ ભા. તડવી(નાંદોદ) : માનનીય માર્ગ મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) નર્મદા જિલ્લાના ડેડીયાપાડા ચીકદા રોડનું કામ તા. ૩૧–૧–૧૩ની સ્થિતિએ કયા તબક્કે છે, અને

(૧) પ્રગતિમાં છે.

(૨) કામનો અંદાજી ખર્ચ કેટલો છે, અને

(૨) રૂા. ૧૧૪૨.૨૬ લાખનો ખર્ચ અંદાજેલ છે.

(૩) આ કામ ક્યારે પૂર્ણ થશે ?

(૩) બનતી ત્વરાએ પૂર્ણ કરવાનું આયોજન છે.

---------

**વડોદરા જિલ્લાની ઓરસંગ નદી ઉપર તેજગઢથી રાયસીંગપુર અગરમાલધી ગામ વચ્ચે પુલ બનાવવા બાબત**

૫૨૧૦ **શ્રી મોહનસિંહ છો. રાઠવા(છોટાઉદેપુર) : માનનીય માર્ગ મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧–૨૦૧૩ની સ્થિતિએ વડોદરા જિલ્લાના ઓરસંગનદી ઉપર તેજગઢથી રાયસીંગપુરા અગરમાલધી ગામ વચ્ચે પુલ બનાવવા માટે સરકારે કોઈ આયોજન કરેલ છે, કે કેમ,

(૨) જો હા, તો તેની વિગતો શી છે, અને

(૩) આ પુલ ક્યારે બનશે ?

**જવાબ**

(૧), (૨) અને (૩) : માલધી ગામ પાસે માલધી–પુનીયાવાંટ રસ્તા પર પુલ બનાવવા માટે સર્વે ઈન્વેસ્ટીગેશન પ્રગતિમાં છે તે પૂર્ણ થયેથી નકશા અંદાજો બનાવી નાણાકીય ઉપલબ્ધતા અનુસાર હાથ ધરવાનું વિચારવામાં આવશે.

---------

**સોનગઢ–પાલીતાણા રસ્તા ઉપર ઓવન પુલને પહોળો કરવા બાબત**

૪૮૪૩ **શ્રી જીતેન્દ્રભાઇ સ. વાઘાણી(ભાવનગર પશ્ચિમ) : માનનીય માર્ગ મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) ભાવનગર જિલ્લાના સોનગઢ–પાલીતાણા રસ્તા ઉપર ઓવન પુલને પહોળો કરવાની કામગીરી તા. ૩૧–૧–૨૦૧૩ ની સ્થિતિએ કયા તબક્કે છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ આ કામગીરી પાછળ કેટલો ખર્ચ થયો ?

**જવાબ**

(૧) એબટમેન્ટ તથા પિયરના પાયાની કોંક્રીટની કામગીરી પ્રગતિમાં હતી.

(૨) રૂા. ૩.૬૯ લાખ.

---------

**પંચમહાલ જિલ્લામાં સાંસ્કૃતિક વનમાં વૃક્ષો રોપવા પાછળ ખર્ચ**

૪૨૮૨ **શ્રી જેઠાભાઇ ઘે. આહીર(શહેરા) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) પંચમહાલ જિલ્લામાં સાંસ્કૃતિક વનમાં તારીખ ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા વૃક્ષો રોપવામાં આવ્યા છે, અને

(૨) તે પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો છે ?

**જવાબ**

(૧) ૬૮,૫૬૦ વૃક્ષો રોપવામાં આવ્યા છે.

(૨) રૂા. ૩૨.૪૪ લાખનો ખર્ચ કરવામાં આવ્યો છે.

---------

**સાબરકાંઠા જિલ્લામાં ચાલતી આદિજાતિની આશ્રમ શાળામાં શિક્ષકોના પગાર ન થવા બાબત**

૫૪૩૨ **શ્રી અશ્વિન કોટવાલ(ખેડબ્રહમા) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧–૧૩ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લામાં ચાલતી આદિજાતિની કેટલી આશ્રમ શાળાઓના શિક્ષકોના પગાર ચૂકવવાના બાકી છે,

(૨) આ પગાર કયા મહિનાથી ચૂકવવાના બાકી છે,

(૩) પગાર ચૂકવવાના બાકી રહેવાના શા કારણો છે, અને

(૪) ક્યારે બાકી પગારની ચૂકવણી કરવામાં આવશે ?

**જવાબ**

(૧) ૩૪ આશ્રમશાળા.

(૨) આ પગાર મહદ્અંશે ડીસેમ્બર –૨૦૧૨ થી બાકી છે.

(૩) વહીવટી કારણોસર.

(૪) તા. ૧૧–૩–૨૦૧૩ના રોજ ચૂકવણી કરવામાં આવેલ છે.

---------

**રાજકોટ જિલ્લામાં કૂવા/ધોરીયા અને પાઈપ લાઈન નાખવા માટે ખેડૂતોને જમીન આપવા બાબત**

૪૨૫૯ **શ્રી કાંતિલાલ શી. અમૃતિયા(મોરબી) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) રાજકોટ જિલ્લામાં કુવા/ધોરીયા/પાઈપ લાઈન નાખવાના હેતુ માટે ખેડૂતોને તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જમીન આપવામાં આવી છે તે હકીકત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો કેટલા ખેડૂતોને કેટલી જમીન અપાયેલ છે ? | (૨) ૩૫૨ ખેડૂતોને ૭૧૧૮૩–૦૬ ચો.મી. જમીન અપાયેલ છે. |

---------

**જામનગર જિલ્લાના ગામોમાં ગૌચરની હદ માપણી**

૩૩૯૧ **શ્રી રાઘવજી હં. પટેલ(જામનગર ગ્રામ્ય) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) જામનગર જિલ્લામાં તા. ૩૧મી ડીસેમ્બર–૨૦૧૨ની સ્થિતિએ કયા કયા ગામોમાં ગૌચરની હદ માપણી કરવાની બાકી છે, | (૧) જામનગર જિલ્લામાં તા. ૩૧મી ડિસેમ્બર–૨૦૧૨ની સ્થિતિએ એકપણ ગામમાં ગૌચરની હદ માપણી કરવાની બાકી નથી. |
| (૨) માપણી બાકી રહેવાના શા કારણો છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) બાકી રહેલ માપણી ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**કામરેજ અને બારડોલી તાલુકામાં આંગણવાડીઓને વીજળીની સુવિધા**

૪૩૨૦ **શ્રી ઇશ્વરભાઇ ર. પરમાર(બારડોલી) : માનનીય મહિલા અને બાળકલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) સુરત જિલ્લાના કામરેજ અને બારડોલી તાલુકામાં તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ કેટલી આંગણવાડીમાં વીજળીની સુવિધા પૂરી કરવાની બાકી છે, અને | (૧) સુરત જિલ્લાના કામરેજ અને બારડોલી તાલુકામાં તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ અનુક્રમે ૮૧ તથા ૧૪ આંગણવાડીમાં વીજળીની સુવિધા પુરી કરવાની બાકી છે. |
| (૨) તે ક્યારે પૂરી કરવામાં આવશે ? | (૨) કાર્યવાહી ગતિમાં છે. |

---------

**સોનગઢ–પાલીતાણા રસ્તા ઉપર ઓવન પુલને પહોળો કરવા બાબત**

૪૮૪૨ **શ્રીમતી વિભાવરીબેન વિ. દવે(ભાવનગર–પૂર્વ) : માનનીય માર્ગ મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) ભાવનગર જિલ્લાના સોનગઢ–પાલીતાણા રસ્તા ઉપર ઓવન પુલને પહોળો કરવાની કામગીરી તા. ૩૧–૧–૨૦૧૩ની સ્થિતિએ કયા તબક્કે છે, અને | (૧) એબટમેન્ટ તથા પિયરના પાયાની કોંક્રીટની કામગીરી પ્રગતિમાં હતી. |
| (૨) ઉક્ત સ્થિતિએ આ કામગીરી પાછળ કેટલો ખર્ચ થયો ? | (૨) રૂા. ૩.૬૯ લાખ. |

---------

**આણંદ જિલ્લામાં આંગણવાડીઓને ગેસ કનેકશન આપવા બાબત**

૪૨૬૬ **શ્રી સંજયકુમાર ર. પટેલ(ખંભાત) : માનનીય મહિલા અને બાળકલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન આણંદ જિલ્લામાં કુલ કેટલી આંગણવાડીઓને ગેસ કનેકશન અપાયેલ છે, | (૧) ૧૯૭૯. |

(૨) આ પાછળ કેટલો ખર્ચ થયેલ છે, અને

(૩) બાકીની આંગણવાડીઓમાં ગેસ કનેકશન માટે શું આયોજન છે ?

(૨) રૂા. ૯૨,૧૮,૪૨૦/–.

(૩) તમામ આંગણવાડી કેન્દ્રમાં ગેસ કનેકશન અપાયેલ છે.

---------

**ભાયાવદર શહેરમાં સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ પાણી પુરવઠા યોજના**

૪૩૫૫ **શ્રી મોહનભાઇ ક. કુંડારીયા(ટંકારા) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ અંતર્ગત રાજકોટ જિલ્લાના ભાયાવદર શહેરની પાણી પુરવઠા યોજના અંતર્ગત રાજ્ય સરકાર દ્વારા વર્ષ ૨૦૧૨–૧૩ ના વર્ષમાંતા. ૩૧–૧–૨૦૧૩ સુધીમાં કેટલું અનુદાન ચૂકવેલ છે ?

**જવાબ**

રૂા. ૬૬.૨૨ લાખ ચૂકવેલ છે.

---------

**અમરેલી જિલ્લામાં નિરાધાર વિધવાઓને વિધવા સહાય યોજનામાં તાલીમ**

૪૨૬૫ **શ્રી વલ્લભભાઇ વ. વઘાસીયા(સાવરકુંડલા) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) અમરેલી જિલ્લામાં કેટલી નિરાધાર વિધવાઓને વિધવા સહાય યોજના હેઠળ તા. ૩૧–૩–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલીમ આપવામાં આવેલ છે,

(૨) તે માટે રાજ્ય સરકારે કેટલો ખર્ચ કરેલ છે, અને

(૩) તાલીમાર્થી સંસ્થાઓને તાલીમ ખર્ચની ચૂકવણી કેવી રીતે કરવામાં આવે છે ?

**જવાબ**

(૧) ૨૯૧ નિરાધાર વિધવાઓને તાલીમ આપવામાં આવેલ છે.

(૨) રૂા. ૨૭,૬૪,૫૦૦/– ખર્ચ કરેલ છે.

(૩) તાલીમ શરૂ થયા પછી પ્રથમ તબક્કે ૨૫ ટકા રકમ, ત્યારબાદ તાલીમ વર્ગો સંતોષકારક રીતે પૂર્ણ થયેથી ૬૫ ટકા રકમ અને લાભાર્થીઓ સ્વનિર્ભર બન્યાની ખાતરી કરીને બાકીના ૧૦ ટકા રકમ ચૂકવવામાં આવે છે.

---------

**વડોદરા જિલ્લામાં ખેડૂતોએ ખરીદેલ જમીનની એન્ટ્રીઓની અરજીઓ**

૪૨૯૨ **શ્રી મધુભાઇ બા. શ્રીવાસ્તવ(વાઘોડિયા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) સને ૨૦૧૨માં વડોદરા જિલ્લામાં ખેડૂતોએ ખરીદેલ જમીનની એન્ટ્રીઓ પાડવાની તાલુકાવાર કેટલી અરજીઓ મળી, અને

**જવાબ**

(૧)

| | તાલુકો | મળેલ અરજીઓ |
|---|---|---|
| ૧. | કરજણ | ૧૯૨૬ |
| ૨. | ડભોઈ | ૧૭૮૪ |
| ૩. | છોટાઉદેપુર | ૫૧ |
| ૪. | વડોદરા (શહેર) | ૩૪૯ |
| ૫. | સાવલી | ૧૯૯૨ |
| ૬. | પાદરા | ૧૫૮૫ |
| ૭. | વડોદરા (ગ્રામ્ય) | ૨૪૪૪ |
| ૮. | શિનોર | ૯૦૨ |
| ૯. | નસવાડી | ૪૦ |
| ૧૦. | પાવી જેતપુર | ૨૮૪ |
| ૧૧. | કવાંટ | ૯ |
| ૧૨. | વાઘોડીયા | ૨૨૩૨ |
| ૧૩. | સંખેડા | ૭૩૧ |

| | | |
|---|---|---|
| | **કુલ** | **૧૪,૩૨૯** |

(૨) તે પૈકી તાલુકાવાર કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી ?

(૨)

| | **તાલુકો** | **મંજૂર કરેલ અરજીઓ** |
|---|---|---|
| ૧. | કરજણ | ૧૩૮૩ |
| ૨. | ડભોઈ | ૧૪૨૯ |
| ૩. | છોટાઉદેપુર | ૪૫ |
| ૪. | વડોદરા (શહેર) | ૨૨૦ |
| ૫. | સાવલી | ૧૩૪૯ |
| ૬. | પાદરા | ૧૨૨૭ |
| ૭. | વડોદરા (ગ્રામ્ય) | ૧૫૫૪ |
| ૮. | શિનોર | ૬૧૬ |
| ૯. | નસવાડી | ૨૫ |
| ૧૦. | પાવી જેતપુર | ૧૯૦ |
| ૧૧. | કવાંટ | ૯ |
| ૧૨. | વાઘોડીયા | ૧૪૧૧ |
| ૧૩. | સંખેડા | ૪૯૯ |
| | **કુલ** | **૯,૯૫૭** |

---------

**ગીરના જંગલ સિવાય બહારના વિસ્તારમાં જોવા મળેલ સિંહો**

૪૩૧૪ **શ્રી જેઠાભાઇ દા. સોલંકી(કોડીનાર) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) ગીરના જંગલ સિવાય બહારના વિસ્તારમાં કયાં કયાં સિંહો જોવા મળે છે,

**જવાબ**

(૧) ગીર અભયારણ્ય તથા રાષ્ટ્રિય ઉદ્યાન સિવાય ગીરનાર અભયારણ્ય, મિતીયાળા અભયારણ્ય, પાણીયા અભયારણ્ય, ઉના, કોડીનાર, સુત્રાપાડા તાલુકાનો દરિયાકાંઠા વિસ્તાર, અમરેલી જિલ્લાના સાવરકુંડલા, લીલીયા, રાજુલા, જાફરાબાદ તથા ભાવનગર જિલ્લાના મહુવા અને પાલીતાણા તાલુકામાં જોવા મળે છે.

(૨) ગીર જંગલ સિવાયના વિસ્તારના સિંહોની છેલ્લી વસતિ ગણતરી કયારે કરવામાં આવેલ, અને

(૨) સને ૨૦૧૦માં.

(૩) તે વિસ્તારમાં છેલ્લી સિંહોની ગણતરી વખતે સિંહોની સંખ્યા કેટલી હતી ?

(૩) ૧૧૪.

---------

**નડીયાદ નગરપાલિકાને સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનામાં મોડલ નગરપાલિકા ઘટક ગ્રાન્ટ**

૪૫૯૫ **શ્રી દેવુંસિંહ જે. ચૌહાણ (માતર) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

ખેડા જિલ્લાની નડીયાદ નગરપાલિકાને સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના મોડલ નગરપાલિકા ઘટક હેઠળ સન ૨૦૧૧–૧૨ અને ૨૦૧૨–૧૩માં તા.૩૧–૧૨–૧૨ સુધીમાં સરકાર દ્વારા કેટલી ગ્રાન્ટ ચૂકવવામાં આવેલ છે ?

**જવાબ**

રૂ. ૮૩૧.૦૦ લાખની ગ્રાન્ટ ચૂકવેલ છે.

---------

**ખેડા જિલ્લામાં કુપોષણથી થયેલ બાળકોના મૃત્યુ**

૫૩૫૮ **શ્રી નટવરસિંહ કુ. ઠાકોર(મહુધા) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૦૧–૧૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડા જિલ્લામાં કેટલા બાળકોના કુપોષણથી મૃત્યુ થયેલ છે,

**જવાબ**

(૧) તા. ૩૧–૧–૧૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુપોષણથી કોઈ બાળકનું મૃત્યુ થયેલ નથી.

અને

| | |
|---|---|
| (૨) આવા બનાવો ન બને તે માટે સરકાર શી ખાસ વ્યવસ્થા ગોઠવેલ છે ? | (૨) પ્રશ્ન નથી. |

---------

**દાહોદ જિલ્લામાં વિદ્યાસાધના યોજનામાં અનુસૂચિત જનજાતિની કન્યાઓને સાયકલ આપવા બાબત**

૪૨૭૫ **શ્રી બચુભાઇ મ. ખાબડ(દેવગઢબારીયા) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) દાહોદ જિલ્લામાં વનબંધુ કલ્યાણ યોજનામાં વિદ્યાસાધના યોજના હેઠળ તા.૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અનુસૂચિત જનજાતિની ધોરણ–૮માં અભ્યાસ કરતી કન્યાઓને સાયકલ આપવામાં આવેલ છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ યોજના હેઠળ જિલ્લાની કેટલી કન્યાઓને લાભ આપવામાં આવેલ છે, અને | (૨) ૧૭૭૬૩. |
| (૩) તે પાછળ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ? | (૩) રૂ. ૪,૨૭,૮૭,૨૨૧. |

---------

**આણંદ તાલુકાના ખંભળોજ ગામની ગૌચરની જમીન કૃષિ યુનિર્વસીટીને આપવા બાબત**

૪૯૧૪ **શ્રી જયંતભાઇ ર. પટેલ(ઉમરેઠ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) આણંદ જિલ્લા અને તાલુકાના ખંભોળજ ગામની ગૌચર જમીન કૃષિ યુનિવર્સિટીને ડીસેમ્બર–૨૦૧૨ની સ્થિતિએ કયારે ફાળવવામાં આવી, | (૧) તા. ૭–૧–૨૦૦૯ના રોજ. |
| (૨) ગૌચરના અવેજમાં પંચાયતને કેટલું વળતર આપવામાં આવ્યું, અને<br>(૩) ગૌચરની અવેજમાં ગ્રામપંચાયત માટે વૈકલ્પિક શી વ્યવસ્થા કરવામાં આવી ? | (૨) અને (૩) આ જમીન વહીવટી હુકમ : ૩ હેઠળ સરકારના એક ખાતામાંથી બીજા ખાતામાં તબદીલ થતી હોવાથી ગ્રામ પંચાયતને વળતર આપવાનો કે વૈકલ્પિક વ્યવસ્થા કરવાનો પ્રશ્ન નથી. |

---------

**ભૂજ–અંજાર રોડનું બાકી કામ**

૪૮૩૦ **ડાૅ. નીમાબેન આચાર્ય (ભુજ) : માનનીય માર્ગ મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કચ્છ જિલ્લાના ભૂજ–અંજાર રોડનું કામ તા.૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ મંજૂર કરવામાં આવેલ છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા તો કામ કયારે મંજૂર કરવામાં આવ્યું, | (૨) તા. ૧૭–૪–૨૦૧૨. |
| (૩) આ કામગીરી ઉકત સ્થિતિએ કયા તબકકે છે, અને | (૩) ટેન્ડર સ્વીકૃતીપત્ર આપવામાં આવેલ છે. |
| (૪) તા.૩૧–૧૨–૧૨ સુધીમાં કેટલો ખર્ચ થયો ? | (૪) શૂન્ય. |

---------

**તાપી જિલ્લામાં કિશોરી શકિત યોજના**

૪૨૮૫ **શ્રી કાંતીલાલભાઈ રે. ગામીત (નિઝર) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વર્ષ ૨૦૧૧–૧૨ અને ૨૦૧૨–૧૩માં તા.૩૧–૧૨–૨૦૧૨ સુધીમાં કિશોરી શકિત યોજના હેઠળ તાપી જિલ્લામાં કેટલી કિશોરીઓને પૂરક પોષણ આપવામાં આવેલ છે, અને | (૧) વર્ષ ૨૦૧૧–૧૨માં ૧૩૫૦૧૦ અને વર્ષ ૨૦૧૨–૧૩માં ૯૯૫૧૮ કિશોરીઓને પૂરક પોષણ આપવામાં આવેલ છે. |
| (૨) આ યોજના પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો | (૨) વર્ષ ૨૦૧૧–૧૨માં રૂ. ૨૬૯૩.૪૫ |

? લાખ

| | |
|---|---|
| વર્ષ ૨૦૧૨–૧૩માં | રૂ. ૧૯૮૫.૩૮ |

લાખ

| | |
|---|---|
| **કુલ ખર્ચ** | **રૂ. ૪૬૭૮.૮૩** |

**લાખ**

---------

## વ્હેલ અને શાર્ક માછલીનો બચાવ

૪૩૧૨ **શ્રી જગદીશભાઇ ઇ. પંચાલ(નિકોલ) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) ૨૦૧૨ની સ્થિતિએ બે વર્ષમાં રાજ્યમાં વન વિભાગ દ્વારા કેટલી વ્હેલ અને શાર્ક માછલી બચાવવામાં આવી, અને

(૨) તે અંગે કેટલું વળતર ચૂકવવામાં આવ્યું ?

**જવાબ**

(૧) રાજ્ય સરકાર દ્વારા વ્હેલ શાર્ક–જે એક જ દરિયાઈ પ્રાણીનું નામ છે. જેનો સંરક્ષણ કાર્યક્રમ અમલમાં છે અને ૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં વન વિભાગ દ્વારા ૧૦૫ વ્હેલ શાર્ક માછલી બચાવવામાં આવી.

(૨) તે અંગે કુલ રૂપિયા ૭,૬૦,૨૫૦/- નું વળતર ચુકવવામાં આવ્યું

---------

## પતંગની દોરીથી ઇજા પામેલ પક્ષીઓને બચાવવાનું આયોજન

૪૩૧૭ **શ્રી ભૂષણ ભટ્ટ(જમાલપુર–ખાડિયા) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) ગત ઉત્તરાયણના તહેવાર નિમિત્તે પતંગ ચગાવવાના કારણે દોરીથી ઇજા પામેલ પક્ષીઓને બચાવવા સરકારે કોઇ આયોજન કરેલ છે કે કેમ, અને

(૨) જો હા તો તેની શી વિગત છે ?

**જવાબ**

(૧) હા, જી, સરકારે આયોજન કરેલ.

(૨) ગત ઉત્તરાયણ દરમ્યાન નીચે મુજબ કાર્યવાહી કરવામાં આવી હતી.

(૧) પ્લાસ્ટિક અને સિન્થેટિકના દોરાથી પક્ષીઓને થતી ઈજા બાબતે લોક જાગૃતિ કેળવવામાં આવેલી.

(૨) શહેરી વિસ્તારોમાં વિશિષ્ટ અભિયાન હાથ ધરી નીચે મુજબની વિગતે ઘાયલ પક્ષીઓને સારવાર આપવામાં આવેલ.

| અ.નં. | શહેરનું નામ | સારવાર આપવામાં આવેલ કુલ પક્ષીઓ | સારવાર બાદ મુક્ત કરવામાં આવેલ પક્ષીઓ |
|---|---|---|---|
| ૧ | અમદાવાદ | ૨૦૮૨ | ૧૮૬૬ |
| ૨ | વડોદરા | ૧૯૧ | ૧૭૭ |
| ૩ | ગાંધીનગર | ૫૮ | ૪૨ |
| ૪ | જુનાગઢ | ૧૪ | ૧૦ |
| ૫ | મહેસાણા | ૧૫ | ૧૫ |
| ૬ | ભાવનગર | ૯૦ | ૬૨ |
| ૭ | મહુવા | ૭ | ૭ |
| ૮ | હિંમતનગર | ૮૮ | ૮૮ |
| ૯ | સુરેન્દ્રનગર | ૮૩ | ૭૦ |
| ૧૦ | જામનગર | ૨૮ | ૨૩ |
| ૧૧ | પોરબંદર | ૧૫૮ | ૧૪૫ |
| | **કુલ** | **૨૮૧૪** | **૨૫૦૫** |

તા.૨૨મી માર્ચ, ૨૦૧૩

અતારાંકિત પ્રશ્નો

**નવસારી જિલ્લામાં દરિયા કિનારે ચેરના વાવેતર પાછળ ખર્ચ**

૪૨૮૪ **શ્રી પિયુષ દિ. દેસાઇ(નવસારી) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વર્ષ ૨૦૧૧–૧૨ અને ૨૦૧૨–૧૩માં નવસારી જિલ્લામાં દરિયા કિનારે તા. ૩૧–૧૨–૨૦૧૨ સુધીમાં ચેરનું કેટલું વાવેતર થયું, અને | (૧) વર્ષ ૨૦૧૧–૧૨ માં ૫૬૦ હેક્ટર વિસ્તારમાં. વર્ષ ૨૦૧૨–૧૩ માં ૩૨૦ હેક્ટર વિસ્તારમાં. (તા. ૩૧–૧૨–૨૦૧૨ સુધીમાં) |
| (૨) તેની પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો, | (૨) કૂલ રૂ. ૪૪.૮૪ લાખ. |

---------

**રાજકોટ જિલ્લામાં વીજ સબ સ્ટેશનો માટે જમીન આપવા બાબત**

૪૨૬૦ **શ્રીમતી ભાનુબેન મ. બાબરીયા(રાજકોટ–ગ્રામ્ય) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજકોટ જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વીજ સબ સ્ટેશનો માટે જમીન અપાયેલ છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો કેટલી જમીન અપાયેલ છે ? | (૨) હે. આરે. ૧૮–૧૧–૫૦ ચો. મી. |

---------

**સુરત જિલ્લા તકેદારી સમિતિ સમક્ષ ભૂમાફિયાઓ સામે પગલાં ભરવાની અરજીઓ**

૪૨૯૪ **શ્રી નરોત્તમભાઇ પટેલ(ઉધના) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભૂમાફિયાઓ સામે પગલા ભરવા અંગે રચાયેલ સુરત જિલ્લા તકેદારી સમિતિ સમક્ષ કેટલી અરજીઓ તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આવી, | (૧) ૧૯૧–અરજીઓ આવેલ છે. |
| (૨) તે પૈકી કેટલી અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો, અને | (૨) તે પૈકી ૪૩–અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો. |
| (૩) કેટલાની સામે પગલાંઓ લેવામાં આવ્યા ? | (૩) ૪૮–વ્યકિતઓ સામે પોલીસ ફરિયાદ દાખલ કરવામાં આવેલ છે. જેમાં ૪૫–વ્યકિતઓની ધરપકડ કરેલ છે. ૫–કેસમાં મહેસૂલી રાહે પગલાં લેવાનું ઠરાવેલ છે. |

-------

**જામનગર જિલ્લાના ખંભાલીયાથી સલાયા બંદરનો રસ્તો પહોળો કરવા બાબત**

૪૨૬૩ **શ્રી મેઘજીભાઇ અ. ચાવડા(કાલાવડ) : માનનીય માર્ગ મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જામનગર જિલ્લાના ખંભાલીયા થી સલાયા બંદરને જોડતા ખંભાલીયા સલાયા માર્ગને પહોળો કરવાનું કામ તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ કયા તબક્કે છે, અને | (૧) મેટલીંગ કામ પ્રગતિમાં હતું |
| (૨) તેના માટે કેટલો ખર્ચ મંજૂર કરવામાં આવેલ છે ? | (૨) આ કામ માટે રૂ. ૧૦૦૦ લાખની વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે. |

---------

**ભાવનગર જિલ્લાના દૂધાળા–કીકરીયા બગદાણા અને ઠાડચ રોડને પહોળો કરવા બાબત**

૪૨૫૫ **શ્રીમતી ભારતીબેન ધી. શ્યાળ(તળાજા) : માનનીય માર્ગ મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભાવનગર જિલ્લાના દુધાળા કીકરીયા મોટા ખુંટવાડા બોરડી રાજાવદર બગદાણા ઠાડચ રોડને પહોળો તથા મજબુતીકરણ કરવાનું કામ તા. ૩૧–૧–૧૩ની | (૧) પ્રગતિમાં છે. |

સ્થિતિએ કયા તબક્કે છે, અને

(૨) આ કામ ક્યારે પૂર્ણ કરવામાં આવશે ? | (૨) બનતી ત્વરાએ પૂર્ણ કરવાનું આયોજન છે.

---------

**આણંદ જિલ્લામાં નાવલી ઉમેટા રસ્તાની કામગીરી**

૪૨૪૦ **શ્રી દિલીપભાઇ મ. પટેલ(આણંદ) : માનનીય માર્ગ મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) આણંદ જિલ્લામાં નાવલી ઉમેટા રસ્તાની કામગીરી તા. ૩૧–૧–૧૩ની સ્થિતિએ કયા તબક્કે છે, | (૧) પ્રગતિમાં |
| (૨) આ કામગીરીનો અંદાજિત ખર્ચ કેટલો થશે, અને | (૨) અંદાજે રૂ. ૨૦૬૯.૪૧ લાખ. |
| (૩) આ કામ ક્યારે પૂર્ણ કરવાનું આયોજન છે ? | (૩) એપ્રિલ ૨૦૧૪ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે. |

---------

**વાપી અને સરીગામ જી.આઈ.ડી.સી.માં સંપાદન કરેલ જમીન**

૫૦૭૫ **શ્રી જીતુભાઇ હ. ચૌધરી(કપરાડા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તા. ૩૧–૧૨–૧૨ની સ્થિતિએ વલસાડ જિલ્લાની વાપી અને સરીગામ જી.આઈ.ડી.સી.માં સરકારે સંપાદન કરેલ અને વણવપરાયેલ જમીન તેના મુળ માલિકોને સરકાર પરત કરવા માંગે છે કે કેમ ? | આ બાબત નીતિ વિષયક હોવાથી નીતિ સંદર્ભમાં પાત્રતા ને આધીન નિર્ણય લેવાનો રહેશે. |

---------

**નવસારી જિલ્લામાં શૈક્ષણિક હેતુ માટે જમીનો આપવા બાબત**

૪૩૦૨ **શ્રી આર. સી. પટેલ(જલાલપોર) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| નવસારી જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં શૈક્ષણિક હેતુ માટે કેટલી જમીન સરકાર દ્વારા ફાળવવામાં આવેલ છે ? | હે. ૬–૩૮–૮૦ ચો.મી. |

---------

**ભરૂચ જિલ્લાના હાંસોટ, રોહીદ, કુડાદરા અને કોસંબા રોડને પહોળો કરવા બાબત**

૪૨૪૮ **શ્રી દુષ્યંતભાઇ ર. પટેલ(ભરૂચ) : માનનીય માર્ગ મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભરૂચ જિલ્લાના હાંસોટ, રોહીદ, કુડાદરા, કોસંબા રોડને પહોળો કરવાનું કામ તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ કયા તબક્કે છે, | (૧) પ્રગતિમાં છે. |
| (૨) કામ પર અંદાજી કેટલો ખર્ચ થયેલ છે, અને | (૨) રૂ. ૧૨૧.૦૦ લાખ. |
| (૩) આ કામ ક્યારે પૂર્ણ થશે ? | (૩) બનતી ત્વરાએ પૂર્ણ કરવાનું આયોજન છે. |

---------

**છોટાઉદેપુર શહેરમાં સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ પાણી પુરવઠા તથા ભુગર્ભ ગટર યોજના**

૪૩૫૪ **શ્રી બાલકૃષ્ણ ના. પટેલ(ડભોઇ) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ વડોદરા જિલ્લાના છોટાઉદેપુર શહેરની પાણી પુરવઠા તથા ભૂગર્ભ ગટર યોજના અંતર્ગત રાજ્ય સરકાર દ્વારા વર્ષ ૨૦૧૨–૧૩ના વર્ષમાં તા. ૩૧–૧–૨૦૧૩ સુધીમાં કેટલું અનુદાન ચૂકવેલ છે ? | વર્ષ ૨૦૧૨–૧૩ માં કોઈ ગ્રાન્ટ ફાળવવામાં આવેલ નથી. પાણી પુરવઠા યોજના પૂર્ણ થયેલ છે અને ભૂગર્ભ ગટર યોજના માટે રૂ. ૨૪૩૫.૫૦ લાખની વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે. |

---------

તા.૨૨મી માર્ચ, ૨૦૧૩

અતારાંકિત પ્રશ્નો

**રાજ્યમાં બચાવવામાં આવેલી વ્હેલ અને શાર્ક માછલીઓ**

૪૩૧૧ **શ્રી રજનીકાન્ત મો. પટેલ(અસારવા) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં વન વિભાગ દ્વારા કેટલી વ્હેલ અને શાર્ક માછલી બચાવવામાં આવી, અને | (૧) રાજ્ય સરકાર દ્ધારા વ્હેલ શાર્ક– જે એક જ દરિયાઈ પ્રાણીનું નામ છે – જેનો સંરક્ષણ કાર્યક્રમ અમલમાં છે અને તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં વન વિભાગ દ્ધારા ૧૦૫ વ્હેલશાર્ક માછલી બચાવવામાં આવી. |
| (૨) તે અંગે કેટલું વળતર ચૂકવવામાં આવ્યું ? | (૨) તે અંગે કુલ – રૂા. ૭,૬૦,૨૫૦/– નું વળતર ચૂકવવામાં આવ્યું. |

–––––––––

**કચ્છ અને સુરત જિલ્લામાં જિલ્લાવાર જંગલની જમીન એસ્સાર ગૃપને આપવા બાબત**

૪૩૬૫ **શ્રી શૈલેષ મ. પરમાર(દાણીલીમડા) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કચ્છ અને સુરત જિલ્લામાં જિલ્લાવાર જંગલની જમીન એસ્સાર ગ્રુપને કેટલી જમીન ક્યારે અને કયા ભાવે આપી, અને | (૧) તા.૩૧–૧૨–૨૦૧૨ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કચ્છ અને સુરત જિલ્લામાં એસ્સાર ગ્રુપને કોઇ જંગલ જમીન બિન જંગલ કામગીરીના હેતુસર આપેલ નથી. |
| (૨) જે ભાવથી જમીન આપવામાં આવી તે ભાવ ક્યારે નક્કી કરવામાં આવેલ છે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

–––––––––

**પાટણ જિલ્લામાં જમીનને નવી શરતમાંથી જૂની શરતમાં ફેરવવાની માંગણીઓ**

૪૩૦૧ **શ્રી દિલીપકુમાર વી. ઠાકોર(ચાણસ્મા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) પાટણ જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર નવી શરતમાંથી જુની શરતમાં ફેરવવા માટેની કેટલી જમીનની કેટલી માંગણીઓ મળી, અને

**જવાબ**

(૧)

| ક્રમ | તાલુકાનું નામ | મળેલ માંગણીઓ | જમીન હે.આરે.ચો.મી. |
|---|---|---|---|
| ૧ | પાટણ | ૪૧૫ | ૬૪૨–૦૧–૮૩ |
| ૨ | સિધ્ધપુર | ૨૯૩ | ૨૭૫–૭૭–૪૦ |
| ૩ | ચાણસ્મા | ૨૦૧ | ૧૮૩–૩૪–૭૫ |
| ૪ | હારીજ | ૧૮૨ | ૨૮૯–૧૭–૫૫ |
| ૫ | સમી | ૫૬૫ | ૧૫૪૮–૭૬–૯૨ |
| ૬ | રાધનપુર | ૧૮૯ | ૫૦૫–૦૧–૫૬ |
| ૭ | સાંતલપુર | ૩૧૮ | ૧૦૮૦–૩૧–૧૨ |
| | **કુલ** | **૨૧૬૩** | **૪૫૨૪–૪૧–૧૩** |

(૨) ઉક્ત સ્થિતિએ તે અન્વયે કેટલી મંજૂર થઈ અને કેટલી નામંજૂર થઈ ?

(૨)

| ક્રમ | તાલુકાનું નામ | મંજૂર માંગણીઓ | જમીન હે.આરે.ચો.મી. | ના મંજૂર માંગણીઓ | જમીન હે.આરે.ચો.મી. |
|---|---|---|---|---|---|
| ૧ | પાટણ | ૪૦૭ | ૬૩૭–૪૦–૧૯ | ૪ | ૧–૮૭–૫૭ |
| ૨ | સિધ્ધપુર | ૨૭૭ | ૨૬૪–૩૪–૩૫ | ૧૨ | ૮–૬૮–૯૮ |
| ૩ | ચાણસ્મા | ૧૯૭ | ૧૮૦–૯૦–૬૧ | – | – |
| ૪ | હારીજ | ૧૮૨ | ૨૮૯–૧૭–૫૫ | – | – |
| ૫ | સમી | ૫૬૨ | ૧૫૪૩–૫૦–૨૨ | ૧ | ૪–૪૧–૧૧ |
| ૬ | રાધનપુર | ૧૭૫ | ૪૯૨–૨૫–૮૬ | ૬ | ૯–૧૭–૯૬ |
| ૭ | સાંતલપુર | ૩૧૬ | ૧૦૭૩–૯૪–૭૫ | ૧ | ૪–૦૪–૬૯ |
| | **કુલ** | **૨૧૧૬** | **૪૪૮૧–૫૩–૫૩** | **૨૪** | **૨૮–૨૦–૩૧** |

–––––––––

**નીલગાય અને હરણના ત્રાસમાંથી ખેડૂતોના પાકને બચાવવા બાબત**

૫૪૦૯ **શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત(સિધ્ધપુર) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧–૧૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં નીલગાય અને હરણના ત્રાસમાંથી ખેડૂતોના પાકને બચાવવા સરકારે કોઈ આયોજન કરેલ છે કે કેમ, અને

(૨) જો હા, તો કેવા પ્રકારના પગલાંઓ લીધેલ છે ?

**જવાબ**

(૧) નીલગાય અને હરણના ત્રાસમાંથી ખેડૂતોના પાકને બચાવવા સરકારે આયોજન કરેલ છે.

(૨) નીલગાય અને હરણના ત્રાસમાંથી ખેડૂતોનો પાક બચાવવા માટે સરકારશ્રીની નીચે મુજબની યોજનાઓ અમલમાં છે.

(૧) ગુજરાત સરકારશ્રીની જોગવાઈ મુજબ ખેડૂતોના ખેતરની ફરતે વાડ બનાવવા માટે ૫૦ ટકા સહાય આપવાની યોજના અમલમાં છે.

(૨) જે વિસ્તારમાં નીલગાય (રોઝ) નો ત્રાસ હોય તેવા વિસ્તારમાં ગામના સરપંચશ્રીઓને માનદ વન્યપ્રાણી સંરક્ષક તરીકે નિમણૂક આપી નીલગાય (રોઝ)નો નિકાલ કરવાની સત્તા આપવામાં
આવેલ છે.

---------

**વડોદરા મહાનગરપાલિકાને સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનામાં આંતરમાળખાકીય વિકાસના કામો માટે ગ્રાન્ટ**

૫૪૨૭ **શ્રી જીતેન્દ્ર ર. સુખડીયા(સયાજીગંજ) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

વડોદરા મહાનગરપાલિકાને સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત આંતર માળખાકીય વિકાસના કામો માટે તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સરકાર ધ્વારા કેટલી ગ્રાન્ટ ચૂકવવામાં આવેલ છે ?

**જવાબ**

બે વર્ષમાં કુલ રૂ઼ા. ૨૭૦.૧૨ કરોડની ગ્રાન્ટ ચૂકવવામાં આવેલ છે.

---------

**આણંદ જિલ્લામાં સામૂહિક વન નિર્માણ યોજના અને ખાસ અંગભૂત યોજનામાં સ્મશાન સગડીઓ**

૪૩૭૬ **શ્રી નિરંજન પટેલ(પેટલાદ) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૧૨ની સ્થિતિએ આણંદ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં સામૂહિક વન નિર્માણ યોજના અને ખાસ અંગભૂત યોજના હેઠળ તાલુકાવાર કેટલા ગામોમાં સ્મશાન સગડીઓની સુવિધા વિના મૂલ્યે પૂરી પાડવામાં આવી, અને

(૨) તે અન્વયે તાલુકાવાર કેટલો ખર્ચ થયો ?

**જવાબ**

(૧) નીચેની વિગતે કુલ ૨૬ ગામોને સ્મશાન સગડીઓની સુવિધા વિના મૂલ્યે પૂરી પાડવામાં આવી.

| ક્રમ | તાલુકાનું નામ | સ્મશાન સગડી અપાયેલ ગામોની સંખ્યા |
|---|---|---|
| ૧ | આણંદ | ૫ |
| ૨ | ઉમરેઠ | ૫ |
| ૩ | બોરસદ | ૪ |
| ૪ | ખંભાત | ૪ |
| ૫ | તારાપુર | ૨ |
| ૬ | આંકલાવ | ૨ |
| ૭ | સોજીત્રા | ૨ |
| ૮ | પેટલાદ | ૨ |
| | કુલ | ૨૬ |

(૨) નીચેની વિગતે કુલ રૂ. ૭.૫૫ લાખ ખર્ચ થયો.

| ક્રમ | તાલુકાનું નામ | થયેલ ખર્ચ |
|---|---|---|

| | | **(રૂા. લાખમાં)** |
|---|---|---|
| ૧ | આણંદ | ૧.૪૪ |
| ૨ | ઉમરેઠ | ૧.૪૪ |
| ૩ | બોરસદ | ૧.૧૬ |
| ૪ | ખંભાત | ૧.૧૫ |
| ૫ | તારાપુર | ૦.૫૬ |
| ૬ | આંકલાવ | ૦.૬૦ |
| ૭ | સોજીત્રા | ૦.૬૦ |
| ૮ | પેટલાદ | ૦.૬૦ |
| | **કુલ** | **૭.૫૫** |

---------

## હાલોલ અને વડોદરામાં ટોલટેક્ષ કલેકશન કરવાની મુદત

૪૩૬૦ **શ્રી સી. કે. રાઉલજી(ગોધરા) : માનનીય માર્ગ મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧–૧૩ની સ્થિતિએ હાલોલ અને વડોદરા ટોલટેક્ષ કલેકશન કરવાની કેટલા સમય સુધીની મુદત હતી, અને | (૧) કરારખતમાંની જોગવાઈ મુજબ તા. ૨૩ ઓકટોબર ૨૦૩૦ સુધી. |
| (૨) જો આ મુદત પૂરી થઈ ગઈ હોય તો સરકાર આ ટોલટેક્ષ બંધ કરવા માંગે છે કે કેમ? | (૨) મુદત પૂરી થઈ ન હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

## ગુજરાત રાજ્યમાં દીપડાઓની વસ્તી ગણતરી

૪૩૧૮ **શ્રીમતી નિર્મલાબેન સુ. વાધવાણી (નરોડા) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં દિપડાઓની વસ્તી ગણતરી છેલ્લે કયા વર્ષમાં કરવામાં આવી હતી, અને | (૧) સને ૨૦૧૧માં. |
| (૨) આ ગણતરીમાં દીપડાઓની સંખ્યા કેટલી હતી ? | (૨) ૧૧૬૦. |

---------

## હાલોલ શહેરમાં સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ પીવાના પાણી તથા ભૂગર્ભ ગટર યોજના

૪૩૫૧ **શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર(હાલોલ) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ પંચમહાલ જિલ્લાના હાલોલ શહેરમાં પીવાના પાણી તથા ભૂગર્ભ ગટર યોજના અંતર્ગત રાજ્ય સરકાર દ્વારા વર્ષ ૨૦૧૨–૧૩ના વર્ષમાં તા. ૩૧–૧–૨૦૧૩ સુધીમાં કેટલું અનુદાન ચૂકવેલ છે ? | પીવાના પાણી માટે રૂા. ૧૫૦ લાખ અનુદાન ચૂકવવામાં આવેલ છે. ભૂગર્ભ ગટર યોજના હેઠળ અનુદાન ચૂકવવામાં આવેલ નથી. |

---------

## ગાંધીનગર જિલ્લા તકેદારી સમિતિ સમક્ષ ભૂમાફિયાઓ સામે પગલા ભરવાની અરજીઓ

૪૨૯૬ **શ્રી શંભુજી ચે. ઠાકોર(ગાંધીનગર–દક્ષિણ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભૂમાફિયાઓ સામે પગલા ભરવા અંગે રચાયેલ ગાંધીનગર જિલ્લા તકેદારી સમિતિ સમક્ષ કેટલી અરજીઓ તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આવી, | (૧) છેલ્લા બે વર્ષમાં કુલ ૩૯૦ અરજીઓ આવી. |
| (૨) તે પૈકી કેટલી અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો, અને | (૨) ૧૮૫– અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો. |

(૩) કેટલાની સામે પગલાંઓ લેવામાં આવ્યા ? (૩) ૪૦–ઈસમો સામે પગલાં લેવામાં આવ્યા.

---------

**કચ્છ જિલ્લામાં ભચાઉ, રામવાવ, રાપર રસ્તાનું કામ**

૪૨૪૨ **શ્રી વાઘજીભાઇ ધ. પટેલ(રાપર) : માનનીય માર્ગ મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કચ્છ જિલ્લામાં ભચાઉ, રામવાવ, રાપર રસ્તાનું કામ તા.૩૧–૧૨–૧૨ની સ્થિતિએ ક્યા તબક્કે છે, | (૧) ઈજારદારશ્રીને વર્કઓર્ડર આપવામાં આવેલ છે. |
| (૨) આ કામગીરીનો અંદાજિત ખર્ચ કેટલો થશે, અને | (૨) રૂા. ૩૭૮૦.૦૦ લાખ. |
| (૩) આ કામ ક્યારે પૂર્ણ કરવાનું આયોજન છે ? | (૩) કરારખત મુજબ તા. ૩૧–૩–૨૦૧૪ના રોજ પુર્ણ કરવાનું આયોજન છે. |

---------

**વડોદરા શહેર અને જિલ્લામાં માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં અનુસૂચિત જનજાતિઓના વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ ન ચૂકવવા બાબત**

૨૮૦૬ **શ્રી ધીરૂભાઇ ચુ. ભીલ(સંખેડા) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વડોદરા શહેર અને જિલ્લાની માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક શાળાઓમાં અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓને શૈક્ષણિક શિષ્યવૃત્તિ કેટલી મંજૂર કરવામાં આવી, | (૧) રૂા. ૭,૮૦,૩૬,૭૭૧/– |
| (૨) તે અન્વયે વર્ષવાર કેટલી રકમ ચૂકવવામાં આવી, અને | (૨) વર્ષ ૨૦૧૧માં રૂા. ૩,૦૭,૪૮,૨૧૧/–<br>વર્ષ ૨૦૧૨ માં રૂા. ૩,૮૨,૦૯,૪૮૮/– |
| (૩) ચૂકવવાની બાકી હોય તો તેના કારણો શાં છે ? | (૩) ચુકવવાની બાકી હતી તે આજની તારીખે ચુકવાઈ ગઈ છે. |

---------

**કેલીમીટી રીલીફ ફંડ અને નેશનલ કેલેમીટી કન્ટીજન્સી ફંડમાંથી કેન્દ્ર સરકારે આપેલ રકમ**

૪૯૨૯ **શ્રીમતી તેજશ્રીબેન દિ. પટેલ(વિરમગામ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેલીમીટી રીલીફ ફંડ અને નેશનલ કેલેમીટી કન્ટીજન્સી ફંડ કેન્દ્ર સરકાર તરફથી કેટલી રકમ મળી, | (૧) –કેલીમીટી રીલીફ ફંડ (હાલ એસ.ડી.આર.એફ.)માં વર્ષ–૨૦૧૧–૧૨ (તા. ૦૧–૦૪–૨૦૧૧ થી તા. ૩૧–૦૩–૨૦૧૨)<br>રૂા. ૩૯૫.૪૨ કરોડ અને વર્ષ ૨૦૧૨–૧૩માં (તા. ૦૧–૦૪–૨૦૧૨ થી ૩૧–૧૨–૨૦૧૨) રૂા. ૨૦૭.૫૯૫.<br>– નેશનલ કેલેમીટી કન્ટીજન્સી ફંડ (હાલ એન.ડી.આર.એફ.) માં કોઈ રકમ મળેલ નથી. |
| (૨) તે પૈકી રાજ્ય સરકારના ફાળાની રકમ પેટેની કેટલી રકમ જમા કરવામાં આવી, | (૨) વર્ષ–૨૦૧૧–૧૨ (તા. ૦૧–૦૪–૨૦૧૧ થી તા. ૩૧–૦૩–૨૦૧૨) રૂા. ૧૩૧.૮૧ કરોડ.<br>– વર્ષ–૨૦૧૨–૧૩ (તા. ૦૧–૦૪–૨૦૧૨ થી તા. ૩૧–૧૨–૨૦૧૨) રૂા. ૬૯.૨૦ કરોડ. |
| (૩) ઉકત વર્ષવાર કેટલો ખર્ચ ક્યા ક્યા કામો માટે કરવામાં આવ્યો, અને | (૩) |

| **વર્ષ ૨૦૧૧–૧૨માં થયેલ ખર્ચ (૦૧–૦૪–૧૧ થી ૩૧–૦૩–** | **વર્ષ ૨૦૧૨–૧૩માં થયેલ ખર્ચ (૦૧–૦૪–૧૨ થી ૩૧–૧૨–૨૦૧૨)** |
|---|---|

| | |
|---|---|
| **૨૦૧૨)** | |
| કુલ રૂ।. ૧૬૧.૪૬ કરોડ | કુલ રૂ।. ૧.૩૬ કરોડ |
| પુર સદર–રૂ।. ૧૬૦.૮૦ | અછત સદર–રૂ।. ૦.૧૪ |
| ભુકંપ સદર–રૂ।. ૦.૬૬ | પુર સદર–રૂ।. ૧.૨૨ |

(૪) ઉકત સ્થિતિએ કેટલી રકમ જમા છે ?

(૪) કુલ રૂ।. ૨૩૦૦.૭૫૫ કરોડ.

---------

**વડોદરા જિલ્લામાં વિધવા સહાય મેળવવાની મળેલ અરજીઓ**

૪૨૮૯ **શ્રી સતીષભાઇ મો. પટેલ(કરજણ) : માનનીય મહિલા અને બાળકલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વડોદરા જિલ્લામાં વિધવા સહાય મેળવવા માટેની કેટલી અરજીઓ મળી,

(૨) મળેલ અરજીઓ પૈકી વર્ષવાર કેટલી મંજૂર કરવામાં આવી, અને

(૩) બાકી રહેતી અરજીઓનો ક્યારે નિકાલ કરવામાં આવશે ?

**જવાબ**

(૧) ૨૨૯૬ અરજીઓ મળી.

(૨) મળેલ અરજીઓ પૈકી વર્ષવાર નીચે મુજબની અરજીઓ મંજૂર કરવામાં આવી.

| **ક્રમ** | **તા. ૧–૧–૧૧ થી તા. ૩૧–૧૨–૧૧** | **તા. ૧–૧–૧૨ થી તા. ૩૧–૧૨–૧૨** |
|---|---|---|
| ૧ | ૬૪૩ | ૭૯૫ |

(૩) બનતી ત્વરાએ નિકાલ કરવામાં આવશે.

---------

**અમદાવાદ જિલ્લાના પાટણા–સુંદરીયાણા–ગોધાવટા રસ્તાનું કામ**

૪૮૦૮ **શ્રી અરવિંદકુમાર ગાં. પટેલ(સાબરમતી) : માનનીય માર્ગ મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) અમદાવાદ જિલ્લાના પાટણા–સુંદરીયાણા–ગોધાવટા રસ્તાનું કામ તા.૩૧–૧૨–૧૨ની સ્થિતિએ ક્યા તબક્કે છે,

(૨) આ કામ માટે કુલ કેટલી રકમ મંજૂર કરેલ છે, અને

(૩) આ કામ ક્યારે પૂર્ણ થશે ?

**જવાબ**

(૧) પ્રગતિમાં

(૨) રૂ।. ૩૩૯.૫૦ લાખ

(૩) બનતી ત્વરાએ પૂર્ણ કરવાનું આયોજન છે.

---------

**સુરત જિલ્લાના તુંડી કારેલી મોતા રોડને પહોળા કરવા બાબત**

૪૨૫૧ **શ્રી મોહનભાઇ ધ. ઢોડીયા(મહુવા) : માનનીય માર્ગ મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) સુરત જિલ્લાના એના તુંડી કારેલી મોતા રોડને પહોળો કરવાનું કામ તા.૩૧–૧–૧૩ની સ્થિતિએ ક્યા તબક્કે છે, અને

(૨) આ કામ ક્યારે પૂર્ણ થનાર છે ?

**જવાબ**

(૧) પ્રગતિમાં છે.

(૨) બનતી ત્વરાએ પૂર્ણ કરવાનું આયોજન છે.

---------

**સુરત જિલ્લામાં બાલિકા સમૃધ્ધિ યોજના**

૪૨૭૦ **શ્રી કિશોરભાઇ ર. વાંકાવાલા (સુરત પશ્ચિમ) : માનનીય મહિલા અને બાળકલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરત જિલ્લામાં કેટલી કન્યાઓને બાલિકા સમૃધ્ધિ

**જવાબ**

(૧) સુરત જિલ્લામાં બાલિકા સમૃધ્ધિ યોજના હેઠળ તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ સુરત જિલ્લામાં ૨૨૯૯૨

યોજના હેઠળ આવરી લીધેલ છે,

કન્યાઓને તથા તા. ૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ ૨૫૯૩૬ કન્યાઓને બાલિકા સમૃધ્ધિ યોજના હેઠળ આવરી લીધેલ છે.

(૨) તે પૈકી કેટલી સહાય ચૂકવેલ છે, અને

(૨) તે પૈકી તા. ૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ ૧૯૦૩૦ કન્યાઓને રૂા. ૯૫,૧૫,૦૦૦/- જન્મોત્તર સહાય તેમજ ૭૧૨૬ કન્યાઓને રૂા. ૫૯,૩૨,૨૦૦/- ની શિષ્યવૃત્તિ સહાય, તેમજ તા. ૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ ૨૧૯૫૧ કન્યાઓને રૂા. ૧,૦૯,૭૫,૫૦૦/- જન્મોત્તર સહાય તેમજ ૭૬૯૭ કન્યાઓને રૂા. ૭૮,૦૪,૪૦૦/- શિષ્યવૃત્તિ સહાય બાલિકા સમૃધ્ધિ યોજના હેઠળ ચૂકવેલ છે.

(૩) જો સહાય ચૂકવવાની બાકી હોય તો ક્યાં સુધીમાં ચૂકવવામાં આવશે ?

(૩) બનતી ત્વરાએ.

---------

**અમરેલી અને લાઠી તાલુકામાં આપેલ સ્મશાન સગડીઓ**

૫૩૭૮ **શ્રી બાવકુભાઇ ના. ઉંઘાડ(લાઠી) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અમરેલી અને લાઠી તાલુકામાં વર્ષ ૨૦૧૧ અને ૨૦૧૨ માં કેટલી સ્મશાન સગડીઓ ફાળવવામાં આવી, અને

(૨) બાકીના ગામોને માગણીદાર હોય તો આપવા માગો છો કે કેમ ?

**જવાબ**

(૧) નીચેની વિગતે કુલ ૧૪ સ્મશાન સગડીઓ ફાળવવામાં આવી.

| તાલુકો | ફાળવેલ સ્મશાન સગડીની સંખ્યા |
|---|---|
| અમરેલી | ૧૦ |
| લાઠી | ૦૪ |
| **કુલ** | **૧૪** |

(૨) હા, જી.

---------

**વડોદરા મહાનગરપાલિકાને સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનામાં આંતરમાળખાકીય કામો માટે ગ્રાન્ટ**

૫૪૨૮ **શ્રીમતી મનીષા રા. વકીલ(વડોદરા શહેર) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

વડોદરા મહાનગરપાલિકાને સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત આંતર માળખાકીય વિકાસના કામો માટે તા.૩૧-૧૨-૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સરકાર દ્વારા કેટલી ગ્રાન્ટ ચૂકવવામાં આવેલ છે ?

**જવાબ**

બે વર્ષમાં કુલ રૂા. ૨૭૦.૧૨ કરોડની ગ્રાન્ટ ચૂકવવામાં આવેલ છે.

---------

**કડી-સાણંદ રસ્તાને પહોળો કરવા બાબત**

૪૮૩૩ **શ્રી બાબુભાઇ જ. પટેલ(દસક્રોઇ) : માનનીય માર્ગ મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) મહેસાણા જિલ્લાનાં કડી-સાણંદ રસ્તાને (અમદાવાદ જિલ્લા હદ) ક્યાં સુધી પહોળો કરવાનું કામ તા.૩૧-૧-૧૩ની સ્થિતિએ ક્યા તબક્કે છે, અને

(૨) આ કામ ક્યારે પૂર્ણ કરવામાં આવશે ?

**જવાબ**

(૧) કિ.મી. ૩/૦ થી ૨૬/૦ લંબાઇમાં રસ્તાને ૧૦ મીટર પહોળો કરવાનું કામ પ્રગતિમાં છે.

(૨) મે-૨૦૧૩ માં પૂર્ણ કરવાનું આયોજન છે.

---

**કામરેજ અને બારડોલી તાલુકામાં આંગણવાડીઓને વીજળીની સુવિધા**

૪૩૧૯ **શ્રી પ્રફુલભાઇ છ. પાનશેરીયા (કામરેજ) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) સુરત જિલ્લાના કામરેજ અને બારડોલી તાલુકામાં તા.૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ કેટલી આંગણવાડીમાં વીજળીની સુવિધા પુરી કરવાની બાકી છે, અને

(૨) તે ક્યારે પૂરી કરવામાં આવશે ?

**જવાબ**

(૧) સુરત જિલ્લાના કામરેજ અને બારડોલી તાલુકામાં તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ અનુક્રમે ૮૧ તથા ૧૪ આંગણવાડી માં વીજળીની સુવિધા પુરી કરવાની બાકી છે.

(૨) કાર્યવાહી ગતિમાં છે.

---------

**જસદણ નગરપાલિકાને વિકાસના કામો માટે ફાળવેલ ગ્રાન્ટ**

૫૨૦૮ **શ્રી ભોળાભાઇ ગોહેલ(જસદણ) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

તા.૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જસદણ નગરપાલિકાને વર્ષવાર વિકાસ કામો માટે કેટલી ગ્રાન્ટ ફાળવી?

**જવાબ**

વર્ષ–૨૦૧૧ માં રૂ. ૧૭.૬૩ કરોડ અને વર્ષ–૨૦૧૨ માં ૬.૩૧ કરોડ એમ કુલ રૂ. ૨૩.૯૪ કરોડ ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે

---------

**મહેસાણા જિલ્લાના કામલી–બ્રાહ્મણવાડા–વરવાડા–વિશોલ રસ્તાનું બાકી કામ**

૪૮૧૩ **શ્રી ઋષિકેશ ગ. પટેલ(વિસનગર) : માનનીય માર્ગ મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) મહેસાણા જિલ્લાના કામલી–બ્રાહ્મણવાડા–વરવાડા–વિશોલથી જિલ્લા હદ સુધીના રસ્તાનું કામ તા.૩૧–૧૨–૧૨ ની સ્થિતિએ ક્યા તબક્કે છે,

(૨) આ કામ માટે કુલ કેટલી રકમ મંજૂર કરેલ છે, અને

(૩) આ કામ ક્યારે પૂર્ણ થશે ?

**જવાબ**

(૧) પ્રગતિમાં.

(૨) રૂ. ૩૩૨.૫૦ લાખ.

(૩) બનતી ત્વરાએ પૂર્ણ કરવાનું આયોજન છે.

---------

**સરાવ– કરોડ રોડનું બાકી કામ**

૪૮૧૬ **શ્રી મંગુભાઇ છ. પટેલ(ગણદેવી) : માનનીય માર્ગ મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) નવસારી જિલ્લાના સરાવ–કરોડ રોડનું કામ તા.૩૧–૧–૧૩ની સ્થિતિએ ક્યા તબક્કે છે,

(૨) આ કામ માટે કુલ કેટલી રકમ મંજૂર કરેલ છે, અને

(૩) આ કામ ક્યારે પૂર્ણ થશે ?

**જવાબ**

(૧) પ્રગતિમાં છે.

(૨) રૂા. ૧૯૬ લાખ.

(૩) બનતી ત્વરાએ.

---------

**આણંદ જિલ્લામાં ઈ–ધરા કેન્દ્રોમાં ૭/૧૨, ૮–અ અને હક્ક પત્રકોનાં ક્ષતિઓની ફરિયાદો**

૫૩૮૭ **શ્રી અમીત ચાવડા(આંકલાવ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧–૨૦૧૩ની સ્થિતિએ આણંદ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર ઈ–ધરા કેન્દ્રોમાં ૭/૧૨, ૮–અ અને હક્કપત્રકની નકલોમાં ક્ષતિઓ હોવાની કેટલી ફરિયાદો મળેલ છે,

**જવાબ**

(૧) આણંદ જિલ્લામાં તાલુકાવાર કુલ ૪૭૭૪ અરજીઓ મળેલ છે જેની વિગતો નીચે મુજબ છે.

| | **તાલુકાનું નામ** | **અરજીઓ** |
|---|---|---|
| ૧. | આણંદ | ૨૫૨૩ |
| ૨. | ઉમરેઠ | ૧૬૬ |
| ૩. | આંકલાવ | ૧૭૭ |
| ૪. | બોરસદ | ૭૯૬ |
| ૫. | પેટલાદ | ૩૬૦ |

| | | |
|---|---|---|
| ૬. | સોજિત્રા | ૧૧૭ |
| ૭. | તારાપુર | ૧૭૯ |
| ૮. | ખંભાત | ૪૫૬ |

(૨) ઉપરોકત સ્થિતિએ આ પૈકી તાલુકાવાર કેટલી ફરિયાદોનો નિકાલ કરેલ છે અને કેટલી ફરિયાદો કેટલા સમયથી પડતર છે, અને

(૨) તાલુકાવાર ૩૨૦૮ અરજીઓનો નિકાલ થયેલ છે. જેની વિગતો નીચે મુજબ છે.

| | તાલુકાનું નામ | નિકાલ થયેલ અરજીઓ |
|---|---|---|
| ૧. | આણંદ | ૧૪૬૩ |
| ૨. | ઉમરેઠ | ૧૬૬ |
| ૩. | આંકલાવ | ૧૧૯ |
| ૪. | બોરસદ | ૪૨૫ |
| ૫. | પેટલાદ | ૩૪૯ |
| ૬. | સોજિત્રા | ૧૧૭ |
| ૭. | તારાપુર | ૧૫૧ |
| ૮. | ખંભાત | ૪૧૮ |

૧૫૬૬ અરજીઓ પડતર છે, જેની વિગતો નીચે મુજબ છે.

| | |
|---|---|
| ૩ માસ સુધીની | ૫૬૦ |
| ૩ થી ૬ માસ સુધીની | ૫૫૮ |
| ૬ થી ૧૨ માસ સુધીની | ૩૭૮ |
| ૧૨ માસ ઉપરની | ૭૦. |

(૩) ઈ-ધરા કેન્દ્રોમાંથી મળેલ નકલોમાં ગંભીર ક્ષતિઓ માટે જવાબદાર સામે શી કાર્યવાહી કરવામાં આવેલ છે?

(૩) માનવસહજ ભુલો હોઈ, કોઈ ગંભીર ક્ષતિઓ ધ્યાનમાં આવેલ ન હોઈ, ક્ષતિઓ બદલ કોઈ કાર્યવાહી કરવામાં આવેલ નથી.

---------

**વેરાવળ તલાલા રોડને પહોળો કરવા બાબત**

૪૮૪૪ **શ્રી અરવિંદભાઇ કે. લાડાણી(કેશોદ) : માનનીય માર્ગ મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જૂનાગઢ જિલ્લાના વેરાવળ-તલાલા રોડને ૭ મીટર પહોળો કરવાની કામગીરી તા.૩૧-૧-૨૦૧૩ની સ્થિતિએ ક્યા તબક્કે છે, અને | (૧) પ્રગતિમાં. |
| (૨) ઉકત સ્થિતિએ આ કામનો કેટલો ખર્ચ થયો, અને | (૨) રૂ. ૫૭૯.૦૭ લાખ. |
| (૩) આ કામગીરી ક્યારે પૂર્ણ થશે ? | (૩) બનતી ત્વરાથી. |

---------

**ગાંધીનગરમાં પીવાના પાણીની સુવિધા**

૪૩૨૭ **શ્રી અશોકકુમાર ર. પટેલ(ગાંધીનગર ઉત્તર) : માનનીય માર્ગ મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ગાંધીનગર શહેરના વસાહતીઓ માટે પીવાના પાણીની સુવિધા વધારવાની મંજૂર થયેલ યોજના તારીખ ૩૧-૧-૨૦૧૩ની સ્થિતિએ ક્યા તબક્કે છે, અને | (૧) તા. ૩૧-૦૧-૨૦૧૩ ની સ્થિતિએ પૂર્ણ થયેલ છે. |
| (૨) તે યોજનાનો અંદાજિત ખર્ચ કેટલો મંજૂર થયેલ છે ? | (૨) રૂ. ૨૨૭૧.૫૬ લાખ. |

---

**બોટાદ શહેરમાં સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ પાણી પુરવઠા તથા ભૂગર્ભ ગટર યોજના**

તા.૨૨મી માર્ચ, ૨૦૧૩

અતારાંકિત પ્રશ્નો

૪૩૫૩ **શ્રી ઠાકરશીભાઇ દે. માણીયા(બોટાદ) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ ભાવનગર જિલ્લાના બોટાદ શહેરની પાણી પુરવઠા યોજના તથા ભૂગર્ભ ગટર યોજના અંતર્ગત રાજ્ય સરકાર દ્વારા વર્ષ ૨૦૧૨–૧૩ ના વર્ષમાં તા.૩૧–૧–૨૦૧૩ સુધીમાં કેટલું અનુદાન ચૂકવેલ છે ? | તા.૩૧–૧–૨૦૧૩ સુધીમાં કોઈ ગ્રાન્ટ ફાળવવામાં આવેલ નથી. તા. ૧૨–૦૨–૨૦૧૩ના રોજ પાણી પુરવઠા યોજના માટે રૂ. ૭૮૯.૪૧ લાખ ફાળવવામાં આવેલ છે. |

---------

**માંગરોળ શહેરમાં સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનામાં પીવાના પાણીના પ્રોજેકટ માટે અનુદાન**

૪૮૫૪ **શ્રી રાજેશભાઇ ના. ચુડાસમા(માંગરોળ) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ જૂનાગઢ જિલ્લાના માંગરોળ શહેરના પીવાના પાણી પુરવઠા પ્રોજેકટ અંતર્ગત રાજ્ય સરકાર દ્વારા તા.૩૧–૧–૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલું અનુદાન ફાળવવામાં આવેલ છે, અને | (૧) રૂ. ૨૦૫૪.૬૪ લાખનું અનુદાન મંજૂર કરવામાં આવેલ છે. |
| (૨) આ કામગીરી ઉકત સ્થિતિએ ક્યા તબક્કે છે ? | (૨) યોજનાના કામોના ડી.ટી.પી. મંજૂર કરી ભાવપત્રક માંગવા નગરપાલિકાને આપેલ છે. |

---------

**જામનગર મહાનગરપાલિકાને નિર્મળ ગુજરાત યોજનામાં શૌચાલય માટે સહાય**

૫૪૧૮ **શ્રી ચીમનભાઇ ધ. શાપરીયા(જામજોધપુર) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| જામનગર મહાનગરપાલિકાને નિર્મળ ગુજરાત યોજના–૨૦૧૨ હેઠળ તા.૩૧–૧–૧૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વ્યકિતગત શૌચાલયની સુવિધા પૂરી પાડવા માટે સરકાર દ્વારા કેટલી સહાય ચૂકવવામાં આવેલ છે ? | રૂ. ૧૬૯.૭૪ લાખની ગ્રાન્ટ ચૂકવવામાં આવેલ છે. |

---------

**ડાંગ જિલ્લામાં સામૂહિક વન નિર્માણ યોજનામાં રોપાઓના વાવેતર પાછળ ખર્ચ**

૪૨૮૩ **શ્રી કનુભાઇ મો. દેસાઇ(પારડી) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ડાંગ જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ વર્ષ ૨૦૧૧–૧૨ અને ૨૦૧૨–૧૩ના વર્ષમાં સામૂહિક વનનિર્માણ યોજના અંતર્ગત કેટલા રોપાઓનું વાવેતર કરેલ છે, અને | (૧) ૧.૫૦ લાખ. |
| (૨) તેની પાછળ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ? | (૨) રૂ. ૯.૮૬ લાખ. |

---------

**લુણાવાડા અને ખાનપુર તાલુકામાં નવીન રસ્તા બનાવવા જમીન સંપાદન બાબત**

૪૩૭૯ **શ્રી હીરાભાઇ હ. પટેલ(લુણાવાડા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પંચમહાલ જિલ્લાના લુણાવાડા અને ખાનપુર તાલુકાઓમાં તા.૩૧–૧૨–૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જે નવીન રસ્તાઓ બનાવવામાં આવ્યા છે તેમાં કેટલી ખાનગી જમીન સંપાદન કરવામાં આવેલ છે, અને | (૧) હે. આરે–ચો.મી. ૧૦–૧૧–૮૨. |
| (૨) આ રસ્તાઓમાં આવતી જમીનોના નાણા ચૂકવવા માટે કોઈ કાર્યવાહી કરવામાં આવી છે કે કેમ ? | (૨) હા, જી. |

---------

**સુરત જિલ્લામાં કિસાનપથ યોજનામાં કામો**

૪૮૦૬ **શ્રી રાજેન્દ્રભાઇ પ. પટેલ(ચોર્યાસી) : માનનીય માર્ગ મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) સુરત જિલ્લામાં તા.૩૧–૧૨–૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કિસાન પથ યોજના હેઠળ તાલુકાવાર કેટલા કામો મંજૂર કર્યા, અને

(૨) આ કામો ઉકત સ્થિતિએ ક્યા તબક્કે છે ?

**જવાબ**

(૧) નીચે મુજબ

| **તાલુકો** | **સંખ્યા** |
|---|---|
| બારડોલી | ૩ |
| માંડવી | ૧ |
| ઓલપાડ | ૨ |
| ચોર્યાસી | ૨ |
| કામરેજ | ૩ |
| મહુવા | ૧ |
| **તાલુકો** | **સંખ્યા** |
| માંગરોલ | ૩ |
| ઉમરપાડા | ૨ |
| પલસાણા | ૧ |
| કુલ | ૧૮ |

(૨) ૧૫ પૂર્ણ
૩ પ્રગતિમાં.

---------

**ધારી–બગસરા અને ખાંભા તાલુકામાં સ્ટેટ અને પંચાયત હસ્તકના પેવર ન થયા હોય તેવા રસ્તાઓ**

૫૨૨૨ **શ્રી નલીનભાઇ ના. કોટડીયા(ધારી) : માનનીય માર્ગ મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧–૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષથી ધારી, બગસરા અને ખાંભા તાલુકાના સ્ટેટ અને પંચાયતના પેવર ન થયા હોય તેવા રસ્તા કેટલા,

(૨) આ રસ્તાઓ ક્યારે પેવર કરવામાં આવશે,

(૩) પેવર ન થયેલા આવા રસ્તાને પેચવર્ક કરવાના હોય છે કે કેમ,

(૪) હા, તો કેટલા રસ્તાને ક્યારે પેચવર્ક કર્યા છે, અને

(૫) કેટલા રસ્તા બાકી છે તેને ક્યારે પૂર્ણ કરાશે ?

**જવાબ**

(૧) અને (૨) ૪૯ રસ્તા, ૫ વર્ષે ડામર કરવાનું ધોરણ ન હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩), (૪) અને (૫) હા,જી. મરામત એ સતત ચાલતી પ્રક્રિયા છે. તમામ રસ્તાઓને જરૂરીયાત મુજબનું પેચવર્ક કરવામાં આવે છે.

---------

**ગરબાડા તાલુકામાં કળશીયા તળાવ ઓવરફ્લો થતાં રસ્તો બંધ થવા બાબત**

૪૩૭૧ **શ્રીમતી ચંદ્રીકાબેન છ. બારીયા(ગરબાડા) : માનનીય માર્ગ મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૧૨ની સ્થિતિએ ગરબાડા તાલુકામાં ગરબાડાથી જતા કળશીયા તળાવ ઉપર વેસ્ટવેર ઉપર પુલથી ચોમાસામાં તળાવ છલકાતાં રસ્તો બંધ થઈ જાય છે, તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો સદર પુલ યોગ્ય લેવલનો બનાવવા સરકારે શી કાર્યવાહી કરી ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) વૈકલ્પીક રસ્તો હોઈ હાલ પુલ બનાવવાનું આયોજન નથી.

---------

અતારાંકિત પ્રશ્નો

### વાંકાનેર તાલુકાના રામપરા ગઢીયા ડુંગર વિસ્તારમાં સિંહોના સંવર્ધન માટે થયેલ ખર્ચ

૫૦૮૯ **શ્રી મહમદજાવી અ. પીરઝાદા(વાંકાનેર) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧–૧૩ની સ્થિતિએ વાંકાનેર વિસ્તારના રામપરા ગઢીયા ડુંગર વિસ્તારમાં સિંહોના સંવર્ધન માટે છેલ્લા બે વર્ષમાં કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને

(૨) માળખાકીય સુવિધાઓ પાછળ સુવિધાવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

**જવાબ**

(૧) તા.૩૧–૧–૧૩ની સ્થિતિએ વાંકાનેર વિસ્તારના રામપરા અભયારણ્ય વિસ્તારમાં સિંહોના સંવર્ધન માટે બનાવવામાં આવેલ જીનપુલમાં વર્ષ ૨૦૧૧–૧૨માં રૂ. ૧૦૪.૧૩ લાખ તથા વર્ષ ૨૦૧૨–૧૩માં રૂ. ૯૦.૮૧ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે.

(૨) માળખાકીય સુવિધાઓ પાછળ ઉપરોક્ત બે વર્ષમાં થયેલ ખર્ચ નીચે મુજબ છે.

| માળખાકીય સુવિધા | ખર્ચ રૂ. લાખમાં |
|---|---|
| ૨–પ્રોટેકશન ચોકી | ૭.૧૨ |
| પીવાના પાણીના સ્ત્રોત તરીકે તળાવ | ૩.૮૧ |
| સી.સી.ટીવી કેમેરા | ૦.૫૪ |

---------

### સાબરકાંઠા જિલ્લાના સાંપાવાડા–સુર રોડ વીરપુર રોડનું બાકી કામ

૪૮૧૧ **શ્રી નાગરજી હ. ઠાકોર(રાધનપુર) : માનનીય માર્ગ મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) સાબરકાંઠા જિલ્લાના સાંપાવાડા–સુર રોડ વીરપુર રોડનું કામ તા.૩૧–૧૨–૧૨ની સ્થિતિએ ક્યા તબક્કે છે, અને

(૨) આ કામ માટે કુલ કેટલી રકમ મંજૂર કરેલ છે, અને

(૩) આ કામ ક્યારે પૂર્ણ થશે ?

**જવાબ**

(૧) પ્રગતિમાં છે.

(૨) રૂા. ૨૧૦.૦૦ લાખ

(૩) બનતી ત્વરાએ પૂર્ણ કરવાનું આયોજન છે.

---------

### અબડાસા, લખપત અને નખત્રાણા તાલુકામાં ખેતીની જમીન શરતચૂકથી ડુબમાં ગયાનો ઉલ્લેખ પછી ખેડૂતોને નામે થયા બાદ જમીનની માપણી

૫૦૯૩ **શ્રી છબીલભાઇ ના. પટેલ(અબડાસા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧–૨૦૧૩ની સ્થિતિએ કચ્છ જિલ્લાનાં અબડાસા–લખપત અને નખત્રાણા તાલુકાની ખેતીની જમીનો શરતચૂકથી ડુબ તરીકે ઉલ્લેખ થયા બાદ અને પુનઃ ખેડૂતોના નામે દાખલ થયા બાદ આવી જમીનોની માપણી કરવામાં આવી નથી,

(૨) ક્યા ક્યા ગામોની કેટલા ખેડૂતોની આવી જમીનોની માપણી કરવામાં આવી નથી, અને

**જવાબ**

(૧) લખપત તાલુકાની ડુબની જમીન ૩૭ ઇસમોના ખાતે કરવાના હુકમો કરવામાં આવેલા છે. તે પૈકી ૨૪ ઇસમોના પ્રકરણોમાં માપણી કરવામાં આવેલ નથી.

(૨) લખપત તાલુકાના નીચે જણાવેલ ૯ ગામોના ૨૪ ખેડુતોની જમીનોની માપણી કરવામાં આવેલ નથી.

| અનુ.નં. | ગામનું નામ | ખેડૂતની સંખ્યા |
|---|---|---|
| ૧ | સાંચરા | ૧ |
| ૨ | નરેડી | ૨ |
| ૩ | ખારઇ | ૩ |
| ૪ | સારણનાની | ૬ |
| ૫ | ગુનેરી | ૫ |
| ૬ | મીઢીયારી | ૧ |
| ૭ | ખરોડા | ૨ |
| ૮ | છુગેર | ૧ |
| ૯ | બૈયાવો | ૩ |

| | | |
|---|---|---|
| | કુલ | ૨૪ |

(૩) કેટલા સમયમાં આ જમીનોની માપણી કરવામાં આવશે ?

(૩) નાયબ કલેકટરએ કરેલાં હુકમો કલેકટર દ્વારા રીવીઝનમાં લેવામાં આવેલ છે. રીવીઝનની આ અર્ધન્યાયિક પ્રક્રિયાને અંતે નિર્ણય થયેથી તેને ગામ દફતરે અમલવારી થયા બાદ માપણી કરવાની રહે છે તેથી હાલ માપણી માટે કોઈ સમયમર્યાદા દર્શાવી શકાય નહીં.

---------

**ગીર જંગલમાં પાતળેશ્વર મહાદેવના મંદિરમાં શ્રધ્ધાળુઓને ન જવા દેવા બાબત**

૫૩૭૨ **શ્રી પુંજાભાઇ ભી. વંશ(ઉના) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) ગીર જંગલમાં બાબરીયા ચેક પોસ્ટથી ૭ કિ.મી. દૂર આવેલ પાતળેશ્વર મહાદેવના મંદિરમાં શ્રધ્ધાળુઓને તથા મંદિરના પુજારીને પુજા કરવા, દર્શન કરવા જવા આવવા નથી દેવાતા તે હકીકત સાચી છે,

(૧) ના, જી. બાબરીયા ચેકીંગનાકાથી અંદાજે ૬ કિ.મી.ના અંતરે ગીર અભયારણ્યમાં આવેલ પાતળેશ્વર મહાદેવના મંદિરમાં દર્શનાર્થે જતાં શ્રધ્ધાળુઓને તથા મંદિરના પૂજારીને સરકારશ્રીના તા.૧૮–૦૭–૨૦૦૧ના ઠરાવ પ્રમાણે સમગ્ર શ્રાવણ માસ દરમ્યાન તેમજ સરકારશ્રીના

તા. ૨૧–૦૨–૨૦૦૫ ના ઠરાવ પ્રમાણે મહાશિવરાત્રીનો તહેવાર જે દિવસે આવતો હોય તે દિવસ તથા તેની પહેલાના ત્રણ દિવસ અને પછીના ત્રણ દિવસ એમ કુલ ૭ દિવસ માટે બાબરીયા ચેકિંગનાકા ઉપરથી ફક્ત દિવસ દરમિયાન નિઃશુલ્ક જવા આવવા દેવામાં આવે છે.

(૨) જો હા, તો તેના શા કારણો છે, અને

(૨) આ વિસ્તાર વન્યપ્રાણી સંરક્ષણ અધિનિયમ–૧૯૭૨ હેઠળ પ્રતિબંધિત વિસ્તારમાં આવેલ છે. તેમજ પાતળેશ્વર મહાદેવની જગ્યા બાબતે ગીર ફોરેસ્ટ સેટલમેન્ટ અહેવાલમાં કોઈ હક્ક આપવામાં આવેલ નથી.

(૩) કાયમી પુજારીને પુજા કરવા અને દર્શનાર્થીઓને દર્શન કરવા જવા–આવવા છૂટ આપવા શી કાર્યવાહી થઈ છે ?

(૩) આ વિસ્તાર વન્યપ્રાણી સંરક્ષણ અધિનિયમ–૧૯૭૨ હેઠળ પ્રતિબંધિત વિસ્તારમાં આવેલ હોવાથી કાયમી અવર જવરની છૂટ આપી શકાય નહીં.

---------

**મહેમદાવાદ તાલુકામાં વાત્રક નદી ઉપર માંકવા–મોદેજ ગામ વચ્ચે સબમર્શીબલ પુલ**

૫૧૭૧ **શ્રી ગૌતમભાઇ રા. ચૌહાણ(મહેમદાવાદ) : માનનીય માર્ગ મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧–૧૨–૧૨ની સ્થિતિએ ખેડા જિલ્લાના મહેમદાવાદ તાલુકામાં વાત્રક નદી ઉપર માંકવા–મોદજ ગામ વચ્ચે સબમર્શીબલ પુલ વિરોલ–વડાલા ગામે ક્રોજ વે અને રી વોલ–ઝોબાની મુવાડી વચ્ચે ક્રોજ વે ની સરકારમાં દરખાસ્ત થઈ છે કે કેમ,

(૧) ના, જી.

(૨) જો દરખાસ્ત થઈ હોય તો ઉકત સ્થિતિએ ક્યા લેવલે કામ આવ્યું છે, અને

(૩) સરકાર આ કામ ક્યારે પૂર્ણ કરશે ?

(૨) અને (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---

**વલસાડ જિલ્લાના મોરાઈ–વટાર રોડને પહોળો કરવાની કામગીરી**

૪૩૨૮ **શ્રી ભરતભાઇ કી. પટેલ(વલસાડ) : માનનીય માર્ગ મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) વલસાડ જિલ્લાના મોરાઈ–વટાર રોડને પહોળો કરવાની કામગીરી તા. ૩૧/૧૨/૨૦૧૨ની સ્થિતિએ કયા તબક્કે છે,

(૨) આ કામગીરી ક્યારે પૂર્ણ કરવામાં આવશે, અને

(૩) આ કામનો અંદાજિત ખર્ચ કેટલો થશે?

(૧) અને (૨) : આ કામગીરી તા. ૨૨–૬–૧૨ના રોજ પૂર્ણ થયેલ છે.

(૩) રૂ઼ા. ૧૦૩.૦૦ લાખ.

---------

**અમદાવાદ જિલ્લાના પાટણા–સુંદરીયાણા–ગોધાવટા રસ્તાનું કામ**

૪૮૦૯ **શ્રી લાલજીભાઇ ચ. કોળીપટેલ(ધંધુકા) : માનનીય માર્ગ મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) અમદાવાદ જિલ્લાના પાટણા–સુંદરીયાણા–ગોધાવટા રસ્તાનું કામ તા. ૩૧/૧૨/૨૦૧૨ની સ્થિતિએ કયા તબક્કે છે,

(૨) આ કામ માટે કુલ કેટલી રકમ મંજૂર કરેલ છે, અને

(૩) આ કામ કયારે પૂર્ણ થશે?

**જવાબ**

(૧) પ્રગતિમાં

(૨) રૂ઼ા. ૩૩૯.૫૦ લાખ

(૩) બનતી ત્વરાએ પૂર્ણ કરવાનું આયોજન છે.

---------

**સાવલી શહેરમાં સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનામાં ભૂગર્ભ ગટર યોજનામાં અનુદાન**

૪૮૫૬ **શ્રી દિનેશભાઇ બા. પટેલ(પાદરા) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત વડોદરા જિલ્લાના સાવલી શહેરમાં ભૂગર્ભ ગટર પ્રોજેકટ અંતર્ગત રાજ્ય સરકાર ધ્વારા ૩૧/૧/૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલું અ઼ુનદાન ફાળવવામાં આવેલ છે?

**જવાબ**

રૂ઼ા. ૨૯૨.૦૪ લાખનું અનુદાન અમલીકરણ સંસ્થા ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડને ફાળવેલ છે.

---------

**મહેસાણા જિલ્લામાં વાહનો ધ્વારા લાકડા ચોરીના કેસો પકડવા બાબત**

૫૩૯૮ **શ્રી રમેશભાઇ મ. ચાવડા(કડી) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧/૧/૨૦૧૩ની સ્થિતિએ મહેસાણા જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં વાહનો ધ્વારા લાકડા ચોરીના તાલુકાવાર કેટલા કેસો પકડવામાં આવ્યા,

**જવાબ**

(૧) નીચેની વિગતે કેસો પકડવામાં આવેલ છે.

| ૧૧. | સફાઈકામદાર | વર્ગ–૪ | ૧. કુમાર–ધરમપુર | ૨ | ૧૪–૬–૦૪<br>૧૪–૬–૦૪ | ૮ વર્ષ ૮ માસ<br>૮ વર્ષ ૮ માસ |
| | | | ૨. કન્યા વલસાડ | ૧ | ૧૪–૬–૦૪ | ૮ વર્ષ ૮ માસ |
| | | | ૩. કન્યા ઉમરગામ | ૧ | ૧૪–૬–૦૪ | ૮ વર્ષ ૮ માસ |
| | | | **કુલ...** | **૪૮** | | |

(૩) આ ખાલી જગ્યાઓ કેટલા સમયમાં ભરવામાં આવશે ? (૩) હાલ કોઈ આયોજન નથી.

---

**નવસારી જિલ્લાના સરાવ કરોડ રોડનું બાકી કામ**

૪૮૧૪ **શ્રી આર. સી. પટેલ(જલાલપોર) : માનનીય માર્ગ મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નવસારી જિલ્લાના સરાવ–કરોડ રોડનું કામ તા.૩૧–૧–૧૩ની સ્થિતિએ કયા તબકકે છે, | (૧) પ્રગતિમાં છે. |
| (૨) આ કામ માટે કુલ કેટલી રકમ મંજૂર કરેલ છે, અને | (૨) રૂા. ૧૯૬ લાખ. |
| (૩) આ કામ કયારે પૂર્ણ થશે ? | (૩) બનતી ત્વરાએ પૂર્ણ કરવાનું આયોજન છે. |

---

**પંચમહાલ જિલ્લામાં પાણી પત્રક ન થવા બાબત**

૫૧૬૦ **શ્રી સી. કે. રાઉલજી(ગોધરા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧–૧૩ની સ્થિતિએ પંચમહાલ જિલ્લામાં છેલ્લા બે વર્ષથી ૭/૧૨ માં પાણી પત્રક થયેલ છે કે કેમ, | (૧) હા, અંશત: કામગીરી થયેલ છે. |
| (૨) જો પાણી પત્રક ન થયેલ હોય તો તેના કારણો શા છે, અને | (૨) જિલ્લાના કેટલાક તાલુકાઓમાં વહીવટી કારણોસર અને કેટલાંક તાલુકાઓમાં ટેકનિકલ કારણોસર આ કામગીરી થઈ શકેલ નથી. |
| (૩) આ પાણી પત્રકો બનાવવા શી કાર્યવાહી કરી ? | (૩) વહીવટી અને તાંત્રિક પ્રશ્નોનું નિરાકરણ થતા |

કામગીરી શરૂ કરવામાં આવેલ છે.

---------

**પંચમહાલ જિલ્લામાં વનબંધુ કલ્યાણ યોજનામાં અનુસૂચિત જનજાતિની કન્યાઓને સાયકલ આપવા બાબત**

૪૨૭૪ **શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર(હાલોલ) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પંચમહાલ જિલ્લામાં વનબંધુ કલ્યાણ યોજનામાં વિદ્યાસાધના યોજના હેઠળ તા.૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અનુસૂચિત જનજાતિની ધોરણ–૮માં અભ્યાસ કરતી કન્યાઓને સાયકલ આપવામાં આવેલ છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) ઉપરોકત બે વર્ષમાં કેટલી કન્યાઓને લાભ આપવામાં આવેલ છે, અને | (૨) ૬૭૮૫ |
| (૩) તે પાછળ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ? | (૩) રૂ઼ા. ૧,૫૧,૪૮,૮૦૦ |

---------

**વડોદરા જિલ્લામાં એકલવ્ય ગર્લ્સ નિવાસી સ્કૂલોમાં નિમણૂકો**

૫૧૨૭ **શ્રી ધીરૂભાઇ ચુ. ભીલ(સંખેડા) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧–૧૩ની સ્થિતિએ વડોદરા જિલ્લામાં કેટલી એકલવ્ય EGRS ગર્લ્સ નિવાસી સ્કૂલો કેટલા વર્ષથી ચાલે છે, | (૧) ૧૨ (બાર) સ્કૂલો ૪ (ચાર) વર્ષથી ચાલે છે. |
| (૨) આ સ્કૂલોનું માન્ય મંજૂર મહેકમ કેટલું, | (૨) ૧૪ કર્મચારીનું |
| (૩) આ મહેકમની નિમણૂક કાયમી ધોરણે કરેલ છે કે કરાર આધારિત છે, | (૩) કરાર આધારિત |
| (૪) જો કાયમી ધોરણે મહેકમ નિમણૂક ન કરી હોય તો તેના કારણો શા છે, અને | (૪) ભારત સરકારની યોજનાની જોગવાઈ મુજબ ફિકસ પગારથી નિમણૂક કરવાની હોવાથી |
| (૫) આ સ્કૂલોમાં કાયમી ધોરણે નિમણૂકો કેટલા સમયમાં કરવામાં આવશે ? | (૫) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**અમદાવાદ જિલ્લામાં સરકારી કર્મચારીઓનાં બંધ હાલતમાં મકાનો**

૪૯૩૧ **શ્રીમતી તેજશ્રીબેન દિ. પટેલ(વિરમગામ) : માનનીય માર્ગ મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ અમદાવાદ જિલ્લામાં જિલ્લાવાર સરકારી કર્મચારીઓના રહેણાંકના કેટલા મકાનો બંધ હાલત, બિસ્માર હાલતમાં છે, અને | (૧) ૮૧૭. |
| (૨) આવાં મકાનોની મરામત પાછળ છેલ્લાં બે વર્ષમાં વર્ષવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો ? | (૨) મરામત પાછળ કોઈ ખર્ચ કરવામાં આવેલ નથી. |

---------

# સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો

ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમનો વાર્ષિક અહેવાલ.

શ્રી રમણલાલ વોરા ( સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમનો સન ૨૦૧૦-૨૦૧૧નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તથા આ અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

ગુજરાત વૃદ્ધિ કેન્દ્ર વિકાસ નિગમ લિ.નો વાર્ષિક અહેવાલ.

શ્રી સૌરભભાઇ પટેલ ( શ્રમ અને રોજગારમંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત વૃદ્ધિ કેન્દ્ર વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૦૭-૨૦૦૮નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તથા આ અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લિ.નો વાર્ષિક અહેવાલ.

શ્રી સૌરભભાઇ પટેલ ( ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૧૧-૨૦૧૨નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તથા નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ તથા હિસાબો સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

આલ્કોક એશડાઉન(ગુજરાત) લિ.નો વાર્ષિક અહેવાલ.

શ્રી સૌરભભાઇ પટેલ ( ઉદ્યોગ અને ખાણમંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું આલ્કોક એશડાઉન (ગુજરાત) લિમિટેડનો સન ૨૦૧૧-૨૦૧૨નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તથા નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ તથા હિસાબો સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

ગુજરાત ઇન્ડસ્ટ્રીયલ કોરીડોર કોર્પોરેશન લિ.નો વાર્ષિક અહેવાલ.

શ્રી સૌરભભાઇ પટેલ ( ઉદ્યોગ અને ખાણમંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત ઇન્ડસ્ટ્રીયલ કોરીડોર કોર્પોરેશન લિમિટેડનો સન ૨૦૧૧-૨૦૧૨નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તથા નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ તથા હિસાબો સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

ગુજરાત ખેત ઉદ્યોગ નિગમ લિ.ના વાર્ષિક અહેવાલો.

શ્રી બાબુભાઇ બોખીરીયા ( કૃષિ અને સહકાર મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત ખેત ઉદ્યોગ નિગમ લિમિટેડના સન ૨૦૦૯-૨૦૧૦ અને ૨૦૧૦-૨૦૧૧ ના વાર્ષિક અહેવાલો, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તથા આ અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમના સુધારેલા અંદાજો.

શ્રી નીતિનભાઈ ર. પટેલ (વાહન વ્યવહારમંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમના સન ૨૦૧૧-૨૦૧૨ના સુધારેલા અંદાજો તથા ૨૦૧૨-૨૦૧૩ના અંદાજો તેમજ આ અંદાજોને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અંદાજો તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

ગુજરાત રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળનો વાર્ષિક અહેવાલ.

શ્રીમતી આનંદીબેન મ. પટેલ (આપત્તિ વ્યવસ્થાપન મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળનો સન ૨૦૧૧-૨૦૧૨નો વાર્ષિક વહીવટી અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યો.**

વિકલાંગ વ્યક્તિઓ માટેના કમિશ્નરશ્રીના વાર્ષિક વહીવટી અહેવાલો.

શ્રી રમણલાલ વોરા ( સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું વિકલાંગ વ્યક્તિઓ માટેના કમિશ્નરશ્રીના સન ૨૦૧૦-૨૦૧૧ અને સન ૨૦૧૧-૨૦૧૨ના વાર્ષિક વહીવટી અહેવાલો તથા સન ૨૦૧૦-૨૦૧૧નો અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

ગુજરાત મેરીટાઇમ બોર્ડનો વાર્ષિક વહીવટી અહેવાલ.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા (બંદરો અને મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત મેરીટાઇમ બોર્ડનો સન ૨૦૧૧-૨૦૧૨નો વાર્ષિક વહીવટી અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યો.**

ગુજરાત શ્રમ યોગી કલ્યાણ બોર્ડનો વાર્ષિક અહેવાલ .

શ્રી સૌરભભાઇ પટેલ ( શ્રમ અને રોજગાર મંત્રીશ્રી): માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત શ્રમ યોગી કલ્યાણ બોર્ડનો સન ૨૦૦૯-૧૦નો વાર્ષિક અહેવાલ તથા આ અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા**.

ગુજરાત ઈન્ફ્રાસ્ટ્રકચર વિકાસ બોર્ડનો વાર્ષિક અહેવાલ .

શ્રી સૌરભભાઇ પટેલ ( ઉદ્યોગ અને ખાણ મંત્રીશ્રી): માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત ઈન્ફ્રાસ્ટ્રકચર વિકાસ બોર્ડનો સન ૨૦૧૧-૧૨નો વાર્ષિક અહેવાલ તથા વાર્ષિક હિસાબો સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ તથા હિસાબો સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

ગુજરાત બાયોડાયવર્સીટી બોર્ડના વાર્ષિક અહેવાલો.

શ્રી ગણપતભાઇ વે. વસાવા (વન અને પર્યાવરણ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત બાયોડાયવર્સીટી બોર્ડના સન ૨૦૦૯-૧૦ અને ૨૦૧૦-૧૧ના વાર્ષિક અહેવાલો તથા અહેવાલો સભાગૃહના

મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતા નિવેદનો સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલો તથા નિવેદનો સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

ગુજરાત આવશ્યક સેવા જાળવણી અધિનિયમ અન્વયેની અધિસૂચના.

શ્રી સૌરભભાઇ પટેલ ( ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગની સન ૧૯૭૨ના ગુજરાત આવશ્યક સેવા જાળવણી અધિનિયમ અન્વયેની તા.૮ મી માર્ચ, ૨૦૧૩ની અધિસૂચના ક્રમાંકઃ જીએચયુ-૨૦૧૩-(૨૧)-જીયુવી-૧૧૨૦૧૦-૨૮૬૧-ક સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અધિસૂચના સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી.**

# માગણીઓ પર ચર્ચા અને મતદાન (અગિયારમો દિવસ)

## સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

### માગણી નં. ૯૨

શ્રી શ્રી રમણલાલ વોરા ( સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું સામાજિક સુરક્ષા અને કલ્યાણ સેવાને લગતી સેવા અંગેની સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ. ૯,૪૨,૯૧,૦૩,૦૦૦/- અને મૂડી ખર્ચ માટેની રૂ. ૧૩,૫૩,૮૦,૦૦૦/-ની માગણી ક્રમાંક- ૯૨ રજૂ કરું છું.

માગણી ક્રમાંક-૯૨ રજૂ કરવામાં આવી.

શ્રી પુનાભાઇ ઢે. ગામીત :માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૭ રજૂ કરવામાં આવી.

શ્રી મોહનસિંહ છો. રાઠવા: માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૮ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૮ રજૂ કરવામાં આવી.

શ્રી છનાભાઇ કો. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૯ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૯ રજૂ કરવામાં આવી.

શ્રી ધીરુભાઇ ચુ. ભીલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૦ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૦ રજૂ કરવામાં આવી.

ડો. અનિલ જોષીયારા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૧ રજૂ કરવામાં આવી.

શ્રી પ્રભુભાઇ ના. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૨ રજૂ કરવામાં આવી.

ડો. તેજશ્રીબેન દિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૩ રજૂ કરવામાં આવી.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૪ રજૂ કરવામાં આવી.

શ્રી અશ્વિન કોટવાલ :માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૫ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૫ રજૂ કરવામાં આવી.

શ્રી સી. કે. રાઉલજી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૬ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૬ રજૂ કરવામાં આવી.

શ્રી જીતુભાઇ હ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૭ રજૂ કરવામાં આવી.

શ્રી બળદેવજી ચં. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૮ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક– ૧૮ રજૂ કરવામાં આવી.

શ્રી ભોળાભાઇ ભી. ગોહેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૯ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક– ૧૯ રજૂ કરવામાં આવી.

શ્રી ધર્મેન્દ્રસિંહ મે. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક– ૨૧ રજૂ કરવામાં આવી.

શ્રી ધારશીભાઇ લ. ખાનપુરા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક– ૨૨ રજૂ કરવામાં આવી.

શ્રી મહેશકુમાર અ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૫ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક– ૨૫ રજૂ કરવામાં આવી.

## માગણી નં. ૯૫

શ્રી શ્રી રમણલાલ વોરા ( સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ અને અન્ય પછાત વર્ગના કલ્યાણ સેવાને લગતી સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ. ૨૦,૮૩,૭૪,૨૩,૦૦૦/– અને મૂડી ખર્ચ માટેની રૂ. ૭,૬૬,૯૮,૮૦,૦૦૦/–ની માગણી ક્રમાંક–૯૫ રજૂ કરું છું.

માગણી ક્રમાંક– ૯૫ રજૂ કરવામાં આવી.

શ્રી અમિત અ. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૬ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક– ૨૬ રજૂ કરવામાં આવી.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક– ૨૭ રજૂ કરવામાં આવી.

શ્રી મહેન્દ્રસિંહ શં. વાઘેલા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૮ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક– ૨૮ રજૂ કરવામાં આવી.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૯ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક– ૨૯ રજૂ કરવામાં આવી.

શ્રી પુનમભાઇ મા. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૩૦ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક– ૩૦ રજૂ કરવામાં આવી.

શ્રી મણીલાલ જે. વાઘેલા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૩૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક– ૩૧ રજૂ કરવામાં આવી.

શ્રી રમેશભાઇ મ. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૩૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક– ૩૨ રજૂ કરવામાં આવી.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૩૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક– ૩૩ રજૂ કરવામાં આવી.

## ઉદ્યોગ અને ખાણ વિભાગ

## માગણી ક્રમાંકઃ ૫૧

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા ( પ્રવાસન મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રવાસનને લગતી ઉદ્યોગ અને ખાણ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂપિયા ૧૯,૩૨,૪૮,૦૦૦/– ની અને મૂડી ખર્ચ માટેની રૂપિયા ૪,૭૫,૯૪,૦૦,૦૦૦/–ની માગણી ક્રમાંકઃ ૫૧ રજૂ કરું છું.

**માગણી ક્રમાંકઃ ૫૧ રજૂ કરવામાં આવી.**

શ્રી નિરંજન પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ૧ રજૂ કરવામાં આવી.**

શ્રી પુંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨ રજૂ કરવામાં આવી.**

શ્રી ગ્યાસુદીન હ. શેખ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૩ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૩ રજૂ કરવામાં આવી.**

શ્રી ગેંદાલભાઇ મો. ડામોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૪ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૪ રજૂ કરવામાં આવી.**

શ્રી માનસિંહ કો. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૫ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૫ રજૂ કરવામાં આવી.**

સન ૨૦૧૩-૨૦૧૪ના વર્ષ માટેની પૂરક માગણીઓ પૈકી **શુક્રવાર, તા. ૨૨-૩-૨૦૧૩ (અગિયારમા દિવસ)**ના રોજ ચર્ચા અને મતદાન માટે લેવાનાર માગણીઓ ઉપરની કાપદરખાસ્તોની એકત્રિત યાદી.

| અ. નં | મુખ્ય સદર અને સંદર્ભ | કાપ દરખાસ્ત | વિષય | પ્રભારી સભ્યશ્રી |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| **ઉદ્યોગ અને ખાણ વિભાગ<br>માગણી નં. ૫૧** | | | | |
| ૧. | ૩૪૫૨- પ્રવાસન<br>૦૧-પ્રવાસીઓ .... સવલતો<br>૧૦૧-પ્રવાસન કેન્દ્રો<br>રૂ. ૧,૫૦,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૧૩<br>પા.નં. ૯૨ | ૧૦૦ | પ્રવાસન કેન્દ્રોના કર્મચારીઓની ગેરહાજરી અને યોગ્ય માર્ગદર્શનના અભાવે પ્રવાસીઓને પડતી હાડમારી નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી નિરંજન પટેલ (ધીરૂભાઇ ભીલ અને વજેસિંગભાઇ પણદા) |
| ૨. | ૩૪૫૨- પ્રવાસન<br>૮૦-સામન્ય<br>૦૦૧-નિર્દેશ અને વહીવટ<br>રૂ. ૨૬,૪૮,૦૦૦<br>અં.પ્ર.નં. ૧૩<br>પા.નં. ૯૭-૯૮ | ૧૦૦ | પ્રવાસન કેન્દ્રોના સ્થળે પ્રવાસીઓ માટે રહેવા-જમવાની વાજબી દરે અદ્યતન સુવિધાઓ પૂરી પાડવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી પુંજાભાઇ વંશ |
| ૩. | -- " -- | ૧૦૦ | તોરણ રેસ્ટોરન્ટમાં આંતર-માળખાકીય સુવિધાઓ વધારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ગ્યાસુદ્દીન શેખ |
| ૪. | -- " -- | ૧૦૦ | પ્રવાસન નિગમના ગેસ્ટહાઉસો ગંદકીથી ખદબદે છે તે નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ગેંદાલભાઇ ડામોર |
| ૫. | -- " -- | ૧૦૦ | પ્રવાસન નિગમની મિલકતોની જાળવણી માટે નાણાં ખર્ચવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી માનસિંહ ચૌહાણ (બલવંતસિંહ રાજપૂત અને મંગળભાઇ ગાવિત) |
| **સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ** | | | | |

| માગણી નં. ૯૨ | | | | |
|---|---|---|---|---|
| ૬.* | ૨૨૨૫–અનુસૂચિત.. કલ્યાણ<br>૦૩–પછાત વર્ગોનું કલ્યાણ<br>૦૦૧–નિર્દેશ અને વહીવટ<br>રૂ. ૧૪,૩૦,૪૬,૦૦૦<br>અં.પ્ર.નં. ૨૪ (ભાગ–૧)<br>પા.નં. ૧૦ થી ૧૪ | ૧૦૦ | પછાત વર્ગોના કલ્યાણ માટેની કામગીરીને સંગીન બનાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી પ્રવિણભાઇ રાઠોડ |
| ૭. | –– " –– | ૧૦૦ | જિલ્લા કચેરીઓમાં ખાલી પડેલ જગ્યાઓ સત્વરે ભરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી પુનાભાઇ ગામીત |
| ૮. | –– " –– | ૧૦૦ | પછાત વર્ગોના બાળકોની સંભાળ માટે સરકારી અનુદાનથી ચાલતી સંસ્થાઓમાં સ્ટાફની ઘટ નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી મોહનસિંહ રાઠવા |
| ૯. | ૨૨૨૫–અનુસૂચિત.. કલ્યાણ<br>૦૩–પછાત વર્ગોનું કલ્યાણ<br>૦૦૧–નિર્દેશ અને વહીવટ<br>રૂ. ૧૪,૩૦,૪૬,૦૦૦<br>અં.પ્ર.નં. ૨૪ (ભાગ–૧)<br>પા.નં. ૧૦ થી ૧૪ | ૧૦૦ | સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોના ઇસમોને જાતિના દાખલા આપવામાં અપનાવાતી વિલંબ નીતિ નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી છનાભાઇ ચૌધરી |
| ૧૦. | –– " –– | ૧૦૦ | સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગોની જુદી જુદી યોજનાઓ માટે પૂરતું બજેટ ફાળવવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી ધીરૂભાઇ ભીલ |
| ૧૧. | –– " –– | ૧૦૦ | સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો માટે જુદી જુદી યોજના માટે ફાળવેલ રકમનો પૂરતો ઉપયોગ કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી અનિલ જોષીયારા |
| ૧૨. | ૨૨૨૫–અનુસૂચિત.. કલ્યાણ | | કેન્દ્ર સરકારની પ્રિમેટ્રિક સ્કોલરશીપ યોજના હેઠળ | શ્રી પ્રરભુભાઇ વસાવા |

| | | | | |
|---|---|---|---|---|
| | ૦૩–પછાત વર્ગોનું કલ્યાણ<br>૨૭૭–શિક્ષણ<br>રૂ. ૪,૪૭,૨૪,૩૧,૦૦૦<br>અં.પ્ર.નં. ૨૪ (ભાગ–૧)<br>પા.નં. ૨૫ થી ૪૪ | | લઘુમતિના વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ ચૂકવવામાં તંત્રની નિષ્ફળતા. | |
| ૧૩. | __ " __ | ૧૦૦ | સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગના વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિની રકમ સમયસર ચૂકવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રીમતી તેજશ્રીબેન પટેલ |
| ૧૪. | __ " __ | ૧૦૦ | આશ્રમશાળાઓના કથળેલા વહીવટ ને સંગીન બનાવવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી પુંજાભાઇ વંશ<br>(બાવકુભાઇ ઉંઘાડ<br>અને<br>ચંદ્રિકાબેન બારીયા) |
| ૧૫. | ૨૨૨૫–અનુસૂચિત..<br>કલ્યાણ<br>૦૩–પછાત વર્ગોનું કલ્યાણ<br>૮૦૦–અન્ય ખર્ચ<br>રૂ. ૧૭,૬૪,૦૩,૦૦૦<br>અં.પ્ર.નં. ૨૪ (ભાગ–૧)<br>પા.નં. ૪૭ થી ૫૩ | ૧૦૦ | સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના યુવક–યુવતીઓના સમૂહ લગ્નો માટે નાણાકીય સહાયમાં વધારો કરી તે સમયસર ચૂકવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી અશ્વિન કોટવાલ |
| ૧૬. | __ " __ | ૧૦૦ | સરકારી પ્રાથમિક શાળામાં ભણતી વિદ્યાર્થીની માટે ફ્રી સાયકલ યોજનામાં ચાલતી ગેરરીતિઓની તપાસ કરી પગલાં ભરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી સી. કે. રાઉલજી |
| ૧૭. | ૨૨૩૫–સામાજિક..<br>કલ્યાણ<br>૦૨–સમાજકલ્યાણ<br>૦૦૧–નિર્દેશ અને વહીવટ<br>રૂ. ૫,૩૬,૫૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૨૪ (ભાગ–૧)<br>પા.નં. ૭૦ થી ૭૨ | ૧૦૦ | વિકલાંગોને એસ.ટી. મુસાફરીના મફત પાસ મેળવવામાં થતી હેરાનગતિ નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ગૌતમભાઇ ચૌહાણ |
| ૧૮. | __ " __ | ૧૦૦ | વિકલાંગોને અપંગતાના | શ્રી બળદેવજી ઠાકોર |

| | | | | |
|---|---|---|---|---|
| | | | પ્રમાણપત્ર આપવામાં થતો વિલંબ નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | (જોઇતાભાઇ પટેલ) |
| ૧૯. | -- " -- | ૧૦૦ | મુક-બીધક વિદ્યાર્થીઓને પૂરતી સવલતો આપવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી ભોળાભાઇ ગોહેલ (જસાભાઇ બારડ) |
| ૨૦. * | -- " -- | ૧૦૦ | અનુભવી અને ઉત્સાહી સ્ટાફ મૂકી કચેરીના કથળેલા વહીવટને સંગીન બનાવવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી કમનીબા રાઠોડ (જવાહરભાઇ ચાવડા) |
| ૨૧. | ૨૨૩૫-સામાજિક.. કલ્યાણ<br>૦૨-સમાજ .... કલ્યાણ<br>૧૦૨-બાળ કલ્યાણ<br>રૂ. ૨૧,૧૨,૫૨,૦૦૦<br>અં.પ્ર.નં. ૨૪ (ભાગ-૧)<br>પા.નં. ૮૩ થી ૮૮ | ૧૦૦ | બાલવાડીમાં બાળકકો માટેની પૂરતી સુવિધાઓ આપવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી મહમદજાવીદ પીરઝાદા (ધર્મેન્દ્રસિંહ જાડેજા) |
| ૨૨. | -- " -- | ૧૦૦ | બાળ ગુનેગાર શાખાની કામગીરીને સંગીન બનાવવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી ધારશસભાઇ ખાનપુરા (રામસિંહ પરમાર) |
| ૨૩. * | -- " -- | ૧૦૦ | બાળ ગુન્હેગારોને ગુન્હાઇત પ્રવૃત્તિમાંથી મુકિત મળે તે અંગેનું યોગ્ય માર્ગદર્શન આપવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી પ્રવિણભાઇ રાઠોડ (રાઘવજી પટેલ) |
| ૨૪. * | ૨૨૩૫-સામાજિક.. કલ્યાણ<br>૮૦૦-અન્ય ખર્ચ<br>એસસીડબલ્યુ-૨૩<br>ભિક્ષા.. સ્થાપન<br>રૂ. ૫,૭૧,૬૧,૦૦૦<br>અં.પ્ર.નં. ૨૪ (ભાગ-૧)<br>પા.નં. ૯૯ થી ૧૦૦ | ૧૦૦ | ભિક્ષા નાબુદી કાર્યક્રમનો અમલ કરી ભિક્ષુકોની વધતી જતી સંખ્યા અટકાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ઇન્દ્રનીલભાઇ રાજયગુરૂ |
| ૨૫. | -- " -- | ૧૦૦ | ભિક્ષાનાબુદી અને ભિક્ષુકોના પુનઃસ્થાપન માટેના કાર્યક્રમ અન્વયે વર્ષ દરમિયાન થયેલી કામગીરીની વિગતો પ્રસિધ્ધ કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી મહેશકુમર પટેલ |
| **માગણી નં. ૯૫** | | | | |

| | | | | |
|---|---|---|---|---|
| ૨૬. | ૨૨૦૨–સામાન્ય... શિક્ષણ<br>૦૨–માધ્યમિક શિક્ષણ<br>૧૦૬–પાઠ્યપુસ્તકો<br>રૂ. ૯,૯૪,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૨૪ (ભાગ–૨)<br>પા.નં. ૨૨ | ૧૦૦ | માધ્યમિક શાળામાં ભણતાં અનુસૂચિત જાતિના બાળકોને સમયસર પાઠ્યપુસ્તકો મળી રહે તે હેતુથી પૂશ્રતા પ્રમાણમાં પુસ્તક બેન્ક સ્થાપવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી અમીત ચાવડા (હીરાભાઇ પટેલ) |
| ૨૭. | ૨૨૧૬–આવાસન<br>૦૩–ગ્રામીણ આવાસન<br>૧૦૨–ભૂમિહીન... જોગવાઇ<br>રૂ. ૮૦,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૨૪ (ભાગ–૨)<br>પા.નં. ૭૬ | ૧૦૦ | અનુસૂચિત જાતિની ભૂમિહીન વ્યક્તિઓ માટે ઘરથાળના પ્લોટોની ફાળવણી કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી રાજેન્દ્રસિંહ ચાવડા (પરેશ ધાનાણી) |
| ૨૮. | ૨૨૧૬–આવાસન<br>૦૩–ગ્રામીણ આવાસન<br>૮૦૦–અન્ય<br>રૂ. ૯૯,૦૭,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૨૪ (ભાગ–૨)<br>પા.નં. ૭૭ થી ૭૮ | ૧૦૦ | ગ્રામીણ વિસ્તારોમાં અનુસૂચિત જાતિના લોકોને આવાસો માટેના પ્લોની ફાળવણીમાં રખાતો ભેદભાવ નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી મહેન્દ્રસિંહ વાઘેલા (જસુભાઇ બારડ) |
| ૨૯. | ૨૨૨૫–અનુસૂચિત.. કલ્યાણ<br>૦૧–અનુસૂચિત... કલ્યાણ<br>૦૦૧–નિર્દેશ અને વહીવટ<br>રૂ. ૨૬,૨૭,૫૬,૦૦૦<br>અં.પ્ર.નં. ૨૪ (ભાગ–૧)<br>પા.નં. ૯૦ થી ૧૦૧ | ૧૦૦ | સફાળ કામદારોને ગટરોમાં ઉતારી કરાવવામાં આવતી સફાઇ કામગીરી સદંતર બંધ કરાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી બલવંતસિંહ રાજપૂત (પ્રહલાદભાઇ પટેલ) |
| ૩૦. | ૨૨૨૫–અનુસૂચિત.. કલ્યાણ<br>૦૧–અનુસૂચિત... કલ્યાણ<br>૦૦૧–નિર્દેશ અને વહીવટ<br>રૂ. ૨૬,૨૭,૫૬,૦૦૦<br>અં.પ્ર.નં. ૨૪ (ભાગ–૧)<br>પા.નં. ૯૦ થી ૧૦૧ | ૧૦૦ | અનુસૂચિત જાતિના ઇસમોને ડૉ. આંબેડકર આવાસની સહાય સત્વરે આપવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી પુનમભાઇ પરમાર (છબીલભાઇ પટેલ) |
| ૩૧. | __ " __ | | સફાઇ કામદારોના પડતર પશ્નોનું | શ્રી મણિલાલ વાઘેલા |

| | | | | |
|---|---|---|---|---|
| | | | સતવરે નિરાકરણ લાવવામાં તંત્રની નિષ્ફળતા. | (રાજેન્દ્રસિંહ પરમાર) |
| ૩૨. | __ " __ | ૧૦૦ | અનુસૂચિત જાતિના ઇસમોને વિવિધ યોજનાઓ હેઠળ લાભ મળે તેવું આયોજન કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી રમેશભાઇ ચાવડા (અમિતભાઇ ચૌધરી અને મિતેશભાઇ ગરાસીયા) |
| ૩૩. | __ " __ | ૧૦૦ | સફાઇ કામદારોના સ્વાસ્થ્યની જાળવણી માટે યોગ્ય દેખરેખ રાખવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી શૈલેષ પરમાર (રાજેન્દ્રસિંહ ઠાકોર અને ઇશ્વરભાઇ પટેલ) |

* **આ કાપ દરખાસ્ત સભાગૃહમાં રજૂ થઇ નથી.**

શ્રી અમિત અ. ચાવડા(આંકલાવ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગની જે માગણીઓ લઇને આવ્યા છે, તેમાં મારા વિચારો વ્યક્ત કરવા ઊભો થયો છું.

દેશના બંધારણના રચયીતા ડો. બાબાસાહેબ આંબેડકરે આ દેશમાં ગરીબો સન્માન સાથે પોતાના અધિકારો સાથે એક સમાજની મુખ્ય ધારામાં જોડાય અને વિકાસ પામે અને એ માટે બંધારણની જોગવાઇ કરવામાં આવી છે. બંધારણની જોગવાઇ મુજબ કોઇપણ રાજ્યનું બજેટ બને, ત્યારે અનુસૂચિત જાતિની વસ્તી હોય તેની ટકાવારી મુજબ એના વિકાસ માટે, એના ઉત્થાન માટે બજેટમાં ફાળવણી થવી જોઇએ. ગુજરાતમાં ભારતીય જનતા પાર્ટીનું શાસન આવ્યું ત્યારથી જે રીતે આ બંધારણની જોગવાઇનું ઉલ્લંઘન કરી, જે વસ્તીની ટકાવારી છે. આજે ગુજરાતની વસ્તીના ૭.૦૯ ટકા જેટલી વસ્તી અનુસૂચિત જાતિની છે. એની સામે બજેટમાં ફાળવણી કરવામાં આવે છે તે ખૂબ ઓછી કરવામાં આવે છે. વર્ષ ૨૦૧૨–૧૩ નો રાજ્યના વિકાસ માટેનો અંદાજ નક્કી થયો, એમાં અનુસૂચિત જાતિ માટેની જોગવાઇ માટે રકમ ફક્ત ૫.૬૩ ટકા ફાળવવામાં આવી. વર્ષ ૨૦૧૩–૧૪ માં બજેટની જોગવાઇ નક્કી કરવામાં આવી, એમાં પણ રકમ ફક્ત ૪.૫૧ ટકાની નક્કી કરવામાં આવી. એટલે જે બંધારણની જોગવાઇ મુજબ આ સમાજને જે હક્કો મળેલ છે, એનાથી વંચિત રાખવાનું કામ આ રાજ્યની સરકાર દ્વારા કરવામાં આવે છે. હું ઉંડાણમાં કહું તો ૨૦૧૨–૧૩ ના વર્ષની જોગવાઇ હતી, એના કરતા ૨૦૧૩–૧૪ માં રાજ્યની વાર્ષિક યોજનામાં ૧૫.૬૧ ટકાનો વધારો થયો, એટલે કે ૭,૯૦૧ કરોડની રકમ વધારવામાં આવી, તો એની સામે અનુસૂચિત જાતિ માટેની પેટા યોજના છે, એમાં ૭.૪૪ ટકાનો ઘટાડો કરવામાં આવ્યો. ૨૧૨ કરોડની રકમ આ સમાજ માટેની ફાળવણીમાં ઘટાડવામાં આવી, જે ખૂબ જ ચિંતાજનક અને દુ:ખદ છે. આ સરકાર જ્યારથી આવી ત્યારથી દર વર્ષે બજેટમાં ફાળવણી થાય, પણ જ્યારે ખર્ચના આંકડા જોઇએ તો આપણને ચોક્કસ દુ:ખ થાય. મારી પાસે થોડાં વર્ષના આંકડામાં ૨૦૦૮–૦૯ માં ૨૩૨.૧૦ કરોડની ફાળવણી કરવામાં આવી. ખર્ચ ફકત ૭૭ ટકા કરવામાં આવ્યો. ૨૦૦૯–૧૦ માં ૨૪૨.૧૦ કરોડની ફાળવણી કરવામાં આવી અને ખર્ચ ૭૯ ટકા કરવામાં આવ્યો. ૨૦૧૦–૧૧ માં ૨૬૬ કરોડની સામે ફક્ત ૬૭ ટકા ખર્ચ થયો. ૨૦૧૧–૧૨ માં ૩૬૧ કરોડના બજેટની સામે ૮૮ ટકાનો ખર્ચ કરવામાં આવ્યો. એટલે ફાળવણી કરવામાં આવે, ભાષણ કરવામાં આવે, પણ ખરા અર્થમાં રકમ જે રાજયના બજેટમાં ફળવાય છે તે છેવાડાના માનવી સુધી લાભ પહોંચતો નથી.

માનનીય અધ્યક્ષશ્રી, આ રાજયની પર ટકા વસ્તી બક્ષીપંચ સમાજની છે. ૧૪૭ જેટલી જ્ઞાતિઓનો તેમાં સમાવેશ કરવામાં આવ્યો છે. રાજયની લગભગ સવાત્રણ કરોડ જેટલી વસ્તી આ બક્ષીપંચ હેઠળ આવે છે. ત્યારે ભારતના બંધારણના અનુચ્છેદ ૪૬ હેઠળ જે પણ રાજય હોય તેણે પોતાની ત્યાંની જે સ્થાનિક જાતિઓ છે તેને કોઇપણ જાતિ, ધર્મના ભેદભાવ સિવાય તેનો વિકાસ થાય, તેના માટે બજેટમાંથી ફાળવણી થાય તેની જવાબદારી રાજય સરકારોની નકકી કરવામાં આવી છે. અહીં જે બજેટ ફાળવણી કરવામાં આવે છે તેમાં મારે દુ:ખ સાથે કહેવું પડે કે પોતાને બક્ષીપંચ સમાજના દીકરા તરીકે ઓળખાવતા હોય તેવા રાજયના મુખ્યમંત્રીની જયારથી સરકાર આવી ત્યારથી જે રીતે દિવસે દિવસે આ સમાજ માટેની યોજનાઓમાં જે કાપ મૂકવામાં આવી રહ્યો છે, જે બજેટની ફાળવણી કરવામાં આવી રહી છે તેના આંકડા જોઇએ તો ૨૦૧૧–૧૨માં

આખા રાજયનું કુલ બજેટ ૩૪૬૬૦ કરોડ હતું. તેમાંથી આ સમાજ માટે ફાળવણી ફકત ૦.૦૬ ટકા કરવામાં આવી. ૨૦૧૨–૧૩ના બજેટમાં ૫૧ હજાર કરોડની વાર્ષિક યોજના નક્કી કરવામાં આવી. તેની સામે સમાજ માટે ફાળવણી ફકત ૦.૦૬ ટકા કરવામાં આવી. ૨૦૧૩–૧૪નું જે બજેટ લઇને આવ્યા છે તેમાં પણ ૫૮૫૦૦ કરોડના બજેટની સામે ફાળવણી ફકત ૦.૬૫ ટકા કરવામાં આવી છે. જે સમાજ પર(બાવન) ટકા વસ્તી આ રાજયમાં ધરાવતો હોય તેવા સમાજના બજેટ માટે ફાળવણી ૦.૦૬ ટકા હોય તો હું માનું છું કે આ બજેટ તે સમાજના વિકાસ માટે નહીં પણ એક સમાજની મશ્કરી સમાન બજેટ હોય તેવું લાગે છે. આ રાજયમાં પોતાની વાહ વાહ કરવા, જાહેરાતો કરવા ખુશ્બુ ગુજરાતકી નામની જાહેરાત આપવામાં આવે છે. એક જાહેરાત માટે ૮૫ કરોડ જેટલી રકમ ખર્ચ કરવામાં આવે છે. તેનાથી પણ ઓછી રકમ આ પર(બાવન) ટકા વસ્તી ધરાવતા બક્ષીપંચ સમાજ માટે ફાળવવામાં આવે છે તે ખૂબ દુઃખદ બાબત છે. સ્વામી વિવેકાનંદના સિદ્ધાંતો અને આદર્શોને વરેલી આ સરકાર છે એમ કહેવામાં આવે છે. મારે સ્વામી વિવેકાનંદે જે કહ્યું છે, તેમણે દલિતો, શોષિતો અને પછાત વર્ગના સંદર્ભમાં જે વાત કરી છે કે જયારે જનતા જાગશે અને તમારા અન્યાયને સમજશે ત્યારે તેની એક ફૂંકથી તમે કયાંયના નહીં રહો. સ્વામી વિવેકાનંદજીના જે શબ્દો છે તેમાંથી આ સરકાર શીખ લે. આ સરકારમાં બેઠેલા લોકો નહીં સમજે તો જે ગરીબોના મતથી સરકાર બનેલી છે તેમને જયારે ખ્યાલ આવશે કે આ સરકાર અમને અન્યાય કરે છે ત્યારે તે જ ગરીબ લોકો આ સરકારના લોકોને ઘેર બેસાડશે.

માનનીય અધ્યક્ષશ્રી, બજેટમાં જે લક્ષ્યાંકો નક્કી કરવામાં આવે છે, રૂપકડા નામ સાથેની યોજનાઓ જાહેર કરવામાં આવે છે. ગરીબ સમાજને સ્વપ્ન બતાવવામાં આવે છે. જયારે ખરેખર બજેટની ફાળવણી અને યોજનાઓના અમલના આંકડા જોઇએ તો આ સમાજને ફકત કાગળ ઉપર યોજનાઓ બનતી દેખાય છે. સરકારની કેટલીક યોજનાની વાત કરવી છે. અહીં વાત થાય છે બક્ષીપંચ સમાજ કે ગરીબ સમાજના યુવક યુવતીઓને અમારી સરકારે વિદેશ ભણવા મોકલ્યા. સારી બાબત છે. પરંતુ મોટી મોટી વાતો સામે જે આંકડા છે, તે યોજનાની જોગવાઇઓ છે તે જોતાં લાગે કે આ વાતોનું સપનું બતાવવાની વાત છે. આ વિદ્યાર્થીઓ માટે જે યોજના છે કે ૧૦ લાખ રૂપિયાની લોન અને તેની ઉપર ૪ ટકા વ્યાજ. આ યોજના તો ભારત સરકારની નેશનલાઇઝ બેંકોની ગાઇડ લાઇન મુજબ કોઇપણ રાષ્ટ્રીયકૃત બેંકમાં જઇએ તો આ પ્રકારની યોજનાના લાભ મળી શકે છે. કોઇપણ જાતિ–ધર્મના ભેદભાવ સિવાય મળી શકે છે. સરકાર જયારે યોજના લાવતી હોય, ગરીબ સમાજની વાત કરતી હોય ત્યારે ૧૦ લાખની મર્યાદા અને ૪ ટકા વ્યાજની વાત કરે તે યોગ્ય ના કહેવાય. આ સરકારના મુખ્યમંત્રીના *(xxxxxx)

અધ્યક્ષશ્રી : (xxxxxx) શબ્દ કાઢી નાંખીએ છીએ.

શ્રી અમિત અ. ચાવડા : આ સરકાર દ્વારા ટાટા જેવા ઉદ્યોગપતિને ૩૨ હજાર કરોડ રૂપિયાની લોન આપવામાં આવે છે અને તેના માટેનો વ્યાજદર ૦.૦૧ પર્સન્ટ રાખવામાં આવે. તે પૈસા પાછા ભરવાની સમય મર્યાદા પણ ૨૦ વર્ષ પછી પહેલો હપ્તો શરૂ થાય એવી રાખવામાં આવે છે. ગરીબ સમાજનો યુવાન તે વિદેશમાં અભ્યાસ કરીને પોતાની કારકીર્દિને પોતાના કુટુંબ અને સમાજને આગળ લઇ જવાનું સ્વપ્ન જોતો હોય તેના માટે ૧૦ વર્ષની મર્યાદા અને ૪ ટકા વ્યાજ રાખવામાં આવે. માનનીય અધ્યક્ષશ્રી, મારે તો માનનીય મંત્રીશ્રીને વિનંતી કરવી છે કે, આ જે યોજના છે એમાં રકમની પણ મર્યાદા વધારવામાં આવે અને ચાર ટકા વ્યાજની જે વાત છે એના બદલે આ સરકાર વ્યાજ સબસિડી આપી અને એમાં જો મદદ કરે તો આપણે ખરા અર્થમાં ગરીબ માટે યોજના લાવ્યા છીએ એમ ગણાશે. માનનીય અધ્યક્ષશ્રી, કોઇ કવિએ સાચું જ કહ્યું છે કે–

**' આમ તો કયાં પીડા બીજાની કોઇને સમજાય છે,**
**હોય હૈયે લાગણી તો જ વેદના ગરીબની સમજાય છે. '**

---

* આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર રેકર્ડમાંથી દૂર કરવામાં આવ્યા.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી તો ગરીબ સમાજમાંથી આવે છે, અનેક તડકા–છાંયડા જોઇને અહીં આવ્યા છે, એમને હૈયે પણ ગરીબનું હિત જો વસેલું હોય તો આ રાજય સરકાર પાસે જયારે પતંગોત્સવ કરવા માટે બજેટ હોય, રણોત્સવ, નવરાત્રી મહોત્સવ અને વાયબ્રન્ટ ગુજરાત જેવા કાર્યક્રમો કરવા માટે ખૂબ બજેટ હોય ત્યારે ગરીબ સમાજના વિદ્યાર્થીઓ માટે સરકારી છાત્રાલયો કરવા માટે બજેટ નથી, નવી આશ્રમશાળાઓ કરવા માટે બજેટ નથી. આ સમાજના યુવાનો માટે તાલીમવર્ગો વધારવા માટે બજેટ નથી, આ સમાજની મહિલાઓ માટે તાલીમ વર્ગો વધારવા માટે બજેટ નથી, એમની જે મકાન સહાય છે એ રકમમાં વધારો કરવા માટે બજેટ નથી પણ ફકત ઉત્સવો કરવા માટે અને પોતાની જાહેરાતો કરવા માટે બજેટ છે ત્યારે માનનીય મંત્રીશ્રી આ બાબતે ચિંતા કરે એવી ખાસ એમને મારી વિનંતી છે.

માનનીય અધ્યક્ષશ્રી, અહીયાં બક્ષી પંચ સમાજના જે યુવાનો ભણી–ગણીને પોતાનો સ્વતંત્ર વ્યવસાય કરવા માગે છે, એના માટેની કેટલીક યોજનાઓ કરવામાં આવી છે. આ સમાજના તબીબી સ્નાતકો માટે ૪૦,૦૦૦ રૂપિયા લોન અને ૨૫,૦૦૦ રૂપિયા સહાયની યોજના છે. આ સમાજના કાયદાના સ્નાતકો માટેની યોજના છે, એમાં ૭,૦૦૦ની લોન અને ૫,૦૦૦ રૂપિયાની સહાય છે. આ મોંઘવારીના સમયમાં આ સમાજના યુવાનો માટે જે ખૂબ સંઘર્ષ – મહેનત કરીને તબીબી સ્નાતક થયા છે કે, કાયદાના સ્નાતક થયા છે એમને પોતાનો ધંધો વ્યવસાય વિકસાવવો છે, એમના માટેની આ જોગવાઇ ખાલી કાગળ ઉપરની યોજનાઓ છે. અહીયાં વાત થાય છે કે અમે યોજના લાવ્યા, પણ જયારે એના લક્ષ્યાંકના આંકડાઓ જોઇએ, તો મેં અહીં રાજયમાં લક્ષ્યાંકના આંકડા જોયા તો ૫૨ ટકા વસતિ બક્ષીપંચ સમાજની છે, ૩ કરોડ કરતાં પણ વધારે લોકો અને એનો લક્ષ્યાંક નકકી કરવામાં આવે કે વર્ષમાં ૩૦ વકીલોને આપણે સહાય આપીશું અને બે ડોકટરોને આ સહાય આપીશું. આ સરકારની આ માનસિકતા બતાવે છે કે ખાલી ભાષણો કરવા માટે કે કાગળ ઉપર યોજનાઓ બનાવવા માટે આ યોજનાઓ બનાવવામાં આવે છે. ખરા અર્થમાં ભોળી પ્રજાને એક સ્વપ્ન બતાવી અને ભાષણો કરીને રાજનીતિથી પ્રેરિત કરીને એનો લાભ લેવામાં આવે છે. લક્ષ્યાંક જે નકકી કરવામાં આવ્યો એની સામે કેટલા લોકોને સહાય મળી? ૨૦૧૧–૧૨ની વાત કરીએ તો લક્ષ્યાંક હતો ૩૦ વકીલો અને બે ડોકટરોનો, પણ એમાં સહાય આપવામાં આવી એ ફકત ૧૭ વકીલોને સહાય આપવામાં આવી. ૧૭ વકીલો અને ૫૦૦૦ રૂપિયા સહાય, એટલે આ રકમ ગણીએ તો ખાલી ૮૫૦૦૦ રૂપિયાની સહાય આ ૫૨ ટકાની વસતિના આ સમાજને આપી અને આ સરકાર આ સમાજને ખૂબ આગળ લઇ જવાની વાત અને વાહ–વાહ કરે છે ત્યારે મારે એમને દુઃખ સાથે કહેવું પડે છે કે, જે રાજયમાં આ સમાજમાંથી આવતા માનનીય મુખ્ય મંત્રીશ્રી હોય, ભૂતકાળમાં આ સમાજમાંથી આવેલા મુખ્ય મંત્રીશ્રી હોય, આ સમાજમાંથી ૧૯૭૮માં બક્ષીપંચની આખી કમિટી બનાવી હતી અને એ જાતિઓને અલગ કરી એમના માટેના અલગ વિભાગ કર્યા, એમના માટે અનામતની જોગવાઇ કરી અને એને આગળ લઇ જવા માટેની આખી પ્રક્રિયાની શરૂઆત કરી પણ છેલ્લા દસ વર્ષથી આ પ્રક્રિયાને કયાંકને કયાંક આપણે રોકતા હોય એવું લાગે છે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને થોડાક સૂચનો પણ હું કરવા માગું છું કે, આ રાજય સરકારમાં એ ગૌપાલક વિકાસ બોર્ડ હોય, ઠાકોર–કોળી વિકાસ બોર્ડ હોય, લઘુમતી નિગમ હોય કે પછાત વર્ગ વિકાસ નિગમ હોય, એ યોજનાઓ તો લઇને આવે છે, પણ એના માટે બજેટમાં જે ફાળવણી કરવામાં આવે છે, એ ખૂબ જ ઓછી હોય છે. એની સામે એનો લાભ લેનારો જે વર્ગ છે એનો સમૂદાય ખૂબ મોટો હોવાથી ખાલી ટોકન લોકોને આ યોજનાઓનો લાભ મળે છે. માનનીય મંત્રીશ્રીને હું વિનંતી કરું છું કે, આવનારા સમયમાં આ બોર્ડ–નિગમો છે એના માટે પણ મોટી રકમની ફાળવણી કરવામાં આવે. જેથી કરીને ખાલી ટોકન યોજનાઓ કરવાને બદલે આપણે વધારે લોકોને લાભ આપી શકીએ. અત્યારે રાજય સરકારની જે યોજનાઓ છે અનુસૂચિત જાતિ માટે આંબેડકર આવાસ યોજના અને બક્ષીપંચ સમાજ માટે દીનદયાળ આવાસ યોજના આમાં બી.પી.એલ.નું ધોરણ દાખલ કરવામાં આવ્યું, ૦ થી ૨૦માં જેનો નંબર ન હોય એવા કોઇ વ્યકિતને આજે આ યોજનાનો લાભ મળી શકશતો નથી. માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું કે એમાંથી બી.પી.એલ.નું ધોરણ કાઢી નાંખવું જોઇએ અને જે સમાજના લોકો છે એને આમાં ગરીબ હોય તો લાભ મળવો જોઇએ, આવકના દાખલાના આધારે લાભ મળવો જોઇએ અને એની રકમની મર્યાદા છે એમાં પણ

વધારો કરવો જોઇએ. અનુસૂચિત જાતિના ધોરણ ૧૧ – ૧૨ ના યુવાનો માટે ખાનગી ટ્યુશન સહાયની યોજના છે પણ આ ખૂબ મોટો સમાજ અને આજે જે ગરીબ સમાજ છે એવા બક્ષીપંચ સમાજના ૧૧–૧૨માં અભ્યાસ કરતા યુવાન યુવતિ વિદ્યાર્થીઓ માટે પણ આવી ખાનગી ટ્યુશન સહાયની યોજના લાવવામાં આવે એવી મારી માનનીય મંત્રીશ્રીને વિનંતી છે.

શ્રી રજનીકાન્ત મો. પટેલ(અસારવા) : માનનીય અધ્યક્ષશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના માનનીય મંત્રીશ્રી એમની માગણીઓ લઇને આવ્યા છે એને સમર્થન આપવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આપણું જે બંધારણ છે એનો પાયો સ્વતંત્રતા, સમાનતા અને બંધુતા ઉપર રચાયેલો છે. લોકશાહીનો મતલબ એ દરેક નાગરિકને સ્વતંત્રતા, સમાનતા અને બંધુતાનો લાભ મળે એ માટે રાજય સરકાર પ્રયત્ન કરી રહી છે. આજે અનુસૂચિત જાતિ કલ્યાણ માટેની જે જોગવાઇઓ લઇને આવ્યા છે એને હું મારુ સમર્થન આપુ છું. મને કહેતા ખૂબ આનંદ છે કે આ રાજય સરકારે અતિ પછાત બોર્ડ જે અગાઉ બોર્ડ તરીકે કામ કરતું હતું જેની અંદર ખૂબ જ પછાત વર્ગના એટલે કે રાવળ સમાજ, ગરો બ્રાહ્મણ સમાજ, તૂરી, હાડી, નાડિયા અને સફાઇ કામદાર વાલ્મીક સમાજનો સમાવેશ થાય છે એના માટેનું જે બોર્ડ હતું એના બદલે હવે કોર્પોરેશનની રચના કરવા માટે રાજય સરકાર કાર્યવાહી હાથ ધરી રહી છે. આજે ભારત સરકારની જે નીતિઓ છે એના કારણે જે મોંઘવારી અને ભ્રષ્ટાચાર ફૂલ્યોફાલ્યો છે એનાથી આમ આદમી પોતે ખૂબ જ મુશ્કેલીમાં છે અને અતિ પછાત સમાજ જે છે એના અસ્તિત્વનો સવાલ આવીને ઉભો રહ્યો છે. એના માટે ફકત વિકાસ નહીં પણ કેવી રીતે ટકી રહેવું અને કેવી રીતે પોતાનું અસ્તિત્વ ટકાવી રાખવું એના માટેનો પ્રશ્ન જ્યારે ઉભો થયો છે ત્યારે રાજય સરકારે અતિ પછાત જાતિઓ માટે બોર્ડને બદલે કોર્પોરેશન બનાવવાનું નક્કી કરેલું છે.

માનનીય અધ્યક્ષશ્રી, મને કહેતા આનંદ થાય છે કે, ભારતીય જનતા પાર્ટી તરફથી આઝાદીના ૬૦ વર્ષ બાદ પહેલી વખત રાવળ સમાજ કે પછાતમાં પછાત સમાજ છે એમાંથી પ્રતિનિધિ તરીકે ભાઇશ્રી પુનમભાઇ પરમાર પોતે ચૂંટાઇ આવ્યા છે. માનનીય અધ્યક્ષશ્રી, અનુસૂચિત જાતિની અંદર ૧૨ જેટલી જાતિઓ અતિ પછાત જાતિઓ છે એના માટે જે રીતે કોર્પોરેશન બનાવવામાં આવ્યું છે એ જ રીતે મારી માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે ઓ.બી.સી.માં ૧૪૬ જેટલી જાતિઓ છે એમાં ૨૮ જાતિઓ વિચરતી અને ૧૨ જાતિ વિમુક્ત જાતિઓ છે એના આર્થિક વિકાસ માટે તાત્કાલિક કોર્પોરેશન બનાવવામાં આવે એવી મારી નમ્ર વિનંતી છે.

માનનીય અધ્યક્ષશ્રી, આખા દેશમાં સફાઇ કામદારો જે છે એ આપણા સામાજિક વિષમતાના પિરામિડની નીચે બેઠેલા છે એના માટે આખા દેશમાં આપણું એક જ રાજય એવું છે કે, જેના દ્વારા સફાઇ કામદાર નિગમ બનાવવામાં આવ્યું છે. મને કહેતા આનંદ થાય છે કે, ઉંચ્ચ શિક્ષણ માટે સમગ્ર દેશમાં રાષ્ટ્રીય સફાઇ કામદાર નિગમને ચાલુ વર્ષે ૧૩૭ અરજીઓ મળી, એમાંથી જે મંજૂર થઇ છે એમાંથી ૧૦૫ અરજીઓ ગુજરાતમાંથી મંજૂર થઇ છે. એટલે ૧૩૭ આખા દેશની હતી એમાંથી ૧૦૫ અરજીઓ રાજય સરકારે મોકલેલી હતી એ મંજૂર કરવામાં આવી છે.સફાઇ કામદારના પાંચ વિદ્યાર્થીઓ આજે વિદેશમાં અભ્યાસ કરી રહ્યા છે. સફાઇ કામદારની એક યુવતી અત્યારે ઓસ્ટ્રેલિયાની અંદર ઉચ્ચ અભ્યાસ કરી રહી છે. સમગ્ર દેશની અંદર હમણાં જ એક ભાઇ કહેતા હતા કે વિદેશમાં અભ્યાસ માટે ઉચ્ચ શિક્ષણ માટે બેન્કમાં જઇને લોન લઇએ પણ બેન્કો કયા વ્યાજના દરે આપણને લોન આપે છે એ બાર ટકા, ૧૪ ટકાના દરે લોન આપે છે, જ્યારે રાજ્ય સરકાર પોતે ચાર ટકાના દરે લોન આપે છે અને અભ્યાસ પૂરો થયાં પછી એક વર્ષ પછી એની વસૂલાત શરૂ થતી હોય છે. આજે સફાઇ કામદાર નિગમ મારફતે ઉચ્ચ શિક્ષણની સાથે સાથે ધિરાણની યોજના, પૂજ્ય ઠક્કર બાપા પુનઃસ્થાપના યોજના અમલી કરવામાં આવી છે. જે હેઠળ ૧૦૦૦૦ થી ૭૫૦૦૦ જેટલી સબસીડી ઉપલબ્ધ કરવામાં આવી છે. આ યોજના નીચે અત્યાર સુધીમાં ૩૧૧૫૯ લાભાર્થીઓને રૂપિયા ૧૨૮ કરોડનો લાભ આપવામાં આવ્યો છે. આજે આવાસની અંદર ગુજરાત એક જ એવું રાજ્ય છે કે જેમાં ૦ થી ૧૬ અને ૧૭ થી ૨૦ ના તમામ લાભાર્થીઓને જે આવાસ વિહિન હતા એમને આવાસ

આપવામાં આવેલા છે, ગરીબ કલ્યાણ મેળાના માધ્યમથી ૮૦ લાખથી પણ વધારે લોકોને આપણે આવાસ માટે સ્વરોજગારી માટે મદદ કરેલી છે. અનુસૂચિત જાતિ હોય, અનુસૂચિત જનજાતિ હોય, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના લોકો હોય, લઘુમતિ હોય એવા તમામ લોકો માટે એટલે કે ૬ કરોડ લોકો માટે માનનીય મુખ્યમંત્રીશ્રી પોતે આશાનું કિરણ બનેલા છે અને એટલા જ માટે આ જે જોગવાઇઓ માનનીય મંત્રીશ્રી પોતે લઇને આવ્યા છે એને હું મારું સમર્થન આપું છું. માનનીય મંત્રીશ્રીને બીજા અભિનંદન આપવા છે કે એક નવી આઇટેમ તરીકે સફાઇ કામદારના ૧૫૦ જેટલા તાલીમાર્થીઓને ક્રિયાકાંડ માટેની તાલીમ આપવામાં આવે છે મને હિંદુસ્તાનનું એક રાજ્ય બતાવો કે જેની અંદર સફાઇ કામદારના યુવક યુવતીઓને આપણી ભારતીય સંસ્કૃતિના સિદ્ધાંતો મુજબ કર્મકાંડની તાલીમ આપવામાં આવે અને એના માટેની બાવીસ લાખ રૂપિયાની જોગવાઇ માનનીય મંત્રીશ્રીએ સૂચવેલી છે. આજે કોંગ્રેસના જે મિત્રો છે એ વાતો ઘણી કરે છે કામ કરતા નથી એમ કહે છે તો મારે કહેવું જોઇએ કે એક માનનીય સભ્યશ્રીએ કહ્યું કે વકીલોને સહાય મળતી નથી. અનુસૂચિત જાતિના ૮૮૭૦ લોકોને ૧૪ કરોડ રૂપિયાની સહાય ભારતીય જનતા પાર્ટીની સરકારે આપેલી છે.

**શ્રી રામસિંહ પ્ર. પરમાર(ઠાસરા) :** માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી, જે માગણીઓ લઇને આવ્યા છે એ માગણીની અંદર માગણી નંબર ૫૧ કે જે પ્રવાસનને લગતી છે તેના પર મારા વિચારો રજૂ કરવા માટે હું ઉભો થયો છું. રાજ્યની અંદર પ્રવાસનને ઉદ્યોગનું સ્થાન આપવામાં આવેલ છે. રાજ્યની અંદર પ્રવાસન માટે જેટલું વધારેમાં વધારે બજેટ ફાળવે અને પ્રવાસનને આધારે રાજ્યની અંદર યાત્રાધામ વિકાસ બોર્ડની પણ રચના કરવામાં આવેલી છે. ભારતની સંસ્કૃતિ પ્રમાણે આપણા રાજ્યની અંદર જે યાત્રાધામો આવેલા છે એ યાત્રાધામોને વિકસાવીને યાત્રાળુઓને પૂરેપૂરી સુવિધા મળે અને વધારેમાં વધારે યાત્રાળુઓ આવે એના માટેનું સરકાર આયોજન કરતી હોય છે. હું માનું છું ત્યાં સુધી સિદ્ધપુર અને બહુચરાજી એ પણ એક સારા યાત્રાના ધામ છે એને પણ વિકસાવવા જોઇએ. એ બાજુની પણ હંમેશા માગણી આવતી હોય છે. અમારા બાલાસિનોર, વીરપુરની અંદર ગયોલી ગામ છે ત્યાં ડાયનાસોરના બહુ જ ઐતિહાસિક અવશેષો મળ્યા છે. અગાઉની સરકારે પણ તેને વિકસાવવાનું વચન આપ્યું હતું, ખાતરી આપી હતી. અમારા માનનીય ધારાસભ્ય સાથે પણ મિટીંગ થઇ હતી, પણ એની અંદર બીજી કોઇ આગળની કાર્યવાહી હજીસુધી થયેલ નથી. એ ડાયનાસોરાનું સ્થળ બહુ જ અગત્યનું છે. હજ્જારો લોકો, બહારના પ્રવાસીઓ પણ આવીને એની મુલાકાત લઇ ગયા છે. તો એનો પણ વિકાસ થવો જોઇએ એવું હું માનું છું. પ્રવાસનના આધારે અને યાત્રાધામ વિકાસ બોર્ડના આધારે રાજ્યની અંદર બજેટમાં ખૂબ મોટો સમાવેશ કરવામાં આવે છે. પ્રવાસનના નામે હમણાં ૮૪ કરોડ રૂપિયાનું આયોજન કરવામાં આવ્યું હતું. પણ મોઢેરા, પાટણ, સિધ્ધપુર અને સાપુતારા જેવા અગત્યના સ્થળોને પ્રદર્શન કરવામાં ૮૪ હજાર કરોડની જોગવાઇ કરી પણ અમિતાભ બચ્ચન આવીને એક આંટો મારીને ગયા અને ૮૪ હજાર કરોડ તેના ખર્ચ માટે આપવા પડયા.

અધ્યક્ષશ્રી : કાંઇક વાજબી બોલો, ૮૪ હજાર કરોડ નહીં.

શ્રી રામસિંહ પ્ર. પરમાર : ૮૪ કરોડ જે અમિતાભ બચ્ચનને ચૂકવવામાં આવ્યા તે જ રકમ હું માનું છું ત્યાં સુધી યાત્રાધામ માટે વાપરવામાં આવી હોત તો ત્યાં સુવિધા ઉભી થઇ શકી હોત. એક એક્ટર આવે અને આપણી તિજોરીના આટલા બધા પૈસા આપી દેવા પડે અને આપણે જાહેરાત કરવા માટેનો પ્રયત્ન કરીએ તો આ યાત્રાધામ તરીકે કયારે વિકાસ થવાનો? અંબાજીનો વિકાસ થયો, અંબાજીનું આયોજન થયુ, દ્વારકા, સોમનાથ થયુ. એવા ઘણા યાત્રાધામના વિકાસ થયા છે, ત્યાં સારી સુવિધાઓ પણ ઉભી થઇ છે. એ જ રીતે હું એમ કહું કે, ડાકોરના રણછોડરાયજીના મંદિરનું આખા દેશની અંદર તેનું નામ છે. પુનમની અંદર તે અમદાવાદ હોય, સુરત હોય, કે બોમ્બેથી યાત્રાળુઓ વધારેમાં વધારે આવે છે. અમારી મુશ્કેલી એ છે કે, આજે પણ શનિ–રવિમાં વધારેમાં વધારે લકઝરી મારફતે યાત્રાળુઓ ત્યાં આવતાં હોય છે. તેને કારણે એક પણ દિવસ એવો નહીં હોય કે ત્યાં ટ્રાફિક જામ નહીં થયો હોય. મેં અગાઉના દિવસોમાં પણ નાણામંત્રીશ્રીને વિનંતી કરી છે કે, ડાકોરની અંદર નગરપાલિકાએ સર્વે કરેલો છે તે જ પ્રમાણે એક બાયપાસ જો કરી દેવામાં આવે તો ડાકોરનો મોટામાં મોટો પ્રશ્ન હલ થાય એવી મારી માનનીય મંત્રીશ્રીને નમ્ર વિનંતી છે. યાત્રાધામ

હોવાને કારણે ત્યાં પાર્કીંગની મુશ્કેલી છે. ટ્રાફિક જામ થઇ જાય છે તેના કારણે બે-બે, પાંચ-પાંચ કિલોમીટર સુધી લોકો ખૂબ હેરાન થાય છે તેના માટે આયોજન કરે એવી હું તેમને વિનંતી કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ખરેખર યાત્રાધામને વિકસાવવા માટે જેટલો વધારે પ્રયત્ન કરીએ એટલો રાજયને ફાયદો છે. બીજા રાજયોનો પણ મેં જયારે પ્રવાસ કર્યો છે ત્યારે ત્યાં પણ વધારેમાં વધારે યાત્રાળુઓ જઇને તે રાજયની અંદર યાત્રાળુઓ મારફતે રાજયને ઘણો એવો ફાયદો થાય છે. રાજયની અંદર યાત્રાધામ વિકાસ બોર્ડ બનાવ્યું, સારું છે. હું માનું છું ત્યાં સુધી એ યાત્રાધામની અંદર દા.ત. ડાકોર, અંબાજી કે સોમનાથ હોય તો તેના સ્થાનિક ધારાસભ્યને તે કમિટીની અંદર મૂકવા જોઇએ એવુ મારું સૂચન છે. કારણ કે સ્થાનિક હોવાને કારણે, સ્થાનિક પરિસ્થિતિનો તેને વધારે ખ્યાલ આવે, તે સૂચન કરી શકે. તેઓ આ પક્ષના છે કે પેલા પક્ષના તે મહત્વનું નથી પણ તે ધારાસભ્ય તરીકે અંદર મૂકે એવું એક મારું સૂચન છે. હું માનું છું ત્યાં સુધી યાત્રાધામ તરીકે ઘણા વખતથી ચાલે છે. મેં વારંવાર રજૂઆત કરી પણ ધારાસભ્ય તરીકે એક પણ મિટીંગમાં બોલાવતા નથી એને કારણે ખરેખર જે વિકાસ થવો જોઇએ, જે પ્લાનીંગ થવું જોઇએ તે પ્લાનીંગ નથી થતું તેના કારણે દિવસે અને દિવસે મુશ્કેલીઓ વધતી જાય છે. અંબાજીની અંદર પ્લાનીંગ થયુ તેના કારણે જે દુકાનો તોડી પાડી હતી તે દુકાનોને વિકલ્પ મળ્યો. તેની રોજી રોટી ચાલુ રહી. ડાકોરની અંદર જે દુકાનો તોડી નાખી, વેપારીઓનો જે ધંધો બંધ થઇ ગયો તેનો વિકલ્પ ના મળ્યો તેના કારણે તેમનું કુટુંબ રફે દફે થઇ ગયુ. મારે ના કહેવું જોઇએ કેટલાક કુટુંબોએ આપઘાત પણ કર્યા અને ડાકોર પણ છોડી દીધું.

માનનીય અધ્યક્ષશ્રી, દુકાન એ એક જ ધંધો તેમની પાસે હોય છે બીજો કોઇ તેમની પાસે ધંધો નથી. તેમની પાસે નોકરી નથી હોતી તેના કારણે એક વિકલ્પ આપ્યો હોત તો ખરેખર તે કુટુંબના આપણને પણ આશીર્વાદ મળ્યા હોત. કોર્ટ મેટર થઇ પણ તેમને અત્યાર સુધી કોઇ વિકલ્પ મળ્યો નથી તો માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું કે આ બાબતની અંદર પણ તપાસ કરીને તેમને વિકલ્પ મળે તો સારું. ડાકોરની અંદર હજુ પ્લાનીંગ છે બીજી દુકાનો તોડવા માટેનું પ્લાનીંગ છે તો એ પ્લાનીંગની અંદર પણ વિકલ્પ આપે એવુ મારું તેમને નમ્ર સૂચન છે. ડાકોરની અંદર વન વે થઇ શકે એવો છે. કારણ કે યાત્રાધામ તરીકે બહુ વધારે વિકસ્યુ છે ત્યારે વન વે થઇ શકે છે. એ વન વેની અંદર પણ આયોજન કરવામાં આવે તો ટ્રાફિક પણ ઓછો થઇ જાય અને યાત્રાળુઓને પણ વધારેમાં વધારે સગવડ મળી શકે. કેન્દ્ર સરકાર પણ યાત્રાધામ તરીકે મદદ કરે છે. પછી તે દ્વારકા હોય કે સોમનાથ હોય તેને પણ કેન્દ્ર મારફતે મદદ કરવામાં આવે છે. મારે બીજુ વધારે કહેવું નથી કે સરકારની તિજોરીમાં જે પૈસા ભેગા થાય છે ત્યારે તે પૈસા પ્રજાના, ટેકસના પૈસા હોય ત્યારે, આપણાં રાજયનો વિકાસ કરવાની આપણે વાત કરતાં હોઇએ ત્યારે આપણા રાજયને ભારતની સંસ્કૃતિ પ્રમાણે હું માનું છું ત્યાં સુધી સંતો અને મહંતોનું જ ગુજરાત છે. અને વધારેમાં વધારે મંદિરો પણ ગુજરાતની અંદર છે ત્યારે આ દેવસ્થાનોનું યાત્રાધામ તરીકે વધારેમાં વધારે વિકાસ કરવા માટે સરકાર પ્લાનીંગ કરે. જાહેરાતો માટે ૩ વર્ષમાં ૭૦ કરોડ રૂપિયા ખર્ચી નાખે તે બરાબર નથી. જાહેરાતો તો થયા કરવાની, અગાઉના વર્ષોમાં ગરબાઓ ગવાતા હતા, અગાઉના વર્ષોમાં પતંગોત્સવ થતા હતા, રમતોત્સવ થતા હતા. પણ તેનો અર્થ એ નથી કે ગરબા ગાવા માટે બહારથી કોઇને બોલાવવા પડે, અને મોટા ખર્ચાઓ કરવા પડે, ગરબાઓ તો ગામડાંમાં બહેનો વર્ષોતી ગાથી આવી છે. પતંગોત્સવ વર્ષોથી ગામડાંના અને શહેરોના યુવાનો સારી રીતે રસ લઇને ઉજવતા આવ્યા છે. તેની પાછળ વધારે પૈસા જે ખર્ચાય છે જાહેરાતો પાછળ વધારાના પૈસા ખર્ચાય છે તેની સામે મારો વાંધો છે. હું વધારે કહેવા માગતો નથી પણ માનનીય મંત્રીશ્રીને એટલું જ કહીશ કે મેં જે વાત કરી તે પ્રમાણે સિદ્ધપુર, બહુચરાજી, રચોલી ગામની અને ડાકોરની પણ મેં વાત કરી છે તેની અંદર આ સૂચનો પ્રમાણે આયોજન કરે એટલી વિનંતી કરું છું.

શ્રી આત્મારામ મ. પરમાર(ગઢડા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના મંત્રીશ્રી માગણી નંબર ૯૨ અને ૯૫ લઇને આ સભાગૃહ સમક્ષ આવ્યા છે ત્યારે હું તેને સમર્થન આપીને મારા વિચારો વ્યકત કરું છું. માનનીય મંત્રીશ્રી રમણભાઇએ આ માગણીઓ રજૂ કરી ત્યારે તેમના ચહેરાના હાવભાવમાં હું જબ્બરજસ્ત કોન્ફીડન્સ જોઇ રહ્યો હતો.

અધ્યક્ષશ્રી : તમે કયાંથી ચહેરો જોયો હોય?

શ્રી આત્મારામ મ. પરમાર : સામે ટી.વી.માં દેખાય ને સાહેબ, અને છે તેના કરતા સારુ દેખાય સાહેબ, આ કોન્ફીડન્સ એટલા માટે છે કે જે સમાજનું માનનીય શ્રી રમણભાઇ પ્રતિનિધિત્વ કરે છે તે સમાજ માટે વિકાસ યોજનાનો ભરપુર થાળ લઇને તેઓ આ સભાગૃહ સમક્ષ આવ્યા છે. મારા સાથી મિત્ર અમિતભાઇએ એવી ટકોર કરી કે આ સરકારે છાત્રાલયો માટેની કોઇ જોગવાઇ કરી નથી, પણ મેં કહ્યું એમ સરસ મજાનો થાળ છે, પણ એમના ધ્યાન બહાર રહી ગયું હોય અથવા એવું થાય છે કે થાળ મજાનો હોય, પણ એમાંથી ભાવતું ભોજન જ આપણે લઇએ, આમાં આજે સો કરોડ રૂપિયા જેવી માતબર રકમની છાત્રાલય માટેની આ બજેટમાં જોગવાઇ કરવામાં આવી છે તે મારે એમના ધ્યાન પર મૂકવું છે. ૩૨ હજાર જેટલા દીકરા-દીકરીઓ ભણી શકે તેવી જોગવાઇ આ બજેટમાં છે અને ૩૦૦ થી ૩૫૦ જેટલા છાત્રાલયો બને, ૨૨૫ તાલુકાઓ અને તાલુકા કક્ષા સુધી છાત્રાલયોનું આયોજન થઇ શકે તે પ્રકારની આ વખતના બજેટમાં ૬૪૦ કરોડ રૂપિયા જેવી જંગી રકમની વહીવટી મંજૂરી આપવાનું કામ પણ થયું છે. ત્યારે મારે એ કહેવું છે કે સ્વરાજય મળ્યું પણ સ્વરાજય મળ્યા પછી સુરાજયની શરુઆત થવી જોઇએ તે થઇ શકી નહીં, અને અમારી એવી પરિસ્થિતિ કે ''મળી માં ભોમને મુકિત, છતાં તકરાર બાકી છે, ગરીબોને ગરીબીની હજુ વણઝાર બાકી છે'' એ પરિસ્થિતિમાંથી બહાર કાઢવાનું કામ સુરાજયમાં શરૂ થયું છે સ્વરાજય મળ્યા પછી નહીં, અને એ સુરાજયની શરૂઆત ગુજરાત રાજયના માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીએ કરી છે.

મારે વાત એટલા માટે કરવી પડે છે કે જે યોજનાઓ આવી છે, એ માટે મારે મારા કોંગ્રેસના સાથી મિત્રોને એમના સમયની પણ વાત કરવી છે. ૧૯૮૫-૯૦માં બજેટની જોગવાઇની કેટલી રકમ હતી? ૨.૮૬. ટોટલ બજેટની સાહેબ. સાહેબ અમને કેટલી રકમ મળી ૨૦૦ રૂપિયા, ૫૦૦ રૂપિયા કયાંક ૨,૦૦૦ રૂપિયા કે ૫૦૦૦ રૂપિયા આપવામાં આવતા હતા. દેશને આઝાદી મળી ત્યારે અમને કહેવામાં આવ્યું હતું કે તમને સત્તાના ભાગીદાર બનાવીશું પરંતુ કોંગ્રેસ સત્તામાં ભાગીદાર નહિ કોંગ્રેસે આ સમાજની સાથે •(xxxxxx) જેવું વર્તન કરીને એને ટૂકડા અને બટકા નાખવાનું કામ કર્યું હતું.

અધ્યક્ષશ્રી : માનનીય આત્મારામભાઇ, (xxxxxx) શબ્દ અસંસદીય છે તેથી એને હું રેકર્ડમાંથી દૂર કરું છું.

શ્રી આત્મારામ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી એ શબ્દો હું પાછા ખેંચી લઉં છું. મારે માનનીય શૈલેષભાઇને વાત કરવી છે કે એ વખતે અમને કેટલી રકમ મળતી હતી અને આજે કેટલી રકમ મળે છે. તે વખતે અમને બે હજાર રૂપિયા આપવામાં આવતા હતાં જયારે આજે અનુસૂચિત જાતિના દીકરા દીકરીઓ પાઇલોટ બનવા જાય તો એને ૨૦ લાખ રૂપિયા જેવી રકમનો ચેક ગુજરાતના મુખ્યમંત્રીશ્રી હસતે મોંઢે આપે એ પ્રકારનું વાતાવરણ ગુજરાતમાં નિર્માણ થયું છે. તમે કોઇને પાંચ હજારનીય લોન આપી આપી હતી ખરી? તમે મરઘા-બતકા આપતા હતા એ પણ સાંજે પાછા બે તો પૂરા થઇ જાય. વિદેશ સહાય માટેની યોજના આ સરકારે શરૂ કરી છે એમાં આજે દસ લાખ જેવી રકમ આપવામાં આવે છે. માનનીય અમિતભાઇએ કહ્યું કે બેંકમાંથી મળે છે તમે જાવ તો ખરા કે જામીન વગર તમને આપે તો? અહીંયા કોઇ જામીન નહિ, એવા કેટલાય પ્રસંગો જોયા છે. એવા ગરીબ મા-બાપના દીકરાઓ જયારે આ ચેક લેવા આવે છે ત્યારે એની આંખમાંથી હર્ષના આંસુઓ આવે છે એનું કોઇ વિવરણ થઇ શકે નહિ અને આ પ્રકારની યોજનાઓ સરકાર લઇને આવી રહી છે ત્યારે કોંગ્રેસ દ્વારા અમારા પૂર્વજોની લાગણીઓનો દુરૂપયોગ થયો છે. સત્તાના સિંહાસન પર પહોંચવા માટે દલિતોનો એક સીડી તરીકે ઉપયોગ થયો છે અને સત્તાના સિંહાસન પર પહોંચ્યા પછી ઠોકર મારવાનું કામ થયું છે ત્યારે એટલું જ કહીશ કે દલિતોએ વર્તમાન રાજકારણના શેષનાગ જેવા છે. શેષનાગ બ્રહ્માંડમાં પાતાળમાં રહે છે, પણ એ શેષનાગ સહેજ પડખું ફેરવે તો બ્રહ્માંડ હલી ઉઠે છે. આ વર્તમાન રાજકારણમાં દલિતો શેષનાગ જેવા છે એના મતદાનની તરાહ બદલેને એટલે ભલભલી સરકારો અને સલ્તનતોને હેઠે લાવે છે એ કામ અને શકિત દલિત સમાજમાં છે ત્યારે આવનારા દિવસોમાં આ સમાજની શકિતને પારખીને એના વિકાસ માટે, વંચિતોના વિકાસ માટે, દલિતોના

• આ શબ્દ માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર રેકર્ડમાંથી દૂર કરવામાં આવેલ છે.

વિકાસ માટે, પીડિતોના વિકાસ માટે શ્રમિકોના વિકાસ માટે, શોષિતોના વિકાસ માટે જે યોજનાઓ લઇને માનનીય મંત્રીશ્રી આવ્યા છે એમાં મારો સૂર પૂરાવું છું અને એમની માગણીઓને સમર્થન આપું છું.

શ્રી મણીલાલ જે. વાઘેલા(વડગામ) : માનનીય અધ્યક્ષશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના મંત્રીશ્રી અનુસૂચિત કલ્યાણની માગણી ક્રમાંક ૯૫ લઇને આવ્યા છે તે સંબંધમાં મારા વિચારો વ્યકત કરું છું.

માનનીય આત્મારામભાઇ પરમારે માનનીય મંત્રીશ્રીના ચહેરાની વાત કરી, પણ હું એમ કહીશ કે ચહેરે દેખો દિલકો દેખો, માનનીય મંત્રીશ્રીનું દિલ અનુસૂચિત જાતિ કલ્યાણ માટેનું વિશાળ છે પણ એ લાગણીઓ દિલમાંથી બહાર આવે અને વહીવટમાં એની અનુભૂતિ થાય અને દલિતોને એનો લાભ મળે એ જોવા હું વિનંતી કરું છું.

માનનીય આત્મારામભાઇએ દલિતોની ભાગીદારની વાત કરી. કેન્દ્રની યુ.પી.એ. સરકારની દલિતોના અધિકાર અને ભાગીદારીની વાત કરીએ તો મીરાકુમાર જેવા દલિત સંસદસભ્યને લોકસભાના અધ્યક્ષ બનાવ્યા છે. આ સરકાર વિકાસની મોટી મોટી વાતો કરે છે આંકડાઓની •(xxxxxx) છે.

અધ્યક્ષશ્રી : (xxxxxx) શબ્દ આપણે રેકર્ડમાંથી દૂર કરીએ છીએ.

શ્રી મણીલાલ જે. વાઘેલા : એ અંગે હું એક પંકિત કહેવા માગું છું.

"આંકડાથી પેટ ભરવાની અહીં જયાં વાત છે,
ભૂખ માટે ના કશું રંધાય આ બજેટમાં.
વાત ઢંઢેરામાં ગરીબી દૂર કરવાની કરે,
લેશ, ના, તેની પ્રતિતિ થાય આ બજેટમાં.
છે ગરીબી ચીજ શું તે તેમને કયાં છે ખબર,
શું ગરીબોનું ભલું પણ થાય આ બજેટમાં."

માનનીય અધ્યક્ષશ્રી, અનુસૂચિત જાતિના લોકોના આર્થિક અને સામાજીક ઉત્કર્ષ માટે કેન્દ્રની કોંગ્રેસની સરકાર વખતે સ્વ. ઈંદિરા ગાંધી વડાપ્રધાન હતા, યોગેન્દ્રભાઇ મકવાણા તેમના પ્રધાનમંડળમાં હતા તે વખતે ૧૯૮૦-૮૫ની છઠ્ઠી પંચવર્ષીય યોજનામાં કેન્દ્ર સરકારે સ્પેશિયલ કોમ્પોનન્ટ પ્લાનના નામે એક યોજના શરૂ કરી. આ યોજના અનુસૂચિત જાતિ સબ પ્લાનના નામે ઓળખાઇ. આમ કરવા પાછળનો આશય અનુસૂચિત જાતિ, જનજાતિ માટે ખાસ અલગ નાણાકીય જોગવાઇઓ કરી, તે માટે અલગ બજેટહેડ રાખી, વળી આ જાતિઓના આર્થિક વિકાસ માટેના નાણા અન્ય હેતુઓ કે વર્ગો માટે ન વપરાય તે હતો. ભારત સરકાર તથા પ્લાનીંગ કમિશને દરેક રાજયોને આદેશ આપેલ, છતાં તે આદેશ પ્રમાણે બજેટમાં અનુસૂચિત જાતિઓ માટે ૭ ટકા જોગવાઇ કરવામાં આવતી નથી. કેન્દ્ર સરકાર તથા પ્લાનીંગ કમિશનના આદેશ મુજબ અનુસૂચિત જાતિની વ્યક્તિઓને વ્યક્તિગત, કુટુંબ અને નાના કસબાના લીધે સીધો લાભ મળતો હોય તે જ યોજનાઓનો સમાવેશ અનુસૂચિત જાતિ પેટા યોજનામાં કરી શકાય. પણ સામાન્ય જનતાની સાથે અનુસૂચિત જાતિઓને પણ જે તે યોજનાનો લાભ મળતો હોય તેનો અનુસૂચિત જાતિ પેટા યોજનામાં સમાવેશ કરી શકાય નહીં. આમ છતાં, આવી અનેક બાબતોને પેટા યોજનામાં ઘણી મોટી રકમોની જોગવાઇ સાથે સમાવેશ કરવામાં આવેલ છે. દા.ત. યુનિવર્સિટીઓના વિકાસ અને વિસ્તાર માટે ૧૦ કરોડ, રાષ્ટ્રીય ગ્રામીણ સ્વાસ્થ્ય અભિયાન માટે ૩૪ કરોડ, પ્રસૂતિ અને બાળ આરોગ્ય ચિરંજીવી યોજના માટે ૧૩.૫૦ કરોડ, ગ્રામીણ પાણી પુરવઠા યોજના ૬૦ કરોડ, સરદાર પટેલ આવાસ યોજના ૮૧.૯૭ કરોડ, સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ હેઠળ વિકાસલક્ષી કામો માટે મહાનગરપાલિકાઓને સહાયક

• માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દ રેકર્ડમાંથી દૂર કરવામાં આવેલ છે.

અનુદાન ૭૫ કરોડ, સ્વર્ણિમ  જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના ૧૩૦ કરોડ, વચવંદના યોજના ૨૨.૬૮ કરોડ, ખાસ પોષણ કાર્યક્રમ ૭.૪૮ કરોડ, કોન્ટુર, પાળા, નાળા છાંદવા, ઢોળાવ ખેતી, મોજણી અને નિભાવ સહિત ભૂમિ સંરક્ષણ ૧૩.૮૦ કરોડ, ઠારણ કેન્દ્રો અને વિશાળ કુલરો, આ વિશાળ કુલરો અને અનુસૂચિત જાતિને શું લેવાદેવા? આવા કાર્યક્રમો પાછળ ૧૫.૧૧ કરોડ, મિશન મંગલમ ૧૭.૫૩ કરોડ, માળખાકીય સુવિધા ૨૫.૬૫ કરોડ, માર્ગો અને મોટા પુલો ૨૬૯.૮૫ કરોડ આ તો કેટલાક અંશો આપ્યા છે. આમ, આ લાયન શેર જનરલ યોજનાઓ પાછળ કરવામાં આવે છે, જયારે અનુસૂચિત જાતિઓને સીધો લાભ મળે છે તેવી યોજનાઓ પાછળ નોમીનલ, ફકત નામની જ દેખાડવા પૂરતી જોગવાઇઓ કરવામાં આવે છે. આવી બધી યોજનાઓના કારણે સબપ્લાન હેઠળની કુલ જોગવાઇ મોટી દેખાય છે, જયારે વાસ્તવિકતા મેં જણાવી તે પ્રમાણેની છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારું આ સૂચન છે કે રાજયની ખાસ અંગભૂત યોજના એટલે કે સબ પ્લાન હેઠળની તમામ નાણાકીય જોગવાઇઓ સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ હસ્તક મૂકવી જોઇએ.

માનનીય અધ્યક્ષશ્રી, બનાસકાંઠા અને કચ્છ જિલ્લાના એક પ્રશ્નમાં માનનીય વન મંત્રીશ્રીએ જવાબ આપેલો અને એ જવાબમાં અનુસૂચિત જાતિ કલ્યાણ હેઠળની યોજના હેઠળ સ્મશાન સગડીઓ પાછળ આટલો ખર્ચ કરવામાં આવ્યો. મારી આ વિભાગ હેઠળ ગ્રાન્ટ મૂકવાની માગણી એટલા માટે છે કે વન ખાતા હેઠળ મૂકેલી આ યોજના સામાન્ય રીતે કચ્છ, સાબરકાંઠા, મહેસાણા, પાટણ આ જિલ્લામાંથી હું આવું છું. એટલે અનુસૂચિત જાતિના લોકોમાં આજે પણ ત્યાં દફનાવવાનો રિવાજ છે. બાળવાનો રિવાજ નથી. તો આખી યોજના જે ખરેખર અનુસૂચિત જાતિને લાગુ પડતી નથી. આમ છતાં અનુસૂચિત જાતિના કલ્યાણ માટેની આ યોજનામાં ખર્ચ પાડવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, ડો.બાબાસાહેબ આંબેડકરની વાત કરીએ તો ડો.બાબાસાહેબ આંબેડકરની સ્મૃતિમાં ૧૯૯૨માં ગુજરાતના તમામ જિલ્લાઓમાં ડો.બાબાસાહેબ આંબેડકર ભવન બાંધવાનું અમારી સરકારે નક્કી કર્યું હતુ. આ પાછળનો આશય એ હતો કે, આ ભવન સામાજિક ચેતનાના કેન્દ્ર બને, એમાં નાનકડું મ્યૂઝિયમ હોય, લાયબ્રેરી હોય. દલિત સમાજના લોકો પોતાના જિલ્લામાં લાભ લઇ શકે. મારે દુઃખ સાથે કહેવું છે કે, હજુ તમે માત્ર ૧૩ ભવનો બાંધી શક્યા છો. માનનીય મંત્રીશ્રી મારા વતનના જિલ્લાનું પ્રતિનિધિત્વ કરે છે. સાબરકાંઠા જિલ્લામાં આજે પણ કેટલાય આત્મવિલોપન સાથેના આવેદનપત્રો અપાયા છે. તેમ છતાં આ કામ પૂરું થયું નથી. હાલના સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી ૨૦૦૦થી ૨૦૦૭ સુધી સમાજ કલ્યાણ મંત્રી હતા ત્યારે તેમણે આ જ ગૃહમાં જાહેરાત કરી હતી કે, રાજ્યના તમામ તાલુકા મથકે મીની ડો. બાબાસાહેબ આંબેડકર ભવન બાંધવામાં આવશે. આજે છ વર્ષ થયા, મીની ડો.બાબાસાહેબ આંબેડકર ભવન બાંધવા માટેની કોઇ કિટ મૂકાઇ નથી. ત્યારે માત્ર વાતો કરીને દલિત સમાજને ગુમરાહ કરવાની પોલ ખુલ્લી પડી ગઇ છે.

માનનીય અધ્યક્ષશ્રી, ડો.બાબાસાહેબ આંબેડકર આવાસ યોજના કોંગ્રેસના શાસન વખતે ચાલુ થયેલ અને તેમાં નક્કી કરેલ કે જે લોકો બી.પી.એલ. નથી. સામાન્ય રીતે ગામડામાં જોઇએ તો અનુસૂચિત જાતિના ૨૫થી ૩૦ ટકા માણસો આ બી.પી.એલ. યાદીમાં છે. ખરેખર વાસ્તવિક રીતે જોઇએ તો આ લોકો ગરીબ છે. તેમના માટે ડો.બાબાસાહેબ આંબેડકર યોજના અમલમાં મૂકવામાં આવેલ. પરંતુ આ સરકારે આ યોજનામાં પણ બી.પી.એલ. દાખલ કરી. બી.પી.એલ. માટે ઈન્દિરા આવાસ યોજનામાં જોઇએ તેટલા મકાનો મળે છે અને કેન્દ્ર સરકારની આ યોજના છે. બી.પી.એલ.ના લાભાર્થીઓને એનો લાભ મળે છે. બી.પી.એલ. નથી તેવા અનુસૂચિત જાતિના લોકોને ડો.બાબાસાહેબ આંબેડકર આવાસ યોજનાનો લાભ આપવાના આશય સાથે આ યોજના શરૂ કરેલ. પરંતુ ભારતીય જનતા પાર્ટીની સરકાર સત્તામાં આવી અને દલિત સમાજની યોજનામાં મોટો કાપ મૂકી દીધો અને માત્ર બી.પી.એલ.ને જ લાભ મળે તેવા નુકસાનવાળી નીતિ અમલમાં મૂકી દીધી. એના કારણે ખરેખર ગરીબ છે એને લાભ મળતો બંધ થઇ ગયો. ડો.બાબાસાહેબ આંબેડકર આવાસ યોજનામાં મંત્રીશ્રીને સૂચન છે કે, જે લોકો બી.પી.એલ. નથી તેવા લોકોને પણ આ યોજનાનો લાભ મળે એવું ફરીથી કરે.

શ્રી બાલકૃષ્ણભાઇ ના. પટેલ(ડભોઇ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પ્રવાસન અંગેની ૫૧ નંબરની માગણી લઇને આવ્યા છે તેને સમર્થન આપવા માટે હું ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત એ એવું છે જે દેવોની કર્મભૂમિ, સંતો અને ઋષિ મુનિઓની ભૂમિ છે. ગુજરાતીઓ હંમેશાં પ્રવાસ માટે ખૂબ આતુર હોય છે. વિશ્વનો કોઇ ખૂણો બાકી નહીં હોય કે જ્યાં ગુજરાતીઓ વસ્યા નહીં હોય. ગુજરાતીઓએ એકપણ પ્રવાસનું સ્થળ બાકી નહીં રાખ્યું હોય કે જ્યાં તેઓ પ્રવાસ માટે ગયા નહીં હોય. ચાહે હરિદ્વાર હોય, અમરનાથ હોય, કૈલાસ માન સરોવર હોય, કાશ્મીર હોય, કન્યા કુમારી હોય, તમામ સ્થળોએ હરહંમેશ જ્યારે જઇએ ત્યારે ગુજરાતીઓ વસેલા હોય છે. માનનીય મુખ્યમંત્રીશ્રીને વિચાર આવ્યો કે, જ્યારે પ્રવાસ માટે ગુજરાતીઓ હરહંમેશ દરેક સ્થળે જતા હોય છે ત્યારે આપણે ગુજરાતને પણ પ્રવાસમાં નંબર વન કેમ ન બનાવવું? જ્યારે પ્રવાસ ક્ષેત્રે ખૂબ જ સુંદર રીતે ગુજરાતને વિકસાવવામાં આવ્યું છે અને ગુજરાતમાં તમામ પ્રવાસના ક્ષેત્રોએ, તમામ સ્થળોએ ખૂબ સુંદર રીતે આયોજન કરી સરકારનો અને મુખ્યમંત્રીશ્રીનો અભિગમ છે કે, ગુજરાતને પણ પ્રવાસ ક્ષેત્રમાં નંબર વનનું સ્થાન મળવું જ જોઇએ. ઋષિ મુનિઓ અને દેવોની આ પવિત્ર ભૂમિ છે. મહાત્મા ગાંધી, સરદાર પટેલ, સંતો, મહંતોની ભૂમિ, ભગવાન સ્વામિનારાયણની ભૂમિ, પ્રમુખ સ્વામી બાપાની ભૂમિ, જલારામ બાપાની ભૂમિ, સંત મહારાજ સંતરામ મહારાજની ભૂમિ એવા અનેક સંતોની જ્યારે જન્મ ભૂમિ હોય ત્યારે શ્રી કૃષ્ણ ભગવાનના દર્શન કરવા માટે ગોકુલ વૃંદાવન જતા હોય.

અધ્યક્ષશ્રી : આપનું પ્રવચન ચાલુ રહેશે. વિરામનો સમય થયો છે, સભાગૃહ સવારના ૧૧.૦૦ વાગ્યે ફરીથી મળશે.

**(વિરામ સવારના ૧૦.૩૦થી ૧૧.૦૦)**

**અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

અધ્યક્ષશ્રી : ઓર્ડર.. ઓર્ડર..

શ્રી બાલકૃષ્ણભાઇ ના. પટેલ (ક્રમશઃ) : માનનીય અધ્યક્ષશ્રી, હું જે વિસ્તારની અંદરથી આવી રહ્યો છું એ વિસ્તારની અંદર ચાંદોદ અને કરનાળી ખૂબ પવિત્ર યાત્રાધામ છે. ત્રિવેણી સંગમ છે અને ત્યાં ગુજરાતના જ નહીં દુનિયાભરના ઘણા ત્યાં અંતિમક્રિયા માટે આવતા હોય છે. એમના અસ્થિ પધરાવવા પણ આવતા હોય છે. એમની એક વાત છે, કે ત્યાં કર્ણ રાજાએ કૃષ્ણ ભગવાન પાસે વરદાન માગેલું હતું કે કુંવારી ધરતી હોય ત્યાં મારા મૃત્યુ બાદ મારું દહન કરવામાં આવજો. એ દહન કરવા માટે કરનાળી ગામ અને ચાંદોદ ત્રિવેણી સંગમ છે અને એ ત્રિવેણી સંગમની અંદર માનનીય મુખ્યમંત્રીશ્રીએ ૨૫ કરોડનું એક આયોજન મૂકેલું છે એમને હું મારા વિસ્તાર તરફથી આવકારૂ છું. દર અમાસના દિવસે એક લાખથી પણ વધુ સંખ્યામાં યાત્રાળુઓ આવતા હોય છે. શ્રદ્ધાળુઓ આવતા હોય છે. ત્યાં એક કુબેર ભંડારીનું મંદિર છે. કુબેર ભંડારીના મંદિરમાં ખૂબ જ શ્રદ્ધાપૂર્વક આવતા હોય છે. કુબેર ભંડારી એમની દરેક મનોકામના ઇચ્છાપૂર્ણ કરતા હોય છે. દરેકને કુબેર આશીર્વાદ આપતા હોય છે. એમનો ભંડાર પણ ના ખૂટે એવા કુબેરભંડારીના આશીર્વાદ છે. એની સામે નજીકમાં નાની અને મોટી પનોતી આવેલી છે. નાની મોટી પનોતી એવી છે કે જો ઘણા મિત્રોને નાની મોટી પનોતી નડતી હોય, વિપક્ષના મિત્રોને હું કહેવા માગુ છું કે કોઇ નાની મોટી પનોતી હોય હોય તો નાની મોટી પનોતીના દર્શન કરી આવે તો નાની મોટી પનોતી દૂર થાય. ખૂબ સુંદર મજાનું રળિયામણું સ્થળ છે. નર્મદા કિનારે છે અને નાની મોટી પનોતીઓ...

અધ્યક્ષશ્રી : તમે દર્શન કરી આવજોને, એ પછી તમારા દર્શન કરી લેશે.

શ્રી બાલકૃષ્ણભાઇ ના. પટેલ : અમે તો દર્શન કરીએ જ છીએ એટલે નાની મોટી પનોતી પણ ખૂબ સુંદર યાત્રાનું સ્થળ છે. ચાંદોદ, ત્રિવેણી સંગમ અને નર્મદાનો વિકાસ ખૂબ થઇ રહ્યો છે. અહલ્યાઘાટ મધ્યપ્રદેશની અંદર જેવો બનેલો છે એવો જ નર્મદાજીના કિનારે અહલ્યાઘાટનું આયોજન કરેલ છે. ૨૫ કરોડ અંદાજીત ખર્ચ છે. ખૂબ સરસ રીતે યાત્રાધામ વિકસે એવું ચાંદોદ પણ છે. માનનીય મુખ્યમંત્રીશ્રીના આશીર્વાદથી આ ચાંદોદ વિકાસધામ વિકસી રહ્યું છે. ખૂબ સુંદર રીતે પ્રવાસન નિગમ થઇ રહ્યું છે. આજ રીતે ચાંદોદની અંદર દેવમંદિરો પણ આવેલા છે. અને જયારે કૃષ્ણ ભગવાનના દર્શન કરવા માટે મથુરા,

રામચંદ્ર ભગવાનના દર્શન કરવા માટે અયોધ્યા અને બાર જયોતિર્લીંગના દર્શન કરવા માટે ગુજરાતમાં સોમનાથ એ ખૂબ સુંદર રીતે વિકસી રહેલું સ્થળ છે, અને કૃષ્ણ ભગવાનના દર્શન કરવા માટે દ્વારકા અને ડાકોર ખૂબ સુંદર રીતે કૃષ્ણ ભગવાનના ધામો વિકસાવ્યા છે ત્યારે પ્રવાસન તરીકે ખૂબ સુંદર રીતે ગુજરાતનો વિકાસ થઇ રહ્યો છે. સાપુતારા પણ એક વિકસતું પ્રવાસનધામ તરીકે પ્રદુષણમુકત શહેર ખૂબ સુંદર રીતે થઇ રહ્યું છે. માનનીય મંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે એમને હું સમર્થન આપુ છું.

શ્રી મેઘજીભાઇ અ. ચાવડા(કાલાવડ) : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહમાં સભ્ય તરીકે પ્રથમ વખત મારી વાત રજૂ કરવાની તક મળવા બદલ મતદારથી લઇને નરેન્દ્રભાઇ મોદી સુધીનો હું ઋણી છું.

માનનીય અધ્યક્ષશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના માનનીય મંત્રીશ્રી રમણભાઇ વોરા સાહેબ તેમના વિભાગની માગણી નં. ૯૪ અને ૯૫ જે લઇને આવ્યા છે એમાં મારૂ સમર્થન આપવા માટે હું ગૃહમાં ઉપસ્થિત થયો છું. જયારે જનસંઘની સ્થાપના થઇ ત્યારે પંડિત દીન દયાળજીએ કહ્યું હતું દરિદ્રતાના અંતિમ પગથીયે બેઠેલો વ્યકિત અમારા માટે પ્રથમ છે અને આજ વિચારધારા સાથે ચાલતી પાર્ટી એટલે ભારતીય જનતા પાર્ટી. બાબાસાહેબ આંબેડકરે જયારે ભીષ્મ પ્રતિજ્ઞામાં આક્રોશ વ્યકત કર્યો હતો ત્યારે એમણે એ શબ્દો કહેલા હતા કે તિરસ્કૃત ગુલામીથી અમાનુષી અન્યાયમાં સબડતા સમાજમાં મારો જન્મ થયો છે. તે સમાજની ગુલામી નષ્ટ કરવામાં મને સફળતા નહીં મળે તો હું મારી જાત ઉપર ગોળી ચલાવી લઇશ. આ શબ્દોમાં જે ગરીબો માટેની પીડા દેખાય છે, જે સંવેદનશીલતાનો રણકો દેખાય છે એ જ રણકો ગુજરાતના માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબમાં દેખાય છે. કેન્દ્ર સરકારે ચૂંટણીની અંદર કહ્યું હતું ૧૦૦ દિવસમાં ગરીબી હટાવુ છું પરંતુ ગરીબી તો હટી નહીં પણ ગરીબોને દૂર કર્યા. ગરીબોના બેલી આદરણીય નરેન્દ્રભાઇ મોદીએ ચારે તરફ ફેલાયેલી ગરીબી સામે ગરીબ કલ્યાણ મેળા યોજીને યુદ્ધ છેડયું છે એમાં કવિની પંકિત યાદ આવે છે,

'' મારે જયોતિ બનીને જલવું છે, મારે તેલ બળીને બળવું છે.
ગરીબીના ફેલાયેલા લશ્કર સામે મારે અડગ થઇને લડવું છે.''

માનનીય અધ્યક્ષશ્રી, દલિતોના પ્રશ્ન બહુ નાના હોય છે અને આ પ્રશ્ન સમજવા અને સૂલઝાવવા માટે સાચી સંવેદનાની જરૂરત છે. પંડિત દીનદયાળજીએ જે એકાત્મ માનવવાદની જે વાત કરી છે એને જે સમજે તેને જ આ વાત સમજાય છે. દરેક વ્યક્તિમાં ઇશ્વરે એક પ્રકારની વિશિષ્ટ શકિત આપેલી છે. જે શકિત ઓળખવાની જેનામાં તક હોય, આવડત હોય, સમજણ હોય એ જ સમજી શકે છે. માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે આ તકને ઝડપી લઇને સાર્થક કરી બતાવ્યું છે ત્યારે બેઠેલા મારા વિધાનસભાના સાથીઓને કહેવા માગુ છું કે,–

**વો ડૂબતા હે તો પાની કો દોષ દેતા હે, વો ગીરતા હે તો પત્થરો કો દોષ દેતા હે !**
**વો કોંગ્રેસવાલેભી બહોત અજીબ હે,જો કુછ નહિ કર પાતા વો કિસ્મત કો દોષ દેતા હે !**

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતમાં સામાજિક સમરસતા અને નવચેતના પ્રગટ કરનાર એમના સમગ્ર રાજયની પ્રજામાં સર્વાંગી વિકાસનો જેમણે મહામંત્ર રાજ્યના દરેક ક્ષેત્રે અભૂતપૂર્વ કામગીરી કરી છે, એવા આધુનિક ગુજરાતના સ્વપ્ન દ્દષ્ટા જેમના નેતૃત્વમાં છેલ્લા ૧૦ વર્ષમાં અનેકવિધ યોજનાઓ અનુસૂચિત જાતિના વિકાસ માટે સાકાર થઇ છે, જેનો સંપૂર્ણ શ્રેય જતો હોય તો માનનીય નરેન્દ્રભાઇ મોદી સાહેબને જાય છે. જૂનાગઢમાં ભક્ત નરસિંહ મહેતાના દીકરીનું મામેરું કરવા માટે ભગવાન જાતે આવ્યા હતા, તેમાં આ સરકાર હજારો દલિત દીકરીઓના લગ્નનો ખર્ચ ઉઠાવવા માટે તૈયાર થઇ છે. ૧૦૦૦થી શરૂ કરીને આ યોજનામાં હાલ ૧૦,૦૦૦ સુધીની સહાય કરવામાં આવે છે. આ કુંવરબાઇના મામેરાં યોજનામાં કુલ ૧,૧૨,૫૫૬ કન્યાઓને કુલ ૫૬.૮૬ કરોડની સહાય છેલ્લા ૧૦ વર્ષમાં આપી છે.

માનનીય અધ્યક્ષશ્રી, આર્થિક રીતે પછાત હોય તેવા વિદ્યાર્થીઓને ગ્રેજ્યુએટ થયા બાદ અભ્યાસ છોડી ના દે તેના માટે રાજ્ય સરકારે પોસ્ટ ગ્રેજયુએટમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને રહેવા માટે હોસ્ટેલની સુવિધા કરી છે. સરકાર દ્વારા પ્રિ.એસ.એસ.સી. શિષ્યવૃત્તિ યોજના હેઠળ વર્ષ ૨૦૧૨માં અનુસૂચિત જાતિના ૭લાખ ૭૦ હજાર વિદ્યાર્થીઓને ૮૬.૧૫ કરોડની સહાય કરવામાં આવેલ છે. શાળામાં ગણવેશ સહાય પણ

આપવામાં આવે છે. ૨૦૧૨-૧૩માં અનુસૂચિત જાતિના ૨,૨૨,૮૯૦ વિદ્યાર્થીઓને ૫.૭૭ કરોડના ખર્ચે ગણવેશ આપવામાં આવેલ છે. છેલ્લા ૧૦ વર્ષમાં સરસ્વતી સાધના સાઇકલ યોજના હેઠળ અનુસૂચિત જાતિની ૮૧,૬૪૦ કન્યાઓને રૂ.૧૩.૯૯ કરોડના ખર્ચે સાઇકલ સહાય યોજનામાં આપવામાં આવેલ છે.

શ્રી ગ્યાસુદીન હ. શેખ(દરિયાપુર) : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય સામાજિક ન્યાય મંત્રીશ્રી રમણભાઇજે માગણીઓ લઇને આવ્યાં છે એના ઉપર મારા વિચારો પ્રસ્તુત કરવા આ સન્માનનીય સભાગૃહ સમક્ષ ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, જ્યારે રાજ્યપાલના પ્રવચનની અંદર મેં વાંચ્યું એમાં સરકારે જે વાત લખી છે કે, ગુજરાતના મુસ્લીમોની કે લઘુમતિઓની પરિસ્થિતિ સમગ્ર ભારતની અંદર સૌથી વધારે સારી છે અને એની અંદર સચ્ચર સમિતિના અહેવાલનો દાખલો ટાંકવામાં આવ્યો છે. લઘુમતિ સમાજની જો કોઇ સારી પરિસ્થિતિ થઇ હોય કે પ્રગતિ કરી હોય તો કમસેકમ એનો જશ લેવાની ભારતીય જનતા પાર્ટીને અને આ મોદી સરકારને કોઇ જ હક નથી અને એની પાછળના કારણો છે કે, સચ્ચર કમિટીની હોળી કરનારા લોકો સચ્ચર કમિટીના દાખલાઓ આપતા હોય તો હું કહું છું કે, સચ્ચર કમિટીની તમને મનગમતી બાબતો હોય એ તમે લોકોની વચ્ચે મૂકતા હોય, એક પણ સચ્ચર કમિટી માટે લાગણી હોય અને લઘુમતિ સમાજ માટે લાગણી હોય તો સચ્ચર કમિટીનો અમલ ગુજરાત સરકાર કેમ નથી કરતી? માનનીય અધ્યક્ષશ્રી, હું મંત્રીશ્રીને કહેવા માગુ છું કે, ૨૦૦૭ થી ૨૦૦૫ની જે પાંચમી પંચવર્ષીય યોજના હતી એની અંદર ૧૨૮૭૦૬ કરોડ રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે. ૧૨૮૭૦૬ કરોડ રૂપિયા હોય એની અંદર ફકત ૯૩ કરોડ રૂપિયા માયનોરિટી સમાજ માટે મૂકવામાં આવતા હોય. એનો અંદાજ મૂકવામાં આવતો હોય. અને દુઃખની બાબત તો એ છે કે, જયારે એનો ખર્ચ કરવાનો વારો આવે તો ત્યારે એ ૭૬ કરોડ રૂપિયા ખર્ચવામાંથી, ૧૩ કરોડ રૂપિયા પડ્યા રહે તો હું માનું છું કે, કેવી આ સદ્ભાવના છે અને કેવો આ સૌનો સાથ અને સૌનો વિકાસ છે? માનનીય અધ્યક્ષશ્રી, સૌનો સાથ સૌનો વિકાસ કે સદ્ભાવનાની વાતો કરવાથી સદ્ભાવના થતી નથી. સદ્ભાવના માટે પવિત્ર વિચાર જોઇએ, સાચા હૃદયે કામ કરવાની ભાવના જોઇએ અને ખેવના જોઇએ. માનનીય અધ્યક્ષશ્રી, જયારે 0.04 % જ માયનોરિટી માટે મૂકવામાં આવતું હોય તો હું માનું છું કે, ૬૦ લાખની વસ્તી ધરાવતા લઘુમતિ સમાજ અને એ સિવાયના પણ બીજા ઘણા સમાજો છે એ માટે એ ઘણું જ અપૂરતું છે.

માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યપાલશ્રીના પ્રવચનની અંદર જે મનગમતા તારણોની તારવણી કરવામાં આવી એ પછી જ્યારે એ બાબતે અમે પણ વાત કરી હતી છાપાઓના માધ્યમો દ્વારા પણ કે આ જે આંકડાઓ છે એ આંકડાઓ તદ્દન જેને કહેવાય કે મનગમતા આંકડાઓ છે, એ માત્ર અર્ધસત્ય છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતની અંદર મુસ્લિમોની પરિસ્થિતિની વાત કરું, તો ગુજરાતની અંદર મુસ્લિમોની પરિસ્થિતિની અંદર એમને જે પ્રિ-મેટ્રિક સ્કોલરશીપ છે, જે એમનો અધિકાર છે, એ કેન્દ્ર સરકારે પ્રિ-મેટ્રિક સ્કોલરશીપ માટેની યોજના જાહેર કરી છે. એના ૧૪ કરોડ રૂપિયા, રાજય સરકારે એનું અમલીકરણ ના કરતાં એ પાછા ગયા છે. બાબત તો એ છે કે, વિધાનસભામાં જ્યારે આ પ્રશ્ન મેં ઉપાડ્યો હતો, ત્યારે એ પ્રશ્ન બૂકમાં પણ છપાઇ ગયો હતો પણ છેલ્લી ઘડીએ એ પ્રશ્નને રદ કરી દેવામાં આવ્યો. માનનીય અધ્યક્ષશ્રી, જયારે આ બાબતે, બહુ કમનસીબ બાબત કહેવાય કે, લઘુમતિ સમાજના વિદ્યાર્થીઓના માટે હાઇકોર્ટના દ્વાર ખખડાવવા પડ્યા. હાઇકોર્ટની અંદર આ મેટર ચાલી, હાઇકોર્ટની અંદર પાંચ જજોની લાર્જર બેન્ચે કહ્યું કે, આ લઘુમતિ સમાજને પ્રિ-મેટ્રિક સ્કોલરશીપ આપવી એ એમના માટે એ બંધારણીય અધિકાર છે અને એ એમની યોગ્યતા છે એ પછી પણ કરોડો રૂપિયાની મોટા વકીલોને ફી ચૂકવણી કરવામાં આવી અને અત્યારે પરિસ્થિતિ એવી છે, કે આ યોજનાનો અમલ નથી થતો અને સુપ્રીમ કોર્ટમાં જવાની તૈયારી આ સરકાર કરી રહી છે. માનનીય અધ્યક્ષશ્રી, આ કઇ બાબત છે? જો તમે એજ્યુકેશનની અંદર પણ રાજકારણ લાવો તો એ હું માનું છું કે, એનાથી વધારે કોઇ કમનસીબ ઘટના હોઇ શકે નહીં.

માનનીય અધ્યક્ષશ્રી, લઘુમતિ બોર્ડની વાત કરું ગુજરાતની અંદર, તો લઘુમતિ બોર્ડ મૃતઃપાય હાલતમાં છે. લઘુમતિ બોર્ડને કોઇ રાજય સરકાર, એક કરોડ રૂપિયા સિવાય એની અંદર કોઇ એને ભંડોળ

આપતી નથી. બીજી હું આપને વાત કરું કે, વકફ બોર્ડની રચના છેલ્લા ૧૧ વર્ષથી રાજ્ય સરકારે કરેલી છે અને રાજ્ય સરકારે એની અંદર ખાલી જેને કહેવાય, રાજકીય કારણોસર એની અંદર જે ચેરમેન છે એની નિમણૂંક કરવામાં આવી. પરિસ્થિતિ એવી છે કે, વકફ બોર્ડ કે જેનું કામ છે સાચવણી અને જાળવણી, જે કબ્રસ્તાનો હોય કે મદ્રેસાઓ હોય એ પણ મૃતઃપાય હાલતની અંદર વકફ બોર્ડ અત્યારે અસ્તિત્વમાં છે. એનું જે સંચાલન થઇ રહ્યું છે એ ફક્ત ને ફક્ત સાત ટકા જે ટ્રાન્સફર ફી આવે છે અને જે ધાર્મિક ટ્રસ્ટો છે એ જે નફો કરે છે, એમાંથી જે સાત ટકા ટેક્સ ભરે છે, એ સાત ટકાના ટેક્સની ઉપર જે મળે છે એના ઉપર એનો નિભાવ ચાલી રહ્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું આપને કહેવા માગુ છું કે, વડાપ્રધાનશ્રીના ૧૫ મુદ્દાના કાર્યક્રમની જાહેરાત કરી હતી એને આજે સાત–સાત વર્ષ થઇ ગયા. નાણામંત્રીશ્રીના અધ્યક્ષસ્થાને ૧૫ મુદ્દાના કાર્યક્રમના અમલીકરણ માટેની કમિટી બનાવવામાં આવી હતી. એ વખતે નક્કી કરવામાં આવ્યું હતું કે, આના માટે જિલ્લા સ્તરે કલેકટર લેવલે અને ડી.ડી.ઓ. લેવલે ત્યાં સુધી કમિટીઓ બનાવવામાં આવશે અને દર વર્ષે એનું મોનીટરીંગ કરવામાં આવશે. પણ બહુ કમનસીબ બાબત એ છે કે, અત્યાર સુધી એની એક પણ મિટિંગ કરવામાં આવી નથી.

માનનીય અધ્યક્ષશ્રી, હજ કમિટીની વાત કરું તો, હજની અંદર ગુજરાતના જે હાજીઓ છે, એમને જે ૨૦૦૧ની વસ્તી ગણતરીના આધારે ફક્ત ૩.૫ ટકાની ગણતરી મૂકી અને આપણને એના માટેની સંખ્યા, હાજીઓ માટેની સંખ્યાની કેન્દ્ર સરકાર દ્વારા ફાળવણી થાય છે. અમે તો ત્યાં રજૂઆત કરી જ છે પરંતુ રાજ્ય સરકાર ત્યાં હજ કમિટીને પણ રજૂઆત કરે તો ઓછામાં ઓછા ગુજરાતના સાત હજાર હાજીઓને દર વર્ષે અહીંથી જવા માટેની પરવાનગી મળી શકે એમ છે.

માનનીય અધ્યક્ષશ્રી, કમનસીબ બાબત તો એ છે કે, લઘુમતિ જે વિસ્તાર હોય એમને પ્રાથમિક સુવિધાઓ, ટેક્સ ભરતા હોય એ પ્રાથમિક સુવિધાઓ માટે પણ હાઇકોર્ટના દ્વાર ખખડાવવા પડતા હોય છે. આમાંથી પ્રતિત થાય છે કે, આ રાજ્ય સરકાર એ કઇ રીતનું ભેદભાવભર્યા વાતાવરણનું નિર્માણ કરી રહી છે.

માનનીય અધ્યક્ષશ્રી, યાત્રાધામ વિકાસ બોર્ડની વાત કરું તો, યાત્રાધામ વિકાસ બોર્ડની અંદર પણ જેટલી બધી જાહેરાતો ખૂશ્બુ ગુજરાત કી આવે છે, એ જાહેરાતોની અંદર એક પણ જગ્યા એવી નથી કે, જેની અંદર કોઇ લઘુમતિ કે મુસ્લિમ સમાજના કોઇ ઐતિહાસિક સ્થળની એની અંદર જાહેરાતની અંદર કે એના પ્રચાર કે પ્રસાર માટે મૂકવામાં આવી હોય? માનનીય અધ્યક્ષશ્રી, આ ક્યાં, સૌનો સાથ અને સૌનો વિકાસ એ મારા મગજમાં આ વાત આવતી નથી. *(xxxxxx) (અંતરાય)

અધ્યક્ષશ્રી : એ શબ્દો કાઢી નાખવામાં આવે છે. એ ધારાસભ્યનું આડકતરી રીતે એ અપમાન કહેવાય. એમ તો દાખલા પણ હશે કે (xxxxxx) એટલે કોઇ આપણે કમ્પેરિઝન નહીં કરવી, તમારું પ્રવચન ચાલુ રાખો, એ શબ્દો આપણે કાઢી નાખીએ છીએ.

**શ્રી ગ્યાસુદીન હ. શેખઃ** (xxxxxx) અને ગુજરાતની અંદર બે સમાજની અંદર કટુતા રહે, બે સમાજની અંદર દ્વેષ રહે એ રીતનો પ્રચાર અહીંયા કરવામાં આવે છે.

અધ્યક્ષશ્રી : (xxxxxx) શબ્દ આપણે કાઢી નાખીએ છીએ.

શ્રી ગ્યાસુદીન હ. શેખ : સદ્ભાવનાની અંદર જયારે ૫૧ જાતની વિવિધ પ્રકારની પાઘડીઓ પહેરવામાં આવે છે. પાઘડી પહેરવાથી કોઇ હિન્દુ નથી થઇ જતુ. અને ટોપી પહેરવાથી કોઇ મુસ્લિમ નથી થઇ જતુ. ટોપી અને પાઘડી તો સન્માનનું પ્રતિક છે. ૫૧ પાઘડીઓ પહેરાવવામાં આવતી હોય પરંતુ એક ટોપી જો કોઇ મૌલવી પહેરાવવા આવે તો એ ટોપી પહેરવામાં આવતી નથી. દેખાડવી છે સદ્ભાવના. વડાપ્રધાન બનવું છે એટલે રાષ્ટ્રની અંદર પોતાના માટે સ્વીકૃતિ ઉભી થાય, એન.ડી.એ.માં પોતાના માટે સ્વીકૃતિ ઉભી થાય એ માટે સદ્ભાવનાની વાતો કરવી અને ગુજરાતની અંદર ગુજરાતના મતદારો આઘાપાછા ન થાય એના માટે દસ ટકા જે લઘુમતી સમાજ છે એનાથી ૯૦ ટકા જે અમારા બહુમતી સમાજના લોકો છે એમની અંદર

* આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાખવામાં આવ્યા છે.

ભયનું વાતાવરણ ઉભું કરવું, એમની અંદર અસુરક્ષાની ભાવના ઉભી કરી અને દ્વેષ કરીને મત લેવાનું કામ આ ભારતીય જનતા પાર્ટી કરે છે. જે (xxxxxx) સરકારે બંધ કરવી જોઇએ.

અધ્યક્ષશ્રી : (xxxxxx) એ શબ્દો કાઢી નાખવામાં આવે છે.

શ્રી ગ્યાસુદીન હ. શેખ : માનનીય અધ્યક્ષશ્રી, જે રીતના હું જોઉં છું, આપે પણ જોયું છે કે જયારે સદ્ભાવનાની વાત સરકાર કરતી હોય પણ સરકારના એક સિનિયર મંત્રી અહીંયા બેસીને જાતિવાચક શબ્દનો ઉપયોગ કરતા હોય છે. આપે પોતે જોયું છે કે કેટલી કટુતા છે તો આપે પણ વિચારવું જોઇએ કે તમે કંઇ આપો કે ન આપો લઘુમતી સમાજ તમારી પાસે બીજી કોઇ લાંબી અપેક્ષા રાખતા પણ નથી અને તમારી દયાની કે તમારી રહેમની એમને જરૂર પણ નથી. અમને તો ફકત અમારા અધિકારો જોઇએ છે. બંધારણે જે અમને અધિકારો આપ્યા એ અધિકારો અમારે લેવા છે.

અધ્યક્ષશ્રી : ધાર્મિક વાતાવરણમાં અમે અને તમે ન આવે તમારે જે કહેવું હોય એ કહો અમારે કાંઇ જરૂર નથી. અમારી કે તમારી એવી કમ્પેરીઝન ન હોય, જ્ઞાતિવાદ કે ધર્મવાદ અહીં ન હોય. તમે એ સિવાયનું બોલો.

શ્રી ગ્યાસુદીન હ. શેખ : જ્ઞાતિવાદ કે ધર્મવાદ સરકાર કરે છે હું તો બહુ ગર્વ સાથે કહેવા માગું છું કે અમારો ગુજરાતનો કે હિન્દુસ્તાનનો હિન્દુ સમાજ છે એ અમારા મોટાભાઇ સમાન છે અને હિન્દુ સમાજના સાથ અને સહકારથી જ અમે વિકાસ કર્યો છે. અમારા વિકાસમાં ભારતીય જનતા પાર્ટી કે એમના નેતાનો કોઇ ફાળો નથી. અમે જે કંઇ વિકાસ કર્યો છે એ વિકાસની પાછળ જે અમે મહેનત કરી છે એ મહેનત કરી અને હિન્દુ ભાઇઓની સાથે ખભેખભા મિલાવીને જે અમે પ્રયાસો કર્યા છે એમાં જ અમે સફળ થયા છીએ. પરંતુ કેટલાક લોકોને આ એકતાની ભાવના ગમતી નથી કેમકે એમની રાજકીય દુકાનો બંધ થઇ જાય એમ છે. મુખ્યમંત્રીશ્રી જયારે રાજકોટથી ચૂંટણી લડયાને ત્યારે એમને પણ શ્વાસ અદ્ધર થઇ ગયા હતા પછી જયારે કમનસીબ ઘટના ગુજરાતની અંદર બની એ કમનસીબ ઘટનાને લીધે જયારે સદ્ભાવનાની જરૂર હતી એ વખતે આ મુખ્યમંત્રીશ્રી ગૌરવ યાત્રા લઇને ગુજરાતની અંદર નીકળ્યા હતા. ગુજરાતની અંદર જરૂર છે સદ્ભાવનાની.

દિલીપકુમાર વી. ઠાકોર(ચાણસ્મા) : માનનીય અધ્યક્ષશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જે એમની માગણીઓ લઇને આ વિધાનસભા સમક્ષ આવ્યા છે એમાં હું મારું સમર્થન આપું છું અને મારા વિચારો રજૂ કરું છું. ગુજરાતમાં ભારતીય જનતા પાર્ટીની સરકાર, એક વિકાસની સરકાર, વિશ્વાસની સરકાર અને વંચિતોની સરકાર તરીકે ગુજરાતમાં આગળ આવી રહી છે. હું જયારે આ માગણીઓના સમર્થન માટે બોલવા ઉભો થયો છું ત્યારે સર્વધર્મ સમભાવ કે અનેકતામાં એકતા, વસુદૈવ કુટુંબકમની ભાવના ચરિતાર્થ કરવા માટે માનનીય મુખ્યમંત્રીશ્રી અને સરકારે કયારેય કોઇ પ્રયત્નો બાકી રાખ્યા નથી. સવાલ માત્ર દ્રષ્ટિનો છે. બક્ષીપંચ સમાજ હોય, એસ.સી. સમાજ હોય, એસ.ટી. સમાજ હોય, લઘુમતી સમાજ હોય કે પછી બહુમતી સમાજ હોય આ તમામ સમાજોને સામાજિક રીતે આગળ લાવવા માટે, સમૃદ્ધ કરવા માટે અને એમને મદદરૂપ થવા માટે હંમેશા પ્રયત્ન આ વિભાગ મારફત થતા આવ્યા. આ સમાજના ઉત્થાનના પ્રયત્નો પણ થઇ રહ્યા છે. અન ટુ ધી લાસ્ટ માટેના પ્રયત્નો કર્યા છે. જેમ કે શૈક્ષિણક, આર્થિક અને ઉત્કર્ષની યોજના હોય, આરોગ્યની યોજના હોય, કે પછી ગૃહની યોજના હોય આ તમામ રીતે આ સરકાર આ સમાજને આગળ લાવવા માટેના પ્રયત્નો કરી રહી છે.

સામાજિક શૈક્ષણિક રીતે પછાત વર્ગોના સમાજને આગળ લાવવો હોય તો સૌ પ્રથમ આ સમાજની અંદર શિક્ષણને દાખલ કરવાની જરૂરિયાત દેખાય છે અને એટલા માટે જ આ વિભાગ મારફત બક્ષીપંચ સમાજને ભણતર મળી રહે, એમની આર્થિક પરિસ્થિતિ ઉજ્જવળ બને એના માટે સૌ પ્રથમ ભણાવવાની જરૂરિયાત દેખાતી હોય છે અને ભણતર માટે આ સરકારે અથાગ પ્રયત્ન આ રાજયની અંદર કર્યા છે. આ રાજયમાં આશ્રમશાળા ચલાવીને બક્ષીપંચના અને મજૂર વર્ગના લોકો ત્યાં આગળ રહી શકે આ આશ્રમશાળામાં ભણી શકે અને ભણીને આગળ આવી શકે એના માટેના અથાગ પ્રયત્નો આ વિભાગ દ્વારા કરવામાં આવી રહ્યા છે. એટલા માટે આ રાજયની અંદર ૧૮૭ જેટલી આશ્રમશાળાના માધ્યમથી લાખો

વિદ્યાર્થીઓને ભણતર અને સેવા આપવાનું કામ આ વિભાગ મારફત કરવામાં આવી રહ્યું છે. બક્ષીપંચના વિદ્યાર્થીઓ માટે ૭૨૩ જેટલા બક્ષીપંચના છાત્રાલયો આ રાજ્યની અંદર ચલાવવામાં આવી રહ્યા છે. બક્ષીપંચના વિદ્યાર્થીઓને ભણવું હોય, ભણીને આગળ આવવું હોય, ભણવામાં હોંશિયાર હોય, પરંતુ આર્થિક પરિસ્થિતિ નબળી હોવાના કારણે બક્ષીપંચના પછાત વર્ગના વિદ્યાર્થીઓ ભણવા માટે બહાર જઇ શકતા નથી. આ સરકારે અને રાજ્યના મુખ્યમંત્રીશ્રીએ એની ચિંતા કરી ગરીબોના બેલી થવાનો અભિગમ ઉપાડ્યો. બક્ષીપંચના વિદ્યાર્થીને વિદેશ ભણવા જવું હોય, વધારે આગળ ભણવું હોય તો કેવી રીતે ભણી શકે, ખર્ચ ક્યાંથી કરી શકે, એટલા માટે ભણવા જવા માટે એમને આર્થિક મદદ કરવા માટે લોન કરવા માટે ૨૪૨ લોકોને વિદેશ મોકલવાનું કામ આ સરકાર મારફત કરવામાં આવ્યું છે.

સમયના અભાવે વધારે કહી નહિ શકું. કેટલીક બાબતો આપને આ સન્માનનીય ગૃહ સમક્ષ મુકવા માગું છું. જ્યારે ગુજરાતની અંદર આવા બક્ષીપંચના લોકો હોય, બીજા સામાન્ય રીતે શૈક્ષિણક રીતે પછાત વર્ગના લોકો હોય, એને હંમેશા આર્થિક રીતે મુસીબતમાંથી બહાર આવી શકે એના માટેના અનેક પ્રયત્નો કર્યા છે. કુંવરબાઇનું મામેરું યોજના હોય કે સમુહલગ્ન સાતફેરા યોજના હોય કે રહેવા માટેનાં મકાન માટેની યોજના હોય કે બીજી અનેક પ્રકારની યોજના હોય એ બધી યોજનાનો અમલ કરવા માટેનું કામ આ રાજ્ય સરકાર અને મુખ્યમંત્રી દ્વારા કરવામાં આવી રહ્યું છે. આ રાજ્યના મુખ્યમંત્રીશ્રી દ્વારા હિન્દુસ્તાનની અંદર ગરીબ માણસોનો કોન્ફીડન્સ વધે એના માટેના પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે.

અધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થયું. શ્રી કેશાજીભાઇ.

શ્રી કેશાજી શિ. ચૌહાણ(દિયોદર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી રમણભાઇ વોરા સાહેબ જે માગણીઓ લઇને આવ્યા છે, એમને સમર્થન આપીને હું મારા વિચારો વ્યક્ત કરું છું.

ગુજરાતે દેશ અને દુનિયાને અનેક વીર પુરુષોની ભેટ આપી છે. પૂજ્ય મહાત્મા ગાંધી અને સરદાર સાહેબના ગયા પછી સમગ્ર દેશ અને દુનિયામાં ગુજરાતને જો કોઇએ ગૌરવ અપાવ્યું હોય તો એ આ ગૃહના નેતા નરેન્દ્રભાઇ મોદીએ અપાવ્યું છે. આજે દુનિયા દેશને નરેન્દ્રભાઇ મોદીના નામે ઓળખે છે, એવા નરેન્દ્રભાઇ મોદી આ ગૃહના નેતા છે અને ગૃહના સભ્ય હોવાનું મને ગૌરવ છે. સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગમાંથી હું આવું છું. ભૂતકાળમાં આ વર્ગોની દુર્દશા જોઇ અને તેથી એમને મદદરૂપ થવાના આશય સાથે જાહેર જીવનમાં હું આવ્યો છું અને દિયોદર વિસ્તારના તમામ વર્ગોના સાથ અને સહકારથી હું આ ગૃહનો સભ્ય બન્યો છું. આપના માધ્યમથી દિયોદર વિસ્તારની જનતાનો આભાર વ્યક્ત કરું છું અને આપશ્રીએ હું જે વર્ગમાંથી આવું છું એ વર્ગની ચર્ચામાં ભાગ લેવા માટે આ ગૃહમાં પહેલી વખત બોલવાનો મોકો આપ્યો તે બદલ આભાર વ્યક્ત કરું છું અને મારા જીવનને ધન્ય ગણું છું.

ભૂતકાળની સરકારોએ અને અન્ય પછાત વર્ગની માત્ર વાતો જ કરી. એમના માટે કોઇ નક્કર આયોજન ના કર્યુ, જેના કારણે પછાત વધુ પછાત બનતો ગયો અને ગરીબ વધુ ગરીબ બનતો ગયો અને ભૂખ્યા જનોનો જયારે જઠરાગ્નિ જાગે ત્યારે શું થાય તે આપ જાણો છો. એટલે જે થવાનું હતું તે થઇને રહ્યું. શાસકો, તે વખતના શાસકો વિરોધપક્ષમાં જઇને રહ્યા. વર્તમાન સરકાર અને રાજયના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીએ સત્તાના સૂત્રો સંભાળતાંની સાથે જ નક્કી કર્યુ કે પછાતપણું એ આપણું કલંક છે, આ દેશનું કલંક છે અને તે કલંકને નાબૂદ કરવા માટેનો તેમણે મક્કમ નિર્ધાર કર્યો. કવિના શબ્દોમાં કહું તો **ડગ જો અસ્થિર હોય તો મંઝીલ નથી જડતી, મન જો મક્કમ હોય તો હિમાલય નથી નડતો.** માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રીએ સૂત્ર આપ્યું કે **ન ધરા સુધી ન ગગન સુધી મારે જવું છે છેવાડાના માનવી સુધી.** માનનીય નરેન્દ્રભાઇ મોદીએ સત્તાના સૂત્રો સંભાળતાં વહીવટી તંત્ર અને રાજયના લોકોને આહ્વાન કર્યુ કે **આવો જલાયે દીપ જહાં અભી ભી અંધેરા હૈ.**આ રાજય સરકારે સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોની ઉન્નતિ માટેના અનેક કાર્યક્રમો જાહેર કર્યા. માનનીય મુખ્યમંત્રીશ્રીએ અને રાજય સરકારે નક્કી કર્યુ કે પછાતોનું પછાતપણું જો દૂર કરવું હશે તો શિક્ષણ એક વિકલ્પ છે. નરેન્દ્રભાઇના શબ્દોમાં કહું તો પછાતપણું દૂર કરવાનો એકમાત્ર રામબાણ ઈલાજ શિક્ષણ છે અને એટલે રાજય સરકારે સમાજનો કોઇપણ વર્ગ શિક્ષણથી વંચિત ન રહે તેના માટેના કાર્યક્રમો જાહેર કર્યા. તેના માટે શાળા પ્રવેશોત્સવ અને કન્યા

કેળવણી મહોત્સવ જેવા કાર્યક્રમો જાહેર કર્યા અને અમારા બનાસકાંઠાના સૂઇગામ જેવા વિસ્તારોમાં આવી અમારા પછાત ઠાકોર સમાજની દીકરીનો હાથ પકડી તેને નિશાળના ઝાંપા સુધી મૂકવાનું પુણ્યશાળી કામ નરેન્દ્રભાઇ મોદીએ કર્યુ છે ત્યારે તેવા નરેન્દ્રભાઇ મોદીને હું વંદન કરું છું, અભિનંદન આપું છું. આ રાજય સરકારે આ સમાજ માટે જે પગલાં લીધા તે બદલ તેમને અભિનંદન આપું છું અને મંત્રીશ્રી વિકાસલક્ષી જે માગણી લઇને આવ્યા છે તેમને મારું સમર્થન આપું છું. આપ સૌએ મને શાંતિથી સાંભળ્યો તે બદલ આપનો આભાર. ભારત માતાકી જય.

શ્રી પુનમભાઇ મા. પરમાર(સોજીત્રા) : માનનીય અધ્યક્ષશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જે બજેટની દરખાસ્ત લઇને આવ્યા છે તેના પર મારા મંતવ્યો રજુ કરું છું. માનનીય અધ્યક્ષશ્રી, પહેલું દુઃખ તો મને એ છે કે અમારા ઠાકોરો દિલના ભોળા. *(xxxxxx) આ પહેલું દુઃખ છે.

અધ્યક્ષશ્રી : એક મિનિટ, આ શબ્દો કાઢી નાંખીએ છીએ. કઇ કોમને કયાં શું સ્થાન આપ્યું તે આપણે આ વિધાનસભાની અંદર ન કહી શકીએ.

શ્રી પુનમભાઇ મા. પરમાર : અમારા ઓ.બી.સી.ના મતો ઢગલાબંધ મળ્યા છે. કાઢી નાંખો. માનનીય અધ્યક્ષશ્રી, મને આ ગૃહની અંદર બીજું દુઃખ છે. અનુસૂચિત જાતિ, જનજાતિ અને ઓ.બી.સી. માટેની માગણીઓની ચર્ચા સાંભળવા મહત્વના ખાતા ધરાવતા એકપણ મંત્રી અમારી માગણી સાંભળવા બેઠા નથી. આ બીજું દુઃખ છે. સરકાર છેવાડાના માનવી માટે ઘણી જ લાગણી અને ચિંતા બતાવવાના દેખાવ અને (xxxxxx) પરંતુ વાસ્તવિકતા કંઇક જુદી જ છે. વર્ષોવર્ષ બજેટમાં

અધ્યક્ષશ્રી : ભાઇ પૂનમભાઇ (xxxxxx) તે શબ્દો કાઢી નાંખીએ છીએ.

શ્રી પુનમભાઇ મા. પરમાર : કાઢી નાંખો.

અધ્યક્ષશ્રી : આમાં કંઇ રહેશે નહીં પછી.

શ્રી પુનમભાઇ મા. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, બજેટમાં જે જોગવાઇ કરવામાં આવે છે તે ઘણી જ ઓછી અને નામ માત્ર પૂરતી હોય છે. રાજયની કુલ વસ્તી સવા છ કરોડની છે તેમાં ૪૩ ટકા વસ્તી ઓ.બી.સી. છે. એટલે લગભગ અઢી કરોડથી વધારે વસ્તી છે. દેશની કુલ ઓ.બી.સી. વસ્તીમાં લગભગ ૬.૬ ટકાથી વધુ છે. છતાં રાજયના કુલ બજેટમાં સને ૨૦૧૦-૧૧માં ૩૪૬૬૦ કરોડમાંથી ૧૭.૯૨ કરોડ એટલે કે ૦.૫ ટકા. સને ૨૦૧૧-૧૨માં ૫૧ હજાર કરોડ રૂપિયામાંથી માત્ર ૨૬.૧૦ કરોડ રૂપિયા એટલે કે ૦.૫ ટકા થયા. ૨૦૧૩-૧૪ના બજેટમાં ૫૮૫૦૦ કરોડ રૂપિયામાંથી ૩૧.૦ કરોડ રૂપિયા એટલે કે ૦.૫ ટકા જોગવાઇ છે. વસતિ લગભગ ૪૫ ટકા અને બજેટની જોગવાઇ ફકત ૦.૫ ટકા છે. આ કેવો ન્યાય? સરકાર હંમેશાં જયારે કેન્દ્ર સરકારની વાત આવે ત્યારે કહે છે કે, ગુજરાતને અન્યાય થયો છે, ગુજરાતને અન્યાય થયો છે. તો મારો સીધો સવાલ સરકારને છે કે, તમે તમારી પોતાની જનતાને કેવો ન્યાય કરો છો? રાજયના શહેરોમાં ઓબીસીના ૫૬ ટકા કામદાર વર્ગ છે, ગ્રામીણ વસતિની અંદર ૭૬.૭૦ ટકા વસતિ ઓબીસી કામદાર છે. રાજયમાં સાત ટકા ઓબીસી વસતિ સંપૂર્ણ બેરોજગાર છે. ૫૫.૩ ટકા મહિલાઓ એનીમિયાથી પીડાય છે. ૭૧.૭ ટકા બાળકો એનીમિયાના ભોગ બનેલ છે. રાજયની ૧૪૬ જાતિઓનો ઓબીસીમાં સમાવેશ થાય છે. જેમના માટેની બજેટની જોગવાઇ માત્રને માત્ર ૦.૫ ટકા જ હોય છે. જે ઘણો મોટો અન્યાય છે. રાજયના બજેટમાં દલિતો, લઘુમતિ અને અન્ય પછાત વર્ગોના લોકો માટે બજેટની જોગવાઇ ઘણી જ ઓછી છે. આ લોકોનો ત્યારે જ વિકાસ થાય જયારે આ વર્ગના લોકોની જરૂરિયાતો અને તેમના વિકાસને માટે બજેટમાં પૂરતું પ્રાધાન્ય આપવામાં આવે.

માનનીય અધ્યક્ષશ્રી, આ વસતિનો વિકાસ નહીં થવાથી આ વસતિ જયારે જયારે માથું ઉચકે છે ત્યારે ત્યારે એમની ઉપર અત્યાચાર અને દમન થયા છે. આમ, વાસ્તવમાં ભાજપની વિકાસની ગુલબાંગો અસત્ય છે. માનનીય અધ્યક્ષશ્રી, ગઇકાલે સાવકી માતાની વાત કરી. અમને કેન્દ્રની સાથે સાવકી માતાના પુત્રો છીએ એવી વાત ગઇકાલે મારા એક મિત્રએ કરી હતી. મારે એ સાવકી માતાની વાત એટલા માટે કરવી

---

* આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર રેકર્ડમાંથી દૂર કરવામાં આવ્યા.

છે કે, માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતમાં જયારે બાળક જન્મેને, એટલે એની માતા એ બાળકને બોલતાં શીખવાડે, પહેલાં પપ્પા બોલતાં શીખવાડે, પછી એ બાળક પપ્પા બોલતાં શીખી જાય ને, પછી એની માતા એને મમ્મી બોલતાં શીખવાડે, એ બાળક મમ્મી બોલતાં શીખી જાય પછી મામા બોલતાં શીખવાડે, પણ ખરેખર વાત કરું તો આમને સાવકી માતાની અહીયાં જયારથી આ સન્માનનીય ગૃહમાં આવ્યો છું ત્યારથી ત્રણ વાત સાંભળું છું, એમાં માનનીય મુખ્યમંત્રીશ્રીનાં વખાણ, કેન્દ્રની વિરુદ્ધની વાતો અને અસત્ય બોલવાનું અને જોરજોરથી બોલવાનું. એટલા માટે સાવકી માતા એમને કહું છું. (અંતરાય) સાચી માતા હોત તો સાચું શીખવાડ્યું હોત. સત્ય બોલતાં અને પપ્પા અને મામા બોલતાં શીખવાડયું હોત.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી ભૂષણભાઇ ભટ્ટ વચ્ચે વકતવ્યમાં કહેતા હતા કે, અમારા સાહેબને જમાઇ પણ નથી અને છોકરો પણ નથી. એમની વાત સાચી છે પણ આપણા માનનીય મુખ્યમંત્રીશ્રીને દિલ્હીનું ઘેલું લાગ્યું છે. એ તેઓશ્રી ભૂલી ગયા.

માનનીય અધ્યક્ષશ્રી, અમારા ઓબીસી સમાજ માટે જે અન્યાય થયો છે અને જે અમારા માટે બજેટ બનાવ્યું છે તો માનનીય ભૂષણભાઇ ભટ્ટે વાત કરી કે, અમારા મુખ્યમંત્રીશ્રીને કોઇ ખાનાર નથી એટલે ભ્રષ્ટાચાર નથી કરતા. એવો કહેવાનો એમનો ભાવાર્થ હતો પણ આપણા માનનીય મુખ્યમંત્રીશ્રીને દિલ્હી જવું છે, દિલ્હી જાય એની સાથે અમે સહમત છીએ પણ ગુજરાતની •(xxxxxx) એમાં અમે સહમત નથી.

અધ્યક્ષશ્રી : એ ટીકાત્મક શબ્દ કહેવાય એ આપણે દૂર કરીએ છીએ. માનનીય સભ્યશ્રી, હવે આપનું પ્રવચન પૂરું થાય છે.

શ્રીમતી સંગીતાબેન રા. પાટીલ(લીંબાયત) : માનનીય અધ્યક્ષશ્રી, આ સન્માનનીય ગૃહમાં માગણીઓ ઉપર ચર્ચા ચાલે છે ત્યારે હું મારા વિચારો રજૂ કરવા માટેની અનુમતિ માગું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતના માનનીય મુખ્યમંત્રીશ્રીની સરકારે સમાજ સુરક્ષા માટે અને એના કલ્યાણ માટે રાજય સરકારે વિવિધ યોજનાઓ આપી છે. જેવી કે શિષ્યવૃત્તિ, વિકલાંગોને સાધન સહાય યોજના, સંત સુરદાસ યોજના, વિકલાંગોને અપંગ ઓળખકાર્ડ અને રાજય પરિવહન નિગમની બસોમાં મફત મુસાફરી યોજના, નિરાધાર વૃધ્ધો અને નિરાધાર અપંગો માટે આર્થિક સહાય યોજના, રાજય સરકારી વયવંદના યોજના, નિરાધાર વિધવા સહાય યોજના જેવી વગેરે યોજનાઓ આપી છે અને તેનો પારદર્શક અમલ પણ કરવામાં આવેલ છે. જેમાં વ્યક્તિગત જીવન ધોરણ સુધારવાનું, સ્લમ એરિયા અને સેવા વસતિમાં માળખાકીય સુવિધાના કામો, શુધ્ધ પીવાનું પાણી, ગંદા પાણીનો અને ઘન કચરાનો નિકાલ, વીજ જોડાણ, આવાસ સુવિધા, મહિલાઓને મિલ્કતના અધિકારો, આરોગ્ય લક્ષી સેવાઓ, પ્રાથમિક શિક્ષણ, આંગણવાડી, સખી મંડળો દ્વારા મહિલા સશક્તિકરણ, યુવાનો માટે કૌશલ્યવર્ધન જેવા અનેક સુધારણાના કાર્યક્રમો થયા છે અને હવે વર્ષ ૨૦૧૩-૧૪માં શહેરી ગરીબ સમૃધ્ધિ યોજનાનો વ્યાપ વધારી ૨૫૦૦૦ કરોડની યોજના મંજૂર કરી છે. સમાજ સુરક્ષા ખાતા દ્વારા ૨૪ વૃધ્ધાશ્રમો, ૧૩૦૦ જેટલા અંતેવાસીઓને ૩ કરોડની સહાય કરેલ છે. આવી તો અનેક યોજના હતી, વિકલાંગો કે વૃધ્ધોને કોઇ જ જગ્યાએ લાચારી ન ભોગવવી પડે અને માનભેર સમાજમાં જીવી શકે તેવી અમારી સરકારે વ્યવસ્થા ગોઠવી છે.

મહિલા અને બાળ વિકાસ વિભાગે મહિલાઓ માટે સામાજિક સુરક્ષા અને કલ્યાણ માટે વર્ષ ૨૦૧૩-૧૪માં રૂપિયા ૧૬૨ કરોડ ૮૧ લાખ ૩૪ હજારની જોગવાઇ કરી છે. સાથે સાથે આયકરની કચેરી માટે ૬ કરોડ ૭૧ લાખ અને જરૂરી સાધન સામગ્રી માટે ૩.૩૬ કરોડની પણ નવી જોગવાઇ કરી છે. નિરાધાર વિધવા બહેનોને તથા તેમના બાળકોને અપાતી સહાય તેમાં વધારો કરીને રૂપિયા ૫૦૦ થી વધારીને ૭૫૦ રૂપિયા કરવામાં આવી છે. અને નિરાધાર વિધવા બહેનોને ૧ લાખની અકસ્માત વીમા યોજના હેઠળ આવરી લેવામાં આવી છે આ માટે પ્રીમિયમની રકમ અમારી સરકાર દ્વારા ચૂકવાય છે. મહિલા અને બાળ વિકાસ ઉપર મોદી સાહેબની સરકારે ખાસ ધ્યાન આપ્યું છે અને દેશમાં સૌપ્રથમ મહિલાઓ માટેની અલાયદી નીતિ નારી ગૌરવ નીતિ બનાવીને તેનું અમલીકરણ કર્યું છે. આ યોજના હેઠળ ૧૧ લાખ ૭૩ હજાર જેટલા દસ્તાવેજો

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર સભાગૃહની કાર્યવાહીમાંથી દૂર કરવામાં આવ્યા.

મહિલાઓને નામે નોંધાયા છે, જેમાં નોંધણી ફીની રૂપિયા ૪૧૪ કરોડ જેટલી માતબર રકમ મહિલાઓના હિતમાં અમારી સરકારે જતી કરી છે.

હું મારા વિસ્તારની વાત કરુ તો મારા વિસ્તારની આંગણવાડીમાં ભણતા બાળકોમાં એક પણ બાળક કુપોષિત ન રહે તેના માટે પૂરતી કાળજી લેવામાં આવી છે જેમાં કેટલીક એન.જી.ઓ.પણ મદદરૂપ થઇ રહી છે. કુપોષિત બાળકોના મામલે આખા દેશમાં સૌથી વધુ સારું કામ કરવા તરફ મોદીસાહેબની સરકાર જઇ રહી છે. મેં મારા વિસ્તારની ૨૦૦ આંગણવાડી દતક લીધી છે જેમાં અમે બાળકોને પૌષ્ટીક આહાર અને એના માટે અમે બાફેલા મગ, ચણા, ગોળ અને સુખડીનું વિતરણ કરીએ છીએ. સેલ્ફ ફાયનાન્સ કોલેજોમાં અભ્યાસ કરતી વિદ્યાર્થિનીઓને રૂપિયા ૫૦ હજાર સુધીની સહાય આપવાની યોજના શરૂ કરવામાં આવી છે. બાળ કલ્યાણ માટે પણ મોદી સાહેબની સરકારે ૫૦ હજાર જેટલી આંગણવાડીઓ માટે રૂપિયા ૬૦૦ કરોડ કરતા વધુ રકમ ખર્ચીને મકાન નંદઘર બનાવેલ છે. આવી વિવિધ યોજના દ્વારા અને ૧૦૦૦ કરોડ રૂપિયાનો ખર્ચ કરીને તમામ મહિલાઓ માટે અલગ અલગ પ્રકારની યોજનાઓ બનાવી તેઓ માનભેર તેમનું જીવન જીવી શકે તેવી વ્યવસ્થા અમારી સરકારે ગોઠવી છે.

અમારી સરકારે પછાત વર્ગની મહિલાઓના કલ્યાણ વિશે ધ્યાન કેન્દ્રીત કર્યું છે. તેમના માટે અલગ યોજનાઓ કરી જેમાં અનુસૂચિત જાતિની કન્યાઓને વાર્ષિક આવક મર્યાદા ધ્યાને લીધા સિવાય પોસ્ટમેટ્રિક શિષ્યવૃત્તિનો લાભ આપવામાં આવે છે અને એ રીતે ૬૧૦૨ કન્યાઓને ૨.૭૧ કરોડના ખર્ચે આવી શિષ્યવૃતિ આપવામાં આવી છે. વિકલાંગો જે કુદરતી રીતે શારીરિક ખોડંખાપણ સાથે જન્મ્યા છે તેને લાચારીનો ભોગ ન બનવું પડે અને તેઓ પોતાનું જીવન પોતાની રીતે માનભેર જીવી શકે તેના માટેની વિવિધ યોજનાઓ મૂકી છે. વર્ષ ૨૦૧૩–૧૪માં મહિલા અને બાળ વિકાસ વિભાગનું કુલ બજેટ રૂપિયા ૧૮૬૫.૪૫ કરોડ પૈકી રૂપિયા ૧૪૫૫ કરોડ ૮૩ લાખ ૭૧ હજારનો ખર્ચ બાળકો માટે આંગણવાડી કેન્દ્રો દ્વારા પોષણની સેવા આપવા માટે કરવામાં આવનાર છે, જે આ વિભાગના કુલ બજેટની ૮૦.૧૮ ટકા રકમ થશે. સામાજિક સુરક્ષા અને કલ્યાણ માટે રૂપિયા ૨ કરોડ ૮૭ લાખની રકમનો ખર્ચ અમારી સરકાર કરવાની છે. શહેરી ગરીબ સમૃધ્ધિ યોજના હેઠળ શહેરોમાં રોજી રોટી મેળવવા આવતા શ્રમજીવી માટે સુખ શાંતિથી તેમનું જીવન ધોરણ આગળ લાવવાના તેમના સ્વપ્ના સાકાર કરવા માટે ગુજરાતની મોદી સાહેબની સરકારે રૂપિયા ૧૩૦૦૦ કરોડના સંકલિત બજેટની જોગવાઇ અમલમાં મૂકી હતી. અને પ્રથમ પાંચ વર્ષમાં ૫૦ લાખ શહેરી ગરીબોના સર્વાંગી વિકાસના કામો હાથ ધર્યા છે. અમારી સરકારે ૨૭૬૦૦ વિકલાંગ વિદ્યાર્થીઓને ૩.૫૦ કરોડની શિષ્યવૃત્તિ ડિસેમ્બર, ૨૦૧૨ સુધીમાં ચૂકવી છે. ઉપરાંત ૬૧૫૦ વિકલાંગ વિદ્યાર્થીઓને ૨.૧૩ કરોડની સાધન સહાય આપી છે. વિકલાંગ વિદ્યાર્થીઓને એસ.ટી. બસમાં મફત મુસાફરી યોજના હેઠળ ૨,૭૭,૦૦૦ વિકલાંગો માટે ૨૧.૫૪ કરોડ રૂપિયાનો ખર્ચ કરેલ છે, ઉપરાંત નિરાધાર વૃદ્ધો અને નિરાધાર અપંગોને આર્થિક સહાય યોજના હેઠળ સહાયભૂત થવા ૬૯૬૦૦ વ્યક્તિઓને ૧૦ કરોડ રૂપિયાની સહાય કરેલી છે. આ માટે હું આદરણીય માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબને ખૂબ ખૂબ અભિનંદન આપું છું. તેમણે ગુજરાતનો સર્વાંગી વિકાસ કરવા માટે તમામ લોકો પર અને તેમની જરૂરિયાતો પર પૂરતું ધ્યાન આપ્યું છે.

શ્રી નાગરજી હ. ઠાકોર(રાધનપુર) : માનનીય અધ્યક્ષશ્રી, આપના આદેશથી અને આપની કૃપાથી આ ગૃહમાં હું પહેલીવાર ઉભો થયો છું. ભારતીય જનતા પાર્ટી, માનનીય મુખ્યમંત્રીશ્રીના આશીર્વાદથી આપની સામે આવ્યો છું. રાધનપુર વિસ્તારમાંથી હું ચુંટાયો છું. અને સમી તાલુકામાં વઢિયાર વિસ્તારમાં મારું વતન છે. આ વિસ્તાર ખૂબ પછાત વિસ્તાર છે. ભૂતકાળની સરકારમાં આ વિસ્તારના લોકોએ ખૂબ દુઃખ ભોગવ્યું છે. આખા ગુજરાતમાં વધારેમાં વધારે જો કોઇ વિસ્તારમાંથી હિજરત થતી હોય તો તે આ વઢિયાર વિસ્તારમાંથી થાય છે અને ત્યાંથી લોકો હિજરત કરીને સૌરાષ્ટ્ર તરફ મજૂરી માટે જતા હતા એક સમયે. આજની સરકારની મદદથી અને આશીર્વાદથી આ વિસ્તારમાં કેનાલો આવી છે, સમી અને હારીજ બન્ને બોર્ડરવાળો વિસ્તાર છે ત્યાં અમારી રાજપુરા બ્રાન્ચ કેનાલ છે, મારા સમી તાલુકામાં મધ્યમાં એટલે કે મારા પોતાના ગામના સીમાડામાં અમરાપુર બ્રાન્ચ કેનાલ ચાલે છે. તો આ બન્ને કેનાલોના કારણે આજે મારા વઢિયાર વિસ્તારમાં ખૂબ સમૃદ્ધિ આવી છે અને તમે જૂઓ તો ખાલી કોઇ ભા.જ.પ.નો માણસ આવે તો પણ

એને લોકો સલામ કરે છે, આજે આ સરકાર કેટલો બધો વિકાસ કરે છે. એટલું જ નહિ આ કોંગ્રેસના લોકોએ અત્યારસુધીમાં પ્રજાને *(xxxxxx) હતી.

અધ્યક્ષશ્રી : આ શબ્દો હું રેકર્ડ પરથી કાઢી નાંખું છું. ચલાવો ચલાવો આગળ પ્રવચન.

શ્રી નાગરજી હ. ઠાકોર : પણ હવે આ સરકારની મદદથી ખૂબ સારી પ્રગતિ થઇ છે, મારે અભિનંદન આપવા છે ગુજરાતની છ કરોડ જનતાને ગઇકાલે વિપક્ષના એક સભ્યશ્રી બોલતા હતા કે **"વનવાસી"** પણ વનવાસીની એમને ખબર નથી, આપણા ભગવાન રામ પણ વનવાસી થઇને વનમાં ગયા હતા, તેથી તે સમયની આને ઉપમા આપી છે. વનવાસીની આ વિપક્ષના લોકોને ખબર નથી એવી રીતે અમારા મોદી સાહેબ આખા ગુજરાતમાં વનવાસી થઇને શહેરોમાં, ગામડાંઓમાં, ઘરે ઘરે, ગલી ગલીએ ફરી અને છ કરોડ જનતાના આશીર્વાદ લઇને આ ભારતીય જનતા પાર્ટીનો અને ગુજરાતનો વિકાસ કરી રહ્યા છે. આ ભારતીય જનતા પાર્ટીની તાકાત છે, આપના આદેશથી અમારા ઠાકોર અને કોળી સમાજનું જે કંઇ બજેટ આવ્યું છે એને હું મારું સમર્થન આપું છું વિપક્ષના લોકોને મારે કહેવું છે કે આપ બધા અમારી સાથે રહો અને આપણે આ માગણીઓ મંજૂર કરીએ અને એના આધારે ગુજરાતનો વિકાસ કરીએ અને આ લોકોની સુખાકારી વધે તેવી આ માગણીઓ છે.

શ્રી ભોળાભાઇ ભી. ગોહેલ(જસદણ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી  બક્ષીપંચનુ જે બજેટ લઇને આવ્યા છે તેમાં મારા મંતવ્ય રજૂ કરુ છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ ગુજરાત રાજયની અંદર કુલ ૧૪૬ જ્ઞાતિઓ બક્ષીપંચ સમાજમાં છે તેનો સમાવેશ કરેલો છે. ત્યારે આ બજેટમાં જે કુલ ગુજરાત રાજયનું બજેટ છે ૫૮,૫૦૦ કરોડ તેમની સામે આ પછાત જ્ઞાતિઓ માટે કુલ ૬૫૦ કરોડ રૂપિયા જે ફાળવ્યા છે તે મારી ગણતરી મુજબ ઘણું છે. ગુજરાત રાજયની અંદર જે બક્ષીપંચ સમાજ, જે ઓ.બી.સી. સમાજ, જે ગામડાંની અંદર જે જીવન ગુજારે છે તેમાં તેમના બાળકોને જે ભણવા માટેની જે કોંગ્રેસની સરકારમાં જે આશ્રમશાળાઓ સ્થાપી હતી ત્યાર પછી બક્ષીપંચ સમાજ માટે ઘણી આ ભાજપની સરકારમાં નવી છાત્રાલયો ચાલુ કરી છે. જયારે આ વખતના બજેટમાં પણ વધારે આશ્રમશાળાઓ, નવી આશ્રમશાળાઓ ચાલુ થાય તેના માટે દરખાસ્ત કરે અને સમાજ કલ્યાણ વિભાગમાં જે વિવિધ યોજનાઓ છે તેમાં તાલુકા કક્ષાએ જે ગ્રામ્ય વિસ્તારમાં જે બક્ષીપંચ સમાજ રહે છે તેમના અધિકારીઓ જિલ્લા કક્ષાએથી અઠવાડિયામાં માત્ર બે કલાકનો સમય તાલુકા કક્ષાએ ફાળવે છે. જયારે ગામડાંનો અરજદાર, ગામડાંનો માણસ આ ફોર્મ લેવા માટે આવે ત્યારે તાલુકા કક્ષાએ અધિકારીઓ આવતા નથી. કયારેક તાલુકા કક્ષાએ બાર વાગ્યે અધિકારી હાજરી આપે અને બે વાગ્યાની બસમાં છે તે જિલ્લા કક્ષાએ જતાં હોય છે. ત્યારે આ બક્ષીપંચ સમાજના માણસોને ફોર્મ લેવા માટે પણ અતિ મુશ્કેલીઓ પડે છે. સામેના પક્ષના ધારાસભ્યો આ સરકારે પણ બક્ષીપંચ સમાજ માટે જે જોગવાઇઓ કરી છે પણ તેની અમલવારી જે ગ્રામ્ય વિસ્તારમાં નાના માણસોને તેનો લાભ લેવા માટેની કેવી મુશ્કેલીઓ પડે છે તે ગ્રામ્ય વિસ્તારમાં જે તાલુકા સેન્ટરે જે ધારાસભ્ય મિત્રો હાજર રહેતા હોય તેને ખબર પડે. અમને પણ કયારેક કયારેક શરમ આવે છે કે આ અરજદારને આપણે કેટલી વખત ધક્કા ખવડાવીશું કે અધિકારી નથી આવ્યા. તેમને ફોન કરીએ તો કહે અહીંયા અમારે ગરીબ મેળાનું આયોજન છે, કયાંક પ્રવેશ મહોત્સવ છે તેમાં અમારો અધિકારી હાજર રહ્યો છે. મહિના મહિના સુધી તાલુકા કક્ષાએ સમાજ કલ્યાણ વિભાગનો અધિકારી આવતો નથી.

હમણાં મારા મિત્રોએ વાત કરી કે સમાજ કલ્યાણ વિભાગ મારફત જે બક્ષીપંચના છોકરાઓ ભણે છે. મારા તાલુકાની જો વાત કરું તો અમારા તાલુકામાં સમાજ કલ્યાણ વિભાગ મારફત ત્રણ છાત્રાલયો ચાલુ છે. આ જે છાત્રાલયો મંજૂર થયા તે ખરેખર બક્ષી સમાજ, જે તે તાલુકાને ધ્યાનમાં રાખી આ સરકારે મંજૂર કર્યા છે. પણ આ છત્રાલયની અંદર બહારના જિલ્લાના, બહારના તાલુકાના વિદ્યાર્થીઓ આ છાત્રાલયોમાં અભ્યાસ કરે છે તેથી સ્થાનિક બાળકોને આ યોજનાનો લાભ મળતો નથી. આ બાબતે મેં સમાજ કલ્યાણ વિભાગ,

* આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર રેકર્ડ પરથી દૂર કરવામાં આવ્યાં.

રાજકોટમાં છે તેને રજૂઆત કરી તેમની પાસેથી રાઇટ ટુ ઇન્ફર્મેશનમાં માહિતી લીધી. તેમાં ૧૦૦ વિદ્યાર્થીમાંથી અમારા જસદણ તાલુકાના માત્ર ૧૫ વિદ્યાર્થી હતા જયારે ૮૫ વિદ્યાર્થીઓ જે હતા તે બહારના જિલ્લાના હતા. આ વિદ્યાર્થીઓ પાસેથી ફી લેવામાં આવે છે અને તેમની પાસેથી કાચી પહોંચ લેવામાં આવે છે પણ છાત્રાલયમાં એકબીજાના નામ ચલાવી અને આમાં પણ કયાંક ભ્રષ્ટાચાર થઇ રહ્યો છે. ખરેખર બક્ષીપંચ સમાજના જે બાળકોને જે લાભ મળવો જોઇએ તે લાભ મળતો નથી. ગ્રામ્ય વિસ્તારમાં છેલ્લા ઘણાં સમયથી નવા ગામતળ છે તે નીમ થતાં નથી. મારા તાલુકાની અંદર ઇંદિરા આવાસમાં છેલ્લા બે વર્ષથી તપાસના બહાના હેઠળ હજુ તેમને ચૂકવણાં થયા નથી. આમાં ટોટલ બક્ષીપંચ સમાજના માણસોએ આ યોજનાનો લાભ લીધો છે પણ કિન્નાખોરી રાખી, ઇરાદાપૂર્વક છેલ્લા બે વર્ષથી આ અમારા ઇંદિરા આવાસના લાભાર્થીઓને લાભ મળતો નથી. આ ઝૂપડપટ્ટીના લાભાર્થીઓએ જે માગણી કરી છે તેને છેલ્લા ત્રણ વર્ષથી બી ટાઇપના કનેકશનો અમારા લાભાર્થીઓને લાભ મળ્યો નથી.

ડો. નીમાબેન બી. આચાર્ય(ભુજ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પ્રવાસન વિભાગની માગણી નંબર ૫૧ લઇને આવ્યા છે એને સમર્થન આપવા તથા મારા વિચારો રજૂ કરવા માટે ઉભી થઇ છું.

ગુજરાતના ટુરીઝમને દેશ અને દુનિયામાં અવ્વલ નંબરે મૂકવાનો જો કોઇને યશ જતો હોય તો એ માનનીય મુખ્યમંત્રીશ્રી અને ટીમ ગુજરાતને જાય છે. સાથે સાથે ખૂબ ખૂબ અભિનંદન વહીવટી તંત્રને પણ આપું છું.

મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇએ Five – D ની ફોર્મ્યુલા અપનાવી, એનું આ પરિણામ છે. Desire – નક્કી કરવું કે ગુજરાતને અવ્વલ નંબરે મૂકવું. Determination, Dedication, Devotion – સૌથી અગત્યનું Daring અને આ એવું ડેરીંગ કર્યું કે આજે સમગ્ર ગુજરાતનો વિકાસ થયો છે એમાં સ્લોગન કે Gujarat dare to do it . આવા સ્લોગન સાથે જયારે ગુજરાતનું ડેવલપમેન્ટ થઇ રહ્યું છે ત્યારે હું કહીશ કે જે કટિબદ્ધતા, જે સંકલ્પબદ્ધતા અને જે સમર્પણ કર્યુ છે એ એને લીધે આ પ્રવાસનનું આયોજન થયું છે એમાં મુખ્ય દ્ધષ્ટિ છે એ એક ઉદ્યોગ તરીકે પ્રવાસનને વિકસાવવાની વાત છે. અને ઉદ્યોગ તરીકે એને લઇને તથા સ્થાનિક લોકોને રોજગારી મળે એ આની અંદર સૌથી અગત્યનું પાસું છે. તમામ ટીમની દિવસ રાતની મહેનત અત્રેથી હું જે રીતે માનનીય મુખ્યમંત્રીશ્રીએ અધિકારીઓને કર્મયોગી તરીકેની તાલીમ આપીને જે કટિબદ્ધ કર્યા છે તે રીતે હું આ કર્મયોગીઓને પણ આ પ્રવાસન ધામના ક્ષેત્રની અંદર ખૂબ ખૂબ અભિનંદન આપું છું.

પ્રવાસનને અનેક રીતે વિકસાવવામાં આવ્યું હેરીટેઝ પ્રવાસન, પવિત્ર યાત્રાધામોનો વિકાસ, પ્રાકૃતિક સૌદર્યના જે કાંઇ આયામો હોય એને એકસપોઝર આપવામાં આવ્યું અને ઐતિહાસિક ધામોને પણ લેવામાં આવ્યા.

હું કહીશ કે જે રીતે પવિત્ર યાત્રાધામોમાં વિકાસ કરવામાં આવ્યો એમાં અંબાજીની અંદર ૨૭૭ કરોડ રૂપિયાના ખર્ચે વિકાસ કરવામાં આવ્યો છે કારણ કે ત્યાં ૨૫ લાખ કરતાં વધારે લોકો આ ધામની મુલાકાત લે છે. ત્યાં ઇન્ફ્રાસ્ટ્રકચર, રસ્તાઓ, પીવાના પાણીની વ્યવસ્થા, બ્યુટિફિકેશન, લોકોને આવવું ગમે, ફરવું ગમે, જોવું ગમે એની સાથે લોકો માર્કેટીંગ કરી શકે, શૌચાલયની વ્યવસ્થા અને પબ્લિક પાર્ટરશીપની યોજના દ્ધારા લોકોએ પણ પોતાનું યોગદાન આપીને ખૂબ સારા રહેવાના અને જમવાના સ્થળોનો વિકાસ કરીને લોકોએ પણ એમાં પોતાનું યોગદાન આપ્યું છે.

સોમનાથનો જે રીતે વિકાસ થયો, ટુરીસ્ટ જે આવે છે, યાત્રાળુ જે આવે છે એ આનંદ અને ઉત્સાહથી ભાગ લેતા હોય છે અને આવક પણ મંદિરોની વધી છે. દ્ધારકાનો જે રીતે વિકાસ થયો, જુનાગઢનો જે રીતે વિકાસ થયો આવા અનેક તીર્થસ્થાનોનો વિકાસ થયો છે. ડાકોરની હમણાં વાત થતી હતી.

હું મારા કચ્છની વાત ઉપર આવું તો એક સ્લોગન ચાલે છે કે કચ્છ નહિ દેખા તો કુછ નહિ દેતા. ખૂશ્બુ ગુજરાત કી, અહીંયા વાત થતી હતી કે આ અમિતાભ બચ્ચનને રાખીને આટલા કરોડનો ખર્ચો કર્યો. આ માર્કેટીંગનો જમાનો છે અને નરેન્દ્રભાઇએ તો મેન ઓફ માર્કેટીંગનું બિરુદ પ્રાપ્ત કર્યું છે. આ અમિતાભ

બચ્ચનની ખૂશ્બુ ગુજરાત ફિલ્મ બનાવી છે આ ફિલ્મને રાષ્ટ્રપતિના હાથે શ્રેષ્ઠ ફિલ્મનો હમણાં જ તાજેતરમાં જ એવોર્ડ પ્રાપ્ત થયો છે. ત્યારે

" અમારો કછડો બારે માસ,
શિયાળે શોરઠ ભલે ઉનાળે ગુજરાત,
વાદળ વરસાદે ભલો અને કછડો બારે માસ."

આ કચ્છને જે રીતે પ્રવાસનની અંદર વિશ્વના નકશામાં સ્થાન આપ્યું છે એ રીતે સફેદ રણની શોધ કરીને રણોત્સવ દ્વારા એ બન્ની અને પશ્ચિમ જેવા બોર્ડર વિસ્તારમાં લાખો પ્રવાસીઓ ત્યાં આવતા થયા છે. કચ્છ કાર્નિવેલ કરીને હમીરસર તળાવની આજુબાજુ કાંકરીયા જેવું ડેવલપ કરવાનું સ્વપ્નું છે આવા અનેક આયામોને લીધે આ બોર્ડર વિસ્તારના લોકોએ સુરક્ષાની દ્દષ્ટિએ પણ ઇન્પોર્ટન્ટ છે અને અહીંયા બોર્ડર ઉપર જાય છે ત્યારે એક રોમાંચ અનુભવે છે.

શ્રી રમેશભાઇ મ. ચાવડા(કડી) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગની માગણીઓ લઇને આવ્યા છે ત્યારે એના ઉપર હું મારા વિચારો રજૂ કરવા ઉભો થયો છું.

મને આજે એવું લાગે છે કે આ સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ જે લોકો માટે નામ આપેલ છે એ નામ જ બદલી દેવાની જરૂર છે. આજે અત્યારે હું સાંભળુ છું ત્યારે નંદાસણમાં અમારા વણકરભાઇઓ ઉપર તકલીફ છે. તેઓ બે દિવસથી સખત હેરાન થાય છે, કડી નગરપાલિકામાં કલેકટર સાહેબે ફાળવેલા મકાનો છે એ મકાનોને બિલ્ડરોએ રસ્તો પાડવા માટે કોર્ટમાં મેટર ચાલતી હોવા છતાં આજે બુલડોઝર લગાવી દીધા છે અને ભયંકર આતંક ચાલે છે. જે લોકોના મકાનો તૂટે છે એમના છોકરાઓને પકડી પકડીને અત્યારે જેલમાં મૂકી દીધા છે.

અધ્યક્ષશ્રી : માનનીય રમેશભાઇ, આપ આજની માગણી ઉપર વાત કરો.

શ્રી રમેશભાઇ મ. ચાવડા : આ એને લગતી જ બાબત છે. સામાન્ય માણસોની જ વાત છે. હું સમજુ છું. અહીંયા હું એ કહેવા જઇ રહ્યો છું કે અહીંયા આપણે આંબેડકર આવાસ યોજનાનું કામ છે એ યોજનામાં અગાઉ મારા મિત્રો કહી ગયા છે એમાં બી.પી.એલ. યાદીનું છે એ રદ નહિ કરીએ ત્યાં સુધી આ જે ઉદ્દેશ છે એ બર આવવાનો નથી. અત્યારે હાલ આ બી.પી. એલ. યોજનામાં જમીન વિહોણા મજૂરોને જમીન આપવાની યોજના ચાલે છે. બી.પી.એલ. યોજનામાં ૧૨૦૦ રૂપિયાની આવક છે, આ ૧૨૦૦રૂપિયાની આવકવાળા માણસો જમીન કઇ રીતે ખરીદી શકે? આ એક હાસ્યાસ્પદ યોજના છે. અત્યારે લાખો રૂપિયાનો જમીનનો ભાવ છે ત્યારે ૧૨૦૦ રૂપિયાની આવકવાળો, બી.પી.એલ. યાદી વાળો કેવી રીતે જમીન ખરીદી શકે. તેથી આમાં આવકનું પ્રમાણ દાખલ કરવું જોઇએ તો જમીન વિહોણા અનુસૂચિત જાતિના લોકો જમીન ખરીદી શકે.

બીજી એક યોજના આશ્રમો અને આશ્રમશાળાઓની છે. આ આશ્રમશાળાઓમાં માત્ર ૨૪ કલાક માટેના પગાર ધોરણોમાં ગ્રેજયુએટ થયેલા ગૃહમાતા કે ગૃહપતિ હોય તો એને માસિક ૨૫૦૦ કે ૨૬૦૦ પગાર આપવામાં આવે છે. ૩૦ બાળકોનું રસોડું બહેન કરતાં હોય એ ૨૪ કલાકની નોકરી કરતાં હોય છે એને પણ માસિક ૧૩૦૦ રૂપિયા આપવામાં આવે છે અને ચોકીદારને એક હજાર રૂપિયા માસિક આપવામાં આવે છે. આજની આપણી ગુજરાત સરકારની જે લઘુત્તમ વેતનધારાની ગાઇડ લાઇન છે એના પ્રમાણમાં પગાર આપવામાં આવતો નથી તેથી સરકાર આમાં વિચારશે તો ગરીબ માણસને ફાયદારૂપ થશે. આટલા પૈસામાંથી એમની લાઇટનું બિલ પણ ભરી ન શકાય તેવી સ્થિતિ ઉભી છે.

સેલ્ફ ફાયનાન્સ સ્કૂલો અને કોલેજોમાં, પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિમાં જે લોકો છે એમાં ૨૦૦૫માં એવું નક્કી કરેલું છે કે આ લોકોને સ્કોલરશીપ આપવી અને ફી પણ ચૂકવવી. ૨૦૦૮ સુધી આ લોકોએ નહિ ચૂકવતા અનુસૂચિત જાનજાતિના વિભાગમાંથી ૨૦૦૮ થી ફી પણ ચૂકવવામાં આવે છે.અને સ્કોલરશીપ

પણ ચૂકવવામાં આવે છે. જયારે અનુસૂચિત જાતિના લોકોને ફી ચૂકવવામાં આવતી નથી, ફકત સ્કોલરશીપ ચૂકવવામાં આવે છે. આ એક અભ્યાસ માટે જે લોકો ગરીબ છે એ અભ્યાસથી વંચિત રહી જાય છે..

અધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે. માનનીય પુનમભાઇ મકવાણા.

શ્રી પુનમભાઇ કા. મકવાણા(દસાડા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી રમણભાઇ વોરા અનુસૂચિત જાતિના કલ્યાણ વિશેની માગણી નં.૯૫ લઇને આવ્યા છે તેના સંપૂર્ણ સમર્થન માટે મારા વિચારો વ્યક્ત કરું છું. અનુસૂચિત જાતિમાં પણ હું અતિ પછાત એવા સેંધવા સમાજમાંથી આવું છું. પરિણામે અતિ પછાતના વિષયને લઇને જે સંગીન કામગીરી ભારતીય જનતા પાર્ટીની સરકારે કરી છે. એ બાબતમાં થોડા વિચારો વ્યકત કરવા માગું છું. ૧૮૨ સભ્યોની આ વિધાનસભામાં જયારે અનુસૂચિત જાતિના ૧૩ ધારાસભ્યો છે. તેમાં હું એક માત્ર અતિ પછાત જ્ઞાતિનો ધારાસભ્ય છું, તેનો અહીં બેસવાનો સંપૂર્ણ યશ જો કોઇને આપતો હોઉં તો તે આદરણીય નરેન્દ્રભાઇ મોદીને જાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, જે અતિ પછાતમાં ૧૨ જ્ઞાતિઓ આવે છે. તેમાં સેંધવા, નાડિયા, તૂરી, હાડી, ગરોબ્રાહ્મણ, તીરગર, તીરબંદા, સાધુ, બાવા, થોરી, માતંગ આવી લગભગ ૧૨ જ્ઞાતિઓનો અતિ પછાત સમાજમાં સમાવેશ થાય છે. આ સમાજોનું આઝાદીથી કોઇ રણી–ધણી નહોતું. આ સમાજોની કોઇ આંગળી પકડવાવાળું નહોતું. ૨૦ વર્ષ પહેલાં હું પણ કોંગ્રેસમાં હતો. ૧૯૮૦ની વાત કરું, માધવસિંહભાઇ મુખ્યમંત્રી હતા અને એ સમયે અતિ પછાત સમાજના પ્રશ્નો માટે અનુસૂચિત જાતિ કલ્યાણનું બજેટ વસતિના ધોરણે ફાળવવા માટે એ સમયની કોંગ્રેસની સરકારોમાં મારા કેટલા જૂતા સચિવાલયમાં ઘસાઇ ગયા હશે તેનો મારી પાસે કોઇ સરવાળો નથી. પણ તેમની કોઇ •(xxxxxx)

અધ્યક્ષશ્રી : (xxxxxx) શબ્દ કાઢી નાખવામાં આવે છે.

શ્રી પુનમભાઇ કા. મકવાણા : એ વખતે ''આધી રોટી ખાયેંગે, કોંગ્રેસ કો લાયેંગે'' સુત્રો અમે પણ પોકારેલા છે, પણ અમારા નસીબમાં અડધી જ રોટલી હતી. આખી રોટલી ભેગા અમે થયા જ નહીં. દિશા બદલી તો અમારી ય દશા સુધરી અને ત્યારે આ વિપક્ષના મિત્રો છેલ્લા એક મહિનાથી વાત ચાલે છે તેમાં ૨૦૦૧થી જ આઝાદી આવી, ૨૦૦૧થી જ ગુજરાતે વિકાસ કર્યો એ મુદ્દા ઉપર જયારે વાત કરતા હોય ત્યારે થોડી પંક્તિઓ એક કવિએ ૨૦૦૧ પહેલાં બનાવેલી એ હું ગૃહમાં રજૂ કરું છું. એ પંક્તિના શબ્દો છે,

ઢગલો જુવારમાં પડ્યા અંગારિયા, વાતો કયાં કોઇથી અજાણી છે,
પૂછોને છેવાડે બેઠેલાં જણને,

આ છેવાડે બેઠેલા જણ એટલે અમે. શોષિત, પીડિત, પદદલિત આ શબ્દો અમારા માટે હતા.

પૂછોને છેવાડે બેઠેલાં જણને આઝાદી મીઠી છે કે ખારી છે.
શોષિતોના સુખમાં લાગ્યું છે તાળું, એ તાળામાં કૂંચી લગાવી છે,
અમે કયાં આઝાદી માણી છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ શબ્દો ૨૦૦૧ પહેલાં કહેવામાં આવેલ હતા. અમારા વિકાસને ખંભાતી તાળા લાગી ગયા હતા ત્યારે આદરણીય નાગરજીએ વાત કરી એ પ્રમાણે માનનીય નરેન્દ્રભાઇ આ સમાજો માટે ૨૦૦૧ પછી ગુરુજી બનીને આવ્યા અને સતી પાનબાઇનું એક ભજન છે કે '' ગુરુજી આવે ને તાળા ઉઘડે, કૂંચી મારા સદગુરુને પાસ.'' આ ગુરુજી આવ્યા, ખંભાતી તાળા ઉઘડ્યા, અમારા વિકાસના દ્વાર ખૂલ્યા.

માનનીય અધ્યક્ષશ્રી, અમે તો સેલ માગતા હતા, સેલનું બોર્ડ બનાવ્યું અને બોર્ડનું નિગમ બનાવ્યું. ગૃહ ખાતાનો એક શિરસ્તો છે કે રીવોલ્વરનું લાયસન્સ માગો તો રીવોલ્વરનું મળે, તોપનું ન મળે. અમે તો સેલ માગ્યું હતું પણ સેલનું બોર્ડ બનાવી દીધું. રીવોલ્વરનું લાયસન્સ માગ્યું હતું અને તોપનું લાયસન્સ અમને આપ્યું આ ભારતીય જનતા પાર્ટીની સરકારે.

---

• માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાખવામાં આવ્યા.

માનનીય અધ્યક્ષશ્રી, આ ઘરના ઘરની ટિપ્પણી નથી કરતો, કારણ કે મહિનાથી ખૂબ વાતો થઇ ગઇ છે. પણ કોંગ્રેસ હાઉસ જે છે..

અધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે, માનનીય જેઠાભાઇ સોલંકી.

શ્રી જેઠાભાઇ દા. સોલંકી(કોડીનાર) : માનનીય અધ્યક્ષશ્રી, સામાજિક ન્યાય અધિકારીતાના મંત્રીશ્રી, મુરબ્બીશ્રી, રમણભાઇ વોરા સાહેબ માગણી લઇને આવ્યા છે તેમાં હું મારું સમર્થન અને મંતવ્ય રજૂ કરવા ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ સન્માનનીય સભાગૃહમાં પ્રવેશવાનું જે સદભાગ્ય પ્રાપ્ત થયું છે અને આજે મને મારી વાત કરવાનો જે મોકો આપ્યો છે તે બદલ આ રાજ્યના અને ભારતીય જનતા પક્ષના આદરણીય મોભી અને દલિતોની ખૂબ જ ચિંતા કરતા એવા વિકાસ પુરુષ નરેન્દ્રભાઇ મોદીનો હૃદયથી ખૂબ ખૂબ આભાર માનું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ દલિતોની દશા લોકશાહી આવ્યા પહેલાં આર્થિક રીતે અને સામાજિક રીતે એ લોકો પછાત ગણાતા પણ આર્થિક રીતે ખૂબ જ સુખી હતા. માત્ર કારણ એ હતું કે, તેઓના જે ઓરીજીનલ ધંધાઓના કારણે તેઓની આર્થિક સ્થિતિ એ જમાનામાં ખૂબ સારી હતી પણ લોકશાહી આવ્યા પછી ભૂતકાળની કોંગ્રેસ સરકારે આ સમાજની જે દૂર્દશા કરી છે, આ સમાજનું જે ગરીબી લાચારી એને *(xxxxxx) બનાવવાની જો કોઇ યોજના બનાવી હોય તો આ કોંગ્રેસ સરકારે બનાવી છે.

અધ્યક્ષશ્રી : (xxxxxx) શબ્દ કાઢી નાંખું છું.

શ્રી જેઠાભાઇ દા. સોલંકી ઃ કાઢી નાખ્યા. લાચાર બનાવવાની જે અનેક યોજનાઓ બનાવી પણ એ યોજનાઓ એવી બનાવી કે, લોકોને મોંઢે જેમ ચોમાસામાં ખેડૂતનો દિકરો પોતાની વાડીએ પશુને છોડે અને મોંઢે સીકી મારી દે એ વખતની જે બેંકેબલ યોજનાઓ જે જામીન લઇને એવી હતી કે, જેને કારણે દલિત સમાજના એકપણ વ્યક્તિને ક્યારેય એના આર્થિક ઉત્કર્ષ કરવા માટે કે એના બાળકનો આર્થિક, શૈક્ષણિક વિકાસ કરવા માટે એક રૂપિયો પણ ગમે તેટલાં ફાંફા મારીએ તો પણ મળતો ન હતો. એ વખતે ઘણી બધી યોજનાઓ હતી. યોજનાઓ એ વખતે હતી એ માત્ર રૂ.૪૫૦/- માત્ર રૂ.૬૫૦/-, ખેડૂતનો દિકરો કૂવો કરે તો રૂ.૯૫૦/-, મારે દુઃખ સાથે આ ગૃહમાં કહેવું પડે છે કે, એ વખતની જે યોજનાઓ હતી, માંદગીની વ્યક્તિને સહાય માત્ર રૂ.૧૦૦/-, મારે દુઃખ સાથે કહેવું પડે કે એ સો રૂપિયા પણ એ વ્યક્તિ ગુજરી જાય ત્યારે એની ક્રિયામાં પણ કામ ન આવે કારણ કે, એ વ્યક્તિના નામે ચેક નીકળ્યો હોય એટલે પરત કરવામાં આવે છે. આવી સ્થિતિ એ જમાનામાં અમારી હતી.

મારે ગૃહમાં આજે એ વાત કહેવી છે કે, ભારતીય જનતા પક્ષની સરકાર અને આદરણીય મુખ્યમંત્રી નરેન્દ્રભાઇ મોદીની સરકાર આવ્યા પછી વંચિતોના વ્હારે આવીને અમારા નબળા વર્ગના લોકોની ચિંતા કરી છે અને અનેકવિધ યોજનાઓ બનાવીને અનુસૂચિત જાતિના લોકો ગર્વથી જીવતા થયા છે એવું ભારતીય જનતા પક્ષની સરકારમાં ફલિત થયું છે. મારે આ સન્માનનીય ગૃહમાં એ વાત કરવા જેવી છે કે, ભૂતકાળની કોંગ્રેસ સરકારે અસ્પૃશ્યતાની બાબતે અસ્પૃશ્યતાને જાગતી રાખીને, અસ્પૃશ્યતાના કાર્યક્રમો કરીને અસ્પૃશ્યતા વસ્તુ શું છે એનો ખ્યાલ આપ્યો છે. આ ગૃહમાં મને કહેતાં આનંદ થાય છે કે, આ સમાજના હૃદયથી આ ભારતીય જનતા પક્ષની સરકારમાં આવ્યા પછી આદરણીય આ પાર્ટીના પ્રમુખ આદરણીય રૂપાલા સાહેબે જ્યાં પણ ગયા છે હરિજન સમાજના ઘેર કે વાલ્મીકી સમાજના ઘરે ચા પીધો છે અને નબળા વર્ગના આર્થિક રીતે પછાત વર્ગના લોકોના ઘરે રોટલા ખાધા છે. આ વિવિધ યોજનાઓ કરીને આજે ગર્વથી આ ગૃહમાં કહેવામાં આવ્યું છે કે, નબળા વર્ગના લોકો ટેકનીકલ રીતે ખૂબ જ શૈક્ષણિક રીતે આગળ છે. આજે આ દલિત સમાજ ભારતીય જનતા પક્ષમાં અને અમારા જૂનાગઢ જિલ્લામાં એક બહેરો-મૂંગો માણસ હતો એ નરેન્દ્ર મોદી બૂટ પોલિસ નામનું લેબલ મારીને ભારતીય જનતા પક્ષના, બીજેપીના અને કોઇપણ કચેરીમાં જાય તો એના પૈસા ન લે. આ દલિતોમાં આપ સૌ જુઓ છો કે, દશા અને દિશા બદલાઇ ગઇ છે એના

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાખવામાં આવ્યા.

ભાગરૂપે આજે આ ગૃહમાં ૧૩માંથી ૧૦ ધારાસભ્યો ભારતીય જનતા પક્ષના છે. દલિતોના ખૂબ જ હામી છે. બંધારણના ઘડવૈયાને માન અને સન્માન આપ્યું હોય તો ભારતીય જનતા પક્ષના આદરણીય નરેન્દ્રભાઇ મોદીએ આપ્યું છે અને ભૂતકાળમાં નરેન્દ્રભાઇ મોદીએ સુરેન્દ્રનગર જિલ્લામાં ૧૪મી એપ્રિલે ડો.બાબાસાહેબ આંબેડકરની બંધારણની પોથી અને એના ઉપર ફોટો મૂકીને ૩ કિમી પગભર ચાલ્યા છે. ગુજરાતની જનતાને સમગ્ર દેશની જનતાએ અને વિશ્વના દલિતોએ નક્કી કરી લીધું છે કે, દલિતોના જો કોઇ હામી હોય અને વંચિતોની લાગણી અને ભાવના સાથે જો કોઇ સંકળાયેલ હોય તો આ યુગ પુરુષ અને વિકાસ પુરૂષ આદરણીય નરેન્દ્રભાઇ મોદી છે. આ માગણીઓને મારું સંપૂર્ણ સમર્થન આપુ છું.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા ( દેવસ્થાન અને યાત્રાધામ વિકાસ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, આ સન્માનનીય સભાગૃહમાં મારા વિભાગ પ્રવાસનમાં ભાઇશ્રી રામસિંહભાઇ, બાલકૃષ્ણભાઇ, નીમાબેન, સહિતના માનનીય ધારાસભ્યશ્રીઓએ પ્રવાસનના સંદર્ભમાં પોતાના વિચારો વ્યકત કર્યા છે. આપણે જાણીએ છીએ તેમ ગુજરાત એ વર્ષોથી સંતોની ભૂમિ છે. મહંતોની ભૂમિ છે. આપણી પૌરાણિક, ઐતિહાસિક ભૂમિ છે. આ ગુજરાતની ભૂમિ ઉપર અનેક શ્રદ્ધાકેન્દ્રો અને માનબિંદુઓ આવેલા છે. આ ભૂમિમાં ગિરિવર છે, સરોવર છે, રણ છે, જંગલ છે, સિંહ છે. વર્ષોથી આ બધું આપણી પાસે હતું, એનાથી વિશેષ ગુજરાતની પ્રજાની પાસે અતિથિ દેવો ભવઃની ભાવના પડેલી છે. ગુજરાતના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીએ આ સમગ્ર ગુજરાતને ઓળખીને ગુજરાતના લોકોમાં પડલી અતિથિ દેવો ભવઃની ભાવના ઓળખીને ૨૦૦૬ની અંદર ગુજરાતને પ્રવાસન વર્ષ તરીકે જાહેર કરીને અને ગુજરાતના પ્રવાસન સ્થળોના વિકાસ માટે અનેક ઇન્ફ્રાસ્ટ્રકચર ડેવલપમેન્ટ પ્રોજેકટો હાથ ધરીને આજે ગુજરાતને દેશ અને દુનિયાના નકશામાં અંકિત કર્યુ હોય તો ગુજરાતના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીએ કર્યુ છે.

આજના પ્રવચનોમાં ગુજરાતના પ્રવાસન સ્થાનો એ દેશ અને દુનિયામાં પ્રચલિત થયા એમાં મુખ્યમંત્રીશ્રીએ દીર્ઘદષ્ટિથી ગુજરાતના બ્રાન્ડ એમ્બેસેડર અમિતાભ બચ્ચનને બનાવીને અને અભિતાભ બચ્ચને જે ખુશ્બુ ગુજરાતકી જે આખી એમની ફિલ્મ બનાવી અને એ ફિલ્મના લોંન્ચીંગના માધ્યમથી દેશ અને દુનિયાના પ્રવાસીઓને આપણે ગુજરાત તરફ આકર્ષવામાં સફળ રહ્યા છીએ. એના ખર્ચના સંદર્ભમાં લાંબી લાંબી વાતો થઇ છે. મારે એટલું જ કહેવું છે કે ખૂશ્બુ ગુજરાતકી ના આખા ફિલ્મના પ્રોડકશનના સંદર્ભમાં અમિતભ બચ્ચનને એકપણ રૂપિયો આપવામાં આવ્યો નથી. એના ઓ. એન્ડ એમ., એના ફિલ્મ મેકીંગ અને એની જે જાહેરાતો દર્શાવવાની હોય એ ટી.વી.માં હોય, રેડીયોમાં હોય, ઇન્ટરનેશનલ ટી.વી.માં હોય, પ્રેસ મેગેઝીન એરપોર્ટ, ગુજરાતને જો બેસ્ટ ટુરીસ્ટ ડેસ્ટીનેશન તરીકે આપણે જો પ્રસિદ્ધ કરવું હોય તો જાહેરાતો કરવી પડે. શા માટે આ જાહેરાતો કરવી પડી? આ જાહેરાતો એટલા માટે કરવી પડી કે કેન્દ્ર સરકાર દ્વારા જાહેરાત થાય છે અને એ જાહેરાતમાં ઇન્ક્રેડીબલ ઇન્ડીયાની અંદર ગુજરાતના કોઇ સ્થાપત્ય સ્થાનોનો ઉલ્લેખ કરવામાં આવતો નથી. આ ગુજરાતના એશિયાટીક લાયન–સિંહ એના પ્રત્યે કેટલો ભેદભાવ રાખવામાં આવે છે. એ જાહેરાતોની અંદર વાઘ દેખાડવામાં આવે છે પરંતુ ગુજરાતના સિંહ એ કેન્દ્ર સરકારની જાહેરાતોમાં દેખાડવામાં આવતા નથી એટલા માટે ગુજરાતની સરકારને, ગુજરાતના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીને ગુજરાતના પ્રવાસનનો વિકાસ કરવા માટે ગુજરાતમાં દેશ અને દુનિયામાંથી લોકો આવે, ગુજરાતની અંદર રોજગારી વધે, ગુજરાતના જી.ડી.પી.માં એની અસરો વધે એટલા માટે ગુજરાતની સરકાર દ્વારા જાહેરાતો કરવામાં આવે છે.

જે ખૂશ્બુ ગુજરાતકી ની વાત કરે છે. એમની જે કેન્દ્રની સરકાર છે અને એ કેન્દ્રની સરકારે સમગ્ર દેશની અંદર પ્રવાસન પ્રવૃત્તિને વિકાસ આપવા માટે કયા રાજયએ સારું કામ કર્યુ, હમણાં જ અમારા પ્રવાસન મંત્રી સૌરભભાઇ, દિલ્હીમાં રાષ્ટ્રપતિ મહામહિમ પ્રણવ મુખરજીના હસ્તે ગુજરાત પ્રવાસન માટેના ત્રણ ત્રણ એવોર્ડ લઇને માનનીય મંત્રીશ્રી આવ્યા છે. આ ગુજરાત માટે લોનલી પ્લેનેટ જેવા પ્રસિદ્ધ પ્રકાશને એવું કહ્યું છે કે વિશ્વના ટોપ ટેન પ્રવાસન સ્થળો છે એમાં પણ ગુજરાતની એક અકલ્પનીય સ્થાન તરીકે ગણતરી કરવામાં આવે છે. આપણને ભૂતકાળમાં અનેક એવોર્ડ મળ્યા છે.એમાં The white rann gold એવોર્ડ, ટ્રાવેલ એજન્ટ એસોસિએસન ઓફ ઇન્ડિયા દ્વારા બેસ્ટ ટુરિઝમ ડિપાર્ટમેન્ટ માટેનો

એવોર્ડ સી.એન.બી.સી. દ્વારા સી.એન.બી.સી.આવાજ ટ્રાવેલ એવોર્ડ શ્રીનગરની અંદર આપણને મળ્યો. કોન્ડેનાથ ટ્રાવેલ ઇન્ડિયા દ્વારા બેસ્ટ મેગેઝિન ડસ્ટિનેશન ઇન ઇન્ડિયાનો રનર્સઅપ એવોર્ડ આપણને મળ્યો.

માનનીય અધ્યક્ષશ્રી, હમણાં જે મેં ઉલ્લેખ કર્યો હતો તેમ **'ખૂશ્બુ ગુજરાત કી'** અને **'ખૂશ્બુ ગુજરાત કી'**માં અભિતાભ બચ્ચને દ્વારકા, સોમનાથ, અંબાજી, ગીર, પોરબંદર, લોથલ, ધોળાવીરા, સાપુતારા એટલું જ નહિ એમાં ઇવેન્ટ બેઇઝ ટુરિઝમ ડેવલપ કરવા માટે નવરાત્રી, કાઇટ ફેસ્ટિવલ અને આ પ્રવાસનની અંદર જે સંખ્યા હતી એમાં અનેકગણો વધારો થઇને આ **'ખૂશ્બુ ગુજરાત કી'**ની સફળતાના કારણે ગુજરાતની અંદર વાર્ષિક સવા બે કરોડ પ્રવાસીઓ આજે ગુજરાતની ધરતી ઉપર આવ્યાં છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતના પ્રવાસન નિગમે ઇન્ફર્મેશન ટેકનોલોજીના માધ્યમથી આ ૩૦૦ જેટલા પ્રવાસન સ્થાનો વેબસાઇટ ઉપર મૂક્યાં એમાં ૭૦૦ કરતા વધારે ફોટોગ્રાફ મૂક્યાં, ૫૦૦ પાનાથી વધારે એનું મટિરિયલ મૂક્યું. ૨૦ લાખથી વધારે લોકોએ આ વેબસાઇટની મુલાકાત લીધી. બેસ્ટ કોમ્પ્રીહેન્સીવ ડેવલપમેન્ટ ઓફ ટુરિઝમ માટે પણ ગુજરાતને એવોર્ડ મળ્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ સમગ્રતયા સમગ્ર દેશનો પ્રવાસન દર ૮% છે અને ગુજરાતની સરકારે પ્રવાસન માટે લીધેલા અનેકગણા પગલાઓને કારણે આજે ગુજરાતનો પ્રવાસ દર ૧૬% ડબલ ડિઝિટ સુધી આપણે પહોંચી ગયા છીએ. ગુજરાતની આપણી સંસ્કૃતિમાં એક s p i r i t u a l સંસ્કૃતિનો, આધ્યાત્મિક સંસ્કૃતિ, ધાર્મિક સંસ્કૃતિ. આ ધાર્મિક સંસ્કૃતિને ઊજાગર કરવા માટે આપણા જેટલા સ્થાનો હતા એ બધા જ સ્થાનોને આપણે ફોકસ કર્યા છે. એમાંય વિશેષ સમગ્ર દેશની અંદર ૫૧ શક્તિપીઠોમાનું ઉત્તમ સ્થાન જેમાં અંબાજીનું મંદિર. માં અંબાજીના મંદિરનું નામ પડતા જ આપણું માથું ત્યાં શ્રદ્ધાથી ઝૂકી જાય છે, આવી શકિતપીઠની અંદર ગુજરાતની સરકારે ૨૭૭ કરોડ રૂપિયાનો ખર્ચ કર્યો છે. અમિતાભજીએ પોતાની સાઇટમાં કહ્યું છે કે, માં કો મિલને કે લીયે કોઇ વજહ ચાહિયે ભલા. ૨૫ લાખ જેટલા લોકો ભાદરવી પૂનમના દિવસે અંબાજીના સ્થાન ઉપર આવે છે અને દ્વારકા, હલ્લો, હાય, ગુડ મોર્નિંગ સબ લોગ ભૂલ જાતે હે, સબ કી જબા પે એક હી ચીજ આતી હે જયશ્રી ક્રિષ્ણ.

માનનીય અધ્યક્ષશ્રી, આ દ્વારકા એ કૃષ્ણની જન્મભૂમિ છે. આ જન્મભૂમિમાં ૫૦ કરોડ કરતા વધારે ખર્ચ કર્યો છે. સવારના પ્રવચનમાં રામસિંહભાઇએ ડાકોરની વાત કરી. અત્યારે આપણે સૌ જાણીએ છીએ ૨૭મી, ૨૮મીએ હોળી-ધુળેટીના દિવસે ૧૦ લાખ કરતા વધારે લોકો ડાકોર જવાના. આમાં પણ ૫૦૯ લાખ રૂપિયા જેવો આપણે ખર્ચ કર્યો છે. માનનીય અધ્યક્ષશ્રી, મારે એ વાત ધ્યાન ઉપર મૂકવી હતી કે, કેન્દ્રની અંદર કેન્દ્રિય પ્રધાન સુબોધકાંત સહાય ગુજરાતમાં આવ્યાં હતાં. આપણે માગણી કરી સંત કબીર અને કબીરવડ આપણાં માટે જાણીતું છે એના માટે ૪૦ કરોડ રૂપિયા સમગ્ર આદિવાસી સમાજનું શ્રદ્ધા કેન્દ્ર છે, એવું માલસમોટ અને દેવમોગરા માતાનું મંદિર એ બંનેને લીંક કરીને ૯ કરોડ રૂપિયા, સિદ્ધપુર માટે ૧૫ કરોડ રૂપિયા. માનનીય અધ્યક્ષશ્રી, એમના રૂબરૂ પ્રવાસ દરમ્યાન રાજ્ય દ્વારા એમની સમક્ષ માગણી કરવામાં આવી હતી. દ્વારકાના મંદિર માટે ૪૦ કરોડની માગણી કરવામાં આવી હતી. પંરતુ જે પ્રમાણે ગુજરાત સાથે વ્યવહાર થાય છે, ગુજરાતના પ્રવાસન કેન્દ્રો સાથે વ્યવહાર થાય છે. ગુજરાતમાં ધાર્મિક આસ્થા કેન્દ્રો સાથે વ્યવહાર થાય છે એક પરિણામ કેન્દ્ર સરકાર દ્વારા આજ દિવસ સુધી અમારા તરફથી આપવામાં આવેલી એકપણ દરખાસ્ત હાથ પર લેવામાં આવી નથી.

માનનીય અધ્યક્ષશ્રી, આપણે સૌ જાણીએ છીએ કે, સોમનાથ જ્યાં શ્રી કૃષ્ણના દેહોત્સર્ગનું સ્થાન છે. બાર જ્યોર્તિલીંગોમાં સોમનાથ મંદિર એ પ્રથમ નંબરનું સ્થાન છે. જેની સ્થાપના માટે સરદાર સાહેબે પહેલ કરી હતી એ સોમનાથ મંદિરમાં મુખ્યમંત્રીશ્રીના સીધા માર્ગદર્શન હેઠળ ભવ્ય પ્રોજેકટનું નિર્માણનું કામ હાથ પર ચાલી રહ્યું છે, અને સો કરોડ રૂપિયાના અંદાજીત ખર્ચ એ મંજૂરીના તબક્કે છે. આ વાતને પણ આપણે દેશ અને દુનિયામાં ફોકસ કરી. અમિતાભજીએ પોતાની સી.ડી.માં કહ્યું છે કે, " **યહાં કઇ બાર વિદેશી હમલાવરોને હમલે કીએ પરંતુ વો હમારી આસ્થા કો નહીં તોડ પાયે**".

માનનીય અધ્યક્ષશ્રી, આ સોમનાથના શ્રદ્ધા કેન્દ્રની અંદર જે કુલ પ્રવાસીઓ હતા એમાં ૨૫ ટકા જેટલો વધારો થયો. બહુચરાજી એ આપણા આદ્યશક્તિ માતાજીનું સ્થાનક છે અને આની અંદર પણ ૧૧૭૨.૫૩ લાખનો ખર્ચ થયો છે. આ હાઉસમાં ચર્ચા થઇ ગઇ છે, માતૃ તર્પણનું ઉત્તમ સ્થાન એટલે સિદ્ધપુર અને માનનીય અધ્યક્ષશ્રી, " **દૂર દૂર સે લોગ દુનિયાકા સબસે કઠિન કામ કરને આતે હૈં, વો માતા કા શ્રાદ્ધ"**. માનનીય અધ્યક્ષશ્રી, દેશભરમાંથી લોકો આવે છે. અત્યાર સુધીમાં ૬૭ કરોડ રૂપિયા ખર્ચ્યા છે અને આ સિદ્ધપુરના સ્થાનને, માતૃ તર્પણના સ્થાનને દેશની અંદર પ્રચલિત કર્યું છે. ચોટીલા, પાવાગઢ જેવા અનેક કામો પાઇપ લાઇનમાં છે. ગુજરાતે માત્ર ધાર્મિક સ્થાનો જ નહીં પરંતુ ગુજરાતના જે ગિરિ વનો છે, માનનીય અધ્યક્ષશ્રી, ડાંગનું ગિરિ વન, સાપુતારા અને સાપુતારાની અંદર પણ નવીનિકરણના અનેક કામો હાથ ઉપર લીધા છે. માનનીય અધ્યક્ષશ્રી, રામા ટ્રેઇલના માધ્યમથી રામનો દંડકારણીય અને એમાંય શબરી ધામ, પમ્પા સરોવર, અંજનકુંડ, અટલા ડુંગર, ઊનઇ, અને રામેશ્વરી, રામેશ્વરને લઇને કુલ ૪૦ કરોડ રૂપિયાના પ્રોજેકટ હાથ ઉપર લીધા છે. ૨૦૧૨માં મોન્સુન ફેસ્ટીવલ હાથ પર લેવામાં આવ્યો એમાં સાપુતારાના મોન્સુન ફેસ્ટીવલમાં બે લાખ લોકોએ ભાગ લીધો અને એમાં વિવિધતા લાવવા માટે પેરા ગ્લાઇડીંગ જેવી એડવેન્ચર્સ સ્પોર્ટસ પણ આની અંદર શરૂ કરવામાં આવેલ છે. આપણો ગરવો ગઢ ગિરનાર અને જુનાગઢમાં આવેલા આ ગરવા ગઢ ગિરનારની અંદર અનેક સુવિધાઓ આપણે ઉભી કરી છે. જેમ આજે સવારે જ ચર્ચા થઇ, આજે સિંહોની સંખ્યામાં પણ ગુજરાત સરકાર એ વિશેષ પ્રયત્નો હાથ લઇને અને સાનુકૂળ વાતાવરણ પૂરું પાડતાં ( સમય સૂચક ઘંટડી) ૪૧૧ જેટલા સિંહો છે અને આજે એના કારણે દેશ અને દુનિયાના લોકો અહીંયા જોવા આવે છે. એના કારણે આજે જુનાગઢ, સોમનાથ એટલા બધા પ્રવાસીઓ આવે છે કે, વેકેશનના સમયમાં ચારેય બાજુ પ્રવાસીઓથી એ ભરપૂર રહે છે.

માનનીય અધ્યક્ષશ્રી, આપણું ભાવનગર, કાળીયારનું અભ્યારણ અને બર્ડ સેન્ચ્યુરી અને બર્ડ વોચીંગ માટે પણ ગુજરાતે એક આગવું સ્થાન કર્યું છે. ગ્લોબલ બર્ડ વોચર્સ કોન્ફરન્સ, ખીજડીયા જામનગરમાં ૨૦૧૦માં, ગાંધીનગરમાં ૨૦૧૨માં અને હમણાં કચ્છમાં ધોળોમાં ૨૦૦૩માં ઉજવી છે. માનનીય અધ્યક્ષશ્રી, શહેરી જીવન, ઘોંઘાટ અને પ્રદુષણભર્યા વાતાવરણમાંથી જે માણસોને ઇકો–ટુરિઝમની ઇચ્છા થાય એ ઇકો–ટુરિઝમ માટે નર્મદા, તાપી, ડાંગ જિલ્લા, સાબરકાંઠા વિજયનગર પોલો જેવા સ્થાન ઉપર ઇકો–ટુરિઝમના નવા ડેસ્ટીનેશનો આપણે હાથ ઉપર લીધા છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતની પાસે ૧,૬૦૦ કિલોમિટરનો દરિયા કાંઠો છે અને આ ૧,૬૦૦ કિલોમિટરના દરિયા કાંઠે ગુજરાત સરકારે સાગરખેડૂ યોજનાના માધ્યમથી ત્યાંના સાગરખેડૂઓના જીવનમાં નવી રોજગારીની તકો ઉભી થઇ શકે અને જયાં પ્રાકૃત્તિક સૌંદર્ય છે, આ પ્રાકૃત્તિક સૌંદર્યને એની અંદર સાંકળીને કોસ્ટલ ટુરિઝમના માટે ચાલુ વર્ષે ગુજરાત સરકાર દ્વારા ૧૨૦ કરોડના ખર્ચે કચ્છનો માંડવી બીચ, જામનગરનો ઓખા મંડળ, પોરબંદર બીચ, ભાવનગરનો ગોપનાથ બીચ, જુનાગઢનો વેરાવળ બીચ, વલસાડનો તિથલ બીચ અને સુરતનો ડુમ્મસ બીચ આગામી દિવસોમાં એને પણ હાથ પર લેવામાં આવીશે.

માનનીય અધ્યક્ષશ્રી, આપણે ઇવેન્ટ બેઝ ટુરીઝમ પણ કર્યું છે. વર્ષોથી આપણી પાસે કચ્છ છે. કચ્છની અંદરનું સફેદ રણ છે. કોઇની દ્રષ્ટિ નહોતી પરંતુ માનનીય મુખ્યમંત્રીશ્રીએ કચ્છના સ્ફેદ રણની અંદર ચાંદનીના જે દ્રશ્યો છે એ દ્રશ્યોના નઝારા દેશ અને દુનિયા સુધી પહોંચાડયા અને એના કારણે આ વર્ષે ૪૭ દિવસ સુધી આખો રણોત્સવ ચાલ્યો અને જે "કચ્છ નહીં દેખા તો કુછ નહીં દેખા"એના માધ્યમથી આપણે ગુજરાતને ફોકસ કર્યું છે. માત્ર સફેદ રણ નહીં પરંતુ એની સાથે માંડવીનો બીચ જયાં દતાત્રેય ભગવાનનું મંદિર છે તેવો કાળો ડુંગર, નારાયણ સરોવર, ધોળાવીરા અને કચ્છ કાર્નીવલ હમીરસર તળાવના કાંઠે યોજીને કચ્છની ભાતીગળ સંસ્કૃતિ કચ્છનું હેન્ડીક્રાફટ એના માધ્યમથી રોજગારી મેળવવા માટે અનેક રીતે પ્રયાસ કર્યા છે. કાઇટ ફેસ્ટિવલ, આ વખતના કાઇટ ફેસ્ટિવલમાં ૫૦ દેશોમાંથી ૧૦૫ પતંગવીરોએ ભાગ લીધો અને માત્ર કાઇટ ફેસ્ટિવલના કારણે ગુજરાતની અંદર ૪૦૦ કરોડ સુધી રોજગારી ઉત્પન્ન આપણે કરી શકયા.

ગુજરાતની શાંતિ, સલામતી અને સુરક્ષાના કારણે અડધી રાત્રે બહેન–દીકરીઓ શાંતિથી નવરાત્રી ઉજવી શકે છે અને આ નવરાત્રીને આપણે ફેસ્ટિવલ સ્વરૂપે દેશ અને દુનિયાની અંદર આપણે ફોકસ કર્યો છે. મહાત્મા ગાંધીજીની સાથે સંકળાયેલા બધા જ સ્થાનો, દાંડી હેરીટેજ ટ્રેનના માધ્યમથી આપણે મૂકયા છે. બુદ્ધિ સકીઝ એમાં પણ શામળાજી પાસે દેવમોરી અને જૂનાગઢના ઉપરકોટ એના માધ્યમથી વિશ્વના બુદ્ધિસ્ટોને દેશની અંદર આકર્ષવા માટેનું કામ કર્યુ છે. આ ઉપરાંત ગુજરાત એ આપ સૌના ધ્યાન ઉપર મૂકવા માગુ છું કે પ્રવાસન વિભાગના માધ્યમથી ફિલ્મ શુટિંગ માટેનું અહિંયા પ્રોત્સાહન પૂરું પાડવામાં આવે છે અને ફિલ્મ શુટીંગના પ્રોત્સાહનના કારણે અહીંયા હમ દિલ દે ચૂકે હૈ સનમ, રેફ્યુજી, ગાંધી માય ફાધર, કાયપો છે, લગાન, કેવી રીતે જઇશ, મટરૂ કી બીજલી કા મંડોલા, સાહેબ બીબી ઔર ગેંગસ્ટાર, આ બધી ફિલ્મો ગુજરાતની અંદર સાનુકૂળતા થવાના કારણે આના શુટિંગનું કામ ગુજરાતની અંદર કરવામાં આવ્યું છે. આપણું રાજપીપળા એ ભોજપુરી ફિલ્મોના હબ તરીકે જાણીતું છે અને આમ ગુજરાતને સર્વાંગી રીતે આપણે દેશ અને દુનિયામાં ફોકસ કરવામાં આવ્યું છે.

એક છેલ્લી વાત કહું, પબ્લીક પ્રાઈવેટ પાર્ટનરશીપને પ્રોત્સાહન આપવાના હેતુથી ટુરીઝમ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા અને ઈન્ફ્રાસ્ટ્રકચર લીઝીંગ એન્ડ ફાયનાન્સીયલ સર્વીસ એ GUJ TOP ની કંપનીની સ્થાપના કરી છે અને આ ગુજટોપની કંપનીની પાસે જે પબ્લીક પ્રાઈવેટ પાર્ટનરશીપના લોકો આવે એમાં હોલી ડે ઈન, તાજ મહિન્દ્રા, રેડીશોટ અનેક લોકો આવે છે અને એમની સાથે સંયુકત રીતે રહીને ગુજરાતની અંદર અગાઉ હતી એના કરતા ડબલ હોટલની કેપેસીટી થઇ છે. આગામી દિવસોમાં હોટલો અને રૂમોની પણ આપણે આવશ્યકતા છે. હું વિપક્ષના મિત્રોને વિનંતી કરું છું કે ગુજરાતના પ્રવાસન એ માત્ર પ્રવાસનનો વિકાસ નથી થયો, ગુજરાતને દેશ અને દુનિયામાં આગવું નામ અપાવ્યું છે. એના માટે આપ આપની આપેલી કાપ દરખાસ્તો પાછી ખેંચો એવી આપ સૌને હું વિનંતી કરું છું.

શ્રી શ્રી રમણલાલ વોરા ( સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી,

" અગર ભીમ દલિતોમેં પેદા ન હોતા તો દલિતોંકા ગુઝારા ન હોતા
યું હી ડૂબ જાતી દલિતોંકી નૈયા અગર ભીમ નૈયા સહારા ન હોતા"

માનનીય અધ્યક્ષશ્રી, દલિત, પીડીત શોષતિ સમાજ માટે ડો. બાબાસાહેબ આંબેડકરે જે યોગદાન આપ્યું છે અને આ યોગદાનની અંદર ગુજરાતના આદરણીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીએ અમને જે સાથ અને સહયોગ આપ્યો છે. સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ માટે ઘણા બધા મિત્રોએ એમના માટેની વાત કરી છે એમના પ્રશ્નોના જવાબ હું પછીથી આપું છું પરંતુ એ જવાબ આપતાં પહેલાં મારા વિભાગમાં જે કામગીરી થઇ છે એની થોડી ટુંકી વિગતો આપ સૌના ધ્યાન ઉપર મુકું છું. ૧૨–૧૩ માં પ્લાન અને નોન પ્લાન સદરે ૧૫૨૨.૮૫ કરોડ રૂપિયા ગયા વર્ષનું બજેટ હતું. આ વખતનું બજેટ ૧૭૯૫.૫૬ કરોડની જોગવાઇ સાથે ૨૭૨.૭૧ કરોડની આની અંદર વધારાની જોગવાઇ કરવામાં આવી છે. અનુસૂચિત જાતિ અને વિકસતી જાતિની જે યોજના છે, એમાં વિશેષ કરીને ડો.બાબાસાહેબ આંબેડકરના સ્વપ્નને સાકાર કરવા માટે શિક્ષિત બનો, સંગઠિત બનો, અને સંઘર્ષ કરો. આ શિક્ષિત બનોના નારા માટે, શૈક્ષણિક યોજના માટે આ બંને વિભાગો માટે ૧૦૫૦.૮૧ કરોડની શૈક્ષણિક જોગવાઇ સાથે કુલ બજેટના ૭૬.૪૮ ટકા એ શિક્ષણ વિભાગ માટે આ વિભાગોમાં ફાળવવામાં આવ્યા છે. શિષ્યવૃત્તિ અંગે મને બરાબર ખબર છે. બે વર્ષે, ત્રણ વર્ષે મળે આ દિવસો આપણે જોયેલા છે. નરેન્દ્રભાઇ મોદીના આ શાસનની અંદર જ્યારે શાળાઓ ખૂલે અને બીજા અઠવાડિયે શાળા પ્રવેશોત્સવના કાર્યક્રમો થાય, કન્યા કેળવણી રથયાત્રાના કાર્યક્રમો થાય. એ જ વખતે તમામ બાળકોને શિષ્યવૃત્તિ ચુકવવામાં આવે છે. અત્યાર સુધી આ જે શિષ્યવૃત્તિ આપવામાં આવતી હતી, એની સમય મર્યાદામાં થાય એના માટેની કાળજી આ વિભાગે લીધી છે.

આવાસની વાત, ઘરના ઘરની વાતો ચૂંટણી પહેલા પણ ઘણું બધું જોયું છે. દિશા પણ બદલીએ, અને દશા પણ બદલીએ. એનાથી આપણે બધા વાકેફ છીએ. ગુજરાત રાજ્યની અંદર ૧૧ જેટલી આવાસ માટેની યોજના છે. ૧૧ પૈકી ૧૦ યોજનાઓ એ રાજ્ય પુરસ્કૃત યોજનાઓ છે. આ ૧૦ યોજના પૈકી અમારા વિભાગમાં ૩ યોજનાઓ ડો.બાબા સાહેબ આંબેડકર આવાસ યોજના, પંડિત દિનદયાલ આવાસ યોજના

વિકસતી જાતિ માટે, સફાઇ કામદારો માટે સફાઇ કામદાર આવાસ યોજના છે. અને આ યોજનામાં પહેલાં જે ૨૦,૦૦૦ આપવામાં આવતા હતા, એની જગ્યાએ અત્યારે ૪૫,૦૦૦ આપવામાં આવે છે. આદરણીય મુખ્યમંત્રીશ્રીનું સ્વપ્ન છે કે સમગ્ર ગુજરાતની અંદર જ્યાં ઝૂંપડું હોય ત્યાં ઘર બને અને એટલા માટે આગામી દિવસોમાં અનુસૂચિત જાતિ અને વિકસતી જાતિના સમગ્ર રાજ્યની અંદર જ્યાં ઝૂંપડા હોય ત્યાં ઘર બનાવવાની આ રાજય સરકારની નેમ છે, એટલા માટે અત્યાર સુધીમાં આવાસ યોજનાની પાછળ રાજય સરકારે ૪૯૬.૧૨ કરોડ રૂપિયા ઓલરેડી ખર્ચી ચુકી છે. આ વખતના બજેટની અંદર ૧૪૩.૨૫ કરોડ યોજનાની જોગવાઇ કરવામાં આવી છે. સાથે સાથે માનનીય મુખ્યમંત્રીની આવાસ યોજના જે ઘરના ઘરની યોજના છે, એ ઉપરાંત આ વિભાગ આમા કામ કરી રહ્યું છે. શિષ્યવૃત્તિની વાત થઇ. એનો ગ્યાસુદ્દીનભાઇએ ખૂબ સારો ઉલ્લેખ કર્યો છે. પાછળથી મારે એની વિગત આપવાની છે. અનુસૂચિત જાતિ અને વિકસતી જાતિનાં બાળકોને અત્યાર સુધીમાં ૭૫ રૂપિયા શિષ્યવૃત્તિ આપવામાં આવતી હતી. એમાં ૧૫૦ રૂપિયા, ૨૫૦ રૂપિયા અને અત્યારે ૪૦૦ રૂપિયા વધારો કરીને અનુસૂચિત જાતિ અને વિકસતી જાતિના ૪,૯૦,૪૬,૬૧૩ વિદ્યાર્થીઓને ૯૫૬.૮૮ કરોડની આ શિષ્યવૃત્તિ ચુકવવામાં આવી છે. અન્ય બાળકોની સાથે દલિત સમજનો, કે વિકસતી જાતિનો યુવાન જાય તો એને બે જોડી ગણવેશ આપવાની યોજના આ રાજય સરકારની છે. ધોરણ–૧ થી ૭ ના બાળકોને ૧૫૦ રૂપિયા આપવાની યોજના હતી. એમાં વધારો કરીને ૩૦૦ રૂપિયાની ગણવેશ સહાય આ રાજય સરકાર આપે છે. એ સાથે સાથે અત્યાર સુધીમાં ૩,૪૫,૩૨,૯૩૬ વિદ્યાર્થીઓને ૫૩૧.૮૧ કરોડની રૂપિયાની ગણવેશ સહાય ઓલરેડી ચુકવી દેવામાં આવેલ છે. આ વખતે ૧૨૮.૮૫ કરોડની જોગવાઇ કરવામાં આવી છે.

અનુસૂચિત જાતિ અને વિકસતી જાતિનાં બાળકો પોતાનો અભ્યાસ કરવા માટે એક ગામમાંથી બીજા ગામમાં જાય એના માટે સરસ્વતી સાધના યોજના અન્વયે સાઇકલ આપવાની યોજના છે. માનનીય અધ્યક્ષશ્રી, અત્યાર સુધીમાં રાજય સરકારે ૪ લાખ ૩૩ હજાર ૬૪૦ કન્યાઓને આ સાઇકલો આપી છે. જેની પાછળ ૭૩.૬૬ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો છે. આ વખતે પણ ૨.૭૫ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. અહીં છાત્રાલય અને આશ્રમશાળાઓની વાત થઇ છે. ગ્રાન્ટ ઇન એઇડ છાત્રાલયમાં ૪૫૦ રૂપિયા ભોજન ગ્રાન્ટ આપવામાં આવતી હતી તેમાંથી ૬૦૦ રૂપિયા કરવામાં આવી. છેલ્લા વર્ષથી ૧૦૦૦ રૂપિયા આ ભોજન બિલ પેટે આ રાજય સરકાર આપે છે. આ રાજયમાં ૧૩૧૪ જેટલા ગ્રાન્ટ ઇન એઇડ છાત્રાલયો છે. ૨૦૦૧ની સરખામણીમાં જોઇએ તો ૨૦૦૧માં જેટલા છાત્રાલયો હતા તેના કરતાં ત્રણગણો વધારો આ રાજ્ય સરકારે કર્યો છે. અનુસૂચિત જાતિના ૯૦, વિકસતિ જાતિના ૧૮૭ આમ કુલ ૨૭૦ આશ્રમશાળાઓ અને તેની પાછળ ૮૮૭૫૯ વિદ્યાર્થીઓને રહેવા, જમવા અને ભણવાની સગવડ આ રાજ્ય સરકાર આપે છે. આ અગાઉ જયારે તાલીમ મળતી ત્યારે બહુ તાલીમ મળે તો રિક્ષા શીખવાની કાં તો છકડો શીખવાની અને બહુ કરો તો ટ્રક શીખવાની તાલીમ મળતી. આદરણીય મુખ્યમંત્રીશ્રીએ પાઇલોટની તાલીમ માટે પહેલાં ૨ લાખ રૂપિયાની યોજના હતી, આ યોજના મૂકવામાં આવી ત્યારે ૨ લાખ રૂપિયાની યોજના હતી. તે ૨ લાખમાંથી આજે ૨૦ લાખ રૂપિયા એટલે કે દસગણો વધારો કરીને આ કોમર્શિયલ પાઇલોટની યોજના આ રાજ્ય સરકાર ચલાવી રહી છે. અત્યાર સુધીમાં ૮૦ કરતાં વધારે વિદ્યાર્થીઓ પાછળ ૧૧.૨૭ કરોડ રૂપિયાની લોન આપવામાં આવી છે. આ દલિત સમાજનો, આ વિકસતિ જાતિનો વિદ્યાર્થી અનેકવિધ દેશોમાં ઈન્ટરનેશનલ ફલાઇટમાં પાઇલોટ તરીકેની સેવાઓ બજાવી રહ્યો છે.

તે સાથે સાથે ડો.બાબાસાહેબ આંબેડકરના નામ સાથે વિદેશ અભ્યાસ લોન ચાલે છે. સર સયાજીરાવ ગાયકવાડે ડો.બાબાસાહેબ આંબેડકરને શિષ્યવૃત્તિ આપીને વિલાયત મોકલ્યા હતા. એ જ ડો.બાબાસાહેબ આંબેડકરના કારણે મિત્રો દલિત, પીડિત અને શોષિત સમાજની અંદર આમૂલચુર પરિવર્તન કરવાનું કામ સયાજીરાવ ગાયકવાડના કારણે ડો.બાબાસાહેબ આંબેડકરે કર્યુ હતું ત્યારે આ યોજનાને ધ્યાનમાં રાખીને વિદેશ અભ્યાસની લોન ૫ લાખ રૂપિયા હતી તે અત્યારે ૧૦ લાખ રૂપિયા કરવામાં આવી છે. અત્યાર સુધીમાં અનુસૂચિત જાતિ અને વિકસતિ જાતિના ૬૩૨ લોકોને આ લોન આપી છે. જેમાં અતિપછાત જાતિના ૫૪ વ્યક્તિઓને આનો લાભ આપવામાં આવ્યો છે. તેની સાથે સાથે આ વખતે ૨૦૧૩–૧૪ની

અંદર અનુસૂચિત જાતિના ૭૦ અને વિકસતિ જાતિના ૫૦ વિદ્યાર્થીઓને વિદેશમાં મેડિકલ, એન્જીનિયરીંગ, કોમ્પ્યુટર અને પી.એચ.ડી. જેવા નવા અભ્યાસક્રમો માટેની જોગવાઇ કરવામાં આવી છે. કુંવરબાઇના મામેરાની યોજનામાં પહેલાં પાંચ હજાર રૂપિયા હતા તેમાં વધારીને દસ હજાર રૂપિયા કરવામાં આવ્યા છે. અત્યાર સુધીમાં ૧ લાખ ૧૨ હજાર ૫૫૬ કન્યાઓને ૭૦.૦૮ કરોડ રૂપિયાની સહાય આપવામાં આવી છે. માઇ રમાબાઇ આંબેડકર સાતફેરા સમૂહલગ્ન યોજના, આ સમાજની અંદર કુરિવાજોને બાદ કરીને સમૂહલગ્નની અંદર જોડાય અને તેના માટે ૧ હજાર રૂપિયાની સહાય હતી તેમાં વધારો કરીને ૧૦ હજાર રૂપિયા કરવામાં આવી છે. તેની સાથે સાથે જે સંસ્થાઓ આમાં કામ કરે તેને ૫૦ હજાર સુધીની મર્યાદામાં તેમને પણ મદદ કરવામાં આવી રહી છે.

અનુસૂચિત જાતિ અને વિકસતિ જાતિના વિદ્યાર્થીઓ માટે એક નવી યોજના, અભિનય, નિદર્શન, સંપાદન, ફોટોગ્રાફી આ બધા માટે ૫૦ હજારની સહાય કરવાની યોજના આ રાજય સરકારે અમલમાં મૂકી છે. તેના માટે ૩ કરોડ રૂપિયાની જોગવાઇ કરી છે. ડો.સવિતા આંબેડકર આંતરજ્ઞાતિય લગ્ન સહાય યોજના, ૩૦ હજારની સહાયથી વધારીને અત્યારે તે ૫૦ હજાર કરવામાં આવી છે. ૩ હજાર ૧૩૦ યુગલોએ અત્યાર સુધીમાં તેનો લાભ લીધો છે. ગરીબ સમાજની અંદર જયારે તેનો સ્વર્ગવાસ થાય, તેનું મૃત્યું થાય ત્યારે તેની મરણોત્તર ક્રિયા કરવાની છે તેના માટે એવા ઘરો છે જેમાં તેના માટેની જોગવાઇ ન હતી. આ રાજય સરકારે રાજા હરિશ્ચંદ્ર મરણોત્તર સહાય યોજના શરૂ કરીને ૧૦૦૦થી વધારીને ૨૫૦૦ રૂપિયા કર્યા છે. એ સાથે સાથે આર્થિક રીતે એમને લાભ મળી શકે એના માટે સંત શિરોમણી શ્રી રવિદાસ ઉચ્ચ કૌશલ્યવર્ધક તાલીમ યોજના કરી છે. તાલીમ આપીએ છીએ એની સાથે એને રોજગારી મળે છે અને આવા ૭,૨૮૪ યુવાનોને તાલીમ આપી છે આજે એ સોએ સો ટકા યુવાનોને રોજગારી મળી રહી છે.

માનનીય અધ્યક્ષશ્રી, સેલ્ફ ફાયનાન્સ કોલેજોમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને રૂપિયા ૫૦,૦૦૦ની શિષ્યવૃત્તિ ચાર કરોડ રૂપિયાની જોગવાઇ આ રાજય સરકારે કરી છે. પહેલાં ખાનગી ટ્યુશન વર્ગો માટેની જે મર્યાદાઓ હતી એ મર્યાદાની અંદર પણ આ રાજય સરકારે વધારો કર્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ વર્ષે રાજય સરકારે નવી બાબતોની પણ વ્યવસ્થા કરી છે. અનુસૂચિત જાતિની આદર્શ નિવાસી શાળાઓમાં ૩૫ લાખ રૂપિયાના ખર્ચે ઇંગ્લીશ લેન્ગવેજ લેબ, આ વિદ્યાર્થીઓને અંગ્રેજીના માધ્યમથી એમને પણ લાભ મળે એના માટે ઇંગ્લીશ લેન્ગવેજ લેબ શરૂ કરવામાં આવશે. ૫૦ લાખ રૂપિયાના ખર્ચે વડોદરા ખાતેનું સરકારી કુમાર છાત્રાલયનું રિનોવેશન કરવામાં આવશે. એક કરોડ રૂપિયાના ખર્ચે ભાવનગર અને થરાદની સરકારી કન્યાશાળાના મકાનોનું બાંધકામ કરવામાં આવશે. આઠ જેટલી આદર્શ નિવાસી શાળાઓમાં ધોરણ નવ થી બારના સામાન્ય પ્રવાહના વર્ગો શરૂ કરવામાં આવશે જેના માટે ૬૭.૮૪ લાખ રૂપિયાની જોગવાઇ કરવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, વિશેષ કરીને વાલ્મીકી સમાજ જેની સાથે જોડાયેલો છે એવા ગુજરાત સફાઇ કામદાર નિગમની શેર મૂડી વધારવા માટે ૧૦ કરોડ રૂપિયાની જોગવાઇ કરવામાં આવી છે, એ સિવાય વિકસતિ જાતિ માટે ૪ કરોડ રૂપિયાના ખર્ચે ભાવનગર અને ખંભાત ખાતેના સરકારી કુમાર છાત્રાલયો માટે અદ્યતન નવું મકાન બાંધવામાં આવશે. ૪ કરોડ રૂપિયાના ખર્ચે વલસાડ અને વલ્લભવિદ્યાનગર ખાતે ભાડાના મકાનમાં જે સરકારી છાત્રાલયો ચાલે છે એને નવું મકાન આપવામાં આવશે. ૮૮ આદર્શ નિવાસી શાળાઓમાં ધોરણ ૧૧નો વર્ગ શરૂ કરવામાં આવશે. અગરિયાઓ માટે પાંચ આદર્શ નિવાસી શાળાઓ અને ધોરણ બારના વર્ગો શરૂ કરવામાં આવશે. ૫ કરોડ અને ૪૦ લાખ રૂપિયાના ખર્ચે જામખંભાળીયા અને ખંભાત ખાતે આદર્શ શાળા નિવાસી શાળાઓનું બાંધકામ કરવામાં આવશે.

માનનીય અધ્યક્ષશ્રી,અમારી આદર્શ નિવાસી શાળાઓ જે ચાલે છે, મને જણાવતાં આનંદ થાય છે કે, હમણાં જે ધોરણ બારની પરીક્ષાઓ લેવામાં આવી, વિકસિત જાતિની અમારી બક્ષીપંચની ૩૩ આદર્શ નિવાસી શાળાઓ પૈકી ૩૧ શાળાઓનું ૧૦૦ ટકા પરિણામ આવ્યું છે. એ જ પ્રમાણે અનુસૂચિત શાળાઓની અંદર પણ ૧૩ કરતાં વધારે શાળાઓનું ૧૦૦ ટકા કરતાં વધારે પરિણામ આવ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે આંકડાઓ આપવા છે, રાજયની ૧૧-૧૨ની વાત કરું તો ૨૦૧૦-૧૧ની અંદર રાજયનું પરિણામ ૭૧ ટકા હતું, આદર્શ નિવાસી અનુસૂચિત જાતિનું પરિણામ ૯૨.૨૭ ટકા, વિકસતિ જાતિનું પરિણામ ૯૯.૬૬ ટકા હતું, ૨૦૧૧-૧૨માં રાજયનું પરિણામ ૬૯ ટકા હતું, અનુસૂચિત જાતિનું પરિણામ ૮૮.૫૮ ટકા હતું, વિકસતિ જાતિનું પરિણામ ૯૯.૬૭ ટકા હતું.

માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકાર જે કામ કરી રહી છે અને એની અંદર અમારા જે તાલીમ પામેલા શિક્ષકો છે એ વધારાની મહેનત કરીને એની પાછળ જે મહેનત કરે છે એના પરિપાકરૂપે આ સમાજના વિદ્યાર્થીઓને લાભ મળી રહ્યો છે.

જયારે સ્વામી વિવેકાનંદજીની ૧૫૦મી જન્મજયંતિ આપણે ઉજવી રહ્યા છીએ ત્યારે રાજય સરકારે એક નવીનતમ અભિગમ રાખીને એક સમરસ છાત્રાલય કરવા માગે છે. આ છાત્રાલયની અંદર અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને વિકસતિ જાતિના વિદ્યાર્થીઓ માટે અમદાવાદ, ભાવનગર, વડોદરા, રાજકોટ અને આણંદમાં ૬૬૪.૨૨ કરોડ રૂપિયાની વહીવટી મંજૂરી સાથે મંજૂર કરવામાં આવેલ છે. વડોદરા અને સુરત ખાતેના છાત્રાલયોનું ખાતમુહૂર્ત વિધિ કરી દેવામાં આવી છે. ૨૦૧૩-૧૪ની અંદર ૧૫૦ કરોડ રૂપિયાની જોગવાઇ કરવામાં આવી છે એ સાથે સાથે અમારા જે બોર્ડ- કોરપોરેશનો ચાલે છે. આ બોર્ડ કોર્પોરેશનની અંદર પણ જેમ અગાઉ વાત થઇ એ પ્રમાણે ગુજરાત પછાત વર્ગ નિગમ એમાં ૭૫ લાખની શેરમૂડી સાથે ૨ કરોડ એન.ડી.સી.ડી.એફ.ના મેચીંગ શેર ફાળા સાથે આ નિગમને એનો લાભ આપવામાં આવશે. ગુજરાત અલ્પ સંખ્યક નાણા અને વિકાસ નિગમ એમાં ૩.૬ કરોડની જોગવાઇ કરવામાં આવી છે, ૧૦૦ લાખની શેર મૂડી, ૧૫૦ લાખની મેચીંગ શેર ફાળો પણ આપવામાં આવશે. ગુજરાત ગોપાલક નિગમ ૨.૪૩ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. ૧ કરોડની શેર મૂડી અને ૧ કરોડની મેચીંગ ગ્રાન્ટ મળશે, ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમ એના માટે ૨.૭ કરોડની જોગવાઇ કરવામાં આવી છે ૮૫ લાખની શેર મૂડી સાથે ૬૦ લાખની મેચીંગ ગ્રાન્ટ આપવામાં આવશે, ગુજરાત અતિ પછાત જાતિ વિકાસ નિગમ અત્યાર સુધી એ બોર્ડ હતું એ બોર્ડમાંથી આ વખતે નિગમ કરવામાં આવેલ છે. ૧૨ અતિ પછાત જાતિઓ માટે આ માટે ૧.૭૫ કરોડની જોગવાઇ કરવામાં આવી છે, અનુસૂચિત જાતિ આર્થિક વિકાસની અંદર ૭.૧૨ કરોડની જોગવાઇ સાથે ૬.૧૨ કરોડની વહીવટી ગ્રાન્ટ અને ૧.૧૦ કરોડની શેર મૂડી અનુસૂચિત જાતિ આર્થિક વિકાસ નિગમમાં આપવામાં આવશે. ગુજરાત સફાઇ કામદાર નિગમની અંદર ૧૩.૭૩ કરોડની જોગવાઇ કરવામાં આવી છે એમાં ૬૦ લાખની શેર મૂડી સાથે કામદારોના પુનઃસ્થાપન માટે ૧૨.૩ કરોડની જોગવાઇ કરવામાં આવી છે.

એ સિવાય પણ જે યોજનાની અંદર જે અમારા મિત્રોએ જે પ્રશ્નો પૂછ્યા છે તથા એમના મંતવ્યો રજૂ કર્યા છે, મને લાગે છે કે એમણે પણ જે વાતો કરી છે એનો પણ મારે જવાબ આપવો જોઇએ. શરૂઆતમાં ભાઇશ્રી અમિતભાઇ ચાવડાએ ખૂબ વિસ્તારથી ઘણી બધી વાતો કરી છે, એમનો મૂળ કહેવાનો મતલબ એવો હતો કે, જે પ્રમાણે વસતિનું ધોરણ હોય એ પ્રમાણે તમે એના બજેટની જોગવાઇ કરો અને એમની વાત પણ સાચી છે. માનનીય અમિતભાઇને મારે થોડાંક આંકડાઓ આપવા છે અને એ આંકડાઓ એવા છે કે જ્યારે વિક્સતી જાતિનું નિગમ અલગ થયું એ વખતે આ ઓ.બી.સી.નું બજેટ માત્ર ૧૮.૫૪ કરોડ રૂપિયા હતું અને ૯૦ પછી તમારો નંબર ક્યારે લાગ્યો નથી, લાગવાની કોઇ સંભાવના નથી અને એ સંજોગોમાં એની સાથે બક્ષીપંચના મુખ્યમંત્રી તરીકે આદરણીય મુખ્યમંત્રીશ્રીનું જ્યારે નામ જોડવામાં આવ્યું છે ત્યારે મારે મુખ્યમંત્રીશ્રી માટે માત્ર એટલું કહેવું છે કે, "વો જબ મચલતે હે તો ભૂચાલ મચલ જાતા હૈ, વો જબ ઉબલતે હે તો સાગર ખનક જાતે હૈ, નરેન્દ્રભાઇ કો બદલને કી કોશીશ ક્યા કરેગા જમાના નરેન્દ્રભાઇ જબ બદલતે હે તબ ઇતિહાસ બદલ જાતા હૈ" આ પ્રકારના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીના શાસનમાં જ્યારે બજેટની જોગવાઇ જ્યારે કરવાની હોય ત્યારે મારે આંકડાકીય માહિતિ આપવી છે.

૬ઠ્ઠી પંચવર્ષીય યોજના ૧૯૮૦-૮૫માં જોગવાઇ ૩.૭૦, ૧૯૮૫-૯૦માં ૨.૮૬, વર્ષ ૧૯૯૨-૯૭માં ૨.૯૭, વર્ષ ૧૯૯૭ થી ૨૦૦૨ ૩.૭૯, ૨૦૦૧ થી ૨૦૦૨માં ૪.૯, ૨૦૧૨-૧૩માં ૫.૬૩ની જોગવાઇ કરવામાં આવેલી છે. ક્યાં ૨.૮૬ અને ક્યાં ૫.૬૩? આ વિકસતી જાતિના કલ્યાણ માટેની વાત આમાં

કરવામાં આવી છે. એ સાથે સાથે એમણે સ્વામી વિવેકાનંદની વાત કરી હતી કે, વિવેકાનંદજીએ કહ્યું હતું કે ફૂંક મારશે ગરીબો તો પણ આવું થશે. એમની વાત સાથે માનનીય અધ્યક્ષશ્રી, હું સો ટકા સંમત છું એટલા માટે કે, ૧૯૯૦ થી ફૂંક મારી છે એ ૨૦૦૭ અને ૨૦૧૨ સુધી ચાલી છે અને આવતા દિવસોમાં પણ ચાલવાની છે ત્યારે આ સ્વામી વિવેકાનંદજીની જન્મ જયંતિને ધ્યાનમાં રાખીને મેં કહ્યું તે પ્રમાણે સમરસતા હોસ્ટેલ બનાવવાનું રાજય સરકારનું સ્વપ્ન છે. એમણે એવું પણ કહ્યું કે વિદેશમાં અભ્યાસ માટે લોન માત્ર ૧૦ લાખ રૂપિયા? તબીબી સહાયમાં આટલું, કાયદા સ્નાતકમાં આટલું, મારે અમીતભાઇને એટલું પુછવું છે કે, તમારા જ શાસનમાં, તમારા જ પરિવારમાં મુખ્યમંત્રી પણ હતા ત્યારે વિદેશ અભ્યાસની લોન નહોતી. કોમર્શિયલ પાઇલોટની યોજના નહોતી. તબીબી સહાયની યોજના નહોતી, એ વખતે તો તમે રિક્ષા અને છકડા સિવાય ક્યાંય આગળ ચાલ્યા નથી. આ વખતે કોમર્શિયલ પાઇલોટની યોજના આવી. એમણે એવું કહ્યું કે નિગમમાં ફાળવણી જે થાય એ ફાળવણી વધારે થાય અને એટલા માટે પણ મેં નિગમના આંકડા આપ્યા, એમાં ખૂબ મોટો વધારો આ રાજ્ય સરકારે કર્યો છે, છાત્રાલયોની સંખ્યામાં વધારો કર્યો છે. વિદ્યાર્થીઓની સંખ્યામાં પણ વધારો કર્યો છે. એ સાથે સાથે જ્યારે ટકાવારીની વાત ચાલતી હોય છે. માનનીય અધ્યક્ષશ્રી, મણીભાઇ વાઘેલાએ શ્રીમતી ઈન્દિરા ગાંધીની સરસ વાત કરી હતી. મારે મણીભાઇને એટલું કહેવું છે કે કોંગ્રેસ એટલે ગરીબોની, અત્યાર સુધી ચાલતુ હતું. ડો. બાબાસાહેબ આંબેડકર એટલે દલિતોના મસિહા, મારે માત્ર એટલું પુછવું છે, કોંગ્રેસના શાસનમાં અને શ્રીમતી ઈન્દિરાબેન ગાંધીનો સૂર્ય જ્યારે મધ્યાહને તપતો હતો ત્યારે દિલ્હીના સેન્ટ્રલ હોલમાં ડો. બાબાસાહેબ આંબેડકરનું તૈલચિત્ર મૂકવાની ના પાડી હતી. અનેક મહાનુભાવોના..

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત :** માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે કે એમની પાસે આ બાબતનો પુરાવો છે?

**શ્રી રમણલાલ વોરા :** હા, મારી પાસે પુરાવા છે.

**અધ્યક્ષશ્રી :** એક મિનિટ તમે રજૂ કરજો જે કંઇ હોય તે.

**શ્રી રમણલાલ વોરા :** જી સર.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત :** માનનીય અધ્યક્ષશ્રી, તરત રજૂ કરવાના હોય છે. ચર્ચામાં આવતું હતું એટલે મારે કહેવું પડે છે.

**અધ્યક્ષશ્રી :** આ સરદારનું સ્ટેચ્યુ, ડો. આંબેડકરનું સ્ટેચ્યુ, આ બધા પાર્લામેન્ટના રેકર્ડ પર છે.

**શ્રી રમણલાલ વોરા :** માનનીય અધ્યક્ષશ્રી, આ દેશમાં જે પણ સારું કામ કરે એને "ભારત રત્ન"નો ઈલ્કાબ આપવામાં આવે છે. સ્વ. રાજીવ ગાંધીને પણ "ભારત રત્ન"નો ઈલ્કાબ આપવામાં આવ્યો. એ જરાય ખોટું નથી આપવો જોઇએ. પરંતુ મારે એટલું જ કહેવું છે કે સરદાર વલ્લભભાઇ પટેલ અને ડો. બાબાસાહેબ આંબેડકરને "ભારત રત્ન"નો ઈલ્કાબ કેમ નહિ? અને એ પણ મરણોત્તર. માત્ર ૩ લોકોને મરણોત્તર ભારત રત્નના ઈલ્કાબ આપવામાં આવ્યા એમાં ડો. બાબાસાહેબ આંબેડકર અને સરદાર વલ્લભભાઇ પટેલ. અને એટલા માટે મારે કહેવું છે કે, આ દલિતોના મસિહા ડો. બાબાસાહેબ આંબેડકરની સાથે મિત્રો જ્યારે ખાસ અંગભૂત યોજનાની વાત એમણે કરી ત્યારે મારે થોડુંક એટલું કહેવું છે કે, દિલ્હીની કોમન વેલ્થ ગેઇમમાં જ્યારે નાણાં રોકવામાં આવ્યા ત્યારે સ્પેશ્યલ કોમ્પોનન્ટ પ્લાન સામાજિક ન્યાય અને અધિકારીતાના ૭૪૮ કરોડ રૂપિયા કોમનવેલ્થમાં વપરાયા અને એમાં મોટો ભ્રષ્ટાચાર થયો. દલિત, પીડિત, શોષિત સમાજના જે નાણાં એમના માટે વપરાવા જોઇએ એમાં ખૂબ મોટો ભ્રષ્ટાચાર થયો.

માનનીય ગ્યાસુદ્દીનભાઇએ સચ્ચર કમિટીની વાત કરી હતી, સચ્ચર કમિટી જ્યારે અહીંયા આવી ત્યારે એમાં માનનીય મુખ્યમંત્રીશ્રીની સાથે હું આનંદીબહેન અને બીજા ઘણા બધા મિત્રો હતા. સચ્ચરજીએ પુછ્યું કે આપ લઘુમતિઓ કે લિયે ક્યા કર રહે હો? તો માનનીય નરેન્દ્રભાઇએ જવાબ આપ્યો કે મૈંને લઘુમતિઓ કે લિયે કુછ ભી નહિ કિયા હૈ, એમણે બીજું વાક્ય કહ્યું કે મૈંને હિન્દુઓકે લિયે ભી કુછ ભી નહિ કિયા હૈ, મૈંને જો ભી કુછ કિયા હૈ વો ગુજરાત કી છે કરોડ જનતાકે લિયે કિયા હૈ અને એટલા માટે માનનીય અધ્યક્ષશ્રી, એમણે જ્યારે સચ્ચર કમિટીની વાત કરી છે ત્યારે અત્યારે પ્રિ–મેટ્રિક શિષ્યવૃત્તિ આપવાની વાત

ચાલે છે, લઘુમતિ સમાજના લોકોને ૩ હજાર રૂપિયા મળવા જોઇએ. માનનીય ગ્યાસુદ્દીનભાઇ આ દલિત, પદદલિત સમાજનો, અનુસૂચિત જાતિનો વર્ગ, વિકસતી જાતિનો વર્ગ, એને અત્યારસુધીમાં ૩૦૦ રૂપિયા, એનું કારણ શું છે? આ રાજ્ય સરકારની અપેક્ષા એવી છે કે જે આ લોકોને મળે તે અનુસૂચિત જાતિના લોકોને પણ મળવું જોઇએ, વિકસતી જાતિના લોકોને પણ મળવું જોઇએ. માત્ર તુષ્ટિકરણની નીતિ થાય. એના માટે અમે સુપ્રીમ કોર્ટમાં ગયા નથી પણ જવાના જરૂર છીએ, પણ મારે તમને એટલું કહેવું છે કે, શાહબાનુના ચુકાદાની અંદર સુપ્રીમ કોર્ટે તો જજમેન્ટ આપ્યું હતું આ જજમેન્ટથી વિરુદ્ધ જઇને કોંગ્રેસની સરકાર એ જજમેન્ટ ફોક કરીને બંધારણીય સુધારો લાવ્યા હતા. મારે કોંગ્રેસના મિત્રોને પુછવું છે કે ત્યારે તમે કહેતા હતા? (xxxxxx) અમારું આ કામ નથી આ તમને મુબારક. અમારુ આ કામ નથી તમને આ મુબારક.

અધ્યક્ષશ્રી : તમારી પાસે એક મિનિટ છે.

શ્રી રમણલાલ ઇ. વોરા : પુનમભાઇએ પણ કહ્યુ હતુ કે અમારા ઠાકોર સમાજ લીલાધરભાઇ વાઘેલા માનનીય મંત્રીશ્રી બેઠા છે. કોંગ્રેસ છોડીને ભાજપમાં કેમ આવ્યા ? અમદાવાદ શહેરના ૫૦ લાખના કાનાજી ઠાકોર નગરપતિ બન્યા, કોંગ્રેસને કેમ યાદ નહીં આવ્યુ ? અત્યાર સુધીમાં કયારેય રાજયસભાનો સભ્ય આટલા ઇતિહાસમાં ઠાકોર સમાજનો બન્યો છે ? નટુજી ઠાકોર રાજયસભાના સાંસદ રહ્યા છે. ઠાકોર સમાજનું આ રાજય સરકારે કર્યુ છે. આવી તો અનેક વાતો છે અને તેમા હું જઉં તો ઘણુ બધુ લાંબુ થાય તેમ છે. આ સર્વ સભ્ય મિત્રોને મારી વિનંતી છે કે, આ જે અમે માગણીઓ લઇને આવ્યા છીએ તેને સર્વાનુમતે મંજૂર કરે એટલી વિનંતી સાથે મારી વાત પૂરી કરુ છું.

શ્રી માનસિંહ કો. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય પ્રવાસન મંત્રીશ્રીને પૂછવું છે કે, એશિયામાં પ્રથમ નંબરનુ ડાયનોસોર ખેડા જિલ્લાના બાલાસિનોર ખાતે રૈયોલી ગામે મળ્યુ. ગયા વખતે બારમી વિધાનસભામાં મંત્રીશ્રીએ ખાતરી આપેલી પણ આજદિન સુધી આ ડાયનોસોરને કારણ કે, વિદેશના લોકો પણ આવે છે તો તેમને રહેવા માટે કોઇ સગવડ ત્યાં નથી. એના જે સ્પેર પાર્ટસ છે તે જયપુર લઇ જાય છે તો એ પાછા લાવવા માગો છો કે કેમ?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, જે બાલાસિનોર ખાતે ડાયનોસોર પાર્ક માટે ફેન્સીંગનું કામ પૂર્ણ થયુ છે ત્યાં આખા ફોસીલ પાર્કના ડેવલપમેન્ટ માટે સોસાયટી બનાવી છે. અને આગામી દિવસોમાં પ્રવાસન વિભાગ દ્વારા વધારે સુવિધા ઉપલબ્ધ કરવા માટે રાજય સરકારનું આયોજન છે.

શ્રી ગ્યાસુદીન હ. શેખ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માંગુ છું કે, પ્રિ મેટ્રિક જે કેન્દ્રીય શિષ્યવૃત્તિ યોજના છે તે રાજય સરકાર આપવા માગે છે કે કેમ ?

શ્રી રમણલાલ ઇ. વોરા : માનનીય અધ્યક્ષશ્રી, કાયદા વિભાગનો અભિપ્રાય અને એડવોકેટ જનરલના અભિપ્રાય પ્રમાણે રાજય સરકાર સુપ્રીમ કોર્ટમાં જવા માટેનું વિચારે છે અને તેની પાછળનું એક માત્ર કારણ દલિત સમાજ, વિકસતી જાતી એટલે બક્ષીપંચના સમાજના લોકોને જે લાભ મળે તે જ લાભ આ રાજય સરકાર આપવા માગે છે.

શ્રી મણીલાલ જે. વાઘેલા : માનનીય અધ્યક્ષશ્રી, આપણો તાલુકો વાયબ્રન્ટ તાલુકો તે અનુસંધાને એક સમિતિ બનાવવામાં આવી છે. એ સમિતિમાં પ્રાંત ઓફિસર તેના અધ્યક્ષ, ધારાસભ્ય, તાલુકા પંચાયતના પ્રમુખ પણ બંધારણીય રીતે તાલુકા સામાજિક ન્યાય સમિતિના ચેરમેનો જે હોય છે તે દરેક કમિટીમાં હોય છે. તો તમે આ કમિટીમાં મૂકવા માગો છો કે કેમ ?

શ્રી રમણલાલ ઇ. વોરા : આમ તો તમે પહેલી વખતના ધારાસભ્ય છો એટલે બહુ કહેવુ બરોબર નથી. પણ આ આને લાગુ પડતો સવાલ નથી અને એમાં એવી જોગવાઇ પણ નથી.

શ્રી અમિત અ. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, મેં મારા પ્રવચનમાં પણ કહ્યુ હતું કે ધોરણ-૧૧ અને ૧૨ના બક્ષીપંચના જે વિદ્યાર્થીઓ છે તેમને ખાનગી ટ્યુશન માટેની સહાય આપવા માગો છો કે કેમ ?

શ્રી રમણલાલ ઇ. વોરા : માનનીય અધ્યક્ષશ્રી, તેમનું સૂચન છે.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧, ૨, ૩, ૪, ૫, ૭, ૮, ૯, ૧૦, ૧૧, ૧૨, ૧૩, ૧૪, ૧૫, ૧૬, ૧૭, ૧૮, ૧૯, ૨૧, ૨૨, ૨૫, ૨૬, ૨૭, ૨૮, ૨૯, ૩૦, ૩૧, ૩૨ અને ૩૩ મત માટે મૂકવામાં આવી અને નામંજૂર કરવામાં આવી.**

**માગણી ક્રમાંકઃ ૫૧,૯૨ અને ૯૫ મત માટે મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.**

**સભાગૃહનું કામકાજ બપોરના ૧૨–૫૯ વાગ્યે પુરૂં થતાં સભાગૃહ અધ્યક્ષશ્રીના આદેશાનુસાર સોમવાર, તા.૨૫મી માર્ચ, ૨૦૧૩ના રોજ બપોરના ૧૨–૦૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.**

તા. ૨૫મી માર્ચ ૨૦૧૩
તારાંકિત પ્રશ્નો

# ગુજરાત વિધાનસભા

**સોમવાર, તા. ૨૫મી માર્ચ ૨૦૧૩**

**ચૈત્ર ૪, ૧૯૩૫ શાકે**

**સભાગૃહ બપોરના ૧૨.૦૦ વાગ્યે મળ્યું**

**અધ્યક્ષશ્રી વજુભાઇ વાળા અધ્યક્ષ સ્થાને**

## તારાંકિત પ્રશ્નો

**અધ્યક્ષશ્રી :** ઓર્ડર ઓર્ડર.

**ઉતરાણ વીજ મથકનું વીજ ઉત્પાદન**

* ૪૮૯૫ **શ્રી હર્ષ ર. સંઘવી(મજુરા) : માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

રાજ્ય સરકાર હસ્તકના ગેસ આધારિત વીજ ઉત્પાદન કરતા ઉતરાણ વીજ મથકમાંથી વર્ષ ૨૦૧૧ અને ૨૦૧૨ માં કેટલું વીજ ઉત્પાદન મેળવાયું ?

**જવાબ**

રાજ્ય સરકાર હસ્તકના ગેસ આધારિત ઉતરાણ વીજમથકની વીજ ઉત્પાદન ક્ષમતા ૫૦૯.૫૭૧ મેગાવોટની છે. પરંતુ છેલ્લા કેટલાક સમયથી સસ્તા દરે ઉપલબ્ધ થતાં, ડોમેસ્ટીક ગેસની ફાળવણીમાં કેન્દ્ર સરકાર દ્વારા ઘટાડો થતાં અને અન્ય સ્ત્રોતો મારફતના મોંઘાભાવના ગેસ દ્વારા વીજ મથક ચલાવવાનું પોષણક્ષમ ન હોઇ, ઉતરાણ વીજ મથક પૂર્ણ ક્ષમતાએ વીજ ઉત્પાદન માટે ઉપલબ્ધ હોવા છતાં, અપૂરતા ડોમેસ્ટીક ગેસની ફાળવણીના કારણે વીજ ઉત્પાદનમાં નોંધપાત્ર ઘટાડો થયો છે.

એક તરફ રાષ્ટ્રના અન્ય રાજ્યો તીવ્ર વીજ ખેંચ અનુભવી રહ્યાં છે. ત્યારે, તે સામે રાષ્ટ્રીય સંપત્તિ કહી શકાય તેવા વીજ મથકો ફરજિયાતપણે આંશિક બંધ રાખવા પડે છે. જેના કારણે આ વીજ મથકોની કાર્યક્ષમતા ઘટી જાય છે.

વર્ષ ૨૦૧૧ અને ૨૦૧૨ દરમ્યાન ઉતરાણ વીજ મથકના વીજ એકમોની વીજ ઉત્પાદન માટેની ઉપલબ્ધતા તેમજ ખરેખર મેળવવામાં આવેલ વીજ ઉત્પાદનની વિગતો નીચે મુજબ છે.

| વર્ષ | વીજ ઉત્પાદન માટેની ઉપલબ્ધતા (મીલીયન યુનીટ્સમાં) | ખરેખર થયેલ વીજ ઉત્પાદન (મીલીયન યુનીટ્સમાં) |
|---|---|---|
| ૨૦૧૧ | ૪૧૭૦.૫૨૯ | ૩૧૭૧.૪૨૫ |
| ૨૦૧૨ | ૩૯૦૨.૬૪૧ | ૧૪૨૪.૫૩૫ |

શ્રી હર્ષ ર. સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, ઉતરાણમાં ગેસ આધારિત વીજ મથકની વીજ ઉત્પાદન ક્ષમતા કેટલી છે, કેટલા યુનિટની છે? કુલ ગેસની જરૂરિયાત કેટલી છે અને તેની સામે અત્યારે કેટલો ગેસ મળે છે?

શ્રી સૌરભભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ઉતરાણની અંદર બે યુનિટ આવેલા છે. યુનિટ–૧ અને યુનિટ–ર. યુનિટ–૧માં ૧૩૫ મેગાવોટની ક્ષમતા છે અને યુનિટ–૨માં ૩૭૪.૫૭૧ મેગાવોટ છે. એટલે કુલ ૫૦૯.૫૭૧ મેગાવોટ આજની તારીખમાં ઇન્સ્ટોલ કેપીસીટી છે. આની સામે ગેસની જે જરૂરિયાત છે, તે ૨.૩૫ મીલીયન મેટ્રીક સ્ટેન્ડર્ડ કયુબીક મીટર પર ડે છે. મારે દુઃખ સાથે સભ્યશ્રીને જણાવવાનું કે આજની તારીખમાં સંપૂર્ણપણે ગેસ ન મળવાના કારણે આ વીજ મથક ૫૦૯ મેગાવોટનું બંધ છે.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી હું જાણવા માગું છું અને તેમના જવાબમાં જણાવેલ છે કે કેન્દ્ર સરકાર દ્વારા ઘટાડો થતાં અને અન્ય સ્ત્રોતો મારફત વીજ મથક ચલાવવાનું પોષણક્ષમ ન હોઇ, તો ડોમેસ્ટીક ગેસની ફાળવણીમાં કેન્દ્ર સરકારે જે ઘટાડો કર્યો તે જવાબમાં

આપેલ છે. તો મારે પૂછવું છે કે કેન્દ્ર સરકારે જે ઘટાડો કરેલ છે તેના કારણો શાં છે? કયા કયા કારણોસર ઘટાડો કર્યો છે?

શ્રી સૌરભભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, કેન્દ્ર સરકારની નીતિ છે કે જે રિલાયન્સનો ડી.૬નો ગેસ મળે છે તે રિલાયન્સનો હોય, પી.એમ.ટી.નો હોય કે એ.પી.એમ. ગેસ હોય. એ.પી.એમ. ગેસની ફાળવણી વર્ષોથી કરી છે તેમાં બદલાવ નથી કર્યો. તેની અંદર ઉદ્યોગકારો અને ખાનગી ક્ષેત્રોને ગેસ આપવામાં આવે છે. અનેક વખત માગ્યા હોવા છતાં એ.પી.એમ. ગેસની અંદર કોઇ વધારો કરવામાં આવેલ નથી. બીજુ કે એમણે વાત કરી રિલાયન્સના ડી.૬ ની. તે લોકોએ સેકટરવાઇઝ પ્રાયોરીટી આપી છે. પહેલું સેકટર ફર્ટિલાઇઝરને આપી છે, ગેસને આપી છે, ખાનગી કંપનીઓને આપી છે, રીફાઇનરીઓને આપી છે અને દુઃખ સાથે કહેવું પડે છે કે આજની તારીખમાં જે પાવર સેકટરની અંદર રિલાયન્સનો ગેસ મળવાનો હતો તે પહેલી તારીખથી સંપૂર્ણપણે બંધ કરી દીધો છે. આ કેન્દ્ર સરકારની નીતિના કારણે ગુજરાતના ગેસ આધારિત પ્લાન્ટો સંપૂર્ણપણે કહી શકીએ કે આજની તારીખે મોટા ભાગના પ્લાન્ટો ૪૦૦૦ મેગાવોટમાંથી ઓછામાં ઓછા ૩૬૦૦ થી ૩૭૦૦ મેગાવોટ કેન્દ્ર સરકારે ગેસ ન આપવાના કારણે તેની ગેસની નીતિમાં કલેરીટી ન હોવાના કારણે બંધ રાખવામાં આવેલ છે.

શ્રીમતી સંગીતાબેન રા. પાટીલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે દેશમાં ઉત્પાદિત થતો ગેસ આપણને આપે તો શું ભાવ પડે અને બહારથી લાવીએ તો શું ભાવ પડે? તેના કારણે વીજ ઉત્પાદન ખર્ચમાં શું ફેર પડે છે?

શ્રી સૌરભભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ગેઇલનો જે એ.પી.એમ. ગેસ છે તે ૯.૯૦ પૈસા સ્ટેન્ડર્ડ કયુબીક પર મીટર પડે અને જો આપણે બહારથી સ્પોટ ઉપર લાવીએ તો ૩૫.૩૬ પૈસે પડે. આટલો મોટો તફાવત પડે. એ.પી.એમ. ગેસની અંદર આપણી પડતર કિંમત આજની તારીખમાં યુનિટ નંબર.૧માં ૨.૧૭ પૈસા પડે છે. જયારે સ્પોટમાં ૭.૭૪ પૈસા પડે છે. એડલે ડીફરન્સ ૫.૫૭ પૈસાનો પડે છે. હવે આપણે બંધ એટલે રાખીએ છીએ કે ૭.૭૪ પૈસે આપણે ગેસથી વીજળીનું ઉત્પાદન કરીએ તો આ વીજળી આપણે વાપરી શકીએ નહીં. બીજુ આખા દેશમાં આટલી મોંઘી વીજળી કોઇ ખરીદી પણ ના શકે. એટલે આપણે નીતિ વિષયક નિર્ણય લીધો છે કે સંપૂર્ણપણે યુનિટ બંધ રાખવું.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ એમના જવાબમાં જણાવેલ છે કે ડોમેસ્ટીક ગેસની ફાળવણીમાં ઘટાડો થતાં. આપના મારફત માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે અત્યાર સુધી કેટલો ડોમેસ્ટીક ગેસ ગુજરાતને ફાળવવામાં આવતો હતો અને કેન્દ્ર સરકાર દ્વારા ઘટાડો કરવામાં આવ્યો છે ત્યારે ગુજરાત સરકારની ભાગીદારીવાળી કે.જી.બેઝીનમાં ગેસ ઉત્પાદનની જાહેરાત થઇ છે તેમાંથી ગુજરાતમાં કયારે ગેસ આવશે અને આ વીજ મથક ચાલશે?

શ્રી સૌરભભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, પહેલા જે વિષયની એમણે વાત કરી કે ગુજરાતમાં ૨૦૧૧માં જે ગેસની જરૂરિયાત પ્રમાણે જે આપતા હતા એના કારણે ૭૧ ટકા આપણને P L F ૨૦૧૧માં હતો. બીજુ, ૨૦૧૨ની અંદર એ ઘટીને ૩૨ ટકા થયો અને ૨૦૧૩માં અત્યારે આપણું બંધ છે અને એમણે જે બીજો વિષય કહ્યો કે.જી.બેઝીનનો અમે ઇચ્છીએ કે આ સભ્યશ્રીઓ બેઠા છે એ દિલ્હીમાંથી કેન્દ્ર સરકાર પાસેથી મંજૂરી લઇ આપે તો જે કોઇ કે.જી.બેઝીનનો ગેસ ગુજરાતની G S P C કંપનીમાંથી નીકળે છે એ ગુજરાતમાં વાપરવા માટેની મંજૂરી લઇ આપો એવી આપ સૌને મારી વિનંતી છે.

શ્રી દુષ્યંતભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપશ્રીના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, ગેસ ના આપવાના કારણે ઉતરાણ મથકમાં છેલ્લા બે વર્ષમાં કેટલું આર્થિક નુકસાન ગયું અને ગુજરાત સરકારે કેન્દ્રને ગેસ આપવા માટે કેટલીવાર રજૂઆત કરી અને એ અંગે કેન્દ્ર સરકારનો કોઇ જવાબ મળ્યો છે કે કેમ?

શ્રી સૌરભભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, જનરેશન લોસ કહીએને એટલે દેશનું નુકસાન એ ૨૦૧૧માં ૨૦૬ કરોડનું હતું. ૨૦૧૨માં ૫૧૨ કરોડનું હતું એટલે કુલ ઓછા ઉત્પાદનના કારણે જ ૭૧૯ કરોડ રૂપિયાનું નુકસાન થયું છે અને આજની તારીખમાં વીજળી ઉત્પાદન ન ગણીએ પરંતુ ડાયરેકટ કેશ

લોશ બંધ હોવાના કારણે જે વ્યાજનો ને પગારનો એ બધો ખર્ચ પડે એ રોજનો આશરે ૬૦ લાખ રૂપિયા છે અને અમે લોકોએ અનેક વખત કેન્દ્રને રજૂઆતો કરી કે આખા દેશની અંદર વીજળીની શોર્ટેજ છે. કાગળો લખ્યા, માનનીય મુખ્ય મંત્રીશ્રીએ કાગળ લખ્યા તો ૪થી ફેબ્રુઆરી, ૨૦૧૩ના રોજ મંત્રીશ્રી ડો. એમ. વીરપ્પા મોઇલીએ જવાબ આપ્યો કે, "You may like to consider tying up RLNG to meet the short fall in supply of gas to your State." એટલે કહેવાનો અર્થ એ કે, ઇમ્પોર્ટેડ ગેસ ખરીદો અને ૭ રૂપિયા ને ૭૦ પૈસે લોકોને વેચો. માનનીય અધ્યક્ષશ્રી, અમે લોકોએ સૂચન કર્યું કે, આપણે આખા દેશની અંદર NTPC છે, હાઇડ્રો કંપની છે, અને unallocated ગેસનો કવોટા છે સૌથી ઓછો છે, આ બધાનું તમે pool બનાવો અને દેશમાં ૬૦૦૦ મેગાવોટની ગેસની આઇડલ કેપેસીટી પડી હોય એ આ pool ની અંદર ઉત્પાદન કરીને નાખો તો અને પછી બધા રાજયોને સરખામણીની અંદર વેચી દો. તો તમારે આઠ – દસ પૈસાથી વધારે નહીં થાય પરંતુ અનેક વખત કહેવા છતાં કેન્દ્ર સરકારની પોલિસી પેરાલીસીસના કારણે નીર્ણય ન લઇ શકવાના કારણે, માનનીય અધ્યક્ષશ્રી, વિભાગોની અંદર નાણાં વિભાગ જુદું કહે, ઉર્જા વિભાગ જુદું કહે, એના કારણે આ બંધ રહેલ છે.

**કચ્છ જિલ્લામાં સાગરખેડુ સર્વાંગી વિકાસ યોજના હેઠળ જર્જરિત વાયરો બદલવા બાબત**

* ૪૪૭૦ **શ્રી તારાચંદ જ. છેડા(માંડવી) : માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યના દરિયાકાંઠાના વિસ્તારોમાં ગુણવત્તાયુક્ત વીજ પુરવઠો મળી રહે તે માટેની સાગરખેડુ સર્વાંગી વિકાસ યોજના અંતર્ગત વર્ષ ૨૦૧૨–૧૩ દરમ્યાન તા.૩૧–૧૨–૨૦૧૨ ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં કુલ કેટલા કી.મી. જર્જરિત વીજ વાયરો અને કેટલા થાંભલા બદલવામાં આવ્યા, અને<br>(૨) તે પાછળ કુલ કેટલો ખર્ચ થયો ? | (૧) અને (૨)<br>રાજ્યના દરિયાકાંઠાના વિસ્તારોમાં ગુણવત્તાયુક્ત વીજ પુરવઠો મળી રહે તે માટે ''સાગરખેડુ સર્વાંગી વિકાસ યોજના'' અંતર્ગત કચ્છ જિલ્લામાં વર્ષ ૨૦૧૨–૧૩ દરમિયાન તા.૩૧–૧૨–૨૦૧૨ ની સ્થિતિએ કુલ રૂપિયા ૬૫૬ લાખના ખર્ચે ૨૨૨ કિ.મી. જર્જરિત વીજ વાયરો અને ૧૯૫૩ થાંભલા બદલવામાં આવ્યા છે. |

શ્રી તારાચંદ જ. છેડા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપશ્રીના મારફતે માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, કચ્છ જિલ્લામાં સાગરખેડૂ યોજના કયારે દાખલ કરવામાં આવી અને તેના લાભો શું થયા છે, મારો બીજો પ્રશ્ન એ છે કે, સાગરખેડૂ યોજના કચ્છમાં તાલુકાવાઇઝ એ યોજના અંતર્ગત કેટલો ખર્ચ કરવામાં આવ્યો?

શ્રી સૌરભભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આદરણીય માનનીય મુખ્યમંત્રીશ્રીએ દરિયા કાંઠાના વિસ્તારના તાલુકાઓને સારી સુવિધા મળે અને એ લોકોના સ્ટેન્ડર્ડ ઓફ લીવિંગ સુધરે, એના માટે આ યોજના ૬ઠ્ઠી માર્ચ, ૨૦૦૭ના રોજ દાખલ કરવામાં આવી હતી અને બાર કોસ્ટલ ડિસ્ટ્રીકટ વલસાડ, નવસારી, સુરત, ભરૂચ, આણંદ, અમદાવાદ, જામનગર, જુનાગઢ, પોરબંદર, કચ્છ, ભાવનગર, અમરેલીમાં ૩૮ તાલુકાનો સમાવેશ કરવામાં આવ્યો હતો. જે લાભો છે એ આ વિસ્તારની અંદર વીજળીની અંદર ખાસકરીને જે ભેજ હોય છે એના કારણે કોરોઝનના ઇસ્યુઝ ખૂબ મોટા પ્રમાણમાં આવતા હોય છે એટલે આ કોરોઝન ઇસ્યુઝ ઓછા થયા એટલા માટે આપણે એના કન્ડકટના વાયરો બદલતા રહીએ છીએ અને લાભો એટલા થયા છે કે, સૌથી વધારે તો જે ઇન્ટરપ્શન છે, લાઇન ફોલ્ટ છે એ ઓછા થઇ જાય છે, વાયરો બદલવાના કારણે પૂરી વોલ્ટેજવાળી વીજળી ખેડૂતોને મળે છે, જે પ્રમાણે એક્સીડેન્ટો છે એક્સીડેન્ટોનું પ્રમાણ ઘટી ગયું છે, ટ્રાન્સફોર્મર ફેલ્યોર હોય તો ટ્રાન્સફોર્મર ફેલ્યોરના કારણે જે ખેડૂતોની મોટર બળતી હતી એ ટ્રાન્સફોર્મર ફેલ્યોર ઓછા થયા છે અને સૌથી અગત્યનું જે ટેકનિકલ લોસ આવતો હતો અને એને કારણે વાયરો બદલવાના કારણે જે પણ થોડા લાભો મળ્યા છે અને આપણે નક્કી કર્યું છે કે એલ્યુમિનિયમ કન્ડકટના જે વાયરો વાપરતા હતા એની જગ્યાએ મોંઘા હોય તો મોંઘા પણ સારા એલ્યુમિનિયમના વાપરવાનું કામ કર્યું અને એને કારણે ખૂબ સારું પરિણામ આજની તારીખમાં દેખાય છે. તાલુકાવાઇસ સ્ટ્રેગ્થનીંગ ઓફ ડિસ્ટ્રીબ્યુશનમાં લખપત તાલુકાની અંદર ૫૦ લાખ, ભચાઉં તાલુકાની અંદર ૨૮ લાખ,

અંજારની અંદર ૨.૭૯ કરોડ, અબડાસામાં ૮૮ લાખ, માંડવીમાં ૧.૫૩ કરોડ, મુંદ્રામાં ૩૦ લાખ, ગાંધીધામમાં ૧.૨૮ કરોડ એમ કરીને કુલ ૬.૫૬ કરોડમાં આ કામગીરી હાથમાં લીધી છે.

શ્રી છબીલભાઇ ના. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારો સવાલ એ છે કે સાગરખેડૂ સર્વાંગી વિકાસ યોજના હેઠળ ૨૦૧૧ અને ૨૦૧૨માં કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી અને એમાંથી કેટલો ખર્ચ થયો, અને આમાં કેન્દ્ર સરકારની સહાય કેટલી અને ગુજરાત સરકારની કેટલી?

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, કેન્દ્ર સરકાર ઉર્જા વિભાગને કોઇ કામગીરી કરવા માટે ગ્રાન્ટ આપતી નથી. થાંભલા બદલવા હોય તોય નહીં, વાયરો બદલવા હોય તોય નહીં, સબ સ્ટેશન કરવા હોય તોય નહીં અને બીજુ આની અંદર સરકાર દ્વારા વિભાગ દ્વારા કોઇ સ્પેસિફિક ટાર્ગેટ નક્કી નથી કરતા જે પ્રમાણે નીચેથી જવાબદારી આવે છે કે આટલું કામ કરો તો એ પ્રમાણે સબ સ્ટેશનના કામ હોય તો સબ સ્ટેશનના કામ લઇએ એટલે કોઇક ૪ ટનનું સબ સ્ટેશનનું કામ આવતું હોય, અને સબ સ્ટેશનની સાઇઝ અને સંખ્યા મોટી હોય તો આપણે એ પ્રમાણે ખર્ચ વધારે થાય છે. એટલે જે કોઇ ધારાસભ્યશ્રીને વિસ્તારમાં રહેતા હોય અને ત્યાં વાયરો કે બીજુ કાંઇ જર્જરીત થયા હોય અને લો–વલ્ટેજના પ્રશ્ન હોય તો રજૂઆત કરે આપણે ત્યાં દરખાસ્ત કરી અને પોઝિટિવલી જોઇશું.

શ્રી વાસણભાઇ ગો. આહિર : માનનીય અધ્યક્ષશ્રી, આ સાગર ખેડૂ યોજનામાં ૨૦૧૨–૧૩માં કચ્છ જિલ્લામાં કેટલા સબ સ્ટેશનો કાર્યરત કરવામાં આવ્યા, અને મંજૂર કરવામાં આવ્યા?

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હવે સભ્યશ્રીએ પણ પૂછ્યું હતું એટલે કહું કે ૬૬ કે.વી.હાજાપુર, ૬૬ કે.વી.મોતીનાગલપર, ૨૨૦ કે.વી.વોન્ડ એટલે ૧૦૦ કરોડનો ખર્ચો થાય, ૬૬ કે.વી.સુપર ૪ કરોડ, ૬૬ કે.વી.ગુંદીયાળી આ તો ૧૨–૧૩ના છે. એવી રીતે આપણે ૧૩–૧૪માં પણ કરીએ છીએ એટલે જ્યાં જ્યાં લો વોલ્ટેજના પ્રશ્ન આવે એ ટ્રાન્સમિશનના સબ સ્ટેશનો બદલવાના હોય, ટ્રાન્સમિશનના પાયા ઢીલા પડી ગયા હોય તો એના રીકન્સ્ટ્રકશનના કામો કરીએ છીએ અને એ બધા જ કામો આ વિસ્તારની અંદર ખૂબ મોટા પાયે થઇ રહ્યા છે.

શ્રી જશુભાઇ ધા. બારડ : માનનીય અધ્યક્ષશ્રી, હું પણ દરિયા કિનારેથી આવું છું. મારે સરકારનું ધ્યાન દોરવું છે કે, અત્યારે જે વાયર બદલવામાં આવે છે અને જૂના વાયર છે એ કોપરના વાયર છે વેરાવળમાં અને દરિયા કાંઠા ઉપર એટલે જે દરિયાની ખારાશ છે એને કારણે ફકત વાયર ઉપર અસર થાય છે એવું નથી પણ જે વીજ પુરવઠો આપીએ છીએ એના મિટર ઉપર પણ એની અસર થાય છે અને મિટરો જર્જરીત થઇ જાય છે અને સીલ અને એ બધું તૂટી જાય છે એવા સંજોગોમાં જી.ઇ.બી. વિભાગ એને ચોર ગણે છે અને કહે છે કે તમે આ મિટર સાથે ચેડા કર્યા છે. તો આવા જે ખારાશને કારણે મિટરમાં જંગ લાગ્યો હોય એમાં ચોરી નહીં ગણતા એને અન્ય મિટર બદલાવી આપવા માગો છો કે કેમ?

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મિટરોમાં ખારાશ લાગે છે એ વિશે વાત કરી તો ચોક્કસપણે એમાં ધ્યાન દોરીશ અને આવતા દિવસોમાં શું કરવું એ આપણે જોઇ લઇશું. બીજુ ચોરીની વ્યાખ્યા બહુ જુદી હોય છે અને ઘણાં કારણોસર ચોરી થતી હોય છે કોઇ એક કારણ હોતુ નથી એટલે વ્યક્તિ ચોરી કરે છે કે નહીં એ એનું મિટર લેબોરેટરીમાં ટેસ્ટીંગ થાય છે અને એની અંદર છેડા નાંખ્યા હતા કે કેમ એ બધી વિગતો મિટર ચેકીંગ વખતે આવતી હોય છે. છતાં પણ સભ્યશ્રીનું સૂચન છે એના ઉપર ચોક્કસપણે હું વિભાગનું ધ્યાન દોરીશ.

**સુરત જિલ્લામાં સંકટમોચન યોજનાની અરજીઓ**

* ૪૫૧૮ **શ્રી ઇશ્વરભાઇ ર. પરમાર(બારડોલી) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરત જિલ્લામાં સંકટમોચન યોજના અંતર્ગત તા.૩૧–૧૨–૨૦૧૨ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી અરજીઓ મળેલ છે, અને | (૧) ૩૦૯. |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવેલ | (૨) ૧૬૮. |

છે ?

શ્રી ઈશ્વરભાઈ ૨. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, સંકટમોચન યોજના કયારથી શરૂ કરવામાં આવી, અને આ યોજના અંતર્ગત લાભો કોને મળવા પાત્ર છે અને બારડોલી તાલુકામાં કેટલા લાભાર્થીઓને કેટલી સહાય ચૂકવવામાં આવેલ છે?

**શ્રી રમણલાલ વોરા :** માનનીય અધ્યક્ષશ્રી, સને ૨૦૦૫થી ગુજરાત સરકાર પુરસ્કૃત સંકટમોચન યોજના અમલમાં આવી, આ યોજનામાં જે મળવાપાત્ર લાભાર્થી હોય એ ગરીબી રેખાની યાદીમાં એનો સમાવેશ થયેલો હોવો જોઈએ, કુટુંબનો કમાનાર મુખ્ય વ્યક્તિ હોય એનું કુદરતી સંજોગોના કારણે અથવા તો અકસ્માતના કારણે મૃત્યુ થાય તો એને મળવાપાત્ર થાય છે, ૧૮ થી ૬૫ વર્ષની એની વય મર્યાદા હોવી જોઈએ, બારડોલી તાલુકામાં કુલ ૧૪ લાભાર્થીઓને રૂપિયા ૧.૪૦ લાખની સહાય ચૂકવવામાં આવી છે.

**શ્રી પ્રફૂલ્લભાઈ છ. પાનશેરીયા :** માનનીય અધ્યક્ષ મહોદય, હું આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે, આ યોજના હેઠળ અરજીપત્રક મેળવવા, રજૂ કરવા અને મંજૂર કરવાની પદ્ધતિ શું છે અને સુરત શહેરની અંદર કેટલા લાભાર્થીઓને એનો લાભ મળેલ છે**?**

**શ્રી રમણલાલ વોરા :** માનનીય અધ્યક્ષશ્રી, આ માટેનું અરજીપત્રક મામલતદારની કચેરી, પ્રાંત અધિકારીનીની કચેરી અને કલેક્ટરની કચેરીમાંથી વિનામૂલ્યે આપવામાં આવે છે, અરજી મળ્યેથી એમાં ઉંમર, આવક, રહેઠાણ અને બી.પી.એલ.ની યાદીમાં એમનો સમાવેશ છે કે કેમ એની ચકાસણી કરવામાં આવે છે, મામલતદાર તરફથી આ સહાય મંજૂર કરવામાં આવે છે. સુરત શહેરમાં અત્યારસુધીમાં ૩૯ લાભાર્થીઓને ૩.૯૦ લાખની સહાય ચૂકવવામાં આવી છે.

**શ્રી મુકેશભાઈ ઝી. પટેલ :** માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, સુરત જિલ્લામાં સંકટમોચન યોજના હેઠળ મળેલ અરજીઓ પૈકી કેટલી પડતર છે અને કેટલી મંજૂર કરેલ છે અને કેટલી નામંજૂર કરેલ છે અને ઓલપાડ તાલુકામાં કેટલા લાભાર્થીઓને કેટલી સહાય ચૂકવવામાં આવી છે**?**

**શ્રી રમણલાલ વોરા :** માનનીય અધ્યક્ષશ્રી, સુરત જિલ્લામાં ૩૮ અરજીઓ પડતર હતી એ પૈકી ૨૨ અરજીઓ મંજૂર કરવામાં આવેલી છે, ૧૬ અરજીઓ નામંજૂર કરવામાં આવેલી છે. એમના ઓલપાડ તાલુકામાં ૧૨ અરજદારોને ૧.૨૦ લાખની સહાય ચૂકવવામાં આવી છે.

**શ્રી મહેન્દ્રસિંહ ક. બારૈયા :** હું આપના માધ્યમથી મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, રાષ્ટ્રીય કુટુંબ સહાય યોજના અને સંકટમોચન સહાય યોજના એ બન્ને એક યોજના છે કે અલગ અલગ**?**

**શ્રી રમણલાલ વોરા :** ૧૯૯૫માં આ યોજનાની શરૂઆત થઈ હતી અને કેન્દ્ર સરકાર તરફથી ગુજરાત સરકારને આ તબદીલ કરવામાં આવેલ છે. આ સંકટનમોચન યોજના ૧૦૦ ટકા ગુજરાત સરકાર પુરસ્કૃત યોજના છે.

**ધુવારણ વીજ મથકનું વીજ ઉત્પાદન**

* ૪૮૯૭ **શ્રી સંજયકુમાર ર. પટેલ(ખંભાત) : માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| રાજ્ય સરકાર હસ્તકના ગેસ આધારિત વીજ ઉત્પાદન કરતા ધુવારણ વીજ મથકમાંથી વર્ષ ૨૦૧૧ અને ૨૦૧૨ માં કેટલા યુનીટ વીજ ઉત્પાદન મેળવાયું ? | રાજ્ય સરકાર હસ્તકના ગેસ આધારિત ધુવારણ વીજમથકની વીજ ઉત્પાદન ક્ષમતા ૨૧૯.૦૬૭ મેગાવોટની છે. પરંતુ છેલ્લા કેટલાક સમયથી સસ્તા દરે ઉપલબ્ધ થતાં, ડોમેસ્ટીક ગેસની ફાળવણીમાં કેન્દ્ર સરકાર દ્વારા ઘટાડો થતાં અને અન્ય સ્ત્રોતો મારફતના મોંઘાભાવના ગેસ દ્વારા વીજ મથક ચલાવવાનું પોષણક્ષમ ન હોઈ, ઉતરાણ વીજ મથક પૂર્ણ ક્ષમતાએ વીજ ઉત્પાદન માટે ઉપલબ્ધ હોવા છતાં, અપૂરતા ડોમેસ્ટીક ગેસની ફાળવણીના કારણે વીજ ઉત્પાદનમાં નોંધપાત્ર ઘટાડો થયો છે.<br>એક તરફ રાષ્ટ્રના અન્ય રાજ્યો તીવ્ર વીજ ખેંચ અનુભવી રહ્યાં છે. ત્યારે, તે સામે રાષ્ટ્રીય સંપત્તિ કહી શકાય તેવા વીજ |

મથકો ફરજિયાતપણે આંશિક બંધ રાખવા પડે છે. જેના કારણે આ વીજ મથકોની કાર્યક્ષમતા ઘટી જાય છે.

વર્ષ ૨૦૧૧ અને ૨૦૧૨ દરમ્યાન ધુવારણ વીજ મથકના વીજ એકમોની વીજ ઉત્પાદન માટેની ઉપલબ્ધતા તેમજ ખરેખર મેળવવામાં આવેલ વીજ ઉત્પાદનની વિગતો નીચે મુજબ છે.

| વર્ષ | વીજ ઉત્પાદન માટેની ઉપલબ્ધતા (મીલીયન યુનીટ્સમાં) | ખરેખર થયેલ વીજ ઉત્પાદન (મીલીયન યુનીટ્સમાં) |
|---|---|---|
| ૨૦૧૧ | ૧૪૨૨.૨૯૦ | ૧૦૮૧.૦૧૬ |
| ૨૦૧૨ | ૧૭૭૧.૬૮૧ | ૯૭૧.૮૬૫ |

**શ્રી સંજયકુમાર પટેલ:** માનનીય અધ્યક્ષશ્રી, મારા મત વિસ્તારમાં આવેલા ધુવારણ ખાતેના ગેસ આધારિત વીજ મથકની જે ઉત્પાદન ક્ષમતા છે એના કરતાં ખૂબ ઓછું ઉત્પાદન થાય છે, તો મારે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે, એમણે જણાવ્યું છે કે, ગેસની ફાળવણી કેન્દ્ર સરકાર દ્વારા ખૂબ ઓછી થાય છે તો ધુવારણ ખાતે દરરોજ કેટલા ગેસની જરૂરિયાત છે અને કેન્દ્ર સરકાર દ્વારા કેટલા ગેસની ફાળવણી કરવામાં આવે છે.

**શ્રી સૌરભભાઇ પટેલ :** માનનીય અધ્યક્ષશ્રી, ધુવારણમાં ત્રણ યુનિટ છે પહેલું ૧૦૬ મેગાવોટ, બીજુ ૧૧૨ મેગાવોટ અને ત્રીજું ૩૭૫ મેગાવોટ. કુલ ૫૯૪ મેગાવોટની જરૂરિયાત સામે ગેસની ૨૫૬ મિલિયન સ્ટાન્ડર્ડ ક્યૂબિક મીટરની જરૂરિયાત છે. ૨૦૧૧ની અંદર ૧૪૨૨ની સામે ૧૦૮૧ મિલિયન યુનિટનું ઉત્પાદન થયું હતું અને ૨૦૧૨ની અંદર ૧૭૭૧ની સામે ૯૭૧ મિલિયન યુનિટનું ઉત્પાદન થયું હતું, એટલે કુલ પ્લાન્ટ લોડ ફેક્ટર હતો એ ૫૬ ટકા અને ૫૧ ટકા પ્લાન્ટ લોડ ફેક્ટર ઉપર ચાલેલ હતું. માનનીય સભ્યશ્રીએ બીજુ પૂછ્યું અત્યારની તારીખની અંદર તો મેં જે આગલા પ્રશ્નના જવાબમાં કહ્યું તેમ, અહીંયા પણ ગેસની ઉપર જ ૧૦૦ ટકા નથી, ૫૯૪ માંથી ૮૦ મેગાવોટનો ગેસ મળે છે, એટલે બાકીનો ૫૦૦ મેગાવોટનો પ્લાન્ટ બંધ હોવાના કારણે અત્યારે ૨૪૦ કરોડ રૂપિયાનું જૂના પ્રમાણમાં આપણને નુકસાન થાય છે.

**શ્રી પુનમભાઇ મા. પરમાર :** માનનીય અધ્યક્ષશ્રી, મારે આપના માધ્યમથી મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે, ધુવારણ વીજ મથકમાં વર્ષ ૨૦૧૧માં કેટલો ગેસ મળ્યો હતો અને આ ગેસની સામે કેટલું વીજ ઉત્પાદન થયેલું હતું**?**

**શ્રી સૌરભભાઇ પટેલ :** મેં અગાઉ કહ્યું તેમ ૨૦૧૧માં ૧૪૨૨ મિલિયન યુનિટની કેપેસીટીમાં ૧૦૮૧ નું ગેસનું ઉત્પાદન થયું અને ધુવારણ ૧, ૨ની પર ડેની રિકવાયરમેન્ટમાં ૧૦૬ મેગાવોટની સામે ૦.૪૭ અને ૦.૪૯ એમ કરીને ૫૧ ટકા અને ૫૬ ટકાની કેપેસીટી ઉપર આ પ્લાન્ટ ચલાવવામાં આવ્યો હતો.

શ્રી દિલીપભાઇ મ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માંગુ છું કે, ધુવારણ ખાતેના ગેસ આધારિત વીજ મથકની કેટલી ઉત્પાદન શકિત છે ? અને તેના કેટલા યુનિટ થાય છે?

અધ્યક્ષશ્રી : જવાબ આવી ગયેલો છે.

શ્રી અમિત અ. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, આ જે વીજ મથકો ગેસ આધારિત છે તેના માટે કેન્દ્ર સરકાર સાથે કેટલા વર્ષના લાંબાગાળાના કરારો કરવામાં આવ્યાં છે? બીજુ, આ સ્પોટ ગેસ જે ખરીદવામાં આવે છે તેના કારણે આપણને ગેસ મોંઘો પડે છે. એટલે મારે માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે, કેન્દ્ર સરકાર પાસે કેટલા વર્ષના આપણે લાંબાગાળાના કરાર કરેલા છે ?

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, લાંબાગાળાના કરાર કરી અને આપવાની ગેરંટી કેન્દ્ર સરકાર આપતી નથી. દા.ત. રિલાયન્સનો જે ડી–૬નો ગેસ હતો તે ૨૦૦૯–૧૦ની અંદર ફર્મ એલોકેશન .૩૯ એમ.કયુબીક મીટર આપ્યુ હતું. આજની તારીખમાં ફર્મ એલોકેશનનો એગ્રીમેન્ટ કર્યા પછી પણ કેન્દ્ર સરકાર ત્યાંથી એક કયુબીક મીટર ગેસ આ પ્લાન્ટમાં ધુવારણ પર આપતું નથી. એટલે કેન્દ્ર સરકાર જે પ્રમાણે એગ્રીમેન્ટ કરે છે તે પ્રમાણેના એગ્રીમેન્ટ આપણા ગુજરાતની અંદર વીજ મથકોને ગેસમાં મળતું નથી.

તા. ૨૫મી માર્ચ ૨૦૧૩
તારાંકિત પ્રશ્નો

શ્રી અશોકકુમાર ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, *(xxxxxx)

અધ્યક્ષશ્રી : તમે પ્રસ્તાવના નહીં કરો, સવાલ પૂછો. આપણે પ્રસ્તાવના રેકર્ડ ઉપરથી દૂર કરીએ છીએ.

શ્રી અશોકકુમાર ર. પટેલ : ધુવારણ વીજ મથકોમાં જો મોંઘા ભાવે ગેસ ખરીદી વીજ ઉત્પાદન કરવામાં આવે તો એક યુનિટે ઉત્પાદન ખર્ચ કેટલો વધે ?

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, કેન્દ્ર સરકારે ૮૦ ટકા પી.એલ.એફ.ઉપર નક્કી કર્યુ હતુ અને ૮૦ ટકા પી.એલ.એફ.ઉપર ગેસ આપવાની ગેરંટી આપી હતી. આજની તારીખમાં એ ૮૦ ટકા ઉપર આપણને આપતા નથી. હમણાં થોડાં સમય પહેલાં એવો નિર્ણય કર્યો કે મહારાષ્ટ્ર અને ડાભોલને એ લોકોએ ફર્ટિલાઇઝર સેકટરમાં નાંખ્યુ એટલે ફર્ટિલાઇઝર સેકટરમાં નાંખે એટલે એ લોકોને ગેસ વધારે મળે અને એશ્યોરન્સ વધારે મળે. આંધ્રપ્રદેશમાં કેન્દ્રની કોંગ્રેસ સરકાર હોવા છતાં આંધ્રપ્રદેશે એટલો મોટો વિરોધ કર્યો કે કોંગ્રેસે એ નિર્ણય મોકૂફ રાખ્યો. અને આજની તારીખમાં આંધ્રપ્રદેશને ૮૫ ટકાનું એલોકેશન હતુ અને ૮૦ ટકા આપણુ હતુ માનનીય અધ્યક્ષશ્રી, હું આ વિષય એટલા માટે કહું છું કે, આ લોકો વારંવાર દિલ્હી જતાં હોય છે માટે આપણને મદદ કરે. ખાસ કરીને ધુવારણની અંદર જે સભ્યશ્રીએ વાત કરી તેના કારણે આજે સ્પોટમાં લેવા જઇએ તો હાલ કરતા ઓછામાં ઓછાં ૫ રૂપિયા પર યુનિટ વધારે પડે.

શ્રી બાવકુભાઇ ના. ઉંધાડ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી હું એટલુ જાણવા માંગુ છું કે, આ ગુજરાત રાજયની જમીન ઉપર જે ગેસ નીકળે છે તેમાં ટોટલ કંપનીઓ આવી જાય ગુજરાતની કે કેન્દ્ર સરકારની તો આ જે ટોટલ ગેસ નીકળે છે તેમાંથી ગુજરાત સરકારને કેટલો ગેસ મળે છે ?

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, પન્ના મુકતા તાપીના ગેસમાંથી ગેસ નીકળતો હતો. આપણી જોડે કેન્દ્ર સરકારે એગ્રીમેન્ટ કર્યો, ટેન્ડરના બીડ કર્યા અને ટેન્ડરના બીડ કર્યા પછી આપણને સારામાં સારો ભાવ મળ્યો.એ બીડ કેન્સલ કર્યા અને પન્ના મુકતા તાપીનો ગેસ રિલાયન્સ અને એ બધી કંપનીઓને આપી દીધો. અને સસ્તો ગેસ એ લોકો લઇ બજારમાંથી નફો બનાવે છે. આપણી ધરતી ઉપરથી નીકળતો ગેસ પણ ગુજરાત સરકાર આપણા વીજ મથક માટે આપતી નથી. જયારે માનનીય સભ્યશ્રી ચિંતા કરે છે અમરેલીના, તો પીપાવાવના ગેસ બેઝ પ્રોજેકટની અંદર આ પ્રોજેકટ તૈયાર થઇને પડયો, લઇ આપે દિલ્હી જઇને ગેસ ?(અંતરાય) ગેસ નથી મળતો એટલે નથી વાપરતા.

**અમરેલી જિલ્લામાં સાગરખેડુ સર્વાંગી વિકાસ યોજના હેઠળ જર્જરિત વાયરો બદલવા બાબત**

* ૪૪૬૯ **શ્રી હીરાભાઇ ઓ. સોલંકી(રાજુલા) : માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજયના દરિયાકાંઠાના વિસ્તારોમાં ગુણવત્તાયુક્ત વીજ પુરવઠો મળી રહે તે માટેની સાગરખેડુ સર્વાંગી વિકાસ યોજના અંતર્ગત વર્ષ ૨૦૧૨-૧૩ દરમ્યાન તા.૩૧-૧૨-૨૦૧૨ ની સ્થિતિએ અમરેલી જિલ્લામાં કુલ કેટલા કી.મી. જર્જરિત વીજ વાયરો અને કેટલા થાંભલા બદલવામાં આવ્યા, અને<br>(૨) તે પાછળ કુલ કેટલો ખર્ચ થયો ? | (૧) અને (૨)<br>રાજયના દરિયાકાંઠાના વિસ્તારોમાં ગુણવત્તાયુક્ત વીજ પુરવઠો મળી રહે તે માટે સાગરખેડુ સર્વાંગી વિકાસ યોજના અંતર્ગત અમરેલી જિલ્લામાં વર્ષ ૨૦૧૨-૧૩ દરમિયાન તા.૩૧-૧૨-૨૦૧૨ ની સ્થિતિએ કુલ રૂપિયા ૨૯૪ લાખના ખર્ચે ૨૫૧ કિ.મી. જર્જરિત વીજ વાયરો અને ૨૨૧ થાંભલા બદલવામાં આવ્યા છે. |

શ્રી હીરાભાઇ ઓ. સોલંકી : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફતે માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માંગુ છું કે, સાગરખેડૂ યોજનામાં અમરેલી જિલ્લામાં તાલુકાવાર શું શું કામગીરી કરવામાં આવી? અને તેના માટે કેટલો ખર્ચ થયો? સાથોસાથ વીજ વાયર જર્જરિત શા કારણે થાય છે અને તેની પુરવઠા ઉપર શી અસર પડે છે?

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર સભ્યશ્રીએ કરેલી પ્રસ્તાવના રેકર્ડ ઉપરથી દૂર કરવામાં આવી.

શ્રી સૌરભ પટેલ : રાજુલા અને જાફરાબાદ તાલુકાની અંદર ૨૫૧ કિલોમીટરના કન્ડકટરો બદલવામાં આવ્યા. ૨૨૧ થાંભલા બદલવામાં આવ્યા, ઈન્સ્યુલેટર ૨૨૫૭, ડિસ્ટ્રીબ્યુશન બોકસીસ ૧૨૫, સર્વિસ વાયર ૮૩, એ.બી.સી. કન્ડકટર ૪૨ અને એની પાછળ કુલ ખર્ચ ૨ કરોડ ૯૪ લાખનો માત્ર ડિસ્ટ્રીબ્યુશન ક્ષેત્રે આ કામગીરી કરી અને ટ્રાન્સમિશન ક્ષેત્રે બાવન લાખનો ખર્ચ કર્યો. અને વધારે આપણે એકસેસ કમીશન કર્યા એમાં રાજુલા તાલુકામાં એક કરવામાં આવ્યું એના કારણે પણ ખર્ચ થયો હોય. કામગીરીના લાભો એ હતા કે જે ઈન્ટરપ્સન હતાં એ ઘણા ઓછા થયા છે, ગુણવત્તાવાળી વીજળી આપવાનું શરૂ થયું છે, અકસ્માતનું પ્રમાણ ઘટયું છે. કન્ડકટરોનું બ્રેકેજ ઓછું થયું છે. ટ્રન્સફોર્મર ફેઇલયોર ઓછા થયા છે અને ટી.એન્ડ ટી. લોસમાં ઘટાડો થયો છે. આ યોજનાના લાભ છે.

શ્રી નલીનભાઇ ના. કોટડીયા : સાગરખેડૂ માટેની યોજના ખૂબ સારી છે પણ અમરેલી જિલ્લામાં ગીર કાંઠાને અડીને આવેલા ગામડાંમાં હિંસક પ્રાણીઓનો ખૂબ ત્રાસ છે અવારનવાર રજૂઆત કરી કે દિવસે લાઇટ આપો રાત્રે નહિ, રાત્રે પાણી વાળવા પણ જઇ શકાતું નથી આજે ગામડાંમાં પાણીની અછત હોઇ રાત્રે ગાડું લઇને પાણી ભરવા જવાતું નથી એટલે ગીર કાંઠાના ગામડાંમાં દિવસે લાઇટ આપવા માગો છો કે નહિ?

શ્રી સૌરભ પટેલ : સભ્યશ્રીનો પ્રશ્ન ચોક્કસ વિચારવા લાયક છે અમે વિચારીશું એનું સબસ્ટેશન અને નેટવર્કીંગ વધારે મજબૂત કરાવીશું અને આવા જે ગામડાં છે એમાં આવતા દિવસોમાં જો કંઇક તકલીફ પડતી હોય તો બહુ જ પોઝિટીવ વિચારીને આગળ ઉકેલ લાવીશું.

શ્રી વલ્લભભાઇ વ. વઘાસીયા : સાગરખેડૂ યોજના દ્વારા અમરેલી જિલ્લાના કયા કયા તાલુકામાં કેટલા વીજ વાયરો અને કેટલા વીજ થાંભલા બદલવામાં આવ્યા?

શ્રી સૌરભ પટેલ : અગાઉના પ્રશ્નમાં મેં જવાબ આપ્યો છે. રાજુલા અને જાફરાબાદ તાલુકાની અંદર કુલ ૨૨૧ થાંભલા બદલવામાં આવ્યા ૨૫૧ કિલોમીટરની લાઇન બદલવામાં આવી છે.

શ્રી બાવકુભાઇ ના. ઉંઘાડ : મંત્રીશ્રીએ જણાવ્યું કે આટલા વીજ વાયરો બદલવામાં આવ્યા તો મંત્રીશ્રી પાસેથી એટલું જાણવું છે કે સાગરખેડૂ સર્વાંગી વિકાસ યોજનામાં ગ્રાન્ટ ફાળવો છો એ સિવાય બીજી રેગ્યુલર ગ્રાન્ટ આવે છે કે આ યોજનામાં એનો સમાવેશ કરવામાં આવે છે.

શ્રી સૌરભ પટેલ : આમાં વિભાગ દ્વારા સાગરખેડૂ યોજનાને પ્રાધાન્ય આપીએ છીએ આખા ગુજરાતમાં દરિયાકાંઠાનો વિસ્તાર છે એનો સાગરખેડૂ યોજનાને પ્રાયોરિટી આપવામાં આવે છે. લિમિટેડ ફંડમાંથી પહેલી પ્રાયોરિટી આ વિસ્તારને આપવામાં આવે છે એટલે આની અંદર કામગીરી વર્ષોથી નથી થઇ એટલે એક સાથે ઉપાડીને છેલ્લા પાંચેક વર્ષથી લાઇનો બદલાઇ છે.

શ્રી જસાભાઇ ભા. બારડ : મારો વિસ્તાર પણ દરિયા કિનારે આવેલો છે. માછીમારનો સૌથી મોટો દરિયા કિનારો છે, ત્યાં સબસ્ટેશનો ૬૬ કે.વી. બદલવામાં આવે છે કે કેમ, બીજુ ઘર ઉપરાંત ત્યાંના ઝૂંપડપટ્ટીમાં માછીમારો રહે છે એની પાસે આજે પણ લાઇટ નથી તો આ સાગરખેડૂ સર્વાંગી વિકાસ યોજના છે એમાં એનો સમાવેશ કરીને મફતમાં વીજ કનેકશન આપવા માગો છો કે કેમ?

શ્રી સૌરભ પટેલ : માનનીય સભ્યશ્રીને મારે વિનંતી કરવાની કે એ જે વિસ્તારની વાત કરે છે એમાં જિલ્લા પંચાયત હોય તો એના દ્વારા અથવા તો તાલુકા પંચાયત હોય તો એના મારફત અરજી કરાવી દે અને મને અરજી મોકલે અને હું ચોક્કસ પણે જોઇ લઇશ. કોઇપણ યોજના દ્વારા સરકારના નિયમમાં આવતું હોય તો કદાચ દબાણ હોય તો ન કરી શકાય. દબાણ ન હોય અને બીજા બધા નોર્મસ કલીયર હોય તો આપણે ચોક્કસ એ લોકોને વીજળીના કનેકશન આપીશું.

શ્રી જશુભાઇ ધા. બારડ : સરકારે પોઝિટીવ વાત લીધી છે તો મારે એક વાત ધ્યાન ઉપર મૂકવી છે, એક જી.આર. છે કે થ્રી ફેઇઝ કનેકશન જેની વાડીએ હોય એને તમે લાઇટનું કનેકશન આપો છો બાકીનાને આપતા નથી. દરિયાકાંઠામાં પરિસ્થિતિ એવી છે કે ખારુ પાણી હોવાને લીધે કોઇ કનેકશન લેતું નથી. એને રહેવાનું છે વાડીએ તો એને લાઇટનું કનેકશન મળતું નથી અને આ હિંસક પ્રાણીઓના મુદ્દે ઘણા પરેશાન છે તો તમે ખેડૂતોને લાઇટનું કનેકશન આપવા માગો છો કે કેમ?

શ્રી સૌરભ પટેલ : સભ્યશ્રીનું સૂચન છે. આવા વિસ્તારો સ્પેસીફીક આઈડેન્ટીફાઈ કરે અને ટેકનિકલી જો શકય થશે અને આમાં આખી સિસ્ટમમાં ઘણા બધા ફેરફાર કરવા પડે એવું છે. એટલે બધો અભ્યાસ કરીને વિચારીશું.

**સુરત જિલ્લામાં વિકલાંગ શિષ્યવૃતિની અરજીઓ**

* ૪૫૭૩ **શ્રી પ્રફુલભાઈ છ. પાનશેરીયા (કામરેજ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) સુરત જિલ્લામાં વિકલાંગ શિષ્યવૃતિની યોજના અન્વયે તા.૩૧–૧૨–૧૨ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી અરજીઓ આવી, | (૧) ૧૮૪૯. |
| (૨) તે પૈકી કેટલી મંજૂર કરવામાં આવી, અને | (૨) ૧૭૮૧. |
| (૩) કેટલી રકમ ચૂકવવામાં આવી ? | (૩) રૂ. ૨૧,૦૨,૫૦૦/–. |

શ્રી પ્રફૂલભાઇ છ. પાનશેરીયા : માનનીય અધ્યક્ષશ્રી, હું જાણવા માગું છું કે આ વિકલાંગ શિષ્યવૃત્તિ યોજના અંતર્ગત કોને લાભ મળવાપાત્ર છે**?** કામરેજ તાલુકામાં આ યોજના અંતર્ગત કેટલા લોકોને લાભ આપવામાં આવ્યો છે**?**

શ્રી રમણલાલ ઈ. વોરા : વિકલાંગ વિદ્યાર્થીઓને જેની વિકલાંગતાની ટકાવારી ૪૦ ટકાથી ઓછી હોય એને આ લાભ આપવામાં આવે છે. તેની છેલ્લી વાર્ષિક પરીક્ષામાં તેણે ૪૦ ટકાથી વધારે ગુણ મેળવેલા હોવા જોઇએ. વર્ષ દરમ્યાન તેની સંતોષકારક એટલે કે નિયમિત હાજરી હોવી જોઇએ. વાલીની છેલ્લા વર્ષની વાર્ષિક આવક રૂ. ૫૦,૦૦૦ હોય અને જેની પાસે વિકલાંગતાનું કાર્ડ હોય એ લોકોને આ લાભ આપવામાં આવે છે. એમના કામરેજ તાલુકામાં ૫૬ વિકલાંગ વિદ્યાર્થીઓને ૫૬,૫૦૦ રૂપિયાની શિષ્યવૃત્તિ ચૂકવવામાં આવી છે.

કિશોર શિ. કાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, હું જાણવા માગું છું કે આ જે વિકલાંગ શિષ્યવૃત્તિ યોજના છે તેમાં અરજીપત્ર મેળવવા તથા રજૂ કરવાની તથા મંજૂર કરવાની કાર્યપદ્ધતિ શું છે અને સુરત શહેરમાં વિકલાંગ વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ મંજૂર કરવામાં આવેલ છે કે કેમ? અને તેની રકમ શું છે?

રમણલાલ ઈ. વોરા : માનનીય અધ્યક્ષશ્રી, સમાજસુરક્ષા વિભાગ હસ્તક વિના મૂલ્યે તેના ફોર્મનું વિતરણ કરવામાં આવે છે. તેની વાર્ષિક છેલ્લી જે પરીક્ષા હોય એના પરિણામની નકલ જોડવાથી મેં અગાઉ કહ્યું એ પ્રમાણે ૪૦ ટકા કરતા વધારે ગુણ મેળવેલા હોય અને જેની પાસે વિકલાંગતાનું ઓળખકાર્ડ હોય આ લોકોને લાભ આપવામાં આવે છે. સુરત જિલ્લામાં અત્યાર સુધીમાં કુલ ૧,૭૮૧ લાભાર્થીઓને લાભ આપવામાં આવ્યો છે અને જેની રકમ ૨૧,૦૨,૫૦૦ રૂપિયા થાય છે.

હર્ષ ર. સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, હું જાણવા માગું છું કે સુરત જિલ્લામાં મળેલ અરજીઓ પૈકી કેટલી અરજીઓ નામંજૂર કરવામાં આવેલ છે અને નામંજૂર કરવાના કારણો શું છે**?** ચોર્યાસી તાલુકામાં કેટલા વિકલાંગ વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ ચૂકવેલ છે?

રમણલાલ ઈ. વોરા :સુરત જિલ્લામાં કુલ ૧૮૪૯ અરજીઓ મળેલી. એ પૈકી ૬૮ અરજીઓ નામંજૂર કરવામાં આવી છે. ૬૮ અરજીઓ પૈકી જેને ૪૦ ટકાથી ઓછા ગુણ હોય એવી ૨૮ અરજી, તેના વાલીની આવક વધુ હોવાના કારણે ૨૧ અરજી અને વિકલાંગતાની ટકાવારી ઓછી હોવાના કારણે ૧૯ અરજી એમ કુલ ૬૮ અરજીઓ નામંજૂર કરવામાં આવી છે. ચોર્યાસી તાલુકામાં ૪૭ લાભાર્થીઓને ૪૮,૦૦૦ રૂપિયાની સહાય ચૂકવવામાં આવી છે.

મોહનભાઇ ધ. ઢોડીયા : માનનીય અધ્યક્ષશ્રી, વિકલાંગ વિદ્યાર્થીઓને ચૂકવવામાં આવતી શિષ્યવૃત્તિ યોજના સહાયના દરમાં કયારે કયારે કેટલો વધારો કરવામાં આવેલ છે**?**

રમણલાલ ઈ. વોરા : માનનીય અધ્યક્ષશ્રી, આ વિકલાંગ વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ ચૂકવવામાં આવતી હતી ત્યારે પ્રાથમિક શિક્ષણ માટે અંધ અને અસ્થિવિષયક માટે રૂપિયા ૩૦૦ આપવામાં આવતા

હતા. બહેરા–મૂંગાને ૨૫૦ રૂપિયા આપવામાં આવતા હતા. માધ્યમિક શિક્ષણ માટે ૩૫૦ રૂપિયા, બહેરા અને મૂંગા માટે ૩૦૦ રૂપિયા, એસ.એસ.સી. પછીના અભ્યાસક્રમો માટે ૬૦૦ રૂપિયા, આ પ્રકારની શિષ્યવૃત્તિ આપવામાં આવતી હતી. તેમાં વધારો કરીને અત્યારે ૩૦૦ના બદલે પ્રાથમિક શિક્ષણમાં ૮૫૦ રૂપિયા, માધ્યમિક શિક્ષણમાં ધોરણ–૯થી ૧૨ માટે ૮૫૦ રૂપિયા, સ્નાતક કક્ષાએ હોય તો તેને ૧૨૫૦ રૂપિયા, બી.એડ. અને અનુસ્નાતક સુધીના હોય તો તેને ૧૭૦૦ રૂપિયાની શિષ્યવૃત્તિ ચૂકવવામાં આવે છે.

**ઉકાઇ વીજ મથકનું કોલસાનું રેલ ભાડું**

* ૪૪૮૦ **શ્રીમતી સંગીતાબેન રા. પાટીલ(લીંબાયત) : માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) રાજ્ય સરકાર હસ્તકના કોલસા આધારિત ઉકાઇ વીજ મથક માટે વર્ષ ૨૦૧૧–૧૨ અને વર્ષ ૨૦૧૨–૧૩ માં તા.૩૧–૧–૧૩ ની સ્થિતિએ જે કોલસો મેળવવામાં આવ્યો તે પાછળ રેલ્વે ભાડા પેટે મેટ્રિક ટન દીઠ કેટલો ખર્ચ થયો, અને

(૨) આ ખર્ચ ઓછો આવે તે માટે રાજ્ય સરકાર દ્વારા કોઇ કાર્યવાહી કરવામાં આવી છે કે કેમ ?

**જવાબ**

(૧) રાજ્ય સરકાર હસ્તકના કોલસા આધારિત વીજ ઉત્પાદન કરતા ઉકાઇ વીજ મથક માટે વર્ષ ૨૦૧૧–૧૨ માં રૂ.૧૧૦૮ પ્રતિ મેટ્રિક ટન અને વર્ષ ૨૦૧૨–૧૩ માં તા.૩૧–૧–૧૩ ની સ્થિતિએ રૂા.૧૪૦૫ નો ખર્ચ પ્રતિ મેટ્રિક ટન કોલસો મેળવવા માટે રેલ્વે ભાડા પેટે થયો.

(૨) હા જી, કોલસા માટેનો રેલવે પરિવહન ખર્ચ ઓછો આવે તે સારું, રેલવે પરિવહન દરોમાં ઘટાડો કરવા, ગુણવત્તાયુક્ત કોલસો ફાળવવા તેમજ રાજ્યને નજીકની કોલીયરીમાંથી કોલસો ફાળવવાના પ્રશ્નો અંગે રાજ્ય સરકાર દ્વારા માન. મુખ્યમંત્રીશ્રી કક્ષાએથી માન. વડાપ્રધાનશ્રીને, માન. રાજ્યકક્ષાના મંત્રીશ્રી (ઊર્જા)ની કક્ષાએથી સહિત વિવિધ કક્ષાએથી કેન્દ્ર સરકારના સંબંધિત અધિકારીશ્રીઓને/ મંત્રીશ્રીઓને વર્ષ ૨૦૧૨ માં કુલ ૨૩ પત્રો પાઠવવામાં આવ્યા.

શ્રીમતી સંગીતાબેન રા. પાટીલ : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, ઉકાઇ વીજ મથકની સ્થાપિત વીજ ઉત્પાદન ક્ષમતા કેટલી છે? ઉકાઇ વીજ મથકના કોલસા માટે રેલવેના ભાડામાં ક્યારે અને કેટલો વધારો ક્યા કારણોસર થયો છે?

શ્રી સૌરભભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ઉકાઇની અંદર કુલ ૮૫૦ મેગાવોટની સ્થાપીત વીજ ક્ષમતા થઇ ગઇ છે. ૨–૧૨૦ મેગાવોટના, ૨–૨૦૦ મેગાવોટના અને ૧–૨૧૦ મેગાવોટનું એમ કરીને ૮૫૦ મેગાવોટ વીજ ક્ષમતાની અંદર આ માર્ચ મહિનાની અંદર આપણે ૫૦૦ મેગાવોટનો નવો ઉમેરો કર્યો અને હાલની તારીખે એની ક્ષમતા ૧૩૫૦ મેગાવોટની છે. હું જે જવાબ આપીશ એ ૮૫૦ મેગાવોટ પૂરતો હશે. માર્ચનું ૫૦૦ મેગાવોટનું હમણાં જ ચાલુ થયું છે. કુલ ૮૫૦ મેગાવોટની અંદર એન્યુઅલ ૪૪.૮૦ લાખ મેટ્રીક ટન કોલસાની જરૂરિયાત છે અને એની અંદર આપણને બે જગ્યાએથી કોલસો મળે છે, એક વેસ્ટર્ન કોલ ફિલ્ડમાંથી મળે છે એ ૭૭૫ કિમી છે અને બીજો સધર્ન કોલ ફિલ્ડનો મળે એ ૧૧૮૬ કિમી દૂર છે. એની અંદર જે બેઝીક રેટ આપણને એવરેજ કરીએ તો ૨૦૧૧–૧૨માં રૂ.૧૧૦૮/– પડતર હતો અને ૨૦૧૨–૧૩માં રૂ.૧૪૦૫/– થયો. એટલે એના કારણે જે રેટમાં વધારો થયો છે એ વધારાના કારણે રૂ.૧૮૦/– કરોડનું આપણને વર્ષે નવું ભારણ પડ્યું છે અને એના કારણે ૨ ટકા બીઝી સીઝન ડિસ્કાઉન્ટ આપ્યું એ ૧/૧૦/૨૦૧૨ એ કર્યું અને ૩.૭૦ ટકા સર્વિસ ટેક્સ ઉમેર્યો હતો એના કારણે આજે ભાવ વધારો કરવામાં આવે છે એના કારણે આપણું ભારણ, દૂરથી કોલસો આપે છે એ અને એના કારણે ભારણ વધે છે અને બીજુ જે રેલવેના ભાડા વધાર્યા છે એના કારણે ભારણ વધે છે. માત્ર રેલવેના ભાડા વધારાના કારણે રૂ.૧૮૦/– કરોડનું નુકસાન થયું છે અને વધારે મારે સભ્યશ્રીને કહેવું છે કે, હમણાં જ આ જે રેલવે બજેટ ગયું એની અંદર ૫.૭ ટકાનો વધારો કરવામાં આવ્યો છે. એટલે આની અસર આવતા દિવસોમાં પડવાની છે.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને આપના દ્વારા પૂછવું છે કે, જે પ્રમાણે રેલવેના ભાવ વધારાથી આપણને નુકસાન થાય છે એ જ રીતે પ્લાન્ટમાં ઓછું ઉત્પાદન થવાથી

પણ આપણને નુકસાન થાય છે. આપે પ્લાન્ટની ૮૫૦ મેગાવોટની કેપેસીટી કીધી એમાં કેટલા ટકા ઉત્પાદન ઓછું થયું અને એનાથી કેટલા રૂપિયાનું નુકસાન થયું છે?

શ્રી સૌરભભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ સરકારની અંદર બધો જ ગ્રાફ ઉંચો જ જાય છે.વીજળી ક્ષેત્રે હું આપને બહુ સ્પષ્ટ કહું કે તમે જ્યારે ચાલુ કર્યું હતું ત્યારે ૨૦૧૧-૧૨માં પ્લાન્ટ લોડ ફેકટર ૭૫.૨૩ હતું એ વધારીને ૭૯.૬૬ કર્યું અને પ્લાન્ટ લોડ ફેકટર જે આ વર્ષે બ્રેકીંગ ડાઉન ગણીએ તો ૮૧.૬૨ કર્યું એટલે ૭૫નું ૮૧ કર્યું. એટલે પ્લાન્ટ લોડ ફેકટર ઘટાડવાનો સવાલ જ નથી. આ રાજ્યની અંદર સારામાં સારી રીતે ચલાવવામાં આવે છે અને એના કારણે મારે આપ સૌને કહેવું છે કે, ગેસના ૪૦૦૦ મેગાવોટની સામે ૩૫૦૦ મેગવોટનું ઉત્પાદન બંધ હોવા છતાં એક માત્ર ગુજરાત રાજ્ય એવું છે કે, વીજળી હજુ પણ સરપ્લસ છે. (અંતરાય)

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, ૨૫ ટકા ઉત્પાદન ઓછું થાય છે. ૮૫૦માંથી ૭૫ ટકા થયું છે. (અંતરાય)

શ્રી સૌરભભાઇ પટેલ :માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા સભ્યશ્રીને જણાવવું છે કે, ઉત્પાદન ઓછું થતું નથી. આપણને જે કોલસો મળે છે એની અંદર એસ કન્ટેન્ટ વધુ હોય છે એ એસ કન્ટેનને ધોવડાવીએ છીએ અને એને સાફ કરાવીએ છીએ. ખરાબ કોલસાને અમે સારો કોલસો કરીએ છીએ. એટલે આપને વારંવાર કહીએ છીએ કે, નજીકથી અમને સારો કોલસો આપો તો કોલસામાં પણ બચત થશે અને ફ્રેઇટમાં પણ બચત થશે અને તમે જે વીજ ઉત્પાદનની ચિંતા કરો છો એ આનાથી પણ વધશે.

શ્રી જનકભાઇ મ. કાછડીયા : આદરણીય અધ્યક્ષ મહોદયશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે, ઉકાઇ વીજ મથક માટે જે કોલસો ફાળવવામાં આવે છે એની ગુણવત્તાની કોઇ ફરિયાદ છે કે નહીં અને બીજુ ઉકાઇ વીજ મથક માટે પૂરતો કોલસો ફાળવવા માટે મને ખ્યાલ છે દક્ષિણ ગુજરાતમાંથી રાજ્ય સરકાર દ્વારા કેન્દ્રને રજૂઆતો કરી છે તો તેનું પરિણામ શું આવ્યું?

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીને જણાવવું છે કે ૨૩ કાગળ લખ્યા. માત્ર ૪ કાગળનો જવાબ આવ્યો અને એક કાગળમાં જે જવાબ આવ્યો છે એ જવાબ એવો આવ્યો છે કે આપણે એમ કહીએ કે નજીકથી અમને કોલસો આપો તો અમને ફાયદો થશે તો એ લોકોએ જવાબ આપ્યો છે the excess incremental impact એટલે એમ કહે છે કે આ તમારે જે વધારો છે એ માત્ર ૨૫ પૈસા છે એટલે ૨૫ પૈસાનો જ વધારો છે એ તમે સ્વીકાર કરો એવું એ લોકો પત્રમાં લખે છે. આ કેન્દ્ર સરકારને ગુજરાતના ૨૫ પૈસાના વધારા માટે કોઇ ચિંતા કરતા નથી અને આજુબાજુના રાજયોની વાત કરીએ તો મહારાષ્ટ્રને ૮૫ ટકા નજીકથી કોલસો મળે છે અને રાજસ્થાનને ૧૦૦ ટકા નજીકથી કોલસો મળે છે.

શ્રી પ્રભુભાઇ ના. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, ઉકાઇ થર્મલ પાવર સ્ટેશનમાં વીજ ઉત્પાદન કરતા કેટલા યુનિટો આવેલા છે અને વીજળીની શોર્ટેજ હોવા છતાં ચાલુ વર્ષમાં કેટલા યુનિટો કેટલા સમય સુધી બંધ રાખવામાં આવ્યા?

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, શરૂઆતમાં મેં જે કીધું કે ૮૫૦ અને ૫૦૦, ૧૩૫૦ મેગાવોટની ક્ષમતા છે નંબર વન અને કોઇ વીજળીની શોર્ટેજ નથી અને આજની તારીખમાં ઉપરથી દિલ્હીથી અને અનેક કોંગ્રેસના રાજયો અમારી પાસે વીજળી માગવા આવે છે. આજની તારીખમાં કોઇ વીજળીની શોર્ટેજ નથી.

શ્રી તારાચંદ જ. છેડા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત માનનીય મંત્રીશ્રીને પૂછવા માગુ છું કે દૂરથી જે કોલસો આવે છે એના કારણે આ વીજળી મોંઘી પડે છે, તો નજદીકથી કોલસો જો આપણને આપવામાં આવે તો વીજળી કેટલી આપણને સસ્તી પડે?

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી,આજની તારીખમાં મેં જે આપને કીધું કે ૭૭૫ અને ૧૧૮૬ આટલું અંતર છે એટલે અત્યારે તો મેં જે ભાવો આપ્યા ભાવ વધારાના એ માત્ર ૧૮૦ કરોડ ફ્રેટના આપ્યા

અને જો નજીકથી કોલસો આપે તો બીજો ૧૨૩ કરોડ વધે એટલે માત્ર ઉકાઇની અંદર ૩૦૩ કરોડ રૂપિયાનો આપણને ફરક પડે.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે આ જે કોલસો કેન્દ્ર સરકારમાંથી ગુજરાત સરકારમાં આવે છે તો એની કોઇ પોલિસી નકકી થઇ હશે, આ કયા વર્ષમાં પોલિસી નકકી થઇ હતી કે જેના આધારે દૂરથી કોલસો મળે છે એ પોલિસી કયા વર્ષમાં  નકકી થઇ?

શ્રી સૌરભ  પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હમણા થોડા વર્ષો પહેલા ઘણાબધા રાજયોએ. (અંતરાય) અરે મારી વાત સાંભળોને..

અધ્યક્ષશ્રી : કહે કહે ધીમે (અંતરાય) તમે પૂછયો છે સવાલ?  સવાલ પૂછનાર પૂછશે પેટા સવાલ હશે તો તમે શાંતિ રાખો.

શ્રી સૌરભ  પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, જે નીતિ બનાવવા માટે અનેક અનેક રાજયોએ ભલામણ કરી હતી કે આ નીતિની અંદર સુધારો કરવો જોઇએ  એટલે પ્રધાનંત્રીશ્રીએ કેબિનેટ સબગૃપ મીટીંગ  બનાવી એમાં ઇન્ટર મિનિસ્ટર ગૃપ ઓળખ આપી છે.  એ લોકોએ દરેક રાજયોની પાસેથી સલાહ—સૂચન લીધા.  એ સલાહ સૂચન લીધા પછી નવી નીતિ જાહેર કરવા માટે છેલ્લા દોઢ—બે વર્ષથી એ લોકો ફાઇલ ઉપર બેઠા છે. હજુ કેબિનેટની અંદર ફાઇલ જતી નથી અને હજી કોઇ નિર્ણય લેવાતો નથી.  (અંતરાય) એટલે હાલની તારીખમાં જે કોલસાની નીતિ જે ચાલી રહી છે જૂની એ અત્યારે ચાલે છે  ( અંતરાય)

અધ્યક્ષશ્રી : કેટલા વર્ષ જૂની છે એમ જ કહે છે.

શ્રી સૌરભ  પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારી પાસે માહિતી નથી સાહેબ.

અધ્યક્ષશ્રી : એ એમ કહે છે કે આ નીતિ નકકી કરી એ કેટલા વર્ષ પહેલાની છે?

શ્રી સૌરભ  પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, વારંવાર રેલવેઝ માટેની અને કોલસાની કમિટીઓ બેઠી હોય છે  અને જે રાજયોની દરખાસ્ત જાય એ રાજયો પ્રમાણે એમને મંજૂરી આપતા હોય છે.  મહારાષ્ટ્રની અને રાજસ્થાનની અનેક દરખાસ્તો મંજૂરી થઇ છે.  ગુજરાતની દરખાસ્તો મંજૂર થઇ નથી.  ( અંતરાય)

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, મારો સીધો સવાલ એટલો જ છે કે આ પોલિસી કયા વર્ષમાં બની છે?  મારે વર્ષ જ જાણવું છે.

શ્રી સૌરભ  પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, પહેલા પણ મેં હાઉસમાં કીધું હતું કે કોલસાના ભાવ ગ્રેડવાઇઝ હતા.  એ ગ્રેડવાઇઝની જગ્યાએ એ લોકોએ જી.સી.બી. કર્યુ.  એ તો હમણા જ કરી પોલિસી, પહેલા તો એ.બી.સી.ડી. ગ્રેડ હતો. (અંતરાય)

અધ્યક્ષશ્રી : બે—ત્રણ વર્ષ છે પછી એની કમિટી બનાવી છે એ નકકી કરે છે. ( અંતરાય)

શ્રી સૌરભ  પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, જે ઓરીજનલ નીતિ બનાવી હશે એ કઇ તારીખે બનાવી હશે એની મારી પાસે છે  માહિતી નથી.

અધ્યક્ષશ્રી : એ તારીખ ટેબલ ઉપર મૂકજો.

શ્રી સૌરભ  પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારે સભ્યશ્રીને કહેવું છે કે એ નીતિના આધારે જે જે રાજયો પોતાની દરખાસ્ત મોકલે છે ( અંતરાય) મારે કહેવું છે કે નીતિના આધાર ઉપર જે જે રાજયો કેન્દ્ર સરકારમાં દરખાસ્ત મોકલે છે એમાં મહારાષ્ટ્રની દરખાસ્તમાં ૧૦૦ ટકાની મંજૂરી મળે પણ આપણને.. (અંતરાય)

**અધ્યક્ષશ્રી :** કઇ તારીખે નીતિ નક્કી કરી એની કોઇ તારીખ નથી. તમે જ્યારે એની રજૂઆત કરો અને તમારી રજૂઆત માન્ય રાખે તો એને નીતિ ગણે છે. મહારાષ્ટ્રે રજૂઆત કરી અને એને માન્ય રાખી તો તે દિવસથી નીતિ. આની કોઇ ચોક્કસ નીતિ નક્કી નથી. (અંતરાય) આપ બેસો. કોઇએ ઉભા થવાની જરૂર નથી. તારીખ માટે ઉભા થવાની જરૂર નથી. વીજળી ન મળતી હોય તો કહો. કોઇ સવાલ નથી. ખોટી ઉહાપોહ, કોઇ અવાજ નહીં. બીજાને પ્રશ્ન પૂછવા દો. (અંતરાય) કઇ તારીખે નીતિ નક્કી થઇ એ તારીખ નથી. (અંતરાય) ન હોય તારીખ.

**શ્રી સૌરભ પટેલ :** પહેલાની સરકારમાં વર્ષોથી એમ ચાલતું હતું કે માલ હોય ત્યારે આપતા હતા. ૨૦૦૯માં એવું બન્યું કે આપણે ફ્યુઅલ સપ્લાય એગ્રીમેન્ટ કરવાનું છે અને એ દરેક સ્ટેટની જરૂરિયાત પ્રમાણે ફ્યુઅલ સપ્લાય એગ્રીમેન્ટ કરવામાં આવ્યું. આપણે માગીએ છીએ અને આપણી જરૂરિયાત છે કે નજીકથી કોલસો આપે. આ પ્રમાણે ૨૦૦૯થી આપણે લખ્યું કે નજીકથી કોલસો આપો. પણ ૨૦૦૯થી જે ફ્યુઅલ સપ્લાય એગ્રીમેન્ટ કર્યું...(અંતરાય)

**અધ્યક્ષશ્રી :** ૨૦૦૯ થી નીતિ નક્કી થઇ છે.

**શ્રી સૌરભ પટેલ :** આ તમારી સરકારે...(અંતરાય)

**અધ્યક્ષશ્રી :** તમારી અને અમારી રહેવા દો. શૈલેષભાઇ, આપ બેસો. રાઘવજીભાઇ તમે બેસો. એ એમ કહે છે કે ૨૦૦૯ની નીતિ નક્કી થઇ. (અંતરાય) આપ ફરીથી ટૂંકમાં પ્રશ્ન પૂછો અને એ ફરીથી જવાબ આપે.

**શ્રી શૈલેષ મ. પરમાર :** મારો સીધો સવાલ છે કે રેલવે મારફતે જે કોલસો અત્યારે આવે છે એ દૂર પડે છે એ આપણે સ્વીકારીએ, કેન્દ્ર સરકાર અન્યાય કરે છે એ સ્વીકારીએ. મારે જાણવું છે કે આ જે પોલિસી બની એ ૨૦૦૯માં બની એમ કહે છે પણ એ ત્યારે નથી બની. આ પોલિસી ક્યારથી ચાલતી આવે છે કે જેનો અમલ કેન્દ્ર સરકાર કરતી આવે છે અને આપણને નુકસાન થાય છે?

**શ્રી સૌરભ પટેલ :** દરેક વિભાગ અને પ્રાન્ત સાથે ફ્યુઅલ સપ્લાય એગ્રીમેન્ટ ૨૦૦૯થી ચાલુ કર્યો. (અંતરાય)

**અધ્યક્ષશ્રી :** આ નીતિ ૨૦૦૯થી નક્કી થઇ છે.

**શ્રી સૌરભ પટેલ :** મારે સ્પષ્ટ કહેવું છે કે આ કેન્દ્ર સરકારની અંદર જે રાજ્યોની જે પ્રમાણે માગણી આવે એ પ્રમાણે નીતિ બદલે છે. (અંતરાય)

**અધ્યક્ષશ્રી :** તમે બેસી જાઓ. દરેક સવાલના બધા પૂરા જવાબ મળે એવું ન હોય. ન હોય તો ટેબલ ઉપર મૂકવાની પ્રથા છે. એણે કહ્યું કે આવી કોઇ નીતિ નક્કી થઇ નથી. It is a procedure. પ્રોસિજર છે, પ્રિન્સીપલ નથી. પ્રિન્સીપલ હોય તો નીતિ નક્કી થાય. પ્રોસિજર હોય તો તમે કાગળ લખો, એ માન્ય કરે એ દિવસથી એ પ્રદ્ધતિ કહેવાય. (અંતરાય)

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત :** માનનીય સભ્યશ્રીએ માનનીય મંત્રીશ્રી પાસેથી એટલું જ જાણવા માગ્યું છે કે એમના પ્રશ્નમાં દર વખતે એમ કહે છે કે રેલ્વેના ભાડા વધ્યા અને દૂરથી કોલસો મળે છે એના કારણે ગુજરાતને મોંઘો પડે છે. અમારું એટલું જ કહેવું છે કે આ નીતિ એન.ડી.એ.ની સરકારમાં બની છે. ત્યારે બની છે અને ત્યારથી આજ દિવસ સુધી ચાલતી આવી છે. અમારા વખતમાં આ નીતિ બની નથી.

**અધ્યક્ષશ્રી :** સવાલ એ છે કે દૂરથી કોલસો (અંતરાય)

**શ્રી સૌરભ પટેલ :** ફ્યુઅલ સપ્લાય એગ્રીમેન્ટની નીતિ ૨૦૦૯ થી બની છે.

### જામનગર જિલ્લામાં સાગરખેડુ સર્વાંગી વિકાસ યોજના હેઠળ જર્જરિત વાયરો બદલવા બાબત

* ૪૪૬૧ **શ્રી ચીમનભાઇ ધ. શાપરીયા(જામજોધપુર) : માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યના દરિયાકાંઠાના વિસ્તારોમાં ગુણવત્તાયુક્ત વીજ પુરવઠો મળી રહે તે માટેની સાગરખેડુ સર્વાંગી વિકાસ યોજના અંતર્ગત વર્ષ ૨૦૧૨-૧૩ દરમ્યાન તા.૩૧-૧૨-૨૦૧૨ ની સ્થિતિએ જામનગર જિલ્લામાં કુલ કેટલા કી.મી. જર્જરિત વીજ વાયરો અને કેટલા થાંભલા બદલવામાં આવ્યા, અને | (૧) અને (૨)<br>રાજ્યના દરિયાકાંઠાના વિસ્તારોમાં ગુણવત્તાયુક્ત વીજ પુરવઠો મળી રહે તે માટે ''સાગરખેડુ સર્વાંગી વિકાસ યોજના'' અંતર્ગત જામનગર જિલ્લામાં વર્ષ ૨૦૧૨-૧૩ દરમિયાન તા.૩૧-૧૨-૨૦૧૨ ની સ્થિતિએ કુલ રૂપિયા ૬૮૩ લાખના ખર્ચે ૪૨૦ કિ.મી. જર્જરિત વીજ વાયરો અને ૧૧૬૫ થાંભલા બદલવામાં આવ્યા છે. |
| (૨) તે પાછળ કુલ કેટલો ખર્ચ થયો ? | |

શ્રી ચીમનભાઇ ધ. સાપરીયા : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે જામનગર જિલ્લાની અંદર તાલુકાવાર કેટલા વાયરો બદલવામાં આવ્યાં? અને એની પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો? બીજો મારો પ્રશ્ન છે કે, જામનગર જિલ્લાની અંદર સાગરખેડૂ યોજના અંતર્ગત ૬૬

કે.વી. સબસ્ટેશનો તાલુકાવાર ૨૦૧૨–૧૩માં કેટલા મંજૂર કરવામાં આવ્યાં?

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, જામનગર જિલ્લાની અંદર તાલુકાવાર ૬૬ કે.વી. સોયલ, જોડિયાની અંદર ૬૬ કે.વી. ખીરજી, કલ્યાણપુર ૬૬ કે.વી.ખડાળા, ઓખામંડળમાં ૬૬કે.વી. કોરાડા અને જે હાલની તારીખમાં ૨૨૦ કે.વી. ભાટિયા, ૬૬ કે.વી. હારીપુર, ૬૬કે.વી. જી.આઇ.ડી.સી. ફેઇઝ–૩ અને જે નવા પણ એસ.એસ. પ્લાન્ટ કર્યા છે ૨૦૧૩–૧૪માં ૬૬ કે.વી.કુંજા, ૬૬ કે.વી. છેલિયા, ૬૬ કે.વી.સુવાદા, ૪૦૦ કે.વી. એનું બોઘર અને ૨૦૦ કે.વી. એનું ખંભાળિયા, કુવાલિયા આટલા સબસ્ટેશનો છેલ્લા બે વર્ષમાં હાથ પર લીધાં છે અને જે કામગીરી કરવાની વાત કરી, એમાં કન્ડકટર ૪૨૦ કિલોમિટર, પોલ્સ ૧૧૬૫, ઇન્સ્યુલેટર ૪૮૮૭, ડિસ્ટ્રીબ્યુશન બોક્સ ૧૬૪, સર્વિસ વાયર ૨૨૫, એબીસી કન્ડકટર ૯૪ અને એ ડિસ્ટ્રીબ્યુશન નેટવર્કની અંદર ૬ કરોડ ૮૩ લાખ રૂપિયા છેલ્લા વર્ષમાં ખર્ચ્યા છે.

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે, મારો મત–વિસ્તાર જોડિયા અને જામનગર તાલુકો મોટાભાગનો દરિયા કાંઠાનો વિસ્તાર છે. એટલે ત્યાં દરિયા કાંઠાની ખારી હવાના કારણે મોટા પ્રમાણમાં વીજ વાયરો અને પોલ્સ જર્જરિત થાય છે, એટલે માનનીય મંત્રીશ્રી પાસેથી મારે જાણવું છે કે, છેલ્લાં એક વર્ષમાં જોડિયા અને જામનગર તાલુકામાં આ સાગરખેડૂ યોજના હેઠળ કેટલા વીજ પોલ બદલવામાં આવ્યાં? અને કેટલા કિલોમિટર વીજ વાયરો કયા કયા ગામમાં અને કેટલા બદલ્યાં?

અધ્યક્ષશ્રી : કયા કયા ગામમાં નહિ પણ કેટલા બદલ્યાં એ કહો.

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, જામનગરની અંદર ૧૭૬ કિલોમિટર કન્ડકટર બદલવામાં આવ્યાં, ૩૭૧ પોલ બદલવામાં આવ્યાં, ૧૪૪૪ ઇન્સ્યુલેટર બદલવામાં આવ્યાં, ૧૦૪ ડિસ્ટ્રીબ્યુશન બોક્સીસ બદલવામાં આવ્યાં, ૧૦૪ સર્વિસ વાયર બદલવામાં આવ્યાં, ૨૫ એબીસી કન્ડકટર બદલવામાં આવ્યાં, ૬ કરોડ ૮૩ લાખમાંથી ૨ કરોડ ૯૨ લાખ રૂપિયા માત્ર આપના તાલુકામાં જામનગરમાં વપરાયા છે. જોડિયાની અંદર કન્ડકટર ૫૮, પોલ ૯૩, ઇન્સ્યુલેટર ૨૮૯, ડિસ્ટ્રીબ્યુશન બોક્સ ૧૩, સર્વિસ વાયર ૫૮ એમ કરીને કુલ ૬૯ લાખ રૂપિયાનો ખર્ચો જોડિયા તાલુકામાં થયો છે.

અધ્યક્ષશ્રી : થાંભલા અને વાયર બદલાણા, ધારાસભ્ય એના એ રહ્યાં. માનનીય મેઘજીભાઇ.

શ્રી મેઘજીભાઇ અ. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્વારા મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, જામનગર જિલ્લામાં સાગરખેડૂ યોજના હેઠળ જર્જરિત વીજ વાયરો બદલવા સિવાય કઇ કઇ કામગીરી કરવામાં આવે છે? અને જો હા, તો તેની વિગત શું છે?

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, સબસ્ટેશનો જે મેં વાત કરી, એ ૬૬કે.વી.ના સબસ્ટેશનો કરવામાં આવે છે. આ ઉપરાંત ટ્રાન્સમિશન લાઇનની અંદર પણ આપણે ખૂબ બધા કામો કરીએ છીએ. જે હાલમાં ટ્રાન્સમિશન લાઇનની છે એની અંદર કવર ટ્રાન્સમિશન લાઇન કરવા ટ્રાય કરીએ છીએ, ઇન્સ્યુલેટર પણ રિપ્લેસ કરીએ છીએ, કન્ડકટર અને એસેસરી રિપ્લેસ કરીએ છીએ. આ ઉપરાંત હાલની અંદર જે લોકોના ટાવર્સ સ્ટ્રકચર્સ હોય એ ટાવર્સ સ્ટ્રકચર્સનું સ્ટ્રેન્ઘનિંગ કરીએ છીએ અને ટ્રાન્સમિશન નેટવર્કમાં પણ લાઇનો બદલીએ છીએ જેથી ગુણવતાવાળી વીજળી મળે. એ પ્રમાણેના ડિસ્ટ્રીબ્યુશન સિવાય ટ્રાન્સમિશનના કામો પણ આપણે હાથ પર લઇએ છીએ.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે, સાગરખેડૂ સર્વાંગી વિકાસ યોજના નવી દાખલ કરીને જાહેરાત કરવામાં આવી છે તો માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગુ છું કે, આ યોજના નીચે બજેટમાં કોઇ અલગ ફાળવણી કરવામાં આવેલ છે કે કેમ? અથવા જે તે વિભાગોમાંના બજેટમાંથી આ ખર્ચ કરવામાં આવે છે?

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ઊર્જા વિભાગ દ્વારા જ આ ખર્ચો કરવામાં આવે છે અને અત્યારે કદાચ મારા ઘ્યાનમાં નથી પણ કદાચ ટ્રાયબલ બેલ્ટનો વિસ્તાર હોય તો ટ્રાયબલ બેલ્ટવાળાની એ પ્રમાણે એ લોકોના વિસ્તારમાંથી રૂપિયા આપતા હોય તો એ બની શકે, (અંતરાય) નહિ, નહિ, દક્ષિણની

વાત કરું છું. એટલે આવા બીજા વિભાગમાંથી પણ હોય તો ઇનીસ્યલી કામ કરવા માટે કદાચ આપણે લેતા હોઇએ પણ અત્યારે મેઇન ફોકસ આપણે આપણા વિભાગમાંથી કરીએ છીએ.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : બજેટ છે એ ઊર્જા વિભાગનું છે, આ સાગરખેડૂ સર્વાંગી વિકાસ યોજના રાજ્ય સરકારે નવી દાખલ કરી છે?

અધ્યક્ષશ્રી : ના, ના નવી યોજના નથી. આ તો ત્રણ ટર્મથી ચાલે છે.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : તો બજેટમાંથી અલગ રીતે ફાળવણી કરવી જોઇએને?(અંતરાય)શા માટે આપણે લોકોને ગેરમાર્ગે દોરીએ છીએ ?

અધ્યક્ષશ્રી : સવાલ પૂછ્યો એનું એટલું જ છે કે, આના માટે સ્પેશ્યિલ બજેટ ફાળવણી કરી છે કે, તમારા ઉર્જા વિભાગના બજેટમાં આનો સમાવેશ છે એટલું જ છે. સીધો ટૂંકો જ જવાબ આપો.

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, જુદા જુદા હેડ નીચે જુદી જુદી વ્યવસ્થાઓ ગોઠવવામાં આવે છે. વધારે રૂપિયા જોઇતા હોય તો જી.વી.સી.એલ. ડાયરેકટ એ કંપની પોતે ખર્ચે છે.

**જામનગર જિલ્લામાં સાગરખેડુ સર્વાંગી વિકાસ યોજના હેઠળ જર્જરીત વાયરો બદલવા બાબત**

* ૪૪૬૨ **શ્રી પૂનમબેન હે. માડમ(ખંભાલીયા) : માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) રાજ્યના દરિયાકાંઠાના વિસ્તારોમાં ગુણવત્તાયુક્ત વીજ પુરવઠો મળી રહે તે માટેની સાગરખેડુ સર્વાંગી વિકાસ યોજના અંતર્ગત વર્ષ ૨૦૧૨–૧૩ દરમ્યાન તા.૩૧–૧૨–૨૦૧૨ ની સ્થિતિએ જામનગર જિલ્લામાં કુલ કેટલા કી.મી. જર્જરિત વીજ વાયરો અને કેટલા થાંભલા બદલવામાં આવ્યા, અને

(૨) તે પાછળ કુલ કેટલો ખર્ચ થયો ?

**જવાબ**

(૧) અને (૨)

રાજ્યના દરિયાકાંઠાના વિસ્તારોમાં ગુણવત્તાયુક્ત વીજ પુરવઠો મળી રહે તે માટે સાગરખેડુ સર્વાંગી વિકાસ યોજના અંતર્ગત જામનગર જિલ્લામાં વર્ષ ૨૦૧૨–૧૩ દરમિયાન તા.૩૧–૧૨–૨૦૧૨ ની સ્થિતિએ કુલ રૂપિયા ૬૮૩ લાખના ખર્ચે ૪૨૦ કિ.મી. જર્જરિત વીજ વાયરો અને ૧૧૬૫ થાંભલા બદલવામાં આવ્યા છે.

શ્રીમતી પુનમબેન હે. માડમ : માનનીય અધ્યક્ષશ્રી, મને મારો ઉત્તર મળી ગયો છે, આભાર.

**૨૦૧૧ ના વાયબ્રન્ટ સમિટમાં પાવર ક્ષેત્રે થયેલ એમ.ઓ.યુ.**

* ૫૧૪૫ **શ્રી રમેશભાઇ મ. ચાવડા(કડી) : માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) સન ૨૦૧૧ ના વર્ષમાં યોજાયેલ વાઇબ્રન્ટ ગુજરાત સમિટમાં પાવર પ્રોજેક્ટ ક્ષેત્રે કુલ કેટલી રકમના મૂડી રોકાણના એમ.ઓ.યુ. થયા હતા, અને

(૨) તા.૩૧–૧–૧૩ ની સ્થિતિએ કેટલી રકમનું વાસ્તવિક મૂડી રોકાણ થયેલ છે ?

**જવાબ**

(૧) સન ૨૦૧૧ ના વર્ષમાં યોજાયેલ વાયબ્રન્ટ ગુજરાત સમિટમાં પાવર ક્ષેત્રે કુલ રૂપિયા ૪૧૬૬૩૩ કરોડના મૂડી રોકાણના એમ.ઓ.યુ. થયા હતા.

(૨) સામાન્યત: વિશાળ કદના વીજ મથકો એક આંતર– માળખાકીય પ્રોજેક્ટ છે. આમ એક વીજ મથક સ્થાપવા માટે અન્ય માળખાકીય સવલતો જેવી કે જમીન, રસ્તા, વીજ પ્રવહન, પાણી જેવી સુવિધાઓની વ્યવસ્થા કરવી જરૂરી બને છે. તદ્‌ઉપરાંત પર્યાવરણ, બાંધકામ, વીજ પ્રવહન માટે તેમ જ પાણીના વપરાશ જેવી વિવિધ પ્રકારની મંજુરીઓ વિગેરે પણ લેવી આવશ્યક બને છે. તદ્ ઉપરાંત ઇંધણની ઉપલબ્ધતા અને ઉત્પાદિત થનાર વીજળીની વેચાણ અંગેના કરારો આખરી કરવાની બાબત સુનિશ્ચિત કરવાની રહે છે. વળી, આ વીજ યોજનાઓ તાંત્રિક રીતે પણ જટીલ હોઈ, આ યોજના સ્થાપવા તથા તેમાંથી ઉત્પાદન મેળવવા માટે સામાન્યત: પાંચથી સાત વર્ષનો સમયગાળો લાગતો હોય છે. પરંતુ, ગુજરાત સરકારના સકારાત્મક અભિગમને કારણે રાજ્યમાં વીજ પ્રોજેક્ટોનું અમલીકરણ ઝડપી થાય છે.

મૂડી રોકાણ એ સતત ચાલતી પ્રક્રિયા છે. તારીખ ૩૧-૦૧-૨૦૧૩ની સ્થિતિએ કુલ રૂપિયા ૪૧૬૬૩૩ કરોડના કુલ મૂડી રોકાણ પૈકી રૂપિયા ૪૧૧૭૩૭.૩૭૫ કરોડના મૂડી રોકાણવાળા પ્રોજેક્ટ અમલીકરણના વિવિધ તબક્કે છે અને રૂપિયા ૪૮૯૫.૬૨૫ કરોડના કામ પૂર્ણ કરેલ છે.

શ્રી રમેશભાઇ મ. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્ધારા જાણવા માગુ છું કે, ૨૦૧૧માં ૪,૧૬,૬૩૩/- કરોડના એમ.ઓ.યુ. થયા, સદર એમ.ઓ.યુ.માં કેટલા કે.વી.ના, કેટલા એમ.ઓ.યુ. થયા તેમાંથી કયા વિસ્તારમાં કેટલા અને કેટલા કે.વી.ના મથકો સ્થાપવા માગો છો? તૈયાર થનાર વીજમથકોમાંથી કેટલી વીજળીનું ઉત્પાદન થનાર છે અને કેટલા સમયમાં ઉત્પાદન શરૂ થશે? ઉત્પાદન થનાર વીજળી કયા વિસ્તારરમાં આપવા માગો છો અને આ વીજ મથકોમાં કયા ઇંધણનો ઉપયોગ કરવા માગો છો?

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ ૨૦૧૧ની અંદર બધા એમ.ઓ.યુ. થયા હતા અને સભ્યશ્રીને જણાવવાનો મને આનંદ થાય છે કે, ૧૧૩ પ્રોજેકટો આપણે સાઇન કર્યા હતા એમાંથી એક પણ પ્રોજેકટ હજુ સુધી ડ્રોપ આઉટ થયો નથી. માનનીય સભ્યશ્રીએ જે સવાલ પૂછયો કે, આ વીજળી ક્યાં વપરાશે ? માનનીય અધ્યક્ષશ્રી, વીજળીની અંદર વીજ ઉત્પાદન જયારે થાય ત્યારે એ ગ્રીડમાં આવતી હોય છે અને ગ્રીડની અંદર જે પ્રમાણે ડિમાન્ડ, સપ્લાય હોય, જે પ્રમાણે ખેંચો એ પ્રમાણે થતી હોય છે.

માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લા પાંચ-સાત- દસ વર્ષની અંદર આપણે એવું આયોજન કર્યું છે અને ખાસ કરીને સભ્યશ્રી સૌરાષ્ટ્રને કહેવું છે કે, આટલા વર્ષોથી, પચાસ વર્ષની અંદર સૌરાષ્ટ્રમાં એક નાનું સિક્કા હતું અને બીજા કોઇ ખાસ મથકો હતા નહીં અને સંપૂર્ણપણે ગાંધીનગરથી અહીંયાથી વીજળી જતી હતી, ધુવારણથી આપણે વીજળી મોકલતા હતા અને એ લાંબાગાળે વીજળી જવાના કારણે એની અંદર ખૂબ મોટું ફ્રીકવન્સીની અંદર ફરક પડવાને કારણે વોલ્ટેજમાં ડ્રોપ થતું અને એટલે જયારે ખેડૂતોની માંગ વધતી હતી એટલે વીજળી મળતી નહતી. હવે આપણે નક્કી કર્યું કે, એકે એક જિલ્લાની અંદર બને ત્યાં સુધી આપણે વીજમથકો ઉભા કરવા એટલે ભાવનગરની અંદર આપણે ઘોઘાની અંદર લિગ્નાઇટ આધારીત કર્યું, અમરેલીની અંદર પીપાવાવની અંદર આપણે ગેસ આધારિત આપણે કર્યું, એ પ્રમાણે જુનાગઢની અંદર એમ.ઓ.યુ. સાઇન કર્યા છે, પી.પી.એ. સાઇન કર્યા છે, એની કામગીરી ચાલુ થઇ છે. કચ્છની અંદર આજની તારીખમાં આઠ હજાર મેગાવોટનું વીજ ઉત્પાદન માટેનું કામ ચાલુ થઇ ગયું અને એ કામ પૂર્ણ થવામાં આવ્યું અને ખૂબ મોટી વીજળી ગુજરાતમાંથી બહાર પણ કચ્છથી જાય છે અને સૌરાષ્ટ્રની અંદર આવે છે. એ જ પ્રમાણે જામનગરની અંદર પણ આપણે ખૂબ મોટા પ્રમાણની અંદર મથકો નાખીએ છીએ એટલે આખું ઓવર-ઓલ જોશો તો અમરેલી, ભાવનગર, જુનાગઢ, જામનગર, કચ્છ આ બધાની જગ્યાએ આપણે વીજ ઉત્પાદન કરી અને આપણે ઉપજ કરીએ છીએ અને સૌરાષ્ટ્રની ધરતી ઉપર તડકો વધારે પડવાના કારણે આપણે સોલારને પ્રાધાન્ય આપ્યું અને સોલારથી પણ વીજળી ઉત્પન્ન કરી સૌરાષ્ટ્રની અંદર ઉપજ કરી.

માનનીય અધ્યક્ષશ્રી, વધારે મારે સભ્યશ્રીને કહેવું છે કે, વીજ મથક બનાવવું એ રાતોરાત નથી થતું એની અંદર ઘણી બધી કામગીરી કરવાની આવે છે અને એ કામગીરીની અંદર આપણે જે પ્રમાણે મંજૂરીઓ લેવાની આવે છે એટલે આપણે ત્રણ ભાગલા પાડી દીધા છે, એક પ્રોજેકટ કમિશન જે ઉપજ થાય (અંતરાય) એમણે પૂછ્યો એનો તો જવાબ આપવો પડે ને. માનનીય અધ્યક્ષશ્રી, (અંતરાય) એમણે એટલું લાંબુ પૂછ્યું છે કે, માનનીય અધ્યક્ષશ્રી, પ્રોજેકટ કમિશન, પ્રોજેકટ અન્ડર ઇમ્પ્લીમેન્ટેશન અને પ્રિલિમિનરી સ્ટેજ ઉપર જુદા જુદા સ્ટેજ ઉપર હોય છે. માનનીય અધ્યક્ષશ્રી, જમીન લેવાથી માંડી, (અંતરાય) અને સભ્યશ્રી આપ તો જાણો છો, આપે પણ એમ.ઓ.યુ. કર્યું હતું અને આપને કેટલી તકલીફ પડે, એન્વાયરમેન્ટ કલીયરન્સની કેટલી તકલીફ પડે, ફ્યુઅલની (અંતરાય) સાહેબ આ તો દાખલો એટલે આપું છું કે, એ પોતે આની અંદર, ખબર છે સાહેબ, ઉદ્યોગકાર છે મોટા (અંતરાય)

અધ્યક્ષશ્રી : બહુ વિસ્તૃત સવાલ છે એટલે કોઇ એનાથી, હજુ તો ભવિષ્યમાં થવાની વાત છે એના માટેનો સવાલ છે. અત્યારે કોઇ સવાલ નથી. ભલે. માનનીય રાકેશભાઇ.

શ્રી રાકેશ જ. શાહ : માનનીય અધ્યક્ષશ્રી, મને મારા પ્રશ્નનો જવાબ મળી ગયો છે.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય મંત્રીશ્રીને એટલું જ પૂછવું છે કે, આમાંથી ઉત્પાદનમાં કેટલા આવ્યા ?

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારે સભ્યશ્રીને કહેવું છે કે, તમને દિલ્હીમાંથી એન્વારમેન્ટ ક્લીયરન્સ લાવતા કેટલો સમય લાગે છે? તમે એન્વાયરમેન્ટ ક્લીયરન્સ લાવો..

અધ્યક્ષશ્રી : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે.

# અતારાંકિત પ્રશ્નો
# તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ

### વડોદરા રોજગાર વિનિમય કચેરી દ્વારા ભરતી મેળાનું આયોજન

* ૪૫૨૮ **શ્રી મધુભાઇ બા. શ્રીવાસ્તવ(વાઘોડિયા) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.−

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧−૧૨−૨૦૧૨ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વડોદરા જિલ્લા રોજગાર વિનિમય કચેરી દ્વારા કેટલા ઔદ્યોગિક ભરતીમેળાનું આયોજન કરવામાં આવ્યું, અને | (૧) ૫૪. |
| (૨) આ ભરતીમેળામાં કેટલા ઉમેદવારોને રોજગારી આપી ? | (૨) ૬૭૩૨. |

---------

### સુરત જિલ્લાના ઉદ્યોગોને ગેસ પૂરો પાડવા બાબત

* ૪૫૫૩ **શ્રી રાજેન્દ્રભાઇ પ. પટેલ(ચોર્યાસી) : માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.−

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરત જિલ્લાના નાના અને મધ્યમ ઉદ્યોગકારોને બળતણ માટે ગેસનો પુરવઠો પુરો પાડવામાં આવે છે કે કેમ, અને | (૧) હા જી, સુરત જિલ્લાના નાના અને મધ્યમ ઉદ્યોગકારોને બળતણ માટે ગેસનો પુરવઠો ગુજરાત ગેસ કંપની લિમીટેડ દ્વારા પુરો પાડવામાં આવે છે. |
| (૨) જો હા, તો તા.૩૧−૧૨−૨૦૧૨ ની સ્થિતિએ કેટલા ઉદ્યોગકારોને સરેરાશ ગેસનો દૈનિક કેટલો જથ્થો પૂરો પાડવામાં આવે છે ? | (૨) તા.૩૧−૧૨−૨૦૧૨ ની સ્થિતિએ ગુજરાત ગેસ કંપની લિમીટેડ દ્વારા ૩૨૩ ઉદ્યોગકારોને સરેરાશ ૦.૭૫ સ્ટાન્ડર્ડ ક્યુબિક મીટર જેટલો જથ્થો પ્રતિદિન પૂરો પાડવામાં આવતો હતો. |

---------

### જૂનાગઢ જિલ્લામાં સાગરખેડુ સર્વાંગી વિકાસ યોજના હેઠળ જર્જરિત વાયરો બદલવા બાબત

* ૪૫૫૯ **શ્રી અરવિંદભાઇ કે. લાડાણી(કેશોદ) : માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.−

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યના દરિયાકાંઠાના વિસ્તારોમાં ગુણવત્તાયુક્ત વીજ પુરવઠો મળી રહે તે માટેની સાગરખેડુ સર્વાંગી વિકાસ યોજના અંતર્ગત વર્ષ ૨૦૧૨−૧૩ દરમ્યાન તા.૩૧−૧૨−૨૦૧૨ ની સ્થિતિએ જૂનાગઢ જિલ્લામાં કુલ કેટલા કી.મી. જર્જરિત વીજ વાયરો અને કેટલા થાંભલા બદલવામાં આવ્યા, અને<br>(૨) તે પાછળ કુલ કેટલો ખર્ચ થયો ? | (૧) અને (૨)<br>રાજ્યના દરિયકાંઠાના વિસ્તારોમાં ગુણવત્તાયુક્ત વીજ પુરવઠો મળી રહે તે માટે ''સાગરખેડુ સર્વાંગી વિકાસ યોજના'' અંતર્ગત જૂનાગઢ જિલ્લામાં વર્ષ ૨૦૧૨−૧૩ દરમિયાન તા.૩૧−૧૨−૨૦૧૨ ની સ્થિતિએ કુલ રૂપિયા ૧૧૭૮ લાખના ખર્ચે ૧૦૦૬ કિ.મી. જર્જરિત વીજ વાયરો અને ૧૬૭૨ થાંભલા બદલવામાં આવ્યા છે. |

---------

**પ્રવાસન ક્ષેત્રે મળેલા એવોર્ડ**

* ૪૫૧૫ **શ્રી અરૂણસિંહ અ. રણા(વાગરા) : માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.−

**પ્રશ્ન**

(૧) વર્ષ ૨૦૧૨−૧૩ માં તા.૩૧−૧૨−૨૦૧૨ સુધીમાં પ્રવાસન ક્ષેત્રે કુલ કેટલા એવોર્ડ મળેલ છે, અને

(૨) આ એવોર્ડની વિગતો શી છે ?

**જવાબ**

(૧) વર્ષ ૨૦૧૨−૧૩ માં તા.૩૧−૧૨−૨૦૧૨ સુધીમાં પ્રવાસન ક્ષેત્રે કુલ છ એવોર્ડ મળેલ છે.

(૨) આ એવોર્ડની વિગતો નીચે મુજબ છેઃ

૧. ધ ઈન્ટરનેશનલ કાઉન્સીલ ઓફ પેસીફીક એરીયા ટ્રાવેલ રાઈટર્સ એસોસીએશન (PATWA) દ્વારા પટવા એવોર્ડ બેસ્ટ ઈમર્જીંગ ડેસ્ટીનેશન માટે મળેલ છે.

૨. ઈન્ડીયન એસોશીએશન ઓફ ટૂર ઓપરેટર્સ (IATO) દ્વારા WOW LIVE Patron એવોર્ડ પ્રવાસન માટે મળેલ છે.

૩. પેસિફિક એશિયા ટ્રાવેલ એવોર્ડ (PATA) દ્વારા ગોલ્ડ એવોર્ડ ''ધ વ્હાઈટ રન'' કોફીટેબલ બુક માટે મળેલ છે.

૪. ટ્રાવેલ એજન્ટ્સ એસોશીએશન ઓફ (TAAI) દ્વારા TAAI એવોર્ડ ૨૦૧૧ ના વર્ષના બેસ્ટ ટૂરીઝમ ડીપાર્ટમેન્ટ માટે મળેલ છે.

૫. સી.એન.બી.સી. દ્વારા સી.એન.બી.સી. આવાઝ ટ્રાવેલ એવોર્ડ બેસ્ટ સ્ટેટ ટૂરીઝમ બોર્ડ માટે મળેલ છે.

૬. કોન્ડેના ટ્રાવેલર ઈન્ડીયા દ્વારા બેસ્ટ ઈમર્જીંગ ડેસ્ટીનેશન ઈન ઈન્ડીયા નો રનર્સ અપ પ્રાઈસનો એવોર્ડ મળેલ છે.

---------

એચબી−૭૯૬−૨

**મહેસાણા જિલ્લામાં રોજગાર વિનિમય કચેરી દ્વારા ઔધોગિક ભરતી મેળા**

* ૪૫૨૭ **શ્રી નારાયણભાઈ લ. પટેલ (ઉંઝા) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.−

**પ્રશ્ન**

(૧) તા.૩૧−૧૨−૨૦૧૨ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં મહેસાણા જિલ્લા રોજગાર વિનિમય કચેરી દ્વારા કેટલા ઔધોગિક ભરતી મેળાનું આયોજન કરવામાં આવ્યું, અને

(૨) આ ભરતી મેળામાં કેટલા ઉમેદવારોને રોજગારી આપી ?

**જવાબ**

(૧) ૪૮.

(૨) ૩૪૪૬.

---------

**અમદાવાદ જિલ્લામાં પ્રોત્સાહક જોગવાઈની ગ્રાન્ટ**

* ૪૫૩૪ **શ્રી રજનીકાન્ત મો. પટેલ(અસારવા) : માનનીય આયોજન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.−

**પ્રશ્ન**

(૧) વર્ષ ૨૦૧૦−૨૦૧૧ અને ૨૦૧૧−૨૦૧૨ દરમિયાન પ્રોત્સાહક જોગવાઈ હેઠળ અમદાવાદ જિલ્લામાં કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી,

(૨) ફાળવવામાં આવેલ ગ્રાન્ટ પૈકી કેટલી રકમનો ખર્ચ થયેલ છે, અને

(૩) આ ફાળવેલ ગ્રાન્ટ સામે કેટલા કામો મંજૂર

**જવાબ**

(૧) અને (૨)

વર્ષ ૨૦૧૦−૧૧ અને વર્ષ ૨૦૧૧−૧૨ દરમિયાન અમદાવાદ જિલ્લામાં પ્રોત્સાહક જોગવાઈ હેઠળ ફાળવેલ ગ્રાન્ટ અને થયેલ ખર્ચ અંગેની વિગતો નીચે મુજબ છે.

**(રૂપિયા લાખમાં)**

| ક્રમ | વર્ષ | ફાળવેલ ગ્રાન્ટ | થયેલ ખર્ચ |
|---|---|---|---|
| ૧ | ૨૦૧૦−૧૧ | ૭૦.૦૦ | ૪૨.૨૦ |
| ૨ | ૨૦૧૧−૧૨ | ૭૦.૦૦ | ૩૩.૩૨ |

(૩) અમદાવાદ જિલ્લામાં વર્ષ ૨૦૧૦−૧૧ અને વર્ષ

થયેલ છે અને કેટલાં કામો પૂર્ણ થયેલ છે ?

૨૦૧૧-૧૨ દરમિયાન મંજૂર થયેલ કામો અને પૂર્ણ થયેલ કામો અંગેની વિગતો નીચે મુજબ છે.

| **ક્રમ** | **વર્ષ** | **મંજૂર થયેલ કામો** | **પૂર્ણ થયેલ કામો** |
|---|---|---|---|
| ૧ | ૨૦૧૦-૧૧ | ૪૦ | ૩૯ |
| ૨ | ૨૦૧૧-૧૨ | ૩૭ | ૩૦ |

---------

## વડોદરા જિલ્લામાં વિદેશ અભ્યાસ લોન માટેની અરજીઓ

* ૪૫૨૬ **શ્રી જયંતિભાઇ સ. રાઠવા(જેતપુર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વિદેશ અભ્યાસ લોન યોજના હેઠળ વડોદરા જિલ્લામાં વર્ષ ૨૦૧૨-૧૩ માં તા.૩૧-૧૨-૨૦૧૨ ની સ્થિતિએ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગના વિદ્યાર્થીઓની કેટલી અરજીઓ મળી,

(૨) તે પૈકી કેટલી મંજૂર કરવામાં આવી, અને

(૩) કેટલી સહાય ચૂકવવામાં આવી ?

**જવાબ**

(૧) ૦૫.

(૨) ૦૪.

(૩) રૂ. ૩૫.૦૦ લાખ.

---------

## જૂનાગઢ જિલ્લામાં ખેડૂતોને વીજ બીલમાં રાહત

* ૪૫૯૬ **શ્રી જસાભાઇ ભા. બારડ(સોમનાથ) : માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૧૨ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કૃષિ વિષયક વીજ જોડાણ ધરાવતા ખેડૂતોને રાજ્ય સરકાર દ્વારા વીજ બીલમાં કોઇ રાહત આપવામાં આવે છે કે કેમ, અને

**જવાબ**

(૧) હા જી, નામદાર વીજ નિયમન પંચ દ્વારા મંજુર થયેલ કૃષિ વિષયક વીજ દરનો સંપૂર્ણ બોજો ખેડૂતો પર નાખવામાં આવતો નથી પરંતુ, નક્કી કરેલ વીજ દરો કરતાં ઘણા ઓછા દરે ખેડૂતોને વીજળી આપવામાં આવે છે, અને આ નિર્ણયના અમલીકરણને કારણે મહેસૂલી આવકના નુકશાન માટે વીજ કંપનીઓને સહાયકી આપવામાં આવે છે. હોર્સપાવર આધારિત વીજ ગ્રાહકો માટે નામદાર આયોગે તારીખ ૦૬-૦૯-૨૦૧૧ ટેરીફ ઓર્ડર મુજબ રૂપિયા ૨૧૦૦ પ્રતિ હોર્સપાવર પ્રતિ વર્ષ નક્કી કરેલ છે. પરંતુ સરકારે નક્કી કરેલ નિતી મુજબ કૃષિ વિષયક ગ્રાહકો પાસેથી રૂ.૬૬૫/- પ્રતિ હોર્સ પાવર પ્રતિ વર્ષ, ૭.૫ હોર્સ પાવર સુધી અને રૂ.૮૦૭.૫૦ પૈસા પ્રતિ હોર્સ પાવર પ્રતિ વર્ષ ૭.૫ હોર્સ પાવરથી વધુ માટે મેળવવામાં આવે છે. બાકીની રકમ સરકાર સબસીડીના સ્વરૂપે ભોગવે છે. આ ઉપરાંત મીટર આધારિત ગ્રાહકો પાસેથી રૂ.૧૦/- પ્રતિ હોર્સ પાવર પ્રતિ માસ ફીક્ષ ચાર્જ તથા રૂ.૦.૫૦ પ્રતિ યુનીટ વીજ દર મેળવવામાં આવે છે. આ ઉપરાંત, વીજ ઉત્પાદન માટે વપરાશમાં લેવાતા કોલસો, ગેસ, ઓઇલ, નેપ્થા જેવા બળતણમાં કેન્દ્ર સરકાર દ્વારા કરવામાં આવતા ભાવ વધારાને કારણે વીજ કંપનીઓને થતા વધારાના ખર્ચને પહોંચી વળવા માટે વીજ ગ્રાહકો પાસેથી નામદાર ગુજરાત વીજ નિયમન આયોગની ફોર્મ્યુલા મુજબ ફ્યુઅલ સરચાર્જની વસુલાત કરવાની થાય છે. ખેડૂતોના કિસ્સામાં ફ્યુઅલ સરચાર્જ તેમની પાસેથી વસૂલ ન કરવાનો સરકારે નિર્ણય લીધેલ હોઇ, તે અંગેની રકમ પણ સહાયકી તરીકે વીજ

કંપનીઓને ચુકવવામાં આવે છે.

આ ઉપરાંત તા.૧–૧૦–૨૦૧૨ ના ઠરાવથી સરકારે લીધેલ નિર્ણય મુજબ, ખેડૂતોને તેમના વીજ વપરાશના બિલમાં એક વર્ષ માટે ૫૦% રાહત આપવાનો સરકારે નિર્ણય લીધેલ છે.

(૨) જો હા, તો જૂનાગઢ જિલ્લામાં તાલુકાવાર વર્ષ–૨૦૧૧ અને વર્ષ–૨૦૧૨ માં કેટલી સબસીડી આપવામાં આવી?

(૨) વીજ કંપનીના હિસાબો નાણાકીય વર્ષમાં જાળવવામાં આવતા હોઇ, ડિસેમ્બર–૨૦૧૨ ની સ્થિતિએ છેલ્લા બે નાણાકીય વર્ષ દરમ્યાન જૂનાગઢ જિલ્લાના તાલુકાવાર ખેતી વિષયક વીજ ગ્રાહકોને આપવામાં આવેલી સબસીડી અને વીજ ગ્રાહકોની વિગતો આ સાથેના **પત્રક–અ** મુજબની છે.

**પત્રક – અ**

**છેલ્લા બે નાણાકીય વર્ષ દરમ્યાન રાજ્ય સરકાર દ્વારા જૂનાગઢ જિલ્લાના ખેતી વિષયક વીજ ગ્રાહકોને આપવામાં આવેલી સબસીડી તથા વીજ ગ્રાહકોની સંખ્યાની વિગતો દર્શાવતું પત્રક**

**(રૂપિયા કરોડમાં)**

| | | ૨૦૧૧ – ૧૨ | | | | |
|---|---|---|---|---|---|---|
| **અનુક્રમ** | **તાલુકો** | **ખેડુતોની સંખ્યા** | **એચ.પી. બેઝ** | **જીઇઆરસી** | **એફપીપીપીએ** | **ટોટલ સબસીડી** |
| ૧ | જુનાગઢ | ૮૫૧૦ | ૬.૯૩ | ૫.૧૮ | ૬.૦૬ | ૧૮.૧૮ |
| ૨ | વિસાવદર | ૯૭૯૯ | ૯.૪૩ | ૭.૦૪ | ૮.૨૪ | ૨૪.૭૦ |
| ૩ | ભેસાણ | ૫૪૭૭ | ૪.૫૩ | ૩.૩૮ | ૩.૯૬ | ૧૧.૮૭ |
| ૪ | મેંદરડા | ૫૦૮૯ | ૪.૨૦ | ૩.૧૪ | ૩.૬૭ | ૧૧.૦૧ |
| ૫ | માણાવદર | ૪૭૪૬ | ૩.૩૭ | ૨.૫૧ | ૨.૯૫ | ૮.૮૩ |
| ૬ | વંથલી | ૫૪૮૩ | ૩.૮૬ | ૨.૮૮ | ૩.૩૭ | ૧૦.૧૧ |
| ૭ | વેરાવળ | ૫૨૨૪ | ૨.૯૨ | ૨.૧૮ | ૨.૫૫ | ૭.૬૫ |
| ૮ | તલાલા | ૪૨૭૦ | ૨.૫૬ | ૧.૯૧ | ૨.૨૪ | ૬.૭૨ |
| ૯ | સુત્રાપાડા | ૫૧૩૮ | ૨.૭૫ | ૨.૦૬ | ૨.૪૧ | ૭.૨૨ |
| ૧૦ | ઉના | ૧૬૨૦૪ | ૯.૪૨ | ૭.૦૩ | ૮.૨૩ | ૨૪.૬૮ |
| ૧૧ | કોડીનાર | ૬૩૧૧ | ૪.૨૪ | ૩.૧૬ | ૩.૭૧ | ૧૧.૧૦ |
| ૧૨ | કેશોદ | ૧૦૪૯૯ | ૬.૮૧ | ૫.૦૮ | ૫.૯૬ | ૧૭.૮૫ |
| ૧૩ | માંગરોળ | ૫૨૧૫ | ૩.૬૮ | ૨.૭૫ | ૩.૨૨ | ૯.૬૫ |
| ૧૪ | માળીયા | ૪૧૨૬ | ૧.૯૬ | ૧.૪૬ | ૧.૭૧ | ૫.૧૩ |
| | **ટોટલ** | **૯૬૦૯૧** | **૬૬.૬૫** | **૪૯.૭૫** | **૫૮.૨૯** | **૧૭૪.૬૯** |

– – – – – – – – –

**(રૂપિયા કરોડમાં)**

| | | ૨૦૧૨ – ૧૩ (ડિસેમ્બર–૨૦૧૨ સુધી) | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| **અનુક્રમ** | **તાલુકો** | **ખેડુતોની સંખ્યા** | **એચ.પી.બેઝ** | **જીઇઆરસી** | **એફપીપીપીએ** | **૫૦% રીબેટ** | **ટોટલ સબસીડી** |
| ૧ | જુનાગઢ | ૮૫૨૫ | ૪.૯૪ | ૩.૫૬ | ૩.૬૦ | ૦.૩૯ | ૧૨.૪૯ |
| ૨ | વિસાવદર | ૯૮૧૩ | ૬.૪૯ | ૪.૬૭ | ૪.૭૨ | ૦.૬૨ | ૧૬.૪૯ |
| ૩ | ભેસાણ | ૫૪૮૩ | ૩.૦૭ | ૨.૨૧ | ૨.૨૩ | ૦.૨૭ | ૭.૭૮ |
| ૪ | મેંદરડા | ૫૦૯૯ | ૨.૯૭ | ૨.૧૪ | ૨.૧૬ | ૦.૨૪ | ૭.૫૧ |
| ૫ | માણાવદર | ૪૭૬૦ | ૨.૨૮ | ૧.૬૪ | ૧.૬૬ | ૦.૨૭ | ૫.૮૬ |
| ૬ | વંથલી | ૫૬૧૮ | ૨.૫૧ | ૧.૮૦ | ૧.૮૨ | ૦.૨૪ | ૬.૩૭ |
| ૭ | વેરાવળ | ૫૨૩૧ | ૨.૦૩ | ૧.૪૬ | ૧.૪૮ | ૦.૨૪ | ૫.૨૧ |
| ૮ | તલાલા | ૪૨૭૪ | ૧.૭૪ | ૧.૨૫ | ૧.૨૬ | ૦.૨૬ | ૪.૫૧ |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૯ | સુત્રાપાડા | ૫૧૪૭ | ૨.૦૩ | ૧.૪૬ | ૧.૪૭ | ૦.૧૬ | ૫.૧૨ |
| ૧૦ | ઉના | ૧૬૨૩૪ | ૫.૮૪ | ૪.૨૦ | ૪.૨૫ | ૦.૩૪ | ૧૪.૬૩ |
| ૧૧ | કોડીનાર | ૬૩૫૭ | ૨.૮૯ | ૨.૦૮ | ૨.૧૦ | ૦.૨૨ | ૭.૨૮ |
| ૧૨ | કેશોદ | ૧૦૫૨૫ | ૪.૬૩ | ૩.૩૩ | ૩.૩૭ | ૦.૪૩ | ૧૧.૭૫ |
| ૧૩ | માંગરોળ | ૫૨૩૧ | ૨.૫૬ | ૧.૮૪ | ૧.૮૭ | ૦.૨૮ | ૬.૫૬ |
| ૧૪ | માળીયા | ૪૧૩૪ | ૧.૨૯ | ૦.૯૨ | ૦.૯૪ | ૦.૩૨ | ૩.૪૬ |
| | **ટોટલ** | **૯૬૪૩૧** | **૪૫.૨૬** | **૩૨.૫૬** | **૩૨.૯૨** | **૪.૨૮** | **૧૧૫.૦૨** |

## સુરેન્દ્રનગર જિલ્લાના થાન કેન્દ્ર ખાતે ગેસ પૂરો પાડવા બાબત

* ૪૪૫૧ **શ્રી શામજીભાઇ ભી. ચૌહાણ(ચોટીલા) : માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) સુરેન્દ્રનગર જિલ્લા ઔદ્યોગિક કેન્દ્ર થાન ખાતે નાના અને મધ્યમ કક્ષાના ઉદ્યોગકારોને બળતણ માટે ગેસ પૂરો પાડવામાં આવે છે કે કેમ, અને

(૨) જો હા, તો તા.૩૧–૧૨–૨૦૧૨ ની સ્થિતિએ આ ઉદ્યોગોને ગેસનો દૈનિક કુલ કેટલો જથ્થો પૂરો પાડવામાં આવે છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) તા.૩૧–૧૨–૨૦૧૨ ની સ્થિતિએ જીએસપીસી ગેસ કંપની દ્વારા આ ઉદ્યોગગૃહોને સરેરાશ ૧,૨૫,૦૦૦ સ્ટાન્ડર્ડ ક્યુબિક મીટર જેટલો જથ્થો પ્રતિદિન પૂરો પાડવામાં આવતો હતો.

---------

## રાજકોટ જિલ્લામાં પ્રોત્સાહક જોગવાઈની ગ્રાન્ટ

* ૪૫૩૦ **શ્રી જયરાજસિંહ ટે. જાડેજા(ગોંડલ) : માનનીય આયોજન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) વર્ષ ૨૦૧૦–૨૦૧૧ અને ૨૦૧૧–૨૦૧૨ દરમિયાન પ્રોત્સાહક જોગવાઇ હેઠળ રાજકોટ જિલ્લામાં કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી,

(૨) ફાળવવામાં આવેલ ગ્રાન્ટ પૈકી કેટલી રકમનો ખર્ચ થયેલ છે, અને

(૩) આ ફાળવેલ ગ્રાન્ટ સામે કેટલા કામો મંજૂર થયેલ છે અને કેટલા કામો પૂર્ણ થયેલ છે ?

**જવાબ**

(૧) અને (૨)

વર્ષ ૨૦૧૦–૧૧ અને વર્ષ ૨૦૧૧–૧૨ દરમિયાન રાજકોટ જિલ્લામાં પ્રોત્સાહક જોગવાઇ હેઠળ ફાળવેલ ગ્રાન્ટ અને થયેલ ખર્ચ અંગેની વિગતો નીચે મુજબ છે.

**(રૂપિયા લાખમાં)**

| ક્રમ | વર્ષ | ફાળવેલ ગ્રાન્ટ | થયેલ ખર્ચ |
|---|---|---|---|
| ૧ | ૨૦૧૦–૧૧ | ૧૧૦.૦૦ | ૧૦૬.૫૬ |
| ૨ | ૨૦૧૧–૧૨ | ૧૧૦.૦૦ | ૧૦૯.૭૧ |

(૩) રાજકોટ જિલ્લામાં વર્ષ ૨૦૧૦–૧૧ અને વર્ષ ૨૦૧૧–૧૨ દરમિયાન મંજૂર થયેલ કામો અને પૂર્ણ થયેલ કામો અંગેની વિગતો નીચે મુજબ છે.

| ક્રમ | વર્ષ | મંજૂર થયેલ કામો | પૂર્ણ થયેલ કામો |
|---|---|---|---|
| ૧ | ૨૦૧૦–૧૧ | ૭૦ | ૬૮ |
| ૨ | ૨૦૧૧–૧૨ | ૭૫ | ૭૫ |

---------

## સાબરકાંઠા જિલ્લામાં વિકસતી જાતિની સરકારી નિવાસી શાળાઓ

* ૪૫૪૩ **શ્રી ભરતસિંહજી ચં. ડાભી(ખેરાલુ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) સાબરકાંઠા જિલ્લામાં વિકસતી જાતિના વિદ્યાર્થીઓ માટે કેટલી સરકારી નિવાસી શાળાઓ ચાલે છે,

**જવાબ**

(૧) ૦૧ (એક).

અને

(૨) આ શાળામાં છેલ્લા ત્રણ વર્ષ માર્ચ–૨૦૧૦, માર્ચ–૨૦૧૧ અને માર્ચ–૨૦૧૨ના એસ.એસ.સી.ના પરિણામો શા છે?

(૨) ૧૦૦ ટકા.

---------

એચબી–૭૯૬–૩ **૨૦૦૯ અને ૨૦૧૧ વાયબ્રન્ટ સમીટમાં ઉર્જા અંગેના એમ.ઓ.યુ.**

* ૪૯૩૨ **શ્રીમતી તેજશ્રીબેન દિ. પટેલ(વિરમગામ) : માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) સન ૨૦૦૯ અને ૨૦૧૧ના વર્ષમાં વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટમેન્ટ સમિટમાં ઉર્જા અંગેના કેટલા એમ.ઓ.યુ. થયા,

(૨) તા.૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ તે પૈકી કેટલાની કામગીરી શરૂ થઈ, કેટલાની કામગીરી પૂરી થઈ, કેટલાએ કામગીરી શરૂ જ નથી કરી, અને

(૩) કેટલી વીજળી ઉત્પન્ન થઈ?

**જવાબ**

(૧)

| વર્ષ | થયેલ એમ.ઓ.યુ. |
|---|---|
| ૨૦૦૯ | ૯૩ |
| ૨૦૧૧ | ૧૧૩ |
| **કુલઃ–** | **૨૦૬** |

(૨)

| **વર્ષ** | **કેટલાની કામગીરી શરૂ થઈ** | **કેટલાની કામગીરી પુરી થઈ** | **કેટલાએ કામગીરી શરૂ કરી નથી.** |
|---|---|---|---|
| ૨૦૦૯ | ૩૪ | ૨૩ | ૩૬ |
| ૨૦૧૧ | ૧૦૧ | ૧૨ | ૦૦ |
| **કુલ** | **૧૩૫** | **૩૫** | **૩૬** |

(૩) ૮૫૭૫ મીલીયન યુનિટ.

---------

**ખેડા જિલ્લામાં સંત સુરદાસ યોજનાના લાભાર્થી**

* ૪૫૬૩ **શ્રી દેવુંસિંહ જે. ચૌહાણ (માતર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) ખેડા જિલ્લામાં સંત સુરદાસ યોજના અન્વયે તા.૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા લાભાર્થીઓને લાભ આપવામાં આવેલ છે, અને

(૨) તેઓને કેટલી સહાય ચૂકવેલ છે?

**જવાબ**

(૧) ૨૭૩૪.

(૨) રૂ. ૮૨,૨૦,૯૦૦/–.

---------

**ભાવનગર જિલ્લામાં સાગરખેડુ સર્વાંગી વિકાસ યોજના હેઠળ જર્જરિત વાયરો બદલવા બાબત**

* ૪૪૬૫ **શ્રી જીતેન્દ્રભાઈ સ. વાઘાણી(ભાવનગર પશ્ચિમ) : માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) રાજ્યના દરિયાકાંઠાના વિસ્તારોમાં ગુણવત્તાયુક્ત વીજ પુરવઠો મળી રહે તે માટેની સાગરખેડુ સર્વાંગી વિકાસ યોજના અંતર્ગત વર્ષ ૨૦૧૨–૧૩ દરમ્યાન તા.૩૧–૧૨–૨૦૧૨ ની સ્થિતિએ ભાવનગર જિલ્લામાં કુલ કેટલા કી.મી. જર્જરિત વીજ વાયરો અને કેટલા થાંભલા બદલવામાં આવ્યા, અને

(૨) તે પાછળ કુલ કેટલો ખર્ચ થયો?

**જવાબ**

(૧) અને (૨)

૪૫૦૩ **શ્રી આત્મારામ મ. પરમાર(ગઢડા) : માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) દરિયાકાંઠાના વિસ્તારોમાં વીજ વિષયક સેવાઓ સુદ્રઢ બનાવવાના હેતુસર અમલમાં "સાગરખેડૂ સર્વાંગી વિકાસ યોજના" હેઠળ વર્ષ ૨૦૧૧–૧૨ તથા ૨૦૧૨–૧૩ માં ભાવનગર જિલ્લામાં કેટલી નાણાકીય જોગવાઈ કરવામાં આવી, અને

(૨) તે પૈકી તા.૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ આ યોજના હેઠળ કેટલો ખર્ચ કરવામાંઆવ્યો ?

**જવાબ**

(૧) અને (૨) દરિયાકાંઠાના વિસ્તારોમાં વીજ વિષયક સેવાઓ સુદ્રઢ બનાવવાના હેતુસર સાગરખેડૂ સર્વાંગી વિકાસ યોજના અંતર્ગત ભાવનગર જિલ્લા માટે વર્ષ ૨૦૧૧–૧૨ અને ૨૦૧૨–૧૩ માં તારીખ ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ કરવામાં આવેલી નાણાકીય જોગવાઈ અને કરવામાં આવેલ ખર્ચની વિગતો નીચે મુજબ છે.

| વર્ષ | નાણાકીય જોગવાઈ (રૂ઼ા. લાખમાં) | થયેલ ખર્ચ (રૂ઼ા. લાખમાં) |
|---|---|---|
| ૨૦૧૧–૧૨ | ૧૪૫૮ | ૧૪૫૮ |
| ૨૦૧૨–૧૩ (૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ) | ૨૪૦૬ | ૧૨૬૬ |

---------

### નર્મદા જિલ્લામાં નિરાધાર વૃધ્ધ સહાયની અરજીઓ

૪૫૧૯ **શ્રી શબ્દશરણ ભા. તડવી(નાંદોદ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નર્મદા જિલ્લામાં નિરાધાર વૃધ્ધ સહાય યોજના અન્વયે તા.૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી અરજીઓ મળેલ છે, | (૧) ૧૧૧. |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવેલ છે, અને | (૨) ૮૮. |
| (૩) કેટલી સહાય ચૂકવવામાં આવી ? | (૩) રૂા. ૩૨,૪૦૦/–. |

---------

### જૂનાગઢ જિલ્લામાં પ્રવાસન સ્થળ વિકસાવવા બાબત

૫૩૭૦ **શ્રી પુંજાભાઇ ભી. વંશ(ઉના) : માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ જૂનાગઢ જિલ્લામાં તાલુકાવાર ક્યા ક્યા સ્થળે પ્રવાસન સ્થળ તરીકે વિકસાવવા માટે છેલ્લા બે વર્ષમાં પસંદ કરવામાં આવ્યા, | (૧) તા.૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જૂનાગઢ જિલ્લામાં નીચે મુજબના સ્થળો પ્રવાસન સ્થળ તરીકે વિકસાવવા પસંદ કરવામાં આવ્યા છે.<br>(૧) જૂનાગઢ શહેર (તાલુકો જૂનાગઢ)<br>(૨) ભાલકાતીર્થ (તાલુકો વેરાવળ)<br>(૩) અહેમદપુર–માંડવી (તાલુકો – ઉના)<br>(૪) સોમનાથ (તાલુકો–વેરાવળ)<br>(૫) ગિરનાર (તાલુકો–જૂનાગઢ) |
| (૨) તાલુકાવાર પસંદ કરાયેલા સ્થળોને વિકસાવવા માટે કઈ કઈ સુવિધાઓ પૂરી પાડવાની સરકારની યોજના છે, અને | (૨) નીચે મુજબ સુવિધા પૂરી પાડવાની યોજના છે.<br>૧. જૂનાગઢ શહેરમાં વિકાસની કામગીરીના ભાગરૂપે વિવિધ હેરીટેજ સાઇટને જોડતો પાથવે, બેઠક વ્યવસ્થા, વૃક્ષારોપણ, બાગબગીચા, દીશાસૂચક બોર્ડ, ફુડપ્લાઝા, એમ્ફીથીયેટર, મજેવડી દરવાજા પાસે કિલ્લાની દીવાલનું સમારકામ અને પીવાના પાણીની સુવિધાની કામગીરી કરવામાં આવેલછે.<br>૨. ભાલકાતીર્થ (સોમનાથ) ખાતેના વિકાસના આયોજનની કામગીરી પ્રગતિમાં છે.<br>૩. અહેમદપુર–માંડવી ખાતે વિકાસના આયોજનની કામગીરી પ્રગતિમાં છે.<br>૪. સોમનાથમાં રત્નાકર તટ ડેવલપમેન્ટ, સોમનાથ પ્રવેશ દ્વારથી હમીરજી સર્કલ અને હમીરજી સર્કલથી દેહોત્સર્ગ સુધીનો રોડ અને મુખ્ય પ્રવેશ દ્વાર નિર્માણ કાર્ય ચાલી રહ્યું છે જે પૂર્ણતાને આરે છે.<br>૫. ગિરનારમાં દામોદર કુંડ વિકાસકાર્ય કરવામાં આવેલ છે. ભારતી દરવાજાથી તળેટી સુધી બ્યુટીફીકેશન, પાર્કીંગ નોડ, લેન્ડ સ્કેપિંગ તથા મેળાના ગ્રાઉન્ડના વિકાસનું કામ કરવામાં આવેલ છે. ઉપરાંત તળેટીથી અંબાજી ટુંક સુધી જવાના માર્ગમાં પગથીયા રીપેરીંગ કરવામાં આવેલ છે. રસ્તામાં સાત જેટલી કુટીરો પણ બનાવવામાં આવેલ છે. |
| (૩) તાલુકાવાર પસંદ થયેલ સ્થળના વિકાસ માટે કેટલી રકમ ફાળવી અને કેટલો ખર્ચ થયો ? | (૩) જૂનાગઢ શહેરના વિકાસની કામગીરી માટે રૂપિયા ૯૭૫.૨૨ લાખના અંદાજ સામે રૂપિયા ૫૦૦.૪૪ લાખનો ખર્ચ કરેલ છે. સોમનાથ માટે રૂપિયા ૪૯૮ લાખ અને ગિરનાર માટે રૂપિયા ૮૯.૩ લાખ કલેકટરશ્રી જૂનાગઢને |

ફાળવેલ છે.

---------

**જી.એસ.પી.સી. ગેસ કંપનીને એપીએમ પદ્ધતિથી ગેસના ભાવ મળવા બાબત**

૪૪૪૪ **શ્રીમતી ભાનુબેન મ. બાબરીયા(રાજકોટ–ગ્રામ્ય) : માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ રાજ્ય હસ્તકની જીએસપીસી ગેસ કંપનીને વાહનોના ઇંધણ માટે તથા ઘર વપરાશના રાંધણ ગેસ માટે એપીએમ (એડમીનીસ્ટ્રેટીવ પ્રાઇઝ મેકેનીઝમ) ગેસ મળે તે હકીકત સાચી છે, અને | (૧) ના, જી. |
| (૨) જો હા, તો આ એપીએમ ગેસ કેન્દ્ર સરકાર તરફથી રાજ્ય સરકારને ઉકત સ્થિતિએ ક્યા ભાવે મળે છે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**ગાંધીનગર વીજ મથકના કોલસાનું રેલવે ભાડું**

૪૪૭૬ **શ્રી અશોકકુમાર ર. પટેલ(ગાંધીનગર ઉત્તર) : માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્ય સરકાર હસ્તકના કોલસા આધારિત ગાંધીનગર વીજ મથક માટે વર્ષ ૨૦૧૧–૧૨ અને વર્ષ ૨૦૧૨–૧૩ માં તા.૩૧–૧–૧૩ની સ્થિતિએ જે કોલસો મેળવવામાં આવ્યો તે પાછળ રેલવે ભાડા પેટે મેટ્રિક ટન દીઠ કેટલો ખર્ચ થયો, અને | (૧) રાજ્ય સરકાર હસ્તકના કોલસા આધારિત વીજ ઉત્પાદન કરતા ગાંધીનગર વીજ મથક માટે વર્ષ ૨૦૧૧–૧૨ માં રૂા.૧૩૭૮ પ્રતિ મેટ્રિક ટન અને વર્ષ ૨૦૧૨–૧૩ માં તા.૩૧–૧–૧૩ની સ્થિતિએ રૂા.૧૯૧૩ નો ખર્ચ પ્રતિ મેટ્રીક ટન કોલસો મેળવવા માટે રેલવે ભાડા પેટે થયો. |
| (૨) આ ખર્ચ ઓછો આવે તે માટે રાજ્ય સરકાર દ્વારા કોઇ કાર્યવાહી કરવામાં આવી છે કે કેમ ? | (૨) હા જી, કોલસા માટેનો રેલવે પરિવહન ખર્ચ ઓછો આવે તે સારું, રેલવે પરિવહન દરોમાં ઘટાડો કરવા, ગુણવત્તાયુક્ત કોલસો ફાળવવા તેમજ રાજ્યને નજીકની કોલીયરીમાંથી કોલસો ફાળવવાના પ્રશ્નો અંગે રાજ્ય સરકાર દ્વારા માન. મુખ્યમંત્રીશ્રી કક્ષાએથી માન. વડાપ્રધાનશ્રીને, માન. રાજ્યકક્ષાના મંત્રીશ્રી (ઊર્જા)ની કક્ષાએથી સહિત વિવિધ કક્ષાએથી કેન્દ્ર સરકારના સંબંધિત અધિકારીશ્રીઓને/ મંત્રીશ્રીઓને વર્ષ ૨૦૧૨ માં કુલ ૨૩ પત્રો પાઠવવામાં આવ્યા. |

**એચબી–૭૯૬–૯**

---------

**પાટણ જિલ્લામાં ઝૂંપડપટ્ટી વીજળીકરણ**

૪૪૫૫ **શ્રી નાગરજી હ. ઠાકોર(રાધનપુર) : માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પાટણ જિલ્લામાં ઝૂંપડપટ્ટી વીજળીકરણ યોજના હેઠળ વર્ષ ૨૦૧૧–૧૨ અને વર્ષ ૨૦૧૨–૧૩ માં તા.૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ વર્ષવાર કેટલા વીજ જોડાણો આપવામાં આવેલ છે, અને | (૧) અને (૨) પાટણ જિલ્લામાં ઝૂપડા વીજળીકરણ યોજના અન્વયે વર્ષ ૨૦૧૧–૧૨માં રૂપિયા ૧૧૬.૫૪ લાખના ખર્ચે ૧૮૭૯ અને વર્ષ ૨૦૧૨–૧૩માં તારીખ ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ રૂપિયા ૯૭.૯૫ લાખના ખર્ચે ૨૩૫૮ વીજ જોડાણ આપવામાં આવેલ છે. |
| (૨) તે પાછળ કુલ કેટલો ખર્ચ થયેલ છે ? | |

---------

**સાબરમતી નદીમાં રેતીની લીઝો**

૫૪૯૦ **શ્રી મહેન્દ્રસિંહ ક. બારૈયા(પ્રાંતિજ) : માનનીય ખાણ ખનીજ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૧–૨૦૧૩ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લામાં તેમજ ગાંધીનગર જિલ્લાની હદમાં સાબરમતી નદીમાં કેટલી રેતીની લીઝોની પરવાનગી આપેલ છે, | (૧) ૧૪૫. |

(૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી રોયલ્ટી મળી, અને — (૨) રૂપિયા ૧૯૯૦.૯૧ લાખ.

(૩) જે લીઝોની મુદત પૂરી થઇ હોય તેવી કેટલી લીઝોની પરવાનગી રદ કરવામાં આવી ? — (૩) છ (૬).

---------

**અનુ.જાતિના વિદ્યાર્થીઓને સ્વનિર્ભર કોલેજોમાં ટ્યુશન ફી ની યોજના બંધ કરવા બાબત**

૪૭૮૦ **શ્રી મણીલાલ જે. વાઘેલા(વડગામ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અનુ.જાતિની વિદ્યાર્થીઓએ સ્વનિર્ભર કોલેજોમાં ભરવાની થતી ટ્યુશન ફી વિદ્યાર્થીઓને પરત કરવાની સ્કીમ બંધ કરવામાં આવેલ છે તે હકીકત સાચી છે, | (૧) ના, જી. |
| (૨) જો હા, તો તે ક્યારથી બંધ કરવામાં આવેલ છે, | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) ઉક્ત યોજના ફરીથી શરૂ કરવા સરકારે કોઇ કમીટીની રચના કરેલ છે તે હકીકત સાચી છે, | (૩) ના, જી. |
| (૪) જો હા, તો કેટલા સભ્યોની, કોની વડપણ હેઠળ કમિટી રચવામાં આવેલ છે, અને | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૫) તે કમિટીની વર્ષ ૨૦૧૨ માં કેટલી બેઠકો મળી ? | (૫) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**દાહોદ જિલ્લામાં વિકલાંગ સાધન સહાયની અરજીઓ**

૪૫૬૮ **શ્રી રમેશભાઇ ભુ. કટારા(ફતેપુરા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) દોહાદ જિલ્લામાં વિકલાંગ સાધન સહાય યોજના હેઠળ તા.૩૧–૧૨–૧૨ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી અરજીઓ આવી, | (૧) ૨૧૧. |
| (૨) તે પૈકી કેટલી મંજૂર કરવામાં આવી, અને | (૨) ૨૦૯. |
| (૩) કેટલી રકમ ચૂકવવામાં આવી ? | (૩) રૂા. ૭,૨૮,૬૦૦/–. |

---------

**વલસાડ જિલ્લામાં રમતગમત મેદાનો માટે ફાળવેલ ગ્રાન્ટ**

૫૩૯૦ **શ્રી જીતુભાઇ હ. ચૌધરી(કપરાડા) : માનનીય રમતગમત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૧૨ની સ્થિતિએ વલસાડ જિલ્લાના તમામ તાલુકાઓ માટે રમતગમતના મેદાન માટે (પાયકા) યોજનામાંથી કેટલી ગ્રાન્ટ છેલ્લા બે વર્ષમાં ફાળવવામાં આવી, | (૧) તા.૩૧–૧૨–૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રૂા. ૪૭,૮૦,૦૦૦/– ની રકમ ફાળવવામાં આવી. |
| (૨) તે પૈકી તાલુકાવાર કઇ કઇ માધ્યમિક શાળાને કેટલી રકમ ફાળવી, અને | (૨) તાલુકાવાર માધ્યમિક શાળાઓને આ સાથેના **પત્રક–અ** મુજબ રૂા. ૨૦,૦૦,૦૦૦/– ની રકમ ફાળવવામાં આવી. |
| (૩) આ રકમમાં ભારત સરકાર અને રાજ્ય સરકારનો કેટલો ફાળો છે ? | (૩) ભારત સરકારના ૭૫% અને ગુજરાત સરકારના ૨૫% ના ફાળાના ધોરણે. |

**પત્રક–અ**

**વલસાડ જિલ્લામાં તાલુકાવાર માધ્યમિક શાળાઓને ફાળવેલ રકમ દર્શાવતું પત્રક**

| ક્રમ | તાલુકાનું નામ | ગ્રામ્ય કેન્દ્ર/તાલુકા કેન્દ્ર | ફાળવેલ રકમ મેદાન માટે | ફાળવેલ રકમક્રીડા માનદ વેતન અને મેન્ટેનન્સ ગ્રાન્ટ |
|---|---|---|---|---|

તા. ૨૫મી માર્ચ ૨૦૧૩
અતારાંકિત પ્રશ્નો

| ક્રમ | તાલુકાનું નામ | ગ્રામ્ય કેન્દ્ર/તાલુકા કેન્દ્ર | ફાળવેલ રકમ મેદાન માટે | ફાળવેલ રકમક્રીડા માનદ વેતન અને મેન્ટેનન્સ ગ્રાન્ટ |
|---|---|---|---|---|
| ૧ | પારડી | ડી.પી. પટેલ માધ્યમિક શાળા મોટા વાઘછીપા | ૦ | ૨૦,૦૦૦/- |
| ૨ | પારડી | અમરજ્યોત સાર્વ. હાઈ. સુખેશ (રામપુર) | ૦ | ૨૦,૦૦૦/- |
| ૩ | પારડી | શ્રી જલારામ માધ્યમિક હાઈ. નાની તંબાડી | ૦ | ૨૦,૦૦૦/- |
| ૪ | ધરમપુર | ઉત્તર બુનિયાદ વિદ્યાલાય, કરંજવેરી | ૦ | ૨૦,૦૦૦/- |
| ૫ | ઉમરગામ | શ્રી એસ.જી. દાક્લે સાર્વ. વિદ્યાલય, સંજાણ | ૧,૨૦,૦૦૦/- | ૦ |
| ૬ | ઉમરગામ | વાડીયા હાઈસ્કૂલ, ફણસા | ૧,૨૦,૦૦૦/- | ૦ |
| ૭ | ઉમરગામ | જે.એન.સી. હાઈ. મરોલી | ૧,૨૦,૦૦૦/- | ૦ |
| ૮ | ઉમરગામ | સાર્વજનીક હાઈ. કનાડુ | ૧,૨૦,૦૦૦/- | ૦ |
| ૯ | ઉમરગામ | શાહ જ. જી. સાર્વ.હાઈ.ખતલવાડ | ૧,૨૦,૦૦૦/- | ૦ |
| ૧૦ | વલસાડ | શ્રી ડી.આર.પટેલ માધ્યમિક શાળા દાંડી | ૧,૨૦,૦૦૦/- | ૦ |
| ૧૧ | વલસાડ | સર્વોદય હાઈ. સેગવી | ૧,૨૦,૦૦૦/- | ૦ |
| ૧૨ | વલસાડ | સાર્વજનિક માધ્યમિક શાળા, પારનેરા | ૧,૨૦,૦૦૦/- | ૦ |
| ૧૩ | પારડી | કે. કે. હરીયા માધ્યમિક શાળા, કરવડ | ૧,૨૦,૦૦૦/- | ૦ |
| ૧૪ | પારડી | શ્રી આઇ.સી. દેસાઈ સાર્વ. હાઈ. રોહિણી | ૧,૨૦,૦૦૦/- | ૦ |
| ૧૫ | પારડી | શેઠ પી.પી. મિસ્ત્રી હાઈ. ઉદવાડા | ૧,૨૦,૦૦૦/- | ૦ |
| ૧૬ | પારડી | વિનર્સ ઇંગ્લીસ હાઈ. ચણોદ | ૧,૨૦,૦૦૦/- | ૦ |
| ૧૭ | પારડી | જે. વી. બીસ્માર્ક હાઈ. ઉમરસાડી | ૧,૨૦,૦૦૦/- | ૦ |
| ૧૮ | પારડી | જ્ઞાનગંગા ઇંગ્લીસ મીડીયમ હાઈ. છીરી | ૧,૨૦,૦૦૦/- | ૦ |
| ૧૯ | કપરાડા | શ્રી નવચેતન સાર્વ. હાઈ. અભેડી | ૧,૨૦,૦૦૦/- | ૦ |
| ૨૦ | ધરમપુર | ઉત્તર બુનિયાદ આશ્રમ શાળા, કાંગવી | ૧,૨૦,૦૦૦/- | ૦ |
| | | **ટોટલ** | **૧૯,૨૦,૦૦૦/-** | **૮૦,૦૦૦/-** |

---------

**અમદાવાદ જિલ્લામાં પ્રોત્સાહક જોગવાઈની ગ્રાન્ટ**

૪૫૩૩ **શ્રી બાબુભાઈ જ. પટેલ(દસક્રોઈ) : માનનીય આયોજન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વર્ષ ૨૦૧૦-૨૦૧૧ અને ૨૦૧૧-૨૦૧૨ દરમિયાન પ્રોત્સાહક જોગવાઇ હેઠળ અમદાવાદ જિલ્લામાં કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી,

(૨) ફાળવવામાં આવેલ ગ્રાન્ટ પૈકી કેટલી રકમનો ખર્ચ થયેલ છે, અને

(૩) આ ફાળવેલ ગ્રાન્ટ સામે કેટલા કામો મંજૂર થયેલ છે અને કેટલાં કામો પૂર્ણ થયેલ છે ?

**જવાબ**

(૧) અને (૨)

વર્ષ ૨૦૧૦-૧૧ અને વર્ષ-૨૦૧૧-૧૨ દરમિયાન અમદાવાદ જિલ્લામાં પ્રોત્સાહક જોગવાઈ હેઠળ ફાળવેલ ગ્રાન્ટ અને થયેલ ખર્ચ અંગેની વિગતો નીચે મુજબ છે.

**(રૂ।. લાખમાં)**

| ક્રમ | વર્ષ | ફાળવેલ ગ્રાન્ટ | થયેલ ખર્ચ |
|---|---|---|---|
| ૧ | ૨૦૧૦-૧૧ | ૭૦.૦૦ | ૪૨.૨૦ |
| ૨ | ૨૦૧૧-૧૨ | ૭૦.૦૦ | ૩૩.૩૨ |

(૩) અમદાવાદ જિલ્લામાં વર્ષ ૨૦૧૦-૧૧ અને વર્ષ ૨૦૧૧-૧૨ દરમિયાન મંજૂર થયેલ કામો પૂર્ણ થયેલ કામો અંગેની વિગતો નીચે મુજબ છે.

| ક્રમ | વર્ષ | મંજુર થયેલ કામો | પૂર્ણ થયેલ કામો |
|---|---|---|---|
| ૧ | ૨૦૧૦-૧૧ | ૪૦ | ૩૯ |
| ૨ | ૨૦૧૧-૧૨ | ૩૭ | ૩૦ |

---------

## અમરેલી જિલ્લાના ગીરકાંઠાના ગામોને દિવસે વીજળી આપવા બાબત

૫૫૧૯ **શ્રી નલીનભાઇ ના. કોટડીયા(ધારી) : માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧–૨૦૧૩ની સ્થિતિએ અમરેલી જિલ્લાના ધારી, બગસરા, ખાંભા અને કુંકાવાવ તાલુકાનાં ગીરકાંઠાના ગામડાઓમાં ખેતીવાડી માટે વીજળી આપવાનો સમય ક્યો છે, | (૧) અમરેલી જિલ્લાના બગસરા અને કુંકાવાવ તાલુકાના ગામડાઓ ગીર કાંઠા વિસ્તારમાં આવેલા નથી. પરંતુ ખાંભા અને ધારી તાલુકાના ગામો ગીર કાંઠાના વિસ્તારમાં આવેલા છે. તેમ છતાં તારીખ ૩૧–૧–૨૦૧૩ની સ્થિતિએ અમરેલી જિલ્લાના ધારી, બગસરા, ખાંભા અને કુંકાવાવ તાલુકાના ગામોમાં ખેતીવાડી માટે થ્રી ફેઈઝ વીજળી આપવાના સમય અંગની માહિતી ***પત્રક ''અ''** મુજબ છે. |
| (૨) આ શેડ્યુલ મુજબ અર્ધો દિવસે અને અર્ધી રાત્રે વીજળી આપવામાં આવે છે તે વાતથી સરકાર વાકેફ છે, અને<br>(૩) જો હા, તો હીંસક પ્રાણીના ત્રાસને કારણે ખેડૂતોને ખેતીવાડી માટે વીજપુરવઠો દિવસ દરમિયાન જ આપવા માંગે છે કે કેમ અને ક્યારથી ? | (૨) અને (૩)<br>વિજળીનો સંગ્રહ શક્ય ન હોઈ, ઉત્પાદિત વિજ પુરવઠાનો શ્રેષ્ઠતમ ઉપયોગ કરવાના હેતુસર તમામ ક્ષેત્રોની વિજ માંગ અને ઉપલબ્ધ વિજ પુરવઠા વચ્ચે સંકલન જાળવીને કૃષિ ક્ષેત્રના ફીડરોનું ગ્રૃપમાં વિભાજન કરી ૨૪ કલાક દરમિયાન રોટેશન મુજબ અઠવાડીક વારાફરતી દિવસ અને રાત્રિના સમયગાળા મુજબ ગ્રૃપવાર ૧૦ કલાક માટે વિજ પુરવઠો પુરો પાડવામાં આવે છે. દરેક ગ્રૃપનું સમયપત્રક નિયમિત રીતે બદલાતું રહે છે. આથી દરેક ગ્રૃપને દિવસે અને રાત્રે વારાફરતી વિજ પુરવઠો મળતો રહે છે. |

**(* પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)**

---------

## નિયામકશ્રી અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરીમાં વર્ગ–૧ ની ખાલી જગ્યાઓ

૪૫૫૬ **શ્રી જગદીશભાઇ ઇ. પંચાલ(નિકોલ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ નિયામકશ્રી અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરીમાં વર્ગ–૧ની કેટલી જગ્યાઓ મંજૂર થયેલ છે, | (૧) ૩૨ |
| (૨) તે પૈકી કેટલી જગ્યાઓ ભરાયેલ છે, | (૨) ૧૭ |
| (૩) કેટલી જગ્યા ખાલી છે, અને | (૩) ૧૫ |
| (૪) ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે ? | (૪) સીધી ભરતીના/બઢતીના અધિકારીઓ ઉપલબ્ધ થયેથી. |

---------

## જીએસપીસી ગેસ કંપનીને એપીએમ ગેસના ભાવ બાબત

૪૪૪૫ **શ્રીમતી મનીષા રા. વકીલ(વડોદરા શહેર) : માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ રાજ્ય હસ્તકની જીએસપીસી ગેસ કંપનીને વાહનોના ઇંધણ માટે તથા ઘર વપરાશના રાંધણ ગેસ માટે એપીએમ (એડમીનીસ્ટ્રેટીવ પ્રાઇઝ મેકેનીઝમ) ગેસ મળે તે હકીકત સાચી છે, અને | (૧) ના, જી. |
| (૨) જો હા, તો આ એપીએમ ગેસ કેન્દ્ર સરકાર તરફથી રાજ્ય સરકારને ઉક્ત સ્થિતિએ ક્યા ભાવે મળે છે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

તા. ૨૫મી માર્ચ ૨૦૧૩
અતારાંકિત પ્રશ્નો

---------

**ભાવનગર જિલ્લામાં વિકસતી જાતિની મફત તબીબી સહાયની અરજીઓ**

૪૫૪૦ **શ્રી ઠાકરશીભાઇ દે. માણીયા(બોટાદ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ ૨૦૧૨–૧૩માં ભાવનગર જિલ્લામાં મફત તબીબી સહાય યોજના હેઠળ વિકસતી જાતિના ઇસમોને લાભ આપવા માટે કેટલી અરજી મળી, | (૧) ૪૧૭. |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજુર કરવામાં આવી, અને | (૨) ૪૧૭. |
| (૩) તે પૈકી કેટલી સહાય ચૂકવવામાં આવી ? | (૩) રૂ. ૨૨.૨૫ લાખ. |

---------

**નિયામકશ્રી, અનુસુચિત જાતિ કલ્યાણની કચેરીમાં વર્ગ–૨ની ખાલી જગ્યાઓ**

૪૫૫૮ **શ્રી હસમુખભાઇ સો. પટેલ(અમરાઇવાડી) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૨ ની સ્થિતિએ નિયામકશ્રી, અનુસુચિત જાતિ કલ્યાણ કચેરીમાં વર્ગ–૨ની કેટલી જગ્યાઓ મંજૂર થયેલ છે, | (૧) ૬૧. |
| (૨) તે પૈકી કેટલી જગ્યાઓ ભરાયેલ છે, | (૨) ૪૮. |
| (૩) કેટલી જગ્યા ખાલી છે, અને | (૩) ૧૩. |
| (૪) ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે ? | (૪) સીધી ભરતીના/બઢતીના અધિકારીઓ ઉપલબ્ધ થયેથી. |

---------

**બનાસકાંઠા જિલ્લામાં વિકસતિ જાતિ માટે મફત તબીબી સહાયની અરજીઓ**

૪૫૪૧ **શ્રી કેશાજી શિ. ચૌહાણ(દિઓદર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ ૨૦૧૨–૧૩માં બનાસકાંઠા જિલ્લામાં મફત તબીબી સહાય યોજના હેઠળ વિકસતી જાતિના ઇસમોને લાભ આપવા માટે કેટલી અરજી મળી, | (૧) ૩૬૨. |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજુર કરવામાં આવી, અને | (૨) ૩૬૨. |
| (૩) તે પૈકી કેટલી સહાય ચૂકવવામાં આવી ? | (૩) રૂ. ૧૫.૩૪ લાખ. |

---------

**કચ્છ જિલ્લામાં માંડવી શહેરને પ્રવાસન શહેર જાહેર કરવા બાબત**

૫૧૩૯ **શ્રી તારાચંદ જ. છેડા(માંડવી) : માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.−

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| કચ્છ જિલ્લાના માંડવી શહેરને પ્રવાસન શહેર તરીકે વિકસાવવાનું રાજ્ય સરકારનું કોઇ આયોજન છે ? | કચ્છ જિલ્લાના માંડવીમાં પ્રવાસનનો વિકાસ થાય તે માટે રાજ્ય સરકાર પ્રયત્નશીલ છે. માંડવી ખાતે પ્રવાસીઓની સંખ્યામાં વધારો થાય તે માટે ‘‘ખુશ્બુ ગુજરાતકી’’ કેમ્પેન દ્વારા પ્રચાર કરવામાં આવે છે. માંડવી ખાતે એરસ્ટ્રીપનો વિકાસ કરવામાં આવ્યો છે. ગુજરાત પ્રવાસન નિગમ લી. દ્વારા બીચ પર સુવિધા ઉભી કરવા તેમજ તોરણ રીસોર્ટ વિકસાવવા માટે આયોજન હાથ ધરેલ છે. |

---------

**આણંદ જિલ્લામાં વિકલાંગ શિષ્યવૃત્તિની અરજીઓ**

૪૫૬૪ **શ્રી સંજયકુમાર ર. પટેલ(**ખંભાત) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.−

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) આણંદ જિલ્લામાં વિકલાંગ શિષ્યવૃત્તિની યોજના અન્વયે તા. ૩૧−૧૨−૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી અરજીઓ આવી, | (૧) ૨૧૨૨. |
| (૨) તે પૈકી કેટલી મંજૂર કરવામાં આવી, અને | (૨) ૨૦૪૦. |
| (૩) કેટલી રકમ ચૂકવવામાં આવી ? | (૩)રૂ. ૨૫,૫૮,૫૦૦/− |

---------

**અમરેલી જિલ્લામાં કૃષિ વિષયક વીજ જોડાણ અંતર્ગત વીજ કાર્ય પંપ બદલવાની યોજના**

૪૪૮૨ **શ્રી હીરાભાઇ ઓ. સોલંકી(રાજુલા) : માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.−

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કૃષિ વિષયક વીજ જોડાણ ધરાવતા ખેડૂતો માટે વીજ બચત થાય તે માટે તા. ૩૧−૧−૧૩ની સ્થિતિએ હયાત પંપસેટની જગ્યાએ વીજકાર્ય પંપ બદલવા અંગેની કોઈ યોજના અમલમાં મૂકેલ છે કે કેમ,અને | (૧) કૃષિ વિષયક વીજ જોડાણ ધરાવતા ખેડૂતો માટે વીજ બચત થાય તે માટે તા. ૩૧−૧−૧૩ની સ્થિતિએ હયાત પંપસેટની જગ્યાએ વીજકાર્ય પંપ બદલવા અંગેની કોઈ યોજના હાલ અમલમાં નથી. |
| (૨) જો હા, તો અમરેલી જિલ્લામાં આ યોજના નીચે કયા કયા તાલુકાનો સમાવેશ કરાય છે અને તે અંગે શી કાર્યવાહી કરવામાં આવેલ છે. | (૨) યોજના હાલ અમલમાં નહીં હોવાથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**વિકસતી જાતિમાં માનવ ગરીમા યોજનાના લાભાર્થી**

૪૫૪૫ **શ્રીમતી સંગીતાબેન રા. પાટીલ(લીંબાયત) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.−

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વિકસતી જાતિ કલ્યાણ ખાતામાં વર્ષ ૨૦૧૨−૧૩ માં તા. ૩૧−૧૨−૨૦૧૨ની સ્થિતિએ માનવ ગરીમા યોજનામાં કેટલા લાભાર્થીઓને કીટસની વહેંચણી કરવામાં આવી છે, અને | (૧) ૧૧,૫૬૧. |
| (૨) કેટલા બાકી રહ્યા છે અને બાકીનાને કીટસની વહેંચણી કયારે કરવામાં આવશે ? | (૨) ૧૬૮. બાકી રહેલ કીટસના વિતરણની કાર્યવાહી ચાલુ છે. |

---------

તા. ૨૫મી માર્ચ ૨૦૧૩

અતારાંકિત પ્રશ્નો

## સિક્કા વીજ મથકનું કોલસાનું રેલ ભાડું

૪૪૭૭ **શ્રી પૂનમબેન હે. માડમ(ખંભાલીયા) : માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) રાજ્ય સરકાર હસ્તકના કોલસા આધારિત સિક્કા વીજ મથક માટે વર્ષ ૨૦૧૧–૧૨ અને વર્ષ ૨૦૧૨–૧૩ માં તા.૩૧–૧–૧૩ ની સ્થિતિએ જે કોલસો મેળવવામાં આવ્યો તે પાછળ રેલ્વે ભાડા પેટે મેટ્રિક ટન દીઠ કેટલો ખર્ચ થયો, અને

(૨) આ ખર્ચ ઓછો આવે તે માટે રાજ્ય સરકાર દ્વારા કોઇ કાર્યવાહી કરવામાં આવી છે કે કેમ ?

**જવાબ**

(૧) રાજ્ય સરકાર હસ્તકના કોલસા આધારિત વીજ ઉત્પાદન કરતા સિક્કા વીજ મથક માટે વર્ષ ૨૦૧૧–૧૨ માં રૂ।.૧૭૯૫ પ્રતિ મેટ્રિક ટન અને વર્ષ ૨૦૧૨–૧૩ માં તા.૩૧–૧–૧૩ ની સ્થિતિએ રૂ।.૨૩૪૮ નો ખર્ચ પ્રતિ મેટ્રિક ટન કોલસો મેળવવા માટે રેલ્વે ભાડા પેટે થયો.

(૨) હા જી, કોલસા માટેનો રેલવે પરિવહન ખર્ચ ઓછો આવે તે સારું, રેલવે પરિવહન દરોમાં ઘટાડો કરવા, ગુણવત્તાયુક્ત કોલસો ફાળવવા તેમજ રાજ્યને નજીકની કોલીયરીમાંથી કોલસો ફાળવવાના પ્રશ્નો અંગે રાજ્ય સરકાર દ્વારા માન. મુખ્યમંત્રીશ્રી કક્ષાએથી માન. વડાપ્રધાનશ્રીને, માન. રાજ્યકક્ષાના મંત્રીશ્રી (ઊર્જા)ની કક્ષાએથી સહિત વિવિધ કક્ષાએથી કેન્દ્ર સરકારના સંબંધિત અધિકારીશ્રીઓને/ મંત્રીશ્રીઓને વર્ષ ૨૦૧૨ માં કુલ ૨૩ પત્રો પાઠવવામાં આવ્યા.

---------

## સુરત જિલ્લાના ચોર્યાસી તાલુકામાં નવા વીજ સબ સ્ટેશન

૪૯૦૨ **શ્રી રાજેન્દ્રભાઇ પ. પટેલ(ચોર્યાસી) : માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૧૨ની સ્થિતિએ સુરત જિલ્લાનાં ચોર્યાસી તાલુકામાં છેલ્લા બે વર્ષમાં કેટલા નવા વીજ સબસ્ટેશનો મંજૂર કરવામાં આવ્યા, અને

(૨) મંજૂર થયેલ આ સબસ્ટેશન કામગીરી તા. ૩૧–૧–૧૩ ની સ્થિતિએ કયા તબક્કે છે ?

**જવાબ**

(૧) ગુજરાત એનર્જી. ટ્રાન્સમિશન કોર્પોરેશન લી. માં સબ સ્ટેશનોનું આયોજન વીજ વિતરણ કંપનીની વીજ માંગ મુજબ કરવામાં આવે છે. તેમજ વહીવટી અને નાણાંકીય આયોજન અને વાર્ષિક કામગીરી કેલેન્ડર વર્ષને બદલે નાણાંકીય વર્ષમાં થતાં હોઈ, વર્ષ–૨૦૧૦–૧૧ અને વર્ષ–૨૦૧૧–૧૨ની સ્થિતિએ સુરત જિલ્લાનાં ચોર્યાસી તાલુકામાં છેલ્લા બે વર્ષમાં ૧૧ (અગિયાર)નવા સબસ્ટેશનો મંજૂર કરવામાં આવેલ છે.

(૨) સુરત જિલ્લાનાં ચોર્યાસી તાલુકમાં મંજૂર થયેલ કુલ–૧૧ (અગિયાર) સબ સ્ટેશનોમાંથી ૩ (ત્રણ) નવીન વીજ સબસ્ટેશનો કાર્યાન્વિત કરેલ છે. જેની વિગત આ સાથે સામેલ **પત્રક–અ** મુજબ છે. અને બાકીના ૮(આઠ) સબસ્ટેશનોની તા. ૩૧–૧–૨૦૧૩ની સ્થિતિએ પરિસ્થિતિ **પત્રક–બ** મુજબ છે.

**પત્રક–અ**

**સુરત જિલ્લાના ચોર્યાસી તાલુકામાં કાર્યાન્વિત થયેલ વીજ સબસ્ટેશનોની વિગતો દર્શાવતું પત્રક**

| અ.નં. | સબ સ્ટેશનનું નામ | તાલુકાનું નામ | કાર્યરત કર્યાની તારીખ | વર્ષ |
|---|---|---|---|---|
| ૧ | ૬૬ કે. વી. મોરા | ચોર્યાસી | ૧૭–૦૩–૨૦૧૧ના રોજ કાર્યાન્વિત કેરલ છે. | ૧૦–૧૧ |
| ૨ | ૬૬ કે. વી. ભગવતી | ચોર્યાસી | ૧૮–૦૩–૨૦૧૧ના રોજ કાર્યાન્વિત કેરલ છે. | ૧૦–૧૧ |
| ૩ | ૬૬ કે. વી. ભેસતાન (એકલેરા) | ચોર્યાસી | ૧૮–૦૩–૨૦૧૧ના રોજ કાર્યાન્વિત કેરલ છે. | ૧૦–૧૧ |

**પત્રક–બ**

**સુરત જિલ્લાના ચોર્યાસી તાલુકામાં મંજૂર થયેલ સબસ્ટેશનો પૈકી કાર્યાન્વિત થવાના બાકી સબસ્ટેશનોની ભૌતિક પરિસ્થિતિ દર્શાવતું પત્રક**

| અ.નં. | સબ સ્ટેશનનું નામ | તાલુકાનું નામ | ભૌતિક પરિસ્થિતિ | આયોજન વર્ષ |
|---|---|---|---|---|
| ૧ | ૬૬ કે.વી. એસયુએસએમ (ઉદ્યોગનગર) | ચોર્યાસી | સબ સ્ટેશનના બાંધકામનું કાર્ય પ્રગતિમાં છે. | ૧૨-૧૩ |
| ૨ | ૬૬ કે.વી. પોપડા (ભેસ્તાન) | ચોર્યાસી | સબ સ્ટેશનના બાંધકામનું કાર્ય પ્રગતિમાં છે. | ૧૩-૧૪ |
| ૩ | ૬૬ કે.વી. વેસુ-૨ (મગદલ્લા) | ચોર્યાસી | સબ સ્ટેશનના બાંધકામનું કાર્ય પ્રગતિમાં છે. | ૧૩-૧૪ |
| ૪ | ૬૬ કે.વી. ભાઠા | ચોર્યાસી | સબસ્ટેશન માટેની જમીનની ફાળવણી કરી દેવામાં આવી છે અને સબસ્ટેશનની કામગીરી પ્રગતિમાં છે. | ૧૩-૧૪ |
| ૫ | ૬૬ કે.વી. એસવીએનઆઇટી | ચોર્યાસી | તાંત્રિક રીતે સબસ્ટેશનને અનુકૂળ જમીન શોધવાની કાર્યવાહી પ્રગતિમાં છે. | ૧૩-૧૪ |
| ૬ | ૬૬ કે.વી. મોટા વરાછા | ચોર્યાસી | તાંત્રિક રીતે સબસ્ટેશનને અનુકૂળ જમીન શોધવાની કાર્યવાહી પ્રગતિમાં છે. | ૧૩-૧૪ |
| ૭ | ૬૬ કે.વી. પરવત | ચોર્યાસી | તાંત્રિક રીતે સબસ્ટેશનને અનુકૂળ જમીન શોધવાની કાર્યવાહી પ્રગતિમાં છે. | ૧૩-૧૪ |
| ૮ | ૬૬ કે. વી. ગોવાલક | ચોર્યાસી | તાંત્રિક રીતે સબસ્ટેશનને અનુકૂળ જમીન શોધવાની કાર્યવાહી પ્રગતિમાં છે. | ૧૩-૧૪ |

---------

**પોરબંદર જિલ્લામાં સાગરખેડુ સર્વાંગી વિકાસ યોજના હેઠળ જર્જરિત વાયરો બદલવા બાબત**

૪૪૬૬ **શ્રી અરવિંદભાઇ કે. લાડાણી(કેશોદ) : માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યના દરિયાકાંઠાના વિસ્તારોમાં ગુણવત્તાયુક્ત વીજ પુરવઠો મળી રહે તે માટેની સાગરખેડુ સર્વાંગી વિકાસ યોજના અંતર્ગત વર્ષ ૨૦૧૨-૧૩ દરમ્યાન તા. ૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ પોરબંદર જિલ્લામાં કુલ કેટલા કી.મી. જર્જરિત વીજ વાયરો અને કેટલા થાંભલા બદલવામાં આવ્યા, અને

(૨) તે પાછળ કુલ કેટલો ખર્ચ થયો ?

**જવાબ**

(૧) અને (૨) રાજ્યના દરિયાકાંઠાના વિસ્તારોમાં ગુણવત્તાયુક્ત વીજ પુરવઠો મળી રહે તે માટે સાગરખેડુ સર્વાંગી વિકાસ યોજના અંતર્ગત પોરબંદર જિલ્લામાં વર્ષ ૨૦૧૨-૧૩ દરમિયાન તા. ૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ કુલ રૂપિયા ૪૨૨ લાખના ખર્ચે ૬૭૧ કિ.મી. જર્જરિત વીજ વાયરો અને ૨૭૭ થાંભલા બદલવામાં આવ્યા છે.

---------

**બાજપાઈ સ્વરોજગાર યોજના હેઠળ અરજીઓ**

૪૫૯૭ **શ્રી જસાભાઇ ભા. બારડ(સોમનાથ) : માનનીય કુટિર ઉદ્યોગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જુનાગઢ જિલ્લામાં તાલુકાવાર વર્ષ ૨૦૧૧ અને ૨૦૧૨માં બાજપાઈ સ્વરોજગાર યોજના હેઠળ કેટલા શિક્ષિત બેરોજગારોની અરજીઓ આવી ?

**જવાબ**

(૧) જુનાગઢ જિલ્લામાં તાલુકાવાર વર્ષ-૨૦૧૧ અને ૨૦૧૨માં વાજપાઈ સ્વરોજગાર યોજના હેઠળ નીચે મુજબ અરજીઓ મળેલ છે.

| અ.નં. | તાલુકાનું નામ | વાજપાઈ બેંકેબલ યોજના | |
|---|---|---|---|
| | | **૨૦૧૧** | **૨૦૧૨** |
| ૧ | સુત્રાપાડા | ૩૮ | ૫૫ |
| ૨ | જુનાગઢ | ૪૭૭ | ૭૭૪ |
| ૩ | કેશોદ | ૨૩૩ | ૩૪૦ |
| ૪ | મેંદરડા | ૧૨૫ | ૧૦૦ |
| ૫ | વેરાવળ | ૨૦૦ | ૧૫૧ |
| ૬ | માળીયા | ૨૧૮ | ૧૭૦ |

| | | | |
|---|---|---|---|
| ૭ | માંગરોળ | ૨૫૫ | ૨૩૦ |
| ૮ | માણાવદર | ૨૦૬ | ૧૭૧ |
| ૯ | વિસાવદર | ૩૦૨ | ૧૪૦ |
| ૧૦ | તાલાલા | ૨૧૮ | ૧૨૫ |
| ૧૧ | ઉના | ૨૦૮ | ૧૬૩ |
| ૧૨ | કોડીનાર | ૩૩૮ | ૧૩૮ |
| ૧૩ | વંથલી | ૧૮૫ | ૧૨૦ |
| ૧૪ | ભેંસાણ | ૧૬૮ | ૯૦ |
| | **કુલ** | **૩૧૭૧** | **૨૭૬૭** |

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરી કેટલી સહાય ચૂકવી, અને

**એચબી-૭૯૬-૧૧**

(૨) અગાઉની પડતર સહિત, ઉક્ત પૈકી નીચે મુજબની અરજીઓ બેંક કક્ષાએ મંજૂર કરવામાં આવી અને જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર કક્ષાએ સહાય ચુકવવામાં આવી.

| વર્ષ | બેંક કક્ષાએ મંજુર કરેલ અરજીઓ | જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર કક્ષાએ ચુકવાયેલ સહાય રૂા. લાખમાં |
|---|---|---|
| ૨૦૧૧ | ૧૩૬૫ | ૧૭૪.૦૭ |
| ૨૦૧૨ | ૧૧૭૦ | ૨૦૩.૩૩ |

(૩) કેટલી અરજીઓ નામંજૂર કરવામાં આવી, તેના કારણો શા છે ?

(૩) નીચે મુજબની અરજીઓ નામંજુર કરવામાં આવી.

| વર્ષ | જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર કક્ષાએ | બેંક કક્ષાએ |
|---|---|---|
| ૨૦૧૧ | ૧૪૧૫ | ૮૨૯ |
| ૨૦૧૨ | ૧૦૦૮ | ૧૧૯૧ |

**નામંજૂરીના સામાન્ય કારણો નીચે મુજબ છે.**

૧. અરજદારે જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર અથવા બેંકમાં જરૂરી માહિતી રજુ કરેલ ન હોવાથી.
૨. ધંધો અર્થક્ષમ ન હોવાથી
૩. યોજનાના ઢાંચા મુજબ ઉંમર ન હોવાથી
૪. ધંધાની જાણકારી ન હોવાથી
૫. અરજદાર તથા તેમના કુટુંબીજનો બેંકના બાકીદાર હોવાથી
૬. બેંકો દ્વારા અગાઉ ધિરાણ કરેલ વસુલાત ઓછી થવાથી.

---------

**સુરેન્દ્રનગર જિલ્લામાં વિકસતી જાતિના વિદ્યાર્થીઓને પ્રિમેટ્રીક શિષ્યવૃત્તિ અરજીઓ**

૪૫૨૩ **શ્રી શામજીભાઇ ભી. ચૌહાણ(ચોટીલા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરેન્દ્રનગર જિલ્લામાં વર્ષ ૨૦૧૨-૧૩માં તા. ૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ વિકસતી જાતિના કેટલા વિદ્યાર્થીઓની પ્રિમેટ્રિક શિષ્યવૃત્તિ મેળવવા અરજીઓ આવી, અને | (૧) ૨,૧૬,૯૦૪. |
| (૨) તે પૈકી કેટલા બાળકોને કેટલી રકમની શિષ્યવૃત્તિ ચૂકવી ? | (૨) ૨,૧૬,૯૦૪ બાળકોને રૂા. ૬૭૬.૮૧ લાખની શિષ્યવૃત્તિ ચૂકવી. |

---------

**જસદણ તાલુકામાં નવા વીજ સબ સ્ટેશન**

૪૮૯૯ **શ્રી જયરાજસિંહ ટે. જાડેજા(ગોંડલ) : માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ રાજકોટ જિલ્લાના જસદણ તાલુકામાં છેલ્લા બે વર્ષમાં કેટલા નવા વીજ સબસ્ટેશનો મંજૂર કરવામાં આવ્યા, અને

(૨) મંજૂર થયેલ આ સબ સ્ટેશનની કામગીરી તા. ૩૧–૦૧–૧૩ની સ્થિતિએ કયા તબક્કે છે ?

**જવાબ**

(૧) ગુજરાત એનર્જી ટ્રાન્સમિશન કોર્પોરેશન લી.માં સબ સ્ટેશનોનું આયોજન વીજ વિતરણ કંપનીની વીજમાંગ મુજબ કરવામાં આવે છે. તેમજ વહીવટી અને નાણાંકીય આયોજન અને વાર્ષિક કામગીરી કેલેન્ડર વર્ષને બદલે નાણાંકીય વર્ષમાં થતાં હોઈ, વર્ષ ૨૦૧૦–૧૧ અને વર્ષ ૨૦૧૧–૧૨ની સ્થિતિએ રાજકોટ જિલ્લાના જસદણ તાલુકામાં છેલ્લા બે વર્ષમાં ૫ (પાંચ) નવા સબસ્ટેશનો મંજૂર કરવામાં આવેલ છે.

(૨) રાજકોટ જિલ્લાના જસદણ તાલુકામાં મંજૂર થયેલ કુલ ૫ (પાંચ) માંથી ૩ (ત્રણ) વીજ સબસ્ટેશનો કાર્યાન્વિત કરેલ છે. જેની વિગત આ સાથે સામેલ **પત્રક–અ** મુજબ છે. અને બાકીના ૨ (બે) સબસ્ટેશનોની તા. ૩૧–૧–૨૦૧૩ની સ્થિતિએ પરિસ્થિતિ **પત્રક–બ** મુજબ છે.

**પત્રક–અ**

**રાજકોટ જિલ્લાના જસદણ તાલુકામાં કાર્યાન્વિત થયેલ નવીન વીજ સબસ્ટેશનોની વિગતો દર્શાવતું પત્રક**

| અ. નં. | સબ–સ્ટેશનનું નામ | તાલુકાનું નામ | કાર્યરત કર્યાની તારીખ | વર્ષ |
|---|---|---|---|---|
| ૧ | ૬૬ કે. વી. અંબારડી | જસદણ | ૦૬–૦૧–૨૦૧૧ના રોજ કાર્યાન્વિત કરેલ છે. | ૧૦–૧૧ |
| ૨ | ૬૬ કે. વી. ભદલા | જસદણ | ૨૯–૦૧–૨૦૧૧ના રોજ કાર્યાન્વિત કરેલ છે. | ૧૦–૧૧ |
| ૩ | ૬૬ કે. વી. જીવાપર | જસદણ | ૨૯–૦૧–૨૦૧૧ના રોજ કાર્યાન્વિત કરેલ છે. | ૧૦–૧૧ |

**પત્રક–બ**

**રાજકોટ જિલ્લાના જસદણ તાલુકામાં મંજૂર થયેલ સબસ્ટેશનો પૈકી કાર્યાન્વિત થવાના બાકી સબ સ્ટેશનોની ભૌતિક પરિસ્થિતિ દર્શાવતું પત્રક**

| અ. નં. | સબ–સ્ટેશનનું નામ | તાલુકાનું નામ | ભૌતિક પરિસ્થિતિ | આયોજન વર્ષ |
|---|---|---|---|---|
| ૧ | ૬૬ કે. વી. શિવરાજપુર | જસદણ | સબસ્ટેશનના બાંધકામનું કાર્ય પ્રગતિમાં છે. | ૧૨–૧૩ |
| ૨ | ૨૨૦ કે. વી. પંચવાડા | જસદણ | તાંત્રિક રીતે સબસ્ટેશનને અનુકૂળ જમીન શોધવાની કાર્યવાહી પ્રગતિમાં છે. | ૧૪–૧૫ |

---------

**રાજ્યમાં સ્થાપિત વીજ પ્રોજેક્ટોની ક્ષમતા**

૪૯૩૩ **શ્રીમતી તેજશ્રીબેન દિ. પટેલ(વિરમગામ) : માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ રાજ્યમાં સ્થાપિત વીજ પ્રોજેક્ટોની વીજ ઉત્પાદન ક્ષમતા છેલ્લા બે વર્ષવાર કેટલા મેગાવોટ છે,

(૨) તે પૈકી રાજ્ય સરકાર હસ્તકના પ્રોજેક્ટોની વીજ ઉત્પાદન ક્ષમતા કેટલી છે, અને

**જવાબ**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં કુલ સ્થાપિત વીજ ક્ષમતા કેલેન્ડર વર્ષ–૨૦૧૧ના અંતે ૧૬૧૭૫ મે.વો. હતી અને કેલેન્ડર વર્ષ–૨૦૧૨ના અંતે ૨૦૬૮૧ મે.વો. હતી.

(૨) તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકાર હસ્તકના પ્રોજેક્ટોની વીજ ઉત્પાદન ક્ષમતા કેલેન્ડર વર્ષ–૨૦૧૧ના અંતે કુલ ૬૪૮૨ મે.વો. હતી અને કેલેન્ડર વર્ષ–૨૦૧૨ના અંતે કુલ ૬૮૮૪ મે.વો.

(૩) રાજ્ય સરકાર હસ્તકના વીજ પ્રોજેક્ટોમાં છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટ કેટલો વીજ ઉત્પાદન વધારો થયેલ છે ?

હતી.

(૩) વર્ષ ૨૦૧૧માં રાજ્ય સરકાર હસ્તકના વીજ પ્રોજેક્ટોના વીજ ઉત્પાદનમાં વર્ષ ૨૦૧૦ની સરખામણીએ ૫૧૬ મી.યુ.નો વધારો થયેલ છે. જ્યારે વર્ષ ૨૦૧૨માં આગલા કેલેન્ડર વર્ષ ૨૦૧૧ની સરખામણીએ ૨૫૩૯ મી.યુ. નો ઘટાડો નોંધાયેલ છે. જે વીજ મથકોને ડોમેસ્ટીક ગેસની ઓછી ઉપલબ્ધતાને કારણે છે.

---------

**પંચમહાલ જિલ્લામાં સંકટમોચનની અરજીઓ**

૪૫૧૭ **શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર(હાલોલ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પંચમહાલ જિલ્લામાં સંકટમોચન યોજના અંતર્ગત તા.૩૧–૧૨–૨૦૧૨ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી અરજીઓ મળેલ છે, અને | (૧) ૬૪૯. |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવેલ છે ? | (૨) ૨૬૦. |

---------

**જૂનાગઢ જિલ્લામાં અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને ગણવેશ સહાય**

૪૫૫૪ **શ્રી જેઠાભાઇ દા. સોલંકી(કોડીનાર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જૂનાગઢ જિલ્લામાં ગણવેશ સહાયની યોજનામાં વર્ષ ૨૦૧૧–૧૨ અને ૨૦૧૨–૧૩માં તા. ૩૧–૧૨–૨૦૧૨ સુધીમાં અનુસૂચિત જાતિના કેટલા વિદ્યાર્થીઓને સહાય આપવામાં આવી, અને | (૧) ૨૩,૧૨૫. |
| (૨) તે પેટે કેટલી રકમ ચૂકવવામાં આવી ? | (૨) રૂા. ૫૭,૪૨,૩૦૦/– |

---------

**સરકારે ખરીદેલ જહાજ**

૫૩૯૫ **શ્રી મોહનસિંહ છો. રાઠવા(છોટાઉદેપુર) : માનનીય નાગરિક ઉડ્ડયન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ રાજ્ય સરકારે છેલ્લા બે વર્ષમાં કેટલા હવાઈ જહાજ ખરીદવામાં આવ્યા, | (૧) તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ રાજ્ય સરકાર દ્વારા છેલ્લા બે વર્ષમાં હવાઈ જહાજ ખરીદવામાં આવ્યા નથી. |
| (૨) આ ખરીદી કઈ કંપની પાસેથી કેટલા રૂપિયામાં ખરીદી, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) લીઝ ઉપર કેટલા લીધા અને તેની પાછળ કેટલો ખર્ચ થયો ? | (૩) લીઝ ઉપર હવાઈ જહાજ લીધા નથી તેથી ખર્ચનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**આણંદ જિલ્લામાં લઘુત્તમ વેતન ધારા અને બાળ મજૂર ધારા ભંગના કેસો**

૫૪૯૮ **શ્રી અમીત ચાવડા(આંકલાવ) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) આણંદ જિલ્લામાં તાલુકાવાર તા. ૩૧–૧–૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં લઘુત્તમ વેતન ધારા ભંગની અને બાળ મજૂર ધારા ભંગના કિસ્સા કેટલા ધ્યાનમાં આવેલ છે, અને | (૧) આણંદ જિલ્લામાં તાલુકાવાર તા. ૩૧–૧–૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં લઘુત્તમ વેતન ધારા ભંગના અને બાળ મજુર ધારા ભંગના ધ્યાને આવેલ કિસ્સાની વિગતો નીચે મુજબ છે. |

| અ.નં. | તાલુકો | લઘુત્તમ વેતન ધારા ભંગના ધ્યાને આવેલ કિસ્સા | બાળ મજુર ધારા ભંગના ધ્યાને આવેલ કિસ્સા |
|---|---|---|---|
| ૧ | આણંદ | ૨૯ | ૦૮ |
| ૨ | ઉમરેઠ | – | – |
| ૩ | બોરસદ | ૦૫ | – |
| ૪ | આંકલાવ | – | ૦૧ |
| ૫ | પેટલાદ | ૦૧ | – |
| ૬ | સોજીત્રા | – | – |
| ૭ | ખંભાત | – | – |
| ૮ | તારાપુર | – | – |
| | કુલ | ૩૫ | ૦૯ |

(૨) તે સંદર્ભે શાં પગલાં ભરવામાં આવેલ છે ?

(૨) ૩૫ કિસ્સાઓ (સંસ્થાઓ)માં લઘુત્તમ વેતન ધારાનો ભંગ ધ્યાનમાં આવેલ, જે પૈકી ૨૨ કિસ્સાઓ (સંસ્થાઓ) સામે લઘુત્તમ વેતન ધારાના ભંગ અંગે સંબંધિત તાલુકાની નામદાર જ્યુડીશીયલ ફર્સ્ટ ક્લાસ મેજીસ્ટ્રેટશ્રીની કોર્ટમાં ૭૫ ફોજદારી કેસો દાખલ કરવામાં આવેલ છે. જ્યારે ૧૩ કિસ્સાઓ (સંસ્થાઓ) સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી રહેલ છે.

બાળમજુર (નિયમન અને નાબુદી) ધારા, ૧૯૮૬ના ભંગ અંગે ૯ કસુરવાર માલિકો સામે ૯ ફોજદારી કેસો દાખલ કરવામાં આવેલ છે.

---------

**સિક્કા વીજ મથકના કોલસાનું રેલ ભાડું**

૪૪૭૮ **શ્રી મેઘજીભાઇ અ. ચાવડા(કાલાવડ) : માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) રાજ્ય સરકાર હસ્તકના કોલસા આધારિત સિક્કા વીજ મથક માટે વર્ષ–૨૦૧૧–૧૨ અને વર્ષ–૨૦૧૨–૧૩માં તા. ૩૧/૧/૨૦૧૩ની સ્થિતિએ જે કોલસો મેળવવામાં આવ્યો તે પાછળ રેલ્વે ભાડા પેટે મેટ્રીક ટન દીઠ કેટલો ખર્ચ થયો, અને

(૨) આ ખર્ચ ઓછો આવે તે માટે રાજ્ય સરકાર દ્વારા કોઈ કાર્યવાહી કરવામાં આવી છે કે કેમ?

**જવાબ**

(૧) રાજ્ય સરકાર હસ્તકના કોલસા આધારિત વીજ ઉત્પાદન કરતા સિક્કા વીજ મથક માટે વર્ષ ૨૦૧૧–૧૨માં રૂા. ૧૭૯૫ પ્રતિ મેટ્રીક ટન અને વર્ષ ૨૦૧૨–૧૩માં તા. ૩૧/૧/૧૩ની સ્થિતિએ રૂા. ૨૩૪૮નો ખર્ચ પ્રતિ મેટ્રીક ટન કોલસો મેળવવા માટે રેલ્વે ભાડા પેટે થયો.

(૨) હા જી, કોલસા માટેનો રેલ્વે પરિવહન ખર્ચ ઓછો આવે તે સારું રેલ્વે પરિવહન દરોમાં ઘટાડો કરવા, ગુણવત્તાયુક્ત કોલસો ફાળવવા તેમજ રાજ્યને નજીકની કોલીયરીમાંથી કોલસો ફાળવવાના પ્રશ્નો અંગે રાજ્ય સરકાર દ્વારા માન. મુખ્યમંત્રીશ્રી કક્ષાએથી માન. વડાપ્રધાનશ્રીને માન. રાજ્યકક્ષાના મંત્રીશ્રી (ઉર્જા)ની કક્ષાએથી સહિત વિવિધ કક્ષાએથી કેન્દ્ર સરકારના સંબંધિત અધિકારીશ્રીઓ/ મંત્રીશ્રીઓને વર્ષ ૨૦૧૨માં કૂલ ૨૩ પત્રો પાઠવવામાં આવ્યાં.

---------

**ભાવનગર જિલ્લામાં વિકસતી જાતિની મફત તબીબી સહાયની અરજીઓ**

૪૭૬૩ **શ્રીમતી ભારતીબેન ધી. શ્યાળ(તળાજા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૧૨ની સ્થિતિએ ૨૦૧૨–૧૩માં ભાવનગર જિલ્લામાં મફત તબીબી સહાય યોજના હેઠળ વિકસતી જાતિના ઈસમોને લાભ આપવા માટે કેટલી અરજી મળી,

**જવાબ**

(૧) ૪૧૭.

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને — (૨) ૪૧૭.

(૩) તે પૈકી કેટલી સહાય ચૂકવવામાં આવી ? — (૩) રૂા. ૨૨.૨૫ લાખ.

---------

**સુરત જિલ્લામાં અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓની ગણવેશ સહાયની અરજીઓ**

૪૫૫૨ **શ્રી મોહનભાઇ ધ. ઢોડીયા(મહુવા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરત જિલ્લામાં ગણવેશ સહાયની યોજનામાં વર્ષ ૨૦૧૧–૧૨ અને ૨૦૧૨–૧૩માં તા. ૩૧–૧૨–૨૦૧૨ સુધીમાં અનુસૂચિત જાતિના કેટલા વિદ્યાર્થીઓને સહાય આપવામાં આવેલ છે, અને | (૧) ૧૦,૮૨૬. |
| એચબી–૭૯૬–૧૨ ઃ કેટલી રકમ ચૂકવવામાં આવી? | (૨) રૂા. ૨૬,૮૯,૬૦૦/–. |

---------

**રાજ્ય સરકાર દ્વારા વીજળીનું ઉત્પાદન અને વપરાશ**

૪૮૭૭ **શ્રી પરેશ ધાનાણી(અમરેલી) : માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકાર દ્વારા કેટલી વીજળીનું ઉત્પાદન વર્ષવાર કરવામાં આવ્યું, અને | (૧) તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકાર દ્વારા કેલેન્ડર વર્ષ ૨૦૧૧માં કુલ ૬૫૯૦૦ મીલીયન યુનિટસ અને કેલેન્ડર વર્ષ ૨૦૧૨માં ૭૦૮૨૪ મીલીયન યુનિટસ વીજ ઉત્પાદન મેળવવામાં આવેલ છે. |
| (૨) તે અન્વયે ઘરવપરાશ, ખેતી વિષયક અને ઉદ્યોગોમાં વર્ષવાર કેટલી વીજળીનો વપરાશ થયો? | (૨) તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન ઘર વપરાશ, ખેતી વિષયક અને ઔધોગિક કેટેગરી દ્વારા થયેલ વીજળીના વપરાશની વર્ષવાર વિગત મીલીયન યુનિટ (મી.યુ.)માં નીચે મુજબ આપેલ છે. |

| કેટેગરી | ૨૦૧૧ | ૨૦૧૨ |
|---|---|---|
| ઘરેલું, વાણિજ્યિક અને અન્ય કૃષિ વિષયક સિવાય (કોમન ફીડર્સ હોવાથી) | ૨૦,૬૩૧ | ૨૧,૭૫૦ |
| કૃષિ વિષયક (પૂર્ણતઃ) | ૧૮,૧૯૯ | ૨૦,૬૪૫ |
| ઔધોગિક (પૂર્ણતઃ) | ૨૦,૪૦૪ | ૨૩,૨૮૮ |

---------

**કડાણા જળ વિદ્યુત મથકમાં ઉત્પન્ન થયેલ વીજળી**

૪૬૨૮ **શ્રીમતી ચંદ્રીકાબેન છ. બારીયા(ગરબાડા) : માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પંચમહાલ જિલ્લાના કડાણા ડેમ ઉપર જળવિદ્યુત ઉત્પન્ન કરવામાં આવે છે તે અન્વયે છેલ્લા બે વર્ષમાં વર્ષવાર તા. ૩૧–૧૨–૧૨ની સ્થિતિએ કેટલી વીજળી ઉત્પન્ન કરવામાં આવી, | (૧) પંચમહાલ જિલ્લાના કડાણા ડેમ ઉપર છેલ્લા બે વર્ષમાં વર્ષવાર તા. ૩૧–૧૨–૧૨ની સ્થિતિએ ઉત્પન્ન થયેલ વીજળીની વિગતો નીચે મુજબ છે. |

| વર્ષ | વીજ ઉત્પાદન (મીલીયન યુનીટ્સમાં) |
|---|---|
| ૨૦૧૧ | ૨૬૭.૫૭૨ |
| ૨૦૧૨ | ૨૭૯.૫૮૧ |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૨) જળ વિદ્યુત મથકમાં કેટલા મહીના સુધી વિજ | (૨) કડાણા ખાતેના જળ આધારીત વીજ મથક ખાતે |

ઉત્પન્ન થાય છે, અને

રાજ્યના જળ સંપત્તિ વિભાગ દ્વારા વર્ષ દરમિયાન સિંચાઈની જરૂરીયાત મુજબ અને ચોમાસા દરમ્યાન ડેમ ઓવરફ્લો થાય ત્યારે પાણી છોડવામાં આવે ત્યારે વીજ ઉત્પાદન લેવામાં આવે છે. આમ, સામાન્ય રીતે સમગ્ર વર્ષ દરમ્યાન વીજ ઉત્પાદન લેવામાં આવે છે.

(૩) તેનાથી સરકારને કેટલી આવક થઈ?

(૩) આ રીતે મેળવવામાં આવતા વીજ ઉત્પાદનથી સરકારને કોઈ આવક થતી નથી. કડાણા જળ આધારીત વીજ મથક ખાતે વર્ષ ૨૦૧૧ અને ૨૦૧૨ દરમ્યાન તા. ૩૧-૧૨-૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મેળવાયેલ વીજ ઉત્પાદન પેટે વીજ જનરેટીંગ કંપની જીએસઇસીએલને વીજ ઉત્પાદન ખર્ચ સહિતની મળેલ રકમોની વિગતો નીચે મુજબ છે.

| **વર્ષ** | **મળેલ રકમ (રૂા. લાખમાં)** |
|---|---|
| ૨૦૧૧ | ૬૨૦૭.૬૮ |
| ૨૦૧૨ | ૪૬૫૯.૨૮ |

---------

## સાબરકાંઠા જિલ્લામાં આદિજાતિ વિસ્તાર પેટા પરાઓનું વીજળીકરણ

૪૮૯૩ **શ્રી રણછોડભાઇ મ. દેસાઇ(પાટણ) : માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વર્ષ-૨૦૧૨-૧૩માં સાબરકાંઠા જિલ્લામાં તા. ૩૧-૧૨-૧૨ની સ્થિતિએ આદિજાતિ વિસ્તાર પેટા યોજના હેઠળ તાલુકાવાર કેટલા પેટા પરાઓનું વિજળીકરણ કરવામાં આવ્યું, અને

(૨) તે પાછળ કેટલો ખર્ચ થયો?

**જવાબ**

(૧) અને (૨) આદિજાતિ વિકાસ કમિશ્નરશ્રીની બુકલેટ મુજબના સાબરકાંઠા જિલ્લાના હયાત તમામ ૩૧૦ પેટા પરાઓનું વીજળીકરણ વર્ષ ૨૦૧૨-૧૩ અગાઉ થઈ ગયેલ છે.

---------

## ગ્રીન હાઉસ પ્રોજેકટમાં વીજળી આપવાની નીતિ

૫૫૧૧ **શ્રી અમિતભાઇ હ. ચૌધરી (માણસા) : માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૧૩ની સ્થિતિએ ગ્રીન હાઉસ પ્રોજેકટમાં વીજળી આપવાની નીતિ શી છે, અને

**જવાબ**

(૧) ગ્રીન હાઉસ હેતુ માટે વીજ જોડાણ આપવાના જરૂરી ધારા ધોરણો નીચે મુજબ છે.

(૧) રાજ્યના તમામ તાલુકાઓમાં સદર યોજના અમલી છે.

(૨) અરજદારે વીજ જોડાણ મેળવવા જિલ્લા કક્ષાના કૃષિ ખાતાના સક્ષમ અધિકારી પાસે અરજીની નોંધણી કરાવ્યાનો દાખલો રજુ કરવાનો રહેશે.

(૩) ગ્રીન હાઉસ વીજ જોડાણ મેળવવા ઈચ્છતા અરજદારોએ એ જગ્યામાં હયાત ખેતી વિષયક વીજ જોડાણ જતું કરવું પડશે.

(૪) ગ્રીન હાઉસ વીજ જોડાણને નજીકના જ્યોતિગ્રામ ફીડર અથવા ઔદ્યોગિક ફીડર ઉપરથી કે જરૂર જણાયે અલાયદા ફીડર ઉપરથી ૨૪ કલાક વીજ પુરવઠો ઉપલબ્ધ કરવામાં આવશે.

(૫) ગ્રીન હાઉસ એગ્રો ઈન્ડસ્ટ્રીયલ પ્રોજેકટ હોઈ ઔદ્યોગિક ધોરણ અને દરે વીજ જોડાણ ઉપલબ્ધ કરવામાં આવશે.

(૬) ગ્રીન હાઉસ વીજ જોડાણ મેળવવા જરૂરી માળખાગત સુવિધાનો ખર્ચ અરજદારે ભોગવવાનો રહેશે.

(૭) વીજ જોડાણ અલાયદા ટ્રાન્સફોર્મર ઉપરથી ફાળવાશે (એચવીડીએસ).

(૮) ગ્રીન હાઉસ અંતર્ગત ડ્રીપ ઈરીગેશન સીસ્ટમ, ફોગર સીસ્ટમ આર.ઓ.પ્લાન્ટ, કોલ્ડ સ્ટોરેજ-સમ્પ વગેરે માટે સીંગલ પોઈન્ટ વીજ જોડાણ આપવામાં આવશે.

(૨) ખેતીવાડીના જ હેતુ માટે વપરાતા આવા ગ્રીન હાઉસમાં ઔદ્યોગિક દરે વિજ બીલ અપાય છે તે નિવારવા સરકારે શાં પગલાં લીધા?

(૨) ખેતીવાડી હેતુ માટે માત્ર ૮ થી ૧૦ કલાક વિજ પુરવઠો ઉપલબ્ધ કરવાનો રહે છે જ્યારે ગ્રીન હાઉસ પ્રોજેક્ટ અંતર્ગત ૨૪ કલાક વીજ પુરવઠો પુરો પાડવાના હેતુસર એગ્રો ઈન્ડસ્ટ્રીઝ તરીકે ઔદ્યોગિક દરે વિજ બીલ આપવામાં આવે છે.

---------

## પાલનપુર તાલુકામાં ખેતી વિષયક વીજ જોડાણ ધરાવતા વાડીમાં રહેતા ગ્રાહકોની માગણી

૫૧૯૯ **શ્રી મહેશકુમાર અ. પટેલ(પાલનપુર) : માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) પાલનપુર તાલુકાના ૬૬ કે.વી. હેઠળના ફીડરના ગઢ અને સામઢી ગામોના ખેતી વિષયક વીજ જોડાણ ધરાવતા વાડી વિસ્તારમાં રહેતા ૧૦ થી વધુ ગ્રાહકોએ ૨૪ કલાક સિંગલ ફેઝ વીજ પ્રવાહ મેળવવાની માગણી ડીસેમ્બર-૨૦૧૨ની સ્થિતિએ કરેલ છે તે હકીકત સાચી,

(૨) જો હા, તો તેમને ૨૪ કલાક વીજ પુરવઠો આપવા ડીસે-૧૨ની સ્થિતિએ શું આયોજન કરેલ છે, અને

(૩)આ વીજ પુરવઠો ક્યાં સુધી પૂરો પાડવામાં આવનાર છે?

**જવાબ**

(૧), (૨) અને (૩) ડીસેમ્બર-૨૦૧૨ની સ્થિતિએ આવી કોઈ અરજી મળેલ નથી. પરંતુ ગઢ અને સમઢી ગામોના ખેતી વિષયક વીજ જોડાણ ધરાવતા અને ખેતરોમાં જ વસવાટ કરતા ૧૪૩ કુટુંબોને જે તે ખેતી વિષયક ફીડર પર લગાડવામાં આવેલ ખાસ બનાવટના ટ્રાન્સફોર્મર (સ્પેશ્યલ ડીઝાઈન ટ્રાન્સફોર્મર) દ્વારા ૨૪ કલાક સીંગલ ફેઈઝ વીજ પુરવઠો પૂરો પાડવામાં આવે છે.

---------

## સુરત જિલ્લામાં અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓની ગણવેશ સહાયની અરજીઓ

૪૫૫૧ **શ્રી નરોત્તમભાઈ પટેલ(ઉધના) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરત જિલ્લામાં ગણવેશ સહાયની યોજનામાં વર્ષ ૨૦૧૧-૧૨ અને ૨૦૧૨-૧૩માં તા. ૩૧-૧૨-૨૦૧૨ સુધીમાં અનુસૂચિત જાતિના કેટલા વિદ્યાર્થીઓને સહાય આપવામાં આવેલ છે, અને | (૧) ૧૦,૮૨૬. |
| (૨) તે પેટે કુલ કેટલી રકમ ચૂકવવામાં આવી? | (૨) રૂા. ૨૬,૮૯,૬૦૦/-. |

---------

## ભાવનગર જિલ્લામાં સાગરખેડૂ સર્વાંગી વિકાસ યોજના હેઠળ વીજ વિષયક સેવા

૪૫૦૨ **શ્રીમતી વિભાવરીબેન વિ. દવે(ભાવનગર-પૂર્વ) : માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| દરિયાકાંઠાના વિસ્તારોમાં વીજ વિષયક સેવાઓ સુદ્રઢ બનાવવાના હેતુસર અમલમાં સાગરખેડૂ સર્વાંગી વિકાસ યોજના હેઠળ નાણાકીય વર્ષ ૨૦૧૧-૧૨ તથા ૨૦૧૨-૧૩માં ભાવનગર જિલ્લામાં કેટલી નાણાકીય જોગવાઈ કરવામાં આવી ? | દરિયાકાંઠાના વિસ્તારોમાં વીજ વિષયક સેવાઓ સુદ્રઢ બનાવવાના હેતુસર સાગરખેડૂ સર્વાંગી વિકાસ યોજના અંતર્ગત ભાવનગર જિલ્લામાં નાણાકીય વર્ષ ૨૦૧૧-૧૨માં રૂપિયા ૧૪૫૮ લાખ અને ૨૦૧૨-૧૩માં રૂપિયા ૨૪૦૬ લાખની જોગવાઈ કરવામાં આવેલ છે. |

---------

**પંચમહાલ જિલ્લામાં સંકટમોચનની અરજીઓ**

૪૫૬૬ **શ્રી જેઠાભાઇ ઘે. આહીર(ભરવાડ) (શહેરા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પંચમહાલ જિલ્લામાં સંકટમોચન યોજના અંતર્ગત તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી અરજીઓ મળેલ છે, અને | (૧) ૬૪૯. |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવેલ છે? | (૨) ૨૬૦. |

---------

**પોરબંદર જિલ્લામાં નિરાધાર વૃધ્ધ સહાયની અરજીઓ**

૪૫૬૫ **શ્રી રાજેશભાઇ ના. ચુડાસમા(માંગરોળ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પોરબંદર જિલ્લામાં નિરાધાર વૃધ્ધ સહાય યોજના અન્વયે તા.૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી અરજીઓ મળેલ છે, | (૧) ૧૪૯. |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવેલ છે, અને | (૨) ૭૦. |
| (૩) કેટલી સહાય ચૂકવવામાં આવી ? | (૩) રૂા. ૮૧,૦૦૦/–. |

---------

**વણાકબોરી વીજ મથક માટે કોલસાના રેલ ભાડા વધારો**

૪૭૬૨ **શ્રી અરવિંદસિંહ દા. રાઠોડ(કાલોલ) : માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્ય સરકાર હસ્તકના કોલસા આધારિત વીજ ઉત્પાદન કરતા વણાકબોરી વીજ મથક માટે વર્ષ ૨૦૧૧–૧૨ અને વર્ષ ૨૦૧૨–૧૩માં તા.૩૧–૧૨–૧૨ની સ્થિતિએ જે કોલસો મેળવવામાં આવ્યો તે માટે રેલવે ભાડા પેટે મેટ્રીક ટન દીઠ કેટલો ખર્ચ થયો, અને | (૧) રાજ્ય સરકાર હસ્તકના કોલસા આધારિત વીજ ઉત્પાદન કરતા વણાકબોરી વીજ મથક માટે વર્ષ ૨૦૧૧–૧૨ માં ૧૪૧૧ પ્રતિ મેટ્રિક ટન અને વર્ષ ૨૦૧૨–૧૩ માં તા.૩૧–૧૨–૧૨ ની સ્થિતિએ રૂા.૧૭૫૮ નો ખર્ચ પ્રતિ મેટ્રિક ટન કોલસો મેળવવા માટે રેલવે ભાડા પેટે થયો. |
| (૨) આ ખર્ચ ઓછો આવે તે માટે રાજ્ય સરકાર દ્વારા કોઇ કાર્યવાહી કરવામાં આવી છે કે કેમ ? | (૨) હા જી, કોલસા માટેનો રેલવે પરિવહન ખર્ચ ઓછો આવે તે સારુ, રેલવે પરિવહન દરોમાં ઘટાડો કરવા, ગુણવત્તાયુક્ત કોલસો ફાળવવા તેમજ રાજયને નજીકની કોલીયરીમાંથી કોલસો ફાળવવાના પ્રશ્નો અંગે રાજ્ય સરકાર દ્વારા માન. મુખ્યમંત્રીશ્રી કક્ષાએથી માન. વડાપ્રધાનશ્રીને, માન. રાજ્યકક્ષાના મંત્રીશ્રી (ઊર્જા)ની કક્ષાએથી સહિત વિવિધ કક્ષાએથી કેન્દ્ર સરકારના સંબંધિત અધિકારીશ્રીઓને/ મંત્રીશ્રીઓને વર્ષ ૨૦૧૨ માં કુલ ૨૩ પત્રો પાઠવવામાં આવ્યા. |

---------

**ઉતરાણ વીજ મથકનું વીજ ઉત્પાદન**

૪૮૯૬ **શ્રી રણજીતભાઇ મં. ગીલીટવાલા(સુરત–પૂર્વ) : માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્ય સરકાર હસ્તકના ગેસ આધારિત વીજ ઉત્પાદન કરતા ઉતરાણ વીજ મથકમાંથી વર્ષ ૨૦૧૧ અને ૨૦૧૨માં કેટલું વીજ ઉત્પાદન મેળવાયું ? | રાજ્ય સરકાર હસ્તકના ગેસ આધારિત ઉતરાણ વીજમથકની વીજ ઉત્પાદન ક્ષમતા ૫૦૯.૫૭૧ મેગાવોટની છે. પરંતુ છેલ્લા કેટલાક સમયથી સસ્તા દરે ઉપલબ્ધ થતાં, ડોમેસ્ટીક ગેસની ફાળવણીમાં કેન્દ્ર સરકાર દ્વારા ઘટાડો થતાં અને અન્ય સ્ત્રોતો મારફતના મોંઘાભાવના ગેસ દ્વારા વીજ |

મથક ચલાવવાનું પોષણક્ષમ ન હોઇ, ઉતરાણ વીજ મથક પૂર્ણ ક્ષમતાએ વીજ ઉત્પાદન માટે ઉપલબ્ધ હોવા છતાં, અપૂરતા ડોમેસ્ટીક ગેસની ફાળવણીના કારણે વીજ ઉત્પાદનમાં નોંધપાત્ર ઘટાડો થયો છે.

એક તરફ રાષ્ટ્રના અન્ય રાજ્યો તીવ્ર વીજ ખેંચ અનુભવી રહ્યાં છે. ત્યારે, તે સામે રાષ્ટ્રીય સંપત્તિ કહી શકાય તેવા વીજ મથકો ફરજિયાતપણે આંશિક બંધ રાખવા પડે છે. જેના કારણે આ વીજ મથકોની કાર્યક્ષમતા ઘટી જાય છે.

વર્ષ ૨૦૧૧ અને ૨૦૧૨ દરમ્યાન ઉતરાણ વીજ મથકના વીજ એકમોની વીજ ઉત્પાદન માટેની ઉપલબ્ધતા તેમજ ખરેખર મેળવવામાં આવેલ વીજ ઉત્પાદનની વિગતો નીચે મુજબ છે.

| **વર્ષ** | **વીજ ઉત્પાદન માટેની ઉપલબ્ધતા (મીલીયન યુનીટ્સમાં)** | **ખરેખર થયેલ વીજ ઉત્પાદન (મીલીયન યુનીટ્સમાં)** |
|---|---|---|
| ૨૦૧૧ | ૪૧૭૦.૫૨૯ | ૩૧૭૧.૪૨૫ |
| ૨૦૧૨ | ૩૯૦૨.૬૪૧ | ૧૪૨૪.૫૩૫ |

---------

**રાજકોટ જિલ્લામાં વિકેન્દ્રીત જિલ્લા આયોજન કાર્યક્રમ હેઠળ ફાળવણી**

૪૫૩૬ **શ્રી કાંતિલાલ શી. અમૃતિયા(મોરબી) : માનનીય આયોજન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) વિકેન્દ્રીત જિલ્લા આયોજન કાર્યક્રમ હેઠળ રાજકોટ જિલ્લામાં વર્ષ ૨૦૧૦–૨૦૧૧ અને ૨૦૧૧–૨૦૧૨ દરમિયાન કેટલી રકમની ફાળવણી કરવામાં આવી,

(૨) ફાળવવામાં આવેલ ગ્રાન્ટ પૈકી કેટલી રકમનો ખર્ચ થયેલ છે, અને

(૩) આ ફાળવેલ ગ્રાન્ટ સામે કેટલા કામો મંજૂર થયેલ છે અને કેટલાં કામો પૂર્ણ થયેલ છે ?

**જવાબ**

(૧) અને (૨)

વર્ષ ૨૦૧૦–૧૧ અને વર્ષ–૨૦૧૧–૧૨ દરમિયાન રાજકોટ જિલ્લામાં વિકેન્દ્રીત જિલ્લા આયોજન કાર્યક્રમ હેઠળ ફાળવેલ ગ્રાન્ટ અને થયેલ ખર્ચ અંગેની વિગતો નીચે મુજબ છે.

(રૂા. લાખમાં)

| **ક્રમ** | **વર્ષ** | **ફાળવેલ ગ્રાન્ટ** | **થયેલ ખર્ચ** |
|---|---|---|---|
| ૧ | ૨૦૧૦–૧૧ | ૨૫૦૦.૦૦ | ૧૭૫૮.૫૧ |
| ૨ | ૨૦૧૧–૧૨ | ૪૩૫૦.૦૦ | ૧૩૨૭.૫૨ |

(૩) રાજકોટ જિલ્લામાં વર્ષ ૨૦૧૦–૧૧ અને વર્ષ ૨૦૧૧–૧૨ દરમિયાન મંજૂર થયેલ કામો પૂર્ણ થયેલ કામો અંગેની વિગતો નીચે મુજબ છે.

| **ક્રમ** | **વર્ષ** | **મંજુર થયેલ કામો** | **પૂર્ણ થયેલ કામો** |
|---|---|---|---|
| ૧ | ૨૦૧૦–૧૧ | ૧૪૫૯ | ૧૨૩૭ |
| ૨ | ૨૦૧૧–૧૨ | ૧૯૦૮ | ૮૭૭ |

---------

**પાટણ જિલ્લામાં વિકસતી જાતિની આદર્શ નિવાસી શાળાઓ**

૪૫૪૨ **શ્રી દિલીપકુમાર વી. ઠાકોર(ચાણસ્મા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** | **જવાબ**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ પાટણ જિલ્લામાં વિકસતી જાતિ માટેની કેટલી આદર્શ નિવાસી શાળાઓ આવેલ છે,

(૧) ૧ (એક).

(૨) આ આદર્શ નિવાસી શાળા સરકારી મકાનમાં ચાલે છે, અને

(૨) ના.

(૩) આદર્શ નિવાસી શાળાઓ પાછળ તા. ૧૩–

(૩) રૂા. ૩૯.૫૦ લાખ.

૧૨–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલો ખર્ચ કરવામાં આવે છે ?

---------

**શ્રમ અધિકારીની જગ્યાઓમાં અનામત રેશીયો જાળવવા બાબત**

૫૩૬૨ **શ્રી નટવરસિંહ કુ. ઠાકોર(મહુધા) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૧૨ની સ્થિતિએ શ્રમ અધિકારીની કુલ કેટલી જગ્યાઓ મંજૂર થયેલ છે, અને | (૧) ૯૮. |
| (૨) આ જગ્યાઓમાં અનામતનો રેશીયો જળવાયેલ નથી, તે હકીકત સાચી છે ? | (૨) ના, જી. |

---------

**જામનગર જિલ્લામાં ડેમી–૩ સિંચાઈ યોજનામાં વીજ લાઈન ડૂબમાં જતાં હટાવવા બાબત**

૫૪૭૨ **શ્રી રાઘવજી હં. પટેલ(જામનગર ગ્રામ્ય) : માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ખેતીની જમીન સિંચાઈ યોજનાના હેતુ માટે સંપાદિત થયા બાદ યોજનામાં પાણી ભરાવાથી વીજ લાઈન તથા વીજ થાંભલા ડુબમાં જાય ત્યાં વીજ લાઈન તથા થાંભલા હટાવી વીજ પ્રવાહ બંધ કરવાની જોગવાઈ છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો જામનગર જિલ્લાના જોડીયા તાલુકામાં આવેલ ડેમી–૩ સિંચાઈ યોજનામાં ડૂબમાં ગયેલ વીજ થાંભલા તથા વીજ વાયરો તા. ૩૧મી ડીસેમ્બર–૨૦૧૨ની સ્થિતિએ કેટલા સમયથી હટાવવાના બાકી છે, અને<br>(૩) આ થાંભલા તથા વીજ વાયરો હટાવવાની જવાબદારી સામે ફરજમાં બેદરકારી દાખવવા બદલ શાં પગલાં લેવામાં આવ્યાં છે ? | (૨) અને (૩)<br>જામનગર જિલ્લાના જોડીયા તાલુકામાં આવેલ ડેમી–૩ સિંચાઈ યોજનામાં ડૂબમાં ગયેલ વીજ થાંભલા તથા વીજ વાયરો વર્ષ ૨૦૦૩ થી હટાવવાના બાકી છે. સદર બાબતે ખેડૂતોના વાંધા અને જમીન સંપાદન/તબદીલના કેસ લેન્ડ રેફરન્સ કોર્ટમાં ચાલતા હોઈ, વીજ લાઈન તથા વીજ થાંભલા હટાવવાની કામગીરી થઈ શકેલ નથી. |

---------

**અમરેલી અને રાજકોટ જિલ્લામાં વીજ તાર તુટવાથી મૃત્યુ**

૫૪૯૬ **શ્રી બાવકુભાઈ ના. ઉંઘાડ(લાઠી) : માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૦૧–૨૦૧૩ની સ્થિતિએ બે વર્ષમાં અમરેલી અને રાજકોટ જિલ્લામાં એલ.ટી. અને એચ.ટી. વીજ લાઈનોના વીજતાર તૂટવાથી કેટલા માણસો અને પશુઓના મૃત્યુ તાલુકાવાર થયા, | (૧) વીજ પ્રવહન અને વિજ વિતરણ જાહેર જનતાને સ્પર્શતી એવી બાબત છે કે, વીજ તંત્રના કાબુ બહારના સંજોગોને કારણે વીજ અકસ્માતો થતા હોય છે. અત્રે એ ઉલ્લેખનીય છે કે, ખુલ્લા વીજ વાયરોના કારણે અકસ્માત થતા નથી. પરંતુ કુદરતી આફતો/આકસ્મિક સંજોગોના કારણે ખુલ્લા વીજ વાયરને થયેલ નુકશાનના પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સંપર્કમાં આવવાથી નાગરિકો અને પ્રાણીઓના મૃત્યુ થતા હોય છે. આ ઉપરાંત, કેટલીકવાર વીજ ગ્રાહકોના આંતરિક વાયરો, ઈલેક્ટ્રીક ઉપકરણોના કારણે પણ અકસ્માતો થતા હોય છે. તા. ૩૧–૦૧–૨૦૧૩ની સ્થિતિએ બે વર્ષમાં અમરેલી અને રાજકોટ જિલ્લામાં એલ.ટી. અને એચ.ટી. વીજ લાઈનોના વિજ તાર તૂટવાથી થયેલ નાગરિકો અને પશુઓના મૃત્યુની તાલુકાવાર માહિતી * **પત્રક–અ** મુજબ છે. |
| (૨) તેમને કોઈ સહાય ચૂકવવામાં આવી છે કે કેમ,<br>(૩) જો હા, તો બંન્ને જિલ્લામાં તાલુકાવાર કેટલા | (૨) અને (૩)<br>હા, જી. પ્રાણીઓના અકસ્માતોના કિસ્સામાં |

કેસોમાં કેટલી સહાય ચૂકવી, અને

(૪) કેટલાને તાલુકાવાર સહાય ચૂકવવાની બાકી છે ?

ચૂકવાયેલ સહાયની બંન્ને જિલ્લાઓમાં તાલુકાવાર વિગતો * **પત્રક–બ** મુજબ છે.

(૪) નાગરિકોના અકસ્માતોના કિસ્સામાં બાકી સહાય અંગેની તાલુકાવાર વિગતો ***પત્રક–ક** મુજબ છે. પ્રાણીઓના અકસ્માતોના કિસ્સામાં બાકી સહાય અંગેની તાલુકાવાર વિગતો ૬૬૬૬*પત્રક–ડકક મુજબ છે.

**(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)**

---------

**રાજકોટ અને કચ્છ જિલ્લામાં ખનીજ લીઝોમાં તાર ફેન્સીંગ બનાવવા બાબત**

૫૪૪૨ **શ્રી ભોળાભાઈ ગોહેલ(જસદણ) : માનનીય ખાણ ખનિજ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧–૦૧–૨૦૧૩ની સ્થિતિએ મંજૂર થયેલ ખનીજ લીઝોમાં તારથી ફેન્સીંગ કરવાના નિયમો છે તે હકીકત સાચી છે, | (૧) હા. |
| ૧૦ | વડાલી | ૦૧ |
| ૧૧ | તલોદ | ૦૧ |
| ૧૨ | માલપુર | ૦૨ |
| ૧૩ | ધનસુરા | ૧૩ |
| | **કુલ સરવાળો** | **૯૯** |

(૨) ૬૯ બેઠકોની ફાળવણી કરવામાં આવી હતી.

(૩) ૩૮ બેઠકો ભરાયેલ હતી.

(૪) (૧) આકર્ષક રોજગારીની તકો ન હોય તેવા વ્યવસાયોમાં ઉમેદવારો એપ્રેન્ટીસ તરીકે જોડાતા નથી.
(૨) અન્ય જગ્યાએ રોજગારી મળી જવાના પરીણામે એપ્રેન્ટીસ તાલીમ છોડી જતા હોવાથી.

---------

## સાબરકાંઠા જિલ્લામાં આદિજાતિ પેટા યોજના હેઠળ કૂવાઓનું વીજળીકરણ

૪૯૦૭ **શ્રી નાગરજી હ. ઠાકોર(રાધનપુર) : માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વર્ષ ૨૦૧૨-૧૩માં તા.૩૧-૧૨-૧૨ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લામાં આદિજાતિ વિસ્તાર પેટા યોજના હેઠળ તાલુકાવાર કેટલા કૂવાઓનું વીજળીકરણ કરવામાં આવ્યું, અને

(૨) તે પાછળ કેટલો ખર્ચ થયો ?

**જવાબ**

(૧) અને (૨) : સાબરકાંઠા જિલ્લામાં આદિજાતિ વિસ્તાર પેટા યોજના હેઠળ વર્ષ ૨૦૧૨-૧૩ માં તા.૩૧-૧૨-૨૦૧૨ ની સ્થિતિએ કરવામાં આવેલ કૂવાઓના વીજળીકરણની અને થયેલ ખર્ચની તાલુકાવાર માહિતી નીચે મુજબ છે.

| તાલુકો | કૂવાની સંખ્યા | થયેલ ખર્ચ (રૂ.લાખમાં) |
|---|---|---|
| ખેડબ્રહ્મા | ૧૧૫૬ | ૧૪૧૨.૨૫ |
| ભીલોડા | ૫૫૩ | ૭૯૭.૧૦ |
| વિજયનગર | ૪૩૨ | ૫૧૫.૧૪ |

આ ઉપરાંત મેઘરજ તાલુકો તથા ઈડર ટ્રાયબલ પોકેટ ડાર્કઝોનમાં આવતા હતા જેમાં કોઈ પડતર અરજી ન હોઈ વીજળીકરણ થયેલ નથી.

---------

## અમરેલી જિલ્લામાં આંબરડી સફારી પાર્કનું આયોજન

૫૫૨૧ **શ્રી નલીનભાઇ ના. કોટડીયા(ધારી) : માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૨૦૧૩ની સ્થિતિએ અમરેલીના ધારી તાલુકામાં બની રહેલી આંબરડી સફારી પાર્કનું કામ ક્યા તબક્કે છે,

(૨) આ કામ ક્યારે પૂર્ણ કરવાનું આયોજન છે, અને

(૩) આ સફારી પાર્ક માટે કેટલો ખર્ચ કરવાનું આયોજન છે ?

**જવાબ**

(૧) તા.૩૧-૧-૨૦૧૩ની સ્થિતિએ અમરેલીના ધારી તાલુકામાં બની રહેલી આંબરડી સફારી પાર્કમાં ૮૦૨૫ રનીંગ મીટર ચેઈનલીન્ક ફેન્સીંગની કામગીરી તથા ૧૭ બેરીકેટની કામગીરી કરવામાં આવેલ છે.

(૨) ઉપલબ્ધ ગ્રાન્ટ મુજબ તબક્કાવાર કામગીરી કરવામાં આવે છે. હાલમાં એનીમલ હાઉસની કામગીરી ચાલુ છે.

(૩) આ સફારી પાર્ક માટે કુલ અંદાજીત રૂપિયા ૧૨૦૧.૦૦ લાખનો ખર્ચ થવા સંભવ છે.

---------

## ડીસા અને દીયોદર તાલુકામાં નવા વીજ સબ સ્ટેશન

૪૯૦૩ **શ્રી કેશાજી શિ. ચૌહાણ(દિઓદર) : માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લાના ડીસા અને દીયોદર તાલુકામાં છેલ્લા બે વર્ષમાં કેટલા નવા વીજ સબસ્ટેશનો મંજૂર કરવામાં આવ્યા, અને

(૨) મંજૂર થયેલ આ સબસ્ટેશનની કામગીરી તા.૩૧-૧-૧૩ની સ્થિતિએ ક્યા તબક્કે છે ?

**જવાબ**

(૧) ગુજરાત એનર્જી.ટ્રાન્સમિશન કોર્પોરેશનમાં સબ સ્ટેશનોનું આયોજન વીજ વિતરણ કંપનીની વીજમાંગ મુજબ કરવામાં આવે છે. તેમજ વહીવટી અને નાણાંકીય આયોજન અને વાર્ષિક કામગીરી કેલેન્ડર વર્ષને બદલે નાણાંકીય વર્ષમાં થતાં હોઈ, વર્ષ ૨૦૧૦-૧૧ અને ૨૦૧૧-૧૨ ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લાના ડીસા તાલુકામાં છેલ્લા બે વર્ષમાં ૮(આઠ) અને દીયોદર તાલુકામાં છેલ્લા બે વર્ષમાં ૬(છ) નવીન વીજ સબસ્ટેશનો મળીને કુલ ૧૪(ચૌદ) સબસ્ટેશનો મંજૂર કરવામાં આવેલ છે.

(૨) બનાસકાંઠા જિલ્લાના ડીસા તાલુકામાં મંજૂર થયેલ કુલ ૮(આઠ) માંથી ૪(ચાર) અને દીયોદર તાલુકામાં કુલ ૬(છ) માંથી ૪(ચાર) એમ કુલ ૮(આઠ) નવીન વીજ સબસ્ટેશનો કાર્યાન્વિત કરેલ છે. જેની વિગત આ સાથે સામેલ **પત્રક-અ** મુજબ છે. અને બાકીના ૬(છ) સબસ્ટેશનોની તા.૩૧-૧-૨૦૧૩ની સ્થિતિએ પરિસ્થિતિ

**પત્રક–બ** મુજબ છે.

**પત્રક–અ**

બનાસકાંઠા જિલ્લાના ડીસા અને દીયોદર તાલુકામાં કાર્યાન્વિત થયેલ નવીન વીજ સબસ્ટેશનોની વિગતો દશાર્વતું પત્રક

| અ.નં. | સબસ્ટેશનનું નામ | તાલુકાનું નામ | કાર્યરત કર્યાની તારીખ | વર્ષ |
|---|---|---|---|---|
| ૧ | ૬૬ કે.વી. ચેકરા | ડીસા | ૧૭–૧–૨૦૧૧ ના રોજ કાર્યાન્વિત કરેલ છે. | ૧૦–૧૧ |
| ૨ | ૬૬ કે.વી. રામવાસ | ડીસા | ૨૮–૨–૨૦૧૧ ના રોજ કાર્યાન્વિત કરેલ છે. | ૧૦–૧૧ |
| ૩ | ૬૬ કે.વી. રસાણા | ડીસા | ૧૮–૧–૨૦૧૧ ના રોજ કાર્યાન્વિત કરેલ છે. | ૧૦–૧૧ |
| ૪ | ૬૬ કે.વી. નાંદલા | ડીસા | ૨૧–૩–૨૦૧૨ ના રોજ કાર્યાન્વિત કરેલ છે. | ૧૧–૧૨ |
| ૫ | ૬૬ કે.વી. ચમનપુરા | દીયોદર | ૬–૧–૨૦૧૧ ના રોજ કાર્યાન્વિત કરેલ છે. | ૧૦–૧૧ |
| ૬ | ૬૬ કે.વી. સોની | દીયોદર | ૭–૨–૨૦૧૧ ના રોજ કાર્યાન્વિત કરેલ છે. | ૧૦–૧૧ |
| ૭ | ૬૬ કે.વી. રંતિલા | દીયોદર | ૧૧–૩–૨૦૧૧ ના રોજ કાર્યાન્વિત કરેલ છે. | ૧૦–૧૧ |
| ૮ | ૬૬ કે.વી. કોતરવાડા | દીયોદર | ૨૯–૩–૨૦૧૧ ના રોજ કાર્યાન્વિત કરેલ છે. | ૧૦–૧૧ |

**પત્રક–બ**

બનાસકાંઠા જિલ્લાના ડીસા અને દીયોદર તાલુકામાં મંજૂર થયેલ સબસ્ટેશનો પૈકી કાર્યાન્વિત થવાના બાકી સબસ્ટેશનોની ભૌતિક પરિસ્થિતિ દશાર્વતું પત્રક

| અ.નં. | સબસ્ટેશનનું નામ | તાલુકાનું નામ | ભૌતિક પરિસ્થિતિ | આયોજન વર્ષ |
|---|---|---|---|---|
| ૧ | ૬૬ કે.વી. વખા | દીયોદર | સબસ્ટેશનના બાંધકામનું કાર્ય પ્રગતિમાં છે. | ૧૨–૧૩ |
| ૨ | ૬૬ કે.વી. ઝાલોટા | દીયોદર | તાંત્રિક રીતે સબસ્ટેશનને અનુકૂળ જમીન પસંદ કર્યા બાદ કલેકટરશ્રીને જમીન ફાળવણી માટેની દરખાસ્ત કરવામાં આવેલ છે. | ૧૩–૧૪ |
| ૩ | ૬૬ કે.વી. કાંટ | ડીસા | તાંત્રિક રીતે સબસ્ટેશનને અનુકૂળ જમીન પસંદ કર્યા બાદ કલેકટરશ્રીને જમીન ફાળવણી માટેની દરખાસ્ત કરવામાં આવેલ છે. | ૧૩–૧૪ |
| ૪ | ૬૬ કે.વી. જુના ડીસા | ડીસા | તાંત્રિક રીતે સબસ્ટેશનને અનુકૂળ જમીન પસંદ કર્યા બાદ કલેકટરશ્રીને જમીન ફાળવણી માટેની દરખાસ્ત કરવામાં આવેલ છે. | ૧૩–૧૪ |
| ૫ | ૬૬ કે.વી. સદરપુર | ડીસા | તાંત્રિક રીતે સબસ્ટેશનને અનુકૂળ જમીન પસંદ કર્યા બાદ કલેકટરશ્રીને જમીન ફાળવણી માટેની દરખાસ્ત કરવામાં આવેલ છે. | ૧૩–૧૪ |
| ૬ | ૬૬ કે.વી. નાગફના | ડીસા | તાંત્રિક રીતે સબસ્ટેશનને અનુકૂળ જમીન પસંદ કર્યા બાદ કલેકટરશ્રીને જમીન ફાળવણી માટેની દરખાસ્ત કરવામાં આવેલ છે. | ૧૩–૧૪ |

---------

## અનુમતિ મળેલા વિધેયકો વિધાનસભાના મેજ ઉપર મૂકવાં

**સચિવશ્રી ઃ** માનનીય અધ્યક્ષશ્રી, હું બારમી વિધાનસભાએ પસાર કરેલા અને જેને રાજયપાલશ્રીની અનુમતિ મળી છે તેવા સન ૨૦૧૧નું વિધેયક ક્રમાંક–૨, સન ૨૦૧૨નું વિધેયક ક્રમાંક–૧ અને વિધાનસભાના ચાલુ સત્રમાં વિધાનસભાએ પસાર કરેલા સન ૨૦૧૩નાં વિધેયક ક્રમાંક–૩ અને ૧૭ વિધાનસભાના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અનુમતિ મળેલા વિધેયક વિધાનસભાના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

## માગણીઓ પર ચર્ચા અને મતદાન (બારમો દિવસ અને છેલ્લો દિવસ)
### નાણા વિભાગ
### માગણી નં. ૧૫

શ્રી નીતિનભાઇ ર. પટેલ (નાણા મંત્રીશ્રી): માનનીય અધ્યક્ષશ્રી, હું નાણા વિભાગની સેવાને લગતી નાણા વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ. ૧૯,૭૬,૭૫,૦૦૦/–ની માગણી ક્રમાંક– ૧૫ રજૂ કરું છું.

માગણી ક્રમાંક– ૧૫ રજૂ કરવામાં આવી.

શ્રી પ્રભુભાઇ ના. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૧ રજૂ કરવામાં આવી.

શ્રી છબીલભાઇ ના. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૨ રજૂ કરવામાં આવી.

શ્રી છનાભાઇ કો. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૩ રજૂ કરવામાં આવી.

શ્રી ગ્યાસુદીન હ. શેખ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૪ રજૂ કરવામાં આવી.

શ્રી જસાભાઇ ભા. બારડ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૫ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૫ રજૂ કરવામાં આવી.

શ્રી રાજેન્દ્રસિંહ ઘી. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૬ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૬ રજૂ કરવામાં આવી.

શ્રી મહેન્દ્રસિંહ શં. વાઘેલા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૭ રજૂ કરવામાં આવી.

શ્રી મોહનસિંહ છો. રાઠવા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૮ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૮ રજૂ કરવામાં આવી.

શ્રી ગેંદાલભાઇ મો. ડામોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૯ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૯ રજૂ કરવામાં આવી.

શ્રી રાજેન્દ્રસિંહ ર. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૦ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૧૦ રજૂ કરવામાં આવી.

શ્રી મહેશકુમાર અ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૧૧ રજૂ કરવામાં આવી.

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૧૨ રજૂ કરવામાં આવી.

શ્રી બળદેવજી ચં. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૧૩ રજૂ કરવામાં આવી.

શ્રી ગેંદાલભાઇ મો. ડામોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૧૪ રજૂ કરવામાં આવી.

શ્રી રામસિંહ પ્ર. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૫ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૧૫ રજૂ કરવામાં આવી.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૬ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૧૬ રજૂ કરવામાં આવી.

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૧૭ રજૂ કરવામાં આવી.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૮ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૧૮ રજૂ કરવામાં આવી.

શ્રી અમિત અ. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૯ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૧૯ રજૂ કરવામાં આવી.

## માગણી નં. ૧૬

શ્રી નીતિનભાઇ ર. પટેલ (નાણા મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું કર વસુલાત ખર્ચ (નાણા વિભાગ) સેવાને લગતી નાણા વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ. ૨,૪૨,૧૦,૫૨,૦૦૦/– ની માગણી ક્રમાંક– ૧૬ રજૂ કરું છું.

માગણી ક્રમાંક– ૧૬ રજૂ કરવામાં આવી.

શ્રી ધર્મેન્દ્રસિંહ મે. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૦ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૨૦ રજૂ કરવામાં આવી.

શ્રી કાન્તીભાઇ કા. ખરાડી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૨૧ રજૂ કરવામાં આવી.

શ્રી જવાહરભાઇ પે. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૨૨ રજૂ કરવામાં આવી.

શ્રી અમિતભાઇ હ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૨૩ રજૂ કરવામાં આવી.

શ્રી હીરાભાઇ હ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૨૪ રજૂ કરવામાં આવી.

શ્રી પુનાભાઇ ઢે. ગામીત : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૫ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૨૫ રજૂ કરવામાં આવી.

શ્રી જશુભાઇ ધા. બારડ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૬ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૨૬ રજૂ કરવામાં આવી.

## માગણી નં. ૧૭

શ્રી નીતિનભાઇ ર. પટેલ (નાણા મંત્રીશ્રી)ઃ માનનીય અધ્યક્ષશ્રી, હું તિજોરી અને હિસાબ વહીવટ સેવાને લગતી નાણા વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ. ૧,૨૪,૯૯,૩૬,૦૦૦/–ની માગણી ક્રમાંક– ૧૭ રજૂ કરું છું.

માગણી ક્રમાંક– ૧૭ રજૂ કરવામાં આવી.

શ્રી જીતુભાઇ હ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૨૭ રજૂ કરવામાં આવી.

શ્રી અશ્વિન કોટવાલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૮ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૨૮ રજૂ કરવામાં આવી.

શ્રી નીતિનભાઇ ર. પટેલ (નાણા મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું પેન્શન અને અન્ય નિવૃત્તિના લાભો સેવાને લગતી નાણા વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂપિયા ૫૮,૧૩,૧૨,૪૦,૦૦૦/–ની માગણી ક્રમાંકઃ૧૮ રજૂ કરું છું.

**માગણી ક્રમાંકઃ ૧૮ રજૂ કરવામાં આવી.**

શ્રી બળદેવજી ચં. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૯ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૯ રજૂ કરવામાં આવી.**

શ્રી પુંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૩૦ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૩૦ રજૂ કરવામાં આવી.**

સન ૨૦૧૩–૨૦૧૪ના વર્ષ માટેની પૂરક માગણીઓ પૈકી **મંગળવાર, તા. ૨૫–૩–૨૦૧૩ (બારમો અને છેલ્લા દિવસ)**ના રોજ ચર્ચા અને મતદાન માટે લેવાનાર માગણીઓ ઉપરની કાપદરખાસ્તોની એકત્રિત યાદી.

| અ. નં | મુખ્ય સદર અને સંદર્ભ | કાપ દરખાસ્ત | વિષય | પ્રભારી સભ્યશ્રી |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| **ઉદ્યોગ અને ખાણ વિભાગ**<br>**માગણી નં. ૫૧** | | | | |
| ૧. | ૨૦૫૨–<br>સચિવાલય..સેવાઓ<br>૦૯૦–સચિવાલય<br>રૂ. ૧૯,૭૬,૭૫,૦૦૦<br>અં.પ્ર.નં. ૬<br>પા.નં. ૭૫– ૭૬ | ૧૦૦ | પાઈપલાનઈન દ્વારા અપાતા ગેસ ઉપર લેવાતો વેરો નાબૂદ કરી મધ્યમવર્ગની જનતાને રાહત આપવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી પરભુભાઇ વાસાવા (જોઇતાભાઇ પટેલ) |
| ૨. | __ " __ | ૧૦૦ | બિન જરૂરી ખર્ચ ઉપર અંકુશ રાખવા સખતાઇથી પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી છબીલભાઇ પટેલ (નિરંજન પટેલ) |
| ૩. | __ " __ | ૧૦૦ | રાજય સરકારના કર્મચરીઓને કેન્દ્ર સરકારના ધોરણે છઠ્ઠા પગાર પંચના લાભ આપવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી છનાભાઇ ચૌધરી (ચંદ્રિકાબેન બારીયા) |
| ૪. | __ " __ | ૧૦૦ | રાજય પરિવહન(એસ.ટી.)ની બસો દ્વારા એલ.ટી.સી.નો પ્રવાસ કરતા કર્મચારીઓ/અધિકારીઓના પ્રવાસના બિલોની રકમ સત્વરે ચૂકવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ગ્યાસુદ્દીન શેખ (મહેશકુમાર પટેલ) |
| ૫. | __ " __ | ૧૦૦ | ધારાસભયોના પત્રોના સમયસર નિકાલ કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી જસાભાઇ બારડ (ભોળાભાઇ ગોહેલ) |
| ૬. | __ " __ | ૧૦૦ | પેટ્રોલ/ડિઝલ ઉપરથી વેરાનું પ્રમાણ ઘટાડી આમજનતાને રાહત આપવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી રાજેન્દ્રસિંહ પરમાર (પુનમભાઇ પરમાર) |
| ૭. | __ " __ | ૧૦૦ | સ્થાપિત હિત ધરાવતા ઉદ્યોગોને વેરામાં અનુચિત લાભ આપવાના કારણે મધયમવર્ગ ઉપર વધતું ભારણ નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી મહેન્દ્રસિંહ વાઘેલા (ઇશ્વરભાઇ પટેલ) |

| | | | | |
|---|---|---|---|---|
| ૮. | -- " -- | ૧૦૦ | બોર્ડ/નિગમના કર્મચારીઓને છઠ્ઠા પગાર પંચનો લાભ તા.૧/૧/૨૦૦૬ થી આપવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી મોહનસિંહ રાઠવા (ધીરૂભાઇ ભીલ) |
| ૯. | -- " -- | ૧૦૦ | બજેટમાં જોગાવઇ ન હોવા છતાં પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ વિભાગની અંદાજે રૂપિયા ૧૫ હજાર કરોડની પૂરક માગણીઓને તા. ૩/૮/૨૦૧૨ પરિપત્રથી મંજૂર કરાઇ છે તે નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ઇન્દ્રનીલભાઇ રાજયગુરૂ (ગેંદાલભાઇ ડામોર, શૈલેષ પરમાર અને રમેશભાઇ ચાવડા) |
| ૧૦. | -- " -- | ૧૦૦ | સેકશન અધિકારીના એક જ સંવર્ગમાં અપાતા અલગ અલગ પગાર ધોરણની વિસંગતતા સત્વરે દૂર કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી રાજેન્દ્રસિંહ ચાવડા (ઇશ્વરભાઇ પટેલ) |
| ૧૧. | -- " -- | ૧૦૦ | તંદેશના પર્વતીય વિસ્તારોમાં આવેલા મોટાભાગના ધાર્મિક અને પ્રવાસન સ્થળોએ જે તે રાજયના સરકારી વાહનવ્યવહારના અભાવે એલ.ટી.સી. અંતર્ગત ખાનગી વાહન ધ્વારા કરાયેલ મુસાફરી અંગેના બિલોને મંજૂરી આપવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી મહેશકુમાર પટેલ) (ઇશ્વરભાઇ પટેલ) |
| ૧૨. | -- " -- | | એક જ રૂટમાં આવતા બે સ્થળો કે તેથી વધુ સ્થળોની કરેલી રેલ્વે મુસાફરીના એલ.ટી.સી.ના બિલો મંજૂર કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી રાઘવજી પટેલ (ગૌતમભાઇ ચૌહાણ) |
| ૧૩. | -- " -- | ૧૦૦ | કર્મચારીઓ માટે એલ.ટી.સી. અંગેના ૧૯૬૬ના જી.આર.ની જોગવાઇઓ સુધારી નવા માપદંડો નકકી કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી બળદેવજી ઠાકોર (કાંતીભાઇ ખરાડી) |
| ૧૪. | -- " -- | ૧૦૦ | રાજયના કર્મચારીઓને કેન્દ્રદના ધોરણે ૧૦/૨૦/૩૦ વર્ષે ઉચ્ચત્તર પગાર ધોરણના લાભો આપવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ઇન્દ્રનીલભાઇ રાજયગુરૂ (ગેંદાલભાઇ ડામોર) |

| | | | | |
|---|---|---|---|---|
| ૧૫. | __ " __ | ૧૦૦ | વાર્્િષક બજેટ તૈયાર કરતી વખતે પૂશ્રતી તકેદારીના અભાવે કરોડો રૂપિયાની પૂરક માગણીઓ રજૂ કરવી પડે છે તે સ્થિતિ નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી રામસિંહ પરમાર (મંગળભાઇ વાવિત) |
| ૧૬. | __ " __ | ૧૦૦ | ખાતર ઉપરનો વેટ સંપૂર્ણ નાબૂદ કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રીપુંજાભાઇ વંશ (ગૌતમભાઇ ચૌહાણ) |
| ૧૭. | ૨૨૩૫–સામાજિક.. કલ્યાણ<br>૦૨–સમાજકલ્યાણ<br>૦૦૧–નિર્દેશ અને વહીવટ<br>રૂ. ૫,૩૬,૫૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૨૪ (ભાગ–૧)<br>પા.નં. ૭૦ થી ૭૨ | ૧૦૦ | વાર્ષિક યોજનાનું કદ વધે છે પણ જે તે હેતુ માટે ફાળવવામાં આવતી રકમમાં ઉત્તરોત્તર થતો જતો ઘટાડો રોકવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી રાઘવજી પટેલ (ધારશીભાઇ ખાનપુરા) |
| ૧૮. | _ " __ | ૧૦૦ | જાહેર દેવામાં થતો વ્યાપક વધારો રોકવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી બલવંતસિંહ રાજપૂત (વજેસિંગભાઇ પણદા) |
| ૧૯. | __ " __ | ૧૦૦ | બજેટમાં મૂકાયેલ રકમ કરતાં બિન જરૂરી વધારાનો ખર્ચ કરી તે અંગેની પૂરક માગણી રજૂ થાય છે તે નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી અમીત ચાવડા (બાવકુભાઇ ઉંઘાડ) |
| | | | | |
| ૨૦. | ૨૦૪૦–વેચાણ... કરવેરા<br>૦૦૧–નિર્દેશ અને વહિવટ<br>રૂ. ૧૭,૧૭,૮૫,૦૦૦<br>અં.પ્ર.નં. ૬<br>પા.નં. ૯ થી ૧૧ | ૧૦૦ | કોમ્પ્યુટર નેટવર્કના અભાવે ઓનલાઇન વેટ ભરવામાં થતી હાડમારી નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ધર્મેન્દ્રસિંહ જાડેજા (નટવરસિંહ ઠાકોર) |
| ૨૧. | __ " __ | ૧૦૦ | વેપારીઓને વેચાણવેરા અંગે પૂરતું માર્ગદર્શન આપવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી કાંતીભાઇ ખરાડી (કામીનીબા રાઠોડ) |
| ૨૨. | __ " __ | ૧૦૦ | તહેવારોના સમયે જ વેચાણવેરાની રેડ પાડી અધિકારીઓ દ્વારા વેપારીઓને કરાતી કનડગત નિવારવામાં | શ્રી જવાહરભાઇ ચાવડા (મિતેશભાઇ ગરાસીયા) |

| | | | | |
|---|---|---|---|---|
| | | | તંત્રની નિષ્ફળતા. | |
| ૨૩. | __ " __ | ૧૦૦ | વેચાણવેરાના વાર્ષિક લક્ષ્યાંકો સિધ્ધ કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી માનસિંહ ચૌહાણ (અમિતભાઇ ચૌધરી) |
| ૨૪. | ૨૦૪૦–વેચાણ... કરવેરા<br>૧૦૧–વસૂલાત ખર્ચ<br>રૂ. ૨,૨૪,૯૨,૬૭,૦૦૦<br>અં.પ્ર.નં. ૬<br>પા.નં. ૧૨ થી ૧૩ | ૧૦૦ | વેરા પેટે એક કરોડ કરતાં વધારે રકમ બાકી હોય તેવા એકમો પાસેથી આવી રકમ સમયસર વસૂલ કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી હીરાભાઇ પટેલ (રાજેન્દ્રસિંહ ઠાકોર) |
| ૨૫. | __ " __ | ૧૦૦ | મોટા ઉદ્યોગો પાસેથી કરોડો રૂપિયાની વેરાની લેણી નીકળતી રકમની વસૂલાત માટે સત્વરે કાનૂની કાર્યવાહી કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી પુનાભાઇ ગામીત (પ્રવિણભાઇ રાઠોડ) |
| ૨૬. | __ " __ | ૧૦૦ | વેરાઓ વસૂલ કરવામાં નાના વેપારીઓને થતી હેરાનગતિ નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી જશુભાઇ બારડ (મહમદજાવીદ પીરઝાદા) |
| | | | | |
| ૨૭. | ૨૦૫ ૪ –તિજોરી... વહિવટ<br>૦૯૫–હિસાબ... કચેરી<br>રૂ. ૭,૧૩,૨૪,,૦૦૦<br>અં.પ્ર.નં. ૬<br>પા.નં. ૭૮ થી ૮૦ | ૧૦૦ | જુદા જુદા જિલ્લાઓની કેટલીક તિજોરી કચેરીઓ બંધ કરવાથી આમજનતાને પડતી હાડમારી નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી જીતુભાલ ચૌધરી (પરેશ ધાનાણી) |
| ૨૮. | __ " __ | ૧૦૦ | વિભાગો દ્વારા પેન્શનની દરખાસ્ત વિગતોની પૂરતી પૂર્તતા સાથે જ મોકલવા અંગેની સૂચનાઓનું સખ્તાઇથી પાલન કરાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી અશ્વિન કોટવાલ (મણિલાલ વાઘેલા) |
| | | | | |
| ૨૯. | ૨૦૭૧–પેનશન... લાભો<br>૦૧–મુલ્કી<br>૧૦૧–વયનિવૃત્તિ... ભથ્થા<br>રૂ. ૪૨,૩૦,૦૦,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૬<br>પા.નં. ૯૧ | ૧૦૦ | પેન્શન કેસો સતવરે મંજૂર કરી પેન્શનનરોને તેના લાભ સમયસર આપવાનું આયોજન કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી બળદેવજી ઠાકોર (પ્રહલાદભાઇ પટેલ, રાજેન્દ્રસિંહ ચાવડા અને સી. કે રાઉલજી) |

| | | | | |
|---|---|---|---|---|
| ૩૦. | -- " -- | ૧૦૦ | અવસાન પામેલા પેન્શનરોના મેડિકલ બિલોને સત્વરે મંજૂરી આપવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી પુંજાભાઇ વંશ (જોઇતાભાઇ પટેલ) |

**અધ્યક્ષશ્રીની જાહેરાત**

ગિલોટીન અંગે

અધ્યક્ષશ્રી : અનુદાનો માટેની માગણીઓ ઉપરની ચર્ચા અને મતદાન માટે આજે છેલ્લો દિવસ છે. સભાગૃહની આજની આ બેઠકનો સમય બપોરના ૧૨-૦૦ થી સાંજના ૫-૧૫ વાગ્યા સુધીનો ઠરાવવામાં આવેલ છે. વિધાનસભાના નિયમોના નિયમ ૨૨૮(૨) મુજબ સભાગૃહની બેઠક મુલતવી રાખવાના ઠરાવેલ સમય એક કલાક પહેલા અનુદાનો માટેની માગણીઓ ઉપરની સઘળી ચર્ચા પૂરી કરવાની થાય, પરંતુ આજે બિન સરકારી કામકાજ પણ હાથ ધરવામાં આવનાર હોઇ આજરોજ બપોરના ૨-૦૦ વાગ્યે અનુદાન માટેની માગણી ઉપરની સઘળી ચર્ચાનો અંત આવશે અને જે માગણી ઉપર ચર્ચા ચાલતી હશે તે અને તે સિવાયની બાકી રહેલ બીજી તમામ માગણીઓ એકી સાથે સભાગૃહના મત માટે રજૂ કરવામાં આવશે.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત(સિદ્ધપુર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણા મંત્રીશ્રી જે ચારેય માગણીઓ લઇને આવ્યા છે. મારે ખાસ કરીને જ્યારે નાણા મંત્રીશ્રી આ માગણીઓ લઇને આવ્યા છે, ત્યારે એ વાત યાદ દેવડાવવી છે કે ગુજરાતની અંદર આવનાર કોઇપણ વ્યક્તિ એ આવીને આ ૬ કરોડની જનતા એ જૂએ કે ગુજરાતનો ઇતિહાસ આપણો શું છે? આજે ગુજરાતમાં શું થઇ રહ્યું છે? આજે આપણે પેપરમાં, માધ્યમોમાં એમ લાગતું હોય કે આજે ગુજરાત નંબર-૧ તરફ જઇ રહ્યું છે એવો મોટો પ્રચાર થતો હોય, ત્યારે સૌથી મોટી વસ્તુ આવીને જુએ, એની બેલેન્સશીટ ઉઘાડે ત્યારે કહેતા દુઃખ થાય કે બેલેન્સશીટના પત્તામાં ૨૦૦૪ ના કેગના પાન નં. ૫ ઉપર એ જમાનાની અંદર ૨૦૦૪ માં કહ્યું હતું કે આ નાણા વિભાગની અંદર દિન પ્રતિદિન દેવું વધતું જાય છે અને આ દેવું આમને આમ વધતું જશે તો ગુજરાતની પરિસ્થિતિનું નિર્માણ સારું નહિ થાય. એની ચિંતા દર વર્ષે કેગનો રિપોર્ટ હોય કે કેન્દ્ર સરકાર દિન પ્રતિદિન ગુજરાત સરકારને અવાર-નવાર વાત કરી છે. પણ આ સરકારનું પેટનું પાણી નથી હલતું. ન જાણે કેમ પરિસ્થિતિનું નિર્માણ એવું છે કે આ સરકારે મન મનાવી દીધું હોય કે દર વર્ષે ૧૦-૧૫ ટકા દિન પ્રતિદિન ગમે તેમ કરીને દેવું વધે. કદાચ દેવું ઘટાડે તો લાગે કે ઘટાડ્યું, પણ દિન પ્રતિદિન વધારે અને આજે દુઃખ સાથે કહેવું પડે ૨૦૧૧-૧૨ ની અંદર ગુજરાતમાં ૧.૫૦ લાખ કરોડ દેવું હતું. આજે વધીને દર વર્ષે આજે ૧૫ થી ૨૦ હજાર કરોડ રૂપિયા વધતું જાય છે. એક બાજુ ગુજરાત સરકાર ચિંતા ન કરે અને ૨૦ હજાર કરોડ રૂપિયા વધારે. આવનારા સમયની અંદર ૧,૭૦,૦૦૦ કરોડ રૂપિયા જ્યારે દેવું થવાનું છે, ત્યારે મને કહેતા દુઃખ થાય છે કે આ દેવાની પરિસ્થિતિનું નિર્માણ જોઇને આજે સમગ્ર પરિસ્થિતિમાં સમગ્ર ભારતમાં કોઇ બહેનને જન્મવાનું મન થાય. આપણો રેશિયો નીચે જતો જાય છે. આપણને આજે એમ થાય કે આ ગુજરાતમાં માત્ર ૯૧૮ બહેનો જન્મે છે. એનું સૌથી મોટું કારણ હોય તો આ ગુજરાતનું દેવું છે. મારી બહેન જન્મતાની સાથે ચિંતા કરે છે કે મારે ગુજરાતના ૨૭,૦૦૦ ના દેવાદાર સાથે જન્મવું? આ ગુજરાતમાં હું જઉં અને મારા માથે જન્મતાની સાથે ૨૭,૦૦૦ રૂપિયાના દેવાદાર સાથે જન્મું! આનાથી આગળ વધીને એમ કહું કે એને એમ થાય કે કદાચ હું આ ગુજરાતમાં જન્મ લઉં તો ૨૨૦૦ રૂપિયાનું વ્યાજ જન્મતાં સાથે જ આવે તેવી પરિસ્થિતિનું નિર્માણ થાય તેવી સ્થિતિ આજે ગુજરાતમાં થઇ રહી છે. આજે કેરલમાં બહેનો એટલા માટે ત્યાં આગળ જન્મે છે કે સૌથી ઓછું ભારતમાં કદાચ દેવું હોય તો તે કેરલ છે. કદાચ ગુજરાતે તે કર્યું હોત તો આજે ગુજરાતને મને શાબાશી આપવાનું મન થાત, વખાણ કરવાનું મન થાત. દિન પ્રતિદિન દેવું વધતું જાય છે તેની ચિંતા કરવાની જરૂર છે. છેલ્લા પાંચ વર્ષમાં આ સરકારમાં માત્ર ૯૭૦૦ કરોડ રૂપિયા, આજે ૮૩ ટકા દેવું છેલ્લા પાંચ વર્ષમાં વધ્યું છે. ખરેખર ચિંતા કરવાની જરૂર છે. ઘણી વખત એવું થાય કે સરકાર દેવાની ચિંતા કરે અને દેવાની અંદર લોન લેવાનો વારો આવે. ટાઇમ્સ ઓફ ઇન્ડીયાનો રિપોર્ટ મેં વાંચ્યો હતો. તેમાં મેં જોયું હતું કે સરકારે ૧૫ હજાર કરોડ રૂપિયા લોન લેવા માટે, ખાધ પૂરી કરવા માટે લીધા. આજે દુઃખ સાથે કહેવું પડે કે ખાધ પૂરી

કરવા માટે જે લોન લીધી તે રકમ વાપરી હોત તો સારું હતું. પણ આ સરકારમાં જે આવડત કહેવાય, જે આવડતનો ભાગ કહેવાય તેમાં એટલી બધી કમી રહી છે કે માત્ર ૧૧ હજાર કરોડ રૂપિયા વાપરી શકયા. બાકીના પૈસાનું વ્યાજ આજે ગુજરાત સમક્ષ ૩૬૪૫ કરોડ રૂપિયા આપણે ભોગવી રહ્યા છીએ.

આપણે મેનેજમેન્ટ માટે એમ કહેતા હોય કે અમારું ગુજરાતનું મેનેજમેન્ટ એટલે નંબર વન. કયાં આપણું મેનેજમેન્ટ નંબર વન છે? મારે એ કહેવું છે કે કદાચ દેવું ગુજરાતમાં ઘટે, સારો વિકાસ થતો હોય અને તેના પ્રમાણમાં પૈસા લાવવાનું સૂચન થાય તો ચોકકસ સારુ. આ સરકાર આ ગુજરાતની છ કરોડ જનતા પર એટલો મોટો કર નાંખે જેના કરથી એવી પરિસ્થિતિનું નિર્માણ એવું થાય કે ૨૦૦૧-૦૨માં કરની આવક માત્ર ૯૨૪૨ કરોડ રૂપિયા હતી. છેલ્લા ૧૩ વર્ષમાં પાછલા બારણે ૩૦૦ કરોડ, ૫૦૦ કરોડ ટેક્સ નાંખવાની વાત થાય. એમના આંકડા બતાવે છે કે આજે ૬૦ હજાર કરોડ રૂપિયા આ છેલ્લા ૧૩ વર્ષમાં આ ગુજરાતની જનતા ઉપર આટલો કર નાંખવામાં આવેલ છે. દુઃખ સાથે કહેવું પડે કે દરવર્ષે ૨૧ ટકા દિન પ્રતિદિન કરની સંખ્યામાં વધારો થતો જાય છે. આજે ૬૯૯ ટકા કરમાં વધારો થયો છે. ગુજરાતની જનતા ચિંતિત છે. એક બાજુ સરકાર ચૂંટણીમાં એમ કહે છે કે અને વચનો અપાય છે કે અમે ગુજરાત માટે આ કરી દઇશું. તેના માટેની સુવિધા પેદા કરીશું, કર ઘટાડીશું,લોકોની ઉપયોગિતાની વાતો કરે છે. આ સરકાર બતાવે છે કે આજે ૭૦૦ ટકાથી વધારે કરનો બોજો નાંખ્યો છે. આપણે દુઃખ થાય કે આટલો મોટો કરનો બોજો દિન પ્રતિદિન થઇ રહ્યો છે.

ગયા વર્ષની સરખામણીમાં માનનીય મંત્રીશ્રી કર માટેની રજુઆત કરતા હતા ત્યારે મને એમ થતું હતું કે માત્ર ૨૮૪ કરોડ રૂપિયાનો વધારો હશે. પણ મેં જોયું અને ટેબલો મેં વાંચ્યા તો તેની અંદર ૧૦ હજાર કરોડ રૂપિયાનો વધારો થવાનો છે તેવો અંદાજ બતાવે છે. આજે વેટની અંદર ૭૮૦૦ કરોડ રૂપિયા વધારો થવાનો છે તે આજે બતાવે છે. ઈલેકટ્રીક ડ્યુટીમાં ૮૦૦ કરોડ રૂપિયા વધારો થવાનો છે. સ્ટેમ્પ ડ્યુટીમાં ૨૦૦ કરોડ રૂપિયાનો વધારો છે. વાહન વ્યવહારમાં ૧૧૦ કરોડ રૂપિયા વધારે થવાના છે. તેનો અર્થ એવો થયો કે આજે ૧૦ હજાર કરોડ રૂપિયા ગુજરાતની જનતા ઉપર બોજ પડવાનો છે. આ નંબર વન સરકાર ગુજરાતની જનતા ઉપર ૧૦ હજાર કરોડ રૂપિયાનો ભાર નાંખવાની છે. ત્યારે મારે કહેવું છે કે એક તરફ દિન પ્રતિદિન આપણી આવકોમાં વધારો થાય.

માનનીય અધ્યક્ષશ્રી, આજે સેલ્સટેકસમાં એક જમાનો હતો ૬ હજાર કરોડ રૂપિયાની માત્ર આવક હતી, અને કદાચ ગુજરાતમાં એ જમાનામાં વેટ લાવ્યા હોત તો આજે કદાચ ગુજરાત જે સ્થિતિમાં છે એના કરતાં વધારે પૈસા કદાચ ૫૦ હજાર કરોડ રૂપિયા ઉપર આપણે પહોંચી શક્યા હોત. એ વખતે એક બે વર્ષ સુધી અમે બધાએ કહ્યું કે, આ કેન્દ્ર સરકાર વેટ લઇને આવી છે, સમગ્ર રાજયનું આમાં ભલુ છે, પારદર્શક વહીવટ થવાનો છે, છતાં એક બે વર્ષ સુધી આપણે વેટ ન લાવી શક્યા અને આજે વેટની અંદર દિનપ્રતિદિન વધારો થયો છે. ૬૭૩ ટકા આજે એની અંદર વધારો થયો છે. આજે ચોકકસપણે એની અંદર આવકો વધી છે ત્યારે સરકાર બીજી બધી રીતે આવક વધે તો સરકારના બજેટની અંદર લોકોને એમ લાગે કે કંઇકને કંઇક અંશે લોકો માટે સુવિધા વધારવી જોઇએ. ૭૦૦ ટકા જયારે આવક આમાં વધી હોય ત્યારે મારે દુઃખ સાથે કહેવું પડે છે કે, આ બજેટમાં વિકાસલક્ષી ખર્ચનો ઘટાડો કરવામાં આવ્યો છે. એક બાજુ દિનપ્રતિદિન આવકો વધતી જાય અને જયારે જયારે બજેટ મૂકવામાં આવે ત્યારે ત્યારે અમને એમ થાય કે, વિકાસલક્ષી ખર્ચમાં વધારો થાય તો આનંદની વાત થાય.

મારે આંકડા સાથે કહેવું છે કે, ૨૦૧૨-૧૩ની અંદર ૬૯.૧૪ ટકા હતો, એમાં ઘટાડો કર્યો છે. અમને એમ થયું કે, માનનીય નીતિનભાઇ સાહેબ આવશે એટલે કદાચ વિકાસલક્ષી ખર્ચમાં વધારો કરશે પણ આજે એમાં ઘટાડો કર્યો છે એ ખરેખર દુઃખદ બાબત છે. છેલ્લા પાંચ વર્ષમાં બિન વિકાસ લક્ષી ખર્ચમાં ૮૧ ટકા વધારો થયો છે. આ સરકારમાં ખરેખર આવડત હોય, સારી આવડત હોય, કદાચ સરકાર સારો વહીવટ કરતી હોય તો આ બધા ખર્ચા ઘટવા જોઇએ. આજે એકવીસમી સદીનો જમાનો છે, દિનપ્રતિદિન એમાં ખર્ચા ઘટે પણ ખર્ચ ઘટવાને બદલે છેલ્લા પાંચ વર્ષની અંદર આ સરકારમાં ૮૧ ટકાનો વધારો થયો. આજે પગાર હોય, તો પગારમાં વધારો થાય, આજે આપણને એમ થાય કે ચોકકસ પેન્શનમાં વધારો થઇ શકે. પેન્શન

આપણા કર્મચારી ભાઇઓને મળવાનું છે. એમાંની એકાદ સારી કામગીરી થઇ હોત તો ચોકકસપણે આનંદ થાત પણ આ સરકાર એ કામગીરી આજે પણ કરી શકતી નથી. કેટલીક વખત આ ગૃહમાં ચર્ચા થાય છે, આ ચર્ચામાં સૌથી વધારે વાત એક જ હોય છે કે, કેન્દ્ર સરકાર અમને અન્યાય કરે છે. કેન્દ્ર સરકાર ગુજરાતને જબરજસ્ત અન્યાય કરે છે. આજે પણ હું ગૌરવ સાથે કહી શકું છું કે, કોંગ્રેસની સરકારમાં કોઇ ભેદભાવ નથી. કેન્દ્રમાંથી સૌથી વધારો જો પૈસા મળતા હોય તો ગુજરાતને આજે મળી રહ્યાં છે. મારે ૨૦૦૧-૦૨ની વાત કરવી છે, ત્યારે માત્ર ૨૯૮૩ કરોડ રૂપિયા મળતા હતા. દિનપ્રતિદિન એમાં વધારો થતાં થતાં આજે ગૌરવ સાથે કહી શકાય કે, ૨૦૧૧-૧૨માં ૧૭,૬૫૪ કરોડ રૂપિયા કેન્દ્ર સરકારે આપ્યા હતા. એ સૌથી મોટી આજે ગૌરવની વાત છે અને આવનાર સમયની અંદર ૨૦૧૩-૧૪માં ૨૦ હજાર કરોડ રૂપિયાથી વધારે કેન્દ્ર સરકાર આપવાની છે, આજે મને એમ થાય અને આ આંકડા કહે છે કે, ભારતના ૨૯ રાજયોમાં સૌથી વધારે ૧૬ રાજયો કરતાંય આજે ગુજરાત સરકારને એના કોંગ્રેસ શાસિત રાજયો છે એમાં કેન્દ્ર સરકાર વધુમાં વધુ પૈસા આપે છે માત્રને માત્ર •(xxxxxx) થાય છે, આ વાસ્તવિકતા છે એ આ આંકડા બતાવે છે કે આ કેન્દ્ર સરકાર આ રીતે પૈસા આપી રહી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ઘણી વખત એમ થાય કે, કેન્દ્રના નામે આપણે મોટી મોટી વાત કરીએ અને આપણને ઘણી વખત મનમાં એમ થાય કે, આ શું થવા બેઠું છે? શું પરિસ્થિતિનું નિર્માણ થવા બેઠું છે? આજે જૈન સ્ટોક કંપની, કોઓપરેટીવ બેંક ખાસ કરીને માનનીય અધ્યક્ષશ્રી, પ્રાઇવેટ કંપની હોય, ટાટા હોય, મારૂતિ સુઝુકી હોય, અદાણી હોય અન્ય કંપનીઓ પાસેથી આપણે આજે પણ શું વ્યાજ લઇએ છીએ? કેટલા પૈસાનું? તો દુઃખ સાથે કહેવું પડે અને એક કહેવત કહેવાનું મન થાય, અને કદાચ માનનીય અધ્યક્ષશ્રી, આપ કદાચ એ શબ્દો દૂર કરશો પણ " ઘરનાં છાંકરાં ઘંટી ચાટી અને પારકાં છોકરાં આટો જુએ. " એવી પરિસ્થિતિનું નિર્માણ થયું છે. ૩૯,૧૭૯ કરોડ રૂપિયા, આ બધાને કેટલું વ્યાજ લેવાનું? તો ૦.૨૫ અને ગુજરાત સરકાર વ્યાજ કેટલું આપે છે? તો ૭.૭૫ આપે છે. મને એ સમજાતું નથી કે ૭.૫૦ ટકા વ્યાજ જયારે ગુજરાત સરકાર ભરતી હોય ત્યારે આટલા પૈસાનું વ્યાજ ૦.૨૫ જ્યારે આપવામાં આવે ત્યારે તપાસનો વિષય થાય છે?

માનનીય અધ્યક્ષશ્રી, કેગના રિપોર્ટમાં જોયું હશે કે કોઇ કેન્દ્ર સરકાર માટેની વાત કરે, મારે આજે એ પણ કહેવું છે કે, કેન્દ્ર સરકારે ૯૦,૦૦,૬૬ કરોડ રૂપિયાનું સર્ટિફિકેટ માગ્યું, કેન્દ્ર સરકાર પૈસા આપે તો શું ગુજરાત સરકારને પૂછે નહીં કે તમે પૈસા ક્યાં વાપર્યા? પૈસા વાપર્યા તો સરખી રીતે વાપર્યા કે નહીં? તમે એનો હિસાબ મોકલી આપો અને હિસાબ મોકલી આપે તો બીજી ગ્રાન્ટ એ મોકલી શકે. આજે પણ ગુજરાત સરકારમાં ગમે તે પરિસ્થિતિના નિર્માણમાં આજે પણ કેન્દ્ર સરકારને સર્ટિફિકેટસ નહીં આપવાના કારણે આજે આપણને પૈસા નથી મળતા. એનું ઉદાહરણ આપું, શિક્ષણમાં ૨૯૨ કરોડ વણવપરાયેલામાં માત્ર ૮૮ કરોડ રૂપિયા વપરાયાનું સર્ટિફિકેટ નહીં આપવાના કારણે આજે આપણી સ્થિતિ આ છે અને આ સરકારમાં બધા જ લોકોને એમ કહેવામાં આવે કે જેવી યોજના પતે એની પરિસ્થિતિનું નિર્માણ એ બનાવવામાં આવે તો જ થાય. આજે પણ સ્થિતિ એવી થઇ રહી છે રાજયોની કે આજે દિન-પ્રતિદિન કેન્દ્ર સરકાર ગમે તેટલી સુવિધા આપે, અહીંયા વેટની આવક વધે પણ ગુજરાતની અંદર પરિસ્થિતિમાં નાના ઉદ્યોગ અને નાના વેપાર ધંધા છે એ આજે પડી ભાંગે એવી સ્થિતિ પેદા થઇ છે. ગુજરાત સરકારના આંકડા છે કે આજે ૬૫૦૦૦ નાના અને મધ્યમ વર્ગના ઉદ્યોગો છે એ પડી ભાંગ્યા છે. મોટી મોટી મલ્ટીનેશન કંપનીઓ આવે એને કરોડો રૂપિયાની સુવિધા આપવામાં આવે અને એક બાજુ નાના નાના ઉદ્યોગો તમારી પાસે વિનંતી કરે કે સાહેબ, અમે ગુજરાતના છીએ, ગુજરાતના હિતમાં કામ કરીએ છીએ, સૌથી વધારે રોજગારી અમે આપીએ છીએ છતાં એની તરફ લક્ષ્ય આપવામાં આવતું નથી એવી પરિસ્થિતિનું નિર્માણ થયું છે.

મારે ખાસ કરીને એ કહેવું છે કે, ગુજરાત સરકાર જે વેટ લે છે, કર નાંખે એનો વાંધો નહીં પણ ખાતર ઉપર પણ ટેકસ? માનનીય અધ્યક્ષશ્રી, આજે કહેતા મને દુઃખ થાય છે કે, બીજા બધા રાજયોમાં જીરો ટકા

---

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા.

ટેક્સ હોય ત્યારે અહીંયા ચાર ટકા ટેક્સ હોય એ કેવું? પેટ્રોલ અને ડિઝલમાં એક વાર માનનીય મંત્રીશ્રીને જવાબ આપતા સાંભળતો હતો ત્યારે મને એમ થયું કે સરસ નીતિનભાઇ સાહેબ જવાબ આપતા એમ કહેતા હતા કે ગુજરાતમાં પેટ્રોલ ઉપરનો ટેક્સ ૨૩ ટકા છે. પણ ૨ ટકા એના ઉપર સરચાર્જ લાગતો હોય એ પ્રમાણે આજે ગુજરાતમાં ખરેખર ૨૫ ટકા ટેક્સ થાય છે. ત્રિપુરામાં ૧૫ ટકા છે, અહીંયા કદાચ ટેક્સ ઓછો કર્યો હોત તો સારું હતું, દિલ્હી ૨૦ ટકા છે, ઓરિસ્સા ૧૮ ટકા છે આ બધા ટેક્સમાં પરિસ્થિતિનું નિર્માણ એ થાય છે કે, આજે પણ સ્થિતિ ગુજરાતની એવી છે કે આ ટેક્સ ઘટાડે તો બરાબર પણ દુઃખ સાથે મને એમ થાય છે કે આપ એક અભ્યાસુ નાણા મંત્રીશ્રી છો ત્યારે મારે આપને વિનંતી કરવી છે કે, સમગ્ર ગુજરાતમાં દિન-પ્રતિદિન આપણા ઉદ્યોગો બંધ થતા જાય છે એનું માત્ર કારણ એક છે કે, સમગ્ર ભારતની અંદર ૧ ટકો ટેક્સ એડિશનલ લાગતો હોય તો એ આજે ગુજરાતમાં લાગે છે.

શ્રી જસાભાઇ ભા. બારડ(સોમનાથ) : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય નાણા મંત્રીશ્રી જે બજેટ લઇને આવ્યા છે એમાં માગણી નં.૧૬, ૧૭ અને ૧૮ ઉપર મારા વિચારો રજૂ કરવા ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, નાણા મંત્રીશ્રી તેમના વિભાગની બજેટ પ્રપોઝલ લઇને આવ્યા છે ત્યારે એકત્રિત ફંડમાં ૭૯૬.૪૫ કરોડ રૂપિયાની પુરાંત બતાવી છે. પરંતુ ૨૦૧૩-૧૪માં અંદાજ પત્રની કુલ આવક જોઇએ તો આપણે ત્યાં કહેવત છે ને કે "દેવુ કરીને પણ ઘી પીવું" એવી સ્થિતિ ઉભી કરી છે. માનનીય અધ્યક્ષશ્રી, મહેસૂલી આવક જે રૂપિયા ૮૫૭૫૨.૪ કરોડ. કેન્દ્ર સરકાર તરફથી ગ્રાન્ટ ઇન એઇડ પેટે રૂપિયા ૧૯૧૬૪.૭૨ કરોડ, મૂડી આવકમાં ૨૬૨૩૧.૬૪ કરોડ, નાની બચત રોકાણમાંથી જે ૨૦૦૦ કરોડ રૂપિયાની લોન લેવામાં આવે છે, બાહ્ય યોજના માટે લોન ૨૫૪.૮૭ કરોડ અને જાહેર બજારોની લોન છે ૨૨૫૦૦ કરોડ, નાણાકીય સંસ્થા તરફથી લોન છે ૧૨૫૪ કરોડ, અન્ય આવકમાં ૨૨૧.૭૪ કરોડ આ સામે ૫૮૫૦૦ કરોડની વાર્ષિક વિકાસ યોજનાનું કદ દર્શાવે છે. આપ જોઇ શકો છો કે બહારથી પૈસા લાવીને આ રાજ્યનો વિકાસ કરવો એ મુખ્ય ધ્યેય માનનીય નાણા મંત્રીશ્રી નીતિનભાઇનો રહ્યો છે. મારા ખ્યાલ પ્રમાણે એ વેપારી માણસ છે, આટલું બધું વ્યાજ લાગે છે એ એમના ધ્યાન બહાર ના હોય, આવડું મોટું વ્યાજ જે લાગે છે એ વ્યાજખાધ જે લાગે છે એ રાજ્ય સરકારે જોવું જોઇએ. હમણાં જ અમારા સભ્યશ્રીએ કહ્યું કે કેન્દ્ર સરકાર પાસેથી ૧.૩૫ લાખ કરોડની લોનનું વ્યાજ દર વરસે આવે છે એ વ્યાજ ભરવા માટે લોન લેવી પડે છે.

આ વિધાનસભા ગૃહની અંદર અને વિધાનસભા ગૃહની બહાર એકજ વાત થાય છે કે કેન્દ્ર સરકાર રાજ્ય સરકારને ભારોભાર નુકસાન કરે છે, રાજ્ય સરકારના આ જે વિધાનો થતા રહ્યા છે તો એફ.આર.બી.એમ. પુસ્તિકા આધારિત મારે આંકડા સાથે કહેવું છે કે જ્યારે ૧૯૯૮-૯૯માં એન.ડી.એ. નું શાસન હતું ત્યારે ૨૩૬૦ કરોડ રૂપિયા ગ્રાન્ટ ફાળવવામાં આવી હતી, ૧૯૯૯માં ૨૮૧૯ કરોડ, ૨૦૦૦-૦૧માં ૩૩૪૩ કરોડ, ૨૦૦૧-૦૨માં ૨૯૮૪ કરોડ, ૨૦૦૨-૦૩માં ૪૩૫૧ કરોડ અને ૨૦૦૩-૦૪માં ૩૭૯૪ કરોડ, આ એન.ડી.એ.ની સરકાર વખતે જે ગ્રાન્ટની ફાળવણી થઇ છે એ પાકા આંકડા સાથે રજૂ થયેલ બાબતોની હું વાત કરું છું. ૨૦૦૪-૦૫માં યુ.પી.એ.ની સરકાર આવી ત્યારે પહેલી વખત ૪૨૧૬ કરોડની ફાળવણી થઇ, ૨૦૦૫-૦૬માં ૬૦૧૬ કરોડ, ૨૦૦૬-૦૭માં ૭૫૮૯ કરોડ, ૨૦૦૭-૦૮માં ૯૧૯૫ કરોડ, ૨૦૦૮-૦૯માં ૧૦૦૨૦ કરોડ, ૨૦૦૯-૧૦માં ૯૪૮૧ કરોડ, ૨૦૧૦-૧૧માં ૧૧૧૧૦ કરોડ, ૨૦૧૧-૧૨માં ૧૩૪૩૨ કરોડ, ૨૦૧૨-૧૩માં ૧૭૮૭૩ કરોડ અને ચાલુ વરસે ૨૦૧૩-૧૪માં ૧૯૧૬૫ કરોડ રૂપિયાની ફાળવણી યુ.પી.એ.ની સરકારના શાસન દરમ્યાન થઇ છે. મારે કહેવું છે કે, એન.ડી.એ. ના શાસનના છ વર્ષમાં જે સરેરાશ ફાળવણી થઇ છે એ એક વર્ષની ગણીએ તો ૩૨૭૫ કરોડ થાય છે. મારે કહેવું છે કે, યુ.પી.એ. ના શાસનમાં ૧૦૮૦૯.૭૦ કરોડ એટલે એમાં ૩૨૫ કરોડ રૂપિયાની ગ્રાન્ટ યુ.પી.એ.ની સરકારે વધારે આપી છે. આપે જે રજૂ કરેલા આંકડા છે એમાંથી હું આ વાત કરું છું.

મારે કહેવું છે કે, *We are here for masses not for classes * આપને સમગ્ર સમુદાયના - જનહિત માટે કામ કરવાનું છે નહિ કે ગણ્યા ગાંઠ્યા લોકો માટે, એક એક સામાન્ય નાગરિક સુધી આ ગુજરાતનું બજેટ સ્પર્શ થાય એને મદદ થાય એવી કામગીરી કરવાની છે ગણ્યા ગાંઠ્યા ઉદ્યોગપતિ માટે નહિ. મહાત્મા ગાંધીજીનું જે ગ્રામ સ્વરાજનું સ્વપ્નું હતું એ સિદ્ધ

ત્યારે થશે. આજે પૈસાદાર લોકોનું હિત જ જોવામાં આવે છે. સમગ્ર સમાજના હિતમાં નાણાં વપરાય એ નાણા મંત્રીશ્રીની ફરજ છે. માનનીય અધ્યક્ષશ્રી, આપણાં દેશના અર્થશાસ્ત્રી અમર્ત્ય સેન તેણે કહ્યું છે કે, માનવ વિકાસ કરવો ત્યારે સાચુ સુખ આવશે પ્રજા શાંતિથી જીવી શકશે. મારે માનનીય નાણામંત્રીશ્રીને કહેવું છે કે, આજે જે વેરાની વસૂલાત કરવામાં આવી છે તે સન્માનીય ગૃહનું મારે ધ્યાન દોરતાં જણાવવાનું છે કે ૩૧–૩–૨૦૧૨ની સ્થિતિએ ઉભું થયેલું પરંતુ મેળવી નથી શકયા કે જે વેરો આપણે વસૂલ નથી કરી શકયા એવા ૧૩૫૪૪ કરોડ બાકી છે. જો રાજય સરકાર દ્વારા સમયસર, આયોજનબદ્ધ રીતે વેરો વસૂલ કરવામાં આવેલ હોત તો આજે આપણે આટલુ દેવુ ઓછું કરી શકયા હોત. અને આ દેવુ કોનું છે? વેટ કે અન્ય આવકોમાં તે ઉદ્યોગપતિ અને મૂડીપતિઓનું જ દેવુ વસૂલવાનું બાકી હોય છે. કોઇ ખેડૂત, કે કિસાન કે મહેસૂલની બાકી નથી.

મારે એફ.આર.બી.એમ. એકટ હેઠળ રાજય સરકારે કરેલ નિવેદનની પુસ્તિકા કોષ્ટક નં.૩/૧૦માં આયોજન બહારનો ૨૦૦૫–૦૬થી જે ખર્ચ કરવામાં આવ્યો છે તે ૨૦૧૨–૧૩ના સુધારેલા અંદાજ જોતાં ઉર્જા અને પેટ્રોકેમિકલ અન્ય વિભાગોમાં સબસિડી આપવામાં આવી છે અને વધારો કરવામાં આવ્યો છે. તેમાં ઉત્તરોત્તર વધારો થયો છે પણ ગુજરાતના જે અન્નદાતા છે, ગુજરાતનો ખેડૂત છે, જગતનો તાત છે તેમાં આપવામાં આવતી સબસિડીમાં ઉત્તરોત્તર ઘટાડો થયો છે. અને ૨૦૧૧–૧૨ની અંદર શૂન્ય સબસિડી કરી નાખી છે. તો આ હળાહળ અન્યાય અને રાજયનો ખેડૂત એટલો બધો સમૃદ્ધ નથી થયો કે તેને સબસિડીની જરૂર નથી એવી સ્થિતિ નથી થઇ. આજે તે ઉપર આભ અને નીચે ધરતી તે રીતે જીવે છે. ચાલુ વર્ષે રાજયમાં દુષ્કાળ જેવી ગંભીર પરિસ્થિતિ છે. સૌરાષ્ટ્ર, કચ્છ અને ઉત્તર ગુજરાતમાં પીવાના પાણીથી માંડી દરેક તરફ પોકાર થઇ રહ્યો છે ત્યારે કેન્દ્ર સરકારે ૧૭ જિલ્લામાં દુષ્કાળગ્રસ્ત જાહેર કરી અને ૮૬૪ કરોડ રૂપિયા જેવી માતબર રકમ અછત રાહત પેટે વધારાની ફાળવી છે ત્યારે રાજય સરકારે હજી અર્ધ દુષ્કાળ પણ જાહેર કર્યો નથી. પરિસ્થિતિ એ આવી છે કે હજી આનાવારી પણ જાહેર નથી કરી. આ રાજય સરકાર પગલાં લેવા માટે ગંભીર જણાતી લાગતી નથી. આજે રાજયમાં ૫૫ ટકા લોકો ગ્રામ્ય વિસ્તારમાં રહે છે.

અધ્યક્ષશ્રી : એક મિનિટ છે.

શ્રી જસાભાઇ ભા. બારડ : અને ત્યારે જગતના તાતને પીવાના પાણી માટે, ઘાસચારા માટે, માલઢોર માટે અને વાડા પાંજરાપોળમાં ધ્યાન આપવું જરૂરી છે. માત્ર પાંચ ઉદ્યોગપતિને આપવાથી કશું થવાનું નથી.

માનનીય અધ્યક્ષશ્રી, એક નાનકડો, ટચૂકડો દેશ આપણી બાજુનો ભૂતાન. તે ટચૂકડો દેશ સુખેથી રોટલા ખાય છે. તેની પાસે નથી લશ્કર, કે નથી પ્રચારના સાધનો કે નથી તેની પાસે મોજશોખ કરવાના સાધનો પણ તેની જાહોજલાલી તમે અને આપણે સૌ જોઇ રહ્યાં છીએ. ત્યારે સમિટ મહોત્સવ કરી વિદેશી કંપનીઓને લાલ જાજમ પાથરી પરંતુ કેટલા ઉદ્યોગો કાર્યરત થયા તે મહત્વનું છે. મારે બીજી વાત એ કરવી છે કે, વિકાસલક્ષી ખર્ચ ૬૭૧૬૨.૧૮ કરોડ બિન વિકાસલક્ષી ખર્ચ ૩૩૦૭૧.૨૮ કરોડ છે. જે ઉપરથી રાજય સરકારના બેફામ ખર્ચા જોવા મળે છે.

શ્રી જશુભાઇ ધા. બારડ(તાલાળા) : માનનીય અધ્યક્ષશ્રી, મારે કોઇ વાત કરવાની હતી નહીં પરંતુ આજે માનનીય મંત્રીશ્રી તેમની ઓફિસમાં મળ્યા નહીં એટલા માટે એક દાખલો આપવા માંગુ છું. એક એમ.જે.છાત્રોડિયા કરીને એક ડોકટર છે. જે ડોકટર નિવૃત્ત થઇ ગયા છે અને ગુજરી પણ ગયા છે. તેને ૧૯૭૬માં નોકરી મળી અને બે શબ્દ પ્રયોગના અર્થઘટનના કારણે તેને પેન્શન આજની તારીખ સુધી મળતું નથી. એડહોક અને ટેમ્પરરી, મારે ગુજરાત સર્વિસ પેન્શન રૂલ્સ ૨૫ મુજબ ટેમ્પરરી નોકરીને પેન્શનનો લાભ મળે છે. એને કયારેય બ્રેક આપવામાં આવી નથી પરંતુ ફકતને ફકત જયારે નિવૃત્ત થવાના હતા ત્યારે એક કાગળની અંદર એડહોક લખીને આવ્યું એના કારણે એને પેન્શન મળ્યું નથી. એના વિધવા આજની તારીખે કદાચ એને મરવું હોય તો ઝેર ખાવા માટે પણ પૈસા નથી એટલી પવિત્રતાથી આ ડોકટરે આપની સેવા કરી છે ત્યારે આ કેસ તપાસવામાં આવે. એને આ પેન્શનનો લાભ જે મળવાપત્ર છે એમાં એક મુદ્દો એવો છે કે જી.પી.એસ.સી. પાસ કરવાની હોય. જી.પી.એસ.સી. ની પરીક્ષા ત્રણ વખત ઉમેદવાર આપી શકે

છે એક વખત આપી પણ પાસ ન થઇ શકયા. નોકરી ઉપર ચાલુ હતાં ત્યારે ફરી જી.પી.એસ.સી. એ પરીક્ષા લેવાનું નક્કી કર્યું ત્યારે જી.પી.એસ.સી.ના ધોરણ પ્રમાણે એની ઉંમર છે એ મોટી થઇ ગઇ હતી એટલા માટે એને પરીક્ષા માટે માન્ય ન કરવામાં આવ્યા અને હમણાં ૩૬ વર્ષની નોકરી પૂરી કરીને સન ૨૦૦૭માં નિવૃત્ત થયા છે. ત્યારે મારે સરકારને અને મંત્રીશ્રીને વિનંતી છે કે આનો કેસ સહાનુભૂતિથી વિચારવામાં આવે અને એનો લાભ એને મળવાપાત્ર થાય છે ત્યારે મળવો જોઇએ. એડહોક અને ટેમ્પરરી બે મુદ્દા ઉપર એ પીસાય છે એની નોકરી ટેમ્પરરી હતી એટલે એના ઉપર વિચાર થાય તેવી મારી વિનંતી છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ (નાણામંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, આ સન્માનનીય સભાગૃહમાં મેં જયારે નાણા મંત્રી તરીકે સમગ્ર રાજયનું બજેટ મંજૂર કર્યું અને એમાં ગુજરાતની વિકાસયાત્રા, ગુજરાતના યુવાનો, ગુજરાતની બહેનો, ગુજરાતના આદિવાસીભાઇઓ, ગુજરાતના દલિતો, ગુજરાતના ખેડૂતો, વેપારીઓ, વિદ્યાર્થીઓ આ તમામ માટે અનેક નવી યોજનાઓની જાહેરાત કરી છે અને એના ઉપર સામાન્ય ચર્ચા પણ થઇ ત્યારપછી દરેક વિભાગને નાણામંત્રી તરીકે માનનીય મુખ્યમંત્રીશ્રીના માર્ગદર્શન અને નેતૃત્વ હેઠળ બજેટ ફાળવી આપ્યું, એની ઉપર પણ વિશદ ચર્ચા વિચારણા મોટા ભાગના સભ્યશ્રીઓએ આ સભાગૃહમાં કરી છે.

આજે હું નાણા વિભાગનું પોતાનું બજેટ છે એ લઇને આ સભાગૃહ સમક્ષ આવ્યો છું. નાણા વિભાગની કામગીરી ખાસ કરીને રાજય માટે આવક મેળવવાની છે. આવક થાય એ જુદા જુદા વિભાગોમાં બજેટ ફાળવવામાં આવે અને એ રીતે પ્રજાકીય રીતે સદુપયોગ કરીને ગુજરાતનો વિકાસ થાય, એની પ્રગતિ થાય અને માનવ વિકાસ સૂચાકાંકને સતત વધારતા રહેવું. જેમાં શિક્ષણ, આરોગ્ય, પીવાનું પાણી, ખેડૂતોને પાણી મળે, ખેતીમાં સતત વધતો જતો કૃષિ ગ્રોથ એના લીધે કૃષિનો ગ્રોથરેટ વધે, એના પરિણામે યુવાનોને નવી નવી રોજગારી પ્રાપ્ત થાય. આ બધાનો સરવાળો જોઇ રહ્યા છીએ. રાજય જયારે વિકાસ કરે છે તો એના માટે આવક પણ જોઇએ અને આવક મેળવવા માટે પ્રસ્થાપિત નિયમો અને પદ્ધતિઓ છે એમાં રાજય સરકારને કરની મુખ્ય આવક છે. કરની આવકમાંથી સરકાર પોતાનું બજેટ બનાવે તથા ભારત સરકાર તરફથી બંધારણીય જોગવાઇઓ પ્રમાણે ગુજરાત સરકારની ગુજરાતની પ્રજાને ભારત સરકારના વેરામાંથી લેવા પાત્ર અધિકાર છે એ અધિકાર પ્રમાણેની રકમ મળે તે ઉપરાંત જરૂરિયાત પ્રમાણેની વધારાની રકમો ગુજરાત સરકાર બહારથી મેળવે છે. આ બધાનો સરવાળો થાય અને એનાથી આપણે રાજયનો વિકાસ કરીએ છીએ.

મને આનંદ છે કે અમારે વેટ વિભાગની કોમર્શીયલ ટેકસની કામગીરી જે રાજયની મુખ્ય આવક છે અને એ આવકની કામગીરી કરતી અમારી આ સંસ્થા જે અમારી આ પાંખ છે એમાં કોઇ સભ્યશ્રીએ મોટી ટીકા ટિપ્પણ કરી નથી એનો અમને આનંદ છે. એ પણ અમે ઇચ્છીએ કે રાજયના કરની વસૂલાત જે સો ટકા મેળવવાપાત્ર હોય એ પ્રમાણે થવી જ જોઇએ. મોટામાં મોટો કરદાતા હોય કે નાનો કરદાતા હોય લોકો પાસેથી કે કંપનીઓ પાસેથી, ગ્રાહકો પાસેથી નાગરિકો પાસેથી જેને જે ટેકસ ભરવાનો થતો હોય એ મેળવીને સરકારની તિજોરીમાં ફરજિયાત બિનચૂક રીતે જમા થાય એની કામગીરી અમે કરીએ છીએ.અને તેના માટે હું આ સન્માનનીય સભાગૃહને ચોકકસ કહીશ કે અમારી જે પદ્ધતિ છે, મારા અગાઉના માનનીય નાણામંત્રીશ્રીએ હંમેશા રાજયની આવક વધે તેમાં સક્રિય રીતે યોગદાન આપ્યું છે તે પરંપરાને હું પણ આગળ ચલાવીશ અને રાજયની આવકને કોઇ પણ જગ્યાએ કોઇ પણ રીતે અવરોધ ન થાય, રાજયની આવક કોઇ પણ રીતે, કોઇ વ્યક્તિ ગુપચાવી ન જાય, રાજયની આવકની કોઇ ખોટી રીતે ચોરી કરી ન જાય તે માટે સતત સક્રિય રહીને અમારી કામગીરી કરીએ છીએ અને કરવાના છીએ.

અગાઉ પ્રશ્નોમાં પણ ચર્ચા થઇ ચૂકી છે કે મોટામાં મોટી કંપનીઓ હોય કે નાનામાં નાનો વેપારી હોય તેની પાસે જયારે ટેકસની વસૂલાત કરવાની હોય છે ત્યારે અમે કોઇની પણ શેહ–શરમ રાખ્યા સિવાય, કોઇ ગુજરાત રાજય માટે ૧૦ કંપનીઓ ચલાવતા હોય કે ૧૦ મોટી ઇન્ડસ્ટ્રીઝ ચલાવતા હોય કે ગામડાંમાં બેઠેલો નાનો કરિયાણાનો વેપારી હોય, જે અમને ઉચ્ચક વેરો ભરતો હોય, દરેકની સાથે એક નાગરિક તરીકે, એક પેઢી તરીકે અને ટેકસ આપતા વ્યકિત તરીકે અમે તેની સાથે સ્વમાનપૂર્વક વર્તન કરીએ છીએ. પણ સાથે

સાથે એ પણ કાળજી રાખીએ છીએ કે સરકારની લાગણીનો, સરકારની શુભ નિષ્ઠાનો કોઇ ખોટી રીતે દુરુપયોગ કરીને ગમે એટલી મોટી વ્યક્તિ હોય તો પણ રાજયનો ટેકસ લઇ ન જાય તેના માટે અમે સાવચેત છીએ તેની હું સભાગૃહ મારફત ગુજરાતની પ્રજાને ખાતરી આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, અમારી નાણાં વિભાગની જે બીજી કામગીરી છે કે વિવિધ વિભાગોને અમે જે ગ્રાન્ટ ફાળવી આપીએ છીએ એ ગ્રાન્ટ સમયસર દરેક વિભાગોને મળે. ૧૯૯૦થી અમે જયારે ધારાસભ્ય હતા. વિપક્ષની સરકાર હતી. અમે જોયેલું છે, જૂના સિનિયર સભ્યોએ પણ જોયેલું છે. માર્ચ એન્ડીંગની ટ્રેઝરીની ચૂકવણીની છેલ્રી તારીખ હોય, રાત્રે ૧૨–૦૦ વાગ્યા સુધી ટ્રેઝરી ચાલુ રાખવી પડે. જે કોન્ટ્રાકટરો હોય, સરકાર પાસે બાકી બિલોની લેણી રકમ હોય, આખી રાત બેસી રહે અને ઉજાગરો કરવો પડે ત્યારે તેને પૈસા મળે. ભૂતકાળમાં ઘણી વખત બીજા પક્ષોની અમારા ભાજપની સરકાર સિવાયની બીજી સરકારો વખતે તો ટ્રેઝરી પણ બંધ કરી દેવી પડે કે સરકાર પાસે પૈસા ચૂકવવાના ન હોય. વારંવાર ભૂતકાળની સરકારોમાં ઓવરડ્રાફ્ટ લેવો પડે એ પણ પરિસ્થિતિ ગુજરાત રાજયે જોઇ છે. મને આનંદ છે. અમારી ગુજરાતની સારી નાણાકીય પરિસ્થિતિના આધારે, અમારા સુશાસન અને અમારી કુશળ વહીવટી ક્ષમતાના કારણે ગુજરાત રાજયને વર્ષોથી ભારત સરકારની રીઝર્વ બેંકમાંથી એક પૈસાનો પણ ઓવરડ્રાફ્ટ લેવો પડ્યો નથી. એ ગુજરાત સરકારની નાણાકીય શિસ્ત, નાણાકીય વ્યવસ્થાનો ભાગ છે. આજે અમે દર ત્રણ મહિને એડવાન્સમાં, આજે આપણું બજેટ જયારે મંજૂર થશે અને ૩૧મી માર્ચે વિધાનસભાની સંમતિ મળી જશે. ૧લી એપ્રિલથી ૫મી એપ્રિલ સુધીમાં રાજયના અમારા તમામ મંત્રીશ્રીઓની જુદી જુદી કામગીરી છે, જે વિભાગો છે તેને પહેલાં ત્રણ મહિનાની ગ્રાન્ટ ગુજરાત સરકારના નાણા વિભાગ તરફથી એડવાન્સમાં અપાઇ જશે. મેં એ દિવસો પણ ભૂતકાળની બીજા પક્ષોની સરકારોમાં જોયા છે કે મંત્રીઓને પોતાને નાણા મંત્રી પાસે જવું પડે કે સાહેબ, મારો કોન્ટ્રાકટર આવ્યો છે. અડધો રોડ થયો છે, અડધો રોડ બાકી છે. કપચી આવી ગઇ છે. ડામર પાથરવાનો બાકી છે. કોન્ટ્રાકટર પૈસા માગે છે. પૈસા આપીશું તો રોડ થશે. આ ભૂતકાળમાં બીજાં પક્ષોની સરકાર વખતે સરકારની, નાણા વિભાગની, વિભાગોની અને મંત્રીશ્રીઓની દયનીય સ્થિતિ મેં જોયેલી છે. આજે આખા વર્ષમાં અમે દર ત્રણ મહિનાની કવાર્ટરલી એડવાન્સ ગ્રાન્ટ નાણામંત્રી અને નાણા વિભાગ જુદા જુદા વિભાગોને આપી દે છે. ગુજરાત સરકારનું ૫૦ કરોડનું કામ કર્યું હોય કે ૫ કરોડનું કામ કર્યું હોય, કોઇ પણ વ્યક્તિ એમ ન કહી શકે કે અમારું પેમેન્ટ બાકી છે. આ અમારી નાણાકીય શિસ્ત છે.

માનનીય અધ્યક્ષશ્રી, નાણા વિભાગની ત્રીજી કામગીરી છે. નિવૃત્ત કર્મચારીઓ/અધિકારીઓને પેન્શન ચૂકવવાની, પછી એ રાજયના હોય કે પંચાયતના હોય, તેની સમયસર ચૂકવણી થાય એ મેં વારંવાર વિધાનસભાના પ્રશ્નોત્તરી સમયમાં પણ કહ્યું છે અને અંદાજે લગભગ રૂ.૬૫૦૦/– કરોડથી રૂ.૭૦૦૦/– કરોડ દર વર્ષે આ સરકાર નિયમિત રીતે નિવૃત્ત કર્મચારીઓના બેંક એકાઉન્ટમાં જમા આપીને એમને ઘેર બેઠાં પેન્શન ચૂકવી આપીએ છીએ. સાથેસાથે છ લાખ કર્મચારીઓને સમયસર પગારની ચૂકવણીની કામગીરી પણ કરીએ છીએ. અમારા દરેક વિભાગમાં નોન પ્લાન ગ્રાન્ટની જેમ જ પ્લાન ગ્રાન્ટની રકમની પણ એડવાન્સ ફાળવણી કરવામાં આવે છે. જેથી પગારમાં પણ કોઇપણ કર્મચારીને એક દિવસનું પણ મોડું થયું નથી. આ સિવાય અમારી તિજોરી અને હિસાબ વિભાગની જે કામગીરી છે એ રાજ્ય સરકાર વતી તમામ પ્રકારની ચૂકવણી અને તમામ પ્રકારની વ્યવસ્થા આ ટ્રેઝરી દ્વારા કરવામાં આવે છે. ટ્રેઝરીને અમે ઓન લાઇન કરી છે અને કમ્પ્યુટરરાઇઝ સિસ્ટમથી સુવિધાયુક્ત અને આધુનિક બનાવી છે. આજે કેટલી ચૂકવણી થઇ, કેટલી ગ્રાન્ટ રિલિઝ થઇ એ ડેઇલી ટુ ડેઇલી રાજ્ય સરકાર મોનીટરીંગ કરી શકે છે. એ રીતે જુદા જુદા વિભાગોને જે ગ્રાન્ટ ફાળવીએ છીએ એમાં કેટલી રકમનો ખર્ચ થયો? ક્યારે થયો? એનું મોનીટરીંગ કરીને મેળવી શકીએ છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય બલવંતસિંહે વાત કરી અને માનનીય જસાભાઇએ વાત કરી એ વિશે કહેવું છે, અગાઉ પણ અમે વારંવાર કહી ચૂક્યા છીએ. પણ ગમે તે કારણસર વિપક્ષના મિત્રો એ વાતને સમજવા તૈયાર નથી. મેં અગાઉ કહ્યું તેમ ગુજરાતની પ્રજાનો બંધારણીય અધિકાર છે. ભારત સરકાર આપે છે, ભારત સરકાર આપે છે એમ તમે રોજ પ્રશ્નોત્તરીમાં તમારી ચર્ચામાં, તમારા સૂચનોમાં તમે કહો છો. એ

પણ એવી રીતે કહો છો કે ગુજરાતની પ્રજા તો જાણે કેન્દ્ર સરકારની દયા ઉપર જીવે છે! મેં ભૂતકાળમાં પણ કહ્યું હતું, આ સત્રમાં પણ કહ્યું હતું અને આજે પણ કહું છું કે, ગુજરાતની પ્રજા સરદાર વલ્લભભાઇ પટેલ અને મહાત્મા ગાંધીજીની વારસદાર પ્રજા છે અને તમારા કેન્દ્રના રોટલાની રાહ જોઇને બેસતી નથી. ગુજરાતની પ્રજા સ્વાભિમાની પ્રજા છે. વિપક્ષના મિત્રોને મારે કહેવું છે કે, ગુજરાતનો જે અધિકાર છે, ડો.બાબાસાહેબ આંબેડકરે ઘડેલા બંધારણે આપેલો અધિકાર છે, ભારત સરકાર પાસેથી અમારે જે ગ્રાન્ટ મેળવવાની છે, જે યોજનાઓનો લાભ મેળવવાનો હક્ક છે, ભારતીય નાગરિક તરીકે એ હક્કને અમે સહેજપણ ડૂબવા પણ નહીં દઇએ. એ પણ હું તમને કહી દઉં છું. ભારત સરકાર નહીં આપે તો શું થશે? ભૂતકાળના બનાવો અમે જોયા છે. ચૂંટણી પહેલાં ઉપર જઇ જઇને કહી આવતા હતા કે હમણાં ગ્રાન્ટ રિલિઝ ન કરતા, હમણાં યોજના મંજૂર ન કરતા, હમણાં નર્મદા યોજનાની ઉંચાઇ મંજૂર ન કરતા. આ તમારી નેગેટીવ નકારાત્મક પ્રવૃત્તિ બંધ કરો. (અંતરાય)

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી કેન્દ્ર સરકારની ટીકા કરે છે. ઉપર જઇ જઇને કહી આવે છે, એ જો કહેતા હોય તો એનો પુરાવો આપે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારે નથી કહેવું, પણ તમે કહો છો તો દાખલો આપું. વાયબ્રન્ટ ગુજરાતમાં જે ઉદ્યોગપતિઓ અને જુદી જુદી કંપનીઓએ અહીંયાં રોકાણ કરવા માટે જ્યારે આવી ત્યારે ગઇ વખતે વિરોધપક્ષના નેતા માનનીય *(xxxxxx) હતા ત્યારે એમણે વડાપ્રધાનને ..

અધ્યક્ષશ્રી : નામ નહીં લેવું, અત્યારે એ હાજર નથી.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : તમારા પક્ષના નેતાશ્રીએ વડાપ્રધાનને પત્ર લખ્યો હતો કે, જે લોકો ગુજરાતમાં રોકાણ કરે છે એમની જરા ઇન્કમટેક્સ વિભાગ દ્વારા તપાસ કરાવો. આ ગુજરાત વિરોધી પ્રવૃત્તિનો તમે દાખલો માગ્યો એ આપ્યો. ફરી લખી લો. એટલે ભવિષ્યમાં બોલતા નહીં. બંધારણની કલમ ૨૮૦-૩ એની પેટા કલમ-૧૨ પ્રમાણે જે નાણાં પંચની રચના થાય છે. તેરમું નાણાં પંચ એ પહેલાંનું બારમું નાણાં પંચ અને હવે ચૌદમું નાણાં પંચ થશે. જે ભારત સરકારને ભલામણ કરે એ રકમ ગુજરાતની પ્રજાનો અધિકાર છે, તમારે આપવું જ પડશે અને અમે લઇને છોડીશું એ પણ સમજી લેજો. બીજી એમણે જે વાત કરી એ પણ પેટ્રોલનો ટેકસ, સારું થયું આજે મને આનંદ છે કે ખાતર ઉપરના ટેકસની આજે કોઇ વિપક્ષના મિત્રોએ ..

અધ્યક્ષશ્રી : ખાતરની વાત કરી.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : એ ત્રિપુરા બોલ્યા, સાહેબ મેં વિધાનસભામાં અગાઉ પણ કહ્યું છે, દેશના મોટાભાગના રાજયો પેટ્રોલ ડીઝલ અને ગેસ ઉપરનો ટેકસ લગભગ સરખો જ છે પાંચ-પચ્ચીસ પૈસાનો ફરક છે અને ખાતર ઉપર તમે ચૂંટણી પહેલા ચલાવતા હતા કે ગુજરાત સરકાર ખાતર ઉપર વેરો લે છે તો એ પણ માહિતી મેં તમને વિધાનસભામાં હાઉસમાં આપી દીધી છે, મારું રેકર્ડ છાપેલું તમારી પાસે હવે આવી ગયું હશે, જોઇ લેજો દેશના મોટા ભાગના ૯૫ ટકા રાજયો ખાતર ઉપર વેરો લે છે. તમારા કેટલાક રાજયો તો ગુજરાત કરતા પણ વધુ વેરો લે છે એટલે ખેડૂતોને ગેરમાર્ગે દોરવાનું બંધ કરો. તમે એમ સમજો કે તમે હોંશિયાર છે પણ તમારા કરતા ગુજરાતના ખેડૂતો વધુ હોશિયાર છે. બધાના પાસે બધી માહિતી છે.

છેલ્લી એક વાત કરી લઉં. અહીંયા દેવાની વાત કરી, દેવું, દેવું આ પણ એક મોટો વિષય એ ચલાવે છે. બલવંતસિંહજીએ તો એમ કહ્યું કે દીકરી જન્મે તો પણ દેવામાં આવે છે તો શું બલવંતસિંહજી દીકરાને દેવું માફ છે? એવું કંઇ હોય તો કહેજો. જે ભારત સરકાર,રીઝર્વ બેન્ક, ભારત સરકારનું પ્લાનીંગ કમિશન અને તેરમું નાણાપંચ ચાલતું હોય તો જે નાણાપંચ ચાલતું હોય એના નિયમો છે. આખા દેશ માટે સરખો કાયદો છે. ભારત સરકારના દરેક રાજયે પોતાનો પ્લાન મંજૂર કરે ત્યારે આયોજન પંચમાં મંજૂર કરાવવાનો હોય છે અને એ પાછી ચોખવટ કરી લઉ કે એની રકમ તો ગુજરાત સરકારની જ હોય છે. આવક આપણી જ હોય છે. પણ નિયમો પ્રમાણે, બંધારણ પ્રમાણે કોઇ રાજય પોતાના ગજા કરતા વધુ રકમનું ખર્ચ ન કરી દે,

* આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

ભવિષ્યની પેઢીને કે આવનારી સરકારને દેવામાં ના ડૂબાડી દે એટલા માટે ભારત સરકારના નિયમો અને બંધારણની જોગવાઇ પ્રમાણે પ્લાનિંગ કમિશનમાં મંજૂર કરાવવું પડે છે. દર વખતે ગુજરાતનો પ્લાન અમારા મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ ત્યાં લઇને જાય, જેટલી રકમનો લઇને ગયા હોય એમાં ભારત સરકારના આયોજન પંચના ઉપાધ્યક્ષ મોન્ટેકસિંહ અહલુવાલીયા, વડાપ્રધાન પોતે ચેરમેન છે, અમે કીધું હોય એના કરતા પણ એ એમ કહે છે કે ૫૦૦ કરોડ વધારે વાપરજો, દેશમાં ગુજરાત એક જ એવું રાજય છે કે જે શિસ્તમાં રહે છે અને એની તાકાત છે કે બજેટ વાપરી શકે ત્યારે પ્લાન સાઇઝ પણ આપણી સતત વધતી જાય છે.

કોઇની આવક વધે તો એનો ખર્ચ વધે, ખર્ચ વધે તો વિકાસ વધે, જુદી જુદી યોજનાઓ નર્મદા યોજના, સિંચાઇ યોજના, રસ્તા, દવાખાના, સ્કૂલો, કોલેજો આ બધું કયાંથી થાય છે? આ રાજય સરકારની સારામાં સારી નાણાકીય શિસ્તના કારણે થાય છે. દેવું વધે એ સ્વાભાવિક છે કોઇ ના સ્વીકારે પણ મારે એમ કહેવું છે કે દેવું આપણે ઘટાડતા જઇએ છીએ. જે છેલ્લામાં છેલ્લી આકડાકીય માહિતી છે એ પ્રમાણે ૨૦૦૪–૦૫માં જે આપણી જી.એસ.ડી.પી.ની જે આવક હોય એના ૨૮.૪૮ ટકા રાજયનું જાહેર દેવું હતું એની સામે તબકકાવાર આપણે ઘટાડતા ગયા અને ગયા વર્ષે માનનીય અધ્યક્ષશ્રી, આપણે એને ૧૯.૯૩ ટકા ૨૦૧૨–૧૩માં એટલે ૯ ટકા દેવું જી.એસ.ડી.પી.ની સરખામણીમાં ઘટાડયું છે. ભારત સરકારે પોતે હમણા ચિદમ્બરમજી, ભારત સરકારના નાણામંત્રીશ્રીએ કબૂલ કર્યુ કે અમે ૩ ટકાનો રેશીયો જાળવી શકતા નથી. રાજય સરકાર ગુજરાતે આ રેશીયો જાળવ્યો છે એ બદલ હું અભિનંદન આપુ છું એવું ત્યાં સેમીનારમાં માનનીય ચિદમ્બરમજીએ અમને ગુજરાતને અભિનંદન આપીને ત્યાં કીધું છે. ત્યારે વધારે સમય નહીં લઉ. ગુજરાતની વિધાનસભામાં આખા રાજયનું વિવિધ વિભાગના બજેટની ચર્ચા કરી છે. હું આ ગૃહને અમારા સર્વ મંત્રીશ્રીઓ વતી અને ખાસ કરીને અમારા મુખ્યમંત્રીશ્રીને જે પ્રજામાં પ્રેમ, વિશ્વાસ અને એના કારણે સતત ચોથી વખત મુખ્યમંત્રી બનવાની પ્રજાએ જે તક આપી છે,ત્યારે હું ગુજરાતની પ્રજાને આ ગૃહ વતી ખાતરી આપું છું કે બજેટના એકેએક પૈસાની રકમનો સદુપયોગ ગુજરાતની પ્રજા માટે અમે કરીશું. આથી આપ કાપ દરખાસ્તો પાછી ખેંચો એવી વિનંતી છે.

**કાપ દરખાસ્ત ક્રમાંક : ૧, ૨, ૩, ૪, ૫, ૬, ૭, ૮, ૯, ૧૦, ૧૧, ૧૨, ૧૩, ૧૪, ૧૫, ૧૬, ૧૭, ૧૮, ૧૯, ૨૦, ૨૧, ૨૨, ૨૩, ૨૪, ૨૫, ૨૬, ૨૭, ૨૮, ૨૯ અને ૩૦ મત માટે મૂકવામાં આવી અને નામંજૂર કરવામાં આવી.**

**માગણીઓ ક્રમાંક : ૧૫, ૧૬, ૧૭ અને ૧૮ મત માટે મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.**

## ગિલોટીન કરેલી માગણીઓ

**શ્રી નીતિનભાઇ ર. પટેલ (નાણામંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, સને ૨૦૧૩–૧૪ના વાર્ષિક નાણાકીય પત્રકમાં કુલ ૧૦૮ માગણીઓ સમાવિષ્ટ છે. એમાંથી ૫૩ માગણીઓ આ ગૃહમાં ચર્ચા દ્વારા પસાર થઇ છે. આથી બાકીની ૫૫ માગણીઓ પૈકી બે માગણીઓ બિન મત પાત્ર હોવાથી તે સિવાયની ૫૩ માગણીઓ ક્રમાંક ૧, ૭, ૮, ૧૧, ૧૯, ૨૧, ૨૪, ૨૫, ૨૮, ૩૨, ૩૪, ૩૫, ૩૮, ૪૧, ૪૫, ૪૬, ૪૭, ૪૮, ૫૨, ૫૩, ૫૫, ૫૬, ૫૮, ૫૯, ૬૦, ૬૧, ૬૨, ૬૩, ૬૪, ૬૮, ૬૯, ૭૨, ૭૩, ૭૬, ૭૭, ૮૦, ૮૧, ૮૨, ૮૩, ૮૪, ૮૮, ૯૦, ૯૧, ૯૪, ૯૭, ૯૯, ૧૦૦, ૧૦૩, ૧૦૪, ૧૦૬ અને ૧૦૮ હું ગિલોટીનથી મતદાન માટે રજૂ કરું છું

**માગણીઓ ક્રમાંક ૧, ૭, ૮, ૧૧, ૧૯, ૨૧, ૨૪, ૨૫, ૨૮, ૩૨, ૩૪, ૩૫, ૩૮, ૪૧, ૪૫, ૪૬, ૪૭, ૪૮, ૫૨, ૫૩, ૫૫, ૫૬, ૫૮, ૫૯, ૬૦, ૬૧, ૬૨, ૬૩, ૬૪, ૬૮, ૬૯, ૭૨, ૭૩, ૭૬, ૭૭, ૮૦, ૮૧, ૮૨, ૮૩, ૮૪, ૮૮, ૯૦, ૯૧, ૯૪, ૯૭, ૯૯, ૧૦૦, ૧૦૩, ૧૦૪, ૧૦૬ અને ૧૦૮ રજૂ કરવામાં આવી.**

**માગણીઓ ક્રમાંક ૧, ૭, ૮, ૧૧, ૧૯, ૨૧, ૨૪, ૨૫, ૨૮, ૩૨, ૩૪, ૩૫, ૩૮, ૪૧, ૪૫, ૪૬, ૪૭, ૪૮, ૫૨, ૫૩, ૫૫, ૫૬, ૫૮, ૫૯, ૬૦, ૬૧, ૬૨, ૬૩, ૬૪, ૬૮, ૬૯, ૭૨, ૭૩, ૭૬, ૭૭, ૮૦, ૮૧, ૮૨, ૮૩, ૮૪, ૮૮, ૯૦, ૯૧, ૯૪, ૯૭, ૯૯, ૧૦૦, ૧૦૩, ૧૦૪, ૧૦૬ અને ૧૦૮ મત માટે**

**મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.**

**અધ્યક્ષશ્રી :** હું ગુજરાત રાજ્ય વિધાન મંડળને લગતી માગણી ક્રમાંક ૩૬ અને ૩૭ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક : ૩૬ અને ૩૭ રજૂ કરવામાં આવી.**

**માગણી ક્રમાંક : ૩૬ અને ૩૭ મત માટે મૂકવામાં આવી અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવી.**

**કામકાજ સલાહકાર સમિતિનો બીજો અહેવાલ**

**અધ્યક્ષશ્રી :** ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૧૯૨ અન્વયે મળેલ સત્તાની રૂએ હું કામકાજ સલાહકાર સમિતિનો બીજો અહેવાલ રજૂ કરું છું.

સમિતિની બેઠક સોમવાર તા. ૨૫-૩-૨૦૧૩ના રોજ સવારે ૧૧-૦૦ વાગ્યે અધ્યક્ષના સમિતિ ખંડમાં મળી હતી. સમિતિએ નીચે દર્શાવ્યા મુજબ ભલામણો કરી છે.

૧. મંગળવાર તા. ૨૬-૩-૨૦૧૩ના રોજ નીચે દર્શાવ્યા મુજબના વિધેયકો ક્રમાનુસાર વિચારણા માટે હાથ ધરવા અને જરૂર જણાય તો સભાગૃહની બેઠકનો સમય લંબાવીને તેની વિચારણા પૂરી કરવી.

(૧) સન ૨૦૧૩નું વિધેયક ક્રમાંક-૩૩-સન ૨૦૧૩નું ગુજરાત વિનિયોગ વિધેયક.

(૨) સન ૨૦૧૩નું વિધેયક ક્રમાંક-૨૦-સન ૨૦૧૩નું ગુજરાત મુલ્ય વર્ધિત વેરા (સુધારા) વિધેયક.

(૩) સન ૨૦૧૩નું વિધેયક ક્રમાંક-૧૯-સન ૨૦૧૩નું ગુજરાત વિદ્યુત શુલ્ક (સુધારા) વિધેયક.

(૪) સન ૨૦૧૩નું વિધેયક ક્રમાંક-૧૮-સન ૨૦૧૩નું ગુજરાત મનોરંજન કર (સુધારા) વિધેયક.

(૫) સન ૨૦૧૩નું વિધેયક ક્રમાંક-૨૧-સન ૨૦૧૩નું ગુજરાત અગ્નિનિવારણ અને જીવનસુરક્ષા ઉપાય વિષેયક વિધેયક.

(૬) સન ૨૦૧૩નું વિધેયક ક્રમાંક-૧૬-સન ૨૦૧૩નું ગુજરાત વ્યાવસાયિક ટેકનિકલ શૈક્ષણિક કોલેજો અથવા સંસ્થાઓ (પ્રવેશ નિયમન અને ફી નિર્ધારણ) બાબત (સુધારા) વિધેયક.

૨. સોમવાર તા.૧/૪/૨૦૧૩ના રોજ નીચે દર્શાવ્યા મુજબના વિધેયકો ક્રમાનુસાર વિચારણા માટે હાથ ધરવા અને જરૂર જણાય તો સભાગૃહની બેઠકનો સમય લંબાવીને તેની વિચારણા પૂરી કરવી.

(૧) સન ૨૦૧૩નું વિધેયક ક્રમાંક-૨૭-સન ૨૦૧૩નું રક્ષા શક્તિ યુનિવર્સિટી(સુધારા) વિધેયક.

(૨) સન ૨૦૧૩નું વિધેયક ક્રમાંક-૨૬-સન ૨૦૧૩નું ગુજરાત ખાનગી યુનિવર્સિટી(સુધારા) વિધેયક.

(૩) સન ૨૦૧૩નું વિધેયક ક્રમાંક-૩૦-સન ૨૦૧૩નું ગુજરાત સહકારી મંડળીઓ (દ્વિતીય-સુધારા) વિધેયક.

(૪) સન ૨૦૧૩નું વિધેયક ક્રમાંક-૨૫-સન ૨૦૧૩નું ગુજરાત લિફ્ટ અને સરકતી સીડી (સુધારા) વિધેયક.

(૫) સન ૨૦૧૩નું વિધેયક ક્રમાંક-૩૨-સન ૨૦૧૩નું ગુજરાત (જાહેર સેવા અંગેનો નાગિરકોનો અધિકાર) વિધેયક.

(૬) સન ૨૦૧૩નું વિધેયક ક્રમાંક-૨૩-સન ૨૦૧૩નું ગુજરાત રાજ્ય શાળા સેવા આયોગ વિધેયક.

૩. મંગળવાર તા.૨/૪/૨૦૧૩ના રોજ સભાગૃહની બે બેઠકો રાખવી. પહેલી બેઠકના દિવસના કામકાજની યાદીમાં નીચે દર્શાવ્યા મુજબના વિધેયકો ક્રમાનુસાર વિચારણા માટે હાથ ધરવા. પ્રથમ બેઠકમાં વિચારણા માટે બાકી રહેલ વિધેયકો બીજી બેઠકમાં વિચારણા માટે હાથ ધરવા અને જરૂર જણાય તો સભાગૃહની બીજી બેઠકનોસમય લંબાવીને તેની વિચારણા પુરી કરવી.

(૧) સન ૨૦૧૩નું વિધેયક ક્રમાંક-૩૧-સન ૨૦૧૩નું ગુજરાત સ્ટેમ્પ (સુધારા) વિધેયક.

(૨) સન ૨૦૧૩નું વિધેયક ક્રમાંક-૨૮-સન ૨૦૧૩નું ગુજરાત સહકારી મંડળીઓ (સુધારા)

વિધેયક.

(૩) સન ૨૦૧૩નું વિધેયક ક્રમાંક–૨૨–સન ૨૦૧૩નું ગુજરાત યુનિવર્સિટીઓ કાયદા (સુધારા) વિધેયક.

(૪) સન ૨૦૧૩નું વિધેયક ક્રમાંક–૨૪–સન ૨૦૧૩નું ગુજરાત લોકાયુક્ત આયોગ વિધેયક.

સંસદીય બાબતોના મંત્રીશ્રીનો પ્રસ્તાવ

શ્રી ગણપતભાઇ વે. વસાવા (સંસદીય બાબતોના મંત્રીશ્રી) **:** માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, ''આ સભાગૃહ કામકાજ સલાહકાર સમિતિના બીજા અહેવાલ સાથે સંમત થાય. ''

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**( વિરામ : બપોરના ૨–૦૪ થી ૩–૧૫ )**

**અધ્યક્ષશ્રી, અધ્યક્ષસ્થાને.**

અધ્યક્ષશ્રી : ઓર્ડર...ઓર્ડર...

અધ્યક્ષશ્રીનો નિર્ણય

સંકલ્પની દાખલપાત્રતા તથા તેની ચર્ચા અંગે.

અધ્યક્ષશ્રી : મારે એક રૂલીંગ આપવાનું છે.

" તા. ૧૪–૩–૨૦૧૩ના રોજ સભ્યશ્રી સંજયકુમાર પટેલનો બિન સરકારી સંકલ્પ ગૃહમાં રજૂ કરવાના તબક્કે વિરોધપક્ષના દંડક માનનીય શ્રી બળવંતસિંહ રાજપૂતે ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૩૪(૪), ૯૪(૨), ૯૪(૫) અને ૧૧૮(ખ)ને ટાંકીને પોઇન્ટ ઓફ ઓર્ડર ઉપસ્થિત કરી રજૂઆત કરી હતી કે, પ્રસ્તુત સંકલ્પ ગુજરાત વિધાનસભાના ઉક્ત નિયમોના ઉલ્લંઘન સમાન હોઇ તેમજ કેન્દ્ર સરકારની ટીકા કરતો હોવાથી દાખલપાત્ર નથી તેથી તેની ચર્ચા ગૃહમાં થઇ શકે નહીં. આ ઉપરાંત તેમણે સંકલ્પના પાંચમા અને આઠમા ફકરાનો ઉલ્લેખ કરી જણાવેલ કે સૂચિત કોમ્યુનલ વાયોલન્સ બિલ તેમજ ધી પબ્લિક સર્વિસ (પ્રોટેકશન એન્ડ રેગ્યુલેશન) બિલ, ૨૦૧૦ સંસદમાં પસાર થયા નથી ત્યારે તેની જોગવાઇઓની ચર્ચા વિધાનસભા ગૃહમાં થઇ શકે નહીં. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, આ બંને વિધેયકોની ચર્ચા સંસદમાં થઇ શકે, વિધાનસભામાં તેની ચર્ચા થઇ શકે નહીં.

ત્યારબાદ આ સંબંધમાં માનનીય વિરોધપક્ષના નેતા શ્રી શંકરસિંહ વાઘેલા તથા સંસદીય બાબતોના રાજ્ય કક્ષાના મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજાએ પોતાના મંતવ્યો વ્યકત કર્યા હતા. તત્સમયે ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ–૯૫ ની જોગવાઇ ટાંકીને વિરોધપક્ષના દંડકશ્રી રાજપૂતનો પોઇન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો મેં નામંજૂર કર્યો હતો અને વિગતવાર નિર્ણય પછીથી આપવાનું જણાવ્યું હતું. હવે આ સંબંધમાં મારો વિગતવાર નિર્ણય હું જાહેર કરું છું.

શ્રી રાજપૂતે ઉપસ્થિત કરેલ પોઇન્ટ ઓફ ઓર્ડરના મુદ્દા સંબંધમાં તેમણે ટાંકેલ નિયમ ૩૪(૪), ૯૪(૨), ૯૪(૫) અને ૧૧૮(ખ)ની જોગવાઇઓ હું જોઇ ગયો છું. નિયમ ૩૪(૪)ની જોગવાઇ અનુસાર સંકલ્પમાં સંસદ અથવા કોઇપણ રાજ્ય વિધાનમંડળના સંચાલન કે કાર્યવાહી સંબંધમાં અપમાનજનક શબ્દો વાપરી શકાય નહીં. માનનીય સભ્યશ્રી સંજયકુમાર પટેલના મેં દાખલ કરેલ સંકલ્પમાં સંસદ અથવા કોઇ પણ રાજ્ય વિધાનમંડળના સંચાલન કે કાર્યવાહી સંબંધમાં કોઇપણ અપમાનજનક શબ્દોનો ઉલ્લેખ નથી. નિયમ ૯૪(૨) અને ૧૧૮(ખ)ની જોગવાઇઓ અનુસાર સંકલ્પમાં દલીલો, અનુમાનો, વક્રોક્તિઓ અને બદનક્ષીભર્યા વિધાનો હોવા જોઇએ નહીં. મેં તત્સમયે જ વિરોધપક્ષના દંડકશ્રી રાજપૂતને સંકલ્પમાં આવા કોઇ પણ વિધાનો હોય તો મારા ધ્યાને લાવવા જણાવ્યું હતું પરંતુ તેઓ તે દર્શાવી શક્યા ન હતા. નિયમ ૯૪(૫)ની જોગવાઇ અનુસાર પ્રસ્તાવ/સંકલ્પ નિયમ ૩૪ના પેટા નિયમ–૨ના ખંડો (૧), (૨), (૩), (૧૦) અને (૧૧)માં જણાવેલ કોઇ પણ બાબતને લગતો હોવો જોઇએ નહીં. નિયમ ૩૪ના પેટા નિયમ (૨)

ના ખંડો (૧) અને (૨) ની જોગવાઇ મુજબ સંકલ્પમાં સબજ્યુડીશ બાબત અંગેનો ઉલ્લેખ હોવો જોઇએ નહીં. માનનીય સભ્યશ્રી સંજયકુમાર પટેલના સંકલ્પમાં સબજ્યુડીશ બાબતનો કોઇ ઉલ્લેખ કરવામાં આવ્યો નથી. આ ઉપરાંત નિયમ ૩૪ના પેટા નિયમ (૨) ના ખંડ (૩), (૧૦) અને (૧૧) માં જણાવેલ કોઇ પણ બાબતને લગતા ઉલ્લેખો સંકલ્પમાં કરવામાં આવ્યા નથી. માનનીય દંડક શ્રી રાજપૂતની રજૂઆત મુજબ સંકલ્પમાં ઉલ્લેખ કરેલ બિલો સંસદે પસાર કર્યા નથી ત્યારે તે બિલની જોગવાઇઓનો ઉલ્લેખ સંકલ્પમાં કરી શકાય નહીં તથા તેની ચર્ચા પણ વિધાનસભાગૃહમાં થઇ શકે નહીં, તેમ તેમનું કહેવું યોગ્ય નથી. સંસદ તથા રાજ્ય વિધાનમંડળોની બિલો પસાર કરવા અંગેની કાર્યરીતિના નિયમોનુસાર કોઇ પણ બિલ ગૃહમાં દાખલ થાય ત્યારબાદ જ બિલને રાજ્યપત્રમાં પ્રસિદ્ધિ આપવામાં આવે છે. બિલને રાજ્યપત્રમાં પ્રસિદ્ધિ આપ્યા બાદ જ બિલની જોગવાઇઓને માધ્યમોમાં પ્રસિદ્ધિ મળે છે. બિલ પસાર કરવાની કાર્યરીતિના નિયમોમાં બિલની જોગવાઇઓની પુખ્ત વિચારણા અર્થે પ્રવર સમિતિની રચના કરીને બિલ સમિતિને સોંપવામાં આવે છે. પ્રવર સમિતિના કાર્યરીતિના નિયમોનુસાર સમિતિ પણ બિલના વિષય સાથે સંબંધ ધરાવતી વ્યક્તિઓ / સંસ્થાઓ કે બિલના વિષય પરના તજજ્ઞોનો અભિપ્રાય મેળવી શકે છે અથવા સંબંધકર્તા સાથે પરામર્શ કરી શકે છે. આ ઉપરાંત કાર્યરીતિના નિયમોની જોગવાઇ મુજબ સંસદ / વિધાનસભાના બિલની જોગવાઇઓ અંગે જાહેર અભિપ્રાય પણ મેળવી શકે છે. આમ સંકલ્પમાં ઉલ્લેખ કરેલ બિલોની જોગવાઇઓના સંદર્ભમાં રાજયોની સ્વાયત્તતા સંબંધેના અધિકારો બાબતે અન્ય રાજયો સાથે પરામર્શ કરવા માટે કેન્દ્ર સરકાર સમક્ષ અસરકારક રજૂઆત કરવા રાજય સરકારને અનુરોધ કરવાનો સભ્યશ્રીનો ઇરાદો છે. સંકલ્પનો મૂળ હાર્દ રાજયોના અધિકારો સંબંધે કેન્દ્ર સરકાર તથા અન્ય રાજયો સાથે પરામર્શ કરે તે મુજબનો છે. જે બંધારણની કલમ ૧૯૪ થી આ ગૃહ તથા તેના સભ્યોને મળેલ બંધારણીય અધિકાર સાથે સુસંગત છે. આમ બંધારણ તેમજ વિધાનસભાના નિયમોની જોગવાઇઓ સાથે સંકલ્પ સુસંગત હોવાથી મેં તત્સમયે પોઇન્ટ ઓફ ઓર્ડરના મુદ્દાનો અસ્વીકાર કર્યો હતો.

એક બાબત તરફ સૌ સભ્યોનું ધ્યાન દોરવાનું કે પ્રસ્થાપિત થયેલ પ્રેક્ટિસ અનુસાર તેમજ પૂર્વ અધ્યક્ષોના નિર્ણયો અનુસાર કોઇપણ સૂચનાને જયારે અધ્યક્ષે દાખલ કરી હોય ત્યારે તેની દાખલ પાત્રતા સંબંધમાં ગૃહમાં કોઇ મુદ્દો ઉપસ્થિત કરી શકાતો નથી તેથી ભવિષ્યમાં ગૃહના સર્વે સભ્યશ્રીઓને આ બાબત ધ્યાનમાં રાખવા વિનંતી છે.

બિનસરકારી સંકલ્પો

સંસદના બન્ને ગૃહોએ પસાર કરેલ પાકિસ્તાન સંદર્ભે ઠરાવના સમર્થનમાં આક્રમક પગલાં લેવા અંગે.

શ્રી મેઘજીભાઇ અ. ચાવડા(કાલાવડ) : માનનીય અધ્યક્ષશ્રી, હું સંકલ્પ રજૂ કરું છું કે,

" ભારતીય સંસદ પર હુમલાના દોષિત અફઝલ ગુરુ સામે ભારતની અદાલતે કામ ચલાવી તેને દેહાંત દંડની સજા ફરમાવેલ હતી. આ સજા સામેની ભારતના રાષ્ટ્રપતિ સમક્ષ કરવામાં આવેલ દયા અરજી રાષ્ટ્રપતિએ નામંજૂર કર્યા બાદ અફઝલ ગુરુને ફાંસી આપવામાં આવી હતી.

તાજેતરમાં પાકિસ્તાનની સંસદે ભારત દ્વારા અફઝલ ગુરુને ફાંસી આપવાની ઘટનાને વખોડતો અને તેનો મૃતદેહ તેના કુટુંબીજનોને સોંપવાની માગણી કરતો એક ઠરાવ પસાર કરીને ભારતની આંતરિક બાબતમાં સીધો હસ્તક્ષેપ કરવાનો પ્રયાસ કરેલ છે. ભારતીય સૈનિકોના માથાં વાઢી નાખવાની ઘટના, હૈદરાબાદના બોમ્બ વિસ્ફોટ, શ્રીનગરના સી.આર.પી.એફ. કેમ્પ ઉપરનો હુમલો અને છેલ્લે પાકિસ્તાન નેશનલ એસેમ્બલીએ પસાર કરેલ ઠરાવ પાકિસ્તાનના બદઇરાદાની પરાકાષ્ઠા છે. પાકિસ્તાનની સરકારનું આતંકી હુમલા અંગે સ્વીકૃતિ આપતું આ સત્તાવાર નિવેદન છે. આવા કટ્ટરવાદી અને આતંકવાદી તત્વોને પ્રત્યક્ષ અને પરોક્ષ રૂપે ટેકો આપી ભારતમાં ત્રાસવાદ ફેલાવવાના ષડયંત્રમાં પાકિસ્તાન સરકારનો સહયોગ હોવાનું સ્પષ્ટ દેખાઇ આવે છે. લોકસભામાં આ બાબતે ૧૫મી માર્ચ, ૨૦૧૩ના રોજ જોરદાર ઉહાપોહ થયો અને સંસદના તમામ પક્ષોએ આ બાબત અંગે પાકિસ્તાનને કડક સંદેશો મોકલવો જોઇએ તેવી માગ ઉઠાવી હતી. રાજ્યસભામાં પણ પાકિસ્તાન સાથેના સંબંધો અંગે પુનઃવિચારણા કરવા સરકારને અનુરોધ થયેલો. આ સંદર્ભમાં ભારતીય સંસદના બન્ને ગૃહોએ ઠરાવ પસાર કરી ભારતના સાર્વભૌમત્વ, સંસદની ગરિમા અને

ભારતના ઉચ્ચતમ ન્યાયાલયની સર્વોચ્ચતાને પડકારતા પાકિસ્તાન નેશનલ એસેમ્બલીના તા.૧૪મી માર્ચ, ૨૦૧૩ના ઠરાવને વખોડી કાઢેલા છે.

આ ઉપરાંત કેરાલાના બે ભારતીય માછીમરોના હત્યાના કેસમાં સંડોવાયેલા ઇટાલીના નૌકાદળના બે સૈનિકોને ઇટાલીની સરકાર દ્વારા ભારતને પાછા ન સોંપવાની ઘટના પણ વિદેશી સરકારનું આ દેશ પર ખુલ્લું આક્રમણ છે. આ બે આરોપીઓને ભારત પરત મોકલવાનો ઇટાલી સરકારે ઇન્કાર કર્યો છે. ખુદ ભારતના વડાપ્રધાને પણ ઇટાલીના વડાપ્રધાનને સંદેશો મોકલી આ બાબતમાં નારાજગી દર્શાવી છે. ઇટાલીની સરકારનું આંતરરાષ્ટ્રીય સંધિઓ વિરુદ્ધનું આ પગલું ભારતના ન્યાયિક અધિકારોમાં હસ્તક્ષેપ કરનારું છે.

વિવિધ રાજકીય પક્ષોના સંસદસભ્યોએ ચર્ચામાં ભાગ લેતાં કેન્દ્ર સરકારને અનુરોધ કરેલ છે કે, ભારતના સ્વમાનનું કોઇ પણ ભોગે રક્ષણ કરવા તથા પાકિસ્તાન અને ઇટાલી જેવા રાષ્ટ્રો જેણે આપણા રાષ્ટ્ર સામે ખુલ્લી દુશ્મનાવાટ અને આક્રમકતા બતાવેલ છે, તેની સાથે તમામ રાજદ્વારી સંબંધો કાપી નાખવા તાત્કાલિક પગલાં લેવા જોઇએ. વધુમાં, સાંસદોએ આ બાબતે અસાધારણ હિંમત દર્શાવવા ભારત સરકારને અનુરોધ કરેલ છે, જેથી કરીને ભવિષ્યમાં કોઇ પણ વિદેશી રાષ્ટ્ર ભારતની લોકશાહીને પડકારવા આ રીતે ખતરનાક અથવા ખંડનાત્મક માર્ગ લઇને આપણા રાષ્ટ્રમાં અતિક્રમણ કરવાનું સાહસ ન કરે.

સંસદના બન્ને ગૃહોએ પસાર કરેલ પાકિસ્તાન સંદર્ભે ઠરાવના સમર્થનમાં આ વિધાનસભા ગૃહ પણ સર્વસંમતિથી ઠરાવ પસાર કરે અને રાષ્ટ્રીય હિતના આ મુદ્દા પર મક્કમપણે અને સંપૂર્ણ એકતા સાથે પાકિસ્તાન અને ઇટાલી જેવી વિદેશી તાકાતોનો મુકાબલો કરવા કટિબદ્ધ છે તે પ્રતિપાદિત કરે. આ બન્ને ઘટનાઓને કારણે ભારતે આવા દેશો માટેની વિદેશનીતિની નવેસરથી સમીક્ષા કરવા માટે પગલાં લેવા જોઇએ તેવું આ સભાગૃહનું મંતવ્ય છે. ભારત માટે હવે આ મામલો દેશનાં સાર્વભૌમત્વનો તેમજ વિશ્વની સૌથી મોટી લોકશાહીના ગૌરવ અને સન્માનને જાળવવાનો છે. ઉપર્યુક્ત સંજોગોમાં આ સભાગૃહ આ બાબતો અંગે આક્રમક પગલાં લેવા કેન્દ્ર સરકારને અનુરોધ કરે છે.

**સંકલ્પ રજૂ કરવામાં આવ્યો.**

પોઇન્ટ ઓફ ઓર્ડર
સબજ્યુડીસ મેટર અંગે

શ્રી શૈલેષ મ. પરમાર(દાણીલીમડા) : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફર ઓર્ડર છે. ગુજરાત વિધાનસભાના નિયમ ૩૪ અનુસાર કલમ નં.–૨ માં કોઇપણ ન્યાયિક અથવા અંશતઃ ન્યાયિક કાર્યો બજાવવાને કોઇપણ કાયદા અન્વયે નિયુક્ત કરેલ કોઇપણ ટ્રિબ્યુનલ અથવા પ્રાધિકારી સમક્ષ અથવા કોઇપણ બાબતની ચોકસાઇ અથવા તપાસ કરવાને નીમાયેલા કોઇપણ કમિશન અથવા તપાસણી કોર્ટ સમક્ષ અનિર્ણિત હોય તેવી કોઇપણ બાબત વિશે ઉલ્લેખ કરવો નહીં. આમાં ઇટાલી માટેનો જે ઉલ્લેખ કરવામાં આવ્યો છે. જ્યારે આ સંકલ્પ દાખલ કરવામાં આવ્યો હશે, ત્યારે ઇટાલીના જે બે વ્યક્તિઓ છે, તેઓ દેશ છોડીને જતા રહ્યા છે તે સુપ્રીમ કોર્ટના ગાઇડન્સ મુજબ ઇટાલીના રાજદૂતે સુપ્રીમ કોર્ટમાં બાંહેધરી આપી હતી. એના આધારે એ લોકો ઇટાલી ગયા હતા. કેન્દ્રની યુ.પી.એ. સરકાર અને ભારતના વડાપ્રધાન મનમોહન સિંહના અડગ સ્વભાવના લીધે એમના નિવેદનના લીધે ઇટાલીથી આ બંને નાગરિકો સુપ્રીમ કોર્ટમાં હાજર થઇ ગયા છે. મારી આપને વિનંતી છે કે ઇટાલી બાબતમાં જે વખતે સંકલ્પ લાવ્યા, ત્યારે આ બંને નાગરિકો હતા તેઓ આજે હિન્દુસ્તાનમાં પરત આવી ગયા છે, ત્યારે આ બાબતની સભાગૃહમાં ચર્ચા ન થાય તેવી મારી વિનંતી છે.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી શૈલેષભાઇએ જે ૩૪ નિયમ બતાવ્યો. સંસદીય પ્રણાલિકા બુકમાં પાન નં.૩૦૦ માં સ્પષ્ટપણે જોગવાઇ છે કે કોઇપણ ન્યાયિકા કોઇપણ ન્યાય અથવા ન્યાયિક કાર્ય બજાવતા કોઇપણ કાયદાના નિયુક્ત કરેલ કોઇપણ ટ્રિબ્યુનલ અથવા પ્રાધિકારી સમક્ષ કોઇપણ બાબતની ચોકસાઇ અથવા તપાસ કરવા માટે નીમાયેલા કોઇપણ કમિશન અથવા તપાસણી કોર્ટ સમક્ષ વિચારણા માટેની તેવી કોઇ બાબત વિષે પ્રશ્ન પૂછી શકાતા નથી, પરંતુ કમિશન અથવા

ટ્રિબ્યુનલ અથવા તેની સમક્ષ તપાસ વિશે એ તબક્કાના પ્રશ્નો પૂછી શકાય તેવા બાબતમાં પૂરતા આંતરિક પ્રશ્નો દાખલ કરી શકાય નહિ. એક એ છે અને બીજુ છે આપણા અગત્યના નિયમોમાં પણ સ્પષ્ટ જોગવાઈ છે કે પાન નં. ૧૬૨ ઉપર એની અંદર સ્પષ્ટ લખેલ છે કે કોર્ટમાં જ્યારે આ મુદ્દો ચાલતો હોય, ત્યારે આપણે અહીયા આગળ એની ચર્ચા કરી શકાય નહિ. આ કિસ્સો સુપ્રીમ કોર્ટમાં ચાલે છે. એની બાબતમાં જે ટીકાત્મક થઇ હતી. લોકો પાછા આવી ગયા છે. ઓર્ડર થઇ ગયો છે. આજે કોર્ટમાં ચાલુ છે. મારી વિનંતી છે કે ફકરા નં.૨ છે, એમાં સ્પષ્ટપણે ઇટાલીનો જે ઉલ્લેખ કરવામાં આવ્યો છે. તે બાબતે અમે આપનું ધ્યાન દોરીએ છીએ. આ બાબતની અહીયા આગળ ચર્ચા થઇ શકે નહીં.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી શૈલેષભાઇએ જે પોઇન્ટ ઓફ ઓર્ડર ઉઠાવ્યો છે, એના સંદર્ભમાં મારે માનનીય અધ્યક્ષશ્રીના નિર્ણયો અને એમાં ૨૦૦૮ થી ૨૦૧૨ દરમ્યાન એના પાન નં.૧૦૩ માં નિર્ણય નં. ૬૫ અને ૬૫ માં દાખલ પાત્રતાના સંદર્ભમાં માનનીય અધ્યક્ષશ્રીએ આપેલ ચુકાદાના સંદર્ભમાં જાહેર હિતની બાબતો અંગેની ચર્ચાને સબજ્યુડીશનો નિયમ લાગુ પડે નહીં. આ ભારતના નાગરિકોની હત્યાનો પ્રશ્ન બંધારણ હેઠળ નાગરિકોના મૂળભૂત અધિકારોને સીધી સ્પર્શતી બાબત છે. અને આ વિધાનસભા ગૃહમાં તે સંદર્ભમાં ચર્ચા વિચારણા કરવા માટે માનનીય સભ્યશ્રી મેઘજીભાઇએ આપણી સમક્ષ ઉપસ્થિત કર્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, કોલ અને શકધરમાં જે રીતના ઉલ્લેખો છે તેમાં પ્રિસાઇડીંગ ઓફીસરોની સમિતિએ જે ગાઇડ લાઇન્સની ભલામણ કરી હતી તે ગાઇડ લાઇન્સની ભલામણ અનુસાર વાણી સ્વાતંત્ર્ય એ મૂળભુત અધિકાર છે અને જયારે ન્યાયાધિન બાબત જાત ઉપર મૂકેલ નિયંત્રણ છે. ત્યારે જયારે જરૂર જણાય ત્યારે વાણી સ્વાતંત્ર્યના અધિકાર ઉપર આપણે તરાપ નહીં મૂકી શકીએ. આ દેશના નાગરિકોની થયેલી નિર્મમ હત્યાનો સવાલ છે. મધદરિયે કોઇ એક દેશના નાગરિકો આ રીતે બેરહમ રીતે તેમની કતલ કરી નાંખે તો આ વિધાનસભાના સભ્ય માનનીય મેઘજીભાઇ તેના અંગેની ચિંતા કરીને જે સંકલ્પ લાવ્યા છે તેના સંદર્ભમાં આમાં સબજયુડીસનો કોઇ મુદ્દો રહેતો નથી. આ વાણી સ્વાતંત્ર્યના અધિકારના આધાર ઉપર ઉપસ્થિત કરેલો મુદ્દો છે. આ સબજયુડીસ કરતાં ઉપરનો મુદ્દો હોઇ સન્માનનીય સભાગૃહમાં આની અંદરનો કોઇ પોઇન્ટ ઓફ ઓર્ડર રહેતો નથી.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, ભૂતકાળમાં પણ ૨૦૦૮ થી ૨૦૧૨માં સબજયુડીસ માટે ૧૨–૩–૦૮ના રોજ ગૃહમાં માગણી પર વિપક્ષના નેતા અર્જુનભાઇ મોઢવાડિયાએ પૂર્વ સ્વ.મંત્રી હરેનભાઇ પંડયાના હત્યા કેસનો ઉલ્લેખ કરતાં સંસદીય બાબતોના મંત્રી અમિતભાઇ શાહે પોઇન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ઉપસ્થિત કર્યો હતો. ત્યારે જે બાબત સબજયુડીસ હોઇ, હાઇકોર્ટ પણ તેના ઉપર વિચારણા કરી રહી હોય તેના ઉપર ગૃહમાં ચર્ચા કરી શકાય નહીં. ચુકાદામાં પણ સ્પષ્ટ છે તે વખતે અશોક ભટ્ટ સાહેબે સંસદીય મંત્રીશ્રીના પોઇન્ટ ઓફ ઓર્ડરના મુદ્દાને ગ્રાહ્ય રાખવાનું કહ્યું હતું. સભાગૃહના નિયમો કર્યા પછી તેને જાળવવાની આપણી પરંપરા રહેલી છે અને તેનો હેતુ કોર્ટમાં પડેલા કેસો ઉપર સભાગૃહમાં ચર્ચા થઇ શકે નહીં, કેસ સાથે સંકળાયેલા વ્યક્તિના નામ સાથે અથવા નામ લીધા વિના, આ સબજયુડીસ બાબતમાં નિયમોની મર્યાદાનો ભંગ થતો હોઇ સ્પષ્ટપણે જણાઇ આવે છે. આમ જણાવી માધ્યમો બાબતને પ્રસિદ્ધિ આપતાં પહેલાં સંયમ જાળવે તે હેતુથી સબજયુડીસ બાબત અંગે સભ્યશ્રીએ કરેલા ઉચ્ચારણો તે વખતે દૂર કરવામાં આવ્યા હતા. ૨૦૦૮ થી ૨૦૧૨માં પાન નં.૪૬ ઉપર ૨૬ નંબરનો મુદ્દો છે.

અધ્યક્ષશ્રી : સવાલ એ છે કે નિયમ ૧૧૭ અને ૧૧૮ મુજબ જે સંકલ્પ હોય તે સંકલ્પના પેટા નિયમ ૧૧ની અંદર સ્પષ્ટ છે કે ૩૪ના નિયમને આધીન રાખીને વાત કરવાની. જે મેટર સબજયુડીસ હોય તે આવી શકે નહીં. સવાલ એ છે કે અહીં જે ચર્ચા કરવાની છે તે કોર્ટમાં તેને સજા કરે કે છોડી મૂકે, તેના માટેની સજાની કોઇ ટિપ્પણ હોય, તેની ફરિયાદ છે તેના માટેનો સવાલ નથી. સવાલ બે રાષ્ટ્રો વચ્ચેની ઇન્ટરનેશનલ વિશ્વસનીયતા છે તે એક રાષ્ટ્રને બીજા રાષ્ટ્ર વચ્ચે સંબંધ કેવો હોવો જોઇએ તેના માટેની વાત છે. મારી પાસે પ્રસ્તાવ આવ્યો ત્યારે બહુ લાંબો હતો. બીજી પણ બાબત હતી તે મેં કાઢી નાંખી છે. આપને સૌને ખબર છે કે અહીંયાં કેન્દ્રના પ્રયત્નથી અને તેની કડકાઇથી ફરીથી બે લોકોને રજુ કરી દીધા છે. સુપ્રીમ

કોર્ટે કહ્યું છે તે પ્રમાણે. સુપ્રીમ કોર્ટે સાચું કહ્યું છે કે ખોટું કહ્યું છે, આમાં સુપ્રીમ કોર્ટની કોઇ ચર્ચા આવવાની નથી. કોર્ટ પાસે જે મેટર પડી છે તે મેટરની પણ ચર્ચા નથી આવવાની. એટલે જ મેં આ છેલ્લી લીટીમાં કરાવ્યું છે કે ઇટાલી સરકારનું આંતરરાષ્ટ્રીય સંધીઓ વિરુદ્ધનું આ પગલું ભારતના ન્યાયિક અધિકારોમાં હસ્તક્ષેપ કરનારું છે. એટલે ભારત સાથેની ઇટાલીની જે વર્તણૂક છે તે વર્તણૂક માટેની વાત છે. તે લોકોએ માછીમારોના ખૂન કર્યા. ખૂન કર્યા પછી તે દોષને પાત્ર છે કે નિર્દોષ છે તેના માટેની વાત નથી, પણ એક રાષ્ટ્રનો ગુનેગાર બીજા રાષ્ટ્રની અંદર હોય તો જે રાષ્ટ્રમાં ગુનો થયો છે તે રાષ્ટ્રના લોકોને સોંપી દેવા જોઇએ. અહીંયાં સવાલ જયુડીસરી બાબતનો નથી. બે રાષ્ટ્રો વચ્ચેના સંબંધ બાબતનો છે. માનનીય સભ્યશ્રીઓને હું કહીશ કે કોર્ટની અંદર એટલે કે સુપ્રીમ કોર્ટ પાસે આ મેટર પેન્ડીંગ છે તેના વિશેની કોઇ ચર્ચા કરવા દઇશ નહીં. એના વિશેની હું કોઇ ચર્ચા કરવા દઇશ નહીં. બે રાષ્ટ્રના સંબંધની અંદર અવિશ્વસનીયતા પ્રસ્થાપિત થઇ છે એના માટેનું ભારત સરકારનું વલણ સ્પષ્ટ રહે એટલી જ વાત છે. કોર્ટની અંદર પડેલી વાતની કોઇ વાત કરી શકાય નહીં એટલે આપનો પોઇન્ટ ઓફ ઓર્ડર હું એટલા માટે એલાઉ નથી કરતો કે આમાં સ્પષ્ટ લખ્યું છે કે, "ઇટાલીની સરકારનું આંતરરાષ્ટ્રીય સંધિઓ વિરુધ્ધનું આ પગલું ભારતના ન્યાયિક અધિકારોમાં હસ્તક્ષેપ કરનારું છે. " એટલાને જ ધ્યાનમાં રાખીને એની ચર્ચા થવાની છે, સુપ્રીમ કોર્ટમાં જે મેટર પડી છે, એની કોઇ ચર્ચા અહીં લાવવાની વાત નથી, એટલા માટે હું આ પોઇન્ટ ઓફ ઓર્ડર માન્ય રાખતો નથી. સાથે સાથે માનનીય સભ્યશ્રીઓને હું કહું છું કે, બાકીની વાત છે એ ભારતની પોલિસી માટેની વાત છે, પાર્લામેન્ટે પણ જેને એપ્રુવલ આપી છે એવી જ બાબત છે એની ચર્ચા કરશો. એ ચર્ચા કરતાં કોઇની વ્યક્તિગત ટીકા ન થાય, ન તો પાર્ટીની ટીકા થાય, ન વ્યક્તિગત ટીકા થાય. રાષ્ટ્રનું વલણ કડક રહ્યું છે એ રાષ્ટ્રએ પણ લોકસભામાં બતાવી આપ્યું છે એટલે મર્યાદિત રીતે બોલવામાં પણ જરાક સંકોચ રાખજો. પાકિસ્તાન સામેનો રોષ અહીંના લોકલ પક્ષો સામે ઠાલવવાની જરૂર નથી. એટલું ધ્યાનમાં રાખીને સૌ બોલશો એવી આપ સૌને વિનંતી છે.

શ્રી મેઘજીભાઇ અ. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, કોઇ પણ રાષ્ટ્ર કે દેશ માટે સલામતી એ અતિમહત્ત્વની બાબત છે. •(xxxxxx)કારણે આતંકવાદી પ્રવૃત્તિએ દેશમાં માઝા મૂકી છે.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, આપે અત્યારે હાલ જ સૂચના આપી છતાં પહેલા જ શબ્દોમાં માનનીય સભ્યશ્રી કહે છે કે, (xxxxxx)

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી, મેં જે રીતે કહ્યું છે એ લાઇન ઉપર આપના પ્રસ્તાવ ઉપર આપ બોલો. લોકલ પોલીટીક્સ આની અંદર ન આવવું જોઇએ. આ રાષ્ટ્રીય કક્ષાનો સવાલ છે, ખરેખર તો આ સવાલ રાજયનો નથી. આ રાષ્ટ્રીય કક્ષાનો સવાલ છે, એટલે આંતરિક રીતે કોઇ મતમતાંતર હોય એ પ્રદર્શિત કરવાની વાત નથી. રાષ્ટ્રીયતાને ધ્યાનમાં રાખી આના ઉપર બોલી શકો છો. એ શબ્દો જે બોલ્યા હોય એ શબ્દો દૂર કરું છું.

શ્રી મેઘજીભાઇ અ. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, ભારતની સંસદ ઉપર જે હુમલો કરીને દેશની ગરિમા ઉપર..

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, આપે દૂર કરવાનું કહ્યું, એ કોઇ શબ્દો ખોટા બોલ્યા નથી. એમણે એટલું જ કહ્યું કે, અફઝલગુરુને ફાંસી આપવાની બાબત, માનનીય અધ્યક્ષશ્રી, આમાં કોઇ....(અંતરાય) હા, એ કાઢી ન શકાય. આપ એ શબ્દો જોઇ લેજો, સાહેબ.

અધ્યક્ષશ્રી : આમાં લખેલું છે, આપ બેસી જાઓ. હું શબ્દો જોઇ લઇશ, એવું હશે તો હું દૂર કરીશ. સૌ સભ્યશ્રીઓને વિનંતી છે કે, આ રાષ્ટ્રીય કક્ષાનો સંકલ્પ છે એટલે આંતરિક ટીકા ટીપ્પણથી દૂર રહી અને રાષ્ટ્રીય મકકમતા વધે એ રીતે બધા બોલજો, એવી બધાને વિનંતી છે.

શ્રી મેઘજીભાઇ અ. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, દેશને આતંકવાદ સામે લડી શકે તેવા નેતૃત્વની જરૂરિયાત ઉભી થઇ છે. ત્યારે ગુજરાત આ દેશનું નેતૃત્વ પૂરું પાડી શકે તેમ હોઇ, લોકશાહીનું

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા.

ભારત દેશનું સન્માન જળવાય તે માટે આક્રમક પગલાં લેવા માટે સન્માનનીય સભાગૃહને મારો સંકલ્પ રજૂ કરું છું.

શ્રી શૈલેષ મ. પરમાર(દાણીલીમડા) : માનનીય અધ્યક્ષશ્રી, આજે જે બિન સરકારી સંકલ્પ લઇને માનનીય સભ્યશ્રી મેઘજીભાઇ ચાવડા આવ્યા છે એ સંકલ્પ આ દેશની એકતા, અખંડતિતતા માટે અને ત્રાસવાદ સામે લડવા માટેનો સારો સંકલ્પ છે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મેઘજીભાઇએ ચિંતા જો સૌરાષ્ટ્રમાં પાણીની ખૂબ તંગી છે..

અધ્યક્ષશ્રી : માનનીય શૈલેષભાઇ,આ સંકલ્પમાં પાણી આવે છે? આમાં તમારો સમય જાય છે.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, આ ત્રાસવાદીનો આ જે સંકલ્પ છે અને ખાસ કરીને પાકિસ્તાનની વાત આવતી હોય ત્યારે પાકિસ્તાન હંમેશા ગદ્દારી કરતું રહ્યું છે એનાથી આપણે સૌ ખૂબ પરિચિત છીએ. જે અફઝલ ગુરુની વાત કરવામાં આવી, આ અફઝલ ગુરુ એ જ કે જેણે એન.ડી.એ.ના શાસનની અંદર આ લોકશાહીના મંદિર એવા લોકસભા ઉપર જેણે હુમલો કર્યો હતો અને કોંગ્રેસની યુ.પી.એ.ની સરકારે જેને ફાંસી આપી હતી એ અફઝલ ગુરુ છે. પાકિસ્તાનની ચર્ચા થાય એટલે આપણું લોહી સો ટકા ઉકળે પણ હું ઇન્દિરા ગાંધીને યાદ કરું છું કે, આ જ ઇન્દિરા ગાંધીએ આ જ પાકિસ્તાન સામે બે વખત યુદ્ધ કરીને આ પાકિસ્તાનને પરાજીત કર્યું હતું. ફકત યુદ્ધ નહીં આજ ઇન્દિરા ગાંધીએ એક પાકિસ્તાનમાંથી બાંગ્લાદેશની રચના કરી હોય તો આ ઇન્દિરા ગાંધીએ કરી હતી. આ રાજયમાં પણ આતંકવાદીઓના બે હુમલા થયેલા છે. એ અક્ષરધામ હોય કે અમદાવાદ શહેરમાં થયેલો બોમ્બ બ્લાસ્ટ હોય, જે રીતે આપણે પાકિસ્તાનની આજે વાત કરીએ છીએ અફઝલ ગુરુ માટે એ બંને સંસદોએ જે ગૃહમાં રજૂ કરીને સર્વાનુમતે ઠરાવ રજૂ કર્યો છે અને આપણા ઠરાવના આધારે જ્યારે આપણે કેન્દ્ર સરકારને અનુરોધ કરવા જઇ રહ્યા છીએ ત્યારે મારે એક વાત કહેવી છે કે, આ સભાગૃહના એક સન્માનીય સભ્ય અને •(xxxxxx)

અધ્યક્ષશ્રી : નહીં, નહીં. એને અને આને શું લાગે વળગે છે?

શ્રી શૈલેષ મ. પરમાર : હું એ જ કહેવા માગુ છું. (અંતરાય)

અધ્યક્ષશ્રી : નહીં, નહીં. તમે જે કહેવા માગો છો એ નહીં ચાલે. આ રાષ્ટ્રીય કક્ષાનો સવાલ છે, લોકલ પ્રશ્ન કોઇ ન આવે આની અંદર.

શ્રી શૈલેષ મ. પરમાર : આ રાષ્ટ્રીય જ છે.

અધ્યક્ષશ્રી : નહીં, નહીં. જે (xxxxxx) શબ્દો બોલ્યા છે એ હું રેકર્ડ ઉપરથી દૂર કરું છું. તમે આના પર્વ્યુમાં જ બોલો.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું પાકિસ્તાનની જ વાત કરું છું. અને આના પર્વ્યુની જ વાત કરું છું.

અધ્યક્ષશ્રી : નહીં, નહીં. એમાં કોઇ પાકિસ્તાનવાળો આવીને એની હત્યા કરવા નહોતો આવ્યો એટલે એમાં કોઇ સવાલ નથી. જે ઠરાવ છે એને અનુરૂપ જ બોલો.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, જે રીતે કસાબની વાત થતી હોય, અફઝલ ગુરુની વાત થતી હોય તો એવો જ એક આતંકવાદી સુફિયાન મુફતી છે કે જે બાંગ્લાદેશની બોર્ડરથી પાકિસ્તાન જતો રહ્યો છે અને એની સીધી સંડોવણી છે આ આતંકવાદી એવો છે કે જેની સામે ઇન્ટરપોલે રેડ કોર્નર નોટિસ કાઢી છે અને હાલમાં એ પાકિસ્તાનમાં સ્થાયી થયો છે. મેં જે સ્વ. (xxxxxx) ની વાત કરી છે એ નામ એટલા માટે મારે બોલવું પડ્યું કે, એમની હત્યા સાથે આનો સંબંધ છે, આ હત્યામાં સુફિયાન મુફતીની સીધે સીધી સંડોવણી છે.(અંતરાય)

અધ્યક્ષશ્રી : એવું રેકોર્ડ ઉપર કાંઇ નથી. તમે તમારા મન ધારી વાત ન કરી શકો. મેં પહેલા પણ કહ્યું હતું (xxxxxx) વાળી વાત છે એ રેકર્ડ ઉપરથી દૂર કરવામાં આવે છે. એક એક આતંકવાદી કોણ છે, કોની

• માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો રેકર્ડ ઉપરથી દૂર કરવામાં આવ્યા.

સાથે સંબંધ છે અને કોની સાથે સંકળાયેલા છે? તમે આનું હાર્દ જૂઓ આપણે બધા ભેગા થઇ અને આપણે કેન્દ્ર સરકારને અનુરોધ કરવા માટેની જ આમાં વાત છે.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, આપણે ત્રાસવાદીની જ્યારે વાત કરતા હોઇએ, આતંકવાદીની આ સભાગૃહમાં જ્યારે ચર્ચા થતી હોય તો હું પણ એવા આતંકવાદીની ચર્ચા કરું છું કે જેને ટ્રાયલ કોર્ટમાં આરોપી નંબર ૧ તરીકે દર્શાવવામાં આવ્યો છે. હું ટેબલ ઉપર એ કાગળો મૂકવા તૈયાર છું કે જેને ઇન્ટરપોલ દ્વારા ત્રાસવાદી કહેવામાં આવ્યો છે અને આ હત્યા સાથે જેને સીધો સંબંધ છે એ વોન્ટેડ છે એ ટેબલ પર મૂકવા માગુ છું અને એની ચર્ચા કરું છું.

અધ્યક્ષશ્રી : મૂકજો ટેબલ પર.

શ્રી શૈલેષ મ. પરમાર : હા, માનનીય અધ્યક્ષશ્રી, એટલે મારી આ સભાગૃહને પણ વિનંતી છે કે જ્યારે આવી હત્યાની સાથે સુફિયાન મુફતી જ્યારે જોડાયેલો હોય ત્યારે આ ઠરાવની સાથે, આ સંકલ્પની સાથે આપણે કેન્દ્ર સરકારને અનુરોધ કરીએ કે આ ત્રાસવાદીને પણ ગુજરાતની સરકારને સોંપવા માટે આ રાજય સરકાર તરફથી અનુરોધ કરવામાં આવે છે.આ તો એવી વાત થઇ કે

**જીસને કુવા ભી દેખા ન થા, ઉસકો સમુન્દરો કી સલ્તનત દે દી ગઇ,**
**પાવવાલો કો બેડિયા ઔર લંગડો કો રફતાર દે દી ગઇ.**

એવી વાત થઇ. પાકિસ્તાનની વાત કરીને, પાકિસ્તાન આતંકવાદી રાષ્ટ્ર છે. આ ભારત એવું રાષ્ટ્ર છે કે ડો. મનમોહનસિંહના નેતૃત્વની અંદર રાષ્ટ્રની શક્તિશાળી સત્તા જેને કહેવાય એવા પાંચમા સ્થાને જો કોઇએ પહોંચાડ્યું હોય તો એ ભારતના વડાપ્રધાન ડો. મનમોહનસિંહે પહોંચાડ્યું છે. ભૂતકાળની અંદર જે યુદ્ધો થયાં એ યુદ્ધમાં પાકિસ્તાનને આપણે પરાસ્ત કર્યું, ભૂતકાળની અંદર એક કારગીલનું યુદ્ધ થયું હતું, અને એ યુદ્ધમાં આ સભાગૃહની અંદર હોય કે બહાર હોય પોતાની રાજકીય વાત કરવા માટે રાજીવ ગાંધીનું નામ આપવામાં આવતું હતું. રાજીવ ગાંધીના નામ સાથે બોફોર્સ કાંડ સાથે રાજીવ ગાંધીનું નામ જોડીને રાજકીય લાભ લેવાની વાત કરવામાં આવતી હતી. એ વખતે પાકિસ્તાન સાથે જે કારગીલનું યુદ્ધ થયું એમાં જો કોઇએ જીત અપાવી હોય તો આ બોફોર્સ તોપે એ જીત અપાવી છે. પાકિસ્તાનને તમાચો જો કોઇએ માર્યો હોય તો, પાકિસ્તાનને જો પીછેહઠ કરવી પડી હોય તો એ ફક્તને ફક્ત આ બોફોર્સ તોપે કરાવી હતી. (અંતરાય) પાકિસ્તાનની દલાલીની વાત નથી. જઇને દિલ્હી તમે પૂછી આવો તમારા નેતાઓને કે ઝીણાની દરગાહ પર મસ્તક નમાવવા માટે કોણ ગયું હતું?, તમે દિલ્હીમાં જઇને પૂછી આવો કે કંદહાર ખાતે અઝહર મઝૂદને મૂકવા માટે કોણ ગયું હતું? તમે એ પૂછીને આવો કે એની સાથે ૮૦૦ કરોડ રૂપિયા કોણ લઇને ગયું હતું? તમે એ પણ પૂછીને આવો કે મીંયા મુશરફ ભારતની ધરતી પર આવે અને તમારો જ એક નેતા એને જ્યારે સલામ મારતો હોય.

**શ્રી શંકરભાઇ લ. પટેલ(વાવ)** :માનનીય અધ્યક્ષશ્રી, ૧૫મી ફેબ્રુઆરીએ અરબ સાગરમાં ફીશરીંગ કરવા માટે ગયેલા નિર્દોષ ફિશરમેનોને ઇટાલીની નૌસેનાએ રહેંસી નાંખ્યા. ભારતના કોસ્ટગાર્ડે ત્રણ દિવસ સુધી સતત પીછો કરીને ૧૯મી તારીખના રોજ એમને પકડી પાડ્યા, મોતને મુખમાં લઇને આ દેશના સૈનિકોએ આ દેશના પ્રજાજનોના હત્યારાઓને પકડી લીધા. ૧૦૫ દિવસ સુધી આ લોકોને પોલીસ કસ્ટડીની અંદર રાખવામાં આવ્યા, જેલમાં નહિ. આ ઘટના ઉપરથી આપણા દેશવાસીઓમાં એક આખો આક્રોશ જાગ્યો, ખાસ કરીને ઇટાલીના આ દેશના નિર્દોષ લોકોના હત્યારા છે એની સામે પગલાં લેવાની અંદર કોઇ કચાશ તો નથી રહી ગઇને? થોડા દિવસ પછી વિષય એ આવ્યો કે એ લોકોને ઇટાલીની અંદર મતદાન કરવા માટે જવું છે અને એમને મતદાન કરવા જવા દેવા માટેની મંજૂરી મળવી જોઇએ. કેરળની હાઇકોર્ટની અંદર આ લોકોએ મતદાન કરવા માટેની પરવાનગી માંગી. નામદાર હાઇકોર્ટે કહ્યું કે આ અમારા પર્વ્યુમાં ન આવે તમે સુપ્રીમ કોર્ટની અંદર આ વિષયને લઇને જાઓ. એ જ દિવસે કોઇએ એમને મદદ કરી કે કેરળથી માંડીને દિલ્હીની અંદર માત્ર ગણતરીના કલાકોમાં જ આ દેશના માછીમારોના હત્યારાઓને દિલ્હી સુધી પહોંચતા કરે છે, એ જ દિવસે વિમાનની વ્યવસ્થા કરીને એ જ દિવસે ગણતરીના કલાકમાં એ લોકો દિલ્હી પહોંચે છે. મારે એ પણ જણાવવું છે કે, આ દેશના નાગરિકોના મનમાં પ્રશ્ન એ ઉભો થાય છે કે

ઇટાલીની સરકારે નોટિફિકેશન બહાર પાડીને કહ્યું છે કે, ઇટાલીની અંદર વિદેશમાં રહેતો કોઇ નાગરિક ઇ–મેઇલના માધ્યમથી મતદાન કરી શકશે. આવું નોટિફિકેશન છે. એ પછી પણ ઇટાલીના એમ્બેસેડર એવું કહે છે કે મતદાન કરવા માટેની મંજૂરી આપો. તો ભારત સરકારના લિગલ ડિપાર્ટમેન્ટે *(xxxxxx) **અધ્યક્ષશ્રી :** એક મિનિટ, આ શબ્દો રેકર્ડ પરથી હું કાઢી નાંખું છું. (xxxxxx) મેં પહેલાં જ વાત કરી

**શ્રી શંકરભાઇ લ. પટેલ** :માનનીય અધ્યક્ષશ્રી, હું સુપ્રીમ કોર્ટનું નથી કહેતો.

**અધ્યક્ષશ્રી :** એક મિનિટ, કોને, બેસો તમે, (અંતરાય) મારે કંઇ નથી સાંભળવુ, હું તેને કહું છું. તમારે જે હાઇકોર્ટની અંદર છે તે બોલવાનું નથી, આપણે સવાલ એ છે કે હાઇકોર્ટે તો પોતાનુ કામ કર્યું છે. સબજયુડિશ મેટરમાં જવાની જરૂર નથી. ઇટાલી અને ભારતના સંબંધ વચ્ચેનું પાલન ઇટાલીએ કરવું જોઇએ એ બાબતમાં જેટલું બોલવુ હોય એટલુ બોલો.

શ્રી શંકરભાઇ લ. પટેલ : એની એમ્બેસીએ વાત છૂપાવવાની જરૂર નહોતી સુપ્રીમ કોર્ટ પાસે કે અમે ઇ–મેઇલથી અમારો કોઇ પણ નાગરિક મતદાન કરી શકે છે. આ વાત એની એમ્બેસીએ ના કરી. આ વિષયની મારી વાત છે.

અધ્યક્ષશ્રી : તમારી બીજી વાત હવે આગળ ચલાવો.

શ્રી શંકરભાઇ લ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારે એ પણ વાત કરવી છે કે, આખા દેશની અંદર ૩૫૦૧ જેટલા ટ્રાયલ કેસના કેદીઓ છે અને ૨૦૨૦ જેટલા બાકીના વિદેશી કેદીઓ છે. આ બધા માટે આવી વિશેષ સવલતો ના મળતાં માત્ર ઇટલીના કેદીઓ માટે, શેના માટે આવી વિશેષ સવલતો મળે છે ?

અધ્યક્ષશ્રી : એક મિનિટ છે.

શ્રી શંકરભાઇ લ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ વિષય એકલો નથી, આ પહેલી જ ઘટના નથી. વિદેશની અંદર ગયા પછી નામદાર સુપ્રીમ કોર્ટે એ વાત કરી કે જો વિદેશના અહીંથી અહીંના હત્યારા જે મરીનના સૈનિકો છે તેમને પરત નહીં મોકલે તો અહીંના એમ્બેસેડરને વિદેશ જવા માટેની મંજૂરી નહીં મળે. આ પ્રમાણેનું કડક વલણ જયારે નામદાર સુપ્રીમ કોર્ટે કર્યુ એ પછીની ઘટના થઇ. પરંતુ દેશના નાગરિકોના મનમાં કેટલાક પ્રશ્નો એ ઉઠે છે કે, આપણી વિદેશ નીતિ ખાસ કરીને કેટલાક લોકોની (xxxxxx) (અંતરાય).

અધ્યક્ષશ્રી : એક મિનિટ, આ આખુ વાંચીને કાઢવા જેવા શબ્દો હશે તે કાઢી નાંખીશ.

શ્રી પરેશ ધાનાણી**(**અમરેલી) : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના સન્માનીય સદસ્યશ્રી મેઘજીભાઇ ચાવડા જે સંકલ્પ લઇને આવ્યા છે તેમાં મારા વિચારો રજૂ કરવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, મારે સર્વપ્રથમ મેઘજીભાઇને અભિનંદન આપવા છે કે આ રાજય સરકાર જે ના કરી શકી તે કામ તેણે કર્યુ.

અધ્યક્ષશ્રી : આ કામ રાજય સરકારનું હતુ પરેશભાઇ**?** તમે કયા સંકલ્પ ઉપર બોલો છો**?** તમે સંકલ્પ ઉપર બોલો નહીંતર બધા શબ્દો નીકળી જશે. જે કામ રાજય સરકાર ના કરી શકી એ કામ કેન્દ્રએ કર્યુ, તો આ રાજય સરકારનું કામ હતુ**?** તમે તમારી સીધી શરૂઆત કરો તમારી પાસે પાંચ મિનિટ જ છે.

શ્રી પરેશ ધાનાણી : આ દેશના લોકશાહીના મંદિર એવા લોકસભા ઉપર કઇ સરકારની અંદર હુમલો થયો? આ સભ્યશ્રીને ખ્યાલ હોત અને ત્યારે આવો પ્રસ્તાવ લાવ્યા હોત તો મને વધુ આનંદ થાત.

અધ્યક્ષશ્રી : અરે ભાઇ, ભૂતકાળની વાત મૂકો આ પ્રસ્તાવ ઉપર બોલો.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, ત્રાસવાદી એ ત્રાસવાદી હોય છે. એને કોઇ જ્ઞાતિ, ધર્મ કે કંઇ હોતુ નથી. તેમને કોઇ ભેદભાવ નથી હોતો. પાકિસ્તાન હોય કે ઇટાલી, એ ચીન હોય કે વિશ્વના કોઇ પણ દેશો આ દેશના સાર્વભૌમત્વ સામે કોઇ આંખ ઉંચી કરે તો એના ડોળા કાઢી લેવાની શકિત આ દેશની

---

* આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર રેકર્ડમાંથી દૂર કરવામાં આવ્યાં.

સંસદની અંદર છે. મને ગૌરવ છે કે, આ દેશની અંદર જયારે ૧૪મી માર્ચ, ૨૦૧૩ના દિવસે આ ઠરાવ પસાર કરવામાં આવ્યો. *(xxxxxx)

અધ્યક્ષશ્રી : વળી પાછી એ વાત આવી. આ તમારા શબ્દો રેકર્ડ ઉપરથી દૂર કરું છું. આ રાષ્ટ્રીય કક્ષાનો સવાલ છે રાષ્ટ્ર માટેની ભેગા થઇને વાત કરો, એકાગ્ર થઇને બધા વાત કરો.

શ્રી પરેશ ધાનાણી : ૨૦૦૪ પહેલાં આ દેશની અંદર પાકિસ્તાનના સરમુખત્યારશાહી શાસકને લાલ જાજમ બિછાવી અને આગ્રામાં આમંત્રણ આપી અને શાંતિ પ્રક્રિયાની શરૂઆત કરવામાં આવી હતી. અને અમે તેમાં સૂર પુરાવ્યો હતો. આ ભારત દેશ અને વિશ્વ શાંતિ ચાહે છે. તેથી ભારતની શાંતિ ડહોળાવવાનો પ્રયત્ન કોઇ કરશે કોઇ આંગળી અડકાડશે તો એનો હાથ કાપી લેવાની શકિત ભારતમાં છે. પણ મને દુઃખ થાય છે કે જેના માટે આપણે લાલ જાજમ પાથરી હતી એ લોકો પીઠ પાછળ કારગીલમાં ઘૂસી ગયા અને આ દેશના સાર્વભૌમત્વ ઉપર કબજો કર્યો ત્યારે આ દેશની સો કરોડની જનતાનું માથું શરમથી ઝૂકી ગયું હતું. કોંગ્રેસ પક્ષના પ્રમુખશ્રીએ ભારતની એન.ડી.એ. ની સરકારને ટેકો આપ્યો અને કહ્યું કે આરપારની લડાઇમાં અમે તમારી સાથે છીએ. સોનિયા ગાંધીએ આ દેશના સાર્વભોમત્વ ઉપર હુમલો કર્યો હતો ત્યારે એને ટેકો આપ્યો હતો. પરંતુ મને દુઃખ થાય છે કે આ દેશના લોકશાહીના મંદિર ઉપર હુમલો કરનાર અફઝલ ગુરૂને કેમ ફાંસીએ નથી લટકાવતા એ વાત થતી હતી. આ અફઝલ ગુરૂને ફાંસીએ માત્ર ને માત્ર ડો. મનમોહનસિંહની સરકાર લટકાવી શકે. આ દેશની જનતાને તથા વિશ્વને ખબર નહોતી અને વહેલી સવારમાં ફાંસીના માચડે લટકાવવાનું કામ અમે કર્યું હતું. અત્યારે ઇટાલીની વાત અપ્રસ્તુત છે. માનનીય શૈલેશભાઇએ વાત કરી કે હરેન પંડયાની હત્યા કરવામાં પણ પાકિસ્તાનનો હાથ હતો.

શ્રી ગ્યાસુદીન હ. શેખ(દરિયાપુર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી મેઘજીભાઇ ચાવડા આ સભાગૃહ સમક્ષ જે સંકલ્પ લઇને આવ્યા છે એના સમર્થનમાં હું ઉપસ્થિત થયો છું. તથા એ અંગે મારા વિચારો રજૂ કરું છું.

આ સંકલ્પ સમયસરનો છે. જે રીતનું આપણે જોઇએ છીએ કે પાકિસ્તાન સતત ભારત સાથે પ્રોકસીવોર ખેલતું આવ્યું છે. હંમેશા ભારતની અંદર અશાંતિ ઉભી કરવાનો પ્રયત્ન કર્યો છે. પાકિસ્તાન આંતરરાષ્ટ્રીય માફિયા ડોન દાઉદ ઇબ્રાહીમને રક્ષણ આપીને ભારતની આંતરિક સુરક્ષાને ખતરો થાય અને ભારતની આંતરિક શાંતિ ડહોળાય તેવા પ્રયાસો સતત પાકિસ્તાને કર્યા છે.

પાકિસ્તાનની આર્થિક, તેમજ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ ખાડે ગઇ છે. રાજકીય લોકો વિશ્વના સૌથી વધારે ભ્રષ્ટાચારી કોઇ રાજનેતા હોય તો તે પાકિસ્તાનના છે. એમની અંધાધૂંધી, એમનો ભ્રષ્ટાચાર, ધર્મવાદ તથા કટ્ટરતાવાદનું વાતાવરણ ઉભું કર્યું છે એની પાછળનું કારણ છે કે પાકિસ્તાન પોતાની નિષ્ફળતા છૂપાવવા માટે અને રાજકીય રીતે ત્યાંના મત છે એ મતો ધર્મના નામે મેળવવા માટેની પ્રવૃતિ પાકિસ્તાન કરતું આવ્યું છે. ધર્મના નામે મત તો સહેલાઇથી લઇ શકાય છે, કટ્ટરતાવાદના નામે સરકાર તો બનાવી શકાય છે, પણ એટલું જરૂર કહેવા માગું છું કે ધર્મના આધારે દેશને હંમેશા નુકસાન થયું છે એ એક વાત આપણે સૌએ શીખવા જેવી છે. પાકિસ્તાનની વાત કરું તો કેવી રીતે લોકોને ઉશ્કેરીને ત્યાંના લોકોને જેહાદ તરફ વાળે છે. અમે કોઇકવાર ફલાઇટમાં બેઠા હોઇએ અથવા કોઇ પાકિસ્તાની સાથે મુલાકાત થાય તો એ એમ કહે કે અમને નમાઝ પઢવા નથી દેતા અમને બહુ રંજાડે છે. અમે ગૌરવની સાથે કહીએ છીએ કે પાકિસ્તાનીઓ કરતાં હિન્દુસ્તાનના મુસલમાનો વધારે સુરક્ષિત છે અને શાંતિ અમન અને ભાઇચારાથી રહે છે. એક પરિવારની અંદર થોડા ઘણા પ્રશ્નો ઉભા થતા હોય છે એ અમારી આંતારિક બાબત છે. મેં એમને કહ્યું છે કે અમારી સાથે અશાંતિ હોય કે ન્યાયની લડાઇ હોય તો એ લડાઇ અમારા હિન્દુ ભાઇઓ અમારા માટે લડતા હોય છે. પાકિસ્તાનને સમયસર સબક શીખડાવવાનો સમય આવ્યો છે. આપણે બધાએ આમાં રાજકારણ કરવાની જરૂર નથી. આ ઇસ્યુ એવો છે, આ સબ્જેકટ એવો છે કે આમાં તમામે ભેગા મળીને સંયુકત રીતે કોઇપણ રાજકીય આક્ષેપો કર્યા વિના આપણે સાથે મળીને કરવું જોઇએ

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો રેકર્ડ ઉપરથી દૂર કરવામાં આવ્યા.

કે જેથી આપણા દુશ્મન દેશને એટલી ખબર પડે કે સાર્વભૌમત્વને લીધે આપણા દેશની ગરિમાને લીધે આપણા દેશની આન, બાન અને શાનને લીધે દેશના દરેક નાગરિકો એક સાથે છે.

પાકિસ્તાન જે રીતે ષડયંત્રો કરે છે એની પાછળ એક જ કારણ છે કે એણે પોતાની નિષ્ફળતા છૂપાવવી છે. અને જે ઇસ્લામ ધર્મનો પૈગામ જ શાંતિ છે. કુરાન કહે છે કે '' તમે એક નિર્દોષની હત્યા કરી તો તમે સમગ્ર માનવજાતની હત્યા કરી.'' પયગંબર સાહેબનું કહેવું છે કે ''તુમ ઝર્મી વાલોં પે રહેમ કરો, આસમાંવાલા તુમ પર રહેમ કરેગા.'' આવો સુંદર વિચાર હોય અને જેહાદી પાકિસ્તાન, જેને કહેવાય નાપાક પાકિસ્તાન એ એના બદઈરાદાઓને પાર પાડવા માટે ધર્મનું, જેહાદનું અર્થઘટન ખોટું કરીને ખોટી રીતે ત્યાંની નાદાન પ્રજા છે તેને ધર્માંધતાનો અને કટ્ટરતાવાદનો પાઠ ભણાવીને ભારતમાં ઘણી જગ્યાએ હુમલા કરાવવાના પ્રયાસો કરે છે. એવા સમયે આપણે તમામે એક અવાજે એક સંપ થઇને એક તાકાતથી એ રીતે કરીએ કે સંસદમાં જે ૧૩મી માર્ચે ઠરાવ થયો હતો એવો જ ઠરાવ આજે આપણે સંયુકત રીતે કરીએ. પક્ષાપક્ષીને બાજુ પર રાખીએ. આપણાં દેશના ગૌરવને, આપણાં સાર્વભૌમત્વને અને આપણાં દેશની આન–બાન અને શાનને ધ્યાનમાં રાખીને આપણે દુશ્મન દેશને પૈગામ પહોંચાડવાનો અહીંથી પ્રયાસ કરીએ.

માનનીય અધ્યક્ષશ્રી, હું આપને કહેવા માગું છું કે જયારે જયારે પણ કોઇ આવી આકસ્મિક ઘટના બનતી હોય છે કે જેનાથી બે સમાજ વચ્ચે ડીસ્ટર્બન્સ થતું હોય છે એ આકસ્મિક ઘટનાઓનું ખોટી રીતે અર્થઘટન કરીને એ બાબતોનું પાકિસ્તાન જેહાદી તત્વો છે કે જેમને ભારત મોકલવા માગે છે એમની સાથે ખોટી રીતે પ્રચાર અને પ્રસાર કરી તેમની અંદર ઝનૂન પેદા કરે છે. તો આપણે બધાએ પણ ધ્યાન રાખવાની જરૂર છે કે આપણે ત્યાં પણ કોઇ એવી આકસ્મિક કે અઘટિત ઘટના થતી હોય એ ઘટનાઓ ન થાય જેનાથી આપણાં દુશ્મન દેશને આપણી કોઇક આંતરિક લડાઇથી કે આપણાં કોઇ ભેદભાવથી કોઇ લાભ લઇને આપણાં દેશને અસ્થિર કરવાનો પ્રયાસ કરતા હોય એવા લોકોના હાથ હેઠા પડે અને એમના જે ષડયંત્રો છે એ નિષ્ફળ જાય. તો એ બાબતે આપણે તમામે તકેદારી રાખવાની જરૂર છે કે આપણે કોઇ પણ એવો પ્રયાસ કે એવો પ્રચાર ન કરીએ કે જેથી કોઇની લાગણી દુઃભાય કે આપણે કોઇ એવું વર્તન કરીએ કે જેનાથી આપણી આંતરિક સુરક્ષાને ખતરો થાય. આપણી કોમી એકતાને, આપણાં ભાઇચારાને, આપણાં અમનને કોઇ ખતરો થાય અને બે સમાજ છે, બે સમાજની વચ્ચે કોઇ અંતર ઉભું થાય. આ જે સંકલ્પ લઇને આવ્યા છે, હું ચાવડા સાહેબને બહુ અભિનંદન આપું છું કે સમયસરનો સંકલ્પ છે અને આ સંકલ્પમાં હું મારા દિલથી, ખરા હૃદયથી આમાં મારો સૂર પૂરાવું છું અને આપણે બધા એકી અવાજે આ વાતને ઉપર લઇ અને પાકિસ્તાનને એક સંદેશો પહોંચાડીએ એટલી વાત કરી મારી વાત પૂરી કરું છું.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા ( કાયદો અને ન્યાય તંત્ર મંત્રીશ્રી ): માનનીય અધ્યક્ષશ્રી, સન્માનનીય મેઘજીભાઇ આ સન્માનનીય સભાગૃહ સમક્ષ જે પ્રસ્તાવ લઇને આવ્યા છે આ પ્રસ્તાવને રાજય સરકાર વતી હું સ્વીકાર કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આપણે મોગલોની બર્બરતા જોઇ છે. અંગ્રેજોની જોહુકમીવાળી ગુલામી જોઇ છે. જલિયાંવાલા બાગની કત્લેઆમ જોઇ છે. માં ભારતીને આઝાદ કરવા માટે ભગતસિંહ, સુખદેવ અને રાજગુરુ હસતે મોઢે, ફાંસીના માચડે, દોરડાને ચૂમીને ભારત માતાકી જય અને વંદેમાતરમ્ ના નારા સાથે આ દેશની આઝાદી માટે પોતાના જાનની કુરબાની આપી છે. મહાત્મા ગાંધી, સરદાર વલ્લભભાઇ પટેલ, સુભાષચંદ્ર બોઝ અનેક લોકોના આ આઝાદી માટેના આંદોલનના કારણે આપણને આ મહામૂલી આઝાદી મળી છે. આપણો દેશ પ્રજાસત્તાક બન્યો. આપણી વિદેશ નીતિ અમલમાં આવી. દુઃખ એ બાબતનું છે કે જયારે આ દેશના ૫૦૦ કરતા વધારે દેશી રજવાડાઓને ભેગા કરવાના હતા ત્યારે એ વખતના ગૃહ પ્રધાન ગુજરાતના પનોતા પુત્ર સરદાર વલ્લભભાઇ પટેલે આ દેશની અખંડિતતા માટે ૫૦૦ જેટલા રજવાડાઓને એકત્રિત કર્યા. એમણે જૂનાગઢ અને હૈદરાબાદના નવાબને પણ આમાં જોડાવા માટેની ફરજ પાડી. દુઃખની બાબત એ છે કે એ દિવસોમાં •(xxxxxx) એમને કાશ્મીરના પ્રશ્નોથી દૂર રાખ્યા. ઇતિહાસ બોલે છે.

---

• માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દ અહેવાલમાંથી કાઢી નાખવામાં આવ્યો છે.

અધ્યક્ષશ્રી : વ્યક્તિનું નામ બોલવાને બદલે જે તે વખતના શાસનકર્તા એ કહો.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : સરદાર વલ્લભભાઇ પટેલ સાહેબને કાશ્મીરના પ્રશ્નથી દૂર રાખવામાં આવ્યા એના કારણે આજે કાશ્મીર સળગતું રહ્યું છે. (અંતરાય) આ કાશ્મીરની ધરતી ઉપર..

અધ્યક્ષશ્રી : એ કોઇ વ્યક્તિની ટીકા નથી કરતા. આમાં સરકારની ટીકા નથી કરતા. (અંતરાય) બલવંતસિંહ, કોઇની ટીકા નથી. હશે તો, મેં દૂર કરાવ્યું ને નામ જ. (xxxxxx) નામ લીધું ને દૂર કરાવ્યું.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : આ કાશ્મીરમાં આતંકવાદીઓ ચેલેન્જ કરે. જેની માએ સવા શેર સૂંઠ ખાધી હોય, એ શ્રીનગરના લાલ ચોકમાં આવીને ત્રિરંગો ઝંડો ફરકાવે. આ સભાગૃહને એ યાદ કરાવવા માગું છું કે, એ વખતના ભારતીય જનતા પાર્ટીના અધ્યક્ષ, અત્યારના ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્રભાઇ મોદીએ ચેલેન્જ ઉપાડી, કાશ્મીરમાં શ્રીનગરના લાલ ચોકમાં આતંકવાદીઓની ગોળીઓ વચ્ચે, આતંકવાદીઓની છાતી ઉપર ભારત માતાનો ત્રિરંગો ઝંડો ફરકાવવાનું કામ કર્યું હોય તો ગુજરાતના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીએ કર્યું છે. ચૌદમી માર્ચે આ દેશની સંસદ ઉપર હુમલો થયો અને એના ૧૨ વર્ષ પછી અફઝલને ફાંસી આપવામાં આવી, મુખ્યમંત્રીશ્રીએ ટવીટર ઉપર કહ્યું, '' દેર આયે દુરસ્ત આયે'' એટલા માટે કહેવું પડ્યું કે, ૧૩મી ડિસેમ્બર ૨૦૦૧ની ઘટના, ૯મી ફેબ્રુઆરી ૨૦૧૩એ ફાંસી, (xxxxxx) હું કોઇની ટીકા નથી કરતો. પ્રબળ રાજકીય ઇચ્છા શક્તિના અભાવના કારણે અફઝલ ગુરુને ફાંસી આપવામાં આટલું મોડું થયું. શું એ રાષ્ટ્ર ભક્ત હતો? એને ફાંસીએ ચડાવવામાં કેમ આટલું બધું મોડું કર્યું? પાકિસ્તાનની સંસદે ઠરાવ કર્યો.

અધ્યક્ષશ્રી : એક મિનિટ, પ્રદિપસિંહ ઠરાવ ઉપર આવો.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર એ છે કે, માનનીય મંત્રીશ્રી એ બોલી રહ્યા છે કે, આ જે સમય લાગ્યો એમાં (xxxxxx) (અંતરાય)

અધ્યક્ષશ્રી : એના ઇનગ્રેડીયન્ટમાં જવાની જરૂર નથી. ફાંસી આપી ત્યારપછી આતંકવાદી પ્રવૃત્તિની સામે ભારતે જે વિરોધ દર્શાવ્યો છે તેના ઉપર તમે બોલો. તમે આતંકવાદ ઉપર બોલો, સરકારે ઢીલ કરી એ ઉપર કહી શકો. આ સંકલ્પમાં આવું નથી. (અંતરાય) એ શબ્દો હું કાઢી નાંખું છું. કેટલું રાખવું અને કેટલું કાઢી નાંખવું એના માટે મારે આ બધું વાંચવું પડશે.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : ૧૪મી માર્ચ ૨૦૧૩ના રોજ પાકિસ્તાનની સંસદમાં ઠરાવ થયો. લોકસભામાં યશવંતસિંહા અને રાજ્ય સભામાં વિપક્ષના નેતા અરુણ જેટલીજીએ પ્રસ્તાવ મૂક્યો અને એ પ્રસ્તાવમાં ભારતની આંતરીક બાબતમાં દખલ ન કરવા અને પાકિસ્તાનને ચેતવણી આપી કે, તમે જેહાદી તત્વોને ટેકો ન આપો. હું એ યાદ કરાવવા માગું છું કે, જર્મનની હેડલી અને કેથોલીક કોમેરેડે માત્ર ત્યાંની સંસદ ઉપર હુમલો કરવાનું આયોજન કર્યું હતું. છતાં પણ ત્યાંની સરકારે બન્નેને ફાંસીના માંચડે તાત્કાલિક લટકાવી દેવામાં આવ્યા હતા. આ પાકિસ્તાનની ધરતી ત્યાં દાઉદ ઇબ્રાહીમ, અબ્દુલ રઝાક મેમણ, હાફિઝ સઇદ, અઝહર મસૂદ, યાસીન ભટકલ આતંકવાદીઓ આજે પણ પાકિસ્તાનની ધરતી ઉપર ખુલ્લેઆમ ફર્યા કરે છે.

અધ્યક્ષશ્રી : અરે, પાકિસ્તાનની ધરતી ઉપર છે, બધા આતંકવાદી છે, સેન્ટ્રલ ગવર્નમેન્ટના લિસ્ટમાં છે. એ જ બોલે છે. આમાં કોઇની ટીકા નથી.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, પાકિસ્તાન સરકારની સીધે સીધી સંડોવણી છે. આ દેશની વિદેશ નીતિ, આઠમી જાન્યુઆરી ૨૦૧૩, ભારતના સેનાના રાજપૂતાના રાઇફલ્સના લાન્સ નાયક હેમરાજ સિંહ લાન્સ નાયક સુધાકરસિંહપાકિસ્તાનના સૈનિકોએ ભારતની સરહદની અંદર પ્રવેશી એમના માથા કાપી નાખ્યા. એ ઘડ વગરની લાશો એમના ઘરે મોકલવામાં આવી પણ આ *(xxxxxx) (અંતરાય) કયાં સુધી શાંત રહીશું? હું (xxxxxx) નથી કહેતો.

અધ્યક્ષશ્રી : (xxxxxx) એ શબ્દો હું રેકર્ડ ઉપરથી કાઢી નાખુ છું. (અંતરાય) તમે બેસો શું કરવું એ. માનનીય પ્રદિપસિંહજી, (અંતરાય) તમે બસો બધા. આ એક ઉભા થયા તો તમે કેમ ઉભા થાવ છો?

---

* આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર રેકર્ડમાંથી દૂર કરવામાં આવ્યા.

માનનીય પ્રદિપસિંહ, કોઇપણ વ્યકિતનું ડાયરેકટ નામ ના લો પણ આડકતરી રીતે એવો ઉલ્લેખ કરો કે જે વ્યકિતની ઓળખાણ થાય એવી રીતે આડકતરી રીતે પણ નામ બોલવું જોઇએ નહીં. આપ આ સંકલ્પ છે એની ગંભીરતા સમજીને, આ સંકલ્પ એટલા માટે દાખલ કર્યો છે કે કોઇએ કોઇની ટીકા નથી કરવાની, ગમે તેટલી ભૂતકાળની નબળાઇ હોય પણ આજે જે સ્થિતિ નિર્માણ થઇ એમાં એનું એપ્રીસિએશન કરવાનું છે. એ આધારે તમે આગળ ચાલો...(અંતરાય)

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, આતંકવાદ ..(અંતરાય) ..

અધ્યક્ષશ્રી : એ શબ્દો કાઢી નાખીએ છીએ.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, અમારા સભ્યશ્રીઓએ આપે જોયું હશે કે માત્ર અને માત્ર અમારી લાગણી એ હતી કે પાકિસ્તાન સામેના ..(અંતરાય) .. અને અહીંયા આગળ આ જે થઇ રહ્યું છે.. ..(અંતરાય) ..આ પ્રકારનું અમે પણ ઘણું બધું કહી શકયા હોત.

અધ્યક્ષશ્રી : તમે બેસો. એ જ વાત કરાવું છું તમારા કોઇની ટીકા નથી કરતા.

શ્રી પંકજકુમાર વિ. દેસાઇ : એ સમય બગાડે છે. ..(અંતરાય) ..

અધ્યક્ષશ્રી : તમે બેસી જાવ પંકજભાઇ, એ મને ઉદ્દેશીને કહે છે. હું વાત કરીશ. એમને વાંધો ઉઠાવવાનો હક્ક નથી? ..(અંતરાય) .. તમે બેસો પરેશભાઇ, આ તમારા દંડક ઉભા છે તો પણ તમારે બોલવાની જરૂર છે? હા બોલો ભાઇ શું છે? ..(અંતરાય) ..

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, અવાર નવાર સૂચના આપ્યા છતાંય એની એ વાત ફરીથી દોહરાવવામાં આવે છે. આ પાકિસ્તાનની વાત નથી થતી આ માત્ર અને માત્ર રાજકીય વાત થાય છે.

અધ્યક્ષશ્રી : એ શબ્દો તમારા કીધા પહેલા મેં કાઢી નંખાવ્યા છે.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, *(xxxxxx) પાકિસ્તાનનો વિરોધ કરવા આ ઠરાવ નથી લાવ્યા.

અધ્યક્ષશ્રી : એ શબ્દો કાઢી નંખાવ્યા છે. એનું નામ નથી બોલ્યા. બલવંતસિંહ તમે સમજો એમનું નામ નથી બોલ્યા. છતાં પણ મેં કીધું આડકતરી રીતે જે બોલવાથી કોઇ વ્યકિત આ છે એવું સાબિત થાય તો એવું પણ બોલવાની જરૂર નહીં. એ એમણે ના પાડી અને એમણે કબૂલ કર્યા, એ શબ્દો પણ હું રેકર્ડ ઉપરથી કાઢી નાખુ છું. તમારું પ્રવચન ચલાવો.(અંતરાય) બેસો તમે બધા. એકે વાત કરી પછી બધાએ બોલવાની જરૂર નહીં. (અંતરાય) શાંતિ રાખો બેઠા બેઠા નહીં બોલવાનું કંઇ. તો તો કોઇને બોલવા જ ના દો.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, આતંકવાદ વિચારમાંથી જન્મે છે. અને એને ડામવા માટે પ્રબળ રાજકીય ઇચ્છાશકિત ધરાવતું દ્રઢ મનોબળ ધરાવતું નેતૃત્વ આવશ્યક છે. (અંતરાય)

અધ્યક્ષશ્રી : એક મિનિટ, બેસો બધા તમારે કંઇ નથી કરવાનું ..અરે હજી બોલ્યા નથી. અરે ભાઇ એક વાર વાત થઇ ગઇ પછી બેસી જાવ તમે (આ તબકકે કોંગ્રેસ પક્ષના સભ્યો. ઉભા થઇ ગયા).(અંતરાય) અરે તમારે કશું કરવાનું નહીં, બેસી જવાનું.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, પાકિસ્તાન જે ભાષામાં જવાબ સમજે, ..(અંતરાય) .. દેશના લાખો લોકો મરી જાય, આતંકવાદી સામે પગલા ના લે,

અધ્યક્ષશ્રી : હવે તમારી પાસે બે મિનિટ છે. ૪–૧૫ કલાકે પૂરું થશે.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, હું ઇટાલીની વાત કરવા માગુ છું. ઇટાલી માફીયા પ્રવૃત્તિઓનું કેન્દ્ર છે. ..(અંતરાય) ..

અધ્યક્ષશ્રી : કીધુંને એક વખત કે એ એવું કંઇ બોલશે એ કાઢી નાખીશ. બલવંતસિંહે વાત કરી.. નથી બોલતા.

---

* આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર રેકર્ડમાંથી દૂર કરવામાં આવ્યા.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, ભારતનો ઇટાલી સાથેનો નાતો જાણો છો, શસ્ત્ર સોદાગર કવોટ્રોચી, દેશના ઉચ્ચ રાજકારણી સાથેના સંબંધો, ..(અંતરાય) ..ઇટાલી .. ઇટાલી..

અધ્યક્ષશ્રી : ..(અંતરાય) ..હું આ બંધ કરીને મતદાન ઉપર મૂકીશ હોં... ..(અંતરાય)

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, એકજ મિનિટ બાકી છે સાહેબ.

અધ્યક્ષશ્રી : એક મિનિટમાં પૂરું કરો. એક મિનિટમાં પૂરું કરે છે. ..(અંતરાય) .. શેની માફી માંગે? નથી કરતા ભાઇ, બોલ્યા જ નથી. કોઇ એવી વાત કરોમાં, હું અહીંયા બધું સાંભળું છું. હું સાંભળુ છું. એવું નથી.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, મતના તૃષ્ટિકરણની રાજનીતિ સામે દેશનું સાર્વભૌમત્વ, દેશની એકતા, દેશની અખંડિતતા માટે દ્રઢ મનોબળ ધરાવતા નરેન્દ્ર મોદી જેવા નેતૃત્વની આ દેશની અંદર આવશ્યકતા છે. ..(અંતરાય)

**(આ તબકકે કોંગ્રેસ પક્ષના હાજર રહેલ તમામ સભ્યશ્રીઓ સભાત્યાગ કરી ગયા. સમય-૪-૧૪)**

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, સાચી વાત સાંભળવી પડે. પાકિસ્તાન આતંકવાદની ગંગોત્રી છે. ગુજરાતમાં જ્યારે આતંકવાદીઓએ હુમલો કરવાનો પ્રયાસ કર્યો ત્યારે કેરાલાથી આઝમગઢ સુધી સાત રાજ્યોમાં પોલીસ મોકલીને આતંકવાદીઓને જેલના હવાલે કરવાનું કામ કર્યું હોય તો ગુજરાતના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીએ કર્યું છે. આ પાકિસ્તાનની માનસિકતા સામે સિંહ ગર્જના કરવી પડે, એને ઘુંટણીયે પડવાની કોઇ આવશ્યકતા નથી. હું છેલ્લે એક વાત કરીશ કે એક બાજુ આપણા સૈનિકોના માથા ધડથી કાપી નાખે અને બીજી બાજુ પાકિસ્તાનના વડાપ્રધાન માટે લાલ જાજમ બિછાવીને એને ભોજન સમારંભ આપવામાં આવે. આવી વિદેશ નીતિને ગુજરાતના એક જવાબદાર નાગરિક તરીકે આ દેશની સુરક્ષા માટે આ દેશની વિદેશ નીતિની આપણે ચિંતા કરવી જોઇએ. મેઘજીભાઇ પ્રવર્તમાન સંજોગોમાં ઉચ્ચ પ્રકારનો સંકલ્પ લઇને આવ્યા છે એને હું મારું સમર્થન આપું છું.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**અધ્યક્ષશ્રી : સંકલ્પનો સ્વીકાર કરવામાં આવે છે.**

**અધ્યક્ષશ્રી :** માનનીય સભ્ય શ્રીમતી ચંદ્રિકાબેન બારિયા....(થોડીવાર બાદ) માનનીયસભ્યશ્રી હાજર નથી. નેક્સ્ટ.

**પાકિસ્તાન દ્વારા ભારતીય માછીમારોને થતી હેરાનગતિ અંગે**

**શ્રી કાંતિલાલભાઇ રે. ગામીત(નીઝર) :** માનનીય અધ્યક્ષશ્રી, હું સંકલ્પ રજૂ કરું છું કે-,

ગુજરાતના માછીમારો કચ્છના જખૌ વિસ્તારમાં ભારતીય દરિયાઇ સરહદમાં માછીમારી કરે છે. આવી માછીમારી કરતા કરતા તેઓ આંતરરાષ્ટ્રીય મરીન બોર્ડર લાઇનની ખૂબ જ નજીકમાં પહોંચી જતા હોય છે. આને કારણે ઘણી વખત ગુજરાતના માછીમારો ઉપર અચાનક વહેલી સવારે છાપો મારીને પાકિસ્તાન મરીન સિક્યોરિટી દ્વારા માછીમારોનું અપહરણ કરવામાં આવે છે. સને ૨૦૧૧-૧૨માં અંદાજે ૩૦૭ જેટલા માછીમારોને આ રીતે પકડી લેવાની ઘટના બની હતી. એટલું જ નહીં, કિંમતી બોટો સાથે આવા ૨૨૭ માછીમારો પાકિસ્તાનની જેલમાં સબડી રહ્યા છે. કેટલાક માછીમારો તો બે વર્ષના સમય જેટલા લાંબાગાળાથી પાકિસ્તાનની જેલમાં છે.

માનનીય અધ્યક્ષશ્રી, પાકિસ્તાન સત્તાધીશોના આવા પગલાંને કારણે ગુજરાતના માછીમારો ખૂબ જ મુશ્કેલીમાં મૂકાય છે અને તેઓની બોટ પરત ન મળવાથી ધંધા વિહોણા બની જાય છે. તાજેતરના દિવસોમાં જ પોરબંદરની ૮ બોટ અને ૪૦ જેટલા માછીમારોને પાકિસ્તાન સત્તાધીશો દ્વારા મશીનગનની અણીએ કેદ કરી કરાંચીની જેલમાં ધકેલી દેવાની ઘટના બની છે. આ ઘટનાને કારણે પોરબંદર અને સમગ્ર સૌરાષ્ટ્રના સાગર કિનારે ખારવા સમાજમાં રોષ ફેલાયો છે.

માનનીય અધ્યક્ષશ્રી, ભારતની અને પાકિસ્તાનની દરિયાઇ હદની બિલકુલ નજીક માછીમારીની પ્રવૃતિ કરતાં આવા માછીમારોને પાકિસ્તાન સત્તાધીશો દ્વારા યોગ્ય ચેતવણી આપી પોતાની હદમાં પરત મોકલી દેવાને બદલે શરણે આવવાની ફરજ પાડવામાં આવે છે. પાકિસ્તાનની આવી નાપાક હરકતો સતત

ચાલુ રહી છે તે સામે કેન્દ્ર સરકારને વધુ કડક બનવાની માંગણી માછીમારો કરી રહ્યા છે. પાકિસ્તાનના કબજામાં રહેલ ભારતીય માછીમારોને આપવામાં આવતો અમાનુષી ત્રાસ અને પાકિસ્તાનની જેલમાં આવા કેદીઓ સાથે કરવામાં આવતું ધૃણાસ્પદ વર્તન તેમજ છેલ્લા પાંચ સાત વર્ષોમાં કરોડો રૂપિયાની કિંમત ગણી શકાય તેવી ૬૮૭ ફીશીંગ બોટો પરત ન કરવા બાબત ભારત સરકારના સંબંધિત મંત્રાલય સમક્ષ સતત અસરકારક રજૂઆત રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવેલ છે, પરંતુ તેનું સંતોષજનક પરિણામ મળેલ નથી.

તાજેતરમાના એક બનાવમાં ઓખાના દરિયામાં ૧૦ નોટિકલ માઇલ દૂર પાકિસ્તાની માછીમારોની ત્રણ બોટો ૨૧ માછીમાર સાથે ભારતીય જળસીમામાં ઘુસી ગઇ હતી જેને ભારતીય કોસ્ટગાર્ડે ઝડપી હતી. આમ, એક બાજુ પકિસ્તાન જળસીમાનું ઉલ્લંઘન કરી રહ્યું છે, અને બીજી બાજુ ભારતીય માછીમારોનું પાકિસ્તાન મરીન સિક્યોરિટી દ્વારા અપહરણ કરવામાં આવી રહ્યું છે.

રાજ્ય સરકારની રજૂઆતને ધ્યાને લઇ કેન્દ્ર સરકાર આ બાબતે પાકિસ્તાનના સત્તાધીશો સાથે તાત્કાલિક વાટાઘાટો કરે અને ભારતના માછીમારોને મુક્ત કરાવવા તથા ભારતીય જળસીમામાં પાકિસ્તાની માછીમારોની બોટોની ઘુસણખોરી અટકાવવા અસરકારક પગલાં લે અને ગુજરાતના દરિયાઇ ખેડૂને થતો અન્યાય દૂર થાય તે માટે ઘટતું કરવા આ સભાગૃહ રાજ્ય સરકારને અનુરોધ કરે છે.

**સંકલ્પ રજૂ કરવામાં આવ્યો.**

અધ્યક્ષશ્રી : આપને સંકલ્પ ઉપર કાંઇ કહેવું છે? બે મિનિટ છે.

શ્રી કાંતિલાલભાઇ રે. ગામીત : માનનીય અધ્યક્ષશ્રી, આપણા રાજ્યનું બંધારણ સમવાયતંત્ર છે એટલે ભારતના રાજ્યોને કેન્દ્ર સરકારની જવાબદારી, સત્તાની વહેંચણી થયેલ છે. રાજ્યની સીમાઓની રક્ષણ કરવાની જવાબદારી સંપૂર્ણપણે કેન્દ્ર સરકારની છે અને પડોશીદેશો તરફથી કોઇપણ આક્રમણ થાય તો એની સામે મુકાબલો કરી રાજ્ય અને રાષ્ટ્રની જનતા તથા સંપત્તિનું રક્ષણ કરવાની જવાબદારી કેન્દ્ર સરકારની છે. આજના સંકલ્પ અંગે આ સભાગૃહમાં રજૂ થયેલ સંકલ્પમાં મારા વિચારો રજૂ કરવા માટે આપની અનુમતિ માગુ છું. ગુજરાતનો દરિયા કિનારો એ સમુદ્ર મારફત પાકિસ્તાન તરફથી હંમેશા આક્રમણ થઇ રહ્યું છે. મારું પ્રવચન ફકત આજના સંકલ્પ સંબંધિત રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતમાં દરિયા કિનારે વસવાટ કરતા માછીમારોનું જીવન અને આજીવિકા માટે એમનો ધંધો મત્સ્યોદ્યોગ મારફત પૂરો પડે છે. માનનીય અધ્યક્ષશ્રી, મારે કહેવું છે કે આવા આક્રમણકારો માટે કેન્દ્રની સરકાર આંખ ઊઠાવવાની એમની સામે હિંમત કરી શકતા નથી. મારે દુ:ખ સાથે કહેવું છે કે, ૨૦૦૮ની અંદર મુંબઇમાં બોમ્બ બ્લાસ્ટ કરી જે હુમલો થયો તે પણ આપણા માછીમારોની બોટોનો ઉપયોગ કર્યો હતો. આંતકવાદીઓ પણ આપણા માછીમારોની બોટોનો જ ઉપયોગ કરે છે.

માનનીય અધ્યક્ષશ્રી, પાકિસ્તાનના વડાપ્રધાન ખ્વાજા અજમેરની દરગાહના દર્શને આવ્યા હતા એના માટે કેન્દ્ર સરકારે લાલજાજમ બિછાવી સ્વાગત કર્યું હતું. માનનીય અધ્યક્ષશ્રી, મારે કહેવું છે કે, ગુજરાત રાજ્યના લોખંડી પુરુષ એવા માનનીય મુખ્યમંત્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ પાસે કેન્દ્ર સરકારનું નેતૃત્વ હોત તો પાકિસ્તાનના વડાપ્રધાનને પડકાર કરત કે અમારા રાજ્યના મારા ગરીબ માછીમારોને ગેરકાયદેસર પકડ્યાં છે તેને પહેલા મુક્ત કરો તો જ તમને ભારતમાં દૂઆ બજાવવાની રજા આપીશ પણ કેન્દ્ર સરકારને માછીમારોની પડી નથી. પાકિસ્તાન સાથે કેન્દ્ર સરકાર કડકાઇથી કામ લે, નહિ તો ઇંટનો જવાબ પત્થરથી આપવો પડશે. શ્રીલંકા સાથે પકિસ્તાને ૫૦ કરાર કર્યા છે તો ગુજરાતના માછીમારો માટે શા માટે નહિ? પાકિસ્તાનના કબજામાં રહેલ ભારતીય માછીમારોને આપવામાં આવતો અમાનુષી ત્રાસ અને પાકિસ્તાનની જેલમાં આવા કેદીઓ સાથે કરવામાં આવતું ધૃણાસ્પદ વર્તન તેમજ છેલ્લા ૫–૭ વર્ષોમાં કરોડો રૂપિયાની કિંમત ગણી શકાય તેવી ફિશીંગ બોટો પરત ના કરવા બાબત ભારત સરકારના સંબંધિત મંત્રાલય સમક્ષ સતત અસરકારક રજૂઆત રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવેલ છે, પરંતુ તેનું સંતોષજનક પરિણામ મળેલ નથી.

માનનીય અધ્યક્ષશ્રી, માર્ચ મહિનામાં રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીએ ૧૨મી માર્ચથી દાંડી સત્યાગ્રહ માટે કૂચ કરેલી એ આજનો દિવસ છે. એ પાઠ ઈતિહાસમાંથી વાંચી, સમજી કેન્દ્ર સરકાર કાંઇક શીખે અને શકિત પ્રદર્શન કરે એવી મારી ભાવના છે.

માનનીય અધ્યક્ષશ્રી, કેન્દ્ર સરકારના મંત્રીઓને આ સંદેશો પાઠવવાનો અનુરોધ પણ કરું છું. સાથે (સમયસૂચક ઘંટડી) સામી પાટલી પર બેઠેલા મિત્રો અને વડીલો, આ કેન્દ્રના આપના નેતાઓ સમક્ષ આ માછીમારો અંગે કોઇ પણ રજૂઆત કરી છે કે કેમ ? અને હજુ સમય વહી ગયો નથી, આ ઠરાવમાં તમે સંમત થાવ અને ટેકો આપો, અમારી સાથે રહીને એક અવાજ ગુજરાતના માછીમારોની ચિંતા હોય, ગુજરાતના ગૌરવ અને સ્વમાનની ચિંતા હોય તો આ સંકલ્પ સાથે સંમત થાવ, તમારા દિલ્હીના હાકેમો સાથે માસ્ક પહેરો, તો માસ્ક છોડીને અવાજ પણ ઉઠાવો.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજયના માનનીય મુખ્યમંત્રીશ્રીને પણ માછીમારોની ચિંતા હોઇ તેથી જ મુખ્યમંત્રીશ્રીએ પણ જેલવાસમાં જીવન વિતાવતા માછીમારોના કુટુંબોનું દૈનિક ભથ્થું ૫૦/- રૂપિયા હતું તેના બદલે ૧૫૦/- રૂપિયા આપવાનું નક્કી કર્યું છે. વધુમાં જણાવતાં આનંદ થાય છે કે, ગુજરાતના મુખ્યમંત્રીશ્રીએ માછીમારો તથા બોટો છોડાવવા માટે ૧૩૩ પત્રોથી વખતો વખત ભારત સરકારશ્રીના વિદેશ મંત્રાલય, નવી દિલ્હીને રજૂઆત કરવામાં આવેલ છે. રાજય સરકારની એ રજૂઆતને ધ્યાને લઇ કેન્દ્ર સરકાર આ બાબતે પાકિસ્તાનના સત્તાધીશો સાથે તાત્કાલિક વાટાઘાટો કરે અને ભારતના માછીમારોને મૂક્ત કરાવવા તથા (સમયસૂચક ઘંટડી) ભારતીય જળ સીમામાં...

શ્રી રમણલાલ ના. પાટકર(ઉમરગામ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સાથી ધારાસભ્ય શ્રી કાંતિલાલ ગામીત જે બિનસરકારી સંકલ્પ લઇને આવ્યા છે તેને હું અનુમોદન આપું છું અને મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આપણો દરિયા કિનારો ૧,૬૦૦ કિલોમિટરનો છે, આ દરિયા કિનારા ઉપર ટોટલ ૪૩ જેટલા બંદરો છે એમાં ૨૬ નાના પ્રકારના મત્સ્યોદ્યોગ સાથે જોડાયેલા બંદરો છે. ખાસ કરીને કચ્છના અખાતની બાજુમાં જખૌ બંદર જે આવેલું છે એ જખૌ બંદર સાથે ઓખા, પોરબંદર, દ્વારકા, વેરાવળ, દિવ-દમણ, ગોવા અને બોમ્બે આ દરેક બંદરો ઉપર માછીમારો ખૂબ મોટા પ્રમાણમાં માછીમારીનો ધંધો કરતા હોય છે. આ માછીમારો, માછીમારી ત્રણ પ્રકારે પકડે છે. જે ૧૦ ફૂટથી ૧૫ ફૂટ જે હોય એમાં ખડકાળ વિસ્તાર હોય અને એમાં ટીટર કરીને એક પ્રકારની મચ્છી આવે છે જેનું માર્કેટમાં ખૂબ ઉંચું બજાર આવે છે એ કમ સે કમ ૮૦૦/- રૂપિયા કિલો સુધી એ જાય છે, ત્યાર પછી ૨૫ થી ૩૦ ફૂટના અંતરમાં જે જાય છે એ બૂમલા નામની એક મચ્છી આવે છે, એ નાની બોટ દ્વારા ફીશીંગ કરવામાં આવે છે અને એમાં પણ નાના નાના જે માછીમારો હોય એ ધંધો કરે છે. જયારે કમ સે કમ ૧૨ કિલોમિટર સુધી રનીંગ કરીને જે દરિયાની અંદર દૂર જાય છે, જે જખૌથી, વેરાવળથી,ઓખાથી, દ્વારકાથી એમાં હજ્જારોની સંખ્યાની અંદર બોટો આ રીતે ૧૨ કિલોમિટર દરિયાની અંદર જાય છે. અને જે અંદર જાય છે ત્યાં આતંર રાષ્ટ્રીય સીમા હદ હોતી નથી. પરંતુ બંને સીમા જેમ ભારતની સીમા ઉપર ભારત સિક્યુરીટી દેખભાળ રાખતી હોય તેમ પાકિસ્તાનની સીમા ઉપર પાકિસ્તાનની સિક્યુરીટી દેખભાળ રાખતી હોય છે. માછીમારીની અંદર જે ધંધો કરવાવાળા જે ભાઇઓ હોય છે એમાં નવ ખલાસી હોય છે, એક ટંડેલ હોય છે અને એક કલસેવ હોય છે એ પ્રકારના કમ સે કમ ૧૧ માણસોની એક આખી ટીમ એ આ આખો ધંધો કરતી હોય છે. એ વધારે ભણેલા નથી હોતા પરંતુ એમને એક સૂઝ છે, હોકાયંત્રના આધાર ઉપર તેઓ દિશા નક્કી કરી, તપાસી જાય છે અને એના આધાર ઉપર એ ફીશીંગ કરવા માટે જાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, અત્યાર સુધીના જે બનાવો ખૂબ જ ગંભીર પ્રકારના બનાવો બન્યા છે અને એમાં અમારો જે વિસ્તાર છે, જે દક્ષિણ ગુજરાતની અંદર ઉંમરગામ તાલુકો છે, મહારાષ્ટ્રની અંદર તલાસી છે, આદિવાસી ક્ષેત્ર છે એમાંથી ઓછામાં ઓછા ૪૦,૦૦૦ જેટલા ખલાસીઓ અમારે અહીંયા સૌરાષ્ટ્રની અંદર વેરાવળ, ઓખા, દ્વારકા અને જખૌ બંદરો ઉપર જાય છે અને એટલી મોટી સંખ્યામાં જાય છે ત્યારે જયારે પણ અમે આ સમાચાર વાંચીએ છીએ ત્યારે ઓછામાં ઓછા, વધારેમાં વધારે મારા મતવિસ્તારમાંથી આ

પાકિસ્તાન સિક્યુરીટીવાળા એમને પકડીને લઇ જતા હોય છે. ભૂતકાળની જે વ્યવસ્થા હતી, ભૂતકાળમાં એ રીતે પકડાતા હતા પરંતુ ભારત સરકાર અને પાકિસ્તાન સરકારનું જે કરારનામું હતું એના આધાર ઉપર એની બોટ અને ખલાસીઓને છોડી દેવામાં આવતા હતા. પણ ૨૦૦૫ પછી ટોટલી જે બોટો પકડે છે એ બોટોને કોઇપણ દિવસ એ છોડતા નથી અને એ પાકિસ્તાનની નીતિના આધાર ઉપર એની ત્યાં જ સ્થાનિક લોકોને હરાજી કરી દેવામાં આવે છે, અને એ બોટની કિંમત નજીવી આવે છે. માનનીય અધ્યક્ષશ્રી, આજે એક બોટ બનાવો તો ઓછામાં ઓછી ૭૫ લાખની આજુબાજુ એક બોટ થાય છે અને ૭૫ લાખ રૂપિયા બેન્કમાંથી, એન.સી.ડી.સી.માંથી ધીરાણ મેળવીને જયારે બોટ બનાવે છે અને એ બોટ જયારે પકડાઇ જાય છે, ત્યારે એ ગરીબ માછીમાર ઉપર ખૂબ જ મોટી આફત આવે છે અને એ પ્રકારની વારંવાર રજૂઆત સરકારની અંદર થતી આવી છે પરંતુ ભારત સરકાર દ્વારા નકકર પગલાં લેવાવા જોઇએ એ અત્યાર સુધી લેવાયાં નથી. જે દિવસે કરારનામામાં નકકી થયું હતું ત્યારથી પાકિસ્તાનમાંથી ખલાસીઓને છોડી દેવામાં આવે છે. ભારત સરકારની અંદર, આપણી ગુજરાત સરકાર વિદેશ મંત્રાલયની અંદર રજૂઆત કરે અને તેના આધાર ઉપર જયારે ખલાસીઓને છોડવામાં આવે છે ત્યારે વાઘા બોર્ડર ઉપર આપણા બંદર વિભાગના અધિકારીઓ, કર્મચારીઓ તેને સ્વીકારવા માટે જાય છે. ત્યાં એમને પાકિસ્તાન સત્તાવાળા પાસેથી સ્વીકારે છે પછી એનું મેડિકલ કરવામાં આવે છે અને મેડિકલ કર્યા બાદ એમના જે તે વતનની અંદર ખલાસીઓને સહી સલામતરીતે મોકલવામાં આવે છે એટલું જ નહીં પણ જેટલા દિવસ સુધી પાકિસ્તાન જેલની અંદર ખલાસીઓ રહ્યા હોય એ દરમિયાન એમને પહેલા પચાસ રૂપિયાનું વેતન આપવામાં આવતું હતું, આજે દોઢસો રૂપિયા વેતન આપવામાં આવે છે. આ રીતે એમને થોડી કમાણી પણ અત્યારે થઇ રહી છે.

સાથેસાથે બંદરની જે નીતિ છે એમાં પણ હું થોડો પ્રકાશ પાડવા માગું છું. ઘણી વખત દરિયાની અંદર ખલાસીઓ જાય છે અને ખલાસીઓ જયારે અંદર પડી જાય છે, લાપત્તા બને છે ત્યારે આપણી જે અહિંયાની નીતિ છે પહેલા સાત વર્ષ સુધી એને લાપત્તા તરીકે જાહેર કરતા હતા. લાપત્તા થાય, સાત વર્ષ પૂરા થાય ત્યાં સુધી એની પત્ની વિધવા બની હોય છતાં પણ એને કોઇ રાહત આપવામાં આવતી નહોતી. એના મરણના ડોકયુમેન્ટ પણ મળતા નહોતા અને એટલા માટે એને ઘણી બધી મુશ્કેલીઓ પડતી હતી. હવે એ સમયમાં ઘટાડો કરી અને અઢી વર્ષ કર્યા છે પણ સરકારશ્રીને હું વિનંતી કરવા માગું છું કે જયારે લાપત્તા બને છે, દરિયાની અંદર પડી જાય છે પછી ડેડબોડી મળતી નથી અને એના વારસો ગરીબ પત્ની હોય, બાળકો હોય, મા–બાપ હોય એનું ભરણપોષણ કરવા માટે ઘણીબધી મુશ્કેલીઓ પડે છે. એવા સંજોગોમાં લાપત્તા બન્યા પછી કમ સે કમ એને એક વર્ષની અંદર જ મરણ પામેલો જાહેર કરવો જોઇએ. કન્ડીશનમાં જાહેર કરે, જો મળી જાય તો સહાયની એને જે રકમ આપીએ છીએ એ પાછી લઇ લેવાની શરતે જાહેર કરે પણ આ જો સુવિધા કરવામાં આવે તો જે કુટુંબ ઉપર આફત આવે છે, એ લાચાર બની જાય છે એને તાત્કાલિક સહાય મળી શકે. પત્ની વિધવા બની જાય તો એને વિધવા સહાય મળી શકે આ રીતે એને થોડી સુવિધા મળે.

દરિયા કિનારા ઉપર માછીમારી માટે ઘણા સમાજ રહે છે જેમાં ખારવા છે, માછી છે, માંગેલા છે, મિતના છે અને એ સમાજની આવક જ દરિયાઇ ધંધો છે. અમારે ત્યાં દક્ષિણ ગુજરાતની અંદર મિતના સમાજ રહે છે. એ માત્ર કાદવ કીચડની અંદર જે બે ઇંચની લેવકી કરીને મચ્છી આવે છે એ પકડીને જ એનો ગુજારો કરે છે. આ રીતે એ લોકોની જે આજીવિકા ઉપર અસર થઇ રહી છે પાકિસ્તાની સત્તાવાળા દ્વારા એમાં માનનીય કાંતિલાલભાઇ ગામિત સાહેબ જે સંકલ્પ લઇ આવ્યા છે એ ખરેખર ખૂબ જ સારો છે. અત્યાર સુધી એમના સમાજના સંગઠનો દ્વારા, સમાજના આગેવાનો દ્વારા મચ્છીમારોના આગેવાનો દ્વારા જે રજૂઆત આવી છે એ રજૂઆતના અનુસંધાનમાં અમે પણ સરકારને રજૂઆત કરીએ છીએ. સરકારની વ્યવસ્થા પ્રમાણે વિદેશ મંત્રાલય સાથે ચર્ચા થાય છે અને વિદેશ મંત્રાલય સાથે ચર્ચા કરી અને આ પ્રશ્નના નિકાલ માટે કોશિશ કરવામાં આવે છે. અત્યાર સુધી જે રેકોર્ડ ઉપર આવ્યા છે એમાં ૯૨૦ જેટલી બોટો તો ત્યાં પકડેલી હતી અને ૨૦૦૫ સુધી ૨૦૫ જેટલી બોટો છોડવામાં આવી છે અને હજુપણ ૭૧૫ જેટલી બોટો પાકિસ્તાનની કસ્ટડીમાં પડેલી છે. આજે જયારે ૭૫લાખ રૂપિયાની એક બોટ થતી હોય અને આ ગરીબોની આજીવિકા ઝુંટવાઇ જતી

હોય ત્યારે એમને ખૂબ જ મુશ્કેલી પડે છે એટલે આ જે સંકલ્પ લઇ આવ્યા છે એને હું સમર્થન આપું છું અને આશા રાખું છું કે સરકાર એ બાબતમાં ઘનિષ્ઠ પ્રયાસો ભારત સરકારના વિદેશ મંત્રાલય સાથે કરે અને માછીમારોને એમાં સહાય આપવામાં આવે, મદદ આપવામાં આવે એવી અપેક્ષા સાથે હું મારો સૂર પુરાવું છું.

શ્રી જીતેન્દ્રભાઇ સ. વાઘાણી(ભાવનગર (પશ્ચિમ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સાથી આદરણીય સભ્યશ્રી કાંતિભાઇ ગામિત જે સંકલ્પ લઇને આવ્યા છે એમનું હું સમર્થન કરું છું અને મારા વિચારો રજૂ કરું છું.

આપણું ગુજરાત રાજય દેશમાં સૌથી લાંબો દરિયાકિનારો ધરાવતું રાજય છે. રાજયના કુલ ૧૩ જિલ્લાઓ સમુદ્ર કિનારે આવેલા છે. એક લાખ અને ચાલીસ હજારથી પણ વધારે માછીમારો દિવસ રાત પોતાની રોજીરોટી માટે વ્યવસાય કરે છે.આપણી આંતરરાષ્ટ્રીય જળસીમાની અંદર ૨૦૦૪-૦૫ થી રાજ્ય સરકાર દ્વારા જાગૃતિ માટેના પણ અનેક અભિયાન સ્વરૂપે ખર્ચ કરીને પણ જે માછીમાર ભાઇઓ આ વિસ્તારમાં ખાસ કરીને જખૌમાં કચ્છની સરહદ છે, ત્યારે તે સરહદોને સમજે અને પાકિસ્તાનની સરહદમાં ન ઘૂસી જાય એમના માટે થઇ લાખો રૂપિયાનો ખર્ચ રાજય સરકાર કરે છે, છતા પણ બોટને દરિયાકિનારાની અંદર બોર્ડર બનતા નથી કે પાળા બનતા નથી, તો એમાં ક્યારેક બોટની પૂંછડી રહી જાય તો અપહરણ કરી આ પાકિસ્તાન આપણા માછીમારોની બોટ સાથે લઇ જાય છે. જ્યારે કેન્દ્રમાં અટલજીની સરકાર હતી એ વખતે માછીમારોને છોડાવવા માટેની આપણી સમજૂતીઓ આંતરરાષ્ટ્રીય કરાર મુજબ હતી, એ વખતે બોટો સહિત માછીમારોને છોડાવતા હતા. આજે કેન્દ્રની કોંગ્રેસ સરકારમાં માત્ર માછીમારોને છોડવામાં આવે છે. એક તો ઘણા દિવસો સુધી જેલમાં સબડે છે. રાજ્ય સરકાર અનેક રજૂઆતો કરે છે, છતા પણ તેના તરફ લક્ષ રાખવામાં આવતું નથી. આ ગુજરાત છે. ગુજરાતમાં જેટલી ભારતીય જનતા પાર્ટીની સરકાર બદનામ થાય તેવા પ્રયત્નો કેન્દ્રની સરકાર દ્વારા થઇ રહ્યા છે. માત્ર માછીમારોને મોકલીને લાખો રૂપિયાની બોટ જેની કિંમત ૨૦ લાખ, ૩૦ લાખ રૂપિયા થવા જાય છે. એની રોજીરોટી કમાવવાનું સાધન તે ત્યાં મૂકીને આવે અને અહીયા એ શું કરી શકે, તેની પણ ચિંતા આ કેન્દ્રની નીતિઓમાં જોવા મળતી નથી.

અહીથી મારા વિપક્ષના સાથીઓ નથી. પાકિસ્તાનની ખૂબ મોટી વાતો કરીને ગયા છે. આ પાકિસ્તાનમાંથી જો બોટ છોડીને આવે આપણા માછીમારોને છોડીને આવે તો ખૂબ મોટુ કામ ગરીબ લોકો માટેનું કામ થઇ શકશે. જખૌ બંદર એ મત્સ્યોદ્યોગ માટે એ માછલી પકડવા માટે ખૂબ મોટું સેન્ટર છે. અપહરણની બાબત તો છે, પણ સાથે સાથે તે ઘૂસણખોરીની બાબતો દિવસે ને દિવસે કેન્દ્રની જે સરકાર છે. એ કેન્દ્ર સરકારની નીતિના કારણે વધતી જાય છે. ગુજરાતનું કચ્છ એ સરહદી બાબતે પાકિસ્તાન નજીક છે, ત્યારે ખાસ કરીને અહીયા સરકાર પણ શાંતિથી રહી ન શકે, એના માટે થઇને કેન્દ્રની એજન્સીઓ છે, એમણે આ દરિયાઇ સીમા સુરક્ષામાં કરવાનું છે એમને નથી કરવું. એનું ઉદાહરણ આપને આપી શકું તેમ છું. ઓખામાં ૩ જેટલા કેસો એ પોલીસ સ્ટેશનમાં મરીન પોલીસ સ્ટેશનમાં થયા છે. ઘૂસણખોરી કરવાના કેસો થયા છે. આ સાબિતીઓ કેન્દ્રને આપી છે, છતા એને અનદેખી રાજય સરકારની વાતને કરવામાં આવે છે. આ વખતે ફરી વખત જાગૃતિ લાવવા માટે અનેક કાર્યો એ રાજ્યની સરકાર દ્વારા થઇ રહ્યા છે. ૭૫ લાખ રૂપિયાની ફાળવણી કરી છે, પણ આ લોકો ભણેલા ગણેલા નથી હોતા. મે કહ્યું તેમ પાળાઓ નથી, એટલે ક્યારેક કોઇ પૂંછડું રહી જાય તો તે વખતે અપહરણ કરવામાં આવે છે. આ બધી જ બાબતોને લઇ સતત રાજ્ય સરકારને જ્યારે પરેશાન કરવામાં આવે છે, ત્યારે મહત્વની બાબત અહીથી *(xxxxxx)

અધ્યક્ષશ્રી : પ્લીઝ,કાંઇ નહિ બોલવાનું. નહિ કહું એમ કરીને કહો છો. આ શબ્દો તમારા દૂર કરું છું.

શ્રી જીતેન્દ્રભાઇ સ. વાઘાણી : ડો. મનમોહનસિંહની નેતૃત્વની કેન્દ્રની સરકાર એના કાર્યકાળ દરમ્યાન ૨૮-૧૨-૨૦૦૪ માછીમાર ભાઇઓ એ માટે કાળો દિવસ આજે મનાવી રહ્યા છે. આ દિવસ ભારત અને પાકિસ્તાનના સચિવોની ઇસ્લામાબાદ ખાતે મીટિંગમાં ભારત સરકાર દ્વારા આપણી રાષ્ટ્રીય સંપત્તિ

---

* આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાથી કાઢી નાખવામાં આવ્યા છે.

બોટો વગર  માછીમારોએ વાઘા બોર્ડર ઉપર મુક્ત કરવાનું નક્કી કર્યુ, જેના કારણે માછીમાર ભાઇઓએ મજબૂરીથી કરાંચીથી વાઘા અને વાઘાથી વેરાવળ સુધીનો સેંકડો કિ.મી. સુધીનો જોખમી રસ્તો પસાર કરવો પડ્યો. ખાવા પીવાની વ્યવસ્થા આની પણ ચિંતા ભારત દેશની સરકારે કરી નથી. રોજીરોટીનું સાધન ગુમાવીને આવ્યાં છે, ત્યારે આમય કેન્દ્રની સરકાર પાસે આપણે અપેક્ષા ન રાખી શકીએ, કારણ કે એ કાળા દિવસોનો સમય નરેન્દ્રભાઇ મોદીનું ભાજપનું શાસન આવ્યું છે. ત્યારથી આ કાળા દિવસો ગુજરાતમાંથી જતા રહ્યા છે.પણ આ દૂધ જેવા સફેદ દિવસો જયારે ગુજરાતની સરકાર લાવી છે ત્યારે બીજી બાજુ દેશની સરકાર આ બધી બાબતોને લઇને દેશને અનુભૂતિ થાય કે દેશ કાળા દિવસો ભોગવી રહ્યો હોય  તેવી પ્રકારની નીતિ પછી તેમાં દરિયાઇ સુરક્ષા હોય, આંતરિક સુરક્ષા હોય, કોઇપણ બીજી બાબત હોય તેવા વખતે આ કાળા કામ કરવાવાળાને શું ખબર પડે કે સફેદ દિવસો કોને કહેવાય? આજે દેશ ભોગવી રહ્યો છે. દેશ અનુભવી રહ્યો છે. તેવા વખતે હું આપના ધ્યાને એ વાત મૂકવા માગું છું કે, ૧૯૯૪ દરમ્યાન ભારત અને પાકિસ્તાન વચ્ચે થયેલ કરાર મુજબ બંને દેશના માછીમારોના હિતમાં સીમા ઉલ્લંઘન કે માછીમારી સિવાયનો કોઇ હેતુ જ ન હતો. ત્યારે ભારતીય કોસ્ટ ગાર્ડ તેમજ પાકિસ્તાન મરીન સિક્યુરીટી એજન્સી પરસ્પર સંપર્ક કરીને, દરિયાઇ માર્ગોથી તપાસ કરી અને જો તેનો કોઇ હેતુ કે બદઇરાદો ન હોય અને માત્ર માછીમારી માટે ગયા હોય ત્યારે તેમને છોડી દેવા જોઇએ. આ કરાર છે. પાકિસ્તાન તે કરારનું ઉલ્લંઘન કરે છે. કેન્દ્ર સરકાર જોઇ રહી છે. તેવા વખતે  આ સંકલ્પ યોગ્ય છે. જાગૃતિ માટે અને તેવા લોકોને અવાજ પહોંચાડવા માટે યોગ્ય છે.

માનનીય અધ્યક્ષશ્રી, અહીંથી સિંહોની વાત થઇ. સિંહો બહાર નીકળી ગયા હતા તેવી વાત કરતા હતા ત્યારે હું બેઠો બેઠો સાંભળતો હતો. ગુજરાતમાં નરેન્દ્રભાઇની સરકારના સિંહો તો બહાર સો ટકા નીકળ્યા છે તે સમાજની સેવા કરવા અને સુવાસ ફેલાવવા નીકળ્યા છે. ભૂતકાળમાં સિંહ તે  આપણને ખબર છે, તે સિંહો બહાર નીકળતા હતા તે સમાજનું ભક્ષણ કરવા માટે નીકળતા હતા. તેવા વખતે રાજય સરકારના સિંહો, સિંહોની એટલા માટે વાત કરતા હતા અને અત્યારે અહીં હાજર નથી. મને વાત કહેવાનું મન થાય છે. એ એટલા માટે વાતો કરતા હતા કે  એક એવો સરસ મજાનો સિંહ જે સમાજસેવારૂપી સેવા માટે કેન્દ્ર અને ભારતમાં જવા માટે જઇ રહ્યો છે ત્યારે સમાજની સેવા કરવા માટે, ભારતની રક્ષા કરવા માટે તે દેશમાં આગળ આવે છે એટલા માટે એમને બીક લાગે છે. એમને તકલીફ થતી હતી કે સિંહો બહાર જાય છે, સિંહો બહાર નીકળ્યા છે. તમારા વખતે સિંહો બહાર નીકળતા હતા ત્યારે તે સમાજનું ભક્ષણ કરતા હતા. અમારો સિંહ તે સમાજનું રક્ષણ કરવા માટે દેશમાં જઇ રહ્યા છે, સમગ્ર દેશની પ્રજા તેને સ્વીકારવા માટે, સમગ્ર ભારત દેશ સફેદ, ઉજ્જવળ દિવસો જોવા માટે તત્પર છે ત્યારે તેમના *(xxxxxx) તે સમજી શકાય તેમ છે.

અધ્યક્ષશ્રી : (xxxxxx) તે શબ્દો કાઢી નાંખીએ છીએ. એક મિનિટ બાકી છે.

શ્રી જીતેન્દ્રભાઇ સ. વાઘાણી : માનનીય અધ્યક્ષશ્રી, ગઇકાલે કેન્દ્રના ગૃહમંત્રી કચ્છમાં આવ્યા હતા. એક લોકપ્રતિનિધિને મળ્યા વગર કેન્દ્રના ગૃહમંત્રી ગુજરાતમાંથી જતા રહ્યા. કારણકે જવાબ ન આપી શકાય. તેવા વખતે હું આપને બીજી વાત અહીંથી કરવા માગું છું. કેન્દ્રના એક (xxxxxx) છે. મને એક સરસ મજાનું કાર્ટુન સાચ અર્થમાં વાસ્તવિક હોય એમ લાગે છે.

અધ્યક્ષશ્રી : જીતેન્દ્રભાઇ કોઇની ટીકા થાય તેવું નહીં, કેન્દ્રની વાત મૂકો. આ હોડીઓ માટેની વાત છે. પાકિસ્તાનવાળા નથી આપતા તે વાત છે. બીજા ઉદાહરણ આપવાની જરૂર નથી.

શ્રી જીતેન્દ્રભાઇ સ. વાઘાણી : માનનીય અધ્યક્ષશ્રી,  મેરીટાઇમ યુનિવર્સિટીની મંજૂરી  આ કેન્દ્ર સરકાર આપતી નથી. તેમાં અનેક કોર્સ મરીન એન્જીનિયરીંગ, પોર્ટ મેનેજમેન્ટ, નોટીકલ સાયન્સ, શીપ બિલ્ડીંગ તેમજ અનેક સુવિધાઓ તે માછીમાર લોકોની જાગૃતિ માટે શકય બને તેમ છે. ત્યારે કેન્દ્રની સરકારની નીતિઓના કારણે  આ માછીમાર ભાઇઓ તે ઘૂસણખોરી કરે ઘૂસણખોરી કરીને આપણા લોકોને લઇ જાય છે. આ સંકલ્પને હું મારું સમર્થન આપું છું.

---

* આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા.

શ્રી રાજેશભાઇ ના. ચુડાસમા(માંગરોળ) : માનનીય અધ્યક્ષશ્રી, આ સન્માનનીય સભાગૃહમાં પ્રથમ વખત મને મારા વિચારો વ્યકત કરવાની તક આપી તે બદલ આપનો અને આ સન્માનનીય સભાગૃહના સભ્યશ્રીઓનો હું ખૂબ ખૂબ આભાર માનું છું. તેમજ ભારતીય જનતા પાર્ટી તથા ગુજરાત રાજયના વિકાસની વિરાટ દ્દષ્ટિ સમાન ગુજરાત રાજયના માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીનો ખૂબ ખૂબ આભાર માનું છું.

માનનીય અધ્યક્ષશ્રી, કાન્તીભાઇ ગામીત જે બિનસરકારી સંકલ્પ લઇને આવ્યા છે તેમાં હું મારા વિચારો વ્યક્ત કરું છું અને તેમને મારું સમર્થન આપું છું. ગુજરાત રાજય દેશના નવ રાજયો પૈકીનું મહત્વનું દરિયાઇ રાજય છે. દેશનો સૌથી વધારે ૧૬૦૦ કિલોમીટરનો સમુદ્ર કિનારો ધરાવતું રાજય છે.ગુજરાત રાજયમાં માછીમારી કરવા માટે થઇને માછીમારોએ એક થી ૨૦૦ નોટિકલ માઇલ સુધી જવું પડતું હોય છે. આ જે પૂરતા પ્રમાણમાં જથ્થો મળી રહે તે માટે થઇ એટલું દરિયાઇ કિલોમીટરનું અંતર કાપવું પડે છે, ત્યારે રાજય સરકારના ૧૫મી ઓગસ્ટથી ૧૫મી મે સુધીના સરકારશ્રીએ નકકી કરેલા ફીશીંગ માટે સાત માસનો ગાળો હોય છે. તે સમયગાળા દરમિયાન રાજયના માછીમારોને જીવના જોખમે માછીમારી કરવા જવું પડે છે.

માનનીય અધ્યક્ષશ્રી, આપણે એટલું સમજી શકીએ કે, પોતાના જીવના જોખમે પોતાના પેટ માટે થઇને દરિયામાં માછીમારી કરવા જતાં એમને કેટલું દુઃખ ભોગવવું પડતું હશે? રાત્રી રોકાણ દરમિયાન, એ આખો દિવસ ફીશીંગ કરીને એ જયારે રાત્રે આરામ કરતા હોય છે ત્યારે પાકિસ્તાન મરીન સિક્યોરીટી, એ રાત્રીના સમય ભારતની સરહદ ઉપર હોય છે, ત્યારે પણ એ આવીને અપહરણ કરી જતા હોય છે. આપણે એટલું સમજી શકીએ કે, આપણો ભાઇ કે દીકરો જયારે બે કલાક મોડો થાય ત્યારે આપણને ઉંઘ નથી આવતી તો આ રાજયના માછીમારભાઇઓ પોતાના જીવના જોખમે અને આ રાજયના વિકાસના એ એક પાયારૂપ સમાન હોય ત્યારે એમને આ પાકિસ્તાન દ્વારા મશીનગનની અણીએ લઇ જવામાં આવે છે ત્યારે એમના પરિવારની હાલત ખૂબ દયનીય હોય છે. એ આપણે સૌ સમજી શકીએ છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લે આદરણીય વાજપાઇશ્રીના વડાપ્રધાન તરીકેના કાર્યકાળ દરમિયાન એમની દરમિયાનગીરીથી પાકિસ્તાન સરકાર દ્વારા ૫૩ બોટો અને ૩૯૧ માછીમારોને બોટો સહીત દરિયાઇ માર્ગેથી મુકત કરવામાં આવ્યા હતા. આ દરમિયાન માછીમારોનું એક અગ્રણી પ્રતિનિધિ મંડળ કે જે પ્રથમ વખત જે ઘટના બની હતી એ ૪૫ દિવસ સુધી પાકિસ્તાનમાં રોકાઇને ૨૬૮ પૈકીના ૨૬૬ માછીમારોને વાઘા બોર્ડરથી આપવા નિર્ણય કરવાથી માછીમારીભાઇઓના આજીવિકાના કિંમતી સાધન ઝૂંટવાઇ ગયું હતું કારણ કે ૨૦૦૪માં માનનીય મુખ્ય મંત્રીશ્રીએ અનેક વખત રજૂઆતો કરવા છતાં એ ૨૦૦૪માં અહીયાંથી પ્રતિનિધિ મંડળ ગયું હતું તો માછીમારોને છૂટા કર્યા પણ જયારે ૨૦૦૩માં આદરણીય વાજપાઇશ્રીની સરકારે ૫૩ બોટો અને ૩૯૧ માછીમારોને બોટો સહિત વાઘા બોર્ડરથી અહીયાં ગુજરાત લઇ આવી. પ્રથમ વખત એ ઘટના બની હતી.

માનનીય અધ્યક્ષશ્રી, આપણા રાજયના માનનીય મુખ્ય મંત્રીશ્રીએ આપણે જેમને મછીયારાઓથી ઓળખતા હતા આજે એમને એક નવું નામ આપી સાગરખેડૂ બનાવી દીધા છે. આ રાજયના માનનીય મુખ્ય મંત્રીશ્રી ઘણી યોજનાઓ લઇને આવ્યા છે કે ઇલેકટ્રીક જીપીએસ સીસ્ટમ અને ઘણા જાગૃતિના પ્રોગ્રામો કર્યા છે ત્યારે આ માનનીય મુખ્ય મંત્રીશ્રી આપણે એક ગર્વ લેવો જોઇએ કે, માછીમાર લોકો માટે પણ ઘણા જાગૃત્તિના અભિયાનો કરી આ રાજયના માછીમારોને માર્ગદર્શન પૂરું પાડે છે.

માનનીય અધ્યક્ષશ્રી, આજ રોજ માનનીય સભ્યશ્રી કાંતીલાલભાઇ ગામીત જે બિન સરકારી સંકલ્પ લઇને આવ્યા છે એને હું મારું સમર્થન આપું છું.

શ્રી શ્રી રજનીકાન્ત સો. પટેલ (ગૃહ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, આ સભાગૃહના સન્માનનીય સભ્યશ્રી કાંતીલાલભાઇ ગામીત જે બિન સરકારી સંકલ્પ લઇને આવ્યા છે અને એ સંકલ્પમાં શ્રી રમણભાઇ પાટકર, શ્રી જીતેન્દ્રભાઇ વાઘાણી અને શ્રી રાજેશભાઇ ચુડાસમાએ સંકલ્પ પર ચર્ચા કરીને એમાં સૂર પૂરાવ્યો છે ત્યારે હું પણ માનનીય કાન્તીભાઇ ગામીત જે બિન સરકારી સંકલ્પ લઇને આવ્યા છે ત્યારે એને સમર્થન કરું છું.

તા. ૨૫મી માર્ચ ૨૦૧૩
બિનસરકારી સંકલ્પો

માનનીય અધ્યક્ષશ્રી, હમણાં વાત થઇ એ પ્રમાણે ગુજરાત ૧૬૦૦ કિલોમીટર જેટલો દરિયાકિનારો ધરાવે છે અને આ દરિયાકિનારામાં જે સાગરખેડૂ ભાઇઓ છે, માછીમાર ભાઇઓ છે એ એમાંથી માછીમારીનો ધંધો કરીને પોતાનું ગુજરાન ચલાવતા હોય છે ત્યારે ભારત અને પાકિસ્તાન બંન્ને પડોશી દેશો છે.અને અરબી સમુદ્રમાં વાયવ્ય દિશામાં આ બંને દેશોની સરહદો એક બીજાને અડકે છે જેને આપણે આંતર રાષ્ટ્રીય જળ સીમા કહેએ છીએ. દરિયામાં આંતર રાષ્ટ્રીય જળ સીમા અંકિત કરવાનું એકદમ શક્ય બનતું નથી ત્યારે આંતર રાષ્ટ્રીય જળ સીમાની ભારત બાજુએ ૫ નોટિકલ માઇલનો વિસ્તાર એ ભારત સરકારે નોફીશીંગ ઝોન તરીકે એટલે પ્રતિબંધિત વિસ્તાર તરીકે જાહેર કરેલો છે. આ ગુજરાતના માછીમારો એ જખૌની સામેના વિસ્તારમાં આવેલ ફળદ્રુપ મત્સ્ય ગ્રાઉન્ડમાં માછીમારી કરવા માટે જાય છે આ માછીમારો જ્યારે માછીમારી કરવા માટે જાય ત્યારે એ માછીમારી કરતા કરતા જ્યાં વધારે સારી માછલીઓ મળે ત્યાં પહોંચી જતા હોય છે અને આ જે સીમારેખા નક્કી કરેલી હોય છે ક્યારેક એનું એ વધારે સારી માછલીઓ પકડવાના મોહમાં એનું ક્યારેક ઉલ્લંઘન પણ આ લોકો કરતા હોય છે કારણ કે, જે ફળદ્રુપ વિસ્તાર હોય છે ત્યાં અતિશય કિંમતી અને મોટા જથ્થામાં માછલીઓ મળતી હોય છે ત્યારે આવી માછલીઓ પકડવા માટે આ બધા માછીમારો એ તરફ જાય છે અને મેં અગાઉ કહ્યું તેમ ક્યાંક સીમાનું ઉલ્લંઘન થાય ત્યારે એમને એમની બોટ સહિત પાકિસ્તાન તરફથી પકડવામાં આવે છે. આ માછીમારો જ્યારે પકડાય છે ત્યારે પાકિસ્તાની મરીન સિક્યુરીટી એજન્સી દ્વારા માછીમારોની ધરપકડના સમાચાર મળે ત્યારે માછીમાર અને બોટની પ્રાથમિક વિગતો બોટ માલિક પાસેથી મેળવવામાં આવે છે અને એ વિગતો મળવ્યા પછી એની ખરાઇ કરવામાં આવે છે એમાં માછીમારનો ફોટોગ્રાફ, રાષ્ટ્રીયતાના દસ્તાવેજ, બોટોની ફાઇલ આ બધી બાબતોને એકત્રિત કરીને ભારત સરકારના વિદેશ મંત્રાલયને કાર્યવાહી માટે મોકલી આપવામાં આવે છે. પ્રસ્તુત બાબત બંને દેશના રાજદ્વારી સંબંધોને લગતી હોય, પકડાયેલ માછીમારોની ઓળખ પ્રસ્થાપિત થાય અને બંને દેશની રાજદ્વારી કચેરીઓ વચ્ચે મંત્રણા થાય એ પછી આ માછીમારોને મુક્ત કરવાની કાર્યવાહી કરવામાં આવે છે. પરંતુ ૧૯૯૪-૯૫ થી આજની તારીખે કુલ ૪૯૩૪ માછીમારોને પાકિસ્તાન દ્વારા પકડવામાં આવેલ છે જે પૈકી ૪૬૩૩ માછીમારોને આ ઉપરોક્ત કાર્યવાહી પછી મુક્ત કરવામાં આવ્યા છે, હજુ સુધી ૩૦૧ માછીમારો પાકિસ્તાનની જેલમાં સબડે છે.

રાજય સરકાર દ્વારા અનેકવિધ પ્રયત્નો કરવામાં આવ્યા છે અને વિવિધ સ્તરે અવાર નવાર ભારત સરકારે પત્રો લખી અને આ બંદીવાન માછીમારોને મુકત કરાવવા માટેની રજૂઆત કરવામાં આવી છે. અત્યાર સુધીમાં વિવિધ સ્તરે કુલ ૧૩૩ જેટલા પત્રો ભારત સરકારને આના માટે લખવામાં આવ્યા છે છતાં પણ હજુ એનું કોઇ ફળદાયી પરિણામ આપણને મળ્યું નથી. જખૌ બંદર એ માછીમારી માટેનું ફળદ્રુપ ગ્રાઉન્ડ હોઇ ત્યાં મોટા પાયે આ માછીમારીની પ્રવૃતિ થાય છે. ભારતીય જળ સીમામાં ઘૂસી જઇ પાકિસ્તાન સત્તાવાળાઓ દ્વારા માછીમારોને બોટ સહિત પકડવામાં આવે છે અલબત લાંબી પ્રક્રિયા બાદ કેટલાક માછીમારોને મુક્ત કરાવવામાં આવે છે, પરંતુ ફિસિંગ બોટો પાકિસ્તાન તરફથી પરત કરવામાં આવતી નથી. આમાં અગાઉ પણ સભ્યશ્રીએ પોતાની ચર્ચામાં વાત કરી કે માછીમારોને છોડવામાં આવે છે પરંતુ જે બોટ જેની કિંમત ખૂબ મોંઘી હોય છે લગભગ ૪૫-૫૦ લાખ કરતા પણ વધારે કિંમતની આ બોટ હોય છે. માછીમારોને મુક્ત કરાયા પછી આ કિંમતી બોટોને છેલ્લા ઘણાં સમયથી મુક્ત કરવામાં આવી નથી અને જાન્યુઆરી ૨૦૧૩ સુધીમાં, અત્યાર સુધીમાં કુલ ૯૨૦ જેટલી ફિસિંગ બોટો એ પાકિસ્તાનના કબજામાં છે.

જ્યારે એક માછીમાર એ પોતાની બોટ લઇ અને ખૂબ મહેનત કરી અને પોતાના કુટુંબનું ભરણ-પોષણ કરતો હોય ત્યારે આ પ્રકારની મુશ્કેલી એના પરિવારજનો માટે પણ મુશ્કેલીરૂપ સાબિત થાય છે. આવા સંજોગોમાં ગુજરાતની સરકાર આ માછીમારોને અને એમના પરિવારજનોને મદદ કરવા માટેના પૂરેપૂરા પ્રયત્નો કરે છે.માછીમારના વ્યવસાય સાથે સંકળાયેલા માછીમારો માટે ફિશિંગ બોટ એ આજીવિકાનું સાધન છે અને જ્યારે એ આજીવિકાનું સાધન છીનવાઇ જાય ત્યારે આ માછીમારના આવા અસરગ્રસ્ત કુટુંબો છે એમને દૈનિક રૂપિયા ૫૦ની સહાય સને ૨૦૦૩થી આપવામાં આવતી હતી. પરંતુ અત્યારે આ દૈનિક સહાય એ વધારીને ૧૫૦ રૂપિયા કરી દેવામાં આવી છે અને એ સહાય આજની તારીખે આ સરકાર આવા

અસરગ્રસ્તોના પરિવારોને આપે છે. આજદિન સુધીમાં ૪.૭૫ કરોડ સુધીની સહાય આવા અસરગ્રસ્તોના પરિવારોને આ રાજ્યની સરકારે ચૂકવેલ છે.

રાજ્યના માનનીય મુખ્યમંત્રીશ્રી એ છેવાડાના માનવીનો હંમેશા વિચાર કરે છે, અને એટલા માટે સાગરખેડૂ જેવી યોજનાઓ દ્વારા પણ આ સમગ્ર માછીમારીનો જે વિસ્તાર છે એમાં શિક્ષણથી માંડીને અનેકવિધ પ્રવૃત્તિઓ દ્વારા એ લોકોનો વિકાસ થાય, એની પૂરી ચિંતા જ્યારે રાજ્યની સરકાર કરતી હોય ત્યારે આ રીતે એમને એમના પ્રતિદિનની જે દૈનિક સહાય છે એ વધારીને રાજ્યની સરકાર આવા અસરગ્રસ્ત કુટુંબોને સહાય કરે છે. જ્યારે આ પ્રકારની બોટો પાકિસ્તાન છોડતું ન હોય ત્યારે એ બોટોનો દુરૂપયોગ પણ થતો હોય છે, આવી પકડાયેલી બોટો દ્વારા દેશદ્રોહી પ્રવૃત્તિ માટે પણ એનો ઉપયોગ થાય છે. આ બોટો ઉપર આપણા ભારત દેશનો ધ્વજ લાગેલો હોય છે. એ જ બોટોનો ક્યાંક દેશદ્રોહી પ્રવૃત્તિ માટે ભૂતકાળમાં ઉપયોગ થયો હોય એવી બાબતો પણ ધ્યાનમાં આવી છે, ૨૬–૧૧ના રોજ મુંબઇમાં જે ઘટના બની એ ઘટનામાં પણ આ જ પ્રકારની સ્થિતિ એ જવાબદાર હોય એવું ધ્યાનમાં આવ્યું છે, ભારતની સરકાર દ્વારા પણ આ સામે કયા પ્રકારના પગલાં લેવા જોઇએ એ બાબતે વારંવાર એમની સાથે ચર્ચા કરી છે.

ગુજરાત રાજ્યના તમામ માછીમારોની ઓળખ માટે કેન્દ્ર સરકાર દ્વારા મોટાભાગના માછીમારોને બાયોમેટ્રિક કાર્ડ આપવામાં આવેલ છે, પરંતુ આ બાયોમેટ્રિક કાર્ડની ઓળખ માટે બાયોમેટ્રિક કાર્ડના રિડરની આવશ્યકતા હોય છે. આ રિડર પૂરું પાડવા માટે કેન્દ્ર સરકારને અવારનવાર પત્રો દ્વારા અને રૂબરૂમાં પણ વાત કરવામાં આવી છે. પરંતુ કેન્દ્ર સરકારે આજદિન સુધી રાજ્ય સરકારને રિડર પૂરા પાડ્યા નથી. ગુજરાત રાજ્યના માછીમારોની બોટનું મોનીટરીંગ, એની દેખરેખ, લોકેશન, કુદરતી આફતો અંગેની અથવા તો અન્ય બીજી કોઇ સૂચનાઓ હોય એના માટે રાજ્ય સરકાર તરફથી આ બોટોમાં ટ્રાન્સપોન્ડર લગાવવાની તજવીજ હાથ ધરવામાં આવી હતી. જેના કારણે ટ્રાન્સપોન્ડરના માધ્યમથી આવી નાની મોટી કોઇ મુશ્કેલીઓ હોય તો એ માછીમારના ધ્યાનમાં આવે. આ ટ્રાન્સપોન્ડર લગાવવા માટેની જે કામગીરી ચાલતી હતી એમાં પણ કેન્દ્ર સરકાર તરફથી એવું કહેવામાં આવ્યું કે, આ બાબતમાં એકસાથે કોમન બાબતોને ધ્યાનમાં લઇને અને સમગ્રતયા ટ્રાન્સપોન્ડર આખા દેશમાં લગાવીશું અને એક વર્ષ જેટલો લાંબો સમય પૂરો થયો હોવા છતાં હજીસુધી કોઇ કાર્યવાહી આ ટ્રાન્સપોન્ડર લગાવવા માટેની થઇ નથી. જો આ કાર્યવાહી પણ ઝડપથી થઇ હોત તો આવી ઘટના, દુર્ઘટના નિવારી શકાઇ હોત. એટલે અત્યાર સુધીમાં ગુજરાતના જે ૩૦૧ જેટલા માછીમારો અને ૭૫૦ જેટલી ફિશિંગ બોટ કે જે પાકિસ્તાનના કબજામાં છે એ પાકિસ્તાન દ્વારા મેં અગાઉ કહ્યું એમ એનો ક્યાંકને ક્યાંક દુરૂપયોગ થતો રહ્યો છે. પાકિસ્તાન સિવાય પણ હમણાં ઇટાલીની આ બાબતમાં ચર્ચા થઇ, ત્યાં પણ જે પ્રમાણે આપણા માછીમારોની જે ઘટના બની. તે પણ એક ખૂબ મોટી ચિંતાનો વિષય છે. આવી બોટો જયારે પકડાય અને માછીમારો જયારે પકડાય અને તેને છોડવામાં ના આવે ત્યારે જે વાટાઘાટો થાય છે તેમાં પણ સૌથી પહેલા મુદ્ધા તરીકે બોટોને છોડવામાં આવે તે પ્રકારની જો વાતચીતની શરૂઆત થાય તો ખૂબ મોંઘી બોટો ગુજરાતના માછીમારોની પાકિસ્તાન સત્તાવાળાઓ પાસે છે તેને મુકત કરાવી શકાય.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતમાં આશરે ૧ લાખ ૪૦ હજાર જેટલાં માછીમારો આ દરિયામાં માછીમારી માટે જાય છે. અને તેઓની સુરક્ષા માટે રાજય સરકાર તે અનેકવિધ પગલાંઓ લે છે. દેશની સુરક્ષા માટે રાજય પોલીસની વિવિધ શાખાઓ એટલે કે મરીન પોલીસ, સ્પેશ્યલ ઓપરેશન ગ્રુપ, એન્ટી ટેરરીસ્ટ સ્કવોર્ડ અને જિલ્લા પોલીસ સતત માછીમારોના સંપર્કમાં રહે છે અને આ માછીમારી કરવાનો સમય ના હોય તે સમય દરમિયાન આ બધા માછીમારોને એકત્રિત કરી અને તેમના અવેરનેસ માટે પણ વિવિધ પ્રકારના પ્રોગ્રામો કરવામાં આવે છે. જેમાં તમામ માછીમારોને તેમની સુરક્ષા બાબતમાં અને રાષ્ટ્રની સુરક્ષા માટે શું કરવું જોઇએ અને શું ના કરવું જોઇએ એવી તમામ નાનામાં નાની બાબતોની તેમને જાણ કરવામાં આવે છે, માહિતગાર કરવામાં આવે છે અને પોલીસને સમયસર જાણ કરે એવું તેમને સમજાવવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, અત્યાર સુધી રાજય સરકાર તરફથી સને ૨૦૧૧-૧૨ તથા ૨૦૧૨-૧૩ દરમિયાન રૂપિયા ૭૫ લાખની રકમ ઉપરોકત કાર્યક્રમ માટે ખર્ચવામાં આવી છે અને કુલ ૨૩ હજાર માછીમારોને મેં અગાઉ કહ્યું તે પ્રકારની તાલીમ તેમણે તેમના અવેર્નેશ માટે આપવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, જયારે રાજય સરકાર આ બધા માછીમારો માટે ચિંતિત હોય, તેમને પડતી મુશ્કેલીઓ સામે તેમની પડખે ઉભી રહીને મદદ કરવા માટે તત્પર હોય ત્યારે કેન્દ્ર સરકારના કેટલાક સમયસરના પગલાં નહીં લેવાને કારણે પણ આજે આ માછીમારોને ખૂબ મોટી તકલીફ થઇ રહી છે. ત્યારે આ બિલમાં સ્વયં સ્પષ્ટ થાય છે કે, કેન્દ્રની સરકાર આ તમામ પ્રકારના પગલાં લઇ અને માછીમારો જયારે દરિયામાં માછલી પકડવા જાય અને કયાંક મેં કહ્યું તેમ  તે વધારે સારી માછલીઓ, વધારે જથ્થામાં માછલીઓ પકડવાના મોહમાં તે દરિયાઇ સીમા ઓળંખે અને પાકિસ્તાનમાં તે પકડાય તો આ બધાજ પ્રકારની જો કાળજી લેવામાં આવે તો આમાંથી ઘણા બધા માછીમારોને પકડાતા અટકાવી શકાય છે. માનનીય કાંતિભાઇ જે સંકલ્પ લઇને આવ્યા છે તે સંકલ્પને સમર્થન આપી અને કેન્દ્રની સરકારને આપણે અનુરોધ કરીએ કે આ પ્રકારના તે અસરકારક પગલાં લે અને ગુજરાતના દરિયાઇ ખેડૂતોને જે અન્યાય થઇ રહ્યો છે તે અન્યાય દૂર કરવા માટે ઘટતું કરે એવો કેન્દ્ર સરકારને આપણે અનુરોધ કરીએ છીએ અને કાંતિભાઇ જે આ સંકલ્પ લઇને આવ્યા છે તેને હું સમર્થન કરું છું.

શ્રી તારાચંદ  જ. છેડા : માનનીય અધ્યક્ષશ્રી, આ દરિયા કિનારાની અંદર જે ૧૬૦૦ કિલોમીટરનો દરિયા કિનારો છે તેમાંથી ૪૦૦ કિલોમીટરનો દરિયા કિનારો કચ્છનો છે. અને લગભગ માનનીય મંત્રીશ્રીએ જણાવ્યું તે પ્રમાણે ૩૦૦થી વધુ માછીમારો આજે વર્ષોથી પાકિસ્તાનની જેલમાં સબડી રહ્યાં છે. રાજયની સરકારોએ મરિન પોલીસ સ્ટેશનનું આયોજન કરી અને તેની સુંદર વ્યવસ્થા કરી છે. પણ  આજે હું આ સંકલ્પ ઉપર એકાદ બે સૂચન કરવા માંગુ છું.

અધ્યક્ષશ્રી : સૂચન નહીં, સવાલ પૂછો.

શ્રી તારાચંદ  જ. છેડા : માનનીય અધ્યક્ષશ્રી, હા, સવાલ પૂછવા માંગુ છું માનનીય મંત્રીશ્રીને કે જેવી રીતે ૫૦ રૂપિયામાંથી આપે ૧૫૦/-રૂપિયા તેમના પરિવાર માટે કર્યા તે ખૂબ આનંદની વાત છે. પણ માનનીય મંત્રીશ્રી જે બોટ પકડાય છે, માછીમાર પકડાય છે.અને માછીમારો પકડાય છે એ માછીમારોને પાકિસ્તાન  છોડતું  નથી, ત્યારે એમને  અથવા એમના કોઇ દીકરા  અથવા  એમના  ભાઇને પુનઃ આ ધંધો કરવા  માટે પ્રોત્સાહન રૂપે  બોટ અથવા  બીજો કોઇ ધંધો કરવા  માટેની સામગ્રી  આપે.  જેમ  ગરીબ માણસોને ઉંચે લાવવા માટે આપણે  એને સહાય કરીએ છીએ તેવી રીતે માછીમારો  પુનઃ આ ધંધામાં  પ્રવેશ કરે તેવું કંઇ કરવા માગો છો કે કેમ?

શ્રી રજનીકાન્ત સો. પટેલ : આ પ્રકારે  માછીમારી કરતાં  કોઇ પકડાઇ  જાય  ત્યારે ભૂતકાળમાં દૈનિક ૫૦ રૂપિયા આપવામાં  આવતા હતાં એના બદલે  ૧૫૦ રૂપિયા દૈનિક  જયાં સુધી ન મળે ત્યાં  સુધી આપવાની જાહેરાત  કરી છે.  બાકી સભ્યશ્રીનું સૂચન છે.

**પ્રશ્ન  મત  માટે મૂકવામાં  આવ્યો અને મંજૂર  કરવામાં  આવ્યો.**

અધ્યક્ષશ્રી : સંકલ્પનો સ્વીકાર  કરવામાં  આવે છે.

અધ્યક્ષશ્રીની જાહેરાત

**ગુજરાત પાર્લામેન્ટરી એસોસીએશનની ખાસ સામાન્ય સભા**

અધ્યક્ષશ્રી : મારે એક જાહેરાત કરવાની છે કે આજરોજ સભાગૃહની બેઠક પૂરી થયા પછી દસ મિનિટે ગુજરાત પાર્લામેન્ટરી એસોસીએશનની ખાસ સામાન્ય સભા વિધાનસભાના ચોથા માળે આવેલ સમિતિ ખંડ–૧માં રાખવામાં આવી છે. તેમાં દરેક સભ્યશ્રીઓએ અચૂક હાજર રહેવા વિનંતી છે.

**સભાગૃહનું કામકાજ સાંજના ૫.૦૭ વાગ્યે પૂરૂં થતાં અધ્યક્ષશ્રીના આદેશાનુસાર સભાગૃહ મંગળવાર, તા. ૨૬મી માર્ચ, ૨૦૧૩ના રોજ સવારના ૮–૩૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.**

## વિષયસૂચિ

## ચોથી શ્રેણી


| પુસ્તક.૭ ) | વિષય | પાના નંબર |
|---|---|---|
| અજયકુમાર જે. ચોકસી | પ્રવાસન ક્ષેત્રે મળેલા એવોર્ડ | ૪૦૮ |
| | વાયબ્રન્ટ સમીટ-૨૦૧૩ માં સેમિનારમાં ભાગ લેનાર દેશ | ૩૯ |
| | સુરત જિલ્લામાં ઉદ્યોગોને ગેસ પૂરો પાડવા બાબત | ૩૮૪ |
| અનિલ જોષિયારા | અમરેલી જિલ્લામાં દૂધ, ઘી, માખણ, દવાઓના ભેળસેળના નોંધાયેલ કેસો | ૧૫૭ |
| | ખેડૂતો અને ઉદ્યોગોને અપાતી વીજળીનું પ્રમાણ | ૩૬૯ |
| | સાબરકાંઠા જિલ્લામાં બી. ટી. કપાસનું બીજ ઉત્પાદન | ૨૯ |
| | સાબરકાંઠા જિલ્લામાં મેડીકલ કોલેજ શરૂ કરવા બાબત | ૧૬૯ |
| | ગુજરાત અમુક જાહેર સ્થળોમાં ધૂમ્રપાન કરવા પર પ્રતિબંધ મૂકવા બાબત વિધેયક,૨૦૧૩ | ૨૧૦ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (નવમો દિવસ) | ૧૦૯ |
| અમિતભાઇ હ. ચૌધરી | ગુજરાત રેગીંગ અટકાવવા બાબત વિધેયક, ૨૦૧૩ | ૨૨૦ |
| | ગ્રીન હાઉસ પ્રોજેકટમાં વીજળી આપવાની નીતિ | ૪૦૧ |
| | રાજ્યમાં પાઈપ નેચરલ ગેસ અને કોમ્પ્રેસ નેચરલ ગેસના ભાવ નિયમન સંસ્થા બાબત | ૩૭૦ |
| અમીત ચાવડા | આણંદ અને ખેડા જિલ્લામાં તાલુકાવાર અકસ્માતગ્રસ્ત ખેડૂતોને વીમા સહાય | ૫૩ |
| | આણંદ જિલ્લામાં ઈ-ધરા કેન્દ્રોમાં ૭/૧૨, ૮-અ અને હક્ક પત્રકોનાં ક્ષતિઓની ફરિયાદો | ૨૭૦ |
| | આણંદ જિલ્લામાં ખાણ ખનિજ કચેરીનું મહેકમ | ૪૨૦ |
| | આણંદ જિલ્લામાં નવા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો શરૂ કરવાનું આયોજન | ૧૬૩ |
| | આણંદ જિલ્લામાં પંડિત દીનદયાળ આવાસ યોજના હેઠળ અરજીઓ | ૩૬૭ |
| | આણંદ જિલ્લામાં પોલીસ સ્ટેશનવાર ગાય, ભેંસની ચોરીની ફરિયાદો | ૭૫ |
| | આણંદ જિલ્લામાં માર્ગ મકાન પંચાયત અને રાજ્ય હસ્તક સી.આર.ની ગ્રાન્ટ ફાળવવા બાબત | ૨૪૨ |
| | આણંદ જિલ્લામાં લધુત્તમ વેતન ધારા અને બાળ મજૂર ધારા ભંગના કેસો | ૩૯૮ |
| | ખંભાતને બંદર તરીકે વિકસાવવા રાજ્ય સરકાર ધ્વારા લેવાયેલ પગલાં | ૨૩ |
| | મહાનુભાવોનાં વાહન પર લાલ લાઈટ સાઈરન ફ્લેશર વિગેરે લગાવવાનો પરિપત્ર/ઠરાવ/જાહેરનામું | ૧૩૨ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (અગિયારમો દિવસ) | ૩૧૧ |
| અરૂણસિંહ અ. રણા | પ્રવાસન ક્ષેત્રે મળેલા એવોર્ડ | ૩૬૧ |
| | ભરૂચ જિલ્લામાં યોજાયેલ લોક દરબાર | ૨૭ |
| અરવિંદકુમાર ગાં. પટેલ | અમદાવાદ જિલ્લાના પાટણા-સુંદરીયાણા-ગોધાવટા રસ્તાનું કામ | ૨૬૮ |
| | અમદાવાદ મહાનગરપાલિકાને સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનામાં માળખાકીય વિકાસના કામો માટે ગ્રાન્ટ | ૨૨૫ |
| | વાયબ્રન્ટ સમીટ-૨૦૧૩ દરમિયાન યોજાયેલ આંતરરાષ્ટ્રીય શૈક્ષણિક સંસ્થાઓની કોન્ફરન્સ | ૩૫ |

| પુસ્તક.૭ ) | વિષય | પાના નંબર |
|---|---|---|
| અરવિંદભાઇ કે. લાડાણી | કેશોદ, મેંદરડા અને વંથલી તાલુકામાં નવા વીજ સબસ્ટેશન | ૪૧૭ |
| | ગીરના જંગલના સિંહોની વસ્તી ગણતરી | ૨૪૨ |
| | જૂનાગઢ જિલ્લાના વિસાવદર શહેરમાં સ્વર્ણિમ જ્યંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનામાં પીવાના પાણીના પ્રોજેકટ માટે અનુદાન | ૨૯૧ |
| | જૂનાગઢ જિલ્લાની શિંગોડા નદી પરનાં વીયર-૩ની કામગીરી | ૪૪ |
| | જૂનાગઢ જિલ્લામાં સાગરખેડુ સર્વાંગી વિકાસ યોજના હેઠળ જર્જરિત વાયરો બદલવા બાબત | ૩૬૦ |
| | પોરબંદર જિલ્લામાં સાગરખેડુ સર્વાંગી વિકાસ યોજના હેઠળ જર્જરિત વાયરો બદલવા બાબત | ૩૯૫ |
| | વેરાવળ તલાલા રોડને પહોળો કરવા બાબત | ૨૭૧ |
| અરવિંદસિંહ દા. રાઠોડ | પંચમહાલ અને દાહોદ જિલ્લામાં પોલીસ કર્મચારી-અધિકારીની આરોગ્ય ચકાસણી | ૩૨ |
| | પંચમહાલ જિલ્લામાં ઘરદીવડા યોજના | ૨૮૧ |
| | પંચમહાલ જિલ્લામાં બાલિકા સમૃધ્ધિ યોજના | ૨૫૪ |
| | પંચમહાલ જિલ્લામાં વિકલાંગ સાધન સહાયની અરજીઓ | ૩૭૫ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (નવમો દિવસ) | ૧૦૮ |
| | વણાકબોરી વીજ મથક માટે કોલસાના રેલ ભાડા વધારો | ૪૦૩ |
| અશ્વિન કોટવાલ | ખેડબ્રહ્મા, વિજ્યનગર, ભિલોડા અને મેઘરજ તાલુકામાં આઈટીઆઈમાં વ્યાખ્યાતાઓની ખાલી જગ્યા | ૩૮૦ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (નવમો દિવસ) | ૯૮ |
| | સચિવાલયમાં નાયબ સેકશન ઓફીસરની ખાલી જગ્યાઓ | ૫૭ |
| | સચિવાલયમાં સેકશન ઓફિસરની ખાલી જગ્યાઓ | ૩૩ |
| | સાબરકાંઠા જિલ્લામાં એપ્રેન્ટીસ એકટ હેઠળ આવરી લેવાયેલ એકમો | ૪૨૬ |
| | સાબરકાંઠા જિલ્લામાં ચાલતી આદિજાતિની આશ્રમ શાળામાં શિક્ષકોના પગાર ન થવા બાબત | ૨૫૬ |
| | સાબરકાંઠા જિલ્લામાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના મકાન બાંધવા બાબત | ૧૫૨ |
| | સાબરકાંઠા જિલ્લામાં બાળમજૂરોનું ચેકીંગ | ૪૦૭ |
| | હિંમતનગર આર.ટી.ઓ. કચેરીની આવક | ૧૬૪ |
| અશોકકુમાર ર. પટેલ | ગાંધીનગર જિલ્લામાં પોલીસ અધિકારી-કર્મચારીની આરોગ્ય ચકાસણી | ૪૧ |
| | ગાંધીનગર વીજ મથકના કોલસાનું રેલવે ભાડું | ૩૮૮ |
| | ગાંધીનગર શહેરમાં ઝૂંપડાવાસીઓને મકાનો આપવાનું આયોજન | ૨૪૨ |
| | ગાંધીનગરમાં પીવાના પાણીની સુવિધા | ૨૭૧ |
| | નર્મદા યોજનાની વેજપુર શાખા, વિશાખા, પ્રશાખાની કામગીરી | ૬૪ |
| આત્મારામ મ. પરમાર | ભાવનગર જિલ્લામાં અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને ગણવેશ સહાય | ૪૧૧ |

| પુસ્તક.૭ ) | વિષય | પાના નંબર |
|---|---|---|
| | ભાવનગર જિલ્લામાં યોજાયેલ લોકદરબાર | ૩૩ |
| | ભાવનગર જિલ્લામાં સાગરખેડૂ સર્વાંગી વિકાસ યોજનામાં જોગવાઈ | ૩૮૬ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (અગિયારમો દિવસ) | ૩૧૬ |
| આનંદીબેન મ. પટેલ | ગુજરાત રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળનો વાર્ષિક અહેવાલ. | ૩૦૩ |
| આર. સી. પટેલ | ગ્રામ્ય રોજગારી વધે તે માટે કાપડ ઉદ્યોગનાં વિકાસનું આયોજન | ૨૫ |
| | નવસારી જિલ્લાના સરાવ કરોડ રોડનું બાકી કામ | ૩૦૦ |
| | નવસારી જિલ્લાના સીસોદરા, ઉગત અને મહુવા રોડને પહોળો કરવા બાબત | ૨૮૬ |
| | નવસારી જિલ્લામાં શૈક્ષણિક હેતુ માટે જમીનો આપવા બાબત | ૨૬૩ |
| | નવસારી જિલ્લામાં સંત સુરદાસ યોજનાના લાભાર્થી | ૩૮૫ |
| | વલસાડ જિલ્લામાં પેન્શનરોની સંખ્યા | ૧૩૦ |
| ઇશ્વરભાઇ ઢે. પટેલ | માગણીઓ પર ચર્ચા અને મતદાન (નવમો દિવસ) | ૧૧૮ |
| ઇશ્વરભાઇ ર. પરમાર | કામરેજ અને બારડોલી તાલુકામાં આંગણવાડીઓને વીજળીની સુવિધા | ૨૫૭ |
| | સુરત જિલ્લામાં સંકટમોચન યોજનાની અરજીઓ | ૩૪૭ |
| ઇશ્વરસિંહ ઠા. પટેલ | ભરૂચ આર.ટી.ઓ. કચેરીના નવા મકાન બાંધકામનો અંદાજિત ખર્ચ | ૧૪૧ |
| | ભરૂચ જિલ્લામાં નિરાધાર વૃધ્ધ સહાયની અરજીઓ | ૩૭૫ |
| ઋષિકેશ ગ. પટેલ | મહેસાણા જિલ્લાના કામલી-બ્રાહ્મણવાડા-વરવાડા-વિશોલ રસ્તાનું બાકી કામ | ૨૭૦ |
| | મહેસાણા જિલ્લામાં યોજાયેલ લોક દરબાર | ૨૭ |
| | મહેસાણા જિલ્લામાં સ્વર્ણિમ જ્યંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ મોડલ નગરપાલિકા ઘટક હેઠળ ચૂકવેલ ગ્રાન્ટ | ૨૪૧ |
| કેતનભાઇ મ. ઇનામદાર | જી.પી.એસ.સી./યુ.પી.એસ.સી./ગેસ કેડરની જગાઓ ભરવા માટે સરકારી તાલીમ સંસ્થાઓ | ૨૭ |
| કનુભાઇ મો. દેસાઇ | ડાંગ જિલ્લામાં સામૂહિક વન નિર્માણ યોજનામાં રોપાઓના વાવેતર પાછળ ખર્ચ | ૨૭૨ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (નવમો દિવસ) | ૧૧૫ |
| | વલસાડ જિલ્લાની નગરપાલિકાઓને સ્વર્ણિમ જ્યંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનામાં મોડલ નગરપાલિકા ઘટક નીચે ગ્રાન્ટ | ૨૯૧ |
| | વલસાડ જિલ્લામાં ખાનગી ક્ષેત્રે નવું બંદર વિકસાવવાનું આયોજન | ૩૯ |
| | વલસાડ જિલ્લામાં ટીબી, કેન્સર, રકતપિત અને એઈડસના રોગોના દર્દીઓને સહાય આપવા | ૨૪૪ |
| | વલસાડ જિલ્લામાં સંકટમોચન યોજનાની અરજીઓ | ૩૮૪ |
| કેશાજી શિ. ચૌહાણ | ડીસા અને દીયોદર તાલુકામાં નવા વીજ સબ સ્ટેશન | ૪૨૭ |
| | નર્મદા યોજનાની વેજપુર શાખા, વિશાખા પ્રશાખાની કામગીરી | ૪૭ |
| | બનાસકાંઠા અને સાબરકાંઠા જિલ્લામાં યોજાયેલ લોક દરબાર | ૪ |

| પુસ્તક.૭ ) | વિષય | પાના નંબર |
|---|---|---|
| | બનાસકાંઠા જિલ્લામાં આદિજાતિ વિસ્તાર પેટા પરાનું વીજળીકરણ | ૪૧૫ |
| | બનાસકાંઠા જિલ્લામાં કુંવરબાઈનું મામેરૂ યોજના | ૨૫૨ |
| | બનાસકાંઠા જિલ્લામાં જેતડા-દિયોદર રસ્તો મંજૂર કરવા બાબત | ૨૭૭ |
| | બનાસકાંઠા જિલ્લામાં વિકસતિ જાતિ માટે મફત તબીબી સહાયની અરજીઓ | ૩૯૨ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (અગિયારમો દિવસ) | ૩૨૫ |
| કાંતિલાલ શી. અમૃતિયા | નર્મદાની ધાંગધ્રા બ્રાન્ચ કેનાલથી મોરબી હેડવર્કસ સુધી પાઈપ લાઈનનું જોડાણ કરી રાજકોટ અને જામનગર જિલ્લાને વધારાનું | ૨૮ |
| | રાજકોટ જિલ્લામાં કૂવા/ધોરીયા અને પાઈપ લાઈન નાખવા માટે ખેડૂતોને જમીન આપવા બાબત | ૨૫૭ |
| | રાજકોટ જિલ્લામાં વિકેન્દ્રીત જિલ્લા આયોજન કાર્યક્રમ હેઠળ ફાળવણી | ૪૦૪ |
| | રાજકોટ જિલ્લામાં વિવેકાધીન જોગવાઈની ગ્રાન્ટ | ૩૭૬ |
| | રાજકોટ જિલ્લામાં સરદાર પટેલ સહભાગી સિંચાઈ યોજના હેઠળ બનાવેલ ચેકડેમ | ૫૬ |
| કાંતિલાલભાઇ રે. ગામીત | પાકિસ્તાન દ્વારા ભારતીય માછીમારોને થતી હેરાનગતિ અંગે | ૪૫૭ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (નવમો દિવસ) | ૧૧૪ |
| | તાપી જિલ્લામાં ઉચ્છલ નિઝર રોડની વિકાસપથની કામગીરી | ૨૮૪ |
| | તાપી જિલ્લામાં કિશોરી શકિત યોજના | ૨૬૦ |
| | તાપી જિલ્લામાં સંત સુરદાસ યોજનાના લાભાર્થી | ૩૬૬ |
| | વ્યારા નગરપાલિકાને વિકાસના કામો માટે ફાળવેલ ગ્રાન્ટ | ૨૯૮ |
| | વલસાડ જિલ્લામાં પેન્શનરોની સંખ્યા | ૧૫૫ |
| કિશોરભાઇ ર. વાંકાવાલા | નવસારી આર.ટી.ઓ. કચેરીની આવક | ૧૫૩ |
| | સુરત જિલ્લાના કડોદ મઢી રોડને પહોળો કરવા બાબત | ૨૪૦ |
| | સુરત જિલ્લામાં બાલિકા સમૃધ્ધિ યોજના | ૨૬૮ |
| કિશોરભાઇ શિ. કાનાણી | જિલ્લા સહકારી બેંકોના એન.પી.એ. લેણા વસુલ કરવા રાજ્ય સરકાર દ્વારા કરાયેલ કાર્યવાહી | ૩૫ |
| | નિયામકશ્રી, અનુસુચિત જાતિ કલ્યાણની કચેરીમાં વર્ગ-૧ની ખાલી જગ્યાઓ | ૩૭૮ |
| કિશોરસિંહ બા. ચૌહાણ | અમદાવાદ જિલ્લામાં પોલીસ કર્મચારી-અધિકારીની આરોગ્ય ચકાસણી | ૫૬ |
| | અમદાવાદ જિલ્લામાં યોજાયેલ લોકદરબાર | ૨૮ |
| ગણપતભાઇ વે. વસાવા | ભારતના બંધારણના પરિશિષ્ટ-૫ ના ફકરા-૪ હેઠળ, ગુજરાત આદિજાતિ સલાહકાર પરિષદ માટે પંદર સભ્યોની ચૂંટણી કરવા | ૧૭૯ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (નવમો દિવસ) | ૮૫ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (નવમો દિવસ) | ૮૬ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (નવમો દિવસ) | ૮૬ |

| | | |
|---|---|---|
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (નવમો દિવસ) | ૮૭ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (નવમો દિવસ) | ૮૮ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (નવમો દિવસ) | ૧૨૧ |
| | સંસદીય બાબતોના મંત્રીશ્રીનો પ્રસ્તાવ | ૪૪૫ |
| ગેંદાલભાઇ મો. ડામોર | અનુસૂચિત જનજાતિના પ્રમાણપત્રો આપવાની સત્તા | ૨૪૨ |
| ગ્યાસુદ્દીન હ. શેખ | ધોલેરા એકસપ્રેસ વે માં જમીન સંપાદન કરવા બાબત | ૨૪૫ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (અગિયારમો દિવસ) | ૩૨૨ |
| | સબજ્યુડીસ મેટર અંગે | ૪૫૩ |
| ગૌતમભાઇ રા. ચૌહાણ | ખેડા જિલ્લામાં આવેલ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને સામૂહિક આરોગ્ય કેન્દ્રો | ૧૬૧ |
| | મહેમદાવાદ અને ખેડા તાલુકામાં ૨૫૦ થી ૫૦૦ સુધીની વસ્તીવાળા પેટાપરાને પાકા રસ્તાની સુવિધા | ૨૯૪ |
| | મહેમદાવાદ અને ખેડા તાલુકામાં રિકારપેટ થયા વગરના રસ્તાઓ | ૨૪૮ |
| | મહેમદાવાદ તાલુકામાં વાત્રક નદી ઉપર માંકવા-મોદેજ ગામ વચ્ચે સબમર્શીબલ પુલ | ૨૭૫ |
| ચંદ્રીકાબેન છ. બારીયા | કડાણા જળ વિદ્યુત મથકમાં ઉત્પન્ન થયેલ વીજળી | ૪૦૦ |
| | ખાનગી કંપનીઓ પાસેથી ખરીદેલ વીજળીના ભાવ | ૪૨૩ |
| | ગરબાડા તાલુકામાં કળશીયા તળાવ ઓવરફ્લો થતાં રસ્તો બંધ થવા બાબત | ૨૭૩ |
| | દાહોદ જનરલ હોસ્પિટલને અદ્યતન બનાવવા પાછળ કરેલ ખર્ચ બાબત | ૧૬૬ |
| | દાહોદ જિલ્લામાં તાલુકાવાર તૈયાર કરવામાં આવેલા નવા બોર તથા હેન્ડપંપ | ૭૯ |
| | દાહોદ જિલ્લામાં તાલુકાવાર પંચાયત અને સ્ટેટ હસ્તક રસ્તાઓની મરામતની કામગીરી | ૨૪૬ |
| | દાહોદ જિલ્લામાં નર્મદાનું પાણી આપવાની કાર્યવાહી | ૩૨ |
| | દાહોદ જિલ્લામાં પકડાયેલા બોગસ ડોકટરો અને લીધેલા પગલાં | ૧૫૪ |
| | દાહોદ જિલ્લામાં મંજૂર કરાયેલી મીની પાણી પુરવઠા યોજનાઓ | ૫૭ |
| | પાવર ક્ષેત્રે વાયબ્રન્ટ સમીટમાં રોકાણ | ૩૬૯ |
| ચીમનભાઇ ધ. શાપરીયા | અમદાવાદ જિલ્લામાં ફાળવેલ ૧૦૮ એમ્બ્યુલન્સ | ૧૫૨ |
| | જામનગર જિલ્લાના ખંભાલીયાથી સલાયા બંદરનો રસ્તો પહોળો કરવા બાબત | ૨૪૩ |
| | જામનગર જિલ્લામાં પોલીસ અધિકારી-કર્મચારીની આરોગ્ય ચકાસણી | ૨૦ |
| | જામનગર જિલ્લામાં સાગરખેડુ સર્વાંગી વિકાસ યોજના હેઠળ જર્જરિત વાયરો બદલવા બાબત | ૩૫૬ |
| | જામનગર મહાનગરપાલિકાને નિર્મળ ગુજરાત યોજનામાં શૌચાલય માટે સહાય | ૨૭૨ |
| છત્રસિંહ પૂં. મોરી | ભરૂચ જિલ્લામાં આંગણવાડી કેન્દ્રોની સંખ્યામાં વધારો | ૨૪૫ |

| પુસ્તક.૭ ) | વિષય | પાના નંબર |
|---|---|---|
| | ભરૂચ જિલ્લામાં પોલીસ અધિકારી-કર્મચારીની આરોગ્ય ચકાસણી | ૩૯ |
| છનાભાઇ કો. ચૌધરી | ગૌચર વિકાસ બોર્ડ રચનાની જાહેરાત | ૭૧ |
| | નવસારી જિલ્લાના ઝુજ સિંચાઈ યોજનાનાં રોજમદાર, કામદારોને પગાર ચૂકવવામાં અનિયમિતતા | ૧૭ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (નવમો દિવસ) | ૧૨૦ |
| | વાંસદા તાલુકાના ઝુજ સિંચાઈ યોજના હેઠળના ગામોને સિંચાઈ સુવિધા | ૪૯ |
| છબીલભાઇ ના. પટેલ | અબડાસા, લખપત અને નખત્રાણા તાલુકાઓમાં સામૂહિક આરોગ્ય કેન્દ્રોમાં બેડની સુવિધા | ૧૬૪ |
| | અબડાસા, લખપત અને નખત્રાણા તાલુકામાં ખેતીની જમીન શરતચૂકથી ડુબમાં ગયાનો ઉલ્લેખ પછી ખેડૂતોને નામે થયા બાદ | ૨૭૪ |
| | અબડાસા, લખપત અને નખત્રાણા તાલુકામાં શરતચૂકથી ડુબમાં જતી જમીન ઉલ્લેખ થયા બાદ ખેડૂતોની માલિકી થયા બાદ | ૨૯૩ |
| | કચ્છ અને બનાસકાંઠા જિલ્લામાં નર્મદા યોજનાની શાખા નહેરોની કામગીરી | ૩૦ |
| | કચ્છ જિલ્લામાં ખનીજ કાઢી લીધા બાદ તે જમીન મહેસૂલ વિભાગ દ્વારા તળાવ માટે નીમ કરવા બાબત | ૨૪૮ |
| | કચ્છ જિલ્લામાં પશુદવાખાનાનું તાલુકાવાર કેડરવાર મંજૂર થયેલું મહેકમ | ૭૭ |
| | કમિશ્નરશ્રી, આરોગ્ય અને તબીબી સેવા ગાંધીનગર દ્વારા જિલ્લા આર.સી.એચ. સોસાયટી ભૂજને ફાળવેલ ગ્રાન્ટ | ૧૭૩ |
| | ગુજરાત ધોરી માર્ગ અકસ્માત નિવારણ વિધેયક,૨૦૧૩ | ૨૦૬ |
| | પશ્ચિમ કચ્છ પોલીસ વિભાગમાં મંદિરો, બેંક, વાડી વિસ્તારમાં ખૂન, લૂંટ, અને બળાત્કાર બનાવો | ૫૭ |
| | શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ અંતર્ગત બોનમેરો ટ્રાન્સપ્લાન્ટની સહાય બંધ કરવા બાબત | ૧૫૧ |
| જગદીશભાઇ ઇ. પંચાલ | અમદાવાદ જિલ્લામાં ફાળવેલ ૧૦૮ એમ્બ્યુલન્સ | ૧૬૨ |
| | નિયામકશ્રી અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરીમાં વર્ગ-૧ ની ખાલી જગ્યાઓ | ૩૯૧ |
| | વ્હેલ અને શાર્ક માછલીનો બચાવ | ૨૬૧ |
| જગરૂપસિંહ ગી. રાજપૂત | અમદાવાદ જિલ્લામાં પોલીસ કર્મચારી-અધિકારી ની આરોગ્ય ચકાસણી | ૪૦ |
| | ગુજરાત ધોરી માર્ગ અકસ્માત નિવારણ વિધેયક,૨૦૧૩ | ૨૦૧ |
| જેઠાભાઇ દા. સોલંકી | ગીરના જંગલ સિવાય બહારના વિસ્તારમાં જોવા મળેલ સિંહો | ૨૫૯ |
| | જૂનાગઢ જિલ્લામાં અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને ગણવેશ સહાય | ૩૯૮ |
| | જૂનાગઢ જિલ્લામાં યોજાયેલી ખેડૂત શિબિરો | ૩૮ |
| | જૂનાગઢ જિલ્લામાં વેરાવળ તલાલા રોડને પહોળો કરવા બાબત | ૨૮૩ |
| | જૂનાગઢ જિલ્લામાં સાગરખેડુ સર્વાંગી વિકાસ યોજના હેઠળ જર્જરિત વાયરો બદલવા બાબત | ૩૬૬ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (અગિયારમો દિવસ) | ૩૩૩ |
| જેઠાભાઇ ઘે. આહીર(ભરવાડ) | પંચમહાલ જિલ્લામાં સાંસ્કૃતિક વનમાં વૃક્ષો રોપવા પાછળ ખર્ચ | ૨૫૬ |
| | વાઘોડીયા, ગોરજ, રામેશરા રોડને પહોળો કરવા બાબત | ૨૮૨ |

| | | |
|---|---|---|
| | પંચમહાલ જિલ્લામાં યોજાયેલ લોક દરબાર | ૨૪ |
| | પંચમહાલ જિલ્લામાં સંકટમોચનની અરજીઓ | ૪૦૩ |
| | વણાકબોરી વીજ મથકના કોલસાનું રેલ ભાડું | ૩૭૪ |
